શ્રી વીતરાગાય નમઃ



ઉપ્પનેઈવા
વિગમેઈવા
ધુવેઈવા

# શ્રી દશવૈકાલિક સૂત્ર

**ગુરુપ્રાણ આગમ બત્રીસી**

**આશીર્વાદ દાતા : તપસ્વી ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મહારાજ સાહેબ**
**પ્રધાન સંપાદિકા : અપૂર્વ શ્રુત આરાધક પૂ. શ્રી લીલમબાઈ મહાસતીજી**

# સ્વ. પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. ના હસ્તાક્ષરો

जस्संतिए धम्मपयाइं सिक्खे तस्संतिए वेणइयं पउंजे
सक्कारए सिरसा पंजलीओ कायग्गिरा भो मणसा य निच्चं ॥

दश· अ· ९ उ· १ गा· १२

જેના પાસે ધર્મપદ શીખ્યા હોય તેના પ્રત્યે વિનયભાવ રાખવો તથા
હંમેશાં સિર નમાવી· હાથ જોડી મનવચનકાયાથી તેનો સત્કાર કરવો

विभूसा वत्तियं भिक्खु कम्मं बंधइ चिक्कणं
संसार सायरे घोरे जेणं पडइ दुरुत्तरे ॥

दश· अ· ६ गा· ६६

વિભૂષાપ્રિય આત્મા· (સાધક) ને ચીકણાં કર્મોનું બંધન થાય છે· જેનાથી
તે દુસ્તર ઘોર સંસાર સાગરમાં પડે છે·

(વિભૂષા એટલે શરીરની શૃંગાર શોભા



આગમ શાસ્ત્ર

આગમ શાસ્ત્ર



શ્રી વીતરાગાય નમઃ

ગોંડલ ગચ્છ જયવંત હો

પૂ. શ્રી ડુંગર - દેવ - જય - માણેક - પ્રાણ - રતિ ગુરુભ્યો નમઃ

**શ્રી ગુરુ પ્રાણ આગમ બત્રીસી**

**સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા. ની ચીર સ્મૃતિ તથા**
**તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ. સા. મહાપ્રયાણ દશાબ્દીવર્ષ ઉપલક્ષ**

**સ્થવિર શયંભવાચાર્ય રચિત મૂળ શાસ્ત્ર**

# શ્રી દશવૈકાલિક સૂત્ર

*(મૂળપાઠ, સંસ્કૃત છાયા, શબ્દાર્થ, ભાવાર્થ, વિવેચન, પરિશિષ્ટ)*

**: પાવન નિશ્રા :**
ગોંડલ ગચ્છ શિરોમણી પરમદાર્શનિક **પૂ. શ્રી જયંતમુનિ મ. સા.**

**: સંપ્રેરક :**
વાણીભૂષણ **પૂ. શ્રી ગિરીશમુનિ મ. સા.** અને આગમ દિવાકર **પૂ. જનકમુનિ મ. સા.**

**: પ્રકાશન પ્રેરક :**
ધ્યાનસાધક **પૂ. શ્રી હસમુખમુનિ મ. સા.** અને શાસનઅરુણોદય **પૂ. શ્રી નમ્રમુનિ મ.સા.**

**: શુભાશિષ :**
મંગલમૂર્તિ પૂજ્યવરા
પૂ. શ્રી મુક્તાબાઈ મ.

**: પ્રધાન સંપાદિકા :**
અપૂર્વ શ્રુત આરાધક
પૂ. શ્રી લીલમબાઈ મ.

**: અનુવાદિકા :**
મહાસ્થવિરા
પૂ. શ્રી ગુલાબબાઈ મ.

**: પરામર્શ પ્રયોજિકા :**
ઉત્સાહધરા
પૂ. શ્રી ઉષાબાઈ મ.

**: સહ સંપાદિકા :**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ.
તથા સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

: પ્રકાશક :
શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન

PARASDHAM

પારસધામ, વલ્લભબાગ લેન, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

: આગમ પ્રકાશન પ્રારંભ :
ઈ. સ. ૧૯૯૭ - ૧૯૯૮ **પૂ. શ્રી પ્રાણગુરુ જન્મશતાબ્દી વર્ષ• ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ.**

પુનઃ પ્રકાશન - ઈ. સ. ૨૦૦૯
**પ્રકાશક : શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન, પારસધામ, ઘાટકોપર**

પ્રથમ આવૃત્તિ પ્રત : ૧૦૫૦ ★ દ્વિતીય આવૃત્તિ પ્રત : ૧૦૦૮
પ્રકાશન તારીખ : આસોવદ અમાસ - વીર નિર્વાણ કલ્યાણક તથા
તપસમ્રાટ ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મ. સા. જન્મદિન

ગુરુ પ્રાણ પ્રકાશન

શ્રી પરાગભાઈ શાહ • શ્રી શૈલેષભાઈ દેસાઈ • શ્રી બર્જીશભાઈ દેસાઈ
શ્રી સુમતિભાઈ શાહ • શ્રી ગિરીશભાઈ શાહ • શ્રી જિતેનભાઈ શાહ

**પ્રાપ્તિ સ્થાન :**

**www.parasdham.org ★ www.jainaagam.org**

૧. મુંબઈ -
**પારસધામ**
વલ્લભબાગ લેન,
ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭
ફોન - ૩૨૦૪ ૩૨૩૨.

2. U. S. A. -
**Girish P. Shah**
4048, Twyla Lane, Campbell
CA - 95008-3721. U.S.A.
Ph. : (India) 09867054439
(U.S.A) 001- 408-373-3564

૩. રાજકોટ -
**શેઠ ઉપાશ્રય**
પ્રસંગ હોલ પાછળ,
૧૫૦ ફુટ રીંગ રોડ,
કાલાવડ રોડ,રાજકોટ - ૩૬૦૦૦૫
ફોન - ૯૮૨૪૦૪૩૭૬૯

૪. વડોદરા -
**શ્રી હરેશભાઈ લાઠીયા**
ગૌતમ, ૧૨, પંકજ સોસાઈટી,
નર્મદા ગેસ્ટ હાઉસની સામે,
ઈલોરા પાર્ક, વડોદરા - ૩૯૦૦૨૩
ફોન - ૯૮૨૪૦૫૮૪૮૯

મુદ્રક : શિવકૃપા ઑફસેટ પ્રિન્ટર્સ, અમદાવાદ - ફોન : ૦૭૯-૨૫૬૨૩૮૨૮

સ
મ
ર્પ
ણ

સૌરાષ્ટ્ર કેસરી

બા. બ્ર. પૂ. ગુરુદેવ

શ્રી પ્રાણલાલજી મ. સા. ને અનન્ય શ્રદ્ધાભાવે..

# સમર્પણ

ચરમ તીર્થાધિપતિ,

વિશ્વવલ્લભ ભગવાન મહાવીરના

શાસનના ઝળહળતા સિતારા,

પૂ. ગુરુદેવ ! આપને ક્યા શબ્દોથી નવાજું ?

આપના ગુણ ગાવા બૃહસ્પતિની બુદ્ધિ પણ

બળહીન જણાય,

વાચસ્પતિની વાણી પણ વામણી બની જાય,

કલાબાજ કલમીની કલમ પણ કુંઠિત બની જાય,

એવા ગુણ રત્નાકર મહાન ઉપકારી

પૂ. ગુરુદેવ ! ભક્તિ ભાવથી,

અંતરના ઉલ્લાસથી આપે સીંચેલું,

આપથી જ પાંગરેલું, આપના હસ્તાંબુજે

શ્રી દશવૈકાલિક સૂત્ર અહોભાવે અર્પણ, સમર્પણ.

'ક્રોડો ભવો પણ ઓ ગુરુ,

તુજ ચરણની રજ હું બનું.

ઋણમુક્ત તોયે ના થાઉં,

એથી વધુ હું શું કહું'...

- પૂ. ઉજમબાઈ મ. ના સુશિષ્યા

સાધ્વી ગુલાબબાઈ મ.

## તપ સમ્રાટ તપસ્વી ગુરુદેવ પૂ. રતિલાલજી મ. સા. ના

# આશીર્વચન

ગુરુ મહારાજની
જન્મ શતાબ્દી નિમિત્તે
આગમોનું પ્રકાશન થઈ રહ્યું છે,
તેનો મને આનંદ છે,
તમે સહુ સાધ્વીવૃંદ આગમનો અભ્યાસ કરી,
તેનાં મૂળભૂત તત્ત્વોને સમજો,
જીવનને પંચાચારમય બનાવો,
સમાજમાં જૈન ધર્મનો પ્રચાર કરો.
ગુરુ મહારાજના નામને અમર બનાવો અને
સંયમી જીવનને સફળ બનાવો.
એ જ મારા અંતરના આશીર્વાદ છે.

*મારી સાથે ચાતુર્માસ અર્થે રોયલ પાર્ક સંઘમાં બિરાજમાન સાધ્વીવૃંદ*
*ભગવાન મહાવીરની વાણીને સમગ્ર વિશ્વમાં*
*ગૂંજતી કરે તેવા શુભાશિષ.*

**– મુનિ રતિલાલ**
**તા. ૧૪/૯/૯૭**
**રોયલ પાર્ક ઉપાશ્રય,**
**રાજકોટ.**

ગોંડલ ગચ્છ શિરોમણિ પૂ. શ્રી જયંતમુનિ મ. સા. ના સ્વહસ્તાક્ષરે

# આશીર્વચન

અર્હં

ૐ ણમો ણાણસ્સ

અત્ર અનુજ્ઞાપયતિ વર્ધયતિ અનુમન્યતે ચ
યદ્ "ગુરુપ્રાણ આગમ બત્રીશી" પુનર્પ્રકાશનં
અવશ્યં કાર્યં। ઇદં મહા કાર્યં પૂજ્ય —
ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય
નમ્રમુનિના પ્રારમ્યતે ઇતિ મમ ભાવઃ
અત્ર કોઽપિ દોષો ન સ્યાત્ ઇતિ સદ—
વિશ્વાસેન અનુમોદનં ક્રિયતે—
શુભં સ્યાત્
ઇતિ આશીર્વચનં અપિ સુન્દરં સ્યાત્
અર્પ્યતે—
આનંદ મંગલમ્ 27-4-2009
અક્ષયતૃતીયા
સોમવાર

હું આજ્ઞા આપું છું તથા આ કાર્યને સ્વીકૃતિ આપું છું કે ગુરુપ્રાણ આગમ બત્રીસીનું પુનઃ પ્રકાશન અવશ્ય કરવું જોઇએ. આ મહાકાર્ય પૂજ્ય ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય શ્રી નમ્રમુનિ પ્રારંભ કરે, આ મારા ભાવ છે. આ કાર્યની અનુમોદના કરું છું.

આનંદ મંગલમ્.

શુભ થાઓ... સુંદર થાઓ...

આ આશીર્વચન અર્પિત કરું છું.

તા. ૨૭-૦૪-૨૦૦૯

અક્ષયતૃતીયા - સોમવાર.

# ગુરુપ્રાણ આગમ બત્રીસી અનુવાદિકા મહાસતીજીઓ

**પ્રધાન સંપાદિકા ભાવયોગિની**
બા. બ્ર. પૂ. શ્રી લીલમબાઈ મ.
**સહસંપાદિકા**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ. તથા
સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

**સાંનિધ્ય**
પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
પૂ. શ્રી ગિરીશચન્દ્રજી મ. સા.
**જ્ઞાનદાનના સંપૂર્ણ સહયોગી**
પૂ. શ્રી ત્રિલોકમુનિ મ. સા.

| સૂત્રનું નામ | અનુવાદિકા |
|---|---|
| શ્રી આચારાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. હસુમતીબાઈ મ., પૂ. પુષ્પાબાઈ મ. |
| શ્રી સૂયગડાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. ઉર્મીલાબાઈ મ. |
| શ્રી ઠાણાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. વીરમતીબાઈ મ. |
| શ્રી સમવાયાંગ સૂત્ર | પૂ. વનીતાબાઈ મ. |
| શ્રી ભગવતી સૂત્ર(૧ થી ૫ ભાગ) | પૂ. ડૉ. આરતીબાઈ મ. |
| શ્રી જ્ઞાતા સૂત્ર | પૂ. સુમનબાઈ મ. |
| શ્રી ઉપાસકદશાંગ સૂત્ર | પૂ. ઉર્વશીબાઈ મ. |
| શ્રી અંતગડદશાંગ સૂત્ર | પૂ. ભારતીબાઈ મ. |
| શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર | પૂ. સન્મતિબાઈ મ. |
| શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર | પૂ. સુનિતાબાઈ મ. |
| શ્રી વિપાક સૂત્ર | પૂ. ઉષાબાઈ મ. |
| શ્રી ઉવવાઈ સૂત્ર | પૂ. કલ્પનાબાઈ મ. |
| શ્રી રાજપ્રશ્રીય સૂત્ર | પૂ. બિંદુ–રૂપલ દ્વય મ. |
| શ્રી જીવાભિગમ સૂત્ર | પૂ. પુનિતાબાઈ મ. |
| શ્રી પ્રજ્ઞાપના સૂત્ર(ભાગ–૧ થી ૩) | પૂ. સુધાબાઈ મ. |
| શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર | પૂ. મુક્તાબાઈ મ. |
| શ્રી જ્યોતિષગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર (ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ) | પૂ. રાજેમતીબાઈ મ. |
| શ્રી ઉપાંગસૂત્ર(શ્રી નિરયાવલિકાદિ) | પૂ. કિરણબાઈ મ. |
| શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર(ભાગ–૧, ૨) | પૂ. ડૉ. અમિતાબાઈ મ. પૂ. સુમતિબાઈ મ. |
| શ્રી દશવૈકાલિક સૂત્ર | પૂ. ગુલાબબાઈ મ. |
| શ્રી નંદી સૂત્ર | પૂ. પ્રાણકુંવરબાઈ મ. |
| શ્રી અનુયોગદ્વાર સૂત્ર | પૂ. સુબોધિકાબાઈ મ. |
| શ્રી નિશીથ સૂત્ર | પૂ. લીલમબાઈ મ. |
| શ્રી ત્રણ છેદ સૂત્ર | પૂ. ડૉ. ડોલરબાઈ મ. |
| શ્રી આવશ્યક સૂત્ર | પૂ. રૂપાબાઈ મ. |

સિંહ સમા પરાક્રમી, હંસ સમા ઉજ્જવલ યશોમૂર્તિ, સૌરાષ્ટ્ર કેસરી પૂજ્ય
ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. નાં શ્રી ચરણોમાં શતગુણ

# પ્રણામાંજલિ




શતાદિ સદ્ગુણાલંકૃત તવ વપુઃ ભૂયાદ્ ભવાલંબનમ્

પૂ. શ્રી ડુંગર-દેવ-જય-માણેક-પ્રાણ-રતિ-જગ-ગુરુભ્યો નમઃ
પૂ. હીર-વેલ-માન-દેવ-ઉજમ-ફૂલ-મોતી-આમ્ર-અમૃત-ગુરુણીભ્યો નમઃ

# ગોંડલ સંપ્રદાય-ગુરુપ્રાણ રતિ પરિવાર

## મંગલ મનીષી મુનિવરો
## શાસ્ત્ર શુશ્રૂષિકા શ્રમણીવૃંદ

૦૧. પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
૦૨. પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ.સા.
૦૩. પૂ. શ્રી જનકમુનિ મ.સા.
૦૪. પૂ. શ્રી જગદીશમુનિ મ.સા.
૦૫. પૂ. શ્રી હસમુખમુનિ મ.સા.
૦૬. પૂ. શ્રી મનહરમુનિ મ. સા.
૦૭. પૂ. શ્રી ગજેન્દ્રમુનિ મ. સા.
૦૮. પૂ. શ્રી સુશાંતમુનિ મ. સા.
૦૯. પૂ. શ્રી નમ્રમુનિ મ. સા.
૧૦. પૂ. શ્રી પીયુષમુનિ મ. સા.

૦૧. પૂ. ગુલાબબાઈ મ.
૦૨. પૂ. પ્રાણકુંવરબાઈ મ.
૦૩. પૂ. લલિતાબાઈ મ.
૦૪. પૂ. લીલમબાઈ મ.
૦૫. પૂ. વિમળાબાઈ મ.
૦૬. પૂ. હંસાબાઈ મ.
૦૭. પૂ. પુષ્પાબાઈ મ.
૦૮. પૂ. વિજયાબાઈ મ.
૦૯. પૂ. તરૂલતાબાઈ મ.
૧૦. પૂ. જસવંતીબાઈ મ.
૧૧. પૂ. વસુબાઈ મ.
૧૨. પૂ. પ્રભાબાઈ મ.
૧૩. પૂ. લતાબાઈ મ.
૧૪. પૂ. ભદ્રાબાઈ મ.
૧૫. પૂ. સુમિત્રાબાઈ મ.
૧૬. પૂ. સાધનાબાઈ મ.
૧૭. પૂ. અરુણાબાઈ મ.
૧૮. પૂ. સરલાબાઈ મ.
૧૯. પૂ. વનિતાબાઈ મ.
૨૦. પૂ. દીક્ષિતાબાઈ મ.
૨૧. પૂ. ધીરમતીબાઈ મ.
૨૨. પૂ. રાજેમતીબાઈ મ.
૨૩. પૂ. હસુમતીબાઈ મ.
૨૪. પૂ. સુમતિબાઈ મ.
૨૫. પૂ. અનુમતિબાઈ મ.
૨૬. પૂ. વીરમતીબાઈ મ.
૨૭. પૂ. યશોમતીબાઈ મ.
૨૮. પૂ. જ્ઞાનશીલાબાઈ મ.
૨૯. પૂ. દર્શનશીલાબાઈ મ.
૩૦. પૂ. વિનોદીનીબાઈ મ.
૩૧. પૂ. પ્રજ્ઞાબાઈ મ.
૩૨. પૂ. પ્રિયદર્શનાબાઈ મ.
૩૩. પૂ. કૃપાબાઈ મ.
૩૪. પૂ. મીરાબાઈ મ.
૩૫. પૂ. કુંદનબાઈ મ.
૩૬. પૂ. જ્યોતિબાઈ મ.
૩૭. પૂ. પ્રીતિસુધાબાઈ મ.
૩૮. પૂ. મીનળબાઈ મ.
૩૯. પૂ. મનીષાબાઈ મ.
૪૦. પૂ. કિરણબાઈ મ.
૪૧. પૂ. હસ્મિતાબાઈ મ.
૪૨. પૂ. શૈલાબાઈ મ.
૪૩. પૂ. ઉર્મિબાઈ મ.
૪૪. પૂ. સુધાબાઈ મ.
૪૫. પૂ. ઉર્વશીબાઈ મ.
૪૬. પૂ. સ્મિતાબાઈ મ.
૪૭. પૂ. ઉર્મિલાબાઈ મ.
૪૮. પૂ. ડોલરબાઈ મ.
૪૯. પૂ. કલ્પનાબાઈ મ.
૫૦. પૂ. સંગીતાબાઈ મ.
૫૧. પૂ. નંદાબાઈ મ.
૫૨. પૂ. સુનંદાબાઈ મ.
૫૩. પૂ. જયેશાબાઈ મ.
૫૪. પૂ. અર્ચિતાબાઈ મ.
૫૫. પૂ. અજિતાબાઈ મ.
૫૬. પૂ. અમિતાબાઈ મ.
૫૭. પૂ. પુનિતાબાઈ મ.
૫૮. પૂ. સુનિતાબાઈ મ.
૫૯. પૂ. ગીતાબાઈ મ.
૬૦. પૂ. વિદુબાઈ મ.
૬૧. પૂ. તરુબાઈ મ.
૬૨. પૂ. મીનાબાઈ મ.
૬૩. પૂ. પૂર્ણાબાઈ મ.
૬૪. પૂ. રશ્મિતાબાઈ મ.
૬૫. પૂ. બિંદુબાઈ મ.
૬૬. પૂ. વિરલબાઈ મ.
૬૭. પૂ. રૂપલબાઈ મ.
૬૮. પૂ. તેજલબાઈ મ.
૬૯. પૂ. સુજીતાબાઈ મ.
૭૦. પૂ. સ્વાતિબાઈ મ.
૭૧. પૂ. શ્વેતાબાઈ મ.
૭૨. પૂ. રેણુકાબાઈ મ.
૭૩. પૂ. નલિનીબાઈ મ.
૭૪. પૂ. રક્ષિતાબાઈ મ.
૭૫. પૂ. રોશનીબાઈ મ.
૭૬. પૂ. અંજીતાબાઈ મ.
૭૭. પૂ. સંજીતાબાઈ મ.
૭૮. પૂ. સંઘમિત્રાબાઈ મ.
૭૯. પૂ. આરતીબાઈ મ.
૮૦. પૂ. રૂપાબાઈ મ.
૮૧. પૂ. મિતલબાઈ મ.
૮૨. પૂ. શ્રેયાબાઈ મ.
૮૩. પૂ. શ્રીદત્તાબાઈ મ.
૮૪. પૂ. શ્રુતિબાઈ મ.
૮૫. પૂ. ભાવનાબાઈ મ.
૮૬. પૂ. ભવિતાબાઈ મ.
૮૭. પૂ. જીજ્ઞેષાબાઈ મ.
૮૮. પૂ. શ્રેયાંસીબાઈ મ.
૮૯. પૂ. પરિજ્ઞાબાઈ મ.
૯૦. પૂ. શ્વેતાંસીબાઈ મ.
૯૧. પૂ. સુબોધિકાબાઈ મ.
૯૨. પૂ. શીલાબાઈ મ.
૯૩. પૂ. હેમાંશીબાઈ મ.
૯૪. પૂ. નમ્રતાબાઈ મ.
૯૫. પૂ. પન્નાબાઈ મ.
૯૬. પૂ. પૂર્વીબાઈ મ.
૯૭. પૂ. જાગૃતિબાઈ મ.
૯૮. પૂ. પ્રબોધિકાબાઈ મ.
૯૯. પૂ. પ્રિયલબાઈ મ.
૧૦૦. પૂ. સ્વરૂપાબાઈ મ.
૧૦૧. પૂ. સુહાનીબાઈ મ.
૧૦૨. પૂ. હૃદયાબાઈ મ.
૧૦૩. પૂ. વૈદેહીબાઈ મ.
૧૦૪. પૂ. ભવ્યાંશીબાઈ મ.
૧૦૫. પૂ. જયણાબાઈ મ.
૧૦૬. પૂ. સંબોહીબાઈ મ.
૧૦૭. પૂ. ભવ્યાનીબાઈ મ.

# શ્રુત સેવાનો સત્કાર

## શ્રુતાધાર (મુખ્યદાતા)
## માતુશ્રી કાશ્મીરાબેન કાંતીલાલ શેઠ.
## સૌ. હેતલ સંજયભાઈ શેઠ.

કેટલાંક જીવો જન્મથી જ પુણ્યવાન હોય છે અને જીવનમાં પણ સદ્‌ગુરુનો સમાગમ, ધર્મશ્રવણ અને ધર્મશ્રદ્ધાને પામી પ્રગતિના પંથે આગળ વધે છે. શ્રીકાંતીભાઈ શેઠ તેમાના એક સુશ્રાવક છે.

પ્રભાવશાળી વ્યક્તિત્ત્વના ધારક, કુટુંબના મોભી કાંતીભાઈએ સહજતા અને સરળતાપૂર્વકના જીવન વ્યવહારે પોતાના કુટુંબને ઉજ્જવળ કર્યું છે. શ્રીમતી કાશ્મીરાબેન પણ વર્ષોથી સાધુ – સાધ્વીઓ ની ભક્તિભાવે સેવા કરી પોતાની શક્તિનો સદ્‌વ્યય કરી રહ્યા છે.

સમગ્ર પરિવાર માટે **પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.** શ્રદ્ધાને કેન્દ્રસ્થાને છે.

વડીલ બંધુ શ્રી વિરેનભાઈ ગુરુ પ્રત્યેની શ્રદ્ધાથી પિતાના સહયોગી બન્યા છે. સૌ. જ્યોતિકાબેન ઉવસગ્ગહરં ભક્તિગ્રુપ માં વર્ષોથી સેવા આપી રહ્યા છે.

શ્રી સંજયભાઈએ ઉવસગ્ગહરં સાધના ભવન – રાજકોટના નિર્માણમાં પાયાના પથ્થર બનીને સેવા આપી છે. એટલું જ નહીં વર્તમાને પણ તેના સુવ્યવસ્થિત સંચાલન માટે યોગદાન આપી રહ્યા છે.

સૌ. હેતલબેનનું હૉટેલમાં ખાવું–પીવું, હરવું–ફરવું એજ તેમનું જીવન હતું. પૂ. ગુરુદેવે તેમના જીવનમાં યુટર્ન આપ્યો અને પૂજ્ય ગુરુદેવની પ્રેરણા પામીને જીવનને વળાંક આપ્યો છે. તેઓ અર્હમ યુવા ગ્રુપ તથા લુક એન લર્ન રાજકોટમાં તન, મન અને ધનથી સેવા આપી રહ્યા છે.

જય, શ્રેણિક, ઉપાસના, કિંજલ, આદિ ચારે બાળકો આજના ભૌતિક યુગમાં પણ પૂ. ગુરુદેવના આકર્ષણથી સુસંસ્કારી બની આગળ વધી રહ્યા છે.

શ્રી સંજયભાઈ – હેતલબેને ગુરુભક્તિથી પ્રેરિત થઈને પૂજ્ય ગુરુદેવના ૩૯ મા જન્મદિને શ્રુતભક્તિની અમૂલ્ય ભેટ અર્પણ કરી છે.

સમગ્ર પરિવારની ગુરુભક્તિ ક્રમશઃ વધતી રહે અને તેઓને ભગવાન બનાવે એવી ભાવના પ્રગટ કરી ધન્યવાદ આપીએ છીએ...

**ગુરુપ્રાણ પ્રકાશન**

PARASDHAM

# શાસ્ત્ર સ્વાધ્યાય
## સદ્વિવેક

- તીર્થંકર પ્રભુના પવિત્ર ઉપદેશરૂપ આગમગ્રંથો દરેક ધર્મનિષ્ઠ સ્વાધ્યાયપ્રેમી શ્રમણોપાસકે પોતાના ઘરમાં વસાવવા જોઈએ.
- તીર્થંકરોની અનુપસ્થિતિમાં તીર્થંકરોના ઉપદેશરૂપ ગ્રંથો સાક્ષાત્ તીર્થંકર તુલ્ય માનીને આગમગ્રંથોને ઘરમાં કબાટ કે શોકેશમાં સુવ્યવસ્થિત રૂપે રાખવા.
- પ્રતિદિન તીર્થંકરોને સ્મૃતિપટ પર લાવી અહોભાવપૂર્વક ત્રણ ભાવ વંદન કરવા .
- ઘરના સદસ્યોએ સાથે મળી શ્રધ્ધાપૂર્વક આગમવાંચન કરવું.
- વિનય ધર્મનું મૂળ છે તેથી શાસ્ત્ર સ્વાધ્યાય માટે ગુરુની આજ્ઞા લેવી.
- ૩૨ આગમગ્રંથોમાંથી કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસના પ્રથમ અને ચોથા પ્રહરમાં અને ઉત્કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય અસ્વાધ્યાય કાલને છોડીને એટલે કે બે સંધ્યા અને બે મધ્યાહ્ન કાલીન ૪૮ મિનિટને છોડીને ગમે ત્યારે કરી શકાય છે.
- પ્રાતઃ ઉષાકાલ, સંધ્યાકાલ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિએ બે – બે ઘડી શાસ્ત્રનો મૂળપાઠ વાંચવો નહીં.
- ૩૨ અસ્વાધ્યાયમાં શાસ્ત્ર સ્વાધ્યાય થાય નહીં.
- ઘરમાં સંડાસ – બાથરૂમ હોય, સ્ત્રીઓને માસિકધર્મ હોય, વગેરે કારણોથી ઘરમાં આગમ રાખવાથી અશાતના થાય, તેવી માન્યતા યોગ્ય નથી કારણકે સાધ્વીજી પોતાની પાસે આગમ ગ્રંથો રાખે છે.
- માસિક ધર્મવાળા બહેનોએ શાસ્ત્રના મૂળપાઠનો સ્વાધ્યાય કરવો નહીં. તે વ્યક્તિની સામે પણ સ્વાધ્યાય કરવો નહીં. તેનાથી દૂર અલગ સ્થાનમાં બેસીને સ્વાધ્યાય કરી શકાય છે. ગુજરાતી અનુવાદ, ભાવાર્થ, વિવેચન, માસિક ધર્મમાં પણ બહેનો વાંચી શકે છે. તેમાં કોઈ જાતની અશાતના નથી.
- **આ સમસ્ત નિયમો મૂળપાઠ વાંચવા કે સ્વાધ્યાય કરવા માટેના છે.** કેવળ શાસ્ત્રોના ગુજરાતી ભાવાર્થ વાંચવા હોય, તો ઉપરોક્ત નિયમો લાગુ પડતા નથી.
- આગમગ્રંથોના આધારે જ ભૂતકાલમાં અનંત જીવોએ આત્મકલ્યાણ કર્યું છે. આગમગ્રંથોના આધારે જ પાંચમા આરાના અંત સુધી જિનશાસન જયવંતું રહેશે. તેથી આગમગ્રંથોનું સંપૂર્ણતઃ બહુમાન જાળવવું.

# વિષયાનુક્રમણિકા


| વિષય | પૃષ્ટાંક | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|
| પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.નું જીવન દર્શન | 13 | મહર્ષિનું ધ્યેય | ૫૫ |
| પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.નું જીવન દર્શન | 15 | ચારિત્રનું ફળ | ૫૬ |
| પૂ. શ્રી રતિલાલજી મ.સા.નું જીવન દર્શન | 17 | **અધ્યયન–૪ : છ જીવનિકાય** | |
| પુનઃ પ્રકાશનના બે બોલ | 19 | પરિચય | ૬૨ |
| પૂર્વ પ્રકાશનના બે બોલ | 21 | ઉત્થાનિકા | ૬૪ |
| અભિગમ | 23 | પાંચ સ્થાવરનું સ્વરૂપ | ૬૭ |
| સંપાદકીય | 29 | ત્રસકાયનું સ્વરૂપ | ૭૨ |
| સંપાદન અનુભવો | 40 | છ જીવનિકાય સંયમ | ૭૪ |
| અનુવાદિકાની કલમે | 42 | પાંચ મહાવ્રત | ૭૭ |
| ૩૨ અસ્વાધ્યાય | 52 | રાત્રિભોજન વિરમણ વ્રત | ૮૮ |
| **શાસ્ત્ર પ્રારંભ** | | વ્રતનું પ્રયોજન | ૯૩ |
| **અધ્યયન–૧ : દ્રુમપુષ્પિકા** | | છકાય જીવોની યતના – હિંસા ત્યાગ | ૯૪ |
| પરિચય | ૧ | અયતના–યતનાનું પરિણામ | ૧૦૬ |
| ધર્મનું સ્વરૂપ અને મહાત્મ્ય | ૩ | પાપકર્મનો અબંધક | ૧૧૩ |
| ભ્રમરવૃત્તિ સમ ભિક્ષાચર્યા | ૮ | જ્ઞાનનું મહત્ત્વ | ૧૧૪ |
| નિર્દોષ ભિક્ષાવૃત્તિની પ્રતિજ્ઞા | ૧૧ | જીવનો આધ્યાત્મિક વિકાસ ક્રમ | ૧૧૭ |
| સાધુતાના મુખ્ય ગુણ | ૧૩ | સુગતિની દુર્લભતા, સુલભતા | ૧૨૪ |
| **અધ્યયન–૨ : શ્રામણ્યપૂર્વક** | | ઉપસંહાર | ૧૨૭ |
| પરિચય | ૧૬ | **અધ્યયન– ૫/૧ : પિંડૈષણા** | |
| શ્રમણધર્મની પૂર્વભૂમિકા– કામરાગ ત્યાગ | ૧૯ | પરિચય | ૧૨૯ |
| ત્યાગી અત્યાગીની પરખ | ૨૧ | ભિક્ષાર્થ પ્રવિષ્ટ ભિક્ષુની યોગ્યતા | ૧૩૧ |
| વાસના નિવારક ઉપાયો | ૨૫ | ગોચરી ગમન વિધિ | ૧૩૪ |
| સંયમમાં સ્થિર થવાનો સદષ્ટાંત ઉપદેશ | ૨૮ | ગમનાગમનમાં સ્વ–પર રક્ષા વિવેક | ૧૩૪ |
| રાજેમતીના સુભાષિત વચનોનો પ્રભાવ | ૩૧ | પૃથ્વીકાય રક્ષા વિવેક | ૧૩૬ |
| ઉપસંહાર | ૩૩ | ત્રસ,સ્થાવર રક્ષા વિવેક | ૧૩૭ |
| **અધ્યયન–૩ : ક્ષુલ્લકાચાર કથા** | | ગૌચરીમાં વૈશ્યા વસ્તીનો વિવેક | ૧૩૮ |
| પરિચય | ૩૫ | ગૌચરીમાં માર્ગ ગમન વિવેક | ૧૪૦ |
| અણગારો માટે અનાચાર | ૩૭ | ગોચરીનાં દષ્ટિ વિવેક | ૧૪૩ |
| બાવન અનાચાર | ૩૯ | ગોચરીમાં નિષિદ્ધ કુળ | ૧૪૪ |
| નિર્ગ્રંથોનો મહિમા | ૫૨ | ગોચરીમાં દ્વાર ઉદ્ઘાટન | ૧૪૬ |
| | | ગોચરીમાં શરીરની બાધા નિવારણ | ૧૪૬ |

| વિષય | પૃષ્ટાંક | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|
| ઘરોમાં પ્રવેશ સંબંધી વિવેક | ૧૪૭ | દાતાના વંદન–અવંદનમાં વિવેક | ૨૨૪ |
| ઘરોમાં ઊભા રહેવા સંબંધી વિવેક | ૧૪૯ | માયાવી સાધુના આચરણો | ૨૨૫ |
| ગ્રહણૈષણા દોષવર્જન | ૧૫૨ | ભિક્ષુ માટે મદ્યપાન નિષેધ | ૨૨૮ |
| પૂર્વકર્મ અને સંસૃષ્ટ દોષ વર્જન | ૧૫૬ | પતિત સાધુની નિકૃષ્ટ દશા | ૨૨૯ |
| સમ્મિલિત આહાર ગ્રહણ વિવેક | ૧૬૦ | સંયમીની શ્રેષ્ઠતા | ૨૩૨ |
| ગર્ભવતી સ્ત્રીથી ભિક્ષા વિવેક | ૧૬૧ | સંયમ વિરાધના કરનારનું ભાવિ | ૨૩૪ |
| દુગ્ધપાન કરાવતી સ્ત્રીથી ભિક્ષા વિવેક | ૧૬૩ | વિષય સમાપન એવં શિક્ષા | ૨૩૭ |
| શંકિત દોષયુક્ત આહાર ગ્રહણ નિષેધ | ૧૬૪ | **અધ્યયન–૬ : મહાચાર કથા** | |
| પિહિત અને ઉદ્‌ભિન્ન દોષ વિવેક | ૧૬૫ | પરિચય | ૨૪૦ |
| દાનાદિ માટેના આહાર લેવાનો નિષેધ | ૧૬૭ | આચાર–ગૌચર સંબંધી જિજ્ઞાસા | ૨૪૨ |
| ઔદ્દેશિકાદિ દોષ વર્જન | ૧૭૦ | આચાર્ય ભગવંતનો પ્રત્યુત્તર | ૨૪૩ |
| સંક્રમણ માર્ગમાં ગમન વિવેક | ૧૭૬ | અઢાર આચાર સ્થાન | ૨૪૭ |
| માલાપહૃત દોષયુક્ત આહાર વિવેક | ૧૭૭ | (૧) અહિંસા | ૨૪૮ |
| સચિત્ત વનસ્પતિ ગ્રહણ વિવેક | ૧૭૯ | (૨) મૃષાવાદ ત્યાગ | ૨૫૦ |
| વેચાતા પદાર્થ ગ્રહણ વિવેક | ૧૮૦ | (૩) અદત્તાદાન ત્યાગ | ૨૫૨ |
| ઉજ્ઝિત ધર્મા પદાર્થ ગ્રહણ નિષેધ | ૧૮૧ | (૪) અબ્રહ્મચર્ય ત્યાગ | ૨૫૩ |
| ધોવણ પાણીની ગવેષણા વિવેક | ૧૮૨ | (૫) પરિગ્રહ ત્યાગ | ૨૫૫ |
| આપવાદિક આહાર વિધિ | ૧૮૯ | (૬) રાત્રિભોજન ત્યાગ | ૨૫૯ |
| ઉપાશ્રયમાં ગોચરી લાવ્યા પછીની વિધિ | ૯૨ | (૭–૧૨) છકાય જીવ સંયમ | ૨૬૧ |
| પરિભોગૈષણાના ધૂમદોષનો વિવેક | ૧૯૯ | (૧૩) અકલ્પ્ય વર્જન | ૨૭૦ |
| મુધાદાતા અને મુધાજીવીની સુગતિ | ૨૦૨ | (૧૪) ગૃહસ્થ ભાજન ત્યાગ | ૨૭૩ |
| **અધ્યયન–૫/૨** | | (૧૫) પલંગ આદિનો ત્યાગ | ૨૭૬ |
| સર્વાંશ આહાર કરવાનું વિધાન | ૨૦૪ | (૧૬) ગૃહ નિષદ્યા વર્જન | ૨૭૭ |
| આહાર કરતાં પુનઃ આહારાર્થગમન | ૨૦૫ | (૧૭) સ્નાન વર્જન | ૨૮૦ |
| ગોચરી ગમન કાલ વિવેક | ૨૦૬ | (૧૮) વિભૂષાનો ત્યાગ | ૨૮૩ |
| આહારાર્થી પ્રાણીઓ પ્રતિ વિવેક | ૨૧૦ | ઉપસંહાર : ગુણસંપન્ન શ્રમણોની સુગતિ | ૨૮૫ |
| ઘરોમાં બેસવા-ઊભા રહેવાનો વિવેક | ૨૧૦ | **અધ્યયન–૭ : સુવાક્યશુદ્ધિ** | |
| અન્ય ભિક્ષાચરો સાથે વ્યવહાર વિવેક | ૨૧૨ | પરિચય | ૨૮૮ |
| વહોરાવનારના અવિવેક અંગે વિવેક | ૨૧૪ | ભાષાના પ્રકાર અને વિવેક | ૨૯૦ |
| સચિત્ત અને મિશ્ર વનસ્પતિ ગ્રહણ વિવેક | ૧૬ | અવક્તવ્ય ભાષા | ૨૯૧ |
| સામુદાનિક ભિક્ષાવૃત્તિ વિધાન | ૨૨૦ | વક્તવ્ય ભાષા | ૨૯૨ |
| ભિક્ષાવૃત્તિમાં અદીનતા અને અનાસક્તિ | ૨૨૧ | અસ્પષ્ટ–મિશ્ર ભાષા ત્યાજ્ય | ૨૯૨ |
| ગૃહસ્થના દાનભાવ સંબંધી વિવેક | ૨૨૩ | ભ્રમથી અસત્ય ભાષણમાં પાપ | ૨૯૩ |

| વિષય | પૃષ્ટાંક | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|
| નિશ્ચયકારી ભાષાનો વિવેક | ૨૯૪ | બ્રહ્મચર્ય સંયમ | ૩૬૯ |
| કઠોર અને પરપીડાકારી ભાષાનો નિષેધ | ૨૯૮ | શ્રદ્ધાનું સાતત્ય | ૩૭૭ |
| સંબોધન સંબંધી ભાષાનો વિવેક | ૨૯૯ | ઉપસંહાર : આચાર પ્રણિધિનું ફળ | ૩૭૮ |
| પંચેન્દ્રિય સંબંધી ભાષાનો વિવેક | ૩૦૩ | **અધ્યયન–૯/૧ : વિનય સમાધિ** | |
| વનસ્પતિ જીવો સંબંધી ભાષા વિવેક | ૩૦૬ | પરિચય | ૩૮૧ |
| સંખડી આદિ વિષયક ભાષા વિવેક | ૩૧૧ | આશાતનાનું દુષ્પરિણામ | ૩૮૪ |
| પાપ પ્રવૃત્તિ સંબંધી ભાષા વિવેક | ૩૧૩ | આશાતનાના દુષ્પરિણામ દર્શક દષ્ટાંતો | ૩૮૭ |
| ગૃહસ્થ સાથે આદેશ વચન વિવેક | ૩૧૭ | વિનયશીલ શિષ્યની ગુરુ પ્રત્યે કર્તવ્ય નિષ્ઠા | ૩૯૧ |
| સાધુ–અસાધુ કથન વિવેક | ૩૧૭ | ગુરુનો મહિમા | ૩૯૪ |
| ભવિષ્યકાલીન કથન વિષયક વિવેક | ૩૧૯ | ગુરુ ઉપાસના અને તેનું સુફળ | ૩૯૬ |
| પ્રાકૃતિક તત્ત્વો વિષયક ભાષા વિવેક | ૩૨૦ | **અધ્યયન–૯/૨** | |
| ઉપસંહાર – શિક્ષાવચન | ૩૨૧ | વૃક્ષની ઉપમાથી ધર્મનું મૂળ અને ફળ | ૩૯૯ |
| **અધ્યયન–૮ : આચાર પ્રણિધિ** | | અવિનીત : પ્રવાહમાં પડેલા કાષ્ઠવત્ | ૪૦૧ |
| પરિચય | ૩૨૫ | અવિનય : દંડાથી લક્ષ્મી કાઢવા સમાન | ૪૦૨ |
| અધ્યયન પ્રારંભ : વિષય નિરૂપક પ્રતિજ્ઞા | ૩૨૭ | વિનયી અવિનયી પ્રાણીઓના દષ્ટાંત | ૪૦૩ |
| છ કાય જીવો પ્રત્યે સંયમ બોધ | ૩૨૮ | લોકોત્તર વિનયનું ફળ | ૪૦૬ |
| આઠ પ્રકારના સૂક્ષ્મ જીવોની રક્ષા | ૩૩૩ | લોકોત્તર વિનયની અનિવાર્યતા સિદ્ધિ | ૪૦૭ |
| પ્રતિલેખન પરિષ્ઠાપનમાં યતના | ૩૩૭ | વિનય વિધિ | ૪૦૯ |
| ગૃહસ્થના ઘરમાં સાધુનો વિવેક | ૩૩૮ | વિનીત અવિનીતની ઉપલબ્ધિ | ૪૧૩ |
| જીહ્વેન્દ્રિય સંયમ | ૩૪૦ | મુમુક્ષુની પાત્રતા–અપાત્રતા | ૪૧૪ |
| સર્વ ઈન્દ્રિય સંયમ | ૩૪૪ | **અધ્યયન–૯/૩** | |
| કષ્ટ સહિષ્ણુતા મહાફળદાયી | ૩૪૫ | વિનીત સાધકની પૂજનીયતા | ૪૧૭ |
| રાત્રિભોજન ત્યાગ | ૩૪૬ | સંતોષી સાધકની પૂજનીયતા | ૪૨૦ |
| પ્રકૃતિ શોધન અને ગુણવૃદ્ધિ | ૩૪૭ | આક્રોશ પરીષહજયી સાધકની પૂજનીયતા | ૪૨૨ |
| સ્વોત્કર્ષ અને પરાપકર્ષ ત્યાગ | ૩૪૮ | વચન વિવેકીની પૂજનીયતા | ૪૨૪ |
| દોષ સેવન પ્રતિ મુનિનો વિવેક | ૩૪૯ | સમભાવી સાધકની પૂજનીયતા | ૪૨૫ |
| શિષ્યની વિનય સાધના | ૩૫૧ | ગુરુ ચરણોપાસકની પૂજનીયતા | ૪૨૭ |
| ધર્મ સાધના અંગે પ્રેરણાવચન | ૩૫૨ | ગુરુ સેવાથી ક્રમશઃ મુક્તિ | ૪૨૯ |
| ચતુર્વિધ કષાય ત્યાગની પ્રેરણા | ૩૫૪ | **અધ્યયન–૯/૪** | |
| કષાય નિગ્રહમાં સહકારી ગુણો | ૩૫૮ | ચાર પ્રકારની સંયમ સમાધિ | ૪૩૧ |
| પ્રમાદ ત્યાગ | ૩૬૦ | વિનય સમાધિ | ૪૩૩ |
| બહુશ્રુત ઉપાસના અને કાયિક વિવેક | ૩૬૨ | શ્રુત સમાધિ | ૪૩૫ |
| ભાષા સંયમ | ૩૬૪ | તપ સમાધિ | ૪૩૮ |

| વિષય | પૃષ્ટાંક |
| --- | --- |
| આચાર સમાધિ | ૪૪૧ |
| ચતુર્વિધ સમાધિ ફળ | ૪૪૪ |
| **અધ્યયન–૧૦ : સભિક્ષુ** | |
| પરિચય | ૪૪૭ |
| સંયમ–બ્રહ્મચર્યમાં સ્થિર ચિત્ત શ્રેષ્ઠ ભિક્ષુ | ૪૪૯ |
| છકાય રક્ષક શ્રેષ્ઠ ભિક્ષુ | ૪૫૦ |
| શ્રમણચર્યામાં જાગૃત શ્રેષ્ઠ ભિક્ષુ | ૪૫૨ |
| આહારમાં નિઃસ્પૃહ શ્રેષ્ઠ ભિક્ષુ | ૪૫૪ |
| ક્લેશ કષાય ત્યાગી શ્રેષ્ઠ ભિક્ષુ | ૪૫૬ |
| કષ્ટ સહિષ્ણુ શ્રેષ્ઠ ભિક્ષુ | ૪૫૭ |
| યતના પ્રધાન ગુણોથી સમૃદ્ધ શ્રેષ્ઠ ભિક્ષુ | ૪૬૦ |
| અમૂર્ચ્છા પ્રધાન ગુણોથી સમૃદ્ધ શ્રેષ્ઠ ભિક્ષુ | ૪૬૩ |
| આત્મોત્કર્ષ અને મદત્યાગી શ્રેષ્ઠ ભિક્ષુ | ૪૬૬ |
| સ્વ–પર તારક શ્રેષ્ઠ ભિક્ષુ | ૪૬૯ |
| ઉપસંહાર : ગુણ સંપન્ન શ્રેષ્ઠ ભિક્ષુની મુક્તિ | ૪૭૦ |
| **પ્રથમ ચૂલિકા : રતિવાક્યા** | |
| પરિચય | ૪૭૩ |
| રતિવાક્યા માટે ત્રણ ઉપમા | ૪૭૫ |
| સંયમમાં સ્થિરિકરણના અઢાર સૂત્રો | ૪૭૭ |
| ભોગ માટે યોગનો ભોગ કરનાર અજ્ઞાની | ૪૮૩ |
| સંયમ પતિતના પરિતાપની ચાર ઉપમા | ૪૮૪ |
| વૃદ્ધાવસ્થામાં થતો પરિતાપ | ૪૮૮ |
| સ્વજનોની વિડંબનામાં થતો પરિતાપ | ૪૮૯ |
| સંયમોન્નત દશાની કલ્પનાથી મનોવેદના | ૪૯૦ |
| તન્મય અતન્મય શ્રમણના અનુભવ | ૪૯૧ |
| ધર્મ છોડી અધર્મી થનારની અવદશા | ૪૯૩ |
| ભોગાસક્ત પુરુષની દુર્ગતિ અને અબોધિ | ૪૯૪ |
| સંયમમાં સ્થિરતા માટે પ્રેરણા | ૪૯૬ |
| દેહના ભોગે સંયમ રાખવાની દઢતા | ૪૯૮ |
| બુદ્ધિમાન સાધકને અંતિમ શિક્ષા | ૪૯૯ |
| **બીજી ચૂલિકા : વિવિક્ત ચર્યા** | |
| પરિચય | ૫૦૧ |
| ઉત્થાનિકા | ૫૦૩ |
| અનુસ્રોત સંસાર, પ્રતિસ્રોત સંયમ | ૫૦૪ |
| સાધુચર્યાના પ્રશસ્ત ગુણો | ૫૦૭ |
| પરિહાર્ય–અપરિહાર્ય ગોચરી | ૫૦૮ |
| પરિહાર્ય–ગ્રાહ્ય સાધ્વાચાર | ૫૧૦ |
| મુનિની અપ્રતિબદ્ધ વિહારચર્યા | ૫૧૧ |
| સહચારી શ્રમણના અંતરાયે એકાકી વિહાર | ૫૧૩ |
| કલ્પ મર્યાદા અને સૂત્રાજ્ઞા પાલન શિક્ષા | ૫૧૪ |
| સ્વદોષ દર્શન અને સ્વાનુશાસન | ૫૧૬ |
| પ્રતિબુદ્ધ જીવી શ્રમણ | ૫૧૮ |
| સુરક્ષિત અને અરક્ષિત આત્માની ગતિ | ૫૧૯ |
| **પરિશિષ્ટ** | |
| (૧) વિવેચિત વિષયોની અકારાદિ અનુક્રમણિકા | ૫૨૨ |
| (૨) ચૂલિકાની રચના વિષયક ઈતિહાસ | ૫૨૯ |
| (૩) ગોચરી સંબંધી દોષ, નિયમ | ૫૩૦ |
| (૪) **અભિહયા** આદિ જીવ વિરાધના | ૫૩૭ |
| (૫) દંતમંજન | ૫૩૮ |
| (૬) સાધ્વાચારની પ્રવૃત્તિ સંબંધી વિધિ | ૫૩૯ |
| **૧.** પ્રતિલેખન વિધિ | ૫૩૯ |
| **૨.** ગોચરી ગમન અને આહાર વિધિ | ૫૩૯ |
| **૩.** વિહાર વિધિ(ગમનાગમન વિધિ) | ૫૪૦ |
| **૪.** નિહાર વિધિ | ૫૪૧ |
| (૭) વિભૂષા એક વિશ્લેષણ | ૫૪૩ |

# ગોંડલ ગચ્છાધિપતિ, એકાવતારી આચાર્ય પ્રવર
# પૂ. ગુરુદેવ શ્રી ડુંગરસિંહજી મ.સા.
# જીવન દર્શન

| | | |
|---|---|---|
| **નામ** | : | શ્રી ડુંગરસિંહભાઈ. |
| **જન્મ** | : | વિ. સં. ૧૭૯૨. |
| **જન્મભૂમિ** | : | માંગરોળ. |
| **પિતાશ્રી** | : | ધર્મનિષ્ઠ શ્રી કમળસિંહભાઈ બદાણી. |
| **માતુશ્રી** | : | સંસ્કાર સંપન્ના શ્રીમતી હીરબાઈ. |
| **જન્મ સંકેત** | : | માતાએ સ્વપ્નમાં લીલોછમ પર્વત અને કેસરી સિંહને પોતાની સમીપે આવતો જોયો. |
| **ભ્રાતૃ ભગિની** | : | ચાર બેન – બે ભાઈ. |
| **વૈરાગ્ય નિમિત્ત** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા.નો ઉપદેશ. |
| **સંયમ સ્વીકાર** | : | વિ. સં. ૧૮૧૫ કારતક વદ – ૧૦ દિવબંદર. |
| **સદ્ગુરુદેવ** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા. |
| **સહ દીક્ષિત પરિવાર** | : | સ્વયં, માતુશ્રી હીરબાઈ, બહેન વેલબાઈ, ભાણેજી – માનકુંવરબેન અને ભાણેજ – હીરાચંદભાઈ. |
| **સંયમ સાધના** | : | અપ્રમત્તદશાની પ્રાપ્તિ માટે સાડા પાંચ વર્ષ નિદ્રાત્યાગ, જ્ઞાનારાધના, ધર્મશાસ્ત્રો, દર્શનશાસ્ત્રો અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ. |
| **તપ આરાધના** | : | રસેન્દ્રિય વિજયના વિવિધ પ્રયોગો, મિતાહાર. સ્વાધ્યાય, સાડાપાંચ વરસ નિદ્રાત્યાગ, ધ્યાનરૂપ આભ્યંતર તપ. |
| **ગોંડલ ગચ્છ સ્થાપના તથા આચાર્ય પદ પ્રદાન** | : | વિ. સં. ૧૮૪૫ મહાસુદ – ૫ ગોંડલ. |
| **જ્વલંત ગુણો** | : | વિનય, વિવેક, વિચક્ષણતા, વિરક્તિ, કરૂણા, સમયસૂચકતા વગેરે... |

| | | |
|---|---|---|
| **પ્રમુખ શિષ્ય** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **પ્રમુખ શિષ્યા** | : | પૂ. શ્રી હીરબાઈ મ., પૂ. શ્રી વેલબાઈ મ., પૂ. શ્રી માનકુંવરબાઈ મ. |
| **સાધુ સંમેલન** | : | વિ. સં. ૧૮૬૧માં આજ્ઞાનુવર્તી ૪૫ જેટલા સાધુ-સાધ્વીજીઓનું સંમેલન કરી સંતોની આચાર વિશુધ્ધિ માટે ૧૩ નિયમો બનાવ્યાં. |
| **વિહાર ક્ષેત્ર** | : | કાઠિયાવાડ, ઝાલાવાડ, કચ્છ, માંગરોળ, વેરાવળ, પોરબંદર, દીવબંદર આદિ કંઠાળ પ્રદેશમાં ગ્રામાનુગ્રામ. |
| **પ્રતિબોધિત શ્રાવકવર્ય** | : | શ્રી શોભેચંદ્ર કરસનજી શાહ – વેરાવળ. |
| **સ્થિરવાસ** | : | વિ. સં. ૧૮૭૧ ચૈત્ર સુદ – ૧૫ થી ગોંડલમાં. |
| **અનશન આરાધના** | : | વિ. સં. ૧૮૭૭ ફાગણ સુદ – ૧૩ થી અનશન પ્રારંભ, વૈશાખ સુદ – ૧૫ સમાધિમરણ. |
| **આયુષ્ય** | : | ૮૪ વર્ષ, સંયમ પર્યાય – ૬૨ વર્ષ, આચાર્ય પદ – ૩૨ વર્ષ. |
| **ઉત્તરાધિકારી** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **ઉપનામ** | : | ગચ્છાધિપતિ, નિદ્રાવિજેતા, યુગપ્રધાન, એકાવતારી. |
| **પાટ પરંપરા** | : | ગોંડલ ગચ્છાધિપતિ આચાર્ય પ્રવર ગુરુદેવ પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.<br>દ્વિતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી.<br>તૃતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી નેણસી સ્વામી.<br>ચતુર્થ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી જેસંગજી સ્વામી.<br>પંચમ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી દેવજી સ્વામી.<br>મહાતપસ્વી પૂ. શ્રી જયચંદ્રજી સ્વામી<br>યુગદૃષ્ટા તપસ્વી પૂ. શ્રી માણેકચંદ્રજી મ.સા.<br>સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.<br>તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ.સા. |
| **વિદ્યમાન વિચરતો પરિવાર** | : | ૧૧ સંતો, ૩૦૦ જેટલા સતિજીઓ. |

# સૌરાષ્ટ્ર કેસરી, મુનિપુંગવ
# પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ.સા.
# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | પ્રાણલાલભાઈ. |
| **જન્મભૂમિ** | વેરાવળ. |
| **પિતા** | શ્રીમાન શ્રી કેશવજીભાઈ મીઠાશા. |
| **માતા** | સંસ્કાર સંપન્ના કુંવરબાઈ. |
| **જ્ઞાતિ** | વીસા ઓસવાળ. |
| **જન્મદિન** | વિ. સં. ૧૯૫૪, શ્રાવણ વદ પાંચમ, સોમવાર. |
| **ભ્રાતૃ–ભગિની** | ચાર ભાઈ, ત્રણ બહેનો. |
| **વૈરાગ્ય બીજારોપણ** | બે વર્ષની બાલ્યવયે. |
| **વૈરાગ્ય ભાવ–પ્રગટીકરણ** | ૧૩ વર્ષની કુમાર અવસ્થામાં. |
| **સંયમ સ્વીકાર** | ૨૧ માં વર્ષે વિ. સં. ૧૯૭૬ ફાગણ વદ છઠ્ઠ, ગુરુવાર.<br>તા. ૧૩–૩–૧૯૨૦ |
| **દીક્ષા ભૂમિ** | બગસરા–દરબાર વાજસુરવાળાના ઉદ્યાનમાં વટવૃક્ષ નીચે. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **સંયમદાતા** | મહાતપસ્વી પૂ. જયચંદ્રજી મ.સા. |
| **શિક્ષા દાતા** | પરમ શ્રદ્ધેય તપસ્વી માણેકચંદ્રજી મ. સા. |
| **ધાર્મિક અભ્યાસ** | આગમજ્ઞાન, તત્ત્વજ્ઞાન, કથા સાહિત્ય, રાસ સાહિત્ય, વ્યાકરણ, મહાકાવ્યો, કર્મસાહિત્ય, જૈનેતર ગ્રંથોનું વિશાળ અવલોકન, દર્શન શાસ્ત્રના તજજ્ઞ. |
| **સંઘ નેતૃત્વ** | ત્રણ વર્ષની દીક્ષા પર્યાયે તપસ્વી પૂ. માણેકચંદ્રજી મ. સા. ના સંથારાના સમયથી. |
| **સેવા શુશ્રૂષા** | વડીલ સાત ગુરુભ્રાતા અને અનેક સંતોની સેવા કરી. |

| | |
|---|---|
| **સમાજોત્કર્ષ** | ચતુર્વિધ સંઘ સમાધિ માટે તારવેલા ત્રણ સિદ્ધાંત (૧) લોકોના પરોપકાર માટે દાનધર્મની પ્રધાનતા (૨) અ ખંડન વાદ (૩)નીતિ અને પ્રામાણિકતાનું આંદોલન, જૈન–જૈનેતરો (કાઠી, દરબાર, આહિર)ને સપ્ત વ્યસનથી મુક્તિ, અનેક સ્થાને સાધર્મિક રાહત યોજના. |
| **જ્ઞાન પ્રસાર** | રાજકોટ, ગોંડલ, જેતપુર, ધોરાજી, વડિયા, વેરાવળ, પોરબંદર, માંગરોળ, જામનગર, ભાવનગર વગેરે અનેક સ્થાને જ્ઞાન ભંડાર, વિદ્યાલયની સ્થાપના અને જીર્ણોધ્ધાર. |
| **દેહ વૈભવ** | લાવણ્યમયી મુદ્રા, સૂર્ય સમ તેજસ્વી મુખ, ચંદ્રસમી શાંત આભા, વિશાળ ભાલ, નૂરભર્યા નયનો, ઘૂઘરાળા કેશ, વીણા જેવો સુમધુર કંઠ અને સિંહ જેવી ગર્જના. |
| **આભ્યંતર વૈભવ** | વિનય સંપન્નતા, વિવેક, સાદાઈ, પ્રેમ, વૈરાગ્ય, સેવા, પ્રવચન–પટુતા, ગુરુચરણ સેવા, દીર્ઘ દૃષ્ટિ, ત્યાગમસ્તી. |
| **વિહાર ક્ષેત્ર** | સૌરાષ્ટ્ર, ગુજરાત. |
| **ગોંડલ ગચ્છ સંમેલન** | વિ. સં. ૨૦૦૭માં ગચ્છ ઐક્યતા માટે મહત્ત્વનું યોગદાન. |
| **ઉપનામ** | પંજાબ કેસરી કાશીરામજી મ. સા. દ્વારા પ્રદત્ત **'સૌરાષ્ટ્ર કેસરી'** |
| **સ્વહસ્તે દીક્ષિત પરિવાર** | ચાર સંત– તપોધની પૂ. રતિલાલજી મ. સા., અનશન આરાધક તપસ્વી પૂ. જગજીવનજી મ. સા., પૂ. નાના રતિલાલજી મ. સા., પરમ દાર્શનિક પૂ. જયંતમુનિજી મ. સા., પૂ. મોટા પ્રભાબાઈ મ. આદિ ૧૫ સતીજી. |
| **અંતિમ ચાતુર્માસ** | બગસરા. |
| **દેહ વિલય** | વિ. સં. ૨૦૧૩ માગસર વદ તેરસ, શનિવાર પ્રાતઃ ૭–૩૦ કલાકે ઈ. સ. ૨૯–૧૨–૧૯૫૬. |
| **અંતિમ વિધિ** | સાતલડી નદીના કિનારે (બગસરા) |
| **શિષ્ય પરિવાર** | વર્તમાને ૧૧૮ સંત–સતિજીઓ 'પ્રાણ પરિવાર' ના નામે સમગ્ર ભારતમાં પ્રસિદ્ધ છે. |

# તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. નું
# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | રતિલાલભાઈ |
| **જન્મસ્થાન** | પરબવાવડી (સૌરાષ્ટ્ર) |
| **જન્મદિન** | આસોવદ અમાસ વિ. સં. ૧૯૬૯ |
| **પિતા** | શ્રીમાન માધવજીભાઈ રૈયાણી |
| **માતા** | સદાચાર સંપન્ના જમકુબાઈ |
| **વૈરાગ્ય ભાવ** | ૧૭ મા વર્ષે |
| **દીક્ષા** | ફાગણ વદ પાંચમ, ગુરુવાર વિ. સં. ૧૯૮૯–જૂનાગઢ |
| **ગુરુદેવ** | સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણલાલજી મ.સા. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **અભ્યાસ યોગ** | વ્યાવહારિક– પાંચ ધોરણ, ધાર્મિક– ૧૯ આગમ કંઠસ્થ, શ્વેતામ્બર–દિગંબર સાહિત્ય, કાર્મગ્રંથિક સાહિત્ય, દાર્શનિક સાહિત્ય, વ્યાકરણ સાહિત્ય |
| **સાધના યોગ** | રાત્રિ–દિવસ નિરંતર જાગૃતદશાએ આત્મસાધના અલ્પનિદ્રા. |
| **સેવાયોગ** | વડીલ વૃદ્ધ ૯ સંતોની સેવા કરી. |
| **તપયોગ** | ૧૯ વર્ષ એકાંતર ઉપવાસ, ૯૯૯ આયંબિલ તપ (સાગાર), ૧૯ વર્ષ પાણીનો ત્યાગ, ૯ વર્ષ મકાઈ સિવાય શેષ અનાજ ત્યાગ. |

| | |
|---|---|
| **મૌનયોગ** | દીક્ષા પછી ૯ વર્ષ એકાંત મૌન સાધના. ઈ. સ. ૧૯૯૨ નવેમ્બરથી આજીવન મૌન આરાધના. |
| **પુણ્ય પ્રભાવ** | ગુરુદેવના પુણ્ય પ્રભાવે અનેક આત્માઓએ માસખમણ આદિ નાની મોટી તપશ્ચર્યાઓ તથા હજારોની સંખ્યામાં વર્ષીતપની આરાધના કરી છે. તેમજ દાન, શીલ અને ભાવની વૃદ્ધિ થઈ છે. |
| **વિહાર ક્ષેત્ર** | ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, બિહાર, બંગાળ |
| **જ્ઞાન અનુમોદન** | શ્રમણી વિદ્યાપીઠના પ્રેરક બની ૩૦ શિષ્યાઓ અને ૩૦ વૈરાગી બહેનોને અભ્યાસાર્થે રહેવાની આજ્ઞા આપી. ત્રણ સામૂહિક ચાતુર્માસ કરાવી શાસ્ત્રવાચના કરાવી. |
| **દીક્ષા પ્રદાનસંખ્યા** | ૧૪૫ મુમુક્ષુઓને અણગાર બનાવ્યા. |
| **આચરિત સૂત્રો** | જતું કરવું, ગમ ખાવો, વાદ–વિવાદ કે દલીલ ન કરવા, જે થાય તે સારા માટે, કોઈ પણ જીવની ટીકા કે નિંદા ન કરવી. |
| **જીવંત ગુણો** | વિશાળતા, ઉદારતા, માધ્યસ્થતા, સહિષ્ણુતા, ભદ્રિકતા, સમાધાન વૃત્તિ, જ્ઞાનરુચિ. |
| **અનશન પ્રત્યાખ્યાન** | ઈ. સ. ૧૯૯૨ રાજકોટમાં પૂ. ભાગ્યવંતાબાઈ મ. ને ૫૯ દિવસની અનશન આરાધના કરાવી. |
| **અંતિમ ચાતુર્માસ** | રાજકોટ, શ્રી રોયલપાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ સંચાલિત ઓમાનવાળા ઉપાશ્રય.(૧૯૯૭) |
| **મહાપ્રયાણ** | રાજકોટ, તા. ૮–૨–૧૯૯૮ મહા સુદ ૧૧ા રવિવાર મધ્યાહ્ન કાળે ૧.૩૫ કલાકે. |
| **અંતિમ દર્શન તથા પાલખી** | શ્રી રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ, રાજકોટ. |
| **અંતિમક્રિયા સ્થાન** | 'તપસમ્રાટ તીર્થધામ', રાજકોટ–અમદાવાદ હાઈ–વે, સાત હનુમાન સામે, રાજકોટ. |

# પુનઃ પ્રકાશનના બે બોલ

(બીજી આવૃત્તિ)

તીર્થંકર ભગવાનના અમૃતસમા વચનોને 'આગમ' રૂપે ગણધર ભગવંતોએ ઝીલીને શિષ્ય પરંપરાને અર્પણ કર્યાઅને આપણને અમૃત વચનો પ્રાપ્ત થયા.

**તીર્થંકર ભગવાને અનંતજ્ઞાનને શ્રીમુખેથી પ્રગટકરી મહા ઉપકાર કર્યો...**

**ગણધર ભગવંતોએ આગમજ્ઞાનને હૃદયસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**શિષ્ય પરંપરાએ આગમ જ્ઞાનને કંઠસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે આગમજ્ઞાનને ગ્રંથસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

ગ્રંથસ્થ આગમોને અનેક આચાર્યોએ સમયાનુસાર લોકભોગ્ય ભાષાશૈલીમાં અનુવાદ કરીને સર્વજન સહજ બનાવ્યા. આ જ પરંપરામાં **સૌરાષ્ટ્રકેસરી પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા.** ની જન્મશતાબ્દી અવસરે તેમના જ પરિવારના મહાસતીજીઓએ ગુજરાતીમાં અનુવાદ કરીને જૈન સમાજની જ્ઞાન સાધનાને આગમિક બનાવવામાં બહુમૂલો ફાળો આપ્યો છે. આ મહા કાર્યમાં અપૂર્વ શ્રુત આરાધિકા પ્રધાન સંપાદિકા **ભાવયોગિની શ્રી લીલમબાઈ મ.** અને સહ સંપાદિકા **શ્રી આરતીબાઈ મ., શ્રી સુબોધિકાબાઈ મ.** ના સહયોગ મળ્યો છે.

આ આગમ બત્રીસીની પ્રથમ આવૃત્તિને ગુજરાતના દરેક સંપ્રદાયના સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો બહોળો પ્રતિસાદ મળતા ટૂંક સમયમાં ૧૦૦૦ આગમ ગ્રંથો અનુપલબ્ધ થઈ ગયા અને પુનઃ પ્રકાશનની આવશ્યકતા ઉભી થઈ.

અહીં એક ખાસ ઉલ્લેખ કરવાનો કે જ્યારે પ્રથમવાર આગમ પ્રકાશનની તૈયારી ચાલતી હતી ત્યારે જ તપસમ્રાટ **પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ. સા.** એ શાસન પ્રભાવક પૂ. શ્રી નમ્રમુનિ મ. સા. પર કૃપાદૃષ્ટિ વરસાવી. તેમણે પાટીમાં લખી આપ્યું કે **નમ્રમુનિ આગમ પ્રકાશનનું કાર્ય સંભાળશે.**

પૂ. ગુરુદેવની દીર્ઘદષ્ટિ અને કૃપાદષ્ટિને અનુભવતા પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. એ અમોને આજ્ઞા આપી કે આપણે આગમ ગ્રંથો પ્રકાશનની બીજી આવૃતિ 'પારસધામ' ના ઉપક્રમે પ્રગટ કરવી છે.

પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. ની આજ્ઞાને શિરોધાર્ય કરીને પારસધામ - ઘાટકોપરના ઉપક્રમે ગુરુપ્રાણ આગમ બત્રીસીને પુનઃ પ્રગટ કરતા આનંદ અનુભવીએ છીએ.

અમારા આ અણમોલ કાર્યમાં અમને શ્રી ગિરીશભાઈ શાહ (હેમાણી)-U.S.A. તથા શ્રી જિતેનભાઈ શાહ (કલકત્તા) નો અનન્ય સહકાર મળ્યો, જેના કારણે અમારું કાર્ય સરળ બન્યું છે. અમારા આ કોમપ્યુટર કાર્યમાં શ્રી અમીનભાઈ આઝાદ તથા સ્નેહા અમીત દર્જીનો પણ સહકાર પ્રાપ્ત થયો છે. તેવી જ રીતે ઉદારદિલા દાતાશ્રીઓ એ પણ અમને સહયોગ આપીને અમારું કાર્ય વેગવાન બનાવેલ છે.

અમે તે સર્વના આભારી છીએ.

અંતમાં આગમ પ્રકાશન આપણા સહુના આત્માને અનંતજ્ઞાન પ્રાગટ્યમાં સહયોગી બને એ જ ભાવના.


• શ્રી ગુરુપ્રાણ પ્રકાશન •

PARASDHAM

વલ્લભબાગ લેન, તિલક રોડ, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

ફોન - ૩૨૦૪ ૩૨૩૨.

# પૂર્વ પ્રકાશકના બે બોલ

(પહેલી આવૃત્તિ)

અનંત તીર્થંકર સહ પ્રભુ મહાવીરના અનંત જ્ઞાનની અમૂલ્ય નિધિ છે આપણા આગમગ્રંથો. જેના માધ્યમથી જ જિનશાસન જયવંતું રહ્યું છે, રહે છે અને રહેશે. તેને જીવંત રાખવા અને જન જનનાં મન સુધી પહોંચાડવા તે પ્રત્યેક જૈન નામ ધરાવતી વ્યક્તિની પવિત્ર ફરજ છે. આ પવિત્ર ફરજને જ ધર્મ સમજીને જે તેનું આચરણ કરે છે અને પોતાનાં તન–મન અને ધનને તે કાર્યમાં સમર્પિત કરે છે, તેનું મનુષ્ય જીવન સફળ થાય છે. એટલું જ નહીં પરંતુ તે સાધક જિનશાસનની પ્રભાવનાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત કરે છે.

આવો જ અપૂર્વ લાભ પ્રાપ્ત કરવા આપણા ગુજરાતી સમાજને માટે આગમોના મૂળ પાઠ તથા સરળ ગુજરાતી અનુવાદ વિવેચન સહિત પ્રકાશન કરવા માટે પૂ. મુક્ત લીલમ પરિવારને એક ચિંતનધારા જૂનાગઢની પુણ્યભૂમિ પર સ્પર્શી અને જેને રાજાણા નગરી રાજકોટમાં રોયલપાર્ક ઉપાશ્રયમાં સાકાર સ્વરૂપ મળ્યું.

આપણા સૌના પરમ ઉપકારી ગોંડલ ગચ્છાધિપતિ, નિદ્રા વિજેતા, એકાવતારી, યુગપુરુષ પૂ. શ્રી ડુંગરસિંહજી મ. સા.ની પાટ પરંપરાએ પૂ. શ્રી જય–માણેકના લાડીલા શિષ્યરત્ન સૌરાષ્ટ્ર કેસરી પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા.ની જન્મ શતાબ્દી નિમિત્તે આ વિરાટ આયોજન કર્યું. પૂ. મહાસતીજીઓએ પોતાની ચિંતનધારાને પૂજ્ય ગુરુવર્યોની સમક્ષ પ્રગટ કરી. સહુના હર્ષોલ્લાસ અને આશીર્વાદ સાથે સ્વીકૃતિના સમાચાર પ્રાપ્ત થયા. રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘની નિશ્રામાં અમે તુરંત સમિતિ રચવાની જાહેરાત કરી.

રાજકોટ પ્રાણ પરિવારના સામૂહિક ચાતુર્માસ દરમ્યાન જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે વિ. સં. ૨૦૫૩ સન્ ૧૯૯૭ માં "પૂ. પ્રાણગુરુ શતાબ્દી પ્રકાશન સમિતિ રાજકોટ"ની સ્થાપના થઈ. ત્યાર પછી તપસમ્રાટ શ્રી રતિલાલજી મ. સા., ગુજરાત કેસરી પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા. ઠા. પાંચ તથા પ્રાણ પરિવારના ૭૩ સાધ્વીજીઓના પાવન સાંનિધ્યમાં જન્મ શતાબ્દીના પ્રથમ ચરણની તપ–જપ, સાધના સાથે ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી.

શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ૩૨ આગમો અને પ્રાણગુરુ સ્મૃતિ ગ્રંથનું પ્રકાશન કરવાનું નિશ્ચિત થયું. આગમોનું લેખન કાર્ય પ્રાણ પરિવારના સતીવૃંદે સહર્ષ સ્વીકારી લીધું. આ રીતે સર્વ સમવાયનો સુયોગ થતાં કાર્યનો પ્રારંભ વેગવંત થયો અને બત્રીસ આગમો ક્રમશઃ ગુજરાતી ભાષામાં અનુવાદિત થયા.

આ પ્રકાશનના અણમોલ અવસરે આશીર્વાદ વરસાવી સહર્ષ સ્વીકૃતિ આપનાર તપ સમ્રાટ ગુરુદેવ **પૂ. શ્રી રતિલાલજી મ. સા.** તથા દરેક આગમના રહસ્યોને પ્રગટ કરતો, તત્ત્વોનું વાસ્તવિક દર્શન કરાવતો, આશીષ વરસાવતો અમારા ઉત્સાહને વધારતો અભિગમ પ્રેષિત કરનારા ગોંડલ ગચ્છના સંત શિરોમણિ પરમ દાર્શનિક **પૂ. શ્રી જયંતીલાલજી મ. સા.**, અમ માર્ગદર્શક ગુજરાત કેસરી **પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા.**, તથા આગમ દિવાકર **પૂ. શ્રી જનક મુનિજી મ. સા.** નીડર વક્તા **પૂ. શ્રી જગદીશમુનિજી મ. સા.** આદિ મુનિ ભગવંતો તથા આગમને સુવ્યવસ્થિત સ્વરૂપ આપનાર, અથાગ પરિશ્રમ સહિત નિઃસ્વાર્થ ભાવે સંપૂર્ણ સહયોગ આપનાર આગમ મનીષી **પૂ. શ્રી ત્રિલોકમુનિજી મ. સા.** ના પણ અમો ૠણી છીએ.

વાત્સલ્ય વરિષ્ઠા પૂજયવરા **પૂ. મુક્તાબાઈ મ.**, પ્રધાન સંપાદિકા અપૂર્વશ્રુત આરાધક **પૂ. લીલમબાઈ મ.**, અમ પ્રકાશન કાર્યના ઉદ્ભાવિકા, ઉત્સાહધરા **પૂ. ઉષાબાઈ મ.**, સહ સંપદિકા **ડો. પૂ. શ્રી આરતીબાઈ મ.** તથા **પૂ. સુબોધિકાબાઈ મ.** અને પ્રાણ પરિવારના અનુવાદિકા સર્વ મહાસતીજીઓના અમે ૠણી છીએ.

શ્રુતાધાર સહયોગીઓ, અમ આગમ પ્રકાશનમાં નિષ્ઠાથી સેવા આપનાર શ્રી મુકુંદભાઈ પારેખ, શ્રી મણિભાઈ શાહ, શ્રી નવનીતભાઈ – તરૂબેન, કુમારી ભાનુબેન, શ્રી જયવંતભાઈ શાહ તથા આગમને કોમ્પ્યુટરાઈઝડ્ કરી મુદ્રણ કરી આપનાર ભાઈ શ્રી નેહલ હસમુખભાઈ મહેતાના અમો આભારી છીએ.

આગમ પ્રકાશન કાર્યમાં શુદ્ધિકરણનું ખૂબ જ ધ્યાન રાખવામાં આવ્યું છે. છતાં ક્યાં ય અશુદ્ધિ રહી ગઈ હોય તો શુદ્ધ વાંચી તે તરફ અમારું ધ્યાન દોરવા નમ્ર વિનંતી છે.

અંતમાં સૌના સહિયારા પુરુષાર્થ બદલ શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન સદાને માટે સૌના કૃતજ્ઞ બની રહેશે.

જય જિનેન્દ્ર

શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન – ટ્રસ્ટી મંડળ


શ્રી ચંદ્રકાંત માણેકચંદ શેઠ (પ્રમુખ)
શ્રી રમણીકલાલ નાગરદાસ શાહ (ચેરમેન)
શ્રી અશ્વિનભાઈ કુંભાણી (ટ્રેઝરર)
શ્રી ટી. આર. દોશી (ઉપપ્રમુખ)
શ્રી કે. પી. શાહ (ટ્રસ્ટી)
શ્રી કીરીટભાઈ શાહ (ટ્રસ્ટી)

# અભિગમ

ગોંડલ ગચ્છ શિરોમણી પરમ દાર્શનિક
પૂ. શ્રી જયંતમુનિ મ.સા.

આજે દશવૈકાલિક સૂત્ર ઉપર અભિગમ લખતાં હૃદયમાં અપૂર્વ હર્ષ થાય છે. જોકે આ મહાન શાસ્ત્ર ઉપર આલેખન કરવું સામાન્ય કાર્ય નથી. પરંતુ ગુરુકૃપાએ આ સૂત્રની એક એક ગાથાઓ આત્મસાત્ થયેલી છે. દીક્ષા પર્યાયના ઉષાકાલમાં હજારો વાર આ સૂત્રનું કંઠસ્થ પારાયણ કરવાનો અવસર મળતો હતો; સ્વાધ્યાય વાચનાદિ કરતી વખતે ભાષા ટીકાના માધ્યમે અર્થબોધ પણ સુલભ થતો હતો; કેટલીય ગાથાઓના ભાવો પ્રત્યે મન મુગ્ધ થઈ જતું હતું. જેથી આ અભિગમ લખવાનું સહજ સાહસ કર્યું છે.

દશવૈકાલિક જૈન આગમનો સાર–સરવાળો છે. જૈન આગમો વિશાળ સમુદ્રની જેમ તરંગિત રહે છે. આ સમુદ્ર અમાપ રત્નાકર છે. વિચક્ષણ આચાર્યો તેમાં ડૂબકી મારી સારભૂત રત્નો એકત્રિત કરે છે અને એકત્ર થયેલા રત્નો પરંપરાએ જૈન આગમનું અંગ બની જાય છે.

દશવૈકાલિક સૂત્રમાં પણ આ હકીકત સ્પષ્ટ પ્રદર્શિત થઈ છે. તેના ઉદ્ભવની કથા સુપ્રસિદ્ધ છે. તેથી અહીં કથા ન આપતાં મારે એટલું જ કહેવું છે કે આ શાસ્ત્રમાં આગમના સારાંશને એકત્ર કરી તેનો સરવાળો કરવામાં આવ્યો છે. તે લગભગ સાતસો શ્લોક પ્રમાણ છે. જેમાં વ્યવસ્થિતપણે જૈન આચાર ધર્મનું ક્રમશઃ વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

આ શાસ્ત્રનું નામ ગમે તે કારણથી દશવૈકાલિક આપવામાં આવ્યુ હશે, પરંતુ ખરી રીતે આ નામ શાસ્ત્રના આંતર ભાવોને પ્રગટ કરવામાં પર્યાપ્ત છે કે કેમ, તે ચિંતનીય છે. વસ્તુતઃ જેમ ગીતાના પંદરમા અધ્યાયને પુરુષોત્તમ પ્રાપ્તિ યોગ તેવું નામ આપી તેમાં રાજ વિદ્યાનો ઉલ્લેખ કર્યો છે. ત્યાં રાજ વિદ્યાનો અર્થ "રાજકીય વિદ્યા એવો નથી પરંતુ સર્વ વિદ્યાઓમાં રાજા જેવી પ્રમુખ વિદ્યા", એવો અર્થ થાય છે. તેમ

આપણે પણ દશવૈકાલિક માટે "રાજ મોક્ષમાર્ગ" કે "મોક્ષમાર્ગનો મહાપથ" = **मोक्खमग्ग महापहो** આવું નામ આપી શકીએ. જો કે આ અમારી બાળચેષ્ટા છે તેમ છતાં આ નામથી દશવૈકાલિકના અંતરંગ ભાવો રૂડી રીતે અભિવ્યક્ત થાય છે. ખરેખર દશવૈકાલિક એ મોક્ષમાર્ગનો મહાપથ છે.

આ દશવૈકાલિક સૂત્ર રૂપ મહાપથનું અવગાહન કરવામાં આવે તો આ એક શાસ્ત્રના અવગાહનથી હજારો શાસ્ત્રનું અવગાહન થઈ જાય તેમ કહેવામાં અતિશયોક્તિ નથી.

ચાલો, આપણે દશવૈકાલિકમાં ડૂબકી મારીએ અને તેની ગહનતાને હૃદયંગત કરી ધન્યતાનો અનુભવ કરીએ.

દશવૈકાલિક સૂત્ર એ મુક્તિધામની મહાયાત્રા છે. આ યાત્રામાં સાધક જોડાઈ શકે છે. સાધક યાત્રા શરૂ કરે તે પહેલાંથી જ બધી રીતે સાવધાન રહી આત્માને ઉચ્ચકોટિના સિદ્ધાંતોથી સજ્જ કરે તો તે આ સંયમ યાત્રામાં આગળ વધી મુક્તિધામ સુધી પહોંચે છે. આ શાસ્ત્ર ખાસ નિયમોથી સાધકના સંપૂર્ણ માર્ગને પ્રકાશિત કરે છે અને સારી શિખામણ પણ આપે છે.

દશવૈકાલિક તે એક પ્રકારનો સુવર્ણ કુંભ છે. જેમાં જૈનાગમનું અમૃત ભરેલું છે. તે સુવર્ણ કુંભનું અમૃત ગુર્જર ભાષી સંપૂર્ણ જન સમાજને ચખાડવા માટે આપણા પ્રયાસનો પ્રારંભ થયો છે.

**ધર્મની વ્યાખ્યા :–** જે લક્ષ ઉપર આપણે જવું છે અર્થાત્ જે આપણું સાધ્ય છે, તેની તથા તેના સાધનની સ્પષ્ટ વ્યાખ્યા થવી જોઈએ. તે માટે આ સૂત્રના પ્રારંભમાં જ શાસ્ત્રકારે ધર્મની વ્યાખ્યા કરી છે અને અહિંસા, સંયમ અને તપ ધર્મને જ કલ્યાણ માર્ગરૂપે દર્શાવ્યો છે. જ્યારે સંસારમાં ધર્મના નામે અથવા ધર્મના વેશમાં હિંસા ભરેલા ઘણા ભાવો સ્થાન પામ્યા છે. જગતના બધા તાંત્રિકો, મ્લેચ્છો, વિદ્યાધારીઓ અથવા તંત્ર–મંત્ર કરનારાઓ પોતાનો બધો વ્યાપાર ધર્મના નામે જ કરે છે. ધર્મમાં ઘણે અંશે અંધશ્રદ્ધા પ્રવેશ પામી ગઈ છે. ધર્મ શબ્દમાં ઘણા સારા–નરસા બધા સિદ્ધાંતો સંગ્રહિત કરી લેવાય છે. જ્યારે જૈનદર્શનમાં ધર્મની સ્પષ્ટ વ્યાખ્યા છે અને ઉજ્જવળ તત્ત્વોને જ ધર્મમાં સ્થાન આપવામાં આવ્યું છે. શાસ્ત્રોમાં ભગવાન કહે છે– **मिच्छा ते एवमाहंसु**

= હે ગૌતમ ! આ બધા ઉટપટાંગ વાતો કરનારા લોકો હિંસા ભરેલા મિથ્યાવાદ કરે છે. ખરેખર ધર્મની સ્પષ્ટ વ્યાખ્યા કે સારભૂત અતિ સુંદર વ્યાખ્યા દશવૈકાલિકની પહેલી ગાથામાં કરવામાં આવી છે કે– ધર્મ તે અહિંસા, સંયમ અને તપ રૂપ છે. તે ધર્મમાં કે તે ધર્મના સાધકોમાં દેવોની ઝંખના હોતી નથી, ઉલટા દેવો જ તે શ્રેષ્ઠ અહિંસા પ્રધાન ધર્મમાં તલ્લીન સાધકની અભ્યર્થના, અર્ચના, શુશ્રૂષા કરી પોતાને ધન્ય માને છે.

**અહિંસા સંયમ તપ :–** જીવ જ્યારે સમ્યક્દષ્ટિ બને ત્યારે જ તે અહિંસાનો સાચી રીતે સ્વીકાર કરી શકે છે. અહિંસા એ ધર્મનો રાજમાર્ગ છે. ધર્મની વ્યાખ્યાને તે જ સમજી શકે કે જેને સમ્યક્જ્ઞાન હોય. અહીં (૧) **અહિંસા**માં સમ્યક્દર્શનનો (૨) **સંયમ**માં સમ્યક્જ્ઞાનનો સમાવેશ કરવામાં આવ્યો છે અને (૩) **તપસ્યા** એ તો ચારિત્રનું જ અંગ છે. વસ્તુતઃ એ ત્રણે ય શાસ્ત્રીય શબ્દો ગહન છે. તેને બહુ ઊંડા ઉતરીને જ સમજી શકાય છે. ખરેખર ધર્મની અહિંસા, સંયમ અને તપ રૂપ વ્યાખ્યા પ્રકાશ, અગ્નિ કે વિશુદ્ધ પાણી જેવી નિર્મળ અને સ્પષ્ટ વ્યાખ્યા છે. તેમ છતાં તે મર્મ ભરેલી વ્યાખ્યા ગુરુ સાંનિધ્યે પોતાનો ક્ષયોપશમ વધારવાથી સહજ ઉપલબ્ધ થાય છે.

**જ્ઞાન સાથે ક્રિયા :–** ધર્મની વ્યાખ્યાને સમજ્યા પછી જો સાધક ઉત્કૃષ્ટ ભાવથી ક્રિયાશીલ ન બને અથવા ગુરુ દ્વારા ક્રિયાના આચરણ માટે સાધકને પૂરો સજ્જ કરવામાં ન આવે તો આખી સંયમ સાધનાની પ્રક્રિયા વેર–વિખેર થઈ જાય છે અને સુંદર ભાવોથી અભિનિષ્ક્રમિત સાધક સાધનાના માર્ગમાં જ અટવાઈ જાય છે.

સમગ્ર દ્વાદશાંગીનો સાર કાઢી શાસ્ત્રકારે સાધના કેવી હોય છે ? સાધકને શું શું કરવાનું હોય છે ? કેવી રીતે કરવાનું હોય છે ? તે માટે એક એક રત્નકણ જેવી સૂચનાઓ આ અધ્યયનોમાં ભરી દીધી છે. સાધક સંયમની પ્રક્રિયા કરતો આ સૂચનોમાં જરા પણ અસાવધાન થાય તો જેમ મૂળિયા વગરનું, વાવાઝોડામાં સપડાયેલું સમુદ્ર કિનારાનું વૃક્ષ મૂળથી ઉખડી પડે છે, તેમ સાધક પણ જો કોઈ પ્રકારના સૌંદર્યથી આકર્ષિત થઈ કામનાના તોફાનને રોકી ન શકે તો તે બહુ જ ખરાબ રીતે દુર્ગતિને પ્રાપ્ત થાય છે અર્થાત્ આ લોકમાં બદનામ થઈને પરલોકને બગાડે છે. તે સાધક ઘરનો કે ઘાટનો રહેતો નથી.

આમ આ સૂત્રમાં સાધક માટે જ્ઞાન સાથેની ક્રિયા અને તેની સમગ્ર સાવધાની તથા ભાવ સંયમનું આલેખન કરવામાં આવ્યું છે.

આ સૂત્રના **પાંચમા અધ્યયન સુધી** સાધકને કઠોર નિયમાવલીની અને તેને

પાલન કરવાની વિધિની પૂરી સૂચનાઓ આપ્યા પછી સાધકના ભાવને સ્થિર કરવા, ઉપદેશાત્મક ભાવથી **છટ્ઠા અધ્યયન**માં સારભૂત બોધ આપવામાં આવ્યો છે, તે બધી ગાથાઓ અનુવાદ સાથે પ્રકાશિત થઈ રહી છે. માટે અહીં અમારે ગાથાનો ઉલ્લેખ કરવાનો નથી, પરંતુ શાસ્ત્ર વાંચનથી અમારી આ ઉક્તિ પ્રત્યક્ષ જોઈ શકાશે.

ત્યારબાદ **સાતમા અધ્યયન**માં શાસ્ત્રકારે વાણીયોગને સ્પર્શ કર્યો છે અને શરૂથી છેલ્લે સુધી તે અધ્યયનમાં વચન સંયમ માટે સૂચનો મૂકવામાં આવ્યા છે. ખરેખર સંપૂર્ણ જૈનાગમોમાં વાણી માટે કે વચન માટે ઘણો ઊંડો વિચાર કરવામાં આવ્યો છે અને મનુષ્યની વાણીનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. આટલા વિસ્તાર સાથેનો વિચાર અન્યત્ર ક્યાં ય ભાગ્યે જ જોવા મળશે. તો અહીં પણ દશવૈકાલિક સૂત્રના પ્રણેતા ગણધરોએ કે આચાર્ય ભગવંતે આખું શાસ્ત્ર સંક્ષિપ્ત અને સારભૂત હોવા છતાં તેમાં વાણી માટે આ એક સંપૂર્ણ અધ્યયન ફરમાવ્યું છે.

વચનયોગના બે મુખ્ય પ્રકાર જૈન તત્ત્વજ્ઞાનમાં દષ્ટિગોચર થાય છે.– (૧) નિર્વદ્ય વાણી (૨) સાવદ્ય વાણી. નિર્વદ્ય વાણી એટલે નિર્દોષ વાણી, અહિંસક વાણી. સાવદ્ય વાણી એટલે સદોષ વાણી, હિંસા ભાવોથી ભરેલી વાણી. જૈન શાસ્ત્રકારોનું એ દઢ મંતવ્ય છે કે મનુષ્યના આંતરિક વિકારો તેની વાણીમાં પ્રગટ થાય છે અને આ દોષો જ્યારે વાણીમાં પ્રગટ થાય છે ત્યારે વ્યક્તિ અતિક્રમનું રૂપ મૂકી વ્યતિક્રમથી લઈ અનાચાર સુધીના ભાવોને ભજે છે. માટે શાસ્ત્રોકારોએ વાણીના નિર્વદ્ય ભાવોને દષ્ટિગત રાખી આ સાતમા અધ્યયનમાં સદુપદેશ આપ્યો છે. તે આંતરિક દોષ વાણીમાં પ્રવાહિત ન થાય તેવા સૂચનો આ અધ્યયનમાં કર્યા છે.

જેમ અગ્નિકણ પ્રજ્વલિત થયા પછી જો તે સૂકા ઘાસ સુધી પહોંચી જાય તો દાવાનળનું રૂપ ધારણ કરે; તેમ આંતરિક દોષો જો વાણીને સ્પર્શ કરી લે તો મહા અનર્થનું મૂળ બને. અહીં અમે આ ઈશારા માત્ર વાત કહી છે. પરંતુ શાસ્ત્રકારે બખૂબી(કુશળતા પૂર્વક) આ સાતમા અધ્યયનમાં તે વાતને સ્પષ્ટપણે પ્રતિબિંબિત કરી છે. તેઓએ માનો કે અનેક આગમના ઉપદેશોને સંક્ષિપ્ત કરી શિષ્યોના કલ્યાણ માટે આ સૂત્ર રૂપે એક મોતીની માળા બનાવી છે.

દશવૈકાલિક સૂત્રનું મૂલ્યાંકન તેના લઘુ શરીરમાં ભરેલા મોતી અને હીરાથી કરવામાં આવ્યું છે. ઘણા વિદ્વાનો દશવૈકાલિકની આ ઉત્તમ શૈલીથી મંત્રમુગ્ધ છે. તે જ

રીતે સાધુઓ માટે પણ સંક્ષિપ્ત કરેલું આ ઉત્તમ શાસ્ત્ર થોડામાં જ સંપૂર્ણ જૈન આગમનો પ્રકાશ આપે છે એટલે જ અમે આગળ કહ્યું કે આ શાસ્ત્રનું નામ ભલે દશવૈકાલિક છે પણ અમારા હૃદયોદ્‌ગારના શબ્દોમાં તેનું નામ ખરેખર "મોક્ષ માર્ગ મહાપથ" આપી શકાય તેમ છે.

સાધક સાધનામાં અધૂરો ઉતરે તો તેના કેવા કુફળ આવે અને તેના જીવનમાં જે પ્રત્યાઘાત થાય તે અંતિમ અધ્યયનોમાં દર્શાવ્યા છે.

શાસ્ત્રકારે આ સૂત્રમાં એક બહુ મહત્વપૂર્ણ વાત કરી છે. જે જૈનાગમની શોભામાં અભિવૃદ્ધિ કરે છે અને તે વાત વિશેષ કરીને ગુરુઓને લક્ષ્યમાં રાખીને કરવામાં આવી છે.

સાધક ત્રુટિ કરે, ભૂલ કરે કે નબળો પડે તો ગુરુઓએ અને શાસનકર્તાએ ઉતાવળથી તેને બહિષ્કૃત કરવો નહીં; તેમજ તેના પ્રત્યેની નિરાશા પણ ઉદ્‌ભવવી નહીં. પરંતુ છેલ્લી ઘડી સુધી તે સાધકને તેની સાધનામાં સ્થાપિત કરવા માટે સંપૂર્ણ પ્રયાસ થવો જોઈએ. **આ માટે ગુરુવર્યોએ જરા પણ ધીરજ ન ગુમાવવી જોઈએ.**

આ વચનોથી એમ લાગે છે કે જૈન–પરંપરામાં નવો સાધક ન આવે તેની એટલી ફિકર નથી પરંતુ એક સાધક સ્થાન ભ્રષ્ટ થઈને ખસી જાય, તે શાસ્ત્રકારને બિલકુલ ઈષ્ટ નથી. નવા સાધકો આવે તે તો ઈચ્છનીય છે જ પરંતુ તેનાથી મહત્વપૂર્ણ એ છે કે સાધક બહિર્ગમન ન કરી જાય, ચારિત્રભ્રષ્ટ કે વિચારભ્રષ્ટ ન થઈ જાય અને શ્રદ્ધાથી ન ડગી જાય; તે માટે ઘણી સાવધાની સૂચવવામાં આવી છે. ખરેખર આ, જૈન શાસ્ત્રની ઉદારતાનો પરિચાયક છે.

ઘણા લોકો અને જૈન તત્ત્વવેત્તાઓ અનુશાસનની વાતો કરે છે પરંતુ જૈનધર્મ એ શાસન છે પરંતુ અનુશાસન ઉપર પ્રબલ ભાર રાખવામાં આવ્યો નથી. શાસન સ્વકૃત હોય છે, અનુશાસન પરપ્રેરિત હોય છે. માટે સાધક સ્વયં શાસનને અનુરૂપ સાધના કરે તે વધારે ઈચ્છવા યોગ્ય છે.

આટલુ કહી અમે દશવૈકાલિકનો અભિગમ પૂરો કરવા ઈચ્છીએ છીએ. જોકે દશવૈકાલિકનું નામ લેતાં ઘણા જ કથ્ય ભાવો હૃદયમાં ઉભરાય છે પરંતુ અહીં નતમસ્તક બની દશવૈકાલિક સૂત્રનું અભિવાદન કરી વિરમીએ છીએ.

મારી પાઠકોને હાર્દિક પ્રેરણા છે કે તેઓ અવશ્ય દશવૈકાલિકનો સ્વાધ્યાય કરે અને જૈનાગમના **નવનીત**નો ઉપયોગ કરે.

અમોને પૂ. ત્રિલોકમુનિજી મહારાજ, વિદુષી રત્ના સાધ્વીજી મહારાજ તથા પ્રકાશક મંડળીએ જે પ્રેરણા આપી છે અને દશવૈકાલિક સૂત્રના ગુણાનુવાદયુક્ત અભિગમ લખવાની પ્રેરણાથી શાસ્ત્ર ભક્તિની જે તક આપી છે, તે માટે આપ સર્વે હૃદયથી પુનઃ પુનઃ અભિનંદનીય છો. **જય અરિહંત. આનંદ મંગલમ્.**

**જયંત મુનિ**
પેટરબાર

# સંપાદકીય

અપૂર્વ શ્રુતઆરાધક ભાવયોગિની
બા. બ્ર. પૂ. લીલમબાઈ મ. સ.

**બોધિ બીજ દીક્ષા–શિક્ષા દોરે બાંધી, "મુક્ત લીલમ" સતી તણા તારક થયા,**
**ગુરુ "પ્રાણ" "ઉજમ" "ફૂલ" "અંબા"–ગુરુણીવર્યાને વંદન કરું ભાવ ભર્યા,**
**સંપાદન કાર્ય કરવામાં કૃપા વરસાવી, શ્રુતજ્ઞાનનું બળ પૂરજો.**
**ભાવ પ્રાણ પ્રગટ કરવામાં અમારા અંતરયામી સદા બની રહેજો.**

પ્રિય સાધકગણ એવં પાઠકગણ !

આજે ચાર મૂળ સૂત્ર પૈકીનું એક શ્રી દશવૈકાલિક સૂત્ર તમારા કરકમળમાં અર્પણ કરવામાં આવી રહ્યું છે. આ સૂત્ર સાધુ સંતોની મૂળગી મૂડી છે. પંચમ આરાના છેવાડા સુધી આ સૂત્રનો મૂળપાઠ રહેશે. આ જ સૂત્રના ચોથા અધ્યયનના દીક્ષા મંત્ર પાઠથી અનેક આત્મા સંસારનો ત્યાગ કરી અણગાર બનશે. આ આગમ સાધુચર્યાની મૂળાક્ષર સહિતની બાળપોથી છે. તે કંઠસ્થ કરીને હંમેશાં સ્વાધ્યાય કરવા લાયક છે. શયંભવ સૂરિજીએ તેની રચના કરી હતી. આજે તે અનેક મુનિરાજો માટે મહાઉપકારી છે. દીક્ષા લીધા પહેલાં અથવા દીક્ષા લીધા પછી આ આગમનો અભ્યાસ કરાવવામાં આવે છે. મુમુક્ષુ અણગારો આ સૂત્રને બહુ પ્રેમથી ભણે છે. તેઓને લક્ષ્યમાં રાખીને અમોએ નિર્ણય કર્યો કે આ સૂત્ર સંસ્કૃત છાયા, શબ્દાર્થ, ભાવાર્થ, વિવેચન સહિત પ્રકાશિત કરવું.

આ શાસ્ત્ર મારું પ્રિયમાં પ્રિય શાસ્ત્ર છે. ગુરુ–ગુરુણી દેવોએ સંસારાવસ્થામાં જ મને આ આગમ ભણાવ્યું ત્યારથી જ વૈરાગ્યમાં વૃદ્ધિ કરાવનારું બની રહ્યું છે. સંસારના ત્યાગ પછી નૂતનદીક્ષિત અવસ્થાના પ્રારંભમાં મારા જીવનના સુકાની, ઘડવૈયા, વ્યાખ્યાન વાચસ્પતિ, અનેકાર્થી પ્રવચન પટુ, પંડિત રત્ન બા. બ્ર. સૌ. કેસરી પરમકૃપાળુ પરમ ઉપકારી પૂ. ગુરુદેવ પ્રાણલાલજી મહારાજ સાહેબશ્રીની નેશ્રામાં પ્રથમ ચાતુર્માસ

કરવાનો અવસર મળ્યો. તે ચાતુર્માસ દરમ્યાન પૂ. ગુરુદેવના શ્રીમુખે આ આગમના શબ્દાર્થ, ભાવાર્થ, રહસ્યાર્થ, વિવેચન સહિતનો ધારાવાહી પ્રવાહ ત્રણ ત્રણ કલાક પ્રબુદ્ધ પ્રવચનરૂપમાં સાંભળવાનો અને મારા અબુદ્ધ માનસમાં ઉતારવાનો અપૂર્વ અવસર મને મળ્યો. પૂ. ગુરુદેવે ચાસણી સમી વાંચણી રૂપ અમૃતનું રસપાન ઘૂંટી ઘૂંટીને કરાવ્યું.

તે રત્નત્રયારાધનાનું રસાયણ બાલમાનસમાં એવું તો ઉતરી જતું કે પુસ્તક ખોલવું જ ન પડે અને યાદ રહી જાય. ફક્ત આ એક મૂળ આગમની વાંચણી મને પ્રાપ્ત થઈ. પછી ક્યારે ય આવો અવસર આવ્યો જ નહીં. ગુરુણીદેવ તથા ગુરુદેવનો વિરહ થયો. આજે પણ મારા માનસ પટલ પર ગુરુદેવની આચારથી ઓપતી મૂર્તિ અક્ષરે અક્ષરે અંકિત થાય છે. શબ્દે શબ્દે તેમના શ્રી મુખમાંથી નીકળતા શાસનના શૌર્ય ભરેલા ઉદ્ગારોવાળું વદન કમળ ચિત્તભૂમિમાં ખીલી ઊઠે છે. ત્યારે મારી ઊર્મિ ઉછળે છે. પદે–પદે પરમાત્મા સમા પરમ પ્રાણ ધબકે છે. વાક્યે વાક્યે વિનય સમાધિના સૂરો સંભળાય છે. પરમાત્માની જિનવાણી પાણી લાવી પાંપણને ભીંજવી જાય છે. એમણે આપ્યું ઘણું પણ હું પામી અલ્પ, એમણે પ્રયત્ન કર્યો હતો મારા માટે મહાન પણ હું બની અલ્પ પ્રયત્નવાન; એવું આ વયે સમજાય છે.

ગુરુવર્યો હંમેશાં પૃથ્વી પર રહેલા દરેક જીવો માટે ઉપકાર જ કરતા હોય છે. તેમને હૈયે શિષ્યોનું હિત સમાયેલું હોય છે. શિષ્યોનું જીવન ચારિત્ર વિહોણું પંગુ ન બને તે માટે તો આચરણના ચરણ આપતા હોય છે, અભિમાનમાં અંધ ન બની જાય માટે નમ્રતાના નયન આપે છે. કહેવત પણ છે કે– પંગુ ગિરિ ચઢી જાય, અંધ દેખતા થાય, બલિહારી ગુરુદેવની, ગોવિંદ દિયા બતાય. દુનિયાદારીના ચરણ કે આંખ મળે કે ન મળે પરંતુ મુધાજીવી નિર્ગ્રંથ ગુરુદેવો બદલાની આશા રાખ્યા વિના જ પરમાર્થ કરતા જ રહે છે. તેઓનો સમાગમ ક્યારેય વાંઝિયો હોતો નથી, સફલીભૂત જ થાય છે; એવો મારા જીવનનો અનુભવ છે. આજે સુચારુરૂપે આગમનું જે કાર્ય ચાલી રહ્યું છે, તેમાં હું ફક્ત માધ્યમ છું, ખરેખર તો એ ગુરુપ્રાણના જ કૃપાબળનું ગૌરવ છે.

પ્રસ્તુત સૂત્રનું નામ છે દશવૈકાલિક. તેમાં વૈકાલિક શબ્દ કાલવાચી છે. પ્રાતઃકાલ મધ્યકાલ, સંધ્યાકાલ; આ ત્રણ સંધિકાળ સિવાયના દરેક કાળ, ઉત્કાલમાં તે ભણી

શકાય છે, તેની સ્વાધ્યાય કરી શકાય છે. તેવા દશ અધ્યયનમય આ શાસ્ત્રને દશવૈકાલિક કહે છે.

રોગી–નિરોગી, ભોગી–ત્યાગી, મંદ કે તીવ્ર બુદ્ધિમાન કોઈપણ સાધક આ સૂત્રમાં દર્શાવેલા ઉપાયનો ઉપયોગ કરશે તો તેના માટે તે જીવનની જડીબુટ્ટી સમુ, સંજીવની સમુ અને ભવ સાગરમાંથી તરવા માટે નાવસમુ બની રહેશે, અસ્તુ.

આ સૂત્રમાં દસ અધ્યયનની દસ હિત શિક્ષા છે. ઉપરાંત બે ચૂલિકામાં પ્રશિક્ષણ ભરેલી અનેક હિત શિક્ષાઓ છે.

**હિત શિક્ષા પહેલી :– દુમ પુપ્ફિયા** નામના અધ્યયન દ્વારા પ્રભુએ પ્રથમ હિત શિક્ષા ફરમાવી છે. નયનવાળા દરેક જીવો વૃક્ષના ફૂલો જોઈને પ્રફુલ્લિત બની જાય છે, દરેકની દષ્ટિ ફૂલો તરફ જાય છે. આંખ ઉપર છે તેથી તે ઉપરનું જલદી જુએ છે. ફૂલો ઉપર છે માટે તે પહેલાં દેખાય છે. તેમાં ચિત્ત ચોંટી જાય છે. તેની સુગંધ, સૌંદર્ય, પાંખડીની કોમળતા, પમરાટની મસ્તી માનવ માણવા લાગે છે. નયનો આનંદિત થઈ જાય છે. કોમળતાને સ્પર્શ કરવા મન લાલાયિત થાય છે અર્થાત્ જલદી પકડી લેવાનું મન થાય છે; હાથ ફૂલ ઉપર આવી તેને ચૂંટી પણ લે છે અને તેને શ્રૃંગારના સાધનરૂપે તેમજ પૂજાની સામગ્રી રૂપે સ્થાન આપી દે છે. પણ માનવીએ ક્યારેય વિચાર્યું નહીં હોય કે આ ફૂલોને ઉત્પન્ન કરનાર કોણ છે ? તેની પાછળ ધરખમ પ્રયત્ન કોનો છે ?

તે ચિંતનની ચિનગારી પ્રગટાવવા આચાર્ય શયંભવ મહારાજ સાહેબે 'પુષ્પિકા' શબ્દની આગળ 'દુમ' શબ્દ રાખીને માનવ જગતને જાગૃત કરેલ છે; વૃક્ષ તરફ દષ્ટિ લઈ જઈને દીર્ઘદષ્ટિવાન બનાવ્યા છે કે હે સાધકો ! આવા સુંદર ફૂલોને ઉત્પન્ન કરનાર વૃક્ષ હોય છે. તે વૃક્ષના મૂળ ધરતીના રસકસ ગ્રહણ કરી, છેક ઉપર સુધી પહોંચાડી ફૂલ–ફળ ઉત્પન્ન કરી તેની પુષ્ટિ કરે છે. ફૂલ ખીલ્યા પછી હળવું બની ઉપર રહે છે, અનેકના આકર્ષણનું કેન્દ્ર બની રહે છે. આ રીતે તેની પાછળ જોરદાર પ્રયત્ન છે વૃક્ષના મૂળનો. તે ફૂલોમાં પરાગ, પમરાટ અને રસ ભરી દે છે. તેના પ્રાંગણમાં જે કોઈ વ્યક્તિ આવે તેને આવકારી શીતળતા, શાંતિ અને સુખ અર્પણ કરે છે. વૃક્ષ જાણે કે પરોપકાર માટે જ જીવે છે.

આ વૃક્ષના પુરુષાર્થને માન આપી પોતાની આજીવિકા ચલાવનાર જગતમાં ફક્ત ભ્રમર એકજ એવો છે કે જે વૃક્ષરાજે ઉત્પન્ન કરેલા ફૂલોને જરામાત્ર પીડા ઉત્પન્ન કર્યા વિના તેનો રસ પીએ અને ફૂલોનું જીવન જરાય જોખમાય નહીં તેવી સાવચેતી રાખે છે. આ રીતે અનેક ફૂલોમાંથી પોતાનું ભોજન મેળવી ભ્રમર તૃપ્ત બને; ભ્રમણ કરતાં ગૂંજારવ કરતો પોતેય મસ્ત રહે અને ફૂલને પણ મસ્ત, જીવતું અને ખીલેલું જ રહેવા દે છે. આવો મૈત્રીભાવનો નાતો બાંધી અભયપણે વિચરે છે

ગુરુભગવંતો કહે છે હે શિષ્યો ! આપણે અહિંસા, સંયમ અને તપરૂપ મંગલ ધર્માલયના ભિક્ષુક છીએ. આપણું જીવન ભ્રમર જેવું નિરાલું અને શુદ્ધ હોવું જોઈએ. આપણી સંયમમય આજીવિકા વૃત્તિની પૂર્તિ કરવા માટે ગૃહસ્થ રૂપ વૃક્ષે પોતાના પરિવાર માટે આહાર ઉત્પન્ન કર્યો હોય છે. તેમના ઘરે જઈને તે નિર્દોષ આહારમાંથી થોડો થોડો આહાર ગ્રહણ કરી તૃપ્ત બની સ્વાધ્યાયનો ગૂંજારવ કરતાં વિચરવું જોઈએ અને દરેક નિર્દોષ ક્રિયા વડે સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં કર્મ બંધનોને તોડી લઘુકર્મી બનતાં બનતાં જીવન યાપન કરવું જોઈએ. આ પ્રથમ હિતશિક્ષા છે.

**બીજી હિત શિક્ષા :–** આ હિત શિક્ષાનું નામ છે **सामण्ण पुव्वयं** = શ્રામણ્ય પૂર્વિકા. તેના બે અર્થ છે– (૧) અહિંસાદિ ધર્મનું પાલન કરવા માટે સમાજરૂપ વૃક્ષ દ્વારા પોતાના માટે બનાવેલા આહારમાંથી ભ્રમર સમ ભિક્ષુ ગુરુ સાંનિધ્યે ક્ષુધારૂપ આગને બુઝાવવાની કળા હસ્તગત કરે છે. તે જ શ્રામણ્ય ધર્મને સ્વીકાર કરી, સ્વાધીન ભોગોની આસક્તિ તોડી, અનાસક્ત યોગી બને છે. તે સાધક ગમે તેવા મનોહર, પ્રિય ભોગોના ક્ષણભંગુર પરિણામને સમજી તેનો પૂર્ણ રીતે ત્યાગ કરી શકે છે તે જ સાચો ત્યાગી છે. એવો પ્રથમ અર્થ થયો.

(૨) શ્રામણ્ય ધર્મ સ્વીકારી લીધા પછી વાસના સતાવે ત્યારે સાધકે ક્રમશઃ કેવો શ્રમ કરવો પડે છે. તેના ઉપાયો આચાર્ય ભગવંતે રાજેમતી રહનેમિના દષ્ટાંત દ્વારા સમજાવ્યા છે. રાજેમતીએ સાધનામાં ક્ષણિક ચલચિત્ત થયેલા મુમુક્ષુ રહનેમિ અણગારને પોતાની સાધનાના બળે, વૈરાગ્યવાસિત એવા તીક્ષ્ણ બાણ સમા શબ્દોથી, ગંધનકુલ, અગંધન કુલમાં ઉત્પન્ન સર્પના દષ્ટાંતથી સમજાવી, તેમનામાં ઊઠતા કામ રાગમાં

વૈરાગ્યની ચિનગારી મૂકી, રાગને બાળી નાંખી, સાચા અણગાર બનાવ્યા અને કામ– રાગથી મુક્ત થવાના ઉપાય રૂપે શિક્ષા આપી, કે– "આતાપના લો, સુકુમારતા છોડો, આ રીતે કામ રાગના મૂળને તપાસી, ધ્યાન યોગથી તેના પર નિયંત્રણ કરી, દુઃખ મુક્ત અને શાશ્વત સુખ યુક્ત થવાનો શ્રમ કરો". આ બીજા પ્રકારનો અર્થ છે.

તાત્પર્ય એ જ છે કે શ્રામણ્ય–સંયમ લીધા પહેલાં વૈરાગી બનો અને વૈરાગ્યપૂર્વક લીધેલા સાધુપણાને જાળવવા માટે ક્રમશઃ વાસનાને ઉપાસનામાં પરિવર્તિત કરવાનો શ્રમ કરતા જ રહો. વાસના મરી ગયા પછી પણ તે ક્યારેય જીવતી ન થાય તેવો શ્રમ કરો. ઉપાસ્યને પ્રાપ્ત કરવા સમિતિ ગુપ્તિના સાધનનો સતત ઉપયોગ કરતા રહો. તે જ શ્રામણ્ય પૂર્વિકા નામની બીજી હિત શિક્ષા છે.

**ત્રીજી હિત શિક્ષા :– खुड्डियायारकहा** = ક્ષુલ્લકાચાર કથાના નામે આચાર્ય ભગવંતે ત્રીજી હિતશિક્ષા આપી છે. સાધકે નાનકડા આચારની નજીવી ક્રિયા પ્રત્યે પણ કદી ઉપેક્ષા કરવી નહીં. જો સાધક રોજીંદી આહારાદિ લેવા જવાની અને વીર્યાચારની આરાધના કરવાની વગેરે સત્ક્રિયા પ્રતિ પ્રમાદભાવ સેવે, તો વાસના જનિત વૃત્તિઓ બાવન અનાચારના સ્થાનમાં દોડભાગ કરશે અને બાંધેલા ઉપાસનાના મહેલને ક્ષણવારમાં ધરાશાયી બનાવશે અને આચારની દીવાલને અનાચારથી રંગી દેશે. જેમ નાનકડો ક્ષૂદ્ર જંતુ કરડીને શરીરનો નાશ કરી શકતો નથી પરંતુ ડંખ મારી ખાજ ઉત્પન્ન કરે છે. એકની પાછળ અનેક જંતુ ઉભરાય છે તેમ એક નાનકડા અનાચારનો આદર કરવામાં આવે તો તેની પાછળ અનેક અનાચારો આવી પડશે. માટે નિર્ગ્રંથ મુનિવરની દરેક ક્રિયા–સત્ક્રિયા સફલ થવી જોઈએ. સંયમમાં વૃત્તિને સ્થિર રાખવા માટે મુનિવરે સતત જાગૃત રહેવું પડશે. દરેક ઋતુમાં વૃત્તિને ફોસલાવી ઋતુ પ્રમાણે આતાપનામાં આત્માને તાપિત કરવો જોઈએ; વૃત્તિને આશ્રવથી હઠાવી અનાચારથી દૂષિત આધાકર્મી આહારનો કણ પણ આળસુ ન બનાવે તેની કાળજી કરી, સ્વાધ્યાય ધ્યાનમાં લીન કરવા, દુષ્કર કાર્ય કરવા, દુસહ્યને સહન કરવાની આદતવાળી બનાવવી જોઈએ. આ રીતે આત્મ દ્રવ્યમાં દોષો પ્રવેશ ન પામે તે માટે સાધકને સતત જાગૃત રહેવાની આ ત્રીજી હિતશિક્ષા છે.

**ચોથી હિત શિક્ષા :– छज्जीवणिया** = ષડ્ જીવનિકાય" નામની ચોથી હિતશિક્ષામાં સ્થવિર ભગવંતોએ, જીવોથી ઠસોઠસ ભરેલા વિશ્વનું દર્શન કરાવ્યું છે. દરેક જીવો પોતાના શરીરમાં વાસ કરી રહ્યા છે, તે જીવો શરીરની મમતાથી બંધાયેલા છે. સાધક તેઓને શરીરથી જુદા પાડી રખેને પીડા ઉત્પન્ન ન કરી બેસે, માટે તેનું જ્ઞાન કરાવી, દયા પાળવાનો ઉપદેશ આ હિતશિક્ષામાં આપ્યો છે. સાધક ઉપદેશ સાંભળી ઉત્થાન કરે છે; ગુરુભગવંત પાસે સોગંદ વિધિ કરે છે; મહાવ્રત અંગીકાર કરે છે; છકાયનું સ્વરૂપ જાણી પાપકર્મ ન થાય તે માટેનો પ્રશ્ન પૂછી જવાબ માંગે છે. ત્યારે ગુરુભગવંત તેનું સમાધાન કરતાં પાપકર્મ ન બંધાય તેની શૃંખલા બદ્ધ ગાથાઓ દ્વારા રહસ્ય ઉદ્‌ઘાટિત કરી જયણા શીખવાડે છે; ચૈતન્યનું ભાન કરાવી જયણાને રોમે રોમે ભરી દે છે. આ જયણાવાળો સાધક વૈરાગી હોય, પ્રતિજ્ઞા પ્રત્યે નિષ્ઠાવાન હોય વફાદારીપૂર્વક ક્રિયા પાળતો હોય, બોલવા ચાલવાની, સૂવા–બેસવાની, ઊભા રહેવાની ક્રિયા જયણાથી કરતો હોય અને તેનું દિલ મૃદુભાવથી કે દયાળુતાથી નીતરતું હોય છે. તે શિષ્ય વિશ્વેશ્વર બની જાય છે. શિષ્ય ગુરુદેવનો ઉપદેશ સાંભળી આચરણમાં ન મૂકે તો દુર્ગતિનો મહેમાન બને છે. તેની આરાધના, વિરાધના ન બની જાય; તેવો અભય મુદ્રાનો પાઠ સંભળાવી ગુરુદેવે ચાર ગતિના ફેરા ટાળવાની ચોથી હિત શિક્ષા અર્પણ કરી છે.

**પાંચમી હિત શિક્ષા :– पिंडैसणा** નામની પાંચમી હિતશિક્ષા આપતા આચાર્યદેવ કહે છે– હે સાધક ! આપણે કર્મરાજાનો માલ લઈને પુદ્‌ગલ પિંડ ઊભો કર્યો છે. તે પિંડની પુષ્ટિ માટે નિર્દોષ આહારાદિ પિંડ આપવો જરૂરી છે. તેને શોધવા હે સાધક ! તારે ગૃહસ્થના આંગણે શરમ છોડીને જવું પડે તેમ છે. તો તારે મન, વચન, કાયા ત્રણેયને ગમનયોગમાં જોડીને ઉપાશ્રયથી બહાર ગામમાં જવું પડે છે. તે સમયે ગતિ કેમ કરવી, ગૃહસ્થના ઘરે શાસ્ત્રાજ્ઞાનુકૂલ આહાર, પાણી આદિ ન હોય તો છોડીને નિર્દોષ આહાર આપનાર ગૃહસ્થના આંગણે કેમ જવું, ત્યાં કેમ ઊભુ રહેવું. આહારની ગવેષણા, તેમના ઘરની ગવેષણા વ્યક્તિ–વસ્તુનું જ્ઞાન કરી આહાર લેવાની માત્રા, યાત્રા કેમ કરવી, તેની રીતભાત દોઢસો ગાથાથી દર્શાવું છું. તે સાંભળી તારા જીવનમાં ઉતારી લે. આ રીતે આહારાદિ પિંડ આપી શરીરપિંડને મોક્ષના સાધન રૂપ બનાવવું જોઈએ. આ શરીરપિંડથી જ આત્માની એષણા કરાશે. માટે શરીર સાધન દ્વારા

આત્માની શોધ કરી, કર્મ તોડી આખર શરીર સાધનને છોડી મોક્ષે જવાય છે. આ રીતે આ અધ્યયન દ્વારા પિંડૈષણા શુદ્ધિની હિતશિક્ષા આપી છે.

**છઠ્ઠી હિત શિક્ષા :– महल्लियायार कहा** = મહાચાર કથા નામના અધ્યયનમાં આચાર્ય ભગવંતે છઠ્ઠી હિત શિક્ષા દર્શાવી છે. ત્રીજા અધ્યયનમાં ક્ષુલ્લકાચાર–અલ્પાચાર દર્શાવ્યો અને આ અધ્યયનમાં મહાચાર દર્શાવ્યો છે. મહાચાર એટલા માટે છે કે સાધકનું જીવન, મૌનપણે સંપૂર્ણ એકાકી એટલે એકાંતમાં, પોતાના આત્મસિવાય કોઈ ચિત્ર–વિચિત્ર ઘટનાના ચિત્રો દિલ–દિમાગમાં ઉભરાય તો તેમાં પણ ન ભળતાં આત્મભાવે વ્યતીત કરવાનું હોય છે. હંમેશાં અરીસાસમુ જીવન રાખવાનું હોય છે. સંગ્રહ કરેલા જ્ઞેયોને પણ રવાના કરવાના હોય છે; હર હંમેશ સફાઈ કરવાની આદત પાડવી પડે છે. માટે આચાર્ય ભગવંતે ફરમાવ્યું છે કે સાધક ! તારે ગોચરી આદિ માટે ગૃહસ્થના ઘેર જવું પડે છે, ઉપકરણો લેવા પડે છે. તે લેવા જાય ત્યારે રખેને અઢાર સ્થાનોમાં બંધાઈ ન જવાય તેની કાળજી રાખજે. તે અઢાર સ્થાન આકર્ષણ કરે તેવા હોય છે. તેમાં તું અકળાઈ ન જા, માટે આ અડસઠ ગાથાથી તને જ્ઞાન કરાવું છું તે ધ્યાનમાં રાખીશ તો સાધક જીવન ઉજ્જવળ થઈ જશે.

**સાતમી હિત શિક્ષા :– सुवक्कसुद्धि** = સુવાક્ય શુદ્ધિ નામની સાતમી શિક્ષા આપતા આચાર્યશ્રી કહે છે કે હે સાધક ! તું એકલો હોય ત્યારે તું તારા આત્મા સાથે વાર્તાલાપ કરી શકે છે પરંતુ વિહાર ચર્યામાં, ગૃહસ્થના ઘરમાં અથવા સ્થાનકમાં કોઈની સાથે વાર્તાલાપ કરવો પડે તો કેટલીક ભાષાનો પ્રયોગ કરાય; કેટલીક ભાષનો પ્રયોગ ન કરાય; કેટલીક ભાષા વિચારીને, વાગોળીને બોલાય; જેથી એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય પ્રાણીને દુર્દશાજનક પીડા ઉત્પન્ન ન થાય, તેઓના જીવન ન જોખમાય, તેઓને મરણના ઘાટ ઉપર ઉતરવું ન પડે, કલહ વધી વેરાનુબંધ ન બંધાઈ જાય. હે સાધક ! તને સમાર્જન કરેલી ભાષાનું જ્ઞાન સતાવન ગાથાથી અર્પણ કરું છું. તેને તું શીખી સાધક યોગ્ય ભાષા બોલવાનો ઉપયોગ કેળવજે,જેથી સંસારમાં સુખી થઈશ અને સાધક જીવનની આરાધનાનું રક્ષણ થશે.

**આઠમી હિત શિક્ષા :– आयार पणिही** = આચાર પ્રણિધિ નામની આઠમી હિત

શિક્ષા દ્વારા આચાર્ય દેવે ચોસઠ ગાથાઓમાં આચારના રત્નાભરણ ભરી, તે રત્નમંજૂષા આપી, સાધકને આચારનો આસામી બનાવ્યો છે. જેમ માનવ મજૂરી કરતાં કરતાં જ્યારે કરોડાધિપતિ બને છે ત્યારે તે આસામી કહેવાય છે. તેમ સંસારનો ત્યાગી મહાત્મા આચાર્ય ગુરુભગવંતના ચિંધેલા રાહ ઉપર સાધક જીવનનું ઘડતર કરી ચાલે છે અને યથાતથ્ય આચારોનું પાલન કરે છે ત્યારે તેની કૃપાથી આવા આચારાભરણનો ખજાનો તેને પ્રાપ્ત થાય છે. તે નિધિને કેમ સાચવવી તેનું અપૂર્વ જ્ઞાન ગુરુભગવંતો કરાવે છે અને તેનું મહાત્મ્ય દર્શાવે છે; રખેને આ નિધિ સંસારના કાવા દાવા, પ્રપંચના કાદવમાં ખરડાઈ ન જાય તેની કાળજી રાખવા પ્રેરણા કરે છે. આ રીતે ૬૪ ગાથાઓમાં તે નિધિ સાચવવા માટે બહુ બહુ શિક્ષણ આપ્યું છે; કષાય રૂપી ઉધઈથી બચાવવાના ઉપાયો દર્શાવ્યા છે; તેમાં વૃદ્ધાવસ્થા, ઈન્દ્રિયની શિથિલતા આદિ થયાં પૂર્વે જ ધર્મનું આચરણ બરાબર કરજે; તેવું અનેક પ્રકારનું જ્ઞાન કરાવ્યું છે; સાધકની આરાધના, વિરાધનામાં ચાલી ન જાય તેવા રક્ષાકારી ઉપાય દર્શાવી મહા ઉપકાર કર્યો છે.

**નવમી હિત શિક્ષા :– विणय समाही** = વિનય સમાધિ નામના ચાર ઉદ્દેશકથી આચાર્ય દેવે નવમી હિતશિક્ષા રજૂ કરી છે. સાધકની દરેક ક્રિયા વિનયપૂર્વક શાંત સમાધિ ભાવે થવી જોઈએ. કષાયાધીન બનીને ગુરુદેવોની આશાતનાનો ભાગી ક્યારે ય ન થવાય તેની ખાસ જાગૃતિ રાખવી જોઈએ. કારણ કે આત્મ કલ્યાણના આવા અનુપમ માર્ગે ગુરુ ભગવંતો લઈ આવ્યા છે. માટે સાધકના મન, વચન, કાયા અભિમાનમાં અક્કડ બની અક્કલ ન ગુમાવે; કષાયથી કલુષિત બની કલહ ઊભો ન કરે; માયાથી મુકાદમ બની ગુરુદેવોના મર્મસ્થાન વિંધી ન નાંખે; લોભથી લજ્જા હીન બની લાલચોમાં લપટાઈ ગુરુવર્યોની મર્યાદાનો લોપ ન કરે; તેની શાંતિ લૂંટી ન લે; આ બધા કર્મના ઉદયભાવોના અડપલા કષાયના ઉકરડામાં ઘસડી ન જાય; પોતાને અસમાધિમય ન બનાવે તે માટે આચાર્યશ્રી એ ચાર ઉદ્દેશક દ્વારા ઉપયોગ રાખવાનું સૂચન કરીને ઉત્તુંગ સિદ્ધિનું સોપાન સર કરાવ્યું છે. કેટલાંક દષ્ટાંત આપી સાધકને આશાતનામાંથી ઉગારી લીધો છે અને છેલ્લે મહત્ત્વપૂર્ણ ઉચ્ચારણ કર્યું છે કે વિનયથી આત્માની સંપત્તિ પ્રાપ્ત થાય છે તથા અવિનયથી વિપત્તિ પ્રગટ થાય છે માટે હે શિષ્યો ! સિદ્ધિનું સુખ જોઈતું હોય તો સતત વિનય કરતા રહેજો.

**દસમી હિતશિક્ષા :– સભિક્ખુ** = સભિક્ષુ નામના અધ્યયન દ્વારા આચાર્ય દેવે એકવીસ ગાથામાં દસમી હિત શિક્ષા દર્શાવી છે. અનાદિના ભોગના ભિખારીને યોગી સદ્‌ભિક્ષુ બનાવનાર ગુરુવર્યો હોય છે. તે યોગી બનેલો સદ્‌ભિક્ષુ કેવો હોય, તેના આદર્શો, લક્ષણો, તેના વેણ, નેણ, ઈન્દ્રિયોની મર્યાદા, સહનશીલતા, શરીરની મમતાનો ત્યાગ વગેરેનું વર્ણન કરી સાધકને સદ્‌ભિક્ષુ બનવાની પ્રેરણા કરી છે.

આ દસ અધ્યયનની દસ હિતશિક્ષા કલ્પવૃક્ષ સમી છે. તેનાથી આત્માને ઈચ્છિત શાશ્વત સુખ પ્રાપ્ત થાય છે. આ દસ હિતશિક્ષાના મંદિર ઉપર સુવર્ણ કળશ અને ધ્વજા સમી બે ચૂલિકાઓ છે. તે પરમાર્થથી ભરેલી છે.

સાધકનું મન સંસાર તરફ આકર્ષિત થાય ત્યારે તેણે શું શું વિચાર કરવો ? મનને સંયમમાં કેમ સ્થિર કરવું ? તેનું ભરચક જ્ઞાન આચાર્ય ભગવંતે પ્રથમ ચૂલિકા દ્વારા અર્પણ કર્યું છે.

બીજી ચૂલિકામાં આત્માનું જ સતત રક્ષણ દર્શાવ્યું છે– દિનભરની ચર્યામાં ક્યાં ક્યાં ભૂલ થઈ ગઈ, તેને યાદ કરી ભૂંસી નાંખવી, આત્માની એષણા કરી સુવિચારો સુદઢ કરવા વગેરે; વીતરાગ પરમાત્માએ પંચમ આરાના સાધક માટે કરુણા વરસાવી છે. આ સૂત્રમાં અણમોલ અનુપમ ખજાનો દરેક સાધક આત્માઓ માટે ભરેલો છે; તે વાંચીને જીવનમાં ઉતારશે તે ગેરંટીપૂર્વક તરી જશે. વૈકાલિક વિભાવમાંથી નીકળી ત્રૈકાલિક સ્વાભાવિક સ્થિતિને પ્રાપ્ત કરી જશે.

આ સૂત્રના શબ્દાર્થ, ભાવાર્થ, વિવેચન વગેરે વાચકને સહેલાઈથી સરલ રીતે સમજાઈ જાય તેવો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ આગમ સહુના કલ્યાણનું કારણ બને તેવી ભાવના પ્રગટ કરી વિરમું છું.

## આભાર : સાધુવાદ : ધન્યવાદ :–

પ્રસ્તુત આગમમાં કલગી સમ શોભતો, આગમના રહસ્યોને ઉદ્‌ઘાટિત કરતો, હૃદયના ભાવોથી ભરેલો માર્મિક અભિગમ પ્રેષિત કરનાર પરમ ઉપકારી સૌ. કે. પૂ. ગુરુદેવના અંતેવાસી પ્રિય શિષ્ય ગોંડલ ગચ્છ શિરોમણી પરમ દાર્શનિક **પૂ. શ્રી**

**જયંતિલાલજી મ.સા.**ને સાદર નત મસ્તકે શતકોટિ વંદન કરું છું. પ્રત્યેક આગમના અભિગમો દ્વારા આપશ્રી આગમના રહસ્યોને પ્રગટ કરો તેવી ભાવના વ્યક્ત કરું છું.

આ આગમને સુશોભિત બનાવનાર, આગમના પાઠ પ્રમાણે વાસ્તવિક અર્થ કરી, સુંદર હાર્દના ભાવભરી અલંકૃત કરનાર, સમયજ્ઞ આગમ મનીષી **પૂ. ત્રિલોક–મુનિવર્ય**ને મારી શતકોટિ વંદના સદા હોજો.

પ્રસ્તુત સૂત્રના અનુવાદિકા છે અમારા પ્રિય ઈષ્ટ ગુરુણીમૈયા સમા ગુરુભગિની ગુણ ગંભીરા, સંયમ સ્થવિરા, સમતામૂર્તિ, ગુરુપ્રાણ પરિવારના શ્રમણી પ્રમુખા પ. પૂ. શ્રી **બા. બ્ર. ગુલાબબાઈ મહાસતીજી,** જેઓની ઉંમર ચુંમોતેર વરસની છે અને દીક્ષા પર્યાય છે ચોપન વરસની. મહારાષ્ટ્ર, પૂર્વભારત સૌરાષ્ટ્ર ગુજરાતમાં પરિવાર સહિત વિચરી ગોંડલ ગચ્છની ગરિમા વધારી, જય માણેક પ્રાણ ગુરુ દેવની યશોગાથાનો કીર્તિધ્વજ, લહેરાવી; જૈનશાસનની શાન વધારી આજે સદર ઉપાશ્રયમાં સ્થિરવાસ બિરાજે છે. તેઓશ્રી માટે હું શું લખું ? ખુદ મારા પણ તેઓ જ ઘડવૈયા છે. તેઓશ્રીના શ્રી ચરણોમાં વંદન, નમસ્કાર કરીને ભાવના ભાવું છું કે આપશ્રીનો વરદ હસ્ત મારા મસ્તક ઉપર સદા રહે અને જે સહિયારા પુરુષાર્થે આગમ કાર્ય આરંભાયું છે તે પૂર્ણતાને પામે તેવી કૃપા વરસાવતા રહેજો.

મારી સદા સહયોગી, આગમરત્ન સહસંપાદિકા વિદુષી **સાધ્વી રત્ના ડો. આરતીશ્રી** એવં **સાધ્વી સુબોધિકાશ્રી**ને અનેકશઃ ધન્યવાદ. આ આગમ અવગાહન કરાવનાર સહયોગી સાથી દરેક સાધ્વીવૃંદને સાધુવાદ.

શ્રમણોપાસક મુકુંદભાઈ, ધીરૂભાઈ વગેરેને ધન્યવાદ. ગુરુપ્રાણ ફાઉન્ડેશન સભ્ય શ્રી પરમાગમ પ્રત્યે અવિહડ ભક્તિભાવથી ભરેલા ભામાશા શ્રીયુત રમણિકભાઈ અને આગમ પ્રકાશન કરવાના અડગ ભેખધારી, દઢસંકલ્પી તપસ્વિની વિજયાબેન તથા ભક્તિસભર શ્રી માણેકચંદ ભાઈ શેઠના સુપુત્ર નરબંકા રોયલપાર્ક સ્થા. જૈન સંઘના યુવાપ્રમુખશ્રી ચંદ્રકાંતભાઈ શેઠ તથા કાર્યાન્વિત સર્વ સભ્યગણ, કાર્યકર્તાઓ, મુદ્રણ કરનાર નેહલભાઈ, તેમના પિતાશ્રી હસમુખભાઈ તથા તેમના સહયોગી

જીજ્ઞેશ જોષી, નીતા દરિયાનાણી અને સાબીરભાઈ તથા આગમના દાનદાતાઓ વગેરેને અભિનંદન સાથે અનેકશઃ ધન્યવાદ.

પ્રસ્તુત આગમના શ્રુતાધાર યુવાશ્રાવક **પીયૂષભાઈ જયંતલાલ શાહ**ને ધર્મ–ધ્યાનમાં અભિવૃદ્ધિ સહિતના સાધુવાદ.

આ આગમના અનુવાદ, સંશોધન, સંપાદનમાં ઉપયોગી થયેલા, પૂર્વ પ્રકાશિત આગમોના પ્રકાશક, સંપાદકોનો આભાર સહ અનેકશઃ સાધુવાદ.

અહીં મહાવીર નગરના સુશ્રાવક મંત્રી મહોદય મણિભાઈ શાહ જેઓએ પ્રુફ વાચનમાં સહયોગ આપ્યો છે તેઓને પણ ધન્યવદ.

આગમ અવગાહન કરવામાં ઉપયોગ શૂન્યતાના યોગે ત્રુટી રહી જવા પામી હોય, જિનવાણી વિરુદ્ધ લખાયું કે છપાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્......

***વીતરાગ વચન વિરુદ્ધ લખાયું હોય તો માંગુ પુનઃ પુનઃક્ષમાપના.***
***મંગલ મૈત્રી પ્રમોદ ભાવમાં વહો સહુ, એવી કરું છું વિજ્ઞાપના.***

પ. પૂ. સૌમ્યમૂર્તિ અંબાબાઈ મ. સ. ના

**સુશિષ્યા – આર્યા લીલમ.**

# સંપાદન અનુભવ

ડો. સાધ્વી આરતી તથા સાધ્વી સુબોધિકા

શ્રી દશવૈકાલિક સૂત્ર, તે મુનિજીવનની બાળપોથી છે. ચાલવું, બેસવું, ઊભા રહેવું, શયન કરવું, બોલવું અને ભોજન કરવું, આ જીવનની અનિવાર્ય છ એ ક્રિયા સાધુ જીવનમાં કઈ રીતે કરવી, જેથી ક્રિયા કરવા છતાં પાપકર્મનો બંધ ન થાય, તેની અદ્‌ભુત ચાવી શાસ્ત્રકારે પ્રગટ કરી છે. સાધક જીવનમાં પ્રવેશ કર્યો ત્યારે ગળથૂથીમાં મળેલા આ શાસ્ત્રના, સંપાદનનો સુઅવસર પ્રાપ્ત થયો ત્યારે પોતાના જ જીવનને સ્પર્શતી ઘટનાઓનું કથન હોવાથી સહજતા સાથે આનંદનો અનુભવ થયો.

સાધુ જીવનના પ્રત્યેક નિયમો પાછળ શાસ્ત્રકારનો આશય શું છે ? તે વૃત્તિના આધારે સરલ શબ્દોમાં સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

'આચાર પ્રણિધિ' નામના આઠમા અધ્યયનમાં ગાથા – ૪૧માં धुवसीलयं सययं ण हावइज्जा પદ છે. તેનો અર્થ 'ધ્રુવશીલતાનો હ્રાસ ન થવા દે', તે પ્રમાણે થાય છે. કેવળ ગાથાના અર્થથી વાચકો તેના રહસ્યને પામી શકે નહીં. વૃત્તિકારે અને ચૂર્ણિકારે 'ધ્રુવશીલ'નો અર્થ 'સાધુએ પ્રતિદિન આચરણ કરવા યોગ્ય બ્રહ્મચર્ય' કર્યો છે અને તેના ૧૮૦૦૦ ભેદ – પ્રભેદને શીલાંગરથ દ્વારા સમજાવ્યા છે. ખરેખર ! બ્રહ્મચર્યના આધાર પર જ સંયમરૂપી ઈમારત સ્થિર રહી શકે છે, તેથી જ શાસ્ત્રકારે બ્રહ્મચર્ય માટે 'ધ્રુવશીલ' શબ્દનો પ્રયોગ કર્યો છે. સાધુ કોઈ પણ પરિસ્થિતિમાં બ્રહ્મચર્યનો હ્રાસ – નાશ ન થવા દે.

'સુવાક્ય શુધ્ધિ' નામના સાતમા અધ્યયનમાં સાધુએ બોલવા અને ન બોલવા યોગ્ય ભાષાના અનેક ઉદાહરણો આપ્યા છે. અમે ગાથાના ભાવોના આધારે કલ્પનીય – અકલ્પનીય ભાષાનું કોષ્ટક તૈયાર કર્યું છે. જેથી વાચકો કલ્પનીય – અકલ્પનીય ભાષાની તુલના કરી શકે, બંને ભાષા પ્રયોગમાં શું તફાવત છે તે જોઈ શકે, તે ઉપરાંત અકલ્પનીય ભાષામાં શું દોષ છે ? તેનું પણ તારણ કાઢી શકે છે.

'પિંડૈષણા' નામના પાંચમા અધ્યયનમાં ગૌચરીના દોષોનું વિસ્તૃત વર્ણન છે.

તેમાં साहट्टु–साहरिय દોષનો સામાન્ય અર્થ 'સચેતમાં અચેતને ભેળવીને આપવું' તે પ્રમાણે થાય છે. આ શાસ્ત્રમાં વૃત્તિના આધારે તેની બે ચૌભંગી આપી છે, તેમ જ ઉદાહરણ સહિત એક જ શબ્દના પાંચ અર્થ આપ્યા છે.

શાસ્ત્રના મૂળભૂત વિષયને સ્પર્શતા ગૌચરીના દોષોનું કથન શ્રી આચારાંગ સૂત્ર આદિમાં પણ છે. અમે બધાં શાસ્ત્રોમાં કથિત ગૌચરી સંબંધી દોષોનું સંકલન કરી તેને પરિશિષ્ટમાં આપ્યું છે. તે ઉપરાંત ચૂલિકા સંબંધી ઈતિહાસ, સાધુ જીવનની અન્ય ક્રિયાઓની વિસ્તૃત જાણકારી આપવા માટે જુદા જુદા પરિશિષ્ટો બનાવ્યાં છે.

આ રીતે સાધુ જીવનના અત્યંત વ્યવહારુ વિષયોને યથાશક્ય લોકભોગ્ય બનાવવાનો પ્રયત્ન કર્યો છે.

આ શાસ્ત્રના સંપાદનમાં અનંત ઉપકારી ગુરુવર્યોની અસીમ કૃપા જ અમારૂં પીઠબળ છે તથા તેઓશ્રીના પાવન સાંનિધ્યમાં રહીને અમે શાસ્ત્રના પ્રત્યેક નિયમોનું પાલન પ્રયોગાત્મક રૂપે નજરે નિહાળ્યું છે. તેના આધારે સંયમી જીવનને સ્પર્શતા વિષયોનું વિવેચન અમે સરળ રીતે કરી શક્યા છીએ, તેથી આ સંપાદન કાર્યના યશભાગી સંપૂર્ણ રીતે અમારા ગુરુભગવંતો જ છે. બસ ! શાસ્ત્રનું સંપાદન કેવળ અમારી બુધ્ધિનો વિષય ન બને, શાસ્ત્રના ભાવો અમારો આચાર બની જાય એ જ મંગલ કામના...

છદ્મસ્થપણાને વશ થઈ જિનવાણીથી ઓછી – અધિક કે વિપરીત પ્રરૂપણા થઈ હોય તો ત્રિવિધે ત્રિવિધે... મિચ્છામિ દુક્કડમ્...

સદા ઋણી માત–તાત **ચંપાબેન-શામળજીભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું પૂ. **મુક્ત - લીલમ** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુ–ધર્મની મળે એવી કૃપા
શ્રુત **આરતી**એ પામું આત્મદર્શન.

સદા ઋણી માત–તાત **લલિતાબેન-પોપટભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું પૂ. **મુક્ત - લીલમ - વીર** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુ–ધર્મની મળે એવી કૃપા
શ્રુત **સુબોધે** કરું કષાયોનું શમન.

# અનુવાદિકાની કલમે

– સાધ્વી શ્રી ગુલાબબાઈ મ.

આગમ તે જૈન સાહિત્યની અમૂલ્ય નિધિ છે. શબ્દ દેહે તે વિશાળ અને વિરાટ છે. ભાવદેહે પણ તેની વિશાળતા અને વિરાટતા અત્યંત વ્યાપક છે. તેમાં અનંત તીર્થંકરોને સાધનાની સિદ્ધિ પછી, વીતરાગદશાની પ્રાપ્તિ પછી પ્રાપ્ત થયેલું નવનીત સમાયેલું છે.

આગમ સાહિત્યનો આધાર વ્યક્તિ, સમાજ તથા સમસ્ત જીવ જગત માટે લાભનું કારણ છે. જે સાધક આગમના આધારે વ્યવહાર કરે છે, તે સ્વપર કલ્યાણકર હોય છે. તે સાધક જગતના સર્વ જીવો સાથે આત્મવત્ વ્યવહાર કરે છે. આ રીતે એક વ્યક્તિનું આગમ આધારિત જીવન સમષ્ટિગત લાભનું કારણ બને છે.

પૂર્વાચાર્યોએ પરમ પવિત્ર આગમ સાહિત્યને બે વિભાગમાં વિભાજિત કર્યું છે. અંગપ્રવિષ્ટ અને અંગ બાહ્ય.

**અંગપ્રવિષ્ટ :–** તીર્થંકરોની અર્થરૂપ દેશનાને ગણધરો સૂત્રબદ્ધ કરે તે આગમોને અંગ પ્રવિષ્ટ કહેવાય છે. તે દ્વાદશાંગી–૧૨ અંગ સૂત્ર છે, તેમાં વર્તમાને ૧૧ અંગસૂત્રો ઉપલબ્ધ છે.

**અંગ બાહ્ય :–** અંગ સૂત્રોના આધારે પૂર્વધર સ્થવિરો જે આગમની રચના કરે તે બધા જ આગમો અંગ બાહ્ય કહેવાય છે.

શ્રી નંદીસૂત્રમાં અંગબાહ્ય આગમો આવશ્યક, આવશ્યક વ્યતિરિક્ત, કાલિક, ઉત્કાલિક આદિ રૂપે વિભાજિત કરવામાં આવ્યા છે.

**આગમ સાહિત્યમાં શ્રી દશવૈકાલિક સૂત્રનું સ્થાન :–** શ્રી દશવૈકાલિક સૂત્ર અંગબાહ્ય આગમ છે અને તે ઉત્કાલિક છે. જ્યારે આગમોને અંગ, ઉપાંગ, મૂલ અને છેદ. આ ચાર વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યા ત્યારે દશવૈકાલિક સૂત્રને મૂલસૂત્રમાં સ્થાન આપવામાં આવ્યું અને તેનું અધ્યયન સર્વપ્રથમ અતિ આવશ્યક માનવામાં આવ્યું છે.

**દશવૈકાલિક–મૂળસૂત્ર :–** દશવૈકાલિક અને ઉત્તરાધ્યયન આદિ સૂત્રોને મૂલસૂત્રની

સંજ્ઞા આપવામાં આવી છે તે બાબતમાં વિદ્વાનોના ભિન્ન–ભિન્ન મત છે. સંક્ષેપમાં જે આગમોમાં મુખ્યરૂપે આચાર સંબંધી મૂળગુણો, મહાવ્રતો, સમિતિ, ગુપ્તિ, જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિનું નિરૂપણ છે; શ્રમણ જીવનચર્યામાં જે મૂળરૂપે સહાયક બને છે; જે આગમોનું અધ્યયન સર્વપ્રથમ કરાવવામાં આવે છે; તેને મૂળસૂત્ર કહેવું યુક્તિયુક્ત છે. મૂળસૂત્રોની સંખ્યા બાબતમાં વિદ્વાનોનો એકમત ન હોવા છતાં સર્વ વિદ્વાનોએ દશવૈકાલિક સૂત્રને મૂળસૂત્રરૂપે સ્વીકાર્યું છે.

**દશવૈકાલિક નામની સાર્થકતા અને રચયિતા :–** દશવૈકાલિક સૂત્રમાં દશ અધ્યયન છે. આ આગમની સ્વાધ્યાય વિકાલમાં અર્થાત્ ચાર સંધ્યાઓને છોડીને ગમે ત્યારે કરી શકાય છે. તેથી તે દશ અધ્યયનમય સૂત્રનું નામ દશવૈકાલિક સૂત્ર રાખવામાં આવ્યું છે. આ સૂત્ર શયંભવાચાર્ય દ્વારા રચિત છે.

**દશવૈકાલિક–સ્વરૂપ અને પરિચય :–**

પ્રસ્તુત આગમમાં શ્રમણ જીવનની આચાર સંહિતાનું સંપૂર્ણ તેમજ સૂક્ષ્મતમ નિરૂપણ છે. તેના દશ અધ્યયનના નામ, તેની ગાથા સંખ્યા અને તેનો વિષય આ પ્રમાણે છે.

| ક્રમ | અધ્યયન | સૂત્ર / ગાથા | વિષય |
|---|---|---|---|
| ૧ | દ્રુમપુષ્પિકા | ૫ | ધર્મપ્રશંસા અને સાધુની ગૌચરીની રીત–માધુકરી વૃત્તિ. |
| ૨ | શ્રામણ્યપૂર્વક | ૧૧ | સંયમની પૂર્વભૂમિકા– કામરાગત્યાગ. સંયમ સ્થિરતા માટે ધૈર્યની સાધના. |
| ૩ | ક્ષુલ્લકાચારકથા | ૧૫ | બાવન અનાચાર વિવેક |
| ૪ | ષડ્જીવનિકાય | ૨૩/૨૯ | જીવસંયમ અને આત્મસંયમ |
| ૫ | પિંડૈષણા | ૧૫૦ | ગવેષણા, ગ્રહણૈષણા અને પરિભોગૈષણાની શુદ્ધિ |
| ૬ | મહાચાર કથા | ૬૯ | અઢાર સ્થાન દ્વારા મહાચારનું નિરૂપણ |

| ક્રમ | અધ્યયન | સૂત્ર / ગાથા | વિષય |
|---|---|---|---|
| ૭ | વાક્ય શુદ્ધિ | ૫૭ | ભાષા વિવેક |
| ૮ | આચાર પ્રણિધિ | ૬૪ | આચાર પ્રણિધાનના ઉપાયો. |
| ૯ | વિનય સમાધિ | ૭/૬૩ | વિનય, અવિનયનું સ્વરૂપ, તેના લાભ, હાનિ, વિનયની મહત્તા. |
| ૧૦ | સભિક્ષુ | ૨૧ | ભિક્ષુનું બાહ્ય–આભ્યંતર સ્વરૂપ |
| ચૂ.–૧ | રતિવાક્યા | ૧/૧૮ | સંયમભાવમાં અસ્થિર થયેલા જીવોને માટે સ્થિરીકરણનો ઉપદેશ |
| ચૂ.–૨ | વિવિક્તચર્યા | ૧૬ | પ્રતિશ્રોતરૂપ સાધુચર્યા અને વિવિક્ત (એકાકી વિહાર)ચર્યાનું નિરૂપણ |

અધ્યયન–૪, ૯ અને પ્રથમ ચૂલિકામાં ગાથાઓ સિવાય ગદ્યપાઠ છે તેની નોંધ ચાર્ટમાં આપેલ છે.

**દશવૈકાલિકનું મહત્ત્વ :–** દશવૈકાલિક સૂત્ર અતિ પ્રચલિત આગમગ્રંથ છે. મૂળ આગમમાં તેનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. નંદી સૂત્રમાં ઉત્કાલિક આગમોની સૂચિમાં દશવૈકાલિકનું નામ પ્રથમ છે, તે તેની મહત્તાને સૂચિત કરે છે.

આ આગમની રચના પછી શ્રુત અધ્યયનના ક્રમમાં પરિવર્તન થયું અને શ્રમણોને આવશ્યક સૂત્રના અધ્યયન પછી દશવૈકાલિકનું અધ્યયન કરાવવાનું શરૂ થયું છે. કારણ કે સાધુને માટે આચાર જ્ઞાનની પ્રાથમિકતા અને મહત્તા છે. શ્રી દશવૈકાલિક સૂત્રમાંથી સાધ્વાચારનું જ્ઞાન સહજ, સરળ અને સરસ રીતે થાય છે.

પ્રાચીનકાલમાં આચારાંગ સૂત્રના 'શસ્ત્રપરિજ્ઞા' અધ્યયનના ભાવોને જાણ્યા પછી જ સાધુઓને મહાવ્રતોમાં ઉપસ્થાપના થતી હતી. હવે દશવૈકાલિક સૂત્રના ચોથા અધ્યયન(ષડ્જીવનિકાય)ના ભાવોને જાણ્યા પછી મહાવ્રતોની ઉપસ્થાપના થાય છે. આ રીતે આ સૂત્રની મહત્તા સમજી શકાય છે.

**વ્યાખ્યા સાહિત્ય :–** આજ સુધી દશવૈકાલિક સૂત્ર પર વ્યાખ્યા સાહિત્યની જેટલી રચના થઈ છે, તેને છ વિભાગમાં વિભક્ત કરવામાં આવે છે– (૧) નિર્યુક્તિ (૨) ભાષ્ય

(૩) ચૂર્ણિ (૪) ટીકા (૫) ટબ્બા (૬) આધુનિક શૈલીમાં અનુવાદ.

**નિર્યુક્તિ :–** દશવૈકાલિક સૂત્રની પ્રાચીનતમ વ્યાખ્યા નિર્યુક્તિ છે. તે પ્રાકૃત ભાષામાં પદ્યબદ્ધ ટીકા છે. તેમાં સૂત્રની રચનાનું પ્રયોજન, નામકરણ, ઉદ્ધરણ સ્થળ, અધ્યયનોનાં નામ, તેના વિષય આદિનું સંક્ષેપમાં સુંદર વર્ણન છે. તેમજ ગ્રંથના પ્રત્યેક પદની વ્યાખ્યા ન કરતાં મુખ્યરૂપે પારિભાષિક શબ્દોની વ્યાખ્યા કરી છે. નિર્યુક્તિની વ્યાખ્યાશૈલી નિક્ષેપ પદ્ધતિ પર આધારિત છે. એક પદના જેટલા અર્થ થાય તેટલા બતાવી તેમાં ગ્રાહ્ય અર્થનું સૂચન કરી અપ્રસ્તુતનું નિરાસન પણ કરવામાં આવે છે. આ રીતે સૂત્ર અને અર્થનો નિશ્ચિત સંબંધ બતાવનારી વ્યાખ્યા નિર્યુક્તિ છે.

આ નિર્યુક્તિ ઉત્તરવર્તી વ્યાખ્યાગ્રંથો માટે આધારભૂત બની છે. તેના કર્તા દ્વિતીય ભદ્રબાહુ સ્વામી મનાય છે, તેનો સમય વિક્રમની પાંચમી, છઠ્ઠી શતાબ્દી છે.

**ભાષ્ય :–** નિર્યુક્તિઓની વ્યાખ્યાશૈલી અત્યંત સંક્ષિપ્ત અને ગૂઢ હોવાથી તેના ગૂઢ રહસ્યોને સ્પષ્ટ કરવા માટે થોડા વિસ્તાર સાથે પ્રાકૃત ભાષામાં પદ્યાત્મક વ્યાખ્યાઓ લખવામાં આવી. તે ભાષ્યના નામથી પ્રખ્યાત છે. ભાષ્યોમાં અનેક પ્રાચીન અનુશ્રુતિઓ, લૌકિક કથાઓ અને પરંપરાગત શ્રમણોના આચાર–વિચાર અને ગતિવિધિઓનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આચાર્ય હરિભદ્રસૂરિએ પોતાની વૃત્તિમાં ભાષ્ય અને ભાષ્યકારનો અનેક સ્થાને ઉલ્લેખ કર્યો છે.

**ચૂર્ણિ :–** આગમો પર નિર્યુક્તિ અને ભાષ્ય પછી સંસ્કૃત મિશ્રિત પ્રાકૃતમાં ગદ્યાત્મક વ્યાખ્યાઓ લખવામાં આવી તે ચૂર્ણિરૂપે પ્રસિદ્ધ છે. ચૂર્ણિકારરૂપે **જિનદાસગણિ મહત્તર**નું નામ અત્યંત ગૌરવ સાથે લેવામાં આવે છે. તેઓએ લખેલી સાત આગમોની ચૂર્ણિ હાલમાં ઉપલબ્ધ છે, તેમાં એક દશવૈકાલિક સૂત્રની ચૂર્ણિ પણ ઉપલબ્ધ છે. દશવૈકાલિક સૂત્ર પર બીજી ચૂર્ણિ અગસ્ત્યસિંહ સ્થવિરની છે. આગમ પ્રભાકર પુણ્ય–વિજયજી મહારાજે તેને સંપાદિત કરી પ્રકાશિત કરી છે. ચૂર્ણિ સાહિત્યની સૌથી મહત્વપૂર્ણ વિશેષતા એ છે કે તેમાં અનેક દષ્ટાંતો અને કથાઓના માધ્યમ દ્વારા મૂળ વિષયને સ્પષ્ટ કરવામાં આવ્યો છે.

**ટીકા :–** ચૂર્ણિ સાહિત્ય પછી સંસ્કૃત ભાષામાં ટીકાઓનું નિર્માણ થયું. ટીકાયુગ જૈન સાહિત્યના ઈતિહાસમાં સુવર્ણયુગરૂપે પ્રખ્યાત છે. ટીકાઓ સંક્ષેપ અને વિસ્તૃત બંને

પ્રકારની છે. આચાર્યોએ ટીકાઓના વિવિધ નામોના પ્રયોગ કર્યા છે– ટીકા, વૃત્તિ, વિવૃત્તિ, વિવેચન, વિવરણ, વ્યાખ્યા, વાર્તિક, દીપિકા, અવચૂરિ, પંજિકા, ટિપ્પણ, પર્યાય, સ્તબક, પીઠિકા, અક્ષરાર્દ્ધ વગેરે.

આ ટીકાઓમાં આગમિક તત્ત્વો પર વિવેચન છે તેમ છતાં તે સામાજિક, સાંસ્કૃતિક અને ભૌગોલિક પરિસ્થિતિઓના જ્ઞાનથી પણ સભર છે. દશવૈકાલિક સૂત્રના સંસ્કૃત ટીકાકારોમાં હરિભદ્રસૂરિનું નામ સર્વપ્રથમ છે. તે સંસ્કૃત ભાષાના પ્રકાંડ પંડિત હતા. તેમણે અનેક આગમો પર ટીકાઓ લખી છે. વર્તમાનમાં તેઓની નંદીવૃત્તિ, અનુયોગ– દ્વારવૃત્તિ, પ્રજ્ઞાપના પ્રદેશ વ્યાખ્યા, આવશ્યકવૃત્તિ અને દશવૈકાલિકવૃત્તિ ઉપલબ્ધ છે. ત્યારપછી અનેક આચાર્યોએ આ સૂત્ર પર ટીકા સાહિત્યની રચના કરી છે.

**ટબ્બા :–** પાયચંદ્રસૂરિ અને ધર્મસિંહ મુનિએ વિક્રમની ૧૮મી શતાબ્દીમાં ગુજરાતી અને રાજસ્થાની મિશ્રિત ભાષામાં ટબ્બાની રચના કરી. આજે પણ ઘણા ભંડારોમાં અને સાધુ સાધ્વીઓ પાસે તે ઉપલબ્ધ થાય છે.

આ રીતે અનેક આચાર્યોએ યુગે યુગે દશવૈકાલિક સૂત્ર પર વિરાટ વ્યાખ્યા સાહિત્યની રચના કરી છે. પરંતુ તેમાં અગત્સ્યસિંહસૂરિકૃત ચૂર્ણિ, જિનદાસગણિ મહત્તરકૃત ચૂર્ણિ અને હરિભદ્રસૂરિ વિરચિત વૃત્તિ તે ત્રણેયનું વ્યાખ્યા સાહિત્યમાં મહત્વનું સ્થાન છે. અન્ય દાર્શનિકોએ પણ પોતાના ગ્રંથોમાં તેમના મૌલિક ચિંતનનો ઉપયોગ કર્યો છે.

**આધુનિક શૈલીમાં અનુવાદ અને વિવેચન :–** ટબ્બા પછી અનુવાદ યુગનો પ્રારંભ થયો. આચાર્ય અમોલકઋષિજીએ દશવૈકાલિકનો હિન્દી અનુવાદ કર્યો. ત્યારપછી અનેક વિદ્વાનોના હિન્દી અનુવાદ પ્રકાશિત થયા છે. તેવી જ રીતે ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં પણ અનુવાદ થયા છે. આચાર્ય આત્મરામજી મહારાજે દશવૈકાલિક પર વિસ્તૃત હિન્દી વિવેચન કર્યું છે. તે વિવેચન મૂળસૂત્રના અર્થને સ્પષ્ટ કરવામાં સક્ષમ છે. આચાર્ય તુલસીના નેતૃત્વ હેઠળ મુનિ શ્રી નથમલજીએ **दसवेआलियं** ગ્રંથ તૈયાર કર્યો છે. જેમાં મૂલપાઠના અનુવાદ સાથે વિષયને સ્પષ્ટ કરવા માટે શોધપ્રધાન ટિપ્પણો આપી છે. આ પ્રકારે અતીતથી વર્તમાન સુધીમાં અનેક આચાર્યોએ દશવૈકાલિક સૂત્ર પર વ્યાખ્યાઓ અને વિવેચન લખ્યા છે. જે આ આગમની લોકપ્રિયતા અને ઉપયોગિતાનું

જ્વલંત ઉદાહરણ છે.

**દશવૈકાલિકના પ્રકાશિત ગ્રંથો :–**

| સમય | ગ્રંથ | પ્રકાશક |
|---|---|---|
| સન ૧૯૦૦ | હરિભદ્ર અને સમયસુંદરકૃતવૃત્તિ | ભીમજીભાઈ માણેકભાઈ |
| સન ૧૯૦૫ | દશવૈકાલિક દીપિકા | હીરાલાલ હંસરાજ(જામનગર) |
| સન ૧૯૧૫ | સમય સુંદરવિહિતવૃત્તિ સહિત દશવૈ. | હીરાલાલ હંસરાજ(જામનગર) |
| સન ૧૯૧૧ | સમય સુંદરવિહિતવૃત્તિ સહિત દશવૈ. | જિનયશસૂરિ ગ્રંથમાલા–ખંભાત |
| સન ૧૯૧૮ | ભદ્રબાહુકૃત નિર્યુક્તિ હરિભદ્રસૂરિકૃત વૃત્તિ સહિત દશવૈ. | દેવચંદ્ર લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર સમિતિ–મુંબઈ |
| વિ.સં.૧૯૯૯ | નિર્યુક્તિ અને વૃત્તિ સહિત નવું સંસ્કરણ | મનસુખલાલ હીરાભાઈ–મુંબઈ |
| (સન ૧૯૪૩) | ભદ્રબાહુ નિર્યુક્તિ સહિત ઈંગ્લીશ ભાષામાં | Leumann દ્વારા ZDMG થી |
| સન ૧૯૩૩ | જિનદાસકૃત ચૂર્ણિ | ઋષભદેવજી કેસરીમલજી જૈન જૈન શ્વેતાંબર સંસ્થા રતલામ |
| સન ૧૯૪૦ | ટીકા સહ દશવૈકાલિક. આચાર્ય હસ્તિમલજી મ. સા (દ્વારા સંપાદિત) | મોતીલાલ લાલચંદ મૂથા–સતારા |
| સન ૧૯૫૪ | સુમતિ સાધુ રચિત વૃત્તિ સહિત દશવૈ. દ્વાર–સુરત | દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકો– |
| સન ૧૯૭૩ | નિર્યુક્તિ સહ અગત્સ્યસિંહ ચૂર્ણિ પૂ. પુણ્યવિજયજી મ.સા. દ્વારા સંપાદિત | વારાણસી |
| વિ.સં. ૧૯૮૯ (સન ૧૯૩૩) | આચાર્ય આત્મારાજીકૃત હિન્દી ટીકા સહિત | જ્વાલાપ્રસાદ માણેકચંદ્ર જૌહરી |
| વિ.સં. ૨૦૦૩ (સન ૧૯૪૭) | તેનું દ્વિતીય સંસ્કરણ | જૈન શાસ્ત્રમાલા–લાહોર |
| સન. ૧૯૫૭ –૬૦ | પૂ. ઘાસીલાલજી મ.સા. વિરચિત સંસ્કૃત વ્યાખ્યા, હિન્દી, ગુજરાતી | જૈનશાસ્ત્રોદ્ધાર સમિતિ– રાજકોટ |
| વીરસં.૨૪૪૬ | આચાર્ય અમોલકઋષિજી કૃત હિન્દી | |

(સન ૧૯૨૦) અનુવાદ

| સમય | ગ્રંથ | પ્રકાશક |
|---|---|---|
| વિ.સં. ૨૦૦૦ (સન ૧૯૪૪) | મુનિશ્રી અમરમુનિ સંપાદિત દશવૈકાલિક | અગ્રવાલ માચ્છીવાડ |
| સં. ૨૦૦૨ | ઘેવરચંદજી બાઠિયા સંપાદિત | જૈન પારમાર્થિક સંસ્થા—બીકાનેર |
| સં. ૨૦૨૦ | ઘેવરચંદજી બાઠિયા સંપાદિત —સૈલાના | સાધુમાર્ગી જૈન સંસ્કૃતિરક્ષક સંઘ |
| સન ૧૯૩૬ | હિન્દી અનુવાદ સહિત મુનિ સૌભાગ્યચંદ્ર [સંતબાલ] સંપાદિત | શ્વેતાંબર સ્થા. જૈન કોન્ફરસ |
| વિ.સં. ૨૦૨૦ (સન ૧૯૬૪) | મૂળ ટિપ્પણ સહિત મુનિ નથમલજી સંપાદિત | જૈન શ્વેતાંબર તેરાપંથી સભા |
| સન. ૧૯૭૪ | દ્વિતીય સંસ્કરણ | જૈન વિશ્વભારતી—લાડનૂં |
| સન. ૧૯૩૭ | દશવૈકાલિક અંગ્રેજી અનુવાદ પી. એલ. વૈદ્ય સંપાદિત | પૂના |
| સન. ૧૯૩૯ | ગુજરાતી છાયાનુવાદ ગોપાલદાસ | જૈન સાહિત્ય પ્રકાશન સમિતિ— જીવરાજભાઈ પટેલ અમદાવાદ |
| | અંગ્રેજી અનુવાદ W. Schubring દ્વારા થયો. | અમદાવાદ |
| સન. ૧૯૭૭ | શ્રી પુણ્યવિજયજી દ્વારા સંપાદિત મુંબઈ | શ્રી મહાવીર જૈન વિદ્યાલય— |
| ઈ.સ. ૧૯૯૩ | શ્રી દશવૈકાલિક સૂત્ર હિન્દી અનુવાદ | આગમ પ્રકાશન સમિતિ—બ્યાવર |
| ઈ.સ. ૧૯૭૯ | શ્રી દશવૈકાલિક સૂત્ર ગુજરાતી અનુવાદ શબ્દાર્થ, ભાવાર્થ પૂ. બા. બ્ર. ભાવયોગિની લીલમભાઈ મ. | પ્રેમ જિનાગમ પ્રકાશન સમિતિ |
| વિ. સં. ૨૦૪૬ | જૈનાગમ નવનીત પૂ. ત્રિલોકમુનિ મ.સા. | જૈનાગમ નવનીત પ્રકાશન સમિતિ સિરોહી |
| વિ.સં. ૨૦૧૫ | શ્રી દશવૈકાલિક, મૂળ, અર્થ વિવેચન સહિત મુનિશ્રી ભદ્રંકર વિજયજી દ્વારા સંપાદિત | જૈન શ્વેતાંબર મૂર્તિ પૂ. જ્ઞાનોદ્ધાર ફંડ—અમદાવાદ |

આ રીતે સંસ્કૃત, હિન્દી, ગુજરાતી અને ઈંગ્લીશ ભાષામાં તેના અનેક સંસ્કરણો તૈયાર થયા છે. આ જ કડીમાં ગુઢપ્રાણ ફાઉન્ડેશન રાજકોટ દ્વારા મૂળ ગાથા, સંસ્કૃત છાયા, શબ્દાર્થ, ભાવાર્થ, વિવેચન તેમજ કેટલાક ઉપયોગી પરિશિષ્ટ સહિત પ્રસ્તુત દશવૈકાલિક સૂત્રને પ્રકાશિત કરતાં અમો ધન્યતા અનુભવીએ છીએ.

વાચકો ગ્રંથના ભાવોને સરળતાથી સમજી શકે તેવા લક્ષ્યપૂર્વક, પૂર્વાચાર્યોના ઉપલબ્ધ પ્રકાશિત અનેક આગમોના આધારે, આ સંસ્કરણ તૈયાર કરવામાં આવ્યું છે.

## પ્રસ્તુત સંસ્કરણ અને આભાર દર્શન :-

પૂજ્ય વંદનીય સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મહારાજ સા. તપોધની પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મહારાજ સા. તથા સિદ્ધાંત વારિધિ ગુરુણી પૂ. ઉજમબાઈ મહાસતીજીના કૃપા બળે શ્રી દશવૈકાલિક સૂત્રનો ગુજરાતી અનુવાદ લખવાની પરમપળ મને પ્રાપ્ત થયેલ છે, તે બદલ હું મમ ગુરુવર્યોનો હૃદયથી ખૂબ ખૂબ આભાર માનું છું.

પરમ ઉપકારી પૂ. ગુરુદેવે મારામાં વૈરાગ્યના બીજ રોપ્યા સંલેખનાધારી પૂ. જગજીવનજી મહારાજ સા. તથા અધ્યાત્મ યોગિની પૂ. પ્રભાબાઈ મહાસતીજીએ સંવત્ ૨૦૦૩ના વડીયા ચાતુર્માસમાં મારા વૈરાગ્યને વેગ આપ્યો. જેનાથી આજે હું સંયમની સુંદર સાધના કરી રહી છું. પૂ. ગુરુદેવે વિશાળ જ્ઞાન દ્વારા પોતાની આત્મિક વિરાટતાનું દર્શન વિશ્વને કરાવ્યું છે. તેમની આ મહાનતાને મારી બુદ્ધિની ફૂટપટ્ટીથી માપવાનું કે માત્ર બહારના સૌંદર્યને જ જોઈ શકનારી ચામડાની આંખથી નિહાળવાનું શક્ય જ નથી. આગિયો સૂર્યની ઓળખ શું આપી શકે ? ગાગર સાગરનું વર્ણન શું કરી શકે ? નાનકડી ઝૂંપડી વિરાટ આકાશની પ્રશસ્તિ શું રચી શકે ?

તેમના જીવનની એક એક પળ સાધનાનો અમૃતકુંભ હતી તો જીવનનો એક એક પ્રસંગ પ્રેરણાનો મહાધોધ હતો. મેરુ પર્વતની ઉત્તુંગતા, સાગરની ગંભીરતા સૂર્યની તેજસ્વિતા, આકાશની વિરાટતા અને સિંહની શૂરવીરતાનો સંગમ પૂજ્યશ્રીમાં આબેહૂબ જોવા મળતો. પૂ. શ્રીની ગુણગંગાના અમૃતનું યત્કિંચિત્ આચમન કરીએ તો જીવન પણ ધન્ય બની જાય. આવા મહાન ગુરુની કૃપાથી આ કાર્ય કરવાનું બળ મને મળ્યું છે.

તે ઉપરાંત મારા ગુરુબંધુ વર્તમાને ગોંડલ ગચ્છ શિરોમણી ગુરુ સ્થાનીય શિર છત્ર સમ પૂ. જયંતમુનિ મ.

આગમપ્રેમી પૂ. ત્રિલોકમુની શ્રી જેઓ આગમ પ્રતિ આહ્‌લાદકભાવ રાખે છે. તેઓશ્રી સમયને સમજી અવસરને ઓળખી; સર્વ પાઠને, તેની સંસ્કૃત છાયાને, અધુરા રહેલા વિષયોને મધુરા બનાવી જબરજસ્ત યોગદાન આપી રહ્યા છે. તેમની સતત મહેનત શ્રુતસેવાનો અભ્યુદય કરી ગુરુપ્રાણ આગમ બત્રીસીના એક એક આગમની આભા વધારી રહ્યા છે. તેઓશ્રીના અનન્ય ઉપકારને હું અનન્યભાવે નમસ્કાર કરું છું.

આ આગમના સંપાદન કાર્યમાં પૂ. ગુરુદેવ પ્રાણલાલજી મહારાજ સા. ના કૃપા પાત્રી ભાવયોગિની મારી ગુરુભગિની સાધ્વી લીલમની સતત મહેનત છે અને તેમને સંપાદનમાં સાથ આપી રહ્યા છે એવા ડો. સાધ્વી આરતી અને સાધ્વી સુબોધિકા. તેઓએ ભગીરથ કાર્ય ઉપાડ્યું છે તે નિર્વિઘ્ને પૂર્ણ થાય તેવી પરમાત્માને પ્રાર્થના તથા ગુરુવર્યો પ્રતિ અંતરની ભાવના પ્રદર્શિત કરું છું.

દશવૈકાલિક સૂત્રના અનુવાદ કાર્યમાં પૂર્વ પ્રકાશિત અનેક દશવૈકાલિક સૂત્રોનો ઉપયોગ કર્યો છે તે સંપાદકો તથા પ્રકાશકોનો આભાર માનું છું.

શ્રી દશવૈકાલિક સૂત્રના અનુવાદ માટે સાધ્વી લીલમે સંવત ૨૦૫૬માં મને કહેલું પણ તે વખતે મારી શિષ્યા સાધ્વી પદ્માની અનુવાદ કરવાની ઘણી જ ઈચ્છા હતી છતાં પણ તેની નાદુરસ્ત તબિયતના કારણે લખી શકાય તેવી સ્થિતિ હતી નહીં. ત્યારબાદ સંવત ૨૦૫૭માં સાધ્વી લીલમે અનુવાદ માટે પુનઃ કહ્યું અને ગુરુકૃપાથી અનુવાદ કરવાની ભાવના સાકાર થઈ. આ સૂત્રના શબ્દાર્થ અને ભાવાર્થમાં ગુરુભગિની સાધ્વી લીલમનું મને અથાગ યોગદાન મળ્યું છે તેમજ મારી શિષ્યા સાધ્વી વિજયાબાઈ, સાધ્વી સાધનાબાઈ, સાધ્વી તારાબાઈ તથા સાધ્વી કુંદનબાઈ, સાધ્વી સંગીતાબાઈ મ.નો મને સારો સહયોગ મળ્યો છે. સૌના સહકાર વિના આ કાર્ય અશક્ય છે.

ગુરુપ્રાણ ફાઉન્ડેશન દ્વારા આગમના સુંદર પ્રકાશનનું કાર્ય કરી રહેલા રોયલ પાર્ક સ્થા. જૈન મોટા સંઘના પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ શેઠને પણ ધન્યવાદ છે. તેમની દેખરેખ નીચે આગમ પુસ્તકોનું સુંદર મુદ્રણ, સારી શૈલી અને વ્યવસ્થિત બાઈન્ડિંગ

હોવાને લીધે પુસ્તકો જોતાં જ સહુને વાંચવાનું મન થાય તેવું છે અને આગમ પ્રત્યે અહોભાવ જાગે છે તથા મસ્તક ઝૂકી જાય છે. આગમને સુંદર રીતે મુદ્રણ કરી આપનાર નેહલભાઈને ધન્યવાદ.

મારી ભાવનાને સાકાર સ્વરૂપ આપવા ઉદાર દિલા રાજીબેન મૂલચંદ શાહના સુપુત્ર શ્રી જયંતભાઈ મૂળચંદ શાહ તેમના પુત્ર પીયૂષકુમાર વગેરે પરિવારને ધન્યવાદ આપું છું. તેઓશ્રીએ આગમના શ્રુતાધાર બની વિશિષ્ટ યોગદાન આપ્યું છે. તેથી અનેકશઃ સાધુવાદને પાત્ર છે.

અમારો આ પ્રયત્ન પૂર્વાચાર્યોની અવિચ્છિન્ન પરંપરામાં એક કડી ઉમેરવાનો છે. પાંચમા આરાના અંત સુધી જિનશાસનને જયવંતુ બનાવવામાં આધારભૂત આ આગમનો સ્વાધ્યાય, ચિંતન, મનન મુમુક્ષુને સર્વ પ્રકારે સહાયક બને તેવી ભાવના સહ વિરામ..

ગ્રંથ લેખનમાં જિનાજ્ઞાથી વિપરીત પ્રરૂપણા થઈ હોય તો પંચ પરમેષ્ઠી ભગવંતોની સાક્ષીએ ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્......

**પ. પૂ. ઉજમ ગુરુણીના**
**સુશિષ્યા – ગુલાબબાઈ મ.**

# ૩૨ અસ્વાધ્યાય

## શાસ્ત્રના મૂળપાઠ સંબંધી

| ક્રમ | વિષય | અસ્વાધ્યાય કાલ |
|---|---|---|
| | **આકાશસંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧ | આકાશમાંથી મોટો તારો ખરતો દેખાય | એક પ્રહર |
| ૨ | દિગ્દાહ–કોઈ દિશામાં આગ જેવું દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૩ | અકાલમાં મેઘગર્જના થાય [વર્ષાઋતુ સિવાય] | બે પ્રહર |
| ૪ | અકાલમાં વીજળી ચમકે [વર્ષાઋતુ સિવાય] | એક પ્રહર |
| ૫ | આકાશમાં ઘોરગર્જના અને કડાકા થાય | આઠ પ્રહર |
| ૬ | શુક્લપક્ષની ૧, ૨, ૩ની રાત્રિ | એક પ્રહર |
| ૭ | આકાશમાં વીજળી વગેરેથી યક્ષનું ચિહ્ન દેખાય | જ્યાં સુધી દેખાય ત્યાં સુધી |
| ૮ | કરા પડે | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૯ | ધુમ્મસ | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૦ | આકાશ ધૂળ–રજથી આચ્છાદિત થાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| | **ઔદારિક શરીર સંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧૧ | તિર્યંચ, મનુષ્યના હાડકાં બળ્યા, ધોવાયા વિના હોય, | ૧૨ વર્ષ |
| ૧૨–૧૩ | તિર્યંચના લોહી, માંસ ૬૦ હાથ, મનુષ્યના ૧૦૦ હાથ [ફૂટેલા ઈંડા હોય તો ત્રણ પ્રહર] | દેખાય ત્યાં સુધી |
| ૧૪ | મળ–મૂત્રની દુર્ગંધ આવે અથવા દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૫ | સ્મશાન ભૂમિ [૧૦૦ હાથની નજીક હોય] | – |
| ૧૬ | ચંદ્રગ્રહણ–ખંડ/પૂર્ણ | ૮/૧૨ પ્રહર |
| ૧૭ | સૂર્યગ્રહણ–ખંડ/પૂર્ણ | ૧૨/૧૬ પ્રહર |
| ૧૮ | રાજાનું અવસાન થાય તે નગરીમાં | નવા રાજા થાય ત્યાં સુધી |
| ૧૯ | યુદ્ધસ્થાનની નિકટ | યુદ્ધ ચાલે ત્યાં સુધી |
| ૨૦ | ઉપાશ્રયમાં પંચેન્દ્રિયનું કલેવર | જ્યાં સુધી હોય ત્યાં સુધી |
| | **ચાર મહોત્સવ–ચાર પ્રતિપદા** | |
| ૨૧–૨૮ | અષાઢ, આસો, કારતક અને ચૈત્રની પૂર્ણિમા અને ત્યાર પછીની એકમ | સંપૂર્ણ દિવસ–રાત્રિ |
| ૨૯–૩૨ | સવાર, સાંજ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિ. | એક મુહૂર્ત |

[**નોંધ :–** પરંપરા અનુસાર ભાદરવા સુદ પૂનમ અને વદ એકમના દિવસે પણ અસ્વાધ્યાય મનાય છે. તેની ગણના કરતાં ૩૪ અસ્વાધ્યાય થાય છે.]

# શ્રી દશવૈકાલિક સૂત્ર

સ્થવિર શયંભવાચાર્ય રચિત મૂળ શાસ્ત્ર

**મૂળપાઠ, સંસ્કૃત છાયા,**

**શબ્દાર્થ, ભાવાર્થ,**

**વિવેચન, પરિશિષ્ટ**

: અનુવાદિકા :

પૂ. શ્રી ગુલાબબાઈ મ.

આ ઉત્કાલિક સૂત્ર છે. તેના મૂળ પાઠનો સ્વાધ્યાય અસ્વાધ્યાયકાલને છોડીને ગમે ત્યારે થઈ શકે છે.

# પ્રથમ અધ્યયન

## પરિચય

★ પ્રથમ અધ્યયનનું નામ **दुमपुप्फिया** છે.

★ દ્રુમ = વૃક્ષ અને પુષ્પિકા = પુષ્પ. નિર્દોષ ભિક્ષા પ્રાપ્ત કરનાર શ્રમણોની અહિંસક જીવન પદ્ધતિને વૃક્ષ પર ખીલેલા પુષ્પોમાંથી નિર્દોષ રીતે રસપાન કરીને આજીવિકા ચલાવનાર ભ્રમર(મધુકર)ની ઉપમાથી ઉપમિત કરી છે અને તે માધુકરીવૃત્તિનું કેન્દ્રબિંદુ દ્રુમપુષ્પ છે. તેથી આ અધ્યયનનું નામ **दुमपुप्फिया** છે.

★ સૂત્રકારે તેના પ્રારંભમાં અહિંસા, સંયમ અને તપમય ધર્મની સર્વોત્કૃષ્ટ મંગલમયતા અને તેનું મહાત્મ્ય પ્રદર્શિત કર્યું છે.

★ **धर्मः** = **धरति, प्राणिनो दुर्गतौ पतनाद् रक्षति, शुभ स्थाने च स्थापयति यः स धर्मः ।** દુર્ગુણોથી કે દુર્ગતિથી આત્માની રક્ષા કરે અને સદ્‌ગતિ તથા સદ્‌ગુણોમાં સ્થાપિત કરે તે ધર્મ.

★ અહિંસા, સંયમ અને તપની આરાધના સાધકને અંતિમ લક્ષ્યની સિદ્ધિ કરાવે છે તેથી તે ઉત્કૃષ્ટ મંગલરૂપ છે.

★ જે વ્યક્તિનું મન સદા ધર્મમાં અનુરક્ત રહે છે તે વ્યક્તિ રાગદ્વેષાદિ મલિન ભાવોને દૂર કરી સ્વાભાવિક સુખ અને આનંદને પ્રાપ્ત કરે છે તથા તેના ધર્મ પ્રભાવે દેવલોકના દેવો પણ તેને નમસ્કાર કરે છે.

★ આત્મસાધના કરનાર સંયમ સાધક શરીરધારી હોય છે અને શરીરના પોષણ માટે આહારની અનિવાર્યતા હોય છે. આહારની પ્રાપ્તિ હિંસા વિના અશક્ય છે અને જો હિંસાથી જ આહાર પ્રાપ્તિ થાય તો તેમાં ધર્મનું પાલન કેમ શક્ય બની શકે ?

★ આ રીતે સાધનાના પ્રથમ સોપાનરૂપ અહિંસાનું આચરણ જ ગૂંચવણ ભરેલું બની જાય છે. શાસ્ત્રકારે આ સમસ્યાનું સમાધાન માધુકરી વૃત્તિના માધ્યમે કર્યું છે. તે માધુકરી વૃત્તિના રહસ્યો આ પ્રમાણે છે–

(૧) મધુકર(ભ્રમર) પોતાના જીવન નિર્વાહ માટે કોઈ જીવની હિંસા કરતો નથી. તેમ સંયમ સાધક પણ કોઈ પ્રકારની રસોઈ કરવી, કરાવવી આદિ પચન, પાચનની ક્રિયા દ્વારા હિંસા થાય તેવા કાર્યો કરતા નથી.

(૨) મધુકર પુષ્પોમાંથી સહજ નિષ્પન્ન સિદ્ધરસ ગ્રહણ કરે છે. તેમ શ્રમણ ગૃહસ્થના ઘરોમાંથી,

ગૃહસ્થો માટે સ્વાભાવિક નિષ્પન્ન આહારાદિ ગ્રહણ કરે છે.

(૩) મધુકર ફૂલોને કિલામના–પીડા કર્યા વિના થોડો થોડો રસ પીએ છે. તે રીતે શ્રમણ પણ ગૃહસ્થોના ઘરોમાંથી થોડો થોડો આહાર ગ્રહણ કરે છે.

(૪) મધુકર શરીર સંચાલન માટે જોઈએ તેટલો જ રસ ગ્રહણ કરે છે પરંતુ સંગ્રહ કરતો નથી. તેમ ભિક્ષુઓ પણ સંયમ નિર્વાહ માટે જેટલો આહાર જોઈએ તેટલો જ આહાર ગ્રહણ કરે છે પરંતુ તેનો સંગ્રહ કરતા નથી.

(૫) મધુકર કોઈ એક વૃક્ષ અથવા એક ફૂલમાંથી રસ ગ્રહણ કરતો નથી પરંતુ વિવિધ વૃક્ષ અને વિવિધ ફૂલોમાંથી રસ ગ્રહણ કરે છે. તેમજ શ્રમણો પણ કોઈ એક ગામ, ઘર અથવા વ્યક્તિ પર આશ્રિત થઈને આહાર ગ્રહણ કરતા નથી પરંતુ ગ્રામાનુગ્રામ વિચરણ કરતાં અનેક ગામો અને ઉચ્ચ, મધ્યમ અને નિમ્ન કુળોના અનેક ઘરોમાંથી સામુદાનિકરૂપે(ભેદભાવ વિના) ભિક્ષા ગ્રહણ કરે છે.

★ આ રીતે જે મુમુક્ષુઓ, હળુકર્મી આત્માઓ માધુકરી વૃત્તિના માધ્યમે અપ્રતિબદ્ધ થઈ વિચરણ કરે છે તથા અહિંસા, સંયમ અને તપ રૂપ ધર્મનું આરાધન કરે છે; તે જ શ્રમણ કહેવાય છે.

❖❖❖❖❖

# પ્રથમ અધ્યયન

## દ્રુમપુષ્પિકા

### ધર્મનું સ્વરૂપ અને મહાત્મ્ય :–

**૧** धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो, ।
देवा वि तं णमंसंति, जस्स धम्मे सया मणो ॥

**છાયાનુવાદ :** धम्मो मंगलमुत्कृष्टं, अहिंसा संयमस्तपः ।
देवा अपि तं नमस्यन्ति, यस्य धर्मे सदा मनः ॥

**શબ્દાર્થ :– अहिंसा** = જીવદયા **संजमो** = સંયમ **तवो** = તપરૂપ **धम्मो** = ધર્મ છે **उक्किट्ठं** = ઉત્કૃષ્ટ, સર્વોત્કૃષ્ટ **मंगलं** = મંગલ, પાપનાશક, સુખપ્રદ **जस्स** = જેનું **धम्मे** = ધર્મમાં **सया** = હંમેશાં–સદા **मणो** = મન છે **तं** = તેને **देवा वि** = દેવો પણ **णमंसंति** = નમસ્કાર કરે છે.

**ભાવાર્થ :–** અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે. જેનું મન સદા ધર્મમાં સંલગ્ન રહે છે, તે ધર્માત્માને દેવો(તથા અન્ય ચક્રવર્ત્યાદિ) પણ નમસ્કાર કરે છે.

### વિવેચન :–

શાસ્ત્રના મંગલાચરણરૂપ આ ગાથા સમગ્ર શાસ્ત્રના સારરૂપ છે. જેમાં ધર્મનું સ્વરૂપ, તેની પ્રાપ્તિના સાધનો અને ધર્મનો મહિમા પ્રદર્શિત કર્યો છે.

**ધર્મ :–** સ્થાનાંગ સૂત્ર સ્થાન–૧૦માં દશ પ્રકારના ધર્મનું નિરૂપણ છે. તેમાં દ્રવ્ય અને ભાવ બે પ્રકારના ધર્મોનો સમાવેશ કરવામાં આવ્યો છે– (૧) દ્રવ્યધર્મ– ગ્રામ, દેશ, રાજ્ય આદિની સુરક્ષા માટેના જે નીતિ નિયમો છે અને કુટુંબ, ગામ, રાજ્ય પ્રત્યેની જે ફરજો છે તે કુટુંબ ધર્મ, ગ્રામધર્મ, દેશધર્મ અને રાજ્યધર્મ વગેરે કહેવાય છે. આ સર્વ લૌકિક કર્તવ્ય **દ્રવ્યધર્મ** છે.

(૨) દુર્ગતિમાં પડતા જીવોને ધારણ કરે અર્થાત્ દુર્ગતિમાં જતા રોકે તે અને જે આત્માને નિજ સ્વભાવમાં સ્થિર રાખે, ધારી રાખે તે **ભાવધર્મ** છે. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ ચારિત્ર આદિ આત્મ ગુણો અને તેની પ્રાપ્તિ માટેના વિવિધ અનુષ્ઠાનો આત્માની દુર્ગતિથી રક્ષા કરી તેને સદ્ગતિ અને સિદ્ધગતિમાં પહોંચાડનાર હોવાથી **ભાવધર્મ** છે. પ્રસ્તુત ગાથામાં આત્મશુદ્ધિ અને આત્મસિદ્ધિ માટે

કથન છે તેથી અહીં ભાવધર્મ–આત્મધર્મનો પ્રસંગ છે; સાધકને તે જ ગ્રહણ કરવા યોગ્ય અને ઉત્કૃષ્ટ મંગલરૂપ છે.

અહિંસા, સંયમ અને તપરૂપ અનુષ્ઠાન આત્મદ્રવ્યમાં અનંતગુણો પ્રગટ કરતા હોવાથી અહીં તેને ઉત્કૃષ્ટ મંગલ કહ્યાં છે.

**અહિંસા :–** અહિંસાના બે પ્રકાર છે– વિધેયાત્મક અહિંસા અને નિષેધાત્મક અહિંસા. **(૧) વિધેયાત્મક અહિંસા–** સર્વ જીવોને આત્મ સમાન જાણી તેની રક્ષા કરવી, તેના પર દયાભાવ, કરુણાભાવ, અનુકંપાભાવ રાખવો તે વિધેયાત્મક અહિંસા છે. **(૨) નિષેધાત્મક અહિંસા–** સર્વ જીવોને જીવન પ્રિય છે, મરણ અપ્રિય છે, સુખ પ્રિય છે, દુઃખ અપ્રિય છે. તેથી પર દુઃખાનુભૂતિથી કોઈ પણ જીવની હિંસા ન કરવી, જીવોને કોઈ પણ પ્રકારે દુઃખી ન કરવા તે નિષેધાત્મક છે.

સ્વ–પરની અપેક્ષાએ દયારૂપ અહિંસાના બે પ્રકાર છે– (૧) પોતાના આત્માની રાગદ્વેષાદિ કલુષિત પરિણામોથી રક્ષા કરવી તે સ્વ દયા છે. (૨) અન્ય જીવોના પ્રાણોની રક્ષા કરવી તે પર દયા છે.

**હિંસા :–** અહિંસાના સ્વરૂપની વ્યાપકતા સમજવા માટે હિંસાનું સ્વરૂપ સમજવું અનિવાર્ય છે. **प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा** = પ્રમાદને વશ થઈને પ્રાણીઓના પ્રાણનો નાશ કરવો તે હિંસા છે. ઉપરોક્ત વ્યાખ્યામાં દ્રવ્ય અને ભાવહિંસાનો સમાવેશ થઈ જાય છે. તેના સ્પષ્ટીકરણ માટે હિંસાના ત્રણ ભેદ કર્યા છે.

**(૧) દ્રવ્યહિંસા :–** આત્માના પરિણામ વિશુદ્ધ હોવા છતાં અકસ્માત્(ઈચ્છા વિના) પ્રાણીઓની વિરાધના થઈ જાય, તે દ્રવ્યહિંસા છે. જેમ કે– સમિતિ, ગુપ્તિના આરાધક પંચમહાવ્રતધારી સાધુને વિહારાદિમાં ચાલતાં, હરતાં–ફરતાં, ઊઠતાં–બેસતાં આદિ ક્રિયાઓ કરતાં કોઈ જીવને પીડા ન પહોંચે, તેવી રક્ષા કરવાની ભાવના હોવા છતાં અકસ્માત્ બેઈન્દ્રિયાદિ ક્ષુદ્રજીવ પગ નીચે આવી દબાય જાય કે મરી જાય તો તે **દ્રવ્યહિંસા** છે. કારણ કે તેમાં હિંસાના ભાવ નથી અને અહિંસા ધર્મની ઉપેક્ષા પણ નથી.

**(૨) ભાવહિંસા :–** અન્ય જીવોને પ્રાણથી રહિત કરવાની ઈચ્છારૂપ આત્માના પરિણામને ભાવહિંસા કહે છે. તેમાં અન્ય જીવ મરે કે ન મરે પરંતુ ભાવહિંસાથી વ્યક્તિ હિંસક બને છે. જેમ કે વિશાલકાય મગર નામના એક જળચર પ્રાણીની ભમ્મર પર ચોખા જેવા નાના શરીરવાળો તંદુલમત્સ્ય બેઠો બેઠો ટગર–ટગર મગરનું કૃત્ય જુએ કે આ મગર જળમાં રહેલા જીવોને ખાવા માટે પહેલાં પોતાના મુખમાં પાણીને ખેંચે છે. પછી પાણીના વેગથી આવેલી માછલીઓને મુખમાં રોકીને જ્યારે પાણીને કાઢી નાંખે છે, ત્યારે દાંતના છિદ્રો દ્વારા પાણીની સાથે ઘણી નાની નાની માછલીઓ બહાર નીકળી જાય છે. તે નીકળી જતી માછલીઓનું દ્રશ્ય જોઈને, તંદુલિયો મત્સ્ય વિચારે છે કે આ મગરના મુખમાંથી કેટલીય માછલીઓ બહાર નીકળી જાય છે, પરંતુ મારું શરીર મગર જેવડું મોટું હોત તો હું તેમાંથી એકપણ માછલીને બહાર નીકળવા ન દેત, સર્વ માછલીઓનું ભક્ષણ કરી જાત. આ પ્રમાણેના અધ્યવસાય **ભાવહિંસા** છે.

**(૩) ઉભયહિંસા :–** અશુદ્ધ પરિણામોથી મારી નાંખવાની બુદ્ધિપૂર્વક જીવની ઘાત કરવી તે ઉભયહિંસા

છે. આ હિંસામાં આત્માના અશુદ્ધ પરિણામ તથા પ્રાણીઓના પ્રાણનો નાશ બન્ને સમાયેલા છે. જેમકે – કોઈ પારધી હરણને મારવાની ઈચ્છાથી બાણ છોડે અને હરણના પ્રાણનો નાશ થઈ જાય તો તે દ્રવ્ય અને ભાવથી યુક્ત ઉભય હિંસા છે.

આ ત્રણે ય પ્રકારની હિંસાથી નિવૃત્ત થઈ જવું તેનું નામ છે અહિંસા ધર્મ. અહિંસાધર્મની આરાધના કરનાર સાધક ખરેખર આત્મગુણોની ઘાત અટકાવી, સ્વ રક્ષા સાથે સર્વ જીવની રક્ષા કરે છે. અહિંસાની વ્યાપકતામાં સત્ય, અચૌર્ય આદિ પાંચે ય મહાવ્રતોનો સમાવેશ થઈ જાય છે.

**સંયમ :– संयमनं, सम्यगुपरमणं सावद्ययोगादिति संयमः ।** સર્વ આશ્રવના(કર્મ આવવાના) કારણોથી કે પાપકારી પ્રવૃત્તિથી નિવૃત્ત થવું તે સંયમ છે. તેમજ રાગદ્વેષથી રહિત થઈ સમભાવમાં સ્થિત થવું તે સંયમ છે અને વિષયભોગમાં જતાં ઈન્દ્રિય અને મનને સમ્યક્ પ્રકારે નિયંત્રિત કરી આત્મભાવમાં સ્થિર થવું તે સંયમ છે. સંયમના સત્તર ભેદ આ પ્રમાણે છે–

(૧) પૃથ્વીકાય સંયમ– સચિત્ત પૃથ્વીનો સ્પર્શ વગેરે ન કરવો. પૃથ્વીકાયિક જીવોની દયા પાળવી. (૨) અપકાય સંયમ– સચિત્ત જલનો સ્પર્શ વગેરે ન કરવો. (૩) તેજસ્કાય સંયમ– રાંધવું, રંધાવવું કે લાઈટ કરવી, કરાવવી વગેરે કોઈ પ્રયોજનથી અગ્નિનો સ્પર્શ વગેરે ન કરવો. (૪) વાયુકાય સંયમ– વસ્ત્ર, પાત્ર વગેરેને અયતનાપૂર્વક રાખવાથી, લેવાથી, ફેંકવાથી, નીચે પાડવાથી તથા વસ્ત્ર, પાત્ર, પંખો વગેરેને હલાવીને વાયુકાયની ઉદીરણા કરવાથી તથા બોલતી વખતે મુખમાંથી નીકળતા વાયુના વેગથી વાયુકાયની વિરાધના થાય છે, તે વિરાધના ન કરવી. (૫) વનસ્પતિકાય સંયમ– વૃક્ષ, લત્તા આદિ હરિતકાય (લીલોતરી માત્ર)ના સ્પર્શ આદિથી નિવૃત્ત થવું. (૬–૯) બેઈન્દ્રિયાદિ સંયમ– બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોની દયા પાળવી.

(૧૦) અજીવકાય સંયમ– મૂલ્યવાન વસ્ત્ર, પાત્ર આદિને ગ્રહણ ન કરવા તેમજ મર્યાદિત ગ્રહણ કરવા; કલ્પનીય વસ્ત્ર, પાત્ર આદિને યતના પૂર્વક લેવા તથા મૂકવા. (૧૧) પ્રેક્ષા સંયમ– સ્થાન, વસ્ત્ર, પાત્ર, પાટ–પાટલા ઈત્યાદિને સારી રીતે વિધિપૂર્વક જોવાં, પ્રતિલેખન કરવું. (૧૨) ઉપેક્ષા સંયમ– તેના બે પ્રકારે અર્થ થાય છે– (૧) સંયમ માર્ગમાં અનુકૂળ–પ્રતિકૂળ પરીષહોથી કલેશનો અનુભવ ન કરતાં તેના પ્રત્યે ઉપેક્ષાભાવ રાખવો, તેમજ શત્રુ–મિત્રમાં અને ઈષ્ટ–અનિષ્ટ સંયોગમાં રાગદ્વેષ ન કરવો પરંતુ તેમાં મધ્યસ્થ ભાવ રાખવો. (૨) દરેક વસ્તુ જોઈને જ તેનો ઉપયોગ કરવો અને દરેક પ્રવૃત્તિમાં ઈર્યાસમિતિનું પૂર્ણ લક્ષ્ય રાખવું તે ઉપેક્ષા સંયમ છે.

(૧૩) અપહૃત્ય(પરિષ્ઠાપન) સંયમ–યતનાપૂર્વક ઉચ્ચાર–પ્રસ્રવણને પરઠવાં. (૧૪) પ્રમાર્જના સંયમ– યતનાપૂર્વક સ્થાનક, વસ્ત્ર, પાત્ર, શય્યા, સંસ્તારક આદિને પૂંજવા(પ્રમાર્જવા). (૧૫) મન સંયમ– અકુશળ મનનો નિરોધ કરીને, મનની કુશળ પ્રવૃત્તિ કરવી. (૧૬) વચન સંયમ– અશુભ વચનનો ત્યાગ કરીને, શુભ વચન બોલવાં. (૧૭) કાય સંયમ– યતનાપૂર્વક કાયાની પ્રવૃત્તિ કરવી.

અન્ય પ્રકારે સંયમના સત્તરભેદ– (૧–૫) હિંસા, અસત્ય, અદત્ત(ચોરી), મૈથુન, પરિગ્રહ આ

પાંચ અવ્રતથી વિરત થવું. (૬–૧૦) પાંચ ઈન્દ્રિયોના ઈષ્ટ વિષયોમાં રાગ ન કરવો, અનિષ્ટ વિષયોમાં દ્વેષ ન કરવો. (૧૧–૧૪) ક્રોધાદિ ચાર કષાયોનો નિરોધ કરવો, ઉદયમાં આવેલા કષાયોને નિષ્ફળ કરવા, જેમકે– ક્રોધનાં ઉદયમાં ક્ષમા ધારણ કરવી, માનના ઉદયમાં નમ્રતા રાખવી, માયાના ઉદયમાં સરલતા રાખવી, લોભના ઉદયમાં નિર્લોભતા ધારણ કરવી. (૧૫–૧૭)પદાર્થોની આવશ્યકતાઓને યથાશક્તિ ઘટાડવી તે **કાયિક સંયમ** છે. વાણીને કુમાર્ગથી હટાવીને સુમાર્ગમાં પ્રવૃત્ત કરવી, તે **વાચિક સંયમ** છે. મનને વિકલ્પોમાંથી હટાવીને સુવ્યવસ્થિત અને સુનિયંત્રિત રાખવું; પ્રશસ્ત ચિંતન કરવું, તે **માનસિક સંયમ** છે. આ રીતે પાંચ આશ્રવનો નિરોધ, પાંચ ઈન્દ્રિયનો નિગ્રહ, ચાર કષાયનો વિજય તથા ત્રણ ગુપ્તિનું ધારણ; સંયમના આ સત્તર ભેદ પણ હોય છે.

અહિંસાના પાલન માટે સંયમના સત્તર ભેદોનું પરિજ્ઞાન આવશ્યક છે. ઉપરોક્ત સંયમના ભેદોને લક્ષમાં રાખીને, યતના એવં વિવેકથી પ્રવૃત્તિ કરવી જોઈએ, જેથી કોઈપણ જીવના દ્રવ્ય કે ભાવ પ્રાણોની વિરાધના ન થાય.

અહિંસા અને સંયમના સ્વરૂપને જોતાં સ્પષ્ટ થાય છે કે હિંસાદિ આશ્રવોથી નિવૃત્તિ તે સંયમ અને સર્વ જીવો પ્રતિ સંયમભાવ તે અહિંસા છે. આ રીતે અહિંસા જ સંયમ છે અને સંયમ જ અહિંસા છે. અહિંસા સાધ્ય છે અને તે સાધ્યની સિદ્ધિ માટે જે આવશ્યક નિયમોનું પાલન થાય તે સંયમ છે. જેમ કે સર્વથા પ્રાણાતિપાત વિરમણ મહાવ્રતનું પાલન અહિંસારૂપ છે અને તેની પૂર્ણતા માટે સમિતિ, ગુપ્તિનું પાલન કરવું તે સંયમ છે. જે સંયમી છે તે જ પૂર્ણ અહિંસક બની શકે છે અને અહિંસક વ્યક્તિ જ સંયમનું પાલન કરી શકે છે. આ રીતે અહિંસા અને સંયમ બંને પરસ્પર સાપેક્ષ છે.

**તવો:** :– તપ–જ્ઞાનાવરણીયાદિ આઠ પ્રકારના કર્મોને તપાવે, બાળે અર્થાત્ નાશ કરે, તે તપ છે. ઈચ્છાના નિરોધને પણ તપ કહે છે. તપનું આચરણ આ લોકની નામના કે પરલોકની કામના માટે નહીં પરંતુ કેવળ નિર્જરા માટે, આત્મશુદ્ધિની દષ્ટિથી કરવામાં આવે તો તે તપ ધર્મ સ્વરૂપ છે.

તપના મુખ્ય બે ભેદ છે – બાહ્ય અને આભ્યંતર. બાહ્ય તપના છ ભેદ છે યથા– (૧) અનશન (૨) ઊણોદરી (૩) ભિક્ષાચર્યા(અથવા વૃત્તિ સંક્ષેપ) (૪) રસપરિત્યાગ (૫) કાયક્લેશ અને (૬) પ્રતિ–સંલીનતા(અથવા વિવિક્ત શયનાસન).

**(૧) અનશન :–** ચાર પ્રકારના કે ત્રણ પ્રકારના આહારનો એક દિવસ કે અનેક દિવસ અથવા જીવન પર્યંત ત્યાગ કરવો.

**(૨) ઊણોદરી :–** આહાર, ઉપકરણ આદિની માત્રા ઓછી કરવી તે દ્રવ્ય ઊણોદરી છે અને ક્રોધાદિ કષાયોને મંદ કરવા, તે ભાવ ઊણોદરી તપ છે.

**(૩) ભિક્ષાચર્યા :–** સાધુઓની અપેક્ષાએ વિશુદ્ધ ભિક્ષા માટે ભ્રમણ કરવું. ગૃહસ્થો માટે દ્રવ્યોની તથા ઉપભોગ્ય વસ્તુઓની પ્રતિદિન મર્યાદા કરવી.

**(૪) રસપરિત્યાગ :–** આયંબિલ, નિર્વિગઈ(નીવી) આદિ તપના માધ્યમથી દૂધ, ગોળ, દહીં, ઘી, તેલ, મીઠાઈ આદિ રસનો ત્યાગ કરવો, સ્વાદ વૃત્તિ ઉપર વિજય મેળવવો.

**(૫) કાયકલેશ :–** ઠંડી, ગરમી આદિને સહન કરવા; સંયમ ધર્મપાલન માટે કેશલોચ, પદયાત્રા–વિહારાદિના કષ્ટો સહન કરવા; વીરાસન, ઉત્કટ આસન વગેરેથી શરીરને સંતુલિત એવં સ્થિર રાખવું.

**(૬) પ્રતિસંલીનતા :–** ઈન્દ્રિયોના શબ્દાદિ વિષયોમાં રાગદ્વેષ ન કરવો; સ્ત્રી, પશુ, નપુંસક રહિત સ્થાનમાં નિવાસ કરવો; ઉદયમાં આવેલા ક્રોધાદિને નિષ્ફળ કરવા; ઉદયમાં ન આવેલા ક્રોધાદિનો નિરોધ કરવો; અકુશળ મન આદિને નિયંત્રિત કરીને કુશળવૃત્તિમાં મન આદિને પ્રવૃત્ત કરવા અર્થાત્ કુસંગ છોડી સત્સંગમાં જોડવા.

આભ્યંતર તપના છ ભેદ છે– (૧) પ્રાયશ્ચિત્ત (૨) વિનય (૩) વૈયાવૃત્ય (૪) સ્વાધ્યાય (૫) ધ્યાન (૬) વ્યુત્સર્ગ.

**(૧) પ્રાયશ્ચિત્ત :–** સાધનામય જીવનમાં લાગેલા અતિચારો અથવા દોષોની વિશુદ્ધિ માટે પ્રતિક્રમણ, આલોચના, નિંદા, ગર્હાદિ કરીને પ્રાયશ્ચિત ગ્રહણ કરવું.

**(૨) વિનય :–** દેવ, ગુરુ, ધર્મ તથા જ્ઞાનાદિ પ્રતિ વિનય કરવો. શ્રદ્ધા, ભક્તિપૂર્વક રત્નાધિકોનું બહુમાન કરવું, ઊભા થવું, આસન આપવું, વંદના કરવી; તેમના મનને અનુકૂળ પ્રવૃત્તિ કરવી.

**(૩) વૈયાવૃત્ય :–** આચાર્ય આદિ દસ પ્રકારના સાધકો તથા સાધર્મિકો એવં સંઘ–સમુદાયની શુદ્ધ આહાર પાણી આદિથી સેવા–ભક્તિ કરવી.

**(૪) સ્વાધ્યાય :–** વાચના, પૃચ્છના, અનુપ્રેક્ષા(ચિંતન), પરિવર્તના, ધર્મકથા(વ્યાખ્યાનાદિ) દ્વારા શ્રુતજ્ઞાનની આરાધના કરવી.

**(૫) ધ્યાન :–** આર્ત અને રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરીને ધર્મધ્યાન એવં શુક્લ ધ્યાન દ્વારા મનને એકાગ્ર કરવું; ચિત્તને તન્મય કરવું.

**(૬) વ્યુત્સર્ગ :–** કાયાદિના વ્યાપારનો તથા કષાય આદિનો ત્યાગ કરવો, ઉપકરણો પરથી મમત્વ છોડવું; શિષ્ય, સંઘ, સમુદાય(ગણ) વગેરેનો વ્યુત્સર્ગ મમત્વનો ત્યાગ કરી અથવા વ્યુત્સર્જન કરી(છોડી)ને એકત્વ ભાવમાં રમણ કરવું.

અહિંસાથી સ્વ–પરનું હિત થાય છે, સર્વને શાન્તિ મળે છે માટે અહિંસા ધર્મ છે. સંયમથી દુષ્પ્રવૃત્તિ રોકાઈ જાય છે; તૃષ્ણા મંદ થાય છે; સંયમી પુરુષોના સંયમ પાલનથી સર્વ જીવોને અભય મળે છે; દુઃખી જીવોને આશ્વાસન મળે છે, રાષ્ટ્રમાં શાન્તિ ફેલાય છે; માટે સંયમ ધર્મ છે. તપથી અંતઃકરણ શુદ્ધ થાય છે માટે તપધર્મ છે. પૂર્વે દર્શાવેલા રાષ્ટ્રધર્મ વગેરે લૌકિક ધર્મ અહિંસાદિથી યુક્ત હોતા નથી, તેથી તે ઉત્કૃષ્ટ મંગલરૂપ બની શકતા નથી. અહિંસા, સંયમ, તપરૂપ પ્રધાન ધર્મ જ ઉત્કૃષ્ટ મંગલરૂપ છે.

**मंगलं :–** ભારતીય સંસ્કૃતિમાં મંગલ શબ્દ ખૂબ પ્રચલિત છે અને આસ્તિક, નાસ્તિક પ્રત્યેક વ્યક્તિ પોતાના દરેક કાર્યને નિર્વિઘ્નરૂપથી સફળ કરવા માટે તેના પ્રારંભમાં મંગલ કરે છે. મંગલનો અર્થ છે કે જે મમતાને ગાળી નાંખે અને સ્વ–પર માટે હિતકારી, મંગલકારી, કલ્યાણકારી થાય, તે મંગલ કહેવાય છે. તેના બે ભેદ છે – દ્રવ્યમંગલ અને ભાવમંગલ.

**દ્રવ્યમંગલ :–** ઔપચારિક અથવા નામ માત્રથી જે મંગલરૂપ હોય તે. જેમ કે– પૂર્ણ કલશ, સ્વસ્તિકાદિ અષ્ટ મંગલ, દહીં, અક્ષત, શંખ, આદિ. તેનાથી ધન પ્રાપ્તિ, કાર્ય સિદ્ધિ આદિ માનવામાં આવે છે. આ લૌકિકમંગલ અથવા દ્રવ્યમંગલ છે.

**ભાવમંગલ :–** આચાર્ય હરિભદ્રસૂરિએ મંગલનો અર્થ આ પ્રમાણે કર્યો છે. જેનાથી હિત થાય, કલ્યાણ થાય તે મંગલ કહેવાય છે અથવા જે સુખને લાવે તે મંગલ છે. જે એકાન્તિક સુખજનક હોય, આત્યંતિક દુઃખનાશક હોય, ભવ અંકુર વિનાશક હોય, મોક્ષ પ્રાપ્તિમાં સહાયક અને આધારભૂત હોય તે જ ભાવમંગલ કહેવાય છે.

અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મ એકાંતે સુખજનક, દુઃખનાશક અને મોક્ષપ્રદાય હોવાથી મંગલરૂપ છે.

**उक्किट्ठं :–** ઉત્કૃષ્ટ = શ્રેષ્ઠ, જયેષ્ઠ. જેનાથી કોઈ ચઢિયાતુ ન હોય તે. ધર્મ અનુત્તર મોક્ષ સુખને પ્રદાન કરે છે તેથી તે ઉત્કૃષ્ટ મંગલરૂપ છે.

**देवा वि तं णमंसंति :–** સૂત્રકારે ગાથાના ઉત્તરાર્દ્ધમાં ધર્મનો મહિમા પ્રદર્શિત કર્યો છે. ધર્મની તલ્લીનતા સાધકને આત્મ સુખમાં(આનંદમાં) મગ્ન બનાવે છે. સાધકનું લક્ષ્ય પણ સ્વભાવમાં સ્થિરતાનું અને સ્વાભાવિક આનંદની પ્રાપ્તિનું હોય છે. પરંતુ તેની આરાધના વર્તમાનમાં અનંત પુણ્યનો બંધ પણ કરાવે છે અને તે પુણ્ય પ્રભાવે ધાર્મિક વ્યક્તિ વિશ્વવંદ્ય બની જાય છે.

આ લોકમાં ચાર ગતિના જીવોમાં દેવો ઐશ્વર્યશાળી અને ઋદ્ધિસંપન્ન છે. સાધારણ લોકો તેના અનુગ્રહ માટે તેની સેવા, પૂજા, ભક્તિ કરે છે. પરંતુ તે જ દેવો સ્વયં ધર્મમાં લીન સાધક પુરુષોની સેવા ભક્તિ, નમસ્કાર અને ઉપાસના કરે છે.

આ રીતે ધર્મનો મહિમા ઈહલૌકિક કે પારલૌકિક ભૌતિક ઐશ્વર્યથી અનંતગણો અધિક અને અચિંત્ય છે.

## ભ્રમર વૃત્તિ સમ ભિક્ષાચર્યા :–

**२** **जहा दुम्मस्स पुप्फेसु, भमरो आवियइ रसं ।**
**ण य पुप्फं किलामेइ, सो य पीणेइ अप्पयं ॥**

**३** **एमेए समणा मुत्ता जे लोए संति साहुणो ।**
**विहंगमा व पुप्फेसु, दाणभत्तेसणे रया ॥**

**છાયાનુવાદ :** यथा द्रुमस्य पुष्पेषु, भ्रमर आपिबति रसम् ।
न च पुष्पं क्लामयति, स च प्रीणयत्यात्मानम् ॥२॥
एवमेते श्रमणा मुक्ता, ये लोके सन्ति साधवः ।
विहङ्गमा इव पुष्पेषु, दानभक्तैषणे रताः ॥३॥

**શબ્દાર્થ :– जहा** = જેવી રીતે **भमरो** = ભ્રમર **दुमस्स** = વૃક્ષના **पुप्फेसु** = ફૂલોમાંથી **रसं** = રસને **आवियइ** = મર્યાદાપૂર્વક પીવે છે **य** = અને, પરંતુ **पुप्फं** = ફૂલને **ण** = નથી **य** = પાદપૂર્તિ માટે **किलामेइ** = પીડા આપતો **सो** = તે ભ્રમર **अप्पयं** = આત્માને, પોતાને **पीणेइ** = તૃપ્ત કરે છે.

**एमेए** = એવી રીતે, આ પ્રમાણે **लोए** = લોકમાં **जे** = જે **मुत्ता** = બંધનથી મુક્ત **समणा** = શ્રમણો **साहुणो** = સાધુઓ **संति** = છે **दाण** = દાતાના આપેલા **भत्तेसणा** = પ્રાસુક–નિર્દોષ આહારાદિ અને એષણામાં **रया** = રત રહે છે, લીન રહે છે **व** = જે પ્રમાણે **पुप्फेसु** = ફૂલોમાં **विहंगमा** = ભ્રમર.

**ભાવાર્થ :–** જેમ ભ્રમર વૃક્ષના ફૂલોમાંથી ફૂલોને કષ્ટ આપ્યા વિના મર્યાદાપૂર્વક રસ પીએ છે અને પોતાના આત્માને તૃપ્ત કરી લે છે. તેમજ આ લોકમાં બાહ્ય અને આભ્યંતર ગ્રંથીથી મુક્ત થયેલા શ્રમણો, ભ્રમર જેવી અકષ્ટદાયક વૃત્તિથી ગૃહસ્થ દ્વારા અપાતા નિર્દોષ આહારની ગવેષણામાં દત્તચિત્ત રહે છે.॥૨–૩॥

## વિવેચન :–

ધર્મનું સ્વરૂપ અને તેનું મહત્ત્વ બતાવ્યા પછી આ બે ગાથાઓમાં મોક્ષ પ્રાપ્તિના સાધનભૂત શરીરના નિર્વાહ માટે અહિંસક જીવન વૃત્તિને સમજાવતાં ભ્રમરવૃત્તિનું દૃષ્ટાંત આપ્યું છે.

**जहा दुमस्स पुप्फेसु :–** ભ્રમરની આહાર પ્રાપ્તિનું કેન્દ્ર સ્થાન દ્રુમપુષ્પ(વૃક્ષ પરના ખીલેલા પુષ્પો) છે. વૃક્ષ સ્વયં પાણી, માટી વગેરેમાંથી પોષણ મેળવી પુષ્પિત થાય છે. ભ્રમર ફરતા ફરતા અનેક પુષ્પો પર બેસીને એક પણ પુષ્પને અંશ માત્ર પણ પીડા પહોંચાડ્યા વિના; તેના વર્ણ, ગંધ કે રસ, સ્પર્શમાં હાનિ કર્યા વિના તેમાંથી મર્યાદિત રસ પીએ છે.

ભ્રમર નિષ્પરિગ્રહી છે. પોતાની આવશ્યકતા અનુસાર નિર્દોષ રીતે રસપાન કરે છે. તે જ રીતે શ્રમણો પણ ઘણા ઘરોમાં ભ્રમણ કરતાં કરતાં તવંગર–ગરીબના ભેદભાવ વિના, ગૃહસ્થને કે અન્ય કોઈ પણ જીવોને પીડા પહોંચાડ્યા વિના; ગૃહસ્થે પોતાના જીવન નિર્વાહ માટે બનાવેલા આહારમાંથી મર્યાદિત આહાર ગ્રહણ કરીને જીવન નિર્વાહ કરે છે.

**दाणभत्तेसणे रया :–** શ્રમણો અને ભ્રમરોની જીવનવૃત્તિમાં અનેક પ્રકારનું સામ્ય હોવા છતાં શ્રમણોની અહિંસક જીવનવૃત્તિમાં કંઈક વિશેષતા છે; સૂત્રકારે તે **दाणभत्तेसणे** શબ્દ દ્વારા પ્રગટ કરી છે. આ પદ નિર્ગ્રંથ શ્રમણની ભિક્ષાવૃત્તિનો મૂળ મંત્ર છે. ભ્રમર અદત્ત રસને ગ્રહણ કરે છે જ્યારે ભિક્ષુ ગૃહસ્થો દ્વારા

પ્રદત્ત, પ્રાસુક ભોજનની એષણામાં તત્પર રહે છે; દાતા દ્વારા સ્વેચ્છાથી પ્રસન્નતાપૂર્વક દીધેલા આહારાદિ ગ્રહણ કરે છે. તે આહાર દાતાના ઘરમાં પોતાના માટે બનેલો હોય, અચિત્ત(જીવ રહિત) હોય, ભિક્ષા ગ્રહણના કોઈ નિયમ વિરુદ્ધ ન હોય તો જ ભિક્ષુ તેને ગ્રહણ કરે. આ રીતે ગવેષણા અને ગ્રહણૈષણાપૂર્વક ભિક્ષા ગ્રહણ કરવાથી શ્રમણ પોતાના અહિંસા, અચૌર્ય, અપરિગ્રહ ત્રણે ય મહાવ્રતોને અખંડ રાખી શકે છે.

**એષણા :–** સાધુએ ભિક્ષાટન કરવાના સમયનો; પ્રાસુક, ગ્રાહ્ય, કલ્પનીય એવં એષણીય આહારાદિની ગવેષણાનો; તેની પ્રાપ્તિ અને તેના ઉપભોગનો વિવેક રાખવો જોઈએ. તેને એષણા અથવા એષણા સમિતિ કહે છે. ઉત્તરાધ્યયન આદિ શાસ્ત્રમાં એષણાના ત્રણ પ્રકાર બતાવ્યા છે, યથા– (૧) ગવેષણા (૨) ગ્રહણૈષણા (૩) પરિભોગેષણા.

(૧) ભિક્ષાચરી માટે નીકળેલા સાધુ દ્વારા ગ્રાહ્ય, અગ્રાહ્ય, કલ્પનીક, અકલ્પનીક આહાર ગ્રહણ કરવા સંબંધી નિયમોના પાલનને ગવેષણા કહે છે અર્થાત્ ૧૬ ઉદ્ગમના અને ૧૬ ઉત્પાદનના એમ બત્રીસ દોષોથી રહિત આહાર લેવો તે **ગવેષણા** કહેવાય છે. (૨) ભિક્ષા જીવી સાધુ ભિક્ષાગ્રહણ કરવાના સમયે ગ્રહણ કરવા અંગેના એષણાના દસ દોષ ટાળીને આહાર ગ્રહણ કરે તેને **ગ્રહણૈષણા** કહે છે. (૩) ભિક્ષામાં પ્રાપ્ત આહારાદિના ઉપભોગ સમયે માંડલાના પાંચ દોષો ટાળીને ભોજન કરવું તેને **પરિભોગૈષણા** અથવા **ગ્રાસેષણા** કહે છે. *[ તેના વર્ણન માટે જુઓ–પરિશિષ્ટ ]*

**रया :–** પ્રસ્તુત ગાથામાં એષણામાં રત રહેવાનો અર્થ આ પ્રમાણે થાય છે– ઉપરોક્ત ત્રણ પ્રકારની એષણાના ૪૭ દોષોથી રહિત શુદ્ધ ભિક્ષા ગ્રહણ કરવામાં તત્પર રહેવું, પૂર્ણ ઉપયોગની સાથે સર્વ દોષોથી રહિત ગવેષણા આદિમાં પ્રસન્ન રહેવું. *[ એષણા સમિતિના વિવિધ પ્રકારના દોષોના વિશ્લેષણ માટે જુઓ–પરિશિષ્ટ ]*

**समणा :–** આ શબ્દના ચાર પ્રકારે અર્થ થાય છે, યથા– (૧) શ્રમણ (૨) શમન (૩) સમણ (૪) સમનસ્ (સુમનસ્).

(૧) જે સાધક ધર્મ પાલનમાં, રત્નત્રયરૂપ મોક્ષમાર્ગમાં શ્રમ–પુરુષાર્થ કરે છે, કર્મક્ષય માટે શ્રમ–તપ કરે છે; પરીષહ સહે છે, વિષયોથી ઉદાસીન રહે છે, ઈન્દ્રિયોનું દમન કરે છે, તે **શ્રમણ** છે. (૨) જે સાધક કષાયો અને નોકષાયોનું શમન કરે છે, શુદ્ધ ભાવનાથી સંતાપને શાન્ત કરે છે, તે **શમન** છે. (૩) જે સાધક પોતાની સમાન સર્વજીવોને જાણે છે, માને છે; તેઓ જીવો પ્રતિ રાગ કે દ્વેષ કરતા નથી પરંતુ મધ્યસ્થ ભાવ રાખે છે, તે **સમણ** છે. (૪) જે સાધકનું મન શુભ છે, જે સર્વનું હિત ચિંતવે છે, તે સુમના છે. સ્વજન–પરજન અથવા સન્માન–અપમાન આદિમાં જે સમ રહે છે, તે **સુમના અથવા સમના** છે.

**मुत्ता :–** આ શબ્દના બે અર્થ છે– (૧) બાહ્ય અને આભ્યંતર પરિગ્રહથી તથા રાગ–દ્વેષ, મોહ, આસક્તિ અને ઘૃણાથી જે મુક્ત હોય. (૨) લોભથી મુક્ત, નિર્લોભતાના ગુણથી યુક્ત.

**संति साहुणो :–** આ શબ્દના બે પ્રકારે અર્થ થાય છે– **(૧) शान्तिसाधवः** = **शान्ति** એટલે જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણરૂપ વિશિષ્ટ શાન્તિની, સિદ્ધિની, ઉપશમની, નિર્વાણની, નિર્ભયતાની **साधवः** એટલે સાધના કરનાર. **(૨) सन्ति साधवः** = સાધુ છે. જે રત્નત્રયની આરાધનાથી નિર્વાણની સાધના કરે છે તે **સાધુ** કહેવાય છે.

**विहंगमा व पुप्फेसु :–** અહીં 'ભ્રમર'ને બદલે **વિહંગમ** શબ્દનો ઉલ્લેખ વિશેષ અર્થને દર્શાવવા માટે છે. વિહંગમનો અર્થ છે– આકાશમાં ભ્રમણશીલ ભ્રમર. પુષ્પના રસ પીતું એક પ્રકારનું પ્રાણી. જેવી રીતે ભ્રમર સ્વયં વૃક્ષના ફૂલો ઉપર પહોંચી જાય છે, વૃક્ષ કે ફૂલ ભ્રમર પાસે આવતું નથી. તેવી રીતે સાધુઓ પણ ભિક્ષા માટે સ્વયંભ્રમણ કરતાં ધનાઢ્ય, ગરીબ, મધ્યમ કોઈપણ ઘરમાં જઈને જ આહાર ગ્રહણ કરે છે.

## નિર્દોષ ભિક્ષાવૃત્તિની પ્રતિજ્ઞા :–

**૪** **वयं च वित्तिं लब्भामो, ण य कोइ उवहम्मइ ।**
**अहागडेसु रीयंते, पुप्फेसु भमरा जहा ॥**

**છાયાનુવાદ : वयं च वृत्तिं लप्स्यामः, न च कोऽप्युपहन्यते ।**
**यथाकृतेषु रीयंते, पुष्पेषु भ्रमरा यथा ॥**

**શબ્દાર્થ :– अहागडेसु** = યથાકૃત, જે ઘરોમાં ગૃહસ્થે પોતાને માટે ભોજન તૈયાર કરેલું હોય તેમાંથી **वयं** = અમે **वित्तिं** = વૃત્તિ, આહારાદિ **लब्भामो** = પ્રાપ્ત કરશું **कोइ** = કોઈપણ પ્રાણીની **ण उवहम्मइ** = હિંસા ન થાય તેમ **जहा** = જેમ **पुप्फेसु** = ફૂલોમાં **भमरा** = ભ્રમર **रीयंते** = ફરે છે, વિચરે છે **च य** = પાદ પૂર્તિ માટે.

**ભાવાર્થ :–** (શ્રમણ સાધકો કહે છે કે) અમે એવી રીતે ભિક્ષા પ્રાપ્ત કરશું કે જેમાં કોઈ જીવની વિરાધના ન થાય. જેમ ભ્રમર સ્વયં વિકસિત ફૂલોમાંથી રસ ગ્રહણ કરે છે તેમ અમે ગૃહસ્થ દ્વારા પોતાના માટે તૈયાર કરેલા ભોજનમાંથી આહાર ગ્રહણ કરીશું.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથામાં સાધુની નિર્દોષ ભિક્ષા વૃત્તિ માટેની પ્રતિજ્ઞા છે.

પૂર્વની બે ગાથાઓમાં શ્રમણની ભિક્ષાચરીને ભ્રમરવૃત્તિની ઉપમાથી ઉપમિત કરવામાં આવી છે. ભિક્ષાના બે પ્રકાર છે– લૌકિક અને લોકોત્તર. (૧) પોતાનું પેટ ભરવામાં અસમર્થ દીન, હીન, અનાથ, લૂલા, લંગડાની ભિક્ષા.

(૨) પંચમહાવ્રતધારી, અષ્ટ પ્રવચન માતાના આરાધક મુનિરાજની તેમજ પ્રતિમાધારી શ્રાવકની

ભિક્ષા પ્રશસ્ત કહેવાય છે.

**वयं च वित्तिं लब्भामो... :–** સંયમી શ્રમણો પ્રતિજ્ઞા કરે છે કે– અમે પણ ભ્રમર વૃત્તિની સમાન સંયમ જીવન નિર્વાહ માટે ઘણાં ઘરોમાંથી કોઈપણ જીવોની હિંસા ન થાય, દાતાને દુઃખ ન થાય તેવી લોકોત્તર ભિક્ષા ગ્રહણ કરશું.

**अहागडेसु रीयंते :–** યથાકૃતનો અર્થ છે– ગૃહસ્થોએ પોતા માટે, પોતાના કુટુમ્બને માટે બનાવેલો આહાર. તે આહારને દાતા પ્રસન્નચિત્તથી વહોરાવશે તો અમે દીનતા રહિત, ત્યાગવૃત્તિપૂર્વક, ભિક્ષા રૂપે ગ્રહણ કરી વિચરશું.

હરિભદ્ર સૂરિએ શ્રમણ નિર્ગ્રંથોની ભિક્ષાને સર્વ સંપત્કરી કહી છે. કારણ કે તે ભિક્ષા દ્વારા આત્માની જ્ઞાન, દર્શન, સુખ આદિરૂપની સમસ્ત સંપત્તિ પ્રાપ્ત થાય છે. આ ભિક્ષાનાં ગુણ નિષ્પન્ન છ નામ કહ્યા છે– (૧) માધુકરી (૨) ગોચરી (૩) ગંડુલેપા (૪) અક્ષાંજના (૫) ગર્તાપૂરણી (૬) દાહોપશમની.

**(૧)** માધુકરીનું સ્વરૂપ ઉપરોક્ત પ્રમાણે જાણવું.

**(૨) ગોચરી–** તેના બે અર્થ છે– (૧) જેમ ગાય જ્યાં ઓછું ઘાસ જુએ ત્યાં ઓછો ગ્રાસ લે અને જ્યાં વધુ ઘાસ જુએ, ત્યાં વધુ મોટો ગ્રાસ લે છે, ઘાસને ક્યારેય મૂળમાંથી ઉખેડતી નથી. આ રીતે ભિક્ષુ એક ઘરેથી સંપૂર્ણ આહાર ગ્રહણ કરે નહીં કે જેથી ગૃહસ્થને ફરીવાર આરંભ–સમારંભ કરવો પડે. અર્થાત્ ગૃહસ્થને બીજીવાર આહારપાણી બનાવવા ન પડે તેમ વિચાર કરીને સાધુ આહારાદિ લે તેને ગોચરી કહે છે. વિવિધ બહુમૂલ્ય વસ્ત્રાભૂષણોથી સજ્જ થયેલી સુંદર યુવતી સ્ત્રી ગાયને ઘાસ નીરવા આવે ત્યારે ગાય તેની સુંદરતા જોતી નથી પરંતુ તેની દષ્ટિ ઘાસ પર જ હોય છે. તેમ ભિક્ષુ આહારાદિ આપતી સ્ત્રીના સૌંદર્યાદિનું નિરીક્ષણ ન કરે, ફક્ત નિર્દોષ ભિક્ષા પર જ દષ્ટિ રાખે, તેને ગોચરી કહે છે.

**(૩) ગંડુલેપા–** જેમ ગૂમડાં ઉપર જરૂરી કરતાં વધારે લેપ કરવાથી લેપ આમ તેમ ફેલાઈ જાય છે અને આસપાસના નિરોગ પ્રદેશને પણ ખરાબ કરે છે અને જો ગૂમડાં ઉપર બિલકુલ લેપ કરવામાં ન આવે તો રોગ શાન્ત થતો નથી. તે જ રીતે સાધુ જો પ્રમાણથી અધિક આહાર કરે તો પ્રમાદ આદિ દોષ ઉત્પન્ન થવાથી સ્વાધ્યાયાદિ ક્રિયાનું પૂર્ણ પાલન કરી શકે નહીં અને અત્યંત થોડો આહાર કરે તો ક્ષુધા વેદનીય શાંત ન થવાથી વૈયાવૃત્યાદિ સાધુની ક્રિયા થઈ શકતી નથી. તેથી નિર્દોષ અને પરિમિત આહાર લેવો તે "ગંડુ લેપા" ભિક્ષા કહેવાય છે.

**(૪) અક્ષાંજના–** જેમ ગાડાની ધરીમાં યોગ્ય રીતે તેલનું ઊંજન કરવામાં આવે તો જ તે ગંતવ્ય સ્થાન પર પહોંચવામાં સહાયક બને છે, જો અધિક તેલનું ઊંજન થાય તો તેલ વ્યર્થ જાય છે. તેમ શ્રમણોને ઉચિત આહાર મોક્ષ પ્રાપ્તિની સાધનામાં સહાયક બને છે પરંતુ અતિ આહાર પ્રમાદાદિ દોષનું કારણ બને છે. તેથી પરિમિત આહાર લેવો તેને અક્ષાંજના ભિક્ષા કહેવાય છે.

**(૫) ગર્તાપૂરણી–** જેમ કોઈ ગૃહસ્થને ઘરે જવા–આવવાના માર્ગ પર કોઈ કારણથી ખાડો પડી જાય

તો તેને જોતાં જ તે ગૃહસ્થ શીઘ્ર માટી, પત્થરના ટુકડા વગેરેથી ખાડાને પૂરી નાંખે છે. તેમ મુનિ ક્ષુધાવેદનીયને લીધે પેટમાં પડેલાં ખાડાને આંતપ્રાન્ત, લૂખો–સૂકો નિરવદ્ય આહાર લઈને ભરી દે છે. તેને ગર્તાપૂરણી કહે છે.

(૬) **દાહોપશમની–** જે સમયે ઘરમાં અગ્નિ ભભૂકી ઊઠે તે સમયે ઘરનો સ્વામી જલદી–જલદી પાણી, કાદવ, ધૂળ, માટી વગેરે નાંખી આગ બુઝાવે છે. આ રીતે ભિક્ષુ સંયમની રક્ષા માટે શુષ્ક અને તુચ્છ આદિ નિર્દોષ ભિક્ષાથી ક્ષુધાને શાન્ત કરી લે છે. તેથી તેને "દાહોપશમની" કહે છે.

આ છ પ્રકારની ભિક્ષાના સ્વરૂપને જોતાં સ્પષ્ટ થાય છે કે સાધુ મોક્ષ સાધનાના સાધનભૂત શરીરના નિર્વાહ માટે અનાસક્ત ભાવે નિર્દોષ આહાર ગ્રહણ કરે છે.

## સાધુતાનાં મુખ્ય ગુણો :–

**૫** **महुगारसमा बुद्धा, जे भवंति अणिस्सिया ।**
**णाणापिंडरया दंता, तेण वुच्चंति साहुणो ॥ त्ति बेमि ॥५॥**

**છાયાનુવાદ : मधुकरसमा बुद्धाः ये भवन्ति अनिश्रिताः ।**
**नानापिंडरता दान्ताः, तेनोच्यन्ते साधव ॥ इति ब्रवीमि ॥**

**શબ્દાર્થ :– जे** = જે **बुद्धा** = તત્ત્વના જાણનારા **महुगारसमा** = મધુકરની સમાન **अणिस्सिया** = કુલાદિના પ્રતિબંધથી રહિત **भवंति** = હોય છે **णाणापिंडरया** = વિવિધ પ્રાસુક આહારાદિ લેવામાં રક્ત છે. તેમાં આનંદ માને છે **दंता** = ઈન્દ્રિય અને મનને દમનારા **तेण** = તે વૃત્તિના કારણે **साहुणो** = તે સાધુઓ **वुच्चंति** = કહેવાય છે **त्ति बेमि** = આ પ્રમાણે હું કહું છું.

**ભાવાર્થ :–** જેઓ તત્ત્વના જાણનારા છે, ભ્રમરની સમાન કુલાદિના પ્રતિબંધથી રહિત છે અને થોડો થોડો પ્રાસુક(અચિત્ત) આહાર અનેક ઘરેથી એકત્રિત કરીને પોતાની ઉદરપૂર્તિ કરનારા છે તથા ઈન્દ્રિયાદિનું દમન કરવામાં જે સમર્થ છે તે સાધુ કહેવાય છે અર્થાત્ આ ગુણોના કારણે જ તેઓ સાધુ કહેવાને યોગ્ય થાય છે. સુધર્મા સ્વામીએ જંબૂસ્વામીને કહ્યું કે જેમ ભગવાન પાસેથી મેં સાંભળ્યું છે તેમ મેં તમને કહ્યું છે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથામાં સાધુતાની ઓળખ માટે તેના મુખ્ય ચાર ગુણોનું પ્રતિપાદન કર્યું છે– (૧) બુદ્ધ (૨) મધુકરવત્ અનિશ્રિત (૩) નાનાપિંડરત અને (૪) દાન્ત.

**(૧) बुद्धा :–** બુદ્ધા–પ્રબુધ, જાગૃત, તત્ત્વજ્ઞ અથવા કર્તવ્ય–અકર્તવ્યના વિવેકી.

**(૨) महुकार समा अणिस्सिया :–** મધુકરની સમાન અનિશ્રિત હોય છે. શ્રમણોની અને ભ્રમરોની અનિયતતા ચાર પ્રકારે હોય છે, **૧.** મધુકર કોઈ ફૂલને આશ્રિત હોતો નથી. તે ભિન્ન–ભિન્ન પુષ્પોમાંથી

રસ લે છે. તે જ રીતે શ્રમણ પણ કોઈ એક ઘરને આશ્રિત હોતા નથી, **૨.** મધુકરની વૃત્તિ અનિયત હોય છે, તે કયા પુષ્પનો રસ ગ્રહણ કરવા જશે તેનો પ્રથમ નિર્ણય કરતો નથી, અનાયાસ જે પુષ્પ મળે તેનો રસ લે છે. તે પ્રમાણે ભિક્ષા જીવી સાધુ પણ અનિયત એટલે કોઈ તીથિ, વાર, ઘર, લત્તા, ગલી નિયત કરી ગોચરીએ જતાં નથી. અનાયાસ, અનિયત વૃત્તિથી કોઈ પણ ઘરમાં ભિક્ષા માટે જાય છે. **૩.** ભ્રમર કોઈ એક ફૂલમાં આસક્ત થતો નથી. તેમ શ્રમણ કોઈ પણ એક ખાદ્ય પદાર્થ કે કોઈ એક ઘરમાં આસક્ત થતા નથી. **૪.** ભ્રમરનું કોઈ નિવાસસ્થાન કોઈ કુટુમ્બ વગેરેથી પ્રતિબદ્ધ હોતું નથી, તેમ શ્રમણનું નિવાસસ્થાન પણ કુટુમ્બ, જાતિ, વર્ગ આદિથી પ્રતિબદ્ધ હોતું નથી અર્થાત્ તેઓ મમતાના બંધનથી બંધાતા નથી.

**(૩) णाणापिंडरया :–** તેના અર્થ આ પ્રમાણે થાય છે, યથા– (૧) વિવિધ ઘરમાંથી આંત, પ્રાંત, અરસ, નીરસ આદિ વિવિધ પ્રકારના આહારને ગ્રહણ કરવામાં રત–પ્રસન્ન રહે. (૨) વિવિધ પ્રકારના અભિગ્રહ– પૂર્વક પ્રાપ્ત થયેલા આહારને ગ્રહણ કરે. (૩) આહારની ગવેષણામાં વિવિધ પ્રકારે વૃત્તિ સંક્ષેપ કરી ભ્રમણ કરે અને પ્રાપ્ત થયેલા આહારમાં સંતુષ્ટ થાય.

આ રીતે વિવિધ પ્રકારે વૃત્તિસંક્ષેપ કરી કે વિવિધ પ્રકારે અભિગ્રહ ધારણ કરી, વિવિધ ઘરમાંથી પ્રાપ્ત થયેલા વિવિધ પ્રકારના આહારમાં રત રહે.

**(૪) दंता :–** આ પદના પાંચ અર્થ છે– **૧.** ઈન્દ્રિયો તથા મનના વિકારોનું દમન કરનાર **૨.** ઈન્દ્રિયોને નિયંત્રિત કરનાર **૩.** સંયમ અને તપથી આત્માનું દમન કરનાર **૪.** ક્રોધ, માન, માયા, લોભ આદિ અધ્યાત્મ દોષોનું દમન કરવામાં તત્પર રહેનાર **૫.** આત્માથી આત્માનું દમન કરનાર અર્થાત્ વાસનાને ઉપાસનામાં ઢાળનાર.

**तेण वुच्चंति साहुणो :–** ઉપરોક્ત ચારે ગુણો પરસ્પર સાપેક્ષ છે. જે સાધુ સંયમમાં જાગૃત અને સાવધાન હોય છે તે મધુકર સમાન અનિશ્ચિત ઘરેથી અનિયત આહાર પાણી પ્રાપ્ત કરે છે. જે અનિયતચારી છે તે વિવિધ અભિગ્રહપૂર્વક વિવિધ પ્રકારના આહાર પ્રાપ્ત કરવામાં જ રત રહે છે. જે તથાપ્રકારના આહાર પ્રાપ્ત કરવામાં અનુરક્ત રહે છે તે સહજ રીતે ઈન્દ્રિય અને મનનું દમન કરનાર હોય છે અને જે આ ચાર ગુણોની સિદ્ધિથી અહિંસા, સંયમ અને તપની આરાધના કરે છે તેને જ સાધુ કહેવાય છે.

### –: પરમાર્થ :–

આત્મા પોતે જીવ દ્રવ્ય છે. તેના અનંત ગુણો છે. તેમાં જ્ઞાન ગુણ પ્રધાન છે. તે જ્ઞાનગુણ અનંતગુણોનું જાણપણું કરાવે છે. દરેક ગુણ અને પર્યાય, સ્વતંત્ર, સહજ અને સુખમય છે. એક જ દ્રવ્યમાં અનંત ધર્મો (ગુણો) રહે છે. છતાં તે કોઈ કોઈમાં હસ્તક્ષેપ કરતાં નથી. ધર્મ પોતે જ એવો સમર્થ છે કે અસ્તિત્વ, વસ્તુત્વ પ્રમેયત્વ વગેરે ગુણધર્મો દ્વારા પદાર્થને તે સ્વરૂપમાં રાખે છે. પ્રસ્તુત અધ્યયનમાં વીતરાગ પરમાત્માએ અહિંસા, સંયમ, તપરૂપ ધર્મની પરાકાષ્ટા અને મંગલમયતા દર્શાવી, ચેતનમય જીવ દ્રવ્ય જાહેર કર્યું છે. તે સુખનો ભંડાર છે. તેને કોઈની જરૂર નથી. તે સહજ સુખમય છે. તેવા સ્વભાવને પામવા, વૈભાવિક અવસ્થા ટાળવા, પુદ્ગલાનંદીમાંથી ચિદાનંદી બનવા, અમોઘ ઉપાય દેખાડયો છે કે ભિક્ષુ ભ્રમર

વૃત્તિ કરે. સૂત્રમાં વૃક્ષનાં ફૂલોનું દષ્ટાંત આપી, નિર્દોષ જીવન જીવવાની કલા કલાપની ક્રિયા બતાવી, સ્વરૂપમાં લીન થવા પ્રેરણા આપી છે. પાંચમી ગાથામાં પંચમ ગતિ પામવા પુરુષાર્થ કરવાનું સૂચન કર્યું છે– હે સાધક ! તું પામર નથી તું પરમાત્મા છો; બુદ્ધ, જ્ઞાતા, જ્ઞાન, જ્ઞાયક, દષ્ટા, દર્શન, દશ્યથી અભિન્ન એવો આત્મા છો; તેમ કહી સાધકની સાધુતા બિરદાવી છે. જૈન અણગાર કોઈનો ઓશિયાળો નથી. તે તો બાદશાહનો બાદશાહ, શહેનશાહનો શહેનશાહ છે. તેને કોઈ બંધનો નડતા નથી. તે તો રાત–દિવસ પોતામાં મસ્ત બની, આત્મ દ્રવ્યરૂપ વૃક્ષના અસંખ્યાત આત્મપ્રદેશરૂપ પ્રશાખાના પ્રગટેલા ગુણોરૂપી પુષ્પોનો પરાગ પીતો, કોઈ પ્રાણીના પ્રાણનો નાશ ન કરતો, પરમ પ્રાણને પામવાનો પુરુષાર્થ કરતો પરમાર્થ માર્ગ ઉપર વિચરે છે.

**॥ અધ્યયન–૧ સંપૂર્ણ ॥**

# બીજું અધ્યયન

## પરિચય

★ આ અધ્યયનનું નામ **सामण्णपुव्वयं**– શ્રામણ્યપૂર્વક છે.

★ જે સંયમમાં શ્રમ કરે તેને શ્રમણ કહે છે. શ્રમણના ભાવને શ્રમણત્વ અથવા શ્રામણ્ય કહે છે.

સંસારની પ્રત્યેક વ્યક્તિ શ્રમણધર્મનું પાલન કરી શકતી નથી. શ્રમણધર્મના પાલન માટે વિશેષ પ્રકારની પાત્રતા(યોગ્યતા) હોવી જરૂરી છે. શ્રમણત્વની પાત્રતા છે– નિષ્કામના, કામેચ્છાથી નિવૃત્ત થયા વિના શ્રમણત્વ પ્રાપ્ત થતું નથી. આ તથ્યને દષ્ટિમાં રાખીને શાસ્ત્રકારે આ અધ્યયનમાં શ્રમણધર્મની પૂર્વભૂમિકાનું વર્ણન કર્યું હોવાથી તેનું નામ **શ્રામણ્યપૂર્વક** રાખ્યું છે.

★ શાસ્ત્રકારે કામ નિવારણને શ્રામણ્યનું બીજ બતાવ્યું છે. ટીકાકારે ધૈર્યને શ્રામણ્યનું બીજ કહ્યું છે. ખરેખર ધૈર્યવાન જ કામનું નિવારણ કરે છે અને કામ નિવૃત્તને જ શ્રમણત્વ પ્રાપ્ત થયા છે.

તે ઉપરાંત આ અધ્યયનમાં બાહ્ય ત્યાગ અને આંતરત્યાગનો તફાવત, શ્રમણધર્મના પાલન માટે આંતરત્યાગની મહત્તા, શ્રમણધર્મની સ્થિરતા માટેના ઉપાયો વગેરે વિષયોને રાજેમતી અને રથનેમિના ઐતિહાસિક દષ્ટાંતથી સમજાવ્યા છે.

★ જે સાંસારિક વિષયભોગોનો કે ઉત્તમોત્તમ ભોગવવા યોગ્ય પદાર્થોનો બહારથી ત્યાગ કરે છે, પરવશ હોવાના કારણે તે પદાર્થોનો ઉપભોગ કરી શકતો નથી, તે માત્ર **બાહ્ય ત્યાગી** છે જે સ્વેચ્છાથી, અંતરથી પદાર્થને અને તેની આસક્તિને ત્યાગે છે તે **આંતર ત્યાગી** છે અને તે શ્રમણત્વનો અધિકારી છે.

★ કામનો ત્યાગ શ્રમણધર્મમાં સ્થિર થવાનો સચોટ ઉપાય છે. અહીં કામ શબ્દથી ઈચ્છાકામ અને મદનકામ(ભોગરૂપ કામ) બંને પ્રકારના કામના ત્યાગનું કથન છે. કામની ઈચ્છા અનેક સંકલ્પ–વિકલ્પોનું સર્જન કરે છે, કામનો ભોગવટો જીવને સદાય અતૃપ્ત રાખે છે અને બંનેના પરિણામ સ્વરૂપે તેને દુઃખ પ્રાપ્ત થાય છે.

★ આ અધ્યયનમાં રાજેમતી દ્વારા રથનેમિને અપાયેલા ઉપદેશના માધ્યમથી સંયમમાં સ્થિર થવાના ઉપાયોનું નિરૂપણ છે.

★ અગંધનકુળના સર્પ અગ્નિમાં બળીને મરવાનું પસંદ કરે છે પરંતુ વમન કરેલા વિષને પુનઃ ચૂસતા નથી. તે જ રીતે સંયમના મહામાર્ગમાં સ્થિર થયેલા સાધકો એકવાર ત્યાગ કરેલા વિષયોની પુનઃ ઈચ્છા કદાપિ કરતા નથી.

**કામ ત્યાગના ઉપાયો :–** સતત સાવધાન રહેવા છતાં ક્યારેક પૂર્વકૃત કર્મોના કારણે સાધકનું ચિત્ત ચંચળ બની જાય, સંયમભાવથી ચલિત થઈ જાય ત્યારે સાધક "મારા આત્મા સિવાય વ્યક્તિ, વસ્તુ વગેરે સર્વ અન્ય છે," તેવી અન્યત્વ ભાવનાના ચિંતન દ્વારા રાગભાવનો ત્યાગ કરે, શરીરને શિથિલ બનાવવા વિવિધ પ્રકારે આતાપના લે, સુકુમારતાનો ત્યાગ કરે, રાગદ્વેષભાવને છોડે. આ રીતે કોઈ પણ ઉપાયે ચંચલ થયેલા ચિત્તને સંયમભાવમાં સ્થાપિત કરે. ક્યારેક અન્યના પ્રેરક વચનોથી પણ સંયમ ભાવો સ્થિર થાય છે. પ્રસ્તુત અધ્યયનમાં રાજેમતીના વૈરાગ્યપૂર્ણ પ્રેરક વચનોથી રથનેમિ સંયમભાવમાં સ્થિર થઈ ગયા, તેનું સંક્ષિપ્ત વર્ણન છે. વિસ્તૃત કથાનક આ પ્રમાણે છે–

**રાજેમતી–રથનેમી :–** સોરઠ દેશમાં 'દ્વારિકા' નામની એક નગરી હતી. તે બાર યોજનની લાંબી અને નવ યોજનની પહોળી હતી.

તે સમયે નવમા વાસુદેવ શ્રી કૃષ્ણમહારાજ રાજ્ય કરતા હતા. તેમના પિતાશ્રીના સહુથી મોટા ભાઈ સમુદ્ર વિજય હતા. તેને શિવા નામની રાણી હતા. તેણીની રત્નકુક્ષિએ અરિષ્ટનેમિકુમારે જન્મ ધારણ કર્યો હતો. અરિષ્ટનેમિ યુવાનીમાં આવ્યા ત્યારે કૃષ્ણ વાસુદેવે ઉગ્રસેન રાજાની પુત્રી રાજેમતી સાથે તેમના લગ્ન નિર્ધારિત કર્યા. શુભ મુહૂર્તે અરિષ્ટનેમી રાજકુમારની જાન(બારાત) જઈ રહી હતી. રસ્તામાં જૂનાગઢની પાસે વાડામાં તથા પાંજરામાં બાંધેલા અને પૂરેલા ઘણા પશુઓને રાજકુમારે નિહાળ્યાં.

આ દશ્ય નિહાળીને તેમનું દિલ દ્રવી ઉઠયું. અરિષ્ટનેમિએ જાણતા હોવા છતાં પણ જનતાને બોધ કરાવવાને માટે સારથિને પૂછ્યું– આ પશુઓને અહીંયા શા માટે બાંધ્યા છે ? સારથિએ કહ્યું– કુમાર ! આ પશુઓને આપના લગ્નમાં સાથે આવેલા માંસાહારી જાનૈયાના ભોજન માટે વાડામાં પૂર્યા છે, આ વાત સાંભળતા જ રાજકુમાર અરિષ્ટનેમિનું ચિત્ત ઉદાસીન બન્યું. કરુણાસિંધુ કુમાર આપોઆપ વિચારવા લાગ્યા કે મારા લગ્ન માટે અનેક પશુઓનો વધ કરાવવો યોગ્ય નથી. તેમ વિચારતાં તેમની ચિત્તવૃત્તિ વિવાહ પ્રત્યે ઉદાસીન બની ગઈ. તે જ સમયે તેમણે પોતાના આભૂષણો ઉતારીને સારથિને અર્પણ કરી દીધા અને પશુઓને બંધનમાંથી મુક્ત કરાવી. પોતે પણ કર્મબંધનથી મુક્ત થવા માટે લગ્ન કર્યા વિના પાછા ફર્યા. એક વર્ષ પર્યંત કરોડો સુવર્ણમુદ્રાઓનું દાન આપીને એક હજાર પુરુષોની સાથે તેમણે દીક્ષા અંગીકાર કરી.

ત્યાર પછી તે વિદુષી રાજેમતી કન્યા પણ પોતાના અવિવાહિત પતિના વિયોગે વૈરાગ્યભાવ ધારણ કરીને સાતસો સખીઓ સાથે દીક્ષિત બની.

એકદા શ્રી રાજેમતી સાધ્વીજી વગેરે ભગવાન શ્રી અરિષ્ટનેમિજીના દર્શનાર્થે રૈવતગિરિ (ગિરનાર) પર જઈ રહ્યા હતા. ત્યાં રસ્તામાં અકસ્માત્ વાવાઝોડા સહિત વર્ષા થતાં સાધ્વી રાજેમતી સમુદાયથી વિખૂટા પડી ગયા અને પોતાના ભીંજાયેલા વસ્ત્રો હોવાને કારણે એક ગુફામાં પ્રવેશ્યા. ત્યાં જઈને નિર્જન સ્થાન જોઈ વસ્ત્ર ઉતારીને ભૂમિપર રાખી દીધા. ત્યાં ભગવાન શ્રી અરિષ્ટનેમિજીના દીક્ષિત થયેલા નાનાભાઈ શ્રી રથનેમિ પહેલેથી જ સમાધિમાં સ્થિત હતા. અંધારી ગુફામાં વિજળીના ચમકારામાં સાધ્વી રાજેમતીની દેદીપ્યમાન દેહલતા ઉપર એકાએક શ્રી રથનેમિની દષ્ટિ પડી. દષ્ટિ પડતાં જ તેનું ચિત્ત

કામભોગો તરફ આકર્ષિત થઈ ગયું અને સાધ્વી રાજેમતીની પાસે જઈને પ્રાર્થના કરવા લાગ્યા. તે સમયે વસ્ત્ર ધારણ કરી સાવધાન બની, ચારિત્રશીલા શ્રી રાજેમતિએ તેજસ્વી તત્ત્વબોધથી પૂર્ણ, તીવ્રભાષાની તાતી તલવારનો પ્રહાર કર્યો અને કહ્યું કે સંયમમાં સ્થિર થઈને વિચરો અન્યથા જ્યાં જ્યાં તમે સ્ત્રીઓને જોશે ત્યાં ત્યાં તમારી સ્થિતિ ડામાડોળ થઈ જશે.

**અસંયમને ઈચ્છતા તમને ધિક્કાર છે; વમન કરેલાને પુનઃ ચાટવું તેનાથી મૃત્યુ શ્રેયકારી છે.**

સાધ્વી રાજેમતીના આંતરિક સંયમ અને વૈરાગ્યથી વાસિત ઉપાલંભના વચનો સાંભળીને રથનેમિ સંયમભાવમાં સ્થિર થઈ ગયા. સંયમ અને તપનું પાલન કરી રથનેમિ તથા રાજેમતી બંને નિર્વાણપદને પામ્યા.

રાજેમતીના વાક્‌પ્રહાર અને તેની રથનેમી પર થયેલી જાદુઈ શુભ અસરનો આ પ્રસંગ વિશ્વ સાહિત્યમાં અજોડ છે. આ ચરિત્ર વિશ્વના શ્રેષ્ઠ ચરિત્રમાં ઉચ્ચસ્થાન ધરાવે છે.

આ રીતે સાધકોને મોહ ઉદયના કારણે સંયમથી વિચલિત થવાનો પ્રસંગ આવે ત્યારે પોતાની જાત ઉપર અંકુશ રાખીને શ્રમણત્વમાં સ્થિર થઈ જવું જોઈએ, તેમાં જ સંયમ જીવનની સફળતા છે.

❖❖❖❖❖

# બીજું અધ્યયન

## શ્રામણ્યપૂર્વક

### શ્રમણધર્મની પૂર્વભૂમિકા : કામરાગ ત્યાગ :–

**१** कहं णु कुज्जा सामण्णं, जो कामे ण णिवारए ।
पए पए विसीयंतो, संकप्पस्स वसं गओ ॥

**છાયાનુવાદ :** कथं नु कुर्यात् श्रामण्यं, यः कामान्न निवारयेत् ।
पदे पदे विषीदन्, संकल्पस्य वशं गतः ॥

**શબ્દાર્થ :– जो** = જે સાધક પુરુષ **कामे** = કામભોગને **ण णिवारए** = ત્યાગતો નથી **पए पए** = પગલે પગલે **विसीयंतो** = વિષાદ પામતો, ખેદ પામતો **संकप्पस्स** = સંકલ્પોને, વિકલ્પોને, અસ્થિરતાને **वसं गओ** = વશ થયેલો **कहं णु** = કેવી રીતે **सामण्णं** = શ્રમણભાવનું, સાધુપણાનું **कुज्जा** = પાલન કરશે ?

**ભાવાર્થ :–** જે સાધક પુરુષ કામભોગનું નિવારણ કરતો નથી, તે પગલે પગલે સંકલ્પ–વિકલ્પોને વશ બની વિષાદ–ખેદને પ્રાપ્ત થાય છે. ખેદિત થયેલો તે આત્મા સંયમભાવનું પાલન કેવી રીતે કરશે ?

### વિવેચન :–

પ્રસ્તુત ગાથામાં અધ્યયનનો મુખ્ય વિષય શ્રમણત્વની પૂર્વભૂમિકા–કામત્યાગ અને તેની મહત્તાને સમજાવી છે.

કામના કે વાસના અનર્થનું મૂળ છે. તેનો વેગ વિકલ્પોની વૃદ્ધિ કરે, ચિત્તને ચંચળ બનાવે અને વૃત્તિને બહિર્મુખી બનાવે છે. કામભોગની પ્રાપ્તિ કે અપ્રાપ્તિ આ બંને ય ખેદ અને સંતાપને જ પ્રાપ્ત કરાવે છે. તેવી વ્યક્તિ સંયમભાવમાં સ્થિર થઈ શકતી નથી. કામભોગ અને સંયમભાવ પરસ્પર પ્રકાશ અને અંધકારની જેમ વિરોધી છે. તે બંને સાથે રહી શકતા નથી. તેથી જ કામભોગનો ત્યાગ તે જ શ્રમણધર્મની પૂર્વભૂમિકા છે.

**कामे :–** કામના બે પ્રકાર છે– દ્રવ્યકામ અને ભાવકામ. (૧) વિષયાસક્ત મનુષ્યો દ્વારા ઇચ્છિત શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શની પ્રાપ્તિને કામ કહે છે. જે મોહોદયના કારણો છે, જેના સેવનથી વાસના

ઉત્તેજિત થાય છે, તેને **દ્રવ્યકામ** કહેવાય છે. તાત્પર્ય એ છે કે મનોરમ્ય સ્ત્રીના રૂપ, હાસ્ય, વિલાસ, હાવભાવ, કટાક્ષ, અંગ લાવણ્ય, ઉત્તમ શય્યા, આભૂષણ વગેરે કામોત્તેજક દ્રવ્યને **દ્રવ્યકામ** કહે છે. (૨) **ભાવકામના** બે પ્રકાર છે– ઈચ્છાકામ અને મદનકામ.

**ઈચ્છાકામ–** ચિત્તમાં થતી અભિલાષા–આકાંક્ષાને ઈચ્છાકામ કહેવાય છે. ઈચ્છા બે પ્રકારની હોય છે. પ્રશસ્ત અને અપ્રશસ્ત. ધર્મ અને મોક્ષ સંબંધી ઈચ્છા પ્રશસ્ત છે. કોઈની સાથે કલહ, યુદ્ધ, રાજ્ય, વિનાશ આદિની ઈચ્છા થાય તે અપ્રશસ્ત છે. **મદનકામ–** વેદોદયને મદન કામ કહે છે. સ્ત્રી–વેદોદયથી પુરુષની અભિલાષા કરવી, પુરુષવેદોદયથી સ્ત્રીની અભિલાષા કરવી તથા નપુંસકવેદોદયથી બન્નેની અભિલાષા કરવી, આ રીતે વિષયભોગમાં પ્રવૃત્તિ કરવી તે મદનકામ કહેવાય છે. બંને પ્રકારની ઈચ્છાઓ સાધુ માટે ત્યાજ્ય છે. પ્રસ્તુતમાં ભોગેચ્છા ત્યાગ પ્રધાન ઉપદેશ છે.

**पए पए विसीयंतो संकप्पस्स वसंगओ :–** આ શબ્દો દ્વારા શાસ્ત્રકારે ગાથાના ઉત્તરાર્દ્ધમાં કામના પરિણામને સમજાવ્યું છે. કામને વશ થયેલો પુરુષ તેના સંકલ્પ વિકલ્પ કરી પગલે પગલે અર્થાત્ સમયે સમયે વિષાદને પ્રાપ્ત કરે છે.

ઈચ્છારૂપ કામ અનંત છે. એક ઈચ્છા પૂર્ણ થતાં બીજી ઈચ્છા પ્રગટે છે. આ રીતે ઈચ્છાઓ અનંત હોવાથી ક્યારેય તેનો અંત આવતો નથી. ઈચ્છાને વશ થયેલો પુરુષ ઈચ્છાપૂર્તિ માટે સંકલ્પ વિકલ્પ કર્યા જ કરે છે; તેના પરિણામે તે શોકને જ પામે છે. કામથી કલુષિત થયેલા અધ્યવસાય વિહ્વળતા ઉત્પન્ન કરે છે. વ્યાખ્યાકાર આચાર્યશ્રી અગસ્ત્યસિંહ સૂરિએ આ પદના વિવેચનમાં કહ્યું છે–

**काम ! जानामि ते रुपं, संकल्पात् किल जायते ।**
**न त्वां संकल्पयिष्यामि, ततो मे न भविष्यसि ।** – *[ચૂર્ણિ, પૃ.–૪૧]*

અર્થાત્ – હે કામ ! હું તને જાણું છું. તું સંકલ્પથી ઉત્પન્ન થાય છે. હું તારો સંકલ્પ જ નહીં કરું, તેથી તું મારા મનમાં ઉત્પન્ન થઈ શકીશ નહીં.

જ્યારે વ્યક્તિ કામનો વિચાર કરે છે, ત્યારે જ વિવિધ પ્રકારની વાસના, મોહક પદાર્થની તૃષ્ણા–ઈચ્છાઓનો મેળો તેના મનમાં જામે છે. તે મેળામાંથી કામ્ય પદાર્થોને પ્રાપ્ત કરવા માટેના અધ્યવસાય કરે છે. તેના જ ચિંતનમાં તે ડૂબેલો રહે છે. તે બિચારો–બાપડો **संकप्पस्स वसंगओ** = સંકલ્પને વશ થઈ જાય છે અને અંતે તેની સંકલ્પપૂર્તિમાં કોઈ અવરોધ આવે, કોઈ વિરોધ કરે, ઈન્દ્રિયક્ષીણતા આદિ વિવશતા– ઓના કારણે કામ્ય પદાર્થોનો ઉપભોગ ન કરી શકે ત્યારે તે ક્રોધ કરે છે, સંકલેશ પામે છે, મનમાં ને મનમાં ધૂંધવાય છે, શોક–ખેદ કરે છે, વિલાપ કરે છે, બીજાને મારવાના કે નાશ કરવાના મનસૂબા ઘડે છે; આવા પ્રકારનું આર્ત–રૌદ્રધ્યાન ધરીને તે ડગલેને પગલે વિષાદ મગ્ન રહે છે.

**ભગવદ્‌ગીતામાં** પણ કામ–ઈચ્છાના સંકલ્પથી અધઃપતન એવં સર્વનાશ કેમ થાય છે તેનો ક્રમ આપ્યો છે. યથા–

**ध्यायतो विषयान् पुंसः, संगस्तेषूपजायते ।** — વિષયોનું રહે ધ્યાન, તેમાં આસક્તિ ઊપજે.

| | |
|---|---|
| संगात् संजायते कामः, कामात्क्रोधोऽभिजायते ॥१॥ | જન્મે આસક્તિથી કામ, કામથી ક્રોધ નીપજે ॥૧॥ |
| क्रोधाद् भवति सम्मोहः, सम्मोहात् स्मृति विभ्रमः । | ક્રોધથી મૂઢતા આવે, મૂઢતા સ્મૃતિને હરે. |
| स्मृति भ्रशांत बुद्धि नाशो, बुद्धि नाशात् प्रणश्यति ॥२॥ [અ૦ ૨.શ્લોક ૬૨–૬૩] | સ્મૃતિ લોપે બુદ્ધિ નાશ, બુદ્ધિ નાશે વિનાશ છે. ॥૨॥ |

**विसीयंतो :–** વિષાદગ્રસ્તતા. વિષયોની કામનાથી સંયમ અને ધર્મ પ્રત્યે અરુચિ અર્થાત્ ખિન્નતાની ભાવના ઉત્પન્ન થાય તેને વિષાદ કહે છે. વિષાદગ્રસ્ત સાધક વાતવાતમાં સુખ સુવિધાવાદી, સુખાળું–સુખિયું, સુકુમાર, કાયર અને શિથિલ થઈ જાય છે. આ વિષય સમજાવવા માટે વૃત્તિકારે એક ઉદાહરણ આપ્યું છે.

કોંકણ દેશમાં એક વૃદ્ધ પુરુષ પોતાના પુત્રની સાથે પ્રવ્રજિત થઈ ગયા. પુત્ર શિષ્ય કામ ભોગના રસથી વિરક્ત થયો ન હતો પરંતુ તે વૃદ્ધ સાધુને અત્યંત પ્રિય હતો. એક દિવસે શિષ્યે કહ્યું – ગુરુદેવ ! જૂતા વિના મારાથી ચલાતું નથી, પગમાં છાલાં પડી જાય છે. અનુકંપાવશ વૃદ્ધ સાધુએ તેને જૂતા પહેરવાની છૂટ આપી. ફરી એક દિવસ શિષ્યે કહ્યું – ઠંડીથી પગના તળિયા ફાટી જાય છે. વૃદ્ધે મોજા પહેરવાની છૂટ આપી. થોડા દિવસ દિવસ પછી તે બોલ્યો– તાપમાં મારું માથું તપી જાય છે. વૃદ્ધ ગુરુએ તેને વસ્ત્ર ઓઢવાની છૂટ આપી. એ રીતે ક્રમશઃ તેની કામનાઓ અને સુકુમારતા આગળ વધવા લાગી, સંયમી જીવનમાં એક પછી એક છૂટ લેવા લાગ્યો. ભિક્ષા માટે ભ્રમણ કરવું કઠિન લાગતા ગુરુ ભિક્ષા લાવી આપવા લાગ્યા. પછી તેમને ભૂમિશયન મુશ્કેલ બનતા સુંવાળી શય્યાની છૂટ મેળવી. એમ ક્રમશઃ ક્ષુર મુંડન અને સ્નાનની પણ છૂટ મેળવી લીધી. અંતે એક દિવસ શિષ્ય બોલ્યો ગુરુજી ! હવે હું સ્ત્રી વિના રહી શકતો નથી. ગુરુએ તેને અયોગ્ય જાણીને છોડી દીધો.

આ પ્રમાણે સાધક ઈચ્છાઓ અને કામનાઓને વશીભૂત થઈને ડગલેને પગલે પોતાના શ્રમણ–ભાવથી શિથિલ, ભ્રષ્ટ અને વિચલિત થઈને, શીઘ્રાતિશીઘ્ર પોતાનો વિનાશ સર્જે છે.

જે સાધક, શ્રમણભાવ–પ્રશમ ભાવ અથવા સમભાવનું પાલન કરવા ઈચ્છે છે તેઓએ સમગ્ર કામભોગની ઈચ્છા, વાંછા, લાલસા, એવં સ્પૃહાનો ત્યાગ કરીને અનંત આત્મગુણોની પ્રાપ્તિમાં ઈચ્છાને જોડી દેવી જોઈએ, તે જ શ્રામણ્ય છે.

### ત્યાગી–અત્યાગીની પરખ :–

**२** **वत्थगंधमलंकारं, इत्थीओ सयणाणि य ।**
**अच्छंदा जे ण भुंजंति, ण से चाइ त्ति वुच्चइ ॥**

**છાયાનુવાદ :** **वस्त्रगन्धालङ्कारान्, स्त्रियः शयनानि च ।**
**अच्छंदा ये न भुञ्जते, णासौ त्यागीत्युच्यते ॥**

**શબ્દાર્થ :– जे** = જે પુરુષ **अच्छंदा** = પરાધીનપણે, પરવશપણે **वत्थं** = વસ્ત્ર, કપડાં **गंधं** = ગંધ,

સુગંધી વસ્તુઓ **अलंकारं** = આભૂષણ, ઘરેણાં **इत्थीओ** = સ્ત્રીઓ **सयणाणि** = શય્યા **य** = અન્ય આસનાદિ તેને **ण भुंजति** = ભોગવતો નથી **से** = તે **चाइत्ति** = ત્યાગી છે એમ **ण वुच्चइ** = કહેવાતો નથી.

**ભાવાર્થ :–** જે પુરુષ વસ્ત્રો, ગંધ, આભૂષણો, સ્ત્રીઓ તથા શય્યાઓ આદિને પરવશતા કે પરાધીનતાને કારણે ભોગવી શકતો નથી તે ત્યાગી કહેવાતો નથી.

**३** **जे य कंते पिए भोए, लद्धे वि पिट्ठि कुव्वइ ।**
**साहीणे चयइ भोए, से हु चाइ त्ति वुच्चइ ॥**

**છાયાનુવાદ :** **यश्च कान्तान् प्रियान् भोगान् , लब्धानपि पृष्ठी करोति ।**
**स्वाधीनः त्यजति भोगान् , स एव त्यागीत्युच्यते ॥**

**શબ્દાર્થ :– जे** = જે પુરુષ **पिए** = પ્રિય **कंते** = મનને આકર્ષણ કરનાર **भोए** = ભોગો **लद्धे** = પ્રાપ્ત **य** = અને **साहीणे** = સ્વાધીન હોવા છતાં **वि** = પણ **पिट्ठीकुव्वइ** = પીઠ કરે છે, ભોગમાં લાગેલી મનોવૃત્તિને પાછી વાળીને **चयइ** = ત્યાગે છે **हु** = વાસ્તવમાં **से** = તે જ પુરુષ **चाइ त्ति** = ત્યાગી છે એમ **वुच्चइ** = કહેવાય છે.

**ભાવાર્થ :–** જે પુરુષ મનોહર અને પ્રિય પ્રાપ્ત ભોગો તરફ પીઠ કરી દે છે તથા સ્વાધીન ભોગોથી વેગળા થઈ જાય છે અર્થાત્ તે ભોગોને છોડી દે છે તે જ પુરુષ ત્યાગી કહેવાય છે.

**વિવેચન :–**

આ બે ગાથામાં અત્યાગી અને આદર્શ ત્યાગીનું અંતર સ્પષ્ટરૂપે સમજાવવામાં આવ્યું છે.

**अच्छंदा :–** જે પુરુષ બાહ્ય પદાર્થોના ભોગનો પરવશપણે ત્યાગ કરે અર્થાત્ જેને ભોગ્ય પદાર્થોની ઉપલબ્ધિ જ થઈ નથી અથવા રોગાદિના કારણે તે ઉપલબ્ધ છતાં ભોગોને ભોગવી શકતો નથી; તે ત્યાગી કહેવાતો નથી. કારણ કે પરવશપણે થતા ત્યાગમાં મૂર્ચ્છા(આસક્તિ)નો ત્યાગ થતો નથી અને ત્યાગના પરિણામ પણ હોતા નથી. તેથી પદાર્થોનું સેવન ન કરવાથી તે બાહ્ય ત્યાગી હોવા છતાં વાસ્તવમાં ત્યાગી નથી.

**साहीणे :–** જે પુરુષ પ્રાપ્ત થયેલા ભોગને ભોગવવામાં સમર્થ હોવા છતાં સ્વેચ્છાથી તેનો ત્યાગ કરે છે, તે જ વાસ્તવમાં ત્યાગી છે. તેના દરેક ત્યાગમાં આસક્તિના ત્યાગની મુખ્યતા રહે છે.

આ રીતે સૂત્રમાં **अच्छंदा जे ण भुंजंति** અને **साहीणे चयइ भोए;** આ બે વાક્યો દ્વારા બાહ્ય ત્યાગ અને આદર્શ ત્યાગની ભેદ રેખા સ્પષ્ટ થઈ જાય છે.

આ વિષયને સ્પષ્ટ કરતા વ્યાખ્યાકારે બે દષ્ટાંત આપ્યા છે, યથા–

(૧) ચંદ્રગુપ્તરાજાએ નંદરાજાને રાજગાદી ઉપરથી ઉઠાડી, જંગલમાં કાઢી મૂક્યા હતાં અને પોતે રાજ્ય કરતા હતા. નંદ રાજાનો સુબંધુ નામે અમાત્ય હતો. તે સુબંધુ ચંદ્રગુપ્તરાજાના અમાત્ય ચાણક્ય પ્રતિ દ્વેષ રાખતો હતો. એકદા સુબંધુ અમાત્યે અવસર જોઈને રાજા ચંદ્રગુપ્તને કહ્યું– રાજન્ ! આપે મને આટલું ધન ન આપ્યું હોત તો પણ હું મારી ફરજ અદા કરત. આપનું હિત શેમાં છે ? તે વાત કરવા હું આવ્યો છું. આપની પ્રિય માતાને ચાણક્યે મારી નાંખી છે. આ વાત સાંભળી ધાવમાતાને પૂછવામાં આવ્યું. ધાવમાતાએ પણ એ જ પ્રમાણે કહ્યું, તેથી તેને ચાણક્ય પ્રતિ નફરત થઈ ગઈ. જ્યારે અમાત્ય ચાણક્ય રાજાની પાસે આવ્યા ત્યારે રાજાએ સ્નેહ દૃષ્ટિથી તેમને ન જોયા. બુદ્ધિમાન ચાણક્ય રાજાની નારાજગીની વાત સમજી ગયા. તેમણે વિચારી લીધું કે મોત આવી ગયું. તેઓ ઘરે આવ્યા, તેમણે સઘળી સંપત્તિ એકઠી કરીને, પુત્ર–પૌત્રાદિને વહેંચી દીધી.

ત્યાર પછી સુગંધિત દ્રવ્ય એકત્રિત કરી, એક ડબ્બામાં ભરી, એક પત્ર લખ્યો, તેને એક પછી એક એમ ચાર પેટી માંહેલી ચોથી પેટીમાં, સુગંધિત ડબ્બામાં પત્ર રાખ્યો. તે સર્વ પેટી એક સુગંધિત કોઠામાં રાખી. પછી ખીલી જડી કોઠાને પેક કર્યો. આ રીતે કર્યા પછી સર્વસ્વનો ત્યાગ કરી ચાણક્યે જંગલમાં આવી ઈંગિની મરણ અણસણ કર્યું. ધીરે ધીરે આ વાત ધાવમાતા દ્વારા રાજા પાસે આવી. તે જાણી રાજાને પસ્તાવો થયો. રાજા રાણી સહિત જંગલમાં આવ્યા અને ચાણક્યની ક્ષમા માંગી; રાજ્યમાં પધારવા નિવેદન કર્યું. તેના જવાબમાં ચાણક્યે કહ્યું– રાજન્ ! મેં સર્વનો ત્યાગ કરી અણસણ સ્વીકાર્યું છે. આ અવસર જોઈને, સુબંધુ બોલ્યો– રાજન્ ! આજ્ઞા આપો તો હું પણ તેમની પૂજા કરું. રાજાએ આજ્ઞા આપી. સુબંધુએ ધૂપ જલાવ્યો. એક અંગારો બાજુમાં રહેલા છાણાના ઢગલા ઉપર મૂકી દીધો. ત્યાર પછી રાજા અને સુબંધુ પાછા ફર્યા છાણા પર મૂકેલા અંગારાથી છાણા સળગ્યા, આગ લાગી, સાથો સાથ ચાણક્ય પણ બળી ગયા. સુબંધુએ રાજાને પ્રસન્ન કરી, સમય સાધી, આજ્ઞા માંગી, ચાણક્યનું ઘર એવં સર્વ સામગ્રી માંગી લીધી. સર્વ પોતાને આધીન કરી તે ઘરમાં રહેવા લાગ્યો.

પેલા પેક કરેલ કોઠાને તેણે જોયો. તેને ખોલ્યો તેમાં પેટી જોઈ તેની અંદર ડબ્બો જોયો, તેને ખોલ્યો તેમાં રહેલો સુગંધિત પત્ર જોયો અને વાંચ્યો અને તેમાં લખ્યું હતું, આ સુગંધિત ચૂર્ણ સૂંઘ્યા પછી જે સ્નાન કરશે, અલંકાર ધારણ કરશે, ઠંડુ પાણી પીશે, સુંદર શય્યા પર શયન કરશે, યાન પર ચઢશે, ગંધર્વના ગાન સાંભળશે, આ રીતે અન્ય ઈષ્ટ વિષયોના ભોગ ભોગવશે, તે મૃત્યુને પ્રાપ્ત થશે. પરંતુ આ ભોગ સામગ્રીને ન ભોગવતા સાધુની જેમ નિઃસ્પૃહ રહેશે તો મૃત્યુ નહીં પામે. સુબંધુએ તેનો પ્રયોગ અન્ય માનવ વ્યક્તિ ઉપર કર્યો. ખરેખર તે માનવ મૃત્યુ પામ્યો. આ જાણી તે પણ ત્યાગી મહાત્માની જેમ રહેવા લાગ્યો.

નિષ્કર્ષ એ છે કે જે આસક્તિનો ત્યાગ કર્યા વિના, ભયથી નિઃસ્પૃહ જીવન વ્યતીત કરે છે, તે ત્યાગી કહેવાતો નથી. તેવી જ રીતે જે લોકો વિવશતાને કારણે ભોગો ભોગવી ન શકે **न से चाइत्ति वुच्चइ** = તો તે ત્યાગી કહેવાતો નથી. કારણ કે તે ભોગ ભોગવવાની ઈચ્છાથી વિરામ પામ્યો નથી. સંક્ષેપમાં ભોગેચ્છાનો ત્યાગ કરવો તે જ સાચો ત્યાગ છે.

કદાચ અલ્પ પુણ્યોદયે જેને ભોગોપભોગની સામગ્રી પ્રાપ્ત ન થઈ હોય તેવી વ્યક્તિ જો સ્વેચ્છાથી

ભોગવૃત્તિનો ત્યાગ કરે તો તે ત્યાગી જ કહેવાય છે.

(૨) રાજગૃહીનો એક કઠિયારો સુધર્માસ્વામી પાસે દીક્ષિત થયો. તે ગૌચરી જતો ત્યારે લોકો વ્યંગ કરતા હતા કે "પેલો કઠિયારો સંસારનો ભાર વહન કરી શકતો ન હતો. તેથી દીક્ષિત થઈ ગયો છે." લોકોના ઉપાલંભને સાંભળીને, મુનિના કહેવાથી અભયકુમારે એક યુક્તિ રચી. ગામની બહાર ત્રણ કરોડ રત્નના ત્રણ ઢગલા કર્યા અને ઉદ્‌ઘોષણા કરાવી કે જે વ્યક્તિ સચિત્ત પાણી, અગ્નિ અને સ્ત્રી સંગનો જીવનપર્યંત ત્યાગ કરે તેને આ ત્રણ કરોડ રત્ન મળશે. લોકોએ કહ્યું, સંસારમાં આ ત્રણ વસ્તુ વિના રત્નનું શું પ્રયોજન ? આ રીતે એક પણ વ્યક્તિ સચિત્ત પાણી, અગ્નિ અને સ્ત્રીસંગનો ત્યાગ કરી રત્ન લેવા તૈયાર ન થઈ.

અભયકુમારે કહ્યું, આ ત્રણ વસ્તુનો ત્યાગ ત્રણ કરોડ રત્નના ત્યાગ કરતાં વધુ કિંમતી છે. લોકોને ત્યાગ માર્ગનું મહત્ત્વ સમજાઈ ગયું.

રહસ્ય એ જ છે કે ધનવાન કે ગરીબ, કોઈ પણ વ્યક્તિ વૈરાગ્યપૂર્વક મનોરમ્ય એવં પ્રાપ્ત કામભોગોનો સ્વેચ્છાથી ત્યાગ કરે છે તેમજ અપ્રાપ્તની અભિલાષા અને તેની આસક્તિનો ત્યાગ કરે છે, ત્યાગ કર્યા પછી મનમાં પણ તેનો વિચાર કરતો નથી, તે જ ત્યાગી છે.

**कंते पिए :–** સ્થૂલ દષ્ટિથી વિચારતા કાંત અને પ્રિય બન્ને શબ્દ એકાર્થક પ્રતીત થાય છે. પરંતુ બન્નેના શબ્દાર્થમાં અંતર છે.

પદાર્થની સહજ સુંદરતાને કાંત અને વ્યક્તિની રુચિ અનુસાર તેમાં ઇષ્ટપણું થવું તેને 'પ્રિય' કહેવાય છે.

આ વિષયમાં ચાર ભંગ બનાવ્યા છે– (૧) કોઈ વસ્તુ કાંત હોય છે પરંતુ પ્રિય નહીં. (૨) કોઈ વસ્તુ પ્રિય હોય છે, કાંત નહીં. (૩) કોઈ વસ્તુ કાંત પણ હોય છે અને પ્રિય પણ હોય છે. (૪) કોઈ વસ્તુ પ્રિય પણ ન હોય અને કાંત પણ ન હોય. તાત્પર્ય એ છે કે કોઈ વ્યક્તિને કાંત વસ્તુમાં પ્રિયતા થાય છે. તો કોઈ વ્યક્તિને અકાંત વસ્તુમાં પ્રિયતા થાય છે. એક વસ્તુ, એક વ્યક્તિ માટે પ્રિય થાય છે અને તે જ વસ્તુ બીજી વ્યક્તિ માટે અપ્રિય થાય છે. જેમ કે મનુષ્ય માટે લીમડો કડવો હોવાથી પ્રિય ન થાય પરંતુ અમુક રોગી અથવા ઊંટ માટે પ્રિય થાય છે. તેથી જે કાંત હોય, તે પ્રિય જ હોય તેવો કોઈ નિયમ નથી. દરેક વ્યક્તિઓની શુભ–અશુભ પ્રકૃતિના ઉદય પ્રમાણે પ્રિય થવામાં અંતર રહે છે. બન્ને વિશેષણોમાં આ જ અંતર છે. પદાર્થો, પદાર્થના સ્વરૂપે છે. છતાં ભોગી માનવ માટે તે સુવિધાવાળા બનતા હોવાથી કાંત અને પ્રિય થાય છે.

**भोए :–** ભોગ. પાંચે ઇન્દ્રિયોના વિષયો. શ્રી ભગવતી સૂત્રમાં કામ અને ભોગનું અંતર બતાવ્યું છે. સ્પર્શ, રસ અને ગંધ જે શરીર દ્વારા વિશેષ પ્રકારે ભોગવાય, જેનું શરીરરૂપે પરિણમન થાય, જેનો ઇન્દ્રિયો સાથે સીધો–અનંતર સંબંધ થાય તે ભોગ કહેવાય છે અને જેની કામના કરાય, જે શરીરરૂપે પરિણમે નહીં, જેનો ઇન્દ્રિયો સાથે પરોક્ષ–અંતરયુક્ત સંબંધ થાય તે રૂપ અને શબ્દ બંને **કામ** કહેવાય છે. પ્રસ્તુતમાં પાંચે ઇન્દ્રિયના વિષયોને સમુચ્ચયરૂપે ભોગ કહ્યા છે.

**लद्धे वि पिट्ठि कुव्वइ :–** આ વાક્યના અર્થ બે પ્રકારે થાય છે– (૧) ભોગો પ્રાપ્ત થવા છતાં તેની તરફ પીઠ કરી દે છે અર્થાત્ પાછળ કરી દે છે તેની વળગણા છોડી દે છે. (૨) વિવિધ દષ્ટિકોણથી પદાર્થનું ક્ષણ– ભંગુર સ્વરૂપ જાણીને, અનુભવીને વેગળો થઈ જાય છે; વિમુખ બને છે અર્થાત્ ઉદાસીન ભાવવાળો બની જાય છે.

### વાસના નિવારક ઉપાયો :-

**૪** **समाइ पेहाइ परिव्वयंतो, सिया मणो णिस्सरइ बहिद्धा ।**
**ण सा महं णो वि अहं पि तीसे, इच्चेव ताओ विणएज्ज रागं ॥**

**છાયાનુવાદ :** **समया प्रेक्षया परिव्रजन्(तस्य), स्यान्मनो निःसरति बहिस्तात् ।**
**न सा मम नाऽप्यहमपि तस्याः, इत्येव तस्या विनयेद् रागम् ॥**

**શબ્દાર્થ :– समाइ** = સમ્યક્ રીતે **पेहाइ** = ધ્યાનપૂર્વક **परिव्वयंतो** = વિચરતા સાધુનું **मणो** = મન **सिया** = કદાચિત્ **बहिद्धा** = સંયમ પથથી કે બ્રહ્મચર્યના ભાવોથી બહાર **णिस्सरइ** = નીકળી જાય તો **सा** = તેણી **महं ण** = મારી નથી **अहं पि** = હું પણ **तीसे** = તેણીનો **णो वि** = નથી **इच्चेव** = આ રીતે **ताओ** = તે સ્ત્રી ઉપરથી **रागं** = રાગને **विणइज्ज** = દૂર કરે.

**ભાવાર્થ :–** સમ્યક્ સાવધાની પૂર્વક વિચરતા સાધુનું મન કદાચિત્ સંયમ–બ્રહ્મચર્યના પરિણામોથી બહાર નીકળી જાય તો સાધુ "તે સ્ત્રી આદિ મારી નથી અને હું પણ તેણીનો નથી" આ પ્રકારની વિચારણાથી તે સ્ત્રી ઉપરથી રાગ અને આસક્તિના ભાવોને દૂર કરે.

**૫** **आयावयाही चय सोगमल्लं, कामे कमाही कमियं खु दुक्खं ।**
**छिंदाहि दोसं विणएज्ज रागं, एवं सुही होहिसि संपराए ॥**

**છાયાનુવાદ :** **आतापय त्यज सौकुमार्यं, कामान् क्राम क्रान्तं खु दुःखम् ।**
**छिन्धि द्वेषं विनयेद् रागं, एवं सुखी भविष्यसि सम्पराये ॥**

**શબ્દાર્થ :– आयावयाही** = આતાપના લે **सोगमल्लं** = સુકુમારતાને **चय** = ત્યાગ **कामे** = કામભોગોનું **कमाही** = અતિક્રમણ કર **दुक्खं** = દુઃખ **कमियं खु** = નિશ્ચયથી અતિક્રાંત થઈ જાય **दोसं** = દ્વેષને **छिंदाहि** = છેદી નાખ **रागं** = રાગને **विणइज्ज** = દૂર કર **एवं** = આ પ્રમાણે **संपराए** = સંસારમાં **सुही होहिसि** = સુખી થઈશ.

**ભાવાર્થ :–** હે શિષ્ય ! "આતાપના લે, સુકુમારતાને છોડ, કામોનું અતિક્રમણ કર. કામભોગને છોડવાથી નિશ્ચિતરૂપે દુઃખ દૂર થઈ જાય છે. તું દ્વેષનું છેદન કર, રાગને દૂર કર. આ પ્રમાણે કરવાથી સંસારમાં તું

સુખી થઈશ."

## વિવેચન :–

પ્રસ્તુત બે ગાથામાં ઈન્દ્રિય અને મન પર વિજય પ્રાપ્ત કરવા તથા ભાવ સમાધિમાં સ્થિત થવા અનેક ઉપાયોનું દર્શન કરાવ્યું છે યથા– (૧) અન્યત્વ ભાવનાનું ચિંતન (૨) આતાપના (૩) સુકુમારતાનો ત્યાગ (૪) ઈચ્છાઓ ઉપર નિયંત્રણ (૫) દ્વેષનો ઉચ્છેદ (૬) રાગનું અપનયન–રાગ ઘટાડવો.

**मणो णिस्सरई बहिद्धा :–** સર્વ સંગનો પરિત્યાગ કરીને, સંયમમાર્ગમાં સાવધાનીપૂર્વક વિચરતા, પ્રશસ્ત ધ્યાનમાં વર્તવા છતાં મોહનીયકર્મના ઉદયે સાધકનું ચિત્ત ક્યારેક ચંચળ બની જાય છે. કારણ કે વાસનાનું બીજ અત્યંત સૂક્ષ્મ છે; ઘણીવાર તે નિર્મૂળ થયેલું લાગે પરંતુ સહજ નિમિત્ત મળતાં તે પુનઃ અંકુરિત થઈ જાય છે અને મન સંયમભાવથી બહાર ચાલ્યુ જાય છે. તે સમયનું કર્તવ્ય બતાવતા વ્યાખ્યાકારે એક દૃષ્ટાંત આપ્યું છે. **યથા–**

એક દાસી પાણીનો ભરેલો ઘડો લઈને ઉપસ્થાન શાળાની નજીકથી નીકળી. ત્યાં રમી રહેલા એક રાજપુત્રે કાંકરો ફેંકીને પેલી દાસીના ઘડામાં કાણું પાડી દીધું. દાસીએ તુરંત ભીની માટી લઈને કાણું બૂરી દીધું અને ઘડાના જલનું રક્ષણ કર્યું. આ જ પ્રમાણે સાધક હૃદયરૂપ ઘટમાં ચારિત્ર રૂપ જળ ભરી વિચરતા હોય ત્યારે મનરૂપી રાજપુત્ર અશુભ ભાવરૂપ કાંકરો ફેંકીને, હૃદયઘટમાં કાણું પાડવા માંડે કે તુરંત સાધકે તે કાણાને પ્રશસ્ત (ભાવ) પરિણામરૂપ માટી દ્વારા બૂરી દઈને ચારિત્રજલનું રક્ષણ કરવું જોઈએ.

**અન્યત્વભાવના :–** સાધક મન સાથે વાર્તાલાપ કરે કે **ण सा महं णोवि अहं पि तीसे** = જેની હું અભિલાષા કરું છું તે સ્ત્રી મારી નથી, હું તેણીનો નથી. શાસ્ત્રકારે આ વાક્યમાં પ્રશસ્ત પરિણામરૂપે ભેદ વિજ્ઞાન માટેનું ચિંતન પ્રસ્તુત કર્યું છે. વ્યાપક અર્થમાં સ્ત્રી તેમજ આત્માથી ભિન્ન કોઈ પણ પર વસ્તુમાત્ર મારી નથી, હું પણ તેમનો નથી; તેમ જાણી અન્યત્વ ભાવનાથી રાગભાવને છોડી ચિત્તને આત્મભાવમાં સ્થિર કરે. આ વિષયને સમજાવવા માટે ચૂર્ણિમાં એક ઉદાહરણ આપ્યું છે. **યથા–**

એક વણિકપુત્રે, પોતાની પત્નીથી વિરક્ત થઈને દીક્ષા ગ્રહણ કરી અને રટણ કરવા લાગ્યો, "તે મારી નથી. હું તેણીનો નથી." આ રટણ કરતાં કરતાં એક દિવસ ભૂતકાળમાં ભોગવેલા સ્ત્રી સાથેનાં ભોગનું સ્મરણ, ચિંતન ચાલ્યું કે– "તે મારી છે, હું તેનો છું , તે મારામાં અનુરક્ત છે, તો પણ મેં તેનો ત્યાગ વ્યર્થ કર્યો;" આ પ્રમાણે વિચારીને તે પોતાની ભૂતપૂર્વ પત્ની જ્યાં હતી તે ગામમાં વિહાર કરી પહોંચી ગયો. તેની સ્ત્રી તેમને ઓળખી ગઈ. પરંતુ તે સાધક તેણીને ઓળખી ન શક્યો. તેથી જ તેમણે તેણીને પૂછ્યું કે અમુકની પત્ની જીવે છે કે મરી ગઈ. તેના મનમાં એવો ભાવ હતો કે જો જીવતી હશે તો દીક્ષા છોડી દઈશ. સાધકની પૂછવાની રીતથી ચતુર સ્ત્રીએ અનુમાન કર્યું કે જો હું જીવિત છું એમ કહીશ અને મોહવશ દીક્ષા છોડી દેશે તો બન્નેનો સંસાર વધી જશે. તેથી તેણીએ કહ્યું કે તે સ્ત્રી તો બીજાની સાથે ચાલી ગઈ. આ વાત સાંભળી સાધકની મોહદશા છૂટી ગઈ, ચિંતનધારા બદલાઈ ગઈ. તે વિચારવા લાગ્યો કે જે

સ્ત્રીને હું કામ દૃષ્ટિથી જોતો હતો, જેને હું ઝંખતો હતો તે બીજા સાથે ચાલી ગઈ; ખરેખર તે મારી નથી, હું તેમનો નથી. આ મંત્ર મને શીખવવામાં આવ્યો હતો, તે બરાબર છે. કોઈ ઉપર મોહ કરવો તે વ્યર્થ છે. આ પ્રમાણે પરમ સંવેગ ભાવ જાગૃત થયો અને તે પુનઃ સંયમમાં સ્થિર થઈ ગયા.

**इच्चेव ताओ विणएज्ज रागं :–** કદાચિત્ સ્ત્રી અથવા કોઈ પર વસ્તુ પ્રત્યે મોહોદયવશ કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ, આ ત્રણમાંથી કોઈપણ પ્રકારનો રાગ જાગૃત થઈ જાય તો મુનિ પૂર્વોક્ત પ્રકારે અને આ પ્રકારે અશુચિ ભાવનારૂપ અનુપ્રેક્ષા કરે–

આ શરીરમાં અનુરાગ ન કર, આ શરીર રજ–વીર્યથી ઉત્પન્ન થયું છે, તેના નવ દ્વારો વાટે મળ મૂત્રાદિ ઘૃણિત પદાર્થો નીકળ્યા કરે છે. આ શરીર કોમળ અને મનોહર કપડાંથી બાંધેલી મળમૂત્રની ગાંસડી સમ છે; આમ વિચારી સ્ત્રી આદિની મમતાથી અને રાગથી વિરક્ત થા.

આ રીતે મોહનો ત્યાગ કરી, આત્માના સ્વરૂપને જાણી, ચારિત્રનો અભ્યાસકરી, પોતાને પિછાણી અને મોક્ષ સુખને માટે પુરુષાર્થ કરી, સંયમી પુરુષ બહાર નીકળી ગયેલા મનને ચિંતનમંત્રથી પુનઃ સંયમમાં પ્રતિષ્ઠિત કરે.

સ્થાનાંગ સૂત્રમાં મદનકામની અર્થાત્ મૈથુનસંજ્ઞાની ઉત્પત્તિના ચાર કારણો બતાવ્યા છે, તે આ પ્રમાણે છે– (૧) માંસ–રુધિરની વૃદ્ધિથી (૨) મોહનીય કર્મના ઉદયથી (૩) કામ–વિષયની વાતો સાંભળીને તેવી બુદ્ધિ ઉત્પન્ન થવાથી (૪) કામમાં ઉપયોગ જોડવાથી અર્થાત્ વારંવાર ચિંતન–મનન, સ્મરણાદિથી મૈથુન સંજ્ઞાની ઉત્પત્તિ થાય છે. તેનાથી રક્ષણ પ્રાપ્ત કરવા સૂત્રોક્ત ચાર ઉપાય આ પ્રમાણે છે.

**(૧)आयावयाही :–** આતાપના લેવી. કાયબળનો નિગ્રહ કરવાનો પ્રથમ ઉપાય છે આતાપના. સંયમભાવથી ચલિત થયેલા મનનો નિગ્રહ હૃષ્ટ–પુષ્ટ થયેલાં શરીરથી થઈ શકતો નથી. માટે સર્વપ્રથમ કાયબળનો નિગ્રહ કરવો અર્થાત્ લોહી, માંસ ઘટાડવા. આતાપનાના બે અર્થ છે– (૧) શરીરને સૂર્યના તાપમાં તપાવવું અને ઠંડીથી રક્ષણ ન કરવું અર્થાત્ તીવ્ર તાપ અને તીવ્ર ઠંડી સહન કરીને શરીરનો અને કામભોગેચ્છાનો નિગ્રહ કરવો. (૨) અનસન, ઊણોદરી આદિ તપ દ્વારા શરીરને તપાવવું. તેથી કાય–બળનો નિગ્રહ થાય છે અને કામ વિજય પણ થાય છે.

**(૨) चय सोगमल्लं :–** કાયબળનો નિગ્રહ કરવાનો બીજો ઉપાય છે સુકુમારતાનો ત્યાગ. એશારામી, સુખશીલ, સુવિધાભોગી, આળસુ, અત્યંત શયનશીલ અને કામચોર હોય તેવી સુકુમાર વ્યક્તિને કામ સતાવે છે, વિષય ભોગેચ્છા પીડિત કરે છે, તે સ્ત્રીઓના કામી બની જાય છે. સુકુમારતાના ત્યાગથી કાય–બળનો નિગ્રહ થાય અને વાસના શાંત થાય છે.

**(૩–૪) छिंदाहि दोसं, विणएज्ज रागं :–** દ્વેષનો ત્યાગ કરવો અને રાગ ઘટાડવો. દ્વેષના અહીં બે લક્ષણ અભિપ્રેત છે. (૧) સંયમ પ્રતિ અરતિ, ઘૃણા, અરુચિ, (૨) અનિષ્ટ વિષયો પ્રતિ ઘૃણા. આ પ્રમાણે રાગના પણ અહીં બે લક્ષણ અભિપ્રેત છે. (૧) અસંયમમાં રતિ, (૨) ઇષ્ટ વિષયોમાં પ્રીતિ, આસક્તિ,

અનુરાગ અથવા મોહ. તાત્પર્ય એ જ છે કે અનિષ્ટ વિષયો પ્રતિ દ્વેષનું છેદન કર અને ઈષ્ટ વિષયો પ્રતિ રાગને દૂર કર. રાગ અને દ્વેષ એ બન્ને કર્મબંધનનું બીયારણ છે અર્થાત્ મૂળ કારણ છે. તેથી તેનો ત્યાગ કરવો.

**कामे कमाहि कमियं खु दुक्खं :–** કામનું અતિક્રમણ કર, તો દુઃખનું અતિક્રમણ થશે. કામ અને દુઃખ એક સિક્કાની બે બાજુ છે. જે કામને વશ થાય છે, તે દુઃખને પામે છે અને જે કામભોગનું અતિક્રમણ કરે છે, અર્થાત્ કામભોગનો ત્યાગ કરે છે, તે અવશ્ય દુઃખને દૂર કરે છે અને સુખને પ્રાપ્ત કરે છે.

**संपराए :–** આ શબ્દના ચાર અર્થ થાય છે – (૧) સંસાર (૨) પરલોક (૩) ઉત્તરકાલ ભવિષ્ય (૪) સંગ્રામ. આ ચારે અર્થ અનુસાર આ વાક્યનો અર્થ અને આશય ક્રમશઃ આ પ્રમાણે થાય છે– (૧) સંસારમાં સુખી થઈશ. સંસાર દુઃખોથી પરિપૂર્ણ છે પરંતુ જો તું કામ નિવારણ કરીને અને દુઃખો પર વિજય પ્રાપ્ત કરીને, ચિત્ત સમાધિ પ્રાપ્ત કરવાના પૂર્વોક્ત ઉપાયોનું સેવન કરતો રહીશ તો મોક્ષ પામતા પહેલાં સંસારમાં પણ સુખી રહીશ. (૨–૩) પરલોકમાં અથવા ભવિષ્યમાં સુખી થઈશ અર્થાત્ જ્યાં સુધી મોક્ષ મળે નહીં, ત્યાં સુધી પ્રાણીને વિભિન્ન ગતિઓ અને યોનિઓમાં જન્મ–મરણ કરવા પડે છે પરંતુ કામવિજયી સાધક આ જન્મમાં અને જન્માંતરોમાં દેવગતિ તથા મનુષ્યગતિ પામી સુખી રહે છે (૪) સંગ્રામમાં સુખી થઈશ. ઈષ્ટાનિષ્ટ અથવા સુખ–દુઃખના સંયોગે સમભાવમાં રહેનાર સ્થિતપ્રજ્ઞ સાધક પરીષહ–ઉપસર્ગરૂપ સંગ્રામમાં પ્રસન્ન રહે છે.

### સંયમમાં સ્થિર થવાનો સદષ્ટાંત ઉપદેશ :–

**૬** **पक्खंदे जलियं जोइं, धूमकेउं दुरासयं ।**
**णेच्छंति वंतयं भोत्तुं, कुले जाया अगंधणे ॥**

**છાયાનુવાદ : प्रस्कन्दन्ति ज्वलंति ज्योतिषं, धूमकेतुं दुरासदम् ।**
**नेच्छन्ति वान्तं भोक्तुं, कुले जाता अगन्धने ॥**

**શબ્દાર્થ :– अगंघणे** = અગંધન નામના **कुले** = કુલમાં **जाया** = ઉત્પન્ન થયેલા સર્પ **दुरासयं** = અસહ્ય, જેનો સંયોગ સહન કરવો દુષ્કર **जलियं** = જ્વલિત, બળતી **जोइं** = જ્યોતિ, જાજ્વલ્યમાન **धूमकेउं** = અગ્નિમાં, ધૂમાડા પ્રધાન અગ્નિમાં **पक्खंदे** = પડે છે **वंतयं** = વમન કરેલ વિષને **भोत्तुं** = ભોગવવાને માટે **णेच्छंति** = ઈચ્છતા નથી.

**ભાવાર્થ :–** અગંધન કુલમાં ઉત્પન્ન થયેલા સર્પો, જેની પાસે જવું પણ કઠિન છે એવી અસહ્ય, ધૂમાડા–વાળી જાજ્વલ્યમાન પ્રચંડ અગ્નિમાં બળીને મરવાનું પસંદ કરે છે પરંતુ વમન કરેલા વિષને પીવાની ઈચ્છા કરતા નથી.

**૭** **धिरत्थु तेऽजसोकामी, जो तं जीवियकारणा ।**
**वंतं इच्छसि आवेउं, सेयं ते मरणं भवे ॥**

**છાયાનુવાદ :** धिगस्तु तेअ यशःकामिन् यस्त्वं जीवितकारणात् ।
वान्तमिच्छसि आपातुं, श्रेयस्ते मरणं भवेत् ॥

**શબ્દાર્થ :– अजसोकामी** = હે અપયશની કામના કરનારા, અસંયમને ઈચ્છનારા **ते** = તને **धिरत्थु** = ધિક્કાર હો **जो** = જે **तं** = તું **जीवियकारणा** = અસંયમરૂપ જીવનને માટે **वंतं** = વમેલાને **आवेउं** = પાન કરવાને **इच्छसि** = ઈચ્છે છે **ते** = તારા માટે **मरणं** = મૃત્યુ **सेयं** = શ્રેય **भवे** = હો, થાઓ.

**ભાવાર્થ :–** હે અપયશની ઈચ્છા રાખનારા ! તને ધિક્કાર હો, જે તું અસંયમરૂપ જીવનને માટે વમેલા વિષય ભોગરૂપ વિષને પુનઃ પીવાને ઈચ્છે છે, તેના કરતાં તારું મૃત્યુ થઈ જાય તે જ ઉત્તમ છે.

**૮** अहं च भोगरायस्स तं चऽसि अंधगवण्हिणो ।
मा कुले गंधणा होमो, संजमं णिहुओ चर ॥

**છાયાનુવાદ :** अहं च भोगराजस्य, त्वं चासि अन्धकवृष्णेः ।
मा कुले गन्धनौ भूव, संयमं निभृतश्चर ॥

**શબ્દાર્થ :– अहं** = હું **भोगरायस्स** = ભોજરાજ, ઉગ્રસેનની પુત્રી છું **च** = અને **तं** = તું **अंधगवण्हिणो** = અંધકવૃષ્ણિ, સમુદ્રવિજય રાજાનો પુત્ર **असि** = છો **कुले** = ઉત્તમ કુલમાં **गंधणा** = ગંધન સર્પની સમાન **मा होमो** = ન થઈએ **णिहुओ** = મનને સ્થિર રાખીને **संजमं** = સંયમભાવમાં **चर** = વિચર.

**ભાવાર્થ :–** હે રહનેમિ ! હું ઉગ્રસેન રાજાની પુત્રી છું અને તું સમુદ્રવિજય રાજાનો પુત્ર છો. ઉત્તમ કુલમાં ઉત્પન્ન થયેલા આપણે બંને ગંધન સર્પની સમાન ન થઈએ; પરંતુ તું ચિત્તને નિશ્ચલ કરીને સંયમભાવમાં વિચર.

**૯** जइ तं काहिसि भावं, जा जा दिच्छसि णारिओ ।
वायाविद्धोव्व हडो, अट्ठियप्पा भविस्ससि ॥

**છાયાનુવાદ :** यदि त्वं करिष्यसि भावं, या या द्रक्ष्यसि नारीः ।
वाताविद्ध इव हडः, अस्थितात्मा भविष्यसि ॥

**શબ્દાર્થ :– तं** = તું **जा जा** = જે જે **णारीओ** = નારીઓને **दिच्छसि** = જોઈશ **भावं** = વિષયભાવને **जइ** = જો **काहिसि** = કરીશ **वायाविद्धो** = વાયુથી પ્રેરિત **हडो व्व** = અબદ્ધમૂલ હડ વનસ્પતિની જેમ, પાણીમાં ડોલતી હડ વનસ્પતિની જેમ **अट्ठियप्पा** = અસ્થિર આત્માવાળો **भविस्ससि** = થઈ જઈશ.

**ભાવાર્થ :–** હે રહનેમિ ! તું જે જે નારીઓને જોઈશ; તેમાં આસક્તિના ભાવ કરીશ તો તું વાયુથી પ્રેરિત

અબદ્ધમૂળ હડ વનસ્પતિની સમાન અસ્થિર આત્માવાળો બની જઈશ.

**વિવેચન :–**

પ્રસ્તુત ચાર ગાથામાં સંયમ ધર્મથી અસ્થિર થઈ જનાર રથનેમિને પુનઃ સંયમમાં સ્થાપિત કરવા માટે સાધ્વી રાજેમતી દ્વારા અપાયેલો પ્રબળ અને પ્રેરક ઉપદેશ છે.

રાજેમતિએ અગંધનકુલના સર્પના ઉદાહરણથી રથનેમિને પોતાના ઉત્તમ કુલની મહત્તા પ્રદર્શિત કરી છે.

**कुले जाया अगंधणे :–** કુલની અપેક્ષાએ સર્પ બે પ્રકારના હોય છે. (૧) ગંધન કુલ (૨) અગંધન કુલ, ગંધન કુલમાં ઉત્પન્ન થયેલા સર્પ મંત્રાદિના બળથી વિવશ થઈને ડંખેલા સ્થાનમાં નાંખેલું ઝેર તેમાંથી પાછું ચૂસી લે છે. અગંધન કુલમાં ઉત્પન્ન થયેલા સર્પ અસહ્ય અને બળતી આગમાં પ્રવેશ કરે પરંતુ એકવાર વમન કરેલા ઝેરને પાછું ચૂસતા નથી.

**अहं च भोगरायस्स... :–** હે રથનેમિ ! હું ઉગ્રસેન રાજાની પુત્રી અને તું અંધકવૃષ્ણિ રાજાનો પુત્ર છો. અગંધનકુલના સર્પની જેમ **वंतं इच्छिसि आवेउं** = વમન કરેલા–છોડેલા ભોગની પુનઃ ઈચ્છા રાખવી તે આપણા કુળ માટે શોભનીય નથી. તિર્યંચ ગતિમાં જન્મેલા, ધર્મના જ્ઞાનથી રહિત સર્પ જાતિના જીવો પણ પોતાના કુળની શ્રેષ્ઠતાના આધારે પોતાના પ્રાણનું બલિદાન દેવા તૈયાર થઈ જાય છે. પરંતુ વમન કરેલું વિષ પુનઃ ગ્રહણ કરવા જેવું ઘૃણાસ્પદ કાર્ય કરતા નથી. હે રથનેમિ ! આપણે તો ઉચ્ચકુલીન મનુષ્ય છીએ, ધર્મના માર્ગ પર કદમ ઉપાડેલું છે. તો પછી કુળની આણ–માન મર્યાદાને તિલાંજલી આપીને, સ્વાભિમાનનો ત્યાગ કરીને, ગંધનકુળના સર્પની જેમ છોડેલા વિષયભોગના સેવનની ઈચ્છા કરવી તે યોગ્ય નથી.

ઉપરોક્ત પદ દ્વારા રાજેમતીએ બંનેના કુળની નિર્મળતા, વિશુદ્ધતા, ઉચ્ચતા અથવા પ્રધાનતા તરફ રથનેમિનું ધ્યાન આકર્ષિત કર્યું છે. કારણ કે કુલીન વ્યક્તિ પ્રાયઃ અકૃત્યમાં પ્રવૃત્ત થતી નથી. તેઓ ધૈર્યપૂર્વક પોતાના માર્ગમાં સ્થિર રહે છે.

**अजसोकामी :–** આ શબ્દના બે રૂપ છે, અને અર્થ ત્રણ છે. (૧) **अयशस्कामिन्**– હે અપયશની કામના કરનાર ! (૨) **अयशस्कामिन्**– યશ = સંયમ, **अयश**– અસંયમ. હે અસંયમના કામી ! (૩) **यशस्कामिन्**– હે યશની ઈચ્છાવાળા ! અથવા હે કામી ! આવા તમારા યશને ધિક્કાર છે. આ રીતે યશની ઈચ્છા રાખનાર હે પુરુષ ! તમે (એકબાજુ)યશની ઈચ્છા રાખો છો અને બીજી બાજુ તમારા વિચાર આટલા બધા નીચ છે! જેથી તમને ધિક્કાર છે.

**सेयं ते मरणं भवे :–** એક સાધ્વી દ્વારા સાધુને આ પ્રકારના નિષ્ઠુર અને કઠોર વચન બોલવા પાછળ રહેલો આશય આ પ્રમાણે છે– (૧) અકાર્ય સેવન કરવાથી લીધેલા મહાવ્રતોનો ભંગ થાય છે; તેની અપેક્ષાએ વ્રતોની રક્ષા કરતાં સાધક જો મરણને શરણ થઈ જાય તો તે આત્મઘાતી નહીં પરંતુ વ્રત રક્ષક કહેવાય છે, (૨) ભૂખ્યો માનવ ગમે તેટલું કષ્ટ પામતો હોય તો તેને કોઈ ધિક્કારતું નથી. પરંતુ કોઈ માનવ

કોઈએ વમન કરેલી દુર્ગંધી ઊલટી ખાતો હોય તો તે દુર્ગંછનીય–ધિક્કારને પાત્ર બને છે. (૩) જે વ્યક્તિ શીલભંગ કરવાને બદલે મૃત્યુને સ્વીકારી લે તો તે શ્રમણધર્મની રક્ષા કરી પોતાનું ગૌરવ જાળવી રાખે છે. તેથી વ્રતભંગ કરતાં મરણ શ્રેયસ્કર છે.

રથનેમિની ચિત્ત–વિહ્વળતા, એ કામ પ્રભાવનો સામાન્ય–સહજ બનાવ છે; રાજેમતીની સંયમ સ્થિરતા, ધૈર્યતા, એ ઉચ્ચ આદર્શ છે. આ પ્રસંગે **धिरत्थु ते.....सेयं ते मरणं भवे** એ રાજેમતીના ઉદ્‌ગાર અને તેનાથી રથનેમિનું સંયમમાં સ્થિર થવું , એ વિશ્વ સાહિત્યની શ્રેષ્ઠ ઘટનાઓમાં ઉચ્ચ સ્થાન ધરાવે છે. રાજેમતીના આ શબ્દોમાં સંયમનું અને ભાષાનું અદ્‌ભુત બળ પ્રગટ થાય છે.

આઠમી ગાથામાં રાજેમતીએ પોતાના તથા રથનેમિના કુલોની ઉચ્ચતાનું જ્ઞાન કરાવીને અકુલીન વ્યક્તિ જેવું અકાર્ય ન કરવાની પ્રબળ પ્રેરણા આપતા રથનેમિને સંયમમાં સ્થિર થવાનો ઉપદેશ આપ્યો છે.

**संजमं णिहुओ चर :–** હે રથનેમિ ! તારા ચિત્તને સંયમભાવમાં જ સ્થિર કર. **णिहुओ** = સ્થિર ચિત્તથી. આ પદથી એ સૂચિત થાય છે કે સર્વ દુઃખ નિવારક સંયમના વિધિ–વિધાન અથવા ક્રિયા કલાપ તે જ પાળી શકે છે કે જેનું ચિત્ત અવિચલ હોય, ક્યાંય ડહોળાયેલું ન હોય, રોકાયેલું ન હોય, ધૈર્યથી ચ્યુત થયેલું ન હોય, અર્થાત્ નિશ્ચલ ચિત્ત હોય. તેથી રાજેમતી રથનેમિને કહે છે કે તું વિષય વાસનામાં ન રોકાતાં સંયમમાં નિશ્ચલ મન કરી વિચર. જો ચિત્ત નિશ્ચલ કરીશ નહીં તો તારી દુર્દશા હડ નામની વનસ્પતિ જેવી થશે.

**जा जा दिच्छसि णारीओ :–** આ ધરતી પર અનેક સ્ત્રીઓ વસે છે. તેથી તને જીવનમાં અનેક નારીઓ દષ્ટિગોચર થશે. તે કામિનીઓને જોઈને તેના પ્રતિ કામ–ભોગની ઈચ્છા રાખ્યા કરીશ તો અબદ્ધમૂળ એવી હડ નામની સમુદ્રીય વનસ્પતિ જેમ વાયુના એક હળવા સ્પર્શથી ઉખડી જઈ, જ્યાં ત્યાં વહેવા લાગે છે તેમ તું પણ સંયમમાં અસ્થિર થવાથી પ્રમાદરૂપી પવનના હળવા સ્પર્શથી ચારગતિરૂપ સંસારમાં જ્યાં ત્યાં ભટકતો રહીશ અર્થાત્ તારો આત્મા ઉચ્ચ ભૂમિકાથી પતિત થશે અથવા સંયમમાં અબદ્ધમૂળ હોવાથી શ્રમણ ગુણોથી શૂન્ય થઈને કેવળ દ્રવ્યલિંગધારી થઈ જઈશ.

તાત્પર્ય એ છે કે સાધકને માટે કોઈ પણ ઈન્દ્રિયના વિષયનું આકર્ષણ પતનનું કારણ છે. તેમાં સ્ત્રી– સંગ રાગની ઉત્તેજનામાં પ્રબળ નિમિત્ત છે. તેથી સાધકે વિજાતીયના સંગમાં સતત સાવધાન રહેવું જોઈએ.

આ રીતે રાજેમતીએ રથનેમિને સંયમભાવમાં સ્થિર કરવા સર્વ પ્રકારે પ્રયત્ન કર્યો. તેમાં રાજેમતીના અંતરનો દઢતમ વૈરાગ્ય, પોતાના શીલની સુરક્ષા માટેનો ખુમારીપૂર્વકનો પ્રબળતમ પુરુષાર્થ અને રથનેમિને સંયમમાં સ્થિર કરવાની હિતચિંતા જણાય છે.

## રાજમેતીના સુભાષિત વચનોનો પ્રભાવ :–

**૧૦** **तीसे सो वयणं सोच्चा, संजयाइ सुभासियं ।**
**अंकुसेण जहा णागो, धम्मे संपडिवाइओ ॥**

**છાયાનુવાદ : तस्याः(तं) असौ वचनं श्रुत्वा, संयतायाः सुभाषितं ।**
**अङ्कुशेन यथा नागो, धर्मे सम्प्रतिपादितः ॥**

**શબ્દાર્થ :– सो** = તે, **तीसे** = રાજેમતીના **संजयाइ** = સાધ્વીના **सुभासियं** = સુંદર, શુભ આશય– વાળા હિતકારી **वयणं** = વચનને **सोच्चा** = સાંભળીને **अंकुसेण** = અંકુશ વડે **णागो जहा** = હાથીની જેમ **धम्मे** = ધર્મમાં **संपडिवाइओ** = સ્થિર થયા.

**ભાવાર્થ :–** આર્યા રાજેમતી સાધ્વીના પૂર્વોક્ત સુંદર વચનોને સાંભળીને, જેવી રીતે અંકુશથી હાથી વશ થઈ જાય છે, તેવી જ રીતે રથનેમિ ધર્મમાં સ્થિર થઈ ગયા.

**વિવેચન :–**

આ ગાથામાં રાજેમતીના ધૈર્યની, સંયમ સ્થિરતાની અને તેના પ્રયત્નની સફળતા પ્રદર્શિત કરી છે. રાજેમતી પ્રબળ પ્રેરણાદાયક સુભાષિત વચનોથી રથનેમિના ચિત્તની ચંચલતા સમાપ્ત થઈ ગઈ અને તેઓ સંયમભાવમાં સ્થિર થઈ ગયા.

**सुभासियं :–** શુભ ભાવનાથી ભાષિત કરેલા વચનો, હિતકારી વચનો. સાધ્વી રાજેમતીના વાક્યો સચોટ, હૃદયગ્રાહી અને તીર સમાન તીક્ષ્ણ પણ હતા. તેમ છતાં તેની પાછળ તેનો આશય પરમ વિશુદ્ધ હોવાથી તે વાક્યોને સુભાષિત વચન કહેવામાં આવ્યા છે.

**धम्मे संपडिवाइओ :–** સમ્યગ્રૂપથી પુનઃ સંયમ ધર્મમાં ઉપસ્થિત(સુસ્થિર) થઈ ગયા.

**अंकुसेण जहा णागो :–** જેવી રીતે અંકુશથી મદોન્મત્ત હાથીનો મદ ઉતરી જાય છે; તે સ્વાભાવિક ગતિમાં અને સ્વાભાવિક વર્તનમાં આવી જાય છે; તેવી રીતે રાજેમતી સાધ્વીજીના વચનરૂપી અંકુશથી રથનેમિનો કામરૂપી ઉન્માદ ઉતરી ગયો અને તેને પોતાનું ભાન થયું. તેથી તેઓ પશ્ચાત્તાપપૂર્વક પોતાના માર્ગમાં સ્થિર થઈ ગયા.

**ઉપદેશની સફલતા–** એક સુસંયમી સાધ્વીના વચનો સફળ ત્યારે જ થાય કે જ્યારે તેણે શ્રમણીભાવનું સ્વરૂપ યથાર્થ રીતે જાણ્યું હોય અને માણ્યું હોય.

પ્રસ્તુતમાં તેવી ગુપ્ત બ્રહ્મચારીણી અને અઢાર હજાર શીલાચારને ધારણ કરનારી, શીલવંતી રાજેમતી સાધ્વીએ પોતાના ચારિત્રના બળ સહિત, પ્રબુદ્ધ સંકલ્પપૂર્વક, સંયમ ધર્મની વિચારણાપૂર્વક રથનેમિ પ્રતિ વચનોનું ઉચ્ચારણ કર્યું અને તે ઉપદેશ રથનેમિના અંતરને અસર કરી ગયો.

રથનું ચક્ર જેમ ગતિમાન થાય તેમ રથનેમિના ચિત્તનું ચક્ર વિષય વાસનામાં ગતિમાન થઈ રહ્યું હતું; તે જ સમયે રાજેમતીના પ્રવચન પવિત્રતાથી ચિત્તચક્રની ગતિ સ્થગિત થઈ ગઈ, વાસના શાંત થઈ ગઈ; આ રીતે રાજેમતીનો ઉપદેશ સફળ થયો. આ ગાથા જન જનને, સંઘ સમુદાયને સંકેત કરે છે કે

ચારિત્રાત્માનો પ્રભાવ અનોખો છે. તેથી પ્રત્યેક જીવાત્માએ ચારિત્રબળ કેળવવું જોઈએ.

**ધૈર્યશાળી કુલીનસાધક**– જેમ હાથી પોતે ઉત્તમ પ્રાણી છે, સ્વભાવથી ધૈર્યવાન અને વફાદાર હોય છે, તેથી ઈશારાથી વશ થઈ જાય છે, તેમ રથનેમિ ઉત્તમપાત્ર, ચરમશરીરી અને ઉચ્ચકોટિના સાધક હતા. તેથી રાજેમતીની હિત શિક્ષાનો નમ્રતાપૂર્વક, ધૈર્યવાન્ બની સ્વીકાર કર્યો. પરસ્પર યોગ્ય આત્માઓનો યોગ્ય સ્થાને સંયોગ થયો અને વાસનાના સ્થાને વિરતિ ભાવનું સ્થિરિકરણ થયું.

## અધ્યયન ઉપસંહાર વચન :–

**૧૧** **एवं करंति संबुद्धा, पंडिया पवियक्खणा ।**
**विणियट्टंति भोगेसु, जहा से पुरिसुत्तमो ॥ त्ति बेमि ॥**

**છાયાનુવાદ :** **एवं कुर्वन्ति सम्बुद्धाः, पण्डिताः प्रविचक्षणाः ।**
**विनिवर्त्तन्ते भोगेम्यः, यथा स पुरुषोत्तमः ॥ इति ब्रवीमि ॥**

**શબ્દાર્થ :– संबुद्धा** = તત્ત્વને જાણનારા, સમ્યક્ રીતે બોધ પામેલા **पवियक्खणा** = સાવદ્ય કર્મથી ભય માનનારા વિચક્ષણ પુરુષ **पंडिया** = પંડિત–દોષજ્ઞ **एवं** = આ પ્રમાણે **करंति** = કરે છે **भोगेसु** = ભોગોથી **विणियट्टंति** = નિવૃત્ત થઈ જાય છે **जहा** = જેમ **पुरिसुत्तमो** = પુરુષોમાં ઉત્તમ **से** = તે રહનેમિ **त्ति** = આ પ્રમાણે **बेमि** = હું કહું છું.

**ભાવાર્થ :–** જેવી રીતે પુરુષ શ્રેષ્ઠ રથનેમિ વિષય ભોગોથી શીઘ્ર નિવૃત્ત થયા તેવી રીતે વિચક્ષણ, તત્ત્વજ્ઞ, વિષય સેવનના દોષોને જાણનારા પંડિત પુરુષો વિષય ભોગોથી વિરક્ત થાય છે. એમ હું કહું છું. એ પ્રમાણે સુધર્મા સ્વામીએ જંબૂ સ્વામીને કહ્યું.

## વિવેચન :–

પ્રસ્તુત ઉપસંહારાત્મક અંતિમ ગાથામાં સંબુદ્ધા = સમ્યગ્દર્શની. પંડિત = સમ્યગ્જ્ઞાની, વિચક્ષણ = સમ્યગ્ ચારિત્રી એવા રત્નત્રય આરાધક મોક્ષમાર્ગી સાધકોને પુરુષોત્તમ રથનેમિની જેમ કામભોગોથી વિરક્ત થવાની પ્રેરણા આપી છે.

**संबुद्धा, पंडिया, पवियक्खणा :–** આ ત્રણે ય શબ્દ એકાર્થક પ્રતીત થવા છતાં તેમાં શબ્દાર્થની અપેક્ષાએ ભિન્નતા છે. જેમ કે– (૧) જેઓ સમ્યગ્ દર્શન સહિત બુદ્ધિમાન હોય છે તે **સમ્બુદ્ધ** કહેવાય છે. (૨) વિષયોના સ્વભાવને જાણી સમ્યગ્જ્ઞાન સંપન્ન બની પાપપ્રવૃત્તિથી પાછા ફરનાર **પંડિત** કહેવાય છે. (૩) સમ્યક્ચારિત્ર સંપન્ન, પાપભીરુ–સંસાર વૃદ્ધિનો ભય રાખનાર અને દરેક પ્રવૃત્તિનો કુશલતા તથા વિવેક– પૂર્વક નિર્ણય કરનારા સાધક **પ્રવિચક્ષણ** કહેવાય છે. એક જ ગાથામાં આ ત્રણ શબ્દ પ્રયોગનું શાસ્ત્રકારનું તાત્પર્ય એ જ છે કે સમ્યગ્દર્શનાદિ રત્નત્રયને જે ધારણ કરે છે, તે પુરુષોત્તમ રથનેમિની જેમ

કામભોગોથી નિવૃત્ત થઈ જાય છે.

શાસ્ત્રકારે રથનેમિ માટે 'પુરુષોત્તમ' શબ્દનો પ્રયોગ કર્યો છે, તેનું તાત્પર્ય એ છે કે જીવ દ્વારા છદ્મસ્થ અવસ્થામાં ક્યારેક મોહના ઉદયને આધીન બની કોઈપણ દોષ સેવન થવું તે સહજ છે પરંતુ તે દોષને દોષરૂપે સ્વીકારી, સતપુરુષોના ઉપદેશને ગ્રહણ કરી, પાપભીરુ બની, પડતી વૃત્તિને પુનઃ આત્મામાં સ્થિર કરી, સુસંયમી બની જાય છે, તેઓને પુરુષોત્તમ કહી શકાય છે.

સર્વોત્તમ પુરુષ તો તે જ છે, જે કોઈપણ મોહજનક વિકટ પરિસ્થિતિમાં વિચલિત ન થાય; પોતાના ગ્રહણ કરેલા વ્રતોનું જીવનપર્યંત શુદ્ધ પરિશુદ્ધ રીતે પાલન કરતા જ રહે છે.

**–: પરમાર્થ :–**

સંપૂર્ણ અધ્યયનનો પરમાર્થ એ જ છે કે અનાદિકાલીન આત્માની કર્મચેતનધારામાંથી બંધાયેલા શુભાશુભ કર્મના વિપાક, તેમાંથી પ્રગટેલ વેદ મોહ અને તેના દ્વારા ઉત્પન્ન થયેલી, વાસનામય વિકલ્પરૂપ પાંદડાવાળી, વિષાદ રસથી ભરેલી, વિષય કષાયથી વધતી, વિવિધ જન્મ–મરણનાં પુષ્પો, દેહ રૂપ ફળને ધારણ કરાવતી, વિષ વેલડીનો સમૂળો વિનાશ, વિધ્વંસ, જો વિજ્ઞાન, વિવેક, સુવિચારણા દ્વારા કરવામાં ન આવે તો ત્યાગ–વૈરાગ્ય પૂર્વક સ્વીકારેલો સર્વવિરતિરૂપ શ્રામણ્ય ભાવ સિદ્ધ થાય નહીં. (વેશમાત્ર રહી જાય) શ્રામણ્યભાવને સિદ્ધ કરવા અપ્રમત્તભાવ સાધી, ક્ષપક–શ્રેણીએ આરૂઢ થઈ, કર્મક્ષય કરવામાં આવે તો જ ચેતનધારા કર્મધારાથી ભિન્ન થઈ સ્વરૂપ દશા પ્રાપ્ત કરે. આ સ્વરૂપ દશા પ્રાપ્ત થયા વિના વિભુ(વિશ્વ વિજેતા) થવાય નહીં. આ પરમાર્થનું અનુસંધાન કરાવતું, વિષાદથી વિરામ પામવાની પ્રક્રિયા દર્શાવતું રથનેમિ–રાજેમતીનું ઉદાહરણ ઉપસ્થિત કર્યું છે. તેઓએ જે–જે પ્રક્રિયા કરી, વિશ્વ વિજેતા બની વિભુ– વિશ્વેશ્વર થઈ ગયા, તે ચારિત્રનું પ્રેરણા પાથેય મને, તમને, સૌને વિરતિ ભાવ જાગૃત કરી ઉત્થાનના વિશુદ્ધ ભાવ પ્રગટ કરાવે અને તેથી આપણે ચેતન પ્રાણમાં ચિદાનંદી બની શાશ્વત સુખના ધામી, કામી બની વિશ્વેશ્વર બની જઈએ. તે જ મંગલ ભાવના.

**॥ અધ્યયન–૨ સંપૂર્ણ ॥**

# ત્રીજું અધ્યયન

## પરિચય

★ આ અધ્યયનનું નામ 'ક્ષુલ્લકાચાર કથા' છે. આ અધ્યયનમાં સંયમ જીવનની અનાચરણીય પ્રવૃત્તિઓનો નિષેધ કરી, આચારપાલનનું પ્રતિપાદન કર્યું છે. છઠ્ઠા અધ્યયનનું નામ 'મહાચાર કથા' છે. તેમાં સાધુના આચારનું વિસ્તૃત કથન છે. તેની અપેક્ષાએ આ અધ્યયનમાં સંક્ષિપ્ત નિરૂપણ હોવાથી તેનું નામ 'ક્ષુલ્લકાચાર કથા' છે.

★ સંપૂર્ણ જ્ઞાનનો સાર **આચાર** છે. તીર્થંકરો તીર્થ પ્રવર્તનના પ્રારંભમાં સર્વ પ્રથમ આચારનો જ ઉપદેશ આપે છે. આચાર કર્મમુક્તિનું સાધન છે. જે સંયમભાવમાં સ્થિત હોય, ધૃતિમાન હોય તે જ આચારનું પાલન કરી શકે છે. આચારના પાંચ પ્રકાર છે– જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર. મોક્ષ માટે જે અનુષ્ઠાન કરાય અને જે વ્યવહાર શાસ્ત્રવિહિત હોય તે આચાર કહેવાય છે. આ રીતે સાધુઓની આચાર સંહિતા અનુસારનું આચરણ **આચાર** છે; શેષ અનાચાર છે.

★ આચાર શુદ્ધિ જેટલી વ્યક્તિગત આધ્યાત્મિક વિકાસમાં સહાયક છે, તેટલી જ સમાજ, રાષ્ટ્ર અને વિશ્વને પણ પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ઉપકારક થઈ પડે છે. જે સમાજમાં આદર્શ આચારની પૂજા છે, તે સમાજ નિઃસ્વાર્થી, સંતોષી અને પ્રશાંત હોય છે. તેની નિઃસ્વાર્થતા રાષ્ટ્રની પીડાતી પ્રજાને આશ્વાસન આપી શકે અને તેની શાંતિના આંદોલનો વિશ્વમાં શાંતિને પ્રસરાવી શકે છે. આદર્શ આચાર પાલન વિશ્વ શાંતિનું મૂળ છે. તે આચાર કલુષિત ન થાય તેની વ્યવસ્થા જાળવવા માટે જ મહર્ષિઓએ માનસિક મંથનથી સંશોધન કરી સાધુતાના સંરક્ષણ માટે આ અધ્યયનમાં અનેક અનાચાર = નિષેધાત્મક નિયમોનું વર્ણન આપ્યું છે. ગણનાની દષ્ટિએ બાવન અનાચાર કહેવાય છે.

★ નિષિદ્ધ કાર્ય કરવા, નિષેધ કરેલા આચરણને આચરવું તે **અનાચાર** છે અને અનાચાર અધર્મ અને અકર્તવ્ય છે. શુદ્ધ આચરણ કરવું તે ધર્મ અને કર્તવ્ય છે.

★ આ આગમના છઠ્ઠા અધ્યયનમાં પ્રથમ ચાર અનાચારોનો સંકેત 'અકલ્પ્ય' શબ્દ દ્વારા કર્યો છે અને 'પલિયંક' શબ્દ દ્વારા આસંદી, પર્યંક, મંચને ગ્રહણ કર્યા છે. તેથી કહી શકાય કે ઉપર્યુક્ત અનાચારોમાં કોઈ સ્વતંત્ર છે અને કોઈ ઉદાહરણ સ્વરૂપ છે. સંચળ અને સૈંધવ આદિ મીઠાના પ્રકારો સચિત્ત લવણ રૂપ અનાચારના ઉદાહરણ છે.

★ તે જ રીતે સચિત્ત મૂળો, આદું, ઈક્ષુખંડ, કન્દ, મૂળ, ફળ, બીજ આદિ સચિત્ત વનસ્પતિ નામક એક અનાચારના જ ઉદાહરણ કહી શકાય. આ દષ્ટિથી વર્ગીકરણ કરવામાં આવે તો અનાચારોની સંખ્યા ઓછી

પણ થઈ શકે છે. સૂત્રકૃતાંગમાં **धोयणं**– વસ્ત્ર આદિ ધોવા, **रयणं**– વસ્ત્રાદિ રંગવા, **पामिच्चं**– સાધુ માટે ઉધાર લાવ્યા હોય તેવું લેવું. **पूयं**– આધાકર્મી આહારથી મિશ્રિત આહાર લેવો. **कयकिरिए**– અસંયમ અનુષ્ઠાનની પ્રશંસા, **पसिणायतणाणि**– જ્યોતિષ શાસ્ત્ર વિષયક પ્રશ્નોના ઉત્તર વગેરે અનાચારો દર્શાવ્યા છે. આ રીતે અન્ય અનેક અનાચાર પણ હોઈ શકે છે.

★ મુનિ પાંચ આશ્રવોના ત્યાગી, છ કાયના રક્ષક, ત્રણ ગુપ્તિને ધારણ કરનાર અને પાંચ ઈન્દ્રિયનો નિગ્રહ કરનાર હોય છે.

★ સુસમાધિવંત મુનિ ગ્રીષ્મકાલમાં આતાપના લે છે, શીતકાલમાં નિર્વસ્ત્ર રહે છે અને વર્ષાકાલમાં પ્રવૃત્તિઓનો સંકોચ કરી નિયત સ્થાનમાં રહે છે.

★ ઉપરોક્ત અનાચાર ત્યાગી અને આદર્શ આચાર સેવી મુનિ દુષ્કર તપ સંયમનું પાલન કરતાં પરીષહ ઉપસર્ગોને સહન કરી, સંપૂર્ણ કર્મોનો ક્ષય કરી સિદ્ધ થાય છે.

❖❖❖❖❖

# ત્રીજું અધ્યયન

## ક્ષુલ્લકાચાર કથા

**અણગારો માટે અનાચાર :–**

**૧** **संजमे सुट्ठिअप्पाणं, विप्पमुक्काण ताइणं ।**
**तेसिमेयमणाइण्णं णिग्गंथाण महेसिणं ॥**

**છાયાનુવાદ :** **संयमे सुस्थितात्मनां, विप्रमुक्तानां त्रायिणाम् ।**
**तेषामेतदनाचीर्ण, निर्ग्रन्थानां महर्षीणाम् ॥**

**શબ્દાર્થ :– संजमे** = સંયમમાં **सुट्ठिअप्पाणं** = સારી રીતે સ્થિત આત્મા **विप्पमुक्काण** = સંપૂર્ણ સાંસારિક બંધનોથી રહિત **ताइणं** = છકાય જીવોની અને પોતાની રક્ષા કરનારા, સ્વ–પરરક્ષક **णिग्गंथाणं** = પરિગ્રહ રહિત નિર્ગ્રંથને **तेसिं** = તે **महेसिणं** = મહર્ષિઓને માટે **एयं** = આ **अणाइण्णं** = અનાચીર્ણ, અનાચાર, આચરવા યોગ્ય નથી.

**ભાવાર્થ :–** સંયમમાં સુસ્થિત, બાહ્ય અને આભ્યંતર પરિગ્રહથી રહિત, સ્વપરના રક્ષક નિર્ગ્રન્થ મહર્ષિઓને માટે આ પ્રમાણે અનાચીર્ણ છે.

### વિવેચન :–

પ્રસ્તુત ગાથામાં સાધુ જીવનના અનાચારના પ્રતિપાદનની પૂર્વભૂમિકા છે. તેમાં સાધુના વિશિષ્ટ ગુણોનું કથન કરીને તેની ઉચ્ચ પ્રકારની પાત્રતા પ્રગટ કરી છે.

તે મહર્ષિઓ સંયમમાં સુસ્થિત, પરિગ્રહથી મુક્ત, સ્વ–પર ત્રાતા હોય છે અને નિર્ગ્રંથ હોય છે. સાધુના આ બધા વિશેષણો પરસ્પર સંબંધિત છે. યથા– જે સાધકનો આત્મા સંયમમાં સુસ્થિત હોય છે; તે જ સર્વ સાંસારિક સંયોગો અને બંધનોથી મુક્ત રહી શકે છે. જે સાધક સાંસારિક બંધનોથી મુક્ત હોય, તે જ સ્વપરના રક્ષક થઈ શકે છે. જે સ્વપર રક્ષક હોય છે તે જ મહર્ષિ પદને યોગ્ય હોય છે. જે મહર્ષિ પદને યોગ્ય હોય છે, તેનો આત્મા સંયમમાં સ્થિર હોય છે. આ રીતે નિર્ગ્રંથ માટે પ્રયુક્ત પ્રત્યેક વિશેષણો સાપેક્ષ છે.

**संजमे सुट्ठिअप्पाणं :–** પાંચ પ્રકારના આશ્રવથી વિરત, પાંચ ઈન્દ્રિયોનો અને ચાર કષાયનો નિરોધ

કરનાર અને ત્રણ ગુપ્તિયુક્ત; તે સત્તર પ્રકારના સંયમમાં જેનો આત્મા સ્થિત છે તે સંયમમાં સુસ્થિત આત્મા કહેવાય છે.

**विप्पमुक्काणं :–** વિપ્રમુક્ત–વિવિધ પ્રકારથી ત્રણ કરણ, ત્રણ યોગના સર્વ ભાંગાઓથી, પ્રકર્ષરૂપે બાહ્ય આભ્યંતર પરિગ્રહથી રહિત(મુક્ત) અથવા સર્વ સંયોગો–બંધનોથી મુક્ત, સર્વ સંગ પરિત્યાગી હોય તેને **विप्पमुक्काणं** કહેવાય છે.

**ताइणं :–** તેના બે સંસ્કૃત રૂપ થાય છે– **त्रायिणाम्** અને **तायिनाम्.**

(૧) **त्रायी**નો શાબ્દિક અર્થ 'રક્ષક' થાય છે, જે શત્રુથી રક્ષા કરે તેને 'ત્રાયી' કહે છે. આધ્યાત્મિક ક્ષેત્રે તેની વ્યાખ્યા આ પ્રમાણે થાય છે. (૧) પોતાના આત્માનું દુર્ગતિથી રક્ષણ કરનારા. (૨) સદુપદેશથી બીજાના આત્માનું દુર્ગતિથી રક્ષણ કરનારા. (૩) સ્વ–પર બંનેનું રક્ષણ કરનારા. (૪) જે સર્વ જીવોને આત્મતુલ્ય જાણીને તેની હિંસાથી વિરત થયા હોય તે. અર્થાત્ જે સર્વ જીવોનું રક્ષણ કરે છે તે. (૫) સુસાધુ– શ્રેષ્ઠ સાધનાથી જે આત્મગુણોનું રક્ષણ કરે તે.

(૨) **तायी** શબ્દની વ્યાખ્યા આ પ્રમાણે થાય છે– (૧) સુદષ્ટ માર્ગની દેશના દ્વારા શિષ્યોનું સંરક્ષણ (સાર–સંભાળ)કરનારા (૨) **तय गतौ** ધાતુથી 'તાયી' શબ્દ બન્યો હોય ત્યારે તેનો અર્થ મોક્ષ પ્રતિ ગમનશીલ થાય છે.

આ રીતે **ताइणं** શબ્દના અનેક અર્થ થાય છે. તેમાં પ્રસ્તુત પ્રસંગમાં તેનો પ્રસંગોચિત અર્થ છે કે જે સર્વ જીવોને આત્મતુલ્ય માનીને તેની હિંસાથી વિરત થયા હોય તે અણગાર. અનાચારો હિંસા બહુલ હોય છે, તેથી જેણે ત્રણ કરણ અને ત્રણ યોગથી સર્વ જીવોની હિંસાનો ત્યાગ કર્યો છે, તેવા છકાયના રક્ષકને માટે આ સર્વ અનાચાર ત્યાજ્ય છે.

**णिग्गंथाणं :–** જૈન મુનિનું આગમિક તથા પ્રાચીનતમ નામ નિર્ગ્રંથ છે. ગ્રંથનો અર્થ છે– બાહ્ય અને આભ્યંતર પરિગ્રહ. જે પરિગ્રહની ગ્રંથી = ગાંઠથી સર્વથા મુક્ત થાય છે, તે નિર્ગ્રંથ કહેવાય છે. આગમમાં નિર્ગ્રંથ શબ્દની વ્યાખ્યા આ પ્રમાણે છે– જે રાગ–દ્વેષ રહિત હોવાના કારણે એકાકી છે, બુદ્ધ છે, નિરાશ્રવ છે, સંયત છે, સમિતિઓથી યુક્ત છે, સુસમાહિત છે, આત્મવાદને જાણનાર છે, વિદ્વાન છે, બાહ્ય અને આભ્યંતર બન્ને પ્રકારે જેનો પરિગ્રહરૂપ આશ્રવનો પ્રવાહ રોકાઈ ગયો છે, જે પૂજા–સત્કાર અને લાભના અર્થી(કામી) નથી, કેવળ ધર્માર્થી છે, ધર્મવિદ્ છે, મોક્ષમાર્ગ તરફ ગમનશીલ છે, સમ્યગ્ આચરણ કરે છે, દાન્ત છે, બંધનમુક્ત થવાને યોગ્ય છે અને વ્યુત્સૃષ્ટકાય છે અર્થાત્ શરીર મમત્વથી રહિત છે; તે નિર્ગ્રંથ કહેવાય છે. –*[ સૂયગડાંગ સૂત્ર અ**ध्य**–૧૬ ]*

**महेसिणं :–** આ શબ્દના સંસ્કૃતમાં મહર્ષિ અથવા મહૈષી એવા બે રૂપ થાય છે. મહર્ષિ અર્થાત્ મહાન ઋષિ અને મહૈષી અર્થાત્ મહાન–મોક્ષની એષણા કરનાર.

**तेसिमेयमणाइण्णं :–** ગાથા ૨ થી ૯માં કથન કરાશે તે સર્વ પ્રવૃત્તિ પૂર્વોક્ત ઉત્તમગુણોના ધારક સાધકોને માટે અનાચારરૂપ છે. નિર્ગ્રંથ માટે પ્રયુક્ત વિશેષણો પરથી સ્પષ્ટ થાય છે કે તેઓ મોક્ષની એષણામાં રત

રહે છે, તેઓ મહાવ્રતી છે, સંયમમાં સ્થિત છે, અહિંસક છે. આવું ઉચ્ચ જીવન જીવનારા, મોક્ષની સાધનામાં તલ્લીન એવા નિર્ગ્રંથોને માટે પાપમય, હિંસા બહુલ અને સંયમ વિઘાતક અનાચારો ત્યાજ્ય હોય છે, આચરવા યોગ્ય હોતા નથી.

## ઔદેશિકાદિ અનાચાર :–

**૨** **उद्देसियं कीयगडं, णियागमभिहडाणि य ।**
**राइभत्ते सिणाणे य, गंधमल्ले य वीयणे ॥**

**છાયાનુવાદ :** **औदेशिकं क्रीतकृतं, नित्याग्रमभिहृतानि च ।**
**रात्रिभक्तं स्नानं च, गन्धमाल्ये च वीजनम् ॥**

**શબ્દાર્થ :– उद्देसियं** = સાધુના ઉદ્દેશ્યથી(સાધુના માટે) બનાવેલો આહાર **कीयगडं** = ખરીદેલો અથવા સાધુ માટે ગૃહસ્થે ખરીદેલો **णियागं** = આમંત્રણ આપેલા ઘેરથી લીધેલો આહાર **अभिहडाणि** = પોતાના ગ્રામાદિથી સાધુ માટે સામે લાવેલો આહાર **राइभत्ते** = રાત્રિ ભોજન કરવું **सिणाणे** = સ્નાન કરવું **गंध** = સુગંધને લેવી **मल्ले** = પુષ્પમાલાદિ ધારણ કરવા અને **वीयणे** = પંખાદિથી વીંઝવું.

**ભાવાર્થ :–** (૧) ઔદેશિક આહારાદિ લેવા (૨) સાધુને માટે ખરીદેલા હોય તેવા આહારાદિ લેવા, (૩) આમંત્રણથી આહારાદિ ગ્રહણ કરવા, (૪) ઘેર આદિથી ઉપાશ્રયે સામે લઈ આવેલા ભોજનાદિ લેવા, (૫) રાત્રિ ભોજન કરવું, (૬) સ્નાન કરવું, (૭) સુગંધિત પદાર્થોનું સેવન કરવું, (૮) પુષ્પમાલાદિને ધારણ કરવા, (૯) વીંઝણા, પંખા આદિથી પવન નાંખવો.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથામાં ૯ અનાચારનો ક્રમશઃ ઉલ્લેખ કર્યો છે.

**(૧) औदेशिक :–** ઔદેશિક–નિર્ગ્રંથ સાધુ–સાધ્વીના અથવા પરિવ્રાજક–શ્રમણ, નિર્ગ્રંથ, તાપસ આદિ સર્વના લક્ષથી બનાવવામાં આવેલા ભોજન, પાણી, વસ્તુ અથવા મકાન આદિ ઔદેશિક કહેવાય છે. સાધુ–સાધ્વી માટે આ આહારાદિ બનાવ્યા છે, એવી જાણકારી થઈ ગઈ હોય અને તે આહાર ગ્રહણ કરે તો તેને અનાચાર દોષ લાગે છે. આહારાદિ ચીજો બનાવવામાં આરંભ–છકાય જીવની હિંસા થાય છે. તેવા આહારને ગ્રહણ કરવાથી જીવદયા પાલક સાધુ, હિંસા દોષના ભાગીદાર બને છે. તે સાધુ હિંસાની અનુમોદના કરે છે. માટે આવો આહાર ગ્રાહ્ય કે સેવ્ય નથી.

**(૨) क्रीतकृत :–** ક્રીતકૃતના બે અર્થ થાય છે. (૧) જે વસ્તુ સાધુ માટે ખરીદીને આપવામાં આવે, (૨) સાધુને માટે વેચાતી લીધેલી વસ્તુમાંથી અન્ય વસ્તુ તૈયાર કરવામાં આવી હોય, તેને ક્રીતકૃત કહેવાય છે. ક્રીત–કૃત દોષથી દૂષિત આહાર હિંસા જનક દોષનું કારણ હોવાથી વર્જનીય છે.

**(૩) णियाग :–** આ શબ્દ પ્રયોગ આચારાંગ, સૂયગડાંગ, ઉત્તરાધ્યયન આદિ અનેક આગમોમાં જોવા મળે છે. ત્યાં તેનો અર્થ મોક્ષ, સંયમ, મોક્ષમાર્ગ કર્યો છે. પરંતુ અનાચારના પ્રકરણમાં 'નિયાગ'નો અર્થ આહાર ગ્રહણ કરવા સંબંધી એક દોષરૂપે કરવામાં આવ્યો છે.

**णियाग** = **णि** – નિશ્ચિત થયેલું, **याग** = દાન. પૂર્વ નિશ્ચિત દાન(આહારાદિ) ગ્રહણ કરવા. **णियाग** નું રૂપાંતર **णियग्ग** પણ થાય છે. અર્થાત્ 'હું તમારા ઘેર આવીશ, આ પ્રકારનો આહાર તૈયાર રાખશો.' આ પ્રમાણે નિશ્ચિત કરીને તે ગૃહસ્થના ઘેરથી નિત્ય આહાર લેવો તે નિયાગદોષ છે. વ્યાખ્યાનુસાર– આદરપૂર્વક નિમંત્રિત થઈને કોઈ એક ઘેરથી નિશ્ચિત કરેલો આહાર લેવો, આ પ્રમાણે અર્થ થાય છે. જેમ કે– કોઈ ભાવુકે સાધુને કહ્યું– "ભગવાન ! આપ મારા ઘેર ભિક્ષા માટે હંમેશાં પધારજો, મને લાભ આપવાનો અનુગ્રહ કરજો." આ આમંત્રણ સ્વીકારી સાધુ જો નિત્ય તેને ત્યાં ભિક્ષાર્થે જાય અને રોજ આહાર ગ્રહણ કરે તો તે નિયાગ–નિત્યપિંડ દોષ છે. તે ઉપરાંત નિમંત્રણપૂર્વકનો આહાર ગ્રહણ થતો હોવાથી તેમાં સ્થાપના દોષ અને આધાકર્મ, ક્રીત આદિ દોષોની સંભાવના રહે છે. નિમંત્રણ આપનાર પ્રતિ રાગભાવ અને નિમંત્રણ ન આપનાર પ્રતિ દ્વેષભાવ આદિ દોષોની સંભાવના છે.

**(૪) अभिहडाणि :–** અભિહૃતનો શાબ્દિક અર્થ– અભિ = સન્મુખ, હૃત = લાવેલો આહાર. કોઈ ગૃહસ્થ સાધુને વહોરાવવા નિમિત્તે ગામ, નગર કે ઘેરથી આહારાદિ સાધુ હોય ત્યાં લાવે અને તેને સાધુ ગ્રહણ કરે તો અભિહૃત અનાચાર દોષ લાગે છે. તેમાં આરંભ જન્ય દોષ છે. નિશીથ સૂત્ર અનુસાર ત્રણ ઘર દૂરથી સામે લઈ આવેલો આહાર ગ્રહણ કરે તો પ્રાયશ્ચિતનો ભાગીદાર થાય છે. દાતાની દેયપદાર્થ ગ્રહણ કરવાની પ્રવૃત્તિ વગેરે જોઈ શકાય માટે ત્રણ ઘરની મર્યાદામાંથી લાવેલો આહાર સાધુને માટે ગ્રાહ્ય છે.

**(૫) राइभत्ते :–** રાત્રિભક્ત. રાત્રિ ભોજન કરવામાં ઘણા દોષ લાગે છે. સંસારી જીવો માટે પણ રાત્રે જમવું તે દોષ છે. સાધુઓ માટે તો તે સર્વથા ત્યાજ્ય છે. જૈનત્તર શાસ્ત્રમાં પણ તેનો નિષેધ છે. નિર્ગ્રંથ શ્રમણ માટે તો રાત્રિભોજન ત્યાગ તે મહાવ્રતનું એક અંગ છે. આ સંબંધમાં ચૌભંગી થાય છે. (૧) દિવસે લાવી રાત્રે વાપરે (૨) રાત્રે લાવી દિવસે વાપરે, (૩) દિવસે લાવી બીજા દિવસે વાપરે (૪) રાત્રે લાવી રાત્રે વાપરે. ઉપરોક્ત ચારે ભંગથી કરેલો આહાર અનાચાર છે.

**(૬) सिणाणे य :–** સ્નાનના બે પ્રકાર છે– દેશ સ્નાન અને સર્વ સ્નાન.

દેશ સ્નાન = હાથ–પગ, મુખ વગેરે અંગો ધોવા. સર્વ સ્નાન = સંપૂર્ણ સ્નાન કરવું. નિર્ગ્રંથ માટે બન્ને પ્રકારના સ્નાન નિષિદ્ધ છે.

**(૭) गंध :–** સુગંધ. અત્તર અથવા અન્ય સુગંધી પદાર્થ સૂંઘવા. તે મોજ–શોખની પ્રવૃત્તિ હોવાથી સાધુ માટે ત્યાજ્ય છે.

**(૮) मल्ले य :–** પુષ્પમાળા. ગંધ અને માલ્ય બન્ને શબ્દો ભિન્ન–ભિન્ન હોવા છતાં તેનો પ્રયોગ એક સાથે પણ થાય છે. તેમાં પૃથ્વીકાય, વનસ્પતિકાય આદિ જીવોની હિંસા થાય છે, તે ઉપરાંત વિભૂષા અને

પરિગ્રહ આદિની દષ્ટિથી તે વર્જિત અને અનાચરણીય છે.

**(૯) वीयणे :–** વીજન. પંખો, તાડપત્ર, મયૂરપંખ, વગેરે કોઈપણ વસ્તુથી હવા નાંખવી. તેમાં વાયુકાયિક જીવોની તથા સંપાતિમ જીવોની હિંસા થાય છે. તેથી નિર્ગ્રંથ શ્રમણ માટે ત્યાજ્ય છે.

## સંન્નિધિ આદિ અનાચાર :–

**૩**

**संणिही गिहीमत्ते य, रायपिंडे किमिच्छए ।**
**संबाहणा दंतपहोयणा य, संपुच्छणा देहपलोयणा य ॥**

**છાયાનુવાદ :** सन्निधिर्गृहीमात्रकं च, राजपिण्डः किमिच्छकः ।
संबाधनं दन्तप्रधावनं च, संप्रच्छनं देहप्रलोकनं च ॥

**શબ્દાર્થ :– संणिही** = વસ્તુઓનો સંચય કરવો અને **गिहिमत्ते** = ગૃહસ્થીના પાત્રમાં ભોજન કરવું **रायपिंडे** = રાજપિંડને ગ્રહણ કરવો **किमिच्छए** = દાનશાળામાંથી દાન લેવું અથવા તમોને શું જોઈએ છે એમ પૂછીને બનાવેલો આહાર લેવો **संबाहणा** = અંગમર્દન કરવું, હાડ, માંસ, ત્વચા, રોમ ઈત્યાદિને સુખ થાય તેવું તૈલાદિકનું માલીશ કરવું, કરાવવું **दंतपहोयणा** = દંત પ્રધાવન, દાતણ કરવું **संपुच्छणा य** = સંપ્રશ્ન–ગૃહસ્થોના શરીર કે ગૃહ સંબંધી ક્ષેમ કુશળ પૂછવા **देहपलोयणा** = દેહ પ્રલોકન–અરીસા કે તેવા સાધનોમાં શરીરને નીરખવું.

**ભાવાર્થ :–** (૧૦) ઘૃત–ગોળાદિ આહારનો સંચય કરીને રાખવો, (૧૧) ગૃહસ્થીના પાત્રમાં ભોજન કરવું (૧૨) રાજા માટે બનાવેલો આહાર લેવો અથવા બલવર્ધક ઔષધિ નાખીને બનાવેલો આહાર લેવો, (૧૩) દાનશાળા આદિમાં 'શું જોઈએ છે ?' તેમ પૂછીને અપાતો આહાર લેવો અથવા તમારે શું જોઈએ છે ? તેમ પૂછીને બનાવેલો આહાર લેવો. (૧૪) શરીરના અંગોપાંગનું મર્દન કરવું, કરાવવું (૧૫) દાંત સ્વચ્છ કરવા, (૧૬) ગૃહસ્થને ક્ષેમ કુશળ પૂછવા, (૧૭) પોતાના શરીરનું પ્રતિબિમ્બ અરીસાદિમાં જોવું.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથામાં આઠ અનાચારોનું કથન છે.

**(૧૦) संणिही :–** સન્નિધિનો અર્થ છે સંગ્રહ કરવો. ખાદ્ય વસ્તુઓ તથા ઔષધ–ભેષજ આદિનો લેશમાત્ર અથવા લેપ્યમાત્ર પણ સંચય ન કરવો, તેવી શાસ્ત્રજ્ઞા છે. ભયંકરમાં ભયંકર દુઃસાધ્ય રોગાંતક આવે તો પણ ઔષધ આદિનો સંગ્રહ કરવો વર્જિત છે; સંગ્રહ કરવાથી ગૃદ્ધિ, લોભવૃત્તિ વગેરે વધે છે. સંચય કરવાનો સર્વથા ત્યાગ કરવો, નિષ્પરિગ્રહ રહેવું તે શ્રમણધર્મનો અનિવાર્ય ગુણ છે.

**(૧૧) गिहिमत्ते :– गिहि** = ગૃહસ્થના, **मत्ते** = ભાજન, વાસણ. ગૃહસ્થના વાસણમાં ભોજન કરવું,

પાણી પીવું અથવા તેના વાસણનો ઉપયોગ કરવો અનાચાર છે. કારણ કે ગૃહસ્થના વાસણમાં ભોજન કર્યા પહેલા કે પછી તે વાસણને સાફ કરે, સચિત્ત પાણીથી ધુએ, તેમાં જળનો આરંભ થાય, તે પાણી જ્યાં ત્યાં ઢોળાય તેથી અજયણા થાય અને જીવ હિંસા થાય. માટે ગૃહસ્થના પાત્રમાં ભોજન–પાન કરનારને આચાર ભ્રષ્ટ કહ્યા છે. તે ઉપરાંત ગૃહસ્થના વાસણ ધાતુના હોય અથવા મૂલ્યવાન હોય, તે ખોવાઈ જવાની, ચોરી થઈ જવાની સંભાવના છે. કદાચ ખોવાઈ જાય તો તેની ક્ષતિપૂર્તિ કરવી સાધુને માટે મુશ્કેલ છે.

**(૧૨) રાજપિંડ :–** રાજા માટે બનાવેલા આહારને, રાજકીય ભોજનને અથવા રાજાના ઘરના આહારને રાજપિંડ કહેવામાં આવે છે. રાજાનો આહાર ગરિષ્ઠ અને બલવર્ધક તેમજ કામવર્ધક હોય છે. આવો આહાર સંયમી સાધકના સંયમમાં હાનિ પહોંચાડે છે.

રાજઘરનું સરસ ભોજન ખાતા રહેવાથી રસલોલુપતા વધે, રસલોલુપતાના કારણે અનેષણીય આહાર ગ્રહણ કરવા રૂપ દોષની સંભાવનાથી રાજકીય આહાર ગ્રહણ કરવો અનાચીર્ણ છે. તે ઉપરાંત રાજાના ઘેરથી આહાર ગ્રહણ કરવામાં આકીર્ણ દોષની સંભાવના છે. રાજમહેલમાં પ્રધાનો, સેનાપતિઓ વગેરેનું સતત આવાગમન થતું રહે છે. તે ભીડમાં સાધુને ઠોકર લાગે, પાત્રાદિ તૂટી જાય, વગેરે દોષ તથા એષણા સમિતિનું પાલન બરાબર ન થાય, આ રીતે રાજપિંડ અનેક દોષોનું કારણ હોવાથી વર્જ્ય છે.

**(૧૩) किमिच्छ य :–** કિમિચ્છક. કોઈ ગૃહસ્થ સાધુને પૂછે કે તમારે શું જોઈએ છે ? તે રીતે પૂછીને બનાવેલો આહાર અથવા દાનશાળાદિમાં સાધુને પૂછીને અપાતો આહાર કિમિચ્છકપિંડ કહેવાય છે. કારણ કે પૂછીને બનાવેલા આહારમાં એષણાસમિતિનું પાલન થતું નથી. તેથી તે ત્યાજ્ય છે.

**(૧૪) संबाहणा :–** સંબાધન–સંવાહન. સંબાધનનો અર્થ મર્દન કરવું. શરીર દાબવું અથવા દબાવવું તે બન્ને ક્રિયા રાગ વર્ધક છે. તેના ચાર પ્રકાર છે– અસ્થિ, માંસ, ત્વચા અને રોમ, આ ચારેયને સુખપ્રદ તેલાદિ દ્રવ્યોનું મર્દન કરવું.

**(૧૫) दंतपहोयणा :–** દંત પ્રધાવન. નિર્ગ્રંથ શ્રમણચર્યાનો એક વિશિષ્ટ ગુણ છે– અદંતધાવન. દંતધાવન ગૃહસ્થ પ્રવૃત્તિ છે તેથી જૈન શ્રમણ માટે તેનો નિષેધ છે. *[ વિશિષ્ટ વિવરણ માટે જુઓ–પરિશિષ્ટ ]*

**(૧૬) संपुच्छणा :–** સમ્પૃચ્છના–પૂછવું. ગૃહસ્થને સંયમી જીવનમાં અયોગ્ય એવા પ્રશ્નો પૂછવા. તેના પાંચ અર્થ આ પ્રમાણે છે– (ક) ગૃહસ્થને પોતાના અંગોપાંગોની સુંદરતા વિષયક પ્રશ્ન પૂછવા, (ખ) ગૃહસ્થને સાવદ્ય–આરંભ સંબંધી પ્રશ્ન પૂછવા અથવા ગૃહસ્થોના શરીર કે ગૃહ સંબંધી ક્ષેમ કુશળ પૂછી તેની વાતોમાં રસ લેવો, (ગ) તબિયત કેમ છે, આ રીતે પ્રશ્ન પૂછવા, (ઘ) અમુકે આ કાર્ય કર્યું કે નહીં ? એમ બીજી વ્યક્તિ દ્વારા પૂછાવવું, (ચ) શરીર ઉપર પડેલી રજને ગૃહસ્થ પાસે લૂંછાવવી અથવા લૂંછવી, આ સર્વ કાર્ય સાવદ્યના પોષક અને ગૃહી પરિચર્યારૂપ હોવાથી અનાચાર દોષરૂપ છે.

**(૧૭) देहपलोयणा :–** દેહપ્રલોકન. દર્પણ, પાત્ર, પાણી, તેલ, મધ, મણિ, ખડ્ગ આદિમાં પોતાના દેહનું અવલોકન કરવું. નિશીથ સૂત્રમાં દેહ પ્રલોકન કરનારને પ્રાયશ્ચિત બતાવ્યું છે.

## ચોપટ રમવું આદિ અનાચાર :-

**૪** **अट्ठावए य णालीए, छत्तस्स य धारणट्ठाए ।**
**तेगिच्छं पाहणा पाए, समारंभं च जोइणो ॥**

**છાયાનુવાદ : अष्टापदश्च नालिका, छत्रस्य च धारणार्थाय ।**
**चैकित्स्यमुपानहौ पादयोः, समारम्भश्च ज्योतिषः ॥**

**શબ્દાર્થ :– अट्ठावए** = જુગાર, ચોપટ રમવો **णालीए** = નાલિકાથી પાસા ફેંકીને જુગાર રમવો **छत्तस्स** = છત્રનું **धारणट्ठाए** = ધારણ કરવું **तेगिच्छं** = ચિકિત્સા કરવી **पाए** = પગમાં **पाहणा** = જૂતા આદિ પહેરવાં **जोइणो** = અગ્નિનો **समारंभं** = સમારંભ કરવો.

**ભાવાર્થ :–** (૧૮) જુગાર રમવો, નાલિકા દ્વારા પાસા ફેંકીને શેતરંજ વગેરે બીજી રમતો રમવી (૧૯) માથા પર છત્ર ધારણ કરવું (૨૦) વ્યાધિ આદિની ચિકિત્સા(જેના દ્વારા હિંસા થાય તેવી વૈદકક્રિયા) કરવી, કરાવવી (૨૧) પગમાં પગરખાં આદિ પહેરવા (૨૨) અગ્નિનો સમારંભ કરવો, એ સર્વે સાધુ માટે અનાચીર્ણ છે.

### વિવેચન :-

પ્રસ્તુત ગાથામાં પાંચ અનાચારોનું વર્ણન છે.

**(૧૮) अट्ठावए य णालीए :–** અષ્ટાપદ અને નાલિકા. શેતરંજ વગેરે રમત રમવી તેને **અષ્ટાપદ** કહેવાય છે અને પાસાઓને નાલિકા દ્વારા નાંખીને રમવામાં આવે તેને **નાલિકા** કહેવાય છે. તે સ્વાધ્યાય ઘાતક અને પ્રમાદાચરણ હોવાથી સાધુ માટે તે અનાચીર્ણ છે.

**(૧૯) छत्तस्स य धारणट्ठाए :–** છત્રને ધારણ કરવું. છત્ર ધારણ કરવા અને ન કરવા સંબંધી આગમોમાં ભિન્ન–ભિન્ન આશયથી ભિન્ન–ભિન્ન કથન જોવા મળે છે.

પ્રસ્તુત આગમમાં છત્ર ધારણ કરવાને અનાચાર દોષ કહ્યો છે. શ્રી સૂયગડાંગ સૂત્ર અને પ્રશ્ન વ્યાકરણમાં સાધુને માટે છત્ર ધારણ કરવું અકલ્પનીય છે, તેમ કહ્યું છે.

શ્રી આચારાંગ સૂત્રમાં કથન છે કે શ્રમણ સહવર્તી સંતોની અનુમતિ લીધા વિના તેની છત્રાદિ વસ્તુ ગ્રહણ કરે નહીં. આ વિધાન પરથી સંતો છત્ર રાખતા હોય તેમ જણાય છે. વ્યવહાર સૂત્રમાં સ્થવિરોને માટે "છત્ર ધારણ કરવું" કલ્પનીય કહ્યું છે. આ સર્વ આગમોના અભિપ્રાયનો નિષ્કર્ષ એ જ છે કે– (૧) વરસાદ અને તાપ નિવારણને માટે સાધુ છત્ર ધારણ કરે તો અનાચાર દોષ લાગે છે. (૨) શોભા અને મહિમા વધે તેવા હેતુથી છત્ર ધારણ કરવું તે અનાચાર દોષ છે. (૩) ગાઢ રોગાદિનું કારણ ઉપસ્થિત થાય

ત્યારે છત્ર ધારણ કરવું પડે તો તે અનાચાર દોષ નથી. (૪) સ્થવિરને માટે છત્ર ધારણ કરવું પડે તો અનાચાર દોષ નથી.

**(૨૦) तेगिच्छं :–** ચિકિત્સા. તેના બે અર્થ થાય છે. (૧) ઔષધ સેવન (૨) વૈદ્યક વૃત્તિ.

**(૧) ઔષધ સેવન :–** શ્રી ઉત્તરાધ્યયન, આચારાંગ, સૂયગડાંગ, પ્રશ્નવ્યાકરણ આદિ આગમોમાં સાધુ– સાધ્વીઓએ ચિકિત્સા ન કરવી, ન કરાવવી, અનુમોદન પણ ન કરવું તે પ્રકારનું સ્પષ્ટ કથન છે.

જ્યારે બીજી બાજુ શ્રમણોપાસકને માટે બારમા વ્રતમાં ચૌદ પ્રકારના દાનમાં સાધુને આવશ્યકતા અનુસાર ઔષધ–ભેષજથી પ્રતિલાભિત કરવાનું વિધાન છે. જો રોગની ચિકિત્સાનો સર્વથા નિષેધ હોય તો ઔષધ–ભેષજના દાનનું કથન કેવી રીતે હોય શકે ?

તેનું સમાધાન એ છે કે– ચિકિત્સા ન કરવી તે ઉત્સર્ગ માર્ગ છે; તેથી જ્યાં સુધી ક્ષમતા હોય ત્યાં સુધી રોગ પરીષહને સહન કરવો તે શ્રમણ ધર્મ છે. જ્યારે વ્યક્તિની ક્ષમતા ઉપરાંત રોગની વેદના હોય ત્યારે શ્રમણ નિર્વદ્ય ચિકિત્સાનું અવલંબન લઈ શકે છે; તે સાધુનો નિર્દોષ અપવાદ માર્ગ છે. દોષ લગાડીને ચિકિત્સા કરાવવી તે સદોષ અપવાદ માર્ગનું સેવન છે, તેનું પ્રાયશ્ચિત્ત કરીને શ્રમણ શુદ્ધ થાય છે. નિશીથ– સૂત્રમાં વિવિધ પ્રકારની ચિકિત્સાના પ્રાયશ્ચિતનું કથન છે. આ રીતે આચારાંગ સૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર આદિના ઔષધ નહીં લેવાના વિધાન અને શ્રાવકના બારમા વ્રતમાં આવતું ઔષધ દાનનું વિધાન સમીચીન છે.

**(૨) વૈદ્યક વૃત્તિ :–** સોળ ઉત્પાદનના દોષોમાં એક દોષ ચિકિત્સા પણ છે. તેનો અર્થ છે ઔષધાદિ દેખાડીને આહાર પ્રાપ્ત કરવો; સાધુ માટે આવા પ્રકારે આહારની ગવેષણા વર્જનીય છે. આગમમાં સ્પષ્ટ કહ્યું છે કે ભિક્ષુ ચિકિત્સા, મંત્ર, તંત્ર, ઔષધ ભૈષજ્ય વગેરેનો પ્રયોગ કરીને ભિક્ષા પ્રાપ્ત ન કરે. ચિકિત્સા શાસ્ત્ર શ્રમણ માટે પાપશ્રુત કહેલ છે.

**(૨૧) पाहणा पाए :–** પગમાં પગરખાં પહેરવા. કાષ્ઠ કે ચામડાના પગરખાં ધારણ કરવા તે સાધુને માટે અનાચાર દોષ છે. શરીરની અસ્વસ્થતામાં, આપત્કાલમાં ચામડા અથવા કાષ્ઠ સિવાયના પગરખાં ધારણ કરી શકે છે. પગરખા પગમાં જ પહેરાય છે છતાં **पाए**– પદ આપવાનું કારણ એ છે કે પગમાં કે અન્ય કોઈ બિમારી હોય તો પગરખાંનો અપવાદ માર્ગે ઉપયોગ કરે તે અનાચાર નથી. નિરોગી અણગાર પગરખાં પહેરે તો જિનાજ્ઞાનો ભંગ થાય છે, ઈર્યાસમિતિની વિરાધના થાય છે, તેમજ સુખશીલપણાની વૃદ્ધિ થાય છે. માટે સંયમશીલ સાધુએ પગરખાં ધારણ કરવા ન જોઈએ.

**(૨૨) समारंभं च जोइणो :–** અગ્નિનો આરંભ કરવો. અગ્નિના આરંભથી છકાયના જીવોનો આરંભ થાય છે. અગ્નિ તીક્ષ્ણતમ શસ્ત્ર છે, સર્વ જીવોને માટે આઘાત જનક છે. અગ્નિનો આરંભ દુર્ગતિ વધારનાર અનેક દોષોનું કારણ છે; તેથી સંયમી મુનિ પ્રકાશ માટે કે ઠંડીના નિવારણ માટે અગ્નિનો આરંભ ન કરે. અગ્નિ સમારંભ શબ્દમાં અગ્નિની અંતર્ગત તેના સર્વરૂપ– અંગાર, મુર્મુર, અર્ચિ, જ્વાળા

વગેરે સમાય જાય છે. પ્રકારાંતરથી અગ્નિથી આહારાદિ રાંધવું, રાંધવાનું કહેવું, અગ્નિ પ્રગટાવવાનું કહેવું, પ્રકાશ કરવો, બુઝાવવો વગેરે રૂપે પણ સમારંભ કરવો, કરાવવો કે અનુમોદવો, તે સર્વ અનાચાર છે.

## શય્યાતર પિંડ આદિ અનાચાર :–

**૫** **सिज्जायरपिंडं च आसंदी पलियंकए ।**
**गिहंतरणिसेज्जा य, गायस्सुव्वट्टणाणि य ॥**

**છાયાનુવાદ : शय्यातरपिण्डश्च, आसन्दीपर्यङ्ककौ ।**
**गृहान्तरनिषधा च, गात्रस्योद्वर्त्तनानि च ॥**

**શબ્દાર્થ :– सिज्जायरपिंडं** = શય્યાતરનો આહાર લેવો **आसंदीपलियंकए** = સાંગામાંચી અને પલંગ પર બેસવું **गिहंतरणिसिज्जा** = ગૃહસ્થના ઘેર જઈને બેસવું **गायस्सुव्वट्टणाणि** = શરીરનો મેલ દૂર કરવા માટે પીઠી વગેરે ચોળવું.

**ભાવાર્થ :–** (૨૩) જે ગૃહસ્થે રહેવા માટે આશ્રય આપ્યો હોય તે શય્યાતર કહેવાય; તેના ઘરનું ભોજન આદિ લેવું, (૨૪) આસંદી–સાંગામાંચી ઉપર બેસવું, (૨૫) પલંગ ઉપર બેસવું, (૨૬) ગૃહસ્થના ઘેર જઈને બેસવું (૨૭) શરીરના અવયવોમાં પીઠી ચોળવી, ઈત્યાદિ ક્રિયાઓ કરવી સાધુ માટે અનાચીર્ણ છે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથામાં પાંચ અનાચારોનું વર્ણન છે.

**(૨૩) सिज्जायर पिंड :–** શય્યાતરના ઘરનો આહાર લેવો. **सेज्जायर** શબ્દના ત્રણ સંસ્કૃતરૂપ થાય છે. (૧) શય્યાકર– શય્યાને બનાવનાર, (૨) શય્યાધર– શય્યાને ધારણ કરનાર, (૩) શય્યાતર–શય્યાદાન કરનાર. આ ત્રણે અર્થમાંથી અહીં ત્રીજો અર્થ માન્ય છે.

શય્યાતર શબ્દનો પ્રવૃત્તિલભ્ય અર્થ આ પ્રમાણે થાય છે– શ્રમણોને રહેવા માટે શય્યા(સ્થાન) આપનાર શય્યાતર કહેવાય છે. આજ્ઞા આપનાર ઘરના માલિક અથવા માલિકે નિર્દેશ કરેલ કોઈ વ્યક્તિ શય્યાતર કહેવાય છે.

ભાષ્યકારના મતાનુસાર શ્રમણ જે ઉપાશ્રય કે સ્થાનમાં રાત્રિ દરમ્યાન રહે, સૂવે અને ચરમ આવશ્યક કાર્ય–પ્રતિક્રમણ કરે તે સ્થાનના સ્વામી શય્યાતર થાય છે અર્થાત્ તે શય્યાતર કહેવાય છે.(જે સ્થાનમાં દિવસે જ રહે તેના સ્વામી શય્યાતર કહેવાતા નથી.) શય્યાતરના અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, પાત્ર આદિ અગ્રાહ્ય હોય છે. તૃણ, રાખ, પાટ, પાટલા, બાજોઠ આદિ ગ્રાહ્ય હોય છે.

**શય્યાતર પિંડના દોષ :–** શય્યાતરના ઘરનો આહાર ગ્રહણ કરવો તે અનાચારદોષ છે. શય્યાતરને

ત્યાંથી આહાર ગ્રહણ કરવાથી તેને બોજો વધી જાય, ક્યારેક અશ્રદ્ધા અને અભક્તિના ભાવ થાય છે, પરિણામે સાધુને સ્થાનની પ્રાપ્તિ દુર્લભ થઈ જાય છે. ક્યારેક તે અતિભક્તિવશ ઔદેશિક દોષ યુક્ત આહાર પાણી વહોરાવે છે. સાધુને એષણા સમિતિનું પાલન યથાર્થ રીતે થતું નથી તેમ જ ગૃહસ્થના પ્રતિબંધમાં રહેવું પડે છે. આ સર્વ દોષોની સંભાવના હોવાથી શય્યાતર પિંડનો ત્યાગ કરવો જોઈએ.

**(૨૪) आसंदी :–** આસંદી એક પ્રકારનું બેસવાનું આસન અથવા બેસવા યોગ્ય માંચી, ખાટલી, ખુરસી, ડોળી–સાદડી, વગેરે આસંદી કહેવાય છે. તેનું પ્રતિલેખનાદિ બરાબર થઈ શકતું નથી. તેથી તેમાં બેસવાથી અસંયમની સંભાવના છે.

**(૨૫) पलियंकए :–** પલંગ, માંચી, ખાટ, ખાટલા, પથારી ઈત્યાદિ વાપરવા. તે સૂવાના કામમાં આવે છે તેથી તેને પર્યંક–પલંગ કહે છે. તેમાં ઊંડાણવાળા છિદ્રો હોય છે, તેમાં કોઈ જીવ જંતુ બેસી જાય તો તે સારી રીતે જોઈ શકાતા નથી. આસન અને પલંગાદિમાં બેસવાથી લઘુતા, શાસનની હીલના, સુખશીલપણું અને હિંસા આદિ દોષોની સંભાવના છે. તેથી સાધુ તેના ઉપર બેસે નહીં તેમજ સૂએ પણ નહીં.

**(૨૬) गिहंतर णिसेज्जा :–** ગૃહાન્તર નિષદ્યા અર્થાત્ ભિક્ષા આદિ માટે ગયેલા અણગારને ગૃહસ્થના ઘરમાં બેસવું તે અનાચીર્ણ છે. **अन्यद् गृहम् गृहान्तरम्** આ પ્રમાણે વ્યુત્પત્તિ કરીએ તો, સાધુ જે સ્થાનમાં સ્વયં નિવાસ કરે છે, તે સ્થાન તેના માટે સ્વગૃહ છે. તે સિવાયના પ્રત્યેક સ્થાન તેના માટે પરગૃહ અથવા ગૃહાન્તર છે. સંક્ષેપમાં સાર એ જ છે કે સાધુ ગૃહસ્થના ઘરમાં અર્થાત્ પોતાના રોકાયેલા સ્થાન સિવાયના અન્ય સ્થાનમાં કારણ વિના બેસે નહીં.

ગૃહસ્થના ઘરમાં બેસવાથી બ્રહ્મચર્ય પર વિપત્તિ આવે છે, પ્રાણીઓનો વધ થાય છે, ભિક્ષાર્થીઓને ભિક્ષાની અંતરાય પડે, ગૃહસ્થોને ક્રોધ ઉત્પન્ન થાય અને કુશીલપણાની વૃદ્ધિ થાય છે.

**(૨૭) गायस्सुव्वट्टणाणि :–** ગાત્ર ઉદ્વર્તન. શરીરમાં પીઠી આદિ ચોળવી–ચોળાવવી. આ પ્રવૃત્તિથી સાધક મલ પરિષહથી પરાભૂત થાય છે. તે ઉપરાંત શરીર શોભા, કામવિકાર, ઈત્યાદિ દોષોની સંભાવના રહે છે.

પ્રસ્તુત સૂત્રના છટ્ઠા અધ્યયનમાં સાધુ માટે શરીર શોભાનો નિષેધ કરીને તેની અંતર્ગત ગાત્ર ઉદ્વર્તનનો પણ નિષેધ કર્યો છે. ત્યાં કહ્યું છે કે સંયમી સાધુ ચૂર્ણ, કલ્ક, લોધ્ર આદિ સુગંધિત પદાર્થોને પોતાના શરીર ઉપર ચોળે નહીં, તેનું સેવન કરે નહીં કારણ કે શરીર વિભૂષા સાવદ્ય બહુલ છે. તેનાથી ગાઢ કર્મબંધન થાય છે.

## ગૃહસ્થની વૈયાવચ્ચ આદિ અનાચાર :–

**६** **गिहिणो वेयावडियं, जा य आजीववत्तिया ।**
**तत्ताणिव्वुडभोइत्तं, आउरस्सरणाणि य ॥**

**છાયાનુવાદ :** गृहिणो वैयावृत्त्यं, या च आजीववृत्तिता ।
तप्तानिवृत्तभोजित्वं, आतुरस्मरणानि च ॥

**શબ્દાર્થ :– गिहिणो** = ગૃહસ્થની **वेयावडियं** = વૈયાવૃત્ય કરવી **आजीववत्तिया** = પોતાની જાતિ આદિ બતાવીને આહારાદિ લેવો **तत्ताणिव्वुडभोइत्तं** = જે પાણી અગ્નિના શસ્ત્રથી બરાબર ઉકળ્યું ન હોય તેવું પાણી લેવું. અથવા સચિત્ત અને અચિત્ત બંને હોય તેવા મિશ્રિત આહાર પાણી ગ્રહણ કરવા **आउरस्सरणाणि** = ક્ષુધાદિથી પીડિત થઈને પરિવારના લોકોનું સ્મરણ કરવું.

**ભાવાર્થ :–** (૨૮) ગૃહસ્થની વૈયાવૃત્ય કરવી (૨૯) જાતિ–કુલ–ગણાદિ પ્રગટ કરી આજીવિકા મેળવવી. (૩૦) જે પદાર્થ સર્વથા પ્રાસુક(અચિત્ત) થયા ન હોય, તેનું ભોજન કરવું (૩૧) ભૂખ આદિથી પીડિત થઈને પારિવારિક જનોનું સ્મરણ કરવું.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં ચાર અનાચારનું વર્ણન છે.

**(૨૮) गिहिणो वेयावडियं :–** ગૃહસ્થની સેવા કરવી. આ શબ્દના બે અર્થ થાય છે– **(૧) વૈયાપૃત્ત્ય– ૧.** ગૃહસ્થના ઉપકારમાં પ્રવૃત્ત થવું અને ગૃહસ્થ સંબંધી વ્યાપાર કરવો. **૨.** ગૃહસ્થના અસંયમ જીવનની અનુમોદના કરવી. **૩.** ગૃહસ્થને આહારાદિ આપવા. **૪.** ગૃહસ્થના ઉપકાર માટે તેનું કાર્ય સ્વયં કરવું. વ્યાપારાદિ કરવા. **(૨) વૈયાવૃત્ત્ય–** પરિચર્યા સેવા કરવી. **૧.** ગૃહસ્થની શારીરિક સેવા–શુશ્રૂષા કરવી. **૨.** ગૃહસ્થને બીજાને ત્યાંથી આહાર, પાણી, દવા આદિ લાવીને આપવા. **૩.** ગૃહસ્થ પાસે શારીરિક સેવા લેવી.

કોઈ પણ પ્રકારે ગૃહસ્થોનો ઉપકાર કરવાથી, સેવા કરવાથી કે કરાવવાથી, તેના અસંયમી જીવનની અનુમોદના થાય છે. તેથી સાધુને માટે તે અનાચાર દોષ છે.

**(૨૯) आजीव वत्तिया :–** આજીવ વૃત્તિતા. જાતિ આદિ બતાવીને આજીવિકા ચલાવવી. આજીવ = આજીવિકા ચલાવવાનો ઉપાય અથવા સાધન અને વૃત્તિત્તા = તે સાધન દ્વારા આહારાદિ પ્રાપ્ત કરવો. આજીવિકા પ્રાપ્ત કરવાના આઠ સાધન છે. તેના આધારે આજીવવૃત્તિતાના આઠ પ્રકાર થાય છે. જેમ કે–

(૧) બ્રાહ્મણ આદિ જાતિ અથવા જાતિ એટલે માતૃપક્ષ. પોતાની જાતિ દેખાડીને આહારાદિ પ્રાપ્ત કરવો તે **જાત્યાજીવવૃત્તિતા** છે. (૨) ઉગ્રાદિકુલ અથવા કુલ એટલે પિતૃપક્ષ. કુળ બતાવીને આજીવિકા કરવી, તે **કુળાજીવવૃત્તિતા** છે. (૩) કૃષિ આદિ કર્મ. આચાર્યાદિ પાસેથી શિક્ષણ પ્રાપ્ત કર્યા વિના જે કાર્ય કરી શકાય તેને કર્મ કહે છે. ખેતી આદિની કર્મ–કુશળતાની વાત કહીને આહારાદિ પ્રાપ્ત કરવા. તેનું નામ **કર્માજીવવૃત્તિતા** છે. (૪) જે કાર્યમાં પ્રવીણતા મેળવી શકાય તે શિલ્પ કહેવાય છે. વણાટ, સિલાઈ સંબંધી પોતાના શિલ્પ–કૌશલ્યની વાત કરી આહારાદિ પ્રાપ્ત કરવા તે **શિલ્પાજીવવૃત્તિતા** છે.

(૫) વેશ. પોતાના વેશના સહારે આહારદિ પ્રાપ્ત કરવા તે **લિંગાજીવવૃત્તિતા** છે. (૬) મલ્લાદિગણ છે. પોતાની ગણ વિદ્યાની કુશળતાને દેખાડીને આજીવિકા કરવી તે **ગણાજીવવૃત્તિતા** છે. (૭) પોતાના તપનું વર્ણન કરી, આજીવિકા પ્રાપ્ત કરવી તે **તપાજીવવૃત્તિતા** છે. (૮) શાસ્ત્રજ્ઞાન. પોતાના શ્રુતજ્ઞાનની પ્રશંસા કરી આજીવિકા પ્રાપ્ત કરવી તે **શ્રુતાજીવવૃત્તિતા** છે.

જાતિ આદિને કહેવાની પ્રવૃત્તિ બે પ્રકારે થઈ શકે છે– (૧) હું અમુક જાતિનો છું, ઉગ્રતપસ્વી છું, બહુશ્રુતજ્ઞાની છું, આ રીતે પોતે જ પોતાની જાતિ આદિ બતાવીને (૨) અન્ય દ્વારા પોતાની જાતિ આદિ કહેવડાવીને આજીવિકા પ્રાપ્ત કરવી.

ઉપરોક્ત કોઈ પણ પ્રકારે આહાર પ્રાપ્ત કરવો તે સંયમી જીવન માટે દોષરૂપ છે, તે એક પ્રકારની લાચારી કે દીનતા છે, સોળ ઉત્પાદનના દોષમાંથી એક દોષ છે. તેથી જ તેવા સાધુઓને આગમમાં કુશીલ કહ્યા છે. તેવા સાધુઓ જીહ્વાલોલુપ બની પોતાના શ્રમણભાવને નષ્ટ કરે છે. તે આજ્ઞાભંગ, સંયમની વિરાધના અને પરંપરાએ મિથ્યાત્વને પ્રાપ્ત કરે છે.

આ રીતે આજીવવૃત્તિતામાં અનેક દોષોની સંભાવના છે, તેથી તે ત્યાજ્ય છે.

**(૩૦) तत्ताणिव्वुड भोइत्तं :–** તપ્તાનિવૃત્ત ભોજિત્વ–અર્ધપક્વ વસ્તુનો ઉપભોગ કરવો. તપ્ત અને અનિવૃત્ત, આ બે શબ્દોનો સમાસ યુક્ત શબ્દનો પ્રયોગ મિશ્ર(સચિત્ત–અચિત્ત) વસ્તુને દર્શાવવા માટે થયો છે. તપ્ત = તપાવેલું, ગરમ કરેલું. અનિવૃત્ત = જીવ રહિત ન થયેલું. ગરમ કરવા છતાં અથવા અન્ય શસ્ત્રનો સંયોગ થવા છતાં જે પૂર્ણ અચિત્ત ન થયું હોય તેવું જલ અને ભોજન ગ્રહણ કરવું અનાચાર છે.

ઉકાળાપૂર્વક ઉકાળેલું પાણી પૂર્ણ અચિત્ત થઈ જાય છે. બરાબર ન ઉકાળેલું હોય તેવું મિશ્ર જલ તપ્તાનિવૃત્ત કહેવાય છે. અથવા એકવાર પૂર્ણ અચેત થયેલું પાણી તેની કાલમર્યાદા પૂર્ણ થતાં પુનઃ સચેત થઈ જાય છે. તેવા જલને પણ **તપ્તાનિવૃત્ત** કહેવાય છે.

પૂર્ણ અચેત થયેલું પાણી ચોમાસામાં ત્રણ પ્રહર સુધી, શિયાળામાં ચાર પ્રહર સુધી અને ઉનાળામાં પાંચ પ્રહર સુધી અચેત રહે છે, ત્યારપછી ગમે ત્યારે તે પુનઃ સચેત થઈ શકે છે. આ રીતે અચેત થયેલા જલની અચેત રહેવાની કાલમર્યાદા શાસ્ત્રની વ્યાખ્યાઓમાં અને ગ્રંથોમાં દર્શાવેલી છે.

તે ઉપરાંત મિશ્ર ભોજન કે જેમાં જીવના પ્રદેશો રહી ગયા હોય તેવો અર્ધપક્વ આહાર લેવો. તેને પણ તપ્તાનિવૃત્ત ભોજન કહે છે. સાધુને માટે પ્રાસુક, જીવરહિત, પૂર્ણ અચિત્ત થયેલા આહાર પાણી જ કલ્પનીય છે. તેથી તપ્તાનિવૃત્ત આહાર પાણી ગ્રહણ કરવા, તે અનાચાર દોષ છે.

**(૩૧) आउरस्सरणाणि :– आतुर** = પીડિત, દુઃખી, **सरणाणि** = તેના બે સંસ્કૃત રૂપ થાય છે– (૧) **स्मरणानि** = સ્મરણ કરવું (૨) **शरणानि** = ત્રાણ અથવા શરણ. આ રીતે આ અનાચારનો અર્થ છે કે મુનિ રોગાતંકથી કે પરીષહોપસર્ગથી દુઃખી થઈને દીનભાવે ગૃહસ્થોની કે પારિવારિક જનોનું શરણ ઈચ્છે અથવા તેઓને યાદ કરે, તો તે અનાચાર છે.

## સચિત્ત મૂળા આદિ અનાચાર :–

**૭** **मूलए सिंगबेरे य, उच्छुखंडे अणिव्वुडे ।**
**कंदे मूले य सच्चित्ते, फले बीए य आमए ॥**

**છાયાનુવાદ :** **मूलकं शृङ्गबेरं च, इक्षुखण्डमनिर्वृतम् ।**
**कन्दो मूलं च सचित्तं, फलं बीजं च आमकम् ॥**

**શબ્દાર્થ :– अणिव्वुडे** = પાક્યા વગરના–સચિત્ત **मूलए** = મૂળા **सिंगबेरे** = આદું **उच्छुखंडे** = ગંડેરી, શેરડીના ટુકડા **सच्चित्ते** = સચિત્ત, સજીવ **कंदे मूले** = કંદ–મૂળ **आमए** = કાચા, સચિત્ત **फले** = ફળ **बीए** = બીજ.

**ભાવાર્થ :–** (૩૨) જે જીવોથી રહિત થયેલા ન હોય તેવા સચિત્ત મૂળા (૩૩) સચિત્ત આદું (૩૪) સચિત્ત ઈક્ષુખંડ (૩૫) સચિત્ત કંદ (૩૬) સચિત્ત મૂળ (કંદમાંથી નીકળેલા ભૂમિગત તાંતણા તે મૂળિયા) (૩૭) સચિત્ત ફળ (૩૮) ઘઉં વગેરે વનસ્પતિના સચિત્ત બીજ.

### વિવેચન :–

પ્રસ્તુત ગાથામાં સાત અનાચારોનું વર્ણન છે.

**(૩૨–૩૩) मूलए सिंगबेरे :–** મૂળા અને આદું. સચિત્ત મૂળા અને આદું સાધુ માટે અગ્રાહ્ય છે. અહીં અનંતકાયની અગ્રાહ્યતા દર્શાવવા ઉદાહરણરૂપે આ બે નામ સૂત્રકારે આપ્યા છે.

**(૩૪) उच्छुखंडे :–** ઈક્ષુ ખંડ. જેમાં બે પર્વ મોજૂદ હોય અર્થાત્ શેરડીની કાંતળી વચ્ચે જેમાં આંખ જેવી આકૃતિવાળી ગાંઠ હોય, ત્યાં સુધી શેરડી સચિત્ત કહેવાય છે. તે લેવામાં અનાચાર દોષ લાગે છે. તે પર્વ–ગાંઠ કાઢી લેવામાં આવે અને તે ગંડેરીના રૂપમાં થઈ જાય ત્યારે તે સચેત કહેવાતી નથી પરંતુ તેમાં ફેંકવાનું વધુ પ્રમાણમાં હોવાથી સંયમ વિરાધના થાય છે. તેથી તે અગ્રાહ્ય છે.

**(૩૫–૩૬) कंदे मूले य :–** કંદ અને મૂળ. આ બે શબ્દો વૃક્ષની ક્રમિક અવસ્થાના બોધક છે : વૃક્ષનો સહૂથી નીચેનો ભાગ મૂળ કહેવાય છે અને તેની ઉપરનો ભાગ કંદ કહેવાય છે. અહીં ગાથામાં ક્રમનો વ્યત્યય થયો છે. વ્યવહારમાં પણ કંદમૂળ શબ્દ પ્રયોગ બહુ પ્રચલિત છે.

**(૩૭–૩૮) फले बीए य आमए :–** અચિત્ત નહીં થયેલા આમ્રાદિ ફળો તથા ઘઉં આદિ ઉગવા યોગ્ય વનસ્પતિના બીજ સાધુ માટે ગ્રહણ કરવા યોગ્ય નથી.

**अणिव्वुडे, सच्चित्ते आमए :–** અનિર્વૃત્ત, સચિત્ત, આમક. મૂળ કંદ આદિની સચિત્ત અવસ્થા બતાવવા આ ત્રણ શબ્દનો પ્રયોગ છે, તે ત્રણે શબ્દો એકાર્થક હોવા છતાં તેમાં કંઈક ભિન્નતા છે. યથા–

(૧) જે સચિત્ત વસ્તુ ઉપર શસ્ત્રાદિનો પ્રયોગ થયો હોય પરંતુ તે પ્રાસુક–જીવરહિત થઈ ન હોય, તેને અનિવૃત્ત કહેવાય છે. (૨) જેના ઉપર શસ્ત્રનો પ્રયોગ થયો જ નથી, એવી જે વસ્તુ સજીવ છે તે સચિત્ત કહેવાય છે.(૩) જે પરિપક્વ થયેલા ન હોય તેવા કાચા ફળાદિ આમક કહેવાય છે. આ રીતે આ ત્રણે ય શબ્દ સજીવતાના દ્યોતક છે. પહેલાંમાં શસ્ત્ર પ્રયોગ થયો છે પણ હજુ તેનો જીવ અલગ થયો નથી. બીજામાં શસ્ત્ર પ્રયોગ થયો નથી. ત્રીજામાં પરિપકવતા આવી નથી.

ગાથા કથિત અનંતકાયિક મૂળા, આદું, કંદ તથા પ્રત્યેક શરીરી મૂળીયા, શેરડી, ફળ, બીજ વગેરે સચિત્ત હોય તો તેને ગ્રહણ કરવાથી, વાપરવાથી અહિંસાવ્રતનો ભંગ થાય છે. માટે આ અનાચાર દોષ ટાળવા જોઈએ.

## સચિત્ત સંચળ આદિ અનાચાર :–

**૮** **सोवच्चले सिंधवे लोणे, रोमालोणे य आमए ।**
**सामुद्दे पंसुखारे य, कालालोणे य आमए ॥**

**છાયાનુવાદ :** **सौवर्चलं सैन्धवं लवणं, रोमालवणं च आमकम् ।**
**सामुद्रं पांशुखारश्च, काललवणं च आमकम् ॥**

**શબ્દાર્થ :– आमए** = સચિત્ત **सोवच्चले** = ખાણનું સંચળ **सिंधवे लोणे** = સિંધાલૂણ **रोमालोणे** = રોમક ક્ષાર–રોમક દેશનું મીઠું **आमए** = સચિત્ત **सामुद्दे** = સમુદ્રનું મીઠું **पंसुखारे** = ખારો, પાંસુલવણ **कालालोणे** = કાળું મીઠું.

**ભાવાર્થ :–** (૩૯) સચિત્ત સંચળ (૪૦) સિંધાલૂણ (૪૧) રોમક ક્ષાર (૪૨) સામુદ્રિક લવણ (૪૩) ખારો (૪૪) કાળું મીઠું વગેરે ઉપયોગમાં લેવા.

## વિવેચન :–

આ ગાથામાં છ પ્રકારના લવણ–મીઠાનું વર્ણન છે.

**(૩૯) सोवच्चले :–** (૧) સંચળ મીઠું(નમક). ઉત્તરપથના એક પર્વતની ખાણમાંથી નીકળતું મીઠું તે સંચળ લવણ છે.

**(૪૦) सैन्धव :–** સિંધાલૂણ. સિન્ધુ દેશના પર્વતની ખાણમાંથી ઉત્પન્ન થનારું મીઠું.

**(૪૧) रोमालवण :–** રૂમાદેશમાં ઉત્પન્ન થનારું અર્થાત્ મીઠાની ખાણમાં ઉત્પન્ન થનારું મીઠું.

**(૪૨) सामुद्रलवण :–** સમુદ્રના પાણીને, ક્યારીઓમાં ભરીને, પકાવવામાં આવતા મીઠાને સામુદ્રલવણ કહે છે.

**(૪૩) पांसुखार :–** ઉપરની જમીનમાંથી નીકળેલું મીઠું, જે પાપડીયો ખારો કહેવાય છે.

**(૪૪) कालालवण :–** કાળું મીઠું. સૈન્ધવ પર્વતની વચ્ચે વચ્ચેની ખાણમાંથી ઉત્પન્ન થનારું અથવા દક્ષિણ સમુદ્રની નજીકમાં ઉત્પન્ન થનારું મીઠું.

આ છ પ્રકારનું મીઠું સચેત્ત હોય ત્યાં સુધી સાધુ માટે અગ્રાહ્ય છે.

## ધોતિ નેતિ આદિ અનાચાર :–

**૯** **धुवणेत्ति वमणे य, वत्थीकम्म विरेयणे ।**
**अंजणे दंतवण्णे य, गायब्भंगविभूसणे ॥**

**છાયાનુવાદ : धोतिनेतिश्च वमनश्च, वस्तिकर्म विरेचनम् ।**
**अज्जनं दन्तवर्णं, गात्राभ्यङ्गविभूषणे ॥**

**શબ્દાર્થ :– धूवणेत्ति(धोईणेति)** = ધોતિ નેતિ ક્રિયા કરવી **वमणे** = વમન કરવું **वत्थीकम्म** = બસ્તિકર્મ, અધો માર્ગથી સ્નેહ, ગુટીકાદિ દ્વારા મળ ઉતારવો **विरेयणे** = જુલાબ લેવો **अंजणे** = આંખોમાં આંજણ આંજવું **दंतवण्णे** = દાંતને રંગવા **गायब्भंग** = ગાત્રાભ્યંગ, શરીરને તેલાદિ લગાડવું **विभूषणे** = શરીરને વિભૂષિત કરવું.

**ભાવાર્થ :–** (૪૫) ધોતિનેતિ ક્રિયા કરવી (૪૬) વમન કરવું (૪૭) એનીમા વગેરે લેવો (૪૮) જુલાબ લેવો (૪૯) આંખોમાં આંજણ આંજવું, (૫૦) દાંત રંગવા, (૫૧) ગાત્રાભ્યંગ કરવું (૫૨) વિભૂષા કરવી.

## વિવેચન :–

આ ગાથામાં આઠ અનાચારોનું વર્ણન છે. આ આઠ પ્રવૃત્તિ શરીરની પરિચર્યા રૂપ છે.

**(૪૫) धुवणेत्ति(धोइणेति) :–** ધોતિ નેતિ ક્રિયા. શરીરની શુદ્ધિ માટે કોમલ, સુંવાળા વસ્ત્ર કે દોરા(ઝીણા સૂતર)ને નાક દ્વારા કે મુખ દ્વારા શરીરની અંદર પહોંચાડી કફ વગેરેની શુદ્ધિ કરવી.– *[ ગુજરાતી ભગવદ ગોમંડલ કોષ ભાગ–૫, પૃષ્ટ–૪૭૫૫ તેમજ ભાગ–૫, પૃષ્ટ–૫૧૭૫ ]* આ શબ્દના પરંપરાએ ધૂપ કરવો ધૂમ્રપાન કરવું વગેરે અર્થ પણ ઉપલબ્ધ થાય છે.

**(૪૬–૪૭–૪૮) वमणे, वत्थीकम्म, विरेयणे :–** વમન, બસ્તિકર્મ, વિરેચન. વમન–ઊલ્ટી કરવી, મીંઢોળ આદિના પ્રયોગથી આહારને બહાર કાઢવો. તેને ઉર્ધ્વ–વિરેક કહે છે. બસ્તિકર્મ–અપાન માર્ગ દ્વારા સ્નેહ આદિના પ્રક્ષેપને બસ્તિ કર્મ કહે છે. આયુર્વેદમાં વિભિન્ન પ્રકારે બસ્તિકર્મનો ઉલ્લેખ મળે છે. ચર્મની કે રબરની નળીને 'બસ્તિ' કહે છે. તેના દ્વારા સ્નેહને ચઢાવવું તે બસ્તિકર્મ છે. બસ્તિકર્મ કટિવાત, અર્શ આદિ રોગને દૂર કરવા માટે છે. આ યુગમાં તેને એનિમા કહે છે. વિરેચનનો અર્થ છે જુલાબ

દ્વારા મળને દૂર કરવો, તેને અધો વિરેક કહેવાય છે. ગાથાના પૂર્વાર્ધની આ ચારે ય પ્રક્રિયાઓ આરોગ્ય માટેની છે. જો તે શરીરની આસક્તિથી રૂપ, બલ આદિની વૃદ્ધિની અપેક્ષાથી કરવામાં આવે તો અનાચાર દોષરૂપ છે.

**(૪૯) अंजणे :–** વિભૂષા માટે અને બીજાને વશ કરવા માટે આંખોમાં આંજણ, સુરમો, કાજલ વગેરે આંજવું.

**(૫૦) दंतवणे :–** દાંતને સાફ કરવા. તેના ત્રણ અર્થ થાય છે– (૧) દન્તવન– દાંતને વન = વનસ્પતિ અથવા વૃક્ષની ડાળીથી સાફ કરવા અર્થાત્ દાતણ કરવું. (૨) મંજન આદિથી દાંત સાફ કરવા. (૩) દાંતને વિભૂષિત કરવા અથવા રંગવા.

આ ક્રિયામાં કોગળા કરવા, પાણી ફેંકવું આદિ પ્રવૃત્તિમાં જીવોની વિરાધના થાય છે અને તેમાં શોભા–વિભૂષાનો ભાવ હોય તો પણ તે અનાચાર છે.

**(૫૧) गायाभंग :–** ગાત્રાભ્યંગ. શરીરને તેલ આદિથી માલિશ કરવું. તેમાં સુકુમારપણું, સુખશીલપણું વૃદ્ધિ પામે છે માટે અનાચાર દોષ છે.

**(૫૨) विभूसणे :–** વિભૂષા કરવી. શરીરને વસ્ત્ર, આભૂષણાદિથી સુશોભિત કરવું; કેશ પ્રસાધન કરવા; કેશ, દાઢી, મૂંછ, નખ આદિને શણગારની દૃષ્ટિથી કાપવા; શરીરને સજાવવું, તે વિભૂષા છે. વિભૂષા બ્રહ્મચર્ય માટે ઘાતક છે. આ શાસ્ત્રના છઠ્ઠા અધ્યયનમાં વિભૂષાને અઢારમું વર્જ્ય સ્થાન કહ્યું છે તથા આઠમા અધ્યયનમાં આત્મગવેષી પુરુષ માટે વિભૂષાને તાલપુટ વિષ સમાન કહી છે.

ઉત્તરાધ્યયન સૂત્રના સોળમા અધ્યયનમાં નવમી બ્રહ્મચર્ય ગુપ્તિના સંદર્ભમાં કહ્યું છે કે વિભૂષા કરનાર સાધુ સ્ત્રીઓ દ્વારા પ્રાર્થનીય થઈ જાય છે. સ્ત્રીઓ દ્વારા પ્રાર્થિત અને અભિલષિત થવાથી તેના બ્રહ્મચર્ય વિષે શંકા, કાંક્ષા, વિચિકિત્સા ઉત્પન્ન થાય, તે બ્રહ્મચર્ય વ્રતથી ચ્યુત થઈ જાય, ઉન્માદને પ્રાપ્ત થાય, દીર્ઘ વ્યાધિગ્રસ્ત થાય, અથવા સર્વજ્ઞ પ્રણિત ધર્મથી ભ્રષ્ટ થાય ઈત્યાદિ કોઈપણ દોષો ઉત્પન્ન થાય તેવી પૂર્ણ સંભાવના રહે છે. તેથી બ્રહ્મચારીને માટે વિભૂષા ત્યાગ અનિવાર્ય છે. દશવૈકાલિક સૂત્રના છઠ્ઠા અધ્યયન અનુસાર વિભૂષા કરનાર ભિક્ષુ ચિકણા કર્મ બાંધે છે, જેના કારણે તે ઘોર સંસાર સાગરમાં પરિભ્રમણ કરે છે.

આ રીતે અહીં સુધી બાવન અનાચારોનું વિશ્લેષણયુક્ત વર્ણન પૂર્ણ થાય છે.

### અનાચારોનો ઉપસંહાર : નિર્ગ્રંથનો મહિમા :–

**૧૦** सव्वमेयमणाइण्णं, णिग्गंथाणं महेसिणं ।
संजमम्मि य जुत्ताणं, लहुभूयविहारिणं ॥

**છાયાનુવાદ :** सर्वमेतदनाचीर्णं, निर्ग्रन्थानां महर्षीणाम् ।
संयमे च युक्तानां, लधुभूतविहारिणाम् ॥

**શબ્દાર્થ :– संजमम्मि य** = સંયમ અને તપમાં **जुत्ताणं** = જોડાયેલા **लहुभूयविहारिणं** = લઘુભૂત થઈને વિચરનારા **णिग्गंथाणं** = નિર્ગ્રંથ **महेसिणं** = મહર્ષિઓને માટે **एयं** = આ **सव्वं** = સર્વે **अणाइण्णं** = અનાચીર્ણ છે.

**ભાવાર્થ :–** સંયમ અને તપમાં જોડાયેલા તથા વાયુવત્ લઘુભૂત(હળવા) થઈને વિચરનારા નિર્ગ્રંથ મહર્ષિઓ માટે આ સર્વે અનાચીર્ણ છે અર્થાત્ આચરવા યોગ્ય કૃત્ય નથી.

**૧૧** **पंचासवपरिण्णाया, तिगुत्ता छसु संजया ।**
**पंचणिग्गहणा धीरा, णिग्गंथा उज्जुदंसिणो ॥**

**છાયાનુવાદ : पञ्चाश्रवपरिज्ञाताः, त्रिगुप्ताः षट्सु संयताः ।**
**पञ्चनिग्रहणा धीरा, निर्ग्रन्था ऋजुदर्शिनः ॥**

**શબ્દાર્થ :– पंचासव** = પાંચ આસ્રવોના **परिण्णाया** = જાણનારા **तिगुत्ता** = ત્રણ ગુપ્તિના ધારક **छसुसंजया** = છકાય જીવોની જયણા કરનારા **पंचणिग्गहणा** = પાંચ ઈન્દ્રિયોનો નિગ્રહ કરનારા **धीरा** = ધીર, નિર્ભય, સાત ભયોથી રહિત **उज्जुदंसिणो** = મોક્ષ અથવા સંયમને જોનારા **णिग्गंथा** = નિર્ગ્રન્થો હોય છે.

**ભાવાર્થ :–** જે પાંચ આસ્રવોને ત્યાગનારા, ત્રિગુપ્ત, છકાય જીવોની રક્ષા કરનારા, પાંચ ઈન્દ્રિયોનો નિગ્રહ કરનારા, નિર્ભય એવં મોક્ષ તથા મોક્ષના કારણભૂત સંયમને જોનારા ઋજુદર્શી નિર્ગ્રન્થ કહેવાય છે.

**૧૨** **आयावयंति गिम्हेसु, हेमंतेसु अवाउडा ।**
**वासासु पडिसंलीणा, संजया सुसमाहिया ॥**

**છાયાનુવાદ : आतापयन्ति ग्रीष्मेषु, हेमन्तेषु अपावृताः ।**
**वर्षासु प्रतिसंलीनाः, संयता सुसमाहिताः ॥**

**શબ્દાર્થ :– संजया** = સંયમી સાધુ **गिम्हेसु** = ગ્રીષ્મકાલમાં **आयावयंति** = સૂર્યની આતાપના લે છે **हेमंतेसु** = શીતકાલમાં **अवाउडा** = અપ્રાવૃત્ત–વસ્ત્રરહિત થઈને ઠંડી સહે છે **वासासु** = વર્ષાકાલમાં **पडिसंलीणा** = એક સ્થાનમાં ઈન્દ્રિય વશ કરીને રહે છે **सुसमाहिया** = સુસમાધિવંત, જ્ઞાનાદિમાં સદા તત્પર રહે છે.

**ભાવાર્થ :–** પૂર્વોક્ત ગુણ સંપન્ન નિર્ગ્રંથ ગ્રીષ્મ કાલમાં આતાપના લે છે, શીતકાલમાં વસ્ત્રરહિત થઈને ઠંડીને સહન કરે છે, વર્ષાકાલમાં એક સ્થાન પર ઈન્દ્રિયોને વશ કરીને બેસી રહે છે અને જ્ઞાન, ધ્યાનમાં સદા તત્પર રહે છે.

### વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં અનાચારોનો ઉપસંહાર કરતાં અનેક વિશેષણો દ્વારા નિર્ગ્રંથનો મહિમા પ્રદર્શિત

કર્યો છે.

**संजमम्मि य जुत्ताणं :– जुत्ताणं** શબ્દના અનેક અર્થ છે યથા– યુક્ત, ઉદ્યત, તત્પર, તલ્લીન, સંબદ્ધ, સહિત, સમન્વિત આદિ. તેથી આ સંપૂર્ણ વાક્યનો અર્થ છે– સંયમ પાલનમાં તત્પર, સંયમ સમન્વિત.

**लहु भूय विहारिणं :–** શ્રમણ નિર્ગ્રંથ દ્રવ્ય અને ભાવ બંને પ્રકારે હળવા થઈને વિચરણ કરે છે. દ્રવ્યથી તેઓ અલ્પ ઉપકરણો(જીવનોપયોગી સાધનો)વાળા હોવાથી અને ભાવથી કષાયોને મંદતર–મંદતમ બનાવતા હોવાથી લઘુભૂત વિહારી કહેવાય છે.

દસમી ગાથા અનુસાર નિર્ગ્રંથ, મહર્ષિ, સંયમમાં લીન અને લઘુભૂત વિહારી આ ચાર વિશેષણોથી યુક્ત શ્રમણ માટે પૂર્વોક્ત સર્વ પ્રવૃત્તિઓ સંયમ વિઘાતક હોવાથી જીવન પર્યંત અનાચરણીય છે.

**पंचासव परिण्णाया :–** પાંચ આસ્રવને જાણીને તેનો નિરોધ કરનાર. જેના દ્વારા આત્મામાં કર્મ પ્રવેશ કરે તેને આશ્રવ કહે છે. હિંસા, અસત્ય, અદત્ત, મૈથુન અને પરિગ્રહ, આ પાંચ આશ્રવ છે. તેના કારણભૂત મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગાદિ પ્રવૃત્તિઓ પણ આશ્રવરૂપ છે.

**परिण्णाया :–** પરિજ્ઞા. જાણવાના બે પ્રકાર છે– જ્ઞાનપરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા. જે પંચાશ્રવના વિષયમાં બન્ને પરિજ્ઞાથી યુક્ત છે, તે પંચાશ્રવ પરિજ્ઞાતા કહેવાય છે. આશ્રવોને જાણવા તે જ્ઞાન પરિજ્ઞા છે અને જાણ્યા પછી તેને છોડી દેવા તે પ્રત્યાખ્યાન પરિજ્ઞા છે. નિશ્ચય નયથી જે પાપને જાણીને પાપ કરતાં નથી. તે જ પાપકર્મના જાણનારા છે અને જે જાણતા હોવા છતાં પાપનું આચરણ કરે છે, તે ખરેખર પાપને જાણનારા કહેવાતા નથી પરંતુ અજ્ઞાની કહેવાય છે.

**तिगुत्ता :–** ત્રણ ગુપ્તિથી ગુપ્ત. મન, વચન અને કાયાનો સારી રીતે નિગ્રહ કરનાર ત્રિગુપ્ત કહેવાય છે.

**छसु संजया :–** પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ આ છ પ્રકારના જીવોની રક્ષામાં જે યતનાશીલ હોય, સર્વ જીવોના અભયદાતા હોય તે સંયત કહેવાય છે.

**पंचणिग्गहणा :–** પાંચ ઈન્દ્રિયોનો નિગ્રહ કરનારા. શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ આ પાંચે ઈન્દ્રિયના વિષયમાં રાગ–દ્વેષ ન થાય તે રીતે પાંચે ઈન્દ્રિયોનું દમન કરનારાને પંચનિગ્રહી કહેવાય છે.

**धीरा :–** ધીર અને શૂર એકાર્થક છે. જે બુદ્ધિમાન છે, સ્થિર છે, તે ધીર કહેવાય છે. ક્યાંક **धीरा** ના સ્થાને **वीरा** પાઠ પણ મળે છે. જેનો અર્થ શૂર, વીર, પરાક્રમી થાય છે.

**उज्जुदंसिणो :–** આ શબ્દનો બે પ્રકારે અર્થ થાય છે– (૧) ઉજ્જુ એટલે સંયમ. જે કેવળ સંયમને જુએ છે, સંયમમાં લીન રહે છે તથા સ્વ અને પરમાં સમભાવ રાખે છે તેને **ૠજુદર્શી** કહેવાય છે. (૨) મોક્ષનો સીધો અને સરળ રસ્તો સંયમ છે. તેમાં જે વિશ્વાસ રાખે છે, તેને **ૠજુદર્શી** કહેવાય છે. આ રીતે શ્રમણ નિર્ગ્રંથ અગિયારમી ગાથામાં કથિત છ ગુણોના ધારક હોય છે.

બારમી ગાથામાં સાધુને માટે ત્રણે ય ૠતુઓના પૃથક્–પૃથક્ કૃત્યોનું વર્ણન કર્યું છે. તે વર્ણન તેઓના તપ સંયમના ઉત્કટ લક્ષ્યને સૂચિત કરે છે. ગાથામાં સૂચિત ગ્રીષ્મ અને શીતકાલના બંને કૃત્યો તપરૂપ છે. અને વર્ષાકાલનું કૃત્ય સંયમરૂપ છે.

**આતાપના :–** આતપના બે પ્રકારની હોય છે– (૧) ગ્રીષ્મ ૠતુમાં તાપમાં બેસવું, સૂર્ય સામે મુખ કરી સમતલ પગે ઊભા રહેવું તેમજ એક પગે ઊભા રહેવું વગેરે **ઉષ્ણ આતાપના** છે. (૨) શીતકાલમાં અલ્પ વસ્ત્ર કે એક વસ્ત્ર રાખી ઠંડીને સહન કરવી, હવાના સ્થાને જઈ વસ્ત્ર દૂર કરી ઊભા રહેવું વગેરે **શીત આતાપના** છે.

**वासासु पडिसंलीणा :–** પ્રતિસંલિનતા–પ્રવૃત્તિ ઓછી કરવી. વર્ષાૠતુમાં મુનિ પ્રતિસંલીન રહે છે. કારણ કે વર્ષાૠતુમાં અનેક પ્રકારના જીવોની ઉત્પત્તિ થાય છે; તે જીવોની રક્ષા માટે મુનિ ગમનાગમન, આહાર વિહાર આદિ સર્વ પ્રવૃત્તિઓને ઘટાડીને આત્મભાવમાં સ્થિર થવા પ્રયત્નશીલ રહે. મુનિ સંચરણની પ્રવૃત્તિઓ ઓછી કરે તે આવશ્યક છે.

**संजया सुसमाहिया :–** સંયમી સુસમાધિવંત મુનિ. જે સંયમી સાધુ–સાધ્વીઓએ પોતાના સિદ્ધાંતો પ્રતિ સમાધાન પ્રાપ્ત કર્યું છે, જેનું મન ધર્મમાં કે સંયમમાં સુનિશ્ચિત છે, સુસમાહિત છે, જે શ્રુત, વિનય, આચાર અને તપ આ ચાર પ્રકારની સમાધિમાં લીન બની ગયા છે, તે સુસમાધિવંત સંયતી કહેવાય છે.

## મહર્ષિનું ધ્યેય :–

**१३** **परीसह रिऊदंता, धुयमोहा जिइंदिया ।**
**सव्वदुक्खप्पहीणट्ठा, पक्कमंति महेसिणो ॥**

**છાયાનુવાદ :** **परीषहरिपुदान्ता, धुतमोहा जितेन्द्रियाः ।**
**सर्वदुःखप्रहीणार्थं, प्रक्रामन्ति महर्षयः ॥**

**શબ્દાર્થ :– परीसह रिऊदंता** = પરીષહરૂપી વેરીઓને દમનારા **धूयमोहा** = મોહકર્મને દૂર કરનારા **जिइंदिया** = ઈન્દ્રિયોને જીતનારા **महेसिणो** = મહર્ષિઓ **सव्वदुक्खपहीणट्ठा** = સર્વ દુઃખોને નાશ કરવા માટે **पक्कमंति** = પરાક્રમ કરે છે.

**ભાવાર્થ :–** પરિષહરૂપી શત્રુઓને જીતનારા, મોહને દૂર કરનારા તથા ઈન્દ્રિયોને જીતનારા મહર્ષિઓ સર્વ પ્રકારના દુઃખોનો નાશ કરવા માટે પરાક્રમશીલ રહે છે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથામાં પણ સાધકના ગુણોના નિરૂપણ સાથે તેના સર્વકર્મના ક્ષય રૂપ ધ્યેયનું કથન છે.

**परीसह रिउदंता :–** પરીષહરૂપી શત્રુઓને જીતનારા. સંયમ પાલનમાં અનેક પ્રકારના કષ્ટો ઉત્પન્ન થાય છે; તેને મુનિ સમભાવથી સહન કરે છે. તે કષ્ટોને ઉત્તરાધ્યયન સૂત્રના બીજા અધ્યયનમાં બાવીસ પરીષહ રૂપે વર્ણવ્યા છે. તે પરીષહ સામાન્ય સાધકોના સંયમ પરિણામોને વિચલિત કે નષ્ટ કરનારા હોવાથી અહીં તેને **પરીષહરૂપી શત્રુ** તરીકે નિર્દિષ્ટ કરી તે **શત્રુઓને દમન કરનાર** મુનિને **પરીષહ રિપુદાંતા** કહ્યા છે. તાત્પર્ય એ છે કે ઉચ્ચકોટિના સફલ સાધક કે આદર્શ સાધક ઉપસ્થિત બાવીસ પરીષહોના સંયોગોમાં સમભાવયુક્ત રહી સંયમના નિયમોપનિયમોમાં અને ભગવદાજ્ઞામાં સ્થિર પરિણામી રહે.

**धूयमोहा :–** મોહનો અર્થ મોહનીય કર્મ અથવા મોહ–આસક્તિ છે તેથી ધુતમોહનો અર્થ આ પ્રમાણે થાય છે કે જેઓએ મોહને પ્રકંપિત કરી દીધો છે, ધ્રૂજાવી દીધો છે અર્થાત્ મોહનો ત્યાગ કર્યો છે તે **ધૂતમોહા** નિર્ગ્રંથ છે.

**जिइंदिया :–** ઈન્દ્રિયોની વિષય લાલસાથી મુક્ત થનાર જિતેન્દ્રિય કહેવાય છે.

**सव्वदुक्ख पहीणट्ठा पक्कमंति महेसिणो :–** મહર્ષિઓ શારીરિક, માનસિક સમસ્ત દુઃખોનો નાશ કરવા માટે પરાક્રમ કરે. આ ચરણમાં મહર્ષિઓને ઉપરોક્ત સમસ્તગુણ ધારણ કરવાનો ઉદ્દેશ્ય સૂચિત કર્યો છે. સાધકોનો સમસ્ત પુરુષાર્થ(તપસંયમમાં પરાક્રમ) સંસારના દુખોથી મુક્ત થવા માટે હોય છે.

રાગદ્વેષ તે કર્મના બીજ છે. તેનાથી જ જન્મ, જરા, મરણ, રોગ, શોક, તાપ, સંતાપ આદિ જન્મે છે. તેનો નાશ કરવો તે જ સાધકની સાધના છે, તે જ તેનું પરાક્રમ અને પુરુષાર્થ છે. સાધકના જીવનમાં અનાચાર દોષ જ્યારે છૂટી જાય ત્યારે આત્માના ગુણો પ્રગટ થાય છે. ધનના અર્થીને લાભ થાય તેમ લોભ વધે તે રીતે સંયમના અર્થી સાધક, જેમ જેમ ગુણો પ્રગટે તેમ તેમ નિર્જરાનો વિશેષ પ્રયત્ન કરે છે; તેવું ગર્ભિત સૂચન અહીં પ્રાપ્ત થાય છે. અનુકૂળ અને પ્રતિકૂળ પરિસ્થિતિમાં સાધકનું સત્ત્વ જાગૃત થાય છે. ત્યારે તે પરીષહ વિજેતા બને છે. અપ્રમત્તભાવે પુરુષાર્થ કરતા તે ક્રમશઃ સમભાવની વૃદ્ધિ પ્રાપ્ત કરે છે. સમભાવની પૂર્ણતા પ્રાપ્ત કરી તે સર્વ દુઃખોનો અંત કરે છે.

## ચારિત્રનું ફળ :–

**१४** **दुक्कराइं करित्ताणं, दुस्सहाइं सहित्तु य ।**
**के इत्थ देवलोएसु, केइ सिज्झंति णीरया ॥**

**છાયાનુવાદ :** दुष्कराणि कृत्वा च, दुस्सहानि सहित्वा च ।
केचिदत्र देवलोकेषु, केचित्सिद्धयन्ति नीरजसः ॥

**શબ્દાર્થ :–** **दुक्कराइं** = દુષ્કર ક્રિયાઓને, અનુષ્ઠાનોને **करित्ताणं** = કરીને **दुस्सहाइं** = અસહનીય **सहित्तु** = સહીને, સહન કરીને **के इत्थ** = કેટલાક અહીંથી, આ સંસારમાં જ રહીને **देवलोएसु** =

દેવલોકોમાં જાય છે અને **केइ णीरया** = કેટલાક કર્મરજથી રહિત થઈને **सिज्झंति** = સિદ્ધ થાય છે.

**ભાવાર્થ :–** દુષ્કર ક્રિયાઓને–અનુષ્ઠાનો કરીને અને દુઃસહ્ય કષ્ટોને સહન કરીને કેટલાક સાધક અહીંથી મૃત્યુ પામીને અથવા આ સંસારમાં જ રહેતા દેવલોકમાં ઉત્પન્ન થાય છે તો કેટલાક સાધક સર્વથા કર્મરજથી રહિત થઈને સિદ્ધ થાય છે.

**૧૫** **खवित्ता पुव्वकमाइं, संजमेण तवेण य ।**
**सिद्धिमग्गमणुप्पत्ता, ताइणो परिणिव्वुडा ॥ त्ति बेमि ॥**

**છાયાનુવાદ :** **क्षपयित्वा पूर्वकर्म्माणि, संयमेन तपसा च ।**
**सिद्धिमार्गमनुप्राप्ताः, तायिनः परिनिर्वृता ॥ इति ब्रवीमि ॥**

**શબ્દાર્થ :–** **संजमेण** = સંયમથી **तवेण** = તપથી **पुव्वकम्माइं** = પૂર્વોપાર્જિત કર્મોને **खवित्ता** = ખપાવીને–ક્ષય કરીને **सिद्धिमग्गं** = મોક્ષના માર્ગને, સંયમને **अणुप्पत्ता** = પ્રાપ્ત થયેલા **ताइणो** = છ કાયના રક્ષક સાધુ **परिणिव्वुडा** = નિર્વાણને પામ્યા, પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :–** મોક્ષ માર્ગમાં ઉપસ્થિત અને છ કાય જીવોના રક્ષક અણગાર સંયમ અને તપ દ્વારા પૂર્વોપાર્જિત કર્મોનો ક્ષય કરીને પરિનિર્વાણ(મોક્ષ)ને પ્રાપ્ત કરે છે.

## વિવેચન :–

પ્રસ્તુત બે ગાથામાં અનાચારના ત્યાગી નિર્ગ્રંથોને પ્રાપ્ત થતાં અનંતર અને પરંપર ફળનું દર્શન કરાવ્યું છે.

**के इत्थ देवलोएसु :–** સાધક આત્મશુદ્ધિ માટે અનાચારનો ત્યાગ, ઈન્દ્રિય વિજય, કષાયોનો ઉપશમ વગેરે દુષ્કર કાર્ય કરીને, પરીષહ વિજય, આતાપના વગેરે દુઃસહ્ય કષ્ટોને સમભાવપૂર્વક સહન કરી કર્મોનો ક્ષય કરે છે. કર્મોનો ક્ષય કરીને કેટલાક જીવો મોક્ષમાં જાય છે અને સંપૂર્ણ કર્મનો જે ક્ષય ન કરી શકે તે દેવલોકમાં જાય છે.

**केइ सिज्झंति णिरया :–** સંપૂર્ણ ચારિત્રનું આરાધન કરતાં અષ્ટવિધ કર્મનો ક્ષય થતાં સંપૂર્ણ કર્મરજનો નાશ કરી આત્મા સ્વયં નિરજસ્ક બની મોક્ષમાં ચાલ્યો જાય છે. આ અનંતર ફળ છે.

**खवित्ता पुव्वकम्माइं संजमेण तवेण य :–** દેવલોકમાં ઉત્પન્ન થયેલો આત્મા, ચારિત્રની નિર્મળ આરાધનાથી પ્રાપ્ત પુણ્ય ભોગવવા છતાં તેમાં લેપાતો નથી. તે પુણ્ય તેના મોહકર્મનું પોષક બનતું નથી, દૈવી સુખોને તે અનાસક્ત યોગે ભોગવી આયુષ્ય પૂર્ણ કરે છે. ત્યાર પછી મનુષ્યભવ પામીને અવશિષ્ટ કર્મોનો ક્ષય કરવા માટે ઉત્તમ સુયોગ્ય નિમિત્ત પામીને, સંસારથી વિરક્ત થઈને ચારિત્રરૂપ

મોક્ષ માર્ગને પ્રાપ્ત કરે છે. નિર્ગ્રંથ મુનિ બનીને, છકાય જીવોનો રક્ષક બનીને, પૂર્વ સંચિત કર્મનો ક્ષય કરવા સંયમ અને તપ રૂપ બે અમોઘ ઉપાય અજમાવે છે. નવાકર્મ પ્રવેશે નહીં તે માટે સંયમરૂપ અમોઘ ઉપાય દ્વારા આશ્રવના દ્વારબંધ કરે છે અને તપ દ્વારા પૂર્વ સંચિત કર્મનો નાશ કરે છે. જેમ કે એક મોટું પાણીનું તળાવ ભરેલું હોય તેમાં ગરનાળા દ્વારા પાણી આવી રહ્યું છે; તે પાણી ન આવે તે માટે પહેલાં ગરનાળા બંધ કરી દેવાય છે અને પછી સૂર્યના પ્રચંડ તાપથી તળાવમાં રહેલું પાણી ક્રમશઃ શોષાતું શોષાતું સુકાઈ જાય છે. આખર તળાવની જગ્યા જેવી હતી તેવી સાફ થઈ જાય છે. તે જ રીતે સંયમથી કર્મ–આશ્રવ રોકાય જાય છે તથા આત્માના પૂર્વોપાર્જિત કર્મો તપની પ્રચંડ અગ્નિથી બળીને ભસ્મીભૂત થઈ જાય છે. ત્યારે આત્મા કર્મ રહિત શુદ્ધ બની જાય છે.

**ताइणो परिणिव्वुडा :–** છ કાય જીવના પૂર્ણ રક્ષક મહાત્મા પરિનિવૃત્ત થઈ જાય છે અર્થાત્ જન્મ, જરા, મરણ, આદિથી સર્વથા મુક્ત થાય છે. અહીં **परिणिव्वुडा** શબ્દ ભૂતકાલીન પ્રયોગ લાગે છે પરંતુ અહીં તેનો વર્તમાન અથવા ભાવી અર્થ કરવો સંગત થાય છે.

**–: પરમાર્થ :–**

પુણ્ય અને પાપરૂપી, શુભાશુભ કર્મથી સંપૂર્ણ મુક્ત બનવું હોય તેમણે સંયમ અને તપ સ્વીકારવા જરૂરી છે. પુણ્યના ફળરૂપે અનુકૂળ સામગ્રી મળે તો યે રાગરહિત નિરપેક્ષ અવસ્થા કેળવવી પડે છે અને પાપના ફળરૂપે પ્રતિકૂળ સામગ્રી મળે તો સહનશીલતા કેળવવી જરૂરી છે. આ બન્નેમાં જેઓ તટસ્થ રહી શકે છે, તેઓ સંયમમાં સુસ્થિત બની શકે છે. જે જિનશાસનના કષ્ટકારક ધર્માનુષ્ઠાનો દ્વારા દુઃખમાં અને સુખમાં સમાધિ રાખવાનો અભ્યાસ કરે છે તે સુખને પચાવવાની કળા પ્રાપ્ત કરી, સુખ–દુઃખ ઉભયમાં સમાધિને સાચવવા સમર્થ બને છે. તેઓ સુખ–દુઃખના નિમિત્તો આવે ત્યારે રાગ–દ્વેષ નહિ કરતાં અનિત્યાદિ ભાવનાઓના બળે અંતે આત્માના સહજ સ્વભાવને વરે છે. આ સહજ સુખની સમાધિ જ સાધુ જીવનનું સાધ્ય છે અને તે ચારિત્રના બળે સિદ્ધ કરી શકાય છે. માટે મુક્તિનું અનંતર કારણ ચારિત્ર છે. વાસ્તવમાં સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યગ્ ચારિત્ર મોક્ષ પ્રાપ્ત કરાવનાર સહયોગી મિત્ર છે.

**બાવન અનાચારોનું સંક્ષિપ્ત વિવરણ :–**

| ક્રમ | નામ | અર્થ | અનાચારનું કારણ |
|---|---|---|---|
| ૧ | ઔદ્દેશિક | સાધુના ઉદ્દેશથી બનાવેલ આહારાદિ લેવા. | જીવ વધ(હિંસા) |
| ૨ | ક્રીતકૃત | સાધુ માટે ખરીદીને લાવેલા આહારાદિ લેવા. | અધિકરણ |
| ૩ | નિત્યક | હંમેશાં એક જ ઘરનો નિમંત્રણ કરાયેલો આહાર લેવો. | ભોજન–સમારંભ મુનિ માટે થાય. |
| ૪ | અભિહત | દૂરથી સાધુ માટે ઉપાશ્રયાદિ સ્થાનમાં સામેથી લાવેલા આહારાદિ લેવા. | છ કાયજીવની હિંસા થાય. |

| ક્રમ | નામ | અર્થ | અનાચારનું કારણ |
|---|---|---|---|
| ૫ | રાત્રિભોજન | સૂર્યાસ્ત પછી ભોજન કરવું. | જીવ વધ થાય |
| ૬ | સ્નાન કરવું | અચિત્ત પાણીથી અમુક અંગ કે સર્વ અંગને ધોવા. | વિભૂષા અને આરંભ |
| ૭ | ગન્ધ વિલેપન | સુગંધિત પદાર્થનો લેપ કરવો. | વિભૂષા એવં આરંભ |
| ૮ | માલ્ય | ફૂલોની માળા ગળામાં ધારણ કરવી. | પુષ્પાદિ વનસ્પતિ જીવોની હિંસા |
| ૯ | વીંઝન | પંખાદિથી હવા ખાવી. | વાયુકાયિક અને ઊડતા ક્ષુદ્ર જીવોનો વધ. |
| ૧૦ | સન્નિધિ | ઘી, ગોળ, મીઠાઈ વગેરે કોઈપણ ખાદ્ય પદાર્થનો રાત્રે સંગ્રહ કરવો. | કીડી વગેરે વિકલેન્દ્રિજીવોની હાનિ થાય છે. પરિગ્રહ સંજ્ઞા વધે. |
| ૧૧ | ગૃહીપાત્ર | ગૃહસ્થના પાત્રમાં આહારાદિ કરવો. | અપ્કાયિક જીવ વધ, ખોવાઈ જવાથી આપત્તિ |
| ૧૨ | રાજપિંડ | અભિષેક કરાયેલા રાજાને માટે બનાવેલો આહાર લેવો. | ભીડને કારણે વિરાધના તથા ગરિષ્ટ ભોજનથી પ્રમાદવૃદ્ધિ |
| ૧૩ | કિમિચ્છક | "તમને શું જોઈએ" એમ પૂછીને બનાવેલો આહાર લેવો તે. | નિમિત્ત દોષ |
| ૧૪ | સંબાધન | શરીરમર્દન, પગચંપી આદિ કરાવવા. | સૂત્ર તથા અર્થની હાનિ, શરીર શુશ્રૂષા |
| ૧૫ | દંત પ્રધાવન | દાંતોને ધોવા | વિભૂષા |
| ૧૬ | સંપૃચ્છન | ગૃહસ્થોના શરીર કે તેના ઘર સંબંધી કુશળ–ક્ષેમ પૂછવા. | પાપનું અનુમોદન |
| ૧૭ | દેહ પ્રલોકન | દેહાદિને દર્પણાદિમાં જોવા. | વિભૂષા, અહંકાર, શરીર મોહવૃદ્ધિ |
| ૧૮ | અષ્ટાપદ નાલિકા | શેતરંજ રમવી, પાસા ફેંકીને ચોપાટ, ગંજીપો વગેરે રમતો રમવી. જુગાર રમવો. | અદત્તનું ગ્રહણ, લોકાપવાદ અનર્થદંડ ક્રિયા |
| ૧૯ | છત્રધારણ | છત્ર ધારણ કરવું. | અહંકાર–લોકાપવાદ, સુખશીલતા |
| ૨૦ | ચિકિત્સા | સાવદ્ય ઉપચાર કરાવવા કે કરવા | હિંસા, સૂત્ર અને અર્થની હાનિ |
| ૨૧ | ઉપાનહ | પગમાં પગરખાં, ચાખડી પહેરવાં, | ગર્વ, આરંભ આદિ. |
| ૨૨ | અગ્નિ સમારંભ | આગ જલાવવી, તાપવું આદિ | જીવ હિંસા |

| ક્રમ | નામ | અર્થ | અનાચારનું કારણ |
|---|---|---|---|
| ૨૩ | શય્યાતરપિંડ | જે ગૃહસ્થે રહેવા માટે આશ્રય આપ્યો હોય, તેનું ભોજન લેવું તે, આજ્ઞા આપનારનો આહાર લેવો. | એષણા દોષ |
| ૨૪ | આસંદીનો ઉપયોગ | પોલાણવાળી, સ્પ્રીંગવાળી, જાળીવાળી આરામ ખુરશી વગેરે બેસવાના સાધન આદિનો ઉપયોગ કરવો. | છિદ્રમાં રહેલાં જીવોની વિરાધના, સુખશીલતા |
| ૨૫ | પર્યંકનો ઉપયોગ | પલંગ, ઢોલિયો, સ્પ્રીંગવાળા હિંડોળા ખાટ આદિનો ઉપયોગ કરવો. | છિદ્રસ્થજીવોની વિરાધના તથા બ્રહ્મચર્ય ભંગની સંભાવના |
| ૨૬ | ગૃહાન્તરનિષદ્યા | ગૃહસ્થને ઘેર બેસી રહેવું. | બ્રહ્મચર્યમાં આશંકા આદિ દોષ |
| ૨૭ | ગાત્ર ઉદ્વર્તન | શરીર પર પીઠી, ઉબટન આદિ લગાવવા માલિશ આદિ કરાવવું. | વિભૂષા |
| ૨૮ | ગૃહિવૈયાવૃત્ત્ય | ગૃહસ્થોની શારીરિક સેવા કરવી અથવા લેવી. | અધિકરણ, આસક્તિ |
| ૨૯ | આજીવવૃત્તિતા | શિલ્પ આદિથી આજીવિકા ચલાવવી. | આસક્તિ, પરિગ્રહ |
| ૩૦ | તપ્તાનિવૃત્ત ભોજિત્ત્વ | પૂર્ણતયા શસ્ત્ર અપરિણત, આહાર પાણી લેવાં (કાચા–પાકા) | જીવ હિંસા, સચિત્તાહાર |
| ૩૧ | આતુર સ્મરણ અથવા આતુર શરણ | રોગ અથવા ક્ષુધાની પીડા ઉત્પન્ન થવા પર પ્રિયજનોનું સ્મરણ અથવા ચિકિત્સાલયનું શરણ લેવું. | દીક્ષા ત્યાગની સંભાવના, સંયમથી વિચલિત થવું. |
| ૩૨ | સચિત્ત મૂલક | સચિત્ત મૂળા લેવા | વનસ્પતિકાયિક જીવોનો વધ. |
| ૩૩ | સચિત્ત શ્રૃંગબેર | સચિત્ત આદું લેવું | વનસ્પતિકાયિક જીવોનો વધ. |
| ૩૪ | સચિત્ત ઈક્ષુખંડ | સચિત્ત શેરડીનો ઉપયોગ કરવો. | વનસ્પતિકાયિક જીવોનો વધ. |
| ૩૫ | સચિત્ત કંદ | સૂરણ, બટેટા, ડુંગળી, લસણાદિ કંદ લેવા | વનસ્પતિકાયિક જીવોનો વધ. |
| ૩૬ | સચિત્ત મૂળ | વૃક્ષના સચિત્ત મૂળિયાદિ લેવા | વનસ્પતિકાયિક જીવોનો વધ. |
| ૩૭ | સચિત્ત ફળ | આમ્રાદિ ફળ લેવા | વનસ્પતિકાયિક જીવોનો વધ. |
| ૩૮ | સચિત્ત બીજ | ઘઉં આદિ અનાજના સચિત્ત દાણા વગેરે લેવા. | વનસ્પતિકાયિક જીવોનો વધ. |

| ક્રમ | નામ | અર્થ | અનાચારનું કારણ |
|---|---|---|---|
| ૩૯ | સચિત્ત સૌવર્ચલ લવણ | સચિત્ત સંચળ લેવો | પૃથ્વીકાયિક જીવ વધ. |
| ૪૦ | સચિત્ત સૈંધવ લવણ | સિંધાલૂણ લેવું | પૃથ્વીકાયિક જીવ વધ |
| ૪૧ | સચિત્ત રોમા લવણ | રોમ દેશનું મીઠું લેવું | પૃથ્વીકાયિક જીવ વધ |
| ૪૨ | સચિત્ત સામુદ્રી લવણ | સમુદ્રનું મીઠું લેવું | પૃથ્વીકાયિક જીવ વધ |
| ૪૩ | સચિત્ત પાંસુક્ષાર | ખારો, પાપડીયો ખારો લેવો | પૃથ્વીકાયિક જીવ વધ |
| ૪૪ | સચિત્ત કાળુ લવણ | કાળુ મીઠું લેવું | પૃથ્વીકાયિક જીવ વધ |
| ૪૫ | ધૂમનેત્ર (**धोईणेत्ति**) | ધોતી નેતી ક્રિયા કરવી | શરીરશુશ્રૂષા |
| ૪૬ | વમન | ઔષધ દ્વારા ઊલટી કરવી | અત્યધિક માત્રામાં ભોજન કરવાથી અસંયમ |
| ૪૭ | બસ્તિકર્મ | એનિમા વગેરે લેવા | અત્યધિક માત્રામાં ભોજન કરવાથી અસંયમ. |
| ૪૮ | વિરેચન | જુલાબ, રેચ લેવો | નિરર્થક પ્રવૃત્તિ વૃદ્ધિ |
| ૪૯ | અંજન | આંખોમાં સૂરમો, કાજળ, આદિ આંજવા | પરોક્ષ હિંસા, વિભૂષા |
| ૫૦ | દંત વર્ણ | દાંતને રંગવા અથવા દાતણ કરવું | વનસ્પતિકાય વધ, વિભૂષા |
| ૫૧ | ગાત્રાભ્યંગ | શરીર પર તેલ આદિનું માલિશ કરવું | વિભૂષા, ટાપટીપ, શરીરપુષ્ટિથી બ્રહ્મચર્ય ઘાત |
| ૫૨ | વિભૂષા | શણગાર સજવા, તેના પ્રસાધન વાપરવા વસ્ત્રાભૂષણથી શરીર શોભાવવું. | વિભૂષા |

ઉપરોક્ત જે સંખ્યા દર્શાવી છે તેનો મૂળપાઠમાં કોઈ નિર્દેશ નથી, તેમ છતાં પરંપરામાં બાવન અનાચાર પ્રસિદ્ધ છે.

**॥ અધ્યયન–૩ સંપૂર્ણ ॥**

# ચોથું અધ્યયન

## પરિચય

★ આ અધ્યયનનું નામ **'છ જીવનિકાય'** છે. તેનો વર્ણિત વિષય છે– છ પ્રકારના જીવોનું સ્વરૂપ દર્શન અને તેની હિંસાથી નિવૃત્ત થઈ અહિંસા ધર્મમાં સ્થિત થવા માટેનો ઉપદેશ. તેથી તેનું નામ **છ જીવનિકાય** છે.

★ તેનું બીજું નામ **ધર્મપ્રજ્ઞપ્તિ** પણ છે. શાસ્ત્રકારે સ્વયં પ્રથમ સૂત્રમાં જ તેનું કથન કર્યું છે. **सेयं मे अहिज्जिउं अज्झयणं धम्मपण्णत्ति ।** આ અધ્યયન શ્રુતધર્મ અને ચારિત્ર ધર્મને વ્યક્ત કરે છે; તે અપેક્ષાએ તેનું ધર્મપ્રજ્ઞપ્તિ નામ પણ સાર્થક છે.

★ આ અધ્યયનના વિષયોને નિર્યુક્તિકારે પાંચ વિભાગમાં વિભક્ત કર્યા છે.

**जीवाजीवाहिगमो चरित्तधम्मो तहेव जयणा ।**
**उवएसो धम्मफलं छज्जीवणियाइं अहिगारा ॥** [નિર્યુક્તિ ૪–૨૧૬]

**(૧) જીવાજીવાધિગમ :–** જીવ અને અજીવનો બોધ કરાવવો. જીવાદિ તત્ત્વો ઉપર યથાર્થ શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન છે. તત્ત્વ નવ છે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. આ નવે તત્ત્વોમાંથી જીવ સિવાયના આઠ તત્ત્વોનો મુખ્ય સંબંધ જીવ સાથે છે. જીવ ન હોય તો શેષ તત્ત્વો જાણી શકાતા નથી. કારણ કે જાણનાર જ જીવ તત્ત્વ છે. તેથી જીવનું જ્ઞાન કરવું આવશ્યક છે. જીવ સાથે અજીવ સંકળાયેલ હોવાથી, જીવથી ભિન્ન અજીવનું જ્ઞાન તથા તેની શ્રદ્ધા કરવી પણ આવશ્યક છે.

★ આ દષ્ટિકોણથી પ્રસ્તુત અધ્યયનમાં સર્વપ્રથમ છ સૂત્ર સુધી વિશ્વના સમગ્ર જીવોને છ નિકાયોમાં વિભક્ત કરીને તેનું સ્વરૂપ, તેની ચેતના, તેના સુખ–દુઃખનું સંવેદન, તેના પ્રકાર આદિનું સંક્ષિપ્ત વર્ણન કરવામાં આવ્યું છે. છદ્મસ્થ સાધક ચર્મ ચક્ષુઓથી સૂક્ષ્મ જીવોની સજીવતાનું પ્રત્યક્ષ દર્શન કરી શકતા નથી તો પણ સર્વજ્ઞ વીતરાગ તીર્થંકર ભગવંતોના વચન ઉપર શ્રદ્ધા રાખીને તેમાં જીવત્વ માનવું તથા યુક્તિઓ અને તર્કોથી તેમાં જીવત્વ જાણવું, તે સમ્યગ્ દષ્ટિ સાધકનું કર્તવ્ય છે. જીવાદિના જ્ઞાન પછી જ અહિંસા વગેરે મહાવ્રતોનું સમ્યક્ પ્રકારે પાલન થઈ શકે છે. પૃથ્વીકાયાદિ જીવોનું સ્વરૂપ સમજી તેના અસ્તિત્વની શ્રદ્ધા કરનાર સાધક ઉપસ્થાપન માટે અર્થાત્ મહાવ્રતો અંગીકાર કરવા માટે યોગ્ય બની જાય છે.

★ જો કે આ અધ્યયનમાં અજીવનું સ્પષ્ટ વર્ણન નથી. તો પણ **अन्नत्थ सत्थ परिणएणं** આદિ વાક્યો દ્વારા તથા **जो जीवे वि वियाणइ अजीवे वि वियाणइ** ઈત્યાદિ પદ દ્વારા જીવ–અજીવના યથાર્થ જ્ઞાન તથા શ્રદ્ધાને અનિવાર્ય માનવામાં આવ્યા છે.

**(૨) ચારિત્રધર્મ :–** સૂ. ૭ થી ૧૩માં પંચ મહાવ્રત અને રાત્રિ ભોજન વિરમણ વ્રત રૂપ ચારિત્રધર્મનું પ્રતિપાદન છે.

**(૩) યતના :–** સૂ. ૧૪ થી ૧૯માં અહિંસા ધર્મની પુષ્ટિ માટે છકાય જીવોની હિંસાથી નિવૃત્ત થવાની વિસ્તૃત વિધિનું પ્રતિપાદન છે.

આ રીતે ત્રણ અધિકાર ગદ્યમાં પૂર્ણ થયા પછી પદ્યાંશનો પ્રારંભ થાય છે.

**(૪) ઉપદેશ :–** ગાથા ૧ થી ૧૨માં સાધક જીવનના અત્યંત મહત્વના વિષયભૂત કર્મબંધ અને અબંધનો માર્મિક અને સચોટ ઉપદેશ છે. તેમાં જીવનની આવશ્યક ક્રિયા કરતાં અયતનાથી કર્મબંધ અને યતનાથી કર્મનો અબંધ કહ્યો છે. સૂત્રકારે આવા તલસ્પર્શી ઉપદેશથી સાધકને યતના માટે સાવધાન કર્યા છે. ત્યાર પછી ચારિત્રની પ્રાપ્તિ જ્ઞાનપૂર્વક થાય છે, તેવું સ્પષ્ટ કથન કરી જ્ઞાનની મહત્તા પ્રદર્શિત કરી છે.

**(૫) ધર્મફળ :–** ગાથા ૧૩ થી ૨૫માં સાધનાના આધ્યાત્મિક વિકાસનો ક્રમ સૂચિત કર્યા છે. જેમ કે– જે વ્યક્તિને જીવાજીવનું જ્ઞાન હોય છે, તે તેની વિવિધ પ્રકારની ગતિ અને તેના કારણભૂત પુણ્ય, પાપ, બંધ, મોક્ષ તત્ત્વને જાણે છે. ત્યાર પછી ક્રમશઃ તેને ભોગ પ્રતિ નિર્વેદ ભાવ, બાહ્ય–આભ્યંતર સંયોગનો ત્યાગ, સંયમ સ્વીકાર, ઉત્કૃષ્ટ સંવર અને અનુત્તર ધર્મની સ્પર્શના, પૂર્વકૃત કર્મનાશ, કેવળજ્ઞાન–દર્શનની પ્રાપ્તિ, લોકાલોકનું જ્ઞાન, યોગનિરોધ, શૈલેશી–અવસ્થાની પ્રાપ્તિ અને અંતે ઊર્ધ્વગતિએ જઈ લોકાગ્રે શાશ્વત કાલ પર્યંત સ્થિત થવાનું વર્ણન છે.

આ રીતે સમ્યગ્જ્ઞાનથી પ્રારંભ થયેલી સાધના સમ્યક્ ચારિત્રને પામી અંતે અખંડ જ્ઞાન ગુણમાં , સ્વરૂપ રમણતામાં પૂર્ણ થાય છે.

★ સૂત્રકારે સાધનાનો માર્ગ, સાધકના યોગ્ય ગુણો અને સાધના માર્ગ પર આવેલા સાધકને સાધનાના સાતત્ય માટે વિરાધના ન કરવાનો અંતિમ ઉપદેશ આપી અધ્યયન પૂર્ણ કર્યું છે.

★ સાધક જીવન માટે આ અધ્યયન પ્રાણ સમાન છે. કારણ કે નવદીક્ષિત સાધુને અપાતા છેદો–પસ્થાપનીય ચારિત્ર(વડી દીક્ષાના દિવસે અપાતા) પંચમહાવ્રત અને રાત્રિભોજન ત્યાગ તેમજ છકાય જીવોની રક્ષાના પ્રતિજ્ઞા સૂત્રો આ અધ્યયનમાં છે.

★ નવદીક્ષિત સાધુ અથવા સાધ્વી માટે જીવ તત્ત્વથી મોક્ષ તત્ત્વ સુધી હેય, જ્ઞેય, ઉપાદેય તત્ત્વોનો બોધ તથા સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રની દષ્ટિએ સમ્યક્ આરાધનાનો નિષ્કર્ષ તેમજ આ અધ્યયનમાં મોક્ષમાર્ગના અધિકારી સાધકને મોક્ષ માર્ગની આરાધના કરવાની સાંગોપાંગ વિધિ આ અધ્યયનમાં દર્શાવી છે. સિદ્ધિના આરોહ ક્રમને જાણવાની દષ્ટિએ પણ આ અધ્યયન અતિ ઉપયોગી છે.

નિર્યુક્તિકારના મતાનુસાર આ અધ્યયન સાતમા આત્મપ્રવાદ પૂર્વમાંથી લેવામાં આવ્યું છે.

❖❖❖❖❖

# ચોથું અધ્યયન

## છ જીવનિકાય

**ઉત્થાનિકા :–**

**१ सुयं मे आउसं! तेणं भगवया एवमक्खायं, इह खलु छज्जीवणिया णामज्झयणं समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइया सुअक्खाया सुपण्णत्ता, सेयं मे अहिज्जिउं अज्झयणं धम्मपण्णत्ती ।**

**છાયાનુવાદ : श्रुतं मया आयुष्मन्! तेन भगवतैवमाख्यातं, इह खलु षड्जीवनिका नामाध्ययनं श्रमणेन भगवता महावीरेण काश्यपेन प्रवेदिता स्वाख्याता सुप्रज्ञप्ता, श्रेयो मे अध्येतुं अध्ययनं धर्मप्रज्ञप्तिः ।**

**શબ્દાર્થ :– आउसं** = હે આયુષ્યમન્ શિષ્ય ! **मे** = મેં **सुयं** = સાંભળ્યું છે **तेणं** = તે **भगवया** = ભગવંતે **एवं** = આ પ્રમાણે **अक्खायं** = કહ્યું છે **इह** = આ જૈન શાસનમાં **खलु** = નિશ્ચયથી **छज्जीवणिया** = છ જીવનિકાય **णाम** = નામનું **अज्झयणं** = અધ્યયન **कासवेणं** = કાશ્યપગોત્રી **समणेणं** = શ્રમણ **भगवया** = ભગવાન **महावीरेणं** = મહાવીરે **पवेइया** = કથન કર્યું છે **सुअक्खाया** = સારી રીતે વિસ્તારથી કથન કર્યું છે **सुपण्णत्ता** = હેતુ અને દષ્ટાંતથી સમજાવ્યું છે **मे** = મને **अज्झयणं** = તે અધ્યયનનું **अहिज्जिउं** = અધ્યયન કરવું, પઠન કરવું, શીખવું **सेयं** = શ્રેયકારી છે, કલ્યાણકારી છે **धम्मपण्णत्ती** = જેમાં ધર્મની પ્રરૂપણા છે.

**ભાવાર્થ :–** [સુધર્મા સ્વામીએ પોતાના સુશિષ્ય જંબૂ સ્વામીને કહ્યું કે] હે આયુષ્યમન્ જંબૂ ! મેં શ્રમણ ભગવાન મહાવીર પાસેથી આ પ્રમાણે સાંભળ્યું છે કે આ જિનશાસનમાં કાશ્યપગોત્રીય, શ્રમણ ભગવાન મહાવીરે ષડ્જીવનિકાય નામના અધ્યયનનું કથન કર્યું છે, તેનું સારી રીતે આખ્યાન કર્યું છે અર્થાત્ વિસ્તારપૂર્વક કહ્યું છે અને હેતુ , દષ્ટાંતથી સ્પષ્ટતાપૂર્વક સમજાવ્યું છે. તેવું ધર્મ પ્રજ્ઞપ્તિ અપરનામવાળું અધ્યયન મારે (અમારે) ભણવું, ભણાવવું કલ્યાણકારી છે.

**२ कयरा खलु सा छज्जीवणिया णामज्झयणं समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइया सुअक्खाया सुपण्णत्ता सेयं मे अहिज्जिउं अज्झयणं धम्मपण्णत्ती ?**

**છાયાનુવાદ : कतरा खलु सा षड्जीवनिकानामाध्ययनम्, श्रमणेन भगवता महावीरेण**

**काश्यपेन प्रवेदिता स्वाख्याता सुप्रज्ञप्ता श्रेयो मे अध्येतुं अध्ययनं धर्मप्रज्ञप्तिः ?**

**શબ્દાર્થ :– सा** = તે **कयरा** = કયું ?.

**ભાવાર્થ :–** હે ભગવન્ ! તે ષડ્જીવનિકાય નામનું અધ્યયન કયું છે ? કે જેનું કાશ્યપગોત્રીય શ્રમણ ભગવાન મહાવીરે કથન કર્યું છે, સારી રીતે આખ્યાન કર્યું છે, સદષ્ટાંત વિસ્તારપૂર્વક કથન કર્યું છે અને તે ધર્મ પ્રજ્ઞપ્તિ અપરનામવાળા અધ્યયનનો મારે અભ્યાસ કરવો શ્રેયસ્કર છે ?

**૩ इमा खलु सा छज्जीवणिया णामज्झयणं, समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइया सुयक्खाया सुपण्णत्ता सेयं मे अहिज्जिउं अज्झयणं धम्मपण्णत्ती ।**

**છાયાનુવાદ : इयं खलु सा षड्जीवनिकानामाध्ययनम् श्रमणेन भगवता महावीरेण काश्यपेन प्रवेदिता स्वाख्याता सुप्रज्ञप्ता; श्रेयो मे अध्येतुं अध्ययनं धर्मप्रज्ञप्तिः ।**

**શબ્દાર્થ :– इमा** = આ વક્ષ્યમાણ, હવે પછી કહેવામાં આવશે તે.

**ભાવાર્થ :–** હવે પછી આ કહેવામાં આવશે તે ષડ્જીવનિકાય નામના અધ્યયનનું કાશ્યપગોત્રીય શ્રમણ ભગવાન મહાવીરે કથન કર્યું છે, સારી રીતે આખ્યાન કર્યું છે, સદષ્ટાંત વિસ્તારપૂર્વક કથન કર્યું છે અને તે ધર્મ પ્રજ્ઞપ્તિ અપરનામવાળા અધ્યયનનો મારે અભ્યાસ કરવો શ્રેયસ્કર છે.

**વિવેચન :–**

પ્રારંભનું આ સૂત્ર અધ્યયનની ઉત્થાનિકારૂપે છે.

**सुयं मे आउसं :–** દશવૈકાલિક સૂત્ર શ્રી શયંભવાચાર્ય રચિત છે. તેમ છતાં વ્યાખ્યાકારોએ આ વાક્યનો સંબંધ સુધર્મા–જંબૂ સાથે જોડીને તેનો વિશેષાર્થ કર્યો છે. આ શબ્દ પ્રયોગ ગુરુ શિષ્યની અવિચ્છિન્ન પરંપરાને સૂચિત કરે છે. શ્રી સુધર્માસ્વામી પોતાના શિષ્યને છ જીવનિકાય અધ્યયનનો બોધ આપી રહ્યા છે. ગુરુ તે બોધ પોતાને કોના દ્વારા પ્રાપ્ત થયો છે ? તેનું કથન કરી શિષ્યની શ્રદ્ધાને દઢ બનાવે છે. હે જંબૂ ! આ વિષય પ્રભુ મહાવીરે કેવળજ્ઞાન દ્વારા જાણેલો અને તેમની સદેહી અવસ્થામાં કહેવાયેલો છે, તે પ્રભુ પાસેથી મેં સાંભળ્યો હતો અને તે જ હું તને કહું છું. તેથી આ કથન સંપૂર્ણ સત્ય છે.

આ પ્રકારના કથનમાં શ્રી સુધર્મા સ્વામીની તીર્થંકર પ્રત્યેની શ્રદ્ધા, ભક્તિ અને સમર્પણ ભાવ, સ્વયંની નમ્રતા અને લઘુતા પ્રતીત થાય છે. તેમ જ શાસન પરંપરાના વહનની પવિત્ર ભાવના પ્રગટ થાય છે.

**आउसं–** આ શબ્દ પ્રયોગ દ્વારા શિષ્યને સંબોધન કર્યું છે. જેનું આયુષ્ય દીર્ઘ હોય તેને આયુષ્માન કહેવાય છે. શિષ્યને આયુષ્યમાન તરીકે સંબોધવામાં શિષ્ય દીર્ઘાયુષી રહે એવી શુભકામના છે. **आउस**

અથવા **आउसो** શબ્દ દ્વારા શિષ્યને સંબોધિત કરવાની પદ્ધતિ જૈન–બૌદ્ધ આગમોમાં દષ્ટિગોચર થાય છે. દેશ, કુળ, શીલ આદિથી સંબંધિત સમસ્ત ગુણોમાં વિશિષ્ટતમ ગુણ દીર્ઘાયુષ છે. જે શિષ્ય દીર્ઘાયુ પ્રાપ્ત કરે છે તે સ્વયં જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી ભવ્યજનોને જ્ઞાન આપી શકે છે. આ રીતે શાસન પરંપરા અવિરત ચાલે છે. **आउसं** શબ્દના અન્ય વૈકલ્પિક શબ્દ અને અર્થ આ પ્રમાણે થાય છે–

**(૧) आउसंतेणं– तेणं** શબ્દ **आउसं**ની સાથે જોડીને **भगवया** શબ્દનું વિશેષણ માનવાથી **आउसंतेणं भगवया**નો અર્થ આ પ્રમાણે થાય છે– આયુષ્યમાન ભગવાન પાસેથી અર્થાત્ ભગવાન જ્યારે આયુષ્ય સહિત સદેહે વિચરતા હતા ત્યારે સાક્ષાત્ મેં સાંભળ્યું હતું. **(૨) आवसंतेण**– ગુરુકુળમાં રહીને મેં સાંભળ્યું છે. **(૩) आमुसंतेण**– માથાથી ચરણ કમળનો સ્પર્શ કરીને મેં સાંભળ્યું છે અર્થાત્ વિનયપૂર્વક સાંભળ્યું છે.

**कासवेणं :–** અહીં કાશ્યપ શબ્દના બે અર્થ છે. (૧) ભગવાન મહાવીરનું ગોત્ર કાશ્યપ હોવાથી, કાશ્યપના સંતાન તે કાશ્યપ કહેવાય છે. (૨) શેરડીના રસને કાશ્ય કહે છે; તે રસ પીનારને કાશ્યપ કહે છે. ભગવાન ઋષભદેવે ઈક્ષુરસનું પાન કર્યું તેથી તે કાશ્યપ કહેવાયા. ભગવાન મહાવીર તે ગોત્રમાં ઉત્પન્ન થયા હોવાથી કાશ્યપ તરીકે ઓળખાયા. ભગવાન ઋષભદેવના ધર્મવંશજ, વિદ્યાવંશજ હોવાથી ભગવાન મહાવીર કાશ્યપ કહેવાયા.

**समणेणं :–** વ્યુત્પત્તિ અનુસાર આ શબ્દના અનેક અર્થ થાય છે. (૧) સહજ સમત્વાદિ ગુણ સંપન્ન હોય તેમજ માન–અપમાનમાં સમાન ભાવ રાખે તે **સમન** (૨) કષાયોનું શમન કરે તે **શમન** (૩) તપસ્યા આદિમાં શ્રમ કરે તે **શ્રમણ** (૪) સમ મન કે સુંદર મન તે સમન(સુમન).

**भगवया :–** ભગવાન. ભગ્ શબ્દના છ અર્થ થાય છે. (૧) સમગ્ર–ઐશ્વર્ય (૨) રૂપ (૩) યશ (૪) શ્રી (૫) ધર્મ (૬) પ્રયત્ન. જેમાં ઐશ્વર્યાદિ ગુણો સમગ્રરૂપે હોય તે ભગવાન કહેવાય છે. પ્રસ્તુતમાં ઐશ્વર્યવાન માટે ભગવાન શબ્દનો પ્રયોગ છે.

**महावीरेणं :–** મહાવીર. તેના વિવિધ અર્થો થાય છે. (૧) ભયંકર ભય, ભૈરવ ઉપસર્ગોને તથા અચેલકત્વાદિ કઠિન પરિષહોને સહન કરતા હોવાથી દેવોએ ભગવાનનું નામ 'મહાવીર' રાખ્યું. (૨) ગુણોને પ્રાપ્ત કરવામાં મહાન વીર હોવાથી ભગવાનને મહાવીર કહે છે. (૩) કષાય આદિ મહાન આંતરિક શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરવાથી ભગવાનને મહાવીર કહે છે. (૪) જે કર્મોને કાપે તેમજ તપોવીર્યથી યુક્ત હોય તે વીર છે. આ ગુણો હોવાથી વર્ધમાન પ્રભુને મહાવીર કહે છે.

**धम्मपन्नती :–** ધર્મ પ્રજ્ઞપ્તિ. જેનાથી શ્રુત–ચારિત્રરૂપ ધર્મ અથવા સંયમ ધર્મ જાણી શકાય તે. તાત્પર્ય એ છે કે ધર્મના જાણપણાથી યુક્ત આ અધ્યયનનું બીજું નામ ધર્મ પ્રજ્ઞપ્તિ છે.

**अहिज्जिउं :–** અધ્યયન કરવું, ભણવું, શીખવું પાઠ કરવો, સાંભળવું અને ચિંતન કરવું, સ્મરણ કરવું.

**सेयं :–** આ ષડ્ જીવનિકાયનું અધ્યયન શ્રેયકારી છે. સંયમમાં ઉપસ્થિત શ્રમણો માટે આ અધ્યયનને ભણવું , શીખવું અને તે અનુસાર જીવન ઘડવું કલ્યાણકારી છે અર્થાત્ સાધક દ્વારા જે આત્મકલ્યાણના

લક્ષ્યથી સંયમ ગ્રહણ કરવામાં આવે છે તે લક્ષ્યની સિદ્ધિ કરવા માટે આ અધ્યયન અત્યંત ઉપયોગી છે.

**પાંચ સ્થાવરનું સ્વરૂપ :–**

**૪** **तं जहा– पुढविकाइया, आउकाइया, तेउकाइया, वाउकाइया, वणस्सइकाइया, तसकाइया ।**

**पुढवी चित्तमंतमक्खाया अणेगजीवा, पुढोसत्ता अण्णत्थ सत्थपरिणएणं । आऊ चित्तमंतमक्खाया अणेगजीवा, पुढोसत्ता अण्णत्थ सत्थपरिणएणं । तेऊ चित्तमंतमक्खाया अणेगजीवा, पुढोसत्ता अण्णत्थ सत्थपरिणएणं । वाऊ चित्तमंतमक्खाया अणेग– जीवा, पुढोसत्ता अण्णत्थ सत्थपरिणएणं । वणस्सई चित्तमंतमक्खाया अणेगजीवा, पुढोसत्ता अण्णत्थ सत्थपरिणएणं ।**

**तंजहा– अग्गबीया, मूलबीया, पोरबीया, खंधबीया, बीयरुहा, संमुच्छिमा तणलया, वणस्सइकाइया, सबीया चित्तमंतमक्खाया अणेगजीवा पुढोसत्ता अण्णत्थ सत्थपरिणएणं ।**

**છાયાનુવાદ :** तद्यथा– पृथिवीकायिका अप्कायिकास्तेजस्कायिकाः, वायुकायिका वनस्पति– कायिकास्त्रसकायिकाः ।

पृथिवी चित्तवत्याख्याता, अनेकजीवा, पृथक्सत्त्वा अन्यत्र शस्त्रपरिणतायाः । आपश्चित्तवत्यः आख्याता अनेकजीवाः, पृथक्सत्त्वा अन्यत्र शस्त्रपरिणताभ्यः । तेजश्चित्तवदाख्यातं अनेकजीवम्, पृथक्सत्त्वमन्यत्र शस्त्रपरिणतात् । वायुश्चित्तवानाख्यातः अनेकजीवः, पृथक्सत्त्वः अन्यत्र शस्त्रपरिणतात् ।

वनस्पतिश्चित्तवानाख्यातः अनेकजीवः, पृथक्सत्त्वः अन्यत्र शस्त्रपरिणतात् तद्यथा– अग्रबीजाः मूलबीजाः पर्वबीजाः स्कन्धबीजाः बीजरुहाः सम्मूर्च्छिमास्तृणलता, वनस्पतिकायिकाः सबीजश्चित्तवन्त आख्याता अनेकजीवाः पृथक्सत्त्वा अन्यत्र शस्त्रपरिणतेभ्यः ।

**શબ્દાર્થ :– तंजहा** = તે આ પ્રમાણે **पुढविकाइया** = પૃથ્વીકાયના જીવો **आउकाइया** = અપકાયના જીવો **तेउकाइया** = અગ્નિકાયના જીવો **वाउकाइया** = વાયુકાયના જીવો **वणस्सइकाइया** = વનસ્પતિકાયના જીવો **तसकाइया** = ત્રસકાયના જીવો **पुढवी चित्तमंतमक्खाया** = પૃથ્વી સચિત્ત–જીવવાળી કહી છે **अणेगजीवा** = તે અનેક જીવવાળી છે **पुढोसत्ता** = પૃથક્ સત્ત્વ, જુદું જુદું અસ્તિત્વ છે, સ્વતંત્ર અસ્તિત્વ **सत्थपरिणएणं** = શસ્ત્ર પરિણત **अण्णत्थ** = વિના, સિવાય. જ્યાં સુધી શસ્ત્ર પરિણત થાય નહીં ત્યાં સુધી સજીવ છે.

**आउ** = અપકાય પાણી **तेऊ** = તેજ, અગ્નિ **वाऊ** = વાયુકાય **वणस्सई** = વનસ્પતિ **अग्गबीया** = અગ્રભાગ પર બીજવાળી **मूलबीया** = મૂળ ભાગમાં બીજવાળી **पोरबीया** = પર્વમાં બીજવાળી **खंधबीया** = સ્કંધમાં બીજવાળી **बीयरुहा** = બીજ વાવવાથી ઉત્પન્ન થનાર **संमुच्छिमा** = પોતાની મેળે ઉગે તે **तण** = તૃણ **लया** = લતા **वणस्सइकाइया** = વનસ્પતિકાયિક છે **सबीया** = બીજવાળી.

**ભાવાર્થ :–** તે છ કાયના નામો આ પ્રમાણે છે– (૧) પૃથ્વીકાયિક જીવો (૨) અપકાયિક જીવો (૩) અગ્નિકાયિક જીવો (૪) વાયુકાયિક જીવો (૫) વનસ્પતિકાયિક જીવો (૬) ત્રસકાયિક જીવો.

(૧) શસ્ત્ર પરિણત થયા પહેલાં પૃથ્વીકાય સચેત હોય છે; તેમાં અનેક જીવો હોય છે અને તે પ્રત્યેક જીવોનું સ્વતંત્ર અસ્તિત્વ હોય છે.

(૨) શસ્ત્ર પરિણત થયા પહેલાં અપ્કાય સચેત હોય છે, તેમાં અનેક જીવો હોય છે અને તે પ્રત્યેક જીવોનું સ્વતંત્ર અસ્તિત્વ હોય છે.

(૩) શસ્ત્ર પરિણત થયા પહેલાં તેઉકાય સચેત હોય છે. તેમાં અનેક જીવો હોય છે અને તે પ્રત્યેક જીવોનું સ્વતંત્ર અસ્તિત્વ હોય છે.

(૪) શસ્ત્ર પરિણત થયા પહેલાં વાયુકાય સચેત હોય છે. તેમાં અનેક જીવો હોય છે અને તે પ્રત્યેક જીવોનું સ્વતંત્ર અસ્તિત્વ હોય છે.

(૫) શસ્ત્ર પરિણત થયા પહેલાં વનસ્પતિકાય સચેત હોય છે. તેમાં અનેક જીવો હોય છે અને તે પ્રત્યેક જીવોનું સ્વતંત્ર અસ્તિત્વ હોય છે. તે વનસ્પતિના અનેક ભેદો છે, તે આ પ્રમાણે છે– અગ્રબીજ, મૂળબીજ, પર્વબીજ, સ્કંધબીજ, બીજરુહા, સમૂર્ચ્છિમ, તૃણ, લતા આદિ. આ રીતે બીજની પ્રમુખતાવાળી વનસ્પતિ– કાયિક શસ્ત્ર પરિણત થયા પહેલાં સચેત છે, તેમાં અનેક જીવો છે અને તે દરેકનું સ્વતંત્ર અસ્તિત્વ છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં પાંચ સ્થાવર–એકેન્દ્રિય જીવોની સચેતનતાને સિદ્ધ કરી છે.

**चित्तमंतमक्खाया :–** તે જીવો ચૈતન્યવાન કહેવાય છે. **चित्तमंतं** શબ્દના ત્રણ રૂપ છે– (૧) **चित्तवत्** = ચિત્તનો અર્થ છે જીવ અથવા ચૈતન્ય; જેમાં ચેતના હોય તે ચિત્તવત્ કહેવાય છે. તાત્પર્ય એ છે કે પૃથ્વીકાય આદિ પાંચ સ્થાવર જીવનિકાયમાં ચેતના હોય છે. તેથી તે ચૈતન્યવાન(સજીવ) કહેવાય છે. (૨) **चित्तमात्रं** = માત્ર શબ્દના બે અર્થ થાય છે– અલ્પ અને પરિમાણ. પ્રસ્તુત પ્રસંગમાં માત્ર શબ્દ અલ્પવાચક છે. તેનું તાત્પર્ય એ છે કે પૃથ્વીકાય આદિ પાંચ સ્થાવરોમાં અલ્પ વિકસિત ચૈતન્ય હોય છે. તે જીવોમાં ત્રસ જીવોની જેમ ઉચ્છ્વાસ, નિશ્વાસ, નિમેષ, ગતિ–પ્રગતિ આદિ ચેતનાને વ્યક્ત કરનાર ચિહ્ન હોતા નથી. (૩) **चित्तमत्त** = મત્તનો અર્થ છે– મૂર્છિત. જેવી રીતે મદ્યપાન, સર્પદંશ આદિ ચિત્તવિઘાતના

કારણોથી અભિભૂત મનુષ્યનું ચિત્ત(ચૈતન્ય) મૂર્છિત થઈ જાય છે. તે જ રીતે જ્ઞાનાવરણીય અને મોહનીય કર્મના પ્રબળ ઉદયથી પૃથ્વીકાય આદિ એકેન્દ્રિય જીવોનું ચૈતન્ય હંમેશાં મૂર્છિત જેવું રહે છે. એકેન્દ્રિયમાં ચેતનાનો વિકાસ જઘન્ય હોય છે અને તે વિકાસ બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચોરેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય, સંજ્ઞી પંચેન્દ્રિયમાં ક્રમશઃ વધતો જાય છે.

**अक्खाया** :– આખ્યાત, કહેવાયેલ છે. પૃથ્વીકાય આદિ ચૈતન્યયુક્ત(સજીવ) છે; તે કથન સર્વજ્ઞ સર્વદર્શી ભગવાન દ્વારા કહેવાયેલું છે.

**अणेग जीवा पुढोसत्ता** :– પૃથ્વીકાયાદિમાં અનેક જીવો છે અને તેની પૃથક્ પૃથક્ સત્તા છે. પૃથ્વીકાયાદિ જીવોનું શરીર અત્યંત સૂક્ષ્મ હોય છે. તેના એક જીવનું શરીર ચર્મ ચક્ષુથી જોઈ શકાતું નથી. અસંખ્યાત જીવોના શરીર એક સાથે હોય ત્યારે જ તે દેખાય છે. માટીના એક કણમાં અસંખ્યાત જીવો અને તેના અસંખ્યાત શરીર છે. સૂત્રમાં પ્રયુક્ત **अणेगा** શબ્દનો 'અસંખ્યાત' કે 'અનંત'અર્થ થાય છે અર્થાત્ સાધારણ વનસ્પતિમાં અનંત અને તે સિવાય બાદર વનસ્પતિ તથા પૃથ્વી આદિમાં અસંખ્યાત જીવો હોય છે.

પૃથ્વી આદિ ચાર સ્થાવરમાં અસંખ્યાત જીવોના શરીર એક સાથે જ હોવા છતાં તેમાં રહેલા પ્રત્યેક જીવનું અને તેના શરીરનું સ્વતંત્ર અસ્તિત્વ છે. તે જીવોને પ્રત્યેક નામ કર્મનો ઉદય હોવાથી તે પ્રત્યેક શરીરી છે. સાધારણ વનસ્પતિનાં અનંત જીવોનું શરીર સાધારણ છે અર્થાત્ એક શરીરમાં અનંતા જીવો હોય છે. કારણ કે તે જીવોને સાધારણ નામકર્મનો ઉદય છે. તેઓનું સ્થૂલ ઔદારિક શરીર સાધારણ હોવા છતાં તે અનંત જીવોના તૈજસ કાર્મણ શરીરનું સ્વતંત્ર અસ્તિત્વ છે.

પૃથ્વીને શિલા આદિ પર પીસવામાં આવે તો તેમાંથી કેટલાક જીવો પીસાય છે, કેટલાક પીસાતા નથી. તેથી તેમાં અસંખ્ય જીવો અને દરેકનું પૃથક્ અસ્તિત્વ સિદ્ધ થાય છે તે જ રીતે પાણીના એક ટીપામાં, અગ્નિના એક તણખા આદિમાં અસંખ્યાત જીવો હોય છે અને તે દરેકનું સ્વતંત્ર અસ્તિત્વ હોય છે.

**अण्णत्थ सत्थ परिणएणं** :– શસ્ત્ર પરિણત થયા સિવાય. શસ્ત્ર પરિણત ન થાય ત્યાં સુધી તે પૃથ્વી આદિ સચિત્ત રહે છે અને તેમાં અસંખ્ય જીવો હોય છે. પ્રાણીઓનો ઘાત જેનાથી થાય તે **શસ્ત્ર** કહેવાય છે. તે શસ્ત્ર ત્રણ પ્રકારના છે– સ્વકાયશસ્ત્ર, પરકાયશસ્ત્ર અને ઉભયકાયશસ્ત્ર. જ્યારે આ ત્રણમાંથી કોઈપણ શસ્ત્રથી પૃથ્વી આદિ પરિણત થાય એટલે પરિણામાંતરને પ્રાપ્ત થઈ જાય છે, ત્યારે તે અચેત થઈ જાય છે.

(૧) જ્યારે ભિન્ન વર્ણ, ગંધ, રસ અને સ્પર્શયુક્ત પૃથ્વી જ પૃથ્વીકાયના જીવો માટે શસ્ત્રરૂપ થાય અર્થાત્ તેને અચિત્ત કરે તો તે **સ્વકાયશસ્ત્ર** છે. પૃથ્વી સિવાય પાણી, અગ્નિ, પવન, સૂર્યતાપ, પગથી ખૂંદવું આદિ સાધનો પૃથ્વીકાયિક જીવો માટે શસ્ત્રરૂપ થાય એટલે તેને અચિત્ત બનવામાં નિમિત્ત બને તો તે **પરકાયશસ્ત્ર** છે. સ્વકાય–માટી આદિ અને પરકાય–પાણી આદિ, આ બંને સંયુક્તરૂપથી પૃથ્વી જીવોના ઘાતક હોય તો તે **ઉભયકાયશસ્ત્ર** છે. જેમ કે કાળી માટી, સફેદ માટી અને પાણીમાં ભેગી થઈને અચેત થાય ત્યારે પાણી અને સફેદ માટી બંને મળીને કાળી માટી માટે શસ્ત્ર રૂપ થાય છે. આ રીતે ત્રણ પ્રકારના શસ્ત્રથી પરિણત થતાં પૃથ્વી જીવ રહિત(અચેત) થઈ જાય છે.

તેવી જ રીતે કૂવાનું પાણી તળાવ આદિના પાણી માટે સ્વકાયશસ્ત્ર, છાણાની અગ્નિ ઘાસની અગ્નિ માટે સ્વકાયશસ્ત્ર, પૂર્વદિશાનો વાયુ પશ્ચિમ આદિ દિશાના વાયુ માટે સ્વકાયશસ્ત્ર અને કોઈ વનસ્પતિ માટે સૂકું ઘાસ આદિ સ્વકાયશસ્ત્ર બની શકે છે. આ રીતે પોતાની જાતિના શસ્ત્ર **સ્વકાયશસ્ત્ર,** પોતાની જાતિ સિવાયના અન્ય શસ્ત્ર **પરકાયશસ્ત્ર** અને સ્વ–પર બંને સાથે હોય ત્યારે **ઉભયકાયશસ્ત્ર** બને છે. આ રીતે પાંચે ય સ્થાવર જીવો માટે સમજવું. પરંતુ જ્યાં સુધી પાંચ સ્થાવરકાયના જીવો કોઈ પણ પ્રકારના શસ્ત્રથી પરિણત ન થાય ત્યાં સુધી તે સચિત્ત રહી શકે છે.

**પાંચ સ્થાવરમાં જીવત્વની સિદ્ધિ :–** પાંચે સ્થાવરને કેવળજ્ઞાનીએ સચેત કહ્યા છે. તેથી તે સચેત છે. આ રીતે આગમ પ્રમાણથી તેમાં ચૈતન્યની સિદ્ધિ થાય છે. તે ઉપરાંત અનુમાનાદિ પ્રમાણથી પણ તેમાં જીવત્વની સિદ્ધિ થઈ શકે છે.

**પૃથ્વીકાયમાં અનુમાન પ્રમાણથી જીવત્વની સિદ્ધિ :–** પૃથ્વી જ જેનું શરીર છે તેને પૃથ્વીકાય કહે છે, કઠિનતા આદિ તેના લક્ષણો છે અને તેના અનેક પ્રકાર છે– માટી, મીઠું, ખારો, ગેરુ, સોનું, ચાંદી, અબરખ, હીરા, પન્ના, રત્ન આદિ. (૧) જેમ માનવ શરીરમાં પડેલા ઘા સમય વ્યતીત થતાં સ્વયં ભરાઈ જાય છે, તેમ ખોદેલી ખાણ આદિની માટી પણ સમય વ્યતીત થતાં સ્વયં ભરાઈ જાય છે તેથી પૃથ્વી સચિત્ત છે. (૨) જેમ જીવિત પ્રાણીઓના હાડકા આદિ કઠણ હોવા છતાં વૃદ્ધિ પામે છે; તેમ પરવાળા, પથ્થર આદિ કઠણ હોવા છતાં વૃદ્ધિ પામે છે તેથી સચેત છે. આ રીતે અનેક અનુમાનોથી તેમાં રહેલા જીવત્તવની સિદ્ધિ થઈ શકે છે.

**અપકાયમાં અનુમાન પ્રમાણથી જીવત્વની સિદ્ધિ :–** પાણી જ જેનું શરીર છે તેને અપ્કાય કહે છે. તેના અનેક પ્રકાર છે. યથા– વરસાદનું, નદીનું, કૂવાનું, તળાવનું, ઝાકળનું, ધુમ્મસનું, ઓસનું પાણી. જમીનમાંથી નીકળતા અને આકાશમાંથી વરસતા પાણી આદિ. (૧) જેમ દેડકા આદિ જીવો જમીનમાંથી સ્વતઃ નીકળે છે તેમ પાણી જમીનમાંથી સ્વતઃ નીકળે છે તેથી તે સચેત છે. (૨) તે જ રીતે વાદળામાં વિકૃતિ આવવાથી સ્વતઃ વરસે છે તેથી તે સચેત છે.

વૈજ્ઞાનિકોએ માઈક્રોસ્કોપ યંત્ર દ્વારા જોઈને પાણીના એક ટીપામાં હજારો ત્રસ જીવો છે તેમ સિદ્ધ કર્યું છે. જ્યારે જૈનદર્શન પાણીને જ જીવરૂપ–ચૈતન્યરૂપ સ્વીકારે છે. તેમજ પાણીના એક ટીપામાં અસંખ્યાત પાણીના જીવો અને તે સિવાયના હજારો ત્રસ જીવો માને છે.

**તેઉકાયમાં અનુમાન પ્રમાણથી જીવત્વની સિદ્ધિ :–** અગ્નિ જ જેનું શરીર છે તેને તેઉકાય કહે છે, ઉષ્ણતા તેનું લક્ષણ છે અને તેના અનેક પ્રકાર છે, યથા– ચૂલાનો, ભટ્ઠીનો, નિંભાડાનો, દાવાનળનો વગેરે અગ્નિ તેમજ વીજળી, ઉલ્કાપાત, જ્વાળા આદિનો અગ્નિ. (૧) જેમ મનુષ્યનું શરીર આહારથી વૃદ્ધિ પામે અને આહાર ન મળવાથી ક્ષીણ થાય છે, તેમ ઈંધનથી અગ્નિની વૃદ્ધિ અને ઈંધન ન આપવાથી અગ્નિ મંદ થાય છે; તેથી તે સચેત છે. (૨) જેમ આગિયાના શરીરમાં જીવ હોય ત્યાં સુધી જ તે પ્રકાશિત થાય છે, તેમ અંગારા આદિ પણ પ્રજ્વલિત હોય ત્યાં સુધી તેમાં જીવ હોય છે.

**વાયુકાયમાં અનુમાન પ્રમાણથી જીવત્વની સિદ્ધિ :–** વાયુ જ જેનું શરીર છે તેને વાયુકાય કહે છે.

વહેવું તે તેનું લક્ષણ છે અને તેના અનેક પ્રકાર છે, યથા– ઉત્કલિકાવાયુ, મંડલિયોવાયુ, ઘનવાયુ, તનવાયુ, ગુંજવાયુ, સંવર્તકવાયુ, શુદ્ધવાયુ આદિ. જેમ મનુષ્યાદિ પ્રાણી અન્યની પ્રેરણાથી કે પ્રેરણા વિના પણ ગતિ કરે છે, તેમ વાયુ પણ અન્યની પ્રેરણાથી કે પ્રેરણા વિના પણ ગમન કરે છે. તેથી મનુષ્યાદિ પ્રાણીની જેમ તે પણ જીવયુક્ત છે.

**વનસ્પતિકાયમાં અનુમાન પ્રમાણથી જીવત્વની સિદ્ધિ :–** વનસ્પતિ જ જેનું શરીર છે તેને વનસ્પતિકાય કહે છે. મનુષ્યની જેમ વનસ્પતિમાં બાલ્ય, યૌવન, વૃદ્ધત્વ આદિ અવસ્થાઓ તેમજ કરમાઈ જવું આદિ જીવના લક્ષણો પ્રતીત થાય છે. તેથી તે સચેત છે. તેના વિસ્તૃત વિવેચન માટે જુઓ શ્રી આચારાંગ સૂત્ર અધ્યયન– ૧/૫/૪.

**વનસ્પતિના આઠ ભેદ :–** ઉત્પત્તિની ભિન્નતાના આધારે પ્રસ્તુતમાં વનસ્પતિના આઠ ભેદ કર્યા છે. તેની ઉત્પત્તિના મૂળભૂત તત્ત્વને 'બીજ' સંજ્ઞા આપવામાં આવી છે. જેમ કે–(૧) **अग्रबीज** = જેનું બીજ અગ્ર– ભાગમાં હોય, અથવા જેના અગ્રભાગમાં ઉગવાની શક્તિ હોય. યથા– કોરંટક આદિ.(૨) **मूलबीज** = જેનું મૂળ જ બીજ છે તે, અર્થાત્ જેના મૂળભાગમાં ઉગવાની શક્તિ હોય યથા– કમલકન્દ આદિ. (૩) **पर्वबीज** = ગાંઠ–પર્વ જેનું બીજરૂપ છે તે પર્વબીજ કહેવાય છે. જેમ કે– નેતર, વાંસ, શેરડી.(૪) **स्कन्धबीज** = સ્કંધ જેનું બીજરૂપ હોય અથવા જેનું બીજ સ્કંધમાં હોય તે સ્કંધબીજ કહેવાય છે. જેમ કે– વડલો, પીપળો, થોર આદિ. (૫) **बीजरुह** = બીજથી ઉગનારી વનસ્પતિ તે. અર્થાત્ જેના બીજમાં જ ઉગવાની શક્તિ હોય. યથા– ચોખા, ઘઉં આદિ. (૬) **संमूर्छिम** = બીજ વિના પૃથ્વી, વરસાદ આદિ સંયોગોથી ઉત્પન્ન થાય છે. યથા– સર્પ, છત્રા, ભૂંફોડા ઘાસ આદિ. (૭) **तृण** = ઘાસમાત્ર તૃણ કહેવાય છે. તૃણ શબ્દ દ્વારા દર્ભ, ચંપક, અશોક, વાસંતી, નાગરમોથ આદિ દરેક જાતના ઘાસને ગ્રહણ કરવામાં આવ્યા છે. (૮) **लता** = જમીન ઉપર અથવા કોઈ મોટા ઝાડને વીંટળાઈને તેના સહારે ઉપર ફેલાયેલી વનસ્પતિને લતા કહે છે. તેને વેલ, વલ્લરી આદિ પણ કહે છે. અહીં લતા શબ્દ દ્વારા ચંપા, જાઈ, જૂઈ, વાસંતી આદિ દરેક જાતની લતાને ગ્રહણ કરી છે.

**सबीया :–** આ શબ્દના બે અર્થ થાય છે– (૧) બીજની મુખ્યતાવાળી વનસ્પતિ (૨) બીજ પર્યંત દશ વિભાગવાળી વનસ્પતિ. તાત્પર્ય એ છે કે– (૧) મોટા ભાગની વનસ્પતિઓ બીજવાળી હોય છે. તે સર્વ શસ્ત્રપરિણત ન થાય ત્યાં સુધી સચિત્ત રહે છે. (૨) વનસ્પતિના બીજ પર્યંતના દશે ય વિભાગ જ્યાં સુધી શસ્ત્ર પરિણત ન થાય ત્યાં સુધી સચેત હોય છે. તે દશ વિભાગ આ પ્રમાણે છે– મૂળ, કન્દ, સ્કંધ, છાલ, શાખા, કૂંપળ, પત્ર, પુષ્પ, ફળ અને બીજ.

પ્રત્યેક વનસ્પતિના દસે ય વિભાગમાં મળીને સંખ્યાત કે અસંખ્યાત અથવા અનંત જીવો હોય છે. તે અપેક્ષાએ વનસ્પતિના ત્રણ પ્રકાર થાય છે. તેમાંથી સંખ્યાત અને અસંખ્યાત જીવયુક્ત વનસ્પતિમાં પ્રત્યેક જીવના ઔદારિક શરીરનું સ્વતંત્ર અસ્તિત્વ હોય છે. અનંતજીવી વનસ્પતિમાં અનંત–અનંત જીવોનું ઔદારિક શરીર સાધારણ હોવા છતાં તે પ્રત્યેક જીવનું અસ્તિત્વ સ્વતંત્ર હોય છે તેમજ તે જીવોના તૈજસ, કાર્મણ આ બે શરીર પણ સ્વતંત્ર હોય છે અને તે ત્રણે ય પ્રકારની વનસ્પતિ શસ્ત્ર પરિણત ન થાય ત્યાં સુધી સચેત રહે છે.

**ત્રસકાયનું સ્વરૂપ :–**

**૫** **से जे पुणे इमे अणेगे बहवे तसा पाणा, तंजहा– अंडया पोयया जराउया रसया संसेइमा संमुच्छिमा उब्भिया उववाइया जेसिं केसिं च पाणाणं अभिक्कंतं, पडिक्कंतं, संकुचियं, पसारियं, रुयं, भंतं, तसियं, पलाइयं, आगइगइविण्णाया, जे य कीडपयंगा जा य कुंथुपिपीलिया सव्वे बेइंदिया सव्वे तेइंदिया सव्वे चउरिंदिया सव्वे पंचिंदिया सव्वे तिरिक्खजोणिया सव्वे णेरइया सव्वे मणुया सव्वे देवा, सव्वे पाणा परमाहम्मिया । एसो खलु छट्ठो जीवणिकाओ तसकाउत्ति पवुच्चइ ।**

**છાયાનુવાદ : अथ ये पुनरिमे अनेके बहवस्त्रसाः प्राणिनः, तद्यथा– अण्डजाः पोतजा जरायुजाः रसजाः संस्वेदजाः, संमूर्छिमा उद्भिज्जा औपपातिकाः । येषां केषांचित् प्राणिनां, अभिक्रान्तं प्रतिक्रान्तं सङ्कुचितं प्रसारितम् रुतं भ्रान्तं त्रस्तं पलायितं, आगतिगतिविज्ञातारः, ये च कीटपतङ्गाः याश्च कुन्थुपिपीलिका सर्वे द्वीन्द्रियाः सर्वे त्रीन्द्रियाः सर्वे चतुरिन्द्रियाः सर्वे पञ्चेन्द्रियाः सर्वे तिर्यग्योनिकाः सर्वे नैरयिकाः सर्वे मनुजाः सर्वे देवाः सर्वे प्राणाः परम– धार्मिकाः(परमाहम्मिता) एष खलु षष्ठो जीवनिकायस्त्रसकाय इति प्रोच्यते ॥**

**શબ્દાર્થ :– से** = હવે **जे** = જે **इमे** = આ **तसा पाणा** = ત્રસ પ્રાણી છે તે **पुण** = વળી **अणेगे** = અનેક **बहवे** = ઘણા છે **तंजहा** = તે આ પ્રમાણે **अंडया** = ઈંડાથી ઉત્પન્ન થનારા પક્ષીઓ **पोयया** = ચર્મથી વિંટાયેલા જન્મ પામે તે, હાથી વગેરે **जराउया** = ઓરથી વિંટાયેલા જન્મ પામે તે, મનુષ્ય, ગાય, ભેંસ વગેરે **रसया** = બગડી ગયેલા રસમાં ઉત્પન્ન થાય તે **संसेइमा** = પસીનાથી ઉત્પન્ન થાય તે; જૂં, માંકડ વગેરે **संमुच्छिमा** = સ્ત્રી–પુરુષના સંયોગવિના ઉત્પન્ન થાય તે **उब्भिया** = ભૂમિ ભેદીને ઉત્પન્ન થાય તે તીડ, પતંગ વગેરે **उववाइया** = શય્યામાં તથા કુંભીમાં ઉત્પન્ન થાય તે– દેવ, નારક જીવો **जेसिं केसिं च** = જે કોઈ પણ **पाणाणं** = પ્રાણીઓનું **अभिक्कंतं** = સન્મુખ આવવું **पडिक्कंतं** = પાછું જવું **संकुचियं** = શરીરને સંકોચી દેવું **पसारियं** = વિસ્તૃત થવું, પસારવું **रुयं** = શબ્દોચ્ચાર કરવો **भंतं** = ભ્રમણ કરવું, ભયભ્રાંત થવું **तसियं** = ત્રાસ પામવો **पलाइयं** = ભાગી જવું **आगइगइ** = આવવું જવું **विण्णाया** = જાણવાવાળા છે, વિજ્ઞાનવાળા છે **य** = પુનઃ **जे** = જે **कीड** = કીડા **पयंगा** = પતંગિયા **जा य** = જે વળી **कुंथुपिपीलिया** = કુંથુવા કીડીઓ **सव्वे** = સર્વે **बेइंदिया** = બે ઈન્દ્રિય જીવ **तेइंदिया** = ત્રણ ઈન્દ્રિયવાળા જીવ **चउरिंदिया** = ચાર ઈન્દ્રિયવાળા જીવ **पंचिंदिया** = પાંચ ઈન્દ્રિયવાળા જીવ **तिरिक्खजोणिया** = તિર્યંચ યોનિવાળા જીવ **णेरइया** = નારક જીવ **मणुया** = મનુષ્ય **देवा** = દેવ **पाणा** = પ્રાણી **परमाहम्मिया** = પરમ દુઃખી છે પરમસુખની ઈચ્છાવાળા **एसो** = આ **खलु** = નિશ્ચય **छट्ठो** = છટ્ઠો **जीवणिकाओ** = જીવનિકાય, જીવ સમૂહ, જીવ પ્રકાર **तसकाउ त्ति** = ત્રસકાય છે આ પ્રમાણે **पवुच्चइ** = કહેલ છે.

**ભાવાર્થ :–** જે આ અનેક પ્રકારના ઘણા ત્રસ પ્રાણીઓ છે જેમ કે– અંડજ, પોતજ, જરાયુજ, રસજ, સંસ્વેદજ, સમૂચ્છિંમ, ઉદ્‌ભિજ અને ઔપપાતિક. તે ત્રસ પ્રાણીઓના લક્ષણ આ પ્રમાણે છે કે જે કોઈ પ્રાણીઓમાં સામે આવવું, પાછા જવું, સંકુચિત થવું, ફેલાવું, શબ્દોચ્ચાર કરવા, ભયભીત થવું, ત્રાસ પામવો, પલાયન થવું, ગમનાગમન કરવું, ઈત્યાદિ ક્રિયાઓ દેખાય તે ત્રસજીવો છે, યથા–

કીડા, પતંગિયા, કુંથુવા, કીડી, સર્વ બેઈન્દ્રિયજીવો, સર્વ તેઈન્દ્રિયજીવો, સર્વ ચૌરેન્દ્રિયજીવો, સર્વ પંચેન્દ્રિયજીવો, સર્વ તિર્યંચયોનિકો, સર્વ નારકો, સર્વ મનુષ્યો, સર્વ દેવો. તે સર્વ જીવો પરમ દુઃખી છે, સુખના ઈચ્છુક છે. આ છટ્ઠો જીવનિકાય, ત્રસકાય છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં ત્રસકાયના જીવોના લક્ષણ અને તેની વિવિધતાનો પરિચય છે.

**ત્રસકાય :–** જે સ્વતંત્ર રૂપે ગમનાગમન કરે છે, તેને ત્રસ કહે છે. ત્રસ જીવોમાં બેઈન્દ્રિય આદિ અનેક જાતિ અને પ્રત્યેક જાતિમાં અનેક પ્રકારના જીવો છે. આ રીતે ત્રસકાયમાં બંને પ્રકારની બહુલતા સૂચિત કરવા સૂત્રકારે **'अणेगे बहवे तसा पाणा'** શબ્દ પ્રયોગ કર્યો છે.

**ત્રસજીવોના લક્ષણ :–** આ સૂત્રમાં **अभिक्कंतं** પદથી લઈને **आगइ गइ विण्णाया** પદ સુધી ત્રસજીવોના નવ લક્ષણ બતાવ્યા છે. તે પ્રત્યક્ષરૂપે જોઈને સમજી શકાય છે. કેટલાક ત્રસજીવો પોતાની ઈચ્છાથી સામે આવે છે અને પાછા પણ જાય છે; કેટલાક શરીરને સંકોચે છે તો કેટલાક ફેલાવે છે; કેટલાક ત્રસજીવ આપત્તિ અથવા કષ્ટ આવવાથી અમુક કારણવશાત્ જોરજોરથી રાડો પાડે છે, અવાજ કરે છે; ભયભીત થઈને દોડાદોડ કરે છે. કૂતરા આદિ પશુ ભૂલા પડીને દૂર ચાલ્યા ગયા હોય તો પાછા પોતાના માલિક પાસે પહોંચી જાય છે. કેટલાક પશુઓમાં અમે અમુક જગ્યાએથી આવી રહ્યા છીએ અને અમુક જગ્યાએ જઈ રહ્યા છીએ. તેવું વિશિષ્ટજ્ઞાન હોય છે. કેટલાક ત્રસજીવો તડકામાંથી છાયામાં અને અરૂચિ થવાથી છાયામાંથી તડકામાં ચાલ્યા જાય છે. આ પ્રકારની સ્પષ્ટ ક્રિયાઓથી ત્રસજીવોને ઓળખી શકાય છે.

**ઉત્પત્તિની દષ્ટિએ ત્રસજીવોના પ્રકાર–** (૧) અંડજ = ઈંડાથી ઉત્પન્ન થનાર મોર, કબૂતર આદિ (૨) પોતજ = જેના ઉપર કોઈ આવરણ લપેટાયેલું ન હોય જે સીધા બાળરૂપે માતાના ગર્ભમાંથી ઉત્પન્ન થાય છે. જેમ કે હાથી આદિ. (૩) જરાયુજ = જન્મતી વખતે જરાથી વિંટળાયેલ મનુષ્ય, ગાય, ભેંસ આદિ. (૪) રસજ = દૂધ, દહીં, ઘી, મઠો વગેરે વિકૃત થાય ત્યારે તેમાં ઉત્પન્ન થતાં જીવો, (૫) સંસ્વેદજ = પસીનાથી ઉત્પન્ન થનાર જૂં, માંકડ આદિ, (૬) સંમૂચ્છિંમ = શીત–ઉષ્ણ આદિ બાહ્ય કારણોના સંયોગથી અથવા ચારે બાજુના વાતાવરણથી માતા–પિતાના સંયોગ વિના જ ઉત્પન્ન થાય છે. તે સંમૂચ્છિંમ કહેવાય છે. જેમ કે ટીડ, પતંગિયા, કીડી, માખી આદિ. (૭) ઉદ્‌ભિજ = પૃથ્વીને ફોડીને જે જીવ ઉત્પન્ન થાય તે ઉદ્‌ભિજ કહેવાય છે– જેમ કે પતંગિયા, ટીડ, ભમરો આદિ (૮) ઔપપાતિક– ગર્ભજ અને સંમૂર્છિમથી ભિન્ન દેવ અને નારકીના જન્મને ઉપપાત કહે છે. દેવો શય્યામાં અને નારકો કુંભીમાં સ્વયં ઉત્પન્ન થાય છે. દેવ અને નારક જીવ એક જ મુહૂર્તમાં પૂર્ણ યુવાન બની જાય છે. આ રીતે ઓચિંતા (સહસા) ઉત્પન્ન થવાને કારણે તેને ઔપપાતિક કહેવાય છે.

**सव्वे पाणा परमाहम्मिया– :–** સૂત્રમાં બેઈન્દ્રિયથી દેવ મનુષ્ય સુધી સર્વ ત્રસ જીવોનું કથન કર્યા પછીનું આ વાક્ય છે. તેમાં **परमाहम्मिया** શબ્દનો સરળ અર્થ છે– (૧) તે સર્વ પ્રાણીઓ પરમ દુઃખી છે. (૨) તે સર્વ પ્રાણીઓ સુખના ઈચ્છુક છે.

ચૂર્ણિકારોએ આ શબ્દમાં માત્ર ત્રસ જીવોનો સમાવેશ કર્યો છે; જ્યારે ટીકાકારે આ શબ્દમાં ત્રસ સ્થાવર બંનેને ગ્રહણ કર્યા છે. ટીકાકારે કરેલી વ્યાખ્યા આ પ્રમાણે છે–

પરમ = પ્રધાન. જે પ્રધાન છે તે સુખ. ધર્મ = સ્વભાવ. અર્થાત્ પરમ સુખ જેનો સ્વભાવ છે તે પરમધાર્મિક કહેવાય છે. ત્રસ અને સ્થાવર, સર્વ જીવો સુખના ઈચ્છુક છે તેથી તે સર્વ જીવોને પરમધાર્મિક કહ્યા છે. ખરેખર **परमाहम्मिया** શબ્દની અનેક પ્રકારે સંસ્કૃત છાયા થાય છે, જે વિદ્વાનો અને શોધકર્તાઓ માટે ચિંતનીય છે.

## છ જીવનિકાય સંયમ :–

**६ इच्चेसिं छण्हं जीवणिकायाणं णेव सयं दंडं समारंभिज्जा, णेवण्णेहिं दंडं समारंभाविज्जा, दंडं समारंभंते वि अण्णे ण समणुजाणिज्जा, जावज्जीवाए तिविहं तिविहेणं, मणेणं वायाए काए णं ण करेमि, ण कारवेमि, करंतंपि अण्णं ण समणु- जाणामि । तस्स भंते ! पडिक्कमामि णिंदामि गरिहामि अप्पाणं वोसिरामि ।**

**છાયાનુવાદ– इत्येषां षण्णां जीवनिकायानां नैव स्वयं दण्डं समारंभेत, नैवान्यैः दण्डं समारम्भयेत्, दण्डम् समारंभमाणाप्यन्यान् न समनुजानीयात् , यावज्जीवम् त्रिविधं त्रिविधेन मनसा वाचा कायेन न करोमि, न कारयामि कुर्वन्तमप्यन्यं न समनुजानामि । तस्य भदन्त !** [हे भगवन् !] **प्रतिक्रमामि निन्दामि गर्हामि आत्मानं व्युत्सृजामि ॥**

**શબ્દાર્થ :– इच्चेसिं** = આ **छण्हं** = છ પ્રકારના **जीवणिकायाणं** = જીવનિકાયના વિષયમાં **सयं** = પોતે જ **दंडं** = હિંસારૂપ દંડનો **णेव समारंभिज्जा** = સમારંભ ન કરે **णेव** = નહીં **अण्णेहिं** = બીજા દ્વારા **समारंभाविज्जा** = સમારંભ કરાવે **समारंभंते वि** = સમારંભ કરનાર **अण्णे** = અન્ય જીવોની **ण समणुजाणिज्जा** = અનુમોદના ન કરે **जावज्जीवाए** = જીવન પર્યંત **तिविहं** = ત્રિવિધ–કૃત, કારિત અને અનુમોદનાથી **तिविहेणं** = ત્રણ યોગથી **मणेणं** = મનથી **वायाए** = વચનથી **काएणं** = કાયાથી **ण करेमि** = કરું નહીં **ण कारवेमि** = કરાવું નહીં **अण्णं** = અન્ય **करंतंपि** = કરનારને પણ **ण समणुजाणामि** = સારું જાણું નહીં **भंते** = હે ભદંત ! **तस्स** = તે દંડનું **पडिक्कमामि** = પ્રતિક્રમણ કરું છું **णिंदामि** = નિન્દા કરું છું **गर्हामि** = ગુરુની સાક્ષીએ પાપની

અવગણના(આલોચના) કરું છું **अप्पाणं** = પાપકારી આત્માને **वोसिरामि** = ત્યાગ કરું છું.

**ભાવાર્થ :–** મુનિ આ છકાયજીવોની હિંસાનો સ્વયં સમારંભ કરે નહીં, બીજા પાસે હિંસાનો સમારંભ કરાવે નહીં(ઘાત કરાવે નહીં) તેમજ હિંસા કરતા હોય તેને અનુમોદન આપે નહીં. હે ભગવન્ ! હું પણ આ પ્રકારની હિંસાનો જીવનપર્યંત, ત્યાગ કરું છું; અર્થાત્ મન, વચન અને કાયારૂપ ત્રણ યોગથી હિંસા કરીશ નહીં, કરાવીશ નહીં કે અન્ય કરતા હોય તેને અનુમોદન પણ આપીશ નહીં.

હે ભગવન્ ! પૂર્વકાળમાં થયેલા પાપથી હું નિવૃત્ત થાઉં છું, મારા આત્માની સાક્ષીએ તે પાપને નિંદુ છું અને આપની સાક્ષીએ તે પાપની ગર્હા(અવગણના) કરું છું તથા હવે તેવા પાપકારી કર્મથી યુક્ત મારા આત્માનો વ્યુત્સર્ગ(ત્યાગ) કરું છું.

## વિવેચન :–

આ સૂત્રના પૂર્વાર્ધમાં છ કાયના જીવોની રક્ષાનો અને તેના સમારંભના ત્યાગનો ઉપદેશ આપ્યો છે, ત્યાર પછી ઉત્તરાર્દ્ધમાં શિષ્ય દ્વારા તે ઉપદેશને સ્વીકારવાનું પ્રતિપાદન છે અર્થાત્ પ્રત્યાખ્યાન માટેનું પ્રતિજ્ઞા સૂત્ર છે.

**णेव सयं दंडं समारंभेज्जा :–** અહીં હિંસા ત્યાગના પ્રસંગમાં **दंडं** એટલે જીવોના પ્રાણનાશક કે કષ્ટ પ્રદાયક પ્રવૃત્તિ અને **समारंभेज्जा** એટલે તે હિંસક કે કષ્ટદાયક પ્રવૃત્તિ કરવી. તેની સાથે **णेव सयं** શબ્દ હોવાથી સંપૂર્ણ વાક્યનો અર્થ થાય છે કે– સાધક આ છ કાયના જીવો માટે પ્રાણનાશક પ્રવૃત્તિ સ્વયં કરે નહીં. **દંડ** અને **સમારંભ** તે બંને જૈનધર્મના પારિભાષિક શબ્દો છે.

પ્રસંગાનુસાર દંડ શબ્દના વિભિન્ન અર્થ થાય છે, યથા– (૧) અપરાધીની સજાને દંડ કહેવાય છે. (૨) વ્રત નિયમોનો ભંગ કરનાર સાધકને તેનું જે પ્રાયશ્ચિત વગેરે અપાય તે પણ દંડ છે. (૩) કોઈ પણ પ્રાણીના શરીરાદિનો નિગ્રહ કરવો. (૪) જીવને પરિતાપ પહોંચાડવો વગેરે. (૫) વધ(મારપીટ) પરિકલેશ(દુઃખ પહોંચાડવું) ધનહરણ, તાડન, તર્જન, બંધન, પ્રાણહરણ વગેરે હિંસાજનક વ્યાપાર.

**तिविहं तिविहेणं :–** ત્રણકરણ અને ત્રણયોગથી. કરણ એટલે ક્રિયા, તે ક્રિયા ત્રણ પ્રકારે થાય છે– કરવું, કરાવવું અને અનુમોદન આપવું. યોગ એટલે ક્રિયા કરવાના સાધન, તેના પણ ત્રણ પ્રકાર છે– મન, વચન અને કાયા.

કરવું, કરાવવું અને અનુમોદન આપવું તે ત્રણે ય ક્રિયાઓ મન, વચન, કાયા રૂપ ત્રણ યોગથી થાય છે તેનો પરસ્પર સંબંધ કરતાં નવ ભંગ થાય છે– (૧) મનથી હિંસાની વિચારણા કરવી (૨) હિંસક ભાષાનો પ્રયોગ કરવો (૩) હિંસક પ્રવૃત્તિ કરવી. (૪) અન્ય વ્યક્તિ દ્વારા હિંસા કરાવવાની વિચારણા કરવી (૫) હિંસા કરવાનો આદેશ આપવો (૬) હાથ વગેરેના સંકેતથી હિંસા કરાવવી. (૭) હિંસક પ્રવૃત્તિ જોઈ મનથી ખુશ થવું (૮) વચનથી તેની પ્રશંસા કરવી (૯) હાથ, મુખ આદિની ચેષ્ટા દ્વારા ખુશી પ્રગટ કરવી. આ રીતે પ્રસ્તુત સૂત્રમાં નવ કોટીએ જીવોની હિંસાના ત્યાગનું કથન **तिविहं तिविहेणं** શબ્દ દ્વારા કર્યું છે.

**भंते :–** આ શબ્દ ગુરુના સંબોધન માટે છે. તેના સંસ્કૃત ભાષમાં **भगवन्, भदन्त, भवान्त, भयान्त ।** વગેરે રૂપ થાય છે.

(૧) **भगवन्** = હે પૂજ્ય, હે એશ્વર્યવાન્ (૨) **भदन्त** = હે કલ્યાણ કરનાર કે કરાવનાર ! (૩) **भवान्त** = હે ભવનો અંત કરનાર અથવા કરાવનાર, (૪) **भयान्त** = હે ભયનો અંત કરનાર અથવા કરાવનાર. ભગવતી આદિ શાસ્ત્રમાં **भंते** શબ્દનો બહુ પ્રયોગ છે ત્યાં **હે ભગવન્** આ અર્થ વિશેષ રૂપમાં જોવા મળે છે. ગુરુ માટે પણ **હે ભગવન્** શબ્દનો પ્રયોગ થઈ શકે છે. વ્રતનો સ્વીકાર તીર્થંકર દેવ અને ગુરુની સમક્ષ થાય છે તેથી અહીં **भंते** શબ્દનો પ્રયોગ વિશાલ અર્થમાં છે.

**पडिक्कमामि णिंदामि गरिहामि :–** પાપનું પ્રતિક્રમણ કરું છું, નિંદા કરું છું અને ગર્હા કરું છું. **न करेमि** આદિ શબ્દો દ્વારા વર્તમાનનો સંવર અને ભવિષ્યના પ્રત્યાખ્યાન થાય છે અને આ **पडिक्कमामि** આદિ ત્રણ શબ્દોથી ભૂતકાલનું પ્રતિક્રમણ થાય છે.

જૈનદર્શનમાં પાપ પ્રવૃત્તિના ત્યાગનો ક્રમ આ પ્રમાણે છે– ભૂતકાલનું પ્રતિક્રમણ, વર્તમાનકાલનો સંવર અને ભવિષ્યના પ્રત્યાખ્યાન. સાધક જ્યારે પાપ પ્રવૃત્તિનો ત્યાગ કરવા કટિબદ્ધ બને ત્યારે સહુ પ્રથમ તેને અતીતકાલીન પાપથી પાછું ફરવું પડે છે. પાપથી નિવૃત્ત થવા છતાં જ્યારે તે પાપ પ્રત્યે નિંદા અને ગર્હાનો ભાવ દઢપણે જાગૃત થઈ જાય ત્યારે જ તેનો ત્યાગ સફળ થાય છે. તેથી જ પ્રસ્તુત સૂત્રમાં આ ત્રણ શબ્દનો પ્રયોગ છે– **(१) पडिक्कमामि** = પ્રતિક્રમણ કરું છું, પૂર્વકૃત પાપથી નિવૃત્ત થાઉં છું. **(२) निंदामि** = પૂર્વકૃત પાપને પાપરૂપે સ્વીકારીને આત્મસાક્ષીએ પશ્ચાત્તાપપૂર્વક નિંદા કરું છું. **(३) गरहामि** = તે પાપને ગુરુ સમક્ષ પ્રગટ કરીને ઘૃણા કરું છું.

**નિંદા અને ગર્હામાં તફાવત :–** (૧) નિંદા આત્મસાક્ષીએ હોય છે. ગર્હા ગુરુની સાક્ષીએ થાય છે. (૨) અથવા પહેલાં અજ્ઞાનવશ જે અપરાધ અથવા પાપ કાર્ય કર્યું હોય તેનો પશ્ચાત્તાપ થવો. હૃદયથી તેનો દાહ અનુભવવો કે મારાથી દુષ્કૃત્યનું સેવન થઈ ગયું તેવો સ્વીકાર તે નિંદા છે અને તે દોષોને(અપરાધોને) ગુરુ આદિની સમક્ષ પ્રગટ કરવા તેમજ ભવિષ્યમાં ન કરવા માટે ઉદ્યત થવું તે ગર્હા છે.

**अप्पाणं वोसिरामि :–** હું આત્માનો વ્યુત્સર્ગ–ત્યાગ કરું છું. ખરેખર આત્માનો ત્યાગ થતો નથી પરંતુ પાપરૂપ આત્મભાવોનો ત્યાગ થાય છે. સાધનાની દષ્ટિએ હિંસા આદિ સાવદ્ય પ્રવૃત્તિઓ ત્યાજ્ય હોય છે. તેથી હું ભૂતકાળમાં સાવદ્ય પ્રવૃત્તિમાં પ્રવૃત્ત આત્માનો ત્યાગ કરું છું. આ રીતે **तस्स भंते** થી **वोसिरामि** સુધીના પાઠથી પ્રતિજ્ઞાને દઢ કરવાની ભાવના અભિવ્યક્ત થાય છે.

**ફલિતાર્થ :–** સાધક જ્યારે છ જીવનિકાયને સમ્યક્ પ્રકારથી જાણી લે; તેના અસ્તિત્વના વિષયમાં તેને દઢ શ્રદ્ધા અને વિશ્વાસ થઈ જાય તથા તેની પ્રતીતિ માટે તે ગુરુ દ્વારા ઉપદેશેલા છ જીવનિકાયના દંડ સમારંભનો મન, વચન અને કાયાના યોગથી તેમજ કરવું, કરાવવું અને અનુમોદવું એમ ત્રણ કરણથી વિધિવત્ ત્યાગ કરી દે, ત્યાર પછી તે મહાવ્રત સ્વીકારવા માટે યોગ્ય બને છે. તેથી છ કાયનું વર્ણન કર્યા પછી હવે મહાવ્રતોના વર્ણનનો પ્રારંભ થાય છે.

## પ્રથમ મહાવ્રત : પ્રાણાતિપાત વિરમણ :–

**૭** **पढमे भंते ! महव्वए पाणाइवायाओ वेरमणं; सव्वं भंते ! पाणाइवायं पच्चक्खामि। से सुहुमं वा बायरं वा तसं वा थावरं वा, णेव सयं पाणे अइवाएज्जा, णेवण्णेहिं पाणे अइवायावेज्जा, पाणे अइवायंते वि अण्णे ण समणुजाणेज्जा जावज्जीवाए, तिविहं तिविहेणं मणेणं वायाए काएणं ण करेमि ण कारवेमि करंतं पि अण्णं ण समुणजाणामि, तस्स भंते ! पडिक्कमामि णिंदामि गरिहामि अप्पाणं वोसिरामि । पढमे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ पाणाइवायाओ वेरमणं ।**

**છાયાનુવાદ :** प्रथमे भदन्त ! महाव्रते प्राणातिपाताद्विरमणं, सर्वं भदन्त ! प्राणातिपातं प्रत्याख्यामि, तद्यथा–(अथ) सूक्ष्मं वा बादरं वा त्रसं वा स्थावरं वा नैव स्वयं प्राणिनोऽतिपातयेत् नैवाऽन्यैः प्राणिनोऽतिपातयावेत् प्राणिनः अतिपातयतोऽप्यन्यान्न समनुजानीयात्; यावज्जीवं त्रिविधं त्रिविधेन मनसा वाचा कायेन न करोमि न कारयामि कुर्वन्तमप्यन्यं न समनुजानामि तस्य भदन्त! प्रतिक्रमामि निन्दामि गर्हामि आत्मानम् व्युत्सृजामि । प्रथमे भदन्त ! महाव्रते उपस्थितोऽस्मि सर्वतः प्राणातिपाताद्विरमणम् ॥

**શબ્દાર્થ :–** **भंते** = હે ભદન્ત ! **पढमे** = પ્રથમ **महव्वए** = મહાવ્રતમાં **पाणाइवायाओ** = પ્રાણાતિપાતથી **वेरमणं** = નિવૃત્ત થવાનું છે **सव्वं** = સર્વ પ્રકારે **पाणाइवायं** = પ્રાણાતિપાતના **पच्चक्खामि** = હું પ્રત્યાખ્યાન કરું છું **से** = જેમ કે તે **सुहुमं वा** = સૂક્ષ્મ–નાના શરીરવાળા જીવો અથવા **बायरं वा** = બાદર–સ્થૂલ શરીરવાળા જીવો **तसं वा** = હાલતા ચાલતા જીવના, ત્રસ જીવના અથવા **थावरं वा** = સ્થાવર જીવના **पाणे** = તે પ્રાણીઓના પ્રાણોનું **णेव सयं अइवाएज्जा** = સ્વયં હનન કરવું નહીં **णेव** = નહીં **अण्णेहिं** = બીજા પાસે **पाणे** = પ્રાણોનું **णो अइवायावेज्जा** = હનન કરાવવું નહીં તથા **पाणे** = પ્રાણોનું **अइवायंते वि अण्णे** = બીજા હનન કરતા હોય તેમાં **ण समणुजाणेज्जा** = અનુમોદન આપવું નહીં **ण समणुजाणामि** = અનુમોદન આપીશ નહીં **पढमे** = પ્રથમ **महव्वए** = મહાવ્રતમાં **उवट्ठिओमि** = ઉપસ્થિત થયો છું **सव्वाओ पाणाइवायाओ** = સર્વ પ્રકારના પ્રાણાતિપાતથી **वेरमणं** = નિવૃત્ત થાઉં છે.

**ભાવાર્થ :–** હે ભગવન્ ! પહેલા મહાવ્રતમાં જીવની હિંસાથી વિરામ પામવાનું હોય છે. તો હે ભગવન્ ! હું સર્વ પ્રકારે પ્રાણાતિપાતના પ્રત્યાખ્યાન કરું છું.

તે મહાવ્રતમાં મુનિએ સૂક્ષ્મ, બાદર, ત્રસ, સ્થાવર પ્રાણીઓની સ્વયં હિંસા કરવી નહીં, અન્ય પાસે હિંસા કરાવવી નહીં અને હિંસા કરનારાને અનુમોદન આપવું નહીં.

હે ભગવન્ ! હું પણ આ પ્રકારની હિંસાનો જીવનપર્યંત ત્રણ કરણ અને ત્રણ યોગથી ત્યાગ કરું

છું અર્થાત્ મન, વચન, કાયાથી હિંસા કરીશ નહિ, કરાવીશ નહિ કે હિંસા કરનારને અનુમોદન આપીશ નહિ અને ભૂતકાળમાં હિંસા દ્વારા જે પાપ કર્યું છે તેનાથી હું નિવૃત્ત થાઉં છું. મારા આત્માની સાક્ષીએ તે પાપને નિંદુ છું. આપની પાસે તેની ગર્હા કરું છું અને હવે તેવા પાપકારી કર્મથી મારા આત્માને અલગ કરું છું. હે ભગવન્ ! એ પ્રમાણે પહેલા પ્રાણાતિપાત વિરમણ મહાવ્રતમાં હું ઉપસ્થિત થાઉં છું.

## વિવેચન :-

આ સૂત્રમાં પ્રથમ મહાવ્રતનું સ્વરૂપ અને તેની પ્રતિજ્ઞાવિધિનું કથન છે.

પૂર્વના સૂત્રમાં સામાન્યરૂપે છ કાયના જીવો પ્રતિ દંડ–સમારંભના ત્યાગનું નિરૂપણ છે. ત્યારપછી હવે આ સૂત્રથી પાંચ મહાવ્રત અને રાત્રિભોજન વિરમણ વ્રતનું કથન છે.

**पढमे महव्वए :–** પ્રથમ શબ્દ અન્યની અપેક્ષા રાખે છે. અન્ય મહાવ્રતોની અપેક્ષાએ અહિંસા મહાવ્રત પ્રથમ છે. તેથી તેના માટે પ્રથમ શબ્દ પ્રયોગ છે.

સર્વ પાપોમાં હિંસા, એ મુખ્ય પાપ છે. અસત્ય, ચોરી આદિ પાપ પ્રવૃત્તિ આત્મગુણોની હિંસાનું કારણ હોવાથી તે સર્વ પાપ પણ એક દષ્ટિકોણથી હિંસામાં સમાવિષ્ટ થઈ શકે છે. તેથી હિંસાની નિવૃત્તિરૂપ અહિંસા મહાવ્રત પ્રધાન છે. શેષ મહાવ્રતોનું કથન અહિંસા મહાવ્રતની સફળતા માટે છે. તેથી પ્રત્યેક તીર્થંકરોએ પ્રાણાતિપાત વિરમણ મહાવ્રતને પ્રાથમિકતા આપી છે.

મહાવ્રત શબ્દ પણ અન્ય લઘુવ્રત(અણુવ્રત)ની અપેક્ષા રાખે છે. વ્રત એટલે પાપ પ્રવૃત્તિથી વિરામ પામવું. તે વ્રતના બે ભેદ છે, યથા– અણુવ્રત અને મહાવ્રત. અપૂર્ણ વિરતિવાળા વ્રતો અણુવ્રત કહેવાય છે અને સંપૂર્ણ વિરતિવાળા વ્રતો મહાવ્રત કહેવાય છે. તેને જ અનુક્રમે દેશ વિરતિ અને સર્વવિરતિ પણ કહેવાય છે.

**મહાવ્રતોની મહાનતા :–** (૧) અણુવ્રતોની અપેક્ષાએ મહાવ્રતો ત્યાગમાં મહાન(વિશાળ) હોય છે. (૨) તે સંસારના સર્વોચ્ચ મહાધ્યેય એવા મોક્ષના સાધક હોય છે. (૩) આ વ્રતોનો ધારક આત્મા અતિમહાન અને ઉચ્ચ થઈ જાય છે, તેને ઈન્દ્ર અને ચક્રવર્તી પણ નમસ્કાર કરે છે, (૪) ચક્રવર્તી, રાજા, મહારાજા આદિ તીવ્ર વૈરાગ્ય સંપન્ન મહાન વીરપુરુષ અને વીરાંગનાઓ પણ તેનું પાલન કરે છે. (૫) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ સકલરૂપથી તે અંગીકાર કરાય છે. આ રીતે અનેક પ્રકારે મહાન હોવાથી તે મહાવ્રત કહેવાય છે.

**सव्वओ :–** આ શબ્દના ભિન્ન ભિન્ન અર્થ થાય છે– (૧) સર્વ પ્રકારે = ત્રસ, સ્થાવર, સૂક્ષ્મ, બાદર તે સર્વ પ્રકારના જીવોની હિંસાથી નિવૃત્ત થાઉં છું. (૨) સર્વ વિકલ્પથી = પાપ કરવાના જેટલા વિકલ્પો છે તે સર્વનો ત્યાગ કરું છું. અર્થાત્ ત્રણ કરણ અને ત્રણ યોગરૂપે નવકોટિથી પાપ પ્રવૃત્તિનો ત્યાગ કરું છું. (૩) સર્વ = નિરવશેષ, સંપૂર્ણ રીતે. કોઈ પણ પ્રકારના આગાર(છૂટ) રાખ્યા વિના પાપ પ્રવૃત્તિનો ત્યાગ કરું છું. (૪) સર્વ પ્રકારની = **अभिहया** આદિ સર્વ(દશ) પ્રકારે જીવની વિરાધના થાય છે તે દશે ય પ્રકારની હિંસાનો

ત્યાગ કરું છું. આવશ્યક સૂત્રના ચોથા અધ્યયનમાં ગમનાગમન અતિચાર પ્રતિક્રમણનો પાઠ છે તેમાં **अभिहया** આદિ દસ પ્રકારની જીવ વિરાધના દર્શાવતાં દશ શબ્દો છે.*[તેના વિશ્લેષણ માટે જુઓ– પરિશિષ્ટ.]*

**पाणाइवायाओ वेरमणं :–** પ્રાણાતિપાતથી વિરામ પામું છું. પ્રાણીના દશ પ્રાણોમાંથી કોઈપણ પ્રાણનો અતિપાત–વિયોગ(ઘાત) કરવો તેને પ્રાણાતિપાત કહે છે. દશ પ્રાણ આ પ્રમાણે છે– (૧) શ્રોત્રેન્દ્રિય બલપ્રાણ (૨) ચક્ષુરિન્દ્રિય બલપ્રાણ (૩) ઘાણેન્દ્રિય બલપ્રાણ (૪) રસેન્દ્રિય બલપ્રાણ (૫) સ્પર્શેન્દ્રિય બલપ્રાણ (૬) મનોબલપ્રાણ (૭) વચનબલપ્રાણ (૮) કાયબલપ્રાણ (૯) શ્વાસોશ્વાસ બલપ્રાણ (૧૦) આયુષ્ય બલપ્રાણ. પ્રાણતિપાતના સ્થાને અહીંયા જીવાતિપાત ન કહેવાનું કારણ એ છે કે જીવનો નાશ ક્યારે ય થતો નથી; તે તો હંમેશાં નિત્ય છે, અવિનાશી છે. જીવના પ્રાણોનો જ અતિપાત થાય છે અને મળેલા પ્રાણોના અતિપાત = વિયોગથી જીવને અત્યંત દુઃખ થાય છે. તેથી આ મહાવ્રતનું નામ જીવાતિપાત વિરમણ ન કહેતાં પ્રાણાતિપાત વિરમણ કહ્યું છે.

**सुहुमं वा बायरं वा... :–** પ્રાણાતિપાત વિરમણ મહાવ્રતનો વિષય છે– સૂક્ષ્મ, બાદર, ત્રસ અને સ્થાવર જીવોની હિંસાનો ત્યાગ. આ ચાર શબ્દોમાં સર્વ પ્રકારના સંસારી જીવોનો સમાવેશ છે. **સૂક્ષ્મ** શબ્દના અહીં બે અર્થ થાય છે– (૧) સૂક્ષ્મનામ કર્મના ઉદયવાળા સૂક્ષ્મ જીવો (૨) અલ્પ અવગાહનાવાળા નાના જીવો. તેમજ **બાદર** શબ્દના પણ બે અર્થ થાય છે– (૧) બાદર નામકર્મના ઉદયવાળા જીવો (૨) સ્થૂલ શરીર– વાળા દેખાતા જીવો.

આ સૂત્રમાં પ્રયુક્ત સૂક્ષ્મ અને બાદર અથવા ત્રસ અને સ્થાવર કોઈપણ બે શબ્દમાં જ સંસારના સમસ્ત જીવોનો સમાવેશ થઈ જાય છે, તેમ છતાં સૂત્રકારે ચાર શબ્દનો પ્રયોગ કરીને જીવ જગતને વિસ્તારથી સમજાવ્યું છે. સાધુના અહિંસા મહાવ્રતમાં સંપૂર્ણપણે સર્વ જીવોનો સમાવેશ થાય છે. તેમાં કોઈપણ પ્રકારનો અપવાદ કે છૂટ નથી.

આ જગતના કેટલાક જીવો એવા છે કે જેની સાથે આપણો કોઈ સંબંધ કે વ્યવહાર જ નથી. જેમ કે ચૌદ રાજલોકના પ્રત્યેક ક્ષેત્રમાં માનવ જઈ શકતો નથી. નરક, દેવલોક તેમજ આપણા ક્ષેત્ર સિવાયના ત્રિછાલોકના ત્રસ કે સ્થાવર જીવો સાથે આપણો કોઈ વ્યવહાર નથી; તેથી તે જીવોની હિંસા થવાની સંભાવના પણ નથી. તે ઉપરાંત સંપૂર્ણ લોકમાં રહેલા સૂક્ષ્મ જીવો કોઈના માર્યા મરતા નથી, બાળ્યા બળ તા નથી, તે સ્વયં પોતાનું આયુષ્ય પૂર્ણ થતાં જ મરે છે. તેમ છતાં અહિંસા મહાવ્રતમાં તે સર્વ જીવોની હિંસાના પ્રત્યાખ્યાનનો પાઠ છે. તેનું રહસ્ય એ છે કે જીવો મરે કે ન મરે પરંતુ આપણો અવ્રતનો, અપ્રત્યાખ્યાનનો ભાવ ન રહેવો જોઈએ. કારણ કે અવ્રત આશ્રવ(કર્મ બંધનું કારણ) છે અને વ્રત સંવર છે તેથી અવ્રતજન્ય આશ્રવને રોકવા માટે સૂક્ષ્મ બાદર સર્વ જીવોની હિંસાના પ્રત્યાખ્યાન કરાય, તે ઉપયુક્ત છે.

વ્યાખ્યામાં દર્શાવ્યું છે કે અહીં **सुहुमं, बायरं** શબ્દથી સૂક્ષ્મ અને બાદર નામકર્મવાળા જીવોને ગ્રહણ ન કરતાં માત્ર "નાના કે મોટા જીવો" એમ અર્થ કરવો જોઈએ અને તેના પણ બે–બે ભેદ સમજવા કે નાના–મોટા ત્રસ જીવો અથવા નાના–મોટા સ્થાવર જીવો. આ અર્થ શ્રમણ. જીવનના સ્થૂલ વ્યવહારની દષ્ટિએ ઉપયુક્ત છે. વ્યાખ્યાકારે તેના ઉદાહરણ પણ આપ્યા છે. યથા– (૧) નાના ત્રસ = કુંથવા (૨) મોટા ત્રસ

= ગાય વગેરે (૩) નાના સ્થાવર = પાણી વગેરેના જીવ (૪) મોટા સ્થાવર = વૃક્ષ વગેરે.

**समणुजाणेज्जा समणुजाणामि :–** મહાવ્રતના આ પ્રતિજ્ઞા પાઠમાં પહેલાં વિદ્યર્થ ક્રિયાથી મહાવ્રતના વિષયને કહ્યું છે અને પછી ઉત્તમ પુરુષની ક્રિયા દ્વારા પ્રત્યાખ્યાનના સંકલ્પ રૂપ પ્રતિજ્ઞા વચન છે. તેથી સૂત્રમાં ઉક્ત બે પ્રકારની ક્રિયાનો પ્રયોગ છે. આ રીતે સૂત્રને બે વિભાજનથી સમજતાં વિદ્યર્થ અને ઉત્તમ પુરુષની ક્રિયાઓનો સમન્વય થઈ જાય છે.

ટીકાકારે આ બંને શબ્દોને એક રૂપે સ્વીકાર્યા છે અને દર્શાવ્યું છે કે **समणुजाणेज्जा** માં પ્રાકૃત હોવાથી વિભક્તિનો વ્યત્યય થયો છે. તેથી તેઓએ બંને સ્થળે ઉત્તમ પુરુષનો જ અર્થ કર્યો છે. વિદ્યર્થનો અર્થ કર્યો નથી. પરંતુ પ્રસ્તુત સંસ્કરણમાં બંને ક્રિયાઓના ભિન્ન–ભિન્ન પ્રયોગને સ્વીકારતાં ભિન્ન–ભિન્ન અર્થ કર્યા છે એટલે વિભક્તિ વ્યત્યય ન માની ઉપલબ્ધ ક્રિયા પ્રયોગ અનુસાર વિદ્યર્થ અને ઉત્તમ પુરુષનો અર્થ કર્યો છે.

**દ્રવ્યાદિ અપેક્ષાએ આ મહાવ્રતનો વિષય :–** (૧) દ્રવ્ય દષ્ટિએ પ્રાણાતિપાત(જીવ હિંસા)નો વિષય છ જીવનિકાય છે. તેમાં ત્રસ સ્થાવર સર્વ જીવોનો સમાવેશ થાય છે. (૨) ક્ષેત્ર દષ્ટિએ પ્રાણાતિપાતનો વિષય સમગ્રલોક છે. (૩) કાળદષ્ટિએ પ્રાણાતિપાતનો વિષય સર્વકાળ છે. કારણ કે દિવસ હોય અથવા રાત હોય, દરેક સમયે સૂક્ષ્મ, બાદર, જીવોની હિંસા થવાની સંભાવના છે. (૪) ભાવની દષ્ટિએ હિંસાનો હેતુ રાગ અને દ્વેષ છે. જેમ કે શરીર આદિ માટે રાગથી તથા શત્રુ આદિની દ્વેષથી હિંસા થાય છે. તે સિવાય દ્રવ્યહિંસા ભાવહિંસા આદિ અનેક વિકલ્પ છે. કરણ, કરાવણ અને અનુમોદન આ ત્રણ કરણ અને ત્રણ યોગ પણ પ્રાણાતિપાતના વિષય છે. દ્રવ્યાદિ ચારે ય દષ્ટિએ વિષય બનતાં પ્રાણાતિપાતનો સર્વથા ત્યાગ આ પ્રથમ મહાવ્રતમાં થાય છે.

**पच्चक्खामि :–** પ્રત્યાખ્યાન કરું છું. પ્રત્યાખ્યાનનો સંકલ્પ પ્રતિજ્ઞાનો પ્રાણ છે. પ્રત્યેક મહાવ્રતની પ્રતિજ્ઞાના પ્રારંભમાં **પચ્ચક્ખામિ** શબ્દ આવે છે. પ્રત્યાખ્યાનનો વ્યુત્પત્તિ લભ્ય અર્થ આ પ્રમાણે છે. તેમાં ત્રણ શબ્દ છે– **પ્રતિ + આ + ખ્યાન.** પ્રતિ શબ્દ(ઉપસર્ગ) નિષેધ અર્થમાં છે; **आ**– અભિમુખ અર્થમાં છે. **ખ્યા** ધાતુ કથન કરવાના અર્થમાં છે. આ ત્રણે શબ્દો મળીને પ્રત્યાખ્યાનનો અર્થ થાય = ગુરુની સન્મુખ પાપ પ્રવૃત્તિનો નિષેધ કરવો. પાંચે ય મહાવ્રતમાં આ શબ્દ દ્વારા સંવૃત આત્મા ગુરુની સમક્ષ ઉપસ્થિત થઈ ભવિષ્યમાં તે પાપ ન કરવા માટે પ્રત્યાખ્યાન કરે છે, વચનબદ્ધ થાય છે.

**जावज्जीवाए :–** મહાવ્રતની કાલ મર્યાદા જીવન પર્યંતની છે. તેમાં કોઈ વિકલ્પ અહીં દર્શાવેલ નથી. તેથી વર્ષ, બે વર્ષ કે ઇચ્છિત સમય માટે મહાવ્રતને ધારણ ન કરી શકાય.

**મહાવ્રતની પ્રતિજ્ઞા વિધિ :–** ગુરુ સમક્ષ અતીતકાલીન પાપોનું પ્રતિક્રમણ, તે દોષની આત્મસાક્ષીએ નિંદા, ગુરુ સાક્ષીએ ગર્હા કરીને, ભવિષ્યકાલમાં તે પાપ ન કરવાની પ્રતિજ્ઞા ત્રણ કરણ અને ત્રણ યોગથી કરાય છે. તેનું સ્પષ્ટીકરણ પૂર્વવત્ જાણવું.

**पढमे भंते ! महव्वए उवट्ठिओमि :–** પ્રથમ મહાવ્રતની પ્રતિજ્ઞા ગ્રહણ કર્યાનું આ અંતિમ પદ

છે. **उवट्ठिओमि** શબ્દ પ્રતિજ્ઞા પ્રદર્શક છે. પ્રતિજ્ઞા ગ્રહણથી ભાવોનું સ્થિરિકરણ થાય છે. અર્થાત્ આ અંતિમ વાક્યરૂપ શબ્દોચાર પ્રત્યાખ્યાનના પરિણામોને દઢ અને વિશુદ્ધ બનાવે છે. તેથી આ વાક્ય પુનરુક્ત હોવા છતાં વ્રતની વિશુદ્ધિ માટેનું છે.

## બીજું મહાવ્રત : મૃષાવાદ વિરમણ :–

**૮** **अहावरे दोच्चे भंते ! महव्वए मुसावायाओ वेरमणं; सव्वं भंते ! मुसावायं पच्चक्खामि । से कोहा वा लोहा वा भया वा हासा वा णेव सयं मुसं वइज्जा, णेवण्णेहिं मुसं वायावेज्जा, मुसं वयंते वि अण्णे ण समणुजाणेज्जा जावज्जीवाए, तिविहं तिविहेणं मणेणं वायाए काएणं ण करेमि ण कारवेमि करंतंपि अण्णं ण समणुजाणामि। तस्स भंते ! पडिक्कमामि णिंदामि गरिहामि अप्पाणं वोसिरामि । दोच्चे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ मुसावायाओ वेरमणं ।**

**છાયાનુવાદ :** अथापरे द्वितीये भदन्त ! महाव्रते मृषावादाद्विरमणं, सर्व भदन्त ! मृषावादं प्रत्याख्यामि, तद्यथा– क्रोधाद् वा लोभाद् भयाद्वा हास्याद्वा, नैव स्वयं मृषा वदेत् , नैवाऽन्यैः मृषा वादयेत्, मृषा वदतोऽप्यन्यान् न समनुजानीयात् यावज्जीवं; त्रिविधं त्रिविधेन मनसा वाचा कायेन न करोमि न कारयामि कुर्वन्तम् अपि अन्यं न समनुजानामि तस्य भदन्त ! प्रतिक्रमामि निन्दामि गर्हामि आत्मानं व्युत्सृजामि । द्वितीये भदन्त ! महाव्रते उपस्थितोऽस्मि सर्वतो मृषावादाद्विरमणम् ॥

**શબ્દાર્થ :–** **अह** = હવે **भंते** = હે ભદંત ! **मुसावायाओ** = મૃષાવાદથી **वेरमणं** = નિવૃત્તિરૂપ **अहावरे** = તે પછી **दोच्चे** = બીજા **महव्वए** = મહાવ્રતમાં **सव्वं** = સર્વ **मुसावायं** = મૃષાવાદના **पच्चक्खामि** = પ્રત્યાખ્યાન કરું છું **से** = યથા **कोहा वा** = ક્રોધથી **लोहा वा** = અથવા લોભથી **भया वा** = અથવા ભયથી **हासा वा** = અથવા હાસ્યથી **णेव** = નહીં **सयं** = સ્વયં હું **मुसं** = મૃષાવાદ **वइज्जा** = બોલવું **णेव** = નહીં **अण्णेहिं** = બીજા દ્વારા **मुसं** = મૃષાવાદ **वायाविज्जा** = બોલાવવું નહીં **मुसं वयंतेवि अण्णे** = અસત્ય બોલતા બીજાને **ण समणुजाणेज्जा** = અનુમોદન આપવું નહીં **उवट्ठिओमि** = હું ઉપસ્થિત થાઉં છું.

**ભાવાર્થ :–** હે ભગવન્ ! હવે બીજા મહાવ્રતમાં મૃષાવાદ(અસત્ય ભાષણ)થી વિરામ પામવાનું હોય છે. તો હે ભગવન્ ! હું સર્વ પ્રકારે મૃષાવાદના પ્રત્યાખ્યાન કરું છું.

તે મહાવ્રતમાં મુનિએ ક્રોધથી, લોભથી, ભયથી કે હાસ્યથી સ્વયં અસત્ય બોલવું નહીં, અન્ય પાસે બોલાવવું નહીં અને અસત્ય બોલનારાને અનુમોદન આપવું નહીં.

હે ભગવન્ ! હું પણ આ સર્વ પ્રકારના અસત્યનો જીવન પર્યંત ત્રણ કરણ અને ત્રણ યોગે કરી

ત્યાગ કરું છું અર્થાત્ મન, વચન, કાયા દ્વારા અસત્ય બોલીશ નહીં; બીજા પાસે અસત્ય બોલાવીશ નહીં અને અસત્ય બોલનારાને અનુમોદન આપીશ નહીં. તેમજ પૂર્વકાળે તત્સંબંધી જે કોઈ પાપ થયું હોય, તેનાથી હું નિવૃત્ત થાઉં છું; આત્મસાક્ષીએ તે પાપને નિંદુ છું અને આપની પાસે તે પાપની ગર્હા કરું છું તેમજ હવે પછી તેવા પાપકારી કર્મથી મારા આત્માને સર્વથા અલગ કરું છું. હે ભગવન્ ! એ પ્રમાણે બીજા મૃષાવાદ વિરમણ મહાવ્રતમાં હું ઉપસ્થિત થાઉં છું.

## વિવેચન :-

પ્રસ્તુત સૂત્રમાં બીજા મહાવ્રત મૃષાવાદ વિરમણવ્રતનું સ્વરૂપ દર્શન છે. તેમાં અસત્ય ભાષણના મુખ્ય ચાર કારણોથી નિવૃત્ત થવાનું પ્રતિપાદન છે.

**कोहा वा लोहा वा :–** મૃષાવાદની ઉત્પત્તિના મુખ્ય ચાર કારણ સૂત્રમાં દર્શાવ્યા છે– ક્રોધ, લોભ, ભય અને હાસ્ય. તેમ છતાં ઉપલક્ષણથી ક્રોધના ગ્રહણથી અભિમાન અને લોભના ગ્રહણથી માયા, તેમજ હાસ્ય તથા ભયના ગ્રહણથી રાગ, દ્વેષ, કલહ આદિનું ગ્રહણ થાય છે. આ રીતે વિસ્તાર નયે કે ઉપલક્ષણથી તે સર્વ કારણોથી અસત્ય ભાષણનો ત્યાગ આ સત્ય મહાવ્રતમાં થાય છે.

**દ્રવ્યાદિની અપેક્ષાએ મૃષાવાદ વિરમણ વ્રત :–** દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી મૃષાવાદ વિરમણ મહાવ્રતનો વિષય આ પ્રમાણે થાય છે– (૧) દ્રવ્યદષ્ટિએ મૃષાવાદનો વિષય સર્વ દ્રવ્ય છે કારણ કે સજીવ, નિર્જીવ સર્વ દ્રવ્યોના વિષયમાં અસત્ય બોલાય છે. (૨) ક્ષેત્ર દષ્ટિએ તેનો વિષય લોક અને અલોક બંને થઈ શકે છે અર્થાત્ તે બંનેના વિષયમાં પણ અસત્ય કથન કે નિરૂપણ થઈ શકે છે. (૩) કાળ દષ્ટિએ તેનો વિષય દિવસ અને રાત આદિ સર્વ કાળ છે. (૪) ભાવ દષ્ટિએ મૃષાવાદના હેતુ, ક્રોધ, લોભ, ભય, હાસ્ય આદિ વિકારભાવ છે અને ત્રણ કરણ, ત્રણ યોગ છે. તે સર્વ ભાવોની અપેક્ષાએ મૃષાવાદનો ત્યાગ કરવાનો છે.

**तिविहं तिविहेणं :–** ત્રણ કરણ અને ત્રણ યોગથી. મૃષાવાદ વિરમણ, વચનયોગનો મુખ્ય વિષય છે તેમ છતાં મનથી અસત્ય વિચારવું, વચનથી અસત્ય બોલવું અને કાયાથી અસત્ય આચરણ કરવું, અસત્ય લખવું તથા અસત્ય ચેષ્ટા કરવી વગેરે અનેક પ્રકારની અસત્ય પ્રવૃત્તિના ત્યાગ માટે ત્રણ કરણ અને ત્રણ યોગથી મૃષાવાદનો ત્યાગ કરવો આવશ્યક બને છે.

વ્યાખ્યાકારે મૃષાવાદના ચાર પ્રકાર આ પ્રમાણે દર્શાવ્યા છે–

**(૧) સદ્ભાવ નિષેધ :–** જે ભાવ કે પદાર્થ વિદ્યમાન છે તેનો નિષેધ કરવો. જેમ કે આત્મા નથી, પુણ્ય અને પાપ નથી, બંધ કે મોક્ષ નથી ઈત્યાદિ.

**(૨) અસદ્ભાવ ઉદ્ભાવન :–** અસદ્ભૂત વસ્તુનું અસ્તિત્વ કહેવું. જેમ કે આત્માને સર્વ વ્યાપક કહેવો અથવા તંદુલ જેવડો કહેવો ઈત્યાદિ.

**(૩) અર્થાન્તર :–** કોઈ વસ્તુને અન્યરૂપે કહેવી. જેમ કે ગાયને ઘોડો અને ઘોડાને હાથી કહેવો.

**(૪) ગર્હા :–** જે બોલવાથી બીજા પ્રત્યે ઘૃણા અને દ્વેષ ઉત્પન્ન થાય, સામી વ્યક્તિનું હૃદય દુઃખી થાય તે. જેમ કે કાણાને કાણો, નપુંસકને હીજડો, ચોરને ચોર ઈત્યાદિ કહેવું.

## ત્રીજું મહાવ્રત : અદત્તાદાન વિરમણ :–

**૧** **अहावरे तच्चे भंते ! महव्वए अदिण्णादाणाओ वेरमणं; सव्वं भंते ! अदिण्णादाणं पच्चक्खामि । से गामे वा णगरे वा रण्णे वा अप्पं वा बहुं वा अणुं वा थूलं वा चित्तमंतं वा अचित्तमंतं वा णेव सयं अदिण्णं गिण्हिज्जा, णेवऽण्णेहिं अदिण्णं गिण्हाविज्जा, अदिण्णं गिण्हन्ते वि अण्णे ण समणुजाणेज्जा, जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं ण करेमि ण कारवेमि करंतंपि अण्णं ण समणुजाणामि । तस्स भंते ! पडिक्कमामि णिंदामि गरिहामि अप्पाणं वोसिरामि। तच्चे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ अदिण्णादाणाओ वेरमणं ।**

**છાયાનુવાદ :** अथापरे तृतीये भदन्त ! महाव्रते अदत्तादानाद्विरमणं, सर्वं भदन्त ! अदत्तादानं प्रत्याख्यामि । अथ ग्रामे वा नगरे वा अरण्ये वा अल्पं वा, बहु वा, अणु वा स्थूलं वा, चित्तवद्वाऽचित्तवद्वा नैव स्वयं अदत्तं गृह्णीयात् नैवान्यैरदत्तं ग्राह्यात्, अदत्तं गृह्णतोऽप्यन्यान् न समनुजानीयात् यावज्जीवं त्रिविधं त्रिविधेन मनसा वाचा कायेन न करोमि न कारयामि कुर्वन्तमप्यन्यं न समनुजानामि । तस्य भदन्त ! प्रतिक्रमामि निन्दामि गर्हामि आत्मानम् व्युत्सृजामि। तृतीये भदन्त ! महाव्रते उपस्थितोऽस्मि सर्वतो अदत्तादानाद्विरमणम् ॥

**શબ્દાર્થ :– अहावरे** = હવે પછી **भंते** = હે ભદંત ! **तच्चे** = તૃતીય **महव्वए** = મહાવ્રતમાં **अदिण्णा–दाणाओ** = અદત્તાદાનથી **वेरमणं** = વિરમવાનું છે **सव्व** = સર્વ **अदिण्णादाणं** = અદત્તાદાનનું **पच्च–क्खामि** = પ્રત્યાખ્યાન કરું છું **से** = જેમ કે, તે **गामे वा** = ગામમાં કે **णगरे वा** = નગરમાં કે **रण्णे** = અટવીમાં **अप्पं वा** = અલ્પ મૂલ્યવાળા પદાર્થો કે, અલ્પમાત્રામાં **बहुं वा** = બહુ મૂલ્યવાળા પદાર્થ અથવા, બહુમાત્રામાં **अणुं वा** = સૂક્ષ્મ–નાના પદાર્થ અથવા **थूलं वा** = સ્થૂલ–મોટા પદાર્થ અથવા **चित्तमंतं वा** = સચિત્ત પદાર્થ અથવા **अचित्तमंतं वा** = અચિત્ત પદાર્થ **अदिण्णं** = કોઈના આપ્યા વિના **णेव सयं गिण्हिज्जा** = સ્વયં ગ્રહણ કરવા નહીં **अण्णेहिं** = બીજા પાસેથી **अदिण्णं** = અદત્તને **णेव गिण्हाविज्जा** = ગ્રહણ કરાવવા નહીં, અને **अदिण्णं** = અદત્તને **गिण्हंते वि** = ગ્રહણ કરનાર **अण्णे** = બીજાને **ण समणुजाणेजा** = અનુમોદના આપવું નહીં.

**ભાવાર્થ :–** હે ભગવન્ ! હવે ત્રીજા મહાવ્રતમાં અદત્તાદાનથી વિરામ પામવાનું હોય છે. તો હે ભગવન્ !

હું સર્વ પ્રકારે અદત્તાદાનનો ત્યાગ કરું છું.

તે મહાવ્રતમાં મુનિએ ગામ, નગર કે અરણ્યમાં કોઈ પણ સ્થળે અલ્પ કે બહુ, નાની ચીજ કે મોટી ચીજ, સચિત્ત કે અચિત્ત વસ્તુ હોય તેમાંથી કોઈ પણ વસ્તુ સ્વયં અદત્ત ગ્રહણ કરવી નહીં, અન્ય દ્વારા પણ અદત્ત ગ્રહણ કરાવવી નહીં, ગ્રહણ કરનારને અનુમોદન આપવું નહીં.

હે ભગવન્ ! હું પણ આ પ્રકારના અદત્તનો જીવન પર્યંત ત્રણ કરણ અને ત્રણ યોગે કરી ત્યાગ કરું છું અર્થાત્ મન, વચન, કાયા દ્વારા ચોરી કરીશ નહીં, ચોરી કરાવીશ નહીં અને જે ચોરી કરતા હોય તેમાં અનુમોદન આપીશ નહીં. તેમજ પૂર્વ કાળે તે સંબંધી જે કંઈ પાપ થયું હોય તેનાથી હું નિવૃત્ત થાઉં છું; આત્મસાક્ષીએ તે પાપને નિંદુ છું; આપની સમક્ષ તેની ગર્હા કરું છું અને હવે પછી તેવા પાપકારી કર્મથી મારા આત્માને અલગ કરું છું. હે ભગવન્ ! એ પ્રમાણે ત્રીજા સર્વથા અદત્તાદાન વિરમણ મહાવ્રતમાં હું ઉપસ્થિત થાઉં છું.

## વિવેચન :–

**અદત્તાદાન :–** અ = નહીં, દત્ત = આપેલી વસ્તુને, આદાન = ગ્રહણ કરવી. કોઈએ ન આપેલી વસ્તુને ગ્રહણ કરવી અદત્તાદાન કહેવાય છે. વ્યવહારમાં તેને ચોરી કહે છે. અન્યના અધિકાર કે સ્વામીત્વને છીનવી લેવા તે પણ અદત્તાદાન છે. તેનું ઉગ્રરૂપ, ચોરી, ગુંડાગીરી, લૂંટ આદિ છે.

આ દરેક પ્રકારના અદત્તાદાનથી વિરક્ત થવા માટે સાધુ–સાધ્વી પ્રતિજ્ઞાબદ્ધ હોય છે. તેઓ ગામમાં, નગરમાં, અરણ્યમાં, કોઈપણ જગ્યાએ, કોઈપણ ક્ષેત્ર વિશેષમાં સર્વથા અદત્તાદાન વિરમણ વ્રતનું પાલન કરે છે.

**अप्पं वा बहुं वा :–** અલ્પના બે પ્રકાર છે– (૧) મૂલ્યની દષ્ટિએ કોડી વગેરે. (૨) પરિમાણની દષ્ટિએ એક કે બે વસ્તુ. બહુના બે પ્રકાર છે– (૧) મૂલ્યની દષ્ટિએ હીરા આદિ (૨) પરિમાણ(સંખ્યા)ની દષ્ટિએ ઘણી સંખ્યાવાળી વસ્તુ. **अणुं वा** = નાની વસ્તુ–તણખલું આદિ. **थूलं वा** = મોટી વસ્તુ–મકાનાદિ. સચેત = મનુષ્યાદિ, અચેત = ધનસંપત્તિ, આભૂષણાદિ.

**દ્રવ્યાદિની અપેક્ષાએ અદત્તાદાન વિરમણ વ્રત :–** (૧) દ્રવ્ય દષ્ટિએ અદત્તાદાનનો વિષય અલ્પ, બહુ, સૂક્ષ્મ, સ્થૂલ, સચેત, અચેત આદિ દ્રવ્ય છે. (૨) ક્ષેત્ર દષ્ટિએ ગામ, નગર, જંગલ આદિ સ્થાન છે. (૩) કાળ દષ્ટિએ દિવસ અને રાત્રિ આદિ સર્વકાળ છે. (૪) ભાવદષ્ટિએ લોભ, મોહ આદિ ભાવ છે અને ત્રણ કરણ, ત્રણ યોગનો પણ ભાવમાં સમાવેશ થાય છે.

બીજી રીતે અદત્ત પાંચ પ્રકારના છે– **(૧)** દેવ અદત્ત–તીર્થંકર દેવ દ્વારા નિષિદ્ધ વસ્તુ ગ્રહણ કરવી તે **(૨)** ગુરુ અદત્ત–ગુરુ દ્વારા નિષિદ્ધ વસ્તુ ગ્રહણ કરવી કે ગુરુની આજ્ઞા વિના કોઈ પણ વસ્તુ ગ્રહણ કરવી તે **(૩)** રાજા અદત્ત–રાજાની આજ્ઞા વિના તેના રાજ્યમાં પ્રવેશ કરવો, વિચરવું તથા રાજા દ્વારા નિષિદ્ધ પ્રવૃત્તિ તેના રાજ્યમાં કરવી તે **(૪)** ગૃહપતિ અદત્ત–ગૃહસ્થ કે શય્યા દાતાની કોઈપણ વસ્તુ વણપૂછી વણદીધી ગ્રહણ કરવી તે **(૫)** સાધર્મી અદત્ત–સહવર્તી શ્રમણોની કોઈપણ વસ્તુ તેઓને પૂછ્યા વગર લેવી તે.

આ પાંચ પ્રકારના અદત્તમાંથી કોઈપણ પ્રકારનું અદત્ત મન, વચન અને કાયાથી, કૃત, કારિત તથા અનુમોદનરૂપથી ગ્રહણ કરવું કે સ્વીકારવું તે અદત્તાદાન છે. આ ત્રીજા મહાવ્રતમાં સાધક તે સર્વ પ્રકારના અદત્તાદાનથી વિરત થાય છે.

## ચોથું મહાવ્રત : મૈથુન વિરમણ :–

**૧૦ अहावरे चउत्थे भंते ! महव्वए मेहुणाओ वेरमणं; सव्वं भंते ! मेहुणं पच्चक्खामि। से दिव्वं वा माणुसं वा तिरिक्खजोणियं वा णेव सयं मेहुणं सेवेज्जा, णेवण्णेहिं मेहुणं सेवावेज्जा, मेहुणं सेवंते वि अण्णे ण समणुजाणेज्जा जावज्जीवाए, तिविहं तिविहेणं मणेणं वायाए काएणं ण करेमि ण कारवेमि करंतं पि अण्णं ण समणुजाणामि । तस्स भंते ! पडिक्कमामि णिंदामि गरिहामि अप्पाणं वोसिरामि । चउत्थे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ मेहुणाओ वेरमणं ।**

**છાયાનુવાદ : अथापरे चतुर्थे भदन्त ! महाव्रते मैथुनाद् विरमणं; सर्वं भदन्त ! मैथुनं प्रत्याख्यामि। अथ दिव्यं वा मानुषं वा तैर्यग्यौनिकं वा नैव स्वयं मैथुनं सेवेत् नैवाऽन्यैः मैथुनं सेवापयेत् मैथुनं सेवमानानप्यन्यान्न समनुजानीयात् , यावज्जीवं त्रिविधम् त्रिविधेन मनसा वाचा कायेन न करोमि न कारयामि कुर्वन्तमप्यन्यं न समनुजानामि । तस्य भदन्त ! प्रतिक्रमामि निन्दामि गर्हामि आत्मानं व्युत्सृजामि । चतुर्थे भदन्त ! महाव्रते उपस्थितोऽस्मि सर्वतो मैथुनाद्विरमणम् ॥**

**શબ્દાર્થ :– चउत्थे** = ચતુર્થ **महव्वए** = મહાવ્રતમાં **मेहुणाओ** = મૈથુનથી, કુશીલથી, અબ્રહ્મથી, રતિ– ક્રીડાથી **वेरमणं** = વિરમવાનું હોય છે **सव्वं** = સર્વ પ્રકારના **मेहुणं** = મૈથુનનાં **पच्चक्खामि** = પ્રત્યાખ્યાન કરું છું **से** = તે **दिव्वं वा** = દેવ સંબંધી અથવા **माणुसं वा** = મનુષ્ય સંબંધી અથવા **तिरिक्खजोणियं वा** = તિર્યગ્યોનિ સંબંધી **सयं** = સ્વયં **णेव सेविज्जा** = સેવન કરવું નહીં **अण्णेहिं** = બીજા દ્વારા **मेहुणं** = મૈથુનનું **णेव सेवाविज्जा** = સેવન કરાવવું નહીં **सेवंते वि अण्णे** = સેવન કરતાં અન્ય જીવોને પણ **ण समणुजाणेज्जा** = અનુમોદન આપવું નહીં.

**ભાવાર્થ :–** હે ભગવન્ ! હવે પછીના આ ચોથા મહાવ્રતમાં મૈથુન ભાવથી નિવૃત્ત થવાનું હોય છે. તો હે ભગવન્ ! હું મૈથુનનો સર્વથા ત્યાગ કરું છું.

તે મહાવ્રતમાં મુનિએ દેવ સંબંધી, મનુષ્ય સંબંધી કે તિર્યંચ સંબંધી એમ ત્રણે ય જાતિ પૈકી કોઈ સાથે મૈથુન સેવન કરવું નહીં, બીજા પાસે મૈથુન સેવન કરાવવું નહીં, કે મૈથુન સેવન કરનારને અનુમોદન આપવું નહીં.

હે ભગવન્ ! હું પણ આ પ્રકારના મૈથુન સેવનનો જીવન પર્યંત ત્રણ કરણ અને ત્રણ યોગે કરી

ત્યાગ કરું છું અર્થાત્ મન, વચન, કાયાએ કરી મૈથુન સેવન કરીશ નહીં, બીજા પાસે મૈથુન સેવન કરાવીશ નહીં અને મૈથુન સેવનારને અનુમોદન પણ આપીશ નહીં. તેમજ પૂર્વકાળે તત્ સંબંધી જે કંઈ પાપ થયું હોય તેનાથી હું નિવૃત્ત થાઉં છું, તેની નિંદા કરું છું, આપની પાસે તે પાપની ગર્હા કરું છું અને હવે પછી તેવા પાપકારી કર્મથી મારા આત્માને અલગ કરું છું. હે ભગવન્ ! આ પ્રમાણે હું ચોથા મૈથુન વિરમણ મહાવ્રતમાં ઉપસ્થિત થાઉં છું.

### વિવેચન :–

**दिव्वं वा... :–** પ્રસ્તુત સૂત્રમાં ચોથા મહાવ્રતની પ્રતિજ્ઞામાં ત્રણ પ્રકારના મૈથુનથી નિવૃત્ત થવાનું સૂચન છે. સામાન્યતયા મનુષ્યની એક જ પ્રકારની એટલે કે મનુષ્ય સંબંધી મૈથુન પ્રવૃત્તિ હોય છે. પરંતુ ક્યારેક કોઈ મનુષ્ય તિર્યંચ(પશુ) સાથે અને ક્યારેક દેવ સાથે પણ મૈથુન પ્રવૃત્તિ કરે છે. તેથી મહાવ્રતના આ પ્રતિજ્ઞા પાઠમાં ત્રણે ય પ્રકારના મૈથુન સંબંધી પ્રત્યાખ્યાનનું કથન ઉપયુક્ત છે.

**દ્રવ્યાદિની અપેક્ષાએ મૈથુન વિરમણ વ્રત :–** (૧) દ્રવ્યદષ્ટિએ મૈથુન વિરમણનો વિષય દેવ, મનુષ્ય અને તિર્યંચ છે. (૨) ક્ષેત્રદષ્ટિએ ત્રણે ય લોક છે. (૩) કાલદષ્ટિએ દિવસ અને રાત્રિ આદિ સર્વકાલ છે. (૪) ભાવદષ્ટિએ વેદમોહોદય અને ત્રણ કરણ, ત્રણ યોગ છે.

**મૈથુન સંજ્ઞા :–** સ્થાનાંગ સૂત્રમાં મૈથુન સંજ્ઞાની ઉત્પત્તિના ચાર કારણ કહ્યા છે. યથા– (૧) શરીરમાં માંસ રક્ત વીર્યની વૃદ્ધિ થવાથી (૨) વેદ મોહનીયકર્મના ઉદયથી. (૩) મૈથુન વિષયક વાત સાંભળવાથી (૪) મૈથુન સંબંધી ચિંતન કરવાથી.

સમવાયાંગ સૂત્રમાં બ્રહ્મચર્યની નવ વાડ કહી છે અને ઉત્તરાધ્યયન સૂત્રમાં બ્રહ્મચર્યના દસ સમાધિ સ્થાન કહ્યા છે; તેનાથી વિપરીત આચરણ કરવાથી મૈથુન ભાવ કે વિકાર ભાવ જાગૃત થવાની શક્યતા રહે છે. માટે સાધકે બ્રહ્મચર્ય સંબંધી સૂત્રોક્ત દરેક સૂચનો અને આદેશોનું યથાર્થ પાલન કરવું જોઈએ.

અન્યત્ર મૈથુનનાં આઠ અંગ કહ્યા છે– સ્મરણ, કીર્તન, ક્રીડા, પ્રેક્ષણ, એકાંતભાષણ, સંકલ્પ, અધ્યવસાય અને ક્રિયા નિષ્પત્તિ.

મહાવ્રતનો સાધક મુમુક્ષુ આત્મા સર્વ પ્રકારના મૈથુનનો ત્રણ કરણ અને ત્રણ યોગથી જીવન પર્યંત ત્યાગ કરી બ્રહ્મચર્ય ભાવમાં ઉપસ્થિત થાય છે.

### પાંચમું મહાવ્રત : પરિગ્રહ વિરમણ :–

**૧૧ अहावरे पंचमे भंते महव्वए परिग्गहाओ वेरमणं; सव्वं भंते परिग्गहं पच्चक्खामि । से अप्पं वा बहुं वा अणुं वा थूलं वा चित्तमंतं वा अचित्तमंतं वा, णेव सयं परिग्गहं परिगिण्हेज्जा णेवण्णेहिं परिग्गहं परिगिण्हाविज्जा**

**परिग्गहं परिगिण्हंते वि अण्णे ण समणुजाणेज्जा जावज्जीवाए, तिविहं तिविहेणं मणेणं वायाए काएणं ण करेमि, ण कारवेमि, करंतंपि अण्णं ण समणुजाणामि । तस्स भंते ! पडिक्कमामि णिंदामि गरिहामि अप्पाणं वोसिरामि । पंचमे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ परिग्गहाओ वेरमणं ।**

**છાયાનુવાદ : अथापरे पंचमे भदन्त ! महाव्रते परिग्रहाद् विरमणं सर्वं भदन्त ! परिग्रहं प्रत्याख्यामि यथाऽल्पम् वा बहु वा अणु वा स्थूलं वा चित्तवद्वा अचित्तवद्वा वा नैव स्वयं परिग्रहं परिगृह्णीयात् नैवाऽन्यैः परिग्रह परिग्राहयात् परिग्रहं परिगृह्णतोऽप्यन्यान्न समनु- जानीयात्। यावज्जीवम्; त्रिविधं त्रिविधेन मनसा वाचा कायेन न करोमि न कारयामि कुर्वन्तमप्यन्यं न समनुजानामि । तस्य भदन्त ! प्रतिक्रमामि निन्दामि गर्हामि आत्मानं व्युत्सृजामि पञ्चमे भदन्त ! महाव्रते उपस्थितोऽस्मि सर्वतः परिग्रहाद्विरमणम् ॥**

**શબ્દાર્થ :– पंचमे** = પાંચમા **महव्वए** = મહાવ્રતમાં **परिग्गहाओ** = પરિગ્રહથી, પદાર્થ પરની મૂર્ચ્છાથી **वेरमणं** = નિવૃત્ત થવાનું છે **सव्वं** = સર્વ **परिग्गहं** = પરિગ્રહના **पच्चक्खामि** = હું પ્રત્યાખ્યાન કરું છું **से** = તે આ પ્રમાણે **अप्पं वा** = અલ્પ મૂલ્યાવાન, અલ્પપ્રમાણવાળા અથવા **बहुं वा** = બહુ મૂલ્યવાન, બહુ પ્રમાણવાળા અથવા **अणुं वा** = સૂક્ષ્મ આકારવાળા, નાના અથવા **थूलं वा** = સ્થૂલ આકારવાળા, મોટા અથવા **चित्तमंतं वा** = સચેતન શિષ્ય વગેરે અથવા **अचित्तमंतं वा** = અચેતન **परिग्गहं** = પરિગ્રહને **सयं** = સ્વયં **णेव परिगिण्हिज्जा** = ગ્રહણ ન કરે **णेव अण्णेहिं** = નહિં અન્ય પાસે **परिग्गहं** = પરિગ્રહને **परिगिण्हाविज्जा** = ગ્રહણ કરાવે **ण** = નહિં **परिग्गहं** = પરિગ્રહને **परिगिण्हंते वि** = ગ્રહણ કરનારા **अण्णे** = અન્યને **समणुजाणेज्जा** = સારું સમજવું નહીં, અનુમોદન આપવું નહીં, અનુમોદન આપે નહીં.

**ભાવાર્થ :–** હે ભગવન્ ! પાંચમા મહાવ્રતમાં પરિગ્રહથી વિરામ પામવાનું હોય છે. તો હે ભગવન્ ! હું સર્વથા પરિગ્રહનો ત્યાગ કરું છું.

તે મહાવ્રતમાં મુનિએ પદાર્થો પ્રમાણમાં થોડા હોય કે વધુ હોય, નાના હોય કે મોટા હોય, સચિત્ત હોય કે અચિત્ત હોય, તે માંહેની કોઈ પણ વસ્તુનો પરિગ્રહ સ્વયં રાખવો નહીં, બીજા દ્વારા પરિગ્રહ રખાવવો નહીં અને પરિગ્રહ રાખનાર અન્યને અનુમોદન આપવું નહિ.

હે ભગવન્ ! હું પણ આ પ્રકારના પરિગ્રહનો જીવનપર્યંત ત્રણ કરણ અને ત્રણ યોગે કરી ત્યાગ કરું છું અર્થાત્ મન, વચન અને કાયા દ્વારા હું પરિગ્રહ રાખીશ નહિ, બીજા દ્વારા પરિગ્રહ રખાવીશ નહિ અને પરિગ્રહ રાખનારાને અનુમોદન પણ આપીશ નહિ. તેમજ પૂર્વકાળે તત્ સંબંધી જે કંઈ પાપ થયું હોય તેનાથી નિવૃત્ત થાઉ છું; તે પાપને આત્મસાક્ષીએ નિન્દું છું; આપની સમક્ષ તે પાપની ગર્હા કરું છું

અને હવે પછી તેવા પાપકારી કર્મથી મારા આત્માને અલગ કરું છું. હે ભગવન્ ! આ પ્રમાણે હું પાંચમાં પરિગ્રહ વિરમણ મહાવ્રતમાં ઉપસ્થિત થાઉં છું.

## વિવેચન :-

**अप्पं वा बहुं वा :–** પ્રસ્તુત સૂત્રમાં પરિગ્રહના છ પ્રકાર કહ્યા છે–(૧–૨) મૂલ્યથી અલ્પ મૂલ્યવાન કે બહુમૂલ્યવાન પદાર્થો, પરિમાણથી અલ્પ અથવા અધિક પદાર્થો. (૩–૪) આકારમાં નાની વસ્તુ અથવા મોટી વસ્તુ. (૫–૬) જીવયુક્ત વસ્તુ અથવા નિર્જીવ વસ્તુ.

આ છ પ્રકારના પદાર્થ જો સૂત્રોક્ત મર્યાદાથી વધારે ગ્રહણ કરવામાં આવે તો તે પરિગ્રહ કહેવાય છે અને મર્યાદિત ગ્રહણ કરેલા આવશ્યક પદાર્થોમાં મમતા મૂર્ચ્છા કે આસક્તિના ભાવ હોય તો, તે પણ પરિગ્રહ કહેવાય છે. કારણ કે દશવૈ. અ૦ ૬ માં કહ્યું છે કે– **मुच्छा परिग्गहो वुत्तो ।**

બીજી રીતે તે પરિગ્રહના બે ભેદ છે– બાહ્ય અને આભ્યંતર. **(૧)** બાહ્ય પરિગ્રહના નવ ભેદ છે– (૧) ખેતરાદિ ખુલ્લી જમીન (૨) મકાન આદિ ઢાંકેલી જમીન (૩) ચાંદી (૪) સોનું (૫) ધન (૬) ધાન્ય (૭) દાસ, દાસી (૮) પશુ, પક્ષી (૯) ઘરવખરીની ચીજો. **(૨)** આભ્યંતર પરિગ્રહના ચૌદ ભેદ છે– મિથ્યાત્વ; ક્રોધ, માન, માયા, લોભ તે ચાર કષાય અને હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ; તે નવ નોકષાય. શ્રમણ નિર્ગ્રંથ બાહ્ય પરિગ્રહના સર્વથા ત્યાગી હોય છે અને આભ્યંતર પરિગ્રહનો સર્વથા ત્યાગ કરવા માટે પુરુષાર્થશીલ હોય છે.

શાસ્ત્રોમાં પરિગ્રહના અન્ય અપેક્ષાએ ત્રણ ભેદ પણ કહ્યા છે. (૧) શરીર (૨) કર્મ (૩) ઉપધિ.

**દ્રવ્યાદિની અપેક્ષાએ પરિગ્રહ વિરમણ વ્રત :–** (૧) દ્રવ્યદષ્ટિએ પરિગ્રહ વિરમણ વ્રતના વિષય છે– અલ્પ–બહુ આદિ છ પ્રકારના દ્રવ્યો. પરિગ્રહના વિષય છે (૨) ક્ષેત્રદષ્ટિએ ત્રણે ય લોકના પદાર્થો છે. (૩) કાલદષ્ટિએ દિવસ અને રાત્રિ આદિ સર્વકાલ છે, (૪) ભાવદષ્ટિએ મૂર્ચ્છા, લોભ, રાગ, આસક્તિભાવ અને ત્રણ કરણ–ત્રણ યોગ પણ તેના વિષય છે. આ પાંચમા મહાવ્રતના સાધક મુમુક્ષુ અણગાર સર્વ પ્રકારે પરિગ્રહથી નિવૃત્ત થાય છે.

સાધુ સંયમ પાલન માટે અનિવાર્ય ઉપકરણોને અમૂર્ચ્છિત ભાવે રાખે અને શરીરાદિનો અનાસક્ત– ભાવે આહારાદિથી નિર્વાહ કરે છે.

## છઠ્ઠું વ્રત : રાત્રિ ભોજન વિરમણ :-

**૧૨ अहावरे छट्ठे भंते ! वए राइभोयणाओ वेरमणं; सव्वं भंते ! राइभोयणं पच्चक्खामि । से असणं वा पाणं वा खाइमं वा साइमं वा णेव सयं राइं भुंजेज्जा, णेवण्णेहिं राइं भुंजावेज्जा, राइं भुंजंते वि अण्णे ण समणुजाणेज्जा, जावज्जीवाए तिविह तिविहेणं मणेणं वायाए काएणं ण करेमि ण कारवेमि**

**करंतंपि अण्णं ण समणुजाणामि । तस्स भंते ! पडिक्कमामि णिंदामि गरिहामि अप्पाणं वोसिरामि। छट्ठे भंते ! वए उवट्ठिओमि, सव्वाओ राइभोयणाओ वेरमणं ।**

**છાયાનુવાદ : अथापरे षष्ठे भदन्त ! व्रते रात्रिभोजनाद्विरमणं; सर्वं भदन्त ! रात्रिभोजनं प्रत्याख्यामि । तद्यथा– अशनं वा पानं वा खाद्यं वा स्वाद्यं वा नैव स्वयं रात्रौ भुञ्जेत्, नैवाऽन्यान् रात्रौ भोजयेत्, रात्रौ भुञ्जानानप्यन्यान्न समनुजानीयात् यावज्जीवम्, त्रिविधं त्रिविधेन मनसा वाचा कायेन न करोमि न कारयामि कुर्वन्तमप्यन्यं न समनुजानामि । तस्य भदन्त ! प्रतिक्रमामि निन्दामि गर्हामि आत्मानम् व्युत्सृजामि । षष्ठे भदन्त ! व्रते उपस्थितोऽस्मि सर्वतः रात्रिभोजनाद्विरमणम् ॥**

**શબ્દાર્થ :– छट्ठे** = છટ્ઠા **वए** = વ્રતમાં **राइभोयणाओ** = રાત્રિ ભોજનથી **वेरमणं** = વિરમવાનું છે **राइभोयणं** = રાત્રિ ભોજનના **सव्वं** = સર્વ પ્રકારથી **पच्चक्खामि** = પ્રત્યાખ્યાન કરું છું **से** = તે આ પ્રમાણે **असणं वा** = અન્નાદિ, અથવા **पाणं वा** = પાણી અથવા **खाइमं वा** = ખાદ્ય પદાર્થ, અથવા **साइमं वा** = સ્વાદ્ય પદાર્થ **सयं** = સ્વયં **णेव भुंजिज्जा** = ભોજન કરે નહીં **अण्णेहिं** = બીજાને **राइं** = રાત્રિ **णेव भुंजाविज्जा** = ભોજન કરાવે નહિ **राइं भुंजंते वि** = રાત્રિ ભોજન કરનાર **अण्णे** = બીજા કોઈને **ण समणुजाणेज्जा** = અનુમોદન આપે નહિ.

**ભાવાર્થ :–** હે ભગવન્ ! હવે પછી આ છટ્ઠા વ્રતમાં રાત્રિભોજનથી વિરામ પામવાનું હોય છે. તો હે ભગવન્! હું રાત્રિભોજનનો જીવનપર્યંત સર્વથા ત્યાગ કરું છું.

તે વ્રતમાં મુનિ ભોજન, પાણી, ફળ–મેવા તથા મુખવાસ આ ચારે પ્રકારનો આહાર રાત્રિમાં સ્વયં કરે નહીં, કરાવે નહીં અને રાત્રિ ભોજન કરનાર અન્યને અનુમોદન આપે નહીં.

હે ભગવન્ ! હું પણ આ પ્રકારના રાત્રિભોજનનો જીવન પર્યંત ત્રણ કરણ અને ત્રણ યોગે કરી ત્યાગ કરું છું અર્થાત્ મન, વચન અને કાયા દ્વારા રાત્રિભોજન કરીશ નહિ, કરાવીશ નહિ અને રાત્રિભોજન કરનારને અનુમોદન પણ આપીશ નહિ. તેમજ પૂર્વે જે રાત્રિભોજન સંબંધી આચરણ કર્યું હોય તો તેનાથી હું નિવૃત્ત થાઉં છું, આત્મસાક્ષીએ તે આચરણને નિંદું છું અને આપની પાસે તેની ગર્હા કરું છું તેમજ હવે પછી તેવા આચરણથી મારા આત્માને સર્વથા અલગ કરું છું. હે ભગવન્ ! આ પ્રમાણે છટ્ઠા રાત્રિભોજન વિરમણ વ્રતમાં હું ઉપસ્થિત થાઉં છું.

## વિવેચન :–

સૂર્યાસ્ત પછી અને સૂર્યોદય પહેલાં અર્થાત્ રાત્રિ દરમ્યાન ચારે ય પ્રકારના આહારનો સર્વથા ત્યાગ કરવો, તેને રાત્રિભોજન વિરમણ વ્રત કહે છે.

**असणं पाणं... :–** આ ચાર શબ્દો દ્વારા મનુષ્યને યોગ્ય સમસ્ત આહારનું નિરૂપણ છે. તેના અર્થ આ

પ્રમાણે છે. યથા– **(૧) असणं** = અશન. ક્ષુધાનું નિવારણ થાય તેવું ભોજન. તેમાં ભોજન સંબંધી તરલ અને નક્કર સર્વ પદાર્થો સમજવા. **(૨) पाणं** = પાણી. શબ્દાર્થની અપેક્ષા સર્વ પેય પદાર્થ–પીણા અર્થ થાય પરંતુ આગમ આશયથી માત્ર પાણીને જ **पाणं** સમજવું. **(૩) खाइमं** = ખાદિમ. મેવા અને ફળ. **(૪) साइमं**= સ્વાદિમ. જેનાથી મુખ શુદ્ધિ થાય, મુખ સુવાસિત થાય તેવા સોપારી, વરિયાળી આદિ મુખવાસના પદાર્થો.

**દ્રવ્યાદિની અપેક્ષાએ રાત્રિભોજન વિરમણ વ્રત :–** (૧) દ્રવ્યની અપેક્ષાએ રાત્રિ ભોજન વિરમણ વ્રતનો વિષય ચારે ય પ્રકારના આહાર છે. (૨) ક્ષેત્રની અપેક્ષાએ મનુષ્યલોક છે. (૩)કાલની અપેક્ષાએ રાત્રિનો સમય છે તેમજ **૧.** દિવસે લાવેલું રાત્રે વાપરવું **૨.** રાત્રે લાવેલું દિવસે વાપરવું **૩.** આજે લાવીને કાલે વાપરવું **૪.** રાત્રે લાવેલું રાત્રે ભોગવવું; તે ચાર ભંગ છે. (૪) ભાવની અપેક્ષાએ ત્રણ કરણ અને ત્રણ યોગ તેનો વિષય છે.

સાધુને ઉપરોક્ત સર્વ પ્રકારે રાત્રિભોજનનો ત્યાગ કરવો આવશ્યક હોય છે. તેમજ રાત્રિએ ભોજન, પાણી યુક્ત ઓડકાર આવે તોપણ તેને પાછું ગળવાનું હોતું નથી અને શરીર ઉપર કોઈ બાહ્ય વિલેપન પણ રાત્રિએ ચોપડવાના હોતા નથી.

સાધ્વાચારમાં રાત્રિભોજન ત્યાગની મહત્તા મહાવ્રતની સમાન છે. રાત્રિભોજન ત્યાગ અહિંસા મહાવ્રતની પુષ્ટિ કરે છે. રાત્રિભોજન કરવાથી પ્રાણાતિપાત આદિ મૂળગુણોની વિરાધના થાય છે. તેથી છઠ્ઠું રાત્રિભોજન વિરમણ વ્રત પણ મૂળગુણરૂપ છે. ચૂર્ણિકારે કહ્યું છે– **"किं च येऽपि प्रयत्क्षज्ञानिनो ते विशुद्धं भक्तान्नपानं पश्यंति तथापि रात्रौ न भुंजते, मूलगुणभंगत्वात् " तीर्थंकरगणधराचार्यैः अनाचीर्णत्वात्, जम्हा छट्ठो मूलगुणो विराहिज्जति तम्हा ण रातो भोत्तव्वं** ।જે પ્રત્યક્ષ જ્ઞાની હોય છે તે આહારાદિની વિશુદ્ધતા જ્ઞાનથી જાણવા છતાં રાત્રિમાં ભોજન કરતાં નથી કારણ કે મૂળગુણનો ભંગ થાય છે. તીર્થંકર, ગણધર અને આચાર્યોથી(સર્વ સાધુઓ સુધી) આ રાત્રિભોજન અનાસેવિત છે અર્થાત્ તેનું સેવન કરાયું નથી, તેનાથી છઠ્ઠા મૂળગુણની વિરાધના થાય છે, તેથી રાત્રિભોજન કરવું જોઈએ નહીં." આ રીતે સ્પષ્ટ થાય છે કે રાત્રિભોજન ત્યાગ વ્રત સ્વયં મૂળગુણ છે. રાત્રિમાં ખાવાથી મૂળગુણનો ભંગ થાય છે તેમજ છઠ્ઠા મૂળગુણની વિરાધના થાય છે.

**રાત્રિભોજનના દોષ :–**

(૧) રાત્રિભોજનમાં કીડી, કુંથવા આદિ સૂક્ષ્મ ત્રસ જીવો, લીલફૂગ આદિનું દષ્ટિગોચર થવું અને તે જીવોની જયણા કરવી અશક્ય થઈ જાય છે તથા રાત્રિભોજન કરવામાં અન્ય વનસ્પતિ આદિ સ્થાવર જીવોની વિરાધના થાય છે.

(૨) રાત્રે સૂક્ષ્મ જીવો આહારમાં આવી જાય તો અનેક પ્રકારની બિમારી થાય છે. યથા– જો ભોજનમાં કીડી આવી જાય તો બુદ્ધિ નષ્ટ થાય છે, માખી ભોજનમાં આવી જાય તો શીઘ્ર ઉલટી થઈ જાય છે, જૂ આહારમાં આવી જાય તો જલોદર જેવો ભયંકર રોગ થાય છે. ગરોળી ભોજનમાં આવી જાય તો કુષ્ટ જેવી મહાવ્યાધિ ઉત્પન્ન થાય છે. એ સિવાય લોહીનું ઊંચું દબાણ, દમ, હૃદયરોગ, પાચન શક્તિની મંદતા

આદિ બિમારીઓની સંભાવના રહે છે.

(૩) સૂર્યાસ્ત પહેલાં ભોજન કરવું તે પાચનની દષ્ટિએ સર્વોત્તમ છે. સૂતાં પહેલાં ત્રણ કલાક પૂર્વે ભોજન કરવું આરોગ્યદાયક છે. તેમ કરવાથી ભોજનને પચવાનો સમય મળી જાય છે. રાતના ૯–૧૦ વાગ્યે ભોજન કરનાર વ્યક્તિ ભોજન કરીને તરત સૂઈ જાય તો યથોચિત પાણી પી શકાય નહીં તેથી ભોજન બરાબર પચતું નથી.

(૪) સૂર્યના પ્રકાશની પોતાની વિશેષતા હોય છે– તેના પ્રકાશમાં કમળ ખીલે છે, સૂર્યોદય થવાની સાથે જ પ્રાણવાયુની માત્રા વધી જાય છે, રાત્રે પાચનતંત્ર બરાબર કામ કરતું નથી. તે સિવાય કેટલાક સૂક્ષ્મ જીવો સૂર્યના પ્રકાશમાં જ જોઈ શકાય છે, વિજળીના પ્રકાશમાં દેખાતા નથી. વીજળીનો પ્રકાશ ગમે તેવો હોય પરંતુ તે સૂર્યપ્રકાશની સમકક્ષ થઈ શકતો નથી.

આ રીતે રાત્રિભોજન અનેક દોષોનું કારણ હોવાથી સંયમ સાધક તેનો સર્વથા ત્યાગ કરે છે. ગૃહસ્થો માટે પણ રાત્રિભોજન ત્યાજ્ય છે. માટે શ્રાવકોએ રાત્રિભોજન ત્યાગનું લક્ષ રાખીને તેનો યથાશક્ય ત્યાગ કરવો જોઈએ.

**આગમોમાં રાત્રિભોજન ત્યાગનું વિષદ વર્ણન :–**

શ્રી દશવૈકાલિક સૂત્રમાં અનેક સ્થળે રાત્રિભોજન ત્યાગનું કથન છે–

(૧) અધ્ય.–૩ માં રાત્રિભોજન નિર્ગ્રંથ માટે અનાચરણીય કહ્યું છે.

(૨) પ્રસ્તુત સૂત્રમાં પાંચ મહાવ્રતની સાથે રાત્રિભોજન વિરમણને છઠ્ઠું વ્રત કહ્યું છે.

(૩) અધ્ય.–૬માં રાત્રિભોજન કરવાથી નિર્ગ્રંથ મુનિને નિર્ગ્રંથપણાના ભાવથી ભ્રષ્ટ થવાનું કહ્યું છે તથા રાત્રિભોજનના દોષોનું કથન પણ કરેલ છે.

(૪) અધ્ય.–૮માં સૂર્યાસ્તથી સૂર્યોદય સુધી અર્થાત્ રાત્રિમાં સાધુ માટે આહારની મનથી પણ ઈચ્છા કરવાનો નિષેધ છે.

અન્ય આગમોમાં રાત્રિભોજન ત્યાગનું વર્ણન આ પ્રમાણે છે–

(૫) ઉત્તરાધ્યયન સૂત્ર અધ્ય.–૧૯/૩૧માં સંયમની દુષ્કરતાના વર્ણનમાં રાત્રે ચારે પ્રકારના આહારના ત્યાગને અત્યંત દુષ્કર કહ્યું છે.

(૬) ઉત્તરાધ્યયન સૂત્ર અધ્ય. ૩૨માં રાત્રિભોજનના ત્યાગથી જીવનો આશ્રવ ઘટવાનું અને અનાશ્રવ થવાનું કહ્યું છે.

(૭) ઠાણાંગ સૂત્ર સ્થાન.–૩ તથા ૫ માં રાત્રિભોજનનું અનુદ્‌ઘાતિક (ગુરુ) પ્રાયશ્ચિત્ત કહ્યું છે.

(૮) સૂયગડાંગ સૂત્ર શ્રુ. ૧, અ. ૨, ઉ. ૩ માં રાત્રિભોજન ત્યાગ સહિત પાંચ મહાવ્રતની તુલના પરમ રત્ન સાથે કરી છે, આ રીતે અહીં રાત્રિભોજન ત્યાગનું મહત્ત્વ પંચમહાવ્રતની સમાન દર્શાવેલ છે.

(૯) સૂયગડાંગ સૂત્ર અ. ૬ વીર સ્તુતિમાં કહ્યું છે કે મહાવીર સ્વામીએ દુઃખોનો નાશ કરવા માટે

રાત્રિભોજનનો ત્યાગ કર્યો હતો.

(૧૦) બૃહત્કલ્પ સૂત્ર ઉદ્દે. ૧ માં રાત્રિમાં અને વિકાલમાં(સંધ્યા સમયે) ચારે પ્રકારના આહાર ગ્રહણ કરવાનો નિષેધ છે.

(૧૧) બૃહત્કલ્પ સૂત્ર ઉદ્દે. ૫ માં કહ્યું છે કે આહાર કરતા સમયે સાધુને એવો ખ્યાલ આવે કે સૂર્યોદય થયો નથી અથવા સૂર્યાસ્ત થઈ ગયો છે તો મોઢામાં નાંખેલ આહારનો કોળિયો બહાર કાઢી નાખવો અને પરઠી દેવો જોઈએ તથા રાત્રિમાં આહાર પાણી યુક્ત **उद्‌गाल** = ઓડકાર આવે અથવા ઘચરકા સાથે પિત્ત આવે તો પાછું ગળી જવાનું પણ પ્રાયશ્ચિત્ત બતાવ્યું છે. અર્થાત્ તે પિત્તને જયણાપૂર્વક બહાર કાઢી નાંખવું જોઈએ.

(૧૨) દશાશ્રુત સ્કંધ સૂત્ર દશા. ૨ તથા સમવાયાંગ સૂત્ર સમ. ૨૧માં રાત્રિભોજનની "શબલ દોષ"માં ગણના કરી છે.

(૧૩) બૃહત્કલ્પ સૂત્ર ઉદ્દે. ૪માં રાત્રિભોજનનું અનુદ્‌ઘાતિક(ગુરુ–ભારે) પ્રાયશ્ચિત્ત કહ્યું છે.

(૧૪) નિશીથ સૂત્ર ઉદ્દે. ૧૧માં રાત્રિભોજનનું અને તેની પ્રશંસા–અનુમોદન કરવાનું ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત કહ્યું છે.

(૧૫) દશાશ્રુતસ્કંધ સૂત્રમાં શ્રાવકની અગિયાર પ્રતિમાનું નિરૂપણ છે. તે વર્ણન અનુસાર શ્રાવકોને ચાર પ્રતિમા સુધી રાત્રિભોજન ત્યાગ સ્વૈચ્છિક હોય છે પરંતુ પાંચમીથી અગિયારમી પ્રતિમાની આરાધનામાં રાત્રિભોજન ત્યાગ આવશ્યક હોય છે.

**અન્ય ગ્રંથોમાં વર્ણન :–**

(૧) કાર્તિકેયાનુપ્રેક્ષા–૩૮૩માં રાત્રિભોજન ત્યાગની તુલના છ મહિનાના ઉપવાસ સાથે કરી છે.

(૨) **મહાભારતના શાંતિ પર્વમાં નરકમાં** જવાના ચાર કારણ કહ્યા છે તેમાં (૧) પ્રથમ કારણ રાત્રિભોજન છે. શેષ ત્રણ કારણ આ પ્રમાણે છે– (૨) પર સ્ત્રી ગમન (૩) આચાર–અથાણા ખાવા (૪) કંદમૂળ ભક્ષણ.

(૩) વેદવ્યાસના યોગશાસ્ત્ર અધ્યાય–૩માં કહ્યું છે કે રાત્રિમાં ખાનારો મનુષ્ય–ઘૂવડ, કાગડો, બિલાડી, ગીધ, ડુક્કર, સર્પ, વીંછી આદિ યોનિમાં જન્મ ધારણ કરે છે.

(૪) મનુસ્મૃતિમાં કહ્યું છે કે રાત્રિ રાક્ષસી હોય છે તેથી રાત્રિના સમયે શ્રાદ્ધ કરવું નહીં.

(૫) યોગશાસ્ત્ર અધ્ય. ૩માં આ પ્રમાણે કહ્યું છે– નિત્ય રાત્રિ ભોજનનો ત્યાગ કરવાથી અગ્નિહોત્રનું ફળ મળે છે તેમજ તીર્થયાત્રાનું ફળ મળે છે. આહુતિ, સ્નાન, શ્રાદ્ધ, દેવપૂજન, દાન અને ભોજન આ સર્વે ય રાત્રિમાં કરાતા નથી. કીડા પતંગિયા આદિ અનેક પ્રાણીઓનું ઘાતક આ રાત્રિભોજન અતિ નિંદિત છે.

(૬) માર્કંડેય મુનિએ તો રાત્રિમાં પાણી પીવાને લોહી પીવા સમાન અને રાત્રિમાં ખાવાને માંસ ખાવા સમાન કહી દીધું છે.

(૭) બૌદ્ધ મતના **मज्झिम निकाय** તેમજ **लकुटिकोपमसुत्त** માં રાત્રિભોજનનો નિષેધ છે.

(૮) હેમચંદ્રાચાર્યે દિવસમાં અને રાત્રિમાં કાંઈપણ રોકટોક વિના ખાનારાઓને શિંગડા અને પૂંછડા વિનાના પશુ તરીકે કહ્યા છે.

**વ્રતનું પ્રયોજન :–**

**૧૩ इच्चेयाइं पंच महव्वयाइं राइभोयणवेरमण छट्ठाइं अत्तहियट्ठयाए उवसंपज्जित्ताणं विहरामि ।**

**છાયાનુવાદ : इत्येतानि पञ्च महाव्रतानि रात्रिभोजन विरमणषष्ठानि आत्महितार्थमुपसम्पद्य विहरामि ॥**

**શબ્દાર્થ :– इच्चेयाइं** = આ અહિંસાદિ **पंचमहव्वयाइं** = પાંચ મહાવ્રતો **राइभोयणवेरमणछट्ठाइं** = રાત્રિ ભોજન વિરમણરૂપ છટ્ઠાવ્રતને **अत्तहियट्ठयाए** = આત્મહિત માટે, કલ્યાણાર્થે **उवसंपज्जित्ताणं** = અંગીકાર કરીને **विहरामि** = વિચરું છું.

**ભાવાર્થ :–** આ પ્રમાણે એ પાંચ મહાવ્રતો તથા રાત્રિભોજનથી નિવર્તવારૂપ છટ્ઠું વ્રત, આ છ વ્રતોને આત્મકલ્યાણાર્થે અંગીકાર કરીને હું વિચરું છું. [આ રીતે શિષ્ય ગુરુ પાસેથી યાવજ્જીવન મહાવ્રતો અંગીકાર કરે છે.]

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પાંચ મહાવ્રત અને રાત્રિભોજન વિરમણ વ્રત સ્વીકારવાનું મુખ્ય પ્રયોજન દર્શાવીને પ્રતિજ્ઞા પાઠનું સમાપન કર્યું છે.

**अत्तहियट्ठयाए :–** આત્મહિત માટે. ભૌતિક કે પૌદ્‌ગલિક સુખ અનેકાંતિક છે, તેની પાછળ દુઃખ પણ હોય છે તેથી તે સુખ શાશ્વત અને સ્થિર નથી તેમજ તે સુખમાં વધ–ઘટ થાય છે. જ્યારે મોક્ષનું સુખ એકાંતિક, ત્રિકાલ શાશ્વત અને સ્થિર છે. તેથી સાધકનો સર્વ પુરુષાર્થ મોક્ષ પ્રાપ્તિ માટે હોય છે. તે જ આત્મહિતકારી અને આત્મકલ્યાણકારી છે.

**उवसंपज्जित्ताणं विहरामि :– उप** = સમીપે, **संपद्य** = અંગીકાર કરીને. ગુરુની સમીપે કે ગુરુની સાક્ષીએ વ્રતનો સ્વીકાર કરી વિચરણ કરીશ. આ રીતે દઢ પ્રતિજ્ઞા સાથે વિધિપૂર્વક ગ્રહણ કરાયેલા વ્રતો મહત્ત્વશીલ અને સફળ બને છે.

આ રીતે તેરમા સૂત્ર સુધી શ્રમણ દીક્ષામાં ગ્રહણ કરાતા મહાવ્રતોનું સ્વરૂપ અને તેના પ્રતિજ્ઞા પાઠનું કથન છે અને ત્યારપછી હવે ચૌદમા સૂત્રથી મહાવ્રતની પુષ્ટિ માટે છ કાયનો વિશ્લેષણ યુક્ત પ્રતિજ્ઞા પાઠ છે.

**પૃથ્વીકાયની યતના : હિંસા ત્યાગ :-**

**१४** **से भिक्खू वा भिक्खुणी वा संजयविरयपडिहयपच्चक्खायपावकम्मे दिया वा राओ वा एगओ वा परिसागओ वा सुत्ते वा जागरमाणे वा; से पुढविं वा; भित्तिं वा सिलं वा लेलुं वा ससरक्खं वा कायं ससरक्खं वा वत्थं; हत्थेणं वा; पाएण वा कट्ठेण वा किलिंचेण वा अंगुलियाए वा सिलागाए वा सिलागहत्थेण वा ण आलिहिज्जा ण विलिहिज्जा ण घट्टिज्जा ण भिंदिज्जा; अण्णं ण आलिहावेज्जा ण विलिहावेज्जा ण घट्टावेज्जा ण भिंदावेज्जा; अण्णं आलिहंतं वा विलिहंतं वा घट्टंतं वा भिदंतं वा ण समणुजाणिज्जा, जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं; ण करेमि ण कारवेमि करंतं पि अण्णं ण समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि णिंदामि गरिहामि अप्पाणं वोसिरामि ।**

**છાયાનુવાદ :** स भिक्षुर्वा भिक्षुकी वा संयतविरतप्रतिहतप्रत्याख्यातपापकर्मा दिवा वा रात्रौ वा एक्को वा परिषद्गतो वा सुप्तो वा जाग्रद्वा अथ पृथिवीं वा भित्तिं वा शिलां वा लेष्टुं वा सरजस्कं वा कायं, सरजस्कं वा वस्त्रं हस्तेन वा पादेन वा काष्ठेन वा किलिञ्चेन वा अङ्गुल्या वा शलाकया वा शलाकाहस्तेन वा नालिखेत् न विलिखेत् न घट्टयेत् न भिन्द्यात्, अन्येन नालेखयेत् न विलेखयेत् न घट्टयेत्, न भेदयेदन्यमालिखन्तं वा विलिखन्तं वा घट्टयन्तं वा भिन्दन्तं वा न समनुजानीयात् यावज्जीवं त्रिविधं त्रिविधेन मनसा वाचा कायेन न करोमि न कारयामि कुर्वन्तमप्यन्यं न समनुजानामि तस्य हे भगवन् ! प्रतिक्रमामि निन्दामि गर्हामि आत्मानं व्युत्सृजामि ॥

**શબ્દાર્થ :– से** = તે (પૂર્વોક્ત પાંચ મહાવ્રતોને ધારણ કરનારા) **भिक्खू वा** = ભિક્ષુ, સાધુ અથવા **भिक्खुणी वा** = ભિક્ષુણી, સાધ્વી **संजय** = સંયત, સંયમ પાલનમાં નિરન્તર યત્નશીલ **विरय** = વિરત, વિવિધ પ્રકારના વ્રતોમાં રત **पडिहय** = ભૂતકાળના પાપને પ્રતિહત કરનારા **पच्चक्खायपावकम्मे** = વર્તમાન અને ભવિષ્યકાલ સંબંધી જેણે પાપકર્મોના પ્રત્યાખ્યાન કર્યા છે તેણે **दिआ वा राओ वा** = દિવસ હોય કે રાત્રિ હોય **एगओ वा परिसागओ वा** = એકલો હોય અથવા પરિષદમાં હોય **सुत्ते वा** = સુતો હોય કે **जागरमाणे वा** = જાગતો હોય **से** = તે **पुढविं वा** = પૃથ્વીને અથવા **भितिं वा** = ભીંત, નદીના તટની ભીંત, દીવાલ, પાળીને અથવા **सिलं वा** = શિલાને અથવા **लेलुं वा** = શિલા ખંડને, ઢેફાને, કાંકરાને, ઈંટને પથ્થરને અથવા **ससरक्खं वा कायं** = સચિત્ત રજથી ભરેલા શરીરને **ससरक्खं वा वत्थं** = સચિત્ત રજથી ભરેલા વસ્ત્રને **हत्थेण**

= હાથથી **वा** = અથવા **पाएण वा** = પગથી **कट्ठेण वा** = કાષ્ઠથી **किलिंचेण वा** = વાંસની ખપાટ, કાષ્ઠના ખંડથી **अंगुलियाए** = આંગળીથી **सिलागाए वा** = લોખંડની શલાકાથી, સળીથી **सिलागहत्थेण वा** = શલાકાના સમુદાયથી, લોખંડની સળીના સમૂહથી **ण आलिहिज्जा** = સચિત્ત પૃથ્વી પર લખે નહીં અથવા ખોદે કે ખોતરે નહીં **ण विलिहिज्जा** = વિશેષ લખે નહીં, વિશેષ ખોતરે નહીં, ચિતરે નહીં **ण घट्टिज्जा** = સ્પર્શ કરે નહીં, પરસ્પર અફળાવે નહીં **ण भिंदिज्जा** = સચિત્ત પૃથ્વીનું ભેદન કરે નહીં **अण्णं** = બીજા દ્વારા **ण आलिहाविज्जा** = લખાવે નહીં, ખોતરાવે નહીં, રેખા દોરે નહીં **ण विलिहाविज्जा** = વિશેષ લખાવે નહીં, વિશેષ ખોતરાવે નહીં **ण घट्टाविज्जा** = સચિત્ત પૃથ્વીનો સ્પર્શ કરાવે નહીં **ण भिंदाविज्जा** = ભેદન કરાવે નહીં **अण्णं** = બીજા **आलिहंतं वा** = આલેખન કરતા હોય અથવા **विलिहंतं वा** = વિશેષ આલેખન કરતા હોય, ખોતરતા હોય અથવા **घट्टंतं वा** = સ્પર્શ કરતા હોય અથવા **भिंदंतं वा** = ભેદન કરતા હોય, તેને **ण समणुजाणिज्जा** = અનુમોદન કરે નહીં.

**ભાવાર્થ :–** પૂર્વોક્ત મહાવ્રતધારી સાધુ અથવા સાધ્વી, કે જે સત્તર પ્રકારના સંયમમાં ઉપસ્થિત થયા છે અઢાર પાપોથી નિવૃત્ત થયા છે, ભૂતકાલના પાપોને પ્રતિહત(નાશ) કર્યા છે અને વર્તમાન તથા આગામી પાપોના પ્રત્યાખ્યાન કર્યા છે; તે સાધુ–સાધ્વી દિવસે કે રાત્રિએ, એકાકી હોય કે સમૂહમાં હોય, સૂતા હોય કે જાગતા હોય; કોઈપણ અવસ્થામાં તેઓએ પૃથ્વી, ભીંત, શિલા કે ઢેફાને તેમજ સચિત્ત રજયુક્ત શરીર કે સચિત્ત રજયુક્ત વસ્ત્રને હાથથી, પગથી, કાષ્ઠથી, વાંસની ખપાટથી, આંગળીથી, લોખંડની સળીથી કે તેના સમૂહથી ખોતરવું નહીં, વિશેષ ખોતરવો નહીં, સ્પર્શ કરવો નહીં, છેદન–ભેદન કરવું નહિ; બીજા પાસે કોતરાવવું, વિશેષ કોતરાવવું નહીં, સ્પર્શ કરાવવું નહીં, છેદન–ભેદન કરાવવું નહિ; કોતરનારા, વિશેષ કોતરનારા, સ્પર્શ કરનારા અને છેદન–ભેદન કરનારા અન્ય કોઈને અનુમોદન આપવું નહિ.

હે ભગવન્ ! પૃથ્વીકાય સંબંધી નિષેધ કરેલી આ સમસ્ત વિરાધનાઓ હું જીવન પર્યંત મનથી, વચનથી કે કાયાથી કરીશ નહિ, કરાવીશ નહિ તેમજ કરનારને અનુમોદન પણ આપીશ નહિ. ભૂતકાળે તે સંબંધી જે પાપ થયું હોય તેનાથી હું પાછો ફરું છું, તે પાપને આત્મસાક્ષીએ નિંદું છું અને આપની સાક્ષીએ ગર્હા કરું છું તેમજ હવેથી તેવા પાપકારી કર્મથી આત્માને પૃથક કરું છું અર્થાત્ તે પાપકારી કર્મોનો ત્યાગ કરું છું.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં પૃથ્વીકાયિક જીવોની રક્ષા માટે તે જીવોની વિરાધનાના ત્યાગનો પ્રતિજ્ઞા પાઠ છે.

પંચ મહાવ્રતોનો સ્વીકાર કરનાર શ્રમણ શ્રમણીઓ માટે છકાયના જીવોની વિરાધનાનો ત્યાગ કરવો અત્યંત આવશ્યક છે કારણ કે છ કાયની વિરાધનાના ત્યાગથી જ અહિંસા મહાવ્રતનું પાલન પૂર્ણ રીતે થાય છે. તે અંગે આ સૂત્રમાં સર્વપ્રથમ પૃથ્વીકાય જીવોની વિરાધનાના અનેક પ્રકાર દર્શાવી તેના પ્રત્યાખ્યાનનું નિરૂપણ કર્યું છે.

આ પ્રત્યાખ્યાન પાઠમાં ક્રમશઃ અહિંસા વ્રતમાં આરાધક નિર્ગ્રંથ મુનિઓની વિશેષતાઓ, તેઓના જીવનની સર્વ અવસ્થાઓ, રક્ષા યોગ્ય જીવોના પ્રકાર, વિરાધનાની વિવિધ પ્રવૃત્તિ, પ્રતિજ્ઞા પાલનનો

જીવન પર્યંતનો કાલ અને અંતે તેના ત્યાગ રૂપ પ્રતિજ્ઞા વચન છે.

**નિર્ગ્રંથ મુનિની વિશેષતા :–** મુનિ માટે પાંચ વિશેષણ પ્રયુક્ત છે. (૧) ભિક્ષુ–ભિક્ષુણી (૨) સંયત (૩) વિરત, (૪) પ્રતિહત પાપકર્મા (૫) પ્રત્યાખ્યાત પાપકર્મા.

(૧) જે ભિક્ષાથી જીવન નિર્વાહ કરે છે તે **ભિક્ષુ ભિક્ષુણી**. ભિક્ષાથી નિર્વાહ કરનાર તો તાપસ, સંન્યાસીઓ પણ હોય છે, તેથી "સંયત" આદિ વિશેષણ આપ્યા છે. (૨) ૧૭ પ્રકારના સંયમનું પાલન કરે તે **સંયત.** *[સત્તર પ્રકારના સંયમ માટે જુઓ– અધ્યયન–૧, સૂત્ર–૧.]* (૩) સર્વ પ્રકારની પાપ પ્રવૃત્તિથી વિરામ પામેલા તેમજ વિવિધ પ્રકારના તપમાં રત રહે તે **વિરત**. (૪) જેણે પ્રાયશ્ચિત આદિ દ્વારા અતીતકાલીન પાપકર્મોનો નાશ કર્યો છે તે **પ્રતિહત પાપકર્મા** (૫) જે વર્તમાનમાં પાપ પ્રવૃત્તિનો નિરોધ કરી સંવરભાવમાં સ્થિત છે અને ભવિષ્યમાં પાપ પ્રવૃત્તિ ન કરવાના જેણે પ્રત્યાખ્યાન કર્યા છે તે **પ્રત્યાખ્યાત પાપકર્મા.** આ પાંચ વિશેષણો દ્વારા મુનિના પાપ ત્યાગની પૂર્ણતા પ્રગટ કરી છે.

**છ અવસ્થાઓ :–** (૧) દિવસ હોય (૨) રાત્રિ હોય (૩) એકાંતમાં હોય (૪) પરિષદમાં(સમૂહમાં) હોય (૫) સૂતેલો હોય (૬) જાગૃત હોય; સાધુ જીવનની પ્રતિજ્ઞાઓનું પાલન આ દરેક અવસ્થામાં જીવન પર્યંત કરવું આવશ્યક છે. કારણ કે સાધુએ પ્રતિજ્ઞાઓનું પાલન આત્મહિત માટે જ કરવાનું છે તેથી તેના માટે કોઈ પણ ક્ષેત્ર, કાલ કે અવસ્થાનો અપવાદ હોતો નથી.

**પૃથ્વીકાયના છ રૂપ :–** (૧) સચિત્ત ભૂમિ (૨) નદીની પાળી, ભીંત, દીવાલ અથવા પર્વતની તિરાડ (૩) પથ્થરની મોટી શિલા (૪) શિલા ખંડ, પથ્થર, ઢેફું, કાંકરા આદિ (૫) શરીર ઉપર લાગેલી સચિત્ત રજ (૬) વસ્ત્રાદિ ઉપકરણો પર લાગેલી સચિત્ત રજ.

**પૃથ્વીકાયની વિરાધનાના નિમિત્ત સાત સાધન :–** (૧) હાથ (૨) પગ (૩) લાકડું (૪) વાંસની ખપાટ, લાકડાનો ટુકડો (૫) આંગળી (૬) લોખંડના સળિયા, ખીલી વગેરે (૭) સળીઓનો સમૂહ.

**વિરાધનાની બાર પદ્ધતિનો ત્યાગ :–** (૧) સચિત્ત પૃથ્વીમાં હાથ આદિથી લીટી પાડવી, પૃથ્વીને ખોતરવી, (૨) વિશેષ ખોતરવી (૩) સચિત્ત પૃથ્વીનો સ્પર્શ કરવો કે તેનાથી અફળાવવું(અથડાવવું) (૪) છેદન–ભેદન કરવું; આ ચારે ય ક્રિયાઓ સ્વયં કરવી. (૫–૮) અન્ય પાસે આ ચારે ય ક્રિયાઓ કરાવવી (૯–૧૨) આ ક્રિયાઓ કરનારને અનુમોદન આપવું.

તાત્પર્ય એ છે કે ભિક્ષુ પોતાની દિન–રાતની સમસ્ત અવસ્થાઓમાં સર્વ પ્રકારના પૃથ્વીકાયિક જીવોની, કોઈપણ સાધનથી, કોઈપણ પદ્ધતિ–પ્રવૃત્તિથી, સર્વ ક્ષેત્રકાલમાં; મન, વચન, કાયાથી, વિરાધના કરે નહીં, કરાવે નહીં અને તેનું અનુમોદન પણ કરે નહીં.

સૂત્રમાં આલેખન આદિ સામાન્ય ક્રિયાઓનું કથન છે. તેથી સ્પષ્ટ થાય છે કે સાધુ સામાન્ય ક્રિયા દ્વારા થતી હિંસાનો ત્યાગ કરે છે. તો સ્થૂલ સાધનો(શસ્ત્રો) દ્વારા થતી જીવ હિંસાનો તેઓને સર્વથા ત્યાગ હોય તે સહજ સમજી શકાય છે.

**आलिहिज्जा– :–** આલેખન કરવું, ખોદવું, ચિતરવું, રેખા કરવી, ઘસવું આદિ.

**विलिहिज्जा :–** આલેખન આદિ ક્રિયાઓ વારંવાર કે વધારે કરવી.

**घट्टेज्जा(घट्टन) :–** ચલાવવું, સંઘટ્ટો કરવો, સ્પર્શ કરવો **भिंदेज्जा** છેદન–ભેદન કરવું, ભેદ કરવો, તોડવું, વિદારવું, બે ત્રણ ભાગ કરવા.

## અપ્કાયની યતના : હિંસા ત્યાગ :-

**१५ से भिक्खू वा भिक्खुणी वा संजय-विरय-पडिहय-पच्चक्खाय पावकम्मे दिया वा राओ वा एगओ वा परिसागओ वा सुत्ते वा जागरमाणे वा; से उदगं वा ओसं वा हिमं वा महियं वा करगं वा हरतणुगं वा सुद्धोदगं वा उदउल्लं वा कायं, उदउल्लं वा वत्थं, ससिणिद्धं वा कायं, ससिणिद्धं वा वत्थं, ण आमुसिज्जा, ण संफुसिज्जा, ण आवीलिज्जा ण पवीलिज्जा, ण अक्खोडिज्जा ण पक्खोडिज्जा, ण आयाविज्जा, ण पयाविज्जा, अण्णं ण आमुसाविज्जा, ण संफुसाविज्जा, ण आवीलाविज्जा ण पवीलाविज्जा, ण अक्खोडाविज्जा, ण पक्खोडाविज्जा, ण आयाविज्जा ण पयाविज्जा, अण्णं आमुसंतं वा संफुसंतं वा आविलंतं वा पवीलंतं वा अक्खोडंतं वा पक्खोडंतं वा आयावंतं वा पयावंतं वा ण समणुजाणिज्जा; जावज्जीवाए तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं, ण करेमि ण कारवेमि करंतंपि अण्णं ण समणुजाणामि; तस्स भंते ! पडिक्कमामि, णिंदामि गरिहामि अप्पाणं वोसिरामि ।**

**છાયાનુવાદ :** स भिक्षुर्वा भिक्षुकी वा संयतविरतप्रतिहतप्रत्याख्यातपापकर्मा दिवा वा रात्रौ वा एक्को वा परिषद्गतो वा सुप्तो वा जाग्रद्वा स उदकं वा अवश्याय वा हिमं वा मिहिकां वा करकं वा हरितनुकं वा शुद्धोदकं वा उद्कार्द्रं वा कायं, उदकार्द्रं वा वस्त्रं, सस्निग्धं वा कायं, सस्निग्धं वा वस्त्रं; नाऽऽमृशेत् न संस्पृशेत् नाऽऽपीडयेत् न प्रपीडयेत् नाऽऽस्फोटयेत् न प्रस्फोटयेत्, नऽऽतापयेत् न प्रतापयेत्, अन्येन नऽऽमर्शयेत् न संपृशेन्नाऽऽपीडयेन्ना प्रपीडयेत् नास्फोटयेन्ना प्रस्फोटयेन्नातापयेन्न प्रतापयेदन्यं आमृशन्तं वा संस्पृशन्तं वा आपीडयन्तं वा प्रपीडयन्तं वा आस्फोटयन्तं प्रस्फोटयन्तं वा आतापयन्तं वा प्रतापयन्तं वा न समनुजानीयात् यावज्जीवं त्रिविधम् त्रिविधेन मनसा वाचा कायेन न करोमि न कारयामि कुर्वन्तमप्यन्यं न समनुजानामि, तस्य भदन्त ! प्रतिक्रमामि निन्दामि गर्हामि आत्मानं व्युत्सृजामि ॥

**શબ્દાર્થ :– उदगं वा** = જમીનમાંથી નીકળતું વાવ, બોરિંગ, પંપ કે કૂવા આદિનું પાણી કે **ओसं वा**

= ઓસનું–ઝાકળનું પાણી કે **हिमं वा** = બરફનું પાણી અથવા **महियं वा** = ધુમ્મસનું પાણી અથવા **करगं वा** = કરાનું પાણી અથવા **हरितणुगं वा** = લીલા ઘાસ પર રહેલાં બિન્દુઓ અથવા **सुद्धोदगं** = વર્ષાનું પાણી **उदउल्लं वा कायं** = સચિત્ત પાણીથી નીતરતી કાયાને અથવા **ससिणिद्धं वा वत्थं** = સચિત્ત પાણીથી ભિંજાયેલા વસ્ત્રને **ण आमुसिज्जा** = એકવાર સ્પર્શ ન કરે **ण संफुसिज्जा** = વારંવાર સ્પર્શ ન કરે **ण आवीलिज्जा** = થોડું પણ દબાવે નહીં, નીચોવે નહીં **ण पवीलिज्जा** = વારંવાર નીચોવે નહીં **ण अक्खोडिज्जा** = એકવાર ઝાટકે નહીં **ण पक्खोडिज्जा** = વારંવાર ઝાટકે નહીં **ण आयाविज्जा** = ઘર્ષણથી કે સૂર્યના તાપથી એકવાર સુકાવે નહીં **ण पयाविज्जा** = વારંવાર સુકાવે નહીં **अण्णं** = બીજા દ્વારા **ण आमुसाविज्जा** = એકવાર સ્પર્શ કરાવે નહીં **ण संफुसाविज्जा** = વારંવાર સ્પર્શ કરાવે નહીં **ण आवीलाविज्जा** = એકવાર નીચોવરાવે નહીં **ण पवीलाविज्जा** = વારંવાર નીચોવરાવે નહીં **ण अक्खोडाविज्जा** = એકવાર ઝટકાવે નહીં **ण पक्खोडाविज्जा** = વારંવાર ઝટકાવે નહીં **ण आयाविज्जा** = એકવાર બીજા પાસે આતાપિત કરાવે નહીં, સુકાવડાવે નહીં **ण पयाविज्जा** = બીજા પાસે વારંવાર સુકાવડાવે નહીં, આતાપિત કરાવે નહીં **अण्णं आमुसंतं वा** = એકવાર સ્પર્શ કરનારાની અથવા **संफुसंतं वा** = વારંવાર સ્પર્શ કરનારાની અથવા **आवीलंतं वा** = એકવાર નીચોવનારાની અથવા **पवीलंतं वा** = વારંવાર નીચોવનારાની **अक्खोडंतं वा** = એકવાર ઝાટકનારાની અથવા **पक्खोडंतं वा** = વારંવાર ઝાટકનારાની અથવા **आयावंतं वा** = એકવાર સૂકાવનારાની, તપાવનારાની અથવા **पयावंतं वा** = વારંવાર સૂકાવનારાની, વારંવાર તપાવનારાની **ण समणुजाणिज्जा** = અનુમોદના કરે નહીં.

**ભાવાર્થ :–** મહાવ્રતધારી સાધુ અથવા સાધ્વી, જે સત્તર પ્રકારના સંયમમાં ઉપસ્થિત થયા છે, અઢાર પાપોથી નિવૃત્ત થયા છે, ભૂતકાલના પાપોને પ્રતિહત(નાશ) કર્યા છે અને વર્તમાન તથા આગામી પાપોના પ્રત્યાખ્યાન કર્યા છે, તે સાધુ–સાધ્વી દિવસે કે રાત્રિએ, એકાકી હોય કે સમૂહમાં હોય, સૂતા હોય કે જાગતા હોય; કોઈપણ અવસ્થામાં તેઓએ કૂવા, તળાવ આદિનું પાણી તથા ઓસ, બરફ, ધુમ્મસ, કરાનું પાણી તેમજ લીલા છોડ ઉપર પડેલા જલબિન્દુઓ; વર્ષાનું પાણી, સચિત્ત પાણીથી નીતરતી કાયા અથવા સચિત્ત પાણીથી નીતરતા વસ્ત્ર, પાણીથી, સ્નિગ્ધ કાયા અથવા સ્નિગ્ધ–ભીનું વસ્ત્ર વગેરેને મુનિએ એકવાર કે વારંવાર સ્પર્શ કરવો નહિ; એકવાર કે વારંવાર નીચોવવો નહિ, એકવાર કે વારંવાર ઝાટકવું નહિ, એકવાર કે વારંવાર સુકાવવું નહિ, તેમજ અન્ય પાસે એકવાર કે વારંવાર સ્પર્શ કરાવવો નહિ, એકવાર કે વારંવાર નીચોવાવવું નહિ, એકવાર કે વારંવાર ઝટકાવવું નહિ, એકવાર કે વારંવાર સુકવાવવું નહિ, વળી બીજો કોઈ એકવાર કે વારંવાર સ્પર્શ કરતો હોય, નીચવતો હોય, ઝાટકતો હોય કે સૂકવતો હોય તેને અનુમોદન આપવું નહિ.

હે ભગવન્ ! અપ્કાય સંબંધી નિષેધ કરેલી આ સમસ્ત વિરાધનાઓ હું જીવન પર્યંત મનથી, વચનથી અને કાયાથી કરીશ નહિ, કરાવીશ નહિ તેમજ કરનારને અનુમોદન પણ આપીશ નહિ. ભૂત–કાળે તત્સંબંધી જે પાપ થયું હોય તેનાથી હું પાછો ફરું છું, તે પાપને આત્મસાક્ષીએ નિંદુ છું અને આપની સાક્ષીએ તે પાપની ગર્હા કરું છું, તેમજ હવેથી તેવા પાપકારી કાર્યથી મારા આત્માને અળગો કરું છું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અપ્કાયના વિવિધરૂપો અને તેની વિરાધનાજન્ય વિવિધ પ્રવૃત્તિઓનું કથન છે, જે ભાવાર્થથી સ્પષ્ટ છે.

તેની વિરાધનાની મુખ્ય ચાર ક્રિયા સૂત્રમાં કહી છે યથા– સ્પર્શ કરવું, નીચોવવું, ઝાટકવું કે સૂકવવું. તે ચારે ય ક્રિયાને વારંવાર કરવાથી કુલ આઠ ક્રિયાઓ થાય છે. આ ક્રિયાઓથી પાણીના જીવોની વિરાધના થાય છે.

અપ્કાયના જીવો અત્યંત કોમળ છે. તે જીવોને અન્ય શસ્ત્રનો સંયોગ થયા વિના પણ તેનો સ્પર્શ કરવાથી કે પાણીથી ભીના વસ્ત્રને નીચોવવા વગેરેથી પણ જીવોને પીડા થાય છે. તેથી સાધકની પ્રત્યેક પ્રવૃત્તિ અત્યંત યતનાપૂર્વકની હોવી જરૂરી છે.

**અગ્નિકાયની યતના : હિંસા ત્યાગ :–**

**१६ से भिक्खू वा भिक्खूणी वा संजय-विरय-पडिहय पच्चक्खाय पावकम्मे; दिया वा राओ वा एगओ वा परिसागओ वा सुत्ते वा जागरमाणे वा; से अगणिं वा इंगालं वा मुम्मुरं वा अच्चिं वा जालं वा अलायं वा सुद्धागणिं वा उक्कं वा; ण उंजिज्जा ण घट्टिज्जा ण भिंदिज्जा ण उज्जालिज्जा ण पज्जालिज्जा ण णिव्वाविज्जा; अण्णं ण उंजाविज्जा ण घट्टावेज्जा ण भिंदाविज्जा, ण उज्जालाविज्जा ण पज्जालाविज्जा ण णिव्वाविज्जा; अण्णं उंजंतं वा घट्टंतं वा भिंदंतं वा उज्जालंतं वा पज्जालंतं वा णिव्वावंतं वा ण समणुजाणेज्जा; जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं ण करेमि ण कारवेमि करंतं पि अण्णं ण समणुजाणामि । तस्स भंते ! पडिक्कमामि णिंदामि गरिहामि अप्पाणं वोसिरामि ।**

**છાયાનુવાદ :** स भिक्षुर्वा भिक्षुकी वा संयतविरत-प्रतिहतप्रत्याख्यात-पापकर्मा; दिवा वा रात्रौ वा, एक्को वा परिषद्गतो वा सुप्तो वा जाग्रद्वा सोऽग्निं वाऽङ्गारं वा मुर्मुरं वाअर्च्चीं वा ज्वालां वा अलातं वा शुद्धाग्निं वा अल्कां वा नो उत्सिञ्चेत् न घट्टयेत् न भिन्द्यान्नोज्जवालयेन्न प्रज्वालयेन्न निर्वापयेदन्यं नोत्सेचयेन्न घट्टयेन्न भेदयेन्नोज्वालयेन्न प्रज्जवालयेन्न निर्वापयेदन्यं उत्सिञ्चन्तं वा घट्टयन्तं वा भिन्दन्तं वोज्जवालयन्तं वा प्रज्वालयन्तं वा निर्वापयन्तं वा न समनुजानीयात् यावज्जीवं त्रिविधं त्रिविधेन मनसा वाचा कायेन न करोमि न कारयामि कुर्वन्तमप्यन्यं न समनुजानामि तस्य भदन्त ! प्रतिक्रमामि निन्दामि गर्हामि आत्मानं व्युत्सृजामि॥

**શબ્દાર્થ :– अगणिं वा** = અગ્નિને અથવા **इंगालं** = જ્વાળા રહિત કોલસા અથવા ધૂમાડા રહિત બળતા લાકડાની અગ્નિ, અંગારાની અગ્નિને **मुम्मुरं** = બકરીની લીંડી વગેરેના અગ્નિને **अच्चिं** = મૂળ અગ્નિથી છૂટી પડેલી જ્વાળાને, તણખાઓને **जालं** = અગ્નિ સાથે સંયુક્ત જ્વાળાને **अलायं** = ઊંબાડાની અગ્નિને **सुद्धागणिं** = કાષ્ઠ વિનાના શુદ્ધ અગ્નિને **उक्कं** = ઉલ્કાપાત–વિજળી વગેરેના અગ્નિને **ण उंजिज्जा** = સિંચન ન કરે, અગ્નિને વધારવા કાષ્ઠાદિ નાંખે નહીં **ण घट्टिज्जा** = સંઘટ્ટન ન કરે **ण भिंदिजा** = ભેદન ન કરે **ण उज्जालिज्जा** = પંખા આદિની– હવાથી પ્રજ્વલિત ન કરે **ण पज्जालिज्जा** = વધારે પ્રજ્વલિત ન કરે **ण णिव्वाविज्जा** = ઠારે નહિ **अण्णं** = અન્ય દ્વારા **ण उंजाविज्जा** = સિંચન કરાવે નહિ **ण घट्टाविज्जा** = સંઘટ્ટન કરાવે નહિ **ण भिंदाविज्जा** = ભેદન કરાવે નહિ **ण उज्जालाविज्जा** = પંખાદિ દ્વારા અગ્નિને પ્રજ્વલિત કરાવે નહિ **ण पज्जालाविज्जा** = પવન દ્વારા વિશેષ પ્રજ્વલિત કરાવે નહિ **ण णिव्वाविज्जा** = ઠરાવે નહિ **उंजंतं** = સિંચન કરનારાને **घट्टंतं वा** = સંઘટ્ટન કરનારાને **भिंदंतं** = ભેદન કરનારાને **उज्जालंतं** = પંખાદિ દ્વારા પ્રચંડ કરનારાને **पज्जालंतं** = પવનથી વિશેષ પ્રચંડ કરનારાને **णिव्वावंतं** = ઠારનારને **ण समणुजाणिज्जा** = અનુમોદના કરે નહિ.

**ભાવાર્થ :–** મહાવ્રતધારી સાધુ અથવા સાધ્વી જે સત્તર પ્રકારના સંયમમાં ઉપસ્થિત થયા છે, અઢાર પાપોથી નિવૃત્ત થયા છે, ભૂતકાલના પાપોને પ્રતિહત(નાશ) કર્યા છે અને વર્તમાન તથા આગામી પાપોના પ્રત્યાખ્યાન કર્યા છે; તે સાધુ–સાધ્વી દિવસે કે રાત્રિએ, એકાકી હોય કે સમૂહમાં હોય, સૂતા હોય કે જાગતા હોય, કોઈપણ અવસ્થામાં તેઓ કાષ્ઠની અગ્નિ, કોલસાના અંગારાની અગ્નિ, બકરીની લીંડી વગેરેની અગ્નિ, ચિણગારી કે છૂટી પડેલી જ્વાલા, દીપ વગેરે શિખાની અગ્નિ, ઊંબાડાની અગ્નિ, ઉલ્કાપાત કે વિજળી વગેરેની અગ્નિ, શુદ્ધ લોઢાની અગ્નિને કાષ્ઠાદિ નાંખી સિંચન કરે નહીં, સંઘટન કરે નહીં, ભેદન કરે નહીં, પવન નાંખીને પ્રજ્વલિત કે વિશેષ પ્રજ્વલિત કરે નહીં કે ઠારે નહીં, અન્ય પાસે સિંચન કરાવે નહીં, સંઘટન કરાવે નહીં, ભેદન કરાવે નહીં, પ્રજ્વલિત કે વિશેષ પ્રજ્વલિત કરાવે નહીં કે તેને ઠરાવે નહીં; અન્ય તેને સિંચન, સંઘટન, ભેદન, પ્રજ્વલિત, વિશેષ પ્રજ્વલિત કરતા હોય કે બુઝાવતા હોય તો તેને અનુમોદન આપે નહીં.

હે ભગવન્ ! અગ્નિકાય સંબંધી નિષેધ કરેલી આ સમસ્ત વિરાધનાઓ હું જીવન પર્યંત મનથી, વચનથી અને કાયાથી કરીશ નહિ, કરાવીશ નહિ તેમજ કરનારને અનુમોદન પણ આપીશ નહિ. ભૂતકાળે તત્સંબંધી જે પાપ થયું હોય તેનાથી હું નિવૃત્ત થાઉં છું. તે પાપને આત્મસાક્ષીએ નિંદુ છું અને આપની સાક્ષીએ તે પાપને ધિક્કારું છું; તેમજ તેવા પાપકારી કાર્યથી મારા આત્માને અલગ કરું છું.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં અગ્નિકાય જીવોના વિવિધ પ્રકાર અને તેની વિરાધનાજન્ય વિવિધ ક્રિયાઓના ઉલ્લેખ સહિત તત્સંબંધી સાધકની પ્રતિજ્ઞાનું કથન છે.

**અગ્નિકાયના આઠ રૂપ :– (૧) अगणिं** = અગ્નિ. તપ્ત લોખંડની સ્પર્શ ગ્રાહ્ય ઉષ્ણતા. **(૨) इंगालं**

= અંગારા, જ્વાળા રહિત બળતા કોલસા અને ધૂમાડા રહિત બળતા લાકડાના ટૂકડા **(૩) मुर्मुरं** = છાણાની અગ્નિ, ભૂસીની અગ્નિ, રાખ આદિમાં રહેલાં અગ્નિકણ–ઢેખાળા. **(૪) अच्चिं** = દીપ શિખાનો અગ્ર ભાગ, જ્યોત, આકાશ અનુગત મૂળ અગ્નિથી તૂટેલી જ્વાળા. **(૫) जालं** = મૂળ અગ્નિ સાથે પ્રતિબદ્ધ અગ્નિની જ્વાળા. **(૬) अलायं** = ભઠ્ઠાની અગ્નિ, અર્ધા બળેલા કાષ્ઠની અગ્નિ અને મશાલ.**(૭) सुद्धागणिं** = કાષ્ઠાદિ રહિત અગ્નિ. **(૮) उक्कं** = ઉલ્કાપાત, વીજળી તેમજ આકાશમાંથી પડતાં તણખા. સૂત્રોક્ત આ સર્વ અગ્નિ સચેત છે; જેનો ઉપયોગ સાધુ–સાધ્વી માટે વર્જિત છે. પરંતુ તેજોલેશ્યાના તાપમય પુદ્‌ગલ, મણિ આદિના પ્રકાશમય પુદ્‌ગલ અચેત હોય છે.

**વિરાધનાની છ ક્રિયા :–** અગ્નિના આઠ રૂપ દર્શાવીને તેની વિરાધના માટે સૂત્રકારે છ ક્રિયાઓનું કથન કર્યું છે. યથા– **(૧) उंज्जेज्जा** = ઉત્સિંચન. અગ્નિમાં કાષ્ટાદિ નાંખવા. **(૨) घट्टिज्जा** = સજાતીય પદાર્થ અથવા અન્ય પદાર્થથી પરસ્પર સંઘર્ષણ કરવું, હલાવવું. **(૩) भिंदिज्जा**– ભેદન કરવું, ટુકડા કરવા. સળગતા લાકડાના બે ટુકડા કરવા **(૪) उज्जालिज्जा**– પવન વગેરે દ્વારા અગ્નિ પ્રજ્વલિત કરવી. **(૫) पज्जालिज्जा**– અગ્નિને વિશેષ પ્રજ્વલિત કરવી. **(૬) निव्वाविज्जा**– રેતી, પાણી વગેરે કોઈ પણ પ્રયોગથી અગ્નિને બુઝાવવી.

આ સર્વ ક્રિયાઓથી અગ્નિકાયના જીવોની વિરાધના થાય છે. તેથી સાધુ તેનો સર્વથા ત્યાગ કરે.

## વાયુકાયની યતના : હિંસા ત્યાગ :–

**૧૭ से भिक्खू वा भिक्खूणी वा संजय–विरय–पडिहय–पच्चक्खाय–पावकम्मे, दिया वा राओ वा एगओ वा परिसागओ वा सुत्ते वा जागरमाणे वा, से सिए ण वा विहुयणेण वा तालियंटेण वा पत्तेण वा, पत्तभंगेण वा साहाए वा साहाभंगेण वा पिहुणेण वा पिहुणहत्थेण वा चेलेण वा चेलकण्णेण वा, हत्थेण वा मुहेण वा अप्पणो वा कायं, बाहिरं वावि पुग्गलं, ण फुमिज्जा, ण वीएज्जा; अण्णं ण फुमाविज्जा, ण वीयाविज्जा; अण्णं फुमंतं वा, वीयंतं वा, ण समणुजाणिज्जा; जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं ण करेमि ण कारवेमि करंतं पि अण्णं ण समणुजाणामि; तस्स भंते ! पडिक्कमामि णिंदामि गरिहामि अप्पाणं वोसिरामि ।**

**છાયાનુવાદ : स भिक्षुर्वा भिक्षुकी वा संयतविरतप्रतिहतप्रत्याख्यातपापकर्मा दिवा वा रात्रौ वा एक्को वा परिषद्गतो वा सुप्तो वा जाग्रद्वा अथ सितेन वा विधुवनेन वा तालवृन्तेन वा पत्रेण वा पत्रभङ्गेन वा शाखया वा शाखाभङ्गेन वा पेहुणेण वा पेहुणहस्तेन वा चेलेन वा चेलकर्णेन वा हस्तेन वा मुखेन वा; आत्मनो वा कायं, बाह्यं वाऽपि पुद्गलं न फूत्कुर्यान्न व्यजेत् न फूत्कारयेन्न व्याजयेत् अन्यं फूत्कुर्वन्तं वा**

**व्यजन्तं वा न समनुजानीयात् यावज्जीवं त्रिविधं त्रिविधेन मनसा वाचा कायेन न करोमि न कारयामि कुर्वन्तमप्यन्यं न समनुजानामि। तस्य भदन्त ! प्रतिक्रमामि निन्दामि गर्हामि आत्मानं व्युत्सृजामि ॥१७॥**

**શબ્દાર્થ :–** **सिएण** = શ્વેત ચામરથી **विहुयणेण** = પંખાથી **तालियंटेण** = તાડ વૃક્ષના પંખાથી **पत्तेण** = કમળ આદિના પાનથી **पत्तभंगेण** = કેળના પાંદડાના ટુકડાથી **साहाए** = શાખાથી **साहाभंगेण** = શાખાઓના ટુકડાથી **पिहुणेण** = મયૂરની પીંછીથી **पिहुणहत्थेण वा** = મોરપીંછાઓની પૂંજણીથી **चेलेण** = વસ્ત્રથી **चेलकण्णेण** = વસ્ત્રના ટુકડાથી, વસ્ત્રના છેડાથી **हत्थेण** = હાથથી **मुहेण** = મુખથી **अप्पणो वा कायं** = પોતાના શરીરને **बाहिरं वा वि पुग्गलं** = બહારના પુદ્ગલોને **ण फुमिजा** = ફૂંક મારે નહિ **ण वीएज्जा** = પંખાદિથી વીંઝે નહિ **अण्णं** = બીજા દ્વારા **ण फुमाविज्जा वा** = ફૂંક મરાવે નહિ **ण वीयाविज्जा** = પંખાદિથી વીંઝાવે નહિ અને **फुमंतं वा** = ફૂંક મારતા હોય **वीयंतं वा** = પંખાદિથી પવન વીંઝતા હોય **अण्णं** = બીજી કોઈ વ્યક્તિની **ण समणुजाणिज्जा** = અનુમોદના કરે નહિ.

**ભાવાર્થ :–** મહાવ્રત ધારી સાધુ અથવા સાધ્વી જે સત્તર પ્રકારના સંયમમાં ઉપસ્થિત થયા છે, અઢાર પાપોથી નિવૃત્ત થયા છે, ભૂતકાલના પાપોને પ્રતિહત(નાશ) કર્યા છે અને વર્તમાન તથા આગામી પાપોના પ્રત્યાખ્યાન કર્યા છે; તે સાધુ–સાધ્વી દિવસે કે રાત્રિએ, એકાકી હોય કે સમૂહમાં હોય, સૂતા હોય કે જાગતા હોય; કોઈપણ અવસ્થામાં તેઓએ ચામરથી, પંખાથી, તાડપત્રથી, પાંદડાથી કે પાંદડાના ટુકડાથી, વૃક્ષની શાખાથી કે શાખાના ટુકડાથી, મોરપીંછથી કે મોરપીંછના સમૂહથી, વસ્ત્રથી કે વસ્ત્રના છેડાથી, હાથથી કે મુખથી; પોતાની કાયાને (ગરમીથી રક્ષણ કરવા માટે) કે બહારના ઉષ્ણ પુદ્ગલને ઠારવા માટે ફૂંક મારવી નહીં કે વીંજણાથી વાયુ નાખવો નહીં, બીજા પાસે ફૂંક મરાવવી નહીં કે વીંજણાથી વાયુ નંખાવવો નહીં, અન્ય કોઈ ફૂંક મારતો હોય કે વીંજણાથી વાયુ નાંખતો હોય તો તેની અનુમોદના કરવી નહીં.

હે ભગવન્ ! વાયુસંબંધી નિષેધ કરેલી આ સમસ્ત વિરાધનાઓ હું જીવનપર્યંત મનથી, વચનથી, કે કાયાથી કરીશ નહિ, કરાવીશ નહિ, તેમજ અનુમોદન પણ આપીશ નહિ. ભૂતકાળે તત્સંબંધી જે પાપ થયું હોય તેનાથી હું નિવૃત્ત થાઉં છું, તે પાપને આત્મસાક્ષીએ હું નિંદુ છું અને આપની સમક્ષ તે પાપની ગર્હા કરું છું તેમજ હવે પછી તેવા પાપકારી કર્મથી મારા આત્માને અલગ કરું છું.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં વાયુની વિરાધનાના સાધનો અને વિરાધનાની રીત પ્રદર્શિત કરીને તત્સંબંધી પ્રતિજ્ઞા વચનનું કથન છે.

**વાયુકાયની વિરાધનાના સાધનો :–** સૂત્રમાં વાયુકાયની વિરાધનાના ચામરાદિ ૧૩ સાધનોનું કથન કર્યું છે અને તે વિરાધનાના આધારભૂત પદાર્થ શરીર અને પુદ્ગલને કહ્યા છે– શરીરમાં થતી ગરમીને શાંત કરવા અને ઉષ્ણજલ આદિને શીતલ કરવા માટે સૂત્રોક્ત વાયુકાયની વિરાધનાજન્ય પ્રવૃત્તિ થાય છે. ભિક્ષુ

તે સર્વપ્રવૃત્તિનો ત્યાગ કરે છે.

**सिएण :–** શ્વેત ચામર. આ શબ્દની સંસ્કૃત છાયા **सित** થાય છે. તેનો અર્થ 'શ્વેત' થાય છે, ચામર શ્વેત હોય છે. તેથી **सिएण** નો અર્થ શ્વેત ચામર કરવામાં આવે છે. ચામરના વિશેષણ તરીકે પ્રયુક્ત "શ્વેત" શબ્દ પરંપરાથી **ચામર** માટે રૂઢ થઈ ગયો છે. અન્ય શબ્દોના અર્થ શબ્દાર્થમાં આપ્યા છે. નિશીથ ભાષ્યમાં **सिएण** ના સ્થાને **सुप्पे** = સૂપડું શબ્દ પ્રયોગ છે.

**વનસ્પતિકાયની યતના : હિંસા ત્યાગ :–**

**१८** **से भिक्खू वा भिक्खुणी वा संजयविरयपडिहयपच्चक्खायपावकम्मे, दिया वा राओ वा एगओ वा परिसागओ वा सुत्ते वा जागरमाणे वा, से बीएसु वा बीयपइट्ठेसु वा रूढेसु वा रुढपइट्ठेसु वा जाएसु वा जायपइट्ठेसु वा हरिएसु वा हरियपइट्ठेसु वा छिण्णेसु वा छिण्णपइट्ठेसु वा सचित्तेसु वा सचित्तकोलपडि–णिस्सिएसु वा, ण गच्छेज्जा ण चिट्ठेज्जा ण णिसीएज्जा ण तुयट्टेज्जा; अण्णं ण गच्छावेज्जा ण चिट्ठावेज्जा ण णिसीयावेज्जा ण तुयट्टावेज्जा; अण्णं गच्छंतं वा चिट्ठंतं वा णिसीयंतं वा तुयट्टंतं वा ण समणुजाणिज्जा, जावज्जीवाए; तिविहं तिविहेणं मणेणं वायाए काएणं ण करेमि, ण कारवेमि, करंतं पि अण्णं ण समणुजाणामि; तस्स भंते ! पडिक्कमामि णिंदामि गरिहामि अप्पाणं वोसिरामि ।**

**છાયાનુવાદ :** स भिक्षुर्वा भिक्षुकी वा संयतविरत–प्रतिहतप्रत्याख्यात–पापकर्मा दिवा वा रात्रौ वा एक्को वा परिषद्‌गतो वा सुप्तो वा जाग्रद्वा स बीजेषु वा बीजप्रतिष्ठितेषु वा रूढेषु वा रूढप्रतिष्ठितेषु वा जातेषु वा जातप्रतिष्ठितेषु वा हरितेषु वा हरितप्रतिष्ठितेषु वा छिन्नेषु वा छिन्नप्रतिष्ठितेषु वा सचित्तेषु वा सचित्तकोलप्रतिनिश्रितेषु वा न गच्छेन्न तिष्ठेन्न निषीदेन्न त्वग्वर्त्तयेदन्यं न गमयेन्न स्थापयेन्न निषीदयेन्न स्वापयेदन्यं गच्छन्तं वा तिष्ठन्तं वा निषीदन्तं वा स्वपन्तं वा न समनुजानीयात् यावज्जीवं त्रिविधं त्रिविधेन मनसा वाचा कायेन न करोमि न कारयामि कुर्वन्तमप्यन्यं न समनुजानामि तस्य भदन्त ! प्रतिक्रमामि निन्दामि गर्हामि आत्मानं व्युत्सृजामि ॥

**શબ્દાર્થ :– बीएसु** = બીજો પર, અનાજના કણ વગેરે પર **बीयपइट्ठेसु** = બીજોની ઉપર રાખેલા વસ્ત્રાદિ પદાર્થ પર **रूढेसु** = અંકુરા ઉપર **रूढपइट्ठेसु वा** = અંકુરા પર પ્રતિષ્ઠિત પદાર્થો પર **जाएसु** = ઉગેલા પુષ્પો પર, ગુચ્છો પર **जायइपट्ठेसु** = ઉગેલા ગુચ્છ પર રહેલી વસ્તુઓ પર **हरिएसु** = હરિત દૂર્વાદિ પર **हरियपइट्ठेसु वा** = હરિત પ્રતિષ્ઠિત પદાર્થો પર **छिण्णेसु वा** = છેદન કરેલી વૃક્ષાદિની શાખાઓ પર **छिण्णपइट्ठेसु वा** = તેના પર પ્રતિષ્ઠિત પદાર્થો પર **सचित्तेसु** = અન્ય સચિત્ત પદાર્થો પર **सचित्तकोल– पडिणिस्सिएसु** = સચિત્તઘુણાદિ જીવોની ઉત્પત્તિ યુક્ત કાષ્ઠ

ઉપર **ण गच्छेज्जा** = ચાલે નહીં **ण चिट्ठेज्जा** = ઊભો રહે નહીં **ण णिसीएज्जा** = બેસે નહીં **ण तुयट्टेज्जा** = સૂવે નહીં **अण्णं** = અન્ય વ્યક્તિને **ण गच्छावेज्जा** = ચલાવે નહિ **ण चिट्ठावेज्जा** = ઊભા રખાવે નહિ **ण णिसीयावेज्जा** = બેસાડે નહિ **ण तुयट्टावेज्जा** = શયન કરાવે નહિ **गच्छंतं** = ગમન કરતો હોય **चिट्ठंतं** = ઊભો રહેતો હોય **णिसीयंतं** = બેઠો હોય **तुयट्टंतं** = શયન કરતો હોય તે **अण्णं** = અન્ય કોઈની **ण समणुजाणिज्जा** = અનુમોદન આપે નહિ.

**ભાવાર્થ :–** મહાવ્રત ધારી સાધુ અથવા સાધ્વી જે સત્તર પ્રકારના સંયમમાં ઉપસ્થિત થયા છે, અઢાર પાપોથી નિવૃત્ત થયા છે, ભૂતકાલના પાપોને પ્રતિહત(નાશ) કર્યા છે અને વર્તમાન તથા આગામી પાપોના પ્રત્યાખ્યાન કર્યા છે; તે સાધુ–સાધ્વીએ દિવસે કે રાત્રિએ, એકાકી હોય કે સમૂહમાં હોય, સૂતા હોય કે જાગતા હોય; કોઈપણ અવસ્થામાં હોય; મુનિએ કોઈ પ્રકારનાં બીજો પર કે બીજો પર રહેલી વસ્તુઓ પર, અંકુરા ઉપર કે અંકુરા પર રહેલી વસ્તુઓ પર, ઉગેલા ગુચ્છો પર કે ઉગેલા ગુચ્છપર રહેલી વસ્તુઓ પર, છેદાયેલી સજીવ વનસ્પતિ પર અથવા તેના પર રહેલી વસ્તુઓ પર, અન્ય સચિત્ત વનસ્પતિ પર કે જીવોની ઉત્પત્તિ યુક્ત કાષ્ઠ પર ચાલવું નહીં, ઊભા રહેવું નહીં, બેસવું નહીં કે સૂવું નહીં, તેમજ બીજા કોઈને તેના પર ચલાવવા નહિ, ઊભા રાખવા નહિ, બેસાડવા નહિ, કે સુવાડવા નહિ, અન્ય કોઈ તેના પર ચાલતો હોય, ઊભો રહેતો હોય, બેસતો હોય, કે સૂતો હોય તો તેની અનુમોદના કરવી નહિ.

હે ભગવન્ ! વનસ્પતિકાય સંબંધી નિષેધ કરેલી આ સમસ્ત વિરાધનાઓ હું જીવન પર્યંત મનથી, વચનથી કે કાયાથી કરીશ નહિ, કરાવીશ નહિ અને કરનારને અનુમોદન પણ આપીશ નહિ, ભૂતકાળે પણ તત્સંબંધી જે પાપ થયું હોય, તેનાથી હું નિવૃત્ત થાઉં છું, તે પાપની નિંદા અને ગર્હા કરું છું અને તેવી પાપકારી પ્રવૃત્તિથી મારા આત્માને અળગો કરું છું.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં વનસ્પતિના બાર પ્રકાર તથા તેની ચાર પ્રકારની વિરાધના પ્રવૃત્તિ દર્શાવતાં તત્સંબંધી સાધકની પ્રતિજ્ઞાનું નિરૂપણ છે.

વનસ્પતિ કે તે વનસ્પતિ પર રાખેલા અન્ય પદાર્થો પર ચાલવું, બેસવું, ઊભા રહેવું કે સૂવું વગેરે ક્રિયા કરવાથી તે જીવોની વિરાધના થાય છે. તેથી નિર્ગ્રંથ મુનિઓએ દરેક પ્રવૃતિ વિવેકપૂર્વક કરવી જોઈએ.

## ત્રસકાયની યતના : હિંસા ત્યાગ :–

**૧૯ से भिक्खू वा भिक्खूणी वा संजयविरयपडिहय–पच्चक्खायपावकम्मे दिया वा राओ वा एगओ वा परिसागओ वा सुत्ते वा जागरमाणे वा, से कीडं वा पयंगं वा कुंथुं वा पिवीलियं वा हत्थंसि वा पायंसि वा बाहुंसि वा ऊरुंसि वा उदरंसि वा सीसंसि वा वत्थंसि वा पडिग्गहंसि वा कंबलंसि वा**

**पायपुंछणंसि वा रयहरणंसि वा गोच्छगंसि वा उंडगंसि वा दंडगंसि वा पीढगंसि वा फलगंसि वा सेज्जंसि वा संथारगंसि वा अण्णयरंसि वा तहप्पगारे उवगरणजाए; तओ संजयामेव पडिलेहिय पडिलेहिय, पमज्जिय पमज्जिय, एगंतमवणेज्जा, णो णं संघायमावज्जेज्जा ।**

**છાયાનુવાદ : स भिक्षुर्वा भिक्षुकी वा संयत-विरत प्रतिहतप्रत्याख्यात-पापकर्मा दिवा वा रात्रौ वा एक्को वा परिषद्गतो वा सुप्तो वा जाग्रद्वा अथ कीटं वा पतङ्गं वा कुन्थुं वा पिपीलिकां वा हस्ते वा पादे वा बाहौ वा ऊरौ वा उदरे वा शिरसि वा वस्त्रे वा प्रतिग्रहे वा कम्बलके वा पादप्रोच्छनके वा रजोहरणे वा गोच्छके वा उन्दके वा दण्डके वा पीठके वा फलके वा शय्यायां वा संस्तारके वाऽन्यतरस्मिन् तथाप्रकारे उपकरणजाते; ततः संयत एव सन् प्रत्युप्रेक्ष्य प्रत्युप्रेक्ष्य प्रमृज्य प्रमृज्य एकान्तेऽपनयेन्नैनं सङ्घातमापादयेत् ॥**

**શબ્દાર્થ :– कीडं वा** = કીટકને, કીડાને **पयंगं** = પતંગને **कुंथुं** = કુંથવાને **पिवीलियं** = કીડીને **हत्थंसि** = હાથ પર **पायंसि** = પગ પર **बाहुंसि** = ભુજા પર **उरुंसि** = સાથળ પર **उदरंसि** = પેટ પર **सीसंसि** = શિર પર **वत्थंसि** = વસ્ત્ર પર **पडिग्गहंसि** = પાત્ર પર **कंबलंसि** = કંબલ પર **पायपुंछणंसि** = પાદ–પ્રોંચ્છન પર **रयहरणंसि वा** = રજોહરણ પર **गुच्छगंसि** = ગુચ્છા પર **उंडगंसि** = માત્રાના ભાજન પર **दंडगंसि** = દંડ પર **पीढगंसि** = બાજોઠ પર **फलगंसि** = પાટિયા પર **सेज्जंसि** = શય્યા પર **संथारगंसि** = ઘાસની પથારી **अण्णयरंसि** = અન્ય કોઈ **तहप्पगारे** = તેવા પ્રકારના **उवगरणजाए** = ઉપકરણો પર ચઢી જાય ત્યારે **तओ** = ત્યારે **संजयामेव** = યતનાપૂર્વક **पडिलेहिय पडिलेहिय** = જોઈ જોઈને **पमज्जिय पमज्जिय** = પોંજી પોંજીને, તે જીવોને **एगंतवणेज्जा** = એકાંત સ્થાનમાં મૂકી દે **णो णं संघायमावज्जेज्जा** = સંઘાત ન કરે, એકત્રિત ન કરે, પીડા ન પહોંચાડે.

**ભાવાર્થ :–** મહાવ્રતધારી સાધુ અથવા સાધ્વી જે સત્તર પ્રકારના સંયમમાં ઉપસ્થિત થયા છે, અઢાર પાપોથી નિવૃત્ત થયા છે, ભૂતકાલના પાપોને પ્રતિહત(નાશ) કર્યા છે અને વર્તમાન તથા આગામી પાપોના પ્રત્યાખ્યાન કર્યા છે; તે સાધુ–સાધ્વી દિવસે કે રાત્રિએ, એકાકી હોય કે સમૂહમાં હોય, સૂતા હોય કે જાગતા હોય; કોઈપણ અવસ્થામાં હોય; મુનિ હાથ પર, પગ પર તેમજ ભુજા, સાથળ, ઉદર, મસ્તક, વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછન, રજોહરણ, ગુચ્છો, ભાજન(માત્રાનું), દંડ, બાજોઠ, પાટિયા, શય્યા કે સંથારા(બેસવાના આસન) પર તેમજ તેવા કોઈ પણ અન્ય ઉપકરણો પર રહેલા કીડાને, પતંગિયાને, કુંથુવાને, કે કીડીને જુએ તો તેનું ઉપયોગપૂર્વક પ્રતિલેખન કરે, નિરીક્ષણ કરે, પ્રતિલેખન કરીને પ્રમાર્જન કરે અર્થાત્ પોંજણીથી પોંજે અને પછી તે જીવોને(દુઃખ ન થાય તેવા) નિર્જન સ્થાનમાં મૂકે; પણ તેને એકઠા કરીને રાખે નહીં, પીડા ઉપજાવે નહિ.

## વિવેચન :-

પ્રસ્તુત સૂત્રમાં ચાર પ્રકારના ત્રસકાય જીવોની તથા ઉપકરણ આદિ પર ચઢી ગયેલા જીવોની રક્ષા કરવાની વિધિના પ્રતિપાદન સાથે તત્સંબંધી પ્રતિજ્ઞા પાઠ છે.

**ચાર પ્રકારના જીવ :–** કીટ, પતંગિયા, કુંથુવા અને કીડી; આ નામો વિકલેન્દ્રિય જીવોના ઉદાહરણ રૂપે છે. ઉપલક્ષણથી અન્ય પણ ત્રસ જીવો સમજી લેવા જોઈએ.

**અઢાર સ્થાન :–** સૂત્રમાં ત્રસજીવો ચઢી શકે તે ઉપકરણ અને શરીરાવયવોના અઢાર નામ દર્શાવ્યા છે. તેમાં હાથ વગેરે છ શરીરના અવયવો છે, વસ્ત્રાદિ છ ઔધિક ઉપકરણ છે અને માત્રક આદિ છ ઔપગ્રહિક ઉપકરણ છે.

**જીવ રક્ષાના ઉપાય :–** સૂત્રોક્ત ઉપકરણોને ઉપયોગ કરતાં અને શરીરના કોઈપણ અંગોપાંગથી પ્રવૃત્તિ કરતાં સાધકે સતત જીવ રક્ષાનું લક્ષ્ય રાખવું જોઈએ કદાચ શરીર અને ઉપકરણો પર જીવ જંતુ ચઢી ગયા હોય તો તે જીવોને કોઈ પણ પ્રકારે પીડા ન થાય તે રીતે યતનાપૂર્વક પ્રતિલેખન કે પ્રમાર્જન કરવું જોઈએ, તેની દયા પાળવી જોઈએ અને તેની રક્ષા માટે સાધકે વિશેષ સાવધાન રહેવું જોઈએ. પ્રતિલેખન પ્રમાર્જન માટે સૂત્રમાં તે શબ્દનો બે બે વાર પ્રયોગ કરીને તે ક્રિયાની મહત્તા સૂચિત કરી, સાધકને વિશેષ જાગૃત રહેવાનું સૂચન કર્યું છે.

**एगंतमवणेज्जा :–** એકાંત સ્થાનમાં રાખે. ઉપકરણાદિ પર રહેલા જીવોને મુનિ યતનાપૂર્વક ઉપાડીને નિર્જન સ્થાનમાં મૂકી દે કે જ્યાં તેનો ઉપઘાત(હિંસા) ન થાય.

**णो णं संघायमावज्जेज्जा :–** સંઘાત શબ્દના બે પ્રકારે અર્થ થાય છે– (૧) જીવોના શરીરનો જોરથી સ્પર્શ કરવો, ભીંસ આપવી કે જેનાથી તેને પીડા થાય તેને **સંઘાત** કહે છે. (૨) જીવોને એકઠા કરવા. એકઠા કરીને રાખવાથી તે જીવો પીડા પામે છે. તેથી મુનિ જીવોને પીડા ન થાય તે રીતે તેની દયા પાળે.

સંક્ષેપમાં મુનિના અંગોપાંગ ઉપર કે ઉપકરણો પર જીવ જંતુ આવી જાય તો તેને ગુચ્છા ઉપર કે હથેળી ઉપર યતનાપૂર્વક ગ્રહણ કરીને સુરક્ષિત સ્થાનમાં રાખી દેવા જોઈએ.

જાગૃતિ તે સાધક જીવનનો પ્રાણ છે. સાધકની પ્રત્યેક પ્રવૃત્તિમાં જાગૃતિ, યતના અને છકાયના જીવો પ્રતિ આત્મવત્ ભાવ હોય છે અને તેવા શુદ્ધ ભાવથી જ તે અહિંસા વ્રતની આરાધના કરે છે. અહિંસા વ્રતની આરાધનાને પ્રદર્શિત કરતાં આ સૂત્રો સાધુ જીવનની શ્રેષ્ઠતા, તેના વ્રતોની ગહનતા અને મહાનતાને તથા તેના પાલનની પવિત્ર પદ્ધતિને સૂચિત કરે છે.

## અયતના-યતનાનું પરિણામ :-

**१** **अजयं चरमाणो य, पाणभूयाइं हिंसइ ।**
**बंधई पावयं कम्मं, तं से होइ कडुयं फलं ॥**

**છાયાનુવાદ :** अयतं चरं स्तु, प्राणभूतानि हिनस्ति ।
बध्नाति पापकं कर्म, तत्तस्य भवति कटुकं फलम् ॥

**શબ્દાર્થ :– अजयं** = અયતનાથી **चरमाणो य** = ચાલતો જીવ **पाणभूयाइं** = પ્રાણી–બેઈન્દ્રિયાદિ ત્રસ જીવો અને ભૂત–એકેન્દ્રિયાદિ સ્થાવર જીવોની **हिंसइ** = હિંસા કરે છે **पावयं** = જ્ઞાનાવરણાદિ પાપ **कम्मं** = કર્મને **बंधइ** = બાંધે છે **तं से** = તે તેના માટે **कडुयं फलं** = કટુક ફલ આપનારું કષ્ટદાયી પરિણામ **होइ** = થાય છે.

**ભાવાર્થ :–** અયતનાથી અર્થાત્ ઉપયોગ રહિત ચાલનાર સાધક ત્રસ અને સ્થાવર જીવોની હિંસા કરે છે; તેથી તે પાપકર્મનો બંધ કરે છે પછી તેનું પરિણામ કષ્ટદાયી થાય છે અર્થાત્ કર્મ તેને કટુ ફળ આપે છે.

**२** **अजयं चिट्ठमाणो य, पाणभूयाइं हिंसइ ।**
**बंधइ पावयं कम्मं, तं से होइ कडुयं फलं ॥**

**છાયાનુવાદ :** **अयतं तिष्ठंतस्तु, प्राणभूतानि हिनस्ति ।**
**बध्नाति पापकं कर्म्म, तत्तस्य भवति कटुकं फलम् ॥**

**શબ્દાર્થ :– चिट्ठमाणो** = ઊભો રહેનાર.

**ભાવાર્થ :–** અયતનાથી ઊભો રહેનાર સાધક, ત્રસ અને સ્થાવર જીવોની હિંસા કરે છે. તેથી તે પાપકર્મને બાંધે છે અને તે કર્મ તેને કટુ ફળ આપે છે.

**३** **अजयं आसमाणो य, पाणभूयाइं हिंसइ ।**
**बंधइ पावयं कम्मं, तं से होइ कडुयं फलं ॥**

**છાયાનુવાદ :** **अयतमासीनस्तु, प्राणभूतानि हिनस्ति ।**
**बध्नाति पापकं कर्म्म, तत्तस्य भवति कटुकं फलम् ॥**

**શબ્દાર્થ :– आसमाणो** = બેસનાર વ્યક્તિ.

**ભાવાર્થ :–** અયતનાથી બેસનાર સાધક, ત્રસ સ્થાવર જીવોની હિંસા કરે છે. તેથી તે પાપકર્મને બાંધે છે અને તે કર્મ તેને કડવું ફળ આપે છે.

**४** **अजयं सयमाणो य, पाणभूयाइं हिंसइ ।**
**बंधइं पावयं कम्मं, तं से होइ कडुयं फलं ॥**

**છાયાનુવાદ :** **अयतं स्वपंतस्तु, प्राणभूतानि हिनस्ति ।**
**बध्नाति पापकं कर्म्म, तत्तस्य भवति कटुकं फलम् ॥**

**શબ્દાર્થ :– सयमाणो** = શયન કરનાર.

**ભાવાર્થ :–** ઉપયોગ વિના અયતનાથી સૂનાર સાધક ત્રસ–સ્થાવર જીવોની હિંસા કરે છે. તેથી તે પાપકર્મ બાંધે છે અને તે કર્મ તેને કડવું ફળ આપે છે.

**૫** **अजयं भुंजमाणो य, पाणभूयाइं हिंसइ ।**
**बंधई पावयं कम्मं, तं से होइ कडुयं फलं ॥**

**છાયાનુવાદ :** **अयतं भुञ्जानस्तु, प्राणभूतानि हिनस्ति ।**
**बध्नाति पापकं कर्म्म, तत्तस्य भवति कटुकं फलम् ॥**

**શબ્દાર્થ :– भुंजमाणो** = ભોજન કરનાર.

**ભાવાર્થ :–** અયતના(અવિવેક)થી ભોજન કરનાર સાધક ત્રસ–સ્થાવર જીવોની હિંસા કરે છે; તેથી તે જ્ઞાનાવરણાદિ પાપકર્મને બાંધે છે અને તે કર્મ તેને કડવું ફળ આપે છે.

**૬** **अजयं भासमाणो य, पाणभूयाइं हिंसइ ।**
**बंधई पावयं कम्मं, तं से होइ कडुयं फलं ॥**

**છાયાનુવાદ :** **अयतं भाषमाणस्तु, प्राणभूतानि हिनस्ति ।**
**बध्नाति पापकं कर्म्म, तत्तस्य भवति कटुकं फलम् ॥**

**શબ્દાર્થ :– भासमाणो** = બોલનાર.

**ભાવાર્થ :–** અયતનાથી બોલનાર સાધક ત્રસ–સ્થાવર જીવોની હિંસા કરે છે. તેથી તે જ્ઞાનાવરણાદિ પાપકર્મને બાંધે છે અને તે કર્મ તેને કટુ ફળ આપે છે.

**૭** **कहं चरे कहं चिट्ठे, कहमासे कहं सए ।**
**कहं भुंजंतो भासंतो, पावकम्मं ण बंधइ ॥**

**છાયાનુવાદ :** **कथं चरेत्कथं तिष्ठेत्कथमासीत कथं शयीत ।**
**कथं भुञ्जानो भाषमाणः, पापं कर्म्म न बध्नाति ॥**

**શબ્દાર્થ :– कहं** = કેવી રીતે **चरे** = ચાલવું **चिट्ठे** = ઊભા રહેવું **आसे** = બેસવું **सए** = સૂવું **भुंजंतो** = ભોજન કરતો **भासंतो** = બોલતો સાધક **पावकम्मं** = પાપકર્મને **ण बंधइ** = બાંધતો નથી.

**ભાવાર્થ :–** મુનિએ કેવી રીતે ચાલવું ? કેવી રીતે ઊભા રહેવું ? કેવી રીતે બેસવું ? કેવી રીતે સૂવું ? કેવી રીતે ભોજન કરવું ? અને કેવી રીતે બોલવું ? કે જેથી પાપકર્મનો બંધ ન થાય ?

**૮** **जयं चरे जयं चिट्ठे, जयमासे जयं सए ।**
**जयं भुंजंतो भासंतो पावकम्मं ण बंधइ ॥**

**છાયાનુવાદ : यतं चरेद्यतं तिष्ठेद्, यतमासीत यतं शयीत ।**
**यतं भुञ्जानो भाषमाणः, पापं कर्म्म न बध्नाति ॥**

**શબ્દાર્થ :– जयं चरे** = યતના પૂર્વક ચાલે **जयं चिट्ठे** = યતનાપૂર્વક ઊભા રહે **जयमासे** = યતનાપૂર્વક બેસે **जयं सए** = યતનાપૂર્વક સૂવે **जयं भुंजंतो** = યતનાપૂર્વક ભોજન કરતો **भासंतो** = બોલતો **पावकम्मं** = પાપકર્મને **ण बंधइ** = બાંધતો નથી.

**ભાવાર્થ :–** યતનાપૂર્વક(ઉપયોગ સહિત) ચાલનાર, ઊભા રહેનાર, બેસનાર, શયન કરનાર, ભોજન કરનાર અને બોલનાર સાધક પાપકર્મને બાંધતા નથી.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં જીવન વ્યવહારની અનિવાર્ય છ ક્રિયાઓ ક્યારે કર્મબંધનું કારણ બને અને ક્યારે ન બને તેમજ તેનું પરિણામ શું થાય તે વિષયનું નિરૂપણ છે.

**अजयं :–** અયતના. અયતના અને યતના આ બંને શાસ્ત્રીય પારિભાષિક શબ્દ છે. અયતના = ઉપયોગ શૂન્યતા, અસાવધાની, અવિવેક, અજાગૃતિ, અથવા પ્રમાદ. તેનાથી વિપરીત યતનાનો અર્થ ઉપયુક્તતા, સાવધાની, વિવેક, જાગૃતિ અથવા અપ્રમાદ છે. સાધુ–સાધ્વીની પ્રત્યેક ક્રિયામાં યતના સ્વીકાર્ય છે અને અયતના પરિહાર્ય છે. સૂત્રમાં અયતનાના ક્રમિક ત્રણ પરિણામ દર્શાવ્યા છે.

**(૧) पाणभूयाइं हिंसइ :–** અયતનાથી પ્રવૃત્તિ કરનાર સાધક પ્રાણીઓની(ત્રસ જીવોની) અને ભૂતોની (વનસ્પતિની) હિંસા કરે છે. તેની તે હિંસા બે પ્રકારની થાય છે– દ્રવ્યથી અને ભાવથી. **૧.** અયતનાના કારણે કોઈપણ પ્રવૃત્તિમાં પૃથ્વી, પાણી, વનસ્પતિ, વાયુ કે કીડી વગેરે ત્રસ જીવોની વિરાધનાનો સંયોગ થઈ જાય. તેમાં હિંસા કરવાનો સંકલ્પ ન હોવાથી તે દ્રવ્ય હિંસા થાય **૨.** જીવ રક્ષાનું લક્ષ્ય ન હોવાથી અનુકંપા ભાવ અને અહિંસક પરિણામોની ઉપેક્ષા થાય છે. તે અહિંસાના અલક્ષ્યે અયતના યુક્ત પ્રવૃત્તિમાં હિંસા થાય કે ન થાય તેને ભાવ હિંસા થાય છે. આ રીતે અયતનાથી ગમન આદિ પ્રવૃત્તિ કરનાર સાધકને ક્યારેક ભાવહિંસા અને ક્યારેક દ્રવ્ય હિંસાયુક્ત ભાવહિંસા થાય છે. અયતનાનું પ્રથમ ફલ છે– પ્રાણભૂતની હિંસા.

**पाणभूयाइं** શબ્દના અર્થ બે પ્રકારે સમજવા, યથા– (૧) **प्राणा द्वि त्रि चतुः प्रोक्ता,**

**भूतास्तु तरवः स्मृताः ।** બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિય જીવોને **પ્રાણી** કહેવાય છે અને વનસ્પતિ જીવો ને **ભૂત** કહેવાય છે. (૨) જેમાં શ્વાસોચ્છ્‌વાસની ક્રિયા વ્યક્ત હોય તે ત્રસ જીવો **પ્રાણ** તરીકે ઓળખાય છે અને ત્રસ જીવો સિવાયના સ્થાવર જીવો **ભૂત** શબ્દથી ગ્રહણ થાય છે. આ રીતે **પ્રાણ–ભૂત** શબ્દથી સંસારના સમસ્ત ત્રસ સ્થાવર જીવોનું કથન થઈ જાય છે.

તાત્પર્ય એ છે કે અયતનામાં જીવ રક્ષા માટેની જાગૃતિ ન હોવાથી સાધક દરેક પ્રવૃત્તિથી હિંસક કહેવાય છે અને તેને હિંસાજન્ય પાપ કર્મબંધ થાય છે. બીજી અપેક્ષાએ અયતના એ પ્રમાદભાવ છે તેથી આત્મગુણોની હિંસા થાય છે.

**(२) बंधइ पावयं कम्मं :–** અયતનાથી પ્રવૃત્તિ કરનાર તે હિંસક સાધક પાપકર્મનો બંધ કરે છે. કર્મના બે પ્રકાર છે– પુણ્ય અને પાપ. અશુભ યોગ જન્ય ક્રિયાથી પાપકર્મનો અને શુભયોગ જન્ય ક્રિયાથી પુણ્યકર્મનો બંધ થાય છે. અયતના તે અશુભ યોગ છે. તેના દ્વારા જીવને પાપ કર્મનો બંધ થાય છે. અહીં પાપ શબ્દનો પ્રયોગ અશુભ કર્મબંધની અપેક્ષાએ થયો છે. જેનું ફળ ભોગવવું જીવને ન ગમે, તેવા પ્રતિકૂળતાનું સર્જન કરનારા કર્મો **પાપકર્મ** કહેવાય છે.

**(३) होइ कडुयं फलं :–** કટુ ફળ આપનારા થાય છે. પાપકર્મનો વિપાક અત્યંત દારુણ હોય છે. તેના પરિણામે જીવનો દુર્ગતિમાં અને નીચ જાતિમાં જન્મ થાય; કુદેવ આદિનો સંયોગ થાય; તેની ચિત્તવૃત્તિ મલિન બને અને ક્રમશઃ પાપકર્મના પરિણામે તે દુર્લભબોધિ બની અનંત ભવ ભ્રમણને વધારે છે.

**कहं चरे... :–** જીવનની અનિવાર્ય છ ક્રિયાઓના સંબંધમાં અયતનાના દુષ્ફળને જાણી લીધાં પછી સાધકના અંતરમાં સ્વાભાવિક જે પ્રશ્ન ઊભો થાય તેને આ સાતમી ગાથામાં દર્શાવ્યો છે. ત્યારપછીની આઠમી ગાથામાં તેનું સમાધાન પણ કર્યું છે.

**जयं चरे :–** પૂર્વોક્ત સાત ગાથામાં કરેલા વિવરણનું રહસ્ય તથા શિષ્યની સમસ્યાનું સમાધાન એક જ **जयं** શબ્દમાં છે. તેનો અર્થ છે– યતના. કોઈપણ જીવની વિરાધના હિંસા ન થાય, સાધકની તેવી સાવધાની તે **યતના** છે. યતનામાં ભાવોની વિશુદ્ધિ હોય છે. ચાલવું, ઊભા રહેવું, બેસવું, સૂવું, ભોજન કરવું અને બોલવું, તે જીવનની અનિવાર્ય ક્રિયાઓ છે. તેનો સર્વથા ત્યાગ કરવો શક્ય નથી. પરંતુ તે ક્રિયાઓ જે સાધક યતનાપૂર્વક(ઉપયોગપૂર્વક) કરે તે પાપકર્મનો બંધ કરતો નથી. આ રીતે ક્રિયા કરવા છતાં પાપ કર્મનો બંધ થતો નથી, આ જૈન દર્શનનું વિશિષ્ટ વિજ્ઞાન છે.

**पावकम्मं ण बंधइ :–** જે કારણથી કર્મબંધ થાય છે, તે કારણને દૂર કરવાથી કર્મબંધ અટકી જાય છે. અયતનાથી પાપ કર્મનો બંધ થાય છે અને તે જ પાપ કર્મનો બંધ યતનાથી અટકી જાય છે. **યતના** આ એક જ શબ્દમાં ભગવાને સાધકોને સંયમ જીવન જીવવાની મહત્ત્વપૂર્ણ કલા શીખવી દીધી છે. યતનાથી થતી ક્રિયામાં શુભ યોગ અને અપ્રમત્તભાવ હોય છે. તે કારણે જ પાપકર્મનો બંધ થતો નથી પરંતુ પુણ્યકર્મનો બંધ થાય છે.

સૂત્રોક્ત છ એ ક્રિયાની યતના અને અયતનાને પ્રગટ કરતાં કેટલાક શાસ્ત્રીય નિયમો છે. સાધકો

તે નિયમોને જાણીને તદનુસાર આચરણ કરે તો તેને પાપકર્મનો બંધ થતો નથી. સાધક જીવનના કોઈ પણ નિયમો આત્મરક્ષાની સાથે સર્વ જીવોની રક્ષા માટે પણ હોય છે.

**(૧) ગમનાગમન ક્રિયા વિષયક નિયમો :–** સાધુ ઈર્યા સમિતિપૂર્વક ચાલે. તેની વિચારણા ચાર પ્રકારે છે. યથા–

**(૧) દ્રવ્યથી :–** મુનિ છ કાય જીવોને જોઈને ચાલે. ચાલતી વખતે બીજ, ઘાસ, પૃથ્વી, પાણી, કીડી, મકોડા આદિ જીવોની પૂર્ણ રક્ષા કરે. જ્યારે વરસાદ, ધુમ્મસ કે આંધી આવી રહી હોય; રસ્તો અંધકારથી આચ્છાદિત થયો હોય; કીડા, પતંગિયા આદિ સંપાતિમ જીવો ચારે બાજુ ઊડી રહ્યા હોય ત્યારે સાધુ ન ચાલે; અસ્થિર પથ્થર, ઈંટ, પાટિયા આદિ પર પગ રાખીને કીચડ કે પાણીને પાર ન કરે; રાત્રિ વિહાર ન કરે.

**(૨) ક્ષેત્રથી :–** ચાલતી વખતે સાડા ત્રણ હાથ ભૂમિ(યુગ પ્રમાણ કે ધુંસર પ્રમાણ ભૂમિ)ને જોઈને ચાલે. માનવ તેટલા પ્રમાણની ભૂમિને વ્યવસ્થિત જોઈ શકે છે. તેથી શાસ્ત્રકારે તેટલું માપ બતાવ્યું છે. તે માપને આચારાંગ સૂત્ર અ. ૯માં પુરુષ પ્રમાણ પણ કહેવામાં આવ્યું છે.

**(૩) કાલથી :–** દિવસે જોઈને ચાલે અને રાત્રે આવશ્યક શરીરની ક્રિયાઓ માટે કે સ્વાધ્યાય માટે ચાલવું પડે ત્યારે રજોહરણથી યોગ્ય રીતે પોંજીને ચાલે.

**(૪) ભાવથી :–** ઉપયોગ સહિત જીવરક્ષાના શુદ્ધ ભાવ સહિત ચાલે. ચાલતી વખતે ઉપર, નીચે જોતાં, વાતો કરતાં, હસતાં, દોડતાં કે સ્વાધ્યાય કરતાં ન ચાલે. આ રીતે વિધિપૂર્વક ગમન કરનાર સાધુ જીવદયા પાળી શકે છે. આ રીતે ઈર્યાસમિતિના અનેક નિયમોનું પાલન કરવું તે ગમન સંબંધી **યતના** છે અને તે નિયમોનું ઉલ્લંઘન કરવું તે ગમન સંબંધી **અયતના** છે.

**(૨) ઊભા રહેવા સંબંધી નિયમો :–** સાધુઓ માટે ઊભા રહેવા સંબંધી જે નિયમો શાસ્ત્રમાં બતાવ્યા છે, તેનો સમાવેશ ઈર્યા સમિતિની અંદર થાય છે. સાધુ સચેત ભૂમિ પર; લીલોતરીવાળી જમીન પર; પાણી, અગ્નિ કે કીડિયારાં વગેરે જીવના દર ઉપર; પંચવર્ણી લીલફૂગ કે ત્રસ જીવો ઉપર પગ રાખીને ઊભા ન રહે અર્થાત્ આ સર્વ જીવોનું ધ્યાન રાખતાં વિવેકપૂર્વક જીવ રહિત જગ્યામાં ઊભા રહે. તે સિવાય ક્યાં ય પણ ઊભા રહીને મુનિ સ્ત્રી, ખેલ, તમાસા આદિ તરફ દષ્ટિ ન કરે; હાથ–પગ આદિને ઓઘસંજ્ઞાથી કે આદતથી હલાવે નહીં; આંખો પટપટાવે નહીં; આંગળીઓથી કે હાથથી કોઈ તરફ સંકેત કે ચેષ્ટાઓ પણ કરે નહીં. આ રીતે સંયમની મર્યાદા જળવાઈ રહે તેવા સ્થાનમાં વિવેકપૂર્વક ઊભા રહેવું, આ સર્વ ઊભા રહેવા સંબંધી યતના છે અને ઊભા રહેવા સંબંધી નિયમોનું ઉલ્લંઘન કરવું તે અયતના છે.

**(૩) બેસવા સંબંધી નિયમો :–** મુનિ સચેત ભૂમિ કે આસન પર ન બેસે; સ્થાનનું પ્રતિલેખન અને પ્રમાર્જન કર્યા વિના ન બેસે; શેતરંજી, ગાદલું, પલંગ, ખાટલો, સ્પ્રીંગવાળી ખુરશી આદિ પર ન બેસે; કારણ વિના ગૃહસ્થને ઘેર કે એકલી સ્ત્રી સાથે ન બેસે. કોઈ પણ સ્થાનમાં બેઠા બેઠા હાથ, પગ આદિ અંગોપાંગની વિવિધ પ્રકારની ચેષ્ટા ન કરે; અન્યને અપ્રીતિ થાય તેવા સ્થાનમાં બેસે નહીં. સર્વ ઈન્દ્રિયોને નિયંત્રિત કરીને ઉપયોગપૂર્વક

બેસે; આ સર્વ બેસવા સંબંધી યતના છે અને તે નિયમોનું ઉલ્લંઘન કરવું તે અયતના છે.

**(૪) શયન વિષયક નિયમો :–** મુનિ કોઈ સ્થાન પર જોયા તથા પોંજ્યા વિના સૂએ નહીં; રાત્રિના બીજા અને ત્રીજા પ્રહર દરમ્યાન જ સૂએ, બે પ્રહરથી વધારે સૂવાની ટેવ રાખે નહીં, કારણ વિના દિવસે પણ સૂવે નહીં; લાંબા સમય સુધી સૂએ નહીં કે વારંવાર સૂએ નહીં; સૂતાં સૂતાં પડખાં ફેરવતાં, હાથ પગને સંકોચવા–પ્રસારવા હોય તો સાવધાની રાખે; પોંજણીથી પોંજીને હાથ પગાદિને લાંબા ટૂંકા કરે. મચ્છર, માંકડ આદિનો સ્પર્શ થાય તો પોંજણીથી લઈ તેને ધીરેથી એકબાજુ મૂકી દે. આ રીતે શાસ્ત્રીય નિયમોનું પાલન કરવું શયન વિષયક યતના છે. તેનું ઉલ્લંઘન કરવું તે અયતના છે.

**(૫) ભોજન વિષયક નિયમો :–** મુનિ ગવેષણા સંબંધી દોષોનું વર્જન કરીને આહાર ગ્રહણ કરે અને ભોગવે; આધાકર્મ, ઔદ્દેશિક આદિ દોષયુક્ત આહાર લે નહીં; આહાર સેવન કરતી વખતે માંડલાના દોષોનું વર્જન કરે. સાધુ હિત મિત અને પરિમિત ભોજી હોય, અતિભોજી ન હોય; નિર્દોષ આહારની અપ્રાપ્તિમાં કે અલ્પ પ્રાપ્તિમાં સંતોષ રાખે; સહવર્તી શ્રમણોમાં સંવિભાગ કરી, સંતોષ અને શાંતિપૂર્વક આહાર કરે; આહારની વસ્તુઓનો સંગ્રહ કરે નહિ, ગૃહસ્થના વાસણમાં ભોજન કરે નહીં. આ નિયમોનું યથાર્થ રૂપે પાલન કરવું, તે ભોજન વિષયક યતના છે અને આ નિયમોનું અતિક્રમણ કરવું, તે ભોજન વિષયક અયતના છે. *[ગવેષણા અને પરિભોગેષણા વગેરે આહાર સંબંધી દોષોના વિવરણ માટે જુઓ– પરિશિષ્ટ.]*

**(૬) ભાષા સંબંધી નિયમો :–** સાધુ આત્મભાવમાં સ્થિર થવા માટે યથા શક્ય મૌન રહે. બોલવાની જરૂર પડે ત્યારે ભાષા સમિતિપૂર્વક બોલે. જેમ કે–

મુનિ કર્કશકારી, કઠોરકારી, છેદકારી, ભેદકારી, નિશ્ચયકારી, મર્મકારી વચન તેમજ સાવદ્ય અને મૃષા વચન ન બોલે, સાવદ્યભાષાનો પ્રયોગ ન કરે; અપશબ્દ પ્રયોગ, ચાડીચુગલી અને પરનિંદા ન કરે; અન્યને ક્રોધ ઉત્પન્ન થાય કે આઘાત થાય તેવી ભાષા ન બોલે; બે વ્યક્તિ વચ્ચે વેર વિરોધ, ફાટફૂટ, દ્વેષ, કલહ કે સંઘર્ષ થાય તેવી ભાષા ન બોલે; સંસારીના વિવાહ આદિ અંગે જ્યોતિષશાસ્ત્રના જ્ઞાનથી ભવિષ્યનું કથન વગેરે કરે નહીં; એક પ્રહર રાત્રિ વ્યતીત થયા પછી ઊંચા સ્વરે બોલે નહીં; ઊંચે સ્વરે બોલવાથી અન્યને નિદ્રા આદિમાં ખલેલ થાય છે અને તેને અપ્રીતિનું કારણ બને છે. મુનિ ક્રોધ, માન, માયા અને લોભયુક્ત વચન બોલે નહીં; હાસ્યવચન, ભયોત્પાદક વચન બોલે નહીં; વાચાળતા કરે નહીં અર્થાત્ વધારે પડતું બોલવાનું રાખે નહીં. ચાર પ્રકારની તથા અન્ય વિકથાઓમાં સમય પસાર કરે નહીં

આ સૂત્રના સાતમા અધ્યયનમાં અને આચારાંગ શ્રુ. ૨ અ. ૪માં ભાષા સંબંધી વિવેકનું સુવિસ્તૃત નિરૂપણ છે, મુનિ રાગદ્વેષ રહિત, હિતકારી, પરિમિત ભાષાનો જ પ્રયોગ કરે. તે સર્વ નિયમોનું યથાર્થ પાલન કરવું તે ભાષા વિષયક **યતના** છે અને તે નિયમોનું ઉલ્લંઘન કરવું ભાષા સંબંધી **અયતના** છે.

પ્રસ્તુત ગાથાઓમાં છ ક્રિયાઓનું કથન છે. તેમ છતાં સાધુ જીવનની અન્ય અનેક ક્રિયાઓ હોય છે. જેમ કે– પ્રતિલેખન, પ્રમાર્જન, મળ–મૂત્રાદિનું પરિષ્ઠાપન(વિસર્જન–ત્યાગ) વસ્ત્ર પાત્રનું પ્રક્ષાલન

કે વંદન વગેરે. આ સર્વ પ્રવૃત્તિઓ પણ યતનાપૂર્વક કરવાથી પાપકર્મનો બંધ થતો નથી અને અયતનાથી કરવા પર પાપકર્મનો બંધ થાય છે, તેમ સમજી લેવું જોઈએ.

### પાપકર્મનો અબંધક :–

૯ सव्वभूयप्पभूयस्स, सम्मं भूयाइं पासओ ।
पिहियासवस्स दंतस्स, पावकम्मं ण बंधइ ॥

**છાયાનુવાદ :** सर्वभूतात्मभूतस्य, सम्यग् भूतानि पश्यतः ।
पिहिताश्रवस्य दान्तस्य, पापं कर्मं न बध्नाति ॥

**શબ્દાર્થ :– सव्वभूयप्पभूयस्स** = સર્વ જીવોને પોતાની સમાન જાણનાર **सम्मं** = સમ્યક્ પ્રકારથી **भूयाइं** = જીવોને **पासओ** = જોનાર **पिहियासवस्स** = સર્વ પ્રકારના આસ્રવનો નિરોધ કરનાર, અને **दंतस्स** = પાંચ ઈન્દ્રિયોનું દમન કરનાર **पावकम्मं** = પાપકર્મને **ण** = નથી **बंधइ** = બાંધતો.

**ભાવાર્થ :–** જે સાધક જગતના જીવોને પોતાની સમાન સમજે છે, જીવોનું સમ્યક્ પ્રકારે નિરીક્ષણ કરીને પ્રત્યેક પ્રવૃત્તિ કરે છે, કર્મો આવવાના આશ્રવ દ્વારોને બંધ કરે છે અને ઈન્દ્રિયોનું દમન કરે છે તે સાધક પાપકર્મનો બંધ કરતો નથી.

### વિવેચન :–

પ્રસ્તુત ગાથામાં પાપકર્મ નહીં બાંધનાર સાધકના ચાર વિશિષ્ટ ગુણોનું દિગ્દર્શન કરાવ્યું છે.

સંપૂર્ણ જગત જીવોથી વ્યાપ્ત છે. તેથી કોઈ પણ ક્રિયા કરતાં તે જીવોની હિંસા દ્વારા કર્મબંધ ન થઈ જાય, તે ધ્યાન રાખવું છે. સાધક અયતના વડે પાપકર્મથી લિપ્ત ન થાય તે માટે સૂત્રકારે ચાર ગુણોનું નિરૂપણ કર્યું છે.

**(૧) सव्वभूयप्पभूयस्स :–** સર્વ પ્રાણીઓને પોતાના આત્મા સમાન માનનાર અર્થાત્ જેવો મારો આત્મા છે તેવો જ સર્વ જીવોનો આત્મા છે; જેમ મને સુખ પ્રિય અને દુઃખ અપ્રિય છે તેમ જગજ્જીવોને સુખપ્રિય તથા દુઃખ અપ્રિય છે. આવી દષ્ટિ અને વૃત્તિ રાખીને સાધક જીવ હિંસાથી દૂર રહે છે.

**(૨) सम्मं भूयाइं पासओ :–** પ્રાણીઓને સમ્યક્ પ્રકારે જોનાર અર્થાત્ તે સર્વ જીવોનું સમ્યક્ રીતે અવલોકન કરી તેની રક્ષાનું ધ્યાન રાખનાર.

**(૩) पिहियासवस्स :–** જેણે હિંસાદિ પાંચ આસ્રવ અથવા અઢાર પાપસ્થાનોને પ્રત્યાખ્યાન દ્વારા રોકી દીધા છે અર્થાત્ પાંચ મહાવ્રત ગ્રહણ કરીને શ્રમણધર્મનું સમ્યક્ રીતે પાલન કરે છે તે **પિહિતાશ્રવ** કહેવાય છે.

**(૪) दंतस्स :–** જે સાધક પાંચે ય ઈન્દ્રિયોના વિષયમાં રાગદ્વેષને જીતે છે, ઈન્દ્રિયોને વશમાં રાખે છે તે અકુશળ મન, વચન અને કાયાનો નિરોધ કરે છે તેમજ ક્રોધાદિ કષાયોનો નિરોધ કરીને ઉદયમાં આવેલા કષાયોને નિષ્ફળ કરી દે છે; તે **દાંત** કહેવાય છે.

ઉપર્યુક્ત ગુણોથી સંપન્ન આત્મા **आत्मवत् सर्व भूतेषु**ની પવિત્ર ભાવનાથી ઓતપ્રોત હોય છે; તેના હૃદયમાં સ્વાભાવિકરૂપે અહિંસા પ્રત્યે નિષ્ઠા હોય છે. જેથી તે કોઈપણ પ્રાણીને ક્યારે ય પણ લેશમાત્ર પીડા પહોંચાડતા નથી. તેમ છતાં યતનાપૂર્વક ગમન આદિ ક્રિયા કરતાં તેના દ્વારા કોઈ જીવની હિંસા થઈ જાય તો પણ હિંસાના પાપથી તેઓ લેપાતા નથી. કારણ કે કોઈ પણ જીવને અંશ માત્ર પીડા પહોંચાડવાની તેની વૃત્તિ, પ્રવૃત્તિ કે ભાવના નથી. તેમ છતાં કોઈ સૂક્ષ્મ જીવોની હિંસા થઈ જાય તો સાધક પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત આદિ દ્વારા શુદ્ધ થઈ જાય છે. તેથી તજ્જન્ય જેવા પાપકર્મથી તેઓ લેપાતા નથી. ચૂર્ણિકારે દષ્ટાંત દ્વારા આ વિષયને સ્પષ્ટ કર્યો છે કે જેમ છિદ્ર રહિત નૌકામાં પાણી પ્રવેશ કરી શકતું નથી; તેમ સૂત્રોક્ત ચાર ગુણ સંપન્ન સંવૃત્ત સાધક શ્રમણ નિર્ગ્રંથમાં પાપકર્મ પ્રવેશી શકતું નથી.

**જ્ઞાનનું મહત્વ :-**

**૧૦** **पढमं णाणं तओ दया, एवं चिट्ठइ सव्वसंजए ।**
**अण्णाणी किं काही, किं वा णाहीइ सेयपावगं ॥**

**છાયાનુવાદ :** **प्रथमं ज्ञानं ततो दया, एवं तिष्ठति सर्वसंयतः ।**
**अज्ञानी किं करिष्यति, किं ज्ञास्यति श्रेयः पापकं वा ॥**

**શબ્દાર્થ :– पढमं** = પ્રથમ **णाणं** = જ્ઞાન **तओ** = ત્યાર પછી **दया** = દયા **एवं** = આ પ્રમાણે **सव्वसंजए** = સર્વ સંયત **चिट्ठइ** = સંયમમાં સ્થિર રહે છે **अण्णाणी** = અજ્ઞાની **किं काही** = શું કરશે ? **सेयपावगं वा** = પુણ્ય અથવા પાપને **किं** = શું **णाहीइ** = જાણશે ?

**ભાવાર્થ :–** પહેલાં જ્ઞાન અને ત્યારપછી જ દયા–ચારિત્ર હોય છે. તેથી સર્વ સંયમીઓ જ્ઞાનપૂર્વક ક્રિયાનું પાલન કરે છે. જીવાજીવના જ્ઞાન રહિત અજ્ઞાની શું કરી શકશે ? તે કલ્યાણ અને પાપના સ્વરૂપને કેવી રીતે જાણશે ? અર્થાત્ અજ્ઞાની પોતાના જીવનમાં હેય–ઉપાદેયનો વિવેક કરી શકતા નથી.

**૧૧** **सोच्चा जाणइ कल्लाणं, सोच्चा जाणइ पावगं ।**
**उभयंपि जाणइ सोच्चा, जं सेयं तं समायरे ॥**

**છાયાનુવાદ :** **श्रुत्वा जानाति कल्याणं, श्रुत्वा जानाति पापकम् ।**
**उभयमपि जानाति श्रुत्वा, यच्छ्रेयः तत्समाचरेत् ॥**

**શબ્દાર્થ :– सोच्चा** = સાંભળીને **कल्लाणं** = કલ્યાણને **जाणइ** = જાણે છે **सोच्चा** = સાંભળીને જ

**पावगं** = પાપને **जाणेइ** = જાણે છે, અને **सोच्चा** = સાંભળીને જ **उभयंपि** = બન્ને ને **जाणइ** = જાણે છે **जं** = જે **सेयं** = હિતકારી હોય **तं** = તેને **समायरे** = આચરે.

**ભાવાર્થ :–** ગુરુની પાસેથી ધર્મનું શ્રવણ કરીને સાધક કલ્યાણ(ઉપાદેય)ને જાણે છે અને પાપ(હેય)ને પણ જાણે છે. આ રીતે ધર્મ શ્રવણ દ્વારા તે કલ્યાણ અને પાપ બંનેને જાણે છે, તે જાણ્યા પછી જે શ્રેયકારી (કલ્યાણકારી) છે, તેનું આચરણ કરે છે.

**૧૨**
**जो जीवेवि ण याणेइ, अजीवे वि ण याणेइ ।**
**जीवाजीवे अयाणंतो, कहं सो णाहीइ संजमं ॥**

**છાયાનુવાદ :** यो जीवानपि न जानाति, अजीवानपि न जानाति ।
जीवाजीवानजानन् कथमसौ ज्ञास्यति संयमम् ॥

**શબ્દાર્થ :–** **जो** = જે **जीवे वि** = જીવોને પણ **ण याणेइ** = જાણતો નથી **अजीवे वि** = અજીવોને પણ **ण याणेइ** = જાણતો નથી **जीवाजीवे** = જીવ અને અજીવને **अयाणंतो** = નહિ જાણતો **सो** = તે **संजमं** = સંયમને **कहं** = કેવી રીતે **णाहीइ** = જાણી શકશે ?

**ભાવાર્થ :–** જે સાધક જીવોના સ્વરૂપને જાણતો નથી, અજીવ(જડતત્ત્વ)ને જાણતો નથી, આ રીતે જીવાજીવનો અજાણ સાધક સંયમને કેમ જાણી શકશે ? અર્થાત્ જીવ અને અજીવના જ્ઞાન વિના સંયમનું પાલન થઈ શકતું નથી.

**૧૩**
**जो जीवे वि वियाणेइ, अजीवे वि वियाणेइ ।**
**जीवाजीवे वियाणंतो, सो हु णाहीइ संजमं ॥**

**છાયાનુવાદ :** यो जीवानपि विजानाति, अजीवानपि विजानाति ।
जीवाजीवानपि विजानन्, स एव ज्ञास्यति संयमम् ॥

**શબ્દાર્થ :–** **जो** = જે **जीवे वि** = જીવોને પણ **वियाणेइ** = જાણે છે **अजीवे वि** = અજીવોને પણ **वियाणइ** = જાણે છે **जीवाजीवे** = જીવ અને અજીવને **वियाणंतो** = જાણનારો **सो** = તે **संजमं** = સંયમને **हु** = નિશ્ચયથી **णाहीइ** = જાણશે.

**ભાવાર્થ :–** જે સાધક જીવોને જાણે છે તથા અજીવોને જાણે છે, આ રીતે જીવાજીવોને જાણીને તે સંયમને પણ યથાર્થ જાણી શકશે અર્થાત્ સંયમનું સમ્યગ્ પાલન કરી શકશે.

## વિવેચન :–

પ્રસ્તુત ચાર ગાથામાં જ્ઞાનની મહત્તા અને જ્ઞાન પ્રાપ્તિમાં શ્રવણની મુખ્યતાનું પ્રતિપાદન છે.

પૂર્વની ગાથાઓમાં સૂત્રકારે પાપકર્મના અબંધની પદ્ધતિનું અર્થાત્ યતના અને ચારિત્ર ગુણોનું કથન કર્યું છે પરંતુ તે યતના અને ચારિત્રગુણોનું પાલન જ્ઞાન વિના શક્ય નથી.

**पढमं णाणं तओ दया :–** પહેલાં જ્ઞાન પછી દયા. જેને જીવાજીવનું જ્ઞાન હોય તે જ વ્યક્તિ તેની દયા પાળી શકે છે, તે જ જીવોની રક્ષા કરી શકે છે. તાત્પર્ય એ છે કે સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ પછી જ ચારિત્ર સમ્યગ્ બને છે. જીવોનું જ્ઞાન જેનું જેટલું સીમિત હોય તેટલી તેની દયા પણ સીમિત રહે છે. યથા– જેને પૃથ્વી, પાણી આદિ સ્થાવર જીવોનું જ્ઞાન નથી, માત્ર ત્રસ જીવોને જ જાણે છે કે પંચેન્દ્રિયને જ જીવ સમજે છે; તેમની દયા મનુષ્યો કે પશુ–પક્ષી સુધી જ સીમિત રહે છે. તેથી જીવોનું યોગ્ય જ્ઞાન થયા પછી જ દયાધર્મનું(અહિંસાધર્મ)નું તેમજ સંયમ ધર્મનું પાલન થઈ શકે છે.

**एवं चिट्ठइ सव्व संजए :–** આ રીતે જ સર્વ સંયમીઓ સંયમમાં સ્થિત રહે છે અર્થાત્ તેઓ સર્વ જીવોની રક્ષા કરી જ્ઞાનપૂર્વક જ સંયમનું પાલન કરી શકે છે.

**अण्णाणी किं काही :–** અજ્ઞાની શું કરશે ? જેને જીવ સંબંધી જ્ઞાન નથી, તેવા અજ્ઞાની પુરુષોને તે જીવો પ્રત્યે દયાભાવ જાગૃત થાય નહીં, જીવોને જાણ્યા વિના તેની દયા પાળવાનો પુરુષાર્થ પણ જાગે નહીં. તેથી તે અજ્ઞાની અહિંસાધર્મનું પાલન કરી શકતા નથી. કારણ કે અહિંસા પાલનની અનિવાર્ય શરત છે– જીવોનું યથાર્થ જ્ઞાન. તે જ્ઞાન જ જાગૃતિ છે, વિવેક છે. આ રીતે જ્ઞાન, જાગૃતિ કે વિવેક વિનાનો વ્યક્તિ અંધતુલ્ય છે માટે ગાથાના આ ચરણમાં કહ્યું છે કે અજ્ઞાની આત્મકલ્યાણના માર્ગમાં કંઈજ કરી શકતો નથી.

**सोच्चा :–** આ શબ્દના અનેક રીતે અર્થ થાય છે– (૧) સૂત્ર, અર્થ અને સૂત્રાર્થને સાંભળીને (૨) જ્ઞાન–દર્શન–ચારિત્રને સાંભળીને (૩) જીવ–અજીવ આદિ તત્ત્વોને સાંભળીને (૪) મોક્ષના સાધનરૂપ તત્ત્વોનું સ્વરૂપ અને કર્મ વિપાકને સાંભળીને.

**कल्लाणं :–** આ શબ્દના બે રીતે અર્થ થાય છે– (૧) કલ્ય એટલે મોક્ષ; તેને જે પ્રાપ્ત કરાવે તે જ્ઞાન, દર્શન ચારિત્રરૂપ સંયમ. (૨) કલ્લ એટલે નીરોગતા. મોક્ષ નિરોગ સ્વરૂપ છે. તે નિરોગતાને પ્રાપ્ત કરાવનારો સંયમ કલ્યાણરૂપ છે.

**पावगं :–** અકલ્યાણ. જેનાથી પાપકર્મનો બંધ થાય તે અસંયમને અહીં **पावगं** = પાપકારી માર્ગ કહ્યો છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં ચાર અંગ દુર્લભ કહ્યા છે, તેમાં મનુષ્યભવની પ્રાપ્તિ પછી બીજું દુર્લભ અંગ 'શ્રવણ' કહ્યું છે. શ્રદ્ધા અને આચરણનું સ્થાન ત્યારપછી છે. ઠાણાંગ સૂત્રમાં સાધુ–સાધ્વીની પર્યુપાસનાનાં ૧૦ ફળ બતાવ્યા છે, તેમાં સર્વ પ્રથમ ફળ 'શ્રવણ' છે; ત્યારપછી જ્ઞાન, વિજ્ઞાન, પ્રત્યાખ્યાન, સંયમ, સંવર, તપ વગેરે અને અંતે નિર્વાણ કહ્યું છે. શ્રવણનું પરંપરાગત ફળ નિર્વાણમાં પરિસમાપ્ત થાય છે. આ રીતે શ્રવણ અથવા શ્રુતિનું મહત્ત્વ સમજાઈ જાય છે.

તાત્પર્ય એ છે કે હેય, જ્ઞેય અને ઉપાદેય તત્ત્વોને સાંભળીને સાધક છોડવા યોગ્ય(પાપકારી) પ્રવૃત્તિનો ત્યાગ કરે છે અને સ્વીકારવા યોગ્ય તત્ત્વોનો સ્વીકાર કરે છે.

**जं सेयं तं समायरे :–** સાધક ગુરુ સમીપે કલ્યાણ અને પાપના માર્ગને જાણીને સ્વયંનું હિત શેમાં છે, તેનો નિર્ણય સ્વયં કરે અને જે શ્રેયકારી માર્ગ છે તેનું જ આચરણ કરે, એવું સૂત્રકારનું સ્પષ્ટ સૂચન છે.

**जो जीवे वि ण याणेइ :–** જે જીવને કે અજીવને જાણતો નથી તે તેની યતના કરી શકતો નથી, તેથી તે સંયમને જાણતો નથી. જે જીવ–અજીવને જાણે છે તે તેની યતના કરી શકે છે, તેથી તે સંયમને જાણે છે. આ કથનમાં પણ સૂત્રકારે સંયમની પૂર્વભૂમિકારૂપે જીવાજીવના જ્ઞાનનું મહત્ત્વ પ્રદર્શિત કર્યું છે.

**जीवा जीवे वियाणंतो :–** જીવ અને અજીવની પરિજ્ઞાવાળી વ્યક્તિ જીવ અને અજીવ સંબંધી સંયમને જાણે છે અને જે જીવ અજીવ સંબંધી સંયમને જાણે છે તે જ સંયમનું પાલન કરી શકે છે.

### જીવનો આધ્યાત્મિક વિકાસ ક્રમ :–

**૧૪** **जया जीवमजीवे य, दोवि एए वियाणइ ।**
**तया गइं बहुविहं, सव्वजीवाण जाणइ ॥**

**છાયાનુવાદ :** यदा जीवानजीवांश्च, द्वावप्येतौ विजानाति ।
तदा गतिं बहुविधां, सर्वजीवानां जानाति ॥

**શબ્દાર્થ :– जया** = જ્યારે **जीवमजीवे य** = જીવ અને અજીવ **एए** = એ **दोवि** = બન્નેને **वियाणइ** = જાણી લે છે **तया** = ત્યારે **सव्वजीवाण** = સર્વ જીવોની **बहुविहं** = બહુ ભેદવાળી **गइं** = ગતિને **जाणइ** = જાણે છે.

**ભાવાર્થ :–** જ્યારે સાધક આત્મા જીવ તથા અજીવ બંને તત્ત્વોને જાણે છે ત્યારે તે સર્વજીવોની બહુ પ્રકારની (નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ સંબંધી) ગતિને પણ જાણી શકે છે.

**૧૫** **जया गइं बहुविहं, सव्वजीवाण जाणइ ।**
**तया पुण्णं च पावं च, बंधं मोक्खं च जाणइ ॥**

**છાયાનુવાદ :** यदा गतिं बहुविधां, सर्वजीवानां जानाति ।
तदा पुण्यं च पापं च, बन्धं मोक्षं च जानाति ॥

**શબ્દાર્થ :– तया** = તે ત્યારે **पुण्णं च पावं च** = પુણ્ય અને પાપને તથા **बंधं मोक्खं च** = બન્ધ અને મોક્ષને પણ **जाणइ** = જાણે છે.

**ભાવાર્થ :–** જ્યારે સાધક સર્વ જીવોની બહુવિધ ગતિને જાણે છે ત્યારે તે પુણ્ય, પાપ, બંધ અને મોક્ષ તે ચારે તત્ત્વોને જાણી શકે છે.

**१६** जया पुण्णं च पावं च, बंधं मोक्खं च जाणइ ।
तया णिव्विंदए भोए, जे दिव्वे जे य माणुसे ॥

**છાયાનુવાદ :** यदा पुण्यं च पापं च, बन्धं मोक्षं च जानाति ।
तदा निर्विन्ते भोगान्, यान् दिव्यान् यांश्च मानुषान् ॥

**શબ્દાર્થ :– तया** = ત્યારે **जे** = જે **दिव्वे** = દેવોના **जे य** = અને જે **माणुसे** = મનુષ્યોના **भोए** = ભોગોથી **णिव्विंदए** = વિરક્ત બને છે.

**ભાવાર્થ :–** જ્યારે સાધક પુણ્ય, પાપ, બંધ અને મોક્ષના સ્વરૂપને જાણે છે ત્યારે તે દેવ અને મનુષ્ય આદિ સંબંધી કામભોગોથી નિર્વેદ પામે છે.

**१७** जया णिव्विंदए भोए जे दिव्वे जे य माणुसे ।
तया चयइ संजोगं, सब्भिंतरबाहिरं ॥

**છાયાનુવાદ :** यदा निर्विन्ते भोगान्, यान् दिव्यान् यांश्च मानुषान् ।
तदा त्यजति संयोगं, साभ्यन्तरबाह्यम् ॥

**શબ્દાર્થ :– सब्भिंतरबाहिरं** = આભ્યંતર અને બહારના **संजोगं** = સંયોગને **चयइ** = છોડી દે છે.

**ભાવાર્થ :–** જ્યારે સાધક દેવતા અને મનુષ્ય સંબંધી ભોગોથી નિર્વેદ પામે છે ત્યારે તે કષાયાદિ આભ્યંતર સંયોગો અને કુટુંબાદિ બાહ્ય સંયોગોને ત્યાગી દે છે.

**१८** जया चयइ संजोगं, सब्भिंतरबाहिरं ।
तया मुंडे भवित्ताणं, पव्वइए अणगारियं ॥

**છાયાનુવાદ :** यदा त्यजति संयोगं, साभ्यन्तरबाह्यम् ।
तदा मुण्डो भूत्वा, प्रव्रजति अनगारिताम् ॥

**શબ્દાર્થ :– मुंडे भवित्ताणं** = મુંડિત થઈને **अणगारियं** = અણગારપણામાં **पव्वइए** = દીક્ષિત થાય છે.

**ભાવાર્થ :–** જ્યારે સાધક આભ્યંતર અને બાહ્ય સંયોગોનો ત્યાગ કરે છે ત્યારે તે દ્રવ્ય અને ભાવથી મુંડિત બનીને અણગારપણાને અંગીકાર કરે છે.

**१९** जया मुंडे भवित्ताणं, पव्वइए अणगारियं ।
तया संवरमुक्किट्ठं, धम्मं फासे अणुत्तरं ॥

**છાયાનુવાદ :** यदा मुण्डो भूत्वा, प्रव्रजति अनगारिताम् ।
तदा संवरमुत्कृष्टं, धर्मं स्पृशत्यनुत्तरम् ॥१९॥

**શબ્દાર્થ :–** **उक्किट्ठं** = શ્રેષ્ઠ **संवरं** = સંવરને **अणुत्तरं** = સર્વથી શ્રેષ્ઠ **धम्मं** = ધર્મને **फासे** = સ્પર્શ કરે છે.

**ભાવાર્થ :–** જ્યારે સાધક મુંડિત થઈને અણગારપણું સ્વીકારે છે ત્યારે તે ઉત્કૃષ્ટ અને અનુત્તર સંવર ધર્મનો સ્પર્શ કરે છે.

**૨૦** जया संवरमुक्किट्ठं, धम्मं फासे अणुत्तरं ।
तया धुणइ कम्मरयं, अबोहिकलुसं कडं ॥

**છાયાનુવાદ :** यदा संवरमुत्कृष्टं, धर्मं स्पृशत्यनुत्तरम् ।
तदा धुनाति कर्म्मरजः, अबोधिकलुषं कृतम् ॥

**શબ્દાર્થ :–** **अबोहिकलुसं कडं** = મિથ્યાત્વરૂપ કલુષિતતાથી કરેલા–બાંધેલા, અજ્ઞાનથી અને પાપા– ચરણથી કરેલા **कम्मरयं** = કર્મરજને **धुणइ** = ખંખેરે છે, દૂર કરે છે.

**ભાવાર્થ :–** જ્યારે સાધક ઉત્કૃષ્ટ અને અનુત્તર સંવર ધર્મનો સ્પર્શ કરે છે ત્યારે તે અબોધિ(અજ્ઞાન) અને કલુષિતતાથી(પાપાચરણથી) સંચિત કરેલા પાપકર્મના મેલને દૂર કરે છે.

**૨૧** जया धुणइ कम्मरयं, अबोहिकलुसं कडं ।
तया सव्वत्तगं णाणं, दंसणं चाभिगच्छइ ॥

**છાયાનુવાદ :** यदा धुनाति कर्म्मरजः अबोधिकलुष कृतम् ।
तदा सर्वत्रगं ज्ञानं, दर्शनं चाभिगच्छति ॥

**શબ્દાર્થ :–** **सव्वत्तगं** = સર્વત્રગામી, લોકાલોકવ્યાપી **णाणं** = કેવળજ્ઞાન **दंसणं** = કેવળ દર્શનને **अभिगच्छइ** = પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :–** જ્યારે સાધક અજ્ઞાન અને પાપાચરણ દ્વારા કરેલા કર્મરૂપી મેલને દૂર કરે છે, ત્યારે તે સર્વવ્યાપી કેવળજ્ઞાન અને કેવળદર્શનને પામે છે.

**૨૨** जया सव्वत्तगं णाणं, दंसणं चाभिगच्छइ ।
तया लोगमलोगं च, जिणो जाणइ केवली ॥

**છાયાનુવાદ :** यदा सर्वत्रगं ज्ञानं, दर्शनं चाभिगच्छति ।
तदा लोकमलोकं च, जिनो जानाति केवली ॥

**શબ્દાર્થ :– जिणो** = રાગદ્વેષને જીતનાર જિન **केवली** = કેવળજ્ઞાન ધારી **लोगं** = લોકને **अलोगं** = અલોકને **जाणइ** = જાણે છે.

**ભાવાર્થ :–** જ્યારે સાધક સર્વવ્યાપી કેવળજ્ઞાન અને કેવળદર્શનને પામે છે ત્યારે તે રાગ–દ્વેષ રહિત જિન અને કેવળજ્ઞાની થઈને લોક અને અલોકના સ્વરૂપને(તેના સર્વભાવોને) જાણે છે.

**२३** **जया लोगमलोगं च, जिणो जाणइ केवली ।**
**तया जोगे णिरुंभित्ता, सेलेसिं पडिवज्जइ ॥**

**છાયાનુવાદ : यदा लोकमलोकं च, जिनो जानाति केवली ।**
**तदा योगान् निरुध्य, शैलेशीं प्रतिपद्यते ॥**

**શબ્દાર્થ :– जोगे** = યોગોનો **णिरुंभित्ता** = નિરોધ કરીને **सेलेसिं** = સુમેરુ સમાન નિશ્ચલ અવસ્થાને **पडिवज्जइ** = પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :–** જ્યારે તે વીતરાગી કેવલજ્ઞાની લોક અને અલોકના સ્વરૂપને જાણે છે ત્યારે તે મન, વચન અને કાયાના સર્વ વ્યાપારોને રૂંધીને શૈલેશી અવસ્થા અર્થાત્ આત્મપ્રદેશોની નિષ્કંપ દશાને પામે છે.

**२४** **जया जोगे णिरुंभित्ता, सेलेसिं पडिवज्जइ ।**
**तया कम्मं खवित्ताणं, सिद्धिं गच्छइ णीरओ ॥**

**છાયાનુવાદ : यदा योगान्निरुध्य, शैलेशीं प्रतिपद्यते ।**
**तदा कर्मं क्षपयित्वा, सिद्धिं गच्छति नीरजाः ॥**

**શબ્દાર્થ :– णीरओ** = રજ રહિત થઈને **कम्मं** = કર્મને **खवित्ताणं** = ક્ષય કરીને **सिद्धिं** = સિદ્ધ ગતિમાં **गच्छइ** = જાય છે.

**ભાવાર્થ :–** સાધક જ્યારે તે યોગોનું રુંધન કરીને શૈલેશી અવસ્થાને પામે છે ત્યારે તે શેષ રહેલા ચાર અઘાતિ કર્મોનો પણ ક્ષય કરીને, કર્મ રજથી સર્વથા રહિત બની સિદ્ધગતિને પ્રાપ્ત થાય છે.

**२५** **जया कम्मं खवित्ताणं, सिद्धिं गच्छइ णीरओ ।**
**तया लोगमत्थयत्थो, सिद्धो हवइ सासओ ॥**

**છાયાનુવાદ : यदा कर्मं क्षपयित्वा, सिद्धिं गच्छति नीरजाः ।**
**तदा लोकमस्तकस्थः, सिद्धो भवति शाश्वतः ॥**

**શબ્દાર્થ :– लोगमत्थयत्थो** = લોકના મસ્તક સ્થાને સ્થિત થઈને, લોકાગ્રે સ્થિત થઈને **सासओ** = શાશ્વત કાલ માટે, સદા માટે **सिद्धो** = સિદ્ધ **हवइ** = થઈ જાય છે.

**ભાવાર્થ :–** સાધક જ્યારે સર્વ કર્મનો ક્ષય કરીને, કર્મ રજથી રહિત થઈ સિદ્ધગતિને પામે છે ત્યારે તે સ્વાભાવિક રીતે લોકના અગ્ર ભાગ પર પહોંચીને શાશ્વત સિદ્ધ થાય છે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં સાધનાના પ્રારંભથી સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ પર્યંતનું જીવના આધ્યાત્મિક વિકાસ ક્રમનું વર્ણન, અનુપ્રાસ અને અલંકારયુક્ત શૈલીમાં છે.

**અધ્યાત્મ વિકાસ ક્રમની તેર અવસ્થાઓ :–** (૧) જીવાજીવનું જ્ઞાન. (૨) સર્વ જીવોની બહુવિધ ગતિ–ઓના ગમનાગમનનું જ્ઞાન. (૩) પુણ્ય–પાપ તથા બંધ મોક્ષનું જ્ઞાન. (૪) દૈવિક અને માનુષિક ભોગોથી વિરક્તિ. (૫) બાહ્ય અને આભ્યંતર સંયોગોનો પરિત્યાગ. (૬) મુંડિત થઈને અણગાર ધર્મમાં પ્રવ્રજ્યા સ્વીકાર. (૭) ઉત્કૃષ્ટ સંવરરૂપ અનુત્તર સંયમ–તપમય ધર્મનું પાલન. (૮) અજ્ઞાન અને કષાય દશામાં (પાપોના સેવનથી) ઉપાર્જિત કર્મોનો ક્ષય. (૯) કેવળજ્ઞાન–કેવળદર્શનની પ્રાપ્તિ. (૧૦) જિનત્વ–વીતરાગતા, સર્વજ્ઞતા અને લોકાલોકનું જ્ઞાન. (૧૧) યોગોનો નિરોધ અને શૈલેશી અવસ્થાની પ્રાપ્તિ. (૧૨) સર્વ કર્મક્ષય કરી, કર્મ મુક્ત થઈ સિદ્ધ ગતિની પ્રાપ્તિ. (૧૩) લોકાગ્રમાં સ્થિત થઈ શાશ્વત કાલ માટે સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિ.

**(૧–૨) जया जीवमजीवे य... तया गइं बहुविहं :–** આ ગાથાઓમાં જીવાજીવ વિજ્ઞાનનો ગતિ આદિ જ્ઞાન સાથે સીધો સંબંધ બતાવ્યો છે. જ્યારે મનુષ્યને જીવ–અજીવનું જ્ઞાન થઈ જાય છે ત્યારે તે વિચાર કરે છે કે "બધાનો આત્મા નિશ્ચય દષ્ટિથી એક સમાન હોવા છતાં તે નારક, તિર્યંચ, મનુષ્ય, દેવ આદિ વિભિન્ન પર્યાયો પ્રાપ્ત કરે છે; જીવોમાં આ અને અન્ય વિભિન્નતાઓ શા માટે છે ?" ત્યારે તેનો જવાબ શાસ્ત્ર અથવા જ્ઞાનીપુરુષો દ્વારા(શ્રવણથી) મળે છે કે કારણ વિના કાર્ય હોય નહીં; જીવના પોતે કરેલા કર્મ વિભિન્ન ગતિઓમાં જન્મ–મરણનું કારણ છે. શુભકર્મ સુગતિનું કારણ અને અશુભ કર્મ દુર્ગતિનું કારણ છે.

**(૩) तया पुण्णं च पावं च :–** પુણ્ય, પાપ, બંધ, મોક્ષનું જ્ઞાન. સાધક જ્યારે જીવોની વિવિધ ગતિઓને જાણે છે ત્યારે તે સર્વ જીવોની વિવિધતાના–વિચિત્રતાના કારણનો વિચાર કરે છે. જીવોની વિચિત્રતાનું કારણ છે કર્મબંધ. કર્મના બે પ્રકાર છે. પુણ્ય અને પાપ. પુણ્યકર્મના ઉદયે દેવ, મનુષ્યાદિ સુગતિ, પાપકર્મના ઉદયે નરક, તિર્યંચાદિ દુર્ગતિ પ્રાપ્ત થાય છે.

કર્મના બંધથી ચાર ગતિમાં ભ્રમણ અને કર્મબંધથી મુક્ત થતાં તેનો મોક્ષ થાય છે. આ રીતે તે પુણ્ય, પાપ, બંધ, મોક્ષ તત્ત્વોને જાણે છે. ગાથામાં ચાર તત્ત્વનું કથન છે. પરંતુ ઉપલક્ષણથી તેને આશ્રવ, સંવર, નિર્જરા આદિ સર્વ તત્ત્વનું જ્ઞાન થઈ જાય છે.

**(૪) तया णिव्विंदए भोए :–** દૈવિક અને માનવીય ભોગોથી વિરક્તિ. પુણ્ય, પાપ, બંધ અને

મોક્ષનું જ્ઞાન થતાં જ આત્માને દિવ્ય અને માનવીય વિષય ભોગ નિઃસાર, ક્ષણિક અને કિંપાક ફળની સમાન દુઃખરૂપ પ્રતીત થાય છે. કારણ કે સમ્યગ્જ્ઞાનથી વસ્તુ સ્થિતિનો ભેદ સમજાઈ છે. આ તુચ્છ ભોગોના કટુ પરિણામ અને ચર્તુગતિરૂપ સંસારના પરિભ્રમણનું દશ્ય સાધકને પ્રતિભાસિત થવા લાગે છે. તેથી તે દેવ, મનુષ્ય, સંબંધી ભોગોથી સહજ વિરક્ત થઈ જાય છે. અહીં **ज्ञानस्य फलं विरति** જ્ઞાનનો સાર ચારિત્ર છે, આ સૂક્તિ સિદ્ધ થાય છે. **निव्विंदए** શબ્દના સંસ્કૃતમાં બે રૂપ થાય છે. (૧) **निर्विंद** = (निर् + विन्द) નિશ્ચયપૂર્વક જાણવું. સમ્યગ્ વિચાર કરવો. (૨) **निर्विद** = (निर् + विद्)વિરક્ત થવું, અસારતાનો અનુભવ કરવો.

**(૫) तया चयइ संजोगं :–** બાહ્ય અને આભ્યંતર સંયોગોનો પરિત્યાગ. સંયોગના બે પ્રકાર છે– બાહ્ય અને આભ્યંતર. (૧) બાહ્ય પદાર્થોનો, વ્યક્તિનો કે દેહનો સંબંધ **બાહ્ય સંયોગ** છે. (૨) બાહ્ય સંયોગના કારણભૂત રાગાદિ ભાવ કે આસક્તિભાવ તે **આભ્યંતર સંયોગ**(પરિગ્રહ) છે. ભોગોથી વિરક્ત જીવ ત્યાગ માર્ગનો સ્વીકાર કરે છે ત્યારે તે બંને પ્રકારના સંયોગોનો ત્યાગી થઈ જાય છે.

**(૬) तया मुंडे भवित्ताणं :–** મુંડિત થઈને અણગારપણાનો સ્વીકાર. મુંડન બે પ્રકારના હોય છે– દ્રવ્યમુંડન અને ભાવમુંડન. કેશ લોચ કરવો તે **દ્રવ્યમુંડન** છે અને પંચેન્દ્રિય નિગ્રહ અને કષાય વિજય તે **ભાવમુંડન** છે. પ્રથમ મુંડન શારીરિક છે, બીજું માનસિક છે. બંને પ્રકારથી જે મુંડિત થઈ જાય છે તે પૂર્ણતઃ મુંડિત કહેવાય છે. ઠાણાંગ સૂત્રમાં ૧૦ પ્રકારના મુંડન કહ્યા છે. (૧) ક્રોધમુંડન (૨) માનમુંડન (૩) માયામુંડન (૪) લોભમુંડન (૫) શિરોમુંડન (૬) શ્રોત્રેન્દ્રિયમુંડન (૭) ચક્ષુરિન્દ્રિયમુંડન (૮) ઘ્રાણેન્દ્રિયમુંડન (૯) રસનેન્દ્રિયમુંડન (૧૦) સ્પર્શેન્દ્રિયમુંડન. મનુષ્ય સમસ્ત ભોગોથી, ભોગાકાંક્ષાથી સર્વથા વિરકત થઈ જાય છે અને બાહ્યાભ્યંતર સંયોગોનો ત્યાગ કરી દે છે. ત્યાર પછી તેનામાં ગૃહસ્થવાસમાં રહેવાની અથવા ગૃહસ્થાશ્રમનું દાયિત્વ વહન કરવાની ભાવના રહેતી નથી. તે સર્વ સ્થાનેથી મુખ ફેરવીને દ્રવ્યભાવથી મુંડિત થઈને અણગાર ધર્મમાં પ્રવ્રજિત થઈ જાય છે. **अणगारियं** = **न+अगार+इयं** = ગૃહ રહિત અવસ્થા, અણગાર વૃત્તિ, સાધુત્વ; અર્થાત્ જેને પોતાની માલિકીનું કોઈ ઘર હોતું નથી તેવા આત્મ સાધક મહાત્માને અણગાર કહેવાય છે.

**(૭) तया संवर मुक्किट्ठं :–** ઉત્કૃષ્ટ સંવરરૂપ અનુત્તર સંયમ ધર્મનો સ્પર્શ. **संवर** = પ્રાણાતિપાત આદિ આશ્રવ પ્રવૃત્તિનો ત્યાગ કરવો, તે સંવર ધર્મ છે. જો કે ગૃહસ્થાવસ્થામાં પણ સંવર ધર્મનું પાલન હોય છે પરંતુ ત્યાં દેશ સંવરરૂપ શ્રાવક ધર્મ ધારણ કરાય છે; અહીં ઉત્કૃષ્ટ સંવરરૂપ સંયમ ધર્મ(સર્વ વિરતિરૂપ સંવર)ની અપેક્ષાથી કથન છે. આ દષ્ટિથી સંવરના બે પ્રકાર થાય છે– દેશ સંવર અને સર્વ સંવર. દેશ સંવરમાં આશ્રવ પ્રવૃત્તિઓનો આંશિક કે અપૂર્ણ ત્યાગ થાય છે અને સર્વ સંવરમાં તેનો સંપૂર્ણ ત્યાગ જીવનપર્યંત થાય છે. મહાવ્રતરૂપ ચારિત્ર ધર્મથી શ્રેષ્ઠ અન્ય કોઈ ધર્મ નથી, તેથી તેને **ઉત્કૃષ્ટ અને અનુત્તરધર્મ** કહ્યો છે.

તાત્પર્ય એ છે કે જ્યારે સાધક તે સમસ્ત વિષય ભોગ, બાહ્યાભ્યંતર પરિગ્રહ અને ગૃહવાસને છોડીને, દ્રવ્ય–ભાવથી મુંડિત થઈને અણગાર ધર્મને અંગીકાર કરે છે, ત્યારે તેના સમસ્ત પાપાશ્રવોનો

પૂર્ણ નિરોધ થઈ જાય છે અને તે ઉત્કૃષ્ટ તથા સર્વ શ્રેષ્ઠ સંવરમય સંયમ ધર્મનું અનુપાલન કરે છે.

**(૮) तया धुणइ कम्मरयं :–** અજ્ઞાન અને કષાય દશામાં ઉપાર્જિત કર્મોનો ક્ષય. જ્યારે સાધક ઉત્કૃષ્ટ સંવરરૂપ અનુત્તર સંયમ ધર્મનું પાલન કરે છે ત્યારે નવીન કર્મોનો પ્રવાહ બંધ થઈ જાય છે અને પૂર્વ સંગ્રહિત કર્મોને તે તીવ્રતાથી ખંખેરી નાંખે છે. અહીં પૂર્વ સંગ્રહિત કર્મોની નિષ્પત્તિના મુખ્ય બે કારણ **अबोही कलुसं कडं** શબ્દ દ્વારા પ્રદર્શિત કર્યા છે. અબોધિથી અજ્ઞાનદશાનું, મિથ્યાત્વદશાનું કથન છે અને કલુષતાથી કષાયનું કે અન્ય સર્વ પાપોનું કથન છે. આ રીતે તે ઉત્કૃષ્ટ સંવરમય સંયમ ધર્મમાં ઉપસ્થિત સંયમી મહાત્મા પૂર્વે અજ્ઞાન અને હિંસાદિ પાપ પ્રવૃત્તિ દ્વારા સંચિત કર્મોનું ધુનન કરે છે અર્થાત્ અતિશય પ્રમાણમાં કર્મોનો ક્ષય કરે છે.

તાત્પર્ય એ છે કે સંયમ ધર્મમાં સાધક મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, પરિષહજય, દશવિધ યતિધર્મ, એકત્વાદિ અનુપ્રેક્ષા અને દ્વાદશવિધ તપશ્ચરણ વગેરે વિવિધ આરાધનાઓથી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય આ ચાર ઘાતિકર્મોનો ક્ષય કરે છે.

**(૯) तया सव्वत्तगं णाणं :–** સર્વત્રગામી(સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવને વિષય કરનાર) કેવળ જ્ઞાન–કેવળ દર્શનની પ્રાપ્તિ.

ઘાતિકર્મરૂપ રજ દૂર થતાં જ કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટ થાય છે. કેવળ જ્ઞાન સર્વવ્યાપી–સર્વ વિષયગ્રાહી હોય છે. તેથી તેના માટે અહીં **सव्वत्तगं** વિશેષણનો પ્રયોગ છે. **सव्वत्तगं** = સર્વત્રગામી, સર્વવ્યાપી. જે જ્ઞાનનો વિષય સર્વત્ર વ્યાપ્ત છે તેવું જ્ઞાન અને દર્શન. જૈનદર્શનાનુસાર આત્મા સર્વવ્યાપી નથી પરંતુ તેને પ્રગટ થયેલા કેવળજ્ઞાનનો ઉપયોગ સર્વવ્યાપી છે. તેની સર્વ વ્યાપકતા આત્મ ક્ષેત્રની દષ્ટિએ નથી પરંતુ જ્ઞાનના દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવના વિષયોની દષ્ટિએ છે. કેવળજ્ઞાન લોકાલોકના સર્વ દ્રવ્યો અને તેની પર્યાયોને વિષય કરે છે તેથી તેને **સર્વત્રગામી** કહ્યું છે.

**(૧૦) तया लोगमलोगं च :–** જિન, સર્વજ્ઞ અને લોકાલોકના જ્ઞાતા. સર્વવ્યાપી જ્ઞાન, દર્શન પ્રાપ્ત થતાં તે આત્મા (ક્ષીણ)વીતરાગી અને કેવળજ્ઞાની કહેવાય છે. તે પોતાના કેવળજ્ઞાનમાં લોક અને અલોકને હાથમાં રાખેલા આંબળાની જેમ જાણે અને જુએ છે.

**(૧૧) तया जोगे णिरुंभित्ता :–** યોગનિરોધ અને શૈલેશી અવસ્થાની પ્રાપ્તિ. કેવળી ભગવાન પોતાના આયુષ્યના અંતિમ સમયે મન, વચન, કાયાના ત્રિયોગનો નિરોધ કરી નિષ્કંપ બની જાય છે. આત્મા સ્વભાવથી નિષ્કંપ છે પરંતુ અનાદિકાલથી યોગના નિમિત્તે આત્મપ્રદેશોમાં નિરંતર કંપન થતું રહે છે અને સયોગી અવસ્થાના કારણે કર્મબંધ થતો હોય છે. તેરમા ગુણસ્થાનના અંતે થતી આ નિષ્કંપ અવસ્થાને જ શૈલેશી અવસ્થા કહે છે.

**सेलेसिं** = સંસારી જીવોના આત્મપ્રદેશો પોતાના અવગાહિત શરીરમાં સદા સર્વત્ર ચલ–વિચલ થયા કરે છે, ઉપર–નીચે વગેરે ગતિ કરતા રહે છે; પરંતુ જ્યારે યોગનિરોધ થાય ત્યારે તે આત્મપ્રદેશોની

ચંચલતાનો અંત આવે છે. જેમ શૈલેશ(પર્વત) પોતાના સ્થાનથી ચલ–વિચલ થતો નથી પણ સ્થિર રહે છે, તેમ આ શૈલેશી અવસ્થામાં આત્મપ્રદેશ પણ ચલ–વિચલ થતાં બંધ થઈ નિશ્ચલ થઈ જાય છે, તેથી આ અવસ્થાને **શૈલેશી** કહેવાય છે.

**(૧૨) तया कम्मं खवित्ताणं :–** સર્વકર્મ ક્ષય અને સિદ્ધત્વની પ્રાપ્તિ. જ્યારે કેવળી ભગવાન શૈલેશી અવસ્થાને પ્રાપ્ત કરીને સર્વથા અયોગી થઈ જાય છે, ત્યારે તેના વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર તે ચાર ભવધારણીય અઘાતી કર્મોનો પણ નાશ અલ્પ સમયમાં જ થઈ જાય છે. આ રીતે આઠ કર્મોનો સર્વથા ક્ષય થઈ જવાથી તે આત્મા સર્વથા કર્મરજથી રહિત થઈ જાય છે અને મુક્તિને પ્રાપ્ત કરે છે.

**(૧૩) तया लोगमत्थयत्थो :–** લોકાગ્રે શાશ્વત સ્થિતિ. કર્મથી મુક્ત થયેલો શુદ્ધ આત્મા ઉર્ધ્વગમનના સ્વભાવે એક જ સમયમાં લોકાગ્રે પહોંચી જાય છે અને ત્યાં શાશ્વત કાલપર્યંત પ્રતિષ્ઠિત થાય છે. લોકના અગ્રભાગને અહીં લોક મસ્તક કહ્યું છે. સિદ્ધ ભગવાનને જન્મ–મરણનું કોઈ કારણ શેષ રહ્યું નથી તેથી તે પુનઃ સંસારમાં જન્મ ધારણ કરતા નથી. તેથી શાશ્વતકાલ પર્યંત તે જ સ્વરૂપે, તે જ સ્થાનમાં સ્થિત રહે છે.

આ રીતે જીવ સાધનાના એક એક સોપાન ચઢતો અંતે વિકાસના સર્વોચ્ચ શિખર(સિદ્ધદશા)ને પ્રાપ્ત કરે છે.

## સુગતિની દુર્લભતા અને સુલભતા :–

**૨૬** सुहसायगस्स समणस्स, सायाउलगस्स णिगामसाइस्स ।
उच्छोलणापहोयस्स, दुल्लहा सुगई तारिसगस्स ॥

**છાયાનુવાદ :** सुखास्वादकस्य श्रमणस्य, साताकुलस्य निकामशायिनः ।
उत्क्षालनाप्रधाविनः, दुर्लभा सुगतिस्तादृशस्य ॥

**શબ્દાર્થ :– सुहसायगस्स** = સુખના આસ્વાદનો ઈચ્છુક **सायाउलगस्स** = શાતાને માટે આકુળ **णिगामसाइस्स** = અત્યંત શયન કરનાર **उच्छोलणापहोयस्स** = કારણ વિના હાથ, પગ, મુખ આદિ ધોનાર **तारिसगस्स** = તેવા પ્રકારના આચરણવાળા **समणस्स** = સાધુને **सुगई** = ઉત્તમગતિ, સદ્‌ગતિ **दुल्लहा** = દુર્લભ છે.

**ભાવાર્થ :–** પ્રાપ્ત સુખશાતાના રસિક, ઇંદ્રિય સુખના અભિલાષી, અપ્રાપ્ત સુખને માટે આકુળ, અતિ–નિદ્રાશીલ, કારણ વિના હાથ, પગ આદિ અંગોને ધોનાર સાધુને સુગતિ દુર્લભ છે.

**૨૭** तवोगुणपहाणस्स उज्जुमइखंतिसंजमरयस्स ।
परीसहे जिणंतस्स सुलहा सुगई तारिसगस्स ॥

**છાયાનુવાદ :** **तपोगुणप्रधानस्य ऋजुमतेः क्षान्तिसंयमरतस्य ।**
**परीषहान् जयतः सुलभा सुगतिस्तादृशस्य ॥**

**શબ્દાર્થ :–** **तवोगुणपहाणस्स** = તપરૂપી ગુણથી પ્રધાન **उज्जुमइ** = સરલ મતિવાળા, મોક્ષ માર્ગમાં મતિવાળા **खंतिसंजमरयस्स** = ક્ષમા અને સંયમમાં રક્ત **परीसहे** = પરીષહોને **जिणंतस्स** = જીતનાર **तारिसगस्स** = તેવી જાતના, તેવા સાધકને **सुगई** = સદ્ગતિ, સુગતિ **सुलहा** = સુલભ છે.

**ભાવાર્થ :–** તપરૂપી ગુણથી પ્રધાન, સરળ મતિવાળા, ભદ્રિક, ક્ષમા તથા સંયમમાં અનુરક્ત અને બાવીસ પરીષહોને જીતનાર સાધકને સુગતિ સુલભ થાય છે.

**૨૮** **पच्छावि ते पयाया, खिप्पं गच्छंति अमरभवणाइं ।**
**जेसिं पिओ तवो संजमो य, खंती य बंभचेरं च ॥**

**છાયાનુવાદ :** **पश्चादपि ते प्रयाताः, क्षिप्रं गच्छन्त्यमरभवनानि ।**
**येषां प्रियं तपः संयमश्च, क्षान्तिश्च ब्रह्मचर्यं च ॥**

**શબ્દાર્થ :–** **जेसिं** = જેઓને **तपो** = તપ **संजमो** = સંયમ **खंती** = ક્ષમા **बंभचेरं** = બ્રહ્મચર્ય **पिओ** = પ્રિય છે **ते** = તે **पच्छावि** = પાછલી અવસ્થામાં પણ **पयाया** = સંયમમાર્ગે ચાલે, સંયમ અંગીકાર કરે તો **खिप्पं** = શીઘ્ર **अमरभवणाइं** = દેવોના ભવનોમાં **गच्छंति** = જાય છે.

**ભાવાર્થ :–** જેને તપ, સંયમ, ક્ષમા અને બ્રહ્મચર્ય પ્રિય છે, તેવી વ્યક્તિ પાછલી વયમાં પણ સંયમમાર્ગે પ્રયાણ કરીને શીઘ્રતાથી અમર ભવનોને(ઉચ્ચ પ્રકારનાં દેવલોકનાં સ્થાનોને) પ્રાપ્ત કરે છે અર્થાત્ અલ્પ–કાળના પણ સંયમ તપ ઉચ્ચગતિનું કારણ બને છે.

## વિવેચન :–

અધ્યાત્મ વિકાસના અંતિમ સોપાનનું નિરૂપણ કર્યા પછી પ્રસ્તુત ત્રણ ગાથાઓમાં યોગ્ય–અયોગ્ય સાધકના ગુણ–દોષનું નિરૂપણ કરી તેને સુગતિની સુલભતા, દુર્લભતા દર્શાવી છે. અયોગ્ય સાધકના સૂત્રોક્ત ચાર દોષ આ પ્રમાણે છે–

**(૧) सुहसायगस्स :–** આ શબ્દના ત્રણ અર્થ થાય છે– (૧) સુખનો સ્વાદ લેનાર (૨) જે સુખની કામના અથવા પ્રાર્થના કરે (૩) પ્રાપ્ત સુખને આસક્તિપૂર્વક ભોગવનાર. આ રીતે સુખ સુવિધાનો જ રસિક.

**(૨) सायाउलगस्स :–** શાતાકુળ. આ શબ્દના પણ ત્રણ અર્થ થાય છે– (૧) સુખ પ્રાપ્તિ માટે વ્યાકુળ. (૨) "હું ક્યારે સુખી થઈશ" તેવી સતત ભાવના કરનાર. (૩) ભાવિ(અપ્રાપ્ત) સુખ માટે સતત વ્યગ્ર રહેનાર.

**(૩) णिगामसाइस्स :–** નિકામશાયી. આવશ્યક સૂત્રમાં **पगामसिज्जाए** અને **णिगामसिज्जाए** આ બે શબ્દ નિદ્રા દોષના પ્રતિક્રમણના પાઠમાં છે. ત્યાં પ્રથમ પદનો અર્થ છે– અધિક સમય નિદ્રા લેવી અને બીજા પદનો અર્થ છે– વારંવાર નિદ્રા લેવી કે દિવસમાં નિદ્રા લેવી. પ્રસ્તુત ગાથામાં એક જ શબ્દમાં બે શબ્દનો સમાવેશ છે તેથી તેનો અર્થ છે અમર્યાદિત સમય માટે અને વારંવાર સૂનાર નિદ્રાશીલ સાધકની સદ્‌ગતિ થવી દુર્લભ છે અર્થાત્ તેની સંયમની આરાધના થતી નથી. સ્થવિર કલ્પી માટે વધુમાં વધુ રાત્રિના બે પ્રહરનો અને જિનકલ્પી માટે એક પ્રહરનો નિદ્રાનો સમય છે. કોમલ અને અધિક પ્રમાણની પથારી કરનાર પણ **નિકામશાયી** કહેવાય છે.

**(૪) उच्छोलणापहोयस्स :–** વસ્ત્ર, ઉપકરણ અને અંગોપાંગને ધોવાની અનાવશ્યક અને અમર્યાદિત પ્રવૃત્તિ કરનાર. તાત્પર્ય એ છે કે વિભૂષા વૃત્તિ અને શરીર શુશ્રૂષામાં તલ્લીન સાધક માટે સુગતિ એટલે કે સંયમ આરાધના મુશ્કેલ થઈ જાય છે.

છવ્વીસમી ગાથામાં કથિત આ ચારે ય દોષોમાં સાધુની દેહલક્ષી પ્રવૃત્તિ અને ભૌતિક સુખની સ્પૃહા અનુલક્ષિત થાય છે. તેવા સાધુનો આધ્યાત્મિક વિકાસ અવરુદ્ધ થઈ જાય છે. સંયમ જીવન સ્વીકારવા છતાં તેઓને સંયમના સુફલરૂપ સદ્‌ગતિ કે મોક્ષની પ્રાપ્તિ થઈ શકે નહીં.

આ પ્રમાણે છવ્વીસમી ગાથામાં અયોગ્ય સાધકના ચાર અવગુણો કહ્યા પછી સત્યાવીસમી ગાથામાં યોગ્ય સાધકના પાંચ ગુણ કહ્યા છે. યથા–

**(૧) तवो गुणप्पहाणस्स :–** તપોગુણ પ્રધાન. જેનામાં તપસ્યાનો મુખ્ય ગુણ હોય અર્થાત્ જે સાધક નાની મોટી તપસ્યા હંમેશાં કરતા જ હોય.

**(૨) उज्जुमइ :–** ઋજુમતિ. (૧) જેની મતિ સરળ હોય, જે માઈ–કપટી ન હોય. (૨) જેની બુદ્ધિ ઋજુ અર્થાત્ મોક્ષ માર્ગમાં પ્રવૃત્ત હોય.

**(૩) खंतिरयस्स :–** ક્ષાંતિપરાયણ. **खंति** શબ્દથી બે અર્થ પ્રગટ થાય છે– ક્ષમા અને સહિષ્ણુતા(તિતિક્ષા). આ બંને ગુણ જેનામાં હોય તેના કષાય મંદ હોય છે તેમજ તેની સહનશક્તિ વિકસિત થાય છે અને તે રત્નત્રયની સાધના ઉત્સાહપૂર્વક કરી શકે છે.

**(૪) संजमरयस्स** = સંયમરતી. ૧૭ પ્રકારના સંયમમાં લીન તેમજ સંયમ સંબંધી નિયમોપનિયમના પાલનમાં દત્તચિત્ત રહેનાર.

**(૫) परीसहे जिणंतस्स** = પરીષહ વિજયી. મોક્ષમાર્ગથી ચ્યુત થયા વિના નિર્જરાના હેતુથી સમભાવપૂર્વક કષ્ટ સહન કરનાર; તે પરીષહો પર વિજય પ્રાપ્ત કરનાર કહેવાય છે. મુનિના બાવીસ પરીષહોનું વિસ્તૃત વર્ણન ઉત્તરાધ્યયન સૂત્ર બીજા અધ્યયનમાં છે.

આ પાંચે ગુણ સાધકની અંતરમુખી વૃત્તિને પ્રગટ કરે છે. તેવા સાધુ સંયમ તપની આરાધનાથી

કર્મનો ક્ષય કરે છે. જો સર્વ કર્મનો ક્ષય થાય, તો સિદ્ધગતિ રૂપ સુગતિને પામે છે અને કર્મ શેષ રહે તો દેવ ગતિરૂપ સુગતિને પ્રાપ્ત કરે છે.

**पच्छा वि ते पयाया :–** અઠ્યાવીસમી ગાથામાં પાછલી ઉંમરે આત્મકલ્યાણની ભાવનાએ દીક્ષા લેનાર સાધકોને પ્રોત્સાહન આપ્યું છે; સાથે જ તેઓની તપસંયમમાં જાગરૂક્તાની શરત સૂચિત કરી છે. યથા– જેને તપ, સંયમ, ક્ષમા અને બ્રહ્મચર્ય આદિ ગુણો પ્રિય છે અર્થાત્ તે ગુણોની પ્રાપ્તિ માટે જે પ્રયત્નશીલ અને તલ્લીન રહે છે તેવા સાધક વૃદ્ધાવસ્થામાં ચારિત્ર અંગીકાર કરી, તપ–સંયમનું પાલન કરી શીઘ્ર દેવલોકને પ્રાપ્ત કરે છે. મોક્ષ પ્રાપ્તિનું સાક્ષાત્ કારણ ચારિત્ર છે. તો પણ પાછલી અવસ્થામાં શક્તિ ક્ષીણતાના કારણે કદાચ ચારિત્ર પાલનમાં ક્યારેક મંદતા આવી જાય પરંતુ મનનો ઉત્સાહ અને શુદ્ધ આત્મપરિણામોથી સુગતિને પ્રાપ્ત કરી શકે છે. અહીં ભાવવિશુદ્ધિની મહત્તા પ્રતીત થાય છે.

**खिप्पं :–** શીઘ્ર. વૃદ્ધાવસ્થામાં સંયમ ગ્રહણ કરનારની અત્યલ્પ ઉંમર અવશેષ હોય છે. તેમાં ઉત્કૃષ્ટ સંયમ અને તપમાં પરાક્રમ કરવાથી તે શીઘ્ર કલ્યાણ સાધી લે છે અર્થાત્ બે–ચાર કે પાંચ–દશ વર્ષમાં જ તેનો બેડો પાર થઈ જાય છે.

## ઉપસંહાર :–

**૨૯** **इच्चेयं छज्जीवणियं, सम्मद्दिट्ठी सया जए ।**
**दुल्लहं लहित्तु सामण्णं, कम्मुणा ण विराहिज्जासि ॥ त्ति बेमि ॥**

**છાયાનુવાદ :** **इत्येतां षड्जीवनिकायिकां, सम्यग्दृष्टिः सदा यतः ।**
**दुर्लभं लब्ध्वा श्रामण्यं, कर्मणा न विराधयेत् ॥ इति ब्रवीमि ॥**

**શબ્દાર્થ :– सया** = સદા **जए** = યતના કરનાર **सम्मद्दिट्ठी** = સમ્યગ્દષ્ટિ જીવ **दुल्लहं** = દુર્લભ **सामण्णं** = સાધુપણાને **लहित्तु** = પ્રાપ્ત કરીને **इच्चेयं** = આ પ્રમાણે **छज्जीवणियं** = ષટ્કાયની **कम्मुणा** = મન, વચન, કાયાની ક્રિયાથી **ण विराहिज्जासि** = વિરાધના ન કરે **त्ति** = આ પ્રમાણે **बेमि** = હું કહું છું.

**ભાવાર્થ :–** આ પ્રમાણે સમ્યગ્દષ્ટિ સાધુ હંમેશાં છ જીવનિકાયની જતના કરે અને દુર્લભ સાધુતાને પામીને તે છ જીવનિકાયની મન, વચન અને કાયાથી વિરાધના ન કરે.

શ્રી સુધર્મા સ્વામી શ્રી જંબૂસ્વામીને કહે છે કે– હે જંબૂ ! જે પ્રમાણે મેં શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામી પાસેથી ષડજીવનિકાયનામક અધ્યયનનો અર્થ શ્રવણ કર્યો છે, તે પ્રમાણે મેં તને કહ્યો છે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથા અધ્યયનના ઉપસંહારરૂપ છે. તેમાં છજીવનિકાયનું જ્ઞાન પ્રાપ્ત કરી, પંચ મહાવ્રતના

પાલનપૂર્વક રત્નત્રયની આરાધના કરનાર સાધકને વિરાધના ન કરવાનો પાવન ઉપદેશ છે.

**कम्मुणा ण विराहिज्जासि :–** બે પ્રકારે અર્થ થાય છે– (૧) **कम्मुणा** એટલે મન, વચન અને કાયાની પ્રવૃત્તિથી મુનિએ કોઈપણ પ્રવૃત્તિ વડે સંયમની વિરાધના ન કરવી જોઈએ (૨) છકાય જીવોની કોઈપણ પ્રકારે **अभिहया** થી લઈને **जीवियाओ ववरोविया** સુધીની દશ પ્રકારની હિંસાજન્ય પ્રવૃત્તિથી વિરાધના ન કરવી જોઈએ. *[ તે દશ પ્રકારની પ્રવૃત્તિ માટે જુઓ– પરિશિષ્ટ.]*

**વિરાધના :–** (૧) છકાય જીવોની હિંસા કરવી કે તેને સ્પર્શાદિ કોઈ પણ પ્રકારે કષ્ટ પહોંચાડવું, તે તેની વિરાધના કહેવાય છે. (૨) પ્રમાદભાવે કોઈ પણ ક્રિયા કરવાથી, યોગની પ્રવૃત્તિથી કે ઉપયોગની ચંચળતાથી આ અધ્યયનમાં વર્ણિત ભગવદાજ્ઞાનું ઉલ્લંઘન કરવું તે સંયમ(મહાવ્રતાદિની)વિરાધના છે.

**આરાધના :–** જિનાજ્ઞાનુસાર વર્તન કરવાના દઢ સંકલ્પ સાથે દરેક પ્રવૃત્તિ યતનાપૂર્વક કરવી તે આરાધના છે. વિરાધના કર્યા વિના જ આરાધનાથી અંતિમ લક્ષ્યને સિદ્ધ કરવું તે જ સાધક જીવનની સફળતા છે.

**–: પરમાર્થ :–**

જગતની ઝંખનામાં જકડાયેલા જંજાળી જીવને **જયણાની જાગૃતિમાં** જોડી જયણાપૂર્વક ચાલવું, ઊભા રહેવું, બેસવું, સૂવું, બોલવું, ભોજન કરવું, આ છ ક્રિયાથી પાપાદિ આશ્રવના ત્યાગની અનોખી રીત જિનેશ્વર ભગવંતે દર્શાવી છે. વ્રત, નિયમ, સંવર અને સંયમની સાધનાથી સિદ્ધ દશા પ્રગટે છે. તેવી વાત પ્રગટ કરી, છ જીવનિકાયના સ્વરૂપનું દિગ્દર્શન કરાવી, મહાવ્રતધારીની મુનિદશા દર્શાવી, જીવને વિરતિ ભાવમાં ઉપસ્થિત કર્યા. "તું અનંત શક્તિમય સુખશાંતિનો પુંજ છો માટે તેમાં જ રત થા રત થા" તેવું સંબોધન કરી, સાધકને પોતાનું સ્વરૂપ પ્રગટ કરવા આ અધ્યયનમાં વર્ણિત સફળ સાધકતમ ક્રિયાથી સહજ જીવન જીવી, નિરારંભી નિર્વદ્ય બની, નિરંજન નિરાકાર પ્રાણને પ્રાપ્ત કરવાનો અમોઘ પરમાર્થનો પૂર્ણ પ્રયોગ સિદ્ધ ઉપાય ઉપદેશ્યો છે અને કહ્યું છે કે હે સાધક ! તારા કોઈ પણ કાર્યથી સંયમની વિરાધના ન થાય, તેવા મહાવ્રત પાળી મહાત્મા બનવાનો ઉદ્યમ કરજે.

**॥ અધ્યયન–૪ સંપૂર્ણ ॥**

# પાંચમું અધ્યયન

## પરિચય

★ આ અધ્યયનનું નામ **પિંડૈષણા** છે. તેના બે ઉદ્દેશક છે.

★ પિંડૈષણા શબ્દ બે શબ્દના સંયોગથી બન્યો છે– પિંડ + એષણા = પિંડૈષણા. **પિંડ** = વસ્તુના સમુદાયને પિંડ કહે છે. પ્રસ્તુત અધ્યયનમાં તે શબ્દ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ તે ચારે ય પ્રકારના આહાર અર્થમાં પ્રયુક્ત છે **એષણા** = ઈચ્છા, તૃષ્ણા, શોધવું. જેમ કે પુત્રૈષણા, વિત્તૈષણા; જેનો અર્થ અનુક્રમે પુત્રની ઈચ્છા, ધનની ઈચ્છા, તે પ્રમાણે થાય છે. પ્રસ્તુત પ્રસંગમાં તેનો અર્થ છે– સોધવું અર્થાત્ કોઈ પણ પદાર્થની સદોષતા–નિર્દોષતાનું નિરીક્ષણ, પરીક્ષણ કરી તેની શુદ્ધિનું શોધન કરવું.

પિંડ અને એષણા આ બંને શબ્દનો સમાસ થતાં **પિંડૈષણા** શબ્દ બને છે. તેના બે અર્થ થાય છે– (૧) પિંડની એષણા (૨) પિંડને માટે એષણા. પ્રસ્તુત અધ્યયનના ભાવો સાથે આ બંને અર્થ સાર્થક છે. આ સંપૂર્ણ અધ્યયનમાં આહાર શુદ્ધિની એષણાનું નિરૂપણ હોવાથી તેનું **પિંડૈષણા** એ સાર્થક નામ છે.

★ એષણાના ત્રણ પ્રકાર છે– **(૧) ગવેષણા–** નિર્દોષ આહાર આદિની શોધ કરવી. મુનિએ ૧૬ ઉદ્ગમના અને ૧૬ ઉત્પાદનના, એમ ૩૨ દોષ ટાળીને આહાર ગ્રહણ કરવો તે ગવેષણા છે. **(૨) ગ્રહણૈષણા–** આહાર ગ્રહણ કરવા સંબંધી એષણાના ૧૦ દોષ છે તેને વર્જીને આહાર ગ્રહણ કરવો તે ગ્રહણૈષણા છે. **(૩) પરિભોગૈષણા–** સરસ કે નીરસ આહાર પ્રત્યે તટસ્થ રહી માંડલાના(આહાર કરતાં સમયેના) પાંચ દોષોને વર્જીને આહારનું સેવન કરવું તે પરિભોગૈષણા છે.

પ્રસ્તુત અધ્યયનમાં આ ત્રણે ય પ્રકારની એષણાનું વિસ્તૃત વર્ણન હોવાથી તેનું નામ પિંડૈષણા સાર્થક છે. – *[ એષણાના વિવિધ દોષોનું સ્પષ્ટીકરણ પરિશિષ્ટમાં કર્યું છે. ]*

★ આચાર્ય હરિભદ્રસૂરિ રચિત **અષ્ટક પ્રકરણ** ગ્રંથમાં ભિક્ષાના ત્રણ પ્રકાર કહ્યા છે– દીનવૃત્તિ ભિક્ષા, પૌરુષઘ્ની ભિક્ષા અને સર્વ સંપત્કરી ભિક્ષા (૧) અનાથ કે અપંગ વ્યક્તિ માંગીને ખાય તે **દીનવૃત્તિ ભિક્ષા** છે. (૨) શ્રમ કરવામાં સમર્થ વ્યક્તિ માંગીને ખાય તે **પૌરુષઘ્ની ભિક્ષા** છે. (૩) સંયમી મુનિ અહિંસક જીવનના નિર્વાહાર્થે માધુકરી વૃત્તિ દ્વારા સહજ સિદ્ધ આહાર ગ્રહણ કરે તે **સર્વ સંપત્કરી ભિક્ષા** છે. સાધુ નાના કે મોટા કોઈ પણ જીવોને અંશ માત્ર પીડા પહોંચાડ્યા વિના આહાર પ્રાપ્ત કરે છે અને તે આહારનું સેવન કરી સંયમનું પાલન કરે છે. આ રીતે શ્રમણોની ભિક્ષાવૃત્તિ સ્વ, પર અને ઉભયને લાભકારી, આનંદકારી હોવાથી આચાર્ય હરિભદ્રસૂરિએ તેને **સર્વ સંપત્કરી ભિક્ષા** કહી છે.

★ સ્થાનાંગ સૂત્ર સ્થાન–૯માં સાધુની ભિક્ષાને નવકોટિ વિશુદ્ધ કહી છે તે નવકોટિ આ પ્રમાણે છે–

તેઓ આહારને માટે જીવ હિંસા કરે નહીં, કરાવે નહીં અને જીવ હિંસા કરનારની અનુમોદના પણ કરે નહીં; આહાર ખરીદે નહીં, ખરીદાવે નહીં અને ખરીદનારને અનુમોદન આપે નહીં; રસોઈ બનાવે નહીં, અન્ય પાસે બનાવરાવે નહીં, રસોઈ બનાવનારને અનુમોદન આપે નહીં.

★ આ અધ્યયનમાં વિભિન્ન દોષોનું અક્રમિક વર્ણન છે અને તે દોષોથી રહિત નિર્દોષ આહાર ગ્રહણ કરવાનું કથન છે.

★ **પ્રથમ ઉદ્દેશકમાં** સાધુ આહારની પ્રાપ્તિ માટે નીકળે ત્યાંથી પ્રારંભ કરીને આહાર લાવીને વાપરે ત્યાં સુધીની વિધિનું વિસ્તૃત નિરૂપણ કર્યું છે. તેમાં નિર્દોષ આહાર લાવ્યા પછી ગુરુ સમક્ષ તેની આલોચના, રત્નાધિકોને નિમંત્રણ, ત્યાર પછી આહારનું અસ્વાદવૃત્તિથી સેવન વગેરે વિષયોનું નિરૂપણ છે.

★ મુનિને ૪૨ દોષરહિત આહાર પ્રાપ્ત થયો હોય પરંતુ તે આહારનું સેવન કરતાં સમયે મુનિ રસેન્દ્રિયને વશ બનીને વિવેક ભૂલી જાય ત્યારે તે નિર્દોષ ભિક્ષા પણ તેને માટે દોષરૂપ(પરિભોગૈષણાના દોષરૂપ) બની જાય છે.

★ **બીજા ઉદ્દેશકમાં** પિંડેષણાના અવશેષ વિષયની પ્રરૂપણા છે. તે ઉપરાંત આ ઉદ્દેશકમાં સૂત્રકારે તુચ્છ મનોવૃત્તિવાળા સાધકની આહાર સંબંધી દુષ્પ્રવૃત્તિનું અને તેના દુષ્પરિણામનું દિગ્દર્શન કરાવ્યું છે તેમજ દરેક સાધકને તેવી પ્રવૃત્તિથી દૂર રહેવાનું સૂચન કર્યું છે. આ રીતે બંને ઉદ્દેશકમાં મળી સાધુઓની આહાર શુદ્ધિનું સર્વાંગીણ નિરૂપણ છે.

★ સર્વ વસ્તુ યાચના કરીને જ મેળવી, એ સાધુ જીવનમાં એક વિશિષ્ટ પરીષહ છે. તેમાં પણ અનેક દોષ નિયમોનું ધ્યાન રાખી, નિર્દોષ પદાર્થો મેળવવા અને તે મેળવેલા પદાર્થોને નિર્દોષ રીતે ભોગવવા, તે સાધુ જીવનની કઠિન કસોટી છે. આ કસોટીમાંથી જે પૂર્ણ રીતે પાર ઉતરે, તેનું સાધુપણું ઉજ્જવળ અને પવિત્ર બને છે. આ અધ્યયનના ભાવો સાધુને તે કસોટીમાંથી પાર ઉતરવાની કળા શીખવે છે.

# પાંચમું અધ્યયન

## પિંડૈષણા

## [પ્રથમ ઉદ્દેશક]

**ભિક્ષાર્થ પ્રવિષ્ટ ભિક્ષુની યોગ્યતા :–**

**૧** संपत्ते भिक्खकालंमि, असंभंतो अमुच्छिओ ।
इमेण कमजोगेण, भत्तपाणं गवेसए ॥

**છાયાનુવાદ :** सम्प्राप्ते भिक्षाकाले, असंभ्रान्तोऽमूर्च्छितः ।
अनेन क्रमयोगेन, भक्तपानं गवेषयेत् ॥

**શબ્દાર્થ :–** **भिक्खकालंमि** = ભિક્ષાનો સમય **संपत्ते** = પ્રાપ્ત થવા પર **असंभंतो** = ચિત્તની વ્યાકુળતાથી રહિત, ઉતાવળ રહિત **अमुच्छिओ** = શબ્દાદિ ઈન્દ્રિય વિષયોમાં મૂર્ચ્છા રહિત, આહારાદિની લાલસારહિત, અનાસક્ત **इमेण** = આ **कमजोगेण** = ક્રમયોગથી, ભિક્ષાચર્યાની ક્રમિક વિધિથી **भत्तपाणं** = આહાર પાણીની **गवेसए** = ગવેષણા કરે.

**ભાવાર્થ :–** ભિક્ષાનો સમય થાય ત્યારે વ્યાકુળતા રહિત અને મૂર્છા રહિત થઈને મુનિ (આગળ બતાવવામાં આવશે તે) ક્રમયોગથી આહાર પાણીની ગવેષણા કરે, શોધ કરે.

**૨** से गामे वा णगरे वा, गोयरग्ग गओ मुणी ।
चरे मंदमणुव्विग्गो, अव्वक्खित्तेणं चेयसा ॥

**છાયાનુવાદ :** स ग्रामे नगरे वा, गोचराग्रगतो मुनिः ।
चरेन्मन्दमनुद्विग्नः, अव्याक्षिप्तेन चेतसा ॥

**શબ્દાર્થ :–** **गोयरग्ग गओ** = ગોચરીએ ગયેલો **से** = તે સાધુ **गामे वा** = ગામ અથવા **णगरे वा** = નગરમાં **अणुव्विग्गो** = અક્ષુબ્ધ, નિર્ભય, ઉદ્વેગ રહિત, પ્રશાંત **अव्वक्खित्तेण** = અવિક્ષિપ્ત, એકાગ્ર **चेयसा** = ચિત્તથી **मंद** = ધીરે ધીરે **चरे** = ચાલે.

**ભાવાર્થ :–** ગામમાં અથવા નગર આદિમાં ગોચરી ગયેલો તે સાધુ ઉદ્વેગ રહિત–પ્રશાંત અને એકાગ્ર ચિત્તથી તથા મંદગતિથી ઉપયોગપૂર્વક ચાલે.

## વિવેચન :–

આ ગાથાઓમાં ગૌચરી જનારા ભિક્ષુના અનિવાર્ય ગુણોનું પ્રતિપાદન છે.

સામાન્ય રીતે વિધિની મહત્તાથી તે કાર્યની મહત્તા સહજ રીતે સમજાઈ જાય છે. મુનિ જીવનમાં ગૌચરીનું કાર્ય અત્યંત મહત્ત્વનું છે. તેથી આ બે ગાથાઓમાં મુનિએ ગૌચરી ક્યારે જવું અને કેવી ચિત્તવૃત્તિથી જવું ? તે વિષયને સમજાવ્યા છે.

**(૧) संपत्ते भिक्खकालम्मि :–** શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના છવ્વીસમા અધ્યયનમાં સાધુ સમાચારીનું કથન છે. તે પ્રમાણે સાધુ પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય, બીજા પ્રહરમાં ધ્યાન, ત્રીજા પ્રહરમાં ગૌચરી અને ચોથા પ્રહરમાં ફરી સ્વાધ્યાય કરે. આ રીતે ઉત્સર્ગ વિધિ અનુસાર દિવસનો ત્રીજો પ્રહર ભિક્ષાકાલ કહેવાય અને સાધુને માટે **एगभत्तं च भोयणं** વિધાન હોવાથી તે કાલ ઉચિત ગણાય. ઉત્તરાધ્યયન સૂત્રનું આ આદર્શ વિધાન છે, સામાન્ય નિયમ છે; વિશેષ નિયમ આ અધ્યયનના બીજા ઉદ્દેશકમાં છે. તે અનુસાર જે ગ્રામાદિમાં જે સમયે સહેલાઈથી ગોચરી મળી શકે તે સમયે જ ગોચરી જવાનું ઉચિત ગણાય છે.

તેથી ક્ષેત્રના પરિવર્તન સાથે ભિક્ષુનો ભિક્ષાકાલ પણ પરિવર્તિત થાય છે. આ કારણે પ્રથમ ચરણમાં કહ્યું છે કે "ભિક્ષાકાલ પ્રાપ્ત થાય ત્યારે જવું." તેથી જે ક્ષેત્રમાં લોકોનો ભોજનનો જે સમય હોય તે ત્યાંનો ભિક્ષાકાલ કહેવાય છે. આ રીતે **संपत्ते भिक्खकालम्मि** આ ગાથાંશમાં કોઈ નિશ્ચિતકાલનું કથન નથી.

ગૃહસ્થોના ઘેર રસોઈ બન્યા પહેલાં અથવા તેઓનું ભોજન સમાપ્ત થયા પછી જવું તે ભિક્ષાનો અકાલ કહેવાય. અકાલે ગૌચરીએ જવાથી અનેક દોષો ઉત્પન્ન થાય છે. જેનું વર્ણન આ અધ્યયનના બીજા ઉદ્દેશકમાં છે.

ગૌચરી જનારા સાધુની ચિત્તવૃત્તિને સૂત્રકારે ચાર વિશેષણો દ્વારા પ્રદર્શિત કરી છે.

**(૧) असम्भंतो :–** અસંભ્રાન્ત. ભિક્ષાકાળમાં ભિક્ષાને માટે ઘણાં બધા ભિક્ષુઓ પહોંચી ગયા હશે, તેને ભિક્ષા દઈ દીધા પછી મારા માટે શું રહેશે ? આ પ્રકારની વૃત્તિથી તેમજ અન્ય કોઈ સંકલ્પોથી ભિક્ષાને માટે ઉતાવળે જવું તે સંભ્રાન્ત દશા છે. સંકલ્પ–વિકલ્પોથી રહિત સહજ ગતિએ ગમન કરનાર વ્યક્તિ અસંભ્રાત કહેવાય છે.

**(૨) अमुच्छिओ :–** મૂર્ચ્છા રહિત. મૂર્છા એટલે આસક્તિ, ગૃદ્ધિ, લાલસા. મૂર્ચ્છાના અહીં બે પ્રકાર થાય છે– (૧) આહાર સંબંધી (૨) શબ્દાદિ ઈન્દ્રિય વિષયો સંબંધી. સાધુ આ બંને પ્રકારે મૂર્ચ્છા રહિત થઈને ગૌચરી કરે. તાત્પર્ય એ છે કે મુનિ ઈન્દ્રિયોને વશમાં રાખી, સ્વાદિષ્ટ ભોજન માટે માત્ર સંપન્ન ઘરોમાં જવાનું છોડી, સામુદાનિક રીતે સામાન્ય વિશેષ દરેક કલ્પનીય ઘરોમાં ગોચરી કરનાર ભિક્ષુ

અમૂચ્છિર્ત કહેવાય છે.

**(३) अणुव्विग्गो :–** અનુદ્વિગ્ન. મનમાં ઉદ્વેગ, ભય, નિરાશા આદિ ન થવી. મને ભિક્ષા મળશે કે નહીં ? ખબર નહીં કેવી ભિક્ષા મળશે ? આવી મનોવૃત્તિ વ્યક્તિને ઉદ્વિગ્ન બનાવે છે. ભિક્ષા ન મળે કે મનોકૂલ ન મળે અથવા તો ભિક્ષામાં તિરસ્કાર થાય તો પણ ખેદરહિત રહેનાર ભિક્ષુ અનુદ્વિગ્ન કહેવાય છે.

**अव्वक्खित्तेण चेयसा :–** અવ્યાક્ષિપ્ત ચિત્તથી અર્થાત્ ચિત્તને એકાગ્ર કરીને મુનિ ગોચરી જાય. ગોચરીના વિષયમાં જ ઉપયોગ રાખનાર ભિક્ષુ અવ્યાક્ષિપ્ત ચિત્તયુક્ત(એકાગ્ર ચિત્ત) કહેવાય છે. આ વિષયને સમજાવવા વ્યાખ્યાકારે વાછરડાં અને વણિક પત્નીનું દષ્ટાંત આપ્યું છે. યથા– એક વણિકને ત્યાં ખૂબ જ સરસ નાનું વાછરડું હતું. ઘરના બધા લોકો તેને પ્યારથી ખવડાવતા પીવડાવતા હતા. એકવાર વણિકને ત્યાં પ્રીતિ ભોજન હતું. બધા લોકો તેમાં વ્યસ્ત હોવાથી વાછરડાને ખવડાવવાનું ભૂલી ગયા. બપોર થતાં તે મોટે મોટેથી ભાંભરવા લાગ્યું, પુત્રવધૂએ તેના ભાંભરવાનો અવાજ સાંભળ્યો. સુંદર આભૂષણો અને વસ્ત્રોથી સુસજ્જ થયેલી તે પુત્રવધુ ઘાસચારો તેમજ પાણી લઈને વાછરડા પાસે પહોંચી. વાછરડું તો ખાવાનું મળતાં જ ખાવામાં લીન થઈ ગયું. તેણે પુત્રવધૂના શ્રૃંગાર તરફ જોયું પણ નહીં. આ રીતે સાધુએ પણ વાછરડાની જેમ એકાગ્ર ચિત્તથી ફક્ત આહાર પાણીની ગવેષણા તરફ ધ્યાન રાખવું જોઈએ. કારણ કે ચિત્તની વ્યગ્રતા ચંચલતા આહારની ગવેષણા શુદ્ધિમાં બાધક બને છે.

ઉપરોક્ત ચારે ગુણ સંપન્ન સાધુ આહારની ગવેષણા યથાર્થ રીતે કરી શકે છે.

**भक्तपाणं :– भत्त** શબ્દના ભાત, ભોજન, ભક્ત(વાર) વગેરે અર્થ થાય છે. પ્રસ્તુતમાં સામાન્ય રીતે સંપૂર્ણ ભોજ્ય પદાર્થ માટે **भत्त** શબ્દનો પ્રયોગ છે અને પાણી માટે **पाणं** શબ્દ છે. તેથી આ શબ્દનો સંયુક્ત અને સરળ અર્થ "આહાર–પાણી" થાય છે.

**गोयरग्ग :–** ગોચર + અગ્ર = ગોચરાગ્ર. ગોચર શબ્દનો અર્થ છે ગાયની જેમ ચરવું, ભિક્ષાચર્યા કરવી. ગાય આદિ પશુઓ શબ્દાદિ વિષયોમાં આસક્ત ન થતાં, સારા નરસાં ઘાસનો ભેદ ન કરતાં, મૂળમાંથી ઘાસને ઉખેડ્યા વિના ઉપર–ઉપરથી જ ઘાસ ખાય છે. તેમ સાધુ–સાધ્વીઓ પણ શબ્દાદિ વિષયોમાં આસક્ત થયા વિના, ઉચ્ચ, નિમ્ન, મધ્યમ કુળનો ભેદભાવ રાખ્યા વિના, પ્રિય–અપ્રિય આહારમાં રાગદ્વેષ કર્યા વિના, સામુદાનિક રૂપથી ભિક્ષાટન કરે છે, તેને ગોચર કહે છે. ગોચરની આગળ જે અગ્ર શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. તે પ્રધાન અથવા "આગળ વધવાના" અર્થનો દ્યોતક છે. ગાયના ચરવામાં શુદ્ધાશુદ્ધનો વિવેક હોતો નથી. જ્યારે સાધુ–સાધ્વી ગવેષણા કરતાં સદોષ આહાર છોડીને નિર્દોષ આહાર ગ્રહણ કરે છે. સાધુની ભિક્ષાચર્યા ગાયનીચર્યાથી આગળ વધેલી, વિશિષ્ટ હોવાથી તથા ચરક પરિવ્રાજક આદિના ગોચરથી શ્રમણ નિર્ગ્રંથનું ગોચર કાંઈક વિશિષ્ટ અહિંસક હોવાથી તેને ગોચરાગ્ર કહેવામાં આવે છે.

**चरे मंद :–** મંદ ગતિથી ચાલે. આ શબ્દ પ્રયોગ ઈર્યાસમિતિનો દ્યોતક છે. ઉતાવળે ચાલવાથી ઈર્યાસમિતિનું યથાર્થ પાલન થતું નથી અને તેની ચિત્તવૃત્તિ પણ શાંત રહેતી નથી. તેથી મુનિએ અત્યંત પ્રશાન્ત ભાવે, મંદ ગતિથી ચાલવું , તે પણ ગોચરી જનારા ભિક્ષુનો આવશ્યક ગુણ છે.

## ગોચરી ગમન વિધિ :-

**૩** **पुरओ जुगमायाए, पेहमाणो महिं चरे ।**
**वज्जंतो बीयहरियाइं, पाणे य दगमट्टियं ॥**

**છાયાનુવાદ : पुरतो युगमात्रया, प्रेक्षमाणो महीं चरेत् ।**
**वर्जयन् बीजहरितानि, प्राणांश्च दक मृत्तिकां च ॥**

**શબ્દાર્થ :– जुगमायाए** = યુગમાત્ર, ધૂંસર પ્રમાણ, શરીર પ્રમાણ, સાડાત્રણ હાથ કે ચાર હાથ પ્રમાણ **पुरओ** = આગળ **महिं** = પૃથ્વીને **पेहमाणो** = જોતો **बीयहरियाइं** = બીજ અને લીલોતરીને **पाणे** = પ્રાણીઓને **दगमट्टियं** = સચિત્ત પાણી અને સચિત્ત માટીને **वज्जंतो** = વર્જતો – તેની વિરાધના ન કરતો **चरे** = ગમન કરે.

**ભાવાર્થ :–** ભિક્ષુ માર્ગમાં ચાલતાં આગળ ચાર હાથ પ્રમાણ ભૂમિ પર દષ્ટિ રાખી બીજ, વનસ્પતિ, ત્રસ પ્રાણી, સચિત્ત જળ અને સચિત્ત માટી વગેરેને બરાબર જોઈને ઉપયોગપૂર્વક ચાલે અર્થાત્ મુનિએ સચિત્ત પદાર્થો અને જીવોથી દૂર રહી તેની જતના કરતાં સાવધાનીપૂર્વક ચાલવું જોઈએ.

## વિવેચન :-

પ્રસ્તુત ગાથામાં સૂત્રકારે સાધુની ગમનવિધિનું એટલે ઈર્યાસમિતિનું દિગ્દર્શન કર્યું છે.

**पुरओ जुगमायाए... :–** યુગ પ્રમાણ આગળની ભૂમિ જોઈને ચાલવું. યુગ પ્રમાણ, ગાડાની ધરી પ્રમાણ, ધનુષ્ય પ્રમાણ કે શરીર પ્રમાણ. આ સર્વનું માપ લગભગ એક સમાન અર્થાત્ ચાર હાથ છે. ક્યાંક સાડા ત્રણ હાથ પણ કહેવાય છે. તે પણ સાપેક્ષ છે.

ચાર હાથ પ્રમાણ આગળ ભૂમિ જોઈને ચાલવાનું તાત્પર્ય એ છે કે ચાલતાં સમયે ચાર હાથ પ્રમાણ ભૂમિમાં રહેલા બેઈન્દ્રિયાદિ પ્રાણી, સચિત્ત માટી, પાણી, બીજ અને વનસ્પતિ આદિને સરળ તાથી જોઈ શકાય છે તથા તેની રક્ષા થઈ શકે છે.

ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૨૪/૭ માં ઈર્યાસમિતિનું વર્ણન દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી કર્યું છે; ત્યાં પણ **जुगमित्तं च खेत्तओ** વિધાન દ્વારા ક્ષેત્ર થકી ચાર હાથ ભૂમિને જોઈને ચાલવાનું સૂચન છે.

## ગમનાગમનમાં સ્વ–પર રક્ષા વિવેક :-

**૪** **ओवायं विसमं खाणुं, विज्जलं परिवज्जए ।**
**संकमेण ण गच्छेज्जा, विज्जमाणे परक्कमे ॥**

**છાયાનુવાદ :** **अवपातं विषमं स्थाणुं, विजलं परिवर्जयेत् ।**
**संक्रमेण न गच्छेत् , विद्यमाने पराक्रमे ॥**

**શબ્દાર્થ :– ओवायं** = ખાડા વગેરે **विसमं** = વિષમ સ્થાન **खाणुं** = ઠૂંઠા **विज्जलं** = કીચડ, કાદવવાળી જગ્યાને **परिवज्जए** = છોડી દે **परक्कमे** = અન્ય માર્ગ **विज्जमाणे** = વિદ્યમાન હોય તો **संकमेण** = તે અયોગ્ય માર્ગને ઓળંગીને, જલાદિમાં કાષ્ઠાદિ રાખીને, સંક્રમણ કરીને **ण गच्छिज्जा** = ન જાય.

**ભાવાર્થ :–** બીજો સારો માર્ગ હોય તો ભિક્ષુ ખાડા કે ઊંચી નીચી વિષમ જગ્યા અને વૃક્ષના ઠૂંઠા કે કાદવવાળા માર્ગને છોડી દે, તેમજ ખાડા કે કીચડવાળા માર્ગને ઓળંગીને ન જાય. તે જ રીતે કીચડ વગેરેને ઓળંગવા માટે ગોઠવેલા કાષ્ઠ, પથ્થર વગેરેની ઉપર પણ ન જાય.

**૫** **पवडंते व से तत्थ, पक्खलंते व संजए ।**
**हिंसेज्ज पाणभूयाइं, तसे अदुव थावरे ॥**

**છાયાનુવાદ :** **प्रपतन् वा स तत्र, प्रस्खलन् वा संयतः ।**
**हिंस्यात् प्राणभूतानि, त्रसानथवा स्थावरान् ॥**

**શબ્દાર્થ :– से** = તે **संजए** = સાધુ **तत्थ** = તેમાં **पवडंते** = પડતાં **पक्खलंते** = સ્ખલિત થતાં, લપસતાં **पाणभूयाइं** = પ્રાણી અને ભૂતોની, જીવોની **तसे** = ત્રસ **अदुव** = અથવા **थावरे** = સ્થાવર જીવોની **हिंसेज्ज** = હિંસા કરે છે.

**ભાવાર્થ :–** તેવા વિષમ માર્ગે જતાં ત્યાં તે સંયમી ભિક્ષુ કદાચ લપસી જાય કે ખાડામાં પડી જાય તો ત્રસ તથા સ્થાવર જીવોની હિંસા થાય.

**૬** **तम्हा तेण ण गच्छेज्जा, संजए सुसमाहिए ।**
**सइ अण्णेण मग्गेण, जयमेव परक्कमे ॥**

**છાયાનુવાદ :** **तस्मात्तेन न गच्छेत्, संयतः सुसमाहितः ।**
**सत्यन्यस्मिन् मार्गे, यतमेव पराक्रमेत् ॥**

**શબ્દાર્થ :– तम्हा** = તેથી **सुसमाहिए** = સારી રીતે સમાધિ રાખનાર, સુસમાધિવંત **संजए** = સાધુ **अण्णेण मग्गेण** = અન્ય માર્ગના **सइ** = હોવા પર **तेण** = પૂર્વોક્ત અયોગ્ય માર્ગથી **ण गच्छेज्जा** = ન જાય **जयमेव** = યતનાપૂર્વક યોગ્ય માર્ગથી જ **परक्कमे** = ગમન કરે.

**ભાવાર્થ :–** સુસમાધિવંત સાધુ અન્ય સારો માર્ગ હોય તો તેવા વિષમ માર્ગે ન જાય અને જો સારો માર્ગ

ન જ હોય તો તે માર્ગે બહુ ઉપયોગપૂર્વક ગમન કરે.

## વિવેચન :-

ત્રીજી ગાથામાં ઈર્યાસમિતિના ક્ષેત્ર વિષયક વિવેકનું કથન કર્યા પછી આ ત્રણ ગાથાઓમાં અન્ય જીવોની રક્ષા સાથે મુખ્યતયા આત્મરક્ષા(સાધુના શરીરની રક્ષા) માટે વિવેક દર્શાવ્યો છે.

**ओवायं :–** જે માર્ગમાં ખાડા, ઊંચી નીચી જમીન આવતી હોય, વૃક્ષના ઠૂંઠા પડ્યા હોય, કાદવ, કીચડ હોય તેવા વિષમ માર્ગથી જવામાં શારીરિક નુકશાન થાય છે. તેવા માર્ગની વિષમતાના કારણે સાધક પડી જાય કે પગ લપસી જાય તો હાથ પગ વગેરે ભાંગી જાય તો આત્મ વિરાધના થાય અને નીચે પડતાં ત્રસ સ્થાવર જીવોની હિંસા થવાથી સંયમ વિરાધના થાય; તેથી સાધુ તેવા માર્ગ પર ગમન ન કરે.

**संकमेण :–** જેની સહાયથી જળ, ખાડા વગેરેને પાર કરવામાં આવે તેવું પાટિયું, પથ્થર વગેરે મૂકવામાં આવેલા હોય, લાકડા વગેરેથી કાચો પુલ બાંધેલો હોય, તેવા માર્ગે જવું ન જોઈએ; ક્યારેક બીજો કોઈ રસ્તો ન જ હોય ત્યારે અપવાદ માર્ગે આ પ્રકારના વિષમ માર્ગથી જવું જ પડે તેમ હોય તો મુનિ યતના પૂર્વક જાળવીને જાય.

## પૃથ્વીકાય જયણા વિવેક :-

**૭** इंगालं छारियं रासिं, तुसरासिं च गोमयं ।
ससरक्खेहिं पाएहिं, संजओ तं णाइक्कमे ॥

**છાયાનુવાદ :** अङ्गारं क्षारिकं राशिं, तुषराशिं च गोमयम् ।
सरजष्काभ्यां पादाभ्याम्, संयतस्तं नाक्रामेत् ॥

**શબ્દાર્થ :– संजओ** = સંયત–મુનિ **इंगालं** = કોલસાના ઢગલા પર **छारियं रासिं** = રાખના ઢગલા પર **तुसरासिं** = ફોતરાના ઢગલા પર **गोमयं** = છાણના ઢગલા પર **तं** = તે ઢગલાઓનું **ससरक्खेहिं** = રજથી ભરેલા, રજસહિત **पाएहिं** = પગોથી **णाइक्कमे** = અતિક્રમણ ન કરે, ઓળંગે નહીં.

**ભાવાર્થ :–** ગોચરી જતાં માર્ગમાં કોલસાના ઢગલા પર, રાખના ઢગલા પર, ડાંગર ઈત્યાદિ ફોતરાના ઢગલા પર કે છાણના ઢગલાપર સચિત્ત રજથી ખરડાયેલા પગે ભિક્ષુ ગમન ન કરે કે તેને ઓળંગે પણ નહિ.

## વિવેચન :-

આ ગાથામાં પૃથ્વીકાયની વિરાધના ન થાય તેવો વિવેક દર્શાવ્યો છે.

**इंगालं छारियं :–** વિહાર કરતાં કે ગોચરી જતાં ક્યારેક સાધુના પગ સચિત્ત રજથી ખરડાઈ જાય(ભરાય

જાય) તો તેવા પગે મુનિ રાખ, તુષ વગેરેના ઢગલા પરથી ચાલે નહીં. કારણ કે તે પદાર્થો પર પગ મૂકતાં જ તે તેમાં ખૂંચાઈ જાય અને તે પદાર્થોથી પગ પર રહેલી સચિત્ત રજની વિરાધના થાય. માટે ભિક્ષુ સચિત્તરજથી ખરડાયેલા પગે તેવા માર્ગે ન જાય જો જવું જરૂરી હોય તો પગને રજોહરણથી પૂંજીને જાય.

**ભિક્ષાર્થ ગમનમાં ત્રસ સ્થાવર રક્ષા વિવેક :–**

**૮** **ण चरेज्ज वासे वासंते, महियाए व पडंतीए ।**
**महावाए व वायंते, तिरिच्छसंपाइमेसु वा ॥**

**છાયાનુવાદ : न चरेद्वर्षे वर्षति, महिकायां वा पतन्त्याम् ।**
**महावाते वा वाति, तिर्यक्संपातिमेषु वा ॥**

**શબ્દાર્થ :– वासे** = વર્ષા, વરસાદ **वासंते** = વરસતો હોય **महियाए** = ધુમ્મસ **पडंतीए** = પડતી હોય **महावाए** = મહાવાયુ **वायंते** = વાતો હોય **तिरिच्छसंपाइमेसु** = તિરછી ગતિવાળા અર્થાત્ પતંગિયા આદિ જીવો ઊડતા હોય ત્યારે **ण चरेज्ज** = ન ચાલે.

**ભાવાર્થ :–** ભિક્ષુ ત્રસ, સ્થાવર જીવોની રક્ષા માટે જ્યારે વરસાદ વરસતો હોય, ધુમ્મસ પડતી હોય, મહાવાયુ વાતો હોય કે ખૂબ ધૂળ ઊડતી હોય તથા માખી, મચ્છર, પતંગિયા વગેરે અનેક પ્રકારના જીવો ઊડી રહ્યા હોય ત્યારે ગોચરી અર્થે ન જાય.

**વિવેચન :–**

આ ગાથામાં પૃથ્વી, પાણી, વાયુ હવા અને ત્રસ જીવોની રક્ષા માટે ચાર પ્રકારની વિશેષ પરિસ્થિતમાં ગોચરી ગમનનો નિષેધ કરતાં સામાચારિક નિયમો દર્શાવેલ છે.

**(૧) ण चरेज्ज वासे वासंते :–** વરસાદનું પાણી પણ સચિત્ત હોય છે તેના એક–એક ટીપામાં અસંખ્ય જીવો હોય છે. તે જીવોની રક્ષા માટે મુનિ અલ્પ યા અધિક વરસાદ વરસતો હોય ત્યારે ગોચરી ન જાય. તેવા સમયે ગમનાગમન કરવાથી પાણીના જીવોની વિરાધના થાય છે.

અલ્પવર્ષાના(ઝીણાં–ઝીણાં) ટીપા બંધ થાય પછી ગોચરી જવાય અને ધોધમાર વરસાદ પડ્યો હોય માર્ગમાં પાણી વહેવા લાગ્યું હોય તો વરસાદ બંધ થયા પછી પા(૦।) કલાક કે અડધી કલાક બાદ ગોચરી જવાય; કારણ કે ભીનો માર્ગ પણ સચિત્ત પાણીવાળો હોય અને ઘરોના દરવાજા, ઘરોના ફળિયા ભીના હોય ત્યાં પણ સચિત્ત પાણી હોય છે. માટે મુનિ વરસાદ બંધ થયા પછી પણ વિવેક રાખે.

**(૨) महियाए व पडंतिए :–** ધુમ્મસ ઝાકળ વગેરે વરસાદની અપેક્ષા અલ્પ અને ઝીણી (સૂક્ષ્મ) હોય છે. તેના પણ પ્રત્યેક કણમાં અસંખ્ય અપ્કાયના જીવો હોય છે. તેથી જ્યારે ધુમ્મસ વગેરે વરસતી સ્પષ્ટ દેખાય ત્યારે ગોચરી ન જવાય.

**(૩) महावाए व वायंते :–** આંધી, તોફાન, વાવાઝોડા વગેરેના સમયે વાયુકાયના જીવોની વિશેષ ઉત્પત્તિ અને વિક્રિયા થાય છે; સાથે જ તેમાં સચિત્ત રજ પણ ઘણાં પ્રમાણમાં ઉડીને આવે છે. તે સમયે ગોચરી જવાથી વાયુકાય અને પૃથ્વીકાય બંને જીવોની વિરાધનાની થાય છે તેથી તે સમયે છકાયના રક્ષક શ્રમણને ગોચરી માટે કે અન્ય પણ કોઈ પ્રવૃત્તિ માટે ઉપાશ્રય બહાર જવાનો નિષેધ સમજવો જોઈએ.

**(૪) तिरिच्छ संपाइमेसु वा :–** ટીડ, પતંગિયા, મચ્છર, મસિ આદિ તિર્યક્ સંપાતિમ જીવો ચારે બાજુ ઊડતા હોય અથવા વર્ષા આદિ ઋતુમાં ક્ષુદ્ર જીવો પૃથ્વી પર પથરાયેલા હોય ત્યારે ઈર્યાસમિતિનું પાલન કરવું કઠિન બની જાય છે. તે સમયે ગમન કરતા તે ઉડનારા સૂક્ષ્મ જીવો આંખ, કાન આદિમાં ભરાઈ જાય, તેથી તે જીવોની હિંસા થાય અને આત્મ વિરાધના પણ થાય છે.

આ ચારે પરિસ્થિતિમાં જવાથી ત્રસ અને સ્થાવર જીવોની હિંસા થાય છે. તેથી સાધુ વિવેકપૂર્વક તે વિરાધનાથી દૂર રહે. આ જ પ્રકારના ભાવોયુક્ત નિષેધ સૂત્ર આચારાંગ સૂત્રમાં પણ છે.

## ગોચરીમાં વેશ્યાવસ્તીનો વિવેક :-

**૯** **ण चरेज्ज वेससामंते, बंभचेरवसाणुए ।**
**बंभयारिस्स दंतस्स, होज्जा तत्थ विसोत्तिया ॥**

**છાયાનુવાદ :** **न चरेद् वेशसामन्ते, ब्रह्मचर्यवशानुगः ।**
**ब्रह्मचारिणो दान्तस्य, भवेत्तत्र विस्रोतसिका ॥**

**શબ્દાર્થ :– बंभचेरवसाणुए** = બ્રહ્મચર્ય વશવર્તી સાધુ, બ્રહ્મચર્યની સાધનામાં તલ્લીન સાધકે **वेससामंते** = વેશ્યાના સમીપ સ્થાનમાં, વેશ્યાની વસ્તીમાં **ण चरेज्ज** = ન જાય **तत्थ** = ત્યાં **दंतस्स** = જિતેન્દ્રિય **बंभयारिस्स** = બ્રહ્મચારીને **विसोत्तिया** = સંયમમાં બાધા, શ્રોતરૂપ વિચારધારામાં વિકૃતિ, મનોવિકાર **होज्जा** = ઉત્પન્ન થાય છે.

**ભાવાર્થ :–** બ્રહ્મચર્યની સાધનામાં તલ્લીન સાધકે વેશ્યાના ઘરની નજીકમાં કે તેની વસ્તીમાં જવું નહીં. ત્યાં જવાથી દમિતેન્દ્રિય અને બ્રહ્મચારી પુરુષના સંયમમાં બાધા ઉત્પન્ન થાય છે અર્થાત્ સંયમ(બ્રહ્મચર્ય) સાધનાના ચાલતા પ્રવાહમાં બાધારૂપ વિકાર પેદા થાય છે.

**૧૦** **अणाययणे चरंतस्स, संसग्गीए अभिक्खणं ।**
**होज्ज वयाणं पीला, सामण्णम्मि य संसओ ॥**

**છાયાનુવાદ :** **अनायतने चरतः, संसर्गेणाभीक्ष्णम् ।**
**भवेद्व्रतानां पीडा, श्रामण्ये च संशयः ॥**

**શબ્દાર્થ :– अणाययणे** = અસ્થાનમાં, વેશ્યાના મહોલ્લામાં, પાડામાં **चरंतस्स** = જનાર સાધુને

**अभिक्खणं** = વારંવારના **संसग्गीए** = સંસર્ગથી **वयाणं** = બ્રહ્મચર્ય વ્રતમાં, વ્રતના પરિણામોમાં **पीला** = પીડા, બાધા **होज्ज** = થાય **सामण्णम्मि** = સાધુપણામાં, સંયમમાં **संसओ** = સંશય ઉત્પન્ન થાય.

**ભાવાર્થ :–** બ્રહ્મચર્યનો નાશ થઈ જાય એવા કુસ્થાનમાં અર્થાત્ વેશ્યાના મહોલ્લામાં જતાં વારંવાર સંસર્ગ– પરિચયથી સંયમ વ્રત એટલે બ્રહ્મચર્ય વ્રતના પરિણામોમાં બાધા ઉત્પન્ન થાય છે; તેમજ ગ્રહણ કરેલા શ્રમણ ધર્મમાં પોતાને સંશય થાય છે અર્થાત્ સંયમ છોડવાના ભાવ થાય છે અથવા બીજાને સાધુના સંયમમાં સંદેહ થાય.

**११** **तम्हा एवं वियाणित्ता, दोसं दुग्गइवड्ढणं ।**
**वज्जए वेससामंतं, मुणी एगंतमस्सिए ॥**

**છાયાનુવાદ :** **तस्मादेतद् विज्ञाय, दोषं दुर्गतिवर्धनम् ।**
**वर्जयेद् वेशसामन्तं, मुनिरेकान्तमाश्रितः ॥**

**શબ્દાર્થ :– तम्हा** = તે માટે **एगंतमस्सिए** = એકાંતમાં રહેનારા **मुणी** = સાધુ **एवं** = આ પ્રકારે **दुग्गइ– वड्ढणं** = દુર્ગતિને વધારનાર **दोसं** = દોષને **वियाणित्ता** = જાણીને **वेससामंतं** = વેશ્યાની વસ્તીનો **वज्जए** = વર્જન કરે, છોડી દે, ત્યાં ન જાય.

**ભાવાર્થ :–** તેથી એકાંત મુક્તિના સાધક મુનિ વેશ્યાની સમીપના સ્થાનને બ્રહ્મચર્ય વ્રતની સાધનામાં દોષ રૂપ અને દુર્ગતિને વધારનાર જાણીને તેનો ત્યાગ કરે અર્થાત્ ત્યાં ગમનાગમન ન કરે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં સાધુના બ્રહ્મચર્ય મહાવ્રતની સુરક્ષાને માટે સૂચન છે.

**वज्जए वेस सामंतं :–** આ શબ્દના બે પ્રકારે અર્થ થાય છે– (૧) દરેક નગરો કે મહાનગરોમાં વેશ્યાઓની વસ્તી હોય છે. ક્યાંક તે વસ્તી ભિક્ષુના ગોચરીના ઘરોથી નજીક તે માર્ગમાં હોય છે. (૨) કોઈ નગરમાં વેશ્યાના એક–બે ઘર ગોચરીના ઘરોની વચ્ચે પણ હોય છે. ભિક્ષુએ તેવા વેશ્યાના મહોલ્લામાં અથવા તેના લતાની નજીકથી પણ જવું નહીં. કારણ કે ત્યાં જવાથી બ્રહ્મચર્ય મહાવ્રતમાં અનેક પ્રકારે વિક્ષેપ થવાની શક્યતા રહે છે.

**सामण्णम्मि य संसओ :–** સાધુ પ્રત્યે લોકોને શંકા થાય અથવા સાધુનું મન પણ બ્રહ્મચર્યથી કે સંયમથી વિચલિત થઈ શકે છે માટે મુનિ આવા બ્રહ્મચર્ય વિઘાતક સ્થાનોથી હંમેશાં દૂર રહે.

**बंभचेर वसाणुए :–** બ્રહ્મચર્યમાં વસનાર અથવા ગુરુની આજ્ઞામાં રહેનાર સાધક.

**वेस सामंते** :– વેશ્યા શબ્દથી પ્રાકૃતમાં **वेस** શબ્દ બનેલ છે અને મહોલ્લાની નજીકના અર્થમાં **सामंत** શબ્દનો પ્રયોગ થયો છે. બંને મળીને **वेस सामंत** શબ્દ થયો છે. ટીકા, ચૂર્ણિ વગેરે વ્યાખ્યાઓમાં તેના વિભિન્ન રીતે અર્થ કરવામાં આવ્યા છે.

**विसोत्तिया** :– વિસ્રોતિકા. **स्रोत** = સંયમ પ્રવાહ, **वि** = વિપરીત, **विस्रोत** = વિપરીત પ્રવાહ અર્થાત્ સંયમપ્રવાહમાં બાધક. સંયમ પ્રવાહ અંતર્મુખી વહેવાને બદલે બહિર્મુખી વહે, તેને વિપરીત સંયમ પ્રવાહ કહે છે. સંયમી જીવનના મુખ્ય બ્રહ્મચર્ય વ્રતના પરિણામોમાં બાધા ઉત્પન્ન થાય ત્યારે સંયમ પ્રવાહ વિપરીત–બહિર્મુખી થઈ જાય છે. તેથી અહીં બ્રહ્મચર્ય વ્રતના બાધક નિમિત્ત(વેશ્યાના સ્થાન)ને વિશ્રોતિકા રૂપ કહ્યું છે. કારણ કે વેશ્યાના મોહલ્લામાં વારંવાર જવાથી સંયમ પ્રવાહમાં, સંયમના પરિણામોમાં કે બ્રહ્મચર્યમાં બાધાઓ ઉત્પન્ન થવાની શક્યતા રહે છે. શ્રી આચારાંગ સૂત્રમાં પણ– **चिच्चा सव्वं विसोत्तियं** = ઉત્પન્ન થનાર સમસ્ત બાધાઓને દૂર કરીને, બાધક વિચારોને દૂર કરીને, એવો અર્થ છે. સંક્ષેપમાં **विसोत्तियं** શબ્દનો સરળ અર્થ છે– બાધાઓ.

**अणाययणे** :– અનાયતન. ન જવા યોગ્ય સ્થાન અથવા અશુદ્ધસ્થાન કે કુસ્થાન. જે સ્થાન વ્રતોમાં દોષ ઉત્પન્ન કરે તેને અનાયતન કહેવાય છે. અહીં વેશ્યાયતન વેશ્યાગૃહ કે વેશ્યાના મહોલ્લા માટે વિશેષણ રૂપે આ શબ્દનો પ્રયોગ થયો છે.

**एगंतमस्सिए** :– મુનિ મોક્ષ માર્ગ સેવી છે, વિવિક્ત શય્યા સેવી છે અર્થાત્ સ્ત્રી પશુ, પંડગ, રહિત સ્થાનનો સેવી છે, એકમાત્ર આત્મભાવમાં સ્થિત છે. એવા મુનિ વેશ્યાના સ્થાનથી સદા દૂર રહે.

### ગૌચરીમાં માર્ગગમન વિવેક :–

**૧૨** **साणं सूइयं गाविं, दित्तं गोणं हयं गयं ।**
**संडिब्भं कलहं जुद्धं, दूरओ परिवज्जए ॥**

**છાયાનુવાદ :** श्वानं सूतिकां गां, दृप्तं गावं हयं गजम् ।
सडिंम्भं कलहं युद्धं, दूरतः परिवर्जयेत् ॥

**શબ્દાર્થ :– साणं** = શ્વાન–કૂતરો **सूइयं गाविं** = નવ પ્રસૂતા ગાય **दित्तं** = દર્પિત, ઉન્મત્ત થયેલો **गोणं** = બળદ **हयं** = અશ્વ **गयं** = હાથી **संडिब्भं** = બાળકોને રમવાનું સ્થાન **कलहं** = કલહ સ્થાન **जुद्धं** = યુદ્ધનું સ્થાન વગેરેને **दूरओ** = દૂરથી જ **परिवज्जए** = છોડીને ચાલે.

**ભાવાર્થ :–** ગોચરીએ જતાં મુનિના માર્ગમાં જ્યાં કૂતરા, નવપ્રસૂતા ગાય, મદોન્મત્ત બળદ, અશ્વ કે ગજ વગેરે હોય તથા જ્યાં બાળકો રમતાં હોય, લોકો પરસ્પર કલહ કે યુદ્ધ કરતા હોય, તેવા સ્થાનને કે તે માર્ગને દૂરથી જ છોડી દે. આવા સ્થાનોમાં ચાલતાં કંઈક અકસ્માત થવાનો સંભવ રહે છે.

**૧૩** **अणुण्णए णावणए, अप्पहिट्ठे अणाउले ।**
**इंदियाणि जहाभागं, दमइत्ता मुणी चरे ॥**

**છાયાનુવાદ :** **अनुन्नतो नावनतः, अप्रहृष्टोऽनाकुलः ।**
**इन्द्रियाणि यथाभागं, दमयित्वा मुनिश्चरेत् ॥**

**શબ્દાર્થ :– मुणी** = મુનિ **अणुण्णए** = ઉન્નત ન થાય, બહુ ઊંચુ મુખ ન રાખે, ઊંચુ જોઈને ન ચાલે **णावणए** = અવનત ન થાય, અતિ નીચું મુખ ન રાખે, અતિ નીચે જોઈને ન ચાલે, દીનતા ધારણ કરીને ન ચાલે **अप्पहिट्ठे** = હર્ષિત થયા વિના **अणाउले** = આકુલતા રહિત **इंदियाइं** = ઈન્દ્રિયોની **जहाभागं** = પોત પોતાના વિષયોની આસક્તિને **दमइत्ता** = દમન કરીને **चरे** = ચાલે.

**ભાવાર્થ :–** માર્ગે ચાલતા મુનિ અતિ ઊંચું મુખ રાખીને ઉપર જોતાં–જોતાં ન ચાલે. તે જ રીતે અતિ નીચું મુખ રાખીને પણ ન ચાલે. અનુકૂલ સંયોગમાં બહુ હર્ષિત ન થાય. પ્રતિકૂલ સંયોગે દીનતા કરે નહિ અને પોતાની દરેક ઈન્દ્રિયોને પોતપોતાના વિષયમાં યોગ્ય રીતે દમન કરી સંયમમાં વિચરણ કરે.

**૧૪** **दवदवस्स ण गच्छेज्जा, भासमाणो य गोयरे ।**
**हसंतो णाभिगछेज्जा, कुलं उच्चावयं सया ॥**

**છાયાનુવાદ :** **द्रुतं द्रुतं न गच्छेत् , भाषमाणश्च गोचरे ।**
**हसन्नाभिगच्छेत् , कुलमुच्चावचं सदा ॥**

**શબ્દાર્થ :– गोयरे** = ગોચરીને માટે **उच्चावयं कुलं** = ઉચ્ચ–નિમ્ન સર્વ કુલોમાં **सया** = સદા **दवदवस्स** = ઉતાવળો ઉતાવળો **भासमाणो** = વાતો કરતો **ण गच्छेज्जा** = ન જાય **हसंतो** = હસતો–હસતો **णाभिगच्छेज्जा** = ગમન કરે નહીં.

**ભાવાર્થ :–** હંમેશાં ધનવાન કે નિર્ધન ઘરોમાં ભેદભાવ વિના ગોચરી જનાર સંયમી સાધુ બહુ ઉતાવળે ન ચાલે, તેમજ હસતાં હસતાં કે વાતો કરતાં ન ચાલે.

## વિવેચન :–

પ્રસ્તુત ત્રણ ગાથાઓમાં માર્ગગમન સંબંધી શિક્ષાવચન છે જેમાં બારમી ગાથામાં સ્વ–રક્ષા વિવેક, તેરમી ગાથામાં મન ઈંદ્રિય નિગ્રહ સૂચન અને ચૌદમી ગાથામાં ગમન સંબંધી વ્યવહારિક વિવેક નિર્દિષ્ટ છે.

**साणं सूइयं :–** (૧) **साणं** = ગોચરી માટે ભ્રમણ કરતા ભિક્ષુ કૂતરાના નજીકથી ન ચાલે પરંતુ તેનાથી પૂર્ણ સાવધાની રાખતાં દૂર રહીને ચાલે. કદાચ તે સાધુને દેખતાં જ ભસવા લાગે તો મુનિ ભયભીત

ન થતાં ધૈર્યપૂર્વક સાવધાની અને વિવેકથી ઊભા રહે કે ગમન કરે. (૨) **सूइयं गाविं** = નવ પ્રસૂતા ગાયનો સ્વભાવ પ્રાયઃ અશાંત બની જાય છે, માટે તેના પાસેથી પસાર થવાનું હોય તો મુનિએ બહુ જ વિવેક કે સાવધાની રાખવી. (૩–૪–૫) **दित्तं गोणं हयं गयं** = હાથી, ઘોડા અને બળદ સામાન્ય માનવથી બહુશક્તિવાળા પશુ છે અને જ્યારે તે ઉન્મત્ત દશામાં(મસ્તીમાં) કે ક્રૂરતામાં દોડતા ચાલતા હોય ત્યારે આત્મરક્ષાર્થે મુનિ તે માર્ગમાં નહીં જવાનું કે કોઈ સ્થાને ઊભા રહી જવાનું નિર્ણય લઈ વિવેક જાળવે (૬) **संडिब्भं** = બાળકો માર્ગમાં દોડધામવાળી રમત રમતા હોય કે ક્રિકેટ વગેરે રમવામાં લીન હોય તો મુનિએ તે માર્ગે જવાનો પૂર્ણ વિવેક રાખવો અર્થાત્ કાં તો તે માર્ગને છોડી જ દેવો અને જો આવશ્યક હોય તો અત્યંત સાવધાન થઈને જવું. (૭) **कलहं** = માર્ગમાં આવેશ કે ક્રોધમાં ભરાયેલા લોકો પરસ્પરમાં કલેશ (વાક્–કલેશ) કરી રહ્યા હોય તો તે લોકોથી પણ મુનિએ બચીને ચાલવું (૮) **जुद्धं** = કલેશની વૃદ્ધિ થતાં લોકો મારામારી રૂપે લડાઈ કરતા હોય તો મુનિએ તે માર્ગને ફેરવી દેવો કે ઊભા રહી જવું અથવા તો પૂર્ણ સાવધાનીથી વિચક્ષણતાપૂર્વક ત્યાંથી શીઘ્ર નીકળી જવું. આ સર્વ વિવેક આત્મરક્ષાર્થે સૂચિત કરેલ છે.

**अणुण्णए :–** આ ગાથામાં નિરૂપિત વિષયનું તાત્પર્ય એ છે કે– સાધુ જ્યારે ગોચરી માટે માર્ગમાં ચાલતા હોય ત્યારે તેના પર સ્વધર્મી, અન્યધર્મી કે અધર્મી લોકોની દષ્ટિ પડતી હોય છે. તે સમયે મુનિની ચાલમાં કે મુખમુદ્રામાં (૧) માન–ઘમંડ (૨) દીનતા–ઉદાસીનતા (૩) અતિ હર્ષના ભાવો (૪) મન, વચન અને કાયાની આકુળતા–વ્યાકુળતા કે ચંચલતા અને (૫) ઈંદ્રિયોની આસક્તિના ભાવો ન દેખાય. ગોચરીમાં ચાલતાં મુનિ કંઈક જોવામાં કે સાંભળવા આદિમાં ચિત્ત ન રાખે પરંતુ વિષમભાવથી રહિત, સહજ પ્રસન્ન ભાવે, મંદગતિથી ગમન કરે. જો મુનિના ચહેરા પર અભિમાન કે દીનતા, હર્ષ કે શોકનો અતિરેક તેમજ અન્ય કોઈપણ પ્રકારની ચંચળતા કે વિષયો માટેની વ્યાકુળતા પ્રતીત થાય તો તેમાં જૈન શ્રમણનું અને જિનશાસનનું ગૌરવ હણાય છે.

વ્યાખ્યાકારે **अणुण्णए णावणए** ના બે–બે અર્થ કર્યા છે. **अणुण्णए** = દ્રવ્યથી ઊંચુ મુખ કરીને ચાલવું અને ભાવથી જાતિ વગેરે આઠ પ્રકારના મદથી અક્કડ બનીને ચાલવું. આ બંને પ્રકારની ઉન્નતતાનો ત્યાગ કરવો જોઈએ. **णावणए** = દ્રવ્યથી અત્યંત નીચું જોઈને, ઝૂકીને ચાલવું. ભાવથી દીનવૃત્તિથી કે ઉદાસચિત્ત થઈ ચાલવું. આ બંને પ્રકારની અવનતતાનો મુનિએ ત્યાગ કરવો જોઈએ.

**दवदवस्स :–** આ ચૌદમી ગાથામાં મુનિને ચાર પ્રકારના વ્યવહાર સંબંધી વિવેક રાખવાની હિતશિક્ષા છે– (૧) **दवदवस्स** = સાધુ ઉતાવળે થઈને, ધબાધબ પગ મૂકતાં ન ચાલે પરંતુ ગોચરીમાં ભ્રમણ કરતા મુનિ વિશેષ ધ્યાન રાખી શાંત ગજગતિથી ગમન કરે (૨) **भासमाणो** = ગોચરી જતાં બીજા મુનિ સાથે કે ગૃહસ્થ સાથે માર્ગમાં વાતો ન કરવી પરંતુ પ્રાયઃ મૌન સાથે જ ચાલવું જોઈએ. તેમ કરતાં મુખ્ય રીતે ઈર્યાસમિતિનું શુદ્ધ પાલન થાય છે તેમજ જોનાર પથિકને મુનિની શિષ્ટતા દેખાય છે. (૩) **हसंतो** = ગોચરી માટે ચાલતા મુનિ હસવાની પ્રવૃત્તિ પણ ન કરે. હસીમાં પરસ્પર વાર્તાલાપ થાય, ઈર્યાસમિતિ દૂષિત થાય અને દેખનારને પણ અયોગ્ય લાગે. (૪) **कुलं उच्चावयं** = મુનિએ ધનાઢ્ય કે સામાન્ય ઘરોમાં ભેદભાવ રાખ્યા વિના સર્વત્ર ભિક્ષા માટે ગમન કરવું જોઈએ.

સંક્ષેપમાં સૂત્રોક્ત આ સર્વ ક્રિયાઓના ત્યાગ અને વિવેકમાં સાધુના સંયમની સુરક્ષા, ઈર્યાસમિતિનું પાલન અને જિનશાસનનું ગૌરવ તેમજ સમભાવનું પોષણ વગેરે લાભ સમાવિષ્ટ છે તથા જોનારને મુનિની સભ્યતા, શિષ્ટતા પ્રતીત થાય છે.

## ગોચરીમાં દષ્ટિ વિવેક :–

**૧૫** **आलोयं थिग्गलं दारं, संधिं दगभवणाणि य ।**
**चरंतो ण विणिज्झाए, संकट्ठाणं विवज्जए ॥**

**છાયાનુવાદ :** आलोकं स्थगितं द्वारं, सन्धिमुदकभवनानि च ।
चरेन्न विनिध्यायेत् शङ्कास्थानं विवर्जयेत् ॥

**શબ્દાર્થ :– चरंतो** = ગોચરીમાં જતાં **आलोयं** = ગવાક્ષ, ઝરૂખા **थिग्गलं** = ભીંતમાં ગાબડું પડ્યા પછી ચણી દીધેલો, પૂરી દીધેલો ભાગ **दारं** = દ્વારાદિને **संधिं** = ચોર આદિ દ્વારા કરાયેલા છિંડાને, છિદ્રને, બાકોરાંને **दगभवणाणि** = પાણિયારાને **ण विणिज्झाए** = તાકી તાકીને ન જુએ **संकट्ठाणं** = તે શંકાના સ્થાનો છે તેને **विवज्जए** = છોડી દે.

**ભાવાર્થ :–** ગોચરી ગયેલા ભિક્ષુ ગૃહસ્થોના ઘરની બારીઓ કે ગવાક્ષ, દીવાલોના સાંધાંના વિભાગ, બાકોરાં, બારણા અને પાણિયારા વગેરે સ્થાનોની સામે તાકી તાકીને ન જુએ. શંકાના તે સ્થાનોને તાકીને જોવાથી લોકોને સાધુ પર કે તેના ચારિત્ર પર આશંકા થાય; માટે મુનિ તે શંકા સ્થાનો(શંકાઓ ઉત્પન્ન કરનારી પ્રવૃત્તિઓ)નો ત્યાગ કરે.

**૧૬** **रण्णो गिहवईणं च, रहस्सारक्खियाणि य ।**
**संकिलेसकरं ठाणं, दूरओ परिवज्जए ॥**

**છાયાનુવાદ :** राज्ञो गृहपतीनाञ्च, रहस्यारक्षितानि च ।
संक्लेशकरं स्थानं, दूरतः परिवर्जयेत् ॥

**શબ્દાર્થ :– रण्णो** = રાજાના **गिहवईणं** = ગૃહસ્થના **आरक्खियाणि** = સુરક્ષિત રાખેલા **रहस्स** = ગુપ્ત પદાર્થ, ગોપનીય વસ્તુઓ, ધન સામગ્રી **संकिलेसकरं ठाणं** = ક્લેશકારક સ્થાનોને **दूरओ** = દૂરથી **परिवज्जए** = છોડી દે.

**ભાવાર્થ :–** રાજા અને શેઠ વગેરે લોકોના ગુપ્ત ધન, શસ્ત્રાદિ રાખવાના ગુપ્ત અને સુરક્ષિત સ્થાનોને મુનિ દૂરથી જ વર્જન કરે; તેની નજીક ન જાય. કારણ કે તેવા સ્થાનો બહુ સંક્લેશના ભાજન (અસમાધિજનક) હોય છે.

## વિવેચન :-

પ્રસ્તુત ગાથાઓમાં ગૌચરી ગયેલા સાધુ માટે ગૃહસ્થના ઘરના કેટલાંક શંકાશીલ સ્થાનોને તથા રાજાદિનાં ગુપ્ત સ્થળોને જોવા સંબંધી વિવેક સૂચિત કરેલ છે.

**दगभवणाणि :–** જળ રાખવાના સ્થાન પાણિયારું, આ સામાન્ય અર્થ છે. વ્યાખ્યાઓમાં (૧) જલગૃહ (૨) સાર્વજનિક સ્નાનગૃહ (૩) જલમંચિકા– જ્યાંથી સ્ત્રીઓ પાણી ભરે તે સ્થાન વગેરે અર્થ ઉપલબ્ધ થાય છે.

**रहस्सारक्खियाणि :– रहस्याः गुप्त पदार्थाः, रक्षितानि यत्र ते रहस्यारक्षितानि स्थानानि** = રાજા અને નગરશેઠના ભંડાર, કોઠાર કે શસ્ત્રાગાર વગેરે ગુપ્ત સ્થાનોનું મુનિ વર્જન કરે અર્થાત્ ત્યાં ન જાય.**रहस्य आरक्षकाणां** અને **रहस्य रक्षिकानां** આ પ્રકારે સંસ્કૃત છાયા કરતાં ગાથાનો અર્થ આ પ્રમાણે થાય છે– રાજાના, નગરશેઠના અને આરક્ષકોના મંત્રણા સ્થાનને અસમાધિકારક માનીને મુનિ દૂરથી તેનો પરિત્યાગ કરે.

તાત્પર્ય એ છે કે મોટા માણસોના ભંડાર, કોઠાર, શસ્ત્રાગાર કે મંત્રણા સ્થળોમાં અથવા તેના નજીકમાં ગમનાગમન કરવાથી આરક્ષકોને સાધુ પ્રત્યે વિવિધ પ્રકારે શંકાઓ ઉત્પન્ન થાય અર્થાત્ "જાસૂસ છે" તેમ માનીને કોઈ સાધુને પકડે, બાંધે કે કેદમાં પૂરે અથવા રાજસભામાં લઈ જાય વગેરે અનેક ઉપદ્રવોની સંભાવના રહે છે. તેથી શાસ્ત્રકારે આવા સ્થળોને સંકલેશકારી કહીને મુનિઓને સાવધાન કર્યા છે.

## ગૌચરીમાં નિષિદ્ધ કુલ :-

**૧૭** पडिकुट्ठं कुलं ण पविसे, मामगं परिवज्जए ।
अचियत्तं कुलं ण पविसे, चियत्तं पविसे कुलं ॥

**છાયાનુવાદ :** प्रतिकुष्टं कुलं न प्रविशेत्, मामकं परिवर्जयेत् ।
अप्रीतिकुलं न प्रविशेत्, प्रीतिमत् प्रविशेत्कुलम् ॥

**શબ્દાર્થ :– पडिकुट्ठं** = આગમ નિષિદ્ધ **कुलं** = કુળમાં **ण पविसे** = પ્રવેશ ન કરે **मामगं** = ગૃહસ્વામી એમ કહે કે મારે ઘેર આવશો નહીં એવા ઘરને **परिवज्जए** = છોડી દે **अचियत्तं कुलं** = અપ્રતીતકારી કુલ, નિંદિત કુલ, જે કુળમાં જવાથી જોનારા મનુષ્યોને અપ્રીતિ થાય તેવા કુળમાં, માંસાહારી કે શરાબી અને દુષ્ચરિત્ર સ્ત્રી પુરુષવાળા પ્રસિદ્ધ કુળમાં **ण पविसे** = પ્રવેશ ન કરે **चियत्तं कुलं** = અનિંદિત કુળમાં **पविसे** = પ્રવેશ કરે.

**ભાવાર્થ :–** સાધુ નિષિદ્ધ કુળોમાં પ્રવેશ ન કરે, વળી જે ગૃહસ્થે નિષેધ કર્યો હોય કે "મારે ઘેર આવશો નહીં" તેવા ઘરે જાય નહીં તથા જે નિંદિત કુળ હોય કે નિંદિત આચરણવાળા હોય; ત્યાં પણ પ્રવેશ ન કરે. પણ જે અનિંદિત કુલ કે અનિંદિત આચરણવાળા કુળ હોય ત્યાં સાધુ ભિક્ષાર્થે પ્રવેશ કરે.

## વિવેચન :-

પ્રસ્તુત ગાથામાં ગૌચરી ન જવાના ઘરોને ત્રણ શબ્દથી અને ગૌચરી જવા માટેના ઘરોને એક શબ્દથી દર્શાવ્યા છે.

**(१) पडिकुट्ठं :–** નિષિદ્ધ. આચારાંગ અને નિશીથ સૂત્રના આધારે સાધુ માટે જુગુપ્સિત કુળોમાં તેમજ અનાર્ય ઘરોમાં ગોચરી જવાનો નિષેધ થાય છે. શ્રમણો મુખ્યતયા બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યના ઘરોમાં ગોચરી જાય છે. તે કુળોના રીત રિવાજ–વ્યવહારને ધ્યાનમાં રાખીને આચારાંગ સૂત્ર ૨/૧/૨ માં ૧૨ કુળોનાં નામ કહ્યા છે. તે કુળોમાં અને તેના જેવા અન્ય પણ અજુગુપ્સિત(લોકોમાં અઘૃણિત) કુળોમાં ગોચરી જવાનું વિધાન છે.

તાત્પર્ય એ છે કે જે ક્ષેત્ર, કાલમાં જે ઘરોના લોકો સાથે ગામના પ્રતિષ્ઠિત કુળના લોકોને આહાર–પાણીનો વ્યવહાર ન હોય તે ઘરોને શાસ્ત્રમાં જુગુપ્સિત કુળ કહ્યા છે; તેમાં વ્યવહાર દષ્ટિને મુખ્ય કરીને ભિક્ષુ ગોચરી માટે જાય નહીં, તે શાસ્ત્રાજ્ઞા છે. તે કુળોને અહીં **पडिकुट्ठं** શબ્દથી સૂચિત કર્યા છે. તેમજ અનાર્ય જાતિના કુળોને પણ આ શબ્દથી સમજવા જોઈએ.

**(२) मामगं :–** આ શબ્દના બે પ્રકારે અર્થ થાય છે– (૧) મમત્ત્વશીલ અર્થમાં આ શબ્દ પ્રયોગ આગમમાં મળે છે. (૨) **मा** = નહીં આવવું + **मगं** = મારા ઘરે. જેણે કોઈ પણ ભાવોથી કે કારણથી સાધુઓને પોતાના ઘરે આવવાનો સ્પષ્ટ નિષેધ કર્યો હોય તેવા ઘરે સાધુ ગોચરી જાય નહીં. આ બીજો અર્થ અહીં પ્રાસંગિક છે.

**(३) अचियत्तं :–** અપ્રતીતકારી, અયોગ્ય આચરણ કરનાર. લોકમાં નિંદાપાત્ર, માંસાહારી, મદ્યપાન કરનારા કે દુષ્ચરિત્ર સ્ત્રીઓનાં(વેશ્યાઓનાં) ઘરોને અપ્રતીતકારી સમજવા. તેવા ઘરોમાં મુનિને ગોચરીએ જતાં જોઈને જૈન અજૈન લોકોને જૈન સાધુ પ્રત્યે અવિશ્વાસ કે ઘૃણા ઉત્પન્ન થાય છે. આ રીતે અપ્રતીતિ થવાથી તે લોકો પોતાના ઘરે આવવાનો પણ સાધુને નિષેધ કરે; માટે મુનિ શુદ્ધ આચાર વિચારવાળા કુળોમાં જ ગોચરી માટે જાય.

**(४) चियत्तं कुलं :–** પ્રતીતકારીકુળ. આચારાંગ સૂત્રમાં અનિંદિત કુળમાં ગોચરી જવાનું વિધાન છે. પ્રસ્તુતમાં પ્રયુક્ત **चियत्तं** શબ્દ પણ તેનો જ પર્યાય શબ્દ(એકાર્થક) છે. જેના આચાર વિચાર અનિંદિત હોય અર્થાત્ લોકોમાં જેની પ્રતિષ્ઠા હોય તે પ્રતીતકારી કુળ કહેવાય છે. કોઈ આર્ય કુળના લોકો માંસ–મદિરાનું સેવન કરે કે વેશ્યાવૃત્તિ કરે તો તે અપ્રતીતકારી કુળ કહેવાય છે. તેથી જે શુદ્ધ ખાન–પાન અને આચાર– વાળા કુળ હોય તે પ્રતીતકારી કુળ **चियत्तं कुलं** કહેવાય છે.

આ રીતે પ્રસ્તુત ગાથાના ત્રણ ચરણમાં–(૧) જુગુપ્સિત કુળ (૨) સ્વયં ના પાડનાર કુળ (૩) નિંદિત કુળ, આ ત્રણ પ્રકારના ઘરોમાં ગોચરી જવાનો નિષેધ છે અને અંતિમ ચોથા ચરણમાં પ્રતીતકારી (શાકાહારી અને આચારવાન) કુળોમાં ગોચરી જવાનું વિધાન છે.

## ગૌચરીમાં દ્વાર ઉદ્ઘાટન :–

**१८** साणी पावारपिहियं, अप्पणा णावपंगुरे ।
कवाडं णो पणुल्लिज्जा, उग्गहंसि अजाइया ॥

**છાયાનુવાદ :** शाणीप्रावारपिहितं, आत्मना नापवृणुयात् ।
कपाटं न प्रणोदयेत्, अवग्रहमयाचित्वा ॥

**શબ્દાર્થ :– साणी पावारपिहियं** = શણના(કે વાંસના) બનાવેલ પડદાથી અથવા વસ્ત્રાદિના પડદાથી ઢાંકેલા દ્વારને **उग्गहंसि** = આજ્ઞા **अजाइया** = માંગ્યા વિના, લીધા વિના **अप्पणा** = સ્વયં **णावपंगुरे** = ખોલે નહિ **कवाडं** = કમાડને, દ્વારને **णो पणुल्लिज्जा** = ખોલે નહિ, ઉઘાડે નહિ.

**ભાવાર્થ :–** ગૃહસ્થના ઘેર ગોચરી ગયેલો સાધુ ઘરના માલિકની રજા વગર કમાડ ખોલે નહિ, તેમજ શણના કે વાંસના પડદાને ઉઘાડે નહીં કે ઠેલે પણ નહિં.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથામાં સાધુને ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરવા માટે વ્યવહારિક વિવેક પ્રદર્શિત કર્યો છે.

**साणी पावार... :– साणी** = શણ અથવા અળસીથી બનાવેલી ચટાઈ. **पावार** = સૂતરની રૂંછાવાળી ચાદર વગેરેના પડદાથી ઘર–ઓરડા આચ્છાદિત હોય, બારણા બંધ કરેલા હોય તો સાધુ તેને ગૃહસ્થને પૂછ્યા વિના તે પડદાઓને પોતાની મેળે ખોલીને તેમાં પ્રવેશ ન કરે. બારણા બંધ કરીને ગૃહસ્થો સ્નાનાદિ ક્રિયા કરતા હોય, અવ્યવસ્થિત રીતે બેઠા કે સૂતા હોય તે સમયે ઓચિંતા બારણું ખોલવાથી ગૃહસ્થો સંકોચિત થઈ જાય, તેની લાગણી દુભાય અથવા ક્રોધનું કારણ બને, સાધુ પ્રત્યે અપ્રિય ભાવ થાય, સાધુને કટુવચન કહે, પાછળથી નિંદા કરે વગેરે અનેક દોષોની શક્યતા રહે છે. તેથી સાધુએ ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરતાં સમયે વિવેકપૂર્વક વર્તન કરવું જોઈએ.

## ગૌચરીમાં શરીરની બાધા નિવારણ :–

**१९** गोयरग्गपविट्ठो य, वच्चमुत्तं ण धारए ।
ओगासं फासुयं, णच्चा अणुण्णविय वोसिरे ॥

**છાયાનુવાદ :** गोचराग्रप्रविष्टस्तु, वर्चोमूत्रं न धारयेत् ।
अवकाशं प्रासुकं ज्ञात्वा, अनुज्ञाप्य व्युत्सृजेत् ॥

**શબ્દાર્થ :– गोयरग्गपविट्ठो** = ગોચરીએ ગયેલા **उ** = પુનઃ **वच्च** = વડીનીતને **मुत्तं** = મૂત્રની

બાધા, લઘુ નીતને **ण धारए** = ધારણ ન કરે, રોકે નહીં **फासुयं** = પ્રાસુક, નિરવદ્ય **ओगासं** = જગ્યાને **णच्चा** = જાણીને **अणुण्णविय** = ગૃહસ્થની આજ્ઞા લઈને **वोसिरे** = ત્યાગ કરે.

**ભાવાર્થ :–** ગોચરીએ ગયેલા મુનિને લઘુનીત–વડીનીતની કુદરતી હાજત થાય તો તેને રોકે નહીં. પરંતુ યોગ્ય સ્થાન જોઈને તે સ્થાનના સ્વામીની આજ્ઞા મેળવી, કુદરતી હાજતનું નિવારણ કરે.

### વિવેચન :–

**वच्चमुत्तं ण धारए :–** ગોચરી માટે નીકળેલા સાધુને મળમૂત્રની શંકા થાય તો તે વિધિપૂર્વક નિર્દોષ સ્થાન જોઈને, ગૃહસ્થની આજ્ઞા લઈને શંકાનું નિવારણ કરી લે પણ તેને રોકે નહીં. કારણ કે કુદરતી હાજતો રોકવાથી તબિયત બગડે છે, આંખની શક્તિ ઓછી થાય છે તથા મળ નિરોધથી જીવનની શક્તિનો નાશ થવાની સંભાવના રહે છે. કહ્યું છે કે– **मुत्त णिरोहे चक्खु, वच्च णिरोहे जीवियं चयइ ।**

ભિક્ષુએ ગોચરી જતાં પહેલાં યાદ રાખીને શરીરની બાધાનું નિવારણ કરીને પછી જ નીકળવું જોઈએ; કારણ કે ક્યારેક પરઠવા યોગ્ય જગ્યા ન મળે તો શારીરિક કષ્ટ થાય અને વિવિધ પરિસ્થિતિઓ ઊભી થાય.

### ઘરોમાં પ્રવેશ સંબંધી વિવેક :–

**૨૦** **णीयदुवारं तमसं, कुट्ठगं परिवज्जए ।**
**अचक्खुविसओ, जत्थ पाणा दुप्पडिलेहगा ॥**

**છાયાનુવાદ :** **नीचद्वारं तमोमयं, कोष्ठकं परिवर्जयेत् ।**
**अचक्षुर्विषयो यत्र, प्राणिनोः दुष्प्रतिलेख्यकाः ॥**

**શબ્દાર્થ :– णीयदुवारं** = નીચા દ્વારવાળા **तमसं** = અંધકાર યુક્ત **कुट्ठगं** = કોઠારમાં અથવા ભોંયરામાં **जत्थ** = જે સ્થાનમાં **अचक्खुविसओ** = ચક્ષુ સ્વવિષયને ગ્રહણ કરી ન શકે, જ્યાં દષ્ટિથી જોઈ શકાય નહીં **पाणा** = બે ઈન્દ્રિયાદિ પ્રાણીને **दुप्पडिलेहगा** = સારી રીતે જોઈ શકાય નહીં **परिवज्जए** = તેવા સ્થાનોને છોડી દે.

**ભાવાર્થ :–** નીચા દ્વારવાળા અંધકારયુક્ત કોઠારમાં અથવા ભોંયરામાં, જ્યાં દષ્ટિ કામ કરતી નથી, તેથી બેઈંદ્રિયાદિ પ્રાણીઓ સહેલાઈથી જોઈ શકાતા નથી; તેવા સ્થાનોમાં મુનિ ગોચરીએ જાય નહીં.

**૨૧** **जत्थ पुप्फाइं बीयाइं, विप्पइण्णाइं कोट्ठए ।**
**अहुणोवलित्तं उल्लं, दट्ठूणं परिवज्जए ॥**

**છાયાનુવાદ :** **यत्र पुष्पाणि बीजानि, विप्रकीर्णानि कोष्ठके ।**
**अधुनोपलिप्तमार्द्रं, दृष्ट्वा परिवर्जयेत् ॥**

**શબ્દાર્થ :– जत्थ** = જ્યાં **कोट्ठए** = કોઠારના દ્વારમાં **पुप्फाइं** = ફૂલો **बीयाइं** = બીજ **विप्पइण्णाइं** = વેરાયેલાં હોય **अहुणोवलित्तं** = તાજું લીંપેલ હોય **उल्लं** = ભીનું **दट्ठूणं** = જોઈને **परिवज्जए** = છોડી દે.

**ભાવાર્થ :–** જ્યાં ઓરડાના દ્વારમાં બીજ કે ફૂલ વેરાયા હોય અથવા જે સ્થાન તાજુ લીંપણ થવાથી લીલુ કે ભીનું હોય તો તે જોઈને મુનિ ત્યાં ન જાય.

**૨૨** **एलगं दारगं साणं, वच्छगं वावि कोट्ठए ।**
**उल्लंघिया ण पविसे, विउहित्ताण व संजए ॥**

**છાયાનુવાદ :** **एडकं दारकं श्वानं, वत्सकं वाऽपि कोष्टके ।**
**उल्लंघ्य न प्रविशेत्, व्यूह्य वा संयतः ॥**

**શબ્દાર્થ :– जत्थ कोट्ठए** = ઘરના દરવાજામાં **एलगं** = બકરો **दारगं** = બાળક **साणं** = કૂતરો **वच्छगं** = વાછરડાને **उल्लंघिया** = ઉલ્લંઘન કરીને **विउहित्ताणं** = હટાવીને **संजए** = સાધુ **ण पविसे** = પ્રવેશ ન કરે.

**ભાવાર્થ :–** સંયમી સાધુ ગૃહસ્થના ઘરના દરવાજામાં બાળક, બકરા, કૂતરા અથવા વાછરડા હોય તો તેને ઓળંગીને કે તેને હટાવીને પ્રવેશ ન કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં ઈર્યાસમિતિ, અહિંસા અને આત્મરક્ષા માટે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ સમયનો વિવેક પ્રદર્શિત કર્યો છે.

**णीयं दुवारं :–** નીચા દરવાજાવાળા અંધકારમય મકાનમાં ભિક્ષા માટે સાધુ ન જાય. કારણ કે ત્યાં જીવજંતુ ન દેખાવાથી ઈર્યાસમિતિનું પાલન થતું નથી; આહારના દોષોની ગવેષણા થઈ શકતી નથી; અંધારામાં દાન દેનારને અથવા મુનિને પડી જવાની સંભાવના રહે છે. આવા અંધકારયુક્ત સ્થાનમાં ગોચરી લેતાં એષણાનો **દાયક** દોષ લાગે છે.

**जत्थ पुप्फाइं बीयाइं.. :–** જ્યાં પુષ્પ આદિ કોઈ પણ પ્રકારની વનસ્પતિ હોય અથવા ઘઉંના દાણા કે અન્ય બીજ વગેરે વેરાયેલા હોય તે સ્થાનમાં મુનિ ભિક્ષાર્થે જાય નહીં. તેમાં પ્રત્યક્ષ જીવ હિંસાનો દોષ છે.

**अहुणोवलित्तं उल्लं :–** તાજા લીંપેલા ભીના મકાનમાં પ્રવેશ ન કરે. તાજા લીંપેલા તેમજ ભીનાં આંગણામાં ચાલવાથી લીંપેલા સ્થાનનો ગારો પગમાં લાગે તેમજ પગ લપસવાની સંભાવના રહે છે; ગૃહસ્થનું આંગણુ બગડે તો તેને ફરી લીંપવું પડે છે. લીપણમાં પૃથ્વી તથા પાણીના જીવોની હિંસા થાય

છે. આ રીતે આત્માની અને સંયમની વિરાધના થાય છે.

**एलगं दारगं साणं... :–** બકરાદિનું ઉલ્લંઘન કરીને ન જાય. બોકડા વગેરેને દૂર કરવાથી અથવા ઓળંગીને જવાથી તે શીંગડા વડે મુનિને મારે, કૂતરા કરડે, વાછરડો બીકથી બંધન તોડી નાંખે, મુનિના પાત્ર તૂટી જાય. નાના બાળકને દૂર કરવાથી તેને દુઃખ થાય છે, તેના પારિવારિક જનોને સાધુ તરફ અપ્રીતિ થાય. ઉલ્લંઘન કરતાં અચાનક બાળકના હાથ, પગ આદિ પર સાધુનો પગ આવી જાય તો બાળકને વાગી જાય, ક્યારેક મુનિ સ્વયં પડી જાય ત્યારે સંયમની વિરાધના થાય અને શાસનની લઘુતા થાય. આ વિવિધ સંભાવનાઓને લક્ષમાં રાખી મુનિ બકરા, બાળક આદિને ઉલ્લંઘી ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરે નહીં.

**एलगं :–** આ શબ્દનો અર્થ ચૂર્ણિકારે "બકરાં" કર્યો છે ત્યારે ટીકાકારે "ઘેટાં" અર્થ કર્યો છે.

### ઘરોમાં ઊભા રહેવા સંબંધી વિવેક :–

**૨૩** असंसत्तं पलोएज्जा, णाइदूरावलोयए ।
उप्फुल्लं ण विणिज्झाए, णियट्टिज्ज अयंपिरो ॥

**છાયાનુવાદ :** असंसक्त प्रलोकयेन्नातिदूर मवलोकेत ।
उत्फुल्लं न विनिध्यायेत्, निवर्त्तेताजल्पिता ॥

**શબ્દાર્થ :– असंसत्तं** = અનાસક્તભાવે **पलोएज्जा** = અવલોકન કરે, દેખે **णाइदूरावलोयए** = અતિ દૂરથી ન જુએ, દૂરના પદાર્થો પર દષ્ટિને કેન્દ્રિત ન કરે **उप्फुल्लं** = આંખો ફાડીને **ण विणिज्झाए** = ન દેખે **अयंपिरो** = દીન વચન કે ક્રોધયુક્ત વચન ન બોલે **णियट्टिज्ज** = બહાર નીકળે, પાછો ફરે.

**ભાવાર્થ :–** ગૃહસ્થને ઘેર ગયેલો સાધુ સ્ત્રીને કે કોઈપણ પદાર્થને આસક્ત દષ્ટિથી ન જુએ, ઘરમાં અતિ દૂર દૂર ન જુએ, ઘરની અન્ય વ્યક્તિને આંખો પહોળી કરીને અર્થાત્ તાકી તાકીને ન જુએ, આહારની પ્રાપ્તિ ન થાય તો દીન કે કઠોર વચન બોલ્યા વિના પાછો ફરે.

**૨૪** अइभूमिं ण गच्छेज्जा, गोयरग्गगओ मुणी ।
कुलस्स भूमिं जाणित्ता, मियं भूमिं परक्कमे ॥

**છાયાનુવાદ :** अतिभूमिं न गच्छेद्, गोचराग्रगतो मुनिः ।
कुलस्य भूमिं ज्ञात्वा, मितां भूमिं पराक्रमेत् ॥

**શબ્દાર્થ :– गोयरग्गगओ** = ગોચરીએ ગયેલો **मुणी** = સાધુ **अइभूमिं** = અતિભૂમિમાં–મર્યાદા બહારની ભૂમિમાં **ण गच्छेज्जा** = ન જાય **कुलस्स** = કુળની, ઘરોની **भूमिं** = સાધુને જવા યોગ્ય

મર્યાદિત ભૂમિને **जाणित्ता** = જાણીને **मिअं भूमिं** = તે મર્યાદિત ભૂમિ પર જ **परक्कमे** = જાય.

**ભાવાર્થ :–** ભિક્ષાર્થે ગયેલો સાધક કુળની નિયત ભૂમિ મર્યાદાનું ઉલ્લંઘન ન કરે પરંતુ જે કુળની જેટલી ભૂમિ મર્યાદા હોય તે જાણીને ત્યાં સુધીની પરિમિત ભૂમિમાં જ ગમન કરે. અર્થાત્ રસોડા વગેરેમાં તે ગૃહસ્થની મર્યાદાથી આગળ ન જાય.

**૨૫** **तत्थेव पडिलेहेज्जा, भूमिभागं वियक्खणो ।**
**सिणाणस्स य वच्चस्स, संलोगं परिवज्जए ॥**

**છાયાનુવાદ :** **तत्रैव प्रतिलिखेत्, भूमिभागं विचक्षणः ।**
**स्नानस्य च वर्चसः, संलोकं परिवर्जयेत् ॥**

**શબ્દાર્થ :– वियक्खणो** = વિચક્ષણ સાધુ **तत्थेव** = ત્યાંજ **भूमिभागं** = ભૂમિભાગનું **पडिलेहिज्जा** = પ્રતિલેખન કરે **सिणाणस्स** = સ્નાન ઘરને **वच्चस्स** = વડીનીતના સ્થાનને, શૌચાલયને **संलोगं** = જોવાનું **परिवज्जए** = છોડી દે, ન જુએ.

**ભાવાર્થ :–** વિચક્ષણ મુનિ પૂર્વોક્ત મર્યાદાવાળી ભૂમિનું સારી રીતે પ્રતિલેખન કરીને ત્યાં ઊભા રહે મર્યાદિત સ્થાનમાં ઊભા રહ્યા પછી ગૃહસ્થના સ્નાનગૃહનું કે મલવિસર્જન કરવાના સ્થાનનું અવલોકન કરે નહિ અર્થાત્ સંડાસ, બાથરૂમ તરફ દષ્ટિપાત કરે નહીં.

**૨૬** **दगमट्टियआयाणे, बीयाणि हरियाणि य ।**
**परिवज्जंतो चिट्ठेज्जा, सव्विंदिय समाहिए ॥**

**છાયાનુવાદ :** **उदकमृत्तिकादानं, बीजानि हरितानि च ।**
**परिवर्जयंस्तिष्ठेत्, सर्वेन्द्रिय समाहितः ॥**

**શબ્દાર્થ :– दगमट्टियआयाणे** = પાણી અને માટી લાવવાના માર્ગને **बीयाणि** = બીજોને **हरियाणि** = લીલોતરીને **परिवज्जंतो** = છોડીને **सव्विंदिय समाहिए** = સર્વેન્દ્રિયોને સમાધિમાં રાખીને **चिट्ठेज्जा** = શાંતિથી ઊભા રહે.

**ભાવાર્થ :–** જે માર્ગેથી લોકો પાણી, માટી વગેરે સચિત્ત પદાર્થ લાવતા હોય તે માર્ગને તેમજ જ્યાં શાકભાજી આદિ લીલોતરી, ધાન્ય વગેરે બીજ વેરાયેલાં હોય તેવા સ્થાનને છોડી સર્વે ઈન્દ્રિયોથી સમાધિવંત થઈ મુનિ યોગ્ય સ્થાને ઊભા રહે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં મુનિને સૂક્ષ્મ અહિંસાના પાલન સાથે વ્યવહાર શુદ્ધિ માટેનું માર્ગદર્શન આપ્યું છે.

**(१) असंसत्तं पलोएज्जा :–** મુનિ ગૃહસ્થના ઘરોમાં આસક્ત દષ્ટિથી ન જુએ અર્થાત્ સ્ત્રીઓની સાથે દષ્ટિમાં દષ્ટિ મેળવીને ન જુએ, તેના અંગોપાંગોને પણ ન જુએ તેમજ ગૃહસ્થને ત્યાં રહેલાં આહાર, વસ્ત્ર તથા વિભૂષાના સાધનો વગેરેને આસક્તિપૂર્વક ન જુએ. આ પ્રકારે આસક્તિપૂર્વક દષ્ટિપાત કરવાથી– બ્રહ્મચર્યવ્રતની વિરાધના અને લોકાપવાદ થાય, સાધુને આ પ્રકારે તાકીને જોતાં લોકો તેને કામાતુર માને તથા આ રીતે કરવાથી ક્યારેક માનસિક રોગની ઉત્પત્તિ વગેરે દોષો સંભવે છે. અગત્સ્ય ચૂર્ણિમાં આ પદનો વૈકલ્પિક અર્થ આ પ્રમાણે કર્યો છે– સાધુ જ્યાં ઊભા રહીને આહાર લે અને દાતા જ્યાંથી આવીને આહાર આપે, તે બન્ને સ્થાન અસંસક્ત એટલે ત્રસ આદિ જીવોથી રહિત હોવા જોઈએ, તે અંગે મુનિ અવલોકન કરે.

**णाइदूरावलोयए :–** અતિ દૂર ન જુએ. આ શબ્દનો અર્થ બે રીતે થાય છે– (૧) ગૌચરી ગયેલો સાધુ ગૃહસ્થના ઘરમાં બહુ દૂર સુધી ન જુએ, કારણ કે તેમ જોવાથી ગૃહસ્થને સાધુ પ્રત્યે શંકા થાય છે. (૨) અત્યંત દૂર ઊભા રહીને ન જુએ, કારણ કે દૂરથી જીવ જંતુઓને જોઈ શકાતા નથી અને તેની દયા પાળી શકાતી નથી. તાત્પર્ય એ છે કે મુનિને જે આહાર પાણી આદિ ગ્રહણ કરવાના છે તેની નિર્દોષતાનું જ અવલોકન કરે. તે સિવાય અન્યત્ર ક્યાં ય ન જુએ.

**उप्फुल्लं ण विणिज्झाए :–** આ શબ્દના બે અર્થ થાય છે– (૧) આંખો ફાડીને ન જુએ. (૨) ઉત્સુકતા ભરેલી આંખથી ન જુએ. આ રીતે ગૃહસ્થના ઉપભોગ્ય પદાર્થ, શય્યાદિ સામગ્રી, સ્ત્રી, આભૂષણ વગેરેને આંખો ફાડીને જોવાથી સાધુની લઘુતા થાય તેમજ ગૃહસ્થોને સાધુની ભોગગ્રસ્તતાનો સંદેહ ઉત્પન્ન થાય છે.

**णियट्टिज्ज अयंपिरो :–** કઠોર કે દીન વચન બોલ્યા વિના પાછો ફરે. આ ચરણમાં મન–વચનના સંયમનું પ્રતિપાદન છે. ભિક્ષાને માટે આવેલા મુનિને જો દાતા કાંઈ પણ ન આપે, અલ્પ આપે, નીરસ આપે અથવા કઠોર વચન કહે ત્યારે મુનિ સમભાવ રાખે. તે ગૃહસ્થ પ્રતિ અપશબ્દનો પ્રયોગ ન કરે, દીન વચન ન બોલે પરંતુ કાંઈ પણ બોલ્યા વિના ચુપચાપ(મૌન ભાવે) નીકળી જાય.

**अइभूमिं ण गच्छेज्जा :–** અતિભૂમિમાં ન જાય. ગૃહસ્થના રસોડામાં સાધુએ ક્યાં સુધી જવું, તે સંબંધી દરેક ગૃહસ્થની જુદી જુદી સીમા હોય છે, તે મર્યાદિત ભૂમિને ઓળંગીને આજ્ઞા વગર આગળ જવું "અતિભૂમિ પ્રવેશ" કહેવાય છે. સાધુ તે પ્રમાણે ન કરે.

**कुलस्स भूमिं जाणेत्ता :–** કયા ગૃહસ્થના રસોડામાં કેટલે દૂર જવાની મર્યાદા છે ? આ નિર્ણય સાધુ– સાધ્વીએ તે દેશ–પ્રદેશના આચાર, શિષ્ટાચાર તેમજ ગૃહસ્થના કુળાચાર, જાતિ સંસ્કાર, ઐશ્વર્ય આદિને લક્ષમાં રાખી, વિવેકપૂર્વક કરવો જોઈએ. જ્યાં સુધી જવાથી ગૃહસ્થને અપ્રીતિ ન થાય, ત્યાં સુધીની ભૂમિને કુલભૂમિ કહેવાય છે. ગોચરી કરનાર શ્રમણને તે ભૂમિનું અનુભવ જ્ઞાન હોવું આવશ્યક છે.

**मियं भूमिं परक्कम्मे :–** મર્યાદિત ભૂમિમાં જ જાય. ઉપરોક્ત રીતે મર્યાદાને જાણ્યા પછી મુનિ તેનું વિવેક પૂર્વક પાલન કરે. વિવેક રાખ્યા વિના ગૃહસ્થના રસોડામાં ચાલ્યા જવાથી અનેક દોષોની સંભાવના

રહે છે, જેમ કે– ગૃહસ્થ ગુસ્સે થાય, અપશબ્દ કે કટુવચન કહે, હુંકારા–તુંકારાથી અવહેલના, અવજ્ઞા કરે, હાથ પકડીને રોકે કે બહાર કાઢે વગેરે. આ રીતે શાસનની લઘુતા અને સંયમ વિરાધના થાય છે.

**सिणाणस्स य वच्चस्स संलोगं :–** મળ–મૂત્ર વિસર્જન સ્થાન એટલે સંડાસ અને સ્નાનગૃહને જોવું , તે અસભ્ય વ્યવહાર છે. આ રીતે જોવાથી શાસનની અને તે સાધુની લઘુતા થાય છે.

**दग मट्टियआयाणे :–** જંગલ અથવા ખાણથી લાવેલી માટી સચેત હોય છે અને પાણી પણ સચેત હોય છે. જે માર્ગેથી તે સચિત્ત પદાર્થો ગૃહસ્થો દ્વારા લઈ જવાતા હોય તે માર્ગ પર સાધુ ઊભા ન રહે.

**बीयाणि हरियाणि य :–** બીજ, ધાન્ય અને લીલી વનસ્પતિ વગેરે વેરાયેલા–વિખરાયેલા પડ્યા હોય, પગની નીચે કચરાવાની સંભાવના હોય; એવી જગ્યાએ મુનિ ઊભા ન રહે. આ પ્રકારના સ્થાનોમાં ઊભા રહેવાથી અહિંસા વ્રતની વિરાધના થાય છે.

### ગ્રહણૈષણા દોષવર્જન :–

**૨૭** **तत्थ से चिट्ठमाणस्स, आहरे पाणभोयणं ।**
**अकप्पियं ण इच्छेज्जा, पडिगाहेज्ज कप्पियं ॥**

**છાયાનુવાદ :** **तत्र तस्य तिष्ठतः, आहरेत्पानभोजनम् ।**
**अकल्पिकं न इच्छेत्, प्रतिगृह्णीयात्कल्पिकम् ॥**

**શબ્દાર્થ :– तत्थ** = તે સ્થાને **चिट्ठमाणस्स** = ઊભા રહેલા **से** = સાધુ માટે **पाणभोयणं** = પાણી અને ભોજન **आहरे** = લાવે **अकप्पियं** = અકલ્પનીય, ગ્રહણ નહીં કરવા યોગ્ય, સદોષ **ण इच्छेज्जा** = ગ્રહણ કરે નહિ **कप्पियं** = કલ્પનીય, ગ્રહણ કરવા યોગ્ય નિર્દોષ **पडिगाहिज्ज** = ગ્રહણ કરે.

**ભાવાર્થ :–** ગૃહસ્થના ઘેર મર્યાદિત સ્થાનમાં ઊભા રહેલા સાધુને દાતા આહાર, પાણી લાવીને વહોરાવે, આપવા ઈચ્છે; ત્યારે તે આહાર નિર્દોષ અને કલ્પનીય હોય તો ગ્રહણ કરે; અકલ્પનીય હોય તો ગ્રહણ ન કરે.

**૨૮** **आहरंती सिया तत्थ, परिसाडेज्ज भोयणं ।**
**दिंतियं पडियाइक्खे, ण मे कप्पइ तारिसं ॥**

**છાયાનુવાદ :** **आहरन्ती स्यात्तत्र, परिशाटयेद् भोजनम् ।**
**ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥**

**શબ્દાર્થ :– आहरंती** = આહાર લાવનારી વ્યક્તિ **सिया** = કદાચિત્ **तत्थ** = ત્યાં **भोयणं** =

ભોજન, આહાર–પાણીને **परिसाडेज्ज** = વેરતી, ઢોળતી–ઢોળાતી લઈને આવતી હોય તો **दिंतियं** = દેનારીને **पडियाइक्खे** = ના પાડી દે કે, કહે કે **मे** = મને **तारिसं** = આ પ્રકારના આહાર–પાણી **ण कप्पइ** = કલ્પતા નથી.

**ભાવાર્થ :–** સાધુને ભોજન વહોરાવનારી વ્યક્તિ જો વેરાતા, ઢોળાતા આહાર–પાણી લઈને આવે તો સાધુ વહોરાવનાર વ્યક્તિને તેવા આહાર પ્રદાનનો નિષેધ કરે કે આ પ્રકારનો આહાર અમોને કલ્પનીય નથી.

**२९** **सम्मद्दमाणी पाणाणि, बीयाणि हरियाणि य ।**
**असंजमकरिं णच्चा, तारिसं परिवज्जए ॥**

**છાયાનુવાદ :** **संमर्दयन्ती प्राणान्, बीजानि हरितानि च ।**
**असंयमकरीं ज्ञात्वा, तादृशं परिवर्जयेत् ॥**

**શબ્દાર્થ :–** **पाणाणि** = પ્રાણીઓને **बीयाणि** = બીજોને **हरियाणि** = હરિતકાયને, લીલોતરીને **सम्मद्दमाणी** = સંમર્દન કરતી, કચરતી કચરતી આવે તો **असंजमकरिं** = અસંયમ કરનારી, વિરાધના યુક્ત **णच्चा** = જાણીને **तारिसं** = તેવા પ્રકારના સદોષ આહારને **परिवज्जए** = ત્યાગી દે, ગ્રહણ ન કરે.

**ભાવાર્થ :–** ભિક્ષા આપનાર વ્યક્તિ માર્ગમાં રહેલાં નાના પ્રાણીઓને તેમજ વેરાયેલા બીજ કે લીલોતરીને કચરતાં કચરતાં ભિક્ષા લાવે તો તેને અસંયમનું આચરણ કરનારી(અયતના–વિરાધના કરનારી) જાણીને તેની પાસેથી આહાર–પાણી ગ્રહણ ન કરે.

**३०** **साहट्टु णिक्खिवित्ताणं, सचित्तं घट्टियाणि य ।**
**तहेव समणट्ठाए, उदगं संपणुल्लिया ॥**

**३१** **ओगाहइत्ता चलइत्ता, आहरे पाणभोयणं ।**
**दिंतियं पडियाइक्खे, ण मे कप्पइ तारिसं ॥**

**છાયાનુવાદ :** **संहृत्य निक्षिप्य, सचित्तं घट्टयित्वा च ।**
**तथैव श्रमणार्थं, उदकं संप्रणुद्य ॥३०॥**

**अवगाह्य चालयित्वा, आहरेत्पानभोजनम् ।**
**ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥३१॥**

**શબ્દાર્થ :–** **तहेव** = તેમજ **समणट्ठाए** = સાધુ માટે **सचित्तं** = સચિત્તમાં **साहट्टु** = અચિત્ત મેળવીને **णिक्खिवित्ताणं** = રાખીને, સચિત્તની ઉપર અચિત્ત રાખીને **घट्टियाणि** = સચિત્તનો

સંઘટો કરીને અથવા સ્પર્શીને **उदगं संपणुल्लिया** = પાણીને હલાવીને **ओगाहइत्ता** = અવગાહન કરીને **चलइत्ता** = ચાલીને **पाणभोयणं** = પાણી અને ભોજનને **आहरे** = લાવે.

**ભાવાર્થ :–** કોઈપણ સદોષ સ્થાનમાંથી લાવીને કે સદોષ વાસણથી કાઢીને અથવા સદોષ કે સચિત્ત વસ્તુમાં અચિત્ત વસ્તુ મેળવીને; સચિત્ત વસ્તુ પર અચિત્ત વસ્તુ રાખીને; સચિત્ત વસ્તુનો સંઘટ્ટો કરીને કે સચિત્ત પાણીને હલાવીને તેમજ ઘરમાં વરસાદનું પાણી ભરાયેલું હોય તેમાં અવગાહન કરીને(તેમાંથી ચાલીને) અથવા તેને ચલિત કરીને અર્થાત્ તે સચિત્ત વસ્તુને આઘી–પાછી કરીને, બાજુ પર મૂકીને જો આહાર પાણી લાવે તો તે દેનારી વ્યક્તિને સાધુ કહે કે તેવા પ્રકારના આહાર–પાણી મને કલ્પતા નથી. ॥૩૦–૩૧॥

## વિવેચન :–

પ્રસ્તુત પાંચ ગાથાઓમાં ગ્રહણૈષણા સંબંધી વિવેક દર્શાવતાં સત્યાવીસમી ગાથામાં સામાન્ય રૂપે કલ્પનીય અકલ્પનીયનું કથન છે. ત્યારપછીની ગાથાઓમાં **छड्डिय** દોષ, **दायक** દોષ, **साहरिय**(સંહૃત્ય) દોષ, **णिक्खित्त**(નિક્ષિપ્ત) દોષ એ ચાર દોષોનું વર્ણન છે. દાતા દ્વારા થતી જે વિરાધનાઓનો સમાવેશ અન્ય કોઈ દોષમાં ન થાય તો તે સર્વ દોષનો સમાવેશ **દાયક** દોષમાં થાય છે. તે અનુસાર સચિત્ત પદાર્થોનો સંઘટ્ટો (સ્પર્શ) અને પાણીના જીવોની વિરાધના સંબંધી ગાથાઓમાં દર્શાવેલી વિવિધ પ્રવૃત્તિ **દાયક દોષ** છે.

**कप्पियं–अकप्पियं :–** કલ્પનીય–અકલ્પનીય. આ બંને શબ્દો સંગ્રાહક શબ્દ છે. તેમાં સમસ્ત દોષ યુક્ત પદાર્થોનું અને સર્વ નિર્દોષ પદાર્થોનું સૂચન હોય છે.

કલ્પ શબ્દના અર્થ છે– નીતિ, આચાર, મર્યાદા, વિધિ અથવા સમાચારી. આ કલ્પ અનુસાર ગ્રાહ્ય પદાર્થો અથવા કરણીય કાર્ય **કલ્પનીય** કહેવાય છે અને કલ્પથી વિપરીત પદાર્થ કે કાર્યોને **અકલ્પનીય** કહેવાય છે અર્થાત્ જે કાર્ય જ્ઞાન, શીલ કે તપ આદિમાં સહાયક બને અને દોષોથી રહિત હોય તે **કલ્પનીય** છે અને જે કાર્ય સમ્યક્ત્વ કે જ્ઞાન આદિનો નાશ કરે અને દોષયુક્ત હોય તે **અકલ્પનીય** છે.

તાત્પર્ય એ છે કે ગૌચરીના બેંતાલીશ દોષ તેમજ અન્ય અનેક દોષ ટાળીને આહાર ગ્રહણ કરવો તે જ એષણીય કે કલ્પનીય છે.

**परिसाडेज्ज :–** વેર વિખેર કરતાં, ઢોળતાં–ઢોળાતાં વહોરાવે. વસ્તુ લઈને આવતાં માર્ગમાં ખાદ્ય પદાર્થ કે પાણી ઢોળાવાથી ગૃહસ્થ દ્વારા વાયુકાયની વિરાધના થાય અને ત્રસ જીવોની પણ વિરાધના થાય, તેમજ વેરાયેલા ખાદ્ય કણ ઉપર કીડીઓ આવતાં તેની વિરાધના થાય; આ જ રીતે વહોરાવતા સમયે પણ ઢોળાવાથી જીવ વિરાધના થાય છે. માટે છકાયના રક્ષક, સૂક્ષ્મતમ અહિંસાપાલક મુનિને વેરતા વેરતા વહોરાવનાર વ્યક્તિથી ભિક્ષા લેવી કલ્પતી નથી, તેથી દાતાને ના પાડી દે. આ વિષયમાં બે પ્રકારે અર્થ થાય છે– (૧) ઢોળાતી વિખેરાતી તે વસ્તુ માટે ના પાડી દે (૨) તે ઘરમાં પૂર્ણ રીતે દિવસ ભર માટે

ના પાડી દે. અર્થાત્ તે ઘરમાંથી આખા દિવસમાં કોઈપણ વસ્તુ ગ્રહણ ન કરે. આ બીજા અર્થ માટે વર્તમાનમાં **તેનું ઘર અસૂજતું થઈ ગયું** એવા વાક્યનો પ્રયોગ રૂઢ છે. આ **परिसाडेज्ज** દોષને પિંડનિર્યુક્તિની ગાથામાં **छड्डिय** દોષ કહ્યો છે.

**सम्मद्दमाणी :–** દાતા સાધુને આહાર વહોરાવવા માટે આવતા બે–ચાર કદમ ચાલે કે હાથ, પગનું હલન–ચલન કરે, ત્યારે તેના હાથ પગ કે શરીરના કોઈ પણ અંગોપાંગ દ્વારા ત્રસ જીવ બીજ, ધાન્ય લીલોતરી વગેરે કચરાઈ જાય, તેનો સંઘટ્ટો–સ્પર્શ થઈ જાય; અસાવધાનીથી તે ચીજો ઠેબે ચઢે ત્યારે વેરાય જાય, તેથી ત્રસ કે સ્થાવર જીવની વિરાધના થાય છે. દાતા દ્વારા થતી તે વિરાધનાને **દાયક** દોષ કહેવાય છે.

**साहट्टु(साहरिय) :–** આ દોષના વિષદ અર્થ થાય છે– (૧) એક વાસણમાં રાખેલા સચિત્ત પદાર્થોને બીજા વાસણમાં નાંખી તે વાસણને ખાલી કરી તેનાથી ભિક્ષા આપે (૨) સચિત્ત પાણી, અગ્નિના સંઘટ્ટામાં રહેલા વાસણમાંથી દૂધ વગેરે પદાર્થને બીજા વાસણમાં કાઢીને લાવે (૩) મોટા વાસણમાં રાખેલા અચિત્ત નિર્દોષ પદાર્થ નાના વાસણમાં કાઢીને લાવે (૪) બે–ચાર નાના વાસણની વસ્તુ( ચા વગેરે)ને એક વાસણમાં એકત્રિત કરીને વહોરાવે (૫) સામાન્ય વાસણમાં ખાદ્ય પદાર્થ હોય તો પોતાનો સારો દેખાવ કરવા બીજા મનોજ્ઞ વાસણમાં નાખે. આ સર્વ વિકલ્પોમાં જ્યાં જીવ વિરાધના છે તે અકલ્પનીય છે. તેમજ વહોરાવ્યા પછી પણ જ્યાં વિરાધનાનો સંભવ હોય તો તે પણ અકલ્પનીય છે. જીવ વિરાધના રહિત વિકલ્પ કલ્પનીય સમજવાં.

આ વિષયમાં બે પ્રકારની ચૌભંગી થાય છે યથા– (૧) નિર્દોષ વાસણમાંથી નિર્દોષ વાસણમાં આહાર કાઢવો. (૨) નિર્દોષ વાસણમાંથી સદોષ વાસણમાં આહાર કાઢવો. (૩) સદોષ વાસણમાંથી નિર્દોષ વાસણમાં આહાર કાઢવો. (૪) સદોષ વાસણમાંથી સદોષ વાસણમાં આહાર કાઢવો.

સચિત્ત–અચિત્તના મિશ્રણને પણ **સાહરિય** દોષમાં સમાવિષ્ટ કરવાની અપેક્ષાએ ચૌભંગી આ પ્રમાણે થાય છે– (૧) સચેતમાં સચેત મેળવવું. (૨) સચેતમાં અચેત મેળવવું. (૩) અચેતમાં સચેત મેળવવું. (૪) અચેતમાં અચેત મેળવવું. આ સર્વે ભંગો જિનકલ્પી, પડિમાધારી વગેરે માટે અકલ્પનીય હોય છે અને સામાન્ય સ્થવિર કલ્પી સાધુ માટે જેમાં જીવ વિરાધના થતી હોય તે જ અકલ્પનીય હોય છે.

**णिक्खिवित्ताणं :–** આ શબ્દના બે અર્થ થાય છે– (૧) નાંખીને, ફેંકીને (૨) રાખીને, મૂકીને. **૧.** વહોરાવવા પૂર્વે દાતા હાથ વગેરેમાંથી કોઈ વસ્તુને ફેંકી દે, વહોરાવતા સમયે પણ કોઈ પદાર્થને ફેંકી દે તો તે દાતા દ્વારા ભિક્ષા ન લેવાય. **૨.** વહોરાવવા પૂર્વે કે વહોરાતા સમયે દાતા કોઈ અચિત્ત વસ્તુને સચિત્ત વસ્તુ કે પાણી વગેરેના ઉપર રાખી મૂકે તો તે દાતા દ્વારા ભિક્ષા ન લેવાય. આ પ્રકારની પ્રવૃત્તિને **દાયક દોષ** કહેવાય છે.

**सचित्तं घट्टियाणि :–** ઘટ્ટિત દોષ. વહોરાવતા સમયે દાતા બીજ, લીલોતરી, મીઠું કે અગ્નિ વગેરે સચેતનો સ્પર્શ કરે તો પણ ભિક્ષા લેવી કલ્પે નહીં. આ દોષ પણ **દાયક દોષ** કહેવાય છે.

**उदगं :–** પાણી સંબંધી ત્રણ વિરાધનાઓનું સૂચન ૩૦–૩૧મી ગાથાઓમાં છે– (૧) દાતા પાણીને

હલાવી દે અર્થાત્ દાતાના હાથ, પગ કે કોઈ પણ શરીરાવયવથી પાણીના વાસણને ધક્કો લાગે જેથી તે પાણી હલી જાય, (૨) વહોરાવતા સમયે ત્યાં ઢોળાયેલા પાણી કે પાણીના ટીંપાઓ પર પગ મૂકી દે, (૩) વહોરાવવાના માર્ગમાં ઢોળાયેલા પાણીમાં ચાલતો આવે. આ સર્વ પ્રવૃત્તિઓમાં અપ્કાયના જીવોની વિરાધના થતી હોવાથી મુનિને તે ભિક્ષા અકલ્પનીય હોય છે. તેમાં દાતાની અસાવધાની રૂપ પ્રવૃત્તિના કારણે તે **દાયક દોષ** કહેવાય છે.

## પૂર્વકર્મ અને સંસૃષ્ટ દોષ વર્જન :-

**૩૨** **पुरेकम्मेण हत्थेण, दव्वीए भायणेण वा ।**
**दिंतियं पडियाइक्खे, ण मे कप्पइ तारिसं ॥**

**૩૩** **एवं उदउल्ले ससिणिद्धे, ससरक्खे मट्टिआउसे ।**
**हरियाले हिंगुलए, मणोसिला अंजणे लोणे ॥**

**૩૪** **गेरुय वण्णिय सेढिय, सोरट्ठिय पिट्ठ कुक्कुसकए य ।**
**उक्किट्ठमसंसट्ठे, संसट्ठे चेव बोधव्वे ॥**

**૩૫** **असंसट्ठेण हत्थेण, दव्वीए भायणेण वा ।**
**दिज्जमाणं ण इच्छिज्जा, पच्छाकम्मं जहिं भवे ॥**

**છાયાનુવાદ :** पुरःकर्मणा हस्तेन, दर्व्या भाजनेन वा ।
ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥३२॥

एवं उदकार्द्रः सस्निग्धः, ससरक्षो मृतिका ऊषः ।
हरितालंहिङ्गुलकं, मनःशिलाऽञ्जणं लवणं ॥३३॥

गैरिकंवर्णिकासेटिकासौराष्ट्रिकापिष्टं कुक्कुसकृतश्च ।
उत्कृष्टमसंसृष्टः, संसृष्टश्चैव बोद्धव्यः ॥३४॥

असंसृष्टेन हस्तेन, दर्व्या भाजनेन वा ।
दीयमानं नेच्छेत्, पश्चात्कर्म यत्र भवति ॥३५॥

**શબ્દાર્થ :- पुरेकम्मेणं** = પુરઃકર્મ–પૂર્વકર્મ દોષયુક્ત, સાધુને આહાર પાણી આપતા પહેલાં જ હાથ કે વાસણાદિ સચિત્ત જળથી ધોવા ઇત્યાદિ દોષયુક્ત **हत्थेण** = હાથથી **दव्वीए** = કડછીથી, ચમચાથી

**भायणेण** = વાસણ, વાટકો, થાળી વગેરેથી.

**एवं** = આ પ્રમાણે **उदउल्ले** = પાણીથી ભીના, પાણી ટપકી રહ્યું હોય તેવા(હાથથી) **ससिणिद्धे** = પાણીથી ભીના, પાણીના લેપવાળા, સ્નિગ્ધ **ससरक्खे** = સચિત્ત રજથી ભરેલા **मट्टिआउसे** = સચિત્ત માટી કે ક્ષારથી ભરેલા **हरियाले** = હરિતાલ **हिंगुलए** = હિંગળો **मणोसिला** = મનઃશિલા **अंजणे** = અંજન **लोणे** = લવણ **गेरुय** = ગેરુ **वण्णिय** = પીળી માટી **सेढिय** = સફેદ માટી(ખડીથી) **सोरट्ठिय** = ફટકડી **पिट्ठ** = આ સર્વના પીસેલા ચૂર્ણ **कुक्कुस** = લીલોતરીના છોતરાથી, ભૂસાંથી **कए** = ખરડાયેલા હાથ હોય **उक्किट्ठं** = અત્યધિક પીસેલું વનસ્પતિનું ચૂર્ણ એટલે તત્કાલની ચટણી વગેરેથી ખરડાયેલા હાથ હોય **असंसट्ठे** = વ્યંજનાદિથી અલિપ્ત **संसट्ठे** = વ્યંજનાદિથી લિપ્ત હસ્તાદિ **एवं** = આ પ્રમાણે, આ સર્વને **बोधव्वे** = જાણે, જાણીને સચિત્ત પદાર્થોથી ભરેલા **हत्थेण** = હાથથી **दव्वीए** = કડછીથી **भायणेण** = ભાજનથી **दिज्जमाणं** = અપાતાં આહાર–પાણીને **ण इच्छिज्जा** = ઈચ્છે નહીં **जहिं** = જ્યાં **पच्छाकम्मं** = પશ્ચાત્કર્મ દોષ **भवे** = થાય.

**ભાવાર્થ :–** પુરઃકૃત કર્મથી અર્થાત્ ગોચરી વહોરાવતા પહેલાં સાધુની સામે હાથ આદિને સચેત પાણીથી ધોઈને તેવા હાથ, કડછી કે વાસણથી આહાર પાણી આપે તો તે આપનારને કહે કે આ પ્રકારના આહાર–પાણી મને કલ્પતા નથી. ॥૩૨॥

તેમજ સચિત્ત પાણી ટપકતું હોય, સચિત્ત પાણીથી સ્નિગ્ધ, સચિત્ત રજ, સચિત્ત માટી, કે ખારો તેમજ હરતાલ, હિંગુલક, મનઃશિલ, અંજન, મીઠું, ગેરું, પીળીમાટી, સફેદમાટી(ખડી), ફટકડી(ગોપી ચંદન) આ સર્વેનું પીસેલું ચૂર્ણ અને લીલોતરીનું કચુંબર તેમજ તત્કાલની ચટણી વગેરેથી ખરડાયેલા હાથ તથા કોઈપણ પદાર્થથી અલિપ્ત કે લિપ્ત હાથ વગેરેને મુનિ જાણે. અર્થાત્ જાણીને મુનિ સચિત્ત પદાર્થોથી ખરડાયેલા હાથ વગેરેથી વહોરાવનાર દાતા વડે આહાર–પાણી ગ્રહણ ન કરે. ॥૩૩–૩૪॥

જો અલિપ્ત હાથ કડછી કે વાસણથી આહાર–પાણી વહોરાવીને ગૃહસ્થ પશ્ચાત્કર્મ કરે અર્થાત્ કાચા પાણીથી તે હાથ વગેરેને ધોવે(ધોવાની શક્યતા લાગે) તો મુનિ તે પ્રકારે અલિપ્ત હાથ વગેરેથી પણ આહાર–પાણી ગ્રહણ ન કરે. ॥૩૫॥

**૩૬** **संसट्ठेण य हत्थेण, दव्वीए भायणेण वा ।**
**दिज्जमाणं पडिच्छिज्जा, जं तत्थेसणियं भवे ॥**

**છાયાનુવાદ :** **संसृष्टेन च हस्तेन, दर्व्या भाजनेन वा ।**
**दीयमानं प्रतीच्छेत्, यत्तत्रैषणीयं भवेत् ॥**

**શબ્દાર્થ :–** **संसट्ठेण** = અચિત્ત આહારાદિથી ભરેલા **हत्थेण** = હાથથી **दव्वीए** = કડછીથી **भायणेण** = ભાજનથી **दिज्जमाणं** = અપાતા આહાર પાણીને **पडिच्छिज्जा** = ગ્રહણ કરે **जं** = જો

**तत्थ** = તે આહાર **एसणियं** = એષણીય–નિર્દોષ **भवे** = હોય.

**ભાવાર્થ :–** અચિત્ત પદાર્થોથી ખરડાયેલા હાથ, કડછી અને વાસણથી અપાતો આહાર જો નિર્દોષ હોય તો મુનિ ગ્રહણ કરે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં પણ ગ્રહણૈષણા સંબંધી પૂર્વકર્મ દોષ, લિપ્ત દોષ અને પશ્ચાત્કર્મ દોષનું વિશ્લેષણ છે.

**पुरेकम्मेण :–** પૂર્વકર્મ દોષ. સાધુને ભિક્ષા દેવા પહેલાં સાધુ માટે સચિત્ત પાણીથી હાથ વગેરે ધોવા રૂપ જે આરંભ થાય તે પૂર્વકર્મ દોષ છે.

તેથી દાતાએ મુનિને વહોરાવવા માટે કોઈ પદાર્થથી ખરડાયેલા હાથ વગેરેને સચેત પાણીથી ધોવા જોઈએ નહીં પરંતુ અચિત્ત પાણી ઘરમાં હોય તો વિવેકથી ધોઈ શકાય અન્યથા વસ્ત્રથી લૂંછીને વહોરાવી શકાય છે.

**લિપ્ત દોષ :–** દાતાના હાથ કે વાસણ અકલ્પનીય–સચિત્ત પદાર્થોથી લિપ્ત–ખરડાયેલા હોય અને તે હાથ કે વાસણથી વહોરાવે તો તે **લિપ્ત દોષ** કહેવાય છે. અર્થાત્ સચિત્ત પાણી, મીઠું, લીલોતરીની છાલ કે તેનું કચુંબર વગેરેથી ખરડાયેલા હાથ કે વાસણથી લેવું કલ્પતું નથી. પ્રસ્તુત ગાથાઓમાં સૂત્રકારે આ લિપ્ત દોષના ઉદાહરણ રૂપે અનેક પદાર્થોના નામ સ્પષ્ટ કર્યા છે. આવો જ વિસ્તૃત પાઠ શ્રી આચારાંગ સૂત્ર અને નિશીથ સૂત્રમાં પણ છે. આ રીતે ત્રણે ય આગમોમાં લગભગ એક સમાન પાઠ છે. નિશીથ ભાષ્ય ચૂર્ણીમાં આ વિષયને અને શબ્દાર્થોને વધુ સ્પષ્ટ કરવામાં આવ્યા છે. તદ્નુસાર જ પ્રસ્તુતમાં શબ્દાર્થ ભાવાર્થ કરવામાં આવ્યા છે. તે સર્વનું સંકલન આ પ્રમાણે છે– (૧) ટપકતા પાણીવાળા હાથ, ચમચો, વાટકી વગેરે (૨) પાણીથી ભીના હાથ વગેરે (૩) પૃથ્વી ખોદવાથી ઉડતી રજ સચિત્ત હોય છે તે રજથી યુક્ત હાથ વગેરે (૪) કાળી–પીળી વગેરે માટી (૫) પાંશુખાર–ઊખરભૂમિમાં હોય છે તે (૬) હરતાલ–રાતા રંગની કઠોર માટી (૭) હિંગળો–એક પ્રકારની પૃથ્વી (૮) મનઃશીલ–પીળી કઠોર માટી (૯) સુરમા–પૃથ્વીનો એક પ્રકાર (૧૦) લવણ–મીઠું (૧૧) ગેરુ–કઠોર લાલમાટી (૧૨) પીળી માટી–રંગ કરવાના ઉપયોગમાં આવે તે. (૧૩) ખડિયા માટી (૧૪) ફટકડી. **પિષ્ટ** = નં. ૪ થી ૧૪ સુધીની પૃથ્વીના ચૂર્ણથી ખરડાયેલા હાથ વગેરે [આ **પિષ્ટ** શબ્દ સ્વતંત્ર પદાર્થ માટે નથી પણ ઉપરના પદાર્થોના ચૂર્ણ માટે છે] (૧૫) લીલોતરીના છાલ, છોતરા (૧૬) અત્યંત બારીક પીસેલી લીલોતરીની તત્કાલની ચટણી વગેરેથી યુક્ત હાથ (૧૭) **અસંસૃષ્ટ** = કોઈપણ સચેત કે અચેત પદાર્થથી ન ખરડાયેલા હાથ, ચમચો કે વાટકી વગેરે વાસણ (૧૮) **સંસૃષ્ટ** = ખરડાયેલા હાથ વગેરે.

આ અઢારમાંથી પ્રારંભના બે બોલ અપ્કાય સંબંધી છે. ત્રીજો બોલ ઉડીને આવેલી સચિત્ત રજનો છે. ચોથાથી ચૌદ સુધીના બોલ પૃથ્વીકાયના ચૂર્ણ સંબંધી છે; તે અગિયાર શબ્દો માટે **પિષ્ટ** શબ્દ સહુથી

અંતે આપેલ છે. પંદરમો, સોળમો બે બોલ વનસ્પતિ સંબંધી છે.

૩૪મી ગાથાના અંતિમ બે બોલ(સત્તરમા, અઢારમા)નું સ્પષ્ટીકરણ સ્વતંત્ર રૂપે ૩૫–૩૬મી ગાથામાં આપ્યું છે.

**असंसट्ठेण हत्थेण... :–** અસંસૃષ્ટ, વગર ખરડાયા. આ પાંત્રીસમી ગાથામાં વગર ખરડાયેલા હાથ વગેરેનો સંબંધ પશ્ચાત્કર્મ દોષની સાથે કર્યો છે. તેનું તાત્પર્ય એ છે કે ગૃહસ્થ વગર ખરડાયેલા હાથ, કડછી કે કટોરા વગેરેથી લઈને કોઈ પણ વસ્તુ વહોરાવે અને વહોરાવ્યા પછી તે ગૃહસ્થ પશ્ચાત્કર્મ દોષ લગાડે તો ભિક્ષુ તે વસ્તુને ન લઈ શકે. તાત્પર્ય એ છે કે પશ્ચાત્કર્મ દોષ ન થાય તો વહોરાવી શકાય.

**पच्छाकम्मं :–** પશ્ચાત્કર્મ દોષ. સાધુને વહોરાવ્યા પછી તે હાથ કડછી વગેરેને ગૃહસ્થ કાચા પાણીથી ધોવાની પ્રવૃત્તિ કરે, તેમાં પાણી આદિના જીવોની વિરાધના થાય તેથી તેને **પશ્ચાત્કર્મ દોષ** કહેવાય છે.

તેથી **દાતાએ** સમજવાનું એ છે કે આહાર–પાણી વહોરાવ્યા પછી હાથ, કડછી ધોવાય નહીં. હાથ ખરડાઈ જાય તો ચાટીને કે કપડાંથી લૂંછીને સાફ કરી શકાય. જો હાથને ધોવા જરૂરી થાય એવા પદાર્થ હોય તો પહેલાંથી જ ચમચી વગેરેથી વહોરાવાય અને ચમચી, વાટકાથી વહોરાવ્યા પછી તેને પણ ધોવે નહીં પરંતુ તેને જમવા કે પીરસવાના ઉપયોગમાં લઈ લેવા જોઈએ અથવા વિવેકપૂર્વક રાખી મૂકવા જોઈએ. અંતગડ સૂત્ર અનુસાર દેવકી રાણીએ થાલમાં મોદક કાઢીને વહોરાવ્યા હતા અને પછી થાલને ત્યાં જ રાખી દીધો હતો.

**संसट्ठेण य हत्थेण... :–** સાધુને વહોરાવવા માટે હાથ કે વાસણ બગાડે અને વહોરાવ્યા પછી તે હાથ વગેરેને સચેત પાણીથી સાફ કરે, તેમાં પાણીના જીવોની હિંસા થાય છે; તેથી મુનિ આહાર દ્રવ્યથી હાથ કે વાસણ ખરડાયેલા હોય, તેના દ્વારા જ ભિક્ષા ગ્રહણ કરે; એવું આ ગાથાનું તાત્પર્ય છે.

સાધુને ગોચરી વહોરાવ્યા પહેલાં દાતાના હાથ, કડછી વગેરે દેય પદાર્થથી કે અન્ય અચિત્ત કલ્પનીય પદાર્થથી ખરડાયેલા હોય અને તેવા હાથ વગેરેથી તે વહોરાવે તો મુનિને કલ્પનીય છે; કારણ કે ખરડાયેલા હોવાથી પશ્ચાત્કર્મ દોષની શક્યતા નથી. છતાં ય આ છત્રીસમી ગાથાના અંતિમ ચરણમાં એક શરત રાખેલ છે. યથા–

**जं तत्थेसणियं भवे :–** જો ત્યાં તે પદાર્થ નિર્દોષ હોય તો મુનિ ગ્રહણ કરે. પશ્ચાત્કર્મ દોષ રહિત હોવા છતાં ત્યાં એષણાના કે ગવેષણાના અન્ય કોઈ પણ દોષ ન લાગતા હોય; દાતા અને તેની પ્રવૃત્તિ તથા તે દેય પદાર્થ એષણીય = ગ્રહણ કરવા યોગ્ય હોય, સર્વ દોષોથી રહિત હોય તો લેવાય. અન્ય કોઈ એક પણ દોષ હોય તો તે લેવાય નહીં.

ગૌચરીની વિધિમાં મુખ્યતયા આહાર દેનાર દાતા, આહાર લેનાર મુનિ, દેય પદાર્થ– આહાર પાણી અને એષણા દોષ રહિત દાનવિધિ, તે ચાર બોલની શુદ્ધિ અનિવાર્ય હોય છે. તેમાંથી પ્રસ્તુત ગાથાઓમાં સૂત્રકારે એષણીય, કલ્પનીય વગેરે શબ્દો દ્વારા આહાર દ્રવ્યની શુદ્ધિ અને આહાર આપનાર દાતાની

શુદ્ધિનું પ્રતિપાદન કર્યું છે.

**સાર :–** આ પાંચ ગાથાઓનો સંક્ષિપ્ત સાર એ છે કે– (૧) કોઈપણ સચેત પદાર્થથી ખરડાયેલા હાથ કે વાસણથી લેવું મુનિને કલ્પતું નથી. કારણ કે તેમાં લિપ્ત દોષ અને જીવ વિરાધના થાય છે. (૨) દાતા મુનિને વહોરાવતા પહેલાં હાથ કે વાસણને ધુએ તો તે કલ્પતું નથી. કારણ કે તેમાં પૂર્વકર્મ દોષ થાય છે. (૩) દાતા નહીં ખરડાયેલા હાથ કે વાસણથી વહોરાવે અને વહોરાવ્યા પછી હાથ વગેરે ધુએ તો તે પણ કલ્પતું નથી કારણ કે તેમાં પશ્ચાત્ કર્મ દોષ થાય છે. (૪) દાતા ખરડાયેલા હાથ કે વાસણથી વહોરાવે ત્યારે તે અપાતું પદાર્થ પૂર્ણ શુદ્ધ નિર્દોષ હોય જેમાં લિપ્ત દોષ, પૂર્વ કર્મ દોષ કે પશ્ચાત્ કર્મ દોષ ન હોય તેમજ ૪૨ દોષ રહિત હોય તો તેવા પ્રાસુક અને એષણીય પદાર્થને મુનિ ગ્રહણ કરે.

### સમ્મિલિત આહાર ગ્રહણ વિવેક :–

**૩૭** **दुण्हं तु भुंजमाणाणं, एगो तत्थ णिमंतए ।**
**दिज्जमाणं ण इच्छिज्जा, छंदं से पडिलेहए ॥**

**છાયાનુવાદ :** द्वयोस्तु भुञ्जानयोः, एकस्तत्र निमन्त्रयेत् ।
दीयमानं नेच्छेत्, छन्दं तस्य प्रतिलेखयेत् ॥३७॥

**શબ્દાર્થ :– दुण्हं** = બે વ્યક્તિ **भुंजमाणाणं** = ભોજન કરવા બેઠી હોય, અથવા તે ભોજન સામગ્રીના સ્વામી હોય **तत्थ** = તે બંનેમાંથી **एगो** = એક વ્યક્તિ **णिमंतए** = નિમંત્રણ કરે **तु** = ત્યારે **दिज्जमाणं** = અપાતાં તે પદાર્થની **ण इच्छिज्जा** = ઈચ્છા ન કરે પરંતુ **से** = બીજી વ્યક્તિના **छंदं** = અભિપ્રાયને **पडिलेहए** = પ્રતિલેખે, જુએ.

**ભાવાર્થ :–** બે વ્યક્તિ સાથે ભોજન કરી રહી હોય અથવા જે પદાર્થના બે સ્વામી હોય; તેમાંથી એક વ્યક્તિ ભિક્ષા માટે નિમંત્રણ કરે તો તે આહાર–પાણીને સાધુ ન ઈચ્છે પરંતુ બીજી વ્યક્તિના (આહારદાન અંગેના) અભિપ્રાયને જાણવાનો પ્રયત્ન કરે.

**૩૮** **दुण्हं तु भुंजमाणाणं, दोवि तत्थ णिमंतए ।**
**दिज्जमाणं पडिच्छिज्जा, जं तत्थेसणियं भवे ॥**

**છાયાનુવાદ :** द्वयोस्तु भुञ्जानयोः द्वावपि तत्र निमन्त्रयेयाताम् ।
दीयमानं प्रतिच्छेत्, यत्तत्रैषणीयं भवेत् ॥

**શબ્દાર્થ :– दुण्हं भुंजमाणाणं** = બે વ્યક્તિ ભોજન કરી રહી હોય, આહારના બે સ્વામી હોય **तत्थ** = તેમાંથી તે **दोवि** = બન્ને વ્યક્તિ **णिमंतए** = નિમંત્રણ કરે **तु** = તો **दिज्जमाणं** = અપાતા પદાર્થને

**पडिच्छिज्जा** = ગ્રહણ કરે **जं** = જો **तत्थ** = તે આહાર પાણી **एसणियं** = શુદ્ધ **भवे** = હોય.

**ભાવાર્થ :–** બે વ્યક્તિ ભોજન કરતી હોય અથવા જે પદાર્થના બે સ્વામી હોય, તે બન્ને નિમંત્રણ કરે અને તે પદાર્થ દોષ રહિત પૂર્ણ શુદ્ધ હોય તો અપાતા આહાર પાણીને સાધુ ગ્રહણ કરે.

## વિવેચન :–

આ ગાથામાં ઉદ્‌ગમના પંદરમાં અનિસૃષ્ટ દોષ સંબંધી વિશ્લેષણ યુક્ત કથન છે.

**અનિસૃષ્ટ :–** અનનુજ્ઞાત. દાતાની અનુમતિ કે સંમતિ વિના લેવું તે. તેમાં સાધુનું ત્રીજું મહાવ્રત દૂષિત થાય છે. તેમજ ક્યારેક અન્ય અનેક પરિસ્થિતિઓ ઉત્પન્ન થવાની સંભાવના રહે છે. તેથી સાધુને માટે પદાર્થના સ્વામીને જાણીને તેની સમ્મતિ–અનુમતિપૂર્વક જ આહાર ગ્રહણ કરવાનું વિધાન છે.

**दोण्हं तु भुंजमाणाणं :– भुंज** ધાતુના બે અર્થ થાય છે– (૧) કોઈ પદાર્થનો ઉપયોગ કરવો (૨) ભોજન કરવું.

પ્રસ્તુતમાં **भुंजमाणाणं** ના બે અર્થ છે– (૧) સાથે જમતાં (૨) સમાન માલિકી રાખતાં. જે ભોજન બે વ્યક્તિઓનું સહિયારું હોય, સાથે જમવા બેઠા હોય અથવા ઘરે કે દુકાનમાં કોઈ પદાર્થ બંનેની ભાગીદારીમાં હોય; તો તેવા પદાર્થ ગ્રહણ કરવામાં સાધુએ વિશેષ વિવેક રાખવો જોઈએ અર્થાત્ બંનેની ઈચ્છા અને અનુમતિ હોય તો જ પદાર્થ ગ્રહણ કરવો જોઈએ. કોઈની ભાવના વિના પદાર્થ લેવામાં ન આવી જાય, તે આવશ્યક છે; આ જ પ્રસ્તુત બે ગાથામાં નિર્દેશન છે.

જ્યારે એક વ્યક્તિ સાધુને ભોજન આપવા સંમત હોય અને બીજી વ્યક્તિ સંમત ન હોય તો તે આહાર અનિસૃષ્ટ–અનનુજ્ઞાત દોષ યુક્ત કહેવાય છે. તે સાધુને લેવા યોગ્ય નથી.

**छंद तु पडिलेहए :–** છંદ એટલે અભિપ્રાય. વસ્તુના બીજા સ્વામીની આંખ અને મોઢાની આકૃતિ વગેરેથી મુનિ તેનો અભિપ્રાય જાણે. જો બીજા સ્વામીને આહારાદિ આપવામાં ખુશી ન હોય તેમ તેની મુખાકૃતિથી જણાય તો તેવી સ્થિતિમાં મુનિ એક પાસેથી પ્રદત્ત આહાર લઈ શકતા નથી. જો બીજા સ્વામીને કોઈ આપત્તિ ન હોય તો લઈ શકાય છે અને તેની સ્પષ્ટ અનુમતિ પણ લઈ શકાય છે.

## ગર્ભવતી સ્ત્રી દ્વારા અપાતી ભિક્ષાનો વિવેક :–

**૩૯** **गुव्विणीए उवण्णत्थं, विविहं पाणभोयणं ।**
**भुंजमाणं विवज्जेज्जा, भुत्तसेसं पडिच्छए ॥**

**છાયાનુવાદ :** गुर्विण्या उपन्यस्तं, विविधं पानभोजनम् ।
भुज्यमानं विवर्जयेत्, भुक्तशेषं प्रतीच्छेत् ॥

**શબ્દાર્થ :– गुव्विणीए** = ગર્ભવતી સ્ત્રીને માટે, તેના દોહદ આદિને માટે **उवण्णत्थं** = તૈયાર કરેલા **विविहं** = વિવિધ પ્રકારના **पाणभोयणं** = આહાર પાણી, ખાદ્ય તથા પેય પદાર્થો **भुंजमाणं** = વપરાતા હોય તો સાધુ **विवज्जिज्जा** = ત્યાગ કરે અર્થાત્ ગ્રહણ ન કરે **भुत्तसेसं** = જમ્યા પછી વધેલું હોય તો **पडिच्छए** = ગ્રહણ કરે.

**ભાવાર્થ :–** ગર્ભવતી સ્ત્રી માટે(તેના દોહદ આદિને માટે) બનાવેલા આહાર–પાણી સાધુ ગ્રહણ ન કરે. તેના ભોગવ્યા પછી વધ્યું હોય તો જ ગ્રહણ કરે.

**૪૦** सिया य समणट्ठाए, गुव्विणी कालमासिणी ।
उट्ठिया वा णिसीइज्जा, णिसण्णा, वा पुणुट्ठए ॥

**૪૧** तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पियं ।
दिंतियं पडियाइक्खे, ण मे कप्पइ तारिसं ॥

**છાયાનુવાદ :** स्याच्च श्रमणार्थ, गुर्विणी कालमासवती ।
उत्थिता वा निषीदेत्, निषण्णा वा पुनरुत्तिष्ठेत् ॥४०॥

तद्भवेद्भक्तपानं तु, संयतानामकल्पिकम् ।
ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥४१॥

**શબ્દાર્થ :– य** = જો **सिया** = કદાચિત્ **कालमासिणी** = પૂરા મહિનાવાળી **गुव्विणी** = ગર્ભવતી સ્ત્રી **समणट्ठाए** = સાધુને દાન દેવા માટે **उट्ठिया** = ઊભી રહેલી **णिसीइज्जा** = બેસે **वा** = અથવા **णिसण्णा** = બેઠેલી **पुणुट्ठए** = વળી ઊભી થાય **तु** = તો **तं** = તે **भत्तपाणं** = આહાર પાણી **संजयाण** = સંયતને **अकप्पियं** = અકલ્પનીય–અગ્રાહ્ય **भवे** = હોય છે.

**ભાવાર્થ :–** કદાચિત્ ભિક્ષુને ભિક્ષા આપવા માટે પ્રસૂતિકાલ પ્રાપ્ત–પૂરા મહિનાવાળી ગર્ભવતી સ્ત્રી ઊભી હોય તે બેસે અથવા બેઠી હોય તે ઊભી થાય તો સંયમીઓને તેની પાસેથી આહાર–પાણી ગ્રહણ કરવા યોગ્ય નથી. ભિક્ષા આપતી તે બેનને શ્રમણ કહે કે આ પ્રમાણે ભિક્ષા ગ્રહણ કરવી અમારા માટે કલ્પનીય નથી.

## વિવેચન :–

પ્રસ્તુત ત્રણ ગાથાઓમાં ગર્ભવતી–સગર્ભા સ્ત્રી માટે બનેલો આહાર ક્યારે લેવાય અને ક્યારે ન લેવાય ? તેમજ ગર્ભવતી સ્ત્રી દ્વારા આહાર ક્યારે લેવાય અને ક્યારે ન લેવાય આ બે વિષયોને સ્પષ્ટ કર્યા છે.

**गुव्विणीए उवण्णत्थं :–** ગર્ભવતી સ્ત્રીની દોહદપૂર્તિ માટે મર્યાદિત આહાર બનાવવામાં આવ્યો હોય તેમાંથી તેના વાપર્યા પહેલાં જો સાધુ ગ્રહણ કરે તો દોહદપૂર્તિના અભાવમાં ગર્ભવતી સ્ત્રીને આઘાત લાગે અને ગર્ભગત જીવને આહારની અંતરાય થાય. માટે પ્રસ્તુત ગાથા ૩૯ મુજબ તે આહાર ગર્ભવતી સ્ત્રીએ વાપરી લીધા પછી શેષ વધેલો પડ્યો હોય તો તેને સાધુ ગ્રહણ કરી શકે છે.

**गुव्वीणी कालमासिणी :–** કાલમાસવર્તી અર્થાત્ પૂરા મહિનાવાળી ગર્ભવતી સ્ત્રી. જેના ગર્ભને નવમો મહિનો અથવા પ્રસૂતિનો માસ ચાલી રહ્યો હોય, તે કાલમાસવર્તી કહેવાય. કોઈકની સાતમા કે આઠમા મહીને પણ પ્રસૂતિ થવી સંભવ છે તેથી તે સ્ત્રીને કાલમાસવર્તી કહી શકાય. તાત્પર્ય એ છે કે જ્યારથી "આ સ્ત્રી ગર્ભવતી છે" તેવું સ્પષ્ટ જણાવા લાગે ત્યારથી આ ગાથાના ભાવોનો નિર્દેશ છે, તેમ સમજવું. આ વિષયમાં વ્યાખ્યાકારે સ્પષ્ટ કર્યું છે કે સ્થવિર કલ્પી મુનિ માટે ગર્ભના પ્રસૂતિકાલ માસમાં વિવેક રાખવાનો હોય છે અને જિનકલ્પી મુનિ ગર્ભના પ્રારંભથી જ ગર્ભવતી સ્ત્રીના હાથે આહાર લેતા નથી. સાધુને ભિક્ષા દેવા માટે પૂર્ણ માસવાળી સ્ત્રી ઉઠ બેસ કરે તો ગર્ભસ્થ બાળકને કષ્ટ પહોંચે તે સ્વભાવિક છે. તેથી તે રીતે ગર્ભવતી સ્ત્રીના હાથે ભિક્ષા લેવી દોષ છે; તેનો સમાવેશ **દાયક દોષ** માં થાય છે.

ગર્ભવતી સ્ત્રી બેઠી કે ઊભી જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાં વહોરાવે તો સ્થાવિર કલ્પી મુનિ તેના હાથે ભિક્ષા ગ્રહણ કરી શકે છે.

બીજી પરંપરાનુસાર સ્થવિર કલ્પી માટે સાતમા મહિનાથી અને જિનકલ્પી માટે પાંચમા મહીનાથી ગર્ભવતી સ્ત્રી સંબંધી આ આગમના નિયમોનું પાલન કરવાનું હોય છે.

### દુગ્ધ પાન કરાવનાર સ્ત્રીથી ભિક્ષા વિવેક :–

**૪૨** थणगं पिज्जमाणी, दारगं वा कुमारियं ।
तं णिक्खिवित्तु रोयंतं, आहरे पाणभोयणं ॥

**४३** तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पियं ।
दिंतियं पडियाइक्खे, ण मे कप्पइ तारिसं ॥

**છાયાનુવાદ :** स्तनकं पाययन्ती, दारकं वा कुमारिकाम् ।
तन्निक्षिप्य रुदत्, आहरेत्पानभोजनम् ॥४२॥

तद्भवेद् भक्तपानं तु, संयतानामकल्पिकम् ।
ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥४३॥

**શબ્દાર્થ :– दारगं** = બાલકને **कुमारियं** = બાલિકાને **थणगं पिज्जमाणी** = સ્તનપાન કરાવતી

હોય તે સ્ત્રી **तं** = બાળકને **रोयंतं** = રુદન કરતા **णिक्खिवित्तु** = નીચે મૂકીને, ભૂમિ પર સુવડાવીને **पाणभोयणं** = આહાર–પાણી **आहरे** = લાવે **तु** = તો.

**ભાવાર્થ :–** બાળક કે બાલિકાને પયઃ પાન કરાવતી બેન બાળકને રડતું નીચે મૂકીને ભિક્ષુને વહોરાવવા માટે આહાર–પાણી આપે તો તે આહાર–પાણી મુનિઓ માટે અકલ્પનીય છે. ભિક્ષા આપતી બેનને શ્રમણ કહે કે મને આ પ્રમાણે ભિક્ષા ગ્રહણ કરવી કલ્પનીય નથી. ॥૪૨–૪૩॥

## વિવેચન :–

પ્રસ્તુત બે ગાથાઓમાં બાળકને ધવડાવતી માતા પાસેથી ગોચરી લેવા સંબંધી વિવેક પ્રદર્શિત કરેલ છે.

**थणगं पिज्जमाणी :–** સાધુને વહોરાવવાની ઉતાવળથી માતા સ્તનપાન કરતાં બાળકને કઠોર ભૂમિમાં રડતો મૂકે અથવા કઠોર હાથથી ગ્રહણ કરે, તેનાથી બાળકને પીડા થાય છે; બાળકને આહારમાં અંતરાય પડે છે તથા તે બાળક ભયભીત થાય; તેવી સૂક્ષ્મ હિંસાના કારણે પ્રથમ મહાવ્રત દૂષિત થાય.

આ પાંચ(૩૯–૪૩) ગાથાઓથી પરિલક્ષિત થાય છે કે સર્વોચ્ચ સંયમ સાધક મુનિ પોતાના નિમિત્તે અન્યને અલ્પમાત્ર પરિતાપ ઉત્પન્ન થાય તો ભિક્ષાગ્રહણ કરતા નથી. તેમજ એ પણ સ્પષ્ટ થાય કે તે સ્ત્રીઓ આહાર દેવા ઈચ્છે તો મુનિ આ પ્રમાણે લઈ શકે છે– (૧) ગર્ભવતી સ્ત્રીના ઉપભોગ કર્યા પછી તેનો વધેલો આહાર જો નિર્દોષ હોય તો મુનિ લઈ શકે છે. (૨) કાલમાસવર્તી સ્ત્રી બેઠી હોય તો બેઠા બેઠા અને ઊભી હોય તો ઊભા ઊભા આપે તો સાધુ લઈ શકે છે (૩) દૂધ પીતું બાળક ફક્ત દૂધ ઉપર જ ન હોય, બીજો આહાર પણ લેતું હોય અને તેને નીચે મૂકવાથી તે રડે નહીં તો મુનિ તેની માતા પાસેથી આહાર લઈ શકે છે.

## શંકિત દોષ યુક્ત આહાર ગ્રહણ નિષેધ :–

**૪૪**

**जं भवे भत्तपाणं तु, कप्पाकप्पंमि संकियं ।**
**दिंतियं पडियाइक्खे, ण मे कप्पइ तारिसं ॥**

**છાયાનુવાદ :** **यद्‌भवेद् भक्तपानं तु, कल्पाकल्पयोः शङ्कितम् ।**
**ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥**

**શબ્દાર્થ :– जं** = જે **भत्तपाणं** = આહાર–પાણી **कप्पाकप्पम्मि** = કલ્પનીય અને અકલ્પનીય **संकियं** = શંકાયુક્ત **भवे** = હોય.

**ભાવાર્થ :–** અપાતા આહાર–પાણી કલ્પનીય છે કે અકલ્પનીય છે ? સાધુના મનમાં તેવી શંકા થાય તો

તે દેનાર વ્યક્તિને કહે કે મને તેવાં આહાર પાણી કલ્પતા નથી.

## વિવેચન :-

પ્રસ્તુત ગાથામાં ગોચરી માટે ગૃહસ્થના ઘરમાં ઉપસ્થિત ભિક્ષુને શંકાયુક્ત પદાર્થો માટે વિવેક દર્શાવેલ છે.

**कप्पाकप्पम्मि संकियं :–** મુનિ આહાર–પાણીની ગવેષણા કરતાં પોતાની બુદ્ધિથી કે દષ્ટિથી તે પદાર્થનું નિરીક્ષણ કરીને અથવા ગૃહસ્થને પૂછીને તે પદાર્થની કલ્પનીયતા અકલ્પનીયતાનો નિર્ણય કરે છે. પરંતુ ક્યારેક આહાર–પાણીની ગવેષણા કરતી કોઈ પદાર્થની પૂર્ણ નિર્દોષતાનો નિર્ણય ન થાય; ઉત્પન્ન થયેલી શંકાનું પૂર્ણ સમાધાન ન થાય; જેમ કે– ખાદ્ય પદાર્થ મીઠું(નમક) પાણી, લીલોતરી, અગ્નિ આદિના સંઘટાવાળો છે કે નહીં ? ગૃહસ્થના કેશ(વાળ) ભીના છે કે નહીં; આહાર–પાણી સાધુ માટે બનાવેલા કે ખરીદેલા છે કે નહીં ? દૂધના વાસણ નીચે અંગારા છે કે નહીં ? દાતાના હાથ સચિત્ત રજકણવાળા કે પાણીથી સ્નિગ્ધ છે કે નહીં ? ગૃહસ્થના હાથ–પગ સાબુના પાણીવાળા છે કે સચેત પાણીવાળા છે ? વગેરે અનેક વિષયો શંકાસ્પદ જણાતા હોય અને મુનિ પૂછવાથી, નિરીક્ષણ કરવાથી કે બુદ્ધિથી તેનો નિર્ણય કે સમાધાન કરી શકે તેમ ન હોય, ત્યારે તે શંકાયુક્ત આહાર પાણીને ગ્રહણ કરે નહીં.

તે જ રીતે **સચિત્ત અચિત્તના વિષયમાં** કોઈ લીલોતરીના શાક, અથાણા અચેત થયા છે કે અર્ધા કાચા(મિશ્ર) છે ? તેમજ અન્ય કોઈ પણ ગ્રાહ્ય પદાર્થ ફળ–મેવા વગેરે સચેત છે કે અચેત થઈ ગયેલ છે ? ગોચરીમાં પ્રાપ્ત થતાં અમુક પદાર્થો શસ્ત્ર પરિણત થયેલા હોય કે ન હોય; આ પ્રકારની કોઈપણ શંકા મુનિને જો કોઈ પદાર્થના વિષયમાં હોય તો તે વસ્તુ ન લેવી.

**શંકિત દોષ :–** આહાર શુદ્ધ હોવા છતાં કલ્પનીય અને અકલ્પનીયના વિષયમાં સ્વયં મુનિને કે ગૃહસ્થને શંકા હોય તો તે શંકાનું નિવારણ કર્યા વિના જ તે આહાર લેવો તે **શંકિત દોષ** છે. તેવો આહાર ગ્રહણ કરવાનો આ ગાથામાં નિષેધ છે. આ એષણાનો પહેલો દોષ છે. આત્મ સાક્ષીથી પૂરી ગવેષણા કરી લીધા પછી અને કોઈ શંકા ઉત્પન્ન થાય તો તેનું નિવારણ થઈ જાય ત્યારે જ મુનિ શુદ્ધ અને નિર્દોષ આહાર ગ્રહણ કરે.

## પિહિત અને ઉદ્‌ભિન્ન દોષ સંબંધી વિવેક :-

૪૫ **दगवारेण पिहियं, णीसाए पीढएण वा ।**
**लोढेण वावि लेवेण, सिलेसेण व केणइ ॥**

૪૬ **तं च उब्भिंदिया देज्जा, समणट्ठाए व दावए ।**
**दिंतियं पडियाइक्खे, ण मे कप्पइ तारिसं ॥**

**છાયાનુવાદ :** **दगवारएण पिहितं, निसाए (पेषण्या) पीठकेन वा ।**
**लोढेण वापि लेपेन, श्लेषेण वा केनचित् ॥४५॥**

**तच्चोद्‌भिद्य दद्यात्, श्रमणार्थं वा दायकः ।**
**ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥४६॥**

**શબ્દાર્થ :–** **दगवारेण** = પાણીના ઘડાથી **णीसाए** = ઓરશિયાથી(સુખડ આદિ ઘસવાનો પથ્થર, સિલા, પથ્થરની છાટ) **पीढएण** = ચોકી–બાજોઠથી **लोढेण** = નિશાતરાથી, દાળ વાટવાનો પથ્થર, ઉપરવટણો **लेवेण** = માટી આદિના લેપથી **सिलेसेण** = લાખ આદિથી **केणइ** = બીજી કોઈ વસ્તુથી **पिहियं** = ઢાંકેલ હોય **तं** = તે ઢાંકેલા આહાર–પાણીને **समणट्ठाए** = સાધુને માટે **उब्भिंदिया** = ખોલીને, ભેદન કરીને તોડીને **दावए** = બીજા પાસે અપાવે **दिज्जा** = આપે ત્યારે.

**ભાવાર્થ :–** જે આહાર–પાણીના વાસણ સચિત્ત પાણીના ઘડાથી, ઓરશિયાથી, બાજોઠથી નિશાતરાથી ઢાંકેલા હોય કે માટી અથવા કોઈ લેપથી છાંદેલ હોય અથવા લાખ વગેરેનું સીલ દીધું હોય તેવા પદાર્થોના લેપ વગેરેને સાધુ નિમિત્તે તોડીને ભિક્ષા આપે કે અપાવે તો ભિક્ષા દેનાર તે વ્યક્તિને શ્રમણ કહે કે તેવા પ્રકારના આહાર પાણી મને કલ્પતા નથી.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં ભારે પદાર્થ ઉપાડવા સંબંધી અને ઉદ્‌ભિન્ન દોષ સંબંધી નિરૂપણ છે.

**दगवारेण पिहियं... :–** આ ગાથામાં પિહિત દોષ માટે ચાર પદાર્થોનાં નામ છે અને બે શબ્દોથી ઉદ્‌ભિન્ન દોષનું કથન છે. યથા– (૧) **दगवारेण** = પાણી વગેરેના ભરેલા ઘડા મુનિને કલ્પનીય આહાર–પાણીના વાસણ ઉપર રાખેલા હોય, જેને ઉપાડવામાં દાતાને કષ્ટ થાય. (૨) **णीसाए** = સુખડ વગેરે ઘસવાનો પથ્થર, પથ્થરની છાટ. તે પણ બહુ ભારે હોય છે. (૩–૪) બાજોઠ અને નિશાતરો બહુ ભારે ન હોય પણ ઉપાડતાં મૂકતાં હાથમાંથી છટકી પડે તો હાથ–પગમાં વાગી જાય. આ ચારે ય પિહિત દોષના પદાર્થો છે. (૫) **लेवेण** = માટી વગેરેના લેપથી મુખ બંધ કરેલા ઘડા વગેરે (૬) **सिलेसेण** = સોલ્યુશન વગેરેથી સીલ કરેલા વાસણ– તેલના પીપા, ડાલડાના ડબ્બા વગેરે.

**ઉદ્‌ભિન્ન દોષ :–** સામાન્ય રીતે કોઈ વસ્તુથી ઢાંકેલો અથવા લેપાયેલા વાસણનું મોઢું ખોલીને આપેલો આહાર ઉદ્‌ભિન્ન દોષ યુક્ત છે. આ ઉદ્‌ગમનો ૧૨મો દોષ છે. ઉદ્‌ભિન્ન બે પ્રકારના છે– પિહિત અને કપાટ. માટી આદિથી બંધ કરેલા વાસણનું મોઢું ખોલવું પિહિત ઉદ્‌ભિન્ન છે તથા બંધ બારણા ખોલવા કપાટ ઉદ્‌ભિન્ન છે. ઢાંકણું સચેત પણ હોય છે અને અચિત્ત પણ હોય છે. ઘી વગેરેનો ઘડો કેળ આદિના પાંદડાથી ઢાંકેલો હોય તો તે ઢાંકણ સચિત્ત છે. પત્થરની શિલા, નિશાતરો કે બાજોઠ ઢાંક્યો હોય તો તે અચેત છે. અચિત્ત હોવા છતાં પણ તે ભારેખમ હોય છે. તેને ઉપાડવા, મૂકવામાં હિંસા, અયતના કે દાતાને

કષ્ટ થવાની સંભાવના રહે છે. લેપયુક્ત કે સીલ મારેલા વાસણ ખોલવામાં અને ફરી પાછા લેપ, સીલ કરવામાં પૃથ્વી, પાણી, અગ્નિ કે વનસ્પતિના જીવોની વિરાધના થાય. આ કારણે તે ઉદ્ભિન્ન દોષવાળો પદાર્થ મુનિ ગ્રહણ ન કરે છે.

જો ઢાંકેલા પદાર્થોને દાતા સહજ રીતે ઉપાડીને મૂકી શકતા હોય અને લેપ ખોલીને અપાતા પદાર્થ માટે પણ કોઈ પ્રકારની જીવ વિરાધના ન થાય તો તે પદાર્થો મુનિ ગ્રહણ કરી શકે છે.

**દાનાદિ માટેના આહાર લેવાનો નિષેધ :–**

**૪૭** **असणं पाणगं वावि, खाइमं साइमं तहा ।**
**जं जाणेज्ज सुणेज्जा वा, दाणट्ठा पगडं इमं ॥**

**૪૮** **तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पियं ।**
**दिंतियं पडियाइक्खे, ण मे कप्पइ तारिसं ॥**

**છાયાનુવાદ :** अशनं पानकं वाऽपि, खाद्यं स्वाद्यं तथा ।
यज्जानीयात् श्रुणुयाद्वा, दानार्थ प्रकृतमिदम् ॥४७॥

तद्भवेद् भक्तपानं तु, संयतानामकल्पिकम् ।
ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥४८॥

**શબ્દાર્થ :– असणं** = અન્ન, ખોરાક **पाणगं** = પાણી **खाइमं** = ખાદિમ, ફળ, મેવા વગેરે **साइमं** = સ્વાદિમ એલચી વગેરે મુખવાસ **जं** = જો **जाणेज्ज** = જાણે **सुणेज्जा** = કોઈ પાસેથી સાંભળે કે **इमं** = આ પદાર્થ **दाणट्ठा** = દાનને માટે **पगडं** = બનાવેલા છે, અલગ રાખ્યા છે **तु** = તો **तारिसं** = તેવા પ્રકારના **भत्तपाणं** = આહાર પાણી **संजयाणं** = સાધુઓને **अकप्पियं** = અકલ્પનીય છે.

**ભાવાર્થ :–** જો શ્રમણ સ્વતઃ જાણે અથવા સાંભળે કે ગૃહસ્થોએ બનાવેલું ભોજન, પાણી, ફળ–મેવા વગેરે તથા મુખવાસાદિ ચારે પ્રકારનો આહાર દાનને માટે જ બનાવ્યો છે, રાખ્યો છે; તો તે આહાર–પાણી શ્રમણો માટે અકલ્પનીય છે, તેથી મુનિ દાતાને કહે કે આ આહાર–પાણી મને કલ્પતા નથી. ॥૪૭–૪૮॥

**૪૯** **असणं पाणगं वावि, खाइमं साइमं तहा ।**
**जं जाणेज्ज सुणेज्जा वा, पुण्णट्ठा पगडं इमं ॥**

**૫૦** **तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पियं ।**
**दिंतियं पडियाइक्खे, ण मे कप्पइ तारिसं ॥**

**છાયાનુવાદ :** अशनं पानकं वाऽपि, खाद्यं स्वाद्यं तथा ।
यज्जानीयाद् शृणुयाद्वा, पुण्यार्थ प्रकृतमिदम् ॥४९॥

तद् भवेद् भक्तपानं तु, संयतानामकल्पिकम् ।
ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥५०॥

**શબ્દાર્થ :– पुण्णट्ठा** = પુણ્યને માટે.

**ભાવાર્થ :–** જો શ્રમણ સ્વતઃ જાણે અથવા સાંભળે કે ગૃહસ્થોએ બનાવેલો ખોરાક, પાણી, ખાદિમ, સ્વાદિમ, ચારે પ્રકારનો આહાર બીજાને આપવા માટે પુણ્યાર્થે બનાવ્યો છે, તો તે આહાર પાણી સંયમી માટે અકલ્પનીય છે; તેથી મુનિ દાતાને કહે કે આ આહાર મને કલ્પતો નથી. ॥૪૯–૫૦॥

**૫૧** असणं पाणगं वावि, खाइमं साइमं तहा ।
जं जाणेज्ज सुणेज्जा वा, वणिमट्ठा पगडं इमं ॥

**૫૨** तं भवे भत्तपाणं तु संजयाण अकप्पियं ।
दिंतियं पडियाइक्खे, ण मे कप्पइ तारिसं ॥

**છાયાનુવાદ :** अशनं पानकं वाऽपि, खाद्यं स्वाद्यं तथा ।
यज्जानीयात् श्रुणुयाद्वा, वनीपकार्थं प्रकृतमिदम् ॥५१॥

तद्भवेद्भक्तपानं तु, संयतानामकल्पिकम् ।
ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥५२॥

**શબ્દાર્થ :– वणिमट्ठा** = યાચકોને માટે.

**ભાવાર્થ :–** જો શ્રમણ સ્વતઃ જાણે અથવા સાંભળે કે ગૃહસ્થે બનાવેલું ભોજન, પાણી, ખાદિમ તથા સ્વાદિમ ચારે પ્રકારનો આહાર કોઈ યાચકો માટે બનાવ્યો છે, રાખ્યો છે તો તે આહાર–પાણી શ્રમણો માટે અકલ્પનીય છે; તેથી મુનિ દાતાને કહે કે આ આહાર–પાણી મને કલ્પતા નથી. ॥૫૧–૫૨॥

**૫૩** असणं पाणगं वावि, खाइमं साइमं तहा ।
जं जाणेज्ज सुणेज्जा वा, समणट्ठा पगडं इमं ॥

**૫૪** तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पियं ।
दिंतियं पडियाइक्खे, ण मे कप्पइ तारिसं ॥

**છાયાનુવાદ :** **अशनं पानकं वाऽपि, खाद्यं स्वाद्यं तथा ।**
**यज्जानीयाच्छ्रुणुयाद्वा, श्रमणार्थं प्रकृतमिदम् ॥५३॥**

**तद् भवेद् भक्तपानं तु, संयतानामकल्पिकम् ।**
**ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥५४॥**

**શબ્દાર્થ :– समणट्ठा** = સંન્યાસી માટે.

**ભાવાર્થ :–** જો શ્રમણ સ્વતઃ જાણે અથવા સાંભળે કે ગૃહસ્થોએ બનાવેલું ભોજન, પાણી, ખાદિમ, સ્વાદિમ ચાર પ્રકારનો આહાર જૈનેત્તર સંન્યાસીઓ માટે બનાવ્યો છે તો તે આહાર પાણી શ્રમણો માટે અકલ્પનીય છે, તેથી મુનિ દાતાને કહે કે આ આહાર પાણી મને કલ્પતા નથી. ॥૫૩–૫૪॥

## વિવેચન :–

પ્રસ્તુત આઠ ગાથાઓમાં ચાર પ્રકારના દાનપિંડ ન લેવાનું નિરૂપણ છે.

દાનને માટે કે પુણ્યને માટે તૈયાર કરેલો આહાર મુનિને અગ્રાહ્ય હોય છે. અનેક સ્થાને દાનપુણ્ય શબ્દનો સંયુક્તરૂપે પ્રયોગ થાય છે તેમ છતાં સૂત્રકારે તે બંને પ્રકારના પ્રયોજનથી બનાવેલા ભોજનનું કથન ભિન્ન–ભિન્ન ગાથાઓ દ્વારા કરીને તે બંને શબ્દની ભિન્નતા પ્રદર્શિત કરી છે.

**दाणट्ठा :–** દાનને માટે, દાનના અનેક પ્રકાર છે. યથા– કીર્તિદાન, પ્રીતિદાન, સુપાત્રદાન, જ્ઞાનદાન, અનુકંપાદાન વગેરે. કોઈપણ પ્રકારના સંકલ્પ વિના કેવળ આપવું તે દાન છે.

**पुणट्ठा :–** પુણ્યને માટે. પુણ્ય ઉપાર્જનના લક્ષથી આપવું. યથા– પુણ્યના સંકલ્પપૂર્વક બ્રાહ્મણો જમાડવા, શ્રાદ્ધ વગેરે ક્રિયાઓ કરવી. અનુકંપાથી દીનદુઃખીઓને આપવું.

તાત્પર્ય એ છે કે **દાનની ક્રિયામાં** પણ પુણ્યની પ્રાપ્તિ થાય જ છે પરંતુ તેમાં પુણ્ય પ્રાપ્તિનો સંકલ્પ હોતો નથી. **પુણ્યમાં** અનુકંપા અને પ્રાસંગિક સંકલ્પની મુખ્યતા હોય છે. પ્રસ્તુતમાં દાનાર્થે, પુણ્યાર્થે નિપજાવેલા ભોજનનું કથન છે. તેમાં નાના મોટા ગરીબ અમીરના ભેદ વિના સામાન્ય રીતે દેવા માટેનો આહાર 'દાનાર્થ' કહેવાય છે અને માત્ર અનુકંપાનો કે સંકલ્પિત પુણ્યનો જે આહાર તે પુણ્યાર્થ કહેવાય છે. આ રીતે દાન અને પુણ્ય શબ્દો પરસ્પર સાપેક્ષ હોવા છતાં બંનેમાં આંશિક ભિન્નતા છે.

અન્ય આગમ શાસ્ત્રની અપેક્ષાએ પુણ્યનું ક્ષેત્ર વિશાળ છે તેમાં અનેક પ્રકારના દાન સાથે મન, વચન અને કાયાની શુભ પ્રવૃત્તિ પણ પુણ્યમાં ગણાય છે. તે અપેક્ષાએ પુણ્યના નવ ભેદ છે– (૧) અન્ન પુણ્ય (૨) પાન(પાણી) પુણ્ય (૩) લયન(મકાન) પુણ્ય (૪) શયન(આસન, પથારી) પુણ્ય (૫) વસ્ત્ર પુણ્ય (૬) મન પુણ્ય (૭) વચન પુણ્ય (૮) કાય પુણ્ય (૯) નમસ્કાર પુણ્ય.

પ્રસ્તુતમાં દાનાર્થ અને પુણ્યાર્થ નિષ્પન્ન આહાર ગ્રહણનો નિષેધ છે તેનું કારણ એ છે કે (૧) તે

દાન કે પુણ્ય માટેનો આહાર સીમિત હોય, આહારાર્થી યાચક કે જમનાર વધારે આવી જાય, આહાર ઓછો થઈ જાય, ભોજ્ય પદાર્થ જમનારને ન મળે તેથી અંતરાય લાગે, માટે અદીનવૃત્તિવાળા ભિક્ષુને આવા સ્થળે આહાર માટે જવું યોગ્ય નથી. (૨) તે ખાદ્ય પદાર્થનો ઉપયોગ ઘરવાળા કે તેના કર્મચારી પણ ન કરતા હોય, માત્ર માંગનાર આગંતુકો માટે જ હોય તો પણ તે આહાર ભિક્ષુને ન કલ્પે. પરંતુ દાતા પરિવાર સહિત તે દાનના આહારનો ઉપયોગ કરે તો તે ભિક્ષુને કલ્પે છે.

**वणिमट्ठा :–** માત્ર યાચકોને માટે તૈયાર કરેલો આહાર. પોતાની દીનતા બતાવીને, દાતાની પ્રશંસા કે ખુશામત કરીને જે આહાર મેળવે છે તેને વનીપક(ભીખ માંગનાર) કહે છે. તેમજ જે પોતાની પ્રશંસા કરીને કે પોતાનું મહાત્મ્ય બતાવીને, ગૃહસ્થને આશીર્વાદ દઈને તેના બદલામાં આહાર મેળવે છે, તે પણ વનીપક કહેવાય છે. શ્રી સ્થાનાંગ સૂત્રમાં વિસ્તૃત અપેક્ષાએ વનીપકના પાંચ પ્રકાર કહ્યા છે, તેમાં અતિથિ, કૃપણ, બ્રાહ્મણ, શ્વાન અને શ્રમણને પણ વનીપકમાં સમાવિષ્ટ કર્યા છે. તેનું તાત્પર્ય એ છે કે દાતાની સમક્ષ અતિથિદાનનું, કૃપણ–દરિદ્ર કે રંકને અપાતા દાનનું, બ્રાહ્મણ દાનનું , કૂતરાને અપાતા દાનનું કે શ્રમણ દાનનું મહત્ત્વ બતાવીને દાન મેળવે તેને ક્રમશઃ અતિથિ વનીપક, કૃપણ વનીપક, બ્રાહ્મણ વનીપક, શ્વાન– વનીપક અને શ્રમણ વનીપક કહેવાય છે.

**समणट्ठा :–** દીનતા કર્યા વિના શિષ્ટતાપૂર્વક જે ભિક્ષાવૃત્તિથી જીવન નિર્વાહ કરે તેવા ભિક્ષુ , સંન્યાસી, તાપસ, ગૃહત્યાગી પ્રવ્રજિતોને અહીં શ્રમણ શબ્દથી સૂચિત કર્યા છે.

સૂત્રોક્ત ચારે પ્રકારનો આહાર સાધુ ગ્રહણ કરે નહીં કારણ કે તે અન્યના નિમિત્તે તૈયાર થયેલો આહાર છે. તેમાંથી સાધુ જેટલો આહાર ગ્રહણ કરે છે તેટલા આહારની અન્યને અંતરાય થાય છે.

જૈન શ્રમણોની ભિક્ષાવૃત્તિ સૂક્ષ્મતમ અહિંસાથી સભર છે. તેના નિમિત્તે કોઈ પણ જીવોને કોઈ પણ પ્રકારે સૂક્ષ્માંશે પણ પરિતાપ ઉત્પન્ન થાય કે અંશ માત્ર પણ કોઈને આહારની અંતરાય પડે તેવો આહાર જૈન મુનિઓને માટે ત્યાજ્ય છે. તેથી જ પ્રસ્તુતમાં ચાર પ્રકારના દાનપિંડ મુનિ માટે સ્પષ્ટ રીતે અકલ્પનીય કહ્યા છે. તે ચારે પ્રકારના આહારનો ઉપયોગ દાતા સ્વયં કરવાના હોય, તેના અન્ય કર્મચારીઓ પણ કરવાના હોય તો મુનિ તેને વિવેકપૂર્વક ગ્રહણ કરી શકે છે.

## ઔદેશિકાદિ દોષ વર્જન વિવેક :–

**૫૫** **उद्देसियं कीयगडं, पूइकम्मं च आहडं ।**
**अज्झोयर पामिच्चं, मीसजायं विवज्जए ॥**

**છાયાનુવાદ :** **औद्देशिकं क्रीतकृतं, पूतिकर्मं च आहृतम् ।**
**अध्यवतर प्रामित्यं, मिश्रजातं विवर्जयेत् ॥**

**શબ્દાર્થ :– उद्देसियं** = સાધુના નિમિત્તે તૈયાર કરેલો **कीयगडं** = સાધુના નિમિત્તે ખરીદેલો **पूइकम्मं**

= નિર્દોષ આહારમાં આધાકર્મી આહારનો અંશ મળેલો **अज्झोयर** = ગૃહસ્થ માટે બનતા આહારમાં સાધુનું નિમિત્ત રાખીને વધારે બનાવેલો આહાર **आहडं** = સાધુના નિમિત્તે સામે લાવેલો **पामिच्चं** = નિર્બળ પાસેથી સાધુને માટે ઉધાર લાવેલો **मीसजायं** = ગૃહસ્થ તથા સાધુ માટે સાથે બનાવેલો આહાર **विवज्जए** = છોડી દે.

**ભાવાર્થ :–** સાધુના ઉદ્દેશથી બનાવેલો, ખરીદીને લાવેલો, દોષિત આહારના અંશથી મિશ્રિત થયેલો, સામે લાવેલો, સાધુને માટે વધુ બનાવેલો, ઉછીનો કે છીનવીને લાવેલો, સાધુ માટે અને પોતાના માટે એમ બંને માટે સંયુક્ત બનાવેલો આહાર સાધુ છોડી દે.

**૫૬** **उग्गमं से य पुच्छेज्जा, कस्सट्ठा केण वा कडं ।**
**सोच्चा णिस्संकियं सुद्धं, पडिगाहेज्ज संजए ॥**

**છાયાનુવાદ :** **उद्‌गमं तस्य च पृच्छेत्, कस्यार्थं केन वा कृतम् ।**
**श्रुत्वा निःशङ्कितं शुद्धं, प्रतिगृह्णीयात् संयतः ॥**

**શબ્દાર્થ :– संजए** = સાધુ **य** = પુનઃ **से** = તે શંકિત અન્નપાણીની **उग्गमं** = ઉત્પત્તિના વિષયમાં **पुच्छिज्जा** = પૂછે કે **कस्सट्ठा** = કોના માટે **केण कडं** = કોણે કર્યું છે **सोच्चा** = દાતાનો જવાબ સાંભળીને **णिस्संकियं** = નિઃશંકિત **सुद्धं** = શુદ્ધ જાણે તો **पडिगाहिज्ज** = ગ્રહણ કરે.

**ભાવાર્થ :–** આહાર ઉત્પાદનની શુદ્ધિ, અશુદ્ધિના વિષયમાં ભિક્ષુને શંકા થાય તો તે આહારની ઉત્પત્તિના વિષયમાં આ પ્રમાણે પૂછે કે– આ પદાર્થ કોના માટે બનાવ્યો છે ? કોણે બનાવ્યો છે ? આ રીતે કોઈપણ આવશ્યક પ્રશ્નો પૂછે. દાતા પાસેથી ઔદેશિક આદિ પ્રશ્નોનો ઉત્તર સાંભળીને તે આહાર શંકા રહિત અને શુદ્ધ જાણે તો મુનિ તેને ગ્રહણ કરે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં એષણા સમિતિના બેંતાલીશ દોષમાંથી ઔદેશિક આદિ સાત દોષથી દૂષિત આહાર ગ્રહણનો નિષેધ કર્યો છે, તેમજ તેની ગવેષણા વિધિ દર્શાવી છે.

**उद्देसियं :–** ઔદેશિક. કોઈ એક અથવા અનેક વિશિષ્ટ સાધુઓનાં નિમિત્તથી ગૃહસ્થોએ બનાવેલો આહાર. આ ઉદ્‌ગમનો બીજો દોષ છે.

**कीयकडं :–** ક્રીતકૃત. સાધુને માટે ખરીદીને લાવેલો આહાર ક્રીતકૃત છે. આ ઉદ્‌ગમનો આઠમો દોષ છે.

**पूइकम्मं :–** પૂતિકર્મ. નિર્દોષ વસ્તુમાં આધાકર્મ વગેરે દોષોથી દૂષિત આહારનો અંશ મિશ્રિત થઈ ગયેલો આહાર. જેમ અશુચિની ગંધના પરમાણુ વાતાવરણને દૂષિત બનાવે છે, તેમ આધાકર્મ આહારનો

અંશ પણ શુદ્ધ આહારને દૂષિત બનાવે છે. તેવો આહાર લેવાથી મુનિઓના ચારિત્રમાં અપવિત્રતા આવે છે; માટે તેને પૂતિકર્મ દોષ કહે છે. પૂતિકર્મ ઉદ્‌ગમનો ત્રીજો દોષ છે.

**आहडं :–** આહૃત. સાધુ–સાધ્વીને આપવા માટે પોતાના ઘર, ગામ આદિથી ઉપાશ્રય વગેરે સ્થાનમાં લાવીને અથવા મંગાવીને આપવામાં આવતો આહાર અભ્યાહૃત દોષયુક્ત કહેવાય છે. આ ઉત્પાદ્‌નના સોળ દોષો માંહેનો એક દોષ છે.

**अज्झोयर :–** અધ્યવતર અથવા અધ્યવપૂરક. પોતાને માટે ભોજન બનાવવાની શરૂઆત કરે તે સમયે ગામમાં સાધુ પધાર્યા છે, તે સાંભળતાં કે ગામમાં બિરાજતા સાધુની સ્મૃતિ થતાં થોડો અધિક આહાર બનાવે તો તે અધ્યવપૂરક દોષયુક્ત આહાર છે. આ ઉદ્‌ગમનો ૧૫મો દોષ છે.

**पामिच्चं :–** સાધુના નિમિત્તે ક્યાંકથી ઉધાર લાવીને આપવામાં આવેલો આહાર પ્રામિત્ય દોષયુક્ત આહાર છે. આ ઉદ્‌ગમનો નવમો દોષ છે.

**मीसजायं :–** મિશ્ર જાત. ગૃહસ્થ દ્વારા પોતા માટે અને સાધુને માટે સાથે બનાવાતો આહાર મિશ્ર જાત દોષવાળો કહેવાય છે. આ ઉદ્‌ગમનો ચોથો દોષ છે.

ઉપરોક્ત સર્વ દોષોથી દૂષિત આહાર સંયમી જીવનને મલિન બનાવે છે. તેથી સાધુ તે પ્રકારના દોષિત આહારનો ત્યાગ કરે.

**उग्गमं से य पुच्छेज्जा :–** સંયમ જીવનની સફળતામાં નિર્દોષ આહારનું મહત્ત્વ સમજીને સાધુ આહારની ગવેષણામાં સદા સાવધાન રહે છે.

ક્યારેક ગૃહસ્થ કોઈ વિશિષ્ટ ખાદ્ય પદાર્થ વહોરાવતા હોય અને સાધુને તે પદાર્થની નિર્દોષતામાં સંદેહ હોય ત્યારે સાધુ પોતાની સંયમ મર્યાદામાં રહીને ગૃહસ્થોને વિવિધ પ્રકારે પ્રશ્નો પૂછીને સંદેહનું નિવારણ કરી શકે છે. સૂત્રકારે બે પ્રકારે પ્રશ્ન પૂછવાનું કથન કર્યું છે.

**कस्सट्ठा :–** આહાર કોના માટે, શા માટે બનાવ્યો છે ? અર્થાત્ આજે આ આરંભ સમારંભનું પ્રયોજન શું છે ? સાધુનો પ્રશ્ન પૂછવાનો આશય કેવળ આહારની નિર્દોષતાને જાળવવાનો જ હોય છે. ગૃહસ્થના ઉત્તરથી સાધુના સંદેહનું નિવારણ થઈ જાય તો તે આહાર ગ્રહણ કરી શકે છે અને સંદેહ નિવારણ ન થાય તો બીજો પ્રશ્ન પૂછે છે.

**केण वा कडं :–** આહાર કોણે બનાવ્યો છે ? આહાર બનાવનારને જ પૂછવાથી સત્ય હકીકત જાણી શકાય છે. કારણ કે બીજી વ્યક્તિ તો અનુમાનિત કે કલ્પિત ઉત્તર પણ આપી દે છે. તેથી તે બનાવનારને જ પૂછીને સાધુને સાચો નિર્ણય થઈ શકે છે કે આ આહાર અમારા માટે બનાવેલો નથી પરંતુ આધાકર્માદિ દોષ રહિત અને શુદ્ધ છે. તેવું જાણ્યા પછી જ મુનિ તેને ગ્રહણ કરે.

આ રીતે છપ્પનમી ગાથામાં શાસ્ત્રકારે આહારના વિષયમાં ઉદ્‌ગમ દોષોના નિવારણ માટે માર્ગ–

દર્શન આપ્યું છે.

**નિક્ષિપ્ત દોષ વર્જન :–**

**૫૭** **असणं पाणगं वावि, खाइमं साइमं तहा ।**
**पुप्फेसु हुज्ज उम्मीसं, बीएसु हरिएसु वा ॥**

**૫૮** **तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पियं ।**
**दिंतियं पडियाइक्खे, ण मे कप्पइ तारिसं ॥**

**છાયાનુવાદ :** **अशनं पानकं वाऽपि, खाद्यं स्वाद्यं तथा ।**
**पुष्पैर्भवेदुन्मिश्रं, बीजैर्हरितैर्वा ॥५७॥**

**तद् भवेद् भक्तपानं तु, संयतानामकल्पिकम् ।**
**ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥५८॥**

**શબ્દાર્થ :– पुप्फेसु** = પુષ્પોથી **बीएसु** = બીજોથી **हरिएसु** = દુર્વાદિ, ડાભ આદિથી **उम्मिस्सं** = મિશ્રિત હોય **तु** = તો **तं** = તે.

**ભાવાર્થ :–** અશન, પાન, ખાદિમ કે સ્વાદિમ તે ચારે પ્રકારના આહાર પૈકી કોઈ પણ આહાર સચિત્ત પુષ્પ, બીજ કે લીલોતરીથી મિશ્રિત હોય તો તે આહાર–પાણી શ્રમણો માટે અકલ્પનીય છે, તેથી ભિક્ષુ દાતાને કહે કે મને તેવી ભિક્ષા કલ્પતી નથી.

**૫૯** **असणं पाणगं वावि, खाइमं साइमं तहा ।**
**उदगम्मि हुज्ज णिक्खित्तं, उत्तिंग पणगेसु वा ॥**

**૬૦** **तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पियं ।**
**दिंतियं पडियाइक्खे, ण मे कप्पइ तारिसं ॥**

**છાયાનુવાદ :** **अशनं पानकं वाऽपि, खाद्यं स्वाद्यं तथा ।**
**उदके भवेन्निक्षिप्तं, उत्तिंगपनकेषु वा ॥५९॥**

**तद् भवेद् भक्तपानं तु, संयतानामकल्पिकम् ।**
**ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥६०॥**

**શબ્દાર્થ :– उदगम्मि** = સચિત્ત જલ પર હોય **उत्तिंगपणगेसु** = કીડી વગેરેના દર ઉપર **णिक्खित्तं** = રાખેલો **हुज्ज** = હોય.

**ભાવાર્થ :–** અશન, પાન, ખાદિમ કે સ્વાદિમ ચાર પ્રકારના આહાર પૈકી કોઈ પણ આહાર સચિત્ત જળ ઉપર રાખ્યો હોય, કીડીના દર કે લીલફૂગ ઉપર રહેલ હોય તો તે આહાર–પાણી શ્રમણોને અકલ્પ્ય છે. તેથી ભિક્ષુ દેનારને કહે કે તેવી ભિક્ષા મને કલ્પતી નથી. ॥૫૯–૬૦॥

**६१** **असणं पाणगं वावि, खाइमं साइमं तहा ।**
**तेउम्मि हुज्ज णिक्खित्तं, तं च संघट्टिया दए ॥**

**६२** **तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पियं ।**
**दिंतियं पडियाइक्खे, ण मे कप्पइ तारिसं ॥**

**છાયાનુવાદ :** अशनं पानकं वाऽपि, खाद्यं स्वाद्यं तथा ।
तेजसि भवेन्निक्षिप्तं, तच्च संघट्टय दद्यात् ॥६१॥

तद् भवेद् भक्तपानं तु, संयतानामकल्पिकम् ।
ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥६२॥

**શબ્દાર્થ :– तेउम्मि** = તેજસ્કાય પર, અગ્નિ ઉપર **णिक्खित्तं** = રાખ્યા **हुज्ज** = હોય **संघट्टिया** = અગ્નિને સંઘટ્ટો કરીને **दए** = આપે.

**ભાવાર્થ :–** અશન, પાન ખાદિમ કે સ્વાદિમ એ ચાર પ્રકારના આહાર પૈકીનો કોઈ આહાર અગ્નિ ઉપર રાખ્યો હોય અથવા અગ્નિ સાથે સ્પર્શ કરેલો હોય તો તે અશન, પાન વગેરે શ્રમણો માટે ગ્રહણ કરવા યોગ્ય નથી, તેમ જાણીને ભિક્ષુ દેનાર વ્યક્તિને કહે કે તે ભોજન મને કલ્પતું નથી. ॥૬૧–૬૨॥

**६३** **एवं उस्सक्किया ओसक्किया, उज्जालिया पज्जालिया णिव्वाविया ।**
**उस्सिंचिया णिस्सिंचिया, उववत्तिया ओवारिया दए ॥**

**६४** **तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पियं ।**
**दिंतियं पडियाइक्खे, ण मे कप्पइ तारिसं ॥**

**છાયાનુવાદ :** एवमुत्सर्प्यावसर्प्य उज्ज्वाल्य प्रज्वाल्य निर्वाप्य ।
उत्सिच्य, निषिच्यापवर्त्यावतार्य दद्यात् ॥६३॥

तद् भवेद् भक्तपानं तु, संयतानामकल्पिकम् ।
ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥६४॥

**શબ્દાર્થ :– एवं** = આ પ્રમાણે કોઈ શ્રાવિકા **उस्सक्किया** = ચૂલામાં કે સગડીમાં ઈંધન નાખીને **ओसक्किया** = ચૂલામાંથી ઈંધન કાઢીને **उज्जालिया** = ચૂલામાં થોડાક ઈંધન નાંખી પ્રગટાવીને **पज्जालिया** = ઘણા ઈંધન નાંખીને, અગ્નિ પ્રજ્વલિત કરીને **णिव्वाविया** = અગ્નિને બુઝાવીને, ઠારી નાખીને **उस्सिंचिया** = અગ્નિ ઉપર રાખેલા પાત્રમાંથી થોડું અન્ન કાઢીને **णिस्सिंचिया** = અગ્નિ પર રહેલા પાત્રમાંથી અન્નનો ઊભરો આવેલો જાણી પાણીથી ઊભરો બેસાડીને **उववत्तिया** = અગ્નિ પર રહેલા પદાર્થને અન્ય પાત્રમાં કાઢીને **ओवारिया** = અગ્નિ ઉપરથી પાત્ર ઉતારીને સાધુને આહાર **दए** = આપે.

**ભાવાર્થ :–** દાતા (૧) ચૂલામાં બળતણ નાંખીને (૨) કાઢીને (૩) અગ્નિ પ્રગટાવીને (૪) વધુ તેજ કરીને (૫) અગ્નિ ઠારીને (૬) પકાવતાં અન્નનો ઊભરો આવ્યો હોય તો તે ઊભરાને બેસાડીને (૭) તેમાં વધુ પાણી છાંટીને (૮) અગ્નિ પરના વાસણમાં રહેલા પદાર્થને અન્ય પાત્રમાં કાઢીને (૯) વાસણને અગ્નિ ઉપરથી નીચે ઉતારીને આપે તો તે ભોજન પાણી સાધુઓ માટે કલ્પ્ય(ગ્રહણ કરવા યોગ્ય) નથી. તેથી ભિક્ષુ દેનારને કહે કે તેવી ભિક્ષા મને કલ્પતી નથી. ॥૬૩–૬૪॥

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં સચેત વનસ્પતિ, અગ્નિ, પાણી વગેરેથી સ્પર્શાયેલા કે તેના ઉપર રાખેલા આહાર ગ્રહણનો નિષેધ છે.

**पुप्फेसु हुज्ज उम्मीसं :–** પુષ્પાદિથી ઉન્મિશ્ર. તે એષણાનો(ગ્રહણૈષણાનો) સાતમો દોષ છે. સાધુને આપવા માટેના અચેત આહારમાં સચિત્ત વનસ્પતિ વગેરેનું મિશ્રણ કરી અથવા સહેજે મિશ્રિત થઈ જાય તેવો આહાર આપવામાં આવે તો તે ઉન્મિશ્ર દોષવાળો કહેવાય છે. જેમ કે પીવા યોગ્ય પદાર્થ(શરબત વગેરે)માં ગુલાબ કે જૂઈ વગેરેના ફૂલ મળેલા હોય અથવા ખાવા યોગ્ય અચિત્ત પદાર્થમાં દાડમ આદિના દાણા, ગુલાબની પાંદડી, કોથમીર વગેરે લીલોતરી તથા અન્ય સચેત દ્રવ્ય ચારોલી ખસખસ વગેરે નાંખ્યા હોય, તેવો મિશ્રિત આહાર સચેતથી સ્પર્શાયેલો હોવાથી સાધુઓ માટે ગ્રહણ કરવા યોગ્ય નથી.

**उदगम्मि हुज्ज णिक्खित्तं... :–** સચિત્ત પાણી ઉપર રાખેલો આહાર સાધુ માટે ગ્રહણ કરવા યોગ્ય નથી. નિક્ષિપ્ત બે પ્રકારના હોય છે– અનંતર અને પરંપર. સચેત પાણીમાં માખણ વગેરે રાખ્યું હોય તો તે **અનંતર નિક્ષિપ્ત** ખાદ્ય પદાર્થ કહેવાય છે અને કીડી આદિના ચડવાના ડરથી પાણીના વાસણમાં ઘી–દહીં વગેરેના વાસણને રાખ્યા હોય તો તે **પરંપર નિક્ષિપ્ત** ખાદ્ય પદાર્થ કહેવાય છે. તાત્પર્ય એ છે કે જ્યાં પાણી, અગ્નિ અને વનસ્પતિ વગેરેનો આહાર સાથે સીધો સંબંધ હોય ત્યાં તે **અનંતર નિક્ષિપ્ત** છે અને જ્યાં આહારના વાસણ સાથે પાણી વગેરેનો સંબંધ હોય ત્યાં તે આહાર **પરંપર નિક્ષિપ્ત** છે. નિક્ષિપ્ત દોષ ગ્રહણૈષણાનો ત્રીજો દોષ છે. તેમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જીવ વિરાધના થતી હોવાથી સાધુને માટે અકલ્પનીય છે.

**उत्तिंगपणगेसु :–** કીડીયારું ઊભરાયું હોય, તેના ઉપર આહાર, પાણી રાખ્યા હોય અથવા તો લીલફૂગ ઉપર આહારાદિ પડ્યા હોય તો તે પણ નિક્ષિપ્ત દોષ છે.

**तेउम्मि हुज्ज णिक्खित्तं... :–** અગ્નિ આદિ પર રાખેલો આહાર અગ્રાહ્ય છે. સચેત અગ્નિથી સ્પર્શિત આહાર સંઘટ્ટિત દોષ યુક્ત છે. તેથી તે આહાર પણ અગ્રાહ્ય છે. ૬૩મી ગાથામાં અગ્નિકાયની વિરાધના થાય તેવી વિવિધક્રિયાઓનું કથન છે.–**(૧) उस्सक्किया**– ભિક્ષા આપું એટલા સમયમાં ચૂલો ઠરી ન જાય તેમ વિચારી તેમાં બળતણ સરકાવી કે નાખી આહાર આપવો તે ઉત્ષ્વસ્કય(ઉત્સર્પ્ય) દોષ છે. **(૨) ओसक्किया**– ભિક્ષા આપું એટલી વારમાં કોઈ વસ્તુ બળી ન જાય તે વિચારથી ચૂલામાંથી બળતણ કાઢીને આહાર આપવો અવષ્વસ્કય(અવસર્પ્ય) દોષ છે. **(૩) उज्जालिया**– નવા બળતણથી ઝટ ચૂલો સળગાવીને ઠંડા આહારને ગરમ કરીને આપવો ઉજ્જવલિત દોષ છે. **(૪) पज्जालिया**– વારંવાર ચૂલાને પ્રજ્વલિત કરીને આહાર બનાવીને આપવો પ્રજ્વલિત દોષ છે. **(૫) णिव्वाविया**– ભિક્ષા આપું એટલા સમયમાં કોઈ ચીજ ઉભરાય ન જાય એવા ડરથી ચૂલાને ઠારીને આહાર આપવો તે નિર્વાપિત દોષ છે. **(૬) उस्सिंचिया**– અગ્નિ પર રાખેલા પાત્રમાં થોડું જલ નાખીને આહાર આપવો તે ઉત્સિંચન દોષ છે. **(૭) णिस्सिंचिया**– ઊભરાવાના ડરથી અગ્નિ પર રાખેલા વાસણમાં વધારે પાણી છાંટી આહાર આપવો તે નિઃસિંચન દોષ છે. **(૮) उववत्तिया**– અગ્નિ પર રાખેલા પાત્રને એક બાજુ નમાવીને તેમાંથી કાઢીને તે આહાર આપવો અપવર્તિત દોષ છે. **(૯) ओवारिया**– અગ્નિ પર રાખેલા વાસણને નીચે ઉતારીને આહાર આપવો અવતારિત દોષ છે. આ સર્વ ક્રિયામાં અગ્નિકાયના જીવોની હીનાધિક વિરાધના થતી હોવાથી સાધુને ગ્રાહ્ય નથી.

### સંક્રમણ માર્ગમાં ગમન વિવેક :–

**६५** हुज्ज कट्ठं सिलं वावि, इट्टालं वावि एगया ।
ठवियं संकमट्ठाए, तं च होज्ज चलाचलं ॥

**६६** ण तेण भिक्खू गच्छिज्जा, दिट्ठो तत्थ असंजमो ।
गंभीरं झुसिरं चेव, सव्विंदिय समाहिए ॥

**છાયાનુવાદ :** भवेत्काष्ठं शिलां वाऽपि, इट्टालं वाऽपि एकदा ।
स्थापितं संक्रमार्थं, तच्च भवेच्चलाचलम् ॥६५॥

न तेन भिक्षुर्गच्छेद्, दृष्टस्तत्रासंयमः ।
गम्भीरं शुषिरं चैव, सर्वेन्द्रियसमाहितः ॥६६॥

**શબ્દાર્થ :– एगया** = ક્યારેક, વર્ષાદિના સમયે **कट्ठं** = કાષ્ઠ **सिलं** = શિલા **इट्टालं** = ઈંટ **संकमट्ठाए** = સંક્રમણ કરવા માટે, ચાલવા માટે **ठवियं** = સ્થાપિત કરેલ **होज्ज** = હોય **तं** = તે કાષ્ઠાદિ **चलाचलं**

= અસ્થિર **होज्ज** = હોય તો **सव्विंदिय समाहिए** = સંપૂર્ણ ઈન્દ્રિયો દ્વારા સમાધિ ભાવ રાખનારા **भिक्खू** = સાધુ **तेण** = તે કાષ્ઠાદિ દ્વારા **तत्थ** = તેવા ડગમગતા અસ્થિર સ્થાન ઉપર ગમન કરવામાં **असंजमो** = અસંયમ **दिट्ठो** = જોયો છે, દર્શાવ્યો છે, કહ્યો છે **चेव** = કારણ કે સ્થળ **गंभीरं** = પ્રકાશ રહિત તથા **झुसिरं** = પોલાણવાળા હોય છે **ण गच्छेज्जा** = ગમન ન કરે.

**ભાવાર્થ :–** ક્યારેક રસ્તામાં કાદવ, પાણીની નીક વગેરેને પાર કરવા લાકડું, પત્થર, ઈંટ આદિ રાખ્યા હોય, તે સ્થિર ન હોય, ડગમગતા હોય તો ઈન્દ્રિય વિજેતા સમાધિવંત મુનિ તેના પર ગમન ન કરે; કારણ કે તે સ્થળ પોલાણવાળા અને અપ્રતિલેખ્ય(જીવ ન જોઈ શકાય તેવા) હોય છે. તે માર્ગમાં ચાલવાને પ્રભુએ અસંયમ સ્થાન(અસંયમનું કારણ) દર્શાવ્યું છે. ॥૬૫–૬૬॥

## વિવેચન :–

પ્રસ્તુત બે ગાથાઓમાં સંક્રમણ માર્ગ સંબંધી વિવેક પ્રદર્શિત કર્યો છે.

વર્ષાઋતુમાં વૃષ્ટિના કારણે કોઈવાર રસ્તામાં ખાડા પડી જાય, નાલામાં પાણી ભરાઈ જાય; ત્યારે ગામડાનાં લોકો તેને પાર કરવાને માટે લાકડીના પાટિયું, શિલા, પત્થર અથવા ઈંટ રાખે છે. કદાચ તેની નીચે કેટલાય જીવો હોય તેને જોઈ શકાતા નથી, ઉપરાંત તેની નીચે સચેત પાણી હોય છે. તેના પર પગ રાખીને જવાથી તે જીવોની વિરાધના થાય છે. તે પથ્થરાદિ અસ્થિર હોય તો પગ લપસી જવાથી ખાડામાં પડી જવાની સંભાવના રહે છે. આ રીતે જીવ વિરાધના અને આત્મવિરાધના બન્ને અસંયમના હેતુ છે. માટે મુનિએ તેવા માર્ગ પર ન ચાલવું જોઈએ.

## માલાપહૃત દોષ યુક્ત આહાર વિવેક :–

**૬૭** णिस्सेणिं फलगं पीढं, उस्सवित्ताणमारुहे ।
मंचं कीलं च पासायं, समणट्ठाए व दावए ॥

**છાયાનુવાદ :** निश्रेणिं फलकं पीढं, उत्सृत्यारोहेत् ।
मञ्चं कीलं च प्रासादं, श्रमणार्थं वा दायकः ॥

**શબ્દાર્થ :– दावए** = દાન દેનાર વ્યક્તિ **समणट्ठाए व** = કેવળ સાધુઓને માટે જ **णिस्सेणिं** = નિસરણી, સીડીને **फलगं** = પાટિયાને **पीढं** = બાજોઠને **मंचं** = પલંગને **कीलं** = સ્તંભને **उस्सवित्ताणं** = ઊભા કરીને, રાખીને **पासायं** = મેડી કે મેડા ઉપર **आरुहे** = ચઢે.

**ભાવાર્થ :–** સાધુ માટે કોઈ દાતા નિસરણી, પાટિયું કે બાજોઠ વગેરે ઊભા રાખીને, તેના ઉપર ચઢીને માળ, સ્તંભ કે પ્રાસાદ પરથી લાવેલી વસ્તુ શ્રમણને આપે તો તે ગ્રહણ ન કરે.

**૬૮** दुरूहमाणी पवडेज्जा, हत्थं पायं व लूसए ।
पुढविजीवे वि हिंसेज्जा, जे य तण्णिस्सिया जगे ॥

**છાયાનુવાદ :** आरोहन्ती प्रपतेत्, हस्तं पादं च लूषयेत् ।
पृथ्वीजीवानपि हिंस्यात्, येच तन्निश्रितानि जगा ॥

**શબ્દાર્થ :– दुरूहमाणी** = આહાર દેનાર વ્યક્તિ ઉપર ચઢતાં કદાચ **पवडिज्जा** = પડી જાય **हत्थं** = હાથ **पायं** = પગ **लूसए** = લાગે, ખંડિત થાય **पुढविजीवे वि** = પૃથ્વીકાયિક જીવોની પણ **जे** = જે **तण्णिस्सिया** = તેની નિશ્રાએ રહેલા **जगे** = જીવોની પણ **हिंसेज्जा** = હિંસા થાય છે.

**ભાવાર્થ :–** માળ ઉપર ચઢતાં કદાચ દાતા પડી જાય તો તેના હાથ કે પગ ભાંગે અને તેના પડવાથી પૃથ્વીકાયિક જીવોની તથા ત્યાં રહેલા બીજા જીવોની પણ હિંસા થાય છે.

**૬૯** एयारिसे महादोसे, जाणिऊण महेसिणो ।
तम्हा मालोहडं भिक्खं, ण पडिगिण्हंति संजया ॥

**છાયાનુવાદ :** एतादृशान् महादोषान्, ज्ञात्वा महर्षयः ।
तस्मान्मालापहृतां भिक्षां, न प्रतिगृह्णन्ति संयताः ॥

**શબ્દાર્થ :– संजया** = શાસ્ત્રોક્ત સંયમના પાલક **महेसिणो** = મહર્ષિઓ **एयारिसे** = આવી જાતના **महादोसे** = મહાદોષોને **जाणिऊण** = જાણીને **तम्हा** = તે માટે **मालोहडं** = ઉપરના માળ થી ઉતારીને લાવેલી **भिक्खं** = ભિક્ષાને **ण पडिगिण्हंति** = ગ્રહણ કરતા નથી.

**ભાવાર્થ :–** પૂર્વોક્ત મહાદોષોને જાણીને સંયમી મહર્ષિઓ ઉપરના માળથી લાવેલી ભિક્ષાને ગ્રહણ કરતા નથી.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં ઉર્ધ્વમાલાપહૃત દોષનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. તેમાં નિસરણી, પાટિયું કે બાજોઠ તે ત્રણ ચઢવાના સાધન સૂચિત કર્યા છે અને મંચ, સ્તંભ તથા પ્રાસાદ તે ત્રણ ઉર્ધ્વ સ્થાન દર્શાવ્યા છે.

**मालोहडं :–** ઊંચે, નીચે અને તિરછે કોઈ પણ પ્રકારના વિષમ સ્થાનમાંથી નીસરણી આદિ સાધન દ્વારા અથવા તો કષ્ટપૂર્વક કાઢીને લાવેલો આહાર માલાપહૃત દોષ યુક્ત છે. તેના ત્રણ પ્રકાર છે– (૧) ઊર્ધ્વ માલાપહૃત– ઉપરના સ્થાનેથી નીસરણી વગેરે સાધનનો ઉપયોગ કરી ઉતારીને લાવેલો આહાર. (૨) અધો માલાપહૃત– ભૂમિગૃહ(ભોંયરા) આદિમાંથી નીસરણી વગેરે સાધનનો ઉપયોગ કરી લાવેલો

આહાર. (૩) તિર્યગ્ માલાપહૃત– કોઠી કે અન્ય કોઈ ઊંચા અને ઊંડા વાસણમાંથી કષ્ટપૂર્વક નીચા નમીને કાઢેલો આહાર.

**मंचं कीलं च पासायं :– मंच** ના બે અર્થ છે– (૧) ચાર લાકડાને બાંધીને બનાવેલ માચડો(માંચી), (૨) ઓરડામાં પુરુષ પ્રમાણથી વધારે ઊંચે સામાન રાખવાનો મેડો. **कील** ના ત્રણ અર્થ થાય છે– (૧) ખીલી, ખૂંટી (૨) ખંભા, સ્તંભ (૩) ભૂમિની સાથે લાગેલા થાંભલા પર રાખેલું લાકડાનું પાટિયું. **पासायं** = ઉપરના માળ કે જ્યાં જવા માટે નીસરણી વગેરે રાખવા પડે તે.

ઉપરના સ્થાનેથી આહાર લાવવામાં ક્યારેક વ્યક્તિ પડી જાય, હાથ–પગ ભાંગી જાય, છોલાઈ જાય અને પડવાથી જીવોની વિરાધના પણ થાય છે. ક્યારેક દાતાના પ્રાણ જોખમમાં મુકાય જાય, ધર્મની અવહેલના થાય વગેરે દોષોની સંભાવનાના કારણે મુનિ તેવો આહાર ગ્રહણ કરે નહીં. પરંતુ જે ઊંચે સ્થાને જવા માટે વ્યવસ્થિત સીડી વગેરે હોય, જ્યાં ઉપર ચઢવામાં ગૃહસ્થને કે સાધુને કોઈ આપત્તિની સંભાવના ન હોય તેવા સ્થાનેથી લાવેલો આહાર સાધુ ગ્રહણ કરી શકે છે.

## સચિત્ત વનસ્પતિ ગ્રહણ નિષેધ :–

**૭૦** कंदं मूलं पलंबं वा, आमं छिण्ण व सण्णिरं ।
तुंबागं सिंगबेरं च, आमगं परिवज्जए ॥

**છાયાનુવાદ :** कन्दं मूलं प्रलम्बं वा, आमं छिन्नं वा सन्निरम् ।
तुम्बाकं शृङ्गबेरं च, आमकं परिवर्जयेत् ॥

**શબ્દાર્થ :– कंदं** = સૂરણાદિ કંદ **मूलं** = મૂળ **पलंबं** = ફળ કે બીજ **आमं** = કાચા હોય **सण्णिरं** = જળીય અંશયુક્ત, સજલ શાક, ભાજીપાલો **तुंबागं** = તુમ્બડું, લૌકી, દૂધી **सिंगबेरं** = આદું **आमगं** = અપક્વ, સચિત્ત **छिण्णं** = છેદન–ભેદન કરાયેલ **परिवज्जए** = છોડી દે.

**ભાવાર્થ :–** સૂરણ વગેરે કંદ–કાંદા, પિંડાળુ વગેરેનાં મૂળ; આમ્રાદિ ફળ, પાંદડાવાળા શાક; તુંબડું અને આદું આ બધી વસ્તુ કાચી હોય કે સુધારેલી હોય અને જળીય અંશયુક્ત હોય અર્થાત્ તે અગ્નિ આદિ દ્વારા શસ્ત્ર પરિણત ન થયા હોય તો તેને ભિક્ષુ ગ્રહણ ન કરે. તાત્પર્ય એ છે કે કાચી અને માત્ર સુધારેલી અથવા અણચડેલી(કાચી–પાકી, મિશ્ર, અર્દ્ધપક્વ) વનસ્પતિમાં જીવ હોવાનું સંભવ રહે છે, માટે ભિક્ષુ તેને છોડી દે.

## વિવેચન :–

પ્રસ્તુત એક જ ગાથામાં સચિત્ત અવસ્થાની સર્વ વનસ્પતિનું પરિવર્જન સૂચિત કરેલ છે. જેમાં કંદમૂળથી પ્રારંભ કરી પ્રલંબ એટલે ફળ પર્યંતનું કથન છે; **सिंगबेर** = આદું એ કંદમૂળનું ઉદાહરણ છે

અને **तुंबागं** = તૂબડું એ ફળનું ઉદાહરણ છે. આ સર્વ વનસ્પતિની **आमं** શબ્દથી કાચી અવસ્થા, **छिण्णं** શબ્દથી સચિત્ત(કટકારૂપ) અવસ્થા અને **सण्णिरं(सण्णीरं)** શબ્દથી પૂર્ણરૂપેણ અશસ્ત્ર પરિણત એટલે મિશ્ર અવસ્થા સૂચિત કરેલ છે.

**सण्णिरं :–** સન્નીરં = નીર(જળ) યુક્ત. આ શબ્દનો ચૂર્ણિ, ટીકા વગેરે વ્યાખ્યાઓમાં શાકભાજી અર્થ કર્યો છે અને તે પછી સર્વ વ્યાખ્યાકારોએ તેનું જ અનુસરણ કર્યું છે. પરંતુ કોશમાં **જળ યુક્ત** અર્થ પણ મળે છે; તે અહીં પ્રસંગાનુકૂલ હોવાથી શબ્દાર્થ ભાવાર્થમાં સ્વીકારેલ છે.

ગાથાનું પૂર્ણ તાત્પર્ય એ છે કે સંપૂર્ણ વનસ્પતિઓના દશે ય વિભાગ કાચા, સચેત કે મિશ્ર(જળ યુક્ત અવસ્થા)વાળા હોય ત્યાં સુધી ભિક્ષુએ ગ્રહણ ન કરવા જોઈએ.

અહીં એ ફલિત થાય છે કે કાચી વનસ્પતિઓની સચિત્તતાનો મુખ્ય આધાર એનો જલીય અંશ છે. જ્યારે કોઈ પણ કાચી વનસ્પતિ સૂર્યના તાપમાં સુકાવી દેવામાં આવે અને તે સંપૂર્ણ સુકાઈ જાય, ત્યારે તે પૂર્ણ અચેત થઈ જાય છે. તેમજ તે જલીય અંશ અગ્નિથી ઉષ્ણ પરિણામને પામી જાય, તેમાં અગ્નિકાયનું શસ્ત્ર પ્રવેશી જાય તો પણ તે વનસ્પતિ અચેત થાય છે. વનસ્પતિના દશ વિભાગમાંથી અંતિમ બીજ વિભાગ જ્યારે કાચી અવસ્થામાં હોય તો તે પણ સૂર્યના તાપથી અચિત થાય છે પરંતુ તે બીજની વૃક્ષ ઉપર પૂર્ણ પરિપક્વ અવસ્થા થઈ જાય અને તેમાં ઊગવાની શક્તિ થઈ જાય ત્યારે તે સૂર્યના તાપમાં સૂકાઈ જવા માત્રથી અચિત્ત થાય નહીં પરંતુ અગ્નિ શસ્ત્રથી પરિણત કે અન્ય શસ્ત્રથી છેદન થાય ત્યારે અચિત્ત થઈ શકે છે.

### વેચાતા પદાર્થ ગ્રહણ વિવેક :–

**૭૧** **तहेव सत्तुचुण्णाइं, कोलचुण्णाइं आवणे ।**
**सक्कुलिं फाणियं पूयं, अण्णं वावि तहाविहं ॥**

**૭૨** **विक्कायमाणं पसढं, रएणं परिफासियं ।**
**दिंतियं पडियाइक्खे, ण मे कप्पइ तारिसं ॥**

**છાયાનુવાદ :** **तथैव सक्तुचूर्णानि, कोलचूर्णानि आपणे ।**
**शष्कुलीं फाणितं पूतं, अन्यद्वापि तथाविधम् ॥७१॥**

**विक्रीयमाणं प्रसृतं, रजसा परिस्पृष्टम् ।**
**ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥७२॥**

**શબ્દાર્થ :– तहेव** = તેમજ **आवणे** = બજારમાં, દુકાનમાં **विक्कायमाणं** = વેચાતા **पसढं** =

પ્રકટરૂપથી રાખેલા, સજાવેલા **रएणं** = સચિત્ત કે અચેત રજ વડે **परिफासियं** = ખરડાયેલા હોય **सत्तुचुण्णाइं** = જવ આદિ સાથવાનું ચૂર્ણ **कोलचुण्णाइं** = બોરકૂટ–બોરનું ચૂર્ણ **सक्कुलिं** = તલ પાપડી, તલ સાંકળી **फाणियं** = ગોળ, પાતળો ઢીલો ગોળ **पूयं** = પૂડલાં **अण्णं वावि** = અન્ય કોઈપણ **तहाविहं** = તેવા પ્રકારના ખાદ્ય પદાર્થ.

**ભાવાર્થ :–** જવનું ચૂર્ણ(સાથવો), બોરનું ચૂર્ણ, તલ સાંકળી, ગોળ, પૂડલાં કે તેવા કોઈ પણ ખાદ્ય પદાર્થો ખુલ્લા જ સજાવીને વેચવા માટે દુકાનમાં રાખેલા હોય, તે સચિત્ત રજથી યુક્ત હોય તો મુનિ આપનાર દાતાને કહે કે મને આ પ્રકારનો આહાર ગ્રાહ્ય નથી. ॥૭૧–૭૨॥

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં દુકાન પરની વેચાતી ખાદ્ય સામગ્રી ગ્રહણ કરવાનો નિષેધ કર્યો છે.

સૂત્રકારે પ્રથમ ગાથામાં વિવિધ પ્રકારના ખાદ્ય પદાર્થોનું કથન કરીને બીજી ગાથામાં તે પદાર્થોને ગ્રહણ નહીં કરવાના કારણ સ્પષ્ટ કર્યા છે.

જવ કે બોર વગેરેનું ચૂર્ણ, તે ઉપરાંત તલસાંકળી, ગોળ વગેરે સ્નિગ્ધ પદાર્થો દુકાનમાં વ્યાપારીએ તેના વેચાણ માટે પ્રગટરૂપે ખુલ્લા જ બહાર ગોઠવેલા હોય, તેવા ખાદ્ય પદાર્થો સાધુને માટે અગ્રાહ્ય છે.

**पसढं :–** જે પદાર્થો ખુલ્લા પ્રગટ ગોઠવેલા હોય, ત્યાંથી આવાગમન કરનારા લોકોની દષ્ટિ તેના પર પડતી હોય, દુકાનમાં ખરીદીને માટે અન્ય ગ્રાહકોની ભીડ જામી હોય; આવી પરિસ્થિતિમાં અદીનવૃત્તિથી ભિક્ષા ગ્રહણ કરનાર શ્રમણોએ ત્યાંથી તે પદાર્થો ભિક્ષારૂપે લેવા સાધ્વાચારને યોગ્ય નથી. તેમાં સાધુની લઘુતા પ્રતીત થાય છે. વ્યાખ્યાકારોએ **पसढं** શબ્દનો અર્થ સડેલી, ઘણા દિવસની રાખેલી વસ્તુ, તે પ્રમાણે કર્યો છે; તેવી વસ્તુ પણ સાધક માટે અગ્રાહ્ય છે.

**रएणं परिफासियं :–** રસ્તામાં લોકોના તેમજ વાહનોના ગમનાગમનથી અચિત્ત કે સચિત્ત રજ ઊડતી રહે છે, તે રાખેલા પદાર્થો ઉપર પડે છે, તેથી તે પદાર્થો રજ–ધૂળયુક્ત બને છે. તે ઉપરાંત તેની આસપાસ માખી, મચ્છર, કીડી, મંકોડા આદિ ત્રસ જીવો પણ ઊભરાય છે. આ કારણે તેવા ખાદ્ય પદાર્થોને ગ્રહણ કરવામાં જીવ વિરાધના થાય તેમજ તે આરોગ્ય માટે પણ અહિતકારી છે.

દુકાનદાર વ્યક્તિ શ્રદ્ધાલુ હોય અને મુનિને ભક્તિથી નિવેદન કરે તોપણ ઉપરોક્ત કારણે મુનિ ત્યાં ભિક્ષા ન લે. ક્યારેક અપવાદ માર્ગે સ્થવિરકલ્પી મુનિને તેવા સ્થાને ગોચરી માટે જવું પડે તો શાસ્ત્રના આશયને સમજીને વિવેકપૂર્વક વ્યવહાર કરે.

## ઉજ્ઝિતધર્મા પદાર્થ ગ્રહણ નિષેધ :–

**૭૩** **बहुअट्ठियं पुग्गलं अणिमिसं वा बहुकंटयं ।**
**अत्थियं तिंदुयं बिल्लं उच्छुखंडं व सिंबलिं ॥**

**૭૪** अप्पे सिया भोयणजाए, बहुउज्झियधम्मिए ।
दिंतियं पडियाइक्खे, ण मे कप्पइ तारिसं ॥

**છાયાનુવાદ :** बह्वस्थिकं पुद्गलं, अनिमिषं वा बहुकण्टकम् ।
अस्थिकंतिन्दुकं बिल्वं, इक्षुखण्डं वा शाल्मलिं ॥७३॥

अल्पं स्याद्भोजनजातं, बहूज्झितधर्म्मकम् ।
ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥७४॥

**શબ્દાર્થ :–** **बहुअट्ठियं** = ઘણા ઠળિયાવાળા **पुग्गलं** = ગર ભાગ **बहु कंटयं** = ઘણાં કાંટાવાળા **अणिमिसं** = અનાનસ ફળ **तिंदुयं** = તિન્દુક વૃક્ષના ફળ, ટિંબરૂં **बिल्लं** = બીલીનું ફળ **उच्छुखंडं** = ઈક્ષુખંડ–શેરડીના કટકા **सिंबलिं** = શાલ્મલી વૃક્ષનું ફળ, શિંગ વગેરે **भोयणजाए** = જેમાં ખાવા યોગ્ય ભાગ તો **अप्पे** = અલ્પ **सिया** = હોય **बहुउज्झियधम्मिए** = ત્યાજ્ય ફેંકવાનો ભાગ ઘણો હોય તો.

**ભાવાર્થ :–** જેમાં ઘણાં ઠળિયા હોય અને ખાવા યોગ્ય ગર ભાગ ઓછો હોય એવા સીતા ફળ વગેરે ફળ, બહુ કાંટાવાળા અનાનસ વગેરે ફળ, શેરડીના ટુકડા, શાલ્મલી વૃક્ષનું ફળ, શિંગ વગેરે પદાર્થો કદાચ અચેત હોય તો પણ તેમાં ખાવા યોગ્ય ભાગ થોડો અને નાંખી દેવા જેવો ભાગ અધિક હોવાથી તે વસ્તુ આપનાર દાતાને ભિક્ષુ કહે કે તે વસ્તુઓની ભિક્ષા મારે માટે ગ્રાહ્ય નથી. ॥૭૩–૭૪॥

### વિવેચન :–

પ્રસ્તુત ગાથામાં ખાવાનું ઓછું અને ફેંકવાનું વધારે હોય તેવા પદાર્થોને ગ્રહણ કરવાનો નિષેધ કર્યો છે.

**बहुउज्झियधम्मिए :–** જેમાં ફેંકવાનો ભાગ અધિક હોય તેને **બહુઉજ્ઝિત ધર્મા** કહે છે. યથા– શેરડી, સીતાફળ, છોતરાયુક્ત સિંગ વગેરે. તેવા પદાર્થો ખાવાથી સાધુને પરઠવાનો દોષ લાગે છે. તે ઉપરાંત ફેંકાતા પદાર્થોમાં ત્રસ જીવોની ઉત્પત્તિ અને તેની વિરાધના થાય છે.

### ધોવણ પાણીની ગવેષણા વિવેક :–

**૭૫** तहेवुच्चावयं पाणं, अदुवा वारधोयणं ।
संसेइमं चाउलोदगं, अहुणाधोयं विवज्जए ॥

**છાયાનુવાદ :** तथैवोच्चावचं पानं, अथवा वारधोवनम् ।
संस्वेदजं तन्दुलोदकं, अधुनाधौतं विवर्जयेत् ॥

**શબ્દાર્થ :– तहेव** = તેમજ **उच्चावयं** = સારું–નરસું **पाणं** = પીવા યોગ્ય પાણી **वारधोयणं** = ગોળ વગેરેના ઘડાનું ધોવણ **संसेइमं** = બાફેલી ભાજી વગેરેને ધોયેલું પાણી **चाउलोदगं** = ચોખાનું ધોવણ **अहुणाधोयं** = તત્કાલનું ધોવણ હોય **विवज्जए** = મુનિ ગ્રહણ ન કરે.

**ભાવાર્થ :–** મુનિને ધોવણ પાણીની ગવેષણા કરતાં અનેક પ્રકારના સારા–નરસા ધોવણ પાણી, ગોળાદિ પદાર્થના ઘડા(વાસણ)ને ધોયેલું પાણી, તેમજ બાફેલી શાકભાજી કે ચોખા વગેરેને ધોયેલું પાણી મળતું હોય અને તે તત્કાલનું હોય તો મુનિ તેને ગ્રહણ ન કરે, છોડી દે.

**૭૬** **जं जाणेज्ज चिराधोयं, मईए दंसणेण वा ।**
**पडिपुच्छिऊण सुच्चा वा, जं च णिस्संकियं भवे ॥**

**છાયાનુવાદ : यज्जानीयाच्चिरधौतं, मत्या दर्शनेन वा ।**
**प्रतिपृच्छय(गृहस्थं) श्रुत्वा वा, यच्च निःशङ्कितं भवेत् ॥**

**શબ્દાર્થ :– जं** = જો **मईए** = પોતાની વિચાર બુદ્ધિથી **दंसणेण** = દેખવાથી **पडिपुच्छिऊण** = ગૃહસ્થને પૂછપરછ કરીને **सुच्चा** = ઉત્તર સાંભળીને **जं** = પૂર્વોક્ત પાણીના વિષયમાં જે **चिराधोयं** = આ ધોવણ ચિરકાલનું(ઘણો સમય) છે એમ **जाणेज्जा** = જાણી લે **णिस्संकियं** = પૂર્ણ નિઃશંકિત **भवे** = થઈ જાય.

**ભાવાર્થ :–** પોતાની બુદ્ધિથી, જોવાથી કે ગૃહસ્થને પૂછવાથી તેમજ તેના દ્વારા અપાયેલ ઉત્તર સાંભળવાથી મુનિ જાણે કે 'આ ધોવણ તૈયાર થયાને ઘણો સમય થયો છે તથા તે પાણીથી અચિત્તતાના વિષયમાં મુનિ પૂર્ણ નિઃશંકિત થઈ જાય તો તેને ગ્રહણ કરે.

**૭૭** **अजीवं परिणयं णच्चा, पडिगाहेज्ज संजए ।**
**अह संकियं भवेज्जा, आसाइत्ताण रोयए ॥**

**છાયાનુવાદ : अजीवं परिणतं ज्ञात्वा, प्रतिगृह्णीयात्संयतः ।**
**अथ शङ्कितं भवेत्, आस्वाद्य रोचयेत् ॥**

**શબ્દાર્થ :– अजीवं** = અજીવ ભાવને **परिणयं** = પરિણત થયેલ, પ્રાપ્ત થયેલ પાણીને **णच्चा** = જાણીને **संजए** = સાધુ **पडिगाहिज्ज** = ગ્રહણ કરે **अह** = હવે જો પ્રાસુક જલના વિષયમાં **संकियं** = બીજી કોઈ શંકા, પીવા યોગ્ય છે કે નહીં એવી શંકા **भविज्जा** = ઉત્પન્ન થાય તો **आसाइत्ताण** = આસ્વાદ કરીને, ચાખીને **रोयए** = ખાત્રી કરે, નિર્ણય કરે.

**ભાવાર્થ :–** તે પાણી શસ્ત્ર પરિણત થવાથી અચેત બની ગયું છે તેમ જાણીને મુનિ તેને ગ્રહણ કરે પરંતુ અચિત્ત હોવા છતાં તેને શંકા થાય કે આ પાણી મારા માટે પીવા યોગ્ય કે તરસ શાંત કરવા યોગ્ય છે કે

નહીં ? ત્યારે મુનિ તે પાણીનું આસ્વાદન કરી(ચાખી)ને નિર્ણય કરે.

**૭૮** **थोवमासायणट्ठाए, हत्थगम्मि दलाहि मे ।**
**मा मे अच्चंबिलं पूयं, णालं तिण्हं विणित्तए ॥**

**છાયાનુવાદ :** **स्तोकमास्वादनार्थं, हस्तके देहि मे ।**
**मा मे अत्यम्लं पूतिं, नालं तृष्णांविनेतुम् ॥**

**શબ્દાર્થ :– आसायणट्ठाए** = આસ્વાદનને માટે **थोवं** = થોડું પાણી **मे** = મને **हत्थगम्मि** = હાથમાં, અંજલીમાં **दलाहि** = આપો **अच्चंबिलं** = અત્યંત ખાટું **पूयं** = કોહેલું, અમનોજ્ઞ રસવાળું **तण्हं** = તૃષાને **विणित्तए** = છિપાવવાને **णालं** = અસમર્થ છે તેથી આ પાણી **मे** = મને **मा** = અનુકૂલ નહિ થાય.

**ભાવાર્થ :–** ભિક્ષુ દાતાને કહે કે ચાખીને નિર્ણય કરવા માટે મારા હાથમાં થોડુંક જલ આપો. કારણ કે તે પાણી જો અત્યંત ખાટું કે અત્યંત અમનોજ્ઞ રસવાળું હોય તો તેનાથી અમારી તૃષા શાંત થઈ શકશે નહીં.

**૭૯** **तं च अच्चंबिलं पूयं, णालं तिण्हं विणित्तए ।**
**दिंतियं पडियाइक्खे, ण मे कप्पइ तारिसं ॥**

**છાયાનુવાદ :** **तच्चात्यम्लं पूतिं, नालं तृष्णांविनेतुम् ।**
**ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥**

**ભાવાર્થ :–** ચાખવાથી નિર્ણય થઈ જાય કે તે પાણી અત્યંત ખાટું કે અમનોજ્ઞ(પ્રતિકૂળ) રસવાળું છે અને તેને પીવાથી તરસ શાંત થશે નહીં તો તે દેનાર બેનને કહે કે આ પાણી મારા માટે કલ્પનીય નથી અર્થાત્ અમારે ઉપયોગી નથી.

**૮૦** **तं च होज्ज अकामेणं, विमणेणं पडिच्छियं ।**
**तं अप्पणा ण पिबे, णो वि अण्णस्स दावए ॥**

**છાયાનુવાદ :** **तच्च भवेदकामेन, विमनसा प्रतीप्सितम् ।**
**तदात्मना न पिबेत्, नो अपि अन्यस्मै दापयेत् ॥**

**શબ્દાર્થ :– अकामेणं** = ઈચ્છા વગર, અનિચ્છાએ **विमणेणं** = મન વિના, ધ્યાન વિના, ભૂલથી **तं** = કદાચિત્ તે પાણી **पडिच्छियं** = ગ્રહણ કરી લીધું હોય તો **तं** = તે જલને **अप्पणा** = સ્વયં, પોતે **ण पिबे** = પીએ નહિ **अण्णस्स वि** = અન્યને પણ **णो दावए** = પીવડાવે નહિ, પીવા માટે દે નહીં.

**ભાવાર્થ :–** કદાચિત અનિચ્છાએ, ધ્યાન ન રહેવાથી તેવું પાણી ગ્રહણ થઈ ગયું હોય, કોઈ દાતાએ વહોરાવી દીધું હોય તો તે પાણીને સ્વયં પીએ નહીં અને અન્ય ભિક્ષુને પણ પીવા માટે આપે નહિ.

**૮૧** **एगंतमवक्कमित्ता, अचित्तं पडिलेहिया ।**
**जयं परिट्ठवेज्जा, परिट्ठप्प पडिक्कमे ॥**

**છાયાનુવાદ :** **एकान्तमवक्रम्य, अचित्तं प्रतिलेख्य ।**
**यतं(यतनया) परिष्ठापयेत्, परिष्ठाप्य प्रतिक्रामेत् ॥**

**શબ્દાર્થ :– एगंतं** = એકાન્ત સ્થાન પર **अवक्कमित्ता** = જઈને **अचित्तं** = જીવરહિત જગ્યાનું, ત્રસ પ્રાણી કે બીજ રહિત સ્થાનનું **पडिलेहिया** = પ્રતિલેખન કરીને **जयं** = યતનાપૂર્વક **परिट्ठविज्जा** = પરઠી દે **परिठप्प** = પરઠીને **पडिक्कमे** = ગમનાગમનનું પ્રતિક્રમણ કરે, ઈરિયાવહિયાનો કાઉસ્સગ્ગ કરે.

**ભાવાર્થ :–** તે પાણીને એકાંતમાં લઈ જઈને પ્રાસુક સ્થાનમાં યતનાપૂર્વક પરિષ્ઠાપન કરે, ત્યાગી દે અને તે પાણી પરઠી દીધા પછી ગમનાગમનનું પ્રતિક્રમણ કરે અર્થાત્ ઈરિયાવહિયાનો કાયોત્સર્ગ કરે.

## વિવેચન :–

પ્રસ્તુત સાત ગાથાઓમાં ધોવણ પાણીની ગવેષણા વિધિનું પ્રતિપાદન છે.

**उच्चावयं :–** ઉચ્ચતા અને નિમ્નતા, સારું અને નરસું, શ્રેષ્ઠ અને ખરાબ. પાણીની ઉચ્ચતા અને નિમ્નતા તેની રોચકતા અરોચકતા પર કે તેની પીવામાં મનોજ્ઞતા અમનોજ્ઞતા પર આધારિત છે. તેમજ જે પાણી સ્વાસ્થ્યકારી મધુર સુપાચ્ય હોય તે શ્રેષ્ઠ કહેવાય અને ફીકું, ખારું અને ભારે પાણી ખરાબ કહેવાય.

ભિક્ષુને વિભિન્ન ક્ષેત્રોમાં અને વિભિન્ન કાલમાં ધોવણ પાણીની ગવેષણા કરતાં જાત–જાતનું અને ભાત–ભાતનું ધોવણ પાણી ઉપલબ્ધ થાય છે. પ્રસ્તુત ગાથા–૭૫માં (૧) ઘડા(વાસણ) ધોયેલું પાણી, (૨) બાફેલી ભાજી તથા અન્ય ઉકાળેલા પદાર્થને ધોયેલું પાણી (૩) ચોખાને ધોયેલું પાણી, આ ત્રણ પ્રકારના ધોવણ પાણીનું સૂચન છે. તે સિવાય આચારાંગ સૂત્રમાં (૨ / ૧ / ૬–૮)માં કલ્પનીય અકલ્પનીય કુલ ૨૧ પ્રકારના પાણીનાં નામ છે. નિશીથ સૂત્ર ઉદ્દેશક–૧૭માં એક જ સૂત્રમાં અગિયાર ધોવણ પાણીનાં નામ છે.

**નરસું પાણી :–** આ સર્વ મળીને ભિક્ષુને કેરનું, મેથીનું, કારેલાનું, ભાજીનું, છાશ–દહીંના વાસણનું, ચણા, બાજરી, મઠ વગેરેના લોટવાળા વાસણનું, ચીકાસ–ચરકાસવાળું એવા અનેક અમનોજ્ઞ(પ્રતિકૂળ) ધોવણ પાણી મળે; તે સિવાય કોઈ ક્ષેત્રનું પાણી ખારું, ફીકું, માટીવાળું, તેમજ કોઈ ઘરોનું પાણી ધુમાડાથી, બળેલી લાકડીથી, કેરોસીન કે અન્ય કોઈ પણ અમનોજ્ઞ ગંધવાળું હોય; આ સર્વ ધોવણ પાણી પ્રસ્તુતમાં **નરસા–ખરાબ પાણીમાં** સમાવિષ્ટ થાય છે.

**સારું પાણી :–** દૂધનું, ચોખાનું, ગોળના વાસણનું, તલનું, તુસનું, જવનું, રાખનું, ત્રિફલાનું, સાકરનું, લવિંગ, એલચી, કાળામરી વગેરેનું, કેરીનું, દ્રાક્ષનું, અનેક પ્રકારની લીલોતરી કે ફળોને ધોયેલું પાણી વગેરે; આ જ રીતે ગૃહસ્થ દ્વારા પોતાના પીવા માટે તૈયાર કરેલા ધોવણ પાણી કે ગરમ પાણી તથા ક્ષેત્રની અપેક્ષાએ સ્વાભાવિક મધુર અને સુપાચ્ય પાણી તેમજ ઘરોની અપેક્ષાએ વિવેકયુક્ત દુર્ગંધ રહિત ચોખાઈ– વાળું ધોવણ પાણી. આ સર્વ ધોવણ પાણીનો પ્રસ્તુતમાં **સારા(ઉચ્ચ) ધોવણ** પાણીમાં સમાવેશ થાય છે.

સંક્ષેપમાં જે ધોવણ પાણી સાધુને પીવામાં મનોજ્ઞ અને પાચનમાં અનુકૂલ હોય તે **સારું–ઉચ્ચ** જળ છે અને જે પીવામાં અમનોજ્ઞ અને શરીર માટે પણ કંઈક **પ્રતિકૂલ** થાય તે **નરસું–નિમ્ન** જળ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે ભિક્ષા વિધિથી પ્રાપ્ત કરનાર શ્રમણને ધોવણ પાણી ક્યારેક નરસું મળી જાય છે અને ક્યારેક સારું પણ મળી આવે છે.

**वार धोयणं :–** વાર, વારક એટલે ઘડો. ઘડો કહેવાથી કોઈપણ વાસણનું ગ્રહણ કરી શકાય. તેથી **वार धोयणं** નો અર્થ થાય– **વાસણ ધોયેલું પાણી.** પછી તે વાસણ ગોળનું હોય કે છાશનું હોય તેમજ અન્ય કોઈ પણ પદાર્થથી ખરડાયેલું હોય. આ રીતે **वार धोयणं** નો વિસ્તૃત અર્થ એ થાય કે કોઈપણ પદાર્થથી ખરડાયેલા નાના–મોટા કોઈપણ વાસણો ધોયેલું પાણી. તેમાં જે ધોવણ સાધુને પીવા યોગ્ય હોય અને કલ્પનીય પદાર્થનું હોય તો ગ્રહણ કરી શકાય. અકલ્પનીય મદ્ય વગેરેના વાસણનું અને ન પીવા યોગ્ય અખાદ્ય પદાર્થોના વાસણનું ધોવણ હોય તે ગ્રહણ ન કરી શકાય.

**अहुणाधोयं–चिरोधोयं :–** ઉપરોક્ત વિવિધ પ્રકારના ધોવણ પાણી નિષ્પન્ન થતાં જ પૂર્ણ અચિત્ત થઈ જતા નથી. કારણ કે પાણીના એક એક ટીપામાં અસંખ્ય જીવો હોય છે. તે સર્વ જીવોને ધોવાના પદાર્થનો શસ્ત્ર(સ્પર્શ) પહોંચતાં અને જલના પ્રત્યેક અંશને અચિત્ત થતાં કંઈક સમય લાગે છે. નિશીથ ચૂર્ણિમાં સમય નિર્ધારણ ન કરતાં, "બુદ્ધિથી અચિત્ત થવાના સમયનો નિર્ણય કરવો" તેમ સૂચિત કરેલ છે. કારણ કે પાણીની માત્રા અને ધોવાના પદાર્થની માત્રાના નિર્ણયથી જ પાણીના પૂર્ણ અચિત્ત થવાના સમયનો નિર્ણય થઈ શકે છે. માટે અહીં સમય નિર્ધારણ એ પ્રત્યક્ષાનુભવનો વિષય છે. તેમ છતાં શ્રમણોની સુવિધા માટે બહુશ્રુત આચાર્યોએ ન્યૂનતમ એક ઘડી(૨૪ મિનિટ)નો સમય નિર્ધારણ કરેલ છે તેમજ ક્યાંક એક મુહૂર્ત(૪૮ મિનિટ)ના સમયની ધારણા પણ પ્રચલિત છે. પ્રસ્તુત ગાથામાં અને આચારાંગ સૂત્રમાં તત્કાલના ધોવણ પાણી લેવાનો નિષેધ છે અને નિશીથ સૂત્રમાં તત્કાલનું ધોવણ લેવાના પ્રાયશ્ચિત્તનું વિધાન છે.

કેટલાક આચાર્યોનું એવું મંતવ્ય છે કે ધોવણ પાણીમાં એક મુહૂર્ત પછી અસંખ્ય જીવો ઉત્પન્ન થઈ જાય છે; માટે ધોવણ પાણી સાધુને અકલ્પનીય છે. પરંતુ આ ચિંતન કે પ્રરૂપણ તેમજ અનુમોદન આગમ શ્રદ્ધાળુઓ માટે યોગ્ય નથી. કારણ કે ચિરકાલ(લાંબાકાળ)નું ધોવણ પાણી લેવાનું આગમ વિધાન સ્પષ્ટ છે અને પ્રસ્તુત ગાથા ૭૬–૭૭નો પણ એ જ ભાવ છે. આગમ અનુસારે તથા વ્યાખ્યાગ્રંથોના આધારે શ્રી નિશીથ સૂત્ર, ઉદ્દેશક–૧૭માં આ વિષયને વિશેષ સ્પષ્ટ કરવામાં આવ્યો છે. જિજ્ઞાસુ પાઠક ત્યાં જુએ, તેવી ખાસ ભલામણ છે.

**मइए दंसणेण :–** ધોવણ પાણીને અને વાસણ ધોવાના સ્થળને કે વાસણોને જોવાથી બુદ્ધિમાન ગવેષક

જાણી શકે છે કે ધોવણ પાણી તત્કાલનું છે અથવા એક–બે કલાકનું છે. જો જોવાથી અને બુદ્ધિ વડે વિચારવાથી નિર્ણય ન થાય ત્યારે પૂછવું પડે અને ઉત્તર સાંભળીને નિર્ણય કરવો પડે છે. આ રીતે બુદ્ધિથી કે જોવાથી અથવા પૂછવા–સાંભળવાથી ધોવણ પાણીના સમય વિષે નિર્ણય કરી મુનિએ નિઃશંક થઈ જવું જોઈએ.

**अजीवं परिणयं :–** **चिराधोयं** નો નિર્ણય થયા પછી પણ ધોવણ પાણીની ગવેષણા પૂર્ણ થઈ જતી નથી. પાણીને પ્રત્યક્ષ જોઈ તે **શસ્ત્ર પરિણત** થયું છે કે નહિ અર્થાત્ ધોવાની પ્રક્રિયાથી અને ધોવાના પદાર્થથી તે પાણીના રંગ–રૂપમાં અને તેના સ્વાદમાં પરિવર્તન થયું કે નહીં; તેના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ પરિણામાંતરિત થયા છે કે નહિ, તે અંગે ચકાસણી કરવી. આ પ્રકારની પરિણામાંતરતાથી તે પાણીના અચિત્ત થઈ જવાનો નિર્ણય કરાય છે. તે માટે પ્રસ્તુત ગાથા–૭૦માં **अजीवं परिणयं णच्चा** આ વાક્ય પ્રયોગ છે.

અહીં સુધી ધોવણ પાણી માટેની અનુભવપૂર્ણ ગવેષણામાં– (૧) ચિરકાલનું ધોવણ હોય અને તે (૨) પૂર્ણ શસ્ત્ર પરિણત અચિત્ત થઈ ગયેલ હોય એવા બે મુખ્ય તથ્યની વિચારણા પૂર્ણ થાય છે. તાત્પર્ય એ છે કે આ બંને પ્રકારની ગવેષણા પછી ભિક્ષુ તે પાણીને ગ્રહણ કરી શકે છે.

**आसाइत्ताण रोयए :–** ધોવણ પાણી અચિત્ત અને નિર્દોષ હોય, છતાં તે પાણીથી મુનિનું પ્રયોજન સિદ્ધ થવું જોઈએ અર્થાત્ ધોવણ પાણીનો ઉપયોગ મુનિ તૃષા શાંત કરવા માટે અને કરેલા આહારની સુપાચનતા માટે કરે છે; તે પ્રયોજન સિદ્ધ થવું જોઈએ. તેથી ધોવણ પાણીના અચિત્ત હોવાના નિર્ણય પછી, તેને ગ્રહણ કરતાં પહેલાં મુનિ પાણીના રૂપરંગના આધારે પુનઃ વિચાર કરે કે આ પાણી પીવામાં અનુકૂલ રહેશે કે નહીં ? જો તે પાણીના રૂપરંગ કે ગંધથી એમ સંદેહ થાય કે પીવા લાયક છે કે નહીં તે સમજાતું નથી, પરંતુ અચિત્ત તો છે જ અને લેવાની જરૂરત પણ છે. ત્યારે મુનિ તે પાણીને ચાખીને નિર્ણય કરવાનો સંકલ્પ કરે અને તે માટે ગૃહસ્થને નિવેદન કરે કે આવી સંદેહની સ્થિતિ છે માટે હું પાણીને ચાખવા ઈચ્છું છું.

**हत्थगम्मि दलाहि मे :–** આ વાક્યમાં મુનિની સૂક્ષ્મતમ સમાચારીનું નિદર્શન છે. ગૃહસ્થના ઘેર મુનિ પાણીની ગવેષણા માટે ઊભા હોય ત્યારે ત્યાં જ ગૃહસ્થના સામે પાણી ગ્રહણ કર્યા પહેલાં જ ચાખવું એક વિચારણીય વાત છે; છતાં સંયમ જીવનની અન્ય મર્યાદાઓમાં ગવેષણાનું મહત્ત્વ કંઈક વિશેષ છે, માટે મુનિ ગૃહસ્થના ઘેર અને તેના સામે જ તે ધોવણ પાણીને ચાખી શકે છે.

ચાખવા માટે પણ પ્રસ્તુત વિધાનમાં સભ્યતા અને શાલીનતા ભરી સૂચના છે કે સાધુ ગૃહસ્થના પાણીવાળા તે વાસણમાં જ હાથ નાંખી પાણી લઈને ન ચાખે; પોતે જ તે પાણીમાંથી થોડું પાણી ન લઈ લે; તેમજ ગૃહસ્થના કટોરી, ગ્લાસ આદિ વાસણમાં લઈને ન ચાખે અને પોતાના પાણી લેવાના પાત્રમાં પણ ન લે પરંતુ ગૃહસ્થ દાતાને નિવેદન કરે કે "થોડું પાણી તમે મારા હાથમાં આપો તો હું તેને ચાખીને નિર્ણય કરું કે આ પાણી મારાથી પીવાશે કે કેમ ?

જો ચાખવાથી મુનિનો ભ્રમ દૂર થઈ જાય તથા પાણી પી શકાય તેવું હોય તો તે પાણીને મુનિ લઈ શકે છે તેમજ તે દાતા તે પાણી વહોરાવી શકે છે. દાતા વહોરાવવા માટે તૈયાર છે ત્યારે જ તો તે ચાખવા

માટે મુનિને હાથમાં પાણી આપે છે. આ રીતે આ ગાથાઓમાં શ્રાવક અને સાધુની આચારનિષ્ઠા અને સહજ સરલતાનું ચિત્ર સ્પષ્ટ થાય છે.

**तं च हुज्ज अकामेणं :–** ઉપરોક્ત એટલી બધી સાવધાનીની સૂચના સાથે પણ જ્ઞાની ભગવંતોએ છદ્મસ્થથી(સામાન્ય જ્ઞાનીથી) થતી ભૂલને પણ નિહાળી છે, તેનું સૂચન આ વાક્યમાં છે કે કદાચ સાધુ ધોવણ પાણીના અચિત્ત હોવાની ગવેષણા કરી, શીઘ્ર લેતા થઈ જાય; પેય–અપેય, ઉપયોગી–અનુપયોગીનો વિચાર કરતાં ચૂકી જાય, ભુલાઈ જાય અને લઈ લીધા પછી ત્યાં જ વિચાર થાય અથવા તો ઉપાશ્રયમાં જઈ તે પાણીનો ઉપયોગ કરવાથી ખ્યાલ આવે કે આ પાણી પ્રયોજન સિદ્ધ કરવા લાયક નથી, તરસ મટાડે તેમ નથી; ઉલટું નુકસાનકારી છે. આવો નિર્ણય થઈ જાય તો મુનિ તે પાણી સ્વયં પીવે નહીં અને અન્ય સાધુને પણ પીવા દે નહીં પરંતુ વિધિપૂર્વક પરઠી દે(પરિષ્ઠાપન કરી દે).

પ્રસ્તુત કથનમાં સૂત્રકારની દીર્ઘદર્શિતા અને ગંભીરતા પ્રતીત થાય છે. સાધુની ગવેષણામાં પદાર્થની પ્રાસુકતા અને નિર્દોષતા જેટલી મહત્ત્વની છે તેટલી જ મહત્તા પદાર્થની પથ્યકારિતાની છે. નિર્દોષ પદાર્થ પણ અપથ્યકારી હોય તો તે અગ્રાહ્ય છે. શરીરની સ્વસ્થતા સંયમ પાલનમાં સહાયક છે. તેથી સૂત્રકારે તે પાણીને પરઠવાની વિધિનું સૂચન કર્યું છે.

**परिठप्प पडिक्कमे :–** એકયાસીમી ગાથામાં પરઠવાની વિધિ દર્શાવતાં તે સંબંધી ચાર સમાચારિક નિયમોનું સૂચન છે– (૧) પરઠવા લાયક તે પાણીને મુનિ જ્યાં ત્યાં ન પરઠે પરંતુ આવાગમન રહિત લોકો ન દેખતા હોય તેવા એકાંત સ્થાનનું અનુપ્રેક્ષણ કરે. કારણ કે એમને એમ સર્વ પાણીને ફેંકતા જોઈ લોકોને કેટલા ય વિચારો ઉત્પન્ન થાય, માટે નાની–નાની બાબતોનો પણ મુનિએ વિવેક રાખવો આવશ્યક થઈ જાય છે. આ કારણે અહીં પહેલું સૂચન **एगंतमवक्कमित्ता** = એકાંતમાં જાય, તેમ છે.

(૨) તે પાણી પરઠવા માટે ભૂમિ અચિત્ત હોવી જોઈએ અર્થાત્ ત્યાં પૃથ્વી ખાર, સચિત્ત માટી, લીલ ફૂગ કે લીલોતરી અને કીડીઓ વગેરે જીવો ન હોય, એ વિશેષ પ્રતિલેખન કરવાનું હોય છે. કારણ કે મુનિની દરેક પ્રવૃત્તિમાં અહિંસાની પ્રધાનતા હોય છે. (૩) યતનાપૂર્વક પરઠે. તેનું તાત્પર્ય એ છે કે દૂરથી કે ઊંચેથી ન ફેંકે, ત્યાં જઈને સારી રીતે જીવોનું નિરીક્ષણ કરી, કોઈપણ જીવ ઉપર તે પાણીનો રેલો ચાલ્યો ન જાય, ક્યાંય નાના ખાડામાં પાણી ભરાઈ ન જાય, કારણ કે તેમાં જીવ પડીને કષ્ટ પામે વગેરે દોષોથી બચવા માટે મુનિ વિવેકપૂર્વક નીચે નમીને ઓછું ઓછું પાણીને ફેલાવીને પરઠે. આ રીતે ગુરુગમથી પૂર્ણ વિધિને સમજીને તથા અનુભવ કરીને સાધક વિધિનો પૂર્ણ અભ્યાસ રાખે. (૪) પરઠતી વખતે માલિક વગરની જગ્યાનો ઉપયોગ કરવા માટે મુનિ શક્રેન્દ્રની આજ્ઞા લે, પાણી પરઠીને ત્રણવાર વોસિરે– વોસિરે કહે અને પાછા વળતાં, ગુરુના અવગ્રહે પહોંચતાં **निस्सिही–निस्सिही** કહે, પછી યથાસ્થાને પાત્ર મૂકીને ઈરિયાવહીના પાઠનો કાયોત્સર્ગ કરે. કારણ કે દશવૈકાલિક ચૂલિકા ગાથા–૭ અનુસાર મુનિ **अभिक्खणं काउस्सग्गकारी** = વારંવાર અર્થાત્ પ્રસંગ પ્રસંગ પર કાયોત્સર્ગ કરનાર હોય છે. જેમ કે પ્રતિલેખન પછી, ગોચરી લાવ્યા પછી, સ્થંડિલે જઈને આવ્યા પછી, સ્વાધ્યાય કર્યા પછી, નિદ્રા લઈને ઊઠ્યા પછી વગેરે વગેરે.

આ રીતે ધોવણ પાણીની ગવેષણા સંબંધી મહત્ત્વપૂર્ણ સંક્ષિપ્ત જાણકારી આ સાત ગાથાઓમાં દર્શાવી છે; તેમ છતાં અન્ય અનેક વિધિ વિધાનોનું વિશ્લેષણ આચારાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધના પ્રથમ અધ્યયનમાં શાસ્ત્રકારે સ્વયં કરેલ છે.

**अच्चंबिलं :–** બહુ ખાટું. અત્યંત અમનોજ્ઞ(અણગમતા) સ્વાદવાળું. જવોદક, તુષોદક તેમજ લોટ વગેરેના ધોવણ પાણી સમય વ્યતીત થતાં અમનોજ્ઞ સ્વાદવાળા થઈ જાય છે અને તેમાં અમનોજ્ઞ ગંધ પણ આવે છે. તે પાણી તીક્ષ્ણ, કટુ, ખાટા કે બેસ્વાદવાળા થઈ જાય છે. તેવા પાણીને અહીં **अच्चंबिलं** શબ્દથી દર્શાવેલ છે.

## આપવાદિક આહાર વિધિ :–

**૮૨** **सिया य गोयरग्गगओ, इच्छेज्जा परिभोत्तुयं ।**
**कुट्ठगं भित्तिमूलं वा, पडिलेहित्ताण फासुयं ॥**

**૮૩** **अणुण्णवित्तु मेहावी, पडिच्छण्णम्मि संवुडे ।**
**हत्थगं संपमज्जित्ता, तत्थ भुंजिज्ज संजए ॥**

**છાયાનુવાદ :** स्याच्च गोचराग्रगतो, इच्छेत् परिभोक्तुम् ।
कोष्ठकं भित्तिमूलं वा, प्रतिलेख्य प्रासुकम् ॥८२॥

अनुज्ञाप्य मेधावी, प्रतिच्छन्ने संवृते ।
हस्तकं संप्रमृज्य, तत्र भुञ्जीत संयतः ॥८३॥

**શબ્દાર્થ :– गोयरग्गगओ** = ગોચરી ગયેલો સાધુ **सिया** = કદાચિત્ **परिभोत्तुयं** = ભોજન કરવા **इच्छेज्जा** = ઈચ્છે **य** = તો **कुट्ठगं** = ઓરડામાં **भित्तिमूलं** = ભીંતના આશ્રયે, દિવાલના મૂળમાં, કોઈ મકાનના પાછળના ભાગમાં **फासुयं** = જીવ રહિત સ્થાનની **पडिलेहित्ताणं** = પ્રતિલેખના કરીને **मेहावी** = બુદ્ધિમાન **संजए** = સાધુ **अणुण्णवित्तु** = ગૃહસ્થની આજ્ઞા લઈને **पडिच्छण्णम्मि** = ઉપરથી ઢાંકેલા સ્થાનમાં **हत्थगं** = હાથને, હથેળીને **संपमज्जित्ता** = સમ્યક્ પ્રકારથી પ્રમાર્જન કરી, સાફ કરીને **संवुडे** = ચારે ય બાજુએથી ઘેરાયેલા સ્થાનમાં **तत्थ** = ત્યાં, તે જગ્યામાં **भुंजिज्ज** = મુનિ આહાર કરે.

**ભાવાર્થ :–** ગોચરી ગયેલો સાધુ તપશ્ચર્યા કે રોગાદિ કોઈપણ કારણથી ત્યાં જ ભોજન કરવાને ઈચ્છે તો ગૃહસ્થના ઘેર તેના કોઈ રૂમમાં કે કોઈ ભીંતના મૂળ પાસે(દીવાલના આશ્રયે) જીવ રહિત સ્થાનનું પ્રતિલેખન કરે. ઉપરથી ઢાંકેલા અર્થાત્ છતવાળા અને ચારે ય બાજુથી ઘેરાયેલા તે સ્થાનને યોગ્ય જાણી મેધાવી મુનિ તેના માલિકની આજ્ઞા લઈને, હાથનું પ્રમાર્જન કરીને પછી ત્યાં આહાર કરે. ॥૮૨–૮૩॥

**૮૪** **तत्थ से भुंजमाणस्स, अट्ठियं कंटओ सिया ।**
**तणकट्ठसक्करं वावि, अण्णं वावि तहाविहं ॥**

**૮૫** तं उक्खिवित्तु ण णिक्खिवे, आसएण ण छड्डए ।
हत्थेण तं गहेऊण, एगंतमवक्कमे ॥

**૮૬** एगंतमवक्कमित्ता, अचित्तं पडिलेहिया ।
जयं परिट्ठवेज्जा, परिट्ठप्प पडिक्कमे ॥

**છાયાનુવાદ :** तत्र तस्य भुञ्जानस्य, अस्थिकं कण्टको स्यात् ।
तृणकाष्टशर्करा वाऽपि, अन्यद्वाऽपि तथाविधम् ॥૮૪॥

तदुत्क्षिप्य न निक्षिपेत्, आस्यकेन न छर्दयेत् ।
हस्तेन तद्गृहीत्वा, एकान्तमवक्रामेत् ॥૮૫॥

एकान्तमवक्रम्य, अचित्तं प्रतिलेख्य ।
यतं परिस्थापयेत्, परिस्थाप्य प्रतिक्रामेत् ॥૮૬॥

**શબ્દાર્થ :–** **तत्थ** = ત્યાં **भुंजमाणस्स** = આહાર કરતા **से** = તે સાધુના આહારમાં **अट्ठियं** = ઠળિયા **कंटओ** = કંટક **तणकट्ठसक्करं** = તૃણ, કાષ્ઠ, કાંકરા **अण्णं वावि** = અન્ય કોઈ પણ **तहाविहं** = તેવા પ્રકારના કચરા કે કેશ વગેરે **सिया** = આવી જાય તો **तं** = તેને **उक्खिवित्तु** = ઉપાડીને, લઈને **ण णिक्खिवे** = જ્યાં ત્યાં ન ફેંકે **आसएण** = મોઢાથી પણ **ण छड्डए** = ન થૂંકે **हत्थेण** = હાથથી **तं** = તેને **गहेऊण** = સારી રીતે ગ્રહણ કરીને **एगंतं** = એકાન્ત સ્થાનમાં **अवक्कमे** = જાય **एगंतं** = એકાન્તમાં **अवक्कमित्ता** = જઈને **अचित्तं** = અચિત્ત ભૂમિની, નિર્દોષ ભૂમિની **पडिलेहिया** = પ્રતિલેખના કરીને **जयं** = યતનાથી **परिट्ठविज्जा** = તે પદાર્થને પરઠે **परिट्ठप्प** = પરઠીને **पडिक्कमे** = પાછો ફરે, પ્રતિક્રમણ કરે, ઈરિયાવહિનો કાર્યોત્સર્ગ કરે.

**ભાવાર્થ :–** ત્યાં આહાર કરતા મુનિના ભોજનમાં ઠળિયો, કંટક, તૃણ, કાષ્ઠનો ટુકડો કે કાંકરો અથવા તેવા પ્રકારનો કોઈ પણ કચરો નીકળે તો મુનિ ત્યાં બેઠાં–બેઠાં જ હાથથી કાઢીને દૂર ફેંકે નહિ કે મોઢેથી ઉછાળીને ફેંકે નહિ(થૂંકે નહીં) પરંતુ તે અખાદ્ય પદાર્થોને હાથમાં ગ્રહણ કરી એકાંતમાં જાય અને એકાંતમાં જઈ, નિર્જીવ જગ્યાનું પ્રતિલેખન કરીને યતનાપૂર્વક તે વસ્તુને ત્યાં પરઠી દે(મૂકી દે) અને ત્યાં મૂકીને પાછો સ્થાન પર આવી, ગમનાગમનનું પ્રતિક્રમણ કરે. ॥૮૪–૮૫–૮૬॥

## વિવેચન :–

ગૌચરી ભ્રમણ કરતા શ્રમણને કોઈ કારણથી ગૃહસ્થના ઘરમાં કે માર્ગમાં ભીંત વગેરેના આશ્રયે આહાર–પાણીનો ઉપયોગ કરવો આવશ્યક હોય, તો તે કેવી રીતે કરાય તેનું નિરૂપણ પ્રસ્તુત ગાથાઓમાં

કર્યું છે.

ગોચરીમાં ભ્રમણ કરતા ભિક્ષુને અવસ્થા, રુગ્ણતા, અતિ ક્ષુધા, અતિ તૃષા, વિહાર શ્રમ, વાયુ પ્રકોપ કે પિત્ત વિકાર વગેરે કોઈ પણ કારણે ઔષધ ઉપચાર રૂપમાં કે સમાધિ ક્ષમતાની સુરક્ષાર્થે ખાદ્ય પદાર્થ, પેય પદાર્થ કે અચિત્ત જળ વાપરવાની આવશ્યકતા થઈ શકે છે.

જો કે ભિક્ષુ પોતાની ક્ષમતા અક્ષમતાનો દીર્ઘદષ્ટિથી વિચાર કરીને જ ગૌચરી જાય અને જો એવી આશંકા હોય તો તેને પહેલાંથી જ ગુરુની આજ્ઞા પ્રાપ્ત કરી લેવી જોઈએ. કારણ કે યથાસંભવ ગુર્વાજ્ઞા વિના ગોચરીમાં આહાર કરાય નહીં. જો ગૌચરી જનાર પોતેજ રત્નાધિક હોય તો આજ્ઞા પ્રાપ્ત કરવાનો પ્રશ્ન થતો નથી.

**कुट्ठगं भित्तिमूलं :–** ગૌચરી કરતા ભિક્ષુ ક્યાં બેસીને આહાર કરે તેનું સ્પષ્ટીકરણ ગાથા–૮૨માં આ બે શબ્દોથી કર્યું છે. (૧) જો કોઈ ભાવિક વ્યક્તિ હોય અને તેના ઘરમાં કોઈ યોગ્ય **ઓરડાની** અનુકૂળતા હોય તો તેની આજ્ઞા લઈ મુનિ ત્યાં આહાર કરે. આ પ્રકારની અનુકૂલતા કે અવસર ન હોય તો કોઈ પણ જગ્યાએ **ભીંતના આશ્રયે** એટલે યોગ્ય એકાંત સ્થળનું પ્રતિલેખન કરી મુનિ ત્યાં અત્યાવશ્યક પાણી કે ખાદ્ય પદાર્થનો ઉપયોગ કરે.

વ્યાખ્યાકારોએ **भित्तिमूलं** ના વિભિન્ન અર્થ કર્યા છે– (૧) બે ઘરની મધ્યનો ભાગ (૨) મકાનની પાછળનો ભાગ (૩) દીવાલનો એક ખૂણો (૪) ભીંત પાછળનો ભાગ (૫) ભીંતની નજીકનો ભાગ.

**पडिच्छण्णम्मिसंवुडे :–** સાધુને આહાર કરવા માટે ચારે બાજુથી ઘેરાયેલું અને ઉપરથી ઢંકાયેલું સ્થાન હોવું જોઈએ. કારણ કે તેવા સ્થાનમાં ઉડતા જીવોની વિરાધનાથી બચી શકાય છે. તેમજ લોકોના કે બાળકોના આવાગમન તથા કુતૂહલ વૃત્તિથી પણ સુરક્ષિત રહી શકાય છે.

આ શબ્દના બીજી રીતે પણ અર્થ થાય છે– (૧) ઉપરથી ચાદર, ચંદરવો કે ઘાસ આદિથી ઢાંકેલું અને ચારે બાજુ ગૂંથેલી ચટાઈ વગેરેથી ઢાંકેલું હોય, તેવા સ્થાનમાં મુનિ આહાર કરે. (૨) પ્રતિચ્છન્ન = ઢાંકેલા સ્થાનમાં, સંવૃત્ત = ઉપયોગ યુક્ત થઈને મુનિ આહાર કરે.

**तत्थ से भुंजमाणस्स :–** પ્રસ્તુત ગાથા ૮૪, ૮૫, ૮૬માં ગૃહસ્થના ઘરે આહાર કરતા ભિક્ષુને વિવેક રાખવાનું સૂચન છે. કારણ કે ઉપાશ્રયમાં આહાર કરતાં સમયે સાધુ પાસે ભાજન વસ્ત્ર વગેરે સર્વ આવશ્યક સામગ્રી હોય છે. ગૌચરીમાં તે ઉપકરણો હોતા નથી. માટે ગૃહસ્થના ઘરે મુનિની અસભ્યતા પ્રકટ થાય અને હીલના થાય; તેથી આળસ કર્યા વિના મુનિ વિવેકયુક્ત પ્રવૃત્તિ કરે.

આહારનું સેવન કરતાં તેમાંથી કોઈ બીજ, ઠળીયો, કાંકરો આદિ સચેત કે અચેત અખાદ્ય પદાર્થ નીકળે તો મુનિ તેને ઓરડાના કોઈ પણ વિભાગમાં થૂંકે નહીં, પરંતુ તે સર્વ પદાર્થોને હાથમાં ગ્રહણ કરીને યતનાપૂર્વક નિર્દોષ સ્થાનમાં પરઠવી દે, મૂકી દે. તેને ગમે ત્યાં ફેંકવામાં કે મુખેથી જ ઉડાડવામાં અસંયમ ભાવ, જીવવિરાધના અને અસભ્યતા પ્રતીત થાય છે તથા જિનશાસનની અવહેલના થાય છે. તેથી સાધુ

કોઈપણ પ્રકારે આળસ કર્યા વિના સંયમભાવે તેને પરઠવાની વિધિ કરે અને પોતાના સ્થાનમાં આવીને આત્મવિશુદ્ધિ માટે કાયોત્સર્ગ કરે.

આ ગાથાઓનો સાર એ છે કે કોઈ કારણ ઉપસ્થિતિ થતાં સાધુને ગૌચરીના વચ્ચે પણ પાણી કે આહારનો ઉપયોગ કરવો પડે તો એકાંત અને નિર્દોષ સ્થાનમાં નિર્દોષ રીતે કરે.

### ઉપાશ્રયમાં ગૌચરી લાવ્યા પછીની વિધિ :-

**૮૭** सिया य भिक्खू इच्छेज्जा, सेज्जमागम्म भोत्तुयं ।
सपिंडपायमागम्म, उंडुयं पडिलेहिया ॥

**છાયાનુવાદ :** स्याच्च भिक्षुरिच्छेत्, शय्यामागम्य भोक्तुम् ।
सपिण्डपातमागम्य, उंडुयं प्रतिलेख्य ॥

**શબ્દાર્થ :–** **सिया** = કદાચિત્ **भिक्खू** = સાધુ **सेज्जं** = ઉપાશ્રયમાં **आगम्म** = આવીને **भोत्तुयं** = ભોજન કરવાની **इच्छिज्जा** = ઈચ્છા કરે તો **सपिंडपायं** = તે શુદ્ધ ભિક્ષા સહિત, આહાર યુક્ત પાત્રોને લઈને **आगम्म** = આવીને **उंडुयं** = ઉટ્જ–ઘર, મકાન, ઉપાશ્રયનું **पडिलेहिया** = પ્રતિલેખન કરે.

**ભાવાર્થ :–** જો સાધુ પોતાના સ્થાને આવીને આહાર કરવા ઈચ્છે તો આહાર યુક્ત પાત્ર સાથે આવીને ઉપાશ્રયની પ્રતિલેખના કરે અર્થાત્ ઉપાશ્રયમાં આવે.

**૮૮** विणएणं पविसित्ता, सगासे गुरुणो मुणी ।
इरियावहियमायाय, आगओ य पडिक्कम्मे ॥

**છાયાનુવાદ :** विनयेन प्रविश्य, सकाशे गुरोर्मुनिः ।
ईर्यापथिकीमादाय, आगतश्च प्रतिक्रामेत् ॥

**શબ્દાર્થ :–** **मुणी** = મુનિ **विणएणं** = વિનયથી **पविसित्ता** = ઉપાશ્રયમાં પ્રવેશ કરીને **गुरुणो** = ગુરુની **सगासे** = સમીપે **इरियावहियं** = ઈરિયાપથિક સૂત્રને **आयाय** = ભણીને **य** = તથા **आगओ** = ગુરુની પાસે **पडिक्कमे** = પ્રતિક્રમણ કરે, કાયોત્સર્ગ કરે.

**ભાવાર્થ :–** ત્યારપછી વિનયપૂર્વક ઉપાશ્રયમાં પ્રવેશ કરીને ગુરુની સમીપે ઉપસ્થિત થાય, ઈર્યાપથિકી કાયોત્સર્ગ કરે અને ગુરુ સમક્ષ આવી આલોચના પ્રતિક્રમણ કરે.

**૮૯** आभोइत्ताण णीसेसं, अइयारं जहक्कमं ।
गमणागमणे चेव, भत्तपाणे व संजए ॥

**છાયાનુવાદ :** **आभोग्य निःशेषम्, अतिचारं यथाक्रमम् ।**
**गमनागमने चेव, भक्तपाने च संयतः ॥**

**શબ્દાર્થ :– संजए** = સાધુ **गमणागमणे** = ગમનાગમનની ક્રિયામાં **भत्तपाणे** = આહાર–પાણી વહોરવામાં લાગેલા **णिसेसं** = સંપૂર્ણ **अइयारं** = અતિચારોને **जहक्कमं** = અનુક્રમથી **आभोइत्ताण** = વિચાર કરીને જાણે, યાદ કરે.

**ભાવાર્થ :–** આલોચના પ્રતિક્રમણ કરતાં પહેલાં મુનિ ગમનાગમન અને આહાર પાણીની ગવેષણાના અતિચારોને ક્રમપૂર્વક યાદ કરી લે.

**૯૦** **उज्जुपण्णो अणुव्विग्गो, अव्वक्खित्तेण चेयसा ।**
**आलोए गुरूसगासे, जं जहा गहियं भवे ॥**

**છાયાનુવાદ :** **ऋजुप्रज्ञः अनुद्विग्नः, अव्याक्षिप्तेन चेतसा ।**
**आलोचयेद् गुरुसकासे, यद्यथागृहीतं भवेत् ॥**

**શબ્દાર્થ :– उज्जुपण्णो** = સરલ બુદ્ધિવાળો, ઋજુ પ્રાજ્ઞ **अणुव्विग्गो** = ઉદ્વેગ રહિત મુનિ, શાંત સ્વભાવી **जं** = જે પદાર્થ **जहा** = જે પ્રમાણે **गहिअं** = ગ્રહણ કર્યા **भवे** = હોય તેને તેવા પ્રકારથી **अव्वक्खित्तेण चेयसा** = અવ્યાક્ષિપ્ત(અવિક્ષિપ્ત) ચિત્તથી, એકાગ્ર ચિત્તે **गुरूसगासे** = ગુરુ સમીપે **आलोए** = આલોચના કરે, કહે.

**ભાવાર્થ :–** આ રીતે કાયોત્સર્ગ કરી, અતિચારોને યાદ કર્યા પછી ઋજુ પ્રાજ્ઞ(સરલ બુદ્ધિવાળા) શાંત સ્વભાવી મુનિ એકાગ્ર ચિત્તથી ગુરુની સમીપે આલોચના કરે અર્થાત્ જે રીતે આહાર–પાણી પ્રાપ્ત કર્યા હોય તે રીતે ગુરુને કહે.

**૯૧** **ण सम्ममालोइयं होज्जा, पुव्विं पच्छा व जं कडं ।**
**पुणो पडिक्कमे तस्स, वोसट्ठो चिंतए इमं ॥**

**છાયાનુવાદ :** **न सम्यगालोचितं भवेत्, पूर्वपश्चाद्वा यत्कृतम् ।**
**पुनः प्रतिक्रामेत तस्य, व्युत्सृष्टश्चिन्तयेदिदम् ॥**

**શબ્દાર્થ :– पुव्विं** = પૂર્વે, પહેલાં **पच्छा** = પશ્ચાત્, પછી **कडं** = કરેલા **जं** = જે અતિચારોની **सम्मं** = સમ્યક્ પ્રકારથી **आलोइयं** = આલોચના **ण हुज्जा** = ન થઈ હોય તો **तस्स** = તેનું **पुणो** = ફરી, બીજીવાર **पडिक्कमे** = પ્રતિક્રમણ કરે **वोसट्ठो** = કાયોત્સર્ગ કરીને **इमं** = આ પ્રમાણે **चिंतए** = ચિંતન કરે.

**ભાવાર્થ :–** પહેલાં કે પછી થયેલા દોષોની કદાચિત્ તે વખતે બરાબર આલોચના ન થઈ હોય તો બીજીવાર પણ તેનું પ્રતિક્રમણ કરે અને ત્યારપછી કાયોત્સર્ગ કરી આ પ્રકારનું ચિંતન કરે.

**૯૨** **अहो जिणेहिं असावज्जा, वित्ती साहूण देसिया ।**
**मोक्खसाहणहेउस्स, साहुदेहस्स धारणा ॥**

**છાયાનુવાદ :** **अहो ! जिनैरसावद्या, वृत्तिः साधूनां दर्शिता ।**
**मोक्षसाधनहेतोः, साधुदेहस्य धारणाय ॥**

**શબ્દાર્થ :– अहो** = આશ્ચર્ય છે કે, "અહો" આ આહ્લાદ ભાવયુક્ત ઉચ્ચારણ છે **जिणेहिं** = જિનેશ્વરોએ **साहूण** = સાધુઓને માટે **असावज्जा** = અસાવદ્ય–પાપ રહિત **वित्ती** = ગોચરીરૂપ વૃત્તિ **देसिया** = ઉપદેશ આપ્યો છે **मोक्खसाहणहेउस्स** = તે મોક્ષ સાધનાના હેતુ ભૂત **साहुदेहस्स** = સાધુના શરીરને **धारणा** = ધારણ કરવા માટે છે.

**ભાવાર્થ :–** અહો ! શ્રી જિનેશ્વરોએ મોક્ષના સાધનરૂપ જ્ઞાન, દર્શન અને ચારિત્રના આધારભૂત શ્રમણ દેહને ધારણ કરવા માટે કેવી નિર્દોષ(ગવેષણા)વૃત્તિ દેખાડી છે કે તેમાં કોઈપણ પાપ દોષ વિના શરીરનું સંરક્ષણ થાય છે અને મોક્ષની સાધનામાં પણ વિઘ્ન ન થાય.

**૯૩** **णमुक्कारेण पारेत्ता, करित्ता जिणसंथवं ।**
**सज्झायं पट्ठवित्ताणं, वीसमेज्ज खणं मुणी ॥**

**છાયાનુવાદ :** **नमस्कारेण पारयित्वा, कृत्वा जिनसंस्तवम् ।**
**स्वाध्यायं प्रस्थाप्य, विश्राम्येत् क्षणं मुनिः ॥**

**શબ્દાર્થ :– णमुक्कारेण** = નમસ્કાર મંત્રથી **पारित्ता** = કાયોત્સર્ગ પાળીને **करित्ता जिणसंथवं** = લોગસ્સના પાઠનું ઉચ્ચારણ કરીને **सज्झायं** = સ્વાધ્યાયને **पट्ठवित्ताणं** = સંપૂર્ણ કરી **मुणी** = મુનિ **खणं** = ક્ષણમાત્ર **वीसमेज्ज** = વિશ્રામ લે.

**ભાવાર્થ :–** કાયોત્સર્ગમાં ઉપરનું ચિંતન કરી, નમસ્કાર મંત્રનું ઉચ્ચારણ કરી, કાયોત્સર્ગથી નિવૃત્ત થયા, પછી મુનિ જિનેશ્વર દેવોની સ્તુતિરૂપ લોગસ્સના પાઠનું ઉચ્ચારણ કરે અને અલ્પ સ્વાધ્યાય કરીને ક્ષણવાર વિશ્રાંતિ કરે.

**૯૪** **वीसमंतो इमं चिंते, हियमट्ठं लाभमट्ठिओ ।**
**जइ मे अणुग्गहं कुज्जा, साहू हुज्जामि तारिओ ॥**

**છાયાનુવાદ :** विश्राम्यन् इमं चिन्तयेत् हितमर्थं लाभार्थिकः ।
यदि मे अनुग्रहं कुर्यात्, साधुर्भवामि तारितः ॥

**શબ્દાર્થ :– लाभमट्ठिओ** = નિર્જરાના લાભનો અર્થી સાધુ **वीसमंतो** = વિશ્રામ કરતો **इमं** = આ પ્રમાણે **हियमट्ठं** = હિતકારી **चिंते** = ચિંતન કરે કે **जइ** = જે કોઈ **साहू** = સાધુ, શ્રેષ્ઠ **मे** = મારા ઉપર **अणुग्गहं** = આહાર લેવાનો અનુગ્રહ **कुज्जा** = કરે તો હું **तारिओ** = ભવસમુદ્રથી તરી **हुज्जामि** = જાઉં.

**ભાવાર્થ :–** નિર્જરારૂપ લાભનો ઈચ્છુક મુનિ વિશ્રામ કરતા આ પ્રમાણે કલ્યાણકારી ચિંતન કરે કે "કોઈપણ મુનિવર મારા ઉપર અનુગ્રહ કરીને આ મારા આહારમાંથી થોડું લે તો હું સંસાર સમુદ્રથી તરી જાઉં."

**૯૫** साहवो तो चियत्तेणं, णिमंतेज्ज जहक्कमं ।
जइ तत्थ केइ इच्छेज्जा, तेहिं सद्धिं तु भुंजए ॥

**છાયાનુવાદ :** साधुस्ततो चियत्तेण, निमन्त्रयेद् यथाक्रमम् ।
यदि तत्र केचिद् इच्छेयुः, तैः सार्धं तु भुञ्जीत ॥

**શબ્દાર્થ :– तो** = તે માટે, ત્યાર પછી **साहवो** = સાધુઓને **चियत्तेणं** = પ્રીતિપૂર્વક **जहक्कमं** = યથાક્રમે, અનુક્રમે **णिमंतिज्ज** = નિમંત્રણ આપે **जइ** = જો **तत्थ** = તે નિમંત્રિત સાધુઓમાંથી **केइ** = કોઈ **इच्छिज्जा** = ભોજન કરવાનું ઈચ્છે તો **तेहिं सद्धिं** = તેઓની સાથે **भुंजए** = ભોજન કરે.

**ભાવાર્થ :–** આ પ્રમાણે વિચારીને દીક્ષાપર્યાયના ક્રમથી બધા શ્રમણોને આમંત્રણ આપે અને આમંત્રણ આપતાં જો કોઈ સાધુ આહાર કરવાની ઈચ્છા કરે તો તેની સાથે આહાર કરે.

**૯૬** अह कोइ ण इच्छिज्जा, तओ भुंज्जेज्ज एगओ ।
आलोए भायणे साहु, जयं अपरिसाडियं ॥

**છાયાનુવાદ :** अथ कोऽपि नेच्छेत्, ततो भुञ्जीतैककः ।
आलोके भाजने साधुः, यतं अपरिशाटयन् ॥

**શબ્દાર્થ :– अह** = જો નિમંત્રણ કરવા છતાં એ **कोइ** = કોઈ સાધુ **ण इच्छिज्जा** = આહાર લેવાની ઈચ્છા ન કરે **तओ** = તો, ત્યારે **साहू** = તે નિમંત્રણ કરનાર સાધુ **एगओ** = એકલો જ **आलोए भायणे** = પ્રકાશ યુક્ત પહોળા પાત્રમાં **जयं** = યતનાપૂર્વક **अपरिसाडियं** = નીચે નહીં વેરતાં, ઢોળતાં **भुंजिज्ज** = ભોજન કરે.

**ભાવાર્થ :–** જો કોઈ સાધુ આહાર કરવા ન ઈચ્છે તો તે એકલો જ પહોળા મુખવાળા ભાજનમાં(પાત્રમાં)

યતનાપૂર્વક, નીચે ન વેરાય તેવી રીતે આહાર કરે.

## વિવેચન :–

પ્રસ્તુત આઠ ગાથાઓમાં ગૌચરી ગયેલા સાધુની ઉપાશ્રયમાં પ્રવેશવિધિ, આલોચનાવિધિ, આહાર નિમંત્રણ વિધિ અને અંતે આહાર કરવાની વિધિનું ક્રમશઃ નિરૂપણ છે.

**सपिंडपायमागम उंडुयं पडिलेहिया :–** જે ભિક્ષુ સ્વસ્થાને આવીને આહાર કરવા ઈચ્છે છે તે **सपिंडपायम्**– આહારના પાત્ર સહિત **आगम्म**– આવીને, **उंडुयं पडिलेहिया**– મકાનની–ઉપાશ્રયની પ્રતિલેખના કરે અર્થાત્ ઉપાશ્રયમાં આવે. આ રીતે સત્યાસીમી ગાથાનો સંપૂર્ણ અર્થ છે– ગુરુની આજ્ઞાપૂર્વક ગોચરી ગયેલા ભિક્ષુ ઉપાશ્રયમાં આવીને આહાર કરવા ઈચ્છે તો વિધિપૂર્વક ઉપાશ્રયમાં પ્રવેશ કરે.

**विणएणं पविसित्ता :–** સૂત્રકારે આ શબ્દ દ્વારા પ્રવેશ વિધિને સૂચિત કરી છે. વિનયપૂર્વક ઉપાશ્રયમાં પ્રવેશ કરે. સહુ પ્રથમ **मत्थएणं वंदामि** શબ્દોચાર દ્વારા વિનય પ્રગટ કરે. તેની સાથે જ **निस्सिही निस्सिही** શબ્દનું ત્રણ વાર ઉચ્ચારણ કરે. તે શબ્દોચ્ચાર દ્વારા ગુરુને સૂચન કરે કે "આપની આજ્ઞાપૂર્વક ગોચરીના આવશ્યક કાર્યથી નિવૃત્ત થાઉં છું.' ત્યારપછી **सगासे गुरुणो** = ગુરુની સમીપે જાય. પ્રસ્તુત ગાથામાં ગુરુને આહાર પાણી દેખાડવા તેવો પાઠ નથી પરંતુ ગુરુની સમીપે જવાનું તાત્પર્ય એ જ છે કે ત્યાં જઈને વિનયપૂર્વક આહાર પાણી દેખાડે અને **इरियावहियमायाय पडिक्कम्मे** = ઈરિયાવહિના પાઠથી ગમના– ગમનનું પ્રતિક્રમણ કરે.

**आभोइत्ताण... :–** ગાથા અઠ્યાસીમાં ઈર્યાવહિ સુધીનું કથન કર્યા પછી આ નેવ્યાસીમી ગાથામાં બતાવ્યું છે કે મુનિ સંપૂર્ણ અતિચારોને ગુરુ સમક્ષ પ્રગટ કરતાં પહેલાં સ્વયં વ્યવસ્થિત રીતે યાદ કરી લે– (૧) ગમનાગમન માર્ગ સંબંધી (૨) આહાર પાણીની ગવેષણા સંબંધી. તે સિવાય કોઈ વિશેષ વાર્તા કે પ્રસંગ કોઈ ગૃહસ્થના ઘરમાં થયો હોય કે દેખ્યો હોય તો તેને પણ સ્મૃતિમાં લે અને વિચાર કરે કે તેમાં મને કયો અતિચાર દોષ, અનાચાર દોષ લાગ્યો છે ? અને તેમાં ગુરુ સમક્ષ આલોચના કરવાનું શું છે ? તેને ક્રમ પ્રમાણે યાદ કરીને તેમજ ગોઠવણી કરીને યથાર્થ ભાવે વિચારે; ગાથાના પૂવાર્દ્ધનો આ ભાવ છે.

**आलोए गुरुसगासे :–** સાધુ આત્મ વિશુદ્ધિ માટે ગુરુ સમક્ષ અથવા ગુરુની આજ્ઞાપૂર્વક અન્ય વડીલ શ્રમણ સમક્ષ આલોચના કરે. ગાથા નેવ્યાસી પ્રમાણે અનુશીલન ચિંતન કર્યા પછી આ ગાથા નેવુંમાં મુનિને ગુરુ સમક્ષ આલોચના કરવાનું સૂચન છે. તે માટે ગાથાના પૂર્વાર્ધમાં આલોચના કરનાર વ્યક્તિના ત્રણ આવશ્યક ગુણો દર્શાવ્યા છે– (૧) તે આલોચના કરનાર ભિક્ષુ **उज्जुपण्णो** = સરલ બુદ્ધિવાળો થઈને આલોચના કરે. (૨) ઉદ્વેગ રહિત–શાંત સ્વભાવે અને ગંભીર હૃદયે આલોચના કરે. (૩) એકાગ્રચિત્ત થઈને આલોચના કરે. તાત્પર્ય એ છે કે આલોચના સમયે (૧) કંઈ પણ છુપાવવાની વૃત્તિ ન થવી જોઈએ (૨) આહાર કરવા વગેરેની ઉતાવળ, વ્યગ્રતા ન થવી જોઈએ (૩) ચિત્ત કે ચિંતન ધારા ક્યાંય

બીજે ન જવી જોઈએ.

**जं जहा गहियं भवे :–** ગાથા નેવુંના આ ચોથા ચરણમાં ગુરુ સમક્ષ શું આલોચના કરે તેને સ્પષ્ટ કર્યું છે. તે વાક્યના બે પ્રકારે અર્થ થાય છે– (૧) ગાથા નેવ્યાસી અનુસાર મુનિએ જે જે વિષય અને અતિચાર દોષ (ગમનાગમન તથા ગૌચરીના) યાદ કર્યા છે તે વિષયોને અને દોષોને ગુરુ સમક્ષ પ્રગટ કરે (૨) **जं जहा** = જે જે રીતે, જે જે પદાર્થ **गहियं भवे** = ગ્રહણ કર્યા છે, લેવામાં આવ્યા છે તે તે વિષયની આલોચના કરે. આ બંને ય અર્થ અહીં સાપેક્ષ છે, પ્રાસંગિક છે.

**पुणो पडिक्कमे :–** પહેલાં કે પછીના કોઈપણ અતિચાર વગેરેના વિષયો છદ્મસ્થ દશાના કારણે ચિંતન, ગ્રહણ કે આલોચના પ્રતિક્રમણમાં રહી ગયા હોય તો મુનિ તેને શાંતિથી ફરી ફરી યાદ કરી, ગુરુ સમક્ષ આલોચના પ્રતિક્રમણ કરી લે. તેમાં કોઈ પ્રકારનો સંકોચ ભાવ કે આળસ મુનિ ન કરે. અહીં વ્યાખ્યાકારોએ એક વાત વિશેષ સ્પષ્ટ કરી છે કે ગુરુ તે સમયે કોઈ કાર્યમાં વ્યસ્ત હોય; રુગ્ણ, વૃદ્ધ અવસ્થામાં હોય અથવા ધ્યાન વગેરે સાધનામાં લીન હોય, ત્યારે મુનિ ગુરુ દ્વારા નિયુક્ત, પૂર્વ સૂચિત કોઈપણ સ્થવિર, વડીલ શ્રમણ પાસે આલોચના વગેરે કરે.

**वोसट्ठो चिंतए इमं :–** આલોચનાનું કાર્ય પૂર્ણ કર્યા પછી મુનિને પોતાની સંયમ વૃત્તિ કે ભિક્ષાવૃત્તિ અથવા તો જિનેશ્વર દ્વારા ઉપદિષ્ટ આ સંયમ માર્ગ પ્રત્યે અંતર મનમાં અનુમોદના અને અહોભાવ પ્રકટ કરવાનો સંદેશ એકાણુંમી ગાથાના આ અંતિમ ચરણમાં આપ્યો છે કે મુનિ કાયોત્સર્ગપૂર્વક આ પ્રકારે(બાણુંમી ગાથા પ્રમાણે) ચિંતન કરે.

**अहोजिणेहिं... :–** આ બાણુંમી ગાથામાં અહોભાવવાળા ચિંતનના વિષયને સ્પષ્ટ કર્યો છે. સંસારમાં લોકો શરીર પોષણ, પરિવાર પોષણ અને ઈન્દ્રિય પોષણ માટે વિવિધ પ્રવૃત્તિઓ–પાપાચરણોનું સેવન કરે છે. તેમાંથી મુનિને ઇન્દ્રિય પોષણ તો હોય જ નહીં કેમ કે તે તેના સર્વથા ત્યાગી હોય છે.

શરીર પોષણ અને પરિવાર પોષણ પણ મુનિઓને હોતું નથી પરંતુ તેની જગ્યા શરીર નિર્વાહ વૃત્તિ અને શિષ્ય પરિવાર(સમુદાય) નિર્વાહવૃત્તિ તેઓને હોય છે. તેમ છતાં ત્રિકાલદર્શી પરમ કૃપાળુ સર્વજ્ઞ પ્રભુએ શ્રમણ જીવનના નિર્વાહ માટે અનુપમ નિર્દોષ ભિક્ષા વૃત્તિનું નિરૂપણ કર્યું છે. તે ભિક્ષા વૃત્તિ માટે પ્રભુએ બેતાલીસ, સુડતાલીસ અને અપેક્ષાએ સેંકડો નિયમ ઉપનિયમોનું સૂચન અનેક આગમોમાં કર્યું છે. [તેનું સંકલન આ પુસ્તકમાં પરિશિષ્ટરૂપે આપ્યું છે.] તેમાં પ્રસ્તુત દશવૈકાલિક સૂત્રના આ અધ્યયનમાં અને આચારાંગ ૨/૧/૧–૧૧માં એકી સાથે સુવિસ્તૃત માર્ગદર્શન છે.

આ સર્વ માર્ગદર્શન અને સૂચનોને નજરમાં રાખી, સાધક ગોચરી પ્રસંગે આલોચના પ્રતિક્રમણ કર્યા પછી, કાયોત્સર્ગ મુદ્રામાં વીતરાગ માર્ગ પ્રત્યે અહોભાવમાં આ રીતે લીન બને કે મારે મોક્ષપ્રાપ્તિની સાધના કરવી છે અને તે સાધના આ માનવ શરીરના માધ્યમે જ થાય છે તથા આ શરીરને ટકાવવા, તેનામાં આહારના પુદ્ગલોનો પ્રક્ષેપ કરવો આવશ્યક થાય છે. તે આહાર પુદ્ગલોને પ્રાપ્ત કરવા ગૌચરીની આ નિષ્પાપ વૃત્તિ જિનેશ્વરોએ દર્શાવીને અનુપમ ઉપકાર કર્યો છે. મારા પણ મહાન શુભ કર્મ સંયોગ છે કે મને આવો સુઅવસર પ્રાપ્ત થયો છે. આ રીતે આહાર કરવા પહેલાં જિનવાણીની અનુમોદના કરી

ભિક્ષુ મહાનિર્જરાનો લાભ પ્રાપ્ત કરે, એવો આ બાણુંમી ગાથાનો ઘોષ છે. માટે સાધુ આ ગાથાના પ્રત્યેક પદોને અને તેના ભાવોને પોતાની રગે–રગમાં રમાવી દે.

**णमुक्कारेणं... :–** ઈર્યાવહિ અને ગૌચરી સંબંધી પ્રતિક્રમણ થયા પછી જિનવાણી પ્રત્યે અહોભાવ ચિંતનનો કાયોત્સર્ગ પૂર્ણ થતાં, તે પછીની વિધિ આ ત્રાણુંમી ગાથામાં કહી છે. તેના ભાવ સરળ અને સ્પષ્ટ છે કે મુનિ નમસ્કાર મંત્રના ઉચ્ચારણ સાથે કાયોત્સર્ગની પરિસમાપ્તિ કરતાં ચોવીસ જિનેશ્વરોની ભક્તિ સ્તુતિ માટે લોગસ્સના પાઠનું ઉચ્ચારણ કરે, શાસ્ત્રનો સ્વાધ્યાય કરે અને કંઈક વિશ્રામ કરે. તે વિશ્રામ સમયે સાધર્મિક શ્રમણોને અને ગુરુ ભગવંતોને પોતાના આહારમાંથી અર્પણ કરવાનો સંકલ્પ કરે.

ગાથા ચોરાણુંમાં આહાર નિમંત્રણનું સંકલ્પ અને ગાથા પંચાણુંમાં નિમંત્રણ વિધિ તથા સધાર્મિક સાથે ભોજન તેમજ ગાથા છન્નુંમાં કોઈ શ્રમણ નિમંત્રણ સ્વીકાર ન કરે ત્યારે પોતાને પ્રાપ્ત આહાર સ્વયં કરવો, વગેરે ભાવો છે.

**हियमट्ठं लाभमट्ठिओ :–** લાભાર્થી = મોક્ષાર્થી, નિર્જરાર્થી મુનિ. હિતકારી = આત્મહિતનું ચિંતન કરે. આ બે શબ્દોમાંથી એક શબ્દ સાધુનું વિશેષણ છે અને એક શબ્દ ચિંતનનું વિશેષણ છે.

**णिमंतेज्ज जहक्कमं :–** શ્રમણ સમુદાયમાં આહાર કરવાની પદ્ધતિ બે પ્રકારે હોય છે– (૧) એક મંડલમાં સામુહિક આહાર કરનાર (૨) સ્વતંત્ર અભિગ્રહ યુક્ત આહાર કરનાર. સામુહિક આહાર કરનાર શ્રમણ દ્વારા પોતાના વિભાગમાં આવેલા આહારમાંથી વડીલના ક્રમથી નિમંત્રણ કરવું અને અભિગ્રહધારી શ્રમણ દ્વારા પોતાની સ્વતંત્ર લાવેલી ગૌચરીમાંથી નિમંત્રણ કરવું. નિમંત્રણ કરવામાં કોઈ શ્રમણની આવશ્યકતાની પૂર્તિ થઈ જાય છે. નિમંત્રણ કરનારને પોતાના હકના ત્યાગનો લાભ થાય છે. તેથી પરસ્પરમાં માન–સન્માન, પ્રીતિ ભાવની વૃદ્ધિ થાય છે. **નિમંત્રણનો ક્રમ છે–** આચાર્ય, ઉપાધ્યાય, દીક્ષા સ્થવિર, વય સ્થવિર, રોગી, તપસ્વી, નવાગંતુક, નવદીક્ષિત, રત્નાધિક અને અંતે નાના શ્રમણોને નિમંત્રણ કરવું. ક્રમ સાચવવાથી કોઈનો અવિનય ન થાય.

**आलोए भायणे :–** નિમંત્રણ વિધિ પૂર્ણ થતાં ગાથા છન્નુંમાં આહાર કરવાની વિધિ દર્શાવી છે કે મુનિ પહોળા મુખવાળા પાત્રમાં આહાર કરે. પહોળા પાત્રમાં આહાર કરતાં આહારના પદાર્થોમાં જીવ જંતુની પ્રતિલેખના બરોબર થાય અને કોઈ અખાદ્ય પદાર્થ–કાંકરો, કચરો વગેરે હોય તો સહજ દેખાય જાય.

**जयं अपरिसाडियं :–** આ શબ્દથી મુનિની કાયિક યતના સૂચિત કરી છે કે આહાર કરતા મુનિ અંશ માત્ર પણ ઢોળ્યા વિના યતનાપૂર્વક આહાર કરે, નીચે ભૂમિ પર કંઈ વેરાય નહીં. ઢોળાવાથી ખાદ્ય પદાર્થનો વિનાશ થાય, સફાઈ કરવાના કાર્યની વૃદ્ધિ થાય અને જીવોની વિરાધના થાય. માટે મુનિ પૂર્ણ જયણાપૂર્વક આહાર કરે.

આહાર નિમંત્રણની વિસ્તૃત વિધિ અને આહાર કરવા સંબંધી વિવેકનું વર્ણન પ્રશ્નવ્યાકરણ સૂત્ર ૨/૧/૧૧ પૃષ્ટ ૧૬૪થી જાણવું.

## પરિભોગેષણાના ધૂમ–દોષનો વિવેક :-

**૯૭** तित्तगं च कडुयं च कसायं, अंबिलं च महुरं लवणं वा ।
एयं लद्धमण्णत्थ पउत्तं, महुघयं व भुंजिज्ज संजए ॥

**છાયાનુવાદ :** तिक्तकं वा कटुकं वा कषायं, अम्लं वा मधुरं लवणं वा ।
एतल्लब्धमन्यार्थप्रयुक्तं, मधुघृतमिव भुञ्जीत संयतः ॥

**શબ્દાર્થ :–** **संजए** = યતનાવાન સાધુ, મુનિ **एयं** = આ પ્રકારની **लद्धं** = આગમોક્ત વિધિથી મળેલ **अण्णत्थ पउत्तं** = અન્યને માટે બનાવેલ **तित्तगं** = તિખું, અતિ મરચાવાળું **कडुयं** = કટુક **कसायं** = કષાયેલું, તૂરું **अंबिलं** = ખાટું **महुरं** = મધુર **लवणं** = ખારું હોય તો તેને પણ **महुघयं व** = ઘી–સાકરની જેમ માની પ્રસન્નતાની સાથે **भुंजिज्ज** = ખાય, વાપરે.

**ભાવાર્થ :–** ગૃહસ્થે પોતાને માટે બનાવેલું અને સાધુએ વિધિપૂર્વક મેળવેલું તે ભોજન તીખું, કડવું, કસાયેલું, ખાટું, મધુર કે ખારું ગમે તેવું હોય પરંતુ મુનિ તેને ઘી–સાકરની જેમ માનીને પ્રેમપૂર્વક વાપરે, આરોગે.

**૯૮** अरसं विरसं वावि, सूइयं वा असूइयं ।
उल्लं वा जइ वा सुक्कं, मंथुकुम्मासभोयणं ॥

**૯૯** उप्पण्णं णाइहीलिज्जा, अप्पं वा बहु फासुयं ।
मुहालद्धं मुहाजीवी, भुंजेज्जा दोसवज्जियं ।

**છાયાનુવાદ :** अरसं विरसं वाऽपि, सूपितं वाऽसूपितम् ।
आर्द्रं वा यदि वा शुष्कं, मन्थुकुल्माषभोजनम् ॥९८॥

उत्पन्नं नातिहीलयेत्, अल्पमपि बहु प्रासुकम् ।
मुधालब्धं मुधाजीवी, भुञ्जीत दोषवर्जितम् ॥९९॥

**શબ્દાર્થ :–** **उप्पण्णं** = વિધિથી પ્રાપ્ત કરેલો આહાર **अरसं** = રસ રહિત **विरसं** = વિપરીત રસવાળો, અમનોજ્ઞ રસવાળો **सूइयं** = સંસ્કારિત, મસાલેદાર **असूइयं** = સંસ્કાર ન કરેલો, વઘાર ન કરેલો, મસાલા રહિત **उल्लं** = રસવંતો **सुक्कं** = શુષ્ક **मंथुं** = બોરચૂર્ણ **कुम्मासभोयणं** = અડદના બાકળાનો આહાર **अप्पं वा** = અલ્પ પ્રમાણમાં **बहुफासुयं** = ઘણા પ્રમાણમાં હોય, પર્યાપ્ત હોય **णाइहीलिज्जा** = તેની અવહેલના ન કરે, પરંતુ **मुहाजीवी** = નિઃસ્પૃહભાવે, અનાસક્તભાવે જીવન જીવનાર **मुहालद्धं** = પ્રત્યુપકાર વિના સહજ પ્રાપ્ત **फासियं** = પ્રાસુક આહાર **दोसवज्जियं** = સંયોજનાદિ દોષોથી

રહિત **ભુંજિજ્જા** = પ્રસન્નતાથી સેવન કરે.

**ભાવાર્થ :–** પ્રાપ્ત થયેલો આહાર સ્વાદ રહિત હોય કે અમનોજ્ઞ સ્વાદવાળો હોય, મસાલેદાર હોય કે મસાલા રહિત હોય, રસદાર હોય કે શુષ્ક હોય, બોરનું ચૂર્ણ હોય કે અડદના બાકળાનું ભોજન હોય, તેમજ ભોજન અલ્પ મળે કે વધુ મળે પરંતુ મળેલા આહારની કે દાતાની મુનિ નિંદા ન કરે અને અતિ પ્રશંસા પણ ન કરે પરંતુ નિઃસ્પૃહ ભાવે કેવળ સંયમનું ધ્યેય રાખીને જીવનાર ભિક્ષુ અચિત્ત, નિર્દોષ અને સહજ પ્રાપ્ત થયેલા આહારને પવિત્ર પરિણામથી માંડલાના દોષ ટાળીને આરોગે. ॥૯૮–૯૯॥

## વિવેચન :–

પરિભોગેષણાના(માંડલાના) મુખ્ય પાંચ દોષ છે, તેમાં બીજો **ધૂમદોષ** છે. તે દોષથી સાધક મુક્ત રહે, તે માટે પ્રસ્તુત ત્રણ ગાથાઓમાં વિભિન્ન રીતે માર્ગદર્શન આપ્યું છે. *[* માંડલાના પાંચ દોષોનું સ્પષ્ટી– કરણ પરિશિષ્ટમાં જુઓ *]*

**तित्तगं :–** ગાથા–૯૭ના પૂર્વાર્ધમાં ભોજનના ષટ્રસોનો ઉલ્લેખ છે. ષટ્રસ ભોજન સાહિત્યિક ગ્રંથોમાં અને ધાર્મિક ગ્રંથોમાં પ્રસિદ્ધ છે. તે અનુસાર અહીં ભોજનના પદાર્થો સંબંધી વર્ણનમાં ષટ્રસોના નામ છે. તેમ છતાં આગમના તત્ત્વ વર્ણનોમાં રસના પાંચ ભેદ કરવામાં આવે છે તે સાપેક્ષ છે. તેમાં મીઠુંને જુદુ ન કહેતા કોઈમાં સમાવેશ કરવામાં આવે છે. પાંચ રસ– (૧) તિક્ત(તીખો) = સૂંઠ, મરી આદિ (૨) કટુક (કડવો) = લીમડો, કારેલા આદિ (૩) કષાયેલો(તૂરો) = હરડે, બહેડા, ત્રિફલા વગેરે (૪) ખાટો = આંબલી લીંબુ આદિ (૫) મીઠો(મધુર) = ગોળ, ખાંડ, સાકર વગેરે. સાધુને કોઈપણ રસવાળા ખાદ્ય પદાર્થ પ્રાપ્ત થઈ શકે છે.

**अण्णत्थ पउत्तं :–** શ્રમણ જે કંઈ પણ ભિક્ષામાં ગ્રહણ કરે તે અન્ય માટે(ગૃહસ્થ માટે) બનાવેલા પદાર્થને જ ગ્રહણ કરે છે. તેનો નિર્દેશ કરતાં અહીં દર્શાવ્યું છે કે તે પદાર્થો અન્ય માટે બનાવેલા હોય છે; તેથી તે પદાર્થો તેની રૂચિ અને વિવેક અનુસાર જ હોય છે અને શ્રમણને તો નિર્દોષ મળ્યા છે, તેથી તેમાં મુનિ સમભાવ સંતોષ રાખે.

**महुघयं व भुंजिज्ज :– महु** શબ્દ અહીં મીઠા(મધુર) અર્થમાં પ્રયુક્ત છે. કોશમાં **महुमेह** = મીઠા મૂત્રનો રોગ અને **महुभोयण** = મીઠું ભોજન, એવા પ્રયોગ દર્શાવ્યા છે –*[ સચિત્ર અર્ધમાગધી કોશ પૃષ્ટ–૧૧૪ / ભાગ–૪ શતાવધાની પ. રત્નચંદ્રજી મ.સા.]*. ગૌચરી કરતાં મુનિ સમભાવ રાખી તિક્ત, કટુક વગેરે પ્રાપ્ત સર્વ પદાર્થોને ઘી–સાકર સમજીને સમભાવની પ્રસન્ન મુદ્રાથી આરોગે. ઘી–સાકરનું ભોજન સ્વાદની અપેક્ષા, ગુણની અપેક્ષા અને ઉચ્ચ પદાર્થની અપેક્ષા તથા વ્યવહાર પ્રવૃત્તિની અપેક્ષા શ્રેષ્ઠ અને તુષ્ટી પુષ્ટીવાળું ભોજન મનાય છે. તેને આરોગવામાં માનવને સહજ પ્રસન્નતા રહે છે. તેથી સૂત્રકારે તેની ઉપમા આપીને કહ્યું છે કે સાધુને નિર્દોષ તેમજ અન્ય માટે કૃત એવી પ્રાપ્ત ભિક્ષાના પદાર્થો અરસ કે વિરસ હોય તો પણ સુંદર પરિણામથી જ આરોગવા જોઈએ. કારણ કે સાધુને માટે આહારનો સ્વાદ નહીં પરંતુ તેની નિર્દોષતા જ પ્રસન્નતાનું કારણ બને છે. તેવા સુંદર પરિણામો માટે મુનિએ વૈરાગ્યભાવ

અને જિનાજ્ઞા પ્રત્યે બહુમાન રાખી, દેહલક્ષી કે સ્વાદલક્ષી વૃત્તિને દૂર કરીને આત્મ સંયમ લક્ષી વૃત્તિ રાખવી અત્યંત જરૂરી છે.

**अण्णत्थ पउत्तं** અને **महुघयं** શબ્દના અન્ય અર્થ પણ વ્યાખ્યાકારોએ કર્યા છે. પ્રસ્તુતમાં પ્રાસંગિક એક–એક અર્થ સ્વીકાર કરેલ છે.

**अरसं विरसं वावि.... :–** અરસ, વિરસ વગેરે શબ્દોનું તાત્પર્ય શબ્દાર્થ ભાવાર્થમાં સ્પષ્ટ કર્યું છે. ગાથા–૯૮માં આઠ શબ્દો આપ્યા છે અને ગાથા–૯૯ના પૂવાર્ધમાં કહ્યું છે કે તેવા પદાર્થ સાધુને નિર્દોષ ભિક્ષાવૃત્તિથી પ્રાપ્ત થયા છે, અત્યંત પ્રાસુક કલ્પનીય છે; તો પછી તે દેખાવમાં કે સ્વાદમાં કેવા પણ હોય, માત્રામાં અત્યલ્પ પ્રાપ્ત થયા હોય, તો ય ભિક્ષુ તે પદાર્થોની કે તેના સંબંધી દાતાની કોઈપણ પ્રકારે અવહેલના કરે નહીં અને તે નિમિત્તે પોતાનું મનોમાલિન્ય કરે નહીં.

**मुहालद्धं** = યંત્ર, મંત્ર, તંત્ર ઔષધિ વગેરેથી ઉપકાર કર્યા વિના જે આગમોક્ત ગવેષણા વિધિથી સહજ નિર્દોષ આહાર પ્રાપ્ત થાય તે આહાર **મુધાલબ્ધ** કહેવાય છે. જૈન મુનિ આહાર પ્રાપ્ત કરવા માટે કોઈપણ પ્રકારે આજીવિકા વૃત્તિ કરે નહીં; મહેનત, મજૂરી કરે નહીં; ગૃહસ્થનું કોઈ કાર્ય કરે નહીં પરંતુ પોતાના સંયમ નિર્વાહ માટે પ્રભુ આજ્ઞાથી ભિક્ષાવૃત્તિ દ્વારા આહાર પ્રાપ્ત કરે છે. તેનો તે આહાર પૂર્ણ રીતે મૂલ્ય રહિત(વગર મૂલ્યે) પ્રાપ્ત થાય છે તે કારણે અહીં સાધુના આહારને શાસ્ત્રકારે **मुहालद्धं** = વગર મૂલ્યે પ્રાપ્ત, એવા વિશિષ્ટ વિશેષણથી દર્શાવ્યો છે.

**मुहाजीवी :–** તેના બે અર્થ થાય છે– (૧) જે જાતિ કુલ આદિના આધારે આજીવિકા કરે નહીં તે, (૨) શરીર પુષ્ટિ અને ઈન્દ્રિય વિષય લાલસા આદિથી નિરપેક્ષ, માત્ર સંયમ નિવાહાર્થે નિઃસ્પૃહ અને અનાસક્ત ભાવથી જીવન જીવનારા. તાત્પર્ય એ છે કે ઉપદેશ આદિ કોઈ પ્રકારના બદલાની(પ્રત્યુપકારની) ઈચ્છા વિના નિઃસ્પૃહ ભાવથી જે કાંઈ આહાર મળે તેનાથી જે જીવન નિર્વાહ કરનાર હોય છે, તેને મુધાજીવી કહે છે.

આ વિષયને સમજાવવા માટે એક દષ્ટાંત ગ્રંથોમાં મળે છે. શ્રેષ્ઠ ધર્મની ઓળખાણ તે ધર્મના ગુરુથી જ થઈ શકે છે. જે ધર્મગુરુ નિઃસ્પૃહ અને નિઃસ્વાર્થ બુદ્ધિથી આહાર વગેરે લઈને જીવે છે, તેનો જ ધર્મ સર્વશ્રેષ્ઠ હોય છે. એકદા ધર્મ અને ધર્મ ગુરુની શ્રેષ્ઠતા નક્કી કરવા માટે એક રાજાએ ઘોષણા કરાવી કે રાજા ભિક્ષાચરોને લાડવાનું દાન દેવા ઈચ્છે છે. આ સાંભળી અનેક ભિક્ષાચરો આવ્યા. રાજાએ પ્રત્યેકને પૂછ્યું, આપ લોકો કેવી રીતે આપનો જીવન નિર્વાહ કરો છો ? તેમાંથી એક ભિક્ષુએ કહ્યું કે– હું કથક છું, "કથા કહીને મોઢાની પ્રવૃત્તિથી નિર્વાહ કરું છું." બીજાએ કહ્યું, હું સંદેશ વાહક છું એટલે પગની પ્રવૃત્તિથી નિર્વાહ કરું છું. ત્રીજો બોલ્યો, હું લેખક છું એટલે હાથની પ્રવૃત્તિથી નિર્વાહ કરું છું. ચોથાએ કહ્યું , હું લોકોનો અનુગ્રહ મેળવીને નિર્વાહ કરું છું અને અંતે પાંચમા જૈન ભિક્ષુએ કહ્યું, "હું સંસારથી વિરક્ત મુધાજીવી નિર્ગ્રંથ છું. હું નિઃસ્પૃહ ભાવથી આહાર પ્રાપ્ત કરું છું. તે આહારને અનાસક્તભાવે ભોગવી સંયમ નિર્વાહ કરી મોક્ષ સાધના માટે જીવું છું. તેના માટે કોઈ પ્રકારની અધીનતા કે પ્રતિબદ્ધતા સ્વીકાર કર્યા વગર જે કાંઈ આહાર મળી જાય તેમાં સંતોષી રહું છું. આ સાંભળીને રાજા ઘણા પ્રભાવિત થયા અને

તેને મુધાજીવી સાધુ જાણીને તેની પાસે પ્રવ્રજિત થઈ ગયા. તાત્પર્ય એ છે કે મોક્ષની સાધના કરનાર ગૃહત્યાગી માટે મુધાજીવી વૃત્તિ જ સર્વ અપેક્ષાએ શ્રેષ્ઠ અને હિતકારી છે.

**भुंजिज्जा दोसवज्जियं :–** મુનિ દોષોનો ત્યાગ કરીને નિર્દોષ રીતે આહાર કરે. શાસ્ત્રકારે આ ગાથાઓમાં આહાર સંબંધી દોષ વર્જિત વિધિ અને શુદ્ધિ બન્નેનું નિરૂપણ કર્યું છે– (૧) વિધિ = મુનિને જે પાત્રમાં ભોજન કરવાનું હોય તેનું મોઢું પહોળું અને ખુલ્લું હોવું જોઈએ. જેથી ભોજન કરતી વખતે તેમાં કોઈ જીવજંતુ હોય તો સારી રીતે જોઈ શકાય. તેવા ભાજનમાંથી આહારના કણો નીચે ન પડે, આજુબાજુ ન વેરાય, તે રીતે મુનિ યતનાપૂર્વક ભોજન કરે.

(૨) શુદ્ધિ = આત્મશુદ્ધિ માટે અને રસેન્દ્રિયના વિજય માટે શાસ્ત્રકારે અનેક સૂચનો કર્યા છે તેનું તાત્પર્ય એ છે કે નિર્દોષ આહારની પ્રાપ્તિ સાધુ માટે જેટલી મહત્ત્વની છે, તેટલી જ મહત્તા તેને નિર્દોષ રીતે ભોગવવાની છે. સાધુને પ્રાપ્ત થયેલો આહાર સરસ કે નીરસ, સ્નિગ્ધ કે શુષ્ક, કડવો, કષાયેલો આદિ કોઈ પણ રસવાળો હોય તો તેમાં મુનિ અંશ માત્ર રાગદ્વેષ કર્યા વિના સંપૂર્ણ સમભાવ સાથે, પ્રસન્ન ચિત્તે, ઘી–સાકર સમાન સમજીને તે આહારને વાપરે. આ રીતે મુનિ **भुंजेज्जा दोसवज्जियं** = દોષ રહિતપણે આહારને આરોગે.

પ્રસ્તુતમાં સાધુની આહાર વિધિને સૂત્રકારે વિસ્તારથી સમજાવી છે. તેમાં તેમનો ગહન આશય પ્રગટ થાય છે કે સાધુ આહાર કરવા છતાં અનાહારક ભાવને પુષ્ટ કરે, દેહાસક્તિને છોડી રસનેન્દ્રિય પર વિજય પ્રાપ્ત કરે અને વિનય, વૈયાવચ્ચ વૈરાગ્ય વગેરે આત્મગુણોને વિકસાવે.

## મુધાદાતા અને મુધાજીવીની સુગતિ :–

**૧૦૦** **दुल्लहा उ मुहादाई, मुहाजीवी वि दुल्लहा ।**
**मुहादाई मुहाजीवी, दोवि गच्छंति सुग्गइं ॥ त्ति बेमि ॥**

**છાયાનુવાદ : दुर्लभास्तु मुधादायिनः, मुधाजीविनोऽपि दुर्लभाः ।**
**मुधादायिनो मुधाजीविनः, द्वावपि गच्छतः सुगतिम् ॥इति ब्रवीमि॥**

**શબ્દાર્થ :– मुहादाई** = નિઃસ્વાર્થ બુદ્ધિથી દેનાર, ઐહિક આશા વગર દેનાર, મુધાદાતા **दुल्लहा** = દુર્લભ છે, અલ્પ હોય છે **मुहाजीवी** = મૂલ્ય ચૂકવ્યા વિના, પ્રત્યુપકાર કર્યા વિના, ગૃહસ્થનું કોઈ કાર્ય કર્યા વિના પ્રભુ આજ્ઞા અનુસાર ભિક્ષા લઈ સંયમ જીવન જીવનાર **दोवि** = બન્ને આત્મા **सुग्गइं** = સુગતિને **गच्छंति** = પ્રાપ્ત કરે છે **ति बेमि** = આ પ્રમાણે હું કહું છું.

**ભાવાર્થ :–** કોઈ પણ બદલાની આશા વિના કેવળ નિઃસ્વાર્થ ભાવથી ભિક્ષા આપનાર દાતા અને કોઈપણ રીતે મૂલ્ય ચૂકવ્યા વગર કેવળ સંયમના નિર્વાહ માટે પ્રભુ આજ્ઞાથી ભિક્ષા લેનાર શ્રમણ નિર્ગ્રંથ; તે બંને મળવા દુર્લભ છે અર્થાત્ આ જગતમાં આવી વ્યક્તિ બહુ અલ્પ હોય છે અને તે બંને નિશ્ચિતરૂપે સદ્ગતિને

પ્રાપ્ત કરે છે.

સુધર્મા સ્વામીએ કહ્યું– જેમ ભગવાન મહાવીર પાસેથી સાંભળ્યું છે તેમ મેં તમને કહ્યું છે.

## વિવેચન :–

ઉદ્દેશકની આ છેલ્લી ગાથામાં અંતિમ મંગલરૂપે સાધુ–શ્રાવક બંનેના ઉજ્જવળ ભવિષ્યને દર્શાવ્યું છે.

**मुहादायी :–** કોઈપણ પ્રકારના ફળની આશા કે અપેક્ષા રાખ્યા વિના નિઃસ્પૃહ અને નિઃસ્વાર્થ ભાવથી સુપાત્રદાન દેનાર ગૃહસ્થને મુધાદાયી કહેવાય છે. તે સદ્ગૃહસ્થ–શ્રમણોપાસક સંયમી જીવનનું મૂલ્ય સમજીને, કેવળ સંયમ માર્ગની–મોક્ષ માર્ગની અનુમોદનાના અહોભાવથી જ નિર્દોષ આહારદાન કરે છે. દાન આપ્યા પહેલાં, આપતા સમયે કે આપ્યા પછી તેના અંતરમાં શ્રમણ પાસેથી કોઈ પ્રત્યુપકારની ભાવના રહેતી નથી. તાત્પર્ય એ છે કે સમજુ શ્રાવકને સાધુ પાસેથી કોઈ મંત્ર, તંત્ર, સિદ્ધિ, ઔષધ–ઉપચાર, ધનવૃદ્ધિ, કુલવૃદ્ધિ, કૃપાદષ્ટિ પ્રાપ્ત થાય તેવી કામના રહેતી નથી, માટે તેવા શ્રાવક **મુહાદાયી** કહેવાય છે.

જ્યારે દાન દેનારના અંતરમાં આંશિક પણ ફળની આશા રહેતી હોય ત્યારે તેનો અપૂર્વ લાભ સમાપ્ત થાય છે અને તે મુધાદાયી કહેવાતા નથી. જે મુધાદાયી નથી તેને નિર્જરાનો કે સંયમમાર્ગની અનુમોદનાનો લાભ મળી શકતો નથી.

સૂત્રકારે આ શબ્દપ્રયોગ દ્વારા દાન દેનાર ગૃહસ્થ શ્રમણોપાસકને નિર્દોષ અને નિષ્કામ ભાવે દાન આપવાનું સૂચન કર્યું છે.

**दोवि गच्छंति सुग्गइं :–** મુધાદાયી અને મુધાજીવીનું જે વિશ્લેષણ કરવામાં આવ્યું છે તદ્નુસાર આદર્શ જીવન જીવનારા શ્રમણ અને શ્રમણોપાસક, ભિક્ષુક અને દાતા, લેનારા અને આપનારા, બંને ય ધર્મના ઉચ્ચકોટિના આરાધક થાય છે. તેથી તેઓને આ અંતિમ ગાથાના અંતિમ ચરણમાં સદ્ગતિ એટલે વૈમાનિક દેવોની ગતિ તેમજ મોક્ષગતિરૂપ સર્ટિફિકેટ આપ્યું છે.

**॥ પ્રથમ ઉદ્દેશક સંપૂર્ણ ॥**

# પાંચમું અધ્યયન

## [બીજો ઉદ્દેશક]

**સર્વાંશ આહાર કરવાનું વિધાન :-**

**૧** पडिग्गहं संलिहित्ताणं, लेवमायाए संजए ।
दुगंधं वा सुगंधं वा, सव्वं भुंजे ण छड्डुए ॥

**છાયાનુવાદ :** प्रतिग्रहं संलिह्य, लेपमात्रया संयतः ।
दुर्गन्धं सुगन्धं वा, सर्व भुञ्जीत न छर्देत् ॥

**શબ્દાર્થ :- संजए** = સંયમી સાધુ **पडिग्गहं** = પાત્રને **लेवमायाए** = લેપમાત્ર પર્યંત **संलिहित्ताणं** = આંગળીથી લૂંછીને, ચાટીને **दुग्गंधं** = અમનોજ્ઞ **वा** = અથવા **सुगंधं** = મનોજ્ઞ **सव्वं** = સર્વને **भुंजे** = આરોગે પરંતુ **ण छड्डुए** = કિંચિત્‌માત્ર પણ છોડે નહિ.

**ભાવાર્થ :-** મુનિ આહાર કરતાં પાત્રમાં અવશિષ્ટ ખાદ્ય પદાર્થના લેપમાત્રને પણ આંગળીથી લૂંછીને ખાય. ખાદ્ય પદાર્થ અને તેનો અવશિષ્ટ લેપ મનોજ્ઞ હોય કે અમનોજ્ઞ હોય, પૂર્ણ રીતે લેપ સહિત તે આહારને મુનિ આરોગી લે પરંતુ કિંચિત્ માત્ર છોડે નહીં; ફેંકે નહીં.

**વિવેચન :-**

પ્રસ્તુત ગાથા દ્વારા સાધુની ભોજન વિધિમાં અસ્વાદવૃત્તિ અને સ્વચ્છતાનું નિરૂપણ છે.

**दुगंधं सुगंधं :-** મુનિની આહાર વિધિના વર્ણનમાં આવતા **पुप्फगं-कसायं, सुब्भि-दुब्भि** એવા પ્રતિ પક્ષયુક્ત શબ્દોનો શાબ્દિક અર્થ ન લેતાં ભાવાત્મક અર્થ અત્રે લેવાય છે. તેથી આ યુગલ શબ્દોનો પ્રાસંગિક અર્થ– "સારા–નરસા પદાર્થ, મનોજ્ઞ–અમનોજ્ઞ ખાદ્ય પદાર્થ" તેમ થાય છે. તેથી અહીં પણ **सुगंधं दुगंधं** શબ્દનો ભાવાત્મક અર્થ ગ્રાહ્ય છે કે પાત્રમાં પ્રાપ્ત થયેલો આહાર મનોનુકૂલ કે અમનોનુકૂલ બંને પ્રકારનો હોય શકે છે. મનોજ્ઞ આહારને છોડવાથી જોનાર અન્ય શ્રમણ કે ગૃહસ્થને અપ્રીતિ થાય છે, તેમજ અમનોજ્ઞ (ઉચ્છિષ્ટ) પદાર્થને છોડવામાં મુનિની સ્વાદુતા પરિલક્ષિત થાય છે. માટે પ્રભુ આજ્ઞાનુસાર મુનિએ દુર્લક્ષ વૃત્તિનો ત્યાગ કરી, સ્વચ્છતા સાથે આહાર કરવો જોઈએ અર્થાત્ પાત્રમાં અંશમાત્ર પણ આહારનો લેપ છોડ્યા વિના તેને લૂંછી ધોઈને સંપૂર્ણ આહારને આરોગી લેવો જોઈએ.

**આહાર કરતાં પુનઃ આહારાર્થ ગમન :–**

**૨** **सेज्जा णिसीहियाए, समावण्णो य गोयरे ।**
**अयावयट्ठा भोच्चाणं, जइ तेणं ण संथरे ॥**

**३** **तओ कारणसमुप्पण्णे, भत्तपाणं गवेसए ।**
**विहिणा पुव्वउत्तेणं, इमेण उत्तरेण य ॥**

**છાયાનુવાદ :** **शय्यायां नैषधिक्यां, समापन्नश्च गोचरे ।**
**अयावदर्थं भुक्त्वा, यदि तेन न संस्तरेत् ॥२॥**
**ततः कारणे उत्पन्ने, भक्तपानं गवेषयेत् ।**
**विधिना पूर्वोक्तेन, अनेनोत्तरेण च ॥३॥**

**શબ્દાર્થ :– सेज्जा** = ઉપાશ્રયમાં **णिसीहियाए** = સ્વાધ્યાય ભૂમિમાં, અલ્પ સમય માટેનું સ્થળ, અન્યસ્થળ **गोयरे** = ગોચરીમાં **समावण्णो** = લાવેલો આહાર જો **अयावयट्ठा** = અપર્યાપ્ત હોય **भोच्चाणं** = ભોજન કરીને **जइ** = જો **तेणं** = તે આહારથી **ण संथरे** = નિર્વાહ થઈ શકે તેમ ન હોય **तओ** = તો **कारणं** = આહારનું કારણ **उप्पण्णे** = ઉત્પન્ન થવા પર **पुव्वउत्तेणं** = પૂર્વોક્ત, પ્રથમ ઉદ્દેશકમાં કથિત **इमेणं** = આ **उत्तरेण** = ઉત્તર, આગળની **विहिणा** = વિધિથી **भत्तपाणं** = અન્ન પાણીની **गवेसए** = ગવેષણા કરે, શોધ કરે.

**ભાવાર્થ :–** ઉપાશ્રયમાં કે સ્વાધ્યાય કરવાના સ્થાનમાં ભિક્ષાથી પ્રાપ્ત આહાર કરતાં મુનિને જો તે આહાર અપર્યાપ્ત થાય અર્થાત્ આહાર ઓછો થાય; ક્ષુધા શાન્ત ન થાય અને પુનઃ આહાર લાવવાની આવશ્યકતા ઊભી થાય તો મુનિ પ્રથમ ઉદ્દેશકમાં દેખાડેલી વિધિથી તથા આ આગળ કહેવામાં આવશે તે વિધિથી આહાર પાણીની ગવેષણા કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં આહાર કર્યા પછી પણ પુનઃ ગૌચરી જવા માટે સૂચન કર્યું છે.

ગોચરી જનાર ભિક્ષુ **मायण्णे** = આહારની માત્રાનો(પ્રમાણનો) જાણકાર હોય છે, વિશેષજ્ઞ હોય છે. તે અનુભવી શ્રમણ પોતાની કે સામુહિક રૂપે અન્ય અનેક શ્રમણોની આહારની માત્રાને યથાર્થરૂપે જાણીને પર્યાપ્ત માત્રામાં જ આહાર લાવે છે. તો પણ ક્યારેક– (૧) ભૂલથી ઓછો આહાર આવ્યો હોય (૨) આહાર મળવાની દુર્લભતા થઈ હોય (૩) કોઈ નવી વસ્તુ સંબંધી અનુમાન ખોટું થયું હોય (૪) કોઈ પદાર્થની ઉપલબ્ધિ બરોબર ન થઈ હોય (૫) વરસાદ વગેરેનું કોઈ અંતરાય કારણ આવી ગયું હોય (૬) શ્રમણ વિહાર કરીને આવ્યા હોય (૭) ખાદ્ય પદાર્થ અને શારીરિક સંયોગના કારણે કોઈ પદાર્થની

આવશ્યકતા ઊભી થઈ હોય, ઈત્યાદિ કારણે પુનઃ ગોચરી જવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. તે ઉપરાંત વિહાર, તપસ્યા વગેરેના સંકલ્પથી પણ બીજીવાર ગોચરીએ જવાની આવશ્યકતા બને છે.

**सेज्जा, णिसीहियाए :–** આ બે શબ્દોના અહીં બે પ્રકારે અર્થ થાય છે– (૧) **सेज्जा** = ઉપાશ્રય અને **णिसीहियाए** = સ્વાધ્યાય સ્થળ (૨) **सेज्जा** = શયન યોગ્ય સ્થળ અને **णिसीहियाए** = અલ્પકાલ માટેનું વિશ્રામ યોગ્ય સ્થળ. સ્થાન બે પ્રકારના હોય છે– (૧) જ્યાં સંપૂર્ણ દિવસ અને રાત્રિ રહી શકાય તેમજ દિવસ રાત્રિની સર્વ પ્રવૃત્તિ જ્યાં કરી શકાય તે (૨) જ્યાં માત્ર સ્વધ્યાય કરવા કે થોડીવાર બેસવા માટે જતા હોય અથવા વિહાર કરતાં એક–બે કલાક માટે રોકાયા હોય તે આ બંને સ્થળોમાં આહાર કરી શકાય છે. તેથી પ્રસ્તુતમાં આહાર સ્થળ માટે બે શબ્દોનો પ્રયોગ કરી સૂત્રકારે બંને પ્રકારના સર્વ સ્થાનોનું સંકલન કર્યું છે.

**अयावयट्ठा :–** અપર્યાપ્ત, જરૂરીયાત કરતાં ઓછો આહાર, ભૂખ કરતાં ઓછો આહાર. અહીં **आयावयट्ठा** પાઠાંતર પ્રાપ્ત થાય છે. આ પાઠાંતરની અપેક્ષાએ ગાથાનો અર્થ આ પ્રમાણે થાય છે– આત્માર્થે, સંયમાર્થે, સંયમ નિર્વાહ માટે **भुच्चाणं** = આહાર કરીને **जइ तेण ण संथरे** = જો તે આહારથી બીજા દિવસ સુધી ચાલી શકે તેમ ન હોય; શરીર, તપસ્યા, વિહાર વગેરેની વ્યવસ્થા જાળવી શકાય તેમ ન હોય **तओ कारण समुप्पण्णे** = તેવું કોઈપણ કારણ ઉત્પન્ન થતાં(સમજાતાં) **भत्तपाणं गवेसए** = આહાર–પાણી માટે મુનિ ગોચરી જાય.

**विहिणा :–** પ્રથમ ઉદ્દેશકની સો ગાથામાં ગોચરી સંબંધી જાણકારી આપીને શાસ્ત્રકારે આ બીજા ઉદ્દેશકમાં પુનઃ ગોચરી જવાના માધ્યમથી અન્ય અનેક ગોચરીના નિયમો અને વિષયોને સમજાવ્યા છે. તેને માટે **पुव्वउत्तेण** = પૂર્વોક્તવિધિ અને **उत्तरेण य** = ઉત્તરોક્ત વિધિ, એવા શબ્દોનો પ્રયોગ કર્યો છે.

## ગૌચરીના ગમન કાલનો વિવેક :–

**૪** **कालेण णिक्खमे भिक्खू, कालेण य पडिक्कमे ।**
**अकालं च विवज्जित्ता, काले कालं समायरे ॥**

**છાયાનુવાદ :** कालेन निष्क्रामेद् भिक्षुः, कालेन च प्रतिक्रामेद् ।
अकालं च विवर्ज्य, काले कालं समाचरेत् ॥

**શબ્દાર્થ :– भिक्खू** = સાધુ **कालेण** = જે ગામમાં ભિક્ષાનો જે સમય હોય તે સમયમાં **णिक्खमे** = ભિક્ષાને માટે જાય **य** = વળી **कालेण** = યથા સમયે **पडिक्कमे** = ભિક્ષા લઈને પાછો ફરી જાય **अकालं** = અકાલને, ભિક્ષાના અસમયને **विवज्जित्ता** = છોડીને **काले कालं** = યથા સમયે જ, સમય અનુસારે, કાલયોગ્ય કાર્યનું **समायरे** = સમાચરણ કરે.

**ભાવાર્થ :–** ભિક્ષા મળી શકે તેવા સમયે જ મુનિ ગોચરી માટે જાય અને સમયનું ધ્યાન રાખીને ગોચરી લઈને પાછો ફરે(ઉપાશ્રયે આવી જાય). ગોચરીના તે ક્ષેત્રિક અકાલનો ત્યાગ કરી ગોચરી મળવાના

યોગ્ય કાલમાં મુનિ ગોચરીએ જાય.

**૫** **अकाले चरसि भिक्खू, कालं ण पडिलेहसि ।**
**अप्पाणं च किलामेसि, सण्णिवेसं च गरिहसि ॥**

**છાયાનુવાદ :** **अकाले चरसि भिक्षो !, कालं न प्रतिलिखसि ।**
**आत्मानं च क्लामयसि, संनिवेशं च गर्हसे ॥**

**શબ્દાર્થ :–** **भिक्खू** = હે મુને ! તું **अकाले** = અકાલમાં **चरसि** = ગોચરી માટે જઈશ **कालं** = ભિક્ષાના કાલને **ण पडिलेहसि** = જોઈશ નહિ તો **अप्पाणं** = પોતાના આત્માને **किलामेसि** = પીડા આપીશ, દુઃખી થઈશ **च** = અને ભગવાનની આજ્ઞાનો ભંગ કરીને **सण्णिवेसं** = ગામની પણ **गरिहसि** = નિન્દા કરીશ.

**ભાવાર્થ :–** હે મુનિ ! વિભિન્ન ક્ષેત્રોના ગોચરી મળવાના સમયને જાણ્યા જોયા વિના જો તું ભિક્ષાર્થે જઈશ અને સમયનું ધ્યાન રાખીશ નહિ તો તારા આત્માને તું દુઃખી કરીશ અને આહાર ન મળવાથી તે વસતિની પણ નિંદા કરીશ.

**૬** **सइ काले चरे भिक्खू , कुज्जा पुरिसकारियं ।**
**अलाभो त्ति ण सोएज्जा, तवो त्ति अहियासए ॥**

**છાયાનુવાદ :** **सति काले चरेद् भिक्षुः, कुर्यात् पुरुषकारकम् ।**
**अलाभ इति न शोचेत् , तप इत्यधिसहेत् ॥**

**શબ્દાર્થ :–** **भिक्खू** = ભિક્ષુ **काले** = ભિક્ષા યોગ્ય કાળ **सइ** = થાય ત્યારે **चरे** = ભિક્ષાને માટે જાય **पुरिसकारियं** = પુરુષકાર–પરાક્રમ **कुज्जा** = કરે **अलाभो त्ति** = અલાભ થવા પર, આહાર લાભ ન થાય તો **ण सोएज्जा** = શોક ન કરે **तवो त्ति** = અનશનાદિ તપ થશે, એવો શુભ વિચાર કરીને **अहियासए** = ક્ષુધાદિ પરીષહને સહન કરે.

**ભાવાર્થ :–** ભિક્ષાના યોગ્ય સમયે નીકળવા છતાં અને યોગ્ય પ્રયત્ન કરવા છતાં જો ભિક્ષુને ભિક્ષા ન મળે તો શોક ન કરે, પરંતુ આજે સહજ તપ થયો, એમ માનીને તે અલાભને તથા ક્ષુધા વેદનીયને સમભાવે સહન કરે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં યથા સમયે ગોચરી જવાનું વિધાન કરીને અસમયે ગોચરી જવાથી થતી હાનિનું નિરૂપણ છે. ભિક્ષા કાલ સંબંધી વિચારણા શાસ્ત્રોમાં બે દષ્ટિએ થઈ છે– (૧) આગમ દષ્ટિએ (૨) ક્ષેત્ર દષ્ટિએ.

**(૧) આગમ દષ્ટિએ ગૌચરીનો કાલ :–** ગૌચરીનો કાલ આગમ દષ્ટિથી ગોચરીના કાલની વિચારણા બે પ્રકારે થઈ છે– (૧) સામાન્ય રીતે વગર કારણે નિરોગી શરીરવાળા ભિક્ષુએ દિવસના ત્રીજા પ્રહરમાં ગોચરી જવાનું, પાછા ફરવાનું અને આહાર આરોગીને તે સંબંધી સર્વ કાર્યથી નિવૃત્ત થવાનું હોય છે. કારણ કે ઉત્તરાધ્યયન સૂત્રના છવ્વીસમા સમાચારી અધ્યયનના વર્ણન પ્રમાણે મુનિ પ્રથમ દ્વિતીય પ્રહરમાં ક્રમશઃ સ્વાધ્યાય ધ્યાનથી નિવૃત્ત થયાં પછી ત્રીજા પ્રહરમાં ગોચરી જાય એવું વિધાન છે. તેમજ ભગવતી સૂત્ર વગેરે શાસ્ત્રોમાં અનેક નિર્ગ્રંથ મુનિઓના ગોચરી જવાના વર્ણનમાં ત્રીજા પ્રહરનો ઉલ્લેખ છે. આ સર્વ સામાન્ય ધ્રુવ માર્ગ છે.

(૨) વિશેષ રીતે સકારણ દિવસના કોઈપણ અનુકૂલ સમયે મુનિ ગોચરી જાય તે આગમ સંમત છે. તેનું તાત્પર્ય એ છે કે મુનિને જ્યારે રુગ્ણતા, નિર્બલતા, વૃદ્ધાવસ્થા હોય; વિહારનો થાક હોય, પોરસી વગેરે તપ માટે વીર્યાંતરાય કર્મનો ક્ષયોપશમ ન થયો હોય, ભૂખ–તરસની સહનશીલતાનો અભ્યાસ ન થયો હોય; આ સર્વ સ્થિતિયોમાં ગુરુ આજ્ઞા અનુસાર મુનિ સૂર્યોદય પછી અને સૂર્યાસ્ત પહેલાં કોઈપણ યોગ્ય સમયે વિવેકપૂર્વક ગોચરી જઈ શકે છે. આ તથ્યની પુષ્ટિ આચાર શાસ્ત્ર અને છેદ સૂત્રના વર્ણનોથી થાય છે. આ રીતે આગમિક દષ્ટિએ ઉત્સર્ગ માર્ગે ત્રીજો પ્રહર ગોચરીના કાલ છે અને વિશેષ પરિસ્થિતિમાં દિવસનો કોઈપણ ભાગ ગોચરીનો કાલ કહી શકાય છે.

**(૨) ક્ષેત્રદષ્ટિએ ગોચરીનો કાલ :–** તે તે ક્ષેત્રમાં રહેતા લોકોના ભોજનનો સમય તે ગોચરીનો કાલ કહેવાય છે. શ્રમણોને સ્વયંનો અને તે તે ક્ષેત્રના લોકોનો સમાધિભાવ જળવાઈ રહે તે માટે ક્ષેત્રની દષ્ટિએ કાલની વિચારણા કરવી અતિ આવશ્યક છે. ક્ષેત્રની અપેક્ષાએ કે લોકોની અપેક્ષાએ ગોચરીનો કોઈ નિશ્ચિત કાળ કે અકાળ થઈ શકતો નથી, પ્રત્યેક ક્ષેત્ર અને પ્રત્યેક ઘરમાં ભોજનનો સમય તેઓની પરિસ્થિતિ અને રુચિ અનુસાર ભિન્ન–ભિન્ન હોય છે. માટે તે બંનેનો યોગ્ય આશય સમજવો અત્યંત જરૂરી છે. તે આ પ્રમાણે છે–

| લોકોની અપેક્ષાએ ગોચરીનો કાલ | લોકોની અપેક્ષાએ ગોચરીનો અકાલ |
|---|---|
| **૧.** સવારે ઊઠીને લોકો જલદી વાસણ ધોતા હોય; દૂધ, ચા, નાસ્તા કરતા હોય તો તે આહાર–પાણીનો કાળ છે. | **૧.** લોકો જ્યાં, જે ઘરોમાં મોડે સુધી સૂતા રહેતા હોય અને સાધુ ગોચરી જાય ત્યારે ઊઠે કે ઊઠવું પડે તો તેઓને સંકોચ થાય અથવા દૂધ મોડું આવે વગેરે કારણે ત્યાં તે ઘરોની અપેક્ષાએ ગોચરી જવાનો અકાળ છે. |
| **૨.** સવારથી મધ્યાહ્ન સુધી જે ઘરોમાં કોઈને કોઈ વ્યક્તિ ભોજન કરતી હોય, તેથી વ્યક્તિ અને ખાદ્ય પદાર્થ વ્યવસ્થિત રીતે મળતા હોય, તે ક્ષેત્ર અને ઘરોની અપેક્ષાએ તે સંપૂર્ણ સમય ગોચરી માટે કાળ છે. | **૨.** જે ક્ષેત્રમાં કે ઘરોમાં સવારના ચા નાસ્તાનો સમય એકાદ કલાકનો હોય અને ત્યારબાદ ઘરના માણસો ખેતી, વ્યાપાર કે નોકરીએ જતા હોય તેથી ઘરમાં કોઈ ન હોય અથવા કોઈ હોય તો ઘરના આરંભિક(સાવદ્ય) |

| | |
|---|---|
| | કામમાં હોવાને કારણે ગોચરી વહોરાવવા માટે યોગ્ય ન હોય. તે સમય તે ક્ષેત્રો, ઘરો માટે અકાળ ગણાય. |
| **૩.** બપોરનું ભોજન તૈયાર થઈ જવાનો સમય અને જમવાનો સમય જ્યાં જે ક્ષેત્ર, ઘરોમાં ક્રમશઃ ૧૦/૧૧/૧૨/૧ વાગ્યાનો હોય તો તે ક્ષેત્ર ઘરોનો ક્રમશઃ તે તે સમય ગોચરી જવા માટેનો કાળ છે. | **૩.** જે ક્ષેત્ર કે ઘરોમાં આહાર પૂર્ણ નિપજવાનો સમય ૧૨૧/૨ કે ૧ પછીનો હોય, ત્યાં ૧૦/૧૧ વાગ્યેનો કાળ અકાળ ગણાય. |
| **૪.** બપોર પછી પણ જ્યાં આહાર પાણી વ્યવસ્થિત રહેતા હોય, જ્યાં પ્રત્યેક સમયે સાધુને વ્યવસ્થિત રીતે ઉત્સાહપૂર્વક આહાર મળતો હોય ત્યાં તે સર્વ કાળ છે. | **૪.** બપોર પછી લોકો સૂઈ જતા હોય; શાક કે ધાન્ય વગેરે સચેત પદાર્થોને સુધારવા, સાફ કરવામાં લાગી જતા હોય; જમ્યા પછી ભોજન ફ્રીજ આદિમાં અથવા અકલ્પનીય રીતે રાખી મૂકતા હોય તો તે અપેક્ષાએ તે અકાળ છે. |
| **૫.** સાંજ સમયે જ્યાં દિન છતાં જમવાનો રિવાજ હોય; ખાદ્ય પદાર્થ તૈયાર રાખતા હોય; ઘરમાં અન્ય કોઈ પણ ખાદ્ય સામગ્રી ઉપલબ્ધ રહેતી હોય તો તે અપેક્ષાએ ગોચરીનો કાળ છે. | **૫.** જે લોકો રાત્રિમાં જ ખાવાનું બનાવતા હોય, રાત્રિભોજન કરતા હોય કે ઘરે પણ રાત્રિએ જ આવતા હોય અથવા સૂર્યાસ્ત સમયે રસોઈ કરવાની તૈયારી કરતા હોય તો ગોચરી માટે ત્યાં જવું અકાળ ગોચરી ગમન કહેવાય. |

*[* **નોંધ :** ઉપરની વિગતો સામાન્યતયા માર્ગદર્શક છે; વિશેષ તો સાધુ–સાધ્વીજીના અનુભવ, વિવેક અને ગુરુગમ જ્ઞાન પર નિર્ભર છે. *]*

ક્ષેત્રદષ્ટિએ કાળમાં ગોચરી જવાથી દાતા અને ભિક્ષુ બંનેને આનંદ થાય તેમજ અકાળમાં જવાથી ભિક્ષુને અંતરાયથી અસમાધિ ઉપજે અને ગૃહસ્થને ખેદ, સંકોચ કે દુઃખ થાય છે.

પ્રસ્તુત ગાથાઓમાં આગમિક ગૌચરી કાલનો વિચાર ન કરતાં ક્ષેત્રદષ્ટિએ ગોચરીના કાળ સંબંધી વિચારણા કરી છે. ગાથાઓનો વિષય સ્પષ્ટ છે કે મુનિ સમયે જ ગોચરી જાય, અસમયે ગોચરી ન જાય અને સમયે જ ગોચરીથી પાછો ફરી જાય. તે ઉપરાંત ભિક્ષાકાળ વ્યતીત થયા પછી પણ ફરવાથી શાસનની લઘુતા થાય છે. માટે સાધુએ પ્રત્યેક ક્રિયા વિવેકપૂર્વક કરવી જોઈએ.

**अलाभो त्ति ण सोएज्जा :–** ભિક્ષાચર્યાના સમયે ભિક્ષા માટે પુરુષાર્થ કરવા છતાં પણ જો અંતરાય

કર્મના ઉદયે કે લોકોના અવ્યવસ્થિત કાર્યક્રમના કારણે આહાર પાણી ન મળે અથવા થોડા મળે; તો એવી સ્થિતિમાં સાધુ ખેદ ન કરે. પરંતુ મને અનાયાસ જ તપશ્ચર્યાનો લાભ મળ્યો છે, આ પ્રકારના અંતરમુખી વિચારથી મનને પ્રસન્ન રાખે.

## આહારાર્થી પ્રાણીઓ પ્રતિ વિવેક :-

**૭** तहेवुच्चावया पाणा, भत्तट्ठाए समागया ।
तं उज्जुयं ण गच्छेज्जा, जयमेव परक्कमे ॥

**છાયાનુવાદ :** तथैवोच्चावचाः प्राणाः, भक्तार्थं समागताः ।
तदृजुकं न गच्छेत् , यतमेव पराक्रमेत् ॥

**શબ્દાર્થ :– तहेव** = તેમજ ગોચરીએ જતા સાધુને કોઈ સ્થાને **भत्तट्ठाए** = આહાર પાણીને માટે **समागया** = એકત્ર થયેલા **उच्चावया पाणा** = નાના મોટા પ્રાણીઓ હોય તો **तं उज्जुयं** = તેઓની સન્મુખ થઈને, તે સીધા રસ્તાથી **ण गच्छिज्जा** = ન ચાલે, ન જાય **जयमेव** = ચાલે તો યતનાપૂર્વક, વિવેકયુક્ત **परक्कमे** = ગમન કરે.

**ભાવાર્થ :–** જ્યાં નાના મોટાં પશુ પક્ષીઓ ખોરાક માટે કે ચણ માટે એકઠાં થયેલા હોય ત્યાં તેની સન્મુખ થઈને ભિક્ષુ ગમન ન કરે અથવા તે સીધા માર્ગથી ન ચાલે પણ ઉપયોગપૂર્વક બીજે માર્ગેથી ગમન કરે અથવા બીજો માર્ગ ન હોય તો ત્યાં યતનાપૂર્વક ચાલે.

## વિવેચન :-

પ્રસ્તુત ગાથામાં સૂક્ષ્મતમ અહિંસા પાલન સંબંધી વિવેક દર્શાવ્યો છે.

**तहेव उच्चावया पाणा... :–** મુનિ ભિક્ષા માટે ગમન કરતા હોય તે સમયે રસ્તામાં કોઈ જગ્યાએ ચણવા માટે અથવા ચરવા માટે કે પાણી માટે નાના મોટા પક્ષી અથવા પશુ એકઠાં થયા હોય તો તે માર્ગે સાધુ–સાધ્વીએ જવું ન જોઈએ. તેવા માર્ગે ચાલવામાં પક્ષીઓ ભયથી ફફડીને ઊડી જાય અને પશુઓ ભડકીને દોડાદોડી કરી મૂકે, તેમજ તે જીવોને ખાવાપીવામાં અંતરાય થાય, વાયુકાય જીવોની વિરાધના થાય; ઈત્યાદિ અનેક પ્રકારે અન્ય જીવોને પીડા થાય છે માટે મુનિ તે માર્ગ પર પશુ, પક્ષીઓને જોઈને બીજા માર્ગેથી યતનાપૂર્વક જાય. કારણ કે અહિંસા મહાવ્રતી મુનિ કોઈપણ જીવને ભય કે ત્રાસ થાય, આહારનો અંતરાય થાય, તેવી પ્રવૃત્તિ કરતા નથી.

## ઘરોમાં બેસવા ઊભા રહેવાનો વિવેક :-

**૮** गोयरग्गपविट्ठो य, ण णिसीएज्ज कत्थई ।
कहं च ण पबंधेज्जा, चिट्ठित्ताण व संजए ।

**છાયાનુવાદ :** **गोचराग्रप्रविष्टस्तु, न निषीदेत् कुत्रचिद् ।**
**कथां च न प्रबध्नीयात् , स्थित्वा वा संयतः ॥**

**શબ્દાર્થ :– गोयरग्गपविट्ठो य** = ગોચરીએ ગયેલો **संजए** = સાધુ **कत्थई** = કોઈ પણ સ્થળે **ण णिसीएज्ज** = બેસે નહિ **व** = તથા ત્યાં **चिट्ठित्ताण** = ઊભા રહીને, કે બેસીને **कहं च** = કથા કરવાનો, ઉપદેશનો **ण पबंधेज्जा** = વિશેષ પ્રબન્ધ કરે નહીં, વિસ્તાર કરે નહીં.

**ભાવાર્થ :–** ગોચરી માટે નીકળેલા સાધુ ગૃહસ્થને ઘરે ક્યાં ય બેસે નહીં અને ઊભા ઊભા પણ ત્યાં વિસ્તારપૂર્વક ધર્મોપદેશ કરે નહીં.

**૯** **अग्गलं फलिहं दारं, कवाडं वावि संजए ।**
**अवलंबिया ण चिट्ठिज्जा, गोयरग्गगओ मुणी ॥**

**છાયાનુવાદ :** **अर्गलां परिघं द्वारं, कपाटं वाऽपि संयतः ।**
**अवलम्ब्य न तिष्ठेत् , गोचराग्रगतो मुनिः ॥**

**શબ્દાર્થ :– गोयरग्गगओ** = ગોચરીને માટે ગયેલા **संजए** = સંયમી **मुणी** = મુનિ **अग्गलं** = બારણાને આડુ મૂકવાનું લાકડું, અર્ગલા, આગળીયો **फलिहं** = ભોગળ, બારણાને અટકાવવાનો આગળીયો **दारं** = દ્વારને **कवाडं वावि** = દરવાજા, બારણા, કમાડ આદિને પણ **अवलंबिया** = અવલંબન લઈને, ટેકો દઈને **ण चिट्ठिज्जा** = ઊભો ન રહે.

**ભાવાર્થ :–** ગોચરીએ ગયેલો સંયમી મુનિ કોઈ ગૃહસ્થના ઘરની ભોગળ, બંને કમાડને રોકી રાખનાર લાકડાનો આગળીયો, દ્વાર કે કમાડનો ટેકો દઈને ઊભો રહે નહિ.

### વિવેચન :–

પ્રસ્તુત બે ગાથાઓમાં ગૃહસ્થના ઘેર ગોચરી ગયેલા ભિક્ષુ માટે બેસવા કે ઊભા રહેવા સંબંધી વિવેક દર્શાવતાં સૂચનો છે– (૧) ગોચરીમાં ગૃહસ્થના ઘરે બેસવું નહીં (૨) અમર્યાદિત વાતો કે ઉપદેશ કરવો નહીં (૩) સહારો લીધા વિના વિવેકપૂર્વક ઊભા રહેવું.

**कहं च ण पबंधेज्जा :– कहं** શબ્દના બે અર્થ છે– વાર્તાલાપ અને ઉપદેશ. ધર્મોપદેશ એ શ્રમણનું કર્તવ્ય છે, શાસન પ્રભાવનાનું અંગ છે; છતાં તેની ક્ષેત્ર અને કાલસંબંધી મર્યાદા હોય છે. પ્રસ્તુત દશવૈકાલિક સૂત્રના છઠ્ઠા અધ્યયનમાં ગૃહસ્થના ઘરે બેસવાના દોષોનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે અને વૃદ્ધ, રોગી કે તપસ્વી માટે સકારણ ગૃહસ્થને ત્યાં બેસી શકે, તેવી છૂટ પણ આપવામાં આવી છે. છેદ સૂત્ર પ્રમાણે ક્યારેક મુનિ ત્યાં પ્રશ્નનો જવાબ કે ઉપદેશ આપી શકે છે.

સાર એ છે કે સામાન્ય રીતે મુનિ ગોચરી ગયા હોય ત્યારે ગૃહસ્થને ઘરે બેસે નહીં અને લાંબો સમય ઊભા પણ ન રહે, તેમજ વાતો કે ઉપદેશ પણ કરે નહીં. પરંતુ વિશેષ પ્રસંગથી કે કારણથી વિવેક પૂર્વક વિચાર કરી પ્રશ્નનો જવાબ કે ઉપદેશ અથવા ધર્મ પ્રેરણા આપી શકે છે.

સંક્ષેપમાં ગોચરી માટે પ્રવિષ્ટ ભિક્ષુ આહાર પાણીની ગવેષણા સંબંધી વાર્તાલાપ સિવાય અન્ય વાતો ન કરવાનું જ લક્ષ્ય રાખે. [ગૃહસ્થના ઘેર બેસવામાં થતાં દોષોનું વિવરણ આગળ છટ્ઠા અધ્યયનથી જાણવું.]

**अवलंबिया ण चिट्ठिज्जा :–** ગૃહસ્થના ઘરે આહાર પાણી વહોરતા મુનિ શાલીનતા–સભ્યતાપૂર્વક ઊભા રહે પરંતુ ગૃહસ્થના કોઈ પણ સ્થાનનો ટેકો ન લે. ગાથામાં ઉદાહરણરૂપે અર્ગલા આદિ ચાર નામ આપ્યા છે. તાત્પર્યાર્થથી ગૃહસ્થના સર્વ સ્થાનો સમજી લેવા. આલંબન લઈને ઊભા રહેલા સાધુની ચંચળતા, પ્રમાદ, અવિવેક, અસભ્યતા, આસક્તિ વગેરે અવગુણની કલ્પના લોકોને ઉત્પન્ન થાય, તેથી સાધુ પ્રત્યે કે શાસન–સંઘ પ્રત્યે અશ્રદ્ધા, હીનભાવના અવહેલના(નિંદા)ના ભાવો ઉત્પન્ન થાય. કદાચ આલંબન લેતાં તે પદાર્થ તૂટી કે ખસકી જાય તો ગૃહસ્થને નુકસાન થાય અને તે વસ્તુ સાધુને વાગે કે પડી જાય તો જીવ વિરાધના અને આત્મ વિરાધના થાય છે.

**अग्गलं फलिहं :– अग्गलं** = આગળિયો. **फलिह** શબ્દના બે અર્થ છે– (૧) લાકડાનું પાટીયું (૨) બારણાને અટકાવવાનો દાંડો. આગળિયો નાનો હોય છે અને દાંડો વધારે લાંબો હોય છે. આગળિયાનું માપ લગભગ એક ફુટનું છે જ્યારે દાંડાનું માપ ત્રણ ફૂટનું છે. તે બંને ય લાકડાના હોય છે તેમજ ક્યાંક લોખંડના પણ હોય છે.

**दारं कवाडं :–** બંને શબ્દોનો અર્થ દરવાજો થાય છે પરંતુ એકીસાથે બંને શબ્દો ઉપલબ્ધ થતાં દ્વારનો અર્થ તો દ્વાર જ થાય અને **कवाड** શબ્દથી કમાડ અર્થ કરવો. કમાડના પણ બે અર્થ થાય છે– (૧) કબાટ (૨) દરવાજાનું એક પાટીયું.

### અન્ય ભિક્ષાચરો સાથે વ્યવહાર વિવેક :–

**૧૦** **समणं माहणं वावि, किविणं वा वणीमगं ।**
**उवसंकमंतं भत्तट्ठा, पाणट्ठाए व संजए ॥**

**૧૧** **तमइक्कमित्तु ण पविसे, ण चिट्ठे चक्खुगोयरे ।**
**एगंतमवक्कमित्ता, तत्थ चिट्ठिज्ज संजए ॥**

**છાયાનુવાદ :** श्रमणं ब्राह्मणं वाऽपि, कृपणं वा वनीपकम् ।
उपसंक्रामन्तं भक्तार्थं, पानार्थं वा संयतः ॥१०॥

तमतिक्रम्य न प्रविशेत् , न तिष्ठेत् चक्षुर्गोचरे ।
एकान्तमवक्रम्य, तत्र तिष्ठेत् संयतः ॥११॥

**શબ્દાર્થ :–** **भत्तट्ठा** = અન્નને માટે **पाणट्ठाए** = પાણીને માટે **उवसंकमंतं** = આવતા અને જતાં **तं** = તેને **अइक्कमित्तु** = ઉલ્લંઘન કરીને **संजए** = સાધુ **ण पविसे** = ગૃહસ્થના ઘરમાં પ્રવેશ ન કરે **चक्खुगोयरे** = દષ્ટિગોચર થાય તેવી રીતે **ण चिट्ठे** = ઊભો ન રહે **एगंतं** = એકાન્ત સ્થાનમાં **अवक्कमित्ता** = જઈને **तत्थ** = ત્યાં **चिट्ठिज्जा** = ઊભો રહે.

**ભાવાર્થ :–** સંન્યાસી ભિક્ષાચારી, બ્રાહ્મણ, દરિદ્ર કે ભિખારી જો ગૃહસ્થના દ્વારની સન્મુખ ભોજન કે પાણીને માટે આવીને ઊભા હોય તો મુનિ તેને ઓળંગીને ઘરમાં પ્રવેશ ન કરે તેમજ તેમની દષ્ટિ પડે તેવા સ્થાને પણ ઊભો ન રહે, પરંતુ મુનિ એક બાજુ જઈને ઊભો રહે. ॥૧૦–૧૧॥

**१२** वणीमगस्स वा तस्स, दायगस्सुभयस्स वा ।
अप्पत्तियं सिया हुज्जा, लहुत्तं पवयणस्स वा ॥

**છાયાનુવાદ :** वनीपकस्य वा तस्य, दायकस्योभयोर्वा ।
अप्रीतिक स्याद्भवेत् , लघुत्वं प्रवचनस्य वा ॥

**શબ્દાર્થ :–** **सिया** = કદાચિત્ એમ ન કરવાથી **तस्स** = તે **वणीमगस्स** = યાચકને **दायगस्स** = દાતાને **उभयस्स** = દાતા અને યાચક બંનેને **अप्पत्तियं** = અપ્રીતિ **पवयणस्स** = પ્રવચનની, જિનશાસનની **लहुत्तं** = લઘુતા **हुज्जा** = થાય છે.

**ભાવાર્થ :–** તે ભિખારી વગેરેને ઓળંગીને જવાથી યાચક કે દાયક નાખુશ થાય અથવા બન્નેને અપ્રીતિ થાય અને જિનશાસનની લઘુતા થાય છે.

**१३** पडिसेहिए व दिण्णे वा, तओ तम्मि णियत्तिए ।
उवसंकमेज्ज भत्तट्ठा, पाणट्ठाए व संजए ॥

**છાયાનુવાદ :** प्रतिषिद्धे वा दत्ते वा, ततस्तस्मिन्निर्वृत्ते ।
उपसंक्रामेद्भक्तार्थं, पानार्थं वाऽपि संयतः ॥

**શબ્દાર્થ :–** **दिण्णे** = દાન અપાય ગયા પછી **पडिसेहिए** = નિષેધ કરી દીધા પછી **तओ** = ત્યારે **तम्मि** = તે દ્વાર આદિ સ્થાનેથી **णियत्तिए** = તે યાચકો પાછા ફરી ગયા પછી **संजए** = સાધુ **भत्तट्ठा** = આહારને માટે **पाणट्ठाए** = પાણી માટે **उवसंकमेज्ज** = ગૃહસ્થના ઘરમાં જાય.

**ભાવાર્થ :–** ગૃહસ્થ દ્વારા તે યાચકને નિષેધ કર્યા પછી અથવા દાન આપ્યા પછી તે યાચકો પાછા ફરી

જાય ત્યાર પછી સંયમી મુનિ તે ઘરમાં આહાર પાણી માટે પ્રવેશ કરે.

**વિવેચન :–**

જૈન મુનિની ગોચરીના સમયે કદાચ અન્ય યાચકો કે ભિક્ષાચરો પણ ભિક્ષા માટે ભ્રમણ કરતા હોય છે અને એક જ ઘરે બંનેનો સંયોગ થઈ જાય, ત્યારે તેના પ્રત્યે કેવી રીતે નિર્દોષ વૃત્તિ રાખવી તેનું સૂચન આ ગાથાઓમાં છે. તેનો સાર એ છે કે– (૧) યાચકો અને ભિક્ષાચરો ઊભા હોય તો મુનિ તેને ઉલ્લંઘીને ઘરમાં પ્રવેશ ન કરે (૨) જો મુનિને તે ઘરમાં જવું હોય તો ભિક્ષાચરો ત્યાંથી ન જાય ત્યાં સુધી તે લોકોની નજર ન પડે તેવા એકાંત સ્થળે ઊભા રહે; (૩) દાતા તે યાચકોને ભિક્ષા આપી દે કે નિષેધ કરી દે અને તે યાચકો ત્યાંથી જવા લાગે, ત્યારે મુનિ વિવેકથી તે ઘરમાં પ્રવેશ કરે.

કદાચ નિષેધ કર્યા પછી પણ ભિક્ષાની આશાથી તે યાચક ત્યાં ઊભો રહે કે બેસી જાય તો મુનિએ બહુ વિવેકથી નિર્ણય કરવો જોઈએ યથા– (૧) સર્વ શ્રેષ્ઠ તો એજ છે કે તે સમયે મુનિ બીજે કોઈ ઘરે ગોચરી ચાલ્યા જાય (૨) કદાચ ત્યાં એકાંતમાં ઊભા હોય અને દાતા તે યાચકને નિષેધ કરી મુનિને નિમંત્રણ કરે, પધારવાનો આગ્રહ કરે તો મુનિ તે યાચકની પ્રકૃતિ, સ્થિતિ અને માનસિક દશાનો કે તેના દુઃસાહસનો દીર્ઘ વિચાર કરીને જો યોગ્ય લાગે તો જ તે ઘરમાં જાય અન્યથા "અવસર નથી" તેમ કહી અન્યત્ર ચાલ્યા જાય.

કદાચ દાતા તે યાચકોને ભિક્ષા આપી દે અને તે યાચકો વાતો કરવા કે ખાવા માટે ત્યાં જ ઊભા રહે કે બેસી જાય તો મુનિ વિવેક અને વિચારપૂર્વક સ્વતઃ કે દાતાના નિમંત્રણથી ગોચરી જઈ શકે છે.

**अइक्कमित्तु ण पविसे :–** યાચકોને ઓળંગીને જવું તે અનેક દોષોનું કારણ બને છે, યથા– (૧) ગૃહસ્થ તથા યાચકને તે સાધુ તરફ અપ્રીતિ અથવા દ્વેષ ઉત્પન્ન થાય (૨) કદાચ દાતા સાધુને જોઈને તે યાચકને દાન ન આપે તો સાધુને અંતરાયનો દોષ થાય (૩) તેમજ ક્યારેક ધર્મની અને સંઘની લોકમાં નિંદા થાય.

પ્રસ્તુત ગાથાઓનો આશય સ્પષ્ટ છે કે મુનિ પોતાની પ્રવૃત્તિથી કોઈને માનસિક સંતાપ ન થાય, તેની લઘુતા ન થાય અને તેને આહારની અંતરાય ન થાય તેવા અનુકંપા યુક્ત અહિંસક પરિણામોથી વિચરણ કરે, વ્યવહાર કરે.

**समणं माहणं :–** (૧) શ્રમણ = જૈનેત્તર સંન્યાસી (૨) બ્રાહ્મણ = ભિક્ષાથી નિર્વાહ કરનાર ભિક્ષાચર બ્રાહ્મણ (૩) કૃપણ = દરિદ્ર, ગરીબ અથવા સામાન્ય જાતિના લોકો કે જે ગૃહસ્થનું વધેલું ભોજન માંગવા જાય (૪) ભિખારી = દરરોજના ભીખ માંગનારા.

**વહોરાવનારના અવિવેક અંગે વિવેક :–**

**૧૪** **उप्पलं पउमं वावि, कुमुयं वा मगदंतियं ।**
**अण्णं वा पुप्फसच्चित्तं, तं च संलुंचिया दए ॥**

१५ तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पियं ।
दिंतियं पडियाइक्खे, ण मे कप्पइ तारिसं ॥

છાયાનુવાદ : उत्पलं पद्मं वाऽपि, कुमुदं वा मगदन्तिकाम् ।
अन्यद्वा पुष्पं सचित्तं, तच्च संलुञ्च्य दद्यात् ॥१४॥

तद्भवेद्भक्तपानं तु, संयतानामकल्पिकम् ।
ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥१५॥

**શબ્દાર્થ :– उप्पलं** = નીલોત્પલ કમળ **पउमं** = પદ્મ કમલ **कुमुयं** = ચન્દ્રવિકાસી શ્વેત કમલ **मगदंतियं** = માલતીનું પુષ્પ અથવા મોગરાનું પુષ્પ **अण्णं** = અન્ય કોઈ **पुप्फसच्चित्तं** = સચિત્ત પુષ્પો હોય **तं** = તેને **संलुंचिया** = છેદન કરીને, ચૂંટીને, સ્પર્શ કરીને **दए** = આહાર પાણી આપે.

**ભાવાર્થ :–** લીલુકમળ, લાલકમળ, ચંદ્રવિકાસી શ્વેતકમળ, મોગરાનું ફૂલ કે તેવા બીજા કોઈ પણ ફૂલને ચૂંટીને, સ્પર્શ કરીને દાતા ભિક્ષા આપે તો તે ભોજન અને પાણી મુનિઓ માટે અકલ્પનીય થઈ જાય છે; તેથી દાતાને સાધુ કહે કે આ આહાર પાણી મને કલ્પે તેમ નથી.

१६ उप्पलं पउमं वावि, कुमुयं वा मगदंतियं ।
अण्णं वा पुप्फसच्चित्तं, तं च सम्मद्दिया दए ॥

१७ तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पियं ।
दिंतियं पडियाइक्खे, ण मे कप्पइ तारिसं ॥

છાયાનુવાદ : उत्पलं पद्मं वाऽपि, कुमुदं वा मगदन्तिकाम् ।
अन्यद्वा पुष्पं सचित्तं, तच्च संमर्द्य दद्यात् ॥१६॥

तद्भवेद्भक्तपानं तु, संयतानामकल्पिकम्
ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥१७॥

**શબ્દાર્થ :– सम्मद्दिया** = સંમર્દન કરીને, મસળીને, કચરીને.

**ભાવાર્થ :–** લીલું કમળ, લાલ કમળ, ચંદ્રવિકાસી શ્વેત કમળ અને મોગરાનું ફૂલ કે તેવા બીજા કોઈ પણ સચિત્ત ફૂલને કચરીને કોઈ વ્યક્તિ ભિક્ષા વહોરાવવા આવે તો તે આહાર–પાણી મુનિઓ માટે અકલ્પનીય થઈ જાય છે; તેથી મુનિ દાતાને કહે કે તે આહાર પાણી મને કલ્પે તેમ નથી.

## વિવેચન :-

પ્રસ્તુત ચાર ગાથાઓમાં ગોચરી વહોરાવતા દાતા દ્વારા ફૂલ આદિ કોઈ પણ સચિત્ત પદાર્થની વિરાધના થઈ જાય તો ભિક્ષા ન લેવાય, તેવું પ્રતિપાદન છે.

**उप्पलं पउमं वावि :–** ગૃહસ્થના ઘરોમાં ફળ કે ફૂલો અને ફૂલોની પાંખડીઓ અનેક કારણે વેર–વિખેર પડેલી હોઈ શકે છે. યથા–(૧) તે ઘરના લોકો ફૂલના શોખીન હોય (૨) ઘરમાં કોઈ વિશેષ પ્રસંગે ફૂળ કે ફૂલની માળાઓ લાવ્યા હોય, (૩) ઘરમાં ઝાડ, કૂંડા વગેરે રાખ્યા હોય, ત્યારે તે ઘરોમાં અનેક પ્રકારે સૂત્રોક્ત ફૂલોની સચિત્ત પાંખડીયો હોવાની શક્યતા બને છે.

**संलुंचिया–सम्मद्दिया :–** ફૂલ, ઘાસ, બી વગેરે સચિત્ત પદાર્થ જ્યાં વિખરાયેલા હોય ત્યાં ભૂલથી કે ધ્યાન રાખતાં પણ વહોરાવનારને સંઘટ્ટો થાય કે તેના પગ નીચે તે પદાર્થો દબાય જાય છે. તેથી તે જીવોની વિરાધનાના કારણે મુનિ ત્યાંથી ભિક્ષા ન લે. ક્યારેક સંયમચર્યાનો અજાણ દાતા **संलुचिया** = ફૂલ તોડીને વહોરાવવા ઈચ્છે તો પણ મુનિ તેને નિષેધ કરી દે.

### સચિત્ત અને મિશ્ર વનસ્પતિ ગ્રહણ વિવેક :-

**૧૮** सालुयं वा विरालियं, कुमुयं उप्पलणालियं ।
मुणालियं सासवणालियं, उच्छुखंडं अणिव्वुडं ॥

**૧૯** तरुणगं वा पवालं, रुक्खस्स तणगस्स वा ।
अण्णस्स वावि हरियस्स, आमगं परिज्जए ॥

**છાયાનુવાદ :** शालूकं वा विरालिकां, कुमुदोत्पलनालिकाम् ।
मृणालिकां सर्षपनालिकां, इक्षुखण्डमनिर्वृतम् ॥१८॥

तरुणं वा प्रवालं, वृक्षस्य तृणकस्य वा ।
अन्यस्य वाऽपि हरितस्य, आमकं परिवर्जयेत् ॥१९॥

**શબ્દાર્થ :– अणिव्वुडं** = જે શસ્ત્રથી પરિણત થયા નથી, સચિત્ત **सालुयं** = કમલના કંદને **विरालियं** = પલાશના કંદને **कुमुयं** = ચંદ્રવિકાસી કમલની નાલને **उप्पलणालियं** = નીલોત્પલ કમલની નાલને **मुणालियं** = કમલના તન્તુને **सासवणालियं** = સરસવની નાલને **उच्छुखंडं** = ઈક્ષુ ખંડને.

**रुक्खस्स** = વૃક્ષના **तणगस्स** = તૃણના **अण्णस्स** = અન્ય કોઈ બીજા **हरियस्स** = હરિતકાય–લીલી વનસ્પતિ **आमगं** = કાચા **तरुणगं वा पवालं** = નવીન કૂંપળ **परिवज्जए** = છોડી દે–ગ્રહણ ન કરે.

**ભાવાર્થ :–** કમલનો કન્દ, પલાશનો કન્દ, શ્વેતકમલની નાલ, નીલ કમલની નાલ, કમલના તન્તુ, સરસવની ડાંડલી અને શેરડીના ટુકડા, એ સર્વે સચિત્ત પદાર્થ તેમજ વૃક્ષ, તૃણ અથવા અન્ય કોઈ બીજી વનસ્પતિની નવીન કૂંપળો જો કાચી હોય કે શસ્ત્ર પરિણત થઈ ન હોય તો તેને મુનિ છોડી દે, ગ્રહણ ન કરે. ॥૧૮–૧૯॥

**૨૦** **तरुणियं वा छिवाडिं, आमियं भज्जियं सइं ।**
**दिंतियं पडियाइक्खे, ण मे कप्पइ तारिसं ॥**

**છાયાનુવાદ :** **तरुणी वा छिवाडिं, आमां भर्जितां सकृद् ।**
**ददतीं प्रत्याचक्षीत, न मे कल्पते तादृशम् ॥**

**શબ્દાર્થ :– तरुणियं** = જેમાં બીજ બંધાયેલા નથી તેવી, કોમળ **छिवाडिं** = ચોળા, મગ વગેરેની સીંગો મગફળી **आमियं** = કાચી હોય **सइं** = એકવાર **भज्जियं** = ભુંજેલી હોય, શેકેલી હોય.

**ભાવાર્થ :–** જેનું બીજ બંધાયું નથી તેવી કોમળ ચોળા કે મગની સીંગ, મગફળી એકવાર શેકેલી હોય અથવા કાચી હોય તો મુનિ દાતાને કહે કે મને તેવા પદાર્થો કલ્પતા નથી.

**૨૧** **तहा कोलमणुस्सिण्णं, वेलुयं कासवणालियं ।**
**तिलपप्पडगं णीमं, आमगं परिवज्जए ॥**

**છાયાનુવાદ :** **तथा कोलमनुत्स्विन्नं, वेणुकं काश्यपनालिकाम् ।**
**तिलपर्पटकं नीपं(निंबं), आमकं परिवर्जयेत् ॥**

**શબ્દાર્થ :– तहा** = તેમજ **अणुस्सिण्णं** = અગ્નિ આદિથી અપક્વ **आमगं** = કાચા **कोलं** = બદરી ફળ, બોર **वेलुयं** = વાંસ કારેલા તથા **कासवणालियं** = શ્રીપર્ણી વૃક્ષના ફળ **तिलपप्पडगं** = તલપાપડી **णीमं** = કદમ્બ ફળને પણ **परिवज्जए** = છોડી દે.

**ભાવાર્થ :–** તે જ રીતે બોર, વાંસ કારેલા, શ્રીપર્ણીનું ફળ, નાળિયેર, તલપાપડી, કદમ્બ ફળ આ બધી ચીજો સચેત હોય તો તે સંયમીને ગ્રાહ્ય નથી, તેથી તેને સાધુ છોડી દે.

**૨૨** **तहेव चाउलं पिट्ठं, वियडं वा तत्ताणिव्वुडं ।**
**तिलपिट्ठ पूइपिण्णागं, आमगं परिवज्जए ॥**

**છાયાનુવાદ :** **तथैव तान्दुलं पिष्टं, विकटं वा तप्त अनिर्वृतम् ।**
**तिलपिष्टं पूतिपिण्याकं, आमकं परिवर्जयेत् ॥**

**શબ્દાર્થ :– तहेव** = તેમજ **चाउलं** = કાચા ચોખાનો **पिट्ठं** = પિષ્ટ, ચૂર્ણ **वियडं** = ધોવણ **तत्त** = ગરમ પાણી **अणिव्वुडं** = પૂર્ણ અચિત્ત ન થયા હોય **तिलपिट्ठ** = કાચા તલનું ચૂર્ણ(પિષ્ટ) **पूइपिण्णागं** = કોહવાયેલા ખોળ, બીનો સડેલો કૂચો **आमगं** = કાચા પદાર્થ, સચિત્ત પદાર્થ **परिवज्जए** = સર્વથા છોડી દે.

**ભાવાર્થ :–** તે જ રીતે ચોખા તથા તલનો ખોળ તેમજ સરસવનો ખોળ તથા પૂર્ણ અચિત્ત ન થયેલું ધોવણ પાણી કે ગરમ પાણી, આ સર્વ કાચા, સચેત કે મિશ્ર હોય તો ભિક્ષુ તેને ગ્રહણ ન કરે.

**૨૩**

**कविट्ठं माउलिंगं च, मूलगं मूलगत्तियं ।**
**आमं असत्थपरिणयं, मणसा वि ण पत्थए ॥**

**છાયાનુવાદ : कपित्थं मातुलिङ्गं च, मूलकं मूलवर्त्तिकाम् ।**
**आमामशस्त्रपरिणतां, मनसाऽपि न प्रार्थयेत् ॥**

**શબ્દાર્થ :– आमं** = અપક્વ તથા **असत्थपरिणयं** = શસ્ત્રથી નહિ પરિણમેલું **कविट्ठं** = કોઠું **माउलिंगं** = બિજોરું **मूलगं** = મૂળો **मूलगत्तियं** = મૂળાના ગોળ કટકા **मणसा वि** = મનથી પણ **ण पत्थए** = ઈચ્છા ન કરે.

**ભાવાર્થ :–** અપક્વ કોઠું, બિજોરું, મૂળો કે મૂળાના ટુકડા વગેરે કાચા હોય; શસ્ત્ર પરિણત ન હોય તો મુનિ તેને મનથી પણ ન ઈચ્છે.

**૨૪**

**तहेव फलमंथूणि, बीयमंथूणि जाणिया ।**
**विहेलगं पियालं च, आमगं परिवज्जए ॥**

**છાયાનુવાદ : तथैव फलमन्थून्, बीजमन्थून् ज्ञात्वा ।**
**बिभीतकं प्रियालं वा, आमकं परिवर्जयेत् ॥**

**શબ્દાર્થ :– तहेव** = તેમજ **फलमंथूणि** = કાચા બોર આદિ ફળોનું ચૂર્ણ **बीयमंथूणि** = ઘઉં, ચણા, જવ આદિ બીજોનું ચૂર્ણ **विहेलगं** = બહેડા **पियालं** = રાયણનું ફળ **आमगं** = કાચા, સચિત્ત **जाणिया** = જાણીને.

**ભાવાર્થ :–** તે જ પ્રમાણે કાચા બોર આદિ ફળોનું ચૂર્ણ(પિષ્ટ), બીજોનું ચૂર્ણ, બહેડાં તથા રાયણનાં ફળ વગેરે કાચા હોય તો સચિત્ત જાણીને મુનિ તેને ગ્રહણ ન કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં વનસ્પતિના અનેક ખાદ્ય વિભાગો પ્રવાલ, પત્ર, પુષ્પ, ફળ, બી આદિ તેમજ

કેટલાક વનસ્પતિ વિભાગોના ચૂર્ણ(પિષ્ટ) સંબંધી સચિત્તતાનું નિરૂપણ કરીને મુનિ માટે તેની અગ્રાહ્યતા સૂચિત કરી છે.

ગોચરી માટે જનાર શ્રમણને સચેત–અચેત અને મિશ્ર પદાર્થોનું પૂર્ણ વિવેક જ્ઞાન હોવું અનિવાર્ય છે.

**सालुयं वा... :–** પ્રસ્તુત ગાથા અઢારના પ્રારંભમાં **सासुयं** વગેરે પાંચ પદો દ્વારા કમલની નાળ, કંદ, તંતુ વગેરે જલજ વનસ્પતિનું અને પછીના બે પદોથી સરસવની ડાંડલી તથા શેરડીના લાંબા ટુકડાનું કથન કરીને ગાથાના અંતે **अणिव्वुडं** પદથી આ સર્વ પદાર્થોને સચિત્ત સ્વીકારતાં શસ્ત્રથી અપરિણત થયેલાને મુનિ માટે અગ્રાહ્ય દર્શાવ્યા છે.

**विरालियं** = ટીકાકારે આ શબ્દ દ્વારા પલાસકંદ અર્થ કરીને પણ અન્ય પ્રચલિત અર્થ– વેલના પર્વ, પ્રતિપર્વ વગેરેનું પણ ગ્રહણ કર્યું છે યથા– **विरालिकां, पलासकंदरूपां; पर्ववल्लि, प्रतिपर्ववल्लि, प्रतिपर्वकंदमित्यन्ये ।**

**मुणालियं** = કમળની નાલ, કમળની જાળતંતુ, પદ્મ કેસરા વગેરે અર્થ શબ્દકોશમાં મળે છે. ટીકામાં– **पद्मिनी कंदोत्थां** તેમ કથન કરેલ છે.

**उच्छुखंडं** = કાતળી સહિતના શેરડીના લાંબા ટુકડા. આ શબ્દથી શેરડીના નાના કટકા, તેમ પણ અર્થ થાય છે પરંતુ અહીં **अणिव्वुडं** વિશેષણ હોવાથી અને નાના કટકા અચિત્ત હોવાથી તે અર્થ ન કરીને લાંબા ટુકડા અર્થ કરવો ઉપયુક્ત છે. આ રીતે અઢારમી ગાથામાં શેરડી સિવાય સર્વ સાધારણ વનસ્પતિનું કથન છે.

**तरुणगं वा पवालं... :–** આ ઓગણીસમી ગાથામાં વનસ્પતિઓની કૂંપળોનું કથન છે. તેને સંસ્કૃતમાં પ્રવાલ કહે છે. નવા કોમળ પાંદડા પણ આ શબ્દથી ગ્રહણ થઈ જાય છે. **रुक्खस्स तणगस्स** = વનસ્પતિના બાર ભેદમાંના આ બે પદોથી અહીં તેના વચ્ચેની ચાર(ગુચ્છ, ગુલ્મ, લયા, વલ્લી)વનસ્પતિ કૂંપળોનું કથન છે, તેમ સમજવું જોઈએ. તે પછી **अण्णस्स वावि हरियस्स** પદથી અવશેષ સર્વ વનસ્પતિ કૂંપળોનું કથન છે.

**तरुणियं वा छिवाडिं :–** આ વીસમી ગાથામાં **छिवाडिं** પદથી અડદ, મગ વગેરે સર્વ પ્રકારની સીંગનું વર્ણન છે. તેના માટે **तरुणियं** પદથી કોમળ અને **आमियं** પદથી કાચી અવસ્થાનું સૂચન છે અને **सइं भज्जियं** પદથી અડધી કે અપરિપૂર્ણ ભૂંજેલી–શેકેલી અર્થાત્ થોડીક શેકેલી મિશ્ર અવસ્થાનો નિર્દેશ છે. **सइं** = એકવાર શેકેલી શિંગ. એકવારના શેકવાથી તે પૂર્ણ પક્વ(અચિત્ત) થતી નથી. તેમાં કોઈક કાચીને કોઈક પાકી તે રીતે મિશ્રિત રહે છે. માટે તેવી અર્ધપક્વ શિંગને લેવાનો નિષેધ છે. તે લીલી શિંગ બે ત્રણવાર શેકાઈ જાય, પછી જ પૂર્ણ પરિપક્વ(અચિત્ત) થાય છે અને તે સાધુને માટે ગ્રાહ્ય બને છે.

**तहा कोलमणुसिण्णं... :–** આ એકવીસમી ગાથામાં **कासवणालियं** પદના બે અર્થ થાય છે– (૧) કાશ્યપનાલિકા અથવા શ્રીપર્ણીફળ (૨) કસારુ–જલીય ઘાસનું કન્દ છે; જેનું ફળ પીળારંગનું અને ગોળ હોય છે. પ્રસ્તુત ગાથામાં **अणुसिण्णं (न उष्णं)** પદથી અગ્નિ પરિણામિત ન થયેલા અને **आमगं**

પદથી કાચા પદાર્થોને ગ્રહણ કરવાનો નિષેધ છે અને તેવા પાંચ પદાર્થોના નામ આપ્યા છે– બોર, વાંસ કારેલા, શ્રીપર્ણી ફળ, તળપાપડી અને કદંબફળ.

**तिलपप्पडगं** = પ્રસિદ્ધ તલપાપડી તો અચિત્ત હોય છે પરંતુ અહીં જે કાચા તલથી બનાવેલી હોય તેનું કથન છે.

**णीमं** = ટીકામાં **नीपफलम्** = કંદમ્બ ફળ અર્થ કર્યો છે. પ્રતિભેદથી **नीमफलम्** એવો ટીકા પાઠ મળે છે. કદંબ ફળ ગોળ લીંબુ જેવા હોય છે.

**तहेव चाउलं पिट्ठं... :–** બાવીસમી ગાથામાં કાચા ભાત અને કાચા તલના પિષ્ટની તથા કોહવાયેલ (સડેલ) ખોળની અગ્રાહ્યતા દર્શાવી છે. કારણ કે તે બધા સચિત્ત હોય છે અને **वियडं वा तत्ताणिव्वुडं** પદથી ગરમ પાણીનું કથન છે, જેના અનેક રીતે અર્થ થાય છે– (૧) **वियडं**– ખાદ્ય પદાર્થ કે ભોજ્ય પદાર્થ. જે તપ્ત થયા હોય તો પણ પૂર્ણ અચિત્ત ન થયા હોય (૨) **वियडं** એટલે જળ, તત્ત એટલે ગરમ કરેલું પણ **अणिव्वुडं** એટલે પૂર્ણ અચિત્ત ન થયેલું; તાત્પર્ય એ છે કે પૂર્ણ રીતે કે સારી રીતે ગરમ ન થયેલું જળ. (૩) **वियडं** એટલે ધોવણ અને **तत्त** એટલે ગરમ કરેલું; પણ **अणिव्वुडं** = પૂર્ણ અચિત્ત ન થયેલું જળ. (૪) ગરમ કરેલું પાણી જ, સમય મર્યાદા વ્યતીત થઈ જવાથી ફરી સચિત્ત થયેલું. આ સર્વ અર્થ પ્રાસંગિક છે.

**पूइपिण्णागं** = અહીં **पूइ** શબ્દ **पिण्णागं** નું વિશેષણ છે તેથી સડેલો સરસવ આદિનો ખોળ અર્થ થાય છે. **आमगं परिवज्जए** = તે પ્રત્યેક પદાર્થ સચિત્ત રહે, પૂર્ણ રીતે શસ્ત્ર પરિણત ન થાય; ત્યાં સુધી અગ્રાહ્ય છે.

**कविट्ठं माउलिंगं च... :–** આ ત્રેવીસમી ગાથામાં બે પદો ફળ સૂચક છે અને બે પદ કંદમૂળમાં ગણાતા મૂળા સંબંધી છે. આ ચારે ય પદાર્થો શસ્ત્રપરિણત(અચિત્ત) ન હોય તો તેને ગ્રહણ કરી ખાવાની વાત તો જુદી પરંતુ મનથી તે પદાર્થોનો સંકલ્પ પણ સાધુએ કરવો નહીં.

**तहेव फलमंथूणि बीयमंथूणि :–** મન્થુ = ચૂર્ણ કે પિષ્ટ. જવ, અડદ, મગ, ઘઉં વગેરે બીજોનું અને બોર આદિ ફલોનું ચૂર્ણ. **बिहेलगं** = બહેડાનું ફળ, તે ત્રિફલાના ત્રણ ફળમાંથી એક ફળ છે, જે દવાના કામમાં આવે છે. આ અખંડ ફળ સચિત્ત હોય છે. **पियालं** = પ્રિયાલ. તેના ત્રણ અર્થ છે– (૧) ચિરૌજીનું ફળ (૨) રાયણનું ફળ (૩) દ્રાક્ષ.

## સામુદાનિક ભિક્ષાવૃત્તિ વિધાન :-

**૨૫** **समुयाणं चरे भिक्खू, कुलमुच्चावयं सया ।**
**णीयं कुलमइक्कम्म, ऊसढं णाभिधारए ॥**

**છાયાનુવાદ :** समुदानं चरेद् भिक्षुः, कुलमुच्चावचं सदा ।
निम्नं कुलमतिक्रम्य, उत्सृतं नाभिधारयेत् ॥

**શબ્દાર્થ :– भिक्खू** = સાધુ **समुयाणं** = સામુદાનિક રૂપે, યથાક્રમે **सया** = સદા **कुलं उच्चावयं** = સામાન્ય અને વિશેષ ઘરોમાં **चरे** = આહારને માટે જાય **णीयं कुलं** = ગરીબ ઘરને, સામાન્ય ઘરને **अइक्कम्म** = ઉલ્લંઘન કરીને **ऊसढं** = ધનાઢ્ય ઘરોમાં **णाभिधारए** = જાય નહિ.

**ભાવાર્થ :–** ભિક્ષુ હંમેશા ધનવાન અને નિર્ધન ઘરોમાં યથાક્રમે સમાન ભાવે ગોચરી કરે, નિર્ધન ઘરોને છોડીને શ્રીમંતોને ઘેર ન જાય.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથામાં મુનિને ગોચરી કરવામાં સામુદાનિક ભિક્ષાવૃત્તિના માધ્યમે અનાસક્ત વૃત્તિનો નિર્દેશ છે.

**समुयाणं चरे... :–** ગરીબ કે ધનવાનના ભેદભાવ વિના દરેક ઘરમાંથી સમાનભાવે ભિક્ષા માટે જવું અને સમભાવપૂર્વક નિર્દોષ ભિક્ષા ગ્રહણ કરવી, તેને **સામુદાનિક ભિક્ષાવૃત્તિ** કહે છે.

સામુદાનિક ભિક્ષાવૃત્તિમાં ભિક્ષુના અનાસક્તભાવ ટકી રહે છે, પરંતુ જ્યારે તેના અંતરમાં આસક્તિભાવ જાગૃત થાય છે, ત્યારે તે સામાન્ય ઘરનું ઉલ્લંઘન કરીને શ્રીમંતોના ઘરમાં ગૌચરી માટે જાય છે. તે આસક્તિ બે પ્રકારની હોય છે– (૧) ધનાઢ્ય લોકો પ્રતિ (૨) સ્વાદિષ્ટ આહાર પ્રતિ.

(૧) કેટલાક શ્રમણોને ધનાઢ્ય લોકો સાથે સંપર્ક કે અતિ પરિચય રાખવાની અને તેઓની સંપત્તિનો પોતાની ઈચ્છા પ્રમાણે ઉપયોગ કરાવવાની પ્રવૃત્તિ હોય છે. ગોચરી માટે ફરતાં શ્રીમંતોના ઘેર જતાં સહજ રીતે તેઓનો સંપર્ક થઈ જાય છે. આ કારણે સામાન્ય ઘરોની ઉપેક્ષા કરીને ઈચ્છિત ધનાઢ્ય ઘરોમાં જ ગોચરી માટે જાય છે. (૨) કોઈ શ્રમણોને સારા–સારા ખાદ્ય પદાર્થોની જ અપેક્ષા હોય છે અને તે સ્વાદવૃત્તિનું પોષણ શ્રીમંતોના ઘરમાં જ થાય છે. તેથી સામાન્ય ઘરને છોડીને મુનિ શ્રીમંતોના ઘરમાં ગૌચરી જાય છે.

ઉક્ત બંને પ્રકારની વૃત્તિ કે પ્રવૃત્તિ સંયમી જીવનમાં બાધક છે. તેથી સાધુએ તે વૃત્તિનો ત્યાગ કરીને સામુદાનિક ભિક્ષા ગ્રહણ કરવી જોઈએ. કોઈપણ પ્રકારના સંકલ્પ વિના સહજ ભાવે પરિભ્રમણ કરતાં જે નિર્દોષાહાર પ્રાપ્ત થાય તેનાથી ઉદરપૂર્તિ કરવી જોઈએ. આ સર્વ કથન શ્રમણોના જીવનના હાર્દ રૂપ અનાસક્ત ભાવની પુષ્ટિ માટે છે.

## ભિક્ષાવૃત્તિમાં અદીનતા અને અનાસક્તિ :–

**૨૬** **अदीणो वित्तिमेसिज्जा, ण विसीएज्ज पंडिए ।**
**अमुच्छिओ भोयणम्मि, मायण्णे एसणा रए ॥**

**છાયાનુવાદ :** अदीनो वृत्तिमेषयेत्, न विषीदेत् पण्डितः ।
अमूर्च्छितो भोजने, मात्राज्ञ एषणारतः ॥

**શબ્દાર્થ :– पंडिए** = પંડિત સાધુ **अदीणो** = દીનતા રહિત થઈને **वित्तिं** = આહાર પ્રાપ્તિની **ए सिज्जा** = ગવેષણા કરે **ण विसीएज्ज** = આહાર ન મળે તો વિષાદ ન કરે અને **भोयणम्मि** = સરસ ભોજનમાં **अमुच्छिओ** = મૂર્ચ્છિત ન થાય **मायण्णे** = આહારની માત્રા જાણનારો **पंडिए** = પંડિત મુનિ **एसणा रए** = સર્વથા નિર્દોષ આહારમાં રત રહે, એષણા સમિતિ યુક્ત રહે.

**ભાવાર્થ :–** નિર્દોષ ભિક્ષાની ગવેષણાના નિયમોમાં રત(સંલગ્ન) અને આહારની મર્યાદાને જાણનાર પંડિત ભિક્ષુ અદીનભાવે આહારની ગવેષણા કરે, તેમ કરતાં કદાચિત્ આહાર ન મળે તો ખેદ ન કરે અને સારો આહાર મળી જાય તો તેમાં મૂર્ચ્છિત ન થાય.

## વિવેચન :–

પચીસમી ગાથામાં કહ્યાં પ્રમાણે અનુક્રમે ગોચરી કરતાં લાભ–અલાભ થાય, મનોજ્ઞ અમનોજ્ઞ પદાર્થ મળે, તેમજ અલ્પ કે બહુ પ્રમાણમાં ભિક્ષા મળે ત્યારે મુનિને કોઈપણ પ્રકારે દીનતા અને આસક્તિના ભાવો ન કરવા વગેરેનો ઉપદેશ પ્રસ્તુત ગાથામાં આપ્યો છે.

**अदीणो वित्तिमेसिज्जा :–** સાધુ અદીનભાવે આહાર પ્રાપ્ત કરે. પોતાના શુભાશુભ કર્મના ઉદયાનુસાર અલ્પ કે અધિક, મનોજ્ઞ કે અમનોજ્ઞ, આહારનો લાભ કે અલાભ થાય છે. લાભમાં આનંદ અને અલાભમાં દીન બની જવું કે વિષાદ કરવો તે સાધુતા નથી, લાભ અને અલાભમાં સમભાવ રાખવો તે જ સાધુતા છે.

ગૃહસ્થની સામે પોતાની દીનતા–હીનતા પ્રદર્શિત કરીને અથવા લાચારી બતાવીને આહારની યાચના કરવી તે દીનવૃત્તિ છે. કારણ કે દીનતા પ્રગટ કરવાથી જિનશાસનની લઘુતા થાય છે અને મનમાં દીનતા આવી જવાથી શુદ્ધ આહારની ગવેષણા થઈ શકતી નથી. તેથી મુનિ અદૈન્ય ભાવે ભિક્ષાવૃત્તિ કરે.

**अमुच्छिओ :–** જે મુનિ રસાસ્વાદમાં મૂર્ચ્છિત થાય છે, તેને જ આહારની પ્રાપ્તિ ન થવાની દીનતા થાય છે. તેમ જ મૂર્ચ્છિત વ્યક્તિ નિર્દોષ ગવેષણા કરી શકતી નથી, સમભાવ રાખી શકતી નથી. તેથી સાધુ આહારમાં અમૂર્ચ્છિત–અનાસક્ત રહે.

**मायण्णे :–** સાધુએ પોતાના આહારની માત્રાને જાણવી અને તે પ્રમાણે જ આહાર લાવવો જોઈએ; અધિક આહાર લાવવાથી આહાર વાપરવો પડે અથવા તો પરઠવો પડે. બંને પરિસ્થિતિમાં સંયમભાવ કે સમભાવમાં હાનિ થાય, તેથી આહારની માત્રાના જાણકાર થવું તે સાધુનો એક વિશિષ્ટ ગુણ છે.

**एषणा रए :–** એષણા સમિતિના નિયમોમાં રત રહે. સાધુ પ્રત્યેક ક્રિયા ઉપયોગપૂર્વક કરે તો જ રાગદ્વેષથી દૂર થઈ શકે છે. માટે મુનિ ગૌચરી સમયે દીનતા કે આસક્તિના વિકલ્પોનો ત્યાગ કરી, આહારની ગવેષણામાં સમગ્ર લક્ષ્ય રાખે. આ પ્રકારની એકાગ્રતા, તલ્લીનતાથી જ સંયમ ધર્મનું કે અહિંસાદિ ધર્મનું પાલન થઈ શકે છે.

**સાર એ છે કે–** (૧) ગોચરીમાં અલાભ થતાં અથવા અલ્પ કે અમનોજ્ઞ પદાર્થ મળતાં મુનિ

પોતાના ભાવોમાં કે વચનમાં દીનતા ન કરે; મનમાં ખેદજનક કોઈ સંકલ્પો ન કરે પરંતુ પોતાની સંયમની મસ્તીમાં, સમાધિમાં રહે. (૨) ક્યારેક સામુદાનિક રીતે ભિક્ષા કરતાં પણ અનુકૂળ ઘરોનો સંયોગ મળતાં મનોનુકૂલ પુષ્કળ પદાર્થોની પ્રાપ્તિ થાય તો મુનિ પુદ્‌ગલાનંદી વૃત્તિને સ્વીકાર ન કરે અને સારા પદાર્થો જોતાં ગવેષણાના નિયમોનો વિવેક ભૂલી ન જાય પરંતુ ઉચ્ચ ત્યાગ વૈરાગ્ય પરિણામોમાં લીન રહીને જ મુનિ ગોચરી કરે.

## દાતાના ભાવો પ્રત્યે મુનિનો વિવેક :–

**૨૭** **बहुं परघरे अत्थि, विविहं खाइमसाइमं ।**
**ण तत्थ पंडिओ कुप्पे, इच्छा दिज्ज परो ण वा ॥**

**છાયાનુવાદ :** बहु परगृहे अस्ति, विविधं खाद्यं स्वाद्यम् ।
न तत्र पण्डितः कुप्येत्, इच्छा दद्यात्परो न वा ॥

**શબ્દાર્થ :– परघरे** = ગૃહસ્થના ઘરમાં **बहुं** = ઘણા **विविहं** = વિવિધ પ્રકારના **खाइम** = ફળ–મેવા **साइमं** = મુખવાસ **अत्थि** = હોય છે **पंडिओ** = વિદ્વાન સાધુ **तत्थ** = તે ગૃહસ્થ ઉપર **ण कुप्पे** = ક્રોધ ન કરે પરંતુ વિચાર કરે કે **परो** = ગૃહસ્થ **इच्छा** = ઈચ્છા હોય તો **दिज्ज** = આપે **ण** = ઈચ્છા ન હોય તો ન આપે.

**ભાવાર્થ :–** ગૃહસ્થને ઘેર ભિન્ન ભિન્ન પ્રકારના ફળ–મેવા, મુખવાસ વગેરે પદાર્થો હોય છતાં ગૃહસ્થ તે પદાર્થ ન આપે તો પણ પંડિત ભિક્ષુ તેના ઉપર કોપ ન કરે. પરંતુ એમ વિચારે કે આપવું કે ન આપવું તે તેની ઈચ્છા પર નિર્ભર છે.

**૨૮** **सयणासणवत्थं वा, भत्तपाणं च संजए ।**
**अदिंतस्स ण कुपिज्जा, पच्चक्खे वि य दीसओ ॥**

**છાયાનુવાદ :** शयनासनवस्त्रं वा, भक्तपानं च संयतः ।
अददतो न कुप्येत्, प्रत्यक्षेऽपि च दृश्यतः ॥

**શબ્દાર્થ :– संजए** = સાધુ **सयण** = શયન **आसण** = આસન **वत्थं** = વસ્ત્ર **भत्तं** = આહાર **पाणं** = પાણી **पच्चक्खे वि य** = પ્રત્યક્ષ, નજર સામે **दीसओ** = દેખાતા હોવા છતાં પણ **अदिंतस्स** = ન અપાતાં, ન આપનાર ગૃહસ્થ પ્રત્યે **ण कुप्पिज्जा** = કોપ ન કરે.

**ભાવાર્થ :–** શય્યા, આસન, વસ્ત્ર, ભોજન, પાણી વગેરે ગૃહસ્થને ત્યાં નજર સામે દેખાતાં હોવા છતાં પણ જો તે ન આપે તોપણ મુનિ તેના પર કોપ ન કરે.

**વિવેચન :-**

પ્રસ્તુત ગાથાઓમાં મુનિને શ્રમણત્વના સારભૂત સમભાવમાં સ્થિર રહેવાની શિક્ષા છે.

**अदिंतस्स ण कुप्पिज्जा :–** સાધુ વિવિધ ઘરોમાં ગૌચરી માટે જાય છે. તે ગૃહસ્થોના વિવિધ પ્રકારના વિચારો કે પરિણામો હોય છે. તે લોકોની પરિસ્થિતિ અને પ્રકૃતિ વિવિધ પ્રકારની હોય છે. તેથી તેના ઘરે આહાર, વસ્ત્ર, પાત્ર આદિ સાધુને યોગ્ય સામગ્રી ઉપલબ્ધ હોય અને સાધુને તે નજર સામે પ્રત્યક્ષ દેખાતી પણ હોય તથા સાધુ તેની યાચના કરે, તેમ છતાં દાતા આપવાનો નિષેધ કરે તો સાધુ તેના પર કોપ ન કરે, અપશબ્દ પણ ન કહે અને શાપ ન આપે. ગૃહસ્થે પોતાની માલિકીની વસ્તુ આપવી કે ન આપવી તે તેની ઈચ્છા પર નિર્ભર છે. ગૃહસ્થ દ્વારા થતાં દરેક વ્યવહારમાં અને ગમે તે પરિસ્થિતિમાં સમભાવ રાખવો તે જ મુનિ ધર્મ છે.

**વંદન અવંદન વિષે મુનિનો વિવેક :-**

**૨૯** इत्थियं पुरिसं वावि, डहरं वा महल्लगं ।
वंदमाणं ण जाइज्जा, णो य णं फरुसं वए ॥

**છાયાનુવાદ :** स्त्रियं पुरुषं वाऽपि, डहरं वा महान्तम् ।
वन्दमानो न याचेत्, न च एनं परुषं वदेत् ॥

**શબ્દાર્થ :–** **वंदमाणं** = વંદના કરનારા **इत्थियं** = સ્ત્રી **पुरिसं** = પુરુષ **डहरं** = બાળક, નાના પાસેથી **महल्लगं** = વૃદ્ધ, મોટા **ण जाइज्जा** = કોઈ પ્રકારની યાચના કરે નહિ **य णं** = અને આહાર ન આપનારાઓને **फरुसं** = કઠોર વચન પણ **णो वए** = કહે નહિ.

**ભાવાર્થ :–** સ્ત્રી, પુરુષ, બાળક કે વૃદ્ધ નમસ્કાર કરતા હોય, તે વખતે તેની પાસેથી મુનિએ કોઈ વસ્તુની યાચના કરવી નહિ, તેમજ આહાર નહિં દેનાર પ્રત્યે કઠોર શબ્દો પણ બોલવા નહિ.

**૩૦** जे ण वंदे ण से कुप्पे, वंदिओ ण समुक्कसे ।
एवमण्णेसमाणस्स, सामण्णमणुचिट्ठइ ॥

**છાયાનુવાદ :** यो न वन्दते न तस्मै कुप्येत्, वन्दितो न समुत्कर्षेत् ।
एवमन्वेषमाणस्य, श्रामण्यमनुतिष्ठति ॥

**શબ્દાર્થ :–** **जे** = જે ગૃહસ્થ **ण वंदे** = વંદના કરે નહિ **से** = તેના પર **ण कुप्पे** = કોપ કરે નહિં **वंदिओ** = વંદના કરે તો **ण समुक्कसे** = અહંકાર કરે નહિં **एवं** = એ પ્રમાણે, સમપરિણામે રહી

**अण्णेसमाणस्स** = ગવેષણા કરનારનું **सामण्णं** = સાધુપણું **अणुचिट्ठइ** = અખંડ રહે છે, ટકી રહે છે.

**ભાવાર્થ :–** જો ગૃહસ્થાદિ વંદન ન કરે તો તેના ઉપર મુનિ કોપ કરે નહીં અને રાજાદિ મહાન પુરુષો વંદન કરે તો અભિમાન કરે નહીં. આ પ્રમાણે સમભાવમાં રહીને આહારાદિનું અન્વેષણ કરનારનું શ્રમણપણું અખંડ રહે છે, સુરક્ષિત રહે છે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં ગૃહસ્થ વંદના વ્યવહાર કરે કે ન કરે પણ મુનિને તટસ્થ રહેવાનો ઉપદેશ છે. મુનિ ગૌચરી આદિ નિમિત્તે ગૃહસ્થોનો સંપર્ક થાય છે. ગૃહસ્થના સંપર્કમાં આવતા મુનિને વિવિધ પ્રકારના અનુભવો થાય છે. સૂત્રકારે કેટલીક પરિસ્થિતિનો નિર્દેશ કરીને ઉપલક્ષણથી કોઈપણ પરિસ્થિતિમાં મુનિને સમભાવ રાખવાનું સૂચન કર્યું છે.

**वंदमाणं ण जाइज्जा :–** સાધુ વંદન કરનાર સ્ત્રી, પુરુષ આદિ પાસે કોઈ પ્રકારની યાચના ન કરે. આ પ્રકારે તરત જ યાચના કરવાથી સાધુની આહાર પ્રત્યેની લોલુપતા અને મૂર્ચ્છા પ્રગટ થાય છે. તેથી ગૃહસ્થની સાધુ પ્રત્યેની શ્રદ્ધા અને ભક્તિમાં પરિવર્તન થઈ જાય છે.

આ ચરણનો બીજી રીતે પણ અર્થ થાય છે કે પૂર્વોક્ત ગાથા પ્રમાણે જો ગૃહસ્થ આહારાદિ સામગ્રી ઉપલબ્ધ હોવા છતાં પણ સાધુને ન આપે ત્યારે મુનિ તે દાતાની વંદના–સ્તુતિ કરીને તેને રીઝવીને, પ્રસન્ન કરીને પુનઃ યાચના ન કરે. **णो य णं फरुसं वए**– આહાર ન દેનાર દાતાને કટુ શબ્દોથી કે અપશબ્દોથી તિરસ્કૃત પણ ન કરે.

ઉત્પાદનના ૧૬ દોષમાં આહાર પ્રાપ્તિ પૂર્વે ગૃહસ્થની સ્તુતિ–પ્રશંસા કરવી અને તેમ કરીને આહાર મેળવવો, તે **પૂર્વ સંસ્તવ** દોષ છે. તે પ્રકારે આહાર પ્રાપ્તિમાં ખુશામત કે લાચારીનો ભાવ પ્રતીત થાય છે.

**वंदिओ ण समुक्कसे :–** સાધુ વંદન કરનાર પર રાગ ન રાખે તેમજ તે અંગે અભિમાન ન કરે અને વંદન ન કરનાર પર દ્વેષભાવ ન રાખે. અભિમાન, રાગ કે દ્વેષભાવ સમભાવના બાધક છે, શ્રમણધર્મના વિરોધી છે.

**एवमण्णेसमाणस्स सामण्णमणुचिट्ठइ :–** આ રીતે આહારના લાભમાં અલાભમાં, ગૃહસ્થના દાન આપવામાં કે ન આપવામાં, વંદનમાં કે અવંદનમાં આવી દરેક પરિસ્થિતિમાં મુનિ જિનાજ્ઞાનું અનુસરણ કરતાં, સમભાવરૂપ શ્રમણધર્મને અખંડ રાખે. સમભાવની અખંડતા તે જ સાધુતાની સુરક્ષા છે.

## માયાવી સાધુના આચરણો :–

**૩૧** सिया एगइओ लद्धुं, लोभेण विणिगूहइ ।
मामेयं दाइयं संतं, दट्ठूणं सयमायए ॥

**છાયાનુવાદ :** स्यादेकको लब्ध्वा, लोभेन विनिगूहते ।
मा मे इदं दापितं सत्, दृष्ट्वा स्वयमादद्याद् ॥

**શબ્દાર્થ :– सिया** = કદાચિત્ **एगइओ** = કોઈ એક સાધુ, તુચ્છ બુદ્ધિ સાધુ **लद्धुं** = સરસ આહાર પ્રાપ્ત કરીને **लोभेण** = પોતે જ ખાવાના લોભથી **विणिगूहइ** = નીરસ આહારથી તેને ગોપવે છે **मेयं** = કારણ કે તે વિચારે છે કે મને મળેલો આ આહાર **मा दाइयं संतं** = કોઈને કંઈ દેવાનુ ન હોવા છતાં **दट्ठूणं** = જો ગુરુ વગેરે કોઈ દેખશે તો જોઈને **सयमायए** = તે સ્વયં ગ્રહણ કરી લેશે.

**ભાવાર્થ :–** કદાચ કોઈ સાધુ સ્વયં સુંદર ભિક્ષા મેળવીને લોભ સંજ્ઞાથી અર્થાત્ "હું એકલો જ તે પદાર્થનો ઉપભોગ કરીશ" તેવા વિચારથી અને "મારે આ આહારમાંથી કોઈને કંઈ આપવું નથી છતાં જો બીજા મુનિ અથવા આચાર્ય દેખશે તો તે સ્વયં ગ્રહણ કરી લેશે, મને આપશે નહીં" તેવા વિચારથી તે મનોજ્ઞ આહારને બીજા આહારથી ઢાંકી દે છે.

**૩૨** **अत्तट्ठा गुरुओ लुद्धो, बहुं पावं पकुव्वइ ।**
**दुत्तोसओ य से होइ, णिव्वाणं च ण गच्छइ ॥**

**છાયાનુવાદ :** आत्मार्थगुरुलुब्धः, बहु पापं प्रकरोति ।
दुस्तोषकश्च स भवति, निर्वाणं च न गच्छति ॥

**શબ્દાર્થ :– अत्तट्ठागुरुओ** = સ્વાર્થથી ભારી થયેલો, સ્વાર્થમાં જ મગ્ન **लुद्धो** = લુબ્ધ સાધુ, લોભી સાધુ **बहु पावं** = ઘણા પાપકર્મોને, પાપને **पक्कुवइ** = ઉપાર્જન કરે છે **से** = તે **दुत्तोसओ** = અતૃપ્ત, સંતોષ ભાવથી રહિત, ખાવાથી પણ તે ક્યારેય તૃપ્ત થતો નથી **होइ** = હોય છે **णिव्वाणं च** = નિર્વાણ, મોક્ષ પણ **ण गच्छइ** = પ્રાપ્ત કરતો નથી.

**ભાવાર્થ :–** તે જિહ્વાલોલુપી તથા સ્વાર્થી પેટભરો સાધુ ઘણું પાપ ઉપાર્જન કરે છે. તે અસંતોષી સાધુ ખાવામાં ક્યારેય સંતુષ્ટ થઈ શકતો નથી અને નિર્વાણને પામી શકતો નથી.

**૩૩** **सिया एगइओ लद्धुं, विविहं पाणभोयणं ।**
**भद्दगं भद्दगं भोच्चा, विवण्णं विरसमाहरे ॥**

**છાયાનુવાદ :** स्यादेकको लब्ध्वा, विविधं पानभोजनम् ।
भद्रकं भद्रकं भुक्त्वा, विवर्णविरसमाहरेत् ॥

**શબ્દાર્થ :– सिया** = કદાચિત્ **एगइओ** = કોઈ એક સાધુ **विविहं** = વિવિધ પ્રકારના **पाणभोयणं** = અન્ન અને પાણી **लद्धुं** = પ્રાપ્ત કરીને **भद्दगं भद्दगं** = સારું સારું **भोच्चा** = ખાઈને **विवण्णं** =

અસુંદર, ખરાબ **विरसं** = રસ રહિત, અસ્વાદિષ્ટ આહાર **आहरे** = ઉપાશ્રયમાં લઈ આવે.

**ભાવાર્થ :–** વળી કોઈ સાધુ વિવિધ પ્રકારના સુંદર સરસ આહાર મેળવીને રસ્તામાં જ ખાય લે અને ૩૫– રંગ રહિત, સ્વાદ રહિત આહાર ઉપાશ્રયમાં લઈને આવે છે.

**૩૪**

**जाणंतु ता इमे समणा, आययट्ठी अयं मुणी ।**
**संतुट्ठो सेवए पंतं, लूहवित्ती सुतोसओ ॥**

**છાયાનુવાદ :** **जानन्तु तावदिमे श्रमणा, आयतार्थी अयं मुनिः ।**
**सन्तुष्टः सेवते प्रान्तं, रूक्षवृत्तिः सुतोषकः ॥**

**શબ્દાર્થ :– इमे** = આ ઉપાશ્રયમાં રહેલાં **समणा** = સાધુઓ **ता** = નિશ્ચયથી **जाणंतु** = જાણે કે **अयं** = આ **मुणी** = મુનિ **संतुट्ठो** = સંતોષી થઈ **पंतं** = અસાર પદાર્થોનું, સામાન્ય પદાર્થોનું **सेवए** = સેવન કરે છે **सुतोसओ** = સંતોષ પામે છે **लूहवित्ती** = રૂક્ષ આહારથી **आययट्ठी** = આત્માર્થી, મોક્ષાર્થી.

**ભાવાર્થ :–** તેમ કરવાથી બીજા શ્રમણો એમ જાણે કે "આ મુનિ ખૂબ આત્માર્થી છે, સંતોષી છે, સામાન્ય અને નીરસ આહારનું સેવન કરે છે, રૂક્ષવૃત્તિને ધારણ કરનાર છે. તેથી ગમે તે આહારમાં સંતોષ પામે છે.

**૩૫**

**पूयणट्ठी जसोकामी, माणसम्माणकामए ।**
**बहुं पसवइ पावं, मायासल्लं च कुव्वइ ॥**

**છાયાનુવાદ :** **पूजनार्थी यशस्कामी, मानसन्मानकामकः ।**
**बहु प्रसूते पापं, मायाशल्यं च करोति ॥**

**શબ્દાર્થ :– पूयणट्ठी** = પૂજાનો ઈચ્છુક **जसोकामी** = યશનો અભિલાષી **माणसम्माणकामए** = માન– સન્માનનો અભિલાષી **बहुं पावं** = ઘણા પાપ કર્મોનું **पसवइ** = ઉપાર્જન કરે છે **मायासल्लं** = માયારૂપી શલ્યનું સેવન પણ **कुव्वइ** = કરે છે.

**ભાવાર્થ :–** આવી રીતે દંભથી જે પૂજા, કીર્તિ, માન અને સન્માનનો ઈચ્છુક છે, તે ઘણા પાપકર્મોને ઉપાર્જિત કરે છે અને માયાશલ્યનું સેવન કરે છે.

## વિવેચન :–

પ્રસ્તુત પાંચ ગાથાઓમાં આહાર માટે કપટ કરનાર સાધુની બે પ્રકારની પ્રવૃત્તિઓને સ્પષ્ટ કરી, તેનું અશુભફળ દર્શાવ્યું છે.

સાધુતાના નિયમોને જાણવા છતાં જ્યારે મુનિ મોહનીયકર્મના ઉદયને આધીન બની જાય ત્યારે

તેનામાં રસલોલુપતા કે આહાર પ્રત્યે આસક્તિભાવ જાગૃત થાય છે; રસલોલુપતાને પોષવા માટે તે સાધુતાને ભૂલી જાય છે.

ગુરુની આજ્ઞાથી ભિક્ષા માટે ગયેલા સાધુએ ગૌચરીમાં પ્રાપ્ત થયેલી સર્વ વસ્તુઓ ગુરુને સોંપી દેવી જોઈએ. ગૌચરીની યથાર્થ આલોચના કર્યા પછી ગુરુ જે અને જેટલો આહાર આપે તેમાં જ સંતુષ્ટ રહેવું જોઈએ. આ પ્રકારની વિધિનું પાલન કરવું તે શ્રમણધર્મ છે. તેમાં શિષ્યના મનનો સંયમ કેળવાય છે, વાસના મંદ બને છે અને વૈરાગ્યભાવ પુષ્ટ થાય છે. પરંતુ શિષ્યમાં જ્યારે માન મોહનીયકર્મના ઉદયે સમર્પણભાવનો લોપ થાય અને સ્વચ્છંદભાવ જાગૃત થાય ત્યારે તે અનેક દોષોનું સેવન કરે છે.

રસલોલુપી સાધુ માયાચારની પ્રવૃત્તિ બે પ્રકારે કરે છે, યથા– **(१) विणिगूहइ** = સ્વાદિષ્ટ કે મન પસંદ આહારને છુપાવે છે. **(२) भद्दगं भद्दगं मोच्चा** = સ્વાદિષ્ટ કે મન ગમતો આહાર કોઈપણ એકાંત સ્થાનમાં સ્વયં ખાઈ લે અને નીરસ આહાર લઈને ઉપાશ્રયમાં આવે છે. આ પ્રકારના માયાચાર સેવનના પણ બે કારણ છે. (૧) રસલોલુપતા (૨) માન, સન્માન અને પ્રશંસાની આકાંક્ષા.

ગૌચરીમાં હંમેશાં નીરસ આહારને જ જોવાથી સહવર્તી સાધુઓ મને રૂક્ષાહારી, રસપરિત્યાગી, તપસ્વી માનશે અને મારી પ્રશંસા કરશે. આ પ્રકારની વૃત્તિથી સાધુ માયાચારનું સેવન કરે છે.

**માયાચારનું પરિણામ :–** પ્રસ્તુત ગાથાઓમાં માયાચારના ચાર પરિણામ દર્શાવ્યા છે– (૧) તેનો આત્મા ક્યારેય સંતુષ્ટ થતો નથી. (૨) તે મોક્ષ પામતો નથી. (૩) ઘણાં પાપકર્મોનું કે દોષોનું સર્જન કરે છે. (૪) તે માયા–કપટ રૂપ શલ્યનું સર્જન કરે છે.

સાર એ છે કે માયાચારનું સેવન કરનાર સાધુની કીર્તિની કામના જ અપકીર્તિ પ્રાપ્ત કરાવે છે. તેવા સાધુની રસલોલુપતા અને અસંતોષનો ભાવ હંમેશાં વધ્યા જ કરે છે અને તે કદાપિ મોક્ષરૂપ અંતિમ લક્ષ્યને સિદ્ધ કરી શકતો નથી.

**आययट्ठी :–** આ શબ્દના ત્રણ અર્થ થાય છે– (૧) આયતાર્થી અર્થાત્ મોક્ષાર્થી (૨) આયાતિ + અર્થી– આગામી કાલના હિતનો અર્થી, અભિલાષી (૩) આત્માર્થી.

**माणसम्माण :–** વડીલોને વંદન કરવા, વડીલો આવે ત્યારે ઊભા થવું વગેરે વિનય કે આદરની પ્રવૃત્તિ **માન** કહેવાય છે અને વસ્ત્ર, પાત્ર આદિ કોઈપણ પદાર્થ વડે આદર કરવો તે **સન્માન** છે. એક દેશીય પૂજા–પ્રતિષ્ઠા થાય તે માન અને સર્વ પ્રકારે પૂજા–પ્રતિષ્ઠા થાય તે સન્માન છે; આ રીતે પણ અર્થ થાય છે.

## ભિક્ષુ માટે મદ્યપાન નિષેધ :-

**३६** सुरं वा मेरगं वावि, अण्णं वा मज्जगं रसं ।
ससक्खं ण पिवे भिक्खू, जसं सारक्खमप्पणो ॥

**છાયાનુવાદ :** सुरां वा मेरकं वाऽपि, अन्यद्वा माद्यकं रसम् ।
स्वसाक्ष्यं न पिबेद् भिक्षुः, यशः संरक्षन्नात्मनः ॥

**શબ્દાર્થ :– भिक्खू** = સાધુ **अप्पणो** = પોતાના **जसं** = યશની સંયમની **सारक्खं** = રક્ષા કરતાં **सुरं** = પિષ્ટાદિથી બનાવેલ મદિરા **मेरगं** = મહુડાની મદિરા **अण्णं वा मज्जगं रसं** = અન્ય માદક દ્રવ્ય ભાંગ, ચરસ વગેરે, માદક રસાદિકને **ससक्खं** = કેવળી ભગવાનની સાક્ષીએ, સ્વ સાક્ષીએ **ण पिवे** = પીએ નહિ.

**ભાવાર્થ :–** પોતાના સંયમરૂપી નિર્મળ યશનું રક્ષણ કરતો સંયમી ભિક્ષુ સુરા, મહુડાની મદિરા કે બીજા કોઈ પણ માદક પદાર્થનું આત્મસાક્ષીએ અને કેવળી ભગવાનની સાક્ષીએ સેવન ન કરે.

## વિવેચન :–

સ્થાનાંગ સૂત્રમાં મદિરાના સેવનને નરકનું કારણ કહ્યું છે. શાસ્ત્રોમાં અનેક સ્થળે સાધુ માટે તેનો નિષેધ છે. અહીં પણ શાસ્ત્રકારે બે મદિરાઓના નામ નિર્દેશ કરી સર્વ માદક દ્રવ્યોનો નિષેધ કર્યો છે.

સાધુનો આહાર સંયમી જીવનના નિર્વાહાર્થે જ હોય છે, તેથી તેનો આહાર સાત્વિક હોય, તે અત્યંત જરૂરી છે; તામસી કે માદક આહાર વિષય વાસનાને ઉદ્દીપિત કરે, સાધુને ઉન્મત્ત બનાવે અને અન્ય અનેક દોષોનું સર્જન કરે છે કે જે સંયમી જીવનમાં બાધક બને છે. તેથી સૂત્રકારે સાધુને માટે માદક દ્રવ્યોના સર્વથા ત્યાગનું કથન કર્યું છે.

**ससक्खं :–** આત્મસાક્ષીએ, આ શબ્દથી શાસ્ત્રકારે સાધુને સાવધાન કરતાં દોષથી બચવા માટે સાક્ષીનું કથન કર્યું છે. તે સાક્ષી આત્માની અને કેવળી ભગવાનની બંને પ્રકારની હોય છે. **ससक्खं** શબ્દથી તે બંને અર્થ ફલિત થાય છે. કોઈપણ સાક્ષી સાધકને દોષ સેવનથી અટકાવે છે.

## પતિત સાધુની નિકૃષ્ટ દશા :–

**૩૭** पियए एगओ तेणो, ण मे कोइ वियाणइ ।
तस्स पस्सह दोसाइं, णियडिं च सुणेह मे ॥

**છાયાનુવાદ :** पिबत्येककः स्तेनो, न मां कोऽपि विजानाति ।
तस्य पश्यत दोषान्, निकृतिं च शृणुत मम ॥

**શબ્દાર્થ :– एगओ** = કોઈ એક ભિક્ષુ, એકાન્ત સ્થાનમાં **तेणो** = ભગવદ્ આજ્ઞા લોપક, ચોર સાધુ **पियए** = મદ્ય પીએ છે **मे** = મને **कोइ** = કોઈ પણ **ण वियाणइ** = જાણતું નથી, દેખતું નથી **तस्स** = તે સાધુના મદ્યપાન કરનારના **दोसाइं** = દોષોને **पस्सह** = જુઓ **च** = અને તેની **णियडिं** = માયારૂપ નિકૃતિને, માયાચરણને **मे** = મારા પાસેથી **सुणेह** = સાંભળો.

**ભાવાર્થ :–** મને કોઈ દેખતું નથી તેમ માની, જે કોઈ ભિક્ષુ એકાંતમાં છૂપી રીતે મદ્યપાન કરે છે. હે સાધુઓ ! તમે તેના દોષોને અને માયાને જુઓ. હવે હું તેનું વર્ણન કરું છું, તે મારી પાસેથી સાંભળો.

**૩૮** **वड्ढइ सुंडिया तस्स, मायामोसं च भिक्खुणो ।**
**अयसो य अणिव्वाणं, सययं च असाहुया ॥**

**છાયાનુવાદ : वर्धते शौण्डिता तस्य, मायामृषा च भिक्षोः ।**
**अयशश्चानिर्वाणं, सततं चासाधुता ॥**

**શબ્દાર્થ :– तस्स** = તે મદિરા પીનારા **भिक्खुणो** = ભિક્ષુની **सुंडिया** = આસક્તિ **वड्ढइ** = વધતી જાય છે અતૃપ્તિની પણ વૃદ્ધિ થયા કરે છે **मायामोसं च** = ઝૂઠ–કપટ, માયા અને મૃષાવાદ **अयसो** = અપયશ **अणिव्वाणं** = પારલૌકિક શાંતિ કે મુક્તિ પામતો નથી **सययं** = નિરંતર **असाहुया** = અસાધુતા વધતી રહે છે.

**ભાવાર્થ :–** તેની દારૂ પીવાની આસક્તિ અને છળકપટ તથા અસત્યાદિ દોષો વધે છે. આ લોકમાં તેની અપકીર્તિ પ્રસરે છે. તેમજ તે પારલૌકિક શાંતિ કે મુક્તિ પણ પામતો નથી. તે સાધુપણાથી રહિત બનીને સતત અસાધુતાને પ્રાપ્ત કરે છે.

**૩૯** **णिच्चुव्विग्गो जहा तेणो, अत्तकम्मेहिं दुम्मइ ।**
**तारिसो मरणंते वि, ण आराहेइ संवरं ॥**

**છાયાનુવાદ : नित्योद्विग्नो यथा स्तेनः, आत्मकर्म्मभिर्दुर्मतिः ।**
**तादृशो मरणान्तेऽपि, नाराधयति संवरम् ॥**

**શબ્દાર્થ :– जहा** = જેમ **तेणो** = ચોર **णिच्चुव्विग्गो** = સદા ઉદ્વિગ્ન રહે છે, ગભરાયેલો રહે છે **तारिसो दुम्मइ** = તે દુર્બુદ્ધિવાળો સાધુ **अत्तकम्मेहिं** = પોતાના દુષ્ટ કર્મોથી જ **मरणंते वि** = મરણાંત દશામાં પણ **संवरं** = સંવર ધર્મની **णाराहेइ** = આરાધના કરી શકતો નથી.

**ભાવાર્થ :–** જેમ ચોર પોતાના દુષ્કર્મોથી ઉદ્વિગ્ન ચિત્તવાળો રહે છે, તેમ દુર્બુદ્ધિવાળા ભિક્ષુ પણ પોતાના દુષ્ટકર્મોથી અસ્થિર ચિત્તવાળા રહે છે. તેવા મુનિ મૃત્યુના અંત સુધી પણ સંવર ધર્મની આરાધના કરી શકતા નથી.

**૪૦** **आयरिए णाराहेइ, समणे यावि तारिसो ।**
**गिहत्था वि णं गरिहंति, जेण जाणंति तारिसं ॥**

**છાયાનુવાદ :** **आचार्यान्नाराधयति, श्रमणां चापि तादृशः ।**
**गृहस्था अप्येनं गर्हन्ते, येन जानाति तादृशम् ॥**

**શબ્દાર્થ :– तारिसो** = તે મદિરા પીનાર સાધુ **आयरिए** = આચાર્યની **णाराहेइ** = આરાધના કરતો નથી **समणे यावि** = સાધુઓની પણ આરાધના કરતો નથી **गिहत्था वि** = ગૃહસ્થો પણ **णं** = તેની **गरिहंति** = નિંદા કરે છે **जेण** = કારણ કે તેઓ **तारिसं** = તેને દુષ્ટ ચારિત્રવાળો **जाणंति** = જાણે છે.

**ભાવાર્થ :–** તે મદ્યપાન કરનાર વેશધારી સાધુ પોતાના આચાર્યોની કે અન્ય શ્રમણોની આરાધના કરી શકતો નથી. ગૃહસ્થો તેની અસાધુતાને જાણે છે, તેથી તેઓ પણ તેની નિંદા કરે છે.

**૪૧** **एवं तु अगुणप्पेही, गुणाणं च विवज्जए ।**
**तारिसो मरणंते वि, ण आराहेइ संवरं ॥**

**છાયાનુવાદ :** **एवं त्वगुणप्रेक्षी, गुणानां च विवर्जकः ।**
**तादृशो मरणान्तेऽपि, नाराधयति संवरम् ॥**

**શબ્દાર્થ :– एवं तु** = આ પ્રકારે **अगुणप्पेही** = અવગુણોનો જોનારો, અવગુણ ધારણ કરનારો **गुणाणं** = ગુણોને **विवज्जए** = ત્યાગનારો **तारिसो** = તેવા પ્રકારનો સાધુ **मरणंते वि** = મૃત્યુના સમયમાં પણ **संवरं** = સંવરની, સંયમ ધર્મની **ण आराहेइ** = આરાધના કરી શકતો નથી.

**ભાવાર્થ :–** આ પ્રમાણે દુર્ગુણોનું સેવન કરનાર અને ગુણોને છોડી દેનાર સાધુ મરણના અંતે પણ સંવરધર્મને આરાધી શકતો નથી.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં જિહ્વાલોલુપ માયાવી મદ્યાસક્ત એવા દુર્ગુણી સાધુની પતિત દશા દર્શાવી છે.

ચારિત્ર મોહકર્મના ઉદયમાં પણ વૈરાગી શ્રમણ જાગરુકતા પૂર્વક તેને નિષ્ફળ કરી સંયમ ધર્મમાં સુરક્ષિત રહી શકે છે, તે માટે શાસ્ત્રમાં **समयं गोयम मा पमायए** નો ઘોષ યત્ર–તત્ર સર્વત્ર ગૂંજી રહ્યો છે. તેમ છતાં કોઈ મંદ પુરુષાર્થી શ્રમણ ઉદયાધીન થઈ સંયમ મર્યાદાથી પતિત થઈ જાય છે અને અનાચારણીય કૃત્યોનું આચરણ કરતા થઈ જાય છે. તે અનાચાર અઢાર, બાવન કે અનેકાનેક, સેકડોં પ્રકારે શાસ્ત્રોમાં વર્ણિત છે. તેમાંથી અહીં માત્ર મદ્યસેવન રૂપ અનાચારની દોષ પરંપરાને સ્પષ્ટ કરવામાં આવી છે.

પ્રભુના શાસનની આચાર વ્યવસ્થા પૂર્ણ વ્યવસ્થિત હોવા છતાં વ્યક્તિનું મન વિચિત્ર કર્મસંયોગે ભુક્તભોગીને પૂર્વની સ્મૃતિએ અને અભુક્તભોગીને નૂતન કુતૂહલે કે તેવા ઔષધ વગેરેના સંજોગે(શૈલક રાજર્ષિવત્) સંયમ નિયમથી પતિત થઈ જાય છે ત્યારે તે મદિરા સેવી થઈ જાય છે. તેના દૂષિત જીવનનું

ચિત્રણ પ્રસ્તુત ગાથાઓમાં કર્યું છે.

**પતિત સાધુના વિવિધ દોષો :–** (૧) એકલા, એકાન્તમાં છુપાઈને મદિરા પીવાથી માયાચાર (૨) ગુર્વાજ્ઞા અને જિનાજ્ઞાભંગ રૂપ ચોરી. (૩) મદ્યપાનમાં આસક્તિભાવ અને તેનાથી ઉન્મત્તતા (૪) માયામૃષા (૫) અપકીર્તિ (૬) અતૃપ્તિ (૭) અસાધુતાનું પોષણ (૮) ચોરની જેમ મનમાં સદા ઉદ્વિગ્નતા (૯) મરણાન્તકાળ સુધી પણ સંવર આરાધનાનો અભાવ (૧૦) આચાર્ય તેમજ શ્રમણોની અનારાધના– અપ્રસન્નતા (૧૧) ગૃહસ્થ દ્વારા તિરસ્કાર–નિંદા (૧૨) દુર્ગુણ પ્રવેશ (૧૩) જ્ઞાનાદિ ગુણોનો નાશ (૧૪) અંતે સંયમ વિરાધક થાય.

ગાથાઓમાં વિસ્તૃત વર્ણન હોવાથી વિષય સ્પષ્ટ છે. આવા દુર્વ્યસની સાધક આચાર્ય કે ગુરુવર્યોની સેવા, ભક્તિ, વિનય તેમજ આજ્ઞાપાલનથી આરાધના કે ઉપાસના કરી શકતા નથી અને તેના વ્યક્તિગત દૂષિત જીવનથી સાધુ સમાજ અને જિનશાસનની અવહેલના–નિંદા થાય છે.

મદ્યપાન અનેક આપત્તિનું તેમજ નરકગતિનું કારણ હોવાથી દરેક શ્રાવક અને શ્રમણોને તેમજ દરેક માનવ માત્રને ત્યાજ્ય છે, તો મોક્ષના આરાધક સંયમી સાધુ માટે તો સર્વ માદક દ્રવ્ય સર્વથા વર્જ્ય જ હોય તે સહજ સમજી શકાય છે.

**जसं सारक्खमप्पणो :–** તેના બે અર્થ થાય છે– (૧) પોતાના યશની સુરક્ષા માટે (૨) સંયમની સુરક્ષા માટે.

**मज्जपमाय :–** અહીં મદ્ય અને પ્રમાદ બન્ને ભિન્ન શબ્દ પ્રતીત થાય છે. પરંતુ તે બંને પૃથક્ શબ્દ નથી એક જ શબ્દ છે. મદ્ય પ્રમાદનું કારણ છે. તેથી મદ્યને જ પ્રમાદ કહેવામાં આવ્યો છે.

**णियडिं :–** ગૂઢ માયા, કપટ પ્રપંચ અર્થાત્ એક કપટને છુપાવવા કરાતું બીજું કપટ. દારૂપીવો તે પ્રથમ કપટ–દોષ છે અને જુઠું બોલી તેને છુપાવવું, તે બીજું કપટ છે.

**अगुणप्पेही :–** અગુણ પ્રેક્ષી, દોષદર્શી. પ્રમાદ આદિ દોષોમાં લીન; અવગુણોને ધારણ કરનાર; સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર, ક્ષમા, આજ્ઞા પાલન વગેરે ગુણોની ઉપેક્ષા કરનારા.

## સંયમીની શ્રેષ્ઠતા :-

**૪૨** **तवं कुव्वइ मेहावी, पणीयं वज्जए रसं ।**
**मज्जप्पमायविरओ, तवस्सी अइउक्कसो ॥**

**છાયાનુવાદ :** **तपः करोति मेधावि, प्रणीतं वर्जयेत् रसं ।**
**मद्यप्रमादविरतः, तपस्वी अत्युत्कर्षः ॥**

**શબ્દાર્થ :– मेहावी** = બુદ્ધિમાન, મર્યાદાવર્તી સાધુ **तवं** = ઉજ્જવળ તપ **कुव्वइ** = કરે છે **पणीयं**

= સ્નિગ્ધ બલવર્ધક **रसं** = રસને, પદાર્થને **वज्जए** = છોડે છે **मज्जपमायविरओ** = મદ્યપાનના પ્રમાદથી રહિત **तवस्सी** = તપસ્વી **अइ उक्कसो** = અત્યન્ત ઉત્કર્ષને પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ :–** જે બુદ્ધિમાન સાધક સ્નિગ્ધ અને સ્વાદિષ્ટ ભોજનનો ત્યાગ કરી તપશ્ચર્યા કરે છે; મદિરા સેવનરૂપ પ્રમાદથી નિવૃત્ત રહે છે, તે તપસ્વી મુની વિકાસને માર્ગે અગ્રસર થાય છે.

**૪૩** **तस्स पस्सह कल्लाणं, अणेगसाहुपूइयं ।**
**विउलं अत्थसंजुत्तं, कित्तइस्सं सुणेह मे ॥**

**છાયાનુવાદ :** **तस्य पश्यत कल्याणं, अनेकसाधुपूजितम् ।**
**विपुलमर्थसंयुक्तं, कीर्तयिष्ये शृणुत मम ॥**

**શબ્દાર્થ :– तस्स** = તે સાધુની **अणेगसाहुपूइयं** = અનેક સાધુઓથી પૂજિત **विउलं** = અતિપ્રમાણમાં મોક્ષના અવગાહન કરવાથી વિપુલ **अत्थसंजुत्तं** = મોક્ષના અર્થથી યુક્ત, સંયમ ધનયુક્ત **कल्लाणं** = કલ્યાણને **पस्सह** = જુઓ **कित्तइस्सं** = તેના ગુણોનું હું કીર્તન કરીશ **मे** = મારા વડે **सुणेह** = સાંભળો.

**ભાવાર્થ :–** જે અનેક સાધુઓથી પૂજાય છે તથા વિપુલ શ્રુત સંયમ ધનથી યુક્ત છે તે ભિક્ષુના કલ્યાણરૂપ સંયમને જુવો. હું તેનું ગુણકથન કરીશ, તે સાંભળો.

**૪૪** **एवं तु गुणप्पेही, अगुणाणं च विवज्जए ।**
**तारिसो मरणंते वि, आराहेइ संवरं ॥**

**છાયાનુવાદ :** **एवं तु स गुणप्रेक्षी, अगुणानां च विवर्जकः ।**
**तादृशो मरणान्तेऽपि, आराधयति संवरम् ॥**

**શબ્દાર્થ :– एवं तु** = આ રીતે, એવા પ્રકારથી **से** = તે **गुणप्पेही** = ગુણોને જોનાર, ગુણ વૃદ્ધિ કરનાર **अगुणाणं** = અવગુણોને **विवज्जए** = છોડનાર **तारिसो** = તેવો શુદ્ધાચારી સાધુ **मरणंते वि** = મૃત્યુના સમયે પણ **संवरं** = સંવર ધર્મની, સંયમની **आराहेइ** = આરાધના કરે છે.

**ભાવાર્થ :–** આ રીતે સદ્‌ગુણોનો ઈચ્છુક અને દુર્ગુણોનો ત્યાગી તે ભિક્ષુ મરણના અંતે પણ સતત સંવર ધર્મનું આરાધન કરે છે.

**૪૫** **आयरिए आराहेइ, समणे यावि तारिसो ।**
**गिहत्था वि णं पूयंति, जेण जाणंति तारिसं ॥**

**છાયાનુવાદ :** **आचार्यानाराधयति, श्रमणांश्चापि तादृशः ।**
**गृहस्था अप्येनं पूजयन्ति, येन जानन्ति तादृशम् ॥**

**શબ્દાર્થ :– तारिसो** = તે ગુણવાન સાધુ **आयरिए** = આચાર્યોની **आराहेइ** = આરાધના કરે છે **समणे यावि** = સામાન્ય સાધુઓની પણ આરાધના કરે છે **गिहत्था वि** = ગૃહસ્થ લોકો પણ **णं** = તે પવિત્ર સાધુને **पूयंति** = પૂજે છે, આદર સન્માન આપે છે **जेण** = કેમ કે ગૃહસ્થો **तारिसं** = તેના શુદ્ધ આચરણને **जाणंति** = જાણે છે.

**ભાવાર્થ :–** તે ગુણવાન શ્રમણ, આચાર્યોની તથા બીજા સાધુઓની પણ આરાધના કરે છે– વિનય વૈયાવચ્ચ કરે છે અને તેને ઉત્તમ આચાર સંપન્ન ભિક્ષુ જાણીને ગૃહસ્થો પણ તેનો આદર કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં સંયમના આરાધક શ્રમણની શ્રેષ્ઠતાનું પ્રતિપાદન કર્યું છે.

પૂર્વ વર્ણિત પ્રમાદી શ્રમણના જીવન વર્ણનની અપેક્ષાએ પ્રતિપક્ષરૂપ વર્ણન હોવાથી આ ગાથાઓ ના વિષયની સ્પષ્ટતા શબ્દાર્થ અને ભાવાર્થથી થઈ જાય છે.

આત્મગુણોના વિકાસમાં પુરુષાર્થશીલ શ્રમણ આ લોકમાં સત્કાર, સન્માન અને પ્રશંસાને પ્રાપ્ત કરે છે અને તે મોક્ષમાર્ગની શ્રેષ્ઠ આરાધના કરતાં આત્મકલ્યાણ કરે છે.

**मेधावी** = બુદ્ધિમાનના બે પ્રકાર છે. (૧) ગ્રંથ મેધાવી – બહુશ્રુત અથવા શાસ્ત્ર પારંગત અને (૨) મર્યાદા મેધાવી – શાસ્ત્રોક્ત મર્યાદા અનુસાર ચાલનાર.

**विउलं अट्ठं संजुत्तं** = વિપુલ, વિશાળ, વિસ્તીર્ણ, ક્ષય ન થાય તેવા નિર્વાણરૂપ અર્થથી સંયુક્ત.

**સંયમ વિરાધના કરનારનું ભવિષ્ય :–**

**૪૬** **तवतेणे वयतेणे, रूवतेणे य जे णरे ।**
**आयारभावतेणे य, कुव्वइ देवकिव्विसं ॥**

**છાયાનુવાદ : तपःस्तेनो वचःस्तेनो, रूपस्तेनश्च यो नरः ।**
**आचारभावस्तेनश्च, करोति देवकिल्विषम् ॥**

**શબ્દાર્થ :– जे** = જે **णरे** = મનુષ્ય, શ્રમણ **तवतेणे** = તપનો વિરાધક **वयतेणे** = મહાવ્રતનો વિરાધક **रूवतेणे** = શ્રમણ વેશની મર્યાદાનો વિરાધક **आयारभावतेणे** = સંયમ સમાચારીનો વિરાધક **देवकिव्विसं** = કિલ્વિષી દેવત્વની **कुव्वइ** = પ્રાપ્તિ કરે છે.

**ભાવાર્થ :–** જે સાધુ બાર પ્રકારના તપનો, પાંચ મહાવ્રતોનો, સાધુવેશની મર્યાદાનો અને શ્રમણાચારનો ચોર એટલે વિરાધક હોય છે તે દેવયોનિ પ્રાપ્ત થવા છતાં કિલ્વિષી રૂપ હલકી જાતનો દેવ બને છે.

**૪૭** **लद्धूण वि देवत्तं, उववण्णो देवकिव्विसे ।**
**तत्थावि से ण याणाइ, किं मे किच्चा इमं फलं ॥**

**છાયાનુવાદ :** लब्ध्वापि देवत्वं, उपपन्नो दैवकिल्विषे ।
तत्राप्यसः न जानाति, किं मे कृत्वेदं फलम् ॥

**શબ્દાર્થ :– देवकिव्विसे** = કિલ્વિષી દેવ જાતિમાં **उववण्णो** = ઉત્પન્ન થયેલા દેવ **देवत्तं** = દેવત્વને **लद्धूणवि** = પ્રાપ્ત કરીને પણ **से** = તે **तत्थावि** = દેવ થયો હોવા છતાં પણ **ण याणाइ** = જાણતો નથી કે **मे** = હું **किं किच्चा** = શું કરીને **इमं फलं** = આ ફળને પામ્યો છું.

**ભાવાર્થ :–** કિલ્વિષી જાતના હલકા દેવોમાં ઉત્પન્ન થયેલો તે સાધક દેવત્વ પામીને પણ "કયા કર્મથી મારી આ ગતિ થઈ", તેને તે જાણી શકતો નથી.

**૪૮** **तत्तो वि से चइत्ताणं, लब्भइ एलमूयगं ।**
**णरगं तिरिक्खजोणिं वा, बोही जत्थ सुदुल्लहा ॥**

**છાયાનુવાદ :** ततोऽप्यसः च्युत्वा, लप्स्यते एडमूकताम् ।
नरकं तिर्यग्योनिं वा, बोधिर्यत्र सुदुर्लभाः ॥

**શબ્દાર્થ :– तत्तो वि** = ત્યાંથી પણ **से** = તે સાધુદેવ **चइत्ताणं** = ચ્યુત થઈને **एलमूयगं** = મૂકભાવી બકરાના ભવને **लब्भइ** = પ્રાપ્ત કરે છે **णरगं तिरिक्खजोणिं** = નરક, તિર્યંચ યોનિને પ્રાપ્ત કરે છે **जत्थ** = જ્યાં **बोही** = જૈન ધર્મની પ્રાપ્તિ **सुदुल्लहा** = અતિ દુર્લભ છે.

**ભાવાર્થ :–** તે કિલ્વિષી દેવ ત્યાંથી ચ્યવીને મૂંગા બકરાની યોનિને પામે છે અને પછી નરક–તિર્યંચયોનિમાં ગમન કરે છે કે જ્યાં સદ્‌બોધ–બોધીબીજની પ્રાપ્તિ અતિ દુર્લભ થાય છે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં તપ, મહાવ્રત, મુનિવેશ અને શ્રમણાચારની વિરાધનારૂપ ચોરી કરનારની દુર્ગતિ પરંપરા દર્શાવી છે.

**તેણે :– स्तेन** = ચોર. જોકે અદત્ત વસ્તુ ગ્રહણ કરનાર વ્યક્તિ ચોર કહેવાય છે. જેમ રાજ્યના નિયમોનું ઉલ્લંઘન કરવું તે રાજ્યચોરી છે; તે જ રીતે તપ, મહાવ્રતો સંબંધી જે જિનાજ્ઞા છે, તે આજ્ઞાનું પાલન ન કરવું, ઉલ્લંઘન કરવું તેનાથી વિપરીત આચરણ કરવું તે પ્રભુ આજ્ઞાની ચોરી છે. તપ સંબંધી આજ્ઞાનું પાલન ન કરે તે તપ ચોર છે, મહાવ્રત સંબંધી આજ્ઞા ન પાળે તે વ્રત ચોર છે. આ રીતે અહીં ભાવ ચોર અને

ભાવ ચોરીનું કથન છે.

**तव तेणे** :– તપસ્યાના બાર પ્રકાર છે. તે અપેક્ષાએ જે સાધક શક્તિ હોવા છતાં ઉપવાસ,પોરસી, ઉણોદરી, સ્વાધ્યાય, ધ્યાન, વિનય, વૈયાવચ્ચ (સેવા) વગેરે કર્તવ્યોની ઉપેક્ષા કરે, તેમાં પરાક્રમ ફોરવવાનું લક્ષ્ય ન રાખે કે તે લક્ષ્યમાં નિરંતર વૃદ્ધિ કરવાનો પ્રયત્ન ન કરે; આ રીતે તપમાં જે પ્રમાદ ભાવ રાખે તે તપનો ચોર અર્થાત્ તપની વિરાધના કરનાર કહેવાય છે.

**वय तेणे** :– વ્રતથી અહીં શ્રમણના પાંચ મહાવ્રતો લક્ષિત છે. જે સંયમ સાધક પાંચ મહાવ્રતોના પાલનમાં પ્રમાદ કે ઉપેક્ષા વૃત્તિ કરે તે "વ્રતચોર" કહેવાય છે. **वय** શબ્દનો છાયાર્થ 'વચન' પણ થાય છે તેથી **वय तेणे** શબ્દથી 'વચન ચોર' એવો અર્થ પણ કરવામાં આવે છે. છતાં અહીં **મહાવ્રત** અર્થ વિશેષ પ્રાસંગિક છે.

**रूव तेणे** :– સાધુ વેશ સંબંધી કેટલાક નિયમો હોય છે. જેમ કે– મુખવસ્ત્રિકા, રજોહરણ વગેરે ઉપકરણ રાખવા, કાષ્ઠ પાત્ર વગેરેમાં ભિક્ષા લાવવી અને તેમાં આહાર કરવો, ગૃહસ્થો સાથે કે ગૃહસ્થો સામે આહાર ન કરવો. ગૃહસ્થ સાથે એક આસને ન બેસવું; રંગીન વસ્ત્રો ન રાખવા ન પહેરવા, શસ્ત્ર રૂપે કોઈ ઉપકરણ ન રાખવા, આભૂષણ, માળાઓ વગેરે ધારણ ન કરવા, હજામત કે દાઢી ન કરાવવી પરંતુ યથાસમયે લોચ કરવો વગેરે લિંગ સંબંધી કે વેશ સંબંધી મર્યાદાઓનું ઉલ્લંઘન કરનાર શ્રમણ શાસ્ત્રકારના શબ્દોમાં **રૂપચોર** કહેવાય છે.

**आचारभाव तेणे** :– સંયમ સમાચારી. ઉભયકાલ પ્રતિક્રમણ, પ્રતિલેખન, સ્વાધ્યાય, દસ વિધ સમાચારી અદંતધાવન, અસ્નાન, પગપાળા ચાલવું, તેમજ મહાવ્રત, સમિતિ આદિ સંબંધી સૂક્ષ્મ નિયમોપનિયમોનો સમાવેશ આચાર ભાવમાં થાય છે. તે સંબંધી અતિક્રમણ, અતિચરણ કે અનાચરણ કરવા અને તેની શુદ્ધિ ન કરવી; તેના પાલનમાં ઉપેક્ષા ભાવ રાખવો, તે આચારભાવ એટલે શ્રમણાચારની ચોરી છે. આવી પ્રવૃત્તિ કરનારને સૂત્રકારે આચારભાવનો ચોર(વિરાધક)કહ્યો છે. અથવા આચાર ચોર અને ભાવ ચોર બંને ભિન્ન શબ્દો પણ થઈ શકે છે. તે અપેક્ષાએ આચારની શુદ્ધિ ન કરનાર **આચાર ચોર** અને ભાવોને શુદ્ધ ન રાખનાર **ભાવ ચોર** કહેવાય છે.

શાસ્ત્રકારે 'ચોર' એવા કઠોર અને ખૂંચતા શબ્દનો પ્રયોગ દુર્ગતિ આપનારી દૂષિત પ્રવૃત્તિઓથી સાધકને વધારે સાવધાન કરવાના લક્ષ્યથી કર્યો છે. એવા જ લક્ષ્યથી શાસ્ત્રકારે ઉત્તરાધ્યયન સૂત્રના સત્તરમા અધ્યયનમાં એક–એક દૂષિત આચરણ કરનારને **પાપ શ્રમણ** સંજ્ઞા આપી છે. દશવૈકાલિક સૂત્રના છઠ્ઠા અધ્યયનમાં અઢાર આચાર સ્થાનોની વિરાધના કરનારને **સંયમ ભ્રષ્ટ** શબ્દથી સૂચિત કર્યો છે અને તે જ અધ્યયનમાં રાત્રિએ ખાદ્ય પદાર્થોનો સંગ્રહ રાખનારને **તે ગૃહસ્થ છે, સાધુ નથી** તેવા માર્મિક શબ્દો વડે નવાજ્યા છે. આ સર્વ કટુ શબ્દપ્રયોગ પદ્ધતિની પાછળ શાસ્ત્રકારની સાધક પ્રત્યે પરમ કલ્યાણ ભાવના નિહિત છે.

**कुव्वइ देव किव्विसं** :– વિવિધ પ્રકારે જિનાજ્ઞાની વિરાધના કરનાર વિરાધક સાધુ સંયમ પાલનના કારણે દેવગતિ પ્રાપ્ત કરવા છતાં અત્યંત ક્ષુદ્ર કિલ્વિષી જાતિની દેવગતિમાં ઉત્પન્ન થાય છે. તે કિલ્વિષી દેવો

વૈમાનિક જાતિના હોવા છતાં તેમની જાતિમાં અત્યંત નિમ્નસ્તરીય અસમ્માનિત તેમજ પુણ્યહીન અને પ્રભાવહીન હોય છે. તે દેવો એકાંત મિથ્યાત્વી હોય છે. જિનાજ્ઞાની ચોરી કરનાર, ગુર્વાદિકની આશતના કરનાર, સમ્યગ્દર્શનથી પતિત થઈ, મિથ્યાત્વી બનીને કિલ્વિષી દેવ બને છે.

**किं मे किच्चा इमं फलं :–** કિલ્વિષી દેવો વૈમાનિક જેવા ઉચ્ચ સ્થાને હોવા છતાં એકાંતરૂપે મિથ્યાદષ્ટિ હોય છે. તેથી આ સ્પષ્ટ થાય છે કે સંયમ વિરાધના કરનાર શાસ્ત્રોક્ત તે ચારે પ્રકારના ચોર અને ગુર્વાદિકની આશાતના, અવર્ણવાદ કરનારા સાધક સાધુવેષમાં રહેવા છતાં સમ્યક્ત્વથી ભ્રષ્ટ થઈ મિથ્યાદષ્ટિ બની જાય છે, કારણ કે **મિથ્યાત્વ પામ્યા પછી જ જીવ કિલ્વિષી દેવમાં ઉત્પન્ન થાય છે.** તે મિથ્યાત્વ અજ્ઞાનના કારણે જ તે દેવો પોતાનો પૂર્વ ભવ સારી રીતે જાણી જોઈ શકતા નથી. તેથી આ ૪૭મી ગાથામાં કહ્યું છે કે "હું શું આચરણ કરીને અહીં દેવરૂપે ઉત્પન્ન થયો છું" તે વાતને કિલ્વિષી દેવો જાણી શકતા નથી.

**સંયમ વિરાધકની ભવ પરંપરા :–** તે ભારેકર્મી સંયમ વિરાધક જીવ કિલ્વિષી દેવમાં જાય છે. ત્યાં તેના અશુભ કર્મોનો અંત થતો નથી. તે દેવ ત્યાંથી ચ્યવી તિર્યંચ ગતિમાં અત્યંત દયનીય મૂક બોકડા કે બકરાના ભવને પ્રાપ્ત કરે છે. ત્યાંથી નરક અને તિર્યંચ ગતિમાં પરિભ્રમણ કરે છે. તેનાથી આગળ વધીને તે જીવ દુર્લભબોધિ બની જાય છે. તે તેનું સહુથી મોટું અધઃપતન છે.

આ વિધાન સાપેક્ષ, એકદેશીય અને બાહુલ્ય પ્રધાનતાવાળુ તેમજ ઉપદેશની મુખ્યતાવાળું છે, તેમ અનેક શાસ્ત્રના કથા વર્ણનોને આધારે સમજાય છે. કારણ કે અહીં વર્ણિત કેટલાક ચોર સાધક પણ અન્ય ગુણોના બલથી અલ્પભવોમાં મુક્ત થઈ જાય છે. ભગવતી સૂત્રાનુસાર કિલ્વીષી દેવ જઘન્ય ૪–૫ ભવ નરક તિર્યંચ મનુષ્ય દેવના કરે છે અને ઉત્કૃષ્ટ અનંત ભવ કરે છે, તેમજ તે વર્ણન અનુસાર જમાલી અણગાર કિલ્વિષી દેવ ભવ પૂર્ણ કરી થોડાક ભવો પછી મુક્ત થાશે.

## વિષય સમાપન એવં શિક્ષા :–

**૪૯** **एयं च दोसं दट्ठूणं, णायपुत्तेण भासियं ।**
**अणुमायं पि मेहावी, मायामोसं विवज्जए ॥**

**છાયાનુવાદ : एतं च दोषं दृष्ट्वा, ज्ञातपुत्रेण भाषितम् ।**
**अणुमात्रमपि मेधावी, मायामृषां विवर्जयेत् ॥**

**શબ્દાર્થ :– मेहावी** = મર્યાદાવર્તી સાધુ, બુદ્ધિમાન શ્રમણ **णायपुत्तेण** = જ્ઞાતપુત્ર વડે **भासियं** = ભાષિત **एयं च** = આ પૂર્વોક્ત **दोसं** = દોષને **दट्ठूणं** = દેખીને **अणुमायं पि** = અંશમાત્ર પણ **मायामोसं** = છલ કપટપૂર્વક અસત્ય ભાષણ **विवज्जए** = ત્યાગે.

**ભાવાર્થ :–** જ્ઞાતપુત્ર ભગવાન્ મહાવીરે કહેલા આ પ્રકારના દોષોને જાણી બુદ્ધિમાન્ સાધક લેશ માત્ર પણ માયા કે અસત્ય આચરણ ન કરે પરંતુ તેનો ત્યાગ કરે.

### વિવેચન :–

આ ઉદ્દેશકમાં પ્રારંભની ૩૦ ગાથાઓમાં ગોચરી–ગવેષણા સંબંધી વર્ણન છે. ત્યારપછી ગાથા ૩૧મી થી ૪૮મી સુધી તપ સંયમની વિરાધના અને તેમાં માયાચાર કરનારનું વર્ણન છે. જેમાં અંતે ૪૭–૪૮મી ગાથામાં દેવદુર્ગતિ અને સંસાર ભ્રમણનું વર્ણન છે. તે વિષયનું સમાપન કરતાં પ્રસ્તુત ૪૯મી ગાથામાં સૂત્રકારે હિતશિક્ષા આપી છે; જે અતિસંક્ષિપ્ત છે કે– ઉક્ત સંયમ દૂષણ અને તેના પરિણામને જાણી, સમજીને બુદ્ધિમાન સાધક માયા–પ્રપંચ, ઝૂઠ–કપટનો ત્યાગ કરી, સત્યનિષ્ઠ થઈ, વફાદારીપૂર્વક સંયમ આરાધન કરે, તેમાં અણુમાત્ર પણ માયામૃષાનું આચરણ ન કરે.

### અધ્યયન સમાપન : શિક્ષા :–

**૫૦** **सिक्खिऊण भिक्खेसणसोहिं, संजयाण बुद्धाण सगासे ।**
**तत्थ भिक्खु सुप्पणिहिंदिए, तिव्वलज्जगुणवं विहरिज्जासि॥त्ति बेमि॥**

**છાયાનુવાદ :** **शिक्षित्वा भिक्षैषणाशुद्धिं, संयतानां बुद्धानां सकाशात् ।**
**तत्र भिक्षुः सुप्रणिहितेन्द्रियः, तीव्रलज्जो गुणवान् विहरेत् ॥**

**શબ્દાર્થ :– सुप्पणिहिइंदिए** = ભલી રીતે ઈન્દ્રિયોને વશમાં કરનાર **तिव्वलज्ज** = અનાચારથી અત્યંત લજ્જાવાન **गुणवं** = ગુણવાન **भिक्खू** = સાધુ **बुद्धाण** = તત્ત્વના જાણનારા, આચાર્ય **संजयाण** = ગીતાર્થ સાધુઓની **सगासे** = સમીપમાં **भिक्खेसणसोहिं** = ભિક્ષેષણાની શુદ્ધિને **सिक्खिऊण** = સારી રીતે શીખીને **तत्थ** = તે એષણા સમિતિના વિષયમાં **विहरिज्जासि** = વિચરણ કરે છે **ति बेमि** = આ પ્રમાણે હું કહું છું.

**ભાવાર્થ :–** આ પ્રમાણે ગુરુ, આચાર્ય પાસે કે અન્ય શ્રમણો પાસેથી ભિક્ષાની ગવેષણા શુદ્ધિને સારી રીતે સમજી, ઈન્દ્રિયોને સમાધિમાં રાખનાર અનાચાર સેવનમાં અત્યંત લજ્જાવાન, ઉન્નત સંયમ ગુણોથી સંપન્ન ભિક્ષુ તપ–સંયમમાં વિચરણ કરે.

### વિવેચન :–

આ ગાથામાં સંપૂર્ણ અધ્યયનના ઉપસંહારરૂપે અંતિમ શિક્ષા વચન છે.

સૂત્રકારે બંને ઉદ્દેશક યુક્ત આ પાંચમા પિંડષેણા અધ્યયનમાં ગૌચરીની ગવેષણા; ગૌચરીમાં ભ્રમણ સંબંધી અને ઘરોમાં ઊભા રહેવા સંબંધી વ્યવહારિક જ્ઞાન; આહાર કરવાની પદ્ધતિ; સચિત્ત અચિત્તનું જ્ઞાન; ગોચરી સંબંધી દૂષિત મનોવૃત્તિ અને તેનું પરિણામ; તેમજ શુદ્ધ ગવેષણાયુક્ત આહાર લેનાર શ્રમણ અને નિર્દોષ ભિક્ષાદાતા શ્રમણોપાસક, તે બંનેની સદ્‌ગતિ વગેરે વિષયોનું નિરૂપણ કર્યું છે.

એષણાની શુદ્ધિમાં જ સાધુતાની શુદ્ધિ છે. આ રીતે તેની મહત્તા સમજીને સાધુ ગીતાર્થ ગુરુ પાસે

ભિક્ષાવિધિને શીખે અને તદ્નુસાર તેનું પાલન કરે, ઇન્દ્રિયો અને મનને વશમાં રાખતાં એષણા દોષોનો ત્યાગ કરે અને સંયમ ગુણોની આરાધના કરે.

**तिव्वलज्जगुणवं :– 'तिव्व'** શબ્દનો અન્વય **लज्ज** અને **गुणवं** બંને સાથે થાય, તેથી તેના બે અર્થ થાય છે– (૧) તીવ્રલજ્જાવાન = અનાચાર કે દોષના સેવનમાં તીવ્ર લજ્જાવાન (૨) તીવ્ર ગુણોની એટલે ઉત્કૃષ્ટ ગુણોની આરાધના કરનાર. **બીજી અપેક્ષાએ**– તીવ્ર = ઉત્કૃષ્ટ, લજ્જા = સંયમ. તેથી **तिव्वलज्जगुणवं** નો અર્થ થાય કે ઉત્કૃષ્ટ સંયમ ગુણયુક્ત, ઉત્કૃષ્ટ સંયમગુણ સંપન્ન.

**–: પરમાર્થ :–**

પિંડૈષણારૂપ પાંચમા અધ્યયનના બે ઉદ્દેશકમાં પૂર્ણ પ્રયોગ સિદ્ધ, શરીરરૂપ પિંડનો નિર્વાહ કરવા માટે ભિક્ષા લાવવાની પ્રકૃષ્ટ પ્રક્રિયા પરમાત્માએ પ્રકાશી, ગૃહસ્થને બોજારૂપ ન બની જવાય તેની રહેમ પૂર્વક કાળજી રાખી છે. સાધકની સાધના સિદ્ધ કરવા શરીરને મોક્ષનું સાધન બનાવવાની કળા દેખાડી છે. તેને સ્વસ્થ રાખવા, પહેલી ક્રિયા માનસિક, ત્યાર બાદ કાયિક અને ત્યાર પછી વાચિક દર્શાવી છે. ભિક્ષાના સમયે કોઈપણ જાતનો લોમ–વિલોમ, ભ્રાન્તિ કે મૂર્છા ભાવ રાખ્યા વિના, મનના શુભભાવ સહિત સ્થિર પરિણામે ઉપાશ્રયથી બહાર ભિક્ષા લેવા માટે જવું, ચિત્ત સ્વસ્થ રાખી ગુરુદેવની આજ્ઞાથી જવું. ત્યાર પછી રસ્તામાં ચાલતાં જીવોની દયા પાળવા આંખોથી ધરતીને જોતાં ચાલવું. ગૃહસ્થના પ્રાંગણમાં પ્રવેશ કરતાં આંખોને કોઈ પણ સ્થાને નહીં ઘૂમાવતાં ફક્ત નિર્દોષ આહારની ગવેષણામાં જોડવી. કલ્પાકલ્પનો વિવેક દર્શાવવા વહોરાવનાર દાતાની સાથે સંયમપૂર્વક પ્રશાંત ભાવે વાર્તાલાપ કરવો. આ રીતે સંપૂર્ણ વિધિ ફક્ત પુદ્ગલના પ્રચયરૂપ મળેલાં કર્મજન્ય પિંડમાં ચાર પ્રકારના આહારરૂપ પિંડને પધરાવવાની દર્શાવી છે. આહાર જરામાત્ર પાત્રમાં ન રહી જાય, એક પણ કણ જીવહિંસાનું કારણ ન બને તેમ ભોજન કરવું. આમ પુષ્ટિ પામેલું શરીર પૂર્ણતયા સ્વાધ્યાય, ધ્યાન, પ્રેક્ષા, અનુપ્રેક્ષામાં જોડી જ્ઞાનપૂર્વક સમિતિ, ગુપ્તિમાં રહી સંપૂર્ણ કર્મનો ક્ષય કરવા શરીરરૂપી સાધનનો સદુપયોગ કરી, પિંડમાંથી પરમાત્માને અલગ કરતાં વિરતિમાંથી વીતરાગ બની જવું, તે આ અધ્યયનનો પરમાર્થ છે.

**॥ બીજો ઉદ્દેશક સંપૂર્ણ ॥**

**॥ અધ્યયન–૫ સંપૂર્ણ ॥**

# છઠ્ઠું અધ્યયન

## પરિચય

★ આ અધ્યયનનું નામ **મહાચાર કથા** છે.

★ ત્રીજા અધ્યયનમાં કથિત 'ક્ષુલ્લકાચાર'ની અપેક્ષાએ આ અધ્યયનમાં આચાર વિષયક વિસ્તૃત કથન હોવાથી તેનું નામ 'મહાચાર કથા' છે. ત્રીજા અધ્યયનમાં બાવન અનાચારનો નામ નિર્દેશ છે, જ્યારે આ અધ્યયનમાં અઢાર આચાર સ્થાનોના સ્વરૂપને વિવિધ દષ્ટિકોણથીસમજાવ્યું છે. જેમ કે– ત્રીજા અધ્યયનમાં ઔદેશિક, ક્રીત આદિ દોષોના નામોનું કથન છે. આ અધ્યયનમાં તે દોષનું સ્વરૂપ સ્પષ્ટ કરી તેને **અકલ્પ્ય વર્જન** આચાર સ્થાન રૂપે દર્શાવીને કહ્યું છે કે ઔદેશિકાદિ દોષયુક્ત આહારનું સેવન કરનાર સાધુ હિંસાની અનુમોદના કરે છે, તેથી સાધુએ તેનો ત્યાગ કરવો જોઈએ. આ રીતે પ્રત્યેક સ્થાન અંગે વિશિષ્ટ પ્રરૂપણા છે.

★ 'ક્ષુલ્લકાચાર કથા'માં કેવળ ઉત્સર્ગ માર્ગથી જ અનાચારોનું કથન છે. મહાચારકથામાં અનેક વિષયોને ઉત્સર્ગ અને અપવાદ, બંને અપેક્ષાથી સમજાવ્યા છે. જેમ કે સાધુએ ગૃહસ્થને ત્યાં બેસવું નહીં તે ઉત્સર્ગ માર્ગ, સામાન્ય નિયમ છે; પરંતુ વૃદ્ધ, રોગી કે તપસ્વીને કોઈ વિશિષ્ટ પરિસ્થિતિમાં બેસવું પડે તો આજ્ઞા લઈને બેસી શકે છે, તે અપવાદ માર્ગ છે. આ રીતે આ અધ્યયનમાં અનેક પ્રકારે વિશાળતા પ્રતીત થતી હોવાથી તેનું નામ **મહા આચાર કથા** = વિસ્તૃત આચારના કથનવાળું છે.

★ ત્રીજા અધ્યયનની રચના નિર્ગ્રંથના અનાચારોના સંકલનરૂપ છે. જ્યારે આ 'મહાચાર કથા'ની રચના રાજાદિની જિજ્ઞાસાના સમાધાનરૂપે છે.

★ આ અધ્યયનમાં અઢાર આચાર સ્થાનનું નિરૂપણ છે. યથા– છ વ્રત = (૧) અહિંસા (૨) સત્ય (૩) અચૌર્ય (૪) બ્રહ્મચર્ય (૫) અપરિગ્રહ (૬) રાત્રિભોજન ત્યાગ; છકાય સંયમ = (૭) પૃથ્વીકાય સંયમ (૮) અપકાય સંયમ (૯) તેઉકાય સંયમ (૧૦) વાયુકાય સંયમ (૧૧) વનસ્પતિકાય સંયમ (૧૨) ત્રસકાય સંયમ (૧૩) અકલ્પ્ય વર્જન (૧૪) ગૃહસ્થના વાસણમાં જમવું નહીં (૧૫) પલંગાદિ પર બેસવું નહીં (૧૬) ગૃહસ્થના ઘેર બેસવું નહીં (૧૭) અસ્નાન વ્રત (૧૮) વિભૂષા ત્યાગ.

★ આ અઢાર આચાર સ્થાનના નિરૂપણ દ્વારા સૂત્રકારે નિર્ગ્રંથદશાનું આલેખન કર્યું છે. પ્રત્યેક વ્રતના કથનમાં અવ્રતના દોષો અને વ્રત પાલનના લાભ, આ રીતે વિધિ અને નિષેધ બંને પ્રકારે કથન છે. જે સાધકને વ્રતપાલન માટે પ્રેરક બને છે.

★ સાધ્વાચારના નિયમોને **આચાર** કહે છે અથવા સમ્યક્ ચારિત્રના પાલન માટે જે વિધિ નિયમોનું

પાલન કરાય તે આચાર છે. આચારમાં મહાવ્રતનો સમાવેશ થાય છે. પંચ મહાવ્રત તે એક ઉત્તમ આચાર છે.

★ **आचारो प्रथमो धर्मः** । આચારને પ્રથમ ધર્મ કહ્યો છે. સાધકની સાધ્ય સિદ્ધિ આચારથી જ થાય છે. તેથી આચાર તે સાધુ જીવનનો પ્રાણ છે.

★ આ અધ્યયનનું બીજું નામ 'ધર્માર્થકામ' પણ મનાય છે. પરંતુ તેનો કોઈ પુષ્ટ આધાર પ્રાપ્ત થતો નથી. આ અધ્યયનની ચોથી ગાથામાં **धम्मत्थकामाणं** શબ્દ નિર્ગ્રંથનું વિશેષણ છે. ધર્મના પ્રયોજનભૂત મોક્ષની જ કામના કરનારને ધર્માર્થકામ કહે છે. નિર્ગ્રંથો ધર્માર્થકામ જ હોય છે અને તેના આચારનું સુવિસ્તૃત કથન હોવાથી તેનું નામ 'ધર્માર્થકામ' હોય તો તે પણ યોગ્ય છે.

❖❖❖❖❖

# છઠ્ઠું અધ્યયન

## મહાચાર કથા

**આચાર–ગોચર સંબંધી જિજ્ઞાસા :–**

**१** णाणदंसणसंपण्णं, संजमे य तवे रयं ।
गणिमागमसंपण्णं, उज्जाणम्मि समोसढं ॥

**२** रायाणो रायमच्चा य, माहणा अदुव खत्तिया ।
पुच्छंति णिहुयप्पाणो, कहं भे आयारगोयरो ॥

**છાયાનુવાદ :** ज्ञानदर्शनसम्पन्नं, संयमे च तपसि रतम् ।
गणिमागमसंपन्नं, उद्याने समवसृतम् ॥१॥

राजानो राजामात्याश्च, ब्राह्मणा अथवा क्षत्रियाः ।
पृच्छन्ति निभृतात्मानः, कथं भवतामाचारगोचरः ॥२॥

**શબ્દાર્થ :– रायाणो** = રાજાઓ **रायमच्चा** = રાજપ્રધાનો **माहणा** = બ્રાહ્મણો **अदुव** = અથવા **खत्तिया** = ક્ષત્રિયવર્ગ **णिहुयप्पाणो** = નિશ્ચલાત્મા, શાંત ચિત્તવાળા **णाणदंसणसंपण्णं** = જ્ઞાન, દર્શનથી સંપન્ન **संजमे** = સંયમમાં **तवे** = તપમાં **रयं** = રત **आगमसंपण्णं** = આગમ–સિદ્ધાંતના જ્ઞાતા **उज्जाणम्मि** = ઉદ્યાનમાં **समोसढं** = બિરાજિત **गणिं** = આચાર્યશ્રીને **पुच्छंति** = પૂછે છે **भे** = હે ભગવંત ! જૈન સાધુઓના **आयारगोयरो** = આચાર–ગોચર **कहं** = કેવા પ્રકારના છે ?

**ભાવાર્થ :–** રાજાઓ, રાજપ્રધાનો, બ્રાહ્મણો અને ક્ષત્રિયો જ્ઞાનદર્શન સંપન્ન, સંયમ અને તપમાં રત, આગમજ્ઞાની, ઉદ્યાનમાં બિરાજીત એવા આચાર્યશ્રીને શાંત ચિત્તથી પૂછે છે કે– હે ભગવન્ ! આપના આચાર–પંચાચાર આદિ અને ગોચર–ભિક્ષાવૃત્તિ આદિ કેવા પ્રકારના છે ? તે અમોને કૃપા કરીને કહો.

### વિવેચન :–

પ્રાચીન સમયમાં જ્યારે જૈન શ્રમણો સેંકડો કે હજારોની સંખ્યામાં સાથે રહેતા હતા ત્યારે નગરની બહાર ઉદ્યાનાદિમાં વિચરતા હતા. રાજાઓ, રાજપ્રધાનો, અમાત્યો આદિ પુરુષો પોતાના ધર્મગુરુ પ્રત્યે

શ્રદ્ધા ધરાવતા હતા. તેમના જીવનના મહત્ત્વના કાર્યો ધર્મગુરુની સલાહ–સૂચના લઈને કરતા હતા. તેથી તેઓ વારંવાર ધર્મગુરુઓના સમાગમમાં આવતા અને વિવિધ પ્રકારે પોતાની જીજ્ઞાસાને પ્રગટ કરતા હતા. પ્રસ્તુત ગાથાઓમાં અજ્ઞાતનામા આચાર્યશ્રી સમક્ષ રાજાદિ દ્વારા નિવેદન કરેલી જિજ્ઞાસા છે, જેના સમાધાન રૂપે જ આ સંપૂર્ણ અધ્યયનની સંકલના છે.

**णाण दंसण संपण्णं...** :– આ પ્રથમ ગાથામાં આચાર્યના ગુણોને ત્રણ શબ્દોથી સંકલિત કર્યા છે– (૧) જ્ઞાનદર્શનગુણથી સંપન્ન (૨) સંયમ અને તપમાં લીન (૩) આગમજ્ઞાની.

ઉદ્યાનમાં બિરાજમાન તે આચાર્ય વિશિષ્ટ જ્ઞાનથી યુક્ત હતા, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનના ધારક હતા અને સમ્યગ્ શ્રદ્ધા સંપન્ન હતા. **संजमे य तवे रयं** = તે આચાર્ય પાંચ મહાવ્રત આદિ ૧૭ પ્રકારના સંયમ અને ૧૨ પ્રકારના તપમાં રત હતા, અર્થાત્ તેની સમ્યગ્ આરાધના કરનાર હતા. **आगमसंपन्न** = આગમ સંપન્ન. જે સમયમાં જે આગમ જ્ઞાન–૧૧ અંગો, ૧૪ પૂર્વ વગેરે વિદ્યમાન હોય તેના જે વિશિષ્ટ જ્ઞાતા હોય તે આગમ સંપન્ન કહેવાય છે.

જો કે જ્ઞાનદર્શન સંપન્નમાં આગમ જ્ઞાન આવી જાય છે છતાં શ્રુતજ્ઞાનની મહત્તા દર્શાવવા આગમ સંપન્ન વિશેષણ અલગ આપ્યું છે. બીજી અપેક્ષાએ એમ પણ સમજી શકાય કે જ્ઞાન, દર્શન સંપન્નતાથી સ્વયંને પ્રાપ્ત વિજ્ઞાનની મહત્તા અને આગમ સંપન્નતાથી બીજાને જ્ઞાન આપવાની ક્ષમતા પ્રદર્શિત કરી છે.

**गणिं** :– આચાર્ય શિષ્ય ગણને પોતાની નેશ્રામાં રાખી, મોક્ષમાર્ગની આરાધના કરાવે છે, તેથી તેઓ ગણિ કહેવાય છે, તેમજ શિષ્ય સમુદાયના અધિપતિ–સ્વામી હોવાથી પણ તે ગણિ કહેવાય છે.

**पुच्छंति णिहुयप्पाणो** :– નિશ્ચલ ચિત્તથી – એકાગ્રતાથી, શાંતિથી પૂછ્યું. આ શબ્દ પ્રયોગ પ્રશ્ન પૂછનારની યોગ્યતા પ્રગટ કરે છે. ચંચળ ચિત્તથી પ્રશ્ન પૂછનારની જિજ્ઞાસા યથાર્થ હોતી નથી. જેની જિજ્ઞાસા તીવ્રતમ હોય તે જ નિશ્ચલચિત્તથી પ્રશ્ન પૂછે છે અને નિશ્ચલચિત્તથી પ્રશ્ન પૂછનાર જ સાચું સમાધાન મેળવી શકે છે.

**आयार गोयरो** :– આચાર ગોચર. તેના ભિન્ન–ભિન્ન અર્થ થાય છે. (૧) આચારનો વિષય (૨) સાધ્વાચારના અંગભૂત છ વ્રત (૩) નિયમોપનિયમ (૪) આચાર અને ગોચરને ભિન્ન ભિન્ન શબ્દ તરીકે સ્વીકાર કરતાં **આચાર** = જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય, આ પાંચ આચાર છે અને **ગોચર** = ભિક્ષાચરી. (૫) આચાર એટલે ધર્મના મૂળભૂત નિયમો અને ગોચર એટલે સંયમ પાલનના ઈતર નિયમો કે જેના દ્વારા મૂળવ્રતોની પુષ્ટિ થાય.

## આચાર્ય ભગવંતનો પ્રત્યુત્તર : આચાર મહત્તા :–

**૩** **तेसिं सो णिहुओ दंतो, सव्वभूयसुहावहो ।**
**सिक्खाए सुसमाउत्तो, आयक्खइ वियक्खणो ॥**

**છાયાનુવાદ :** तेभ्यः स निभृतो दान्तः, सर्वभूतसुखावहः ।
शिक्षया सुसमायुक्तः, आख्याति विचक्षणः ॥

**શબ્દાર્થ :–** **णिहुओ** = ભયથી રહિત, અસંભ્રાન્ત, શાંત ચિત્ત **दंतो** = ઈન્દ્રિયોને દમનાર **सव्वभूयसुहावहो** = સર્વ પ્રાણીને સુખાવહ **सिक्खाए** = ગ્રહણ અને આસેવનરૂપ શિક્ષાથી **सुसमाउत्तो** = સારી રીતે સંયુક્ત **वियक्खणो** = પરમ વિચક્ષણ **सो** = તે આચાર્ય **तेसिं** = તે રાજાદિ પ્રશ્નકર્તાઓને **आयक्खइ** = પ્રશ્નના ઉત્તરમાં કહે છે.

**ભાવાર્થ :–** ઈન્દ્રિયોનું દમન કરનાર, જીવમાત્રને સુખાકારી, નિશ્ચલ મનવાળા, શિક્ષાથી યુક્ત(આચાર સંપન્ન) તે વિચક્ષણ આચાર્ય ઉત્તર આપે છે.

**૪** **हंदि धम्मत्थकामाणं, णिग्गंथाणं सुणेह मे ।**
**आयारगोयरं भीमं, सयलं दुरहिट्ठियं ॥**

**છાયાનુવાદ :** हन्दि धर्मार्थकामानां, निर्ग्रन्थानां शृणुत मे ।
आचारगोचरं भीमं, सकलं दुरधिष्ठितम् ॥

**શબ્દાર્થ :–** **हंदि** = હે રાજાદિ ! **धम्मत्थकामाणं** = ધર્મ અર્થની કામનાવાળા, ધર્મના પ્રયોજન રૂપ મોક્ષની ઈચ્છાવાળા **णिग्गंथाणं** = નિર્ગ્રન્થોના **भीमं** = કઠિન, કર્મરૂપ શત્રુઓ સામે ભયંકર **दूरहिट्ठियं** = સર્વ સામાન્ય જનો દ્વારા વહન કરવામાં દુષ્કર **सयलं** = સમગ્ર, સંપૂર્ણ **आयारगोयरं** = આચાર–ગોચરને **मे** = મારી પાસેથી **सुणेह** = સાંભળો.

**ભાવાર્થ :–** આચાર્ય કહે છે– હે શ્રોતાઓ ! ધર્મના પ્રયોજન રૂપ મોક્ષની ઈચ્છાવાળા નિર્ગ્રંથોના અતિ કઠિન અને સામાન્યજનો માટે દુષ્કર ગણાતા એવા સંપૂર્ણ આચાર–ગોચરનું હું સંક્ષેપમાં વર્ણન કરીશ. તે વર્ણન મારી પાસેથી શાંતચિત્તે સાંભળો.

**૫** **णण्णत्थ एरिसं वुत्तं, जं लोए परम दुच्चरं ।**
**विउलट्ठाणभाइस्स, ण भूयं ण भविस्सइ ॥**

**છાયાનુવાદ :** नान्यत्रेदृशमुक्तं, यल्लोके परमदुष्करम् ।
विपुलस्थानभागिनः, न भूतं न भविष्यति ॥

**શબ્દાર્થ :–** **अण्णत्थ** = જૈન શાસનથી ભિન્ન અન્ય મતોમાં **ण एरिसं वुत्तं** = આ પ્રમાણે ઉચ્ચ આચારનું કથન નથી **जं** = જે **लोए** = લોકમાં **परमदुच्चरं** = અત્યંત દુષ્કર છે, જેનું પાલન કરવું કઠિન છે એવા **विउलट्ठाणभाइस्स** = વિપુલ સ્થાનને ભજનારા, મોક્ષની સાધના કરનારા સાધુઓનો આચાર

**ण भूयं** = અન્ય મતમાં ગતકાળમાં ન હતો **ण भविस्सइ** = આગામી કાળમાં હશે નહિ.

**ભાવાર્થ :–** લોકમાં આ પ્રકારના અત્યંત દુષ્કર આચારનું કથન નિર્ગ્રંથ દર્શન સિવાય અન્યત્ર નથી. મોક્ષની આરાધના કરનારાઓ માટે આ પ્રકારનો આચાર અન્યદર્શનોમાં અતીતમાં કહેવાયો નથી અને ભવિષ્યમાં કહેવાશે પણ નહીં, ઉપલક્ષણથી વર્તમાન કાળમાં પણ છે નહિં.

**६**

**सखुड्डगवियत्ताणं, वाहियाणं च जे गुणा ।**
**अखंडफुडिया कायव्वा, तं सुणेह जहा तहा ॥**

**છાયાનુવાદ : सक्षुल्लकव्यक्तानां, व्याधितानां च ये गुणाः ।**
**अखण्डास्फुटिताः कर्तव्यास्तान् श्रृणुत यथातथा ॥**

**શબ્દાર્થ :– जे** = જે **गुणा** = ગુણો અર્થાત્ નિયમો **सखुड्डगवियत्ताणं** = સર્વે આબાલ વૃદ્ધોને **वाहियाणं** = રોગીઓને **च** = નિરોગીને **अखंडफुडिया** = અખંડ અને અસ્ફુટિતરૂપે અર્થાત્ સર્વથા વિરાધના રહિત **कायव्वा** = ધારણ કરવા જોઈએ, પાલન કરવા જોઈએ **तं** = તે નિયમો **जहा** = જેમ છે **तहा** = તેમ મારી પાસેથી **सुणेह** = સાંભળો.

**ભાવાર્થ :–** બાલ, વૃદ્ધ, રોગી કે નિરોગી સર્વ મુમુક્ષુ સાધકોએ, જે ગુણોની આરાધના અખંડિત અને અસ્ફુટિતરૂપે કરવી જોઈએ; તેને તમે યથાર્થરૂપે સાંભળો.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓ આચાર કથનની પૂર્વભૂમિકા રૂપ છે. જેમાં સૂત્રકારે નિર્ગ્રંથાચારની કઠિનતા તેમજ અલૌકિકતાને પ્રદર્શિત કરી છે. જે રાજાદિને આચારનું સ્વરૂપ સાંભળવા માટે પ્રેરક બને છે.

**तेसिं सो णिहुओ :–** આચારનું સ્વરૂપ કહેનાર આચાર્ય ભગવંત સ્વયં આચારની મૂર્તિ છે. આચારનું જીવંત સ્વરૂપ છે. તેઓશ્રીનો પરિચય સૂત્રકારે પાંચ ગુણો દ્વારા આપ્યો છે. (૧) **णिहुओ** = નિશ્ચલ ચિત્ત. શાંત અને એકાગ્રચિત્તવાળા. (૨) **दंतो** = ઇન્દ્રિયોનું દમન કરનાર. (૩) **सव्वभूयसुहावओ** = પ્રાણી માત્ર માટે સુખાકારી. (૪) **सिक्खाए समाउत्तो** = સૂત્ર અને અર્થના અભ્યાસ રૂપ શિક્ષા ગ્રહણ અને આચારનું પાલન અને અનાચારના ત્યાગથી રૂપ આસેવન શિક્ષાથી યુક્ત. અર્થાત્ આચાર નિષ્ઠ. (૫) **वियक्खणो** = સમયાનુસાર યથોચિત વ્યવહારમાં કુશળ; એવા ગુણ સંપન્ન તે આચાર્ય ભગવંત હતા જેઓ પાસે રાજાદિ લોકોએ જિજ્ઞાશા પ્રકટ કરી.

**भीमं, दुरहिट्ठियं :–** આ બે શબ્દો દ્વારા ચોથી ગાથામાં નિર્ગ્રંથાચારની કઠિનતાને પ્રદર્શિત કરી છે– (૧) જે આચાર નિયમોને સાંભળતાં જ સામાન્ય જનને કંપારી છૂટે, હૃદય હચમચી જાય, તેવા કઠોર આચાર નિયમો માટે **भीमं** શબ્દ ઉપયુક્ત છે. યથા– સમગ્ર કેશનું હાથથી લુંચન કરવું, જીવનપર્યંત પાદ

વિહાર અર્થાત્ વાહનનો ઉપયોગ ન કરવો, મેલ પરીષહ સહન કરવો, નવવાડ સહિત બ્રહ્મચર્યપાલન, રાત્રિમાં સંપૂર્ણ આહાર પાણીનો ત્યાગ, સૂક્ષ્મતમ અહિંસા પાલન, અલ્પ ઉપકરણ રાખવા અને પૈસાનો ત્યાગ વગેરે. (૨) મહાવ્રત, સમિતિ, ગુપ્તિ ,ગવેષણાના નિયમો, ભાષા વિવેક, પ્રતિલેખન, પ્રમાર્જન (જરૂરી થાય ત્યારે પોંજીને બેસવું ચાલવું) મલ–મૂત્ર પરિષ્ઠાપન(ત્યાગવા)નો વિવેક વગેરેનું જીવનપર્યંત આચરણ કરવું તે સામાન્યજનને માટે અત્યંત મુશ્કેલ હોવાથી તે **દુરધિષ્ઠિત** કહેવાય છે.

અનાદિકાલથી જીવને પૌદ્ગલિક સુખનો અનુરાગ હોય છે, જ્યારે આચાર પાલનમાં પૌદ્ગલિક સુખની ઈચ્છાનો ત્યાગ કરવો પડે છે; તેથી જ જન સામાન્યને અથવા સત્વ રહિત જીવોને આચાર પાલન મુશ્કેલ બની જાય છે.

**णण्णत्थ एरिसं... :–** પાંચમી ગાથામાં નિર્ગ્રંથાચારનું અલૌકિક મહત્ત્વ પ્રદર્શિત કર્યું છે. મોક્ષ પ્રાપ્ત કરાવનાર એવો ઉત્તમ, પવિત્ર, સચોટ, સત્ય, માર્ગ સર્વજ્ઞ વીતરાગ પ્રભુએ પ્રદર્શિત કર્યો છે. આ કોઈ સ્વયંની અતિશયોક્તિયુક્ત પ્રશંસા માત્ર નથી પરંતુ વાસ્તવિકતાનું પ્રકટીકરણ છે. કારણ કે આ પ્રકારે તે આચારમાં સૂક્ષ્મતમ અહિંસા, વિવેકયુક્ત વચન વ્યવહાર અને સરળ, નિષ્કપટ સંપૂર્ણ જીવન વ્યવહાર છે. તેમાં વિષય, કષાય, ઈન્દ્રિય પોષણ કે મનની સ્વચ્છંદતાને કિંચિત્ માત્ર સ્થાન નથી જે આચારનું પાલન રાગદ્વેષનો નાશ કરી વીતરાગ દશાની પ્રાપ્તિ કરાવે છે, સાધકની શુદ્ધિ અને સિદ્ધિ કરાવે છે. જેમાં સ્વરક્ષા સાથે સર્વ જીવ રક્ષાનો મહત્તમ આશય સમાયેલો છે. તે આચારનો ઉત્તમ તેવો માર્ગ તીર્થંકરોએ સંપૂર્ણ આત્મજ્ઞાન પ્રાપ્તિ પછી જ દર્શાવેલ છે; માટે તે માર્ગ લોકમાં અનુપમ અને અદ્વિતીય છે; તેથી જ ગાથામાં **णण्णत्थ एरिसं वुत्तं; ण भूयं ण भविस्सइ,** જેવા શબ્દોનો પ્રયોગ થયા છે; તે ઉપયુક્ત છે અને કસોટી કરતાં સત્ય સિદ્ધ થાય છે. આ પ્રકારના આચારનું કથન અન્યત્ર ક્યાંય નથી, એટલું જ નહીં પરંતુ ભવિષ્યમાં થશે પણ નહીં. આ નિર્ગ્રંથાચાર ત્રિકાલ શાશ્વત છે.

આચારની અલૌકિકતાના કથન પછી આ છટ્ઠી ગાથામાં સૂત્રકારે આચાર પાલનના અધિકારીનું કથન કર્યું છે.

**सखुड्डग... :–** નિર્ગ્રંથાચાર **આબાલ વૃદ્ધ, સરોગી નિરોગી** સર્વ અવસ્થાવાળાઓને ઉપયોગી, આદરણીય, અવશ્ય કરણીય તાત્પર્ય એ છે કે આ અધ્યયનમાં કહેવાશે તે અઢાર આચાર નિયમો પ્રાયઃ સર્વ સાધકોને અસ્ખલિત(અખંડિત) રૂપે પાલન કરવા આવશ્યક છે. આત્મકલ્યાણ સાધના માટે તે સર્વ આચાર નિયમ પૂર્ણ હિતાવહ છે.

**ક્ષુલ્લક** એટલે બાલક, જે શારીરિક અને માનસિક શક્તિથી અપરિક્વ હોય. તે **વિયત્ત** એટલે વયોવૃદ્ધ, જે શારીરિક અને માનસિક શક્તિથી પરિપક્વ હોય. રોગી કે નિરોગી પ્રત્યેક વ્યક્તિને આચારનું પાલન કરવું આવશ્યક છે. પ્રભુના શાસનમાં આબાલવૃદ્ધ માટે અને રોગી કે નિરોગી માટે આ અધ્યયનમાં રાજમાર્ગરૂપ સમાન નિયમો છે, જે મોક્ષ સાધનામાં અતિ આવશ્યક છે. આપવાદિક પરિસ્થિતિના નિયમો જુદા હોય છે, તે યથા પ્રસંગે આગમમાં કહેવાયા છે.

**धम्मत्थकामाणं णिग्गंथाणं :–** ધર્મના અર્થ–પ્રયોજનભૂત મોક્ષની કામના કરનારા. જે વ્યક્તિને અન્ય કોઈ ઈચ્છા કે અપેક્ષા નથી, એક માત્ર મોક્ષની જ કામના છે, તે આચારરૂપ ધર્મનું પાલન કેવળ મોક્ષના લક્ષે જ કરે છે. તેવા બાહ્ય અને આભ્યંતર ગ્રંથીથી રહિત શ્રમણ નિર્ગ્રંથો આ નિગ્રર્થાચારના અધિકારી છે.

આટલી ઉત્થાનિકા–ભૂમિકા છ ગાથાઓમાં બાંધ્યા પછી હવે વિષય સ્વરૂપ સાતમી ગાથાથી આચાર્ય મહારાજ કહે છે.

**અઢાર આચાર સ્થાન :–**

**૭** **दस अट्ठ य ठाणाइं, जाइं बालोवरज्झइ ।**
**तत्थ अण्णयरे ठाणे, णिग्गंथत्ताओ भस्सइ ॥**

**છાયાનુવાદ :** **दशाष्टौ च स्थानानि, यानि बालोऽपराध्यति ।**
**तत्रान्यतरे स्थाने, निर्ग्रंथत्वाद् भ्रश्यति ॥**

**શબ્દાર્થ :– दस अट्ठ** = અઢાર **ठाणाइं** = આચાર સ્થાન, નિર્ગ્રંથાચાર **जाइं** = જેમાં **बालो** = બાલ સાધક નબળા સાધક, અજ્ઞાની પ્રાણી **अवरज्झइ** = વિરાધના કરે, વિપરીત આચરણ કરે **तत्थ** = તે અઢાર સ્થાનમાંથી **अण्णयरे ठाणे** = કોઈપણ આચાર સ્થાનની **णिग्गंथत्ताओ** = સંયમથી, નિર્ગ્રંથપણાથી **भस्सइ** = ભ્રષ્ટ થાય છે, સ્ખલિત થાય છે.

**ભાવાર્થ :–** નિર્ગ્રંથાચારના અઢાર સ્થાનો છે. તેમાંથી કોઈપણ આચાર સ્થાનની વિરાધના કરનાર બાલ સાધક સંયમથી સ્ખલિત થાય છે અર્થાત્ તેનો સંયમ અતિચાર કે અનાચાર દોષ યુક્ત થઈ જાય છે.

**૮** **वयछक्कं कायछक्कं, अकप्पो गिहिभायणं ।**
**पलियंक णिसेज्जा य, सिणाणं सोहवज्जणं ॥**

**છાયાનુવાદ :** **व्रतषट्कं कायषट्कं, अकल्पो गृहिभाजनम् ।**
**पर्यङ्को निषद्या च, स्नानं शोभावर्जनम् ॥**

**શબ્દાર્થ :– वयछक्कं** = છ વ્રત **कायछक्कं** = ષટ્કાય **अकप्पो** = અકલ્પનીય પદાર્થ, દોષયુક્ત પદાર્થ **गिहिभायणं** = ગૃહસ્થોના પાત્રોમાં ભોજન કરવું **पलियंक** = પલંગ પર બેસવું **णिसेज्जा** = ગૃહસ્થના ઘેર બેસવું **सिणाणं** = સ્નાન **सोहवज्जणं** = શરીરની શોભાનો સર્વથા ત્યાગ કરવો.

**ભાવાર્થ :–** તે અઢાર સ્થાનો આ પ્રમાણે છે– (૧–૬) પાંચ મહાવ્રત તથા છટ્ઠું રાત્રિભોજન ત્યાગ. તેમ છ વ્રતોનું પાલન કરવું, (૭–૧૨) પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ કાયરૂપ ષટ્કાય

જીવોની દયા પાળવી, યતના કરવી, (૧૩) અકલ્પ્ય આહાર–પાણી આદિ ન લેવાં, (૧૪) ગૃહસ્થના વાસણમાં જમવું નહીં, (૧૫) પલંગ વગેરે સાધનોનો ઉપયોગ કરવો નહીં, (૧૬) ગૃહસ્થના ઘેર બેસવું નહીં, (૧૭) સ્નાન કરવું નહીં, (૧૮) શરીરની શોભા, શ્રૃંગાર, વિભૂષા કરવી નહીં.

**વિવેચન :–**

પ્રસ્તુત બે ગાથામાં સૂત્રકારે નિર્ગ્રંથાચારનું વર્ણન પ્રારંભ કરતાં અઢાર સ્થાનોની મહત્તા સ્થાપિત કરી તેનાં નામ દર્શાવ્યા છે.

**दस अट्ठ :–** અહીં ગાથાના અનુપ્રાસ માટે અઢાર શબ્દનો પ્રયોગ ન કરતાં **दस अट्ठ** શબ્દપ્રયોગ છે. તે અઢાર આચાર સ્થાન આ પ્રમાણે છે.– છ વ્રત (૧) અહિંસા (૨) સત્ય (૩) અચૌર્ય (૪) બ્રહ્મચર્ય (૫) અપરિગ્રહ (૬) રાત્રિ ભોજન ત્યાગ. છકાય સંયમ– (૭) પૃથ્વીકાય સંયમ (૮) અપકાય સંયમ (૯) તેઉકાય સંયમ (૧૦) વાઉકાય સંયમ (૧૧) વનસ્પતિકાય સંયમ (૧૨) ત્રસકાય સંયમ (૧૩) અકલ્પનીય પદાર્થોનો ત્યાગ (૧૪) ગૃહસ્થના પાત્રમાં ભોજન ત્યાગ (૧૫) પલંગ આદિ પર બેસવાનો ત્યાગ (૧૬) ગૃહસ્થના ઘેર બેસવાનો ત્યાગ (૧૭) સ્નાન ત્યાગ (૧૮) વિભૂષા ત્યાગ. આ સર્વ સ્થાનોનું સ્પષ્ટીકરણ હવે પછીની ગાથાઓમાં છે.

**णिग्गंथत्ताओ भस्सइ :–** આચાર પાલનની અખંડતામાં જ સાધુતાની અખંડતા રહે છે. તેથી પ્રારંભની આ ગાથામાં જ શાસ્ત્રકારે સ્પષ્ટ કહ્યું છે કે સૂત્રોક્ત એક પણ આચાર સ્થાનમાં સ્ખલના કે વિરાધના થાય તો તે શ્રમણની સાધુતા ખંડિત થાય છે. **भस्सइ** શબ્દ એક દેશ ખંડના, સ્ખલના માટે પ્રયુક્ત છે તેમ સમજવું જોઈએ.

**પ્રથમ આચાર સ્થાન : અહિંસા :–**

**૯** **तत्थिमं पढमं ठाणं, महावीरेण देसियं ।**
**अहिंसा णिउणा दिट्ठा, सव्वभूएसु संजमो ॥**

**છાયાનુવાદ : तत्रेदं प्रथमं स्थानं, महावीरेण देशितम् ।**
**अहिंसा निपुणेन दृष्टा, सर्वभूतेषु संयमः ॥**

**શબ્દાર્થ :– तत्थिमं** = તે અઢાર સ્થાનમાંથી **पढमं** = પ્રથમ **ठाणं** = સ્થાન **महावीरेण** = ભગવાન મહાવીર સ્વામીએ **देसियं** = ઉપદેશિત કરેલ **अहिंसा** = જીવ દયા **णिउणा** = નિપુણા, કુશળ **दिट्ठा** = દેખાડી છે, દર્શાવી છે **सव्वभूएसु** = સર્વ પ્રાણીઓના વિષયમાં **संजमो** = સંયમ રાખવો.

**ભાવાર્થ :–** તત્ત્વ નિરૂપણમાં કુશલ ભગવાન મહાવીર દ્વારા ઉપદિષ્ટ આ અઢાર સ્થાનમાંથી પ્રથમ સ્થાને અહિંસાને દર્શાવી છે. સર્વ જીવો પ્રતિ સંયમ રાખવો તે જ અહિંસા છે.

**૧૦** **जावंति लोए पाणा, तसा अदुव थावरा ।**
**ते जाणमजाणं वा, ण हणे णो वि घायए ॥**

**છાયાનુવાદ :** **यावन्तो लोके प्राणाः, त्रसाः अथवा स्थावराः ।**
**तान् जानन्नजानन् वा, न हन्यात् नो अपि घातयेत् ॥**

**શબ્દાર્થ :– लोए** = લોકમાં **जावंति** = જેટલા, **ते** = તે સર્વજીવોને **जाणमजाणं वा** = જાણતાં કે અજાણતાં **ण हणे** = સ્વયં હણે નહિં **णो वि घायए** = બીજા પાસે હણાવે નહિ.

**ભાવાર્થ :–** સંયમી સાધક આ લોકમાં જેટલા ત્રસ અને સ્થાવર પ્રાણીઓ છે તેઓને જાણતાં કે અજાણતાં હણે નહિ, હણાવે નહિ કે હણનારને અનુમોદે પણ નહીં.

**૧૧** **सव्वे जीवा वि इच्छंति, जीविउं ण मरिज्जिउं ।**
**तम्हा पाणिवहं घोरं, णिग्गंथा वज्जयंति णं ॥**

**છાયાનુવાદ :** **सर्वे जीवा अपीच्छन्ति, जीवितुं न मर्तुम् ।**
**तस्मात् प्राणिवधं घोरं, निर्ग्रन्था वर्जयन्ति णं ॥**

**શબ્દાર્થ :– सव्वेवि** = સર્વે **जीवा** = જીવો **जीविउं** = જીવવાની **इच्छंति** = ઈચ્છા કરે છે **ण मरिज्जिउं** = મરવાની કોઈ ઈચ્છા કરતા નથી **तम्हा** = તે માટે **णिग्गंथा** = નિર્ગ્રન્થ, સાધુ **घोरं** = ભયંકર, જીવોને દુઃખકારી **पाणिवहं** = પ્રાણીવધને **वज्जयंति** = વર્જન કરે છે, ત્યાગ કરે છે **णं** = વાક્યાલંકાર માટે છે.

**ભાવાર્થ :–** જગતના નાના કે મોટા સર્વે જીવો જીવનને ઈચ્છે છે, કોઈ પણ પ્રાણી મૃત્યુને ઈચ્છતું નથી. માટે શ્રમણ નિર્ગ્રંથો પ્રાણીઓને દુઃખકારી એવા પ્રાણી વધનો સર્વથા ત્યાગ કરે છે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં અહિંસા વ્રતનું સ્વરૂપ અને હિંસા ત્યાગનું કારણ નિરૂપિત કર્યું છે.

**णिउणा :–** નિપુણ શબ્દથી તૃતીયા એકવચનમાં **णिउणा** શબ્દ થયો છે. આ ગાથામાં **महावीरेण** શબ્દ તૃતીયાંત છે, તેના વિશેષણ રૂપ આ શબ્દ છે. તેનો અર્થ થાય છે કે– તત્ત્વ નિરૂપણમાં કુશલ એવા પ્રભુ મહાવીર. વ્યાખ્યાઓમાં આ શબ્દને અહિંસાનું વિશેષણ માની વૈકલ્પિક અર્થ કરેલ છે. પ્રાકૃત કોશોમાં આ શબ્દના અર્થ નિપુણ, હોશિયાર, ચતુર; તેમજ કર્યા છે.

પ્રત્યેક દાર્શનિકોએ **અહિંસા પરમો ધર્મ** તે સિદ્ધાંતને સ્વીકાર્યો હોવા છતાં તેમના આચાર

નિયમોમાં અહિંસાનું પૂર્ણપણે(સૂક્ષ્માતિસૂક્ષ્મરૂપે) પાલન થતું નથી. જ્યારે પ્રભુ મહાવીરના સિદ્ધાંતોમાં તેનું પૂર્ણપણે પાલન થઈ શકે તેવા આચારોનું વિધાન છે. જેમ કે– અહિંસા મહાવ્રતના પાલન માટે જ માધુકરી વૃત્તિથી આહારની પ્રાપ્તિ, ઈર્યા સમિતિપૂર્વક ગમન, ભાષા વિવેક, રાત્રિભોજન ત્યાગ વગેરે. આ રીતે પ્રભુ મહાવીરનો અહિંસા સંબંધી ઉત્તમોત્તમ કોટિનો શુદ્ધ આચાર છે.

**सव्वभूएसु संजमो :–** અહિંસા પાલન માટે સંયમ અનિવાર્ય છે. અહિંસાનું આચારાત્મક સ્વરૂપ સંયમ છે. તે સંયમનો આધાર **સર્વભૂત** અર્થાત્ સર્વ પ્રાણી છે. તેમજ તેના ભેદ–પ્રભેદને યથાર્થરૂપે જાણીને તે સર્વ જીવો પ્રતિ સંયમભાવ રાખવો, તેની દયા પાળવી; તે જ અહિંસા છે. આ રીતે અહિંસા અને સંયમ બંને ભાવો પરસ્પર સાપેક્ષ છે.

**जाणं अजाणं :–** અહિંસાના સ્વરૂપને સમજીને મુનિ જાણતાં કે અજાણતાં બંને પ્રકારની હિંસાનો ત્યાગ કરે. (૧) જાણતાં એટલે સંકલ્પ પૂર્વકની હિંસાનો મુનિ ત્યાગ કરે, તેમજ (૨) અજાણતાં એટલે અયતના, અવિવેકથી થતી હિંસાનો પણ મુનિ ત્યાગ કરે. આ રીતે મુનિ સદા યતના અને વિવેકપૂર્વક દરેક પ્રવૃત્તિ કરે.

**सव्वे जीवा वि इच्छंति... :–** આ ગાથામાં હિંસા ત્યાગનું કારણ દર્શાવ્યું છે. સર્વ જીવો જીવવાને ઈચ્છે છે. સર્વ જીવોને મરણ અત્યંત દુઃખરૂપ લાગે છે. મૃત્યુનું નામ સાંભળતા જ તે કંપિત થઈ જાય છે અર્થાત્ મૃત્યુને કોઈ ઇચ્છતું નથી. તેથી સંયમી સાધકોએ સર્વ જીવોને આત્મ સમાન જાણીને હિંસાનો ત્યાગ કરવો જોઈએ. આ રીતે અહિંસાના પ્રાધાન્યને સ્વીકારી સાધુ યાવજ્જીવન સર્વ પ્રકારની હિંસાનો ત્યાગ કરે છે.

## બીજું આચાર સ્થાન : મૃષાવાદ ત્યાગ :-

**૧૨**

**अप्पणट्ठा परट्ठा वा, कोहा वा जइ वा भया ।**
**हिंसगं ण मुसं बूया, णो वि अण्णं वयावए ॥**

**છાયાનુવાદ :** आत्मार्थं परार्थं वा, क्रोधाद्वा यदि वा भयाद् ।
हिंसकं न मृषा ब्रूयात्, नो अप्यन्यं वादयेत् ॥

**શબ્દાર્થ :–** **अप्पणट्ठा** = પોતાના માટે **परट्ठा** = બીજાના માટે **कोहा** = ક્રોધથી **जइ वा** = અથવા **भया** = ભયથી **हिंसगं** = પરપીડાકારી **मुसं** = અસત્ય **ण बूया** = સ્વયં બોલે નહિ **अण्णं वि** = બીજાને પણ **णो वयावए** = બોલાવે નહિ.

**ભાવાર્થ :–** સંયમી પોતાના સ્વાર્થ માટે કે અન્ય માટે, ક્રોધથી અથવા ભયથી ઉપલક્ષણથી માન, માયા, લોભ, હાસ્ય વગેરે કોઈપણ કારણથી પરને પીડા ઉત્પન્ન કરે તેવી હિંસાજનક અસત્ય ભાષા બોલે નહિ, બીજા પાસે બોલાવે નહિ અને બીજા કોઈ બોલતા હોય તો તેને અનુમોદન પણ આપે નહિં.

**૧૩**

**मुसावाओ उ लोगम्मि, सव्वसाहूहिं गरहिओ ।**
**अविस्सासो य भूयाणं, तम्हा मोसं विवज्जए ॥**

**છાયાનુવાદ :** **मृषावादश्च लोके, सर्वसाधुभिर्गर्हितः ।**
**अविश्वास्यश्च भूतानां, तस्मान्मृषावादं विवर्जयेत् ॥**

**શબ્દાર્થ :– मुसावाओ उ** = મૃષાવાદ **लोगम्मि** = લોકમાં **सव्वसाहूहिं** = સર્વ સાધુઓ વડે **गरहिओ** = ગર્હિત છે, નિંદાયેલ છે **भूयाणं** = પ્રાણીમાત્રનો **अविस्सासो** = અવિશ્વસનીય થાય છે **तम्हा** = તે માટે **मोसं** = મૃષાવાદને **विवज्जए** = પૂર્ણ રૂપે છોડી દે, ત્યાગ કરે.

**ભાવાર્થ :–** આ લોકમાં મૃષાવાદ સર્વ સાધુ પુરુષો દ્વારા નિંદિત છે, અસત્યવાદી પુરુષ પ્રત્યેક જીવો માટે અવિશ્વાસનું પાત્ર બની રહે છે; માટે મુનિ અસત્યનો સર્વથા ત્યાગ કરે.

## વિવેચન :–

પ્રસ્તુત બે ગાથામાં મૃષાવાદના કારણ અને તેના પરિણામનું કથન કરીને તેનો ત્યાગ કરવાનું સૂચન છે.

**अप्पणट्ठा परट्ठा... :–** આ ગાથામાં અસત્ય ભાષણના વિવિધ કારણો દર્શાવ્યા છે; તે આ પ્રમાણે છે– (૧) વ્યક્તિ પોતાના સ્વાર્થ માટે અસત્ય ભાષણ કરે છે. (૨) અન્ય વ્યક્તિના મોહથી કે લાગણીથી વ્યક્તિ અસત્ય ભાષણ કરે છે. (૩) ક્રોધાદિ કષાયને વશ થઈ જીવ અસત્ય ભાષણ કરે છે. મૂળપાઠમાં એક ક્રોધ શબ્દ છે પરંતુ ચારે ય કષાય અસત્ય ભાષણમાં કારણ બની શકે છે. માટે ઉપલક્ષણથી અહીં ચારે ય કષાય સમજી લેવા જોઈએ. (૪) ભયને આધીન થઈને વ્યક્તિ ન ઈચ્છતાં પણ અસત્ય બોલી જાય છે. ભય શબ્દથી હાસ્યાદિનું ગ્રહણ પણ સમજી લેવું જોઈએ.

**मुसावाओ उ लोगम्मि :–** આ ગાથામાં સૂત્રકારે મૃષાવાદના પરિણામનું દર્શન કરાવી તેના ત્યાગની પ્રેરણા આપી છે. (૧) સર્વ ધર્મોમાં સર્વ સિદ્ધાંતોમાં સર્વ ઋષિ અને મહર્ષિઓએ અસત્ય ભાષણની નિંદા કરીને તેના ત્યાગનું સૂચન કર્યું છે. (૨) અસત્ય ભાષણ કરનાર વ્યક્તિ સર્વત્ર અવિશ્વસનીય બની જાય છે, ક્યાંય તેની પ્રતિષ્ઠા થતી નથી. તેથી સાધુ સર્વ પ્રકારના મૃષાવાદનો ત્યાગ કરે.

**ક્રોધાદિથી થતાં મૃષાવાદનાં ઉદાહરણો :–** (૧) ક્રોધથી અસત્ય– જેમ કે દાસ ન હોવા છતાં કોઈને 'તું દાસ છે' એમ કહેવું, (૨) માનથી અસત્ય–જેમ કે અબહુશ્રુત હોવા છતાં પણ સ્વયંને બહુશ્રુત, શાસ્ત્રજ્ઞ અથવા પંડિત માનવું, કહેવું, લખવું (૩) માયાથી અસત્ય–જેમ કે ભિક્ષાચર્યા માટે જવું ન પડે તે આશયથી કહે કે મારા પગમાં બહુ દુઃખે છે. (૪) લોભથી અસત્ય–સરસ ભોજનની પ્રાપ્તિના લોભથી એષણીય (ગ્રહણ કરવા યોગ્ય) નીરસ ભોજનને અનેષણીય કહેવું (૫) ભયથી અસત્ય–દૂષિત આચરણ કરીને પ્રાયશ્ચિત્તના ભયથી તેનો સ્વીકાર ન કરવો, અસ્વીકાર કરવો (૬) હાસ્યવશ અસત્ય–હાંસી અથવા કુતૂહલવશ અસત્ય બોલવું કે લખવું.

સત્યની આરાધના વિના શેષ વ્રતોનું મહત્વ રહેતું નથી. બૌદ્ધ ધર્મ કથિત પાંચ શિક્ષાપદોમાં પણ

મૃષાવાદ પરિહારને અધિક મહત્ત્વપૂર્ણ વ્રત માન્યું છે અને કહ્યું છે કે તેની આરાધના વિના અન્ય શિક્ષાપદોની આરાધના સંભવતી નથી.

## ત્રીજું આચાર સ્થાન : અદત્તાદાન ત્યાગ :–

**१४** चित्तमंतमचित्तं वा, अप्पं वा जइ वा बहुं ।
दंतसोहणमित्तं पि, उग्गहंसि अजाइया ॥

**१५** तं अप्पणा ण गिण्हंति, णो वि गिण्हावए परं ।
अण्णं वा गिण्हमाणंपि, णाणुजाणंति संजया ॥

**છાયાનુવાદ :** चित्तवदचित्तं वा, अल्पं वा यदि वा बहु ।
दन्तशोधनमात्रमपि, अवग्रहे अयाचित्वा ॥१४॥

तदात्मना न गृह्णन्ति, नापि ग्राह्यन्ति परम् ।
अन्यं वा गृह्णन्तमपि, नानुजानन्ति संयताः ॥१५॥

**શબ્દાર્થ :– चित्तमंतं** = સચેતન પદાર્થ **अचित्तं** = અચેતન પદાર્થ **अप्पं वा** = અલ્પ પરિમાણમાં, અલ્પ મૂલ્યવાન **जइ वा** = અથવા **बहुं** = અધિક પ્રમાણમાં બહુ મૂલ્યવાન્ પદાર્થ **दंतसोहणमित्तं पि** = દાંત ખોતરવાની સળીમાત્ર પણ **उग्गहंसि** = તે વસ્તુની આજ્ઞા, જે ગૃહસ્થના અધિકારમાં હોય તેની આજ્ઞા **अजाइया** = યાચના કર્યા વિના **संजया** = સાધુ **तं** = તે અદત્ત પદાર્થોને **ण अप्पणा गिण्हंति** = સ્વયં ગ્રહણ કરે નહીં **णोवि परं गिण्हावए** = અન્ય પાસે પણ ગ્રહણ કરાવે નહિં **वा** = તથા **अण्णं** = અન્ય **गिण्हमाणं** = ગ્રહણ કરતાં હોય તેમાં **णाणुजाणंति** = રૂડું જાણે નહીં.

**ભાવાર્થ :–** કોઈપણ વસ્તુ સજીવ હોય કે નિર્જીવ હોય, અલ્પ હોય કે બહુ પ્રમાણમાં હોય, દાંત ખોતરવાની સળી પણ હોય; તે વસ્તુ માલિકની આજ્ઞા વિના મુનિ સ્વયં ગ્રહણ કરતા નથી, બીજા દ્વારા ગ્રહણ કરાવતા નથી કે અદત્ત ગ્રહણ કરનારને અનુમોદન પણ આપતા નથી.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં સાધુના ત્રીજા મહાવ્રતની સૂક્ષ્મતાનું દર્શન છે. જે મહાપુરુષોએ સર્વસ્વનો ત્યાગ કર્યો છે, તેવા સંપૂર્ણ નિષ્પરિગ્રહી સાધુને માટે પોતાની માલિકીમાં ન હોય તેવી કોઈ પણ વસ્તુ આજ્ઞા વિના લેવી તે ચોરી છે. સૂત્રકારે દાંત ખોતરવાની સળીનું કથન કરીને નાની કે નજીવી વસ્તુ પણ આજ્ઞા વિના ન લેવાનું કથન કર્યું છે.

**चित्तमंतमचित्तं वा :–** આ ગાથામાં ગ્રાહ્ય પદાર્થોના પ્રકાર દર્શાવ્યા છે– (૧) મુનિને માટે સચિત્ત વસ્તુ અગ્રાહ્ય જ છે. પરંતુ સચિત્ત–શિષ્ય આદિ ગ્રાહ્ય છે. મુનિ તેના માતા પિતાની આજ્ઞા વિના કોઈને દીક્ષા આપીને શિષ્ય બનાવી શકતા નથી. આજ્ઞા વિના દીક્ષા આપવી તે સચિત્ત અદત્ત–ચોરી છે. આજ્ઞાપૂર્વક જ તેને સ્વીકારી શકે છે. (૨) અચિત્ત પદાર્થ વસ્ત્ર, પાત્ર, આહાર, ઔષધ આદિ મુનિને ગ્રાહ્ય છે; તે પણ ગૃહસ્થ દ્વારા પ્રદત્ત હોય, તેની આજ્ઞા હોય ત્યારે જ ગ્રહણ કરાય છે. (૩–૪) **अप्पं, बहुं**– આ શબ્દના ત્રણ પ્રકારે અર્થ થાય છે– (૧) વસ્તુ કદમાં નાની–મોટી હોય (૨) માત્રામાં તથા પ્રમાણમાં અલ્પ કે વધુ હોય (૩) મૂલ્યમાં અલ્પ મૂલ્યવાળી કે વધુ મૂલ્યવાળી હોય; તે સર્વ તેના સ્વામીની આજ્ઞા લઈને કે તેઓ આપે તો જ ગ્રહણ કરાય છે. આ સર્વ બાબતનું સમાપન કરતાં ગાથાના ત્રીજા ચરણમાં સૂત્રકારે ઉદાહરણ આપીને સ્પષ્ટ કર્યું છે કે દાંત ખોતરવાની સળી કે તણખલું પણ આજ્ઞા વિના મુનિ ગ્રહણ કરી શકતું નથી. આ અચૌર્ય મહાવ્રતનું આચરણ છે. તેનું દરેક સાધુ–સાધ્વીઓએ પાલન કરવું અનિવાર્ય છે.

**उग्गहंसि अजाइया :– उग्गहंसि** = અવગ્રહના વિષયમાં, પદાર્થના વિષયમાં **अजाइया** = યાચના કર્યા વગર. જેના અધિકારમાં વસ્તુ હોય તેની પાસે યાચના કર્યા વગર કે તેની આજ્ઞા લીધા વગર મુનિ તે વસ્તુને ગ્રહણ કરે નહીં.

## ચોથું આચાર સ્થાન : અબ્રહ્મચર્ય ત્યાગ :–

**૧૬**

**अबंभचरियं घोरं, पमायं दुरहिट्ठियं ।**
**णायरंति मुणी लोए, भेयाययणवज्जिणो ॥**

**છાયાનુવાદ :** **अब्रह्मचर्यं घोरं, प्रमादं दुरधिष्ठितम् ।**
**नाचरन्ति मुनयो लोके, भेदायतनवर्जिनः ॥**

**શબ્દાર્થ :– भेयाययणवज्जिणो** = સંયમનો ભેદ કરાવે તેવા સ્થાનને ત્યાગનાર **मुणी** = મુનિ **लोए** = લોકમાં રહ્યા છતાં પણ **दूरहिट्ठियं** = દુઃસેવ્ય, અનાચરણીય **पमायं** = પ્રમાદ ભૂત **घोरं** = કષ્ટદાયક પરિણામી, ભયંકર **अबंभचरियं** = અબ્રહ્મચર્યનું **णायरंति** = આચરણ કરતા નથી.

**ભાવાર્થ :–** સંયમનો ભેદ(ભંગ) કરાવે તેવા પાપ સ્થાનોથી દૂર રહેનારા મુનિજનો લોકમાં અનાચરણીય કહેવાતા, પ્રમાદના સ્થાનભૂત અને મહા દુઃખદાયી પરિણામવાળા એવા અબ્રહ્મચર્યનું આચરણ કરતા નથી.

**૧૭**

**मूलमेयमहम्मस्स, महादोससमुस्सयं ।**
**तम्हा मेहुणसंसग्गं, णिग्गंथा वज्जयंति णं ॥**

**છાયાનુવાદ :** **मूलमेतदधर्मस्य, महादोषसमुच्छ्रयम् ।**
**तस्मान्मैथुनसंसर्गं, निर्ग्रंथा वर्जयन्ति णं ॥**

**શબ્દાર્થ :– अहम्मस्स** = અધર્મનું **मूलं** = મૂળ છે **महादोससमुस्सयं** = મહાદોષોને ઉત્પન્ન કરનાર છે, મહાન દોષોનો ભંડાર છે **तम्हा** = તેથી **णिग्गंथा** = નિર્ગ્રંથ **एयं** = આ **मेहुणसंसग्गं** = મૈથુનના સંસર્ગને **वज्जयंति** = છોડી દે છે.

**ભાવાર્થ :–** અબ્રહ્મચર્ય અધર્મનું એટલે પાપોનું મૂળ છે અને મહાન દોષોને ઉત્પન્ન કરનાર છે. માટે નિર્ગ્રંથ મુનિઓ મૈથુન સંસર્ગનો ત્યાગ કરે છે.

## વિવેચન :–

પ્રસ્તુત બે ગાથાઓમાં અબ્રહ્મચર્યના દોષોનું નિરૂપણ કરીને નિર્ગ્રંથ મુનિઓ માટે તેને સર્વથા ત્યાજ્ય(છોડવા યોગ્ય) કહ્યું છે.

**બ્રહ્મચર્ય :–** બ્રહ્મ = આત્મા. ચર્ય = ચરવું. આત્મ સ્વરૂપમાં વિચરણ કરવું તે બ્રહ્મચર્ય છે. વ્યવહારથી મૈથુનનો ત્યાગ કરી, વીર્યની રક્ષા કરવી તે બ્રહ્મચર્ય છે. બ્રહ્મચર્યથી શારીરિક, માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક શક્તિઓ ખીલે છે, આત્માના સર્વ ગુણોનો વિકાસ થાય છે; તેથી તેની મહત્તા નિરપવાદપણે સર્વજનો દ્વારા સ્વીકૃત છે. સૂત્રકારે અબ્રહ્મચર્યના દોષ દર્શક પાંચ વિશેષણોનો પ્રયોગ કર્યો છે.

**(૧) घोरं :–** તેના બે પ્રકારે અર્થ થાય છે– (૧) તે ઘોર પરિણામી અર્થાત્ મહાન દુઃખદાયી છે (૨) તે ઘોર અર્થાત્ રૌદ્ર સ્વરૂપી છે. તે પોતાની દુર્વૃત્તિનું પોષણ કરવા ઘોર હિંસાનું આચરણ કરે છે, તેથી અબ્રહ્મચર્ય ઘોર સ્વરૂપ છે.

**(૨) पमायं :–** અબ્રહ્મચર્ય પ્રમાદરૂપ છે. તેમાં પ્રવૃત થનાર મનુષ્ય ઇન્દ્રિયો અને મનના વિષયોમાં આસક્ત; સમસ્ત આચાર, ક્રિયા કલાપ અને સાધુચર્યાઓમાં પ્રમત્ત તથા વિલાસી બની જાય છે. કામભોગમાં આસક્ત મનુષ્યને પોતાના સંયમ, વ્રત અથવા આચારનું ભાન રહેતું નથી. તે મદિરા પાનના ઉન્માદથી પણ વધારે મદોન્મત્ત બને છે. માટે અબ્રહ્મચર્ય પ્રમાદનું સ્થાન છે.

**(૩) दुरहिट्ठियं :–** અબ્રહ્મચર્ય દુઃસેવ્ય છે; ઘૃણાનું આશ્રય સ્થાન છે; તે સાધુજનો દ્વારા સેવવા યોગ્ય નથી.

**(૪) मूलमेयमहम्मस्स :–** અબ્રહ્મચર્ય અધર્મનું મૂળ છે અર્થાત્ સમસ્ત પાપોનું બીજ છે, સંસાર વૃદ્ધિનો પ્રથમ પાયો છે. પત્ની, પુત્ર પરિવાર આદિ સમસ્ત પરિવાર તેનું જ પરિણામ છે. સાધકનું મન જ્યારે અબ્રહ્મચર્યમાં ફસાઈ જાય ત્યારે તેને ધર્મ, સંયમ, તપ આદિ કોઈ પણ હિતકારી અનુષ્ઠાનોમાં રૂચિ થતી નથી.

**(૫) महादोससमुस्सयं :–** મહાદોષ સમુચ્છ્રય. અબ્રહ્મચર્યનું સેવન કરનાર વ્યક્તિ અસત્ય, માયા, છળ–કપટ, પાપને છુપાવવાની પ્રવૃત્તિ, ચોરી, હત્યા આદિ અનેક મહાદોષોનું પાત્ર બને છે. એક પાપ અનેક પાપને જન્મ આપે છે. તેથી તેને દોષપુંજ કે દોષજનક કહેવાય છે.

**भेयाययणवज्जिणो :–** ભેદાયતનનો ત્યાગ કરનાર. સૂત્રકારે આ વિશેષણનો પ્રયોગ નિર્ગ્રંથ મુનિ

માટે કર્યો છે. મૈથુન ચારિત્ર ભેદ(ભંગ)ના સ્થાનરૂપ છે. તેથી નિર્ગ્રંથ મુનિ તેનો ત્યાગ કરે છે. યથા– સ્ત્રીથી યુક્ત સ્થાનમાં રહેવું, સ્ત્રીકથા શ્રવણ, સ્ત્રીના અંગોપાંગ દર્શન, સ્ત્રી સાથે એકાંત ભાષણ વગેરે ક્રિયાઓ બ્રહ્મચર્ય વિઘાતક છે. બ્રહ્મચર્યની સુરક્ષા માટે સાધક તે સર્વ ક્રિયાઓનું વર્જન કરે છે.

**પાંચમું આચાર સ્થાન : પરિગ્રહ ત્યાગ :–**

**૧૮** **बिडमुब्भेइमं लोणं, तिल्लं सप्पिं च फाणियं ।**
**ण ते सण्णिहिमिच्छंति, णायपुत्तवओरया ॥**

**છાયાનુવાદ :** **बिडमुद्भेद्यं लवणं, तैलं सर्पिश्च फाणितम् ।**
**न ते संनिधिमिच्छन्ति, ज्ञातपुत्रवचोरताः ॥**

**શબ્દાર્થ :– णायपुत्तवओरया** = ભગવાન જ્ઞાતપુત્રના પ્રવચનોમાં રક્ત રહેનાર સાધુ **ते** = તેઓ **बिडं** = બળેલું લવણ **उब्भेइमं** = અન્યશસ્ત્રથી ભેદાયેલું અચિત્ત **लोणं** = લવણ, મીઠું **तिल्लं** = તેલ **सप्पिं** = ઘૃત **फाणियं** = દ્રવીભૂત ગોળ, ઢીલો ગોળ **सण्णिहिं** = સંચય કરીને રાત્રિમાં રાખવાની **ण इच्छंति** = ઈચ્છા કરે નહીં.

**ભાવાર્થ :–** જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરના વચનોમાં અનુરક્ત મહામુનિ બલવણ(બળેલું મીઠું), અન્ય શસ્ત્ર પરિણત મીઠું(લીબુંના અથાણાંનું મીઠું) આદિ, તેલ, ઘી, ગોળ ઈત્યાદિ અથવા તેવી કોઈ પણ ખાદ્ય સામગ્રીનો સંગ્રહ કરીને રાખે નહીં. તેમજ તેનો સંચય કરવાની ઈચ્છા માત્ર પણ કરે નહીં.

**૧૯** **लोहस्सेस अणुफासो, मण्णे अण्णयरामवि ।**
**जे सिया सण्णिहीकामे, गिही पव्वइए ण से ॥**

**છાયાનુવાદ :** **लोभस्यैषोऽनुस्पर्शः, मन्येऽन्यतरामपि ।**
**यःस्यात् सन्निधिं कामः, गृही प्रव्रजितो नासौ ॥**

**શબ્દાર્થ :– एस** = ચારિત્ર વિઘ્નકારી આ સંચય **अण्णयरामवि** = કોઈપણ પદાર્થની સંગ્રહવૃત્તિ **लोहस्स** = લોભનો જ **अणुफासे** = અનુસ્પર્શ છે, સેવન છે, પરિણામ છે **मण्णे** = એમ તીર્થંકર પ્રભુ માને છે, તીર્થંકરોનું કથન છે કે **जे** = જે કોઈ સાધુ **सण्णिहिं** = ઉપરોક્ત ચીજોને સંચય કરવાની **सिया** = કદાચિત્ **कामे** = ઈચ્છા કરે તો **से** = તે સાધુ **गिही** = ગૃહસ્થ છે **ण पव्वइए** = પ્રવ્રજિત નથી, સાધુ નથી.

**ભાવાર્થ :–** કોઈપણ પદાર્થનો સંચય કરવો તે કોઈપણ પ્રકારે લોભનો જ અનુસ્પર્શ–પરિણામ છે. અર્થાત્ આવી સંચય કરવાની ભાવનાથી લોભ સંજ્ઞાની પુષ્ટિ થાય છે. તેમ તીર્થંકર પ્રભુ માને છે, કથન કરે છે, માટે જે કોઈ સાધુ ઉપરોક્ત પદાર્થોના સંગ્રહ કરવાની ઈચ્છા પણ કરે તો તે સાધુ નથી પરંતુ ગૃહસ્થ જ છે.

**२०** **जंपि वत्थं व पायं वा, कंबलं पायपुंछणं ।**
**तंपि संजमलज्जट्ठा, धारंति परिहरंति य ॥**

**છાયાનુવાદ : यदपि वस्त्रं वा पात्रं वा, कम्बलं पादप्रोंछनम् ।**
**तदपि संयमलज्जार्थं, धारयन्ति परिहरन्ति च ॥**

**શબ્દાર્થ :– जंपि** = સાધુ જે પણ **वत्थं** = વસ્ત્ર **पायं** = પાત્ર **कंबलं** = કંબલ **पायपुंछणं** = રજોહરણ વગેરે ઉપકરણ રાખે છે તેને **संजमलज्जट्ठा** = સંયમ નિર્વાહ માટે કે લજ્જાનિવારણ માટે જ **धारंति** = ધારણ કરે છે **परिहरंति** = પહેરે છે, ઉપયોગ કરે છે.

**ભાવાર્થ :–** હે શિષ્ય ! સાધુ જે વસ્ત્ર, પાત્ર, કામળી, રજોહરણ આદિ ઉપકરણ રાખે છે તે માત્ર સંયમના નિર્વાહને માટે તથા લજ્જાના નિવારણ માટે જ રાખે છે અને તેનો ઉપયોગ કરે છે.

**२१** **ण सो परिग्गहो वुत्तो, णायपुत्तेण ताइणा ।**
**मुच्छा परिग्गहो वुत्तो, इइ वुत्तं महेसिणा ॥**

**છાયાનુવાદ : न स परिग्रह उक्तो, ज्ञातपुत्रेण त्रायिणा ।**
**मूर्च्छा परिग्रह उक्तः, इत्युक्तं महर्षिणा ॥**

**શબ્દાર્થ :– ताइणा** = જીવોની રક્ષા કરનાર **णायपुत्तेण** = જ્ઞાતપુત્ર ભગવાન મહાવીર સ્વામીએ **सो** = આ વસ્ત્ર પાત્રાદિને **परिग्गहो** = પરિગ્રહ **ण वुत्तो** = કહ્યો નથી **मुच्छा परिग्गहो वुत्तो** = પરંતુ તે ઉપકરણોની મૂર્છા–આસક્તિના ભાવને પરિગ્રહ કહ્યો છે **इइ** = આ પ્રમાણે **महेसिणा** = મહર્ષિઓ ગણધર દેવોએ **वुत्तं** = કહ્યું છે.

**ભાવાર્થ :–** જગત જીવોના રક્ષક જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરે વસ્ત્ર પાત્રાદિને પરિગ્રહ કહ્યો નથી. પરંતુ મહર્ષિઓએ તે પદાર્થો પ્રતિ મૂર્ચ્છા–આસક્તિને જ પરિગ્રહ કહ્યો છે.

**२२** **सव्वत्थुवहिणा बुद्धा, संरक्खणपरिग्गहे ।**
**अवि अप्पणो वि देहम्मि, णायरंति ममाइयं ॥**

**છાયાનુવાદ : सर्वत्रोपधिना बुद्धा, संरक्षण परिग्रहे ।**
**अप्यात्मनोऽपि देहे, नाचरन्ति ममत्वम् ॥**

**શબ્દાર્થ :– बुद्धा** = તત્ત્વને જાણનાર **सव्वत्थुवहिणा** = સર્વ પ્રકારની ઉપધિ દ્વારા **संरक्खण** = ષટકાયના જીવોની રક્ષા માટે, શરીર સંરક્ષણ માટે **परिग्गहे** = ગ્રહણ કરે છે, રાખે છે **अप्पणो वि** =

પોતાના **देहम्मि** = દેહના વિષયમાં પણ **ममाइयं** = મમતા ભાવનું **णायरंति** = આચરણ કરતા નથી.

**ભાવાર્થ :–** તત્ત્વજ્ઞ મુનિ વસ્ત્ર, પાત્ર આદિ સર્વ સંયમના ઉપકરણોને સંયમ અને શરીરની સુરક્ષા માટે રાખે છે અર્થાત્ તે ઉપકરણો પર કિંચિત્ માત્ર પણ મમત્વભાવ કરતા નથી, તેમજ તે પોતાના દેહ પર પણ મમત્વ રાખતા નથી.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં પરિગ્રહનું સ્વરૂપ અને નિર્ગ્રંથ મુનિઓની સંપૂર્ણ નિષ્પરિગ્રહતાનું નિરૂપણ છે.

**પરિગ્રહ :–** સૂત્રકારે પરિગ્રહ માટે **सण्णिही** શબ્દ પ્રયોગ કર્યો છે. **सण्णिही** = સંચય કરવો. અહીં ખાદ્ય પદાર્થના સંચયનું જ કથન છે. ખાદ્ય પદાર્થ બે પ્રકારના છે, દીર્ઘકાળ ટકે તેવા ઘી, તેલ, ગોળ, મીઠું વગેરે અને અલ્પકાળ ટકે તેવા દૂધ, દહીં વગેરે. નિશીથ ચૂર્ણિમાં દીર્ઘકાલીન દ્રવ્યના સંગ્રહને સંચય અને અલ્પકાલીન દ્રવ્યના સંગ્રહને સન્નિધિ કહ્યું છે.

પ્રસ્તુત પ્રસંગમાં સૂત્રકારે ઉદાહરણરૂપે કેટલા ખાદ્ય પદાર્થોનાં નામનો ઉલ્લેખ કર્યો છે. ઉપલક્ષણથી કોઈ પણ પદાર્થનો સંગ્રહ કરવો અથવા રાતવાસી રાખવો, તેને **સન્નિધિ** કહે છે.

આગમ ગ્રંથોમાં મુનિઓને માટે વસ્ત્ર, પાત્ર આદિનું પરિમાણ બતાવ્યું છે. તેથી મુનિ તે પ્રમાણાનુસાર વસ્ત્ર, પાત્ર આદિ ઉપકરણો રાખે છે પરંતુ ખાદ્ય પદાર્થ માટે કોઈ માપ બતાવ્યું નથી. તેથી કદાચ મુનિને તેનો સંચય કરવાની વૃત્તિ જન્મે તેવી સંભાવનાને લક્ષમાં રાખી સૂત્રકારે ખાદ્ય પદાર્થનો સંગ્રહ ન કરવાનું કથન કર્યું છે.

**लोहस्सेस अणुफासे :–** આ ઓગણીસમી ગાથામાં લોભને જ સંચય અને પરિગ્રહનું કારણ કહ્યું છે. પદાર્થોનો સંગ્રહ લોભનો જ અનુસ્પર્શ છે, સેવન છે, પરિણામ છે. તેમ તીર્થંકરોએ કહ્યું છે. અહીં **मण्णे** શબ્દ માન્ય કરવાના કે કહેવાના અર્થમાં પ્રયુક્ત છે. અનુસ્પર્શનો અર્થ પ્રભાવ, સામર્થ્ય, મહાત્મ્ય, તેમ કરાય તો ગાથાના પૂર્વાર્ધનો અર્થ થાય કે લોભના પ્રભાવથી જ પરિગ્રહવૃત્તિ અને સંગ્રહ કરવાની પ્રવૃત્તિ ઉત્પન્ન થાય છે.

**गिहि पव्वइए ण से :–** ગાથાના ઉત્તરાર્ધમાં તીર્થંકર ભગવાન સંનિધિકામીને સાધુ તરીકે સ્વીકારવાનો પણ ઈન્કાર કરે છે. સંચય કરનાર કે સંચય કરવાની ઈચ્છા કરનાર સાધક પરિગ્રહ દોષયુક્ત થઈને ગૃહસ્થ સમાન બની જાય છે. આ વાક્ય સાધુ જીવનમાં નિષ્પરિગ્રહતાની મહત્તાને પ્રદર્શિત કરે છે.

**मुच्छा परिग्गहो वुत्तो :–** પ્રસ્તુત પ્રકરણમાં શાસ્ત્રકારે 'પરિગ્રહ'નું સ્વરૂપ વ્યવહાર અને નિશ્ચય બંને દષ્ટિકોણથી સમજાવ્યું છે, વ્યવહારની અપેક્ષાએ વસ્તુનો સંગ્રહ કરવો તે પરિગ્રહ છે અને નિશ્ચયની અપેક્ષાએ સંયમ નિર્વાહાર્થ વસ્ત્ર, પાત્રાદિ ઉપકરણો રાખવા તે પરિગ્રહ નથી પરંતુ કોઈ પણ પદાર્થ

પ્રત્યે આસક્તિનો જે ભાવ હોય, તે પરિગ્રહ છે.

**अवि अप्पणो वि देहम्मि णायरंति ममाइयं :–** સૂત્રકારે નિર્ગ્રંથ મુનિઓની નિષ્પરિગ્રહતાની પરાકાષ્ટા આ વાક્યમાં દર્શાવી છે. શ્રી ઠાણાંગસૂત્રમાં ત્રણ પ્રકારના પરિગ્રહનું કથન છે. તેમાં શરીરને પણ પરિગ્રહ કહેલ છે. પરંતુ મુનિની નિષ્પરિગ્રહી સાધના ઉત્કૃષ્ટ કોટિની થઈ જાય કે તે પોતાના શરીર પર પણ મમત્વભાવ રાખતા નથી. તેથી તેઓનું શરીર પણ પરિગ્રહમાં ગણાતું નથી.

આ રીતે નિર્ગ્રંથ સાધુ સંયમની મર્યાદાથી અધિક ઉપકરણો રાખતા નથી; તેમજ ખાદ્ય પદાર્થોનો સંગ્રહ કરતાં નથી. જે ઉપધિ રાખે છે અને આહાર વડે શરીરનો નિર્વાહ કરે છે તે પણ અમૂર્ચ્છિત ભાવે જ કરે છે. મૂર્ચ્છાભાવનો ત્યાગ તે જ તેઓની સંપૂર્ણ નિષ્પરિગ્રહતા છે.

**बिडं उब्भेइमं लोणं :–** (૧) અગ્નિ પર સેકીને, બાળીને કે પકાવીને જે મીઠું તૈયાર કરવામાં આવે છે તે પ્રાસુક મીઠું બિડલવણ(સેકેલું મીઠું) કહેવાય છે, તે અચેત હોય છે. (૨) જે કોઈપણ પ્રકારના લીંબુ રસ વગેરે શસ્ત્રથી ભેદાઈને અચિત્ત થાય તે ઉદ્‌ભિજ લવણ કહેવાય છે; તે પણ અચિત્ત હોય છે. જે ખાણમાંથી નીકળે છે અથવા સમુદ્રના ખારા પાણીથી બનાવાય છે તે અપ્રાસુક છે. આ બંને પ્રકારના લવણ અચિત્ત હોય છે. તેથી જ તેને સાધુ ગ્રહણ કરે છે અને ત્યારે જ તેનો સંગ્રહ થાય છે.

**संजम लज्जट्ठा :–** આ શબ્દો દ્વારા શાસ્ત્રકારે મુનિઓના ઉપકરણોનું પ્રયોજન સ્પષ્ટ કર્યું છે કે સાધુ–સાધ્વી જે કલ્પનીય વસ્ત્ર, પાત્ર આદિ ઉપકરણ રાખે છે, તેના બે પ્રયોજન છે– સંયમ અને લજ્જા.

(૧) સંયમનો આધાર માનવ દેહ છે. સામાન્ય સાધુ શીત અને ઉષ્ણતા આદિથી શરીરનું રક્ષણ કરવા અને કષ્ટોથી સુરક્ષિત રાખવા માટે વસ્ત્રાદિને અને આહાર માટે પાત્ર આદિ ઉપકરણોને રાખે છે તે **સંયમાર્થ** કહેવાય છે. (૨) સામાન્ય શ્રમણ ખુલ્લા શરીર કે નગ્ન શરીર રહેવામાં લજ્જિત થાય છે તેથી લજ્જા નિવારણાર્થ પછેડી, ચોલપટ્ટક ધારણ કરે છે. તેને **लज्जट्ठा** સમજવું જોઈએ. આ સ્થવિર કલ્પી મુનિની ચર્યા છે. જિન કલ્પી મુનિ શરીરથી નિરપેક્ષ બની જાય છે ત્યારે તે મુખવસ્ત્રિકા અને રજોહરણ સિવાય સર્વ ઉપકરણોનો ત્યાગ કરે છે. શરીર પ્રતિ વીતરાગતાને કારણે તેઓને શરીર સુરક્ષાર્થે ઉપકરણોની જરૂરત પડતી નથી અને લજ્જાને પણ તે જીતી લે છે. સ્થવિર કલ્પી મુનિ પોતાની આવશ્યકતા અનુસાર અને સંયમી જીવનની મર્યાદા અનુસાર વસ્ત્ર, પાત્ર આદિ જે ઉપકરણો જીવનપર્યંત ધારણ કરે છે, તેમાં મમત્વભાવ કે મૂર્ચ્છાભાવ રાખતા નથી.

**धारंति परिहरंति :–** પ્રયોજનપૂર્વક વસ્ત્રાદિનો ઉપયોગ કરવાની દષ્ટિથી, શાસ્ત્રોક્ત મર્યાદા અનુસાર સાધુએ વસ્ત્રાદિ રાખવા તેને ધારણ કરવા કહેવાય છે અને વસ્ત્રાદિનો સ્વયં પરિભોગ કરવો, તેને પરિહરણ કરવું(પહેરવું) કહેવાય છે.

**सव्वत्थुवहिणा बुद्धा... :–** આ ગાથાનો અર્થ ચૂર્ણિકાર ભિન્ન રીતે કરે છે. યથા– સર્વકાળ અને સર્વક્ષેત્રોમાં તીર્થંકર ભગવાન ઉપધિ(એક દેવદૂષ્ય વસ્ત્ર)ની સાથે પ્રવ્રજિત થાય છે. પ્રત્યેક બુદ્ધ, જિનકલ્પી

આદિ પણ સંયમ ધનની રક્ષા માટે રજોહરણ–મુહપતિ ગ્રહણ કરે છે. તેઓ પોતાના શરીર પ્રતિ પણ નિરપેક્ષ હોય છે. તેથી તેઓ માત્ર યતના માટે જ ઉપકરણ ધારણ કરે છે.

## છઠ્ઠું આચાર સ્થાન : રાત્રિભોજન ત્યાગ :–

**૨૩** **अहो णिच्चं तवोकम्मं, सव्वबुद्धेहिं वण्णियं ।**
**जा य लज्जासमा वित्ती एगभत्तं च भोयणं ॥**

**છાયાનુવાદ :** **अहो नित्यं तपः कर्म, सर्वबुद्धैर्वर्णितम् ।**
**या च लज्जासमा वृत्तिः, एकभक्तं च भोजनम् ॥**

**શબ્દાર્થ :– अहो** = આશ્ચર્ય છે કે **सव्वबुद्धेहिं** = સર્વ તત્ત્વવેત્તા તીર્થંકર દેવોએ સાધુઓને માટે **णिच्चं** = નિત્ય **तवोकम्मं** = તપકર્મ **वण्णियं** = વર્ણવ્યું છે **जा य** = અને જે **वित्ती** = દેહ પાલન રૂપવૃત્તિ **लज्जासमा** = સંયમની સમાન છે, સંયમને અનુકૂળ છે **एगभत्तं य भोयणं** = એક ભક્ત ભોજન છે અર્થાત્ દિવસમાં જ આહાર કરવાનો હોય છે.

**ભાવાર્થ :–** અહો ! સર્વ જ્ઞાનીપુરુષોએ ભિક્ષુઓ માટે આ નિત્ય તપશ્ચર્યાનું નિરૂપણ કર્યું છે કે તેમને જીવનપર્યંત સંયમના નિર્વાહ માટે ભિક્ષાવૃત્તિ કરવાની હોય છે અને એક જ વાર અથવા માત્ર દિવસમાં જ આહાર કરવાનો હોય છે.

**બીજી રીતે** અહો ! સર્વ જ્ઞાનીપુરુષોએ સાધુઓ માટે સંયમના અનુસંધાનપૂર્વક ભિક્ષાવૃત્તિથી એક જ વાર અથવા દિવસમાં જ ભોજન કરવા રૂપ નિત્ય તપશ્ચર્યાનું નિરૂપણ કર્યું છે.

**૨૪** **संतिमे सुहुमा पाणा, तसा अदुव थावरा ।**
**जाइं राओ अपासंतो, कहमेसणियं चरे ॥**

**છાયાનુવાદ :** **सन्तीमे सूक्ष्माःप्राणाः, त्रसा अथवा स्थावराः ।**
**यान् रात्रावपश्यन्, कथमेषणीयं चरेत् ॥**

**શબ્દાર્થ :– इमे** = આ પ્રત્યક્ષ **तसा** = ત્રસ **अदुव** = અને **थावरा** = સ્થાવર **पाणा** = પ્રાણી **सुहुमा** = ઘણા સૂક્ષ્મ છે **जाइं** = જે સૂક્ષ્મ જીવોને **राओ** = રાત્રિમાં **अपासंतो** = જોઈ શકાતા નથી તેથી **कहं** = કેવી રીતે જીવોની રક્ષા કરતાં **एसणियं** = એષણીય, નિર્દોષ આહાર **चरे** = સાધુ ગ્રહણ કરી શકે ?

**ભાવાર્થ :–** આ પૃથ્વી પર કેટલાંક સૂક્ષ્મ ત્રસ અને સ્થાવર પ્રાણીઓ છે કે જે રાત્રિને વિષે અંધારામાં જોઈ શકાતાં નથી; તેથી રાત્રિના સમયે આહારની શુદ્ધ ગવેષણા કેવી રીતે થઈ શકે ? અર્થાત્ ન જ થઈ શકે.

**૨૫** **उदउल्लं बीयसंसत्तं, पाणा णिवडिया महिं ।**
**दिया ताइं विवज्जिज्जा, राओ तत्थ कहं चरे ॥**

**છાયાનુવાદ :** **उदकार्द्रं बीजसंसक्तं, प्राणाः निपतिता मह्याम् ।**
**दिवा तान् विवर्जयेद्, रात्रौ तत्र कथं चरेत् ॥**

**શબ્દાર્થ :– उदउल्लं** = પાણીથી ભીંજાયેલ **बीयसंसत्तं** = બીજોયુક્ત **महिं** = પૃથ્વી ઉપર **णिवडिया** = પડેલા **पाणा** = પ્રાણીઓ, કીડી, કુંથુવા વગેરે **दिया** = દિવસે **ताइं** = તેઓને **विवज्जिज्जा** = વર્જી શકાય **राओ** = રાત્રિમાં તો **कहं** = કેવી રીતે **चरे** = જીવોની રક્ષા કરતાં સંચરણ કરાય ?

**ભાવાર્થ :–** સચિત પાણીથી ભીંજાયેલા હાથ આદિથી, બીજોથી યુક્ત અહાર અને પૃથ્વી પર રહેલા કીડી, કુંથુવા(ઝીણા જીવો) વગેરેની વિરાધનાથી દિવસે તો સાધુ બચી શકે પરંતુ રાત્રે તે જીવોની જતના કરતા કેવી રીતે ગમન કરાય ? અર્થાત્ રાત્રે તે જીવોની જતનાયુક્ત સંચરણ ન થઈ શકે.

**૨૬** **एयं च दोसं दट्ठूणं, णायपुत्तेण भासियं ।**
**सव्वाहारं ण भुंजंति, णिग्गंथा राइभोयणं ॥**

**છાયાનુવાદ :** **एतं च दोषं दृष्ट्वा, ज्ञातपुत्रेण भाषितम् ।**
**सर्वाहारं न भुञ्जते, निर्ग्रन्था रात्रिभोजनम् ॥**

**શબ્દાર્થ :– णायपुत्तेणं** = જ્ઞાતપુત્ર પ્રભુ મહાવીરે **भासियं** = કહ્યું છે કે **दोसं** = દોષને **दट्ठूणं** = જાણીને, દેખીને **णिग्गंथा** = સાધુઓ **सव्वाहारं** = સર્વ પ્રકારનો આહાર **राइभोयणं** = રાત્રિ ભોજન **ण भुंजंति** = કરતા નથી.

**ભાવાર્થ :–** ઉપરોક્ત અનેક દોષોને જાણીને જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરે કહ્યું છે કે શ્રમણ નિર્ગ્રંથ રાત્રિના સમયે કોઈ પણ પ્રકારના આહાર કે પાણીનું સેવન કરતા નથી.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં રાત્રિભોજનના દોષોનું નિરૂપણ કરીને રાત્રિભોજનના ત્યાગનું કથન કર્યું છે.

**રાત્રિભોજન :–** સૂર્યોદય પહેલાં કે સૂર્યાસ્ત પછી અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ રૂપ ચારે પ્રકારના આહારમાંથી કોઈપણ પ્રકારનો આહાર કરવો; તેને રાત્રિભોજન કહે છે.

**રાત્રિભોજનના દોષો :–** રાત્રિભોજન વેરમણ વ્રત મુખ્યતયા અહિંસા મહાવ્રતની પુષ્ટિ માટે છે. રાત્રિભોજનમાં અનેક સૂક્ષ્મ જીવોની હિંસાની શક્યતા છે, સાધુને માટે રાત્રે વિહાર તેમ જ ગૌચરીનો

સર્વથા નિષેધ છે. રાત્રે ઈર્યાસમિતિનું શોધન, તેમ જ શુદ્ધાહારની ગવેષણા શક્ય નથી. રાત્રે અનેક જીવજંતુઓ ઉડતા હોય, તે આવીને આહારમાં પડે છે. તેથી આહારશુદ્ધિ જાળવી શકાતી નથી. તેમજ રાત્રે ચાલતાં માર્ગમાં રહેલા સૂક્ષ્મ પ્રાણીઓનું રક્ષણ થઈ શકતું નથી, તેથી ઈર્યાસમિતિનું પાલન થતું નથી. આ કારણે જીવવિરાધના અને સંયમ વિરાધના થાય છે.

**अहो णिच्चं तवो कम्मं :– अहो** શબ્દ ત્રણ અર્થમાં પ્રયુક્ત થાય છે– (૧) દીનભાવ (૨) વિસ્મય (૩) આમંત્રણ. પ્રસ્તુત પ્રસંગમાં તે શબ્દ વિસ્મય અર્થમાં પ્રયુક્ત છે. સર્વ તીર્થંકરો(જ્ઞાનીઓ) દ્વારા આ રાત્રિ– ભોજન ત્યાગ રૂપ એક ભક્ત ભોજન પ્રશંસિત છે, સ્વીકૃત છે. મહર્ષિ પુરુષોએ આ નિત્ય તપ કર્મ માટે આશ્ચર્ય વ્યક્ત કર્યું છે.

સાધુ જીવનમાં રાત્રિભોજનનો હંમેશાં ત્યાગ હોય છે. તેનું સાતત્ય જીવન પર્યંત રહેતું હોવાથી તેને નિત્ય તપ કહ્યું છે.

**लज्जासमा वित्ति :–** પાપકર્મ કરવામાં જે લજ્જા પામતા હોય. તે સંયમી સાધક લજ્જાવાન કહેવાય છે. તેથી **લજ્જા** એ સંયમનો પર્યાયવાચી શબ્દ છે. માટે લજ્જાસમા વિત્તિ એટલે સંયમને અનુરૂપ વૃત્તિ. સંયમ જીવનમાં નિર્દોષ ભિક્ષાથી પ્રાપ્ત આહારાદિ દિવસે જ વાપરવા તે સંયમને અનુરૂપ–અવિરોધી વૃત્તિ છે. તેમાં સંતોષ, લોલુપતાનો અભાવ, રસેન્દ્રિય વિજય, સંયમભાવની વૃદ્ધિ થાય છે. તેથી તીર્થંકરોએ સાધુ સાધ્વી માટે દિવસ ભોજનની વૃત્તિ દર્શાવી છે.

**एगभत्तं च भोयणं :–** એકવાર ભોજન કરવું, **एगभत्तं** શબ્દના બે અર્થ છે. દ્રવ્યથી– એકવાર ભોજન કરવું. ભાવથી– રાગદ્વેષ રહિત એકાકીપણે ભોજન કરવું.

કાલના બે વિભાગ છે– દિવસ અને રાત. સાધુને માટે શાસ્ત્રમાં રાત્રિ ભોજનનો સર્વથા નિષેધ છે તેથી એક વિભાગ રૂપ દિવસનું ભોજન સ્વતઃ સિદ્ધ થાય છે. તેથી તેને અહીં **एगभत्तं** કહ્યું છે.

આ રીતે **एगभत्तं भोयणं**નો સામાન્યતઃ એકવાર ભોજન તેવો અર્થ છે અને અપેક્ષાએ અહોરાત્ર કાલના એક વિભાગરૂપ **દિવસ ભક્ત** ભોજન અર્થ થાય છે.

## સાતમું આચાર સ્થાન : પૃથ્વીકાય સંયમ :–

**૨૭** **पुढविकायं ण हिंसंति, मणसा वयसा कायसा ।**
**तिविहेणं करणजोएण, संजया सुसमाहिया ॥**

**છાયાનુવાદ : पृथ्वीकायं न हिंसन्ति, मनसा वाचा कायेन ।**
**त्रिविधेन करणयोगेन, संयताः सुसमाहिता : ॥**

**શબ્દાર્થ :– सुसमाहिया** = શ્રેષ્ઠ સમાધિવાળા **संजया** = સાધુ **पुढविकायं** = પૃથ્વીકાયની

**मणसा** = મનથી **वयसा** = વચનથી **कायसा** = કાયાથી **तिविहेणं** = ત્રણ પ્રકારના **करणजोएण** = કરણ તથા યોગથી **ण हिंसंति** = હિંસા કરતા નથી.

**ભાવાર્થ :–** શ્રેષ્ઠ સમાધિ પ્રાપ્ત મુનિ મન, વચન અને કાયાથી પૃથ્વીકાયના જીવોને હણતા નથી, હણાવતાં નથી કે હણનારને અનુમોદન આપતા નથી. આ રીતે મુનિ ત્રણ કરણ અને ત્રણ યોગથી ત્રસકાયની હિંસાનો ત્યાગ કરે છે.

**૨૮**

**पुढविकायं विहिंसंतो, हिंसइ उ तयस्सिए ।**
**तसे य विविहे पाणे, चक्खुसे य अचक्खुसे ॥**

**છાયાનુવાદ :** **पृथिवीकायं विहिंसन्, हिनस्ति तु तदाश्रितान् ।**
**त्रसांश्च विविधान् प्राणान्, चाक्षुषांश्चाचाक्षुषान् ॥**

**શબ્દાર્થ :–** **पुढविकायं** = પૃથ્વીકાયની **विहिंसंतो** = હિંસા કરનારો મનુષ્ય **तयस्सिए** = પૃથ્વીકાયને આશ્રયે રહેલા **तसे** = ત્રસ જીવોની **विविहे पाणे** = વિવિધ પ્રકારના સ્થાવર જીવોની તથા **चक्खुसे** = ચક્ષુઓ દ્વારા જોઈ શકાય તેવા **अचक्खुसे** = ચક્ષુઓ દ્વારા ન જોઈ શકાય તેવા અચાક્ષુષ જીવોની પણ **हिंसइ उ** = હિંસા કરે છે.

**ભાવાર્થ :–** પૃથ્વીકાયની હિંસા કરનાર સાધક પૃથ્વીને આશ્રયે રહેલા નજરે દેખાતાં અને ન દેખાતાં તેવા ભિન્ન ભિન્ન પ્રકારના અનેક ત્રસ અને સ્થાવર જીવોની પણ હિંસા કરે છે.

**૨૯**

**तम्हा एयं वियाणित्ता, दोसं दुग्गइवड्ढणं ।**
**पुढविकायसमारंभं, जावजीवाए वज्जए ॥**

**છાયાનુવાદ :** **तस्मादेतं विज्ञाय, दोषं दुर्गतिवर्धनम् ।**
**पृथिवीकायसमारंभं यावज्जीवं वर्जयेत् ॥**

**શબ્દાર્થ :–** **दुग्गइवड्ढणं** = દુર્ગતિને વધારનાર **दोसं** = દોષને **वियाणित्ता** = જાણીને સાધુ **पुढविकाय–समारंभं** = પૃથ્વીકાયના સમારંભને **जावज्जीवाए** = જાવજીવ સુધી **वज्जए** = છોડી દે.

**ભાવાર્થ :–** એ પ્રમાણે (આગળની ગાથાના વર્ણન મુજબ) જાણીને દોષ અને દુર્ગતિ વધારનાર પૃથ્વીકાયના સમારંભનો અર્થાત્ પૃથ્વી જીવોની હિંસા થાય તેવા કાર્યનો મુનિ જીવનપર્યંત ત્યાગ કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં સૂત્રકારે પૃથ્વીકાયના હિંસા જન્ય દોષો અને હિંસા ત્યાગની વિધિ દ્વારા

પૃથ્વીકાય સંયમનું નિરૂપણ કર્યું છે.

**हिंसइ उ तयस्सिए :–** પૃથ્વીકાયની હિંસા કરનાર, તદાશ્રિત અન્ય જીવોની હિંસા કરે છે. જેમ કે– ખેતર ખેડતા વૃક્ષના મૂળિયા, ઘાસ, કીડી, મકોડા આદિ જીવોની હિંસા થાય છે.

આ રીતે કોઈ પણ એક કાયના જીવોની હિંસા કરનાર જીવ છકાય જીવોનો વિરાધક થાય છે, તે હિંસાજન્ય પાપ તેને નરક અને તિર્યંચ જેવી દુર્ગતિને પ્રાપ્ત કરાવે છે, તેની ભવપરંપરા વધારે છે અને તેના આત્મગુણોનો ઘાત કરે છે. તેથી મુનિ પૃથ્વી આદિ જીવોની હિંસાનો સર્વથા ત્યાગ કરે.

### આઠમું આચાર સ્થાન : અપ્કાય સંયમ :–

**૩૦** **आउकायं ण हिंसंति, मणसा वयसा कायसा ।**
**तिविहेण करणजोएण, संजया सुसमाहिया ॥**

**છાયાનુવાદ :** **अप्कायं न हिंसन्ति, मनसा वाचा कायेन ।**
**त्रिविधेन करणयोगेन, संयताः सुसमाहिताः ॥**

**ભાવાર્થ :–** ઉત્તમ સમાધિ પ્રાપ્ત મુનિ મન, વચન અને કાયાથી અપ્કાયના–પાણીના જીવોને હણતા નથી, હણાવતા નથી કે હણનારને અનુમોદન આપતા નથી. આ રીતે મુનિ ત્રણ કરણ અને ત્રણયોગથી ત્રસકાયની હિંસાનો ત્યાગ કરે છે.

**૩૧** **आउकायं विहिंसंतो, हिंसइ उ तयस्सिए ।**
**तसे य विविहे पाणे, चक्खुसे य अचक्खुसे ॥**

**છાયાનુવાદ :** **अप्कायं विहिंसन् , हिनस्ति तु तदाश्रितान् ।**
**त्रसांश्च विविधान् प्राणाः, चाक्षुषांश्चाचाक्षुषान् ॥**

**શબ્દાર્થ :– आउकायं** = અપ્કાયના જીવોની **विहिंसंतो** = હિંસા કરતાં.

**ભાવાર્થ :–** અપ્કાયની હિંસા કરનાર સાધક પાણીને આશ્રયે રહેલા, નજરે દેખાતા અને ન દેખાતા અનેક પ્રકારના ત્રસ અને સ્થાવર જીવોની પણ હિંસા કરે છે.

**૩૨** **तम्हा एयं वियाणित्ता, दोसं दुग्गइवड्ढणं ।**
**आउकायसमारंभं, जावजीवाए वज्जए ॥**

**છાયાનુવાદ :** **तस्मादेतं विज्ञाय, दोषं दुर्गतिवर्धनम् ।**
**अप्कायसमारम्भं, यावज्जीवं वर्जयेत् ॥**

**શબ્દાર્થ :–** તે પ્રમાણે જાણીને દોષ અને દુર્ગતિ વધારનાર અપ્કાય સમારંભનો મુનિ જીવનપર્યંત ત્યાગ કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં અપ્કાય સંયમનું નિરૂપણ છે. અપ્કાય એટલે પાણીના જીવો. નદી, નાળા વગેરેમાં રહેલું પાણી કે વર્ષામાં વરસતું પાણી, તે અપ્કાયના જીવોનો પિંડ છે. પાણી મનુષ્યના જીવનનો આધાર છે; ડગલેને પગલે માનવને પાણીનો ઉપયોગ કરવો જ પડે છે. પરંતુ સંયમી સાધક તો જીવનપર્યંત પાણીના જીવોને અભયદાન આપે છે. મુનિ ક્યારે ય કુવા, વાવડી, તળાવ, નદીના પાણીને સ્પર્શ કરતા નથી; પાણીમાં કે વર્ષામાં ચાલતા નથી; પાણીનું એક પણ ટીપું વરસતું હોય તો ગોચરીએ જતા નથી; તેને પીવા આદિ માટે પાણીની જરૂર પડે ત્યારે તે ગૃહસ્થને ત્યાં તેના કામ માટે અચિત થયેલા પાણીની યાચના કરે અને તેનાથી જીવન નિર્વાહ કરે છે.

પાણીના જીવોની હિંસા કરનાર, વ્યક્તિ પાણીના જીવોની હિંસા સાથે પાણીને આશ્રિત રહેલા અનેક જીવોની હિંસા કરે છે. પાણીમાં વનસ્પતિના જીવો લીલ ફૂગ વગેરે અને અનેક જલચર જીવો હોય તેની પણ હિંસા થાય છે. માટે મુનિ પાણીના જીવોની કિલામના થાય તેવી કોઈપણ પ્રવૃત્તિ કરતા નથી.

## નવમું આચાર સ્થાન : અગ્નિકાય સંયમ :–

**૩૩** **जायतेयं ण इच्छंति, पावगं जलइत्तए ।**
**तिक्खमण्णयरं सत्थं, सव्वओ वि दुरासयं ॥**

**છાયાનુવાદ :** जाततेजसं नेच्छन्ति, पापकं ज्वालयितुम् ।
तीक्ष्णमन्यतरच्छस्त्रं, सर्वतोऽपि दुराश्रयम् ॥

**શબ્દાર્થ :– पावगं** = પાપરૂપ **अण्णयरं** = કોઈપણ **तिक्खं** = તીક્ષ્ણ **सत्थं** = શસ્ત્રરૂપ છે **सव्वओ** = સર્વથા, ચારેય બાજુથી ધારવાળા શસ્ત્રની સમાન **वि** = પણ **दुरासयं** = દુઃસહ્ય છે, અતિ કષ્ટથી પણ સહન ન થઈ શકે તેવા **जायतेयं** = અગ્નિને **जलइत्तए** = પ્રગટ કરવાને **ण इच्छंति** = સાધુ મનથી પણ ઈચ્છા ન કરે.

**ભાવાર્થ :–** શ્રમણ પાપકારી પ્રવૃત્તિરૂપ અગ્નિને પ્રજ્વલિત કરવાની ઈચ્છા પણ કરતા નથી. કારણ કે તે અગ્નિ અન્ય શસ્ત્રો કરતાં અતિ તીક્ષ્ણ શસ્ત્ર છે અને તેને સહન કરવું સર્વથા દુષ્કર છે.

**૩૪** **पाईणं पडिणं वावि, उड्ढं अणुदिसामवि ।**
**अहे दाहिणओ वावि, दहे उत्तरओ वि य ।**

**છાયાનુવાદ :** **प्राच्यां प्रतीच्यां वापि, ऊर्ध्वमनुदिक्ष्वपि ।**
**अधोदक्षिणतो वापि, दहत्युत्तरोऽपि च ॥**

**શબ્દાર્થ :–** આ અગ્નિ **पाईणं** = પૂર્વ દિશામાં **पडिणं** = પશ્ચિમ દિશામાં **उड्ढं** = ઊર્ધ્વ દિશામાં **अणुदि- सामवि** = વિદિશાઓમાં **अहे** = અધોદિશામાં **दाहिणओ** = દક્ષિણ દિશામાં **उत्तरओ वि** = ઉત્તર દિશામાં પણ **दहे** = દહન કરે છે.

**ભાવાર્થ :–** તે પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર, ઊર્ધ્વ, અધોદિશા અને વિદિશાઓમાં(રહેલા પદાર્થોનું કે જીવોનું) દહન કરે છે.

**૩૫** **भूयाणमेसमाघाओ, हव्ववाहो ण संसओ ।**
**तं पईवपयावट्ठा, संजया किंचि णारभे ॥**

**છાયાનુવાદ :** **भूतानामेष आघातो, हव्यवाहो न संशयः ।**
**तं प्रदीपप्रतापनार्थं, संयताः किञ्चिन्नारभन्ते ॥**

**શબ્દાર્થ :–** **एसं** = આ **हव्ववाहो** = અગ્નિ **भूयाणं** = પ્રાણીઓને **आघाओ** = સર્વથા ઘાત કરનારી, આઘાત પહોંચાડનારી છે **संसओ ण** = તેમાં સંશય નથી **संजया** = માટે સંયમીઓ **पईवपयावट्ठा** = દીપક અથવા આતાપના માટે **णारभे** = આરંભ કરે નહિ.

**ભાવાર્થ :–** આ અગ્નિ પ્રાણીઓનો નાશ કરનાર (શસ્ત્ર છે) તેમાં લેશ માત્ર શંકાને સ્થાન નથી. તેથી સંયત મુનિ પ્રકાશ માટે કે તાપવા માટે જરામાત્ર પણ અગ્નિનો આરંભ કરે નહિ.

**૩૬** **तम्हा एयं वियाणित्ता, दोसं दुग्गइवड्ढणं ।**
**तेउकायसमारंभं, जावजीवाए वज्जए ॥**

**છાયાનુવાદ :** **तस्मादेतं विज्ञाय, दोषं दुर्गतिवर्धनम् ।**
**तेजः कायसमारम्भं, यावज्जीवं वर्जयेत् ॥**

**શબ્દાર્થ :–** **तेउकायसमारंभं** = અગ્નિકાયના સમારંભને.

**ભાવાર્થ :–** અગ્નિ અનેક દોષો અને દુર્ગતિને વધારનાર છે તેમ જાણીને મુનિ જીવનપર્યંત અગ્નિકાયના સમારંભનો ત્યાગ કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં તેઉકાય(અગ્નિકાય)ના સંયમનું નિરૂપણ છે.

અગ્નિ અન્ય શસ્ત્રોથી અધિક તીક્ષ્ણ શસ્ત્ર છે. તે જ્યાં જ્યાં પ્રજ્વલિત થાય ત્યાં રહેલા સર્વ જીવોને ભસ્મીભૂત કરી નાંખે છે. સૂત્રકારે તેને તીક્ષ્ણ શસ્ત્ર એટલે સર્વતો ધારવાળું શસ્ત્ર કહ્યું છે. તેમાં પડેલા જીવોને કોઈ આશ્રય રહે જ નહીં, કારણ કે તે અગ્નિથી સર્વ દિશાઓમાં પૂર્ણ ઘેરાઈ જાય છે.

**जायतेयं :–** ઉત્પત્તિકાળથી જ કે જન્મથી જ, જે તેજસ્વી હોય તે **જાતતેજ** કહેવાય છે; જેમ કે– અગ્નિ. આ કારણે પ્રસ્તુતમાં આ શબ્દ અગ્નિનો પર્યાયવાચી તરીકે પ્રયુક્ત છે.

**पावगं :–** લૌકિક માન્યતા એવી છે કે અગ્નિ પવિત્ર છે, તેથી હોમમાં આહૂતિ આપેલા દ્રવ્યો દેવો પાસે પહોંચી જાય છે. તેથી અગ્નિ **પ્રાપક** કહેવાય છે. જૈનદર્શનાનુસાર અગ્નિ સર્વત્ર ચારે બાજુથી જીવોને બાળે છે, ભસ્મ કરે છે તેથી તેને **पावगं** = પાપકારી કહી છે.

**सव्वओ वि दुरासयं :–** અગ્નિમાં પડ્યા પછી જીવને કોઈપણ આશ્રય રહેતો નથી. પાણીમાં પડેલો જીવ ક્યારેક પથ્થર વગેરે કોઈ આધાર મળતાં બચી જાય છે, વાયુમાં અથડાતો જીવ પણ બચી જાય છે, તેમજ રેતીમાં ફંસાઈ ગયેલો જીવ પણ શ્રમ કરીને બચી નીકળે છે પરંતુ અગ્નિમાં પડેલા જીવને કોઈપણ આશ્રય રહેતો નથી, તેને બચવાની કોઈપણ તક રહેતી નથી; માટે અગ્નિને અહીં **સર્વથા દુરાશ્રય** એવું વિશેષણ આપ્યું છે.

**तिक्खमण्णयरं सत्थं :–** અગ્નિ તીક્ષ્ણતમ શસ્ત્ર છે અને ધારવાળા શસ્ત્રમાં પ્રધાન છે. પરશુ વગેરે શસ્ત્ર એક ધારવાળા, શકાલા–એક પ્રકારનું બાણ વગેરે બે ધારવાળા, તલવાર વગેરે ત્રણ ધારવાળા, ચતુષ્કર્ણ વગેરે ચાર ધારવાળા શસ્ત્ર છે જ્યારે અગ્નિ સર્વતઃ = સર્વ બાજુએ ધારવાળું શસ્ત્ર છે. તેનો કોઈપણ બાજુથી સ્પર્શ થતાં તે જીવને પ્રાણ રહિત કરે છે. તેથી જ તીક્ષ્ણ શસ્ત્રોમાં તે અન્યતર–પ્રધાન શસ્ત્ર છે.

**हव्ववाहो :–** હવ્યવાહ. દેવતૃપ્તિ માટે હોમમાં હોમવામાં આવતાં ઘી આદિ હવ્ય દ્રવ્યોને જે વહન કરે તે **હવ્યવાહ** કહેવાય છે. તે પણ અગ્નિનો પર્યાયવાચી શબ્દ છે.

**आघाओ :–** આઘાત. પ્રાણીઓના ઘાતનો હેતુ હોવાથી અગ્નિને **આઘાત** કહે છે. તે ગામના ગામ બાળીને ભસ્મભૂત કરી દે છે.

### દસમું આચાર સ્થાન : વાયુકાય સંયમ :–

**૩૭** **अणिलस्स समारंभं, बुद्धा मण्णंति तारिसं ।**
**सावज्जबहुलं चेयं, णेयं ताईहिं सेवियं ॥**

**છાયાનુવાદ :** अनिलस्य समारम्भं, बुद्धा मन्यन्ते तादृशम् ।
सावद्यबहुलं चैतं, न एतद् त्रायिभिः सेवितम् ॥

**શબ્દાર્થ :– बुद्धा** = તીર્થંકર દેવ **सावज्जबहुलं** = પ્રચુર પાપયુક્ત, અતિ પાપકારી **अणिलस्स**

= વાયુકાયના **समारंभं** = આરંભને **तारिसं** = અગ્નિકાયના આરંભ સમાન **मण्णंति** = માને છે **ताईहिं** = ષટ્કાય સંરક્ષક મુનિઓ **ण सेवियं** = સેવન કરે નહીં.

**ભાવાર્થ :–** બહુ પાપકારી વાયુકાયના આરંભને પણ જ્ઞાની પુરુષો અગ્નિકાયના આરંભની સમાન દૂષિત માને છે. છ કાયના રક્ષક મુનિ વાયુકાયનો આરંભ(હિંસા) ક્યારે ય કરતાં નથી.

**૩૮** **तालियंटेण पत्तेण, साहा विहुयणेण वा ।**
**ण ते वीइउमिच्छंति, वीयावेऊण वा परं ॥**

**છાયાનુવાદ :** **तालवृन्तेन पत्रेण, शाखाविधूननेन वा ।**
**न ते वीजितुमिच्छन्ति, वीजापयितुं वा परेण ॥**

**શબ્દાર્થ :– ते** = તે સાધુ **तालियंटेण** = તાડના પંખાથી **पत्तेण** = પત્રથી **साहाविहुयणेण** = વૃક્ષની શાખાથી **वीइउं** = વીંઝવાની **ण इच्छंति** = ઈચ્છા કરતા નથી **परं** = બીજા પાસે **वीयावेऊण** = વીંઝાવતા નથી અને કોઈ વીંઝતા હોય તો તેમાં સારું પણ જાણતા નથી.

**ભાવાર્થ :–** તાડપત્રના પંખાથી, પાંદડાથી કે વૃક્ષની શાખા હલાવીને હવા માટે તે પદાર્થોને મુનિ પોતે વીંઝતા નથી, બીજાની પાસે વીંઝાવતા નથી અને કોઈ વીંઝતા હોય તો તેને અનુમોદન પણ આપતા નથી.

**૩૯** **जंपि वत्थं व पायं वा, कंबलं पायपुंछणं ।**
**ण ते वायमुईरंति, जयं परिहरंति य ॥**

**છાયાનુવાદ :** **यदपि वस्त्रं वा पात्रं वा, कम्बलं पादप्रोच्छनम् ।**
**न ते वातमुदीरयन्ति, यतं परिदधते च ॥**

**શબ્દાર્થ :– जंपि** = જે પણ **वत्थं** = વસ્ત્ર **पायं** = પાત્ર **कंबलं** = કંબલ **पायपुंछणं** = પાદપ્રોંછનાદિ ઉપકરણ છે, તેના વડે **वायं** = વાયુકાયની **ण उईरंति** = ઉદીરણા કરતાં નથી, પરંતુ **जयं** = યતનાપૂર્વક **परिहरंति** = વાપરે છે, ધારણ કરે છે.

**ભાવાર્થ :–** મુનિ પોતાની પાસે રહેલાં, વસ્ત્ર, પાત્ર, કંબલ રજોહરણાદિ(સંયમના સાધનો) વડે પણ વાયુની ઉદીરણા(વાયુ વીંઝાય તેવી ક્રિયા) કરતા નથી પરંતુ તેને ઉપયોગ પૂર્વક, સંયમ રક્ષણાર્થે ધારણ કરે છે અને ઉપયોગમાં લે છે.

**૪૦** **तम्हा एयं वियाणित्ता, दोसं दुग्गइवड्ढणं ।**
**वाउकायसमारंभं, जावजीवाए वज्जए ॥**

**છાયાનુવાદ :** **तस्मादेतं विज्ञाय, दोषं दुर्गतिवर्धनम् ।**
**वायुकायसमारम्भं, यावज्जीवं वर्जयेत् ॥**

**ભાવાર્થ :–** આ વાયુકાયની હિંસક પ્રવૃત્તિ દોષ અને દુર્ગતિને વધારનારી છે, એમ જાણીને મુનિ જીવન પર્યંત વાયુકાયના સમારંભનો ત્યાગ કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં વાયુકાય સંયમનું નિરૂપણ છે.

વાયુકાયની હિંસાથી નિવૃત્ત થવું તે અત્યંત કઠિન છે. તેના માટે સાધકે અત્યંત જાગૃતિ અને યતના રાખવી જરૂરી છે. સૂત્રકારે વાયુકાયની હિંસાના શસ્ત્રોનું કથન કર્યું છે. વીંજણાથી, પંખાથી અથવા અન્ય કોઈ પણ સાધનોથી વાયુકાયની ઉદીરણા થાય છે. માટે શ્રમણ નિર્ગ્રંથ તેવા સાધનોનો કોઈપણ પ્રકારે ઉપયોગ કરતા નથી તેમજ વસ્ત્ર આદિ ઉપકરણોને વિવેકપૂર્વક અને યતનાથી રાખે અને મૂકે છે, વાયુકાયની અયતના વિરાધના થાય તેવી કોઈ પણ પ્રવૃત્તિ કરતા નથી.

આ રીતે વાયુકાયની હિંસાજન્ય પ્રવૃત્તિરૂપ વીંઝવાનો અને સર્વ અવિવેક યુક્ત પ્રવૃત્તિનો મુનિ સર્વથા ત્યાગ કરે.

**અગિયારમું આચાર સ્થાન : વનસ્પતિકાય સંયમ :–**

**૪૧** **वणस्सइं ण हिंसंति, मणसा वयसा कायसा ।**
**तिविहेण करणजोएण, संजया सुसमाहिया ॥**

**છાયાનુવાદ :** **वनस्पतिं न हिंसन्ति, मनसा वाचा कायेन ।**
**त्रिविधेन करणयोगेन, संयताः सुसमाहिताः ॥**

**શબ્દાર્થ :– वणस्सइं** = વનસ્પતિકાયની.

**ભાવાર્થ :–** સમાધિ પ્રાપ્ત મુનિ મન, વચન અને કાયાથી વનસ્પતિકાયની હિંસા કરતા નથી, કરાવતા નથી, કરનારને અનુમોદન આપતા નથી. આ રીતે મુનિ ત્રણ કરણ અને ત્રણયોગથી ત્રસકાયની હિંસાનો ત્યાગ કરે છે.

**૪૨** **वणस्सइं विहिंसंतो, हिंसइ उ तयस्सिए ।**
**तसे य विविहे पाणे, चक्खुसे य अचक्खुसे ॥**

**છાયાનુવાદ :** **वनस्पतिं विहिंसन्, हिनस्ति तु तदाश्रितान् ।**
**त्रसांश्च विविधान् प्राणान्, चाक्षुषांश्चाचाक्षुषान् ॥**

**ભાવાર્થ :–** વનસ્પતિની હિંસા કરનારા સાધક વનસ્પતિના આશ્રયે રહેલાં નજરે દેખાતાં અને ન દેખાતાં અનેક પ્રકારનાં ત્રસ અને સ્થાવર પ્રાણીઓની હિંસા કરે.

**૪૩** **तम्हा एयं वियाणित्ता, दोसं दुग्गइवड्ढणं ।**
**वणस्सइसमारंभं, जावजीवाए वज्जए ॥**

**છાયાનુવાદ :** **तस्मादेतं विज्ञाय, दोषं दुर्गतिवर्धनम् ।**
**वनस्पतिसमारम्भं, यावज्जीवं वर्जयेत् ॥**

**ભાવાર્થ :–** વનસ્પતિ જીવો સંબંધી હિંસાની પ્રવૃત્તિ દોષ અને દુર્ગતિને વધારનારી છે, તેવું જાણીને મુનિ જીવનપર્યંત વનસ્પતિકાયના આરંભનો ત્યાગ કરે છે.

### વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં વનસ્પતિના સંયમ માટે વિવિધ પ્રકારે નિરૂપણ છે. વનસ્પતિ એ પણ માનવ શરીરનો આધાર છે. તેમ છતાં મુનિ જીવનપર્યંત કંદ, મૂલ, ફળ, ફૂલ શાક પાન આદિ તોડતા નથી, તેનો ઉપયોગ કરતા નથી, એટલું જ નહીં પરંતુ તેનો સ્પર્શ માત્ર પણ કરતા નથી. શરીર નિર્વાહ માટે ગૃહસ્થોને ત્યાંથી અચેત થયેલા તે પદાર્થ નિર્દોષ રીતે ગ્રહણ કરી, જિનાજ્ઞા પ્રમાણે શરીર નિર્વાહ કરે છે.

**दोसं दुग्गइ वड्ढणं :–** વનસ્પતિના આરંભથી હિંસા પાપ રૂપ દોષ થાય છે અને તે દોષના પ્રભાવે દુર્ગતિ થાય છે. તેથી વનસ્પતિ જીવોની હિંસા દોષોની અને દુર્ગતિની વૃદ્ધિ કરનારી થાય છે.

આ રીતે વનસ્પતિકાયની હિંસાને પણ પૂર્વવત્ અનેક દોષનું કારણ જાણી શ્રમણ નિર્ગ્રંથ તેનો સર્વથા ત્યાગ કરે છે.

### બારમું આચાર સ્થાન : ત્રસકાય સંયમ :–

**૪૪** **तसकायं ण हिंसंति, मणसा वयसा कायसा ।**
**तिविहेण करणजोएण, संजया सुसमाहिया ॥**

**છાયાનુવાદ :** **त्रसकायं न हिंसन्ति, मनसा वाचा कायेन ।**
**त्रिविधेन करणयोगेन, संयताः सुसमाहिताः ॥**

**ભાવાર્થ :–** સુસમાધિવંત મુનિ, મન, વચન અને કાયાથી ત્રસ કાયના જીવોની હિંસા કરતા નથી, હિંસા કરાવતા નથી અને તેવા જીવોની હિંસા કરનારને અનુમોદન પણ આપતા નથી. આ રીતે મુનિ ત્રણ કરણ અને ત્રણ યોગથી ત્રસકાયની હિંસાનો ત્યાગ કરે છે.

**૪૫** तसकायं विहिंसंतो, हिंसइ उ तयस्सिए ।
तसे य विविहे पाणे, चक्खुसे य अचक्खुसे ॥

**છાયાનુવાદ :** त्रसकायं विहिंसन्, हिनस्ति तु तदाश्रितान् ।
त्रसांश्च विविधान् प्राणान्, चाक्षुषांश्चाचाक्षुषान् ॥

**ભાવાર્થ :–** ત્રસકાયની હિંસા કરતો સાધક ત્રસકાયના આશ્રયે રહેલાં, નજરે દેખાતાં અને ન દેખાતાં અનેક ત્રસ અને સ્થાવર પ્રાણીઓની પણ હિંસા કરે છે.

**૪૬** तम्हा एयं वियाणित्ता, दोसं दुग्गइवड्ढणं ।
तसकायसमारंभं, जावजीवाए वज्जए ॥

**છાયાનુવાદ :** तस्मादेतं विज्ञाय, दोषं दुर्गतिवर्धनम् ।
त्रसकायसमारम्भं यावज्जीवं वर्जयेत् ॥

**ભાવાર્થ :–** ત્રસકાય જીવોની હિંસાજન્ય પ્રવૃત્તિ દોષ અને દુર્ગતિને વધારનારી હોય છે, તેવું જાણીને મુનિ જીવનપર્યંત ત્રસકાયની હિંસા ન કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં ત્રસકાય જીવોની હિંસાથી બચવાનો ઉપદેશ છે. ત્રસકાયના જીવો વિવિધ પ્રકારના છે. મુનિ તે જીવોના સ્વરૂપને સારી રીતે જાણી લે. કેટલાક ત્રસ જીવો અત્યંત સૂક્ષ્મ હોય છે તે નજરે દેખાતા નથી અને કેટલાક કીડી, મકોડા વગેરે જીવો સ્થૂલ હોય છે તે નજરે દેખાય છે. આ સર્વ જીવો સાધુના સ્થાનમાં હોય અથવા ગમન માર્ગમાં હોય તો મુનિ અત્યંત સાવધાની અને વિવેકપૂર્વક પ્રવૃત્તિ કરે કે જેથી તે જીવોની વિરાધના ન થાય.

ત્રસકાયની હિંસા પણ પૂર્વવત્ અનેક દોષોનું કારણ હોવાથી મુનિઓ તેનો સર્વથા ત્યાગ કરે છે. આ રીતે છકાયના જીવોમાં સંયમ રાખવો, તે પણ મુનિનું પરમ કર્તવ્ય છે અને આવશ્યક આચાર છે.

**તેરમું આચાર સ્થાન : અકલ્પ્ય વર્જન :–**

**૪૭** जाइं चत्तारि अभोज्जाइं, इसिणाहारमाइणि ।
ताइं तु विवज्जंतो, संजमं अणुपालए ॥

**છાયાનુવાદ :** यानि चत्वारि अभोज्यानि, ऋषीणामाहारादीनि ।
तानि तु विवर्जयन्, संयममनुपालयेत् ॥

**શબ્દાર્થ :– जाइं** = જે **चत्तारि** = ચાર **आहारमाइणि** = આહારાદિ પદાર્થ **इसिणा** = સાધુઓ માટે **अभोज्जाइं** = અભોજ્ય છે, અકલ્પનીય છે **ताइं** = તેને **विवज्जंतो** = વર્જીને, છોડીને, ત્યાગ કરીને **संजमं** = સંયમનું **अणुपालए** = પાલન કરે.

**ભાવાર્થ :–** આહાર, શય્યા, વસ્ત્ર તથા પાત્ર એ ચાર પ્રકારના પદાર્થોમાં જે મુનિને(દોષ યુક્ત હોવાથી) અગ્રાહ્ય હોય તે અકલ્પનીય વસ્તુઓનો ત્યાગ કરી, મુનિ સંયમનું યથાર્થ પાલન કરે.

**૪૮**

**पिंडं सेज्जं च वत्थं च, चउत्थं पायमेव य ।**
**अकप्पियं ण इच्छिज्जा, पडिगाहिज्ज कप्पियं ॥**

**છાયાનુવાદ : पिण्डं शय्यां च वस्त्रं च, चतुर्थं पात्रमेव च ।**
**अकल्पिकं नेच्छेत् प्रतिगृह्णीयात् कल्पिकम् ॥**

**શબ્દાર્થ :– पिंडं** = આહાર **सिज्जं** = શય્યા **वत्थं** = વસ્ત્ર **एव** = આ પ્રમાણે **चउत्थं** = ચતુર્થ **पायं** = પાત્ર **अकप्पियं** = અકલ્પનીય હોય તો **ण इच्छिज्जा** = ઈચ્છે નહિ, ગ્રહણ કરે નહિ **कप्पियं** = જો કલ્પનીય હોય, ગ્રાહ્ય હોય તો **पडिगाहिज्ज** = ગ્રહણ કરે.

**શબ્દાર્થ :–** સાધુ અકલ્પનીય આહાર, શય્યા, વસ્ત્ર અને પાત્ર તે ચારે વસ્તુઓને ન ઈચ્છે પણ જે કલ્પનીય હોય તેને જ ગ્રહણ કરે.

**૪૯**

**जे णियागं ममायंति, कीयमुदेसियाहडं ।**
**वहं ते समणुजाणंति, इइ वुत्तं महेसिणा ॥**

**છાયાનુવાદ : ये नित्याग्रं ममायन्ति, क्रीतमौद्देशिकाहृतम् ।**
**वधं ते समनुजानन्ति, इत्युक्तं च महर्षिणा ॥**

**શબ્દાર્થ :– जे** = જે કોઈ સાધુ **णियागं** = નિત્ય આમંત્રિત આહાર **कीयं** = ખરીદેલ આહાર **उद्देसियं** = ઔદ્દેશિક આહાર **आहडं** = સાધુને માટે સન્મુખ લાવેલો આહાર **ममायंति** = ગ્રહણ કરે છે **ते** = તે સાધુ **वहं** = પ્રાણીવધની **समणुजाणंति** = અનુમોદના કરે છે **इइ** = આ પ્રમાણે **महेसिणा** = મહર્ષિએ **वुत्तं** = કહ્યું છે.

**ભાવાર્થ :–** જે મુનિ નિત્ય આમંત્રણપૂર્વક એક જ ઘેરથી આહાર લે, ભિક્ષુને માટે ખરીદીને લાવેલો આહાર લે; સાધુને ઉદ્દેશીને બનાવેલો આહાર લે અને દૂરથી સાધુ માટે સામે લાવેલો આહાર લે; આવા દૂષિત આહારપાણીને લેનાર ભિક્ષુ તે આહાર નિમિત્તે થતી જીવહિંસાને અનુમોદન આપે છે, એમ મહર્ષિ મહાવીરે કહ્યું છે.

**૫૦** तम्हा असणपाणाइं, कीयमुद्देसियाहडं ।
वज्जयंति ठियप्पाणो, णिग्गंथा धम्मजीविणो ॥

**છાયાનુવાદ :** तस्मादशनपानादि, क्रीतमौद्देशिकाहृतम् ।
वर्जयन्ति स्थितात्मानो, निर्ग्रन्थो धर्म्मजीविनः ॥

**શબ્દાર્થ :– तम्हा** = તે માટે **ठियप्पाणो** = સ્થિર છે આત્મા જેઓનો તેવા, સંયમમાં સ્થિતાત્મા **धम्मजीविणो** = ધર્મપૂર્વક જીવન વ્યતીત કરનાર **णिग्गंथा** = નિર્ગ્રંથ **कीयं** = ખરીદેલો **उद्देसियं** = સાધુને ઉદ્દેશીને બનાવેલો તથા **आहडं** = સન્મુખ લાવેલો **असणपाणाइं** = આહાર–પાણી આદિનો **वज्जयंति** = ત્યાગ કરે.

**ભાવાર્થ :–** આ કારણે સંયમમાં સ્થિર ચિત્તવાળા ધર્મજીવી શ્રમણ નિર્ગ્રંથ ક્રીત, ઔદ્દેશિક કે આહૃત ઈત્યાદિ દોષિત આહાર પાણીનો ત્યાગ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં અકલ્પનીય આહારના નામે સાધુને ગ્રાહ્ય એવા ચાર પ્રકારના પદાર્થોના વિષયમાં ચાર દોષોનું વર્ણન છે.

**पिंडं सेज्जं :–** તે ચાર પદાર્થ– (૧) પિંડ–આહાર પાણી (૨) શય્યા–રહેવાનું સ્થાન, મકાન, પાટ વગેરે (૩) વસ્ત્ર (૪) પાત્ર. ચાર દોષ– (૧) નિત્ય આમંત્રિત પિંડ (૨) ખરીદેલું (૩) ઔદ્દેશિક (૪) સામે લાવેલું. અનેક શાસ્ત્રોમાં સાધુને ગ્રાહ્ય પદાર્થોની કલ્પનીયતા, અકલ્પનીયતા વિષયક વિસ્તૃત વર્ણન છે. તેમ છતાં પ્રસ્તુત પ્રસંગમાં મુખ્ય ચાર પ્રકારના ઉદ્ગમ દોષોનું સંકલન છે.

**कप्पियं अकप्पियं :–** જે આહારાદિ સંયમી જીવનના નિયમને અનુરૂપ હોય, એષણાના સર્વ દોષોથી રહિત હોય તે **કલ્પનીય** કહેવાય છે અને જે આહારાદિ સંયમી જીવનના નિયમને અનુરૂપ ન હોય અને એષણાના કોઈપણ દોષથી યુક્ત હોય તે **અકલ્પનીય** કહેવાય છે.

**वहं ते समणुजाणंति :–** જે મુનિ અકલ્પ્ય પદાર્થનું સેવન કરે છે તે પ્રાણીવધની અનુમોદના કરે છે. કારણ કે અકલ્પનીય પદાર્થ ગ્રહણ કરવાથી કે તેનો ઉપયોગ કરવાથી તે પદાર્થના નિમિત્તે થયેલી વિરાધનાની અનુમોદનાનો દોષ થાય છે. કારણ કે અનુમોદના બે પ્રકારે થાય છે– પ્રશંસા અનુમોદના અને ઉપયોગ અનુમોદના. (૧) કોઈ વસ્તુની કે કાર્યની મન, વચન અને કાયા દ્વારા પ્રશંસા કરવાથી પ્રશંસારૂપ અનુમોદના થાય છે. (૨) સાધુ નિમિત્તે વિરાધના થયેલી વસ્તુનો ઉપયોગ કરવાથી ઉપયોગરૂપ અનુમોદના થાય છે.

**નિયાગ(નિત્ય આમંત્રિત)પિંડ દોષમાં હિંસાની અનુમોદના :–** ગૃહસ્થ સાધુને નિમંત્રણ આપી દરરોજ પોતાના ઘરે બોલાવે કે તેડી જાય તો સાધુ નિમિત્તે આવવાની પ્રવૃત્તિ થાય, ઘરમાં નિર્દોષ પદાર્થોને પણ એક જગ્યાએ એકત્રિત કરે, તેમાં સચિત્તનો સંઘટ્ટો થાય, લાઈટ કરે વગેરે પ્રવૃત્તિઓથી પૂર્વકર્મ દોષ થાય અને અન્ય પણ વિરાધના થાય, તે સર્વ વિરાધનાઓનો મુનિને અનુમોદન દોષ થાય. જો તે નિમંત્રણ

આપી કોઈ વસ્તુ તૈયાર કરે અને મુનિ તેને ગ્રહણ કરે તો તેના આરંભ–સમારંભ સંબંધી ક્રિયાની મુનિને અનુમોદનાનો દોષ લાગે છે. માટે **નિત્ય આમંત્રિત પિંડ** મુનિને અકલ્પનીય છે.

**ક્રીત દોષમાં હિંસાની અનુમોદના :–** બજારમાંથી કોઈપણ વસ્તુ ખરીદનારને તે વસ્તુના ઉત્પાદનમાં થતી પાપ પ્રક્રિયાની અનુમોદના લાગે છે; કારણ કે તે વિક્રેતા ખરીદનાર માટે, વેચવા માટે જ તે વસ્તુને તૈયાર કરે છે. હવે તે ખરીદનાર જે જે ઘરના સદસ્યો માટે કે અન્ય કોઈ અતિથિ માટે અથવા તો શ્રમણો માટે તે વસ્તુ ખરીદે અને તે તે સંકલ્પિત વ્યક્તિ જો તે વસ્તુનો ઉપયોગ કરે, તે સહુને પણ તે વસ્તુમાં થયેલા આરંભ સમારંભની ક્રિયા લાગે છે. આ કારણે સાધુ માટે ખરીદેલી વસ્તુને જો સાધુ ગ્રહણ કરે, તેનો ઉપયોગ કરે, તો તેને તે પ્રકારની સાવદ્ય ક્રિયાની અનુમોદનાનો દોષ લાગે છે. આ કારણે જૈન શ્રમણોને પોતાને માટે ખરીદેલી, **ક્રીત દોષવાળી વસ્તુ** ગ્રહણ કરવી અકલ્પનીય છે.

**ઔદ્દેશિક દોષમાં હિંસાની અનુમોદના :–** સામાન્ય રૂપે જૈન સાધુઓને ઉદ્દેશીને દાતા દ્વારા જે આહાર, મકાન આદિ નીપજાવમાં આવે અને તેને કોઈપણ શ્રમણ ગ્રહણ કરે, ઉપયોગમાં લે તો તે આહાર, મકાન આદિ તૈયાર કરવામાં જે છ કાય જીવોની જ વિરાધના થઈ હોય, તેની અનુમોદનાની ક્રિયા મુનિને લાગે છે. વ્યક્તિગત એક કે અનેક શ્રમણોનું નામ સ્પષ્ટ કરીને જો આહારાદિ બનાવવામાં આવે તો તેને આધાકર્મી દોષવાળું કહેવાય છે અને સામાન્ય રીતે શ્રમણો માટે કરવામાં આવે તેને ઔદ્દેશિક દોષયુક્ત કહેવાય છે. ગાથામાં ઔદ્દેશિક દોષનું કથન છે, છતાં ઉપલક્ષણથી અહીં આધાકર્મી આદિ દોષોને પણ સમજી શકાય છે.

**આહ્રત દોષમાં હિંસાની અનુમોદના :–** સાધુના સ્થાન(ઉપાશ્રય આદિ)માં સામે લાવેલા પદાર્થ અભિહ્રત દોષ– વાળા કહેવાય છે. સંયમ વિધિ અનુસાર મુનિને આહાર, વસ્ત્ર, પાત્ર, ઔષધ આદિ કોઈ પણ વસ્તુની આવશ્યકતા હોય તો તે સ્વયં કે તેના સહયોગી શ્રમણ ત્યાં જઈને નિર્દોષ ગવેષણા કરીને જ તે વસ્તુ પ્રાપ્ત કરે છે, પરંતુ પ્રમાદવશ કે રોગાદિ કારણ વશ પણ મુનિ જે સામે લાવેલી વસ્તુ ગૃહસ્થ પાસેથી ગ્રહણ કરે તો તે વસ્તુ લાવવામાં ગૃહસ્થે જે આવાગમનની ક્રિયા કરી હોય, અન્ય પણ કોઈ વિરાધના કે દોષ લગાડ્યા હોય તે સર્વ વિરાધનાઓ અને દોષોની મુનિને અનુમોદનાનો દોષ લાગે છે. આ કારણે મહર્ષિઓનું ઉપરોક્ત કથન **वहं ते समणुजाणंति** સાર્થક છે.

**धम्मजीविणो :–** જે સંયમ ધર્મથી જ જીવન વ્યવહાર કરવા કટિબદ્ધ છે, કોઈપણ પ્રકારે અસંયમનું આચરણ કરતા નથી તે **ધર્મજીવી** કહેવાય છે.

**ठियप्पाणो :–** જે દઢ ચિત્તે એષણાના નિયમોનું પાલન કરે તેમાં ક્યારે ય જેઓનું મન ડામાડોળ થતું નથી તે **સ્થિતાત્મા** કહેવાય છે. આ રીતે આ તેરમા આચાર સ્થાનમાં એષણા સમિતિની પુષ્ટિ કરી છે.

## ચૌદમું આચાર સ્થાન : ગૃહસ્થ ભાજન ત્યાગ :–

**૫૧** **कंसेसु कंसपाएसु, कुंडमोएसु वा पुणो ।**
**भुंजंतो असणपाणाइं, आयारा परिभस्सइ ॥**

**છાયાનુવાદ :** कांस्येषु कांस्यपात्रेषु, कुण्डमोदेषु वा पुनः ।
भुञ्जानोऽशनपानादिं, आचारात्परिभ्रश्यति ॥

**શબ્દાર્થ :– कंसेसु** = કાંસાના નાના વાસણ કટોરી વગેરે **कंसपाएसु** = કાંસાના પાત્રમાં, કાંસાની થાળી વગેરેમાં **कुंडमोएसु** = ઊંડા અને પહોળા વાસણમાં, મોટા થાળમાં, પાણીના જગ વગેરેમાં **असणपाणाइं** = અન્ન પાણી આદિ **भुंजंतो** = આહાર કરતો, આરોગતો સાધુ **आयारा** = પોતાના આચારથી **परिभस्सइ** = ભ્રષ્ટ થાય છે.

**ભાવાર્થ :–** કાંસાના વાટકા, કાંસાની થાળી, કાંસાના મોટા થાળ કે જગ વગેરે ગૃહસ્થોના વાસણમાં અન્ન, પાણી આદિ ચારે ય પ્રકારનો આહાર કરનાર શ્રમણ સંયમ આચારથી ભ્રષ્ટ થાય છે.

**૫૨** सीओदगसमारंभे, मत्तधोयणछड्डणे ।
जाइं छण्णंति भूयाइं, दिट्ठो तत्थ असंजमो ॥

**છાયાનુવાદ :** शीतोदकसमारम्भे, पात्र धावनच्छर्दने ।
यस्मिन क्षण्यन्ते भूतानि, दृष्टस्तत्रासंयमः ॥

**શબ્દાર્થ :– सीओदगसमारंभे** = વાસણ ધોવામાં સચિત્ત જલનો સમારંભ થાય **मत्तधोयणछड्डणे** = વાસણ ધોઈને પાણી ફેંકવામાં આવે, પાત્ર ધોવાના કારણે પાણી નીચે પડવાથી **जाइं** = જેમાં, તે ફેંકેલા પાણીમાં **भूयाइं** = પ્રાણીઓની, પ્રાણી **छण्णंति** = હિંસા થાય છે, ડૂબી જતાં મરી જાય છે **तत्थ** = તેથી ગૃહસ્થના પાત્રોમાં ભોજન કરવામાં કેવળજ્ઞાનીઓએ **असंजमो** = અસંયમ **दिट्ठो** = જોયો છે, દર્શાવ્યો છે.

**ભાવાર્થ :–** ગૃહસ્થના ભાજનમાં જમવાથી, જમ્યા પછી તે વાસણોને ગૃહસ્થ સચિત્ત પાણી વડે ધોવે તો સચિત્ત પાણીનો સમારંભ થાય છે અને વાસણ ધોયેલું પાણી ફેંકવાથી તેમાં પણ જીવોની હિંસા થાય છે, તેથી તીર્થંકરોએ ગૃહસ્થોના વાસણમાં જમવું તે અસંયમકારી દર્શાવ્યું છે.

**૫૩** पच्छाकम्मं पुरेकम्मं, सिया तत्थ ण कप्पइ ।
एयमट्ठं ण भुंजंति, णिग्गंथा गिहिभायणे ॥

**છાયાનુવાદ :** पश्चात्कर्म पुरःकर्म, स्यात्तत्र न कल्पते ।
एतदर्थं न भुञ्जते, निर्ग्रन्था गृहिभाजने ॥

**શબ્દાર્થ :– तत्थ** = ગૃહસ્થના પાત્રોમાં ભોજન કરવું સાધુઓને **ण कप्पइ** = કલ્પે નહિ કારણ કે **सिया** = કદાચિત્ **पच्छाकम्मं** = પશ્ચાત્કર્મ, પાછળથી ધોવાનો દોષ લાગે **पुरेकम्मं** = પૂર્વ કર્મ, સાધુને ગોચરી આપ્યા પહેલાં હાથ વાસણ આદિ ધોવાનો દોષ લાગે **एयमट्ठं** = તેથી, આ કારણે **णिग्गंथा** = નિર્ગ્રંથ **गिहिभायणे** = ગૃહસ્થના પાત્રમાં **ण भुंजंति** = ભોજન કરતા નથી.

**ભાવાર્થ :–** ગૃહસ્થના વાસણમાં જમવાથી પશ્ચાત્ કર્મ અને પૂર્વકર્મ, (ગૃહસ્થ દ્વારા સાધુના જમ્યા પછી કે જમ્યા પહેલાં વાસણો ધોવા) આ બન્ને પ્રકારના દોષો લાગવાની સંભાવના હોવાથી શ્રમણ નિર્ગ્રંથો ગૃહસ્થના વાસણમાં ભોજન કરતા નથી.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં ગૃહસ્થના વાસણમાં ભોજન કરવાથી લાગતા દોષોનું સ્પષ્ટીકરણ કરીને સૂત્રકારે સાધુને માટે તેનો સર્વથા ત્યાગ કરવાનું સૂચન કર્યું છે.

ગૃહસ્થના ભાજનમાં આહાર કરવાથી બે પ્રકારની વિરાધના થાય છે– સંયમ વિરાધના અને જીવ વિરાધના.

**(૧) સંયમ વિરાધના :–** સાધુનો વેષ, ઉપકરણો કે સાધુ જીવનની પ્રત્યેક ક્રિયા તેમજ સાધુનો પ્રત્યેક વ્યવહાર સંયમ જીવનને અનુરૂપ હોય છે. ગૃહસ્થની સમાન વેષ કે ઉપકરણો રાખવાથી અને ગૃહસ્થના વાસણોમાં કે ગૃહસ્થના ઘેર, તેના વાસણોમાં આહારાદિ કરવાથી "હું સાધુ છું" તેવી પ્રતીતિ સાધુને સ્વયંને ઘટતી જાય છે. સાધુતાની પૂર્ણ પ્રતીતિ વિના સંયમી જીવનની રક્ષા થઈ શકતી નથી. તે ઉપરાંત ગૃહસ્થની સમાન વ્યવહાર જોઈને અન્ય ગૃહસ્થોને પણ તે સાધુમાં સાધુતાનો સંદેહ થાય છે. તેથી લોકોની શ્રદ્ધા ભક્તિ ન્યૂન થાય અને શાસનની લઘુતા થાય છે.

**(૨) જીવ વિરાધના :–** ગૃહસ્થના વાસણમાં ભોજન કરવાથી છકાયના જીવોની વિરાધનાનો સંભવ છે. ગૃહસ્થ સાધુ–સાધ્વીને પોતાના વાસણ આપ્યા પહેલાં કે પછી તેને સચેત પાણીથી ધૂએ છે. તેમાં અપકાયના જીવોની અને વાસણ ધોયેલું પાણી ગમે ત્યાં અવિવેક–અયતનાથી ફેંકવાથી પૃથ્વી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ જીવોની વિરાધના થાય છે. ગૃહસ્થના વાસણમાં ખાવાનો પ્રસંગ બે પ્રકારે થાય છે– (૧) સાધુ ગૃહસ્થને ઘરે બેસીને ત્યાં ગૃહસ્થની જેમ જમે. (૨) ગૃહસ્થ પોતાના વાસણમાં સાધુ જ્યાં હોય ત્યાં ભોજન પહોંચાડે. તે બંને અયોગ્ય છે.

આ રીતે ગૃહસ્થના પાત્રમાં આહાર કરનાર શ્રમણ પોતાના સંયમધર્મથી પતિત થાય છે. કારણ કે એક નાનો દોષ ક્રમશઃ મોટા દોષને પ્રગટ કરે છે અને ક્રમશઃ સંયમી જીવનનો નાશ થાય છે.

**कुंडमोएसु :–** આ શબ્દના ત્રણ અર્થ છે– (૧) કચ્છ આદિના દેશમાં પ્રચલિત કૂંડાના આકારનું કાંસાનું વાસણ(ચૂર્ણિ) (૨) હાથીના પગના આકારનું માટીનું વાસણ(ટીકા) (૩) હાથીના પગના આકારનું વાસણ. કાલ પરિવર્તનથી વાસણોના નામ અને પ્રયોગ પલટાઈ જતાં આ શબ્દના ઘણા વૈકલ્પિક અર્થ વ્યાખ્યાઓમાં થયા છે. સાર એ છે કે ભોજન જેમાં કરાય તેવા ગૃહસ્થના કોઈપણ જાતના વાસણ હોય, તેને સમય અને ક્ષેત્રના પ્રચલન અનુસાર સમજી લેવા જોઈએ.

સાધુને માટે ત્રણ પ્રકારના પાત્ર કલ્પ્યનીય છે– લાકડાના, માટીના કે તુંબડાના. પરંતુ ગૃહસ્થના

વાસણો તો કાંસા, પીતળ, સ્ટીલ, સોના, ચાંદી વગેરે ધાતુના હોય છે અને તે વાસણો થાળી, કટોરી, ગ્લાસ આદિ રૂપે હોય છે; તે સાધુને અગ્રાહ્ય છે.

**પંદરમું આચાર સ્થાન : પલંગ આદિનો ત્યાગ :–**

**૫૪** **आसंदी पलियंकेसु, मंचमासालएसु वा ।**
**अणायरियमज्जाणं, आसइत्तु सइत्तु वा ॥**

**છાયાનુવાદ :** **आसन्दीपर्यङ्केषुः, मञ्चाशालकयोर्वा ।**
**अनाचरितमार्याणां, आसितुं शयितुं वा ॥**

**શબ્દાર્થ :– अज्जाणं** = આ આર્ય ભિક્ષુઓને, શ્રમણોને **आसंदी** = ખાટલી, માંચી **पलियंकेसु** = પલંગ ઉપર **मंचं** = ખાટ **आसालएसु** = સિંહાસન, આરામ ખુરસી ઉપર **आसइत्तु** = બેસવું **सइत्तु** = સૂવું **अणायरियं** = અનાચારણીય છે.

**ભાવાર્થ :–** નાની માંચી, પલંગ અને ખાટ તથા નેતરની આરામ ખુરસી વગેરે આસન પર બેસવું કે સૂવું તે શ્રમણો માટે અનાચારણીય છે.

**૫૫** **णासंदीपलियंकेसु, ण णिसिज्जा ण पीढए ।**
**णिग्गंथा (अ)पडिलेहाए, बुद्धवुत्तमहिट्ठगा ॥**

**છાયાનુવાદ :** **नासन्दीपर्यङ्कयोः, न निषद्यायां न पीठके ।**
**निर्ग्रन्था (अ)प्रतिलेख्ये, बुद्धोक्ताधिष्ठातारः ॥**

**શબ્દાર્થ :– बुद्धवुत्तमहिट्ठगा** = સર્વજ્ઞ દેવોના વચનોને માનનારા, જિનાજ્ઞાનુસાર આચરણ કરનારા **णिग्गंथा** = નિર્ગ્રંથો **पडिलेहाए** = પ્રતિલેખન વિષે **आसंदीपलियंकेसु** = માચી અને પલંગ ઉપર **पीढए** = બાજોઠ ઉપર **ण णिसिज्जा** = બેસવા માટે પાથરેલા ચટાઈ, શેતરંજી વગેરે.

**ભાવાર્થ :–** નિર્ગ્રંથો પ્રતિલેખનના વિષયમાં તીર્થંકરની આજ્ઞાનુસાર આચરણ કરનારા હોય છે. તેથી તેઓ માંચી, પલંગ, ખાટલો, નેતરની ખુરસી, શેતરંજી, ચટાઈ વગેરેમાં પ્રતિલેખન કરવાનું દુષ્કર હોવાથી તે આસનો પર બેસે કે સૂવે નહીં.

**૫૬** **गंभीरविजया एए, पाणा दुप्पडिलेहगा ।**
**आसंदी पलियंका य, एयमट्ठं विवज्जिया ॥**

**છાયાનુવાદ :** **गम्भीरंविजया एते, प्राणा दुष्प्रतिलेख्यका: ।**
**आसन्दी पर्यङ्कश्च, एतदर्थं विवर्जिता: ॥**

**શબ્દાર્થ :– एए** = એ સર્વે આસન **गंभीरविजया** = અપ્રકાશમય છિદ્રોવાળા, પોલાણવાળા હોય છે **पाणा** = સૂક્ષ્મ પ્રાણી **दुप्पडिलेहगा** = દુષ્પ્રતિલેખ્ય છે **एयमट्ठं** = તેથી **विवज्जिया** = વિવર્જિત છે.

**ભાવાર્થ :–** ખુરસી, માંચી, પલંગ વગેરે આસનો ઊંડા છિદ્રોવાળા(પોલાણવાળા) હોય છે. તેથી તેમાં રહેલા પ્રાણીઓનું પ્રતિલેખન દુઃશકય હોય છે. તેથી મુનિ તેવા આસનો પર બેસવાનો કે સૂવાનો ત્યાગ કરે.

**બીજી રીતે–** જિનાજ્ઞાનુસાર આચરણ કરનારા નિર્ગ્રંથો જેનું બરાબર પ્રતિલેખન શક્ય ન હોય તેવા માંચી, પલંગ, નેતરની ખુરશી વગેરે આસનો પર બેસે કે સૂએ નહીં.

## વિવેચન :–

પ્રસ્તુત ત્રણ ગાથાઓમાં પલંગ આદિ પર સૂવા–બેસવાનો નિષેધ અને તેના કારણની વિચારણા કરી છે.

પલંગ આદિ સર્વ ઉપરોક્ત આસન–શયન પોલાણવાળા કે છિદ્રવાળા હોય છે. તેના પ્રત્યેક વિભાગો સારી રીતે જોઈ શકાતા નથી, તેના છિદ્રો પ્રકાશ રહિત હોય છે. તેથી ત્યાં રહેલાં જીવજંતુનું પ્રતિલેખન થતું નથી. તે ઉપરાંત તે આસનો સુખાકારી હોવાથી પ્રમાદજનક પણ હોય છે. ગૃહસ્થના આસનો સાધુને માટે શોભાસ્પદ પણ નથી. તેથી શ્રમણોએ તે સાધનોનો ઉપયોગ કરવો જોઈએ નહીં.

અપવાદ માર્ગે ક્યારેક રાજકુલ આદિમાં ધર્મકથાદિ માટે જવું પડે તો તે આસનો પર વ્યવસ્થિત પ્રતિલેખન કરીને બેસી શકાય છે, તે પ્રમાણે વ્યાખ્યાકારો કથન કર્યું છે.

## સોળમું આચાર સ્થાન : ગૃહનિષધા વર્જન :–

**૫૭** **गोयरग्गपविट्ठस्स, णिसिज्जा जस्स कप्पइ ।**
**इमेरिसमणायारं, आवज्जइ अबोहियं ॥**

**છાયાનુવાદ :** **गोचराग्रप्रविष्टस्य, निषद्या यस्य कल्पते ।**
**एतादृशमनाचारं, आपद्यते अबोधिकम् ॥**

**શબ્દાર્થ :– गोयरग्गपविट्ठस्स** = ગોચરી માટે પ્રવિષ્ટ **जस्स** = જે સાધુ ગૃહસ્થના ઘરોમાં **णिसिज्जा कप्पइ** = બેસે છે **इमेरिसं** = તેને આ, આગળ કહેવાશે એવા **अबोहियं** = અબોધિ ફલદાયક **अणायारं** = અનાચારની **आवज्जइ** = પ્રાપ્તિ થાય છે.

**ભાવાર્થ :–** ગોચરી માટે ગયેલા જે સાધુ ગૃહસ્થને ઘેર બેસે છે તેને આ પ્રકારના અબોધિદાયક અનાચારોની પ્રાપ્તિ થાય છે.

**૫૮** **विवत्ती बंभचेरस्स, पाणाणं च वहे वहो ।**
**वणीमगपडिग्घाओ, पडिकोहो अगारिणं ॥**

**છાયાનુવાદ :** **विपत्तिर्ब्रह्मचर्यस्य, प्राणानाञ्च वधे वधः ।**
**वनीपकप्रतिघातः, प्रतिक्रोधोऽगारिणाम् ॥**

**શબ્દાર્થ :– बंभचेरस्स** = બ્રહ્મચર્યનો **विवत्ती** = નાશ થાય **पाणाणं** = પ્રાણીઓનો **वहे** = વધ થાય તેથી, વધ થવાથી **वहो** = સંયમનો ઘાત પણ થાય **वणीमगपडिग्घाओ** = ભિક્ષાચરોને વિઘ્નરૂપ બનાય **अगारिणं** = ગૃહસ્થીઓને, ઘરના બીજા સભ્યોના **पडिकोहो** = ક્રોધનું કારણ થાય છે.

**ભાવાર્થ :–** ગૃહસ્થના ઘેર બેસવાથી બ્રહ્મચર્ય સંબંધી વિપત્તિઓ ઊભી થાય; પ્રાણીઓનો વધ થવાથી સંયમનો પણ નાશ થાય; ભિક્ષાચરોને વિઘ્ન થાય અને ઘરના કોઈપણ સભ્યના ક્રોધનું કારણ બને છે.

**૫૯** **अगुत्ती बंभचेरस्स, इत्थिओ यावि संकणं ।**
**कुसीलवड्ढणं ठाणं, दूरओ परिवज्जए ॥**

**છાયાનુવાદ :** **अगुप्तिर्ब्रह्मचर्यस्य, स्त्रीयाश्चापि शङ्कनम् ।**
**कुशीलवर्धनं स्थानं, दूरतः परिवर्जयेत् ॥**

**શબ્દાર્થ :– बंभचेरस्स** = બ્રહ્મચર્યની **अगुत्ती** = અગુપ્તિ થાય છે,નવ વાડનું પાલન ન થાય **इत्थिओ वि** = સ્ત્રીઓને પણ **संकणं** = શંકા ઉત્પન્ન થાય છે **कुसीलवड्ढणं** = કુશીલવર્ધક **ठाणं** = સ્થાનને **दूरओ** = દૂરથી જ **परिवज्जए** = ત્યાગી દે.

**ભાવાર્થ :–** ગૃહસ્થને ઘેર બેસવાથી બ્રહ્મચર્યની નવ વાડનું પાલન થતું નથી, ઘરની સ્ત્રીઓને પણ શંકા થાય અર્થાત્ તેઓને પોતાના શીલ પર આપત્તિ આવવાની શંકા થાય. અથવા સ્ત્રીઓને સાધુના ચારિત્ર પ્રત્યે શંકા થાય, માટે મુનિ આવા કુશીલ વર્ધક સ્થાનને દૂરથી જ છોડી દે અર્થાત્ ગૃહસ્થને ત્યાં બેસે જ નહિ.

**૬૦** **तिण्हमण्णयरागस्स, णिसेज्जा जस्स कप्पइ ।**
**जराए अभिभूयस्स, वाहियस्स तवस्सिणो ॥**

**છાયાનુવાદ :** **त्रयाणामन्यतरस्य, निषद्या यस्य कल्पते ।**
**जरयाऽभिभूतस्य, व्याधितस्य तपस्विनः ॥६०॥**

**શબ્દાર્થ :– तिण्हं** = ત્રણમાંથી **अण्णयरागस्स** = અન્યતરને, કોઈને **जस्स** = જેને **णिसिज्जा** = ગૃહસ્થના ઘેર બેસવાનું **कप्पइ** = કલ્પે છે **जराए** = વૃદ્ધાવસ્થાને કારણે **अभिभूयस्स** = પરાભવ પામેલાને **वाहियस्स** = વ્યાધિગ્રસ્તને **तवस्सिणो** = તપસ્વીને, દીર્ઘ તપસ્યા કરનારને.

**ભાવાર્થ :–** ત્રણ પ્રકારના શ્રમણોને ગૃહસ્થના ઘરે બેસવાનું કલ્પ્ય છે, યથા– (૧) જરાભિભૂત શ્રમણ (૨) રોગગ્રસ્ત શ્રમણ (૩) દીર્ઘ તપસ્વી શ્રમણ.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં ગૃહ નિષદ્યાવર્જન રૂપ આ સોળમા આચાર સ્થાનમાં શ્રમણને માટે ગૃહસ્થના ઘરે બેસવાથી થતાં દોષોનું દર્શન કરાવી, પરોક્ષપણે ગૃહસ્થના ઘરે ન બેસવાનું સૂચન કરી, અપવાદ માર્ગે ત્રણ પ્રકારના શ્રમણોને ગૃહસ્થને ત્યાં બેસવાનો વિકલ્પ પણ દર્શાવ્યો છે.

**ઉત્સર્ગ માર્ગ :–** ભિક્ષુ ગૃહસ્થને ત્યાં ગૌચરી માટે જાય પરંતુ ત્યાંથી ગોચરી લઈને તેણે તત્કાલ નીકળી જવું જોઈએ. કદાચ કોઈ ભાવુક ગૃહસ્થ બેસવાનો આગ્રહ કરે તો પણ મુનિએ ત્યાં બેસવું નહીં; આ સર્વ સાધુને માટે સામાન્ય નિયમ છે.

**મુખ્ય દોષ :–** ગૃહસ્થને ત્યાં બેસવાથી અનેક દોષોનો ઉદ્ગમ થાય છે તેમાં મુખ્યતયા બ્રહ્મચર્યની સમાધિનો ભંગ થાય છે. તે માટે ગાથા–૫૮ અને ૫૯માં ચાર શબ્દોમાં સૂચન છે– (૧) બ્રહ્મચર્યની વિપત્તિ (૨) બ્રહ્મચર્યની અગુપ્તિ (૩) સ્ત્રીઓનું શંકિત થવું (૪) કુશીલવર્ધક સ્થાન.

**विवत्ति बंभचेरस्स :–** ગૃહસ્થના ઘરમાં બેસવાથી સ્ત્રીઓનો અતિ પરિચય થાય, સ્ત્રીઓના અંગોપાંગાદિ જોવાનું સહજ રીતે શકય બને, ક્યારેક નિઃસંકોચ સ્ત્રીઓ સ્વયં નજીક આવીને બેસી જાય, તેની સાથે વાતચીત કરવાથી બ્રહ્મચર્યનું વાડનો ઉલ્લંઘન થાય, આ રીતે બ્રહ્મચર્યની સમાધિ ભંગ થવાના સંજોગો ઉપસ્થિત થાય છે. આ કારણે ગૃહસ્થના ઘેર બેસવામાં શાસ્ત્રકારે સહુથી મોટો ભય બ્રહ્મચર્યની અસમાધિ થવાનો દર્શાવ્યો છે. તે કારણે જ અંતે આ પ્રવૃત્તિને કુશીલ વર્ધક સ્થાન કહી દીધું છે. આ રીતે બ્રહ્મચર્યની અગુપ્તિ થાય છે.

**पाणाणं च वहे वहो :–** પ્રાણીઓના વધથી સંયમનો નાશ થાય છે. અતિ પરિચયના કારણે રાગભાવ વશ તે ગૃહસ્થ સાધુને પોતાને ઘેર બેસાડી તેના માટે અલ્પાહાર–ચા, દૂધ કે ઠંડા વગેરે અથવા સ્વાદિષ્ટ ખાનપાન તૈયાર કરે છે. તેમાં આરંભ સમારંભથી પાણી, અગ્નિ, વનસ્પતિ આદિ કેટલાય જીવોનો સંહાર થાય અને તેથી સંયમ મર્યાદાનો પણ વિનાશ થાય તે સ્વાભાવિક છે.

**वणीमग पडिग्घाओ :–** સાધુ ઘેર બેઠા હોય ત્યાં સુધી ગૃહસ્થો તેની સેવામાં જ રહે છે. વચ્ચે ઊઠીને કોઈને ભિક્ષા આપવી અનુપયુક્ત સમજે છે. આ કારણે તે ગૃહસ્થો યાચકોને ભિક્ષાનો નિષેધ કરે; તેથી તેને અંતરાય થાય અને યાચકને પણ સાધુ પ્રત્યે અપ્રીતિ થાય છે.

**पडिकोहो अगारिणं... :–** ગૃહસ્વામીને કે ઘરની અન્ય વ્યક્તિને ક્રોધનું નિમિત્ત બને છે. કારણ કે સાધુ કોઈ વ્યક્તિ સાથે બેસીને ઘણા સમય સુધી વાતો કરે તો બીજી વ્યક્તિઓને પોતાની પ્રવૃત્તિઓમાં સાધુ નિમિત્તે વિઘ્ન થાય, ખાવાના કે બહાર જવાના સમયમાં વિલંબ થાય; ક્યારેક સ્ત્રી સાથે સાધુને વધારે વાતો કરતાં જોઈ કોઈને અનુચિત લાગે. આ કારણે ઘરના કોઈપણ નાના મોટા વ્યક્તિને સાધુ પર કે તેના સાથે વાતો કરનાર ઘરના સભ્ય પર ગુસ્સો આવી જાય; તેને સાધુ સામે પ્રકટ ન કરે તો સાધુના ગયા પછી ઘરમાં ક્લેશ કંકાશ થાય અને કોઈથી ન રહી શકાય તો તરત જ સાધુને કે વાત કરનાર વ્યક્તિને તિરસ્કારયુક્ત વચન બોલવા લાગે, ઈત્યાદિ ક્રોધના નિમિત્ત બને છે.

**कुसीलवड्ढणं ठाणं :–** આ રીતે ગૃહસ્થને ત્યાં બેસવું તે સાધુને માટે કુશીલ સ્થાન છે, અર્થાત્ ગૃહસ્થના ઘેર બેસવાથી સાધુના સદાચારનો સંયમાચારનો નાશ થાય અને ક્રમશઃ અનેક અનાચારની નિષ્પત્તિ થાય છે, તેથી શ્રમણોએ આ કુશીલ વર્ધક સ્થાનનો સર્વથા ત્યાગ કરવો જોઈએ.

**तिण्हमण्णयरागस्स... :–** આ ગાથામાં અપવાદ માર્ગ એટલે સપરિસ્થિતિક માર્ગનું(પરિસ્થિતિમાં કરવા યોગ્ય આચરણનું) કથન છે.

અત્યંત વૃદ્ધ, રોગી કે તપસ્વી શ્રમણ પ્રાયઃ ભિક્ષાને માટે જતા જ ન હોય, પરંતુ અસહાય, અભિગ્રહધારી કે સેવાભાવી શ્રમણ વગેરે ભિક્ષા માટે જાય અને ભ્રમણ કરતાં તે થાકી જાય, ત્યારે તે ગૃહસ્થની આજ્ઞા લઈને વિશ્રામ લેવા વિવેકપૂર્વક બેસી શકે છે.

વૃદ્ધ આદિ ત્રણે પ્રકારના સાધુની શારીરિક શક્તિ ક્ષીણ થઈ ગઈ હોય છે. તેથી તેઓ માટે બ્રહ્મચર્ય સમાધિ ભંગ થવાની શક્યતા ઓછી રહે છે. તેથી ત્રણ ગાથામાં ગૃહસ્થને ત્યાં બેસવાથી થતાં દોષોનું સાંગોપાંગ નિરૂપણ કર્યા પછી પણ તેઓને ગૃહસ્થને ત્યાં બેસવાની છૂટ આપી છે.

ઉત્સર્ગ માર્ગ અને અપવાદ માર્ગ બંને જિન કથિત છે. તેથી તે બંને જિનાજ્ઞારૂપ જ છે. સંયમની સુરક્ષા માટે નિષ્કપટ ભાવે તેનો આશ્રય લેનાર સાધુ આરાધક બને છે. પ્રમાદથી કે કપટથી અપવાદ માર્ગનો સ્વેચ્છાએ દુરુપયોગ કરનાર વિરાધક બને છે. અપવાદ માર્ગ સ્વીકારનો નિર્ણય ગીતાર્થ અનુભવી શ્રમણ કે ગુરુ આચાર્યાદિની નિશ્રાથી જ કરવાનો હોય છે. તેથી આ પ્રકારના નિર્ણયો પરિસ્થિતિ અનુસાર વિવેકપૂર્વક કરવા જોઈએ.

### સત્તરમું આચાર સ્થાન : સ્નાન વર્જન :–

**૬૧** **वाहिओ वा अरोगी वा, सिणाणं जो उ पत्थए ।**
**वुक्कंतो होइ आयारो, जढो हवइ संजमो ॥**

**છાયાનુવાદ :** व्याधितो वा अरोगी वा, स्नानं यस्तु प्रार्थयते ।
व्युत्क्रान्तो भवत्याचारः, त्यक्तो भवति संयमः ॥

**શબ્દાર્થ :– वाहिओ** = રોગી **अरोगी वा** = નીરોગી **जो उ** = જે કોઈ સાધુ **सिणाणं** = સ્નાનની **पत्थए** = ઈચ્છા કરે છે **आयारो** = તેનો આચાર, સંયમ મર્યાદા, કાયકલેશ આદિ બાહ્ય તપ રૂપ આચાર **वुक्कंतो** = વ્યુત્ક્રાન્ત, ભ્રષ્ટ **होइ** = થાય છે **संजमो** = સંયમ, સંયમ મર્યાદા **जढो** = નષ્ટ, નિષ્ચેષ્ટ, નિષ્પ્રાણ **हवइ** = થાય છે.

**ભાવાર્થ :–** રોગી કે અરોગી કોઈ પણ ભિક્ષુ સ્નાનની ઈચ્છા કરે તો તે પોતાના આચારનું ઉલ્લંઘન કરે છે અને તેથી તેના સંયમનો નાશ થાય છે.

**૬૨** **संतिमे सुहुमा पाणा, घसासु भिलुगासु य ।**
**जे उ भिक्खू सिणायंतो, वियडेणुप्पिलावए ॥**

**છાયાનુવાદ : सन्त्येते सूक्ष्माः प्राणाः, घसासु भिलुगासु च ।**
**यांस्तु भिक्षुः स्नान्, विकटेन उत्प्लावयति ॥**

**શબ્દાર્થ :– घसासु** = ક્ષારવાળી છિદ્રયુક્ત ભૂમિમાં **भिलुगासु** = ભૂમિની તિરાડોમાં **इमे** = જે ત્રસસ્થાવર **सुहुमा** = સૂક્ષ્મ **पाणा** = પ્રાણીઓ **संति** = છે, તેથી **जे** = જે **सिणायंतो** = સ્નાન કરનાર **भिक्खू** = સાધુ **वियडेणुप्पिलावए** = પ્રાસુક જલ દ્વારા સ્નાન કરે તો પણ તે જીવોને પીડા ઉત્પન્ન કરે છે, જીવો તે સ્નાનના પાણીમાં ડૂબી જાય છે.

**ભાવાર્થ :–** પોલાણવાળી ભૂમિ અથવા તિરાડવાળી ભૂમિમાં ઘણા સૂક્ષ્મ પ્રાણીઓ રહેલાં હોય છે. માટે જો ભિક્ષુ સ્નાન કરે તો તે સ્નાનના પાણીમાં તે જીવો ડૂબી જાય છે, પીડા પામે છે અથવા તે સ્નાનનું પાણી જીવોને વહાવી દે છે.

**૬૩** **तम्हा ते ण सिणायंति, सीएण उसिणेण वा ।**
**जावज्जीवं वयं घोरं, असिणाणमहिट्ठगा ॥**

**છાયાનુવાદ : तस्मात्ते न स्नान्ति, शीतेनोष्णेन वा ।**
**यावज्जीवं व्रतं घोरं, अस्नानमधिष्ठातारः ॥**

**શબ્દાર્થ :– तम्हा** = તે માટે **ते** = શ્રમણ **सीएण** = શીતલ જલથી **उसिणेण** = ઉષ્ણ જલથી **ण सिणायंति** = સ્નાન કરતા નથી **जावज्जीवं** = જીવન પર્યંત **घोरं** = કઠિન **असिणाणं** = અસ્નાન નામના **वयं** = વ્રતને **अहिट्ठगा** = ધારણ કરનારા હોય છે.

**ભાવાર્થ :–** તેથી શ્રમણો શીત કે ઉષ્ણ કોઈપણ પ્રકારના અચિત્ત પાણીથી સ્નાન કરતા નથી અને જીવનપર્યંત કઠિન અસ્નાન વ્રતને ધારણ કરે છે.

## વિવેચન :-

પ્રસ્તુત ગાથાઓમાં નિર્ગ્રંથોને માટે સ્નાનનો પૂર્ણતયા નિષેધ કરીને સ્નાન જન્ય દોષોને સ્પષ્ટ કર્યા છે.

**वाहिओ वा अरोगी वा... :–** શ્રમણ રોગી હોય કે નિરોગી, પરંતુ સ્નાન ત્યાગનો નિયમ તો તે બંને માટે સમાન રૂપે આવશ્યક છે. જે કોઈપણ શ્રમણ સ્નાન કરવાની ઈચ્છા કરે કે સ્નાન આચરણ પ્રવૃત્તિ કરે તો તેનો સંયમ **જઢ**–નિઃસાર, સત્વહીન, નિશ્ચેષ્ટ કે નિષ્પ્રાણ થઈ જાય છે. આ કથનથી શાસ્ત્રકારનો આશય એ જણાય છે કે સ્નાન કરવાથી શ્રમણના સંયમને અતિ નુકસાન થાય છે.

સ્નાન ત્યાગએ સંયમનો ઉપનિયમ છે, મહાવ્રતોમાં એનો ચોથા મહાવ્રતમાં સમાવેશ થાય છે. સ્નાન ત્યાગ તે મૂલ મહાવ્રત નથી, તોપણ આ ગાથામાં અને બીજા પણ આગમોમાં અસ્નાન વ્રતને જે મહત્ત્વ આપવામાં આવ્યું છે તેની પાછળ બે મુખ્ય કારણ છે– (૧) પ્રથમ અહિંસા મહાવ્રતની સુરક્ષા (૨) બ્રહ્મચર્ય વ્રતની સમાધિ. આ બેમાંથી એક કારણની ચર્ચા પ્રસ્તુત ગાથાઓમાં વિસ્તારથી કરેલ છે અને બીજા કારણની ચર્ચા અહીં નથી, પરંતુ નિશીથ સૂત્રમાં દેશ સ્નાનરૂપ હાથ, પગ, મુખ આદિ ધોવાની પ્રવૃત્તિને બ્રહ્મચર્ય મહાવ્રતના દોષમાં સમાવિષ્ટ કરતાં તેના પ્રાયશ્ચિતનું વિધાન કરવામાં આવ્યું છે.

આ પ્રકારના કારણોથી શાસ્ત્રકારે અહીં સ્નાન ત્યાગ ઉપર અધિકતમ ભાર આપતાં રોગગ્રસ્તને પણ સ્નાન કરવાનો સ્પષ્ટ નિષેધ કર્યો છે.

**वुक्कंतो होइ आयारो... :–** સ્નાન કરનાર શ્રમણ સાધ્વાચારનું ઉલ્લંઘન કરે છે, તેથી તેના સંયમનો નાશ થાય છે. કારણ કે સ્નાન ભોગ વિલાસનું એક અંગ છે, વિભૂષાનું સાધન છે, બ્રહ્મચર્યનું ઘાતક છે.સ્નાન કરનાર સાધુ મેલના પરીષહને કિંચિત્ પણ સહન કરતા નથી પરંતુ તેઓ બાવન અનાચારમાંથી છટ્ઠા અનાચારનું સેવન કરે છે.

**संति मे सुहुमा पाणा... :–** સચિત જલથી સ્નાન કરવામાં અપ્કાયના જીવોની હિંસા થાય તે સ્પષ્ટ છે. પરંતુ અચિત્ત જલથી સ્નાન કરવામાં પણ જીવહિંસા થાય છે. કારણ કે સ્નાનનું પાણી પોલાણવાળી ભૂમિમાં કે તિરાડો(ફાટ)માં વહેતું વહેતું જાય છે અને ત્યાં રહેલાં અનેક ત્રસ અને સ્થાવર જીવોની હિંસા થાય છે.

ઉપરોક્ત દોષોના કારણે જ રોગી કે નિરોગી શ્રમણ સચેત કે અચેત કોઈપણ જલથી ક્યારે ય સ્નાન કરતા નથી. વર્તમાનમાં સત્તરમા અસ્નાન આચારની આ શાસ્ત્રાજ્ઞાનો સુખૈષી શ્રમણ વર્ગને અને તદ્નુસાર પ્રેરક શ્રાવક વર્ગને ઊંડાણથી અવશ્ય વિચાર કરવો જોઈએ.

**घोरं असिणाणं :–** ઘોર અસ્નાનવ્રત. સ્નાન શરીરને આરામ આપે, મનને પ્રસન્ન કરે, મેલને દૂર કરી સૌંદર્યની વૃદ્ધિ કરે છે. તેથી ભૌતિક સુખના અનુરાગી સર્વ જીવો સ્નાન વિના રહી શકતા નથી. અન્ય દાર્શનિકોએ બાહ્ય શૌચને મહત્ત્વ આપી જલ સ્નાનને સ્વીકાર્યું છે, જેઓ જલ સ્નાનમાં દોષ માને છે તેઓ

ઉષ્ણ સ્નાન–ભસ્મ ચોળવી કે સૂર્યસ્નાન કરે છે. પરંતુ જૈન શ્રમણો સર્વ પ્રકારના સ્નાનનો જીવન પર્યંત ત્યાગ કરે છે. તે કઠિનતમ મનોવિજય હોવાથી અત્યંત દુષ્કર છે. તેથી પ્રભુએ તેને ઘોરવ્રત કહ્યું છે.

**उप्पिलावए :–** આ શબ્દના બે પ્રકારે અર્થ થાય છે– (૧) **उत्प्लावयति** = સ્નાનનું પાણી જ્યાં જાય ત્યાં નાના–નાના ત્રસ જીવોને ડૂબાડી દે છે અથવા વહાવી દે છે. (૨) **उत्पीडयति** = સ્નાન કરતાં સમયે અને કર્યા પછી તે પાણીથી ઘણા જીવોને પીડા પહોંચાડે છે, વિશેષ પીડા પહોંચાડે છે.

## અઢારમું આચાર સ્થાન : વિભૂષાનો ત્યાગ :–

**૬૪** **सिणाणं अदुवा कक्कं, लोद्धं पउमगाणि य ।**
**गायस्सुव्वट्टणट्ठाए, णायरंति कयाइ वि ॥**

**છાયાનુવાદ :** **स्नानमथवा कल्कं, लोध्रं पद्मकानि च ।**
**गात्रस्योद्वर्त्तनार्थं, नाचरन्ति कदाचिदपि ॥**

**શબ્દાર્થ :–** **सिणाणं** = સ્નાન નામક લેપ્ય દ્રવ્ય, સુગંધી દ્રવ્ય, પાવડર આદિ **कक्कं** = ચંદનાદિ સુગંધી દ્રવ્ય **लोद्धं** = લોધ્ર, એક પ્રકારનું ઔષધ દ્રવ્ય છે તેનું ચૂર્ણ **पउमगाणि** = કુંકુમ, કેસર વગેરે દ્રવ્યો **गायस्सुव्वट्टणट्ठाए** = શરીર પર ચોપડવા માટે **कयाइ वि** = કદી પણ **णायरंति** = આચરણ કરે નહીં, લગાડે નહીં.

**ભાવાર્થ :–** મુનિ શરીર ઉપર લગાડવા માટે સ્નાન નામક સુગંધી દ્રવ્ય, કલ્ક, લોધ્ર તથા પદ્મચૂર્ણ વગેરે સુગંધી પદાર્થોનો ક્યારે ય પણ ઉપયોગ કરે નહિ.

**૬૫** **णगिणस्स वावि मुंडस्स, दीहरोमणहंसिणो ।**
**मेहुणाओ उवसंतस्स, किं विभूसाए कारियं ॥**

**છાયાનુવાદ :** **नग्नस्य वापि मुण्डस्य, दीर्घरोमनखवतः ।**
**मैथुनादुपशान्तस्य, किं विभूषया कार्यम् ॥**

**શબ્દાર્થ :–** **णगिणस्स** = નગ્ન **मुंडस्स** = શિરમુંડિત તથા **दीहरोमणहंसिणो** = દીર્ઘ રોમ અને નખ– વાળા તથા **मेहुणाओ** = મૈથુન કર્મથી **उवसंतस्स** = સર્વથા ઉપશાંત સાધુને **विभूसाए** = વિભૂષાથી **किं कारियं** = શું કામ ?, શું પ્રયોજન ?.

**ભાવાર્થ :–** પ્રમાણોપેત વસ્ત્રના કારણે અચેલ ધર્મવાળા, દ્રવ્ય અને ભાવથી મુંડિત રહેનારા, કેશલુંચન કરનાર તેમજ લાંબી દાઢી, મૂંછ તથા નખવાળા અર્થાત્ તેને ન સંવારનારા(સંસજ્જિત ન કરનારા) અને

મૈથુનથી સર્વથા વિરત થયેલા શ્રમણોને વિભૂષાથી શું પ્રયોજન હોય ? અર્થાત્ આવા શરીર નિરપેક્ષ સાધુને વિભૂષા કરવાની કોઈ જરૂર રહેતી નથી.

**૬૬** **विभूसावत्तियं भिक्खू, कम्मं बंधइ चिक्कणं ।**
**संसारसायरे घोरे, जेणं पडइ दुरुत्तरे ॥**

**છાયાનુવાદ :** **विभूषाप्रत्ययं भिक्षुः कर्म बध्नाति चिक्कणम् ।**
**संसारसागरे घोरे, येन पतति दुरुत्तरे ॥**

**શબ્દાર્થ :– भिक्खू** = સાધુ **विभूषावत्तियं** = વિભૂષાના નિમિત્તે **चिक्कणं** = ગાઢ, ચિકણા **कम्मं** = કર્મ **बंधइ** = બાંધે છે **जेण** = જેનાથી **दुरुत्तरे** = દુસ્તર **घोरे** = ભયંકર **संसारसायरे** = સંસાર સાગરમાં **पडइ** = પડે છે.

**ભાવાર્થ :–** વિભૂષાની પ્રવૃત્તિ કરવાથી શ્રમણ ચિકણા કર્મો બાંધે છે. તે કર્મોના પરિણામે તે મહાન દુઃખકર અને દુસ્તર એવા સંસાર સાગરમાં પરિભ્રમણ કરે છે.

**૬૭** **विभूसावत्तियं चेयं, बुद्धा मण्णंति तारिसं ।**
**सावज्जबहुलं चेयं, णेयं ताईहिं सेवियं ॥**

**છાયાનુવાદ :** **विभूषाप्रत्ययं चेतः, बुद्धा मन्यन्ते तादृशम् ।**
**सावद्यबहुलं चैतत्, नैतत् त्रायिभिः सेवितम् ॥**

**શબ્દાર્થ :– बुद्धा** = તીર્થંકર દેવ **विभूसावत्तियं** = વિભૂષા નિમિત્તક **चेयं** = ચિત્તને **तारिसं** = વિભૂષાની પ્રવૃત્તિ જેવો જ **मण्णंति** = બંધનનો હેતુ માને છે **एयं** = અને તે ચિત્ત પણ **सावज्जबहुलं** = ઘણા પાપનું કારણ બને છે **ताईहिं** = છકાયના રક્ષક શ્રમણો દ્વારા **णेयं सेवियं** = તે સેવ્ય નથી, સેવન કરવા યોગ્ય નથી.

**ભાવાર્થ :–** જ્ઞાનીજનો વિભૂષા સંબંધી સંકલ્પ–વિકલ્પ કરનારા ચિત્તને પણ વિભૂષા પ્રવૃત્તિની જેમજ બહુ કર્મબંધનું કારણ માને છે. તેથી છકાય જીવોનું રક્ષણ કરનારા શ્રમણો દ્વારા તે સેવ્ય નથી અર્થાત્ શ્રમણોએ વિભૂષા વૃત્તિવાળું માનસ પણ રાખવું ન જોઈએ.

## વિવેચન :–

ગાથા ૬૩માં અસ્નાન વ્રતના સંદર્ભમાં સાધકને સ્નાન કરવાનો નિષેધ કરેલ છે. તેના અનુસંધાનમાં ગાથા ૬૪માં શરીરની શોભા માટે સ્નાન યોગ્ય અને વિભૂષાકારક અંગ પ્રક્ષાલન ચૂર્ણ, સુગંધિત ઉબટન, લોધ્ર પુષ્પનો પરાગ, પદ્મકેસર, વૃક્ષની છાલનું ચૂર્ણ, કુકુંમયુક્ત દ્રવ્ય આદિનો ઉપયોગ કરવાનો નિષેધ કરેલ છે. આમ કોઈપણ પ્રકારે શરીરને શણગારવાનો નિષેધ કરેલ છે.

ગાથા ૬૫માં નગ્ન ભાવ અર્થાત્ પ્રમાણોપેત અલ્પ મૂલ્યવાન વસ્ત્ર અથવા સર્વથા અચેલકત્વ તથા ભાવથી વસ્ત્રો, ઉપકરણ આદિ પ્રત્યે મુર્છારહિતત્તા–અનાસક્તિ; મુંડભાવ અર્થાત્ મસ્તકના કેશનું લોચ અને ભાવથી વિષયો તથા કષાયોનો ત્યાગ(મુંડન) અને દીર્ઘ રોમ નખયુક્તતા અર્થાત્ તેની શોભા અંગે લાપરવાહી, નિરપેક્ષતા સાધુના ગુણો તરીકે પ્રગટ કરીને કોઈપણ પ્રકારની વિભૂષાને નિષ્પ્રયોજન બતાવેલ છે. આત્મ વિભૂષાના નિષ્પ્રયોજન દ્વારા નિષેધ દર્શાવેલ છે.

ગાથા ૬૬માં વિભૂષા પ્રવૃત્તિના દોષો રૂપે જ્ઞાનાવરણીય આદિ આઠે ય પ્રકારના ચીકણા કર્મોના બંધ થાય છે અને પરિણામે દુસ્તર સંસાર સાગરમાં પતન થાય છે.

ગાથા ૬૭માં વિભૂષાવૃત્તિયુક્ત ચિત્તવૃત્તિને પણ વિભૂષા પ્રવૃત્તિ જેવી દોષયુક્ત, સાવદ્ય બહુલ અને ભયંકર સંસાર સાગરમાં પાડનારી બતાવી છે. સ્વપરના રક્ષક સાધકોએ ચિત્તવૃત્તિનું સેવન કર્યું નથી.

ચારે ય ગાથાઓનો સાર લક્ષમાં લેતા શરીરની અને વસ્ત્રોની સુંદરતા માટે કોઈપણ પ્રકારના પ્રસાધનોનો ઉપયોગ સાધક માટે વર્જ્ય છે.

## ઉપસંહાર : ગુણ સંપન્ન શ્રમણોની સુગતિ :–

**६८** **खवेंति अप्पाणममोहदंसिणो, तवे रया संजम अज्जवे गुणे ।**
**धुणंति पावाइं पुरे कडाइं, णवाइं पावाइं ण ते करेंति ॥**

**છાયાનુવાદ :** क्षपयन्त्यामानममोहदर्शिनः, तपसि रताः संयमार्जवगुणे ।
धुन्वन्ति पापानि पुराकृतानि, नवानि पापानि न ते कुर्वन्ति ॥

**શબ્દાર્થ :– अमोहदंसिणो** = અમોહદર્શી, મોહ રહિત અવસ્થાને પ્રાપ્ત કરવામાં પ્રયત્નશીલ **संजमअज्जवे गुणे** = સંયમ અને આર્જવગુણ સંયુક્ત **तवे** = તપમાં **रया** = રક્ત, લીન **ते** = તે પૂર્વોક્ત અઢાર સ્થાનોના પાલક સાધુ **पुरेकडाइं** = પૂર્વકૃત **पावाइं** = પાપોને, પાપકર્મોને **धुणंति** = ક્ષય કરે છે **णवाइं** = નવા **पावाइं** = પાપકર્મોનો બંધ **ण करेंति** = કરતા નથી **अप्पाणं** = જન્મ જન્માંતરના પાપોથી મલિન બહિરાત્મભાવનો, કર્મોનો **खवेंति** = ક્ષય કરે છે.

**ભાવાર્થ :–** મોહ રહિત અવસ્થાને પ્રાપ્ત કરવામાં પ્રયત્નશીલ તથા સંયમ, તપમાં લીન તેમજ સરલતા વગેરે ગુણોથી યુક્ત નિર્ગ્રંથો પૂર્વે કરેલાં પાપકર્મોનો નાશ કરે છે અને નવીન પાપકર્મોને ઉપાર્જન કરતા નથી. તે બહિરાત્મભાવનો કે કર્મરૂપ આત્માનો ક્ષય કરે છે અર્થાત્ શુદ્ધ આત્મ સ્વરૂપને(સિદ્ધાવસ્થાને) પામી જાય છે.

**६९** **सओवसंता अममा अकिंचणा, सविज्जविज्जाणुगया जसंसिणो ।**
**उउप्पसण्णे विमलेव चंदिमा, सिद्धिं विमाणाइं उवेंति ताइणो ॥**
**॥त्ति बेमि॥**

**છાયાનુવાદ :** **सदोपशान्ता अममा अकिञ्चनाः, स्वविद्यविद्यानुगता यशस्विनः ।**
**ऋतौ प्रसन्ने विमल इव चन्द्रमाः, सिद्धिं विमानान्युपयान्ति त्रायिणः॥**
**इति ब्रवीमि**

**શબ્દાર્થ :–** **सओवसंता** = સદા ઉપશાંત **अममा** = મમત્વ રહિત **अकिंचणा** = પરિગ્રહ રહિત **सविज्ज– विज्जाणुगया** = પોતાની આધ્યાત્મિક વિદ્યાના પારગામી **ताइणो** = છ કાય જીવોના રક્ષક **जसंसिणो** = યશસ્વી તથા **उउप्पसण्णे** = શરદ ઋતુના **चंदिमा इव** = ચંદ્રમાની સમાન **विमले** = પૂર્ણ નિર્મળ સાધુ **सिद्धिं** = મુક્તિને **उवेंति** = પ્રાપ્ત કરે છે **विमाणाइं** = કર્મ શેષ રહી જાય તો વૈમાનિક ગતિમાં ઉત્પન્ન થાય છે.

**ભાવાર્થ :–** હંમેશાં ઉપશાંત, મમતા રહિત, અપરિગ્રહી, આધ્યાત્મિક વિદ્યાના પારગામી, યશસ્વી તથા છ કાય જીવોના રક્ષક શ્રમણો શરદઋતુના નિર્મળ ચંદ્રમાની સમાન કર્મમળથી વિશુદ્ધ થઈને સિદ્ધ ગતિ પામે છે અને સ્વલ્પ કર્મ શેષ રહેતાં વૈમાનિક દેવગતિને પ્રાપ્ત કરે છે.

સુધર્મા ગણધર પોતાના શિષ્ય જંબૂસ્વામીને કહે છે કે મેં જે પ્રમાણે સાંભળ્યું હતું તે પ્રમાણે તમને કહું છું.

## વિવેચન :–

પ્રસ્તુત બે ગાથાઓમાં નિર્ગ્રંથાચારના આરાધક શ્રમણોના ઉત્તમ ગુણોનું વર્ણન કરીને તેઓની ઉત્તમ ગતિનું પ્રતિપાદન કર્યું છે.

અહીં આચારનિષ્ઠ શ્રમણોના વિશિષ્ટ ગુણો આ પ્રમાણે કહ્યા છે– (૧) અમોહદર્શી (૨) તપ, સંયમ અને સરલતા ગુણમાં લીન (૩) શરીરને તપશ્ચર્યા અને કઠોર આચારથી કૃશ કરનાર (૪) સદા ઉપશાંત (૫) મમત્વ રહિત (૬) અકિંચન (૭) અધ્યાત્મવિદ્યાના અનુગામી (૮) છ જીવનિકાયના રક્ષક (૯) યશસ્વી (૧૦) શરદ ઋતુના નિર્મળ ચંદ્રની સમાન કર્મમળ રહિત.

આ અધ્યયનમાં ઉપદિષ્ટ અઢાર આચાર સ્થાનનું યથાર્થ પાલન કરનાર શ્રમણ ઉપરોક્ત ગુણોને પ્રગટ કરીને દોષોનો નાશ કરે છે અને અંતે સર્વ કર્મનો ક્ષય કરી સંયમ લક્ષ્યને સિદ્ધ કરે છે.

**अमोहदंसिणो :–** અમોહદર્શી, અવિપરીતદર્શી, સમ્યક્દૃષ્ટિ, મોહ રહિત થઈને તત્ત્વનું દર્શન કરનાર. તેનો ભાવાત્મક અર્થ છે– અમોહને દેખનાર અર્થાત્ મોહ રહિત થવાના લક્ષ્યવાળો; એકમાત્ર અમોહ દશા જ જેનું લક્ષ્યબિંદુ હોય તે અમોહદર્શી કહેવાય.

**अप्पाणं खवेंति :– આત્મા** શબ્દ શરીર અને જીવ બંને અર્થોમાં પ્રયુક્ત થાય છે તેથી તેના અહીં ત્રણ રીતે અર્થ થાય છે– (૧) તપ સંયમ દ્વારા કાર્મણ શરીરનો ક્ષય થાય છે અને તેની સાથે ઔદારિક શરીર તો સ્વતઃ કૃશ થઈ જાય છે. (૨) **अप्पाणं** = બહિરાત્મા. તપ સંયમની આરાધનાથી

બહિરાત્મભાવનો ક્ષય થાય છે. (૩) **अप्पाणं** = કષાયાત્મા અને યોગાત્મા. તેનો ક્ષય થાય છે.

**सविज्जविज्जाणुगया :–** આ શબ્દના ત્રણ અર્થ થાય છે– (૧) સ્વવિદ્યા = અધ્યાત્મવિદ્યા અથવા આત્મજ્ઞાન. તેનાથી અનુગત એટલે યુક્ત હોય તેને સવિદ્યાવિદ્યાનુગત કહેવાય. (૨) વિદ્યા શબ્દનો પુનઃ પ્રયોગ લૌકિક વિદ્યાના પ્રતિષેધ માટે છે; તેથી લૌકિક વિદ્યાથી વિપરીત અધ્યાત્મ વિદ્યાથી યુક્ત, તેમ અર્થ થાય છે. આ બંનેનો ભાવાર્થ એક જ છે. (૩) સ્વવિદ્યા = કેવળજ્ઞાન અથવા શ્રુતજ્ઞાન; તેનાથી યુક્ત હોય તે. ત્રણે ય અર્થનું તાત્પર્ય એ છે કે આત્મ કલ્યાણના જ્ઞાનમાં પારંગત મુનિ.

**उउप्पसण्णे विमले** = ઋતુ પ્રસન્ન. છ ઋતુઓમાં સૌથી અધિક પ્રસન્ન ઋતુ શરદ ઋતુ છે. તેના પર્યાયવાચી નામરૂપે તેના માટે અહીં **પ્રસન્ન ઋતુ** શબ્દનો પ્રયોગ છે. તેથી આ શબ્દનો અર્થ શરદ ઋતુના ચંદ્રની સમાન નિર્મળ અર્થાત્ પાપકર્મ રહિત.

**विमाणाइं उवेंति** = વૈમાનિક દેવોના નિવાસ સ્થાનને વિમાન કહેવાય છે. રત્નત્રયના આરાધક શ્રમણ જો સિદ્ધ ન થાય તો માત્ર વૈમાનિક દેવગતિને જ પ્રાપ્ત કરે છે.

## –: પરમાર્થ :–

સૂત્રોક્ત અઢારે સ્થાનોનું સ્થવિર ભગવંતોએ પાલન કર્યું છે. તેવી જ રીતે જિનાજ્ઞાનુસાર પાલન કરવાથી અને સાધનાને તીવ્રતમ બનાવવાથી, સાધકમાં રહેલા આસક્તિજન્ય મોહરાજાનું જોર મંદ પડે છે; અનાદિ વાસનાઓ નિષ્ફળ થાય છે. તેથી આત્મ સ્વરૂપી ગુણોની ઉપરનો મેલ દૂર થવાથી તે આત્મગુણો પ્રગટ થાય છે. ત્યારે તે આત્મા સુવર્ણની જેમ ઝળકે છે અને પ્રગટ થયેલાં ઉત્તરોત્તર ગુણોનો આનંદ અનુભવતો આત્મા સંસારમાં પણ મોક્ષ જેવો આનંદ અનુભવીને આખરે સર્વકર્મોનો ક્ષય કરે છે.

અનાદિ કાલના મિથ્યાત્વ, કષાય અને અજ્ઞાનરૂપી મહારોગને દૂર કરવાનું પરમ ઔષધ આ અઢાર આચારો છે, તેનાથી કર્મરોગ રહિત બનીને અનંતા આત્માઓ મુક્તિ પદને વર્યા છે, વર્તમાનમાં વરે છે અને ભવિષ્યમાં અનંતા વરશે. કોઈ કાળે જીવને આ શુદ્ધ આચારોના પાલન વિના સંસારનો અંત થાય તેમ નથી. માટે આત્માર્થીએ અહીં કહેલાં શુભ આચારોનું પાલન બને તેટલું નિર્મળ અને અખંડ રીતે કરવું જોઈએ.

**॥ અધ્યયન–૬ સંપૂર્ણ ॥**

# સાતમું અધ્યયન

## પરિચય

★ આ અધ્યયનનું નામ **સુવાક્યશુદ્ધિ** છે.

★ આ અધ્યયનમાં સંયમ જીવનમાં વપરાતી ભાષાના ગુણ–દોષોનું વિધિ નિષેધરૂપે નિરૂપણ હોવાથી તેનું નામ **સુવાક્યશુદ્ધિ** છે.

★ સાધુ અધિકતમ મૌન રહે છે. વચનગુપ્તિ જ તેનું પરમ લક્ષ્ય છે; પરંતુ જ્યારે સ્વ–પર કે જિન–શાસનના ઉપકાર માટે બોલવું આવશ્યક થાય, ત્યારે તે ભાષા સમિતિપૂર્વક બોલે છે. વચનગુપ્તિનો લાભ સ્વયંને જ મળે છે, જ્યારે ભાષા સમિતિનો લાભ વક્તા અને શ્રોતા બંનેને મળે છે.

★ સાવદ્ય–નિરવદ્ય કે સાર્થકતા–નિરર્થકતા વિષે વિવેકપૂર્વક બોલાય તે ભાષા પ્રયોગને **ભાષાસમિતિ** કહે છે. આ અધ્યયનમાં સાધુની ભાષાસમિતિનું સૂક્ષ્મતમ વિજ્ઞાન નિરૂપ્યું છે.

★ સત્ય, અસત્ય, મિશ્ર અને વ્યવહાર ભાષા, તે ચાર પ્રકારની ભાષામાંથી સાધુ અસત્ય અને મિશ્ર ભાષાનો સર્વથા ત્યાગ કરે. કારણ કે તે બંને ભાષા સાવદ્ય હોય છે; સત્ય અને વ્યવહાર ભાષાનો મુનિ વિવેકપૂર્વક પ્રયોગ કરે.

★ સત્ય અને વ્યવહાર બંને ભાષાઓ સાવદ્ય અને નિરવદ્ય તેમજ વક્તવ્ય(બોલવા યોગ્ય) અને અવક્તવ્ય(નહીં બોલવા યોગ્ય) બંને પ્રકારની હોય છે.

જે ભાષા હિંસાકારી, પરપીડાકારી, વેર વિરોધકારી હોય અને કર્મબંધનું નિમિત્ત બને તેવી હોય, તે ભાષા સત્ય હોવા છતાં સાવદ્ય હોવાથી અવક્તવ્ય છે. જેમ કે– "આ વૃક્ષનું લાકડું મકાન બનાવવામાં ઉપયોગી છે," આ વાક્ય પ્રયોગ સત્ય હોવા છતાં વૃક્ષના જીવોની હિંસાનું નિમિત્ત બની શકે છે. તેથી તે સાવદ્ય અને અવક્તવ્ય છે. તેમજ "આ મનુષ્ય કાણો છે," તે વાક્ય પ્રયોગ સત્ય હોવા છતાં પરપીડાકારી છે તેથી સાવદ્ય છે અને સાધુને માટે અવક્તવ્ય છે. આ રીતે સૂત્રકારે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ, પાત્ર વિષયક તેમજ જીવન વ્યવહારની અનેક પ્રવૃત્તિઓ માટે ભાષાના વિવેક સંબંધી સૂક્ષ્મતમ વિશ્લેષણ કર્યું છે તે ખરેખર દરેક સાધકને મનનીય છે.

★ વાક્ય શુદ્ધિનું મુખ્ય પ્રયોજન સત્ય મહાવ્રતના પાલન સાથે અહિંસાધર્મની પુષ્ટિ પણ છે. સાધકે પૂર્ણ અહિંસક બનતા પહેલાં અને પછી ભાષાનો વિવેક રાખવો આવશ્યક છે, તેનું દિગ્દર્શન આ અધ્યયન કરાવે છે.

★ અંતે ઉપસંહારરૂપે સુવાક્ય શુદ્ધિના અનંતર અને પરંપર ફળને પ્રદર્શિત કરીને સાધકને તે માર્ગે ગમન કરવાની પ્રેરણા આપી છે.

★ જેમ અંધ વ્યક્તિ દોરનાર પુરુષને જ અનુસરે છે તેમ સાધકની વાણી તેના શુદ્ધ કે અશુદ્ધ વિચારને જ અનુસરે છે. ભાષા શુદ્ધિનો અહિંસા અને સંયમ સાથે ગાઢ સંબંધ છે. જ્યાં સુધી સાધકની વાણી અહિંસક ભાવ અને વિવેકથી નિયંત્રિત થઈને ન નીકળે ત્યાં સુધી તે સંયમ અને અહિંસાની આરાધના પૂર્ણ રીતે કરી શકે નહીં.

★ ભાષા વિવેકપૂર્વક બોલવાથી સાધક બોલવા છતાં મૌની કહેવાય છે. સૂત્રકારે ભાષાશુદ્ધિ માટે એક સ્વતંત્ર અધ્યયનની રચના કરી, તે વિષયનું વિશિષ્ટ પ્રકારનું વિશ્લેષણ કર્યું છે; તે વાક્યશુદ્ધિની મહત્તાને પ્રગટ કરે છે.

★ ભાષાશુદ્ધિ દ્વારા સાધક લોકપ્રિય, સન્માનનીય બને છે અને સંયમ તપની આરાધના દ્વારા કર્મક્ષય કરી સિદ્ધગતિને પ્રાપ્ત કરે છે.

# સાતમું અધ્યયન

## સુવાક્ય શુદ્ધિ

**ભાષાના પ્રકાર અને વિવેક :–**

**१** चउण्हं खलु भासाणं, परिसंखाय पण्णवं ।
दोण्हं तु विणयं सिक्खे, दो ण भासिज्ज सव्वसो ॥

**છાયાનુવાદ :** चतसृणां खलु भाषाणां, परिसंख्याय प्रज्ञावान् ।
द्वाभ्यां तु विनयं शिक्षेत, द्वे न भाषते सर्वशः ॥

**શબ્દાર્થ :– पण्णवं** = પ્રજ્ઞાવાન્ સાધુ **चउण्हं खलु** = સત્યાદિ ચાર **भासाणं** = ભાષાઓના સ્વરૂપને **परिसंखाय** = સર્વ રીતે જાણીને **दोण्हं तु** = બે ભાષાઓનો **विणयं** = વિનય સીખે, પ્રયોગ કરવાનો વિવેક **सिक्खे** = શીખે, રાખે **दो** = બે ભાષાઓનો **सव्वसो** = સર્વથા **ण भासिज्ज** = બોલે નહિ, પરિત્યાગ કરે.

**ભાવાર્થ :–** પ્રજ્ઞાવાન્ ભિક્ષુ સત્ય, અસત્ય, મિશ્ર અને વ્યવહાર આ ચારે ય પ્રકારની ભાષાના સ્વરૂપને જાણીને, સત્ય અને વ્યવહાર બે પ્રકારની ભાષાઓનો વિનય શીખે, અર્થાત્ બે પ્રકારની ભાષા વિવેકપૂર્વક બોલે. તે સિવાય અસત્ય અને મિશ્ર આ બે પ્રકારની ભાષાનો સર્વથા ત્યાગ કરે.

**વિવેચન :–**

વાક્યશુદ્ધિ અધ્યયનની આ પ્રથમ ગાથામાં હેય, જ્ઞેય અને ઉપાદેય ભાષાઓની સંખ્યા દર્શાવી છે. જેમાં– ૪ જ્ઞેય, ૨ હેય અને ૨ ઉપાદેય કહી છે.

વિચારો અને ભાવોના આદાન પ્રદાન માટે જીવ દ્વારા જે બોલાય તેને ભાષા કહેવાય છે, વક્તાના અભિપ્રાય આદિના આધારે તેના ચાર પ્રકાર આ પ્રમાણે થાય છે–

**(૧) સત્ય ભાષા–** જે ભાષા વાસ્તવિક અર્થને પ્રગટ કરે અને જે સર્વ જીવોને હિતકારી હોય તે ભાષા સત્ય ભાષા કહેવાય છે. **(૨) અસત્ય ભાષા–** સત્યથી વિપરીત હોય તે અસત્ય ભાષા છે અને કષાયને વશ થઈને અવિચારપૂર્વક બોલાતી ભાષા પણ અસત્ય ભાષા કહેવાય છે. **(૩) મિશ્ર ભાષા –** જે ભાષામાં કંઈક ભાવ સત્ય હોય અને કંઈક ભાવ અસત્ય પણ હોય તે મિશ્રભાષા કહેવાય છે. તેમાં અસત્યનો અંશ હોવાથી તે અસત્ય ભાષાની સમાન ત્યાજ્ય છે. **(૪) વ્યવહાર ભાષા–** જે ભાષા સત્ય અસત્ય બંનેથી

જુદી રીતની હોય એટલે માત્ર આદેશ, નિર્દેશ કે સૂચન રૂપ હોય તેને વ્યવહાર ભાષા કહેવાય છે.

**दोण्हं तु विणयं सिक्खे :–** ઉપરોક્ત ચારે ભાષાનું સ્વરૂપ જાણીને સાધુ સત્ય અને વ્યવહાર તે બે પ્રકારની ભાષાઓના વિનયને, પ્રયોગ કરવાના વિવેકને શીખે અર્થાત્ બંને ભાષાઓનો નિરવદ્ય સ્વરૂપે પ્રયોગ કેમ થાય ? તેવો વિવેક શીખે. શેષ બે ભાષાનો સર્વથા ત્યાગ કરે.

**અવક્તવ્ય ભાષા :–**

**૨** **जा य सच्चा अवत्तव्वा, सच्चामोसा य जा मुसा ।**
**जा य बुद्धेहिं णाइण्णा, ण तं भासिज्ज पण्णवं ॥**

**છાયાનુવાદ :** **या च सत्या अवक्तव्या, सत्यामृषा च या मृषा ।**
**या च बुद्धेरनाचीर्णा, न तां भाषेत प्रज्ञावान् ॥**

**શબ્દાર્થ :– जा य** = જે ભાષા **सच्चा** = સત્ય છે પરંતુ **अवत्तव्वा** = પાપકારી હોવાથી બોલવા યોગ્ય નથી **सच्चामोसा** = સત્યામૃષા, મિશ્ર છે **मुसा** = મૃષા છે **बुद्धेहिं** = તીર્થંકર દેવો દ્વારા **णाइण्णा** = અનાચરિત છે **तं** = તે ભાષાને **पण्णवं** = પ્રજ્ઞાવાન્ સાધુ **ण भासिज्ज** = બોલે નહીં.

**ભાવાર્થ :–** પ્રજ્ઞાશીલ સંયમી સત્ય ભાષા પણ જો બોલવા યોગ્ય ન હોય તો બોલે નહીં. તેમજ મિશ્ર ભાષા અને મૃષા ભાષાને તીર્થંકરોએ ત્યાજ્ય કહી છે, માટે તેવી ભાષાને બુદ્ધિમાન્ સાધુ બોલે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં શ્રમણની અકલ્પનીય ચાર ભાષાઓનું કથન છે. યથા– (૧) અવકતવ્ય સત્ય (૨) મૃષા (૩) મિશ્ર, (૪) શાસ્ત્રમાં નિષિદ્ધ કે જિનેશ્વરો દ્વારા અનાજ્ઞાપિત અર્થાત્ તીર્થંકરોએ અનાચીર્ણ કહી છે.

આ સુવાક્ય શુદ્ધિ અધ્યયનમાં અને આચારાંગ સૂત્રમાં તથા અન્ય શાસ્ત્રોમાં જે વચન પ્રયોગનો નિષેધ હોય તે સર્વ અકલ્પનીય ભાષા છે. તેને **बुद्धेहिं णाइण्णा** કહેવાય છે. જેમ કે ગૃહસ્થને આવો, જાઓ વગેરે આદેશ વચન, તેમજ હે બાપ, હે કાકા, હે મામા વગેરે સંબંધજનક સંબોધન વચન આ અધ્યયનમાં તીર્થંકર દ્વારા અનાજ્ઞાપિત છે.

**जा य सच्चा अवत्तव्वा :–** જો સત્ય અને વ્યવહાર ભાષા પણ કર્મબંધનું કારણ બને, પાપ પ્રવૃત્તિને વધારનારી હોય, કર્કશ કે કઠોર હોય; જેનાથી રાગ–દ્વેષાદિ વધે, પૂજ્યજનો પ્રત્યે અનાદર થાય, વિષય કષાયની વૃદ્ધિ થાય, અન્યનું અહિત થાય તેવી ભાષા સત્ય હોવા છતાં મુનિએ બોલવી નહીં. આ પ્રકારની ભાષાને સૂત્રકારે **અવક્તવ્ય સત્ય** કહી છે.

**વક્તવ્ય ભાષા :–**

**३** असच्चमोसं सच्चं च, अणवज्जमकक्कसं ।
समुप्पेहमसंदिद्धं, गिरं भासिज्ज पण्णवं ॥

**છાયાનુવાદ :** असत्यामृषां सत्यां च, अनवद्यामकर्कशाम् ।
समुत्प्रेक्षां असंदिग्धां, गिरं भाषेत प्रज्ञावान् ॥

**શબ્દાર્થ :– पण्णवं** = પ્રજ્ઞાવાન્ સાધુ **अणवज्जं** = નિરવદ્ય, પાપથી રહિત **अकक्कसं** = અકર્કશ કોમળ, મૃદુ **असंदिद्धं** = અસંદિગ્ધ, સંદેહ રહિત **असच्चमोसं गिरं** = અસત્યામૃષા, વ્યવહાર ભાષાને **सच्चं** = સત્ય ભાષાને **समुप्पेहं** = સારી રીતે વિચારીને **भासिज्ज** = બોલે.

**ભાવાર્થ :–** બુદ્ધિમાન્ ભિક્ષુ નિષ્પાપ, કોમળ, વિચારેલી અને સંદેહ રહિત સત્ય ભાષા અને વ્યવહાર ભાષા બોલે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં શ્રમણને કલ્પનીય ચાર ગુણોથી યુક્ત બે ભાષાઓ બોલવાનું નિરૂપણ છે. તે બોલવા યોગ્ય ભાષા બે પ્રકારની છે– સત્ય અને વ્યવહાર. તેના સૂત્રોક્ત ચાર ગુણો આ પ્રમાણે છે–

(૧) **अणवज्जं :–** જે ભાષા બોલવાથી કોઈ પણ સાવદ્ય કાર્યની પ્રેરણા ન થાય, કોઈનું દિલ ન દુભાય તે **અનવદ્ય(નિષ્પાપ)** ભાષા કહેવાય.

(૨) **अकक्कसं :–** જે ભાષા તીક્ષ્ણ અને ખૂંચતી ન હોય પરંતુ મૃદુ અને પ્રિયકારી હોય તે **અકર્કશ (કોમળ)** ભાષા કહેવાય.

(૩) **समुप्पेहं :–** બોલતાં પહેલાં જેના સંબંધમાં પૂર્ણ વિચાર કરી લીધો હોય કે– આ વચનો બોલવાથી હાનિ, લાભ શું થશે; મારે માટે બોલવા યોગ્ય છે કે કેમ ? બીજાને કોઈ પ્રકારે દુઃખકારી તો નહિં થાય ? ઈત્યાદિ વિચાર કર્યા પછી બોલાતી ભાષા **સારી રીતે વિચારેલી** ભાષા કહેવાય.

(૪) **असंदिद्धं :–** સ્પષ્ટ અને સત્ય જાણકારી યુક્ત બોલાતી ભાષા **અસંદિગ્ધ(સંદેહ રહિત)** ભાષા કહેવાય.

આ રીતે સત્ય અને વ્યવહાર બે કલ્પનીય ભાષાઓમાં પણ મુનિ આ ચાર ગુણયુક્ત ભાષાનો પ્રયોગ કરે.

**અસ્પષ્ટ મિશ્ર ભાષા ત્યાજ્ય :–**

**४** एयं च अट्ठमण्णं वा, जं तु णामेइ सासयं ।
स भासं सच्चमोसं च, तंपि धीरो विवज्जए ॥

**છાયાનુવાદ :** एतं चार्थमन्यं वा, यस्तु नामयति शाक्तम् ।
सा भाषा सत्यामृषाऽपि, तामपि धीरो विवर्जयेत् ॥

**શબ્દાર્થ :– एयं च अट्ठं** = આ અર્થ છે કે **अण्णं वा** = અન્ય અર્થ છે, આ વાતનું **जं तु** = જે ભાષા **सासयं** = નિર્ણય **णामेइ** = ન કરાવી શકે **स** = તે **सच्चमोसं च** = મિશ્ર **भासं** = ભાષા **तंपि** = તેનો પણ **धीरो** = ધૈર્યવાન, શ્રમણ **विवज्जए** = પૂર્ણ ત્યાગ કરે, ન બોલે.

**ભાવાર્થ :–** જે ભાષાથી આશય સ્પષ્ટ ન થાય, વિષયનો નિર્ણય ન થાય અથવા જે મોક્ષમાર્ગને પ્રતિકૂળ હોય, તેવી મિશ્ર ભાષા બુદ્ધિમાન સાધુ ન બોલે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથામાં વિષયનો સ્પષ્ટ નિર્ણય ન થાય તેવી અસ્પષ્ટ–મિશ્ર ભાષા પ્રયોગનો નિષેધ છે.

ગાથામાં પ્રયુક્ત **णामेइ** અને **सासयं** જેવા ગૂઢાર્થ અને અનેકાર્થવાળા શબ્દોના કારણે આ ગાથાના બે રીતે અર્થ થાય છે. (૧) જેનાથી વસ્તુ તત્ત્વનો, વિષયનો સ્પષ્ટાર્થ સમજી ન શકાય તેવી અસ્પષ્ટ મિશ્ર ભાષાનો મુનિ વર્જન કરે, ન બોલે. (૨) જેનાથી મોક્ષ માર્ગ કે સંયમ માર્ગમાં વિરોધ થાય તેવી મિશ્ર ભાષા પણ મુનિ ન બોલે. પ્રથમ અર્થ ભાષા પ્રકરણને લગતો છે જ્યારે બીજો અર્થ વિપરીત પ્રરૂપણ સંબંધી છે.

**जं तु णामेइ सासयं... :–** આ વાક્યના વિભિન્ન અર્થ થાય છે– (૧) જે શાશ્વત અર્થ પ્રકાશિત ન કરે (૨) જે મોક્ષમાર્ગમાં બાધક હોય (૩) જે ભાષા દ્વારા આશય સ્પષ્ટ ન થતો હોય (૪) જે શબ્દ પ્રયોગ અનેકાર્થક હોવાથી શ્રોતાને સંશયમાં નાંખી દે. આ રીતે અસ્પષ્ટ કે મિશ્ર ભાષાથી શ્રોતા ભ્રમિત થાય છે. જેમ કે– અશ્વત્થામા હણાયો ! વગેરે. સાધુ તેવી ભાષા ન બોલે. સાધુની ભાષા સરળતાયુક્ત અને સ્પષ્ટ હોવી જોઈએ.

## ભ્રમથી અસત્ય ભાષણમાં પણ પાપ :–

**૫** वितहं पि तहामुत्तिं, जं गिरं भासए णरो ।
तम्हा सो पुट्ठो पावेण, किं पुणं जो मुसं वए ॥

**છાયાનુવાદ :** वितथामपि तथामूर्तिं, यां गिरं भाषते नरः ।
तस्मात् स स्पृष्टः पापेन, किं पुनर्यो मृषा वदेत् ॥

**શબ્દાર્થ :– णरो** = જે મનુષ્ય, જે શ્રમણ **वितहंपि** = અન્ય વસ્તુને પણ, વેશથી વિપરીત વ્યક્તિને **तहामुत्तिं** = વેશ અનુસાર **जं** = જો **गिरं** = શબ્દપ્રયોગ **भासए** = કરે, અર્થાત્ સ્ત્રીનો વેશ દેખી પુરુષને સ્ત્રી કહે **तम्हा** = તેથી, તેવા વચનપ્રયોગથી પણ **सो** = બોલનાર વક્તા **पावेण** = પાપ વડે

**पुट्ठो** = ખરડાય છે, પાપથી સ્પૃષ્ટ થાય છે **पुणं** = તો પછી **जो** = જે પુરુષ **मुसं** = અસત્ય **वए** = ભાષણ કરે છે **किं पुणं** = તેના માટે તો શું કહેવું ?

**ભાવાર્થ :–** જે મનુષ્ય અન્ય વસ્તુને તેના આકાર વેશ જોઈને તે આકાર અનુસાર કહી દે તો તે પણ પાપથી સ્પૃષ્ટ થાય છે, તો પછી સ્પષ્ટ જુઠ્ઠું બોલનારના પાપનું તો કહેવું જ શું ? જેમ કે– કોઈ સ્ત્રીએ પુરુષનું રૂપ ધારણ કર્યું હોય તેવા વેશને જોઈને તેને કોઈ પુરુષ કહે તો પણ તે બોલનાર વ્યક્તિને સૂક્ષ્મ રીતે અસત્યનું પાપ લાગે છે. તો પછી સ્પષ્ટ રીતે જુઠ્ઠું બોલનારને પાપ લાગે તેમાં આશ્ચર્ય શું ?

## વિવેચન :–

પ્રસ્તુત ગાથામાં સૂક્ષ્મ અને સ્થૂલ, બંને પ્રકારના અસત્યથી પાપકર્મનો બંધ થાય છે, તેમ દર્શાવ્યું છે.

**वित्तहं पि तहामुत्तिं... :–** સ્થૂલ અસત્યમાં સામાન્ય રીતે સર્વ પ્રકારના અસત્યનો સમાવેશ થાય છે અને સૂક્ષ્મ અસત્યમાં અજાણતા, ભૂલથી કે ભ્રમથી બોલાતા અસત્યનો સમાવેશ થાય છે. પ્રસ્તુતમાં લિંગ– વેશભૂષાની વિપરીતતાના ભ્રમથી બોલાતા અસત્યનું કથન છે. જેમ કે કોઈ નાના છોકરાને છોકરીના વસ્ત્રો પહેરાવ્યા હોય અને કોઈ તેને ભ્રમથી "છોકરી છે" એમ કહે તો પણ તેને અસત્યનો દોષ થાય છે. આ વાતને સમજાવવા ગાથામાં બે શબ્દ વિશેષનો પ્રયોગ છે– **वितहं पि तहामुत्तिं** વિતથનો અર્થ છે વેશથી વિપરીત વ્યક્તિ અને **तहामुत्तिं** નો અર્થ છે વેશ અનુસાર કથન; બંનેનો અર્થ થાય છે– દેખાતા વેશમાં તેનાથી વિપરીત વ્યક્તિને વેશ પ્રમાણે સંબોધન કે નિર્દેશ કરવો તે સૂક્ષ્મ અસત્ય છે.

સત્ય ભાષાના દશ પ્રકારમાં ચોથો પ્રકાર **રૂપ સત્ય** છે. જેમ કે– પુરુષ વેષધારી સ્ત્રીને પુરુષ કહેવું તે રૂપ સત્ય ભાષા છે.

પ્રસ્તુત ગાથામાં આ પ્રકારની ભાષા પ્રયોગનો નિષેધ છે. તેનું તાત્પર્ય એ છે કે જ્યાં સ્ત્રી અથવા પુરુષ હોવામાં સંદેહ હોય, તેને કેવળ બાહ્ય વેષના આધારે જ સ્ત્રી કે પુરુષ ન કહેવું જોઈએ પરંતુ સ્ત્રી વેષધારી કે પુરુષ વેષધારી કહેવું જોઈએ.

સૂત્રકારે વિશાળ દષ્ટિકોણથી સત્ય આદિ બોલવા યોગ્ય અને ન બોલવા યોગ્ય ભાષાઓનું સ્પષ્ટી– કરણ કર્યું છે. તે પ્રમાણે સાધુઓએ સત્ય અને વ્યવહાર ભાષાનો વિવેકપૂર્વક પ્રયોગ કરવો જોઈએ.

## નિશ્ચયકારી ભાષાનો વિવેક :–

**६** **तम्हा गच्छामो वक्खामो, अमुगं वा णे भविस्सइ ।**
**अहं वा णं करिस्सामि, एसो वा णं करिस्सइ ॥**

**७** **एवमाइ उ जा भासा, एसकालम्मि संकिया ।**
**संपयाइयमट्ठे वा, तंपि धीरो विवज्जए ॥**

**છાયાનુવાદ :** तस्मात् गच्छामः वक्ष्यामः, अमुकं वा नो भविष्यति ।
अहं वा इदं करिष्यामि, एष वा इदं करिष्यति ॥६॥

एवमादि तु या भाषा, एष्यत्काले शङ्किता ।
साम्प्रतातीतार्थयोर्वा, तामपि धीरो विवर्जयेत् ॥७॥

**શબ્દાર્થ :– तम्हा** = આ પાપબંધનના કારણ **गच्छामो** = કાલે અમે જઈશું **वक्खामो** = અમે વ્યાખ્યાન આપીશું, કરીશું **णे** = અમારું **अमुगं** = અમુક કાર્ય **भविस्सइ** = થશે **अहं** = હું **णं** = આ કાર્ય **करिस्सामि** = કરીશ **एसो** = આ સાધુ **णं** = અમારું આ કાર્ય **करिस्सइ** = કરશે **एवमाइ उ** = આવી **भासा** = ભાષા **जा** = જે **एसकालम्मि** = ભવિષ્યત્કાલમાં **संपयाइयमट्ठे** = વર્તમાનકાળ અથવા અતીતકાળના વિષયમાં **संकिया** = શંકિત હોય **तंपि** = તેવી ભાષાનો પ્રયોગ કરવાનું **धीरो** = ધૈર્યવાન સાધુ **विवज्जए** = ત્યાગી દે.

**ભાવાર્થ :–** [જ્યારે વેશના ભ્રમથી પણ અસત્યનું પાપ લાગે છે, માટે–] અમે જશું, કહીશું, અમારું અમુક કાર્ય થશે(અમુક થવાનું છે) હું તે કરીશ, તેમજ આ માણસ તે કરશે વગેરે વગેરે ભાષાઓ, જે ભવિષ્ય કે વર્તમાન તથા અતીતકાલ વિષે અનિશ્ચિત હોય તે વિષયોમાં નિશ્ચયાત્મક રીતે ધૈર્યવાન મુનિ ન બોલે.

**૮** अईयम्मि य कालम्मि, पच्चुप्पण्णमणागए ।
जमट्ठं तु ण जाणेज्जा, एवमेयंति णो वए ॥

**છાયાનુવાદ :** अतीते च काले, प्रत्युत्पन्नाऽनागते ।
यमर्थं तु न जानीयात् एवमेतदिति नो वदेत् ॥

**શબ્દાર્થ :– अईयम्मि कालम्मि** = અતીત કાલ સંબંધી **पच्चुप्पण्णमणागए** = વર્તમાનકાળ અને ભવિષ્ય કાલ સંબંધી **जं** = જે **अट्ठं** = અર્થને, વસ્તુને **ण जाणिज्जा** = જાણતો ન હોય **तु** = તો તેને **एवमेयंति** = આ વસ્તુ આવા પ્રકારની છે એ પ્રમાણે **णो वए** = ન બોલે.

**ભાવાર્થ :–** ભૂતકાળ, વર્તમાનકાળ તથા ભવિષ્યકાળ સંબંધી જે બાબતમાં મુનિ જાણતો ન હોય, તેના વિષયમાં "આ આવું છે" આ રીતે કથન ન કરે.

**૯** अईयम्मि य कालम्मि, पच्चुप्पण्णमणागए ।
जत्थ संका भवे तं तु, एवमेयंति णो वए ॥

**છાયાનુવાદ :** अतीते च काले, प्रत्युत्पन्नाऽनागते ।
यत्र शंका भवेत्तत्तु, एवमेतदिति नो वदेत् ॥

**શબ્દાર્થ :–** **जत्थ** = જે પદાર્થોના વિષયમાં **संका** = શંકા **भवे** = હોય.

**ભાવાર્થ :–** ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળ સંબંધી, જે બાબતમાં મુનિને શંકા હોય (અર્થાત્ જે વિષયને નિશ્ચિતરૂપે જાણતા ન હોય) તે સંબંધમાં "આ આમ છે" તે પ્રમાણે ન કહે.

**૧૦** **अईयम्मि य कालम्मि, पच्चुप्पण्णमणागए ।**
**णिस्संकियं भवे जं तु, एवमेयं तु णिद्दिसे ॥**

**છાયાનુવાદ :** **अतीते च काले, प्रत्युत्पन्नाऽनागते ।**
**निःशङ्कितं भवेद्यत्तु, एवमेतदिति तु निर्दिशेत् ॥**

**શબ્દાર્થ :–** **जं** = જે પદાર્થ વિષે **णिस्संकियं** = નિઃશંકિત **भवे** = હોય **णिद्दिसे** = કહે.

**ભાવાર્થ :–** ભૂત, ભવિષ્ય તથા વર્તમાનકાળ સંબંધી જે બાબતમાં મુનિ સંશય રહિત હોય તે વિષયમાં "આ પદાર્થ આમ છે" (તેમ છે) એ પ્રમાણે કહે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં ત્રિકાલમાં થનારા કાર્ય વિષયક અને પદાર્થના સ્વરૂપ વિષયક નિશ્ચયકારી ભાષાના વિવેકનું કથન કર્યું છે.

**तम्हा गच्छामो... :–** આ પૂર્વની પાંચમી ગાથામાં વેષ સંબંધી શંકિત ભાષાનો નિષેધ કર્યો છે અને અહીં બે ગાથાઓમાં આગામી કાલની ક્રિયા સંબંધી નિશ્ચિત ભાષાનો નિષેધ છે, જેમ કે– હું આ કાર્ય કરીશ, હું આવીશ, જઈશ, અમુક વ્યક્તિ કરશે વગેરે ક્રિયા વિષયમાં મુનિ નિશ્ચયકારી ભાષાનો પ્રયોગ ન કરે. કારણ કે ભવિષ્યકાલ અવ્યક્ત અને અજ્ઞાત છે; ક્યારે શું થાય ? ક્યારે વિચારોમાં પરિવર્તન થઈ જાય ? તેનો નિશ્ચય કેવળી ભગવાન સિવાય અન્ય કોઈ સામાન્ય જ્ઞાની કરી શકતા નથી.

તેમ જ ભૂત, ભવિષ્ય, વર્તમાન ત્રણે ય કાલ સંબંધી કોઈ પણ વિષયની (૧) પૂર્ણ જાણકારી ન હોય (૨) તેમાં શંકા હોય તો તેના વિષયમાં મુનિ નિશ્ચયકારી ભાષા ન બોલે (૩) જે વિષયમાં તે નિઃશંક હોય, જે વિષયની યથાર્થ જાણકારી હોય તે વિષયમાં મુનિ સ્પષ્ટ અને નિશ્ચિત યોગ્ય ભાષાનો પ્રયોગ કરે.

**નિશ્ચયકારી ભાષાના દોષ :–** (૧) સાધુની ભાષાસમિતિ દૂષિત થાય. (૨) જિનાજ્ઞાનો લોપ થાય. (૩) સાધુના કથનમાં ફેર પડે તો લોકોને સાધુના વચન પરથી વિશ્વાસ ઊઠી જાય. (૪) લોકોને ધર્મ પ્રત્યેની શ્રદ્ધા ભક્તિ ઘટી જાય. (૫) શાસનની લઘુતા થાય.

ઉપરોક્ત નિષિદ્ધ ભાષાને બદલે મુનિ આ રીતે બોલે–

| નિશ્ચયકારી અકલ્પનીય ભાષા | મુનિને યોગ્ય ભાષા |
|---|---|
| ૧. હું આ કાર્ય કરીશ. | ૧. મારે આ કાર્ય કરવાના ભાવ છે. હું આ કાર્ય કરવાની કોશીશ કરીશ. |
| ૨. હું આવીશ. | ૨. મારે આવવાના ભાવ છે. હું આવવાનો પ્રયત્ન કરીશ. |
| ૩. જઈશ. | ૩. મારે જવાનો વિચાર છે, હું શક્ય પ્રયત્ને જઈશ. મારી જવાની પ્રબલ ઈચ્છા છે, ભાવના છે. |
| ૪. અમુક વ્યક્તિ તે કાર્ય કરશે. | ૪. અમુક વ્યક્તિ આ કાર્ય કરી શકશે, અમુક વ્યક્તિ આ કાર્ય કરવા સમર્થ છે. |
| ૫. અમે જઈશું. | ૫. અમે જવાના છીએ, અમારે જવાનો વિચાર પાકો છે, અમારે જવાના ભાવ વર્તે છે. |
| ૬. કહીશું. | ૬. અમે એમ કહેવાના ભાવ રાખીએ છીએ. અમે કહેવાનો પ્રયત્ન કરશું. |
| ૭. અમારું અમુક કાર્ય થશે. | ૭. અમારું અમુક કાર્ય થવાની શક્યતા છે. અમારું કાર્ય થશે એવી પૂરી ઉમ્મીદ છે. |

આ રીતે આગામી કાલની ક્રિયા સંબંધી મુનિને ભાષા પ્રયોગનો વિવેક અને અભ્યાસ હોવો જોઈએ. સાધુની ભાષા નિશ્ચયકારી ન બને તે માટે– અવસરે, દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવ પ્રમાણે, વગેરે શબ્દ પ્રયોગ કરીને બોલવાનું મુનિ ધ્યાન રાખે. આ પ્રકારના પ્રયોગોનો ગુરુ પરંપરાથી અભ્યાસ અનુભવ કરી, પોતાની સાવધાનીથી મુનિ ભાષા પ્રયોગ કરે.

**ત્રૈકાલિક – ભાષા પ્રયોગ**

| અકલ્પનીય ભાષા | કલ્પનીય ભાષા |
|---|---|
| ૧. તે મુનિ કાલે સાંજે વિહાર કરી ગયા. | ૧. તે મુનિ કાલે આવ્યા ત્યારે સાંજે વિહાર કરવાનું કહેતા હતા. [કોઈના આગ્રહથી રોકાઈ જાય અથવા શારીરિક તકલીફ થઈ જાય તો કાર્યક્રમ બદલાઈ શકે છે.] |
| ૨. તે ભાઈ નીચે બેઠા છે. | ૨. તેઓ નીચે બેઠા હશે, થોડીક વાર પહેલાં તે નીચે હતા. |
| ૩. તે મુનિ માસખમણ કરશે. | ૩. તે મુનિ માસખમણ કરવાના ભાવ રાખે છે. |

## કઠોર અને પરપીડાકારી ભાષાનો નિષેધ :-

**११** तहेव फरुसा भासा, गुरुभूओवघाइणी ।
सच्चा वि सा ण वत्तव्वा, जओ पावस्स आगमो ॥

**છાયાનુવાદ :** तथैव परुषा भाषा, गुरुभूतोपघातिनी ।
सत्यापि सा न वक्तव्या, यतः पापस्यागमः ॥

**શબ્દાર્થ :- तहेव** = તેમજ જે **भासा** = ભાષા **फरुसा** = કઠોર હોય **गुरुभूओवघाइणी** = ઘણા પ્રાણીઓને આઘાત પહોંચાડનારી હોય **सा** = તે ભાષા **सच्चा वि** = સત્ય હોવા છતાં પણ **ण वत्तव्वा** = અવક્તવ્ય છે સાધુથી બોલાય નહીં **जओ** = જે ભાષાથી **पावस्स** = પાપકર્મનું **आगमो** = આગમન થાય છે, બંધ થાય છે.

**ભાવાર્થ :-** બીજા જીવોની લાગણી દુભાય તેવી હિંસક તથા કઠોર ભાષા સત્ય હોય તો પણ તે ભાષા સાધુ બોલે નહીં, કારણ કે તેવી વાણીથી પાપકર્મોનો બંધ થાય છે.

**१२** तहेव काणं काणे त्ति, पंडगं पंडगे त्ति वा ।
वाहियं वावि रोगि त्ति, तेणं चोरे त्ति णो वए ॥

**છાયાનુવાદ :** तथैव काणं "काण" इति, पण्डकं "पण्डक" इति वा ।
व्याधितं वाऽपि रोगीति, स्तेनं "चोर" इति नो वदेत् ॥

**શબ્દાર્થ :- तहेव** = તેમજ **काणं** = કાણાને **काणे त्ति** = કાણો છે એમ **पंडगं** = નપુંસકને **वाहियं** = વ્યાધિવાળાને **रोगि त्ति** = આ રોગી છે એમ **तेणं** = ચોરને **चोरे त्ति** = ચોર છે એમ **णो वए** = કહે નહિ.

**ભાવાર્થ :-** કાણાને કાણો, નપુંસકને નપુંસક, રોગીને રોગી અને ચોરને ચોર, એવી ભાષા સત્ય હોવા છતાં પણ સાધુ ન બોલે.

**१३** एएणण्णेण अट्ठेण, परो जेणुवहम्मइ ।
आयारभावदोसण्णू, ण तं भासिज्ज पण्णवं ॥

**છાયાનુવાદ :** एतेनान्येनार्थेन, परो येनोपहन्यते ।
आचारभावदोषज्ञः, न तं भाषेत प्रज्ञावान् ॥

**શબ્દાર્થ :- एएण** = આ રીતે અને **अण्णेण अट्ठेण** = અન્ય રીતે **जेण** = જેનાથી **परो** = બીજા પ્રાણી **उवहम्मइ** = પીડિત થાય છે **तं** = તે અર્થને **आयारभाव** = આચાર ભાવના, સંયમના

**दोसण्णू** = દોષોને જાણનારા **पण्णवं** = પ્રજ્ઞાવાન સાધુ **तं** = તે પ્રકારે **ण भासिज्जा** = ભાષણ ન કરે, ન બોલે.

**ભાવાર્થ :–** ભાષા સંયમના દોષોને જાણનારા, પ્રજ્ઞાશીલ મુનિ આવી(ગાથા ૧૨માં નિષિદ્ધ ભાષા) તથા આવા જ પ્રકારની અન્ય ભાષા કે જેથી પ્રાણીઓને પીડા થાય કે કોઈનું હૃદય દુભાય, તેવી ભાષા બોલે નહિ.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં પર પીડાકારી અને કઠોર ભાષા સંબંધી વિવેક શીખવવામાં આવ્યો છે અને મુનિને બે વિશિષ્ટ ગુણોથી સંબોધિત કર્યા છે.

**आयार भाव दोसण्णू :–** આચાર ભાવ = ભાષાનું પ્રકરણ હોવાથી ભાષા સંબંધી સંયમાચાર, તેમ અર્થ થાય છે. **दोसण्णू** = દોષોને જાણનાર અને અપેક્ષાથી ગુણ અને દોષ બંનેનો જાણનાર. આ રીતે સંપૂર્ણ પદનો અર્થ થાય કે ભાષામાં સંબંધી સંયમાચારના ગુણ–દોષોને જાણનાર મુનિ.

**पण्णवं :–** પ્રજ્ઞાવાન. આગમોમાં અનેક સ્થળે મુનિ માટે આ શબ્દ મળે છે. મુનિના સન્માનાર્થે આ સંબોધન સૂચક શબ્દ છે. તેનો અર્થ છે– બુદ્ધિમાન, પ્રજ્ઞાવાન, બુદ્ધિશાળી. સામાન્ય બુદ્ધિવાળા સાધક પોતાના વિવેકથી નિર્ણય કરવામાં અસમર્થ હોય છે. તેઓ ગુરુ આજ્ઞા અને સંસ્કાર કે અભ્યાસથી ભાષાનો વિવેક જાળવી શકે; પરંતુ પ્રજ્ઞાવાન સાધક દરેક સ્થિતિમાં સ્વનિર્ણાયક થઈ શકે છે.

ગાથાઓમાં નિરૂપિત વિષય શબ્દાર્થ અને ભાવાર્થથી સ્પષ્ટ છે. સંક્ષેપમાં સાધુ કઠોર કે પરપીડાકારી ભાષાનો પ્રયોગ ન કરે.

## સંબોધન સંબંધી ભાષાનો વિવેક :–

**૧૪** तहेव होले गोले त्ति, साणे वा वसुले त्ति य ।
दमए दुहए वा वि, णेवं भासिज्ज पण्णवं ॥

**છાયાનુવાદ :** तथैव "होलः" "गोल" इति, 'श्वा' वा "वृषल" इति च ।
'द्रमको' दुर्भगश्चाऽपि, नैवं भाषेत प्रज्ञावान् ॥

**શબ્દાર્થ :– तहेव** = તેમજ **होले** = મૂર્ખ ! **गोले त्ति** = જારથી ઉત્પન્ન થયેલ માટે રે ગોલક ! **साणे** = રે શ્વાન !, ઓ કૂતરા ! **वसुले** = ઓ વૃષલ, રે વ્યભિચારી ! **दमए** = રે કંગાલ, ઓ ભિખારી **दुहए** = ઓ (અરે) દુર્ભાગી **पण्णवं** = પ્રજ્ઞાવાન મુનિ.

**ભાવાર્થ :–** આ જ રીતે પ્રજ્ઞાવાન મુનિ– રે મૂર્ખ ! રે ગોલક ! રે શ્વાન ! ઓ વ્યભિચારી ! રે ભિખારી ! રે દુર્ભાગી ! તેવા શબ્દોથી કોઈને બોલાવે નહિ.

**१५** अज्जिए पज्जिए वा वि, अम्मो माउस्सियत्ति य ।
पिउस्सिए भाइणेज्ज त्ति, धूए णत्तुणिए त्ति य ॥

**१६** हले हले त्ति अण्णे त्ति, भट्टे सामिणि गोमिणि ।
होले गोले वसुले त्ति, इत्थियं णेवमालवे ॥

**છાયાનુવાદ :** आर्यिके ! प्रार्यिके ! वाऽपि, अम्ब ! मातृष्वसः ! इति च ।
पितृष्वसः ! भागिनेयीति, दुहितः ! नप्तृके इति च ॥१५॥

हले हला इति 'अन्ने' इति, भट्टे स्वामिनि ! गोमिनि !
होले गोले वृषले इति, स्त्रियं नैवमालपेत् ॥१६॥

**શબ્દાર્થ :– अज्जिए** = હે દાદી, નાની **पज्जिए** = હે વડદાદી, વડનાની **अम्मो** = હે અમ્મા, મા **माउस्सियत्ति** = હે માસી ! **पिउस्सिए** = હે ફઈબા ! **भाइणेज्ज त्ति** = હે ભાણેજી ! **धूए** = હે પુત્રી ! **णत्तुणिए त्ति** = હે પૌત્રી! **हले हले त्ति** = હે હલે, હે હલા ! એમ **अण्णे त्ति** = હે અન્ને ! (વેશ્યા) એમ **भट्टे** = હે ભટ્ટે ! ચાકરડી **सामिणि** = હે સ્વામિનિ !, હે શેઠાણી **गोमिणि** = હે ગોમિનિ ! **होले** = રે મૂર્ખા ! **गोले** = રે ગોલી! **वसुले त्ति** = રે વ્યભિચારિણી ! **एवं** = આ પ્રકારના સંબોધન વચનોથી મુનિ સાધુ **इत्थियं** = સ્ત્રીને **ण आलवे** = બોલાવે નહિ.

**ભાવાર્થ :–** હે દાદી ! હા વડદાદી ! હે માતા ! હે માસી ! હે ફઈબા ! હે ભાણેજી ! હે બેટી ! હે પૌત્રી ! તેમજ અરે ફલાણી, અલી ! અરે સખી ! (વેશ્યા) અરે છોકરી ! તથા અરે ચાકરડી અરે શેઠાણી ! અરે ગોમિની ! રે મૂર્ખ ! રે લંપટ ! રે દુરાચારિણી ! વગેરે કૌટુંબિક અને તોછડાં સંબોધનોથી મુનિ સ્ત્રીઓને ન બોલાવે.

**१७** णामधिज्जेण णं बूया, इत्थिगोत्तेण वा पुणो ।
जहारिहमभिगिज्झ, आलविज्ज लविज्ज वा ॥

**છાયાનુવાદ :** नामधेयेन तां ब्रूयात्, स्त्री गोत्रेण वा पुनः ।
यथार्हमभिगृह्य, आलपेत् लपेत् वा ॥

**શબ્દાર્થ :– णामधिज्जेण** = નામથી **बूया** = બોલાવે **इत्थीगोत्तेण वा** = અથવા તે સ્ત્રીનું જે ગોત્ર હોય તે ગોત્રથી બોલાવે **जहारिहं** = આ રીતે તેને માટે પ્રચલિત યોગ્ય નામને **अभिगिज्झ** = સ્મૃતિમાં રાખી, પ્રસંગ આવતાં તે નામથી **आलविज्ज** = એકવાર બોલાવે **लविज्ज** = વારંવાર (બે–ત્રણ વાર) બોલાવે.

**ભાવાર્થ :–** મુનિ સ્ત્રીને તેના નામ કે ગોત્રથી અથવા તેના માટે પ્રસિદ્ધ એવા કોઈ પણ યોગ્ય નામને યાદ રાખી તે નામથી એકવાર કે બે–ત્રણવાર ઉચ્ચારણ કરીને બોલાવે.

१८ अज्जए पज्जए वा वि, बप्पो चुल्लपिउ त्ति य ।
माउला भाइणेज्ज त्ति, पुत्ते णत्तुणिय त्ति य ॥

१९ हे हो हले त्ति अण्णे त्ति, भट्टा सामिय गोमिए ।
होल गोल वसुले त्ति, पुरिसं णेवमालवे ॥

**છાયાનુવાદ :** आर्यक ! प्रार्यक ! वाऽपि, वप्तः ! क्षुल्लपितः इति च ।
मातुल ! भागिनेयेति, पुत्र ! नप्तः! इति च ॥१८॥

हे ! भो ! हलेति अन्नेति, भट्ट ! स्वामिक ! गोमिक !
होल ! गोल ! वृषल इति, पुरुषं नैवमालपेत् ॥१९॥

**શબ્દાર્થ :–** **अज्जए** = દાદા **पज्जए** = વડ દાદા, પિતાના દાદા **बप्पो** = પિતા **चुल्लपिउ त्ति** = કાકા **माउलो** = મામા **भाइणेज्ज त्ति** = ભાણેજ **पुत्ते** = પુત્ર **णत्तुणिय त्ति** = પૌત્ર **हे** = હે **हो** = ભો, અરે **हले त्ति** = હે હલે **अण्णे त्ति** = હે અન્યે, એ છોકરા **भट्टे** = હે ભટ્ટ **सामिय** = હે સ્વામિન્ !, ઓ શેઠ ! **गोमिए** = હે ગોમિક, ગવાર, અહીર, ગ્વાલા ! **होल** = હે મૂર્ખ ! **गोल** = હે લંપટ ! **वसुले त्ति** = હે દુરાચારી ! **एवं** = આ પ્રમાણે **पुरिसं** = કોઈ પણ ગૃહસ્થને **ण आलवे** = બોલાવે નહિ.

**ભાવાર્થ :–** 'હે દાદા ! વડ દાદા ! પિતા, કાકા, મામા, ભાણેજ, પુત્ર, પૌત્ર' આ પ્રમાણે સંબંધ વાચક વિશેષણોથી તેમજ હે ! અરે ! રે ફલાણા ! અરે મિત્ર, અરે છોકરા ઓ સ્વામી ! રે ગવાર ! રે મૂર્ખ ! રે લંપટ! હે દુરાચારી ! વગેરે દીનતા ભરેલા કે તોછડા સંબોધનોથી મુનિ પુરુષોને બોલાવે નહિ.

२० णामधिज्जेण णं बूया, पुरिसगोत्तेण वा पुणो ।
जहारिहमभिगिज्झ, आलविज्ज लविज्ज वा ।

**છાયાનુવાદ :** नामधेयेन तं ब्रूयात्, पुरुष गोत्रेण वा पुनः ।
यथार्हमभिगृह्य, आलपेत् लपेत् वा ॥

**શબ્દાર્થ :–** **णामधिज्जेण** = પુરુષના નામથી **वा पुणो** = અથવા **पुरिसगोत्तेण** = પુરુષના ગોત્રથી.

**ભાવાર્થ :–** મુનિ પુરુષને તેના નામ ગોત્ર પ્રમાણે સંબોધન કરીને અથવા તેની યોગ્યતા અનુસાર તેના પ્રચલિત નામને યાદ રાખી, એકવાર અથવા અનેક વાર તે નામથી બોલાવે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં મુનિઓ માટે સ્ત્રી અને પુરુષના સંબોધનવાચક શબ્દ પ્રયોગનો વિવેક પ્રદર્શિત

કર્યો છે.

સાધુને ગૌચરી માટે અથવા ઉપદેશાદિના પ્રસંગે ગૃહસ્થોના સંપર્કમાં રહેવાનું થાય છે. તેમાં ક્યારેક તેઓને સંબોધન પૂર્વક બોલાવવાનો પ્રસંગ પણ આવી જાય છે. ત્યારે મુનિએ પોતાના સંયમી જીવનની મર્યાદા અનુસાર વિવેક જાળવવો જોઈએ.

**अज्जए पज्जए वा वि... :–** પ્રસ્તુત ગાથામાં પોતાના સંસારી સ્વજનોને અથવા અન્ય ગૃહસ્થોને સંસારી સંબંધવાચક શબ્દોથી સંબોધિત કરવાનો કે બોલાવવાનો સ્પષ્ટ નિષેધ છે. તેનું કારણ એ છે કે આ પ્રકારના શબ્દો ગૃહસ્થોચિત છે. મુનિ ગૃહત્યાગી હોય છે, માટે તેનો સંબોધન સંબંધી ભાષા પ્રયોગ સાધ્વોચિત હોવો જોઈએ. દાદા, કાકા, મામા, દાદી, કાકી, માસી, ફૈબા વગેરે સંબોધનો સાધુના મુખે શોભતા નથી. ખરેખર આ પ્રકારના સંબોધનો લોકસંજ્ઞા અને રાગભાવને પ્રદર્શિત કરે છે. આ કારણે તેવા સંબોધનો માટે મુનિને પ્રભુ આજ્ઞા કે શાસ્ત્રાજ્ઞા નથી.

**हले हले त्ति... :–** આ સંબોધનો પણ સાંસારિક છે. પૂર્વગાથાના શબ્દો કૌટુંબિક સંબંધ સૂચક છે જ્યારે આ ગાથાના શબ્દો સ્વામી, સેવક કે માલિક, કર્મચારીની પ્રમુખતાવાળા છે.

**तहेव होले गोलेति... :–** હોલ, ગોલ, વ્યભિચારી, ભિખારી, કૂતરા, ચોર વગેરે સંબોધનો અપમાનજનક, નિંદાજનક કે તિરસ્કારજનક અસભ્ય વચન છે. આ પ્રકારના શબ્દો પરપીડાકારી છે તેમજ લોકમાં તે અપશબ્દ કે તોછડા(તુચ્છ) શબ્દ કહેવાય છે. મહાવ્રતધારી શ્રમણોને તેવા શબ્દો બોલવા શોભતા નથી. આ પ્રકારના તુચ્છ સંબોધનો ક્યારેક કષાય કે ક્લેશના નિમિત્ત બની જાય છે. તેમજ આવા શબ્દનો પ્રયોગ ક્લેશ કષાયના પ્રસંગે થાય છે.

**णामधिज्जेण णं बूया... :–** સ્ત્રી કે પુરુષનું ગૌરવ જળવાઈ રહે તે પ્રમાણે મુનિએ સંબોધન કરવાનો વિવેક રાખવો જોઈએ. તે માટે આ ગાથામાં માર્ગદર્શન આપ્યું છે. યથા– મુનિએ સ્ત્રી કે પુરુષને આમંત્રણ આપવું કે બોલાવવું જરૂરી હોય ત્યારે– (૧) મધુર ભાષામાં તેનું નામ લઈને બોલાવવા (૨) જો નામ ન આવડતું હોય તો ગોત્રથી સંબોધન કરવું. (૩) જો નામ કે ગોત્રનો પરિચય ન હોય તો દેશ, કાલ અનુસાર, સામી વ્યક્તિની યોગ્યતા અનુસાર પ્રિયકારી સંબોધન કરવા. યથા– હે માજી ! હે ભદ્રે ! હે ધર્મશીલા ! હે દેવાનુપ્રિય ! શ્રાવકજી વગેરે. આચારાંગ સૂત્રમાં પણ આ પ્રકારનો ભાષા વિવેક દર્શાવ્યો છે. તદ્નુસાર ઓ ભાઈ ! ઓ બહેન ! શબ્દોનો પ્રયોગ પણ કરી શકાય છે. કારણ કે શાસ્ત્રમાં તે શબ્દોના પ્રયોગની ગણના સાધુ ભાષામાં જ થઈ છે.

**जहारिहमभिगिज्झ :–** યોગ્યતા–અયોગ્યતાનો વિચાર કરીને અર્થાત્ સામી વ્યક્તિના દેશ, કાલ, ઐશ્વર્ય આદિનો વિચાર કરીને તેને અનુરૂપ અન્ય કોઈપણ વિવેક પૂર્ણ સંબોધનનો પ્રયોગ કરી શકાય છે.

ઉપરોક્ત ગાથાઓનું હાર્દ એ છે કે સાધુ સંબંધ વાચક સંબોધનોનો અને તુચ્છ સંબોધનોનો પ્રયોગ કરી કોઈને બોલાવવું નહીં. જ્યારે મુનિને કોઈ વ્યક્તિનો પરિચય આપવો હોય ત્યારે સંબંધ વાચક શબ્દનો પ્રયોગ કરી શકે છે. યથા– દેવાનંદા બ્રાહ્મણીના હાવભાવ જોઈ ગૌતમ સ્વામીએ પ્રશ્ન કર્યો– હે

ભગવન્ ! દેવાનંદાની આવી સ્નેહપૂર્ણ સ્થિતિનું શું કારણ છે ? ત્યારે પ્રભુએ કહ્યું– **एस णं गोयमा ! मम अम्मया** = હે ગૌતમ ! આ મારી **માતા** છે.–*[* શ્રી ભગવતી સૂત્ર *]* આ રીતે સ્વરૂપ દર્શક વચન મુનિ બોલી શકે છે. તેમ છતાં વર્તમાનમાં શ્રમણ પરંપરામાં આવા સંબંધ વાચક શબ્દો સાથે **સાંસારિક** શબ્દ જોડીને બોલાય છે; તેની પાછળ પણ વિવેક દષ્ટિ રહેલી છે. જેમ કે– આ મારી સંસારી માતા છે.

**પંચેન્દ્રિય સંબંધી ભાષા વિવેક :-**

**૨૧**

**पंचिंदियाण पाणाणं, एस इत्थी अयं पुमं ।**
**जाव णं ण वियाणेज्जा, ताव जाइ त्ति आलवे ॥**

**છાયાનુવાદ :** पञ्चेन्द्रियाणां प्राणानां, एषा स्त्री अयं पुमान् ।
यावत्तां न वियानीयात् तावत् 'जातिः' इत्यालपेत् ॥

**શબ્દાર્થ :– पंचिंदियाण** = પંચેન્દ્રિય **पाणाणं** = પ્રાણીઓને દૂરથી જોઈને **जाव** = જ્યાં સુધી **एस** = આ **इत्थी** = સ્ત્રી છે **अयं पुमं** = આ પુરુષ છે **ण वियाणिज्जा** = જાણે નહિ **ताव** = ત્યાં સુધી સાધુ **जाइ त्ति** = જાતિને આશ્રિત કરીને જ **आलवे** = બોલાવે.

**ભાવાર્થ :–** મનુષ્ય સિવાય ઈતર પંચેન્દ્રિય પ્રાણીઓ અંગે જ્યાં સુધી આ નર છે કે માદા છે તેવો નિશ્ચય ન થાય ત્યાં સુધી મુનિ તેની જાતિથી જ કથન કરે અર્થાત્ આ કૂતરાની જાત છે તેમ **જાત** શબ્દ જોડીને બોલે પરંતુ "આ કૂતરો છે", "આ કૂતરી છે", તેવી ચોક્કસ ભાષા નિશ્ચય ન થાય ત્યાં સુધી ન બોલે.

**૨૨**

**तहेव मणुस्सं पसुं, पक्खि वा वि सरीसवं ।**
**थूले पमेइले वज्झे, पाइमे त्ति य णो वए ॥**

**છાયાનુવાદ :** तथैव मनुष्यं पशुं, पक्षिणं वाऽपि सरीसृपम् ।
स्थूलःप्रमेदुरो वध्यः, पाक्य इति च नो वदेत् ॥

**શબ્દાર્થ :– तहेव** = તેમજ **माणुस्सं** = મનુષ્યોને **पसुं** = પશુને **पक्खि** = પક્ષીને **सरीसवं वि** = સર્પ આદિને જોઈને **थूले** = આ સ્થૂલ છે **पमेइले** = આ વિશેષ મેદવાળો છે **वज्झे** = વધ કરવા યોગ્ય છે **पायमित्ति** = પકાવવા યોગ્ય છે, એ પ્રમાણે **णो वए** = કદાપિ ન બોલે.

**ભાવાર્થ :–** તેમજ મનુષ્ય, પશુ, પક્ષી કે સર્પ આદિને જોઈને– "આ જાડો છે, આ તાજો તગડો છે(તેના શરીરમાં માંસ ખૂબ છે), આ વધ કરવા યોગ્ય છે કે પકાવવા યોગ્ય છે," તેવું હિંસાજનક વચન મુનિ ન બોલે.

**૨૩**

**परिवुड्ढे त्ति णं बूया, बूया उवचिए त्ति य ।**
**संजाए पीणिए वा वि, महाकाए त्ति आलवे ॥**

**છાયાનુવાદ :** **परिवृद्ध इत्येनं ब्रूयाद्, ब्रूयादुपचित इति च ।**
**संजातः प्रीणितो वाऽपि, महाकाय इत्यालपेत् ॥**

**શબ્દાર્થ :– णं** = પરંતુ (પૂર્વોક્ત પશુ, પક્ષી આદિને) **परिवुड्ढे त्ति** = આ સામર્થ્યવાન્ છે, બલવાન છે તેમ **बूया** = બોલે **उवचिए त्ति** = આ માંસલ છે, ભર્યા શરીરવાળો છે તેમ **बूया** = કહે **संजाए** = આ પરિપૂર્ણ અંગોપાંગવાળો છે, તેનો ઉછેર સારી રીતે થયો છે **पीणिए** = પુષ્ટ છે, મસ્ત શરીરી છે **महाकाए त्ति** = આ વિશાલકાય છે એમ **आलवे** = કહે.

**ભાવાર્થ :–** મનુષ્યાદિના સંબંધમાં કહેવાનું ખાસ પ્રયોજન હોય તો મુનિ તેને આ સામર્થ્યવાન્ છે; માંસલ છે; ભરાવદાર શરીરવાળા છે, પરિપૂર્ણ અંગોપાંગવાળો છે; પુષ્ટ કે મસ્ત શરીરવાળો છે; વિશાળ કાય છે; એ પ્રમાણે નિર્દોષ વચન બોલે.

**૨૪** **तहेव गाओ दुज्झाओ, दम्मा गोरहग त्ति य ।**
**वाहिमा रहजोगि त्ति, णेवं भासिज्ज पण्णवं ॥**

**છાયાનુવાદ :** **तथैव गावो दोह्याः, दम्या गोरहका इति च ।**
**वाह्या रथयोग्या इति, नैवं भाषेत प्रज्ञावान् ॥**

**શબ્દાર્થ :– गाओ** = આ ગાયો **दुज्झाओ** = દોહવા યોગ્ય છે **गोरहगा** = વૃષભ, બળદ, ગોધાઓ, વાછરડાઓ **दम्मा** = દમન કરવા યોગ્ય છે, નાથવા યોગ્ય છે **वाहिमा** = ભારવહન કરવા યોગ્ય છે **रहजोग त्ति** = રથમાં જોડવા યોગ્ય છે.

**ભાવાર્થ :–** તે જ રીતે આ ગાયો દોહવા યોગ્ય છે; વાછરડાઓ નાથવા યોગ્ય છે; બળદો ભાર વહન કરવા યોગ્ય છે, તેમજ રથમાં જોડવા યોગ્ય છે; તેવી સાવદ્ય ભાષા પ્રજ્ઞાવાન મુનિ ન બોલે.

**૨૫** **जुवं गवे त्ति णं बूया, धेणुं रसदय त्ति य ।**
**रहस्से महल्लए वा वि, वए संवहणे त्ति य ॥**

**છાયાનુવાદ :** **युवा गौरित्येनं ब्रूयाद्, धेनुं रसदेति च ।**
**ह्रस्वो वा महान् वाऽपि, वदेत् संवहन इति च ॥**

**શબ્દાર્થ :– णं** = તે ગો વંશને જોઈને મુનિ **बूया** = આવી નિરવદ્યભાષા બોલે **जुवं गवे त्ति** = આ બળદ યુવાન છે **धेणुं** = ગાયને દેખીને **रसदय त्ति** = આ ગાય રસાળ છે, દૂધ દેનારી છે **रहस्से** = આ નાનો બળદ છે **महल्लए** = આ મોટો વૃષભ છે **संवहणित्ति** = આ બળદ સંવહન યોગ્ય છે, ભાર વહન કરવામાં સમર્થ છે, ધોરી છે.

**ભાવાર્થ :–** તે ગોવંશને જોઈને મુનિ આ પ્રમાણે બોલે– આ બળદ તરુણ છે. આ ગાય દુઝણી છે. આ બળદ નાનો અથવા મોટો છે અને આ બળદ ધોરી છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં પંચેન્દ્રિય જીવો સંબંધી વિધિ અને નિષેધરૂપે ભાષાનો વિવેક પ્રદર્શિત કર્યો છે.

**ताव जाइ त्ति आलवे :–** પંચેન્દ્રિય જીવોમાં નર કે માદાનો નિશ્ચય ન થાય ત્યાં સુધી તેને જાતિથી જ સંબોધન કરવું ઉચિત છે. સ્ત્રી, પુરુષના નિશ્ચય વિના તેને સ્ત્રી કે પુરુષ બોલવાથી તેમાં અસત્ય ભાષણની સંભાવના રહે છે.

જે શબ્દો ભાષા સાહિત્યમાં(ભાષાની દષ્ટિએ) સ્ત્રીલિંગ કે પુરુષલિંગરૂપે પ્રચલિત હોય તે શબ્દનો તે રીતે પ્રયોગ કરવામાં કોઈ દોષ નથી; કારણ કે તે ભિન્ન વિષય છે, તેનો અહીં પ્રસંગ નથી. જેમ કે પથ્થર, માટી, કીડી, મકોડા, ભમરો, માખી વગેરે. આ સર્વ જીવો નપુંસક વેદવાળા હોવા છતાં તેના માટે સ્ત્રીલિંગ કે પુરુષલિંગ વાચી શબ્દ પ્રયોગ, ભાષા શાસ્ત્રની દષ્ટિએ(વ્યાકરણની અપેક્ષાએ) થાય છે.

**तहेव मणुसं पसुं... :–** બાવીસમી ગાથામાં મનુષ્ય પશુ સંબંધી નહીં બોલવા યોગ્ય શબ્દો છે અને ગાથા ૨૩માં તેઓ માટે બોલવા યોગ્ય શબ્દો છે– (૧) નહીં બોલવા યોગ્ય શબ્દો પાછળ માનવ પ્રકૃતિના અવગુણો તેમજ અવિવેક હોય છે અને પરિણામોમાં સામેની વ્યક્તિ પ્રત્યે હાસ્ય, કુતૂહલ, ચંચળતા, છીછરાપણું, તિરસ્કાર કે અપમાનના ભાવો ભરેલા હોય છે તેમજ કોઈ શબ્દો તે જીવો માટે અમનોજ્ઞ, પરિતાપકારી અને હિંસાકારી હોય છે; ઈત્યાદિ કારણોથી તે શબ્દો નહીં બોલવા યોગ્ય છે. (૨) બોલવા યોગ્ય શબ્દો પાછળ માનવ પ્રકૃતિના ગુણો– ગંભીરતા, વિચારકતા અને વિવેક હોય છે અને સામેની વ્યક્તિની લાગણી ન દુભાય તેવા સહજ અને સુંદર શબ્દો શોધીને બોલવાનો પ્રયત્ન હોય છે; માટે તે શબ્દોને અહીં બોલવા યોગ્ય કહ્યા છે.

મનુષ્યોને અને કેટલાક પશુઓને પોતાના માટે અપમાનજનક કે તિરસ્કારજનક શબ્દો સાંભળીને દુઃખ થાય, તેનાથી તેમને બોલનાર પ્રત્યે વૈરભાવ થાય અને બદલો લેવાની ભાવના થાય, તેથી પાપની પરંપરા વધે; એમ જાણીને મુનિ ભાષા બોલવામાં પૂર્ણ વિવેક રાખે.

**तहेव गाओ दुज्झाओ... :–** ચોવીસમી ગાથામાં ગાય, વાછરડા કે બળદ માટે નહીં બોલવા યોગ્ય શબ્દો છે અને પચીસમી ગાથામાં તેઓ માટે બોલવા યોગ્ય શબ્દો છે. તે શબ્દો પાછળનો આશય ઉપર પ્રમાણે સમજવો. વિષયની સ્પષ્ટતા શબ્દાર્થ ભાવાર્થમાં થઈ ગઈ છે.

ગાય દોહવા યોગ્ય છે, બળદ નાથવા યોગ્ય છે, રથમાં જોડવા યોગ્ય છે, તેવી ભાષા આરંભકારી, પશુઓ માટે પીડાકારી અને સાવદ્યકારી છે. પરંતુ ગાય દુઝણી છે, બળદ યુવાન છે વગેરે શબ્દપ્રયોગ નિરવદ્યભાષા રૂપ છે.

સૂત્રકારનું આ પ્રકારનું વિધેયાત્મક અને નિષેધાત્મક સૂચન સાધુ જીવનમાં ભાષા સમિતિની સતત જાગૃતિ માટે પ્રેરક છે.

**વનસ્પતિ જીવો સંબંધી ભાષા વિવેક :-**

**२६** **तहेव गंतुमुज्जाणं, पव्वयाणि वणाणि य ।**
**रुक्खा महल्ल पेहाए, णेवं भासिज्ज पण्णवं ॥**

**२७** **अलं पासायखंभाणं, तोरणाणं गिहाण य ।**
**फलिहग्गलणावाणं, अलं उदगदोणिणं ॥**

**२८** **पीढए चंगबेरे य, णंगले मइयं सिया ।**
**जंतलट्ठी व णाभी वा, गंडिया व अलं सिया ॥**

**२९** **आसणं सयणं जाणं, होज्जा वा किंचुवस्सए ।**
**भूओवघाइणिं भासं, णेवं भासिज्ज पण्णवं ॥**

**છાયાનુવાદ :** तथैव गत्वोद्यानं, पर्वतान् वनानि च ।
वृक्षान् महतो प्रेक्ष्य, नैवं भाषेत प्रज्ञावान् ॥२६॥

अलं प्रासादस्तम्भानां, तोरणानां गृहाणां च ।
परिघार्गलानावां वा, अलमुदकद्रोणीनाम् ॥२७॥

पीठकाय चंगबेराय, लाङ्गलाय मयिकाय स्यात् ।
यन्त्रयष्ट्यै र्वा नाभये वा, गण्डिकायै वा अलं स्यात् ॥२८॥

आसनं शयनं यानं, भवेद्वा किञ्चिदुपाश्रये ।
भूतोपघातिनीं भाषां, नैवं भाषेत प्रज्ञावान् ॥२९॥

**શબ્દાર્થ :- उज्जाणं** = ઉદ્યાનમાં **पव्वयाणि** = પર્વતો **वणाणि** = વનોમાં **गंतुं** = જઈને, જતાં **महल्ल** = મોટા મોટા **रुक्खा** = વૃક્ષોને **पेहाए** = જોઈને **पण्णवं** = પ્રજ્ઞાવાન મુનિ.

**पासायखंभाणं** = પ્રાસાદના થાંભલા બનાવવા યોગ્ય છે **तोरणाणि** = નગર દ્વારના તોરણો **गिहाणि** = ગૃહ, કુટીર **फलिहग्गलणावाणं** = ભોગળ, આગળિયો અને નાવ માટે **अलं** = યોગ્ય છે તથા **उदगदोणिणं** = રેંટની કુંડીઓ બનાવવા માટે **अलं** = યોગ્ય છે.

**पीढए** = બાજોઠને માટે **चंगबेरे** = કથરોટને માટે **णंगले** = હળને માટે **मइयं** = વાવેલા ખેતરને સમ કરવામાં આવતું ખેડૂતનું ઉપકરણ **जंतलट्ठी** = યંત્રની લાકડી, ઘાણીનો લાટ, ઘાણીનું ઊભું લાકડું **णाभी** = ચક્રની કે યંત્રની નાભિને માટે **गंडिया** = સોનીની એરણને માટે **अलं सिया** = યોગ્ય છે.

**आसणं** = આસન **सयणं** = શય્યા **जाणं** = રથ આદિ **किंच** = અન્ય કોઈ વસ્તુ **उवस्सए** = ઉપાશ્રયને યોગ્ય **होज्जा** = છે **एवं** = એમ **भूओवघाइणिं** = જીવ હિંસાકારી, હિંસક.

**ભાવાર્થ :–** ઉદ્યાન, પર્વતો કે વનમાં ગયેલા(અથવા જઈ રહેલા) પ્રજ્ઞાવાન મુનિ ત્યાં મોટા મોટા વૃક્ષોને જોઈને આ પ્રમાણે ન બોલે. ॥ ૨૬ ॥

આ વૃક્ષ મહેલના થાંભલા, ઘરોનાં કે નગરના તોરણો(નગર દ્વારની કમાન) ઘરોની બારસાખ વગેરે અથવા ઘરો, ઝૂંપડીઓ, ભોગળ, આગળિયો, વહાણો અથવા રેંટની કુંડીઓ; વગેરે બનાવવા યોગ્ય છે. ॥ ૨૭ ॥

બાજોઠ, કથરોટ, હળના દાંતા, વાવેલા ખેતરને સમ કરવાનું ઉપકરણ, ઘાણીનો લાટ, તેની નાભિ કે ગાડીના પૈડા વચ્ચેની નાભિ અને સોનીની એરણ કરવા માટે યોગ્ય છે. ॥ ૨૮ ॥

[તેમજ આ વૃક્ષો] બેસવાના આસન, સુવાની પાટ, રથ, યાન અને ઉપાશ્રય માં ઉપયોગી કે અન્ય કોઈ વસ્તુ બનાવવા માટે યોગ્ય છે, તેવી જીવ હિંસાકારી ભાષા પ્રજ્ઞાવાન મુનિ કદાપિ બોલે નહિ. ॥ ૨૯ ॥

**૩૦** **तहेव गंतुमुज्जाणं, पव्वयाणि वणाणि य ।**
**रुक्खा महल्ल पेहाए, एवं भासेज्ज पण्णवं ॥**

**છાયાનુવાદ :** तथैव गत्वोद्यानं, पर्वतान् वनानि च ।
वृक्षान् महतः प्रेक्ष्य, एवं भाषेत प्रज्ञावान् ॥

**ભાવાર્થ :–** પરંતુ ઉદ્યાન, પર્વતો અથવા વનોમાં ગયેલા પ્રજ્ઞાવાન મુનિ ત્યાં મોટાં મોટાં વૃક્ષોને જોઈને બોલવાનો પ્રસંગ હોય તો આ પ્રમાણે બોલે–

**૩૧** **जाइमंता इमे रुक्खा, दीहवट्टा महालया ।**
**पयायसाला विडिमा, वए दरिसणि त्ति य ॥**

**છાયાનુવાદ :** जातिमन्त इमे वृक्षाः, दीर्घवृत्ताः महान्तः ।
प्रजातशाखा विटपिनः, वदेत् दर्शनीया इति च ॥

**શબ્દાર્થ :– इमे** = આ **रुक्खा** = વૃક્ષો **जाइमंता** = ઉત્તમ જાતિના છે **दीह** = દીર્ઘ છે, બહુ ઊંચા

છે **वट्टा** = ગોળાકાર છે **महालया** = મોટા વિસ્તારવાળા છે **पयायसाला** = મોટી મોટી ફેલાયેલી શાખાવાળા છે **विडिमा** = નાની નાની શાખાવાળા છે **दरिसणित्ति** = દર્શનીય છે આ પ્રમાણે **वये** = બોલે.

**ભાવાર્થ :–** આ વૃક્ષો ઉત્તમ જાતિના છે. બહુ ઊંચા છે, ગોળાકાર ઘેરાવાવાળા, વિસ્તારવાળા છે તથા શાખા પ્રશાખાઓથી વ્યાપ્ત અને દર્શનીય છે; તેમ બોલે.

**૩૨**

**तहा फलाइं पक्काइं, पायखज्जाइं णो वए ।**
**वेलोइयाइं टालाइं, वेहिमाइत्ति णो वए ॥**

**છાયાનુવાદ :** तथा फलानि पक्वानि, पाकखाद्यानि नो वदेत् ।
वेलोचितानि टालाइं, वेध्यानि इति नो वदेत् ॥

**શબ્દાર્થ :– फलाइं** = આ ફળો **पक्काइं** = પાકી ગયા છે **पायखज्जाइं** = પકાવીને ખાવા યોગ્ય છે **वेलोइयाइं** = અતિ પાકી ગયા છે, તેથી તોડવા યોગ્ય છે **टालाइं** = ગોઠલી બંધાણી નથી, કોમળ છે **वेहिमाइ** = બે વિભાગ કરવા યોગ્ય છે, સુધારવા યોગ્ય છે **त्ति णो वए** = આ પ્રમાણે મુનિ ન બોલે.

**ભાવાર્થ :–** તેમજ ફળોના વિષયમાં મુનિ આ પ્રમાણે ન બોલે– કેરી વગેરે ફળો પાકી ગયાં છે, પરાળ વગેરેમાં પકાવીને ખાવા યોગ્ય છે, અતિ પાકી ગયા છે માટે તોડવા યોગ્ય છે(જો તોડશે નહિ તો સડી જશે), બહુ કોમળ છે, તેમાં ગોટલી બંધાણી નથી; હમણાં જ સુધારવા યોગ્ય છે, આવી હિંસામય, પાપકારી ભાષા મુનિ બોલે નહિ.

**૩૩**

**असंथडा इमे अंबा, बहुणिव्वडिमा फला ।**
**वएज्ज बहुसंभूया, भूयरूव त्ति वा पुणो ॥**

**છાયાનુવાદ :** असमर्था इमे आम्राः, बहुनिर्वर्तितफलाः ।
वदेत् बहुसंभूताः, भूतरूपा इति वा पुनः ॥

**શબ્દાર્થ :– इमे** = આ **अंबा** = આમ્રવૃક્ષો **असंथडा** = ઘણાં ફલના કારણે ભાર સહવાને અસમર્થ છે **बहुणिव्वडिमा फला** = ઘણા ફળોના ગુચ્છોથી યુક્ત છે **बहुसंभूया** = આ વખતે ફળો ઘણા પાક્યાં છે **भूयरूव त्ति** = બહુ ફળોથી સુંદર દેખાય છે, આ પ્રમાણે **वइज्ज** = બોલે.

**ભાવાર્થ :–** આ આમ્રવૃક્ષો ઘણા ફળોવાળા હોવાથી ભાર વહન કરવામાં અસમર્થ છે. આ વૃક્ષો ફળોના ગુચ્છોથી યુક્ત છે. આ વખતે ફળો ઘણા પાક્યાં છે. તેથી વૃક્ષ સુંદર દેખાય છે; આવી નિર્દોષ ભાષા મુનિ બોલે.

**૩૪**

**तहेवोसहिओ पक्काओ, णीलियाओ छवीइय ।**
**लाइमा भज्जिमाओ त्ति, पिहुखज्ज त्ति णो वए ॥**

**છાયાનુવાદ :** **तथैवौषधयः पक्वाः, नीलिकाः छविमत्यः ।**
**लवनीया भर्जनीया इति, पृथुखाद्या इति नो वदेत् ॥**

**શબ્દાર્થ :– ओसहिओ** = આ ધાન્યો **पक्काओ** = પરિપક્વ થઈ ગયા છે **णीलियाओ** = કાચી, લીલીછમ છે **छवीइय** = શિંગવાળી છે **लाइमा** = લણવા યોગ્ય છે **भज्जिमाओ त्ति** = કડાઈમાં ભુંજવા યોગ્ય, શેકવા યોગ્ય છે **पिहुखज्ज त्ति** = આ પોંકરૂપે અગ્નિમાં શેકીને ખાવા યોગ્ય છે, એ પ્રમાણે **णो वए** = ન બોલે.

**ભાવાર્થ :–** તેમજ આ ધાન્યો પાકી ગયા છે, લીલાછમ છે, શિંગવાળા છે, તે લણવા યોગ્ય છે, કડાઈમાં શેકવા યોગ્ય છે; ઓળા કે પોંક કરીને ખાવા યોગ્ય છે, એવા સાવદ્ય વચન મુનિ ન બોલે.

**૩૫** **रूढा बहुसंभूया, थिरा ऊसढा वि य ।**
**गब्भियाओ पसूयाओ, ससाराओ त्ति आलवे ॥**

**છાયાનુવાદ :** **रूढा बहुसंभूताः, स्थिरा उत्सृता अपि च ।**
**गर्भिताः प्रसूताः, ससारा इत्यालपेत् ॥**

**શબ્દાર્થ :– रूढा** = અંકુર ઉત્પન્ન થયેલી છે **बहुसंभूया** = પ્રાયઃ નિષ્પન્ન થયેલી છે **थिरा** = પૂર્ણ નિષ્પન્ન થયેલી છે, સ્થિર છે **ऊसढा** = ઉપર આવેલી છે **गब्भियाओ** = ગર્ભમાંથી બહાર નીકળેલ નથી, તેમાં ડૂંડા આવ્યા નથી **पसूयाओ** = ગર્ભમાંથી બહાર આવી છે, ડૂંડા આવ્યા છે તથા **ससाराउ** = ધાન્ય કણથી યુક્ત છે **आलवे** = આ પ્રમાણે બોલે.

**ભાવાર્થ :–** આ ધાન્ય અંકુરરૂપે ઉત્પન્ન થયું છે, પ્રાયઃ નિષ્પન્ન થયું છે, પૂર્ણ નિષ્પન્ન થઈ સ્થિર થયું છે, ઊંચે આવ્યું છે, ડૂંડા આવ્યા નથી, ડૂંડા આવ્યા છે, પરિપક્વ ધાન્ય યુક્ત થઈ ગયા છે. આ રીતે નિર્દોષ ભાષા બોલે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં વૃક્ષ, ફળ અને ઔષધિઓ–ધાન્યના વિષયમાં સાવદ્યભાષાનો નિષેધ કરીને સાધ્વાચાર યોગ્ય નિરવદ્ય(નિષ્પાપ) ભાષા પ્રયોગનું વિધાન છે.

સાધુ ગ્રામાનુગ્રામ વિહાર કરતા હોય તે દરમ્યાન તેને વિવિધ દર્શનીય–અદર્શનીય સ્થાનો જોવાનો પ્રસંગ આવે ત્યારે તે દશ્યો પૂર્વ સંસ્કારને જાગૃત કરવામાં નિમિત્ત બને છે. પ્રસ્તુતમાં વન, વૃક્ષ, ફળ, ફૂલાદિને જોઈ પૂર્વ સંસ્કારવશ સાધુથી વિવેક વિનાની હિંસાકારી ભાષા ન બોલાઈ જાય તે માટે સૂત્રકારે અહીં વિવિધ વાક્યો ઉદાહરણરૂપે કહ્યા છે. જેમ કે– આ વૃક્ષનું લાકડું બાજોઠ, પાટ, પાટલા, બારણા, ભવન, ભવન સ્તંભ, ઉપાશ્રય આદિ બનાવવા યોગ્ય છે; ફળ ખાવા યોગ્ય કે તોડવા યોગ્ય છે. ધાન્ય લણવા યોગ્ય છે; કઠોળની લીલીછમ શિંગો ખાવા યોગ્ય છે, સેકવા યોગ્ય છે વગેરે સાવદ્યકારી ભાષાનો પ્રયોગ

મુનિ ન કરે.

**સાવદ્ય ભાષાના દોષો :–** અહીં વ્યાખ્યાકારે દોષો દર્શાવતાં સ્પષ્ટ કર્યું છે કે કોઈક વનમાં વૃક્ષો દેવાધિષ્ઠિત પણ હોય છે; વૃક્ષાદિ વિષયક સાવદ્યકારી ભાષાના પ્રયોગથી ક્યારેક તે વ્યંતર દેવ કોપિત થાય અને ઉપદ્રવ કરે; ગૃહસ્થ તેવા શબ્દો સાધુના મુખે સાંભળીને આરંભ–સમારંભ કરે; તેવા પ્રકારના પાપકારી ભાષા પ્રયોગોથી પ્રવચનની લઘુતા થાય અને સંયમનો નાશ થાય. પ્રભુ આજ્ઞાની ઉપેક્ષાથી વિરાધના અને અંતે સંસાર ભ્રમણ થાય. તેથી સાધુ તેવી પરપીડાકારી કે હિંસક ભાષાનો પ્રયોગ ન કરે.

**ભાષા વિવેક :–** ભાષા વિષે પૂર્ણ સંયત અને વચન ગુપ્ત યોગી શ્રમણ વૃક્ષાદિના વિષયમાં પ્રયોજન વિના તો કાંઈ બોલે જ નહીં અને માર્ગ દર્શાવવા માટે કે અન્ય પ્રયોજન વશ બોલવાનો પ્રસંગ આવે તો સૂત્રોક્ત ભાવ અનુસાર અને ભાષાના વિવેક સાથે બોલે, જેમ કે– આ વૃક્ષો ઉતમ જાતિના છે; વૃક્ષો ફૂલના ભારથી નમી રહ્યા છે; વિસ્તૃત છે; વગેરે ભાષા પ્રયોગમાં કોઈપણ પ્રકારનાં કર્મબંધનું નિમિત્ત બનતું નથી. અહીં સૂત્રકારનો આશય એ છે કે સાધુના વચન વ્યવહાર અને ભાવભંગીમાં જીવ વિરાધના રૂપ સાવદ્યતા (પાપયુક્તતા) ન આવી જાય અને મન, વચનના યોગ વડે પણ તે કર્મબંધથી સર્વથા દૂર રહે. માટે મુનિએ સૂત્રોક્ત માર્ગદર્શનને આદર આપી ભાષા સમિતિનો વિવેક રાખવો જોઈએ.

**पासायखंभाणं :–** અહીં બે પ્રકારે અર્થ થાય છે– (૧) પ્રાસદ બનાવવા માટે અને સ્તંભો માટે આ વૃક્ષ યોગ્ય છે; ઉપયુક્ત છે (૨) પ્રાસાદના, મહેલના સ્તંભો બનાવવા યોગ્ય છે. અહીં બીજા અર્થમાં સમાસયુક્ત એક શબ્દ સ્વીકાર્યો છે.

**फलिहग्गल :–** નગર દ્વારની આગળને **પરિઘ** અને ગૃહદ્વારની આગળને **અર્ગલા** કહે છે.

**उदगदोणिणं :–** (૧) અરહટ ઘટ્ટિકાથી(રેંટથી) નીકળતું પાણી જેમાં પડીને આગળ સંચાર થાય અર્થાત્ રેંટની ઘડી જેમાં પાણી નાખે તે કાષ્ટમય જલનાળીને ઉદક દ્રોણી કહેવાય. (૨) પાણી રાખવાની મોટી કાષ્ઠમય જળ કુંડી (૩) આચારાંગ સૂત્ર અનુસાર કાષ્ઠમય નૌકા.

**दीहवट्टा महालया :–** આ શબ્દોમાં ત્રણ પ્રકારે વૃક્ષની વિશાળતા દર્શાવી છે– ઊંચાઈમાં, ગોળાઈમાં અને પહોળાઈમાં. નાળિયેર, તાડ આદિ વૃક્ષો લાંબા–ઊંચા હોય છે. અશોક, નંદી આદિ વૃક્ષ ગોળ હોય છે. વડ આદિ વૃક્ષ વિશાળ હોય છે. આ સર્વે વિસ્તૃત હોવાથી અનેકવિધ પક્ષીઓના નિવાસરૂપ હોય છે.

**रूढा बहु संभूया... :–** આ પાંત્રીસમી ગાથામાં વનસ્પતિ(ધાન્યાદિ)ની ઊગવાની ક્રમિક સાત અવસ્થાનું કથન છે, અર્થાત્ બીજ અંકુરિત થાય પછી ક્રમશઃ વિકસિત થઈ અંતે પુનઃ બીજ થાય ત્યાં સુધીની અવસ્થાઓના શબ્દો આ પ્રમાણે છે–

(૧) **रूढा** = બીજ વાવ્યા પછી તે પ્રાદુર્ભૂત થાય–કોટો ફૂટે તે પ્રથમ અવસ્થા **રૂઢ** છે. (૨) **बहु संभूया** = બીજ અંકુરિત થાય, પ્રથમ કોમળ પાન ફૂટે તે અવસ્થાને **સંભૂત** કહે છે. (૩) **थिरा** = ભ્રૂણ–કોટો નીચેની તરફ વધીને મૂળ રૂપે વિસ્તાર પામે તે અવસ્થાને **સ્થિર** કહે છે. (૪) **ऊसढा** = તે મૂળ કંદ રૂપે

વૃદ્ધિ પામે તેને **ઉત્સૃત** કહે છે. (૫) **गब्भियाओ** = તે છોડનો પૂર્ણ વિકાસ થાય પરંતુ ડૂંડા ન આવ્યા હોય તે અવસ્થાને **ગર્ભિત** કહે છે. (૬) **पसूयाओ** = ડૂંડા આવી જાય તે અવસ્થાને **પ્રસૂત** કહે છે. (૭) **ससाराओ** = સારભૂત દાણા–બીજ આવી જાય તે અવસ્થાને **સસાર** કહે છે.

સાધુએ ફળોના વિષયમાં આરંભ સમારંભજનક શબ્દોનો પ્રયોગ કરવો જોઈએ નહીં. કારણ કે સાધુના મુખથી આ ફળ ખાવા યોગ્ય છે કે ખાવા જોઈએ વગેરે વચન સાંભળીને ગૃહસ્થ તે સંબંધી સાવદ્ય પ્રવૃત્તિ કરે અથવા સાધુના અવિવેકની નિંદા કરે; આ રીતે અનેક દોષ થવાની સંભાવના રહે છે.

### સંખડી આદિ વિષયક ભાષા વિવેક :–

**૩૬**

**तहेव संखडिं णच्चा, किच्चं कज्जं ति णो वए ।**
**तेणगं वावि वज्झे त्ति, सुतित्थ त्ति य आवगा ॥**

**છાયાનુવાદ :** **तथैव संखडिं ज्ञात्वा, कृत्यं कार्यमिति नो वदेत् ।**
**स्तेनकं वाऽपि वध्य इति, सुतीर्था इति च आपगाः ॥**

**શબ્દાર્થ :– तहेव** = તેમજ **संखडिं** = કોઈને ત્યાં જમણવારી છે એમ **णच्चा** = જાણીને **किच्चं** = આ પુણ્યનું કાર્ય **कज्जं त्ति** = કરવા યોગ્ય છે **तेणगं** = ચોર **वज्झे त्ति** = વધ કરવા યોગ્ય છે **आवगा** = આ નદીઓ **सुतित्थ त्ति** = સરળતાથી તરવા યોગ્ય છે **णो वए** = ન બોલે.

**ભાવાર્થ :–** કોઈને ત્યાં જમણવારી હોય તો તેને જોઈને, "આ કરવા યોગ્ય પુણ્યકાર્ય છે, સુંદર કાર્ય છે," એમ ન કહે. ચોરને જોઈને 'આ ચોર વધ કરવા યોગ્ય છે' એમ પણ ન કહે. નદીઓને જોઈને "આ સુતીર્થ– અંદર ઉતરવાના સુંદર માર્ગવાળી છે," "આ નદીઓ સહેલાઈથી તરી શકાય તેવી છે," મુનિ એવી સાવદ્ય ભાષા ન બોલે.

**૩૭**

**संखडिं संखडिं बूया, पणियट्ठ त्ति तेणगं ।**
**बहुसमाणि तित्थाणि, आवगाणं वियागरे ॥**

**છાયાનુવાદ :** **संखडिं संखडि ब्रूयात्, प्रणितार्थ इति स्तेनकम् ।**
**बहुसमानि तीर्थानि, आपगानां व्यागृणीयात् ॥**

**શબ્દાર્થ :– संखडिं** = જમણવારીને **संखडिं** = જમણવારી છે **तेणगं** = ચોરને જોઈ **पणियट्ठ त्ति** = પોતાના પ્રાણને કષ્ટમાં નાખીને પણ કાર્ય સાધનાર છે **बूया** = એમ કહે **आवगाणं** = આ નદીઓનાં **तित्थाणि** = કાંઠાઓ **बहुसमाणि त्ति** = બહુ સમ છે એમ **वियागरे** = વિચારીને બોલે.

**ભાવાર્થ :–** (પ્રયોજનવશ) બોલવું પડે તો મુનિ જમણવારીને જમણવારી કહે, ચોરને ધન માટે સંકટ

સહન કરીને કાર્ય કરનાર છે, તેમ કહે તથા આ નદીઓના કાંઠા બહુ સમતલ છે; આ પ્રમાણે વિચારીને બોલે.

**૩૮** **तहा णईओ पुण्णाओ, कायतिज्ज त्ति णो वए ।**
**णावाहिं तारिमाओ त्ति, पाणिपेज्ज त्ति णो वए ॥**

**છાયાનુવાદ :** **तथा नद्यः पूर्णाः, कायतार्या इति नो वदेत् ।**
**नौभिस्तार्या इति, प्राणिपेया इति नो वदेत् ॥**

**શબ્દાર્થ :–** **णईओ** = આ નદીઓ **पुण्णाओ** = જલથી પૂર્ણ ભરેલી છે **कायतिज्ज त्ति** = ભુજાઓ દ્વારા તરી શકાય છે, એમ **णावाहिं** = આ નાવ દ્વારા **तारिमाओ त्ति** = તરવા યોગ્ય છે એમ **पाणिपिज्ज** = પ્રાણીઓ વડે કિનારા ઉપરથી પાણી પીવા યોગ્ય છે **त्ति णो वए** = તેમ ન બોલે.

**ભાવાર્થ :–** નદીઓને જલથી પૂર્ણ ભરેલી જોઈને મુનિ આ નદીઓ તરવા યોગ્ય છે, નાવ દ્વારા ઉતરવા લાયક છે કે તેનું પાણી કિનારા ઉપરથી પીવા યોગ્ય છે. ઈત્યાદિ સાવદ્ય વચન બોલે નહીં.

**૩૯** **बहु वाहडा अगाहा, बहुसलिलुप्पिडोदगा ।**
**बहुवित्थडोदगा यावि, एवं भासेज्ज पण्णवं ॥**

**છાયાનુવાદ :** **बहुप्रभृता अगाधा, बहुसलिलोत्पीडोदकाः ।**
**बहुविस्तीर्णोदकाश्चापि, एवं भाषेत प्रज्ञावान् ॥**

**શબ્દાર્થ :–** **पण्णवं** = પ્રજ્ઞાવાન્ સાધુ નદીઓને જોઈને **बहुवाहडा** = પ્રાયઃ ઘણા પાણીથી ભરેલી છે **अगाहा** = ઊંડી છે, અગાધ છે **बहुसलिलुप्पिलो(डो)दगा** = અન્ય નદીઓના પ્રવાહને પાછળ હઠાવનારી છે અથવા પાણી ફેલાઈને ઉન્માર્ગે વહે છે **यावि** = તથા આ નદી **बहुवित्थडोदगा** = ઘણા વિસ્તારવાળી છે.

**ભાવાર્થ :–** પ્રયોજનવશ બોલવાનો પ્રસંગ આવે તો પ્રજ્ઞાવાન મુનિ "આ નદીઓમાં ઘણું પાણી છે, અગાધ પાણી છે, પાણી ફેલાઈને બહાર વહે છે, તેનું વહેણ ઘણું પહોળું છે." આ પ્રમાણે નિર્દોષ વચનો બોલે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં જમણવાર, ચોર, નદી આદિના વિષયમાં ભાષાનો વિવેક સમજાવ્યો છે.

**संखडिं** :– તેના બે અર્થ થાય છે– (૧) **संखण्डयन्ते प्राणिनामायूंषि यस्यां क्रियायां सा संखडी ।** જે ક્રિયામાં ઘણા જીવોના આયુષ્યનો નાશ થાય છે અર્થાત્ ઘણા જીવોની વિરાધના થાય છે; તે

સંખડી કહેવાય છે. (ર) ભોજનમાં અન્નને ઘણા પ્રકારે સંસ્કારિત કરવામાં આવે છે, પકાવવામાં આવે છે તેથી તેને '**संस्कृति** પણ કહે છે.

**किच्चं कज्जंति :–** સંખડી = જમણવાર. આ કરણીય છે, પુણ્ય કાર્ય છે, તેમ શ્રમણોએ બોલવું નહીં. ગૃહસ્થને ત્યાં લગ્ન પ્રસંગ, શ્રાદ્ધ, મૃતભોજન આદિ પ્રસંગે જે મોટા જમણવાર થાય, તેમાં અનેક જીવોની હિંસા રૂપ મોટા આરંભ સમારંભ થાય છે, તેની પ્રશંસા પ્રેરણાના શબ્દો બોલવાથી સાધુને તેની અનુમોદનાનો દોષ લાગે છે.

**तेणगं वा वि वज्झे त्ति... :–** આ ચોર વધ્ય છે, તેવી ભાષાનો પ્રયોગ હિંસક છે. સાધુએ તે ચોરાદિના સંબંધમાં તટસ્થ–સમપરિણામે રહેવું જોઈએ. સાધુની તેવી ભાષા સાંભળીને લોકો તેને પકડે, મારે તો સાધુને પરપીડાનો દોષ લાગે. ક્યારેક પ્રયોજનવશ બોલવું પડે તો મુનિ સૂત્રોક્ત ભાષાનો પ્રયોગ કરે.

**पणियट्ठं :–** પ્રણિતાર્થ. તે ધનને માટે જીવનની બાજી લગાવનાર છે. આ વ્યક્તિ ધનની લાલચથી પોતાના પ્રાણને સંકટમાં મૂકી રહ્યો છે. આ ભાષા પ્રયોગ નિરવદ્ય છે. તેથી સાધુ પ્રસંગ આવતાં તેવી ભાષાનો પ્રયોગ કરી શકે છે.

**तहा णईओ पुण्णाओ :–** પૂર્ણ જળથી ભરેલી નદીના વિષયમાં અવિવેકપૂર્ણ ભાષા બોલવાથી અપ્કાયના જીવોની વિરાધનાનો કે અનુમોદનનો દોષ લાગે.

## પાપપ્રવૃત્તિ સંબંધી ભાષા વિવેક :-

**૪૦** **तहेव सावज्जं जोगं, परस्सट्ठाए णिट्ठियं ।**
**कीरमाणं ति वा णच्चा, सावज्जं ण लवे मुणी ॥**

**છાયાનુવાદ :** तथैव सावद्यं योगं, परस्यार्थाय निष्ठितम् ।
क्रियमाणमिति वा ज्ञात्वा, सावद्यं न लपेत् मुनिः ॥

**શબ્દાર્થ :– सावज्जं** = પાપ યુક્ત **जोगं** = યોગ વ્યાપાર **परस्सट्ठाए** = અન્યને માટે **णिट्ठियं** = થઈ ગયેલા **कीरमाणं** = વર્તમાને કરાતા, ભવિષ્યમાં થનારા **णच्चा** = જાણીને **मुणी** = મુનિ **सावज्जं** = પાપ યુક્ત ભાષા.

**ભાવાર્થ :–** આ જ રીતે ગૃહસ્થો માટે જે કંઈ સાવદ્ય ક્રિયા થઈ હોય કે થઈ રહી હોય અથવા થવાની હોય તે વિષે મુનિ સાવદ્ય ભાષા ન બોલે.

**૪૧** **सुकडे त्ति सुपक्के त्ति, सुच्छिण्णे सुहडे मडे ।**
**सुणिट्ठिए सुलट्ठे त्ति, सावज्जं वज्जए मुणी ॥**

**છાયાનુવાદ :** सुकृतमिति सुपक्वमिति, सुच्छिन्नं सुहृतं मडम् ।
सुनिष्ठितं सुलष्टमिति, सावद्यं वर्जयेत् मुनिः ॥

**શબ્દાર્થ :–** **सुकडि त्ति** = સારી રીતે કરાયેલું છે **सुपक्कि त्ति** = સારી રીતે પકાવેલું – રાંધેલું છે **सुच्छिणे** = સારી રીતે સમારેલું છે **सुहडे** = કડવાશ સારી રીતે દૂર કરવામાં આવી છે **मडे** = ઘી વગેરે સારી રીતે નાખ્યાં છે **सुणिट्ठिए** = યોગ્ય વિધિથી બનાવ્યું છે **सुलट्ठि त्ति** = અતિ સ્વાદિષ્ટ સરસ અને મનોહર બનાવ્યું છે **सावज्जं** = એવા પાપકારી વચનોનો પ્રયોગ **मुणी** = મુનિ **वज्जए** = ત્યાગે.

**ભાવાર્થ :–** ખાદ્ય પદાર્થો વિષે– આ સુંદર કર્યું છે, સારી રીતે રંધાયેલો છે, આ શાક સારું સુધાર્યું છે; શાકની કડવાશ સારી રીતે દૂર કરી છે, તેમાં ઘૃત વગેરે પરિપૂર્ણ છે; યોગ્ય વિધિથી તૈયાર થયું છે તથા અતિ સરસ અને મનોહર બનાવ્યો છે; આવી સાવદ્ય અનુમોદક ભાષા મુનિ ન બોલે.

**૪૨** पयत्तपक्क त्ति व पक्कमालवे, पयत्तछिण्ण त्ति व छिण्णमालवे ।
पयत्तलट्ठि त्ति व कम्महेउयं, पहारगाढ त्ति व गाढमालवे ॥

**છાયાનુવાદ :** प्रयत्नपक्वमिति वा पक्वमालपेत्, प्रयत्नच्छिन्नमिति वा छिन्नमालपेत् ।
प्रयत्नलष्टेति वा कर्महेतुकं, प्रहारगाढमिति वा गाढमालपेत् ॥

**શબ્દાર્થ :–** **कम्महेउयं** = કર્મબંધ હેતુક પદાર્થો કે કાર્યોના વિષયમાં **पयत्तलट्ठि त्ति** = તે બહુ પ્રયત્નપૂર્વક થયેલા છે **पक्कं** = પક્વ પદાર્થ વિષે **पयत्तपक्क त्ति व** = આ પ્રયત્નપૂર્વક પકાવેલું છે **छिण्णं** = છેદન કરેલા પદાર્થ વિષે **पयत्तछिण्ण त्ति** = આ પ્રયત્નપૂર્વક છેદાયું છે **व** = તથા **गाढं** = પ્રહાર ગ્રસ્તના વિષયમાં, ગાઢ પ્રહારને **पहारगाढ त्ति** = અન્ય રાગદ્વેષ ન કરતાં, આ વ્યક્તિ ઉપર ગાઢ પ્રહાર થયો છે **आलवे** = એમ બોલે.

**ભાવાર્થ :–** કર્મબંધ હેતુક પદાર્થો કે કાર્યોના વિષયમાં તે બહુ પ્રયત્નપૂર્વક થયેલા એમ કહે– પક્વ પદાર્થના વિષયમાં આ પ્રયત્નપૂર્વક પકાવેલું છે; છેદન કરેલા પદાર્થના વિષયમાં આ પ્રયત્ન પૂર્વક છેદાયું છે તથા પ્રહાર ગ્રસ્તના વિષયમાં રાગદ્વેષ ન કરતાં "આ વ્યક્તિ ઉપર ગાઢ પ્રહાર થયો છે" એમ બોલે.

**૪૩** सव्वुक्कसं परग्घं वा, अउलं णत्थि एरिसं ।
अचक्कियमवत्तव्वं, अचिंतं चेव णो वए ॥

**છાયાનુવાદ :** सर्वोत्कृष्टं परार्घं वा, अतुलं नास्तीदृशम् ।
अशक्यमवक्तव्यं, अचिंत्यं चैव नो वदेत् ॥

**શબ્દાર્થ :–** **सव्वुक्कसं** = આ વસ્તુ સર્વોચ્ચ છે **परग्घं** = આ વસ્તુ સર્વોત્કૃષ્ટ બહુમૂલ્યવાન છે

**अउलं** = આ વસ્તુ અતુલ છે, તુલના રહિત છે, અનુપમ છે **णत्थि एरिसं** = આ વસ્તુની સમાન અન્ય વસ્તુ નથી **अचक्कियं** = આવું કોઈથી કરી શકાય નહીં, આ વસ્તુનું મૂલ્ય કરી શકાય નહીં **अवत्तव्वं** = એના ગુણો અવક્તવ્ય છે **अचिंतं** = અચિંત્ય છે.

**ભાવાર્થ :–** આ વસ્તુ સર્વોચ્ચ છે; આ વસ્તુ સર્વોત્કૃષ્ટ, બહુમૂલ્યવાન છે; આ વસ્તુ અતુલ છે, તુલના રહિત અનુપમ છે; આ વસ્તુની સમાન અન્ય વસ્તુ નથી; આવું કોઈથી કરી શકાય નહી, (આ વસ્તુનું મૂલ્ય કરી શકાય નહીં) એની વિશેષતા, ગુણો અવક્તવ્ય છે; અચિંત્ય છે.

**૪૪** **सव्वमेयं वइस्सामि, सव्वमेयं ति णो वए ।**
**अणुवीइ सव्वं सव्वत्थ, एवं भासिज्ज पण्णवं ॥**

**છાયાનુવાદ :** सर्वमेतद् वदिस्यामि, सर्वमेतदिति नो वदेत् ।
अनुचिन्त्य सर्वं सर्वत्र, एवं भाषेत प्रज्ञावान् ॥

**શબ્દાર્થ :– सव्वमेयं** = તમારો સંપૂર્ણ સંદેશ તેમને અવશ્ય **वइस्सामि** = કહી દઈશ તથા **सव्वमेयंति** = આ સર્વ આમ જ છે **सव्वं** = સર્વ શબ્દનો પ્રયોગ કરતાં **सव्वत्थ** = સર્વત્ર **अणुवीइ** = પૂર્વાપરનો વિચાર કરીને.

**ભાવાર્થ :–** (કોઈ બીજાને કહેવા માટે કોઈ પણ સંદેશ આપે તો) હું તમારો સર્વ સંદેશ આપી દઈશ; આ સર્વ આમ જ છે, આ પ્રકારે પ્રજ્ઞાવાન મુનિ બોલે નહીં; પરંતુ **સર્વ** શબ્દનો પ્રયોગ કરતાં પહેલાં સર્વત્ર પૂર્વાપરનો પૂર્ણ વિચાર કરીને બોલે.

**૪૫** **सुक्कीयं वा सुविक्कीयं, अकिज्जं किज्जमेव वा ।**
**इमं गिण्ह इमं मुंच, पणीयं णो वियागरे ॥**

**છાયાનુવાદ :** सुक्रीतं वा सुविक्रीतं, अक्रेय क्रेयमेव वा ।
इदं गृहाण इदं मुञ्च, पण्यं नो व्यागृणीयात् ॥

**શબ્દાર્થ :– सुक्कीयं** = આ પદાર્થ ખરીદ કર્યો તે સારું કર્યું **सुविक्कीयं** = અમુક પદાર્થ વેચી દીધા તે સારું કર્યું **अकिज्जं** = આ કાર્ય કરવા યોગ્ય નથી **किज्जं** = આ કાર્ય કરવા યોગ્ય છે **इमं** = આ **पणियं** = કરિયાણું **गिण्ह** = ખરીદો, ગ્રહણ કરો **इमं** = આ કરિયાણું **मुंच** = વેચી નાંખો **एवं** = આ પ્રમાણે **णो वियागरे** = બોલે નહિ.

**ભાવાર્થ :–** વ્યાપારના વિષયમાં મુનિ– તમે આ માલ ખરીદ્યો તે ઠીક કર્યું; આ વસ્તુ વેચી દીધો તે બરાબર કર્યું; આ કાર્ય કરવા યોગ્ય છે; આ કાર્ય કરવા યોગ્ય નથી; આ કરિયાણું લઈ લો, આ માલને

કાઢી નાખો; આ પ્રમાણે ન બોલે.

**૪૬** **अप्पग्घे वा महग्घे वा, कए वा विक्कए वि वा ।**
**पणियट्ठे समुप्पण्णे, अणवज्जं वियागरे ॥**

**છાયાનુવાદ :** **अल्पार्घे वा महार्घे वा, क्रये वा विक्रयेऽपि वा ।**
**प्रणीतार्थे समुत्पन्ने, अनवद्यं व्यागृणीयात् ॥**

**શબ્દાર્થ :– अप्पग्घे** = અલ્પ મૂલ્યવાન **महग्घे वा** = બહુમૂલ્યવાન **कए वा** = ખરીદવા **विक्कए वि** = વેચવાના વિષયમાં **पणीयट्ठे** = ખાસ પ્રયોજન, કરિયાણાના સંબંધમાં **समुप्पण्णे** = ઉત્પન્ન થતાં **अणवज्जं** = નિરવદ્ય વચન **वियागरे** = બોલે.

**ભાવાર્થ :–** અલ્પ કે બહુ મૂલ્યના સંબંધમાં તેમજ ખરીદવા કે વેચવાના સંબંધમાં ખાસ પ્રયોજન ઉત્પન્ન થતાં મુનિ વિચારપૂર્વક નિરવદ્ય વચન બોલે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં સાવદ્ય ક્રિયાઓની અનુમોદના અને પ્રેરણાનો નિષેધ તેમજ વક્તવ્ય વચનોનું વિધાન કરવામાં આવ્યું છે.

**तहेव सावज्जं... :–** આ ચાલીસમી ગાથામાં સામાન્ય રીતે માનસિક, વાચિક, સાવદ્ય પ્રવૃત્તિઓનો તથા તેની અનુમોદનાનો તેમજ ત્રૈકાલિક સાવદ્ય ભાષાનો નિષેધ કરવામાં આવ્યો છે. સૂત્રોક્ત ઉદાહરણ માત્ર સમજવા માટે છે. આ પ્રકારે અન્ય કોઈ પણ સાવદ્ય પ્રવૃત્તિઓની પ્રેરણા, અનુમોદના સાધુઓએ ન કરવી જોઈએ.

**सुकडेत्ति... :–** આ ગાથામાં પ્રયુક્ત શબ્દોના અર્થ વ્યાખ્યાઓમાં ભિન્ન–ભિન્ન અપેક્ષાએ કર્યા છે. તેમાં **વનસ્પતિપરક અર્થ** વધુ પ્રાસંગિક અને બહુમત છે.

**સુકૃત** = ભોજનાદિ સરસ કર્યા છે. **સુપક્વ** = ઘેવર આદિ સારી રીતે બનાવ્યા છે. **સુછિન્ન** = શાકભાજી સારી રીતે સુધાર્યા છે. **સુહૃત** = કારેલા આદિમાંથી કડવાશનું સારી રીતે હરણ થયું છે. અર્થાત્ કડવાશ નીકળી ગઈ છે. **સુમંડિત** = મોદકાદિમાં ઘી સારી રીતે સમાઈ ગયું છે. **સુનિષ્ઠિત** = ભોજન વિધિપૂર્વક તૈયાર થયું છે. **સુલષ્ટમ્** = ભોજન સ્વાદિષ્ટ સરસ બન્યું છે, આ રીતે પાપ કાર્યોની પ્રશંસા કરવી તે સાધુ ધર્મ નથી. તેથી સાધુ તે પ્રકારે ન બોલે.

ગાથા ૪૨માં અનેક કાર્યો વિષે, ગાથા ૪૩માં અતિશયોક્તિ ભરેલા શબ્દો વિષે, ગાથા ૪૪માં **સર્વ** શબ્દના પ્રયોગ વિષે, ગાથા ૪૫–૪૬માં ક્રય–વિક્રય કે વ્યાપાર વિષે વક્તવ્ય–અવક્તવ્ય વચનોનો વિવેક સમજાવ્યો છે. તે સર્વ વિષય ભાવાર્થમાં સ્પષ્ટ છે.

## ગૃહસ્થ સાથે આદેશ વચન વિવેક :-

**૪૭** **तहेवासंजय धीरो, आस एहि करेहि वा ।**
**सयं चिट्ठ वयाहि त्ति, णेवं भासिज्ज पण्णवं ॥**

**છાયાનુવાદ :** **तथैवासंयतं धीरः, आस्व एहि कुरु वा ।**
**शेष्व तिष्ठ व्रज इति, नैवं भाषेत प्रज्ञावान् ॥**

**શબ્દાર્થ :– धीरो** = ધૈર્યવાન્ સાધુ **असंजयं** = અસંયમીને, ગૃહસ્થને **आस** = અહિંયા બેસો **एहि** = અહીં આવો **करेहि** = આ કાર્ય કરો **सयं** = અહિંયા સૂઈ જાઓ **चिट्ठ** = ઊભા રહો **वयाहि** = અમુક સ્થાન પર જાઓ.

**ભાવાર્થ :–** ધીર અને પ્રજ્ઞાવાન સાધુ ગૃહસ્થો સાથે અહીં આવો, અહીં બેસો, સૂવો, ઊભા રહો, ત્યાં જાઓ ઇત્યાદિ શબ્દોનો વ્યવહાર કરે નહિ.

## વિવેચન :-

પ્રસ્તુત ગાથામાં ગૃહસ્થ સાથે કાયિક પ્રવૃત્તિમાં આદેશ વચન વ્યવહારનો પૂર્ણતઃ નિષેધ કરવામાં આવ્યો છે.

અહીં ગૃહસ્થ માટે અસંયત શબ્દનો પ્રયોગ છે, તેનું તાત્પર્ય એ છે કે તે ગૃહસ્થ–શ્રાવક સંવરની પ્રવૃત્તિમાં નથી અને તેઓ સમિતિ પૂર્વક પ્રવૃત્તિ કરે તેવું જરૂરી નથી. માટે તે ગૃહસ્થ દ્વારા થતી સૂક્ષ્મતમ આશ્રવ કે અવિવેક પૂર્વકની પ્રવૃત્તિની મુનિથી અનુમોદના ન થઈ જાય, તેવા ઉત્તમ લક્ષ્યથી તેની સાથે આદેશ સૂચક વ્યવહારનો અહીં નિષેધ કર્યો છે. પ્રતિપક્ષમાં સાધુએ શું બોલવું તેનું સ્પષ્ટીકરણ ગાથામાં નથી; તેને ગુરુ પરંપરાથી સમજવું જોઈએ. યથા–

તમે નજીક આવી બેસી શકો છે, તમે શા માટે ઊભા છો, બેસવામાં કંઈ હરકત નથી. પાછળ શા માટે બેસો છો, આગળ દયાપાળો; હવે તમને જેમ અવસર, અમારે ગોચરી આવી ગઈ છે; તમારે વ્યાખ્યાન સાંભળવું હોય તો તેનો આ સમય છે. વ્યાખ્યાન આદિમાં લાભ લેતા નથી, થોડો સમય કાઢવો જોઈએ. હવે સુવાનો સમય થઈ ગયો છે. તમારે ધર્મ લાભ લેવાનો હોય તો અમે રાત્રિએ દસ વાગ્યા સુધી બેસીએ છીએ. તાત્પર્ય એ છે કે આદેશાત્મક અને સાવધ વચન પ્રયોગ ન હોય, તેમ ધ્યાન રાખવું જોઈએ.

## સાધુ–અસાધુ વિવેક :-

**૪૮** **बहवे इमे असाहू, लोए वुच्चंति साहुणो ।**
**ण लवे असाहुं साहुत्ति, साहुं साहुत्ति आलवे ॥**

**છાયાનુવાદ :** बहव इमेऽसाधवः, लोके उच्यन्ते साधवः ।
न लपेदसाधुं साधुरिति, साधुं साधुरित्यालपेत् ॥

**શબ્દાર્થ :– बहवे** = ઘણા **इमे** = આ **असाहू** = અસાધુઓ **लोए** = સંસારમાં **साहुणो** = સાધુ **वुच्चंति** = કહેવાય છે પરન્તુ **असाहुं** = અસાધુને **साहु त्ति** = સાધુ છે એમ **ण लवे** = ન કહે **साहुं** = સાધુને જ **साहु त्ति** = આ સાધુ છે એમ **आलवे** = કહે.

**ભાવાર્થ :–** આ લોકમાં ઘણા અસાધુઓને સાધુ કહેવાય છે. મુનિ અસાધુઓને સાધુ ન કહે પરંતુ સાધુને જ સાધુ કહે.

**૪૯** **णाणदंसणसंपण्णं, संजमे य तवे रयं ।**
**एवं गुणसमाउत्तं, संजयं साहुमालवे ॥**

**છાયાનુવાદ :** ज्ञानदर्शनसम्पन्नं, संयमे च तपसि रतम् ।
एवंगुणसमायुक्तं, संयतं साधुमालपेत् ॥

**શબ્દાર્થ :– णाणदंसणसंपण्णं** = જ્ઞાન અને દર્શનથી સંપન્ન તથા **संजमे** = સંયમમાં **तवे** = તપમાં **रयं** = પૂર્ણ અનુરક્ત **एवं** = આવા પ્રકારના **गुणसमाउत्तं** = ગુણોથી યુક્ત **संजयं** = સાધુને જ **साहुं** = સાધુ **आलवे** = કહે.

**ભાવાર્થ :–** સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ દર્શનથી સંપન્ન તથા સંયમ અને તપમાં અનુરક્ત, એવા ગુણોથી યુક્ત સંયમીને સાધુ કહે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત બે ગાથાઓમાં સૂત્રકારે અસાધુને સાધુ કહેવાનો નિષેધ કરીને સાધુને સાધુ કહેવાનું વિધાન કર્યું છે. તેમજ સાધુની ઓળખ પણ દર્શાવી છે.

**ण लवे असाहुं साहुत्ति... :–** જે શ્રમણમાં સાધુના ગુણો કે સાધુતા યોગ્ય પ્રગટ વ્યવહાર પણ ન જણાતો હોય તેમ છતાં તેને સાધુ કહેવું એ ભાષાની સત્યતા નથી, તે અસત્યવચન છે; માટે બીજી ગાથામાં કહેલાં ગુણોનો પૂર્ણ વિચાર કરીને મુનિએ ભાષાપ્રયોગ કરવો જોઈએ અને જ્યાં સુધી કોઈના વિષયમાં જાણકારી ન થાય ત્યાં સુધી તેના વિષે નિશ્ચિત શબ્દનો પ્રયોગ ન કરવો.

**एवं गुण समाउत्तं... :–** સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન, સંયમ અને તપ આ ચારે ય ગુણ સાધુતાની ઓળખ કરાવનાર છે. આ ગુણો હોય તેને સાધુ કહેવાય છે.

તાત્પર્ય એ છે કે જૈનેતર સાધુઓ માટે જે શબ્દનો પ્રયોગ થતો હોય તેના સંબંધમાં તે પ્રકારનો શબ્દ પ્રયોગ કરવો, તે તેની અપેક્ષાએ યોગ્ય છે. પ્રસ્તુતમાં જૈન શ્રમણની અપેક્ષાએ કથન છે. તેથી જે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના આચારથી યુક્ત દેખાય, તેને જ મુનિ પદમાં કે ગુરુપદમાં કહેવાય. જે સાધુ વેશમાં કોઈ મહાવ્રતનું ધ્યાન રાખતા નથી એકેય સમિતિ ગુપ્તિનું પાલન કરતા નથી. લોચ, પ્રતિક્રમણ, પાદ વિહાર આદિ નિયમોની ઉપેક્ષા કરે અને શ્રમણોચિત વેશભૂષાનું પણ ઉલ્લંઘન કરે તેને સ્પષ્ટ રીતે સાધુ કહેવામાં ભાષાનો દોષ થાય છે. માટે મુનિ તેવા સાધુને સાધુ ન કહે કુશીલિયા વગેરે કહેવાની પણ શાસ્ત્રમાં મનાઈ છે, તેથી તે સંબંધમાં મુનિ મૌન(ઉપેક્ષા) રાખે.

### ભવિષ્યકાલીન કથન વિષયક વિવેક :–

**૫૦** देवाणं मणुयाणं च, तिरियाणं च वुग्गहे ।
अमुगाणं जओ होउ, मा वा होउ त्ति णो वए ॥

**છાયાનુવાદ :** देवानां मनुजानां च, तिरश्चां च व्युद्‌ग्रहे ।
अमुकानां जयो भवतु, मा वा भवत्विति नो वदेत् ॥

**શબ્દાર્થ :–** **देवाणं** = દેવતાઓનાં **मणुयाणं** = મનુષ્યોના **तिरियाणं** = તિર્યંચોના **वुग्गहे** = યુદ્ધમાં **अमुगाणं** = અમુક પક્ષવાળાનો **जओ** = જય **होउ** = થાઓ, અમુક પક્ષવાળાનો **मा होउ** = જય ન થાઓ.

**ભાવાર્થ :–** દેવો, મનુષ્યો કે તિર્યંચોમાં પારસ્પરિક યુદ્ધ થતું હોય ત્યાં અમુક પક્ષનો જય થાઓ અથવા થવો જોઈએ તેમજ અમુક પક્ષની હાર થાય અથવા હાર થવી જોઈએ, એ પ્રમાણે ભિક્ષુ આગાહીજનક કે સંભાવના વાચી નિશ્ચિત ભાષા ન બોલે.

**૫૧** वाओ वुट्ठं च सीउण्हं, खेमं धायं सिवं ति वा ।
कयाणु हुज्ज एयाणि, मा वा होउ त्ति णो वए ॥

**છાયાનુવાદ :** वातो वृष्टं च शीतोष्णं, क्षेमं धायं शिवमिति वा ।
कदानु भवेयुरेतानि ? मा वा भवेयुरिति नो वदेत् ॥

**શબ્દાર્થ :–** **वाओ** = વાયુ **वुट्ठं** = વર્ષા **सीउण्हं** = ઠંડી કે ગરમી **खेमं** = રોગાદિની શાંતિ **धायं** = સુકાળ **सिवं ति** = ઉપદ્રવ મુક્તિ, કલ્યાણ **एयाणि** = આ સર્વે **कयाणु** = ક્યારે **हुज्ज** = થશે **मा होउ** = આ કાર્ય હમણાં ન થાય.

**ભાવાર્થ :–** વાયુ, વરસાદ, ઠંડી, ગરમી, ક્ષેમ–શાંતિ, સુકાલ, ઉપદ્રવ રહિતપણું ઈત્યાદિ ક્યારે થશે ? અથવા આ સર્વ ન થાય, આ પ્રમાણે મુનિ ન બોલે.

## વિવેચન :-

પ્રસ્તુત બે ગાથાઓમાં યુદ્ધ માટેની આગાહી સંબંધી અને માનવ શક્તિની બહારની કુદરતી સંજોગો સંબંધી નિરર્થક વચનયોગથી બચવા માટે નિષેધાત્મક નિરૂપણ છે.

**देवाणं मणुयाणं... :–** યુદ્ધ એ મહાપાપમય પ્રવૃત્તિ છે, તે વિષયમાં જય–પરાજય વિષયક સંકલ્પ વિકલ્પોનું ચિંતન મનન; એ પણ પાપકર્મ બંધનું કારણ છે. માટે મુનિ તે વિષયમાં કોઈપણ ચિંતન અથવા પોતાનો અભિપ્રાય પ્રગટ કરવા રૂપ વચન પ્રયોગ કરે નહીં.

યુદ્ધ સંબંધી તથાપ્રકારના કથનમાં સાધુને યુદ્ધની અનુમોદનાનો દોષ લાગે, બીજા પક્ષ સાથે વેરભાવ વધે, તેને આઘાત પહોંચે તથા અધિકરણાદિ દોષની સંભાવના રહે છે.

**वाओ वुट्ठं... :–** આ ગાથામાં નિષિદ્ધ કરેલા વિષયમાં વચન પ્રયોગ કરવો એ અર્થહીન પ્રવર્તન છે. કારણ કે કોઈના બોલવા ન બોલવાથી તે કુદરતી પ્રવૃત્તિઓમાં કંઈ પણ ફેર થતો નથી. કુદરતી તત્ત્વો વિષે સાધુનું વચન કોઈને પ્રિય–અપ્રિય લાગે, તેમજ કોઈને હર્ષ કે શોક અથવા રાગ કે દ્વેષ જન્મે; આ રીતે દોષ પરંપરાની વૃદ્ધિ થાય છે.

નિશ્ચયજ્ઞાની વિના સામાન્ય છદ્મસ્થ કોઈપણ પ્રકારની આગાહી કરે અને તેમ ન થાય તો લોકમાં સાધુની નિંદા–હાંસી થાય અને જિન શાસનની લઘુતા થાય, લોકોને શ્રદ્ધા–ભક્તિનો ભાવ ઘટી જાય. આ રીતે ભવિષ્ય કથન સાધુ માટે સ્વ–પર ઉભયને હાનિકારક છે.

**खेमं :–** (૧) લડાઈ ઝગડા, કલેશ કંકાસ યુદ્ધ–મહાસંગ્રામ ન થાય તેમજ આ પ્રકારનો કોઈ પણ ઉપદ્રવ ન હોય તેવી પરિસ્થિતિને ક્ષેમ કહે છે. (૨) ક્ષેમનો અર્થ શુભ લક્ષણ થાય છે. તેનાથી સંપૂર્ણ રાજ્યમાં નિરોગતા વ્યાપ્ત થાય છે.

**सिवं :–** રોગ–મારી મરકી આદિનો અભાવ અથવા ઉપદ્રવોનો અભાવ. કલ્યાણકારી, મંગલકારી વાતાવરણ.

## પ્રાકૃતિક તત્ત્વો વિષયક ભાષા વિવેક :-

**૫૨** **तहेव मेहं व णहं व माणवं, ण देव देव त्ति गिरं वएज्जा ।**
**संमुच्छिए उण्णए वा पओए, वएज्ज वा वुट्ठे बलाहए त्ति ॥**

**છાયાનુવાદ :** तथैव मेघं वा नभो वा मानवं, न देवदेवेति गिरं वदेत् ।
संमूर्च्छित(समुच्छ्रित) उन्नतो वा पयोदः, वदेद्वा वृष्टो बलाहक इति ॥

**શબ્દાર્થ :– मेहं** = વાદળાને **णहं** = આકાશને **माणवं** = કોઈ મનુષ્યને **देवदेव त्ति** = આ દેવ છે આ દેવ છે આ પ્રમાણે **गिरं** = ભાષા **ण वइज्जा** = ન બોલે, પરન્તુ વાદળાને જોઈને **पओए** = આ મેઘ **संमुच्छिए**

= ચઢ્યા છે **उण्णए** = ઉન્નત થયા છે અથવા ઘણા છે **वुट्ठे बलाहए** = આ વાદળું વરસી ચૂક્યું છે.

**ભાવાર્થ :–** વાદળ, આકાશ કે રાજા જેવા માનવને મુનિ "આ દેવ છે–આ દેવ છે," એવું કહે નહિ. પરંતુ વાદળાને જોઈને કહે કે આ વાદળ ઉપર ચઢ્યા છે, ઊંચે ઘેરાઈ રહ્યા છે અથવા પાણી ભરેલા છે અથવા આ વાદળાઓ વરસી ગયેલા છે; એ પ્રમાણે કહે.

**૫૩** **अंतलिक्खे त्ति णं बूया, गुज्झाणुचरियत्ति य ।**
**रिद्धिमंतं णरं दिस्स, रिद्धिमंतं ति आलवे ॥**

**છાયાનુવાદ : अन्तरिक्षमिति तद् ब्रूयाद्, गृह्यानुचरितमिति च ।**
**ऋद्धिमन्तं नरं दृष्ट्वा, ऋद्धिमान् इत्यालपेत् ॥**

**શબ્દાર્થ :– णं** = આકાશ પ્રતિ **अंतलिक्खे त्ति** = અન્તરિક્ષ **गुज्झाणुचरिय त्ति** = અદશ્ય રહેનાર દેવોથી સેવિત છે એ રીતે **बूया** = કહે **रिद्धिमंतं** = ઋદ્ધિશાળી **णरं** = મનુષ્યને **दिस्स** = જોઈને **रिद्धिमंतं ति** = આ ઋદ્ધિવાળો છે એમ **आलवे** = કહે.

**ભાવાર્થ :–** મુનિઓ પ્રયોજન હોય તો આકાશને અંતરિક્ષ અથવા દેવાનુચરિત માર્ગ(દેવોનો આવવા–જવાનો માર્ગ) છે, તેમ કહે અને ઋદ્ધિશાળી મનુષ્યને જોઈને તે ઋદ્ધિશાળી છે તેમ કહે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં મેઘ, આકાશ અને માનવ પ્રત્યે અતિશયોક્તિ પૂર્ણ વચનનો નિષેધ અને યથાયોગ્ય ગુણોનું કથન કરવાનું વિધાન છે.

પ્રાચીનકાલમાં સામાન્ય જન સમાજ કે પ્રકૃતિના ઉપાસકો વાદળ કે આકાશ જેવા પ્રાકૃતિક તત્ત્વોને દેવ તરીકે ઓળખીને તેમાં અદ્ભુતતાનો આરોપ કરતા હતા. વૈભવશાળી અને ચમત્કારિક પુરુષોને દેવ કહેવાનો રિવાજ હતો. આ પ્રકારે લોકોમાં અંધશ્રદ્ધા, વહેમ જેવા દુર્ગુણો પેસી જતા હતા. જૈન દર્શને વ્યક્તિ પૂજા કે વસ્તુ પૂજાને ક્યારે ય મહત્ત્વ આપ્યું નથી. તેણે ગુણ પૂજાને જ મહત્ત્વ આપી વાસ્તવિકતા પ્રગટ કરી છે.

જૈન દર્શન અનુસાર વાદળા પુદ્ગલ સમૂહરૂપ છે. આકાશ અરૂપી અજીવ દ્રવ્ય છે. ગમે તેવો ચમત્કારિક પુરુષ હોય પરંતુ તે મનુષ્યગતિને જ ભોગવી રહ્યો છે. તેને દેવ કહેવું તે અસત્ય વચન છે, મિથ્યા માન્યતા છે. તેથી સાધુ તેવા પ્રકારનું ભાષણ ન કરે. શેષ કથન ભાવાર્થથી સ્પષ્ટ છે. અંતરિક્ષ અને ગુહ્યાનુચરિત આ બંને શબ્દો નભ અને મેઘ બંનેના વાચક છે.

## ઉપસંહાર : શિક્ષા વચન :–

**૫૪** **तहेव सावज्जणुमोयणी गिरा, ओहारिणी जा य परोवघाइणी ।**
**से कोह लोह भयसा व माणवो, ण हासमाणो वि गिरं वइज्जा ॥**

**છાયાનુવાદ :** तथैव सावद्यानुमोदिनी गीः, अवधारिणी या च परोपघातिनी ।
स क्रोध लोभ भयेन वा मानवतः, न हसन्नपि गिरं वदेत् ॥

**શબ્દાર્થ :– तहेव** = તેમજ **जा** = જે **गिरा** = ભાષા **सावज्जणुमोयणी** = પાપકર્મની અનુમોદના કરનાર **ओहारिणी** = નિશ્ચયકારિણી **य** = અને સંશય કારિણી તેમજ **परोवघाइणी** = પરજીવોને પીડા ઉત્પન્ન કરનાર **से** = તેને **माणवो** = મનનશીલ સાધુ **कोह लोह भयसा व माणवो** = ક્રોધ, લોભ, ભય અને માન યુક્ત **हासमाणो वि** = મજાક સાથે, કપટ પૂર્વક **गिरं** = વાણી **ण वइज्जा** = ન બોલે.

**ભાવાર્થ :–** સાધુ પાપ કાર્યની અનુમોદક, નિશ્ચયકારી, પરજીવો માટે પીડાકારી ભાષા ન બોલે તેમજ ક્રોધ, લોભ, ભય, માન અને હાસ્ય વશ થઈને પણ ન બોલે.

**૫૫** सुवक्कसुद्धिं समुपेहिया मुणी, गिरं च दुट्ठं परिवज्जए सया ।
मियं अदुट्ठं अणुवीइ भासए, सयाण मज्झे लहइ पसंसणं ॥

**છાયાનુવાદ :** सद्वाक्यशुद्धिं सम्प्रेक्ष्य मुनिः, गिरं च दुष्टां परिवर्जयेत्सदा ।
मितमदुष्टमनुविचिन्त्य भाषकः, सतां मध्ये लभते प्रशंसनम् ॥

**શબ્દાર્થ :– सुवक्कसुद्धिं** = શ્રેષ્ઠ વચનની શુદ્ધિને **समुपेहिया** = સારી રીતે વિચારણા કરીને **सया** = સદા **दुट्ठं** = દુષ્ટ **गिरं** = ભાષાને **परिवज्जए** = સર્વથા છોડી દે **मियं** = પરિમિત **अदुट्ठं** = દુષ્ટતા રહિત, દોષ રહિત, શુદ્ધ વચન **अणुवीइ** = વિચારપૂર્વક **भासए** = બોલે તે **मुणी** = મુનિ **सयाण मज्झे** = સત્પુરુષોની મધ્યમાં **पसंसणं** = પ્રશંસા **लहइ** = પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :–** આ રીતે મુનિ વાક્યની સુંદરતા અને શુદ્ધિને સમજીને તથા સમ્યક્ વિચારણા કરીને દૂષિત વાણી પ્રયોગનો સદા ત્યાગ કરે. આમ કરતાં જે સાધક વિવેકપૂર્વક ચિંતન કરીને પરિમિત અને અદૂષિત ભાષા બોલે છે તે સત્પુરુષોમાં પ્રશંસા પામે છે.

**૫૬** भासाइ दोसे य गुणे य जाणिया, तीसे य दुट्ठे परिवज्जए सया ।
छसु संजए सामणिए सया जए, वएज्ज बुद्धे हियमाणुलोमियं ॥

**છાયાનુવાદ :** भाषाया दोषांश्च गुणांश्च ज्ञात्वा, तस्याश्च दुष्टायाः परिवर्जकः सदा ।
षट्सु संयतः श्रामण्ये सदा यतो, वदेत् बुद्धो हिमानुलोमिकीम् ॥

**શબ્દાર્થ :– छसु** = ષટકાયના વિષયમાં **संजए** = યતના કરનાર તથા **सामणिए** = શ્રમણ ભાવમાં **सया** = હંમેશાં **जए** = યત્નાશીલ રહેનાર **बुद्धे** = જ્ઞાની સાધુ **भासाइ** = ભાષાના **दोसे** = દોષોને **गुणे य** = ગુણોને **जाणिया** = જાણીને **तीसे** = તે **दुट्ठे** = દુષ્ટ ભાષાને **सया** = હંમેશ માટે **परिवज्जए** =

છોડે અને **हियमाणुलोमियं** = હિતકારી તથા બધા પ્રાણીઓને અનુકૂળ ભાષા **वएज्ज** = બોલે.

**ભાવાર્થ :–** છ જીવનિકાયને વિષે સંયમવાન્ અને શ્રમણ ભાવમાં નિરંતર ઉદ્યમવંત જ્ઞાની સાધુ ભાષાના ગુણ અને દોષોને જાણી, સદોષ ભાષાનો નિરંતર ત્યાગ કરે અને હિતકારી તથા મધુર ભાષા બોલે.

**૫૭** **परिक्खभासी सुसमाहिइंदिए, चउक्कसायावगए अणिस्सए ।**
**स णिद्धुणे धुण्णमलं पुरेकडं, आराहए लोगमिणं तहा परं ॥**
**॥त्ति बेमि॥**

**છાયાનુવાદ : परीक्ष्यभाषी सुसमाहितेन्द्रियः, अपगतचतुष्कषायोऽनिश्रितः ।**
**स निर्धूय धुत्तमलं पुराकृतं, आराधयति लोकमिमं तथा परं इति ब्रवीमि ॥**

**શબ્દાર્થ :– परिक्खभासी** = પરીક્ષાપૂર્વક(સમીક્ષાપૂર્વક) વચન બોલનાર તથા **सुसमाहिइंदिए** = સમસ્ત ઈન્દ્રિયોને વશમાં રાખનાર **चउक्कसायावगए** = ચારે કષાયોને દૂર કરનાર **अणिस्सिए** = પ્રતિબંધ રહિત **स** = તે સાધુ **पुरेकडं** = પૂર્વકૃત **धुण्णमलं** = ખંખેરવા(ધુનન) યોગ્ય પાપમલને **णिद्धुणे** = નષ્ટ કરી **इणं** = આ **लोगं** = લોકની **तहा** = તથા **परं** = પર લોકની **आराहए** = આરાધના કરે છે.

**ભાવાર્થ :–** ગુણ દોષવિષે સમીક્ષાપૂર્વક બોલનાર, ઈન્દ્રિયોને વશમાં રાખનાર, ચારે કષાયોને દૂર કરનાર, પ્રતિબંધ રહિત સાધુ પૂર્વોપાર્જિત ખંખેરવા યોગ્ય કર્મોને ક્ષય કરી, આ લોક અને પરલોકની આરાધના કરે છે.

## વિવેચન :–

અંતિમ ત્રણ ગાથાઓમાં સૂત્રકારે આ અધ્યયનમાં કથિત ભાષાશુદ્ધિનું આચરણ કરનાર શ્રમણો માટે શિક્ષા વચનોનું અને તેના પાલનના પરિણામનું નિરૂપણ કર્યું છે. તે સર્વ વિષય ભાવાર્થમાં સુસ્પષ્ટ છે તેનો સાર એ છે કે–

સાધુ આવશ્યક્તા વિના બોલે નહીં; બોલે તો ભાષા સમિતિપૂર્વક બોલે; કર્કશ, કઠોર, હિંસક આદિ દોષ રહિત સત્ય ભાષા બોલે; ભાષાના ગુણ–દોષને જાણીને, પૂર્વાપરનો તેમ જ સુવાક્યશુદ્ધિનો વિચાર કરીને બોલે.

ભાષાના વિવેકથી જ અહિંસા ધર્મનું પાલન થઈ શકે છે. ભાષાના વિવેકથી સાધુ આ લોકમાં આદર અને સન્માનને પાત્ર બને છે અને પરલોકમાં સુગતિને પ્રાપ્ત કરે છે. જ્યારે ભાષાનો અવિવેક કરનાર બહુગુણી સાધક પણ આદર સન્માનથી વંચિત રહે છે. તે આ ભવ પરભવમાં સમાધિને પ્રાપ્ત કરી શકતા નથી. માટે સર્વ સાધનાઓ કે આરાધનાઓની સિદ્ધિમાં વચન વિવેક(ભાષા શુદ્ધિ) અત્યાવશ્યક છે.

**–: પરમાર્થ :–**

ભાષા ઔષધ તુલ્ય છે. ઔષધ–શરીરને હિત કરે, તેમ ભાષા આત્માનું હિત કરે છે. માટે આત્મહિત થાય તે રીતે તેનો પ્રયોગ કરવો તે પુણ્યપ્રાપ્ત વાગ્યોગની સફળતા છે. અનંતકાળ પછી જીવને કર્મો હળવા થવા રૂપ પુણ્યના બળે બેઈન્દ્રિયાદિ જાતિમાં ભાષાની(જીહ્વાની) પ્રાપ્તિ થાય છે, તેના સદુપયોગ દ્વારા કર્મોને હળવા કરીને ઉત્તરોત્તર આત્મવિકાસ સાધવો તે જીવનું કર્તવ્ય છે. નિશ્ચયથી બીજાના લાભ માટે નહીં પણ પોતાના કર્મક્ષય કરવા બોલવાનું છે. એ લક્ષ્યથી બોલાયેલા શબ્દો પરોપકારી પણ બને છે.

સ્વ–પર હિતકારી ભાષા બોલવાનું શિક્ષણ મેળવવું ખૂબ અગત્યનું છે. લોકોત્તર ચિકિત્સક સાધુ પુરુષોનું સ્થાન પણ સદુપદેશ દેવાના કારણે ઊંચુ છે. કોને, ક્યારે, કયું ઔષધ, કેટલા પ્રમાણમાં, કયા પથ્યથી હિત કરશે, તે સમજીને અધિકારી પાત્ર શ્રોતાને હિત થાય તેવું, તેટલું અને ત્યારે તે વચન, તેવા ભાવપૂર્વક બોલવું; તે શીખવાડવાનું જૈન દર્શનનું ધ્યેય છે.

આ અધ્યયનમાં ગ્રંથકારે તે વાતને બાળક પણ સમજે તે રીતે સમજાવી છે. યથાયોગ્ય અભ્યાસ કરીને બોલતાં શીખવું. વિવેકથી વચન વદતાં સ્વ–પરની વિપરીત માન્યતા વિનાશ પામે છે. વિનયથી કેળવેલી વચનલબ્ધિ વચનાતિશય બની, સુવાક્યથી સંયમિત બની, વીતરાગભાવ પ્રગટ કરાવે છે. વિચાર વિશુદ્ધિ પ્રમાણે વચન વાપરવા જોઈએ. તે પરમ પ્રાણ પ્રગટ કરવાનો પરમાર્થ છે, ઉપાય છે.

**॥ અધ્યયન–૭ સંપૂર્ણ ॥**

# આઠમું અધ્યયન

## પરિચય

★ આ અધ્યયનનું નામ **આચાર પ્રણિધિ** છે.

★ આ અધ્યયનમાં અખંડ એક વિષય નથી તેમજ ક્રમિક વિષયો પણ નથી પરંતુ બહુમુખી સંયમ જીવનોપયોગીઆચાર વિચાર વિષયક વિવિધ હિત શિક્ષાઓ છે જે માનો કે વીણી–વીણીને એકઠી કરીને ભડાર રૂપે ભરેલી હોય તેમ જણાય છે. માટે આ અધ્યયનનું નામ **આચાર પ્રણિધિ** છે.

★ આચાર પ્રણિધિને પ્રાપ્ત કરીને સાધકની બાહ્ય અને આભ્યંતર શુદ્ધિ થાય છે તથા ઈન્દ્રિય અને મનને ચોક્કસ દિશામાં પ્રવાહિત કરવાનો નિર્દેશ પ્રાપ્ત થાય છે. સંયમ ધનરૂપી અનંતગુણોમાં વૃદ્ધિ થાય તેવા સરલ સુગમ અને રોચક માર્ગદર્શન આ અધ્યયનમાંથી મળે છે. તે સર્વ માર્ગદર્શન નાના મોટા સમસ્ત સાધકો માટે અતીવ ઉપયોગી છે.

★ આ અધ્યયનમાં વર્ણિત છકાય જીવોની રક્ષા, વિશેષ યતના માટે આઠ પ્રકારના સૂક્ષ્મ જીવોનું સ્વરૂપ, શ્રમણોને યોગ્ય સ્થાન, શય્યા, આસન, ગૌચરીની વિધિ વગેરે વિષયોના જ્ઞાન દ્વારા સાધક સંયમી જીવન જીવવાની કળા સારી રીતે શીખી શકે છે.

★ સાધુએ સંસારના સર્વ સંયોગોનો ત્યાગ કર્યો છે તેમ છતાં તેને ડગલેને પગલે ઈન્દ્રિય વિષયોનો સંયોગ થતો જ રહે છે. તોપણ મુનિ ઈન્દ્રિય વિજેતા કહેવાય છે. તે બિરુદને સાર્થક કરવા માટેની સાધન સામગ્રી આ અધ્યયનમાંથી મેળવી શકાય છે.

★ શ્રમણોને આંખ દ્વારા અવનવા દશ્યો દેખાય, કાન દ્વારા ઘણું ઘણું સંભળાય પરંતુ જોયેલી કે સાંભળેલી સર્વ વાતો અન્યને કહેવાય નહીં; પરંતુ કેટલીય વાતો તેણે મનમાં જ સમાવી લેવાની હોય છે. આ પ્રકારની ગંભીર શિક્ષાઓ આ અધ્યયનમાં છે.

★ કષાયવિજય, નિદ્રાવિજય, હાસ્ય ત્યાગ વગેરે વિષયોના સુંદર નિર્દેશ સાધુને માટે પ્રેરક છે.

★ **देह दुक्खं महाफलं** જેવું સોનેરી સૂત્ર સાધનામાં વીર રસ ભરી દેહાતીત અવસ્થા પ્રાપ્ત કરાવવા માટે અત્યંત ઉપયોગી છે.

★ **जाए सद्धाए णिक्खंतो**– સંયમ શ્રદ્ધાનું સાતત્ય, જીવનના અંત સુધી રહેવું જરૂરી છે. જો તે સાતત્ય જળવાઈ રહે તો જ સાધક સફલીભૂત થઈ લક્ષ્યસિદ્ધ કરી શકે છે.

★ સ્વાધ્યાય અને ધ્યાન આ બંને સાધક જીવનના અનિવાર્ય અંગ છે, તે સંબંધી સૂચનો પણ આ અધ્યયનમાં છે. તેના સહારે આત્મા પરમાત્મા બને છે.

આ રીતે અનેકવિધ ઉપાયો દ્વારા આચાર–પ્રણિધિને આત્મસાત્ કરવાની કળા આ અધ્યયનમાં છે. જિનેશ્વર પ્રભુના સાધના માર્ગમાં આવ્યા પછી સાધકને તે આચારપાલન દ્વારા આત્મગુણોને પ્રગટ કરવાનો રાજમાર્ગ પ્રાપ્ત થઈ જાય છે. ત્યારપછી પ્રતિદિન આત્મગુણોમાં વૃદ્ધિ કરી તેને સુરક્ષિત રાખવા તે દરેક સાધકનું કર્તવ્ય થઈ જાય છે. માટે તપ, જપ, સ્વાધ્યાય, ધ્યાન, શાસન સેવાયોગ વગેરે અનુષ્ઠાનોની આરાધના કરતી સમયે સાધકનું લક્ષ આત્મગુણોની વૃદ્ધિ પર હોવું જોઈએ અને તેને આંતર નિરીક્ષણ પણ કરતા રહેવું જોઈએ. તેમાં પણ ગુણવૃદ્ધિની સાથે ગુસ્સો, ઘમંડ કે યશકામના વગેરે દૂષણો જીવનમાં પ્રવેશી ન જાય, તેનું ધ્યાન રાખવું અત્યાવસ્યક થઈ જાય છે. આ રીતે દૂષણ રહિત ગુણોની અભિવૃદ્ધિ તે જ **આચાર પ્રણિધિ** ની સફળતા છે.

★ **આચાર પ્રણિધિ** એ દીક્ષા, પ્રવ્રજ્યા સંયમ વગેરેનો વિશિષ્ટ પર્યાયવાચી શબ્દ છે.

# આઠમું અધ્યયન

## આચાર પ્રણિધિ

**અધ્યયન પ્રારંભ : વિષય નિરૂપક પ્રતિજ્ઞા :–**

**૧** आयारप्पणिहिं लद्धुं, जहा कायव्व भिक्खुणा ।
तं भे उदाहरिस्सामि, आणुपुव्विं सुणेह मे ॥

**છાયાનુવાદ :** आचारप्रणिधिं लब्ध्वा, यथा कर्त्तव्यं भिक्षुणा ।
तं भवदभ्यः उदाहरिष्यामि, अनुपूर्व्या शृणुत मे ॥

**શબ્દાર્થ :– आयारप्पणिहिं** = આચાર રૂપ ઉત્કૃષ્ટ નિધિને, સંયમ જીવનને **लद्धुं** = પામીને **भिक्खुणा** = સાધુને **जहा** = જે પ્રમાણે **कायव्व** = કરવા યોગ્ય ક્રિયા છે **तं** = તે **भे** = તમોને **उदाहरिस्सामि** = હું કહીશ **आणुपुव्विं** = અનુક્રમે **मे** = મારાથી **सुणेह** = સાંભળો.

**ભાવાર્થ :–** આચારના ખજાનારૂપ સંયમને પામી ભિક્ષુઓએ જે રીતે તે સંયમનું પાલન કરવું જોઈએ તે સર્વ ક્રિયા કલાપને, જીવન વ્યવહારને હું અનુક્રમે કહીશ, તે તમે મારી પાસેથી સાંભળો.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં અધ્યયનના વિષય અંગે પ્રતિજ્ઞારૂપ કથન છે.

**आयारप्पणिहिं लद्धुं :–** આચાર = મોક્ષપ્રદાયક વિવિધ અનુષ્ઠાનો **આચાર** કહેવાય છે અને પ્રણિધિ = સંકલન, સંગ્રહ, ભંડાર, કોષ એ **પ્રણિધિ** કહેવાય. **આચારપ્રણિધિ** = મોક્ષ પ્રદાયક અનુષ્ઠાનોનો ખજાનો.

આચાર પ્રણિધિ રૂપ સંયમ અંગીકાર કરવા માત્રથી મોક્ષ સાધના પૂર્ણ થઈ જતી નથી. સંયમ સ્વીકાર, દીક્ષાગ્રહણ એ તો માત્ર નિશાળમાં પ્રવેશ છે. જેમ નિશાળમાં પ્રવેશ કર્યા પછી તો વિદ્યાર્થીએ ઘણું શીખવાનું હોય છે; એ જ નિયમ અહીં પણ લાગુ થાય છે. તે આ પ્રથમ ગાથાના બીજા ચરણ **जहाकायव्व भिक्खुणा** થી સ્પષ્ટ થાય છે.

**लद्धुं :–** આ શબ્દના સંબંધક કૃદંત અને હેત્વર્થ કૃદંતની અપેક્ષાએ બે રીતે અર્થ થાય છે– પ્રાપ્ત કરીને અને પ્રાપ્ત કરવા માટે. (૧) આચાર પ્રણિધિ(સંયમ)ને પ્રાપ્ત કરીને ભિક્ષુએ જે પ્રમાણે વર્તન કરવાનું હોય છે, તે

હું કહીશ. (૨) આચાર પ્રણિધિને પ્રાપ્ત કરવા માટે ભિક્ષુએ જે પ્રમાણે વર્તન કરવાનું હોય, તે હું કહીશ.

**છકાય જીવો પ્રત્યે સંયમ બોધ :–**

**૨** **पुढवि दग अगणि मारुय, तणरुक्ख सबीयगा ।**
**तसा य पाणा जीवत्ति, इइ वुत्तं महेसिणा ॥**

**છાયાનુવાદ :** **पृथिव्युदकाग्निमारुताः तृणवृक्षाः सबीजकाः ।**
**त्रसाश्च प्राणिनो जीवा इति, इति प्रोक्तं महर्षिणा ॥**

**શબ્દાર્થ :–** **पुढवि** = પૃથ્વીકાય **दग** = અપ્કાય **अगणि** = અગ્નિકાય **मारुय** = વાયુકાય **तणरुक्ख सबीयगा** = તૃણ, વૃક્ષ અને બીજ સહિત સર્વ વનસ્પતિકાય **तसा पाणा** = ત્રસ પ્રાણી **जीव त्ति** = જીવ છે **इइ** = એ પ્રમાણે **महेसिणा** = મહર્ષિઓએ **वुत्तं** = કહ્યું છે.

**ભાવાર્થ :–** પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય તથા તૃણ, વૃક્ષ અને બીજ સહિત સર્વ વનસ્પતિકાય, તે પાંચ સ્થાવરકાય છે અને બેઇન્દ્રિય આદિ સર્વ ત્રસકાય છે. આ રીતે ત્રસ અને સ્થાવર સર્વે જીવ છે, એમ મહર્ષિઓએ(સર્વજ્ઞ પ્રભુએ) કહ્યું છે.

**૩** **तेसिं अच्छणजोएण, णिच्चं होयव्वयं सिया ।**
**मणसा कायवक्केण, एवं हवइ संजए ॥**

**છાયાનુવાદ :** **तेषामक्षणयोगेन, नित्यं भवितव्यं स्यात् ।**
**मनसा कायवाक्येन, एवं भवति संयतः ॥**

**શબ્દાર્થ :–** **मणसा** = મનથી **वक्केण** = વચનથી **काय** = કાયાથી **तेसिं** = પૂર્વોક્ત છકાયજીવોની સાથે **णिच्चं** = નિત્ય **अच्छणजोएण** = અહિંસક વૃત્તિથી જ **होयव्वयं सिया** = વર્તન કરવું જોઈએ **संजए** = સંયમી સાધુ **हवइ** = થવાય છે.

**ભાવાર્થ :–** તે જીવો પ્રત્યે નિત્ય અહિંસક વૃત્તિથી રહેવું જોઈએ. જે મન, વાણી, કાયાથી અહિંસક રહે છે તે સાધક આદર્શ સંયમી બને છે.

**૪** **पुढविं भित्तिं सिलं लेलुं, णेव भिंदे ण संलिहे ।**
**तिविहेण करणजोएण, संजए सुसमाहिए ॥**

**છાયાનુવાદ :** **पृथिवीं भित्तिं शिलां लेष्टुं, नैव भिन्द्यात् न संलिखेत् ।**
**त्रिविधेन करणयोगेन, संयतः सुसमाहितः ॥**

**શબ્દાર્થ :– सुसमाहिए** = સુસમાધિવંત, ઉત્તમ સમાધિથી યુકત **संजए** = સાધુ **तिविहेण करणजोएण** = ત્રણ કરણ અને ત્રણયોગથી **पुढविं** = શુદ્ધ પૃથ્વીને **भित्तिं** = ભીતને, નદી કિનારાની **सिलं** = શિલાને **लेलुं** = પત્થર આદિના ટુકડાને–ઢેફાને **णेव भिंदे** = ભેદન કરે નહિ અને **ण संलिहे** = ખોતરે નહિ.

**ભાવાર્થ :–** સુસમાધિવંત સંયમી સાધુ, ત્રણકરણ અને ત્રણયોગથી પૃથ્વીનું, ભીતનું અથવા પર્વતાદિની તિરાડનું, શિલાનું–ઢેફાનું ભેદન કરે નહીં કે તેને ખોદે નહીં.

**૫** **सुद्धपुढवीं ण णिसीए, ससरक्खम्मि य आसणे ।**
**पमज्जित्तु णिसीएज्जा, जाइत्ता जस्स उग्गहं ॥**

**છાયાનુવાદ : शुद्धपृथिव्यां न निषीदेत्, सरजस्के च आसने ।**
**प्रमृज्य निषीदेत्, याचित्वा यस्यावग्रहम् ॥**

**શબ્દાર્થ :– सुद्धपुढवीं** = શુદ્ધ સચિત્ત પૃથ્વીપર **ससरक्खम्मि** = સચિત્ત રજથી ભરેલા **आसणे** = આસન ઉપર **ण णिसीए** = બેસે નહિં, જો અચિત્ત ભૂમિ હોય તો **जस्स** = જે ભૂમિ જેની હોય તેની **उग्गहं** = અવગ્રહ– આજ્ઞા ગ્રહણ યોગ્ય પદાર્થ, આજ્ઞા **जाइत्ता** = યાચીને **पमज्जित्तु** = પ્રમાર્જન કરીને **णिसीइज्जा** = બેસે.

**ભાવાર્થ :–** મુનિ સચેત પૃથ્વી પર કે સચેત રજવાળા આસન ઉપર બેસે નહિ. અચિત્ત ભૂમિ જેની હોય, તે માલિકની આજ્ઞા લઈને, રજોહરણથી પ્રમાર્જન કરીને બેસે.

**૬** **सीओदगं ण सेविज्जा, सिलावुट्ठं हिमाणि य ।**
**उसिणोदगं तत्तफासुयं, पडिगाहेज्ज संजए ॥**

**છાયાનુવાદ : शीतोदकं न सेवेत, शिलावृष्टं हिमानि च ।**
**उष्णोदकं तप्तप्रासुकं, प्रतिगृह्णीयात्संयतः ॥**

**શબ્દાર્થ :– संजए** = સાધુ **सीओदगं** = શીતોદક, સચિત્ત જલ, કાચું પાણી **सिलावुट्ठं** = વરસતા કરા **हिमाणि य** = હિમ, બરફનું પણ **ण सेविज्जा** = સેવન કરે નહિ **तत्त** = અગ્નિથી પૂર્ણ તપાવેલું, ઉકાળેલું **उसिणोदगं** = ઉષ્ણ જલ, ગરમ પાણી **फासुयं** = પ્રાસુક જલ, ધોવણનું પાણી **पडिगाहेज्ज** = ગ્રહણ કરે.

**ભાવાર્થ :–** મુનિ સચિત્ત પાણી, વરસતા કરા તથા બરફનું સેવન કરે નહિ, પરંતુ અગ્નિથી પૂર્ણ તપાવેલું ઉષ્ણોદક તથા પૂર્ણ અચિત્ત થયેલું ધોવણનું પાણી ગ્રહણ કરે અને વાપરે.

**૭** **उदउल्लं अप्पणो कायं, णेव पुंछे ण संलिहे ।**
**समुप्पेह तहाभूयं, णो णं संघट्टए मुणी ॥**

**છાયાનુવાદ :** **उदकार्द्रमात्मनः कायं, नैव प्रोञ्छेत् न संलिखेत् ।**
**समुत्प्रेक्ष्य तथाभूतं, नैनं संघट्टयेत् मुनिः ॥**

**શબ્દાર્થ :– उदउल्लं** = સચિત્ત જલથી ભીંજાયેલી **अप्पणो कायं** = પોતાની કાયાને **णेव पुंछे** = લૂંછે નહિ **ण संलिहे** = ઘસે નહિ **तहाभूयं** = તેવા ભીંજાયેલા દેહને **समुप्पेह** = જોઈને **णं** = તેનો **णो संघट्टए** = સ્પર્શ વગેરે કરે નહીં.

**ભાવાર્થ :–** મુનિ પાણીથી ભીંજાયેલા પોતાના શરીરને લૂંછે નહીં કે હાથ વગેરેથી ઘસે નહીં અને તેવા(ભીંજાયેલા) શરીરને જોઈને તેનો સ્પર્શ પણ ન કરે.

**૮**

**इंगालं अगणिं अच्चिं, अलायं वा सजोइयं ।**
**ण उंजेज्जा ण घट्टेज्जा, णो णं णिव्वावए मुणी ॥**

**છાયાનુવાદ :** **अङ्गारमग्निमर्चिः, अलातं वा सज्योतिः ।**
**नोत्सिञ्चेत न् घट्टयेत्, नैनं निर्वापयेत् मुनिः ॥**

**શબ્દાર્થ :– इंगालं** = અંગારા, જ્વાલા રહિત અગ્નિને **अगणिं** = લોહપિંડગત અગ્નિને **अच्चिं** = અર્ચિ, ત્રુટિત જ્વાળાની અગ્નિને **सजोइयं** = જ્યોતિ સહિત અગ્નિ, જ્વાળાયુક્ત અગ્નિ **अलायं** = ઉંબાડાની અગ્નિ **ण उंजेज्जा** = સળગાવે નહિ **ण घट्टेज्जा** = સ્પર્શ આદિ કરે નહિ **णो णिव्वावए** = બુઝાવે નહિ.

**ભાવાર્થ :–** મુનિ જ્વાલા રહિત અંગારા, લોહપિંડની અંદર વ્યાપ્ત થયેલી અગ્નિ, ટૂટતી જ્વાલાવાળી અગ્નિ, ઉંબાડાની અગ્નિ અને જ્યોતિ(જ્વાલા) સહિત અગ્નિ ઈત્યાદિ અગ્નિને પ્રજ્વલિત કરે નહીં, સ્પર્શ કરે નહીં અને બુઝાવે નહીં.

**૯**

**तालियंटेण पत्तेण, साहाविहुयणेण वा ।**
**ण वीएज्ज अप्पणो कायं, बाहिरं वावि पुग्गलं ॥**

**છાયાનુવાદ :** **तालवृन्तेन पत्रेण, शाखा-विधूवनेन वा ।**
**न व्यजेदात्मनः कायं, बाह्यं वाऽपि पुद्गलम् ॥**

**શબ્દાર્થ :– अप्पणो** = પોતાના **कायं** = શરીરને **बाहिरं** = બહારના **पुग्गलं वि** = પુદ્ગલોને, ઉષ્ણ દૂધ આદિ પદાર્થોને **तालियंटेण** = તાલવૃક્ષના પંખાથી **पत्तेण** = પાંદડાથી **साहा** = વૃક્ષની શાખાથી **विहुयणेण** = મોરપીંછના પંખાથી **ण वीइज्ज** = વીંઝે નહિ.

**ભાવાર્થ :–** પ્રજ્ઞાવાન મુનિ તાલવૃક્ષના પંખાથી, પાંદડાથી, વૃક્ષની શાખાઓથી તથા મોરપીંછના પંખાથી

પોતાના શરીરને અથવા બાહ્ય પદાર્થોને વીંઝે નહીં અર્થાત્ પવન નાંખે નહીં.

**१०** **तणरुक्खं ण छिंदेज्जा, फलं मूलं च कस्सइ ।**
**आमगं विविहं बीयं, मणसा वि ण पत्थए ॥**

**છાયાનુવાદ :** **तृणवृक्षं न छिन्द्यात्, फलं मूलं च कस्यचित् ।**
**आमकं विविधं बीजं, मनसाऽपि न प्रार्थयेत् ॥**

**શબ્દાર્થ :– तणरुक्खं** = તૃણ અને વૃક્ષોનું **ण छिंदेज्जा** = છેદન કરે નહિ **कस्सइ** = કોઈનું, કોઈ વૃક્ષના **फलं** = ફળનું **मूलं** = મૂળનું **विविहं** = વિવિધ પ્રકારના **आमगं** = સચિત્ત **बीयं** = બીજને **मणसा वि** = મનથી પણ **ण पत्थए** = વાપરવાની ઈચ્છા ન કરે.

**ભાવાર્થ :–** મુનિ તૃણ અને વૃક્ષોનું તથા મૂલથી લઈ ફળ સુધી કોઈ પણ વનસ્પતિનું છેદન કરે નહિં તથા વિવિધ પ્રકારના સચિત્ત બીજોને ખાવા મનથી પણ ઈચ્છે નહીં.

**११** **गहणेसु ण चिट्ठिज्जा, बीएसु हरिएसु वा ।**
**उदगम्मि तहा णिच्चं, उत्तिंगपणगेसु वा ॥**

**છાયાનુવાદ :** **गहनेषु न तिष्ठेत्, बीजेषु हरितेषु वा ।**
**उदके तथा नित्यं, उत्तिङ्गपनकेषु वा ॥**

**શબ્દાર્થ :– गहणेसु** = વૃક્ષોની કુંજોમાં **बीएसु** = શાલી આદિ બીજો ઉપર **हरिएसु** = લીલી વનસ્પતિ આદિ ઉપર **उदगम्मि** = ઉદક નામની વનસ્પતિ ઉપર **उत्तिंगपणगेसु** = નાગદંતી આદિ વનસ્પતિ તથા પનક નામની વનસ્પતિ ઉપર **णिच्चं** = સદૈવ અર્થાત્ ક્યારેય **ण चिट्ठिज्जा** = ઊભો ન રહે.

**ભાવાર્થ :–** મુનિ વૃક્ષોની ગાઢ ઝાડીઓમાં, બીજ ઉપર, લીલા ઘાસ ઉપર, ઉદક નામની વનસ્પતિ ઉપર (સચિત્ત જલ ઉપર) નાગદંતી આદિ વનસ્પતિ ઉપર(કીડી વગેરેના દરો ઉપર) અને પાંચ પ્રકારની(પાંચ રંગની) લીલ–ફૂગ ઉપર કદાપિ ઊભો ન રહે.

**१२** **तसे पाणे ण हिंसेज्जा, वाया अदुव कम्मुणा ।**
**उवरओ सव्वभूएसु, पासेज्ज विविहं जगं ॥**

**છાયાનુવાદ :** **त्रसान् प्राणान् न हिंस्यात्, वाचा अथवा कर्मणा ।**
**उपरतः सर्वभूतेषु, पश्येद्विविधं जगत् ॥**

**શબ્દાર્થ :– सव्वभूएसु** = સર્વ પ્રાણીઓના વિષયમાં **उवरओ** = હિંસાથી ઉપરત, વિરત થાય, હિંસાનો પરિત્યાગ કરે **वाया** = વચનથી **कम्मुणा** = કર્મથી **तसे** = ત્રસ **पाणे** = પ્રાણીઓની **ण हिंसेज्जा** = હિંસા ન કરે **विविहं** = વિચિત્ર સ્વરૂપવાળા **जगं** = જગતને **पासेज्ज** = દેખે, જાણે, જુએ.

**ભાવાર્થ :–** સર્વ પ્રાણીઓની હિંસાથી વિરામ પામેલા મુનિ મન, વાણી કે કર્મથી, હાલતા–ચાલતા ત્રસ જીવોની હિંસા કરે નહીં તેમજ સર્વ પ્રાણીઓની હિંસાથી નિવૃત્ત થઈ, વિવિધતા અને વિચિત્રતાથી યુક્ત જગત્ જીવોને જ્ઞાન દષ્ટિથી જુએ અર્થાત્ સંયમમય વર્તન રાખે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં સૂત્રકારે અહિંસા ધર્મના પાલન માટે ષડ્જીવનિકાયરૂપ જગત્ જીવોનું ક્રમિક સ્વરૂપ અને તેની રક્ષા–દયાના વિવિધ ઉપાયો રજૂ કર્યા છે.

આચાર પ્રણિધિનું મૂળ અને સારભૂત તત્ત્વ અહિંસા છે અર્થાત્ શ્રમણોનો સંયમ અહિંસા પ્રધાન છે તથા પાંચ મહાવ્રતમાં પણ અહિંસા મહાવ્રતની પ્રાથમિકતા છે તેથી અહીં પણ સૂત્રકારે આચાર–પ્રણિધિના કથનમાં અહિંસાને પ્રાધાન્ય આપ્યું છે. માનવની જેમ જેમ જરૂરિયાતો ઘટે તેમ–તેમ હિંસા ઘટે; હિંસા ઘટે તેમ કરુણા અને અનુકંપાભાવમાં વૃદ્ધિ થાય છે. આ રીતે સાધકના જીવનમાં પણ જેમ જેમ સંયમ ધર્મમાં પરિપક્વતા થતી જાય છે તેમ તેમ તેના અહિંસા આચારમાં સ્થિરતા આવતી જાય છે.

પ્રસ્તુત ગાથાઓનો વિષય સરલ અને સુબોધ્ય છે. શબ્દાર્થ અને ભાવાર્થથી તે વિષયની સ્પષ્ટતા થઈ જાય છે. તે વિષયોને હૃદયંગમ કરી સાધક જીવ દયા પાલનમાં સફલ થાય, તે જ ગાથાઓનો મર્મ છે.

**अच्छण जोएण :–** અક્ષણયોગ. ક્ષણ = હિંસા, અક્ષણ = અહિંસા. યોગ = પ્રવૃત્તિ, વ્યાપાર. અહિંસામય પ્રવૃત્તિ અક્ષણયોગ કહેવાય છે.

**सुद्धपुढवीं :–** શુદ્ધ પૃથ્વી. શસ્ત્ર વડે પરિણત ન થયેલી પૃથ્વી અર્થાત્ સચિત્ત પૃથ્વી. અહીં શાસ્ત્રકારે સાધુને શુદ્ધ પૃથ્વી પર બેસવાનો નિષેધ કર્યો છે.

**उसिणोदगं तत्तफासुयं :–** સાધુને ગ્રહણ કરવા યોગ્ય પાણીના બે પ્રકાર છે– (૧) ઉકાળેલું પાણી (૨) ધોવણ પાણી. અહીં **उसिणोदगं** અને **तत्त** શબ્દ ગરમ પાણી માટે પ્રયુક્ત થયો છે. તેનો અર્થ છે પૂર્ણ તપ્ત થયેલું, ઉકાળેલું ગરમ પાણી. ધોવણ પાણી માટે શાસ્ત્રમાં અને ગ્રંથોમાં **फासुयं** શબ્દપ્રયોગ જોવા મળે છે. તેનો અર્થ છે– પૂર્ણ અચિત્ત થયેલું, શસ્ત્ર પરિણત થયેલું પ્રાસુક ધોવણ પાણી. પાણી સામાન્ય ગરમ કરવા માત્રથી જીવ રહિત થતું નથી. તે પૂરેપૂરું ઉકળે ત્યાર પછી જ પ્રાસુક બને છે. તેના માટે અહીં **उसिणोदगं** સાથે **तत्त** શબ્દ યોજાયેલ છે.

તે ઉપરાંત ગરમ પાણીના કુંડ કે ગરમ પાણીના ઝરણા વગેરેનું પાણી જે તપ્ત કર્યા વિના(ઉકાળ્યા વિના) સ્વભાવિકરૂપે ગરમ હોય છે, તે પણ સચિત્ત અને મુનિઓને અગ્રાહ્ય હોય છે. કારણ કે તે પાણી ગરમ હોવા છતાં તપાવેલું નથી. આ કારણે જ અહીં **तत्त** શબ્દની મહત્વપૂર્ણ ભૂમિકા છે. કુંડ વગેરેના

સ્વાભાવિક ઉષ્ણ પાણીમાં શ્રી ભગવતી સૂત્ર–૨/૫ અનુસાર ઉષ્ણયોનિક જીવો અને પુદ્ગલો ઉત્પન્ન થાય છે. તેથી તે પાણી સચિત્ત છે; અચિત્ત નથી.

**उदउल्लं :–** ભીંજાયેલું. મુનિ ગૌચરીએ જાય કે વિહાર કરે ત્યારે અચાનક વરસાદ આવી જાય અથવા ક્યારેક નદી પાર કરે ત્યારે તેનું શરીર ભીંજાય જાય છે; તેને માટે અહીં **उदउल्लं अप्पणोकायं** આ વાક્યનો પ્રયોગ છે.

**णेव पुंछे ण संलिहे :–** પાણીથી ભીંજાયેલ શરીરને વસ્ત્રથી લૂંછવું તેને પ્રોંછન કહે છે અને આંગળી, હાથાદિથી શરીરને લૂંછવું તેને સંલેખન કહે છે.

**बाहिरं पोग्गलं :–** બાહ્ય પુદ્ગલ. પોતાના શરીર સિવાયના ગરમ પાણી, ગરમ દૂધ, ખીચડી વગેરે કોઈ પણ બાહ્ય પુદ્ગલ.

**तणरुक्खं :–** ઘાસ શબ્દથી અહીં બધા પ્રકારના ઘાસ તથા વૃક્ષ શબ્દથી ખજૂર તાડ, નારિયેલ, સોપારી વગેરે બધા પ્રકારનાં વૃક્ષો તેમજ નાના છોડ(ગુચ્છ) ગુલ્મ વગેરેને ગ્રહણ કરવામાં આવ્યા છે.

**गहणेसु :–** વૃક્ષોથી છવાયેલા પ્રદેશોમાં અથવા વન નિકુંજોમાં. આવા સ્થાને જવાથી, ત્યાં હાલવા ચાલવાથી વૃક્ષની ડાળી વગેરેના સ્પર્શની સંભાવના રહે છે. માટે ત્યાં ઊભા રહેવાનો નિષેધ કરવામાં આવ્યો છે.

**उदगम्मि :–** ઉદક પર. ઉદક શબ્દના બે અર્થ થાય છે– પાણી અને ઉદક નામની વનસ્પતિ. પન્નવણા સૂત્રમાં અનંતકાયિક વનસ્પતિના પ્રકરણમાં ઉદકનામની વનસ્પતિનું નિરૂપણ છે. પાણીમાં થતી હોવાથી તેનું નામ ઉદક છે. આ અનંતકાયિક વનસ્પતિ છે.

**उत्तिंग :–** ઉત્તિંગનો અર્થ શાસ્ત્રોમાં "કીડીઓના દર" પ્રસિદ્ધ છે. તેમ છતાં વ્યાખ્યાકારે સર્પચ્છત્ર **कुकुरमुत्ता** અર્થ પણ કર્યો છે. વરસાદના દિવસોમાં જે કીડીના વિશિષ્ટ દર થાય છે તેને પણ **कुकुरमुत्ता** કહેવાય છે.

ઉદગમ્મિ અને ઉત્તિંગ શબ્દના વૈકલ્પિક અર્થ મળવા છતાં આ ગાથામાં વનસ્પતિ પરક અર્થ કરવો પ્રાસંગિક જણાય છે.

**ण चिट्ठिज्जा :–** ઊભા ન રહેવું. તેમ છતાં અહીં ઉપલક્ષણથી બેસે નહીં, સૂવે નહીં વગેરે ક્રિયાઓનું ગ્રહણ થાય છે.

**विविहं :–** વિવિધ. હીન, મધ્યમ અને ઉત્કૃષ્ટ. કર્મ પરતંત્રતાને કારણે નરક આદિ ગતિઓમાં ઉત્પન્ન થતા વિભિન્ન પ્રકારના જીવ.

## આઠ પ્રકારના સૂક્ષ્મ જીવોની રક્ષા :–

**१३** अट्ठ सुहुमाइं पेहाए, जाइं जाणित्तु संजए ।
दयाहिगारी भूएसु, आस चिट्ठ सएहि वा ॥

**છાયાનુવાદ :** **अष्टौ सूक्ष्माणि प्रेक्ष्य, यानि ज्ञात्वा संयतः ।**
**दयाधिकारी भूतेषु, आस्व उत्तिष्ठ शेष्व वा ॥**

**શબ્દાર્થ :– संजए** = મુનિ, સાધુ **जाइं** = જેને **जाणित्तु** = જાણીને **भूएसु** = જીવો ઉપર **दयाहिगारी** = દયાના અધિકારી થાય છે **अट्ठ** = તે આઠ **सुहुमाइं** = સૂક્ષ્મ જીવોને **पेहाए** = સારી રીતે દેખીને જ **आस** = બેસે **चिट्ठ** = ઊભા રહે **सएहि** = શયન કરે.

**ભાવાર્થ :–** લોકમાં(આ પૃથ્વી પર) આઠ પ્રકારના સૂક્ષ્મ જીવો હોય છે. તેને વિચારપૂર્વક જાણીને દયાવાન મુનિ તે જીવોની જયણાપૂર્વક રક્ષા કરતાં વિવેકપૂર્વક બેસે, ઊભા રહે અથવા સૂએ.

**१४** **कयराइं अट्ठ सुहुमाइं, जाइं पुच्छिज्ज संजए ।**
**इमाइं ताइं मेहावी, आइक्खिज्ज वियक्खणो ॥**

**છાયાનુવાદ :** **कतराण्यष्टौ सूक्ष्माणि, यानि पृच्छेत्संयतः ।**
**इमानि तानि मेधावी, आचक्षीत विचक्षणः ॥**

**શબ્દાર્થ :– जाइं** = જે સૂક્ષ્મ જીવો છે તેને માટે **संजए** = સાધુ, શિષ્ય **पुच्छिज्ज** = પૂછે કે **अट्ठ सुहुमाइं** = તે આઠ પ્રકારના સૂક્ષ્મ જીવો **कयराइं** = ક્યા છે ? **मेहावी** = બુદ્ધિશાળી **वियक्खणो** = વિચક્ષણ ગુરુ **आइक्खेज्ज** = કહે કે **ताइं** = તે આઠ પ્રકારના સૂક્ષ્મ જીવો **इमाइं** = આ પ્રમાણે છે.

**ભાવાર્થ :–** તે આઠ પ્રકારના સૂક્ષ્મ જીવો ક્યા છે ? એમ શિષ્ય પ્રશ્ન કરે ત્યારે વિચક્ષણ અને મેધાવી ગુરુ તેને ઉત્તર આપે કે તે આ પ્રમાણે છે.

**१५** **सिणेहं पुप्फसुहुमं च, पाणुत्तिंगं तहेव य ।**
**पणगं बीयहरियं च, अंडसुहुमं च अट्ठमं ॥**

**છાયાનુવાદ :** **स्नेहं पुष्पसूक्ष्मं च, प्राण्युत्तिंगं तथैव च ।**
**पनकं बीजहरितं च, अण्डसूक्ष्मं चाष्टमम् ॥**

**શબ્દાર્થ :– सिणेहं** = સ્નેહકાય સૂક્ષ્મ **पुप्फसुहुमं** = પુષ્પ સૂક્ષ્મ **पाण** = ત્રસ પ્રાણી સૂક્ષ્મ **उत्तिंग** = સૂક્ષ્મ કીડીયારા **पणगं** = પનક સૂક્ષ્મ **बीय** = બીજ સૂક્ષ્મ **हरियं** = હરિત સૂક્ષ્મ **अट्ठमं** = આઠમું **अंडसुहुमं** = અંડસૂક્ષ્મ.

**ભાવાર્થ :–** (૧) સ્નેહ–સૂક્ષ્મ ઝાકળ, ધુમ્મસ વગેરેનું સૂક્ષ્મ પાણી(૨) સૂક્ષ્મ પુષ્પો (૩)સૂક્ષ્મ ત્રસ જીવો (૪) સૂક્ષ્મ કીડીયારા(૫) સૂક્ષ્મ પનક(૬) સૂક્ષ્મ બીજ (૭)સૂક્ષ્મ વનસ્પતિ(અંકુરા વગેરે)(૮) સૂક્ષ્મ ઈંડા

(બેઈન્દ્રિયાદિ જીવોના); આ આઠ પ્રકારના સૂક્ષ્મ જીવો છે.

**૧૬** **एवमेयाणि जाणित्ता, सव्वभावेण संजए ।**
**अप्पमत्तो जए णिच्चं, सव्विंदियसमाहिए ॥**

**છાયાનુવાદ :** **एवमेतानि ज्ञात्वा, सर्वभावेन संयतः ।**
**अप्रमत्तो यतेत नित्यं, सर्वेन्द्रिय समाहितः ॥**

**શબ્દાર્થ :– सव्विंदिय** = સમસ્ત ઈન્દ્રિયોને, સર્વ અંગોપાંગને, પૂર્ણ શરીરને **समाहिए** = સમાધિમાં, સાવધાનીમાં, નિયંત્રણમાં રાખતાં **अप्पमत्तो** = અપ્રમત્ત **संजए** = સાધુ **जाणित्ता** = જાણીને **सव्वभावेण** = સર્વ ભાવથી **णिच्चं** = હંમેશાં તેની **जए** = યતના કરે.

**ભાવાર્થ :–** સર્વે ઇન્દ્રિયોને સમાધિમાં રાખનાર અર્થાત્ કાય સંયમમાં સાવધાન મુનિ, ઉપરોક્ત આઠે ય સૂક્ષ્મ પ્રાણીઓના સર્વ ભેદ–પ્રભેદ જાણીને સદા અપ્રમત્તભાવે તેની યતના કરે, રક્ષા કરે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં સૂત્રકારે સાધુઓને વિશેષ સાવધાની રાખવા માટે આઠ પ્રકારના સૂક્ષ્મ જીવોનું કથન કર્યું છે. તે જીવો અત્યંત સૂક્ષ્મ હોય છે. અહિંસાવ્રતની પૂર્ણતા માટે તે જીવોની દયા પાળવી અનિવાર્ય છે. તે માટે પૂર્વની અગિયાર ગાથાઓમાં છજીવનિકાયનું વિશ્લેષણ કર્યા પછી પુનઃ આ ગાથામાં સર્વ પ્રકારના ત્રસ અને સ્થાવર વ્યવહાર સાધ્ય સૂક્ષ્મ જીવોનું વિશ્લેષણ કર્યું છે. તેને મુનિ જ્ઞપરિજ્ઞાથી સારી રીતે જાણે, સમજે અને શ્રદ્ધા કરે તેમજ પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી તેની હિંસાનો ત્યાગ કરે; દયા પાળવાનો પૂર્ણ વિવેક રાખે.

પ્રસ્તુત ગાથાઓમાં આઠ પ્રકારના સૂક્ષ્મ જીવોનાં નામ નિર્દેશ છે, તેનું વિસ્તૃત વિશ્લેષણ આ પ્રમાણે છે–

**(૧) સ્નેહસૂક્ષ્મ :–** સૂક્ષ્મ પાણીના પાંચ પ્રકાર છે. (૧) ઝાકળ (૨) હીમ–બરફ (૩) ધૂમ્મસ (૪) વરસતા કરા (૫) જમીનમાંથી ફૂટીને વનસ્પતિના છેડે નાના જળ બિંદુઓ જામે છે તે.

**(૨) પુષ્પ સૂક્ષ્મ :–** ગુલાબ, મોગરા વગેરેના ફૂલો મોટા હોય છે તેના કરતાં વડ, ઉંબરાદિના ફૂલોને બહુ નાના અને ઘણી માત્રામાં માર્ગમાં વિખરાયેલાં હોવાથી તેને અહીં સૂક્ષ્મ પુષ્પ કહ્યા છે.

**(૩) પ્રાણી સૂક્ષ્મ :–** સૂક્ષ્મ પ્રાણીઓ. કુંથુવા વગેરે અત્યંત સૂક્ષ્મ ત્રસ જીવો હોય છે. તે જ્યાં ઉત્પન્ન થાય તેવા જ રંગના હોય છે અને તે હલનચલનથી જ દેખાય કે ઓળખાય છે.

**(૪) ઉત્તિંગ સૂક્ષ્મ :–** સૂક્ષ્મ કીડીના દર = જીવોના દર, તે પણ પાંચ પ્રકારનાં છે. (૧) ઉત્તિંગ જાતિના

જમીન કોતરીને, અંદર પોલાણ કરીને રહેનારા જીવો; તે ગધૈયાના આકારવાળા હોય છે. (૨) પાણી સુકાઈ ગયા પછી જળાશયોની પૃથ્વીમાં તિરાડ પડે છે તેને 'ભૃગુ' કહે છે. તેમાં અનેક જાતિના જીવો રહે છે. (૩) ઉત્તિંગ = સરળ બિલ, તે પૃથ્વીમાં ઊંડા હોય છે. વિવિધ જાતિના જીવો પૃથ્વી ખોદીને તેમાં દર કરીને અંદર રહે છે. (૪) ઉત્તિંગ = તાલમૂળના આકાર જેવું બિલ. તે ઉપરથી બહુ નાનુ હોવા છતાં અંદર મોટું અને પહોળું હોય, તેમાં વિવિધ જીવો રહે છે. (૫) ભમરા–ભમરીઓનાં દર(ઘર). ઉપલક્ષણથી તે સિવાય વિવિધ જાતિના જીવો પૃથ્વીમાં વિવિધ પ્રકારનાં દરો કરીને રહે છે, ભીંતોના ખૂણાઓમાં, લાકડા વગેરેની કોતરણી ઈત્યાદિ ખાંચાવાળાં અનેક સ્થાનોમાં જાળા બાંધીને, માટીનાં ઘર બનાવીને અથવા બીજી પણ રચના કરીને રહેતાં હોય છે, તે સૂક્ષ્મ હોય તો તેને પણ ઉપલક્ષણથી અહીં સમજી લેવા.

**(૫) પનકસૂક્ષ્મ :–** લીલ ફૂગ. તે પણ પાંચ વર્ણવાળી કહી છે. જે જે પદાર્થમાં જળનો અંશ હોય કે વર્ષાની ભીની હવા જેને લાગી હોય, તે તે પદાર્થમાં તે ઉત્પન્ન થાય છે. તેનો વર્ણ જુદો જુદો હોય છે. શરીર સૂક્ષ્મ હોવાથી તેને ઓળખવી મુશ્કેલ છે. પાણીથી ભીંજાયેલી જમીન ઘણા સમય સુધી સુકાયા વિનાની ભીની રહે, તો ત્યાં વિવિધ વર્ણની પનક ઉત્પન્ન થાય છે. સૂર્યનો તાપ પડતાં તે અચિત્ત અને ચમક હીન થઈ જાય છે. પાપડ વગેરે પૂર્ણ સુકાયા ન હોય અને તેને ડબ્બા વગેરેમાં ભરી દેવામાં આવે તો તેમાં; કેળાં, કેરી વગેરે ફળો અધિક પાકી જતાં, સડી જતાં તેમાં; તેમજ કાચી ચાસણીવાળા પેંડા, બરફી વગેરે મિષ્ટાનમાં પનક થાય છે. પૂર્ણ તળાયા વિનાના ચૂરમા વગેરેના લાડુ બે–ત્રણ દિવસ પછી ભાંગતા વચ્ચે સફેદ વર્ણ દેખાય છે તે પણ પનક હોય છે. આ રીતે વિભિન્ન વસ્તુઓમાં વિવિધ પ્રકારની વિવિધ વર્ણ– વાળી પનક થાય છે. પાણીના અંશ વિનાના સ્થળોમાં થતી લીલફુગની પહેલાં ત્યાં રસજ ત્રસ જીવો ઉત્પન્ન થાય છે અને તે યોની સચિત્ત બને છે. તે પછી જ ત્યાં લીલફુગ ઉત્પન્ન થાય છે. કારણ કે લીલફુગ અચિત્ત સ્થાનમાં ઉત્પન્ન થતી નથી. પરંતુ સચિત્ત સ્થાનમા જ ઉત્પન્ન થાય છે.

**(૬) બીજ સૂક્ષ્મ :–** રાજગરાના બીજ, ખસખસના દાણા અને વખદાણા તેમજ વડ વગેરેના કેટલાક ઝાડોના બીજ એવાં સૂક્ષ્મ હોય છે કે બારીક દષ્ટિએ જોવાથી જ ઓળખાય છે, તે બીજ સૂક્ષ્મ સમજવા.

**(૭) વનસ્પતિ સૂક્ષ્મ :–** વર્ષાના પ્રારંભમાં સૂક્ષ્મ અંકુરાઓ ઊગે છે. જે અત્યંત સૂક્ષ્મ હોય છે. તેને અહીં વનસ્પતિ સૂક્ષ્મ કહ્યા છે.

**(૮) ઈંડા સૂક્ષ્મ :–** સૂક્ષ્મ ઈંડાના પાંચ પ્રકાર છે– (૧) મધમાખી, માંકડ વગેરેના **ઉદ્દંશ અંડ** (૨) કરોળીયા વગેરેના **ઉત્કલિકા અંડ** (૩) કીડીઓનાં **પિપીલિકા અંડ** (૪) ઢેઢ ગરોળીનાં **હલિકા અંડ** (૫) કાકિંડીના **હલ્લોલિકા અંડ** કહેવાય છે. ઉપરાંત ઉપલક્ષણથી બીજા પણ બેઈન્દ્રિયાદિ વિવિધ સંમૂર્ચ્છિમ જીવોનાં ઈંડા સમજી લેવા.

આ જીવોને સૂક્ષ્મ નામકર્મનો ઉદય નથી પરંતુ તેનું શરીર અત્યંત સૂક્ષ્મ હોવાથી સહજરૂપે દષ્ટિગોચર થતું નથી, સૂક્ષ્મતાપૂર્વક અવલોકન કરવાથી જ દેખાય છે. આ આઠ પ્રકારના સૂક્ષ્મ સ્નેહ, પુષ્પ, ઉત્તિંગ, પનક, બીજ, વનસ્પતિ, આ છ જીવો સ્થાવર છે અને પ્રાણ સૂક્ષ્મ તથા સૂક્ષ્મ ઈંડા આ બે ત્રસ છે.

આ સર્વ જીવોનું વિશિષ્ટ જ્ઞાન શિષ્યે ગુરુની નિશ્રામાં રહીને પ્રાપ્ત કરવું જોઈએ, અનુભવમાં ઉતારવું જોઈએ. ત્યારપછી અપ્રમત્તપણે અહિંસા પાલનમાં ઓતપ્રોત બની જવું જોઈએ.

**सव्वभावेण :–** સર્વભાવથી. તેના ત્રણ રીતે અર્થ થાય છે–(૧) ગાથામાં પ્રયુક્ત આ શબ્દનો અન્વય **जाणित्ता** ક્રિયાપદ સાથે કરીએ તો તેનો અર્થ થાય કે જીવોને સર્વ પ્રકારે જાણે અર્થાત્ તેના લિંગ, લક્ષણ, ભેદ વગેરે સર્વ પ્રકારે જાણે. (૨) આ શબ્દનો અન્વય **जए** ક્રિયાપદ સાથે કરીએ તો તેનો અર્થ થાય કે સાધુ પોતાની શક્તિને ગોપવ્યા વિના સંપૂર્ણ રીતે જીવ રક્ષા કરવામાં પ્રયત્ન કરે. (૩) છદ્મસ્થ સર્વ પર્યાયને જાણી શકતા નથી. તેથી **सव्वभावेण** નો અર્થ થાય છે કે 'જેનો જે વિષય છે તેને પૂર્ણરૂપે જાણે. તાત્પર્ય એ છે કે સાધુએ સર્વ જીવોને સર્વ પ્રકારે જાણીને પોતાની સંપૂર્ણ શક્તિથી અપ્રમત્તભાવે તેની રક્ષા કરવા પ્રયત્નશીલ બનવું જોઈએ.

### પ્રતિલેખન પરિષ્ઠાપનમાં યતના :–

**૧૭** **धुवं च पडिलेहिज्जा, जोगसा पायकंबलं ।**
**सेज्जमुच्चारभूमिं च, संथारं अदुवासणं ॥**

**છાયાનુવાદ :** **ध्रुवं च प्रतिलेखयेत्, योगेन पात्र कम्बलम् ।**
**शय्यामुच्चारभूमिं च, संस्तारकमथवासनम् ॥**

**શબ્દાર્થ :–** **धुवं** = નિત્ય, અવશ્ય, યથાસમય **जोगसा** = યોગો વડે, યોગોની એકાગ્રતાથી, ભાવપૂર્વક **पायकंबलं** = પાત્ર અને વસ્ત્રની તથા **सेज्जं** = શય્યાની **उच्चारभूमिं** = ઉચ્ચાર ભૂમિને **संथारं च** = સંસ્તારકની **अदु** = તથા **आसणं** = આસનની **पडिलेहिज्जा** = પ્રતિલેખના કરે.

**ભાવાર્થ :–** મુનિ સદા ઉભયકાલ યોગોની એકાગ્રતાએ ભાવપૂર્વક ઉપધિની પ્રતિલેખના કરે તેમજ પાત્ર, કંબલ, શય્યા, ઉચ્ચારભૂમિ, સંસ્તારક તથા આસનનું પણ યથાસમયે વિધિપૂર્વક પ્રતિલેખન કરે.

**૧૮** **उच्चारं पासवणं, खेलं सिंघाण जल्लियं ।**
**फासुयं पडिलेहित्ता, परिट्ठावेज्ज संजए ॥**

**છાયાનુવાદ :** **उच्चारं प्रस्रवणं, श्लेष्मं सिंघाणं जल्लियम् ।**
**प्रासुकं प्रतिलेख्य, परिष्ठापयेत् संयतः ॥**

**શબ્દાર્થ :–** **संजए** = સાધુ **फासुयं** = પ્રથમ પ્રાસુક સ્થંડિલ ભૂમિની **पडिलेहित्ता** = પ્રતિલેખના કરીને **उच्चारं** = પુરીષ, મળ **पासवणं** = મૂત્ર **खेलं** = કફ **सिंघाण** = નાકનો મળ **जल्लियं** = પ્રસ્વેદ આદિ અશુચિ પદાર્થને **परिट्ठावेज्ज** = પરઠે.

**ભાવાર્થ :–** સંયમી પુરુષ પ્રાસુક(જીવ રહિત) ભૂમિનું પ્રતિલેખન કરીને તેમાં મળ, મૂત્ર, કફ, નાકની લીંટ અને શરીરનો મેલ વગેરે પદાર્થોને પરઠે, ત્યાગ કરે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં સાધુની ચોથી, પાંચમી સમિતિના અનુપાલનની સૂચના છે.

**पडिलेहिज्जा :–** પ્રતિલેખન(પલેવણ) કરવું, જોવું. સાધુના વસ્ત્ર, પાત્ર, સ્થાનાદિને શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે, જીવ રક્ષાના દષ્ટિકોણથી જોવા, તપાસવા તેને **પ્રતિલેખન કહે છે.** મુનિ સર્વ ઉપકરણોનું તથા સ્થાનનું દિવસમાં બે વાર પ્રતિલેખન(પલેવણ) કરે અને જીવોનો ઉપદ્રવ અધિક હોય તો આવશ્યક્તા અનુસાર વારંવાર પ્રતિલેખન કરે.

**परिठावेज्ज :–** પરઠવું. શરીરના અશુચિમય પદાર્થોનો તેમજ અનુપયોગી વસ્ત્ર, પાત્ર આદિનો વિધિપૂર્વક નિર્દોષ ભૂમિમાં ત્યાગ કરવો, છોડવો, તેને **પરિષ્ઠાપન ક્રિયા કહે છે.** શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં પરઠવાની ભૂમિની યોગ્યતા માટે દશ બોલ આપ્યા છે. સાધુ તેવી નિર્દોષ ભૂમિમાં સંયમ મર્યાદા અનુસાર, શાસનની લઘુતા ન થાય તે રીતે વિવેકપૂર્વક પરઠે.

મુનિ જ્યાં સુધી પોતાનું સામર્થ્ય હોય ત્યાં સુધી સ્વયં પ્રતિલેખન અને પરિષ્ઠાપન કરે. સામર્થ્યના અભાવે અન્ય સહવર્તી સાધુઓ પાસે પણ કરાવે. પ્રતિલેખન, પરિષ્ઠાપન સંબંધી વિધિ વિવેક **પરિશિષ્ટમાં** જુઓ.

જિનેશ્વર કથિત સંયમ જીવનના પ્રત્યેક અનુષ્ઠાનો આત્મશુદ્ધિના સાધન છે, તેવી શ્રદ્ધાપૂર્વક સાધુ પ્રતિલેખન અને પરઠવા વગેરેની ક્રિયા કરે.

**जोगसा :–** તેના ચાર અર્થ થાય છે– (૧) મનયોગપૂર્વક પ્રતિલેખન કરવું (૨) ઉપયોગપૂર્વક પ્રતિલેખન કરવું. (૩) **जोगे सति** = યોગ–સામર્થ્ય હોવા પર (૪) પ્રમાણોપેત. પ્રતિલેખન ઓછું કે અધિક ન કરતાં પ્રમાણોપેત અર્થાત્ સૂત્રોક્ત વિધિ અનુસાર પ્રતિલેખન કરવું.

## ગૃહસ્થના ઘરમાં સાધુનો વિવેક :–

**૧૯** पविसित्तु परागारं, पाणट्ठा भोयणस्स वा ।
जयं चिट्ठे मियं भासे, ण य रूवेसु मणं करे ॥

**છાયાનુવાદ :** प्रविश्य परागारं, पानार्थं भोजनाय वा ।
यतं तिष्ठेत् मितं भाषेत, न च रूपेषु मनः कुर्यात् ॥

**શબ્દાર્થ :– पाणट्ठा** = પાણીને માટે **भोयणस्स** = ભોજનને માટે **परागारं** = ગૃહસ્થના ઘરમાં

**पविसित्तु** = પ્રવેશ કરીને **जयं** = યત્નાથી **चिट्ठे** = ઊભો રહે **मियं** = પરિમિત, મર્યાદિત, સીમિત **भासे** = બોલે **रूवेसु** = સુન્દર કે મનોહર રૂપોમાં **मणं** = મન **ण करे** = ચલાયમાન ન કરે.

**ભાવાર્થ :–** સંયમી સાધુ આહારાદિ માટે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરે ત્યારે યત્નાપૂર્વક ઊભા રહે, મર્યાદિત બોલે, તેમજ ઘરમાં રહેલી સ્ત્રી આદિના સૌંદર્ય ઉપર મન મુગ્ધ ન કરે.

**૨૦** **बहुं सुणेहि कण्णेहिं, बहुं अच्छीहिं पिच्छइ ।**
**ण य दिट्ठं सुयं सव्वं, भिक्खू अक्खाउमरिहइ ॥**

**છાયાનુવાદ :** **बहु शृणोति कर्णैः, बहु अक्षीभिः प्रेक्षते ।**
**न च दृष्टं श्रुतं सर्वं, भिक्षुराख्यातुमर्हति ॥**

**શબ્દાર્થ :–** **भिक्खू** = ભિક્ષુ **कण्णेहिं** = કાનોથી **बहुं** = ઘણું **सुणेहि** = સાંભળે છે **अच्छीहिं** = આંખોથી **पिच्छइ** = જુએ છે **दिट्ठं** = દેખેલા દશ્યો **सुयं** = સાંભળેલા શબ્દો **सव्वं** = તે સર્વ **अक्खाउं** = પ્રકટ કરવાને માટે, કથન કરવાને માટે **ण अरिहइ** = યોગ્ય હોતા નથી.

**ભાવાર્થ :–** ભિક્ષુ પોતાના કાનેથી ઘણું સાંભળે છે તથા આંખોથી ઘણું જુએ છે પરન્તુ જોયેલું કે સાંભળેલું બધું બીજાને કહેવું તે તેને માટે યોગ્ય નથી.

**૨૧** **सुयं वा जइ वा दिट्ठं, ण लवेज्जोवघाइयं ।**
**ण य केणइ उवाएण, गिहिजोगं समायरे ॥**

**છાયાનુવાદ :** **श्रुतं वा यदि वा दृष्टं, नालपेदौपघातिकम् ।**
**न च केनचिदुपायेन, गृहियोगं समाचरेत् ॥**

**શબ્દાર્થ :–** **सुयं वा** = સાંભળેલું **दिट्ठं** = જોયેલું **उवघाइयं** = જે અન્યને ઉપઘાત કરનાર હોય તો **ण लविज्ज** = સાધુ કોઈને કહે નહિ **केणइ उवाएण** = કોઈપણ ઉપાયે **गिहिजोगं** = ગૃહસ્થના કૃત્યોનું **ण य समायरे** = ક્યારે ય આચરણ ન કરે.

**ભાવાર્થ :–** સાંભળેલું કે જોયેલું જે કહેવાથી બીજાને આઘાત ઉત્પન્ન થાય, તેવું વચન મુનિ કદી બોલે નહીં તેમજ ગૃહસ્થોચિત વ્યવહારનું(પ્રવૃત્તિનું) કોઈપણ ઉપાયે, કોઈના પણ કહેવાથી ક્યારે ય આચરણ કરે નહીં.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં સૂત્રકારે ચારિત્રાચારની વિશુદ્ધિ માટે ગૃહસ્થના ઘેર ગયેલા સાધુનો વિવેક

પ્રદર્શિત કર્યો છે.

સંયમી જીવનની પ્રત્યેક ક્રિયા કરતા સમયે સાધુને આત્મવિશુદ્ધિના લક્ષ્ય સાથે બીજા કોઈનો પણ ઉપઘાત ન થાય તેવો વિવેક રાખવો આવશ્યક છે.

ગાથામાં પ્રયુક્ત **जयं चिट्ठे मियं भासे** વગેરે વિષયોનું વિશ્લેષણ પિંડૈષણાના પાંચમા અધ્યયનમાં કર્યુ છે.

**ण य दिट्ठं सुयं सव्वं :–** ગૌચરી માટે ગયેલા ભિક્ષુની નજર સામે ગૃહસ્થના ઘરના અનેક દશ્યો આવે છે; અવનવી વાતો સાંભળવા મળે છે. તે પ્રસંગોમાં કેટલાક રાગવર્ધક, કામવર્ધક અને દ્વેષવર્ધક હોય છે. તે સર્વને સાધુએ ગંભીરતા સાથે પચાવી જવાના કે ભૂલી જવાના હોય છે. તેવી વાતો અન્ય સાધુને કે અન્ય ગૃહસ્થને કરવી યોગ્ય નથી. કારણ કે તે નિમિત્તથી અન્ય સાધુઓ રાગ–દ્વેષ કે વિકથામાં પડે, સંયમ માર્ગથી પતિત થાય, ગૃહસ્થોને પરસ્પર તુચ્છ વ્યવહારથી વૈરપરંપરા વધે તેમજ તેવી વાતનું પુનરાવર્તન પોતાના આત્માને માટે પણ હાનિકારક બને છે.

મુનિ જોયેલી કે સાંભળેલી સર્વ ઉપઘાતક બીના કોઈને કહે નહિં. જેમ કે– મેં સાંભળ્યું છે કે તું ચોર છે અથવા મેં તેને લોકોનું ધન ચોરતાં જોયો છે. ઈત્યાદિ વચન બોલવા સાધુને કલ્પનીય નથી, કારણ કે તે ઉપઘાતક વચન છે.

ચૂર્ણિકારે આ વિષયની પુષ્ટિ માટે એક દષ્ટાંત આપ્યું છે. યથા– એક ગૃહસ્થ પરસ્ત્રી ગમન કરી રહ્યો હતો. કોઈ સાધુએ તેને તેમ કરતાં જોયો. તે લજ્જા પામી વિચારવા લાગ્યો કે જો સાધુ આ વાત પ્રગટ કરી દેશે તો સમાજમાં મારી ઈજ્જત નહીં રહે. માટે આ સાધુને મારી નાખવા જોઈએ. તેણે જલ્દી દોડીને સાધુને રોક્યા અને પૂછ્યું. આજ તમે રસ્તામાં શું–શું જોયું ? સાધુએ પોતાની મર્યાદા અનુસાર પ્રત્યુત્તર આપ્યો– "ભાઈ ! સાધુ ઘણી જ વાતો દેખે, સાંભળે પરંતુ તે બધી જ વાતો પ્રગટ કરવાની હોતી નથી. આ સાંભળતાં જ તેણે સાધુને મારવાનો વિચાર છોડી દીધો.

**गिहिजोगं समायरे :–** ગૃહસ્થના ઘરની કે વ્યાપાર વગેરેની કોઈપણ વાચિક કે કાયિક પ્રવૃત્તિ સાધુ કોઈપણ સંજોગોમાં કરે નહીં.

## જીહ્વેન્દ્રિય સંયમ :-

**૨૨** **णिट्ठाणं रसणिज्जूढं, भद्दगं पावगं ति वा ।**
**पुट्ठो वावि अपुट्ठो वा, लाभालाभं ण णिद्दिसे ॥**

**છાયાનુવાદ :** निष्ठानं रसनिर्यूढं, भद्रकं पापकमिति वा ।
पृष्टो वाऽप्यपृष्टो वा, लाभालाभं न निर्दिशेत् ॥

**શબ્દાર્થ :– पुट्ठो** = પૂછવા પર **वावि** = અથવા **अपुट्ठो** = નહિ પૂછવા પર **णिट्ठाणं** = સર્વ ગુણોથી યુક્ત આહારને **भद्दगं** = આ બહુ મસાલાદાર સુંદર છે **रसणिज्जूढं** = રસરહિત આહારને **पावगं ति** = આ ખરાબ છે **लाभालाभं वा** = આજે સુંદર આહારનો લાભ થયો છે અથવા લાભ નથી થયો, એમ **ण णिद्दिसे** = ગૃહસ્થોને કહે નહીં.

**ભાવાર્થ :–** કોઈના પૂછવાથી કે પૂછ્યા વિના મુનિ આહારના સંબંધમાં રસાળ(મસાલેદાર) પદાર્થને આ બહુ સુંદર છે, બહુ સ્વાદિષ્ટ છે અને રસહીન પદાર્થોને આ ખરાબ છે, બેકાર છે; એવા રાગ–દ્વેષ કે આસક્તિ પૂર્ણ શબ્દોથી ન વર્ણવે, તેમજ ભિક્ષામાં આહારની પ્રાપ્તિ કે અપ્રાપ્તિ વિષે પણ ગૃહસ્થને કાંઈ કહે નહીં.

**૨૩** **ण य भोयणम्मि गिद्धो, चरे उंछं अयंपिरो ।**
**अफासुयं ण भुंजेज्जा, कीयमुद्देसियाहडं ॥**

**છાયાનુવાદ :** **न च भोजने गृद्धः, चरेदुञ्छमजिल्पता ।**
**अप्रासुकं न भुञ्जीत, क्रीतमौद्देशिकाहृतम् ॥**

**શબ્દાર્થ :– भोयणम्मि** = સરસ ભોજનમાં **गिद्धो** = ગૃદ્ધ બનીને **ण चरे** = ન જાય **अयंपिरो** = પરંતુ વ્યર્થ બોલ્યા વિના, કોઈને સાથે વાર્તાલાપ ન કરતાં **उंछं** = અનેક ઘરોમાં થોડી થોડી ભિક્ષા માટે **चरे** = જાય **अफासुयं** = અપ્રાસુક આહાર **कीयं** = સાધુ માટે ખરીદેલો આહાર **उद्देसियं** = સાધુના ઉદ્દેશથી તૈયાર કરેલો આહાર **आहडं** = સન્મુખ લાવેલા આહારનું **ण भुंजिज्जा** = સેવન ન કરે.

**ભાવાર્થ :–** મુનિ સ્વાદિષ્ટ ભોજનમાં ગૃદ્ધ થઈને એક જ ઘરમાં ગોચરી ન કરે પરંતુ અનેક ઘરોમાંથી થોડી થોડી ભિક્ષા ગ્રહણ કરે. ક્રીત, ઔદ્દેશિક અને સામે લાવેલા એવા અપ્રાસુક આહારનો ઉપભોગ કરે નહીં. વ્યર્થ કે વિશેષ બોલ્યા વિના મૌન ભાવે ગોચરી માટે સંચરણ કરે.

**૨૪** **सण्णिहिं च ण कुव्वेज्जा, अणुमायं पि संजए ।**
**मुहाजीवी असंबद्धे, हवेज्ज जगणिस्सिए ॥**

**છાયાનુવાદ :** **संनिधिं च न कुर्यात्, अणुमात्रमपि संयतः ।**
**मुधाजीवी असम्बद्धः, भवेज्जगन्निश्रितः ॥**

**શબ્દાર્થ :– संजए** = સાધુ **अणुमायंपि** = અણુમાત્ર પણ **सण्णिहिं** = સંનિધિ, સંચય **ण कुव्विज्जा** = ન કરે **मुहाजीवी** = મૂલ્ય ચૂકવ્યા વિના જીવન વ્યતીત કરનાર **असंबद्धे** = ગૃહસ્થોના કોઈ ઘર કે ગામ સાથે પ્રતિબંધ ન રાખે અર્થાત્ તેના આશ્રિત જીવન ન ચલાવે પરંતુ વિશાલ ક્ષેત્રના આશ્રયે વિચરણ કરે **जगणिस्सिए** = જગતની નિશ્રાએ, વિશાલ ક્ષેત્રના કે જનપદના આશ્રયે **हव्विज्ज** = રહે.

**ભાવાર્થ :–** સાધુ આહારાદિનો અલ્પમાત્ર પણ સંચય ન કરે. ગૃહસ્થનો પ્રત્યુપકાર કર્યા વિના કે કંઈ પણ ઋણ ચૂકવ્યા વિના અને ગૃહસ્થો કે ગ્રામાદિક પ્રત્યે અપ્રતિબંધપણે વિસ્તૃત ક્ષેત્ર કે વિશાલ દેશમાં વિચરણ કરે.

**૨૫** **लूहवित्ती सुसंतुट्ठे, अप्पिच्छे सुहरे सिया ।**
**आसुरत्तं ण गच्छेज्जा, सोच्चा णं जिणसासणं ॥**

**છાયાનુવાદ :** **रूक्षवृत्तिः सुसंतुष्टः, अल्पेच्छः सुभरः स्यात् ।**
**आसुरत्वं न गच्छेत्, श्रुत्वा जिनशासनम् ॥**

**શબ્દાર્થ :– लूहवित्ती** = લૂખા સૂકા આહારથી ચલાવનાર **सुसंतुट्ठे** = સદા સંતુષ્ટ રહેનાર **अप्पिच्छे** = આહાર સંબંધી અલ્પ ઈચ્છાવાન **सुहरे** = સહજ પ્રાપ્ત સંયોગમાં નિર્વાહ કરનાર, સુખેથી રહેનાર **सिया** = હોય તથા **जिणसासणं** = ક્રોધવિપાક પ્રતિપાદક જિન પ્રવચનોને **सोच्चा** = સાંભળીને **आसुरत्तं** = ક્રોધને **ण गच्छेज्जा** = પ્રાપ્ત ન થાય.

**ભાવાર્થ :–** કઠિન વ્રતોનો પાલક કે રુક્ષ પદાર્થો દ્વારા વૃત્તિ કરનાર, અલ્પ ઈચ્છુક અને સહજ પ્રાપ્ત સંયોગોમાં સંતોષી જીવન ગાળનાર સાધક જિનવાણીને સાંભળીને અર્થાત્ જિન આજ્ઞાને ધ્યાનમાં રાખીને ક્રોધ કરે નહિ.

**વિવેચન :–**

પ્રસ્તુત ચાર ગાથાઓમાં સાધુને માટે જીહ્વેન્દ્રિય સંયમની મુખ્યતાએ આહાર સંબંધી બહુવિધ નિરૂપણ છે. જેમ કે–

(૧) સાધુ રાગ–દ્વેષ કે આસક્તિ પૂર્ણ શબ્દોમાં આહારની સરસતા કે નિરસતાનું વર્ણન કરે નહીં, (૨) ગૃહસ્થ પૂછે કે ન પૂછે, તેને કોઈના ઘરે આહારના મળ્યા, ન મળ્યાનું કથન કરે નહીં, (૩) સ્વાદિષ્ટ ભોજનની આસક્તિથી માત્ર શ્રેષ્ઠ ઘરમાં જ ન જાય, (૪) અનેક ઘરોમાંથી થોડી થોડી ભિક્ષા પ્રાપ્ત કરે, (૫) અપ્રાસુક, ક્રીત આદિ દોષયુક્ત આહારનો ત્યાગ કરે, (૬) આહારનો સંચય ન કરે, (૭) મુધાજીવી રહે અર્થાત્ ગૃહસ્થનો પ્રત્યુપકાર કરીને આહાર પ્રાપ્ત ન કરે. ઉત્પાદનના ૧૬ દોષ રહિત ગવેષણા કરે, (૮) આહાર માટે કોઈ એક ગૃહસ્થના ઘરેથી કે કોઈ ગામથી પ્રતિબદ્ધ ન બને પરંતુ વિશ્વના(વિશાળ ક્ષેત્રના જનસમૂહના) આશ્રયે વિચરણ કરે, (૯) રુક્ષવૃત્તિ, સંતોષવૃત્તિ અને અલ્પ ઈચ્છાને ધારણ કરે, (૧૦) સહજ પ્રાપ્ત સંયોગ અનુસાર નિર્વાહ કરે, (૧૧) ગમે તેવા પ્રસંગમાં ક્રોધિત ન થાય.

આહારાદિ ભોગ્ય પદાર્થો પ્રતિ રાગદ્વેષ કરવાથી સ્વયંને કર્મબંધ થાય અને ઈંગાલ અને ધૂમ દોષ થાય; તેની સરસતા(સ્વાદિષ્ટતા) નીરસતાનું વર્ણન કરવાથી સાંભળનારને રાગદ્વેષાદિ થાય; સ્વાદિષ્ટ

આહારાદિ માટે શ્રેષ્ઠ ઘરમાં જવાથી કે આહારનો સંચય કરવાથી સાધુની લોલુપતા, અસંયમભાવ અને અધૈર્ય પ્રગટ થાય, લોકોને આ વાતની જાણ થતાં સાધુ પ્રત્યે અભાવ થાય, જિનાજ્ઞા ભંગ અને શાસનની લઘુતા થાય છે. ગૃહસ્થ સાથે પ્રતિબદ્ધ થવા પર તે ગૃહસ્થ સાધુને માટે આરંભ–સમારંભ કરે છે; આ રીતે અનેક દોષોની પરંપરાને જાણીને સાધુ નિર્દોષ આહારને પ્રાપ્ત કરી તેનો અનાસક્તભાવે સંતોષપૂર્વક સંયમ અને શરીર નિર્વાહાર્થે ઉપયોગ કરે પરંતુ જીભને અધીન ન બને. જીહ્વેન્દ્રિયનો પૂર્ણ સંયમ કરે ત્યારે જ તેનામાં ક્રમશઃ સંયમ, સંતોષ અને અલ્પેચ્છા વગેરે ગુણોનો વિકાસ થાય છે. તેવા ગુણવાન સાધુ લાભ કે અલાભમાં, સરસ કે નીરસ આહારમાં તેમજ પ્રત્યેક પરિસ્થિતિમાં સમભાવ રાખી પોતાના આત્મભાવમાં લીન બને, પુદ્‌ગલ વૃત્તિને વિલીન કરે છે.

**णिट्ठाणं :–** ભોજનના સર્વ ગુણોથી યુક્ત; મરચાં, મસાલાં આદિથી સુસંસ્કૃત અને સરસ, સ્વાદિષ્ટ, મસાલેદાર ભોજન નિષ્ઠિત, સુનિષ્ઠિત ભોજન કહેવાય છે. **रसणिज्जूढं** = નિષ્ઠિતથી વિપરીત રસ રહિત નીરસ ભોજન રસનિર્યૂઢ કહેવાય છે.

**लुहवित्ति :–** રૂક્ષ એટલે સંયમ. સંયમી જીવનમાં પાંચ ઇન્દ્રિયના વિષયોનો ત્યાગ હોવાથી જન સાધારણ સંયમને રૂક્ષ સમજે છે માટે રૂક્ષ એ સંયમનો પર્યાયવાચી શબ્દ છે. પરંતુ પ્રસ્તુતમાં રૂક્ષ આહારથી જીવન નિર્વાહ કરનાર અર્થ પ્રાસંગિક છે. ચણા, કોદ્રવ વગેરે રૂક્ષ પદાર્થોને ભોગવનાર. પ્રમાણોપેત આહારથી અલ્પ આહાર કરનાર સાધક રૂક્ષવૃત્તિવાળા કહેવાય છે.

**सुहरे :–** અલ્પ આહારથી જ પેટ ભરી લેનાર. પ્રાપ્ત થયેલા અલ્પ આહારથી જ તૃપ્ત, સંતુષ્ટ થઈ જનાર. રૂક્ષવૃત્તિ, સંતોષ, અલ્પેચ્છા અને સુભરતા આ ચારે ગુણોમાં ક્રમશઃ કાર્ય–કારણભાવ સંબંધ છે. રૂક્ષવૃત્તિનું ફળ સંતોષ, સંતોષનું ફળ અલ્પેચ્છા, અલ્પેચ્છાનું ફળ સુભરતા(નિર્વાહ વૃત્તિ) છે, અર્થાત્ મુનિ થોડા આહારથી પણ ચલાવનારા હોય છે.

**आसुरत्तं :–** અસુર જાતિના દેવો ક્રોધ પ્રધાન હોય છે તેથી 'આસુર' શબ્દ ક્રોધનો પર્યાયવાચી શબ્દ બની ગયો છે. આસુરત્વ = ક્રોધભાવ.

**सोच्चाण जिणसासणं :–** જિનશાસનને સાંભળીને. જિનવચનોમાં ક્રોધના દુષ્ફળોનું વિસ્તૃત વર્ણન છે. ક્રોધ નરકગતિના બંધનું કારણ છે. ક્રોધના કારણ ઉપસ્થિત થાય ત્યારે તેને નિષ્ફળ બનાવવો, ક્રોધને શાંત કરવો. તે માટેના અનેક ઉપાયો જિનશાસનમાં બતાવ્યા છે. તેથી જિનશાસનને સાંભળીને અર્થાત્ જિનશાસનમાં પ્રવેશ પામેલા મુનિ ક્રોધનો અવશ્ય ત્યાગ કરે.

**ण य भोयणम्मि गिद्धो :–** ભોજન શબ્દથી અહીં અશન આદિ ચાર પ્રકારના આહારનું ગ્રહણ થયું છે. મુનિ ભોજનમાં આસક્ત થઈને નિર્ધન કુળોને છોડીને ઉચ્ચકુળોમાં પ્રવેશ ન કરે અથવા વિશિષ્ટ ભોજન પ્રાપ્તિ માટે દાતાની પ્રશંસા કરીને ભિક્ષાચર્યા કરે નહીં.

**उंछं :–** આ શબ્દ અલ્પભિક્ષાનો વાચક શબ્દ છે. ઘણા ઘરેથી થોડો–થોડો આહાર ગ્રહણ કરે.

**सण्णिहिं :–** સંગ્રહ કરવો. રાતવાસી રાખવું. સાધુને ભવિષ્યકાલની ચિંતાથી આહારાદિનો સંચય

કરવાનો નિષેધ છે.

**मुहाजीवी :–** મુધા જીવી. (૧) કોઈ પ્રકારનું મૂલ્ય ચૂકવ્યા વિના નિસ્પૃહ ભાવથી જીવનાર (૨) પોતાના નિર્વાહને માટે, ધન વગેરેનો પ્રયોગ ન કરનાર (૩) ગૃહસ્થના પ્રતિબંધ વિના ભિક્ષાવૃત્તિ વડે સંયમીજીવન જીવનારને મુધાજીવી કહે છે.

**असंबद्धे, जगणिस्सिए :–** અહીં આહાર સંબંધી પ્રસંગ હોવાના કારણે ભિક્ષુ આહારના નિમિત્તે કોઈ ગૃહસ્થના ઘરોથી કે કોઈ ગામથી પ્રતિબદ્ધ ન થાય પરંતુ આહારાસક્તિથી મુક્ત થઈ વિશાલ આર્ય ક્ષેત્રને આશ્રયે રહે. તે માટે ગાથામાં અસંબદ્ધના પ્રતિપક્ષમાં જગ નિશ્રિત શબ્દપ્રયોગ છે તથા ભિક્ષુ ગૃહસ્થો સાથે અનુચિત કે સાંસારિક સંબંધ પણ ન રાખે, ગૃહસ્થો સાથે જલકમલવત્(નિર્લેપ ભાવે) વ્યવહાર કરે.

## સર્વ ઈન્દ્રિય સંયમ :–

**૨૬** **कण्णसोक्खेहिं सद्देहिं, पेमं णाभिणिवेसए ।**
**दारुणं कक्कसं फासं, काएण अहियासए ।**

**છાયાનુવાદ : कर्णसौख्येषु शब्देषु, प्रेम नाभिनिवेशयेत् ।**
**दारुणं कर्कशं स्पर्शं, कायेन अध्यासीत ॥**

**શબ્દાર્થ :– कण्णसोक्खेहिं** = શ્રોત્રેન્દ્રિયને સુખ ઉત્પન્ન કરનાર **सद्देहिं** = શબ્દોમાં **पेमं** = રાગભાવ **णाभिणिवेसए** = સ્થાપન ન કરે તથા **दारुणं** = અનિષ્ટ અને **कक्कसं** = કર્કશ **फासं** = સ્પર્શને **काएण** = કાયા વડે **अहियासए** = સહન કરે.

**ભાવાર્થ :–** શ્રોત્રેન્દ્રિયને સુખરૂપ શબ્દોને સાંભળીને મુનિ રાગ ભાવ ન કરે તથા દારુણ અને કર્કશ સ્પર્શ થાય તો દ્વેષ ભાવ ન કરે પરંતુ તે સ્પર્શોને કાયાથી સમ્યક્ સહન કરે.

## વિવેચન :–

આ ગાથામાં સર્વ પ્રથમ શ્રોત્રેન્દ્રિયના મનોજ્ઞ–અનુકૂલ વિષયમાં અને અંતે સ્પર્શેન્દ્રિયના અમનોજ્ઞ–પ્રતિકૂલ વિષયમાં સમભાવનું કથન કરીને સૂત્રકારે પાંચ ઈન્દ્રિયના અનુકૂળ અને પ્રતિકૂળ એમ દશ વિષયોમાં પણ સમભાવ ધારણ કરવાનું સૂચન કર્યું છે. સાર એ જ છે કે મુનિ પાંચે ય ઈન્દ્રિયોના અનુકૂલ વિષયોમાં રાગ અને પ્રતિકૂલ વિષયોમાં દ્વેષ ન કરે પરંતુ મધ્યસ્થ ભાવપૂર્વક વિચરે. ઉપલક્ષણથી લોકના કોઈ પણ પદાર્થ પર રાગદ્વેષ ન કરે.

**दारुणं कक्कसं :–** દારુણ અને કર્કશના વિવિધ અર્થ થાય છે– (૧) દારુણ = અનિષ્ટકારી અને કર્કશ

= કઠિન, કષ્ટકારી. – ***ટીકા.*** (૨) શીત, ઉષ્ણ આદિ દારુણ સ્પર્શ છે અને કાંકરા આદિનો કર્કશ સ્પર્શ છે. દારુણનો સંબંધ ઋતુ સાથે છે અને કર્કશનો સંબંધ માર્ગગમન સાથે છે.– ***અગસ્ત્યચૂર્ણિ*** (૩) દારુણ–વિદારણ કરનાર અને કર્કશ–શરીરને કૃશ કરનાર શીત, ઉષ્ણ આદિ સ્પર્શ.– ***જિનદાસચૂર્ણિ*** આ બંને શબ્દ એકાર્થક પણ મનાય છે. તીવ્રતા બતાવવા બંને શબ્દોનો પ્રયોગ એક સાથે થયો છે.

## કષ્ટ સહિષ્ણુતા મહાફળદાયી :-

**૨૭** **खुहं पिवासं दुस्सेज्जं, सीउण्हं अरइं भयं ।**
**अहियासे अव्वहिओ, देहदुक्खं महाफलं ॥**

**છાયાનુવાદ :** **क्षुधां पिपासां, दुःशय्यां, शीतोष्णमरतिं भयम् ।**
**अध्यासीताऽव्यथितः, देहेदुःखं महाफलम् ॥**

**શબ્દાર્થ :– अव्वहिओ** = અવ્યથિત, દીન ભાવથી રહિત સાધુ, વ્યથા રહિત, વ્યથિત નહીં થતાં **खुहं** = ભૂખને **पिवासं** = તરસને **दुस्सेज्जं** = પ્રતિકૂલ શય્યાને **सीउण्हं** = ઠંડી અને ગરમીને **अरइं** = અરતિને **भयं** = ભયને **अहियासे** = સમભાવે સહન કરે કારણ કે **देहदुक्खं** = સમભાવથી સહન કરેલા શારીરિક દુઃખ **महाफलं** = મોક્ષરૂપ મહાફળદાયક હોય છે.

**ભાવાર્થ :–** સાધુ અદીનભાવે ક્ષુધા, તૃષા, ઠંડી, ગરમી તથા પ્રતિકૂલ શય્યાના કષ્ટોને સહન કરે. સંયમમાં અરુચિ ઉત્પન્ન કરનાર પ્રસંગોને અને ભયોત્પાદક સંયોગોને સમભાવથી પાર કરે છે. અર્થાત્ સર્વ કષ્ટોને અદીનભાવે, પ્રસન્ન ચિત્તે સહન કરે. દેહમાં ઉત્પન્ન થયેલા કષ્ટને સહન કરવું તે મોક્ષરૂપ મહાફલદાયી છે.

## વિવેચન :-

પ્રસ્તુત ગાથામાં જૈનાચારનો મુખ્ય ભાવપ્રાણ **देहदुक्खं महाफलं** નું પ્રતિપાદન છે.

**देहदुक्खं :–** દુઃખના બે પ્રકાર છે. (૧) સ્વતઃ ઉત્પન્ન થયેલા દુઃખ, કર્મજન્ય બિમારી વગેરે (૨) ઉદીરણા દ્વારા ઉત્પન્ન કરેલા દુઃખના બે પ્રકાર છે– સ્વકૃત અને પરકૃત. મુનિએ સ્વકૃત કેશલોચ વગેરેને અને પરકૃત મનુષ્ય દેવ પશુ દ્વારા થયેલા દુઃખને સમભાવે, અદીનભાવે સહન કરવા.

**देहे दुक्खं महाफलम् :–** આ વાક્યનો પ્રચલિત અર્થ ભાવાર્થમાં કર્યો છે. તે સિવાય **देह** શબ્દનો સપ્તમી વિભક્તિ પરક બીજો અર્થ આ પ્રમાણે છે– દેહ છે ત્યાં સુધી જ દુઃખ હોય છે, દુઃખ શરીરને જ છે. દેહ અસાર છે, નશ્વર છે; તે રીતે તેની ક્ષણભંગુરતા વગેરેનો વિચાર કરીને, દુઃખને સમભાવે સહન કરવા, તે મહાન ફળદાયક છે.

આત્મવાદી પ્રત્યેક દર્શનનું અંતિમ લક્ષ્ય મોક્ષ છે. તેથી તેઓ મોક્ષને જ મહાન ફળ માને છે.

ઉત્પન્ન થયેલા દુઃખને સમભાવે સહન કરવાથી અંતિમ ફળ મોક્ષની પ્રાપ્તિ થાય છે. તેથી તે મહાન ફળ કહેવાય છે.

**महाफलं ની પ્રેરણા :–** સંસારી જીવોને ઇન્દ્રિયના વિષયોનો ભોગવટો સુખરૂપ ભાસે છે પરંતુ તે પરિણામે દુઃખરૂપ છે. જ્યારે સંયમ જીવન તેઓને દુઃખરૂપ લાગે છે; શીત, ઉષ્ણ, ક્ષુધા, તૃષા આદિ પરીષહો દુઃખરૂપ લાગે છે. પરંતુ તેનું પરિણામ એકાંત સુખરૂપ છે. તે પરીષહાદિને સહન કરવાથી મોહનીયકર્મનું બળ ઘટે છે. તેથી દેહાસક્તિ છૂટે છે તેમજ કર્મોનો નાશ થાય છે, પરિણામે મહાનફળ –મોક્ષફળની પ્રાપ્તિ થાય છે. તે સાધકના જીવનમાં વિવિધ પ્રકારની તપસ્યા, અભિગ્રહો, પરીષહજય અને આતાપના વગેરે અનુષ્ઠાનો **देह दुक्खं महाफलं** ની સૂક્તિને ચરિતાર્થ કરવા માટેના શ્રેષ્ઠ પ્રયોગો છે, પ્રેક્ટીકલ ઉદાહરણો છે.

નિષ્કર્ષ એ છે કે વીરરસના પ્રભાવે યોદ્ધા સંગ્રામમાં ટકે છે અને વિજય પણ મેળવે છે. જો તેમાંથી વીરરસ ઓસરી જાય કે ઓછો થઈ જાય તો તે યુદ્ધમાં દુઃખાનુભવ કરે કે યુદ્ધથી પલાયન કરી જાય છે. તે જ રીતે કર્મ સંગ્રામના યોદ્ધારૂપ મોક્ષ સાધક શ્રમણ પણ વૈરાગ્ય રસના પ્રભાવે જ સંયમના કષ્ટ ઉપસર્ગોને સહન કરવામાં સફળ થાય છે અને **देह दुःखं महाफलं** વાક્યને જીવનમાં ચરિતાર્થ કરે છે. પરંતુ જ્યારે વૈરાગ્ય રસ સાધકમાંથી ઓસરી જાય કે મંદ થઈ જાય ત્યારે તે સંયમના કષ્ટોનો અનુભવ કરે છે. માટે મુનિ નિરંતર વૈરાગ્યરસથી આત્મામાં વીરરસ સિંચિત કરે અને સાધનામાં સફલ બને.

## રાત્રિ ભોજન ત્યાગ :–

**૨૮** **अत्थंगयम्मि आइच्चे, पुरत्था य अणुग्गए ।**
**आहारमाइयं सव्वं, मणसा वि ण पत्थए ॥**

**છાયાનુવાદ :** अस्तंगते आदित्ये, पुरस्तात् चानुद्गते ।
आहारादिकं सर्वं, मनसाऽपि न प्रार्थयेत् ॥

**શબ્દાર્થ :– आइच्चे** = સૂર્યના **अत्थंगयम्मि** = અસ્ત થઈ જવા પર **य** = ત્યાર પછી **पुरत्था** = પૂર્વ દિશામાં પ્રાતઃકાલે **अणुग्गए** = ઉદય થયા પહેલાં **सव्वं** = સર્વ પ્રકારના **आहारमाइयं** = આહારાદિ પદાર્થોની **मणसा वि** = મનથી પણ **ण पत्थए** = કામના ન કરે.

**ભાવાર્થ :–** મુનિ સૂર્યાસ્ત થયા પછી અને સૂર્યોદય થયા પહેલાં રાત્રિમાં આહારાદિ પદાર્થોની(સેવન કરવાની) મનથી પણ ઈચ્છા ન કરે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથામાં રાત્રિભોજન ત્યાગ રૂપ આચાર પ્રણિધિનું કથન છે.

**मणसा वि पत्थए :–** શ્રમણ જીવનમાં આહારાદિ ત્યાગ રૂપ તપના પ્રત્યાખ્યાન એક કરણ એક

યોગથી હોય છે, તે ઉત્તર ગુણ કહેવાય છે અને મૂલગુણના પ્રત્યાખ્યાન ત્રણ કરણ, ત્રણ યોગથી હોય છે. રાત્રિભોજન ત્યાગનું વ્રત શ્રમણ જીવનનો મૂળગુણ પ્રત્યાખ્યાન છે, તેના પ્રત્યાખ્યાન ચોથા અધ્યયનમાં ત્રણ કરણ અને ત્રણ યોગથી કહ્યા છે. તેથી મુનિને મનથી અનુમોદન કરવાના પણ પ્રત્યાખ્યાન હોય છે; તે જ વાતને આ વાક્યાંશથી પુષ્ટ કરવામાં આવી છે. તાત્પર્ય એ છે કે રાત્રિમાં મુનિ આહાર કે ઔષધનું સેવન તો દૂર રહ્યું પરંતુ મનમાં તેનો સંકલ્પ પણ કરે નહીં. સંકલ્પ–અભિલાષા કરવાથી પણ તે વ્રત દૂષિત થાય છે.

## પ્રકૃતિ શોધન અને ગુણ વૃદ્ધિ :-

**૨૯** **अतिंतिणे अचवले, अप्पभासी मियासणे ।**
**हवेज्ज उयरे दंते, थोवं लद्धुं ण खिंसए ॥**

**છાયાનુવાદ :** **अतिन्तिणोऽचपलः, अल्पभाषी मिताशनः ।**
**भवेदुदरे दान्तः, स्तोकं लब्ध्वा न खिंसयेत् ॥**

**શબ્દાર્થ :– अतिंतिणे** = આહાર પ્રાપ્ત ન થાય તો તણતણાટ ન કરનાર **अचवले** = ચપલતા રહિત **अप्पभासी** = અલ્પ ભાષી **मियासणे** = પ્રમાણ પૂર્વક આહાર કરનાર **उयरे दंते** = ઉદરનું દમન કરનાર, ભૂખને સહન કરનાર, ઓછી વસ્તુથી નિર્વાહ કરનાર **हवेज्ज** = થાય **थोवं** = અલ્પ આહારાદિ પદાર્થો **लद्धुं** = પ્રાપ્ત થાય ત્યારે **ण खिंसए** = ગૃહસ્થની અથવા પદાર્થની નિન્દા કરે નહિ.

**ભાવાર્થ :–** મુનિ પ્રકૃતિથી તણતણાટ રહિત, અચપલ, અલ્પભાષી, મિતભોજી અને ભૂખ સહન કરનાર બને; આહાર અલ્પ મળે તો દાતાની નિંદા કરે નહિ, ગુસ્સે થાય નહીં.

## વિવેચન :-

પ્રસ્તુત ગાથામાં મુનિ જીવનની સફલતા અને શાંતિ સમાધિ માટેના છ ગુણો ધારણ કરવાની પ્રેરણા આપવામાં આવી છે.

**अतिंतिणे :–** તનતનાટ રહિત. મનની ઈચ્છાનુસાર કાર્ય ન થાય, ઈચ્છાનુસાર પદાર્થની પ્રાપ્તિ ન થાય ત્યારે મન અસ્વસ્થતા અનુભવે, વચનમાં ઉદ્વેગ–અશાંતિ પ્રગટ થાય તેને તનતનાટ કહે છે સાધુ કોઈ પણ પરિસ્થિતિમાં તનતનાટ ન કરે. મનને સ્વસ્થ અને વચનને શાંત રાખે.

**अचवले :–** ચપળતા રહિત. અસ્થિરવૃતિ અને અસ્થિર પ્રવૃત્તિને ચંચળતા કહે છે. ચંચળ વ્યક્તિ કોઈ પણ લક્ષ્યને સિદ્ધ કરી શકતી નથી. તેથી સાધુ સર્વ પ્રકારની ચંચળતાનો ત્યાગ કરે.

**अप्पभासी :–** અલ્પભાષી. અધિક બોલવામાં ઘણીવાર તે અનર્થકારી બકવાસ થાય છે, તેમાં કોઈ પણ અંદર છુપાયેલો કષાયભાવ પ્રગટ થવા લાગે છે. તેથી સાધુ પોતાના કાર્યને માટે જેટલું આવશ્યક હોય

તેટલું જ બોલે.

**मियासणे :–** મિત + અશન = મિતાશન–મિતભોજી. અધિક આહાર પ્રમાદ અને રોગનું કારણ છે. તેથી સાધુ આવશ્યક્તા અનુસાર પરિમિત ભોજન કરે છે. આ શબ્દનો બીજો અર્થ છે– મિત આસન, પરમિત આસન.

**उयरे दंते :–** પેટનું દમન કરનાર. તેના વિવિધ તાત્પર્ય છે– (૧) પેટની પ્રક્રિયા દ્વારા ભૂખ લાગવાથી ઉત્પન્ન થતી ઈચ્છાનું દમન કરવું તે ઉદર દમન કહેવાય છે (૨) ભૂખ સહન કરનાર ઉદર દાંત કહેવાય છે (૩) જેવો અને જેટલો આહાર પ્રાપ્ત થાય તેમાં સંતોષ રાખવો તે ઉદરનું દમન કહેવાય છે.

**थोवं लद्धुं ण खिंसए :–** અલ્પ આહાર પ્રાપ્ત થાય તો દાતાની કે પદાર્થની ખિંસના, નિંદા ન કરે, મનમાં ગુસ્સે ન થાય.

### સ્વોત્કર્ષ અને પરાપકર્ષ ત્યાગ :–

**૩૦** **ण बाहिरं परिभवे, अत्ताणं ण समुक्कसे ।**
**सुय लाभे ण मज्जेज्जा, जच्चा तवस्सि बुद्धिए ॥**

**છાયાનુવાદ : न बाह्यं परिभवेद, आत्मानं न समुत्कर्षयेत् ।**
**श्रुतलाभे न माद्येत, जात्या तापस्येन बुद्धया ॥**

**શબ્દાર્થ :– बाहिरं** = પોતાનાથી ભિન્ન અન્ય જીવનો **ण परिभवे** = તિરસ્કાર કરે નહિ **अत्ताणं** = પોતાના આત્માનો **ण समुक्कसे** = સમુત્કર્ષ, બડાઈ ન કરે, અભિમાન ન કરે **सुय लाभे** = શ્રુતજ્ઞાનનો લાભ થવા પર **जच्चा** = જાતિથી **तवस्सि** = તપથી **बुद्धिए** = બુદ્ધિથી **ण मज्जिज्जा** = અહંકાર ન કરે, મદ ન કરે.

**ભાવાર્થ :–** મુનિ કોઈ પણ વ્યક્તિનો તિરસ્કાર અને પોતાનો સમુત્કર્ષ(બડાઈ) ન કરે તથા શાસ્ત્ર–જ્ઞાનની વૃદ્ધિ થતાં તેનો ઘમંડ કરે નહીં તેમજ પોતાની જાતિ, બુદ્ધિ અને તપનું પણ અભિમાન કરે નહીં.

### વિવેચન :–

પ્રસ્તુત ગાથામાં મુનિ માટે માન કષાયના ત્યાગની પ્રેરણા આપી છે.

વ્યક્તિ પાસે જ્યારે ધનની વૃદ્ધિ થાય ત્યારે તેને ચોરાદિથી સાવધાન રહેવું જરૂરી બને છે. તેમજ આત્મામાં જ્યારે ગુણોની વૃદ્ધિ થાય ત્યારે કષાયોથી અને તેમાં પણ માન કષાયથી સાવધાન રહેવું અત્યંત જરૂરી થઈ જાય છે. તે માટે મુનિ પોતાને સદા લઘુ અને દાસ માને; જગતમાં મહાન ગુણીયલ મહાત્માઓ થયા છે ને થાય છે, તેને માનસમાં રાખી પોતાને શ્રેષ્ઠ કે સર્વશ્રેષ્ઠ માનવાની બુદ્ધિ ઉત્પન્ન થવા દે નહીં.

**લઘુતાથી પ્રભુતા વધે, પ્રભુતાથી પ્રભુ દૂર** એ ઉક્તિને યાદ રાખી પોતાની લઘુતાનો વિચાર એકાંતમાં કરતો જ રહે, તેમજ પ્રત્યેક આત્મામાં દોષો તો હોય જ છે, તો પોતાના દોષોને સ્મૃતિમાં રાખી માન કષાયથી સદા સાવધાન રહે.

**ण बहिरं परिभवे :– बाहिरं** = અન્ય કોઈપણ વ્યક્તિ. બીજાઓની લઘુતા કરવી એ માનવની દુષ્પ્રવૃત્તિ કહેવાય અને પોતાની પ્રશંસા કરવી એ માનવીય સ્વભાવ કહેવાય છે તેમજ અંતરભાવથી પ્રશંસા ન ઈચ્છવી એ આત્મ સાધકોનો સ્વભાવ છે. પોતાની પ્રશંસા, ગુણ પ્રકાશ કરીને વ્યક્તિ રહી જાય ત્યાં સુધી તો તે ક્ષમ્ય છે પરંતુ જો સ્વ ઉત્કર્ષ સાથે પરાપકર્ષ, પરનો તિરસ્કાર, નિંદા અવહેલના કરે તો તે અક્ષમ્ય છે. તે અઢાર પાપ પૈકી પંદરમું પાપ છે.

અભિમાનનું પ્રગટીકરણ બે પ્રકારે થાય છે– આત્મપ્રશંસા અને અન્યની અવહેલના. જ્યારે વ્યક્તિને પોતાની મહત્તાનું અભિમાન બહુ વધી જાય ત્યારે તેને અન્ય પ્રતિ અહેવલનાનો કે તિરસ્કારનો ભાવ આવે છે. આ બંને દોષો સાધકના વિકાસને અટકાવી દે છે. તેથી મુનિ આત્મ પ્રશંસા કે અન્યનો પરાભવ ન કરે. તે માટે આગમ શાસ્ત્રના એક–બે વાક્ય યાદ રાખવા જેવા છે– **(१) जे परिभवइ परं, जणं संसारे परिवत्तइ महं** = જો બીજાઓનો તિરસ્કાર–પરાભવ કરે તે મહાન સંસારમાં પરિભ્રમણ કરે.– *[સૂય. ૨–૨–૨.]* **(२) ण परं वइज्जासि अयं कुसीले** = અન્યને આ કુશીલીઓ છે તેમ ન બોલે. આ સર્વ ઉપદેશ મુનિને લક્ષ્ય કરીને જ આગમોમાં આપેલા છે; માટે મુનિ સ્વોત્કર્ષ અને પરાપકર્ષ ક્યારે ય કરે નહીં.

**सुयलाभे ण मज्जिज्जा... :–** મુનિ પોતાના કયા ગુણોનો મદ ન કરે, તે ગુણોના અહીં નામ નિર્દેશ કર્યા છે– પોતાને પ્રાપ્ત થયેલા શ્રુતજ્ઞાનનું, જાતિનું, તપનું કે બુદ્ધિનું અભિમાન ન કરે.

જે જે વિષયનું અભિમાન થાય તે તે ભાવો પરભવમાં હીન–હીનતમ પ્રાપ્ત થાય છે. અભિમાન આત્મવિકાસમાં બાધક છે. પુણ્ય કે પુરુષાર્થથી પ્રાપ્ત થયેલી વસ્તુનો સ્વ–પરના કલ્યાણ માટે ઉપયોગ કરવો, તેમાં જ તેની સફળતા છે. તેના દ્વારા અન્યનો તિરસ્કાર કરવો, અભિમાન કરવું, તે પ્રાપ્ત વસ્તુનો દુરુપયોગ છે. આ પ્રકારે વિચારીને મુનિ સદા અભિમાનનો ત્યાગ કરે.

## દોષ સેવન પ્રતિ મુનિનો વિવેક :–

**૩૧** **से जाणमजाणं वा, कट्टु आहम्मियं पयं ।**
**संवरे खिप्पमप्पाणं, बीयं तं ण समायरे ॥**

**છાયાનુવાદ : स जानन्नजानन् वा, कृत्वा अधार्मिकं पदम् ।**
**संवरेत् क्षिप्रमात्मानं, द्वितीयं तन्न समाचरेत् ॥**

**શબ્દાર્થ :– से** = તે સાધુ **जाणं** = જાણતાં **अजाणं** = અજાણતા **आहम्मियं** = અધાર્મિક, સંયમ વિપરીત, કલ્પ કે મર્યાદાથી વિપરીત, દોષ સેવન **पयं** = કાર્યને **कट्टु** = કરીને **खिप्पं** = શીઘ્ર **अप्पाणं**

= પોતાને **संवरे** = પાપથી હટાવી લે **बीयं** = બીજીવાર **तं** = તે પાપકાર્યનું **ण समायरे** = આચરણ કરે નહિં.

**ભાવાર્થ :–** મુનિથી જાણ્યે કે અજાણ્યે કોઈ દોષનું સેવન થઈ જાય તોપણ તેનો શીઘ્ર ત્યાગ કરી દે; ફરીવાર ક્યારે ય તે દોષનું સેવન કરે નહીં.

**३२** **अणायारं परक्कम्म, णेव गूहे ण णिह्णवे ।**
**सुई सया वियडभावे, असंसत्ते जिइंदिए ॥**

**છાયાનુવાદ : अनाचारं पराक्रम्य, नैव गूहेत न निन्हुवीत ।**
**शुचिःसदा विकटभावः, असंसक्तो जितेन्द्रियः ॥**

**શબ્દાર્થ :– सुई** = પવિત્ર મતિવાળા **सया** = સદા **वियडभावे** = પ્રકટ ભાવ ધારણ કરનાર **असंसत्ते** = આસક્તિ ન રાખનારા **जिइंदिए** = ઈન્દ્રિયોને જીતનારા **अणायारं** = અનાચારનું **परक्कम्म** = સેવન કરીને ગુરુ સમક્ષ આલોચના કરે, ત્યારે દોષોને **णेव गूहे** = થોડું કહીને છુપાવે નહિ **ण णिह्नवे** = અપલાપ પણ ન કરે– સર્વથા ગુપ્ત પણ ન જ રાખે.

**ભાવાર્થ :–** મુનિ અનાચારનું સેવન કરીને તેને છુપાવે નહીં કે તેનો અસ્વીકાર કરે નહીં પરંતુ મુનિ પવિત્રહૃદયી, યથાતથ્ય ભાવોને પ્રગટ કરનાર, અનાસક્ત અને જીતેન્દ્રિય રહે.

**વિવેચન :–**

પ્રસ્તુત બે ગાથાઓમાં દોષશુદ્ધિ માટેનું માર્ગદર્શન છે.

**जाणमजाणं :–** દોષનું સેવન બે પ્રકારે થાય છે– જાણતા કે અજાણતાં. (૧) ક્યારેક રાગ કે દ્વેષના ઉદયને આધીન બનીને, ક્યારેક અસહ્ય પરિસ્થિતિથી અને ક્યારેક સહચરોના આગ્રહને આધીન બનીને સાધક જાણી જોઈને પાપકર્મનું સેવન કરે છે. (૨) ક્યારેક અજાણતા–શાસ્ત્રજ્ઞાનના અભાવે અથવા ઉપયોગ કે જાગૃતિના અભાવે સાધુ પાપકર્મનું સેવન કરે છે.

**संवरे खिप्पमप्पाणं :–** જાણતા કે અજાણતા કોઈ પણ પ્રકારે પાપનું સેવન થયું હોય પરંતુ સાધકને તે દોષની જાણ થતાં તુરત જ તે દોષની ગુરુ સમક્ષ યથાતથ્ય આલોચના, પ્રાયશ્ચિત્ત આદિ કરીને તે પાપથી પાછો ફરી જાય અને આત્માને પાપરૂપ આશ્રવ માર્ગથી મુક્ત કરી સંવરના માર્ગમાં સ્થાપિત કરે.

**बीयं तं ण समायरे :–** કોઈ પણ દોષોનું વારંવાર સેવન કરવાથી, તેના સંસ્કારો દઢ–દઢતમ બનતા જાય છે. જેમ આત્મભાવોનું પુનરાવર્તન આત્મભાવોને દઢ બનાવે છે તેમ દોષોનું પુનરાવર્તન દોષના તે સંસ્કારોને દઢ બનાવે છે. તેથી સાધુ એક વાર થયેલા દોષની શુદ્ધિ કર્યા પછી તેનું બીજીવાર આચરણ ન કરે.

**णेव गूहे ण णिण्हवे :–** આ પદ દ્વારા સૂત્રકારે આલોચનાની પદ્ધતિનું દર્શન કરાવ્યું છે. સાધુ પાપને

છુપાવે નહીં, તેનો અસ્વીકાર કરે નહીં.

જે દોષોનું સેવન થયું છે કે કર્યું છે, તેની સરળભાવે, સ્પષ્ટ રીતે, યથાતથ્યરૂપે ગુરુ સમક્ષ આલોચના કરી તેના પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કરવો જોઈએ. દોષને દોષરૂપે સ્વીકારવો, તે જ એક પ્રકારની આલોચના છે. આ પ્રકારે આલોચના, પ્રાયશ્ચિત્ત દ્વારા શુદ્ધિ કરવાથી તે સાધક ક્રમશઃ પુનઃ અસંસક્ત–અનાસક્ત અને જીતેન્દ્રિય બની જાય છે. આલોચનાની મહત્તાને સ્વીકારીને મોક્ષાભિલાષી શ્રમણ પોતાના નાના કે મોટા કોઈ પણ દોષને ભયથી, લજ્જાથી કે અન્ય કોઈપણ કારણોથી છુપાવે નહીં. પરંતુ **वियडभावी** = પ્રગટ ભાવી, પવિત્ર અને સરલ પરિણામી બને.

## શિષ્યની વિનય સાધના :–

**૩૩** **अमोहं वयणं कुज्जा, आयरियस्स महप्पणो ।**
**तं परिगिज्झ वायाए, कम्मुणा उववायए ॥**

**છાયાનુવાદ :** **अमोघं वचनं कुर्याद्, आचार्याणां महात्मनाम् ।**
**तत्परिगृह्य वाचा, कर्मणोपपादयेत् ॥**

**શબ્દાર્થ :–** **महप्पणो** = મહાત્મા, મહાન આત્માર્થી, આચાર્ય ભગવંત **आयरियस्स** = આચાર્યના **वयणं** = વચનને **अमोहं** = સફલીભૂત **कुज्जा** = કરે **तं** = તે આચાર્યના વચનને **वायाए** = તહત્તિ આદિ સ્વીકૃતિ સૂચક શબ્દોથી **परिगिज्झ** = ગ્રહણ કરીને **कम्मुणा** = કર્મથી, કાયા દ્વારા કાર્યને **उववायए** = સંપાદન કરે, સફલ કરે.

**ભાવાર્થ :–** મુનિ આચાર્ય ભગવંતના વચનોને સફળ કરે, વૃથા ન કરે, પહેલા તેઓની આજ્ઞાને **तहत्ति** આદિ સ્વીકૃતિ સૂચક શબ્દોથી સ્વીકાર કરે અને પછી કાયા દ્વારા તે કાર્યને સંપાદન કરે, તેના આદેશનું પાલન કરે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથામાં શિષ્યની સાધનાના મહત્તમ અંગનું નિરુપણ છે. ગુર્વાજ્ઞાનું પાલન તે શિષ્યની સાધનાનો પ્રાણ છે અને તે જ તેનું જીવન છે.

**अमोहं वयणं कुज्जा :–** આચાર્ય ગુરુ વગેરે શિષ્યના જીવન ઘડવા માટે જ્યારે જે શિક્ષા વચન દ્વારા સદ્‌બોધ આપે ત્યારે તેને ઝીલવો તે જીવન ઉચ્ચ બનાવવાનું પ્રથમ સોપાન છે.

ગુરુના વચનને 'તહત્તિ' જેવા સ્વીકૃતિ સૂચક શબ્દોચ્ચારણ દ્વારા વિનયપૂર્વક સ્વીકાર કરવા અને ત્યારપછી ત્રણ યોગની પ્રક્રિયાથી ગુર્વાજ્ઞાનું પાલન કરવું. આ રીતે બંને પ્રકારનો યોગ થાય ત્યારે જ ગુરુના વચન સફલ–અમોઘ બને છે. કેવળ વચનથી જ સ્વીકાર કરવાથી કે મન વિના કેવળ કાયા દ્વારા

આચરણ કરવાથી કાર્ય સિદ્ધિ થતી નથી. તેથી જ સૂત્રકારે એક જ ગાથામાં વચન અને કાયયોગનો એક સાથે ઉલ્લેખ કર્યો છે. આ પ્રકારની યોગ્યતા માટે માનાદિ કષાયોનો નાશ થાય અને વિનય, નમ્રતા આદિ આત્મગુણો પ્રગટ થાય તે બહુ જરૂરી છે.

**ધર્મ સાધના અંગે પ્રેરણા વચન :–**

**૩૪** **अधुवं जीवियं णच्चा, सिद्धिमग्गं वियाणिया ।**
**विणियट्टिज्ज भोगेसु, आउं परिमियमप्पणो ॥**

**છાયાનુવાદ :** **अध्रुवं जीवितं ज्ञात्वा, सिद्धिमार्गं विज्ञाय ।**
**विनिवर्तेत भोगेभ्यः, आयुः परिमितमात्मनः ॥**

**શબ્દાર્થ :–** **जीवियं** = જીવનને **अधुवं** = અસ્થિર **णच्चा** = જાણીને તથા **सिद्धिमग्गं** = મોક્ષના માર્ગને **वियाणिया** = જાણીને તેમજ **अप्पणो** = પોતાનું **आउं** = આયુષ્ય **परिमियं** = પરિમિત, સ્વલ્પ જાણીને સાધુ **भोगेसु** = ભોગોમાંથી **विणियट्टिज्ज** = નિવૃત્ત થાય.

**ભાવાર્થ :–** સાધક આ માનવ જીવનને અનિત્ય અને પોતાના આયુષ્યને અલ્પ જાણીને તથા મોક્ષમાર્ગ રૂપ સંયમને સારી રીતે સમજીને ઇન્દ્રિયોના વિષયોથી નિવૃત્ત થાય અર્થાત્ વિષય ભોગોનો ત્યાગ કરે.

**૩૫** **बलं थामं च पेहाए, सद्धामारुग्गमप्पणो ।**
**खेत्तं कालं च विण्णाय, तहप्पाणं णिजुंजए ॥**

**છાયાનુવાદ :** **बलं स्थामं च प्रेक्ष्य, श्रद्धामारोग्यमात्मनः ।**
**क्षेत्रं कालं च विज्ञाय, तथात्मानं नियुञ्जीत ॥**

**શબ્દાર્થ :–** **अप्पणो** = પોતાની **बलं** = ઇન્દ્રિયોની પ્રાપ્ત બાહ્ય શક્તિ, શરીરનો બલ **थामं** = મનની શક્તિ, દઢતાનો **सद्धा** = શ્રદ્ધાનો, શરીરની આંતર ક્ષમતા યોગ્યતાનો **आरुग्गं** = આરોગ્યનો **पेहाए** = વિચાર કરીને **खेत्तं** = ક્ષેત્રને **कालं** = કાલને **विण्णाय** = જાણીને **अप्पाणं** = પોતાના આત્માને **णिजुंजए** = ધર્મ કાર્યમાં નિયુક્ત કરે.

**ભાવાર્થ :–** સાધક પોતાનું શારીરિક બળ, માનસિક દઢતા, શરીરની આંતર ક્ષમતા અને આરોગ્યને જોઈને તેમજ ક્ષેત્ર અને કાલનો સારી રીતે વિચાર કરીને પોતાના આત્માને ધર્મ કાર્ય–તપ સંયમમાં નિયોજિત કરે.

**૩૬** **जरा जाव ण पीडेइ, वाही जाव ण वड्ढइ ।**
**जाविंदिया ण हायंति, ताव धम्मं समायरे ॥**

**છાયાનુવાદ :** जरा यावन्न पीडयति, व्याधिर्यावन्न वर्धते ।
यावदिन्द्रियाणि न हीयन्ते, तावद्धर्मं समाचरेत् ॥

**શબ્દાર્થ :– जाव** = જ્યાં સુધી **जरा** = વૃદ્ધાવસ્થા **ण पीडेइ** = પીડિત કરતી નથી **वाही** = શરીરમાં વ્યાધિ **ण वड्ढइ** = વધતી નથી **इंदिया** = ઇન્દ્રિયો **ण हायंति** = હીન થઈ નથી **ताव** = ત્યાં સુધીમાં **धम्मं** = ધર્મનું **समायरे** = આચરણ કરી લેવું.

**ભાવાર્થ :–** જ્યાં સુધી વૃદ્ધાવસ્થા આવી નથી, રોગનો ઉપદ્રવ થયો નથી, ઇન્દ્રિયો તથા અંગોપાંગ ક્ષીણ થયા નથી ત્યાં સુધી દરેક આત્માએ અવશ્ય ધર્મનું આચરણ કરી લેવું જોઈએ.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં સાધકોને સાધના માટે વિવિધ પ્રેરણાઓ આપી છે.

**अधुवं जीवियं णच्चा :–** આત્મ કલ્યાણ માટે જીવે માનવ જીવનની અનિત્યતા અને પોતાના આયુષ્યની અલ્પતા જાણવી આવશ્યક છે. અનાદિકાળના ભવભ્રમણમાં મનુષ્ય જન્મ, આર્યક્ષેત્ર, ઉત્ત મ કુળ, ઉચ્ચધર્મની પ્રાપ્તિ અત્યંત દુર્લભ છે. તેમજ નારક, દેવાદિ ભવોની અપેક્ષાએ મનુષ્યનું આયુષ્ય અલ્પ છે તથા તે અનેક પ્રકારની બાધાઓથી યુક્ત છે; તેમાં પણ ભોગમય જીવન સંસાર ભ્રમણ કરાવે અને જોગમય જીવન મોક્ષમાર્ગ આત્મ કલ્યાણ સધાવે; તેવું જાણીને સાધક ભોગથી પાછા ફરીને ત્યાગ માર્ગમાં પોતાની શક્તિનો(પરાક્રમનો) પ્રયોગ કરે. આત્મ વિશુદ્ધિનો આ ઉત્તમ માર્ગ છે.

**बलं थामं च पेहाए :– बलं** = બાળક, યુવાન, વૃદ્ધ, સબલ, નિર્બલ, કૃશ, પુષ્ટ આદિ શારીરિક યોગ્યતાના વિકલ્પોથી **બળનો** નિર્ણય થાય છે. **थामं** = સ્થૈર્ય, માનસિક દઢતા. શારીરિક ક્ષમતાની અનુકૂળતા હોય કે ન પણ હોય પરંતુ જ્યારે માનસિક દઢતા અપરંપાર થઈ જાય, ત્યારે વ્યક્તિ અશક્ય કે અસંભવ લાગતા કાર્યો પણ કરી શકે છે. વૈરાગ્યની તીવ્રતા કે કષાયની તીવ્રતામાં આવી સ્થિતિ જોઈ શકાય છે. **सद्धां** = શરીરની ક્ષમતા, શારીરિક દઢતા. પ્રત્યેક વ્યક્તિની શારીરિક ક્ષમતા યોગ્યતા જુદી જુદી હોય છે. કોઈ વ્યક્તિનું શરીર કૃશ નિર્બળ દેખાતું હોય તો પણ તેનું શરીર તપ સંયમને યોગ્ય હોઈ શકે છે; તે વરસીતપ કે માસખમણ પણ કરી શકે છે. જ્યારે હૃષ્ટ–પુષ્ટ શરીરના દેખાવવાળી વ્યક્તિ એક પોરસી કે ઉપાવાસ પણ કરી શકે નહીં. આ શરીરની ક્ષમતા સ્થૈર્ય **सद्धा** = શ્રદ્ધા કહેવાય છે. આ રીતે સમાનાર્થક લાગતા આ ત્રણે શબ્દોના જુદા જુદા તાત્પર્યાર્થ સમજવામાં આવી શકે તેમ છે, માટે અહીં ત્રણે શબ્દોનો પ્રયોગ સહેતુક છે.

સાધક પોતાની માનસિક, શારીરિક શક્તિને જોઈને કાર્ય કરે. કારણ કે જેમ સિંહણનું દૂધ સુવર્ણ–પાત્રમાં જ ટકી શકે છે તેમ ઉત્તમ વસ્તુને સ્થિર થવા શ્રેષ્ઠ પાત્રની આવશ્યકતા હોય છે. સંયમી જીવનના વિવિધ અનુષ્ઠાનો પણ ઉત્તમોત્તમ છે. તે અનુષ્ઠાનોને યોગ્ય વ્યક્તિ ધારણ કરે તો જ તે ટકી શકે છે. પાત્રતા વિના સ્વીકારેલા અનુષ્ઠાનો સફળ થતા નથી. તેથી સૂત્રકારે આ ગાથામાં પોતાની પાત્રતાનો વિચાર કરવાનું સૂચન કર્યું છે.

**खेत्तं कालं :–** સાધકને ક્ષેત્ર અને કાળનો વિવેક હોવો જોઈએ. પ્રત્યેક ક્ષેત્ર અને પ્રત્યેક કાલના કર્તવ્યો એક સમાન હોતા નથી. માટે પ્રત્યેક ક્ષેત્ર અને કાલમાં આત્મહિતને લક્ષ્યમાં રાખીને તે તે કાર્ય કરવા જોઈએ. શક્તિ આદિનો વિચાર કર્યા વિના આરાધના કરવાથી ક્યારેક કોઈ વચ્ચે જ ગભરાઈ જાય તેના પરિણામે પોતાને ખિન્નતા, અપ્રસન્નતા થાય, લોકમાં નિંદા થાય અને શાસનનું ગૌરવ હણાય છે.

**जरा जाव ण पीडेइ :–** વૃદ્ધત્વ, વ્યાધિ અને ઈન્દ્રિયોની ક્ષીણતા ધર્મ સાધનામાં બાધક બને છે. શરીર સાધનાનું સાધન છે. તે સ્વસ્થ હોય તો જ મહાવ્રતાદિનું પાલન થઈ શકે છે. તેથી જ્યાં સુધી વૃદ્ધાવસ્થા આવે નહીં, સાધનામાં ઉપકારક ઈન્દ્રિયો ક્ષીણ થાય નહીં અને ધર્મક્રિયાના સામર્થ્ય માટે શત્રુરૂપ વ્યાધિ વધે નહીં તે પૂર્વે જ સાધકે ધર્માચરણ સંયમ તપમાં પરાક્રમ કરવું જોઈએ.

સંક્ષેપમાં શરીર સ્વસ્થ અને સમર્થ હોય ત્યાં સુધી શક્તિ અનુસાર વ્રત પ્રત્યાખ્યાન ત્યાગ તપ અભિગ્રહ વગેરેની આરાધના કરી જીવન સફળ કરવું જોઈએ.

### ચતુર્વિધ કષાય ત્યાગની પ્રેરણા :–

**૩૭** **कोहं माणं च मायं च, लोभं च पाववड्ढणं ।**
**वमे चत्तारि दोसे उ, इच्छंतो हियमप्पणो ॥**

**છાયાનુવાદ :** क्रोधं मानं च मायां च, लोभं च पापवर्धनम् ।
वमेच्चतुरो दोषांस्तु, इच्छन् हितमात्मनः ॥

**શબ્દાર્થ :–** **अप्पणो** = પોતાના **हियं** = હિતને **इच्छंतो** = ઈચ્છતો સાધુ **पाववड्ढणं** = પાપને વધારનાર **कोहं** = ક્રોધને **माणं** = માનને **मायं** = માયાને **लोभं** = લોભને **चत्तारि** = ચાર **दोसे** = દોષોને **उ** = નિશ્ચયરૂપથી **वमे** = ત્યાગી દે.

**ભાવાર્થ :–** પોતાના આત્માનું હિત ઈચ્છતો સાધક પાપ કર્મની વૃદ્ધિ કરાવનાર ક્રોધ, માન, માયા અને લોભ તે ચાર આત્મ દોષોનો અવશ્ય ત્યાગ કરે.

**૩૮** **कोहो पीइं पणासेइ, माणो विणय णासणो ।**
**माया मित्ताणि णासेइ, लोहो सव्व विणासणो ॥**

**છાયાનુવાદ :** क्रोधः प्रीतिं प्रणाशयति, मानो विनयनाशनः ।
माया मित्राणि नाशयति, लोभः सर्वविनाशनः ॥

**શબ્દાર્થ :–** **कोहो** = ક્રોધ **पीइं** = પ્રીતિનો **पणासेइ** = નાશ કરે છે **माणो** = અભિમાન **विणय णासणो** = વિનયનો નાશ કરે છે **माया** = માયા **मित्ताणि** = મિત્રતાનો **णासेइ** = નાશ કરે છે **लोहो**

= લોભ **सव्व विणासणो** = સર્વ શ્રેષ્ઠ ગુણોનો નાશ કરે છે.

**ભાવાર્થ :–** ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે, માયા મિત્રતાનો નાશ કરે છે અને લોભ સર્વ સદ્ગુણોનો વિનાશક છે.

**૩૯** **उवसमेण हणे कोहं, माणं मद्दवया जिणे ।**
**मायं च अज्जवभावेण, लोभं संतोसओ जिणे ॥**

**છાયાનુવાદ :** **उपशमेन हन्यात् क्रोधं, मानं मार्दवतो जयेत् ।**
**मायां च ऋजुभावेन, लोभं सन्तोषतो जयेत् ॥**

**શબ્દાર્થ :– कोहं** = ક્રોધનો **उवसमेण** = ક્ષમા વડે **हणे** = નાશ કરે **माणं** = અભિમાનને **मद्दवया** = માર્દવતાથી **जिणे** = જીતે **मायं** = માયાને **अज्जवभावेण** = સરલતાથી **लोभं** = લોભને **संतोसओ** = સંતોષથી **जिणे** = પરાજય કરે.

**ભાવાર્થ :–** સાધક ક્ષમાથી ક્રોધનો નાશ કરે; મૃદુભાવ(નમ્રતા)થી અભિમાનને જીતે; સરળતાથી માયાને દૂર કરે અને સંતોષથી લોભને જીતે.

**૪૦** **कोहो य माणो य अणिग्गहीया, माया य लोभो य पवड्ढमाणा ।**
**चत्तारि एए कसिणा कसाया, सिंचंति मूलाइं पुणब्भवस्स ॥**

**છાયાનુવાદ :** **क्रोधश्च मानश्चानिगृहीतौ, माया च लोभश्च प्रवर्धमानौ ।**
**चत्वार एते कृत्स्नाः कषायाः, सिञ्चन्ति मूलानि पुनर्भवस्य ॥**

**શબ્દાર્થ :– अणिग्गहीया** = અનિગૃહીત, વશ નહિ કરેલા **कोहो** = ક્રોધ **माणो** = માન **पवड्ढमाणा** = વધી ગયેલા **माया** = છલ–કપટ **लोभो** = લોભ **एए** = એ પ્રમાણે **चत्तारि** = ચાર **कसिणा** = સંપૂર્ણ, પ્રત્યેક, અખંડ, પ્રબલ, ક્લિષ્ટ, કઠોર, મલિન **कसाया** = કષાયો **पुणब्भवस्स** = પુનર્જન્મરૂપી સંસાર વૃક્ષના **मूलाइं** = મૂળોનું **सिंचंति** = સિંચન કરે છે.

**ભાવાર્થ :–** અનિગૃહીત ક્રોધ અને માન, પ્રવર્ધમાન માયા અને લોભ, આ ચારે પ્રબલ સમગ્ર કષાયો પુનર્જન્મરૂપી વૃક્ષના મૂળનું સિંચન કરે છે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં ક્રમશઃ કષાયોનું સ્વરૂપ, તેના પરિણામો, તેના પર વિજય પ્રાપ્ત કરવાના સરળ અને સફળ ઉપાયો દર્શાવ્યા છે. તેમજ અંતે પુનઃ સંસારના મૂળભૂત કારણ તરીકે કષાયનું કથન

કરીને મુમુક્ષુને તેના ત્યાગની પ્રેરણા કરી છે.

**ગાથા–૩૭**માં કષાયોનું સ્વરૂપ બે શબ્દોથી દર્શાવી આત્મ હિતૈષીને તેના ત્યાગની પ્રેરણા આપી છે. **ગાથા–૩૮**માં પ્રત્યેક કષાયના સંભાવિત પરિણામ દર્શાવ્યા છે. **ગાથા–૩૯**માં તે પ્રત્યેક કષાયો પર વિજય પ્રાપ્ત કરવાના એક–એક સફલ ઉપાયો દર્શાવ્યા છે. અંતે **ગાથા–૪૦**માં બતાવ્યું છે કે જો કષાયોનો નિગ્રહ કરવામાં ન આવે તો આ ચારે કષાયો સર્વે મળીને અથવા વૃદ્ધિ પામતા પ્રબલ રૂપ ધારણ કરીને જન્મ મરણ રૂપી વૃક્ષના મૂલનું સિંચન કરી ભવભ્રમણ રૂપ સંસાર વૃક્ષને મજબૂત કરે છે.

વ્યુત્પત્તિની અપેક્ષાએ **કષ** અને **આયના** સંયોગે કષાય શબ્દ બન્યો છે. કષ = સંસાર. આય = લાભ, જે ભાવોથી સંસારનો લાભ થાય અર્થાત્ સંસારમાં પરિભ્રમણ વધે તેને કષાય કહે છે.

આ રીતે જીવના વિકૃત પરિણામો માટે અથવા ક્રોધ, માન, માયા અને લોભ તે ચારે ભાવોના સમૂહ માટે 'કષાય' શબ્દનો પ્રયોગ થાય છે. તેના મુખ્ય ભેદ ચાર અને તેની તરતમતાના આધારે અનેક ઉત્તરભેદ છે.

**कोहो पीइं... :–** પ્રીતિ, આત્મૌપમ્ય ભાવ કે વત્સલતા એ જીવનનું અમૃત છે. વિનય જીવનની રસિકતા છે અને મિત્રતા જીવનનું મધુર અવલંબન છે. આત્મ સંતોષ જીવનની શાંતિ છે. ક્રોધાદિ ચારે કષાયોથી જીવનનું અમૃત, રસિકતા અવલંબન અને આનંદ (શાંતિ)નો નાશ થઈ જાય છે.

**लोहो सव्व विणासणो :–** લોભથી સર્વ ગુણોનો નાશ થાય છે. આ વિષયની સ્પષ્ટતા માટે ચૂર્ણિકારે એક દષ્ટાંત આપ્યું છે. યથા– એક પુત્રે લોભને વશ થઈ, પૈસા માટે પિતા સાથે ક્રોધ કરીને સંબંધ તોડી નાંખ્યો. તે પ્રીતિનો નાશ થયો. પૈસા માટે ઉદ્ધતાઈપૂર્વક પ્રતિજ્ઞા કરી કે હું ગમે તેમ કરીને મારો ભાગ લઈશ. તે અભિમાનના ભાવથી નમ્રતાનો નાશ થયો. તેણે ગમે તેમ કરીને કપટપૂર્વક ધન મેળવ્યું અને પૂછવા છતાં કહ્યું નહીં. તેવા માયા કપટના ભાવથી સરળતાનો નાશ થયો. આ રીતે લોભના કારણે સર્વગુણ વિનાશ થયા.

**उवसमेण हणे कोहं... :–** જેમ અંધકારના નાશ માટે પ્રકાશ અમોઘ ઉપાય છે તેમ ક્રોધ આદિ ચારે ય આત્મ દૂષણોના નાશ માટે ઉપશમ આદિ ચારે ય આત્મગુણો અમોઘ ઉપયો છે.

આ ગાથા ૩૯માં **हणे** અને **जिणे** શબ્દો દ્વારા **હણવાનો** અને **જીતવાનો** ભાવ દર્શાવ્યો છે. હણવા અને જીતવા માટે તો શસ્ત્રની આવશ્યકતા હોય તેથી ત્યાંજ ઉપશમ, મૃદુતા, સરલતા અને સંતોષ આ ચાર શસ્ત્રો પણ આપી દીધા છે. એટલા માત્રથી સાધકને સિદ્ધિ મળી જાય તેમ શક્ય નથી. એને શસ્ત્રોનો ઉપયોગ કરતાં પણ આવડવું જોઈએ. તે કલા શસ્ત્રમાં લખેલી હોતી નથી પરંતુ શસ્ત્ર ગ્રહણ કરનારે શીખેલી હોય છે. દરેક સંયમ સાધકને તે કલા આગમ અધ્યયનથી; સ્વાધ્યાય મનન, ગુરુ ઉપદેશના સંસ્કારથી વારસાગત મળતી જ રહે છે. પરંતુ તે સિદ્ધાંતરૂપે અને તોતારટંત રૂપે રહી જતાં કામયાબ નીવડે નહીં. તે માટે તો વૈરાગ્યની બુદ્ધિ, જ્ઞાનની જાગૃતિ અને અભ્યાસની આવશ્યકતા રહે છે, તે સ્વસાધિત છે.

**(૧) ક્રોધ હનન ઉપાય :–** જ્યારે પણ ક્રોધનો પ્રસંગ આવે ત્યારે સાધક દૃઢ સંકલ્પ કરે કે મારે ક્રોધ કરવો નથી. તે માટે સામેની વ્યક્તિના દોષો કે ભૂલોને વાગોળવાની ટેવ છોડવી પડે, પોતાના દોષોને કે કર્મસંયોગના દોષોને મુખ્ય કરવા પડે, મન કહે તેમ થતી બોલ ચાલને રોકવી પડે અને પોતાનો જ્ઞાન આત્મા કહે તેમ મન મારીને પણ ચાલવું પડે.

તે સિવાય પોતાના માન, ઘમંડ, અહંને ઘટાડવા જોઈએ; કારણ કે ક્રોધને બલ દેનાર, ઉત્તેજિત કરનાર માન છે– "મેં અને મારું કે મારી વાત, મારો હુકમ" વગેરે શબ્દોને અંતરમાં મંદ કરવા પડે છે.

જેવા મારા પુણ્યકર્મ છે, તેવા સંયોગ મળી આવ્યા છે; હવે એમાં શાંતિ અને સમાધિ રાખવી તે જ મારા જ્ઞાન વૈરાગ્યનું ફળ છે. હરકોઈના વ્યવહારથી ગુસ્સે થવું કે કર્મબંધ કરવો એ તો મારા આત્મ કલ્યાણનો માર્ગ નથી. માટે મારે પ્રભુ આજ્ઞાથી આવા સમયે વચનથી મૌન, મનમાં શાંતિ, આત્મરમણતા, કર્મ સંયોગ ચિંતન અને સ્વદોષ દર્શનમાં જ રહેવાની દૃઢતા રાખવી; એ જ મારા માટે પ્રત્યેક સંયોગોને પાર કરવાનું પરમ કર્તવ્ય છે. આ રીતે સાધકે ઉપશમ ભાવ રૂપ ઉપાયનો અભ્યાસ કરવો અને રાખવો જોઈએ.

**(૨) માન વિજય ઉપાય :–** તે જ રીતે માનને જીતવા કોમલતા, નમ્રતા, લઘુતા ગુણોની કેળવણી કરવી પડશે. આ દુનિયામાં અભિમાનમાં ચકચૂર એવા કોઈના અભિમાન રહ્યા નથી; અંતે તેઓ નરકના જ મહેમાન થયા છે. **ગમ ખાના નમ જાના** નો સિદ્ધાંત સાકાર કરવાથી જ શાંતિ અને આત્મ કલ્યાણનો માર્ગ મળી શકે છે. ત્રિપૃષ્ટ વાસુદેવ, રાવણ, બ્રહ્મદત્ત અને કોણિક જેવા જ્વલંત ઉદાહરણો આપણા અનુભવમાં ભર્યા પડ્યા છે પણ તે સર્વ તોતારટંત જેમ ન રહે, તે માટે વૈરાગ્યના સહકારે નમ્રતા, લઘુતાના સંસ્કારોનો અભ્યાસ કરવો અત્યંત જરૂરી છે.

**(૩) માયા વિજય ઉપાય :–** માયા કરનાર ભલે પોતાને છુપાવે પણ કર્મબંધ અને તેનો ઉદય તો છૂપી શકે નહીં. **દાબી દૂબીના રહે રૂ લેપટી આગ.** માયા મિથ્યાત્વની જનની છે, અનુત્તર વિમાનમાં જાય તેવી કરણી કરનારને પણ માયા પ્રથમ ગુણસ્થાને લઈ જાય છે. શાસ્ત્રકાર કહે છે કે– **सोही उज्जुयं भूयस्स, धम्मो सुद्धस्स चिट्ठई = સરલ આત્માની શુદ્ધિ થાય અને સરલતાથી શુદ્ધ થયેલામાં ધર્મ ટકે છે.** સરલતાનું મહત્વ બહુ છે તો મારે કપટ, પ્રપંચ, જૂઠ કરીને આત્માને ભારે કરવો નથી. અંદર બહાર એક જ રહેવું. આ પ્રકારે જ્ઞાન સંસ્કાર દ્વારા આત્માને ભાવિત કરતાં રહેવું; તો સરલતા, નિષ્કપટતા ગુણોની વૃદ્ધિ થાય પછી કપટ પ્રપંચને માટે અવકાશ રહેશે જ નહીં.

**(૪) લોભ વિજય ઉપાય :–** આ જ રીતે સંતોષના સંસ્કારથી સંસ્કૃત આત્મામાં લોભને પણ પગ મૂકવાની કિંચિત્ માત્ર જગ્યા ન મળે. માટે સાધકે તેવો અભ્યાસ કરતાં રહેવો જોઈએ.

આ રીતે ગાથામાં દર્શાવેલાં અમોઘશસ્ત્રો દ્વારા કષાયો પર વિજય પ્રાપ્ત થાય છે, તેનો નિગ્રહ થાય છે, જેથી કર્મબંધ અને જન્મ–મરણ ઘટે છે.

ક્રોધી સામે ક્રોધ કરવાથી ક્રોધ વધે છે. દુર્ગુણી સામે દુર્ગુણને જ અથડાવવાથી બંનેમાં દુર્ગુણનો વધારો થાય છે. પરંતુ ઉપશમ–ક્ષમાભાવથી ક્રોધનો, નમ્રતાથી અભિમાનનો, સરળતાથી માયાનો અને

સંતોષથી લોભનો નાશ થઈ શકે છે. જેમ ઘોર અંધકાર પ્રકાશના એક કિરણથી નાશ પામે છે, તેમ આત્મ– ગુણરૂપી પ્રકાશ કિરણથી દોષરૂપી અંધકાર સમૂહનો નાશ થાય છે.

સંસાર વૃક્ષનો નાશ કરવા ઈચ્છતા સાધકો તેના મૂળને સિંચન કરનાર કષાયોની પરિવાર વૃદ્ધિને રોકી તેને નેસ્તનાબૂદ કરી નાખે અર્થાત્ ઉદયમાં નહીં આવેલા ક્રોધાદિ કષાયોનો ઉપશાંત પરમ ઉપશાંત રૂપે નિરોધ કરે અને ઉદયમાં આવેલા ક્રોધાદિને ક્ષમાદિ દ્વારા નિષ્ફળ કરે; તો તે સાધકના જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ બધા ય સાર્થક થઈ જાય છે. કારણ કે સંયમની સાધના કરનારે ઘર સંસારથી તો મુક્તિ લીધી જ હોય છે, તે પછી તો તેને કષાય મુક્તિની જ આવશ્યકતા રહે છે. માટે આચાર પ્રણિધિ અધ્યયન પ્રસંગે શાસ્ત્રકારે સાધકને તે સંબંધી દિશા નિર્દેશ કરી સજાગ કર્યા છે.

**कसिणा :–** ટીકાકારે તેના બે સંસ્કૃત રૂપ આપ્યા છે– **कृत्स्न** = સંપૂર્ણ. **कृष्ण** = સંક્લિષ્ટ. ખરેખર તો કષાયોની પરિપૂર્ણતા એ જ તેની પ્રબલતા અને ભયંકરતા છે. આવો ભાવ **कसिण** શબ્દ અને તેની **कृत्स्न** છાયાર્થથી નીકળે છે. કૃષ્ણ શબ્દનો પ્રકૃત રૂપ **किण्ह** થાય છે, માટે અહીં **कृत्स्न** છાયાથી જ યથેચ્છ અર્થ તાત્પર્યાર્થ કરવો ઉપયુક્ત છે.

## કષાય નિગ્રહમાં સહકારી ગુણો :-

**૪૧** **रायणिएसु विणयं पउंजे, धुवसीलयं सययं ण हावइज्जा ।**
**कुम्मुव्व अल्लीणपलीणगुत्तो, परक्कमेज्जा तवसंजमम्मि ॥**

**છાયાનુવાદ : रत्नाधिकेषु विनयं प्रयुञ्जीत, ध्रुवशीलतां सततं न हापयेत् ।**
**कूर्म इवालीनप्रलीनगुप्तः, पराक्रमेत तपःसंयमे ॥**

**શબ્દાર્થ :– रायणिएसु** = રત્નાધિક, સંયમમાં મોટા સાધુ, આચાર્યાદિ પ્રત્યે **विणयं** = વિનયનો **पउंजे** = પ્રયોગ કરે **सययं** = તથા નિરંતર **धुवसीलयं** = ધ્રુવ શીલતાનો **ण हावइज्जा** = હ્રાસ ન કરે તેમજ **कुम्मुव्व** = કૂર્મની સમાન **अल्लीणपलीणगुत्तो** = પોતાના અંગોપાંગોને સારી રીતે ગોપવીને, ગુપ્ત રાખીને **तवसंजमम्मि** = તપ સંયમમાં **परक्कमिज्जा** = પરાક્રમ કરે.

**ભાવાર્થ :–** સાધુ રત્નાધિકો– દીક્ષામાં મોટા હોય તેનો વિનય કરે તથા અઢાર હજાર–શીલાંગ રૂપ બ્રહ્મચર્યનો નાશ થવા ન દે, તેમાં નિશ્ચલ રહે, કાચબાની પેઠે અંગોપાંગ–ઈન્દ્રિયાદિને ગોપવીને તપ– સંયમમાં પુરુષાર્થશીલ રહે. ઉપર્યુક્ત ક્રિયાઓથી આત્મવિશુદ્ધિ થાય છે.

## વિવેચન :-

પૂર્વ ગાથાઓમાં નિર્દિષ્ટ કષાય નિગ્રહ સંબંધી ઉપદેશ પછી આ પ્રસ્તુત ગાથામાં સંયમાચારની સાધના(અન્યગુણો) તરફ સાધકનું ધ્યાન દોરવામાં આવ્યું છે. સાર એ છે કે માનવ ભવમાં જીવવા માટે

માનવ શરીર અને તેમાં પ્રાણ, એ બંને આવશ્યક છે; પ્રાણ વિના શરીરની કોઈ કિંમત નથી અને શરીર વિના પ્રાણનું અસ્તિત્વ પણ રહી શકે નહીં; જીવવા માટે તે બંને ય આવશ્યક છે. તે જ રીતે મોક્ષાર્થ સાધના માટે કષાય વિજય અને આચાર નિયમએ બંને ય આવશ્યક છે. આ હેતુને સમજી સાધક કષાય વિજય પણ કરે અને તેની સાથે આગમોક્ત સમસ્ત સંયમ ગુણોની આરાધના કરે. તેમ ક્રમ પ્રાપ્ત પ્રસ્તુત ગાથાના નિરૂપણનો આશય છે.

**रायणिएसु विणयं पउंजे :–** અધિક રત્ન સંપન્ન હોય તે રત્નાધિક છે. રત્નના બે પ્રકાર છે. દ્રવ્યરત્ન અને ભાવરત્ન. પ્રસ્તુતમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ ગુણરૂપ ભાવરત્નનો પ્રસંગ છે, તે આ પ્રમાણે છે– (૧) જેની પાસે તે ગુણો અધિક હોય તેને રત્નાધિક કહે છે. (૨) જયેષ્ઠ, સન્માનિત અથવા ઉચ્ચાધિકારી. (૩) જે દીક્ષાપર્યાયમાં જયેષ્ઠ હોય, તેને રાત્નિક–રત્નાધિક કહે છે. (૪) પૂર્વદીક્ષિત તેમજ ઉપદેશકને રાત્નિક કહે છે. આ સર્વ અર્થો સાપેક્ષ અને સ્વીકાર્ય છે. સૂત્રનો આશય એ છે કે જે દીક્ષાપર્યાયમાં જયેષ્ઠ હોય, ચારિત્રના પર્યવ જેની પાસે અધિક હોય તે રત્નાધિકનો વિનય કરવો, એ સાધનાનું એક મુખ્ય અંગ છે. તેનાથી અહંકાર રૂપ કષાયના સરદારનો નાશ થાય છે.

**धुवसीलयं ण हावइज्जा :–** સાધુએ પ્રતિદિન જે આચારનું પાલન કરવાનું હોય છે, તેને ધ્રુવશીલ કહે છે. તેના પાલનમાં શક્તિનો પૂર્ણપણે પ્રયોગ કરે, તેમાં કદાપિ મંદતા કે ન્યૂનતા ન લાવે. વૃત્તિકારે અને ચૂર્ણિકારે તે ધ્રુવશીલના ૧૮૦૦૦ ગુણો ગણિતના માધ્યમે કર્યા છે અને તેનાથી એક રથની કલ્પના કરી, તે ભેદ પ્રભેદોને સમજાવ્યા છે. આ શીલાંગ રથનો અને તેના ગુણોની ગાણિતનો મૌલિક આધાર આવશ્યક સૂત્રના ચોથા અધ્યયનનો અંતિમ પાઠ(પાંચમું શ્રમણ સૂત્ર) છે. તેમાં શ્રમણને **अट्ठारस सहस्स सीलंग–रहधरा.** એવી ઉપમા કહી છે.

આ વિષયને સ્પષ્ટ કરવા સર્વ પ્રથમ એક ગાથાનો નિર્દેશ મળે છે અને તેનાથી જ ૧૮૦૦૦ ગાથાની જોડણી થાય છે. **ગાથા–**

**जे णो करंति मणसा, णिज्जिय आहार सण्णा सोइंदिए ।**
**पुढविकायारंभं, खंति जुत्ते ते मुणी वंदे ॥**

**ગાથાનું તાત્પાર્થ :–** આ ગાથામાં કરવું, કરાવવું, અનુમોદવું તે ત્રણ કરણ છે. મન, વચન, કાયા તે ત્રણ યોગ છે. આહાર, ભય, મૈથુન, પરિગ્રહ તે ચાર સંજ્ઞા છે. શ્રોતેન્દ્રિયાદિ પાંચ ઈન્દ્રિય છે. પૃથ્વીકાયાદિ પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય અને એક પંચેન્દ્રિય, આ નવ પ્રકારના જીવો તથા દસમા અજીવના આરંભનો તથા દશવિધ શ્રમણધર્મ ક્ષમા આદિનો સંકેત છે. ક્ષમા વગેરે દશ શ્રમણધર્મ ધ્રુવશીલ છે. તેનો ગાથામાં કહેલા કરણ યોગ આદિની સાથે ક્રમશઃ સંયોગ જોડવાથી અર્થાત્ ગુણાકાર(ગણિત–ગણના) કરવાથી ૧૮૦૦૦ ભેદ થાય છે.

**૧૮૦૦૦ શીલાંગ ગુણોની ગણનાવિધિ :–** ૧૦ યતિ ધર્મ × ૧૦ એકેન્દ્રિયાદિ જીવ = ૧૦૦, ૧૦૦×૫ ઈન્દ્રિય નિગ્રહ = ૫૦૦, ૫૦૦×૪ સંજ્ઞા મુક્ત = ૨૦૦૦, ૨૦૦૦×૩ યોગ સાથે = ૬૦૦૦, ૬૦૦૦ ×

૩ કરણ વડે = ૧૮૦૦૦ શીલાંગરથ. સાધુ આ શીલાંગરથ પર સતત આરુઢ રહે; ગમે તેવી પરિસ્થિતિમાં પણ તેને ન છોડે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| जे णो करंति ૬૦૦૦ | जे णो कारवेंति ૬૦૦૦ | जे णो समणु-जाणंति ૬૦૦૦ | = ૧૮૦૦૦ | | | | | | | |
| मणसा ૨૦૦૦ | वयसा ૨૦૦૦ | कायसा ૨૦૦૦ | = ૬૦૦૦ | | | | | | | |
| આહાર સંજ્ઞા ૫૦૦ | ભય સંજ્ઞા ૫૦૦ | મૈથુન સંજ્ઞા ૫૦૦ | પરિગ્રહ સંજ્ઞા ૫૦૦ | = ૨૦૦૦ | | | | | | |
| શ્રોત્રેન્દ્રિય ૧૦૦ | ચક્ષુઈન્દ્રિય ૧૦૦ | ઘ્રાણેન્દ્રિય ૧૦૦ | રસેન્દ્રિય ૧૦૦ | સ્પર્શેન્દ્રિય ૧૦૦ | = ૫૦૦ | | | | | |
| પૃથ્વી. ૧૦ | અપ. ૧૦ | તેઉ. ૧૦ | વાઉ. ૧૦ | વન. ૧૦ | બેઈ. ૧૦ | તેઈ. ૧૦ | ચૌરે. ૧૦ | પંચે. ૧૦ | અજીવ આરંભ ૧૦ | = ૧૦૦ |
| ક્ષાન્તિ ૧ | મુક્તિ ૨ | આર્જવ ૩ | માર્દવ ૪ | લાઘવ ૫ | સત્ય ૬ | સંયમ ૭ | તપ ૮ | બ્રહ્મચર્ય ૯ | અકિંચન્ય ૧૦ | = ૧૦ |

**कुम्मुव्व अल्लीण पलीणगुत्तो :–** કાચબાની જેમ કાયાની ચેષ્ટાઓનો નિરોધ કરે. તેનો બે રીતે અર્થ થાય છે– (૧) ગુપ્ત શબ્દનો સંબંધ આલીન–પ્રલીન બન્નેની સાથે કરીને કાચબાની જેમ સાધુ આલીનગુપ્ત અને પ્રલીનગુપ્ત રહે અર્થાત્ કાયચેષ્ટાનો નિરોધ કરે અને કારણ ઉપસ્થિત થાય તો યતનાપૂર્વક શારીરિક પ્રવૃતિ કરે. (૨) આલીન = થોડો લીન. પ્રલીન = વિશેષ લીન. જેવી રીતે કાચબો પોતાના અંગોને ગુપ્ત રાખે છે અને જરૂર પડે ત્યારે ધીરેથી તેને પ્રસારે છે, તેવી રીતે શ્રમણો પણ પ્રવૃત્તિઓની અપેક્ષાએ આલીન પ્રલીન ગુપ્ત રહે. તેઓ જરૂરિયાત અનુસાર પ્રવૃત્તિ કરે અન્યથા નિવૃત્તિમય અને ગુપ્તિમય સાધનામાં વૃદ્ધિ કરે. આ રીતે કરવાથી સાધકની વૃત્તિઓ અંતર્મુખી બને છે ત્યારે પ્રવૃત્તિના અભાવે, આવકાર ન મળતાં કષાયો સ્વતઃ મંદ થઈ જાય છે.

**પ્રમાદ ત્યાગ :–**

**૪૨** **णिद्दं च ण बहु मण्णिज्जा, सप्पहासं विवज्जए ।**
**मिहो कहाहिं ण रमे, सज्झायम्मि रओ सया ॥**

**છાયાનુવાદ :** निद्रां च न बहु मन्येत, संप्रहासं विवर्जयेत् ।
मिथःकथासु न रमेत, स्वाध्याये रतः सदा ॥

**શબ્દાર્થ :– णिद्दं** = નિદ્રાને **ण बहु मण्णिज्जा** = બહુમાન ન આપે **सप्पहासं** = મોટા અવાજે હસવાનું **विवज्जए** = છોડી દે **मिहो कहाहिं** = પરસ્પર વિકથામાં તથા વાતોમાં **ण रमे** = રમણ

ન કરે **सया** = સદા **सज्जायम्मि** = સ્વાધ્યાયમાં **रओ** = રત રહે.

**ભાવાર્થ :–** સાધક બહુ નિદ્રા ન કરે, હાંસી મજાક કરવાનું કે ખડખડ હસવાનું છોડી દે, પરસ્પર વાતોમાં કે વિકથામાં રસ ન લે પરંતુ સદા સ્વાધ્યાયમાં મગ્ન રહે.

**૪૩** **जोगं च समणधम्मम्मि जुंजे अणलसो धुवं ।**
**जुत्तो य समणधम्मम्मि, अट्ठं लहइ अणुत्तरं ॥**

**છાયાનુવાદ : योगं च श्रमणधर्मे, युञ्जीतानलसो ध्रुवम् ।**
**युक्तश्च श्रमणधर्मे, अर्थ लभतेऽनुत्तरम् ॥**

**શબ્દાર્થ :– धुवं** = સદાકાલ, સ્થિરતાપૂર્વક **अणलसो** = આળસથી રહિત થઈને **समणधम्मम्मि** = શ્રમણ ધર્મમાં **जोगं च** = ત્રણેય યોગોને, સર્વ શક્તિને **जुंजे** = જોડે **समणधम्मम्मि** = શ્રમણ ધર્મમાં **जुत्तो य** = યુક્ત સાધુ **अणुत्तरं** = અનુત્તર **अट्ठं** = અર્થને **लहइ** = પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :–** મુનિ આળસને છોડી, મન, વચન, કાયારૂપ પોતાની સર્વ શક્તિને શ્રમણધર્મમાં જોડી દે. શ્રમણ ધર્મમાં યુક્ત થયેલા મુનિ અનુત્તર ફળને(મોક્ષ સુખને) પ્રાપ્ત કરે છે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં સૂત્રકારે સાધુને આલસ, પ્રમાદ, હાસ્ય, કુતૂહલ વૃત્તિના ત્યાગનો, પરસ્પર વાતો છોડી સ્વાધ્યાયમાં લીન રહેવાનો તેમજ અપ્રમત યોગે સંયમ ધર્મમાં પ્રગતિ કરવાનો ઉપદેશ આપી, તેના અણુત્તર ફળરૂપ મોક્ષની ઉપલબ્ધિ દર્શાવી છે.

**णिद्दं च ण बहुमण्णिज्जा :–** મુનિ શ્રમ નિવારણ જેટલી નિદ્રા કર્યા પછી તેને યોગ્ય ઉપાયે દૂર કરી દે પરંતુ પ્રકામશાયી ન થાય તથા અધિક નિદ્રા આવે તેવા આહાર વ્યવહારનો પણ ત્યાગ કરે. જ્યારે સાધકના જીવનમાં નિદ્રા શોખની વસ્તુ થઈ જાય અથવા તો તે નિદ્રાનો ગુલામ થઈ જાય, ત્યારે તેના સંયમમાં હાનિ પહોંચે છે, પ્રમાદની વૃદ્ધિ થાય છે; માટે શ્રમણ જીવનમાં અતિનિદ્રા ત્યાજ્ય છે.

**सप्पहासं विवज्जए :–** સંપ્રહાસ શબ્દના બે અર્થ થાય છે.– (૧) સમુદિતરૂપથી થનારું શબ્દ સહિતનું હાસ્ય. (૨) અટ્ટહાસ્ય. સાધુએ અતિ હસવું ન જોઈએ, કારણ કે તેનાથી અવિનય અને અસભ્યતા પ્રગટ થાય છે, કર્મબંધન થાય છે. કોઈ સમયે હાંસી મજાક કરવાની આદત પોતાને તથા બીજાને દુઃખ ઉત્પન્ન કરાવે છે. હાસ્ય ગાંભીર્ય ગુણનો નાશ કરે છે અને સાધુતાની લઘુતા દર્શાવે છે.

**मिहोकहाहिं ण रमे :–** સાધુઓ પરસ્પર વિકથામાં લીન ન થાય. **મિથઃ કથાના** અનેક પ્રકારે અર્થ થાય છે– (૧) વિકથાઓ ચાર છે– પુરુષ કથા કે સ્ત્રીકથા, ભત્તકથા, રાજકથા અને દેશકથા. (૨) રહસ્યમયી

કથાઓ. તે સ્ત્રી સંબંધી હોય અથવા અન્ય ભક્ત, દેશ આદિ સંબંધી હોય. (૩) મૈથુન સંબંધી કથા.

વિકથાઓમાં સાધકનો અમૂલ્ય સંયમ સમય નષ્ટ થાય છે. વિકથાનો શોખીન સાધક પોતાની સાધનાથી ભ્રષ્ટ થઈ જાય છે, જ્ઞાનાદિની ઉપલબ્ધિથી વંચિત રહી જાય છે. તેમજ કેટલાય સંકલેશ અને અનર્થદંડનો ભોગ બને છે.

**सज्झायम्मि रओ सया :–** સ્વાધ્યાયના બે અર્થ છે.– (૧) વિધિપૂર્વક આધ્યાત્મિક આગમ ગ્રંથોનું અધ્યયન કરવું. તેના પાંચ પ્રકાર છે.– (૧) વાચના– શાસ્ત્ર વાંચન કરવું, કરાવવું. (૨) પૃચ્છના– વાંચેલા વિષયો અંગે શંકા કે જિજ્ઞાસા થાય તો ગુરુદેવને પ્રશ્નો પૂછીને સમાધાન મેળવવું (૩) પરિવર્તના– કંઠસ્થ કરેલા જ્ઞાનનું પુનરાવર્તન કરવું. (૪) અનુપ્રેક્ષા– શાસ્ત્રના ભાવોનું ચિંતન કરવું. (૫) ધર્મકથા– શ્રુત આદિ ધર્મની વ્યાખ્યા કરવી અથવા મહાપુરુષોના જીવન સંબંધી કથા કરવી. **(૨)** સ્વ+અધ્યાય શાસ્ત્રો તેમજ પુસ્તકોના માધ્યમથી પોતાના જીવનનું અધ્યયન કરવું. સાધુએ સદૈવ સ્વાધ્યાય તપમાં લીન રહેવું જોઈએ. તેનાથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ તથા શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, તેમજ તેનાથી સાધકનો સમય સમાધિપૂર્વક પસાર થાય છે, ધર્મ પાલનમાં દૃઢતા આવે છે.

**समणधम्मम्मि :–** શ્રમણધર્મના બે પ્રકારે અર્થ સમજવા– (૧) ક્ષમા, નમ્રતા, સરળતા નિર્લોભતા, લાઘવ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, બ્રહ્મચર્ય, આ દશ પ્રકારના સાધુ ધર્મ છે. મુનિએ તેની આરાધનામાં નિરંતર લીન રહેવું જોઈએ (૨) પ્રતિલેખન, પ્રતિક્રમણ, સ્વાધ્યાય ધ્યાન, અનુપ્રેક્ષા અને વિનય, સેવા વગેરે સાધુચર્યાના સમસ્ત કાર્યો શ્રમણ ધર્મ કહેવાય છે. તેમાં મુનિએ સદા અપ્રમત્ત ભાવે તલ્લીન રહેવું જોઈએ. સાધુએ અનુપ્રેક્ષામાં મનને, સ્વાધ્યાયમાં વચનને અને પ્રતિલેખન આદિ ક્રિયામાં કાયાને સંલગ્ન કરી દેવા જોઈએ. તથા ભંગ પ્રધાન + શ્રુતશાસ્ત્રમાં ત્રણે યોગોને નિયુક્ત કરવા જોઈએ. શાસ્ત્રોનું મનથી ચિંતન, વચનથી ઉચ્ચારણ અને કાયાથી આસન સ્થિરતા, લેખન આદિ પ્રવૃત્તિ કરવામાં ત્રણે યોગની શુભ પ્રવૃત્તિ થાય છે. શ્રમણધર્મની આરાધના તે જ પ્રમાદ ત્યાગનો અમોઘ ઉપાય છે.

**जुत्तो य समणधम्मम्मि :–** શ્રમણધર્મની સમસ્ત આરાધનાઓમાં જોડાયેલ શ્રમણ આ પ્રકારના અર્થ– પરમાર્થને પામે છે– (૧) **अट्ठं अणुत्तरं** = અનુત્તર અર્થને (૨) સર્વશ્રેષ્ઠ પુરુષાર્થને (૩) મોક્ષના સાધક જ્ઞાનાદિને (૪) પ્રયોજન સિદ્ધિરૂપ મોક્ષને **लहइ** = પ્રાપ્ત કરે છે.

### બહુશ્રુત ઉપાસના અને કાયિક વિવેક :–

**૪૪** **इह लोगपारत्तहियं, जेणं गच्छइ सोग्गइं ।**
**बहुस्सुयं पज्जुवासेज्जा, पुच्छिज्जत्थविणिच्छयं ॥**

**છાયાનુવાદ : इहलोक–परत्रहितं, येन गच्छति सुगतिम् ।**
**बहुश्रुतं पर्युपासीत, पृच्छेदर्थविनिश्चयम् ॥**

**શબ્દાર્થ :– जेणं** = જેનાથી **इहलोगपारत्तहियं** = આ લોકમાં અને પરલોકમાં હિત થાય છે **सुग्गइं** = સદ્ગતિને **गच्छइ** = પ્રાપ્ત કરે છે **बहुस्सयं** = બહુશ્રુત મુનિની **पज्जुवासिज्जा** = પર્યુપાસના કરે અને **अत्थविणिच्छयं** = અર્થના નિશ્ચય માટે **पुच्छिज्जा** = પૃચ્છા કરે.

**ભાવાર્થ :–** જેનાથી આ લોક તથા પરલોક બન્નેમાં હિત થાય તેવા જ્ઞાનની પ્રાપ્તિ માટે સાધુ આગમના મર્મને જાણનાર બહુશ્રુત ગુરુ આદિની પર્યુપાસના કરે અને તેમના સાનિધ્યમાં પોતાની શંકાનું સમાધાન કરી, અર્થ–પરમાર્થનો નિશ્ચય કરે.

**૪૫**

**हत्थं पायं च कायं च, पणिहाय जिइंदिए ।**
**अल्लीणगुत्तो णिसीए, सगासे गुरुणो मुणी ॥**

**છાયાનુવાદ :** **हस्तं पादं च कायं च, प्रणिधाय जितेन्द्रियः ।**
**आलीनगुप्तो निषीदेत्, सकाशे गुरोर्मुनिः ॥**

**શબ્દાર્થ :– जिइंदिए** = જિતેન્દ્રિય **मुणी** = સાધુ **हत्थं** = હાથ **पायं** = પગ **कायं** = શરીર **पणिहाय** = સંયમિત કરીને **अल्लीणगुत्तो** = નિશ્ચલ, ચંચલતા રહિત થઈને **गुरुणो** = ગુરુની **सगासे** = સમીપમાં **णिसीए** = બેસે.

**ભાવાર્થ :–** જિતેન્દ્રિય સાધુ ગુરુદેવની સમક્ષ હાથ, પગ અને સમસ્ત શારીરિક અવયવોને સંયમિત કરીને નિશ્ચલ થઈ સભ્યતાપૂર્વક બેસે.

**૪૬**

**ण पक्खओ ण पुरओ, णेव किच्चाण पिट्ठओ ।**
**ण य ऊरुं समासिज्जा, चिट्ठेज्जा गुरुणंतिए ॥**

**છાયાનુવાદ :** **न पक्षतः न पुरतः, नैव कृत्यानां पृष्ठतः ।**
**न च उरुं समाश्रित्य, तिष्ठेत् गुरूणामन्तिके ॥**

**શબ્દાર્થ :– किच्चाणं** = આચાર્યોની **पक्खओ** = પાર્શ્વભાગમાં, બાજુમાં **पुरओ** = આગળ **पिट्ठओ** = પાછળ **गुरुणंतिए** = ગુરુદેવની સમીપે રહેતાં **ऊरुं समासिज्ज** = સાથળથી સાથળ અડાડીને **ण चिट्ठिज्जा** = ઊભો ન રહે.

**ભાવાર્થ :–** સાધુ, આચાર્ય ગુરુવર્યોની સમીપે રહેતાં તેઓની બાજુમાં કે તેઓની આગળ કે પાછળ અથવા સાથળથી સાથળ અડાડીને ઊભો ન રહે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં બહુશ્રુત શ્રમણની ઉપાસનાનું મહત્વ દર્શાવી તેઓની સમીપે મુનિને વિનય

વિવેકથી બેસવા, ઊભા રહેવાની સભ્યતા શીખડાવવી છે. અર્થાત્ ગાથા–૪૪માં બહુશ્રુત પર્યુપાસના મહાત્મ્ય, ગાથા–૪૫માં ગુરુ સાંનિધ્યમાં બેસવાની વિધિ અને ગાથા–૪૬માં ગુરુ સમીપે અવિધિથી ઊભા રહેવાનો નિષેધ છે.

**बहुसुयं पज्जुवासिज्जा :–** જેમણે ઘણા શાસ્ત્રોનું અધ્યયન કર્યું હોય, આગમોના મર્મને જાણ્યો હોય, છેદ સૂત્રોના પારગામી હોય, તેવા ગીતાર્થ અનુભવી શ્રમણ બહુશ્રુત કહેવાય છે. ભાષ્ય ચૂર્ણિ વ્યાખ્યાઓમાં બહુશ્રુતનું સ્વરૂપ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ જ્ઞાનની અપેક્ષાએ સમજાવ્યું છે.–

(૧) આચારાંગ સૂત્ર અને નિશીથ સૂત્રને ધારણ કરનાર શ્રમણ જઘન્ય બહુશ્રુત, ચૌદપૂર્વના ધારક શ્રમણ ઉત્કૃષ્ટ બહુશ્રુત અને તેની મધ્યના શ્રુતધારક શ્રમણ મધ્યમ **બહુશ્રુત** કહેવાય છે.

બહુશ્રુતની, આચાર્ય–ઉપાધ્યાયની કે ગુર્વાદિકની ઉપાસના તે જ શિષ્યના સર્વાંગી વિકાસનું કારણ છે. ગુરુની ઉપાસનાથી શિષ્યને જ્ઞાનની પ્રાપ્તિ થાય, તે જ્ઞાન દ્વારા જ તેના ચારિત્રનું ઘડતર થાય, ચારિત્ર વિશુદ્ધિથી તેમજ પરિણામ વિશુદ્ધથી કર્મક્ષય અને મોક્ષગતિની અથવા તો દિવ્ય–દેવગતિની પ્રાપ્તિ થાય છે. આ રીતે બહુશ્રુત ઉપાસના આ લોક અને પરલોકના લાભનું કારણ બને છે.

**अलीण गुत्तो णिसीए :–** અંગોપાંગ વગેરેને સારી રીતે સંયમમાં રાખનાર આલીન ગુપ્ત કહેવાય છે. આલીન = ગુરુની ન અતિ દૂર, ન અતિ નજીક પરંતુ યોગ્ય સ્થળે રહનાર હોય તેને **આલીન** કહે છે. મનથી ગુરુના વચનમાં દત્તચિત્ત હોય અને પ્રયોજનવશ બોલનાર હોય તેને **ગુપ્ત** કહે છે. વિનીત શિષ્ય ગુરુની સામે શરીરને, હાથ–પગને સ્થિર રાખી, નેત્રોને ગુરુ મુખ તરફ કરીને, જ્યાં ત્યાં ફેરવ્યા વિના, કાનથી ગુરુવચન સાંભળવામાં સંપૂર્ણ લક્ષ્ય જોડીને, ઈન્દ્રિયોને વશમાં રાખીને, અવયવોને ગોપવીને, સ્થિરાસને એકાગ્ર થઈને, અંગોપાંગને વ્યવસ્થિત ગોઠવીને બેસે તેનાથી સાધકને સંયમ ધર્મના પાલન સાથે અનેકાનેક લાભ થાય અને તેથી જોનારની દૃષ્ટિમાં વિનય ધર્મનું મૂલ્યાંકન થાય છે.

**ભાષા સંયમ :–**

**૪૭** **अपुच्छिओ ण भासेज्जा, भासमाणस्स अंतरा ।**
**पिट्ठिमंसं ण खाएज्जा, मायामोसं विवज्जए ॥**

**છાયાનુવાદ : अपृष्ठो नैव भाषेत, भाषमाणस्य चान्तरा ।**
**पृष्ठमांसं न खादेत्, मायामृषा विवर्जयेत् ॥**

**શબ્દાર્થ :– अपुच्छिओ** = આજ્ઞાકારી શિષ્ય ગુરુદેવ દ્વારા પૂછાયા વિના **भासमाणस्स** = ગુરુદેવ બોલતા હોય ત્યારે **अंतरा** = વચ્ચે **ण भासिज्जा** = બોલે નહિ **पिट्ठिमंसं** = પિશુનતા–પાછળથી નિંદા **ण खाएज्जा** = ન કરે **मायामोसं** = કપટ–પ્રપંચનો જૂઠ કપટનો તથા અસત્યનો પણ

**विवज्जए** = સર્વથા ત્યાગ કરે.

**ભાવાર્થ :–** કોઈ બોલતા હોય કે પરસ્પર વાતચીત કરતા હોય તો મુનિ તેની વચ્ચે પૂછ્યા વિના બોલે નહીં; તેમજ કોઈની ચાડી ખાય નહીં અને તેની ગેરહાજરીમાં તેની નિંદા કરે નહીં અને જૂઠ–કપટનો સર્વથા ત્યાગ કરે.

**૪૮**

**अप्पत्तियं जेण सिया, आसु कुप्पिज्ज वा परो ।**
**सव्वसो तं ण भासिज्जा, भासं अहियगामिणिं ॥**

**છાયાનુવાદ :** **अप्रीति र्येन स्यात्, आशु कुप्येद्वा परः ।**
**सर्वशस्तां न भाषेत, भाषामहितगामिनीम् ॥**

**શબ્દાર્થ :– जेण** = જે ભાષા બોલવાથી **अप्पत्तियं** = અપ્રીતિ **सिया** = થાય છે **परो** = સાંભળનારા અન્ય જન **आसु** = શીઘ્ર **कुप्पिज्ज** = કુપિત થાય **तं** = તેવી **अहियगामिणिं** = અહિત કરનારી **भासं** = ભાષાને **सव्वसो** = સર્વથા, કોઈ પણ અવસ્થામાં **ण भासिज्जा** = બોલે નહિ.

**ભાવાર્થ :–** જે ભાષા બોલવાથી બીજાને અપ્રીતિ ઉત્પન્ન થાય, જે વાણી બોલવાથી અન્યજન શીઘ્ર કુપિત થાય તથા જે વાણીથી કોઈનું અહિત થાય; તેવી ભાષા મુનિ સર્વથા ન બોલે.

**૪૯**

**दिट्ठं मियं असंदिद्धं, पडिपुण्णं वियं जियं ।**
**अयंपिरमणुव्विग्गं, भासं णिसिर अत्तवं ॥**

**છાયાનુવાદ :** **दृष्टां मितां असंदिग्धां, प्रतिपूर्णां व्यक्तां जिताम् ।**
**अजल्पनशीलामनुद्विग्नां, भाषां निसृजेदात्मवान् ॥**

**શબ્દાર્થ :– अत्तवं** = આત્માવાન્ સાધુ, આત્માર્થી મુનિ **दिट्ठं** = દષ્ટ દેખેલી **मियं** = પરિમિત **असंदिद्धं** = અસંદિગ્ધ, સંદેહ રહિત **पडिपुण्णं** = પ્રતિપૂર્ણ **वियं** = પ્રગટ **जियं** = પરિચિત, અનુભવિત **अयंपिरं** = અજલ્પિત, આડંબર રહિત, અતિશયોક્તિ રહિત, અજલ્પનશીલ **अणुव्विग्गं** = અનુદ્વિગ્ન **भासं** = વચન, ભાષાને **णिसिर** = નિકાલે, બોલે.

**ભાવાર્થ :–** આત્માર્થી સાધુ આઠ ગુણ યુક્ત વચન બોલે– (૧) દષ્ટ (૨) પરિમિત (૩) અસંદિગ્ધ (૪) પ્રતિપૂર્ણ (૫) સ્પષ્ટ (૬) અનુભવિત (૭) અજલ્પિત (૮) અનુદ્વિગ્ન.

**૫૦**

**आयार पण्णत्तिधरं, दिट्ठिवायमहिज्जगं ।**
**वायविक्खलियं णच्चा, ण तं उवहसे मुणी ॥**

**છાયાનુવાદ :** **आचारप्रज्ञप्तिधरं, दृष्टिवादमधीयानम् ।**
**वाग्विस्खलितं ज्ञात्वा, न तमुपहसेन्मुनिः ॥**

**શબ્દાર્થ :– आयारपण्णत्तिधरं** = આચાર અને પ્રજ્ઞપ્તિના ધારક **दिट्ठिवायमहिज्जगं** = દષ્ટિવાદના ભણનાર એવા સાધુને **वायविक्खलियं** = વચનથી સ્ખલિત થયેલાં **णच्चा** = જાણીને **तं** = તેનો **ण उवहसे** = ઉપહાસ કરે નહિ.

**ભાવાર્થ :–** આચાર તથા પ્રજ્ઞપ્તિ(શ્રી ભગવતી સૂત્ર)ને ધારણ કરનાર અને દષ્ટિવાદના અભ્યાસી એવા જ્ઞાનીની વાણીમાં કદાચિત્ સ્ખલના થઈ જાય, ભૂલ થઈ જાય તો મુનિ તેની હાંસી ન કરે.

**૫૧** **णक्खत्तं सुमिणं जोगं, णिमित्तं मंतभेसजं ।**
**गिहिणो तं ण आइक्खे, भूयाहिगरणं पयं ॥**

**છાયાનુવાદ :** **नक्षत्रं स्वप्नं योगं, निमित्तं मन्त्रभेषजम् ।**
**गृहिणस्तन्नाचक्षीत, भूताधिकरणं पदम् ॥**

**શબ્દાર્થ :– णक्खत्तं** = નક્ષત્ર **सुमिणं** = સ્વપ્ન **जोगं** = વશીકરણ આદિ યોગ **णिमित्तं** = નિમિત્તવિદ્યા **मंतभेसज्जं** = મંત્ર અને ઔષધ આદિ **तं** = પ્રસિદ્ધ અયોગ્ય વાતો **गिहिणो** = ગૃહસ્થને **ण आइक्खे** = ન કહે, કારણ કે એ સર્વે **भूयाहिगरणं पयं** = પ્રાણીઓના અધિકરણનું સ્થાન છે અર્થાત્ જીવોની હિંસાનું કારણ છે.

**ભાવાર્થ :–** નક્ષત્ર વિચાર, સ્વપ્ન ફળ, વશીકરણાદિ યોગ, ભૂત–ભાવિ ફલ સૂચક નિમિત્ત, મંત્ર, ઔષધ–ભેષજ આદિ પ્રાણીઓની હિંસાના સ્થાન છે. માટે મુનિ આ વિષયોમાં ગૃહસ્થોને કંઈપણ કથન કરે નહીં.

## વિવેચન :–

પ્રસ્તુત પાંચ ગાથાઓમાં સાધુને માટે ન બોલવા યોગ્ય ભાષાનો નિષેધ તથા બોલવા યોગ્ય ભાષાનું વિધાન કરવામાં આવ્યું છે.

**अपुच्छिओ ण भासेज्जा :–** આ પદ્યાંશના બે રીતે અર્થ થાય છે– (૧) ગુરુના પૂછ્યા વિના બોલે નહિ (૨) ગુરુ બોલતા હોય તો તેની વચ્ચે બોલે નહીં. વચ્ચે બોલવામાં અસભ્યતા અને અવિનય થાય છે. આ ગાથાના પૂર્વાર્ધનો સંપૂર્ણ અન્વય = **भासमाणस्स अंतरा अपुच्छिओ ण भासेज्जा** તેમ થાય છે.

**पिट्ठिमंसं ण खाएज्जा :–** પરોક્ષમાં અન્યના દોષને પ્રગટ કરવા, ચાડી–ચુગલી કરવી. આ પૈશુન્ય નામનું અઢાર પાપસ્થાન પૈકી ચૌદમું પાપ છે. તેનો મુનિને આજીવન ત્યાગ હોય છે. પૈશુન્યથી દ્વેષ,

ઈર્ષ્યા, ઘૃણા વગેરે દુર્ગુણ વધે છે, પ્રત્યાખ્યાનનો ભંગ થાય છે, વેરભાવની વૃદ્ધિ થાય છે અને પાપકર્મનો બંધ થાય છે. તેથી સાધુ તેનો ત્યાગ કરે.

**मायामोसं विवज्जए :–** કપટપૂર્વક જૂઠું બોલવું, આ સત્તરમું પાપ છે. મુનિ તો સરલતાની મૂર્તિ હોય છે તેના જીવનમાં સામાન્ય અસત્ય કે અંશ માત્ર માયા પણ અયોગ્ય છે. માયા–મૃષામાં તો એક અસત્ય પાછળ અનેક અસત્ય તેમજ કપટ પ્રપંચ, છલ, ધૂર્તતા, ઠગાઈ વગેરે અનેક દૂષણોનો સમાવેશ થાય છે. તેથી મુનિએ તેવા પ્રપંચોનો ત્યાગ કરવો જોઈએ.

**अप्पत्तियं जेण सिया... :–** સાધુની ભાષા હંમેશાં હિતકારી અને પરિમિત હોવી જોઈએ. અન્યને દ્વેષ થાય કે કર્મબંધનું કારણ બનતું હોય, તેવા પ્રકારનો વચન પ્રયોગ કરવો, તે સાધુનો આચાર નથી. તેથી મુનિ પૂર્ણ વિવેક રાખતાં તેવા વચનોનો સર્વથા સર્વદા ત્યાગ કરે.

**दिट्ठं मियं... :–** આ ગાથામાં ભાષાના આઠ ગુણોનાં નામ છે તેના અર્થ આ પ્રમાણે છે– (૧) **दिट्ठं** = આત્માર્થી મુનિ કોઈ વિષયમાં કલ્પનાથી, અનુમાનથી કે પ્રમાણ વિનાની સાંભળેલી વાત ન કરે પરંતુ આંખે દેખી સાચી ઘટના હોય તેને પણ વિચારપૂર્વક સીમિત શબ્દોમાં કહે; (૨) **मियं** = શ્રોતા સમજી શકે તે રીતે સીમિત શબ્દોમાં જ કથન કરવું બિન જરૂરી એક પણ શબ્દ બોલવો નહીં. એક બે વાક્યથી વાત સમજાય જાય, તેમાં પાંચ–દસ વાક્યો કે મર્યાદા વિના બોલતા જ રહેવું, એ અપરિમિત ભાષા કહેવાય છે. (३) **असंदिद्धं** = મુનિ સંદેહ રહિત, ચોક્કસ જાણકારીપૂર્વક બોલે. જે વિષયમાં સ્પષ્ટ જાણકારી ન હોય, સંદેહ હોય તે વિષયમાં મૌન રહે અથવા મને આ વિષયમાં ખ્યાલ નથી; તેમ સત્ય વાત રજુ કરે.

(૪) **पडिपुण्णं** = મુનિ અતિ સંક્ષિપ્ત કે અધૂરા વાક્ય બોલે નહીં, ન સમજાય તેવી અર્ધી વાત કરે નહીં. પરંતુ શાંતિથી પૂરા વાક્ય બોલે પૂરી વાત કહે. જે વાક્યમાં કર્તા અને ક્રિયા બંને હોય; વચન, પુરુષ, શબ્દ જોડણી પદ વગેરેનો યથાયોગ્ય પ્રયોગ હોય તેવા વાક્યવાળી ભાષા પ્રતિપૂર્ણ કહેવાય છે. કર્તા કે ક્રિયાપદ વિહીન વાક્ય પ્રતિપૂર્ણ ન કહેવાય. (૫) **वियं** = મુનિ સ્પષ્ટ બોલે, સ્પષ્ટ ઉચ્ચારણ કરે, અતિ ધીરે કે અતિ ઊંચે અવાજે ન બોલે; ભયથી, મજાકથી કે મૂર્ખતાથી અસ્પષ્ટ બોલવાથી સમજનારને ભ્રમ થાય, ખોટું સમજી લે, અર્થનો અનર્થ થઈ જાય; માટે મુનિ પોતાનો કે આગમનો અર્થ પરમાર્થ સ્પષ્ટ થાય, તેવી યોગ્ય ઉચ્ચારણ વાળી **વ્યક્ત** = સ્પષ્ટ ભાષા બોલે. જેમાં ગણગણાટ હોય તેવી ભાષા મુનિ ન બોલે. (६) **जियं** = પરિચિત અને અનુભવિત વિષયમાં બોલે. જેમ **દષ્ટ** ભાષામાં આંખે દેખેલી ઘટના વગેરેનું કથન કરે તેમ અહીં પણ પોતે સારી રીતે સમજેલા જાણેલા કે અનુભવેલા વિષયમાં જ બોલે, કોઈને પ્રેરણા કે માર્ગદર્શન કરે.

(૭) **अयंपिरं** = અજલ્પિત. મુનિ અતિ વાચલતા ભરેલા વચન ન બોલે; ક્રોધ કે નારાજીથી ભરેલા હૃદયે પરેશાન ચિત્તથી અસંબદ્ધ પ્રલાપ કે બકવાસ કરતાં પણ ન બોલે પરંતુ ગંભીરતા પૂર્વક અતિશયોક્તિ અને વાગ્આડંબર રહિત મધુર ભાષા બોલે. (૮) **अणुविग्गं** = મુનિ ઉદ્વેગમાં, અશાંતિમાં,

ઉતાવળ કે ગભરાટથી સંકલ્પ વિકલ્પમાં બેભાન થઈને વચન ન બોલે. પરંતુ ચિત્તને પૂર્ણ પવિત્ર શાંત રાખી, સમજી વિચારી ધૈર્યથી વાત કરે.

**भासं णिसिर अत्तवं :–** આત્મવાન, આત્માને જેણે સમજી લીધો છે અને આત્મ કલ્યાણની સાધનમાં જે લીન છે, તે આત્માર્થી સાધુ ઉક્ત આઠ ગુણ સંપન્ન ભાષાનું મુખથી ઉચ્ચારણ કરે.

આ રીતે ગાથા ૪૯માં શાસ્ત્રકારે ભાષા સંબંધી કેટલીક સાવધાની સૂચિત કરતાં અલ્પ શબ્દોમાં ગંભીર રહસ્યોનો સમાવેશ કર્યો છે.

**आयार पण्णत्ति धरं... :–** આ ગાથામાં આચાર, પ્રજ્ઞપ્તિ અને દષ્ટિવાદ ત્રણ શબ્દના પ્રયોગ વડે આદિ મધ્ય અને અંતના કથનથી સંપૂર્ણ શ્રુતજ્ઞાનનું કથન કર્યું છે. પ્રથમ અંગ આચારાંગ, મધ્યમ અંગ ભગવતી– વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ અને અંતિમ દષ્ટિવાદ બારમું અંગ છે. સર્વ અંગ આગમોને તેમાં સમાવિષ્ટ કરતાં અર્થ થાય છે કે દ્વાદશાંગીના જાણનાર.

**वाया विक्खलियं णच्चा ण तं उवहसे मुणी :–** મુનિને માટે સાધારણ કે વિશિષ્ટ કોઈપણ વ્યક્તિનો ઉપહાસ કરવો તે કર્મબંધનું કારણ છે. પ્રસ્તુત ગાથામાં સૂત્રકારે દ્વાદશાંગીના જાણકાર મુનિ કે અન્ય કોઈપણ મુનિની વચન સ્ખલના થાય તો હાંસી કરવાનો નિષેધ કર્યો છે.

પૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી છદ્મસ્થ દશામાં કોઈપણ વ્યક્તિ ગમે તે કારણે ભૂલ કરી શકે છે. વિશિષ્ટ વ્યક્તિ પણ ક્યારેક ઉપયોગ શૂન્યતાએ કે અન્ય કોઈપણ કારણે ભૂલ કરે તો, તેમાં કોઈ મુનિએ ચિત્તને ચંચળ બનાવી આશ્ચર્ય કે મજાકનો ભાવ કરવો યોગ્ય નથી. તો સામાન્ય માનવની ભૂલને જોઈને હસવાની વાત જ ક્યાં રહે ?

તે ઉપરાંત જ્ઞાનીજનોની કે શ્રમણોની હાંસી(ઉપહાસ) કરવાથી મુનિને આશાતનાનો દોષ લાગે, જ્ઞાનાવરણીયાદિ કર્મોનો બંધ થાય, જ્ઞાન લેવાની પાત્રતા ઘટે; અવિનીતતા, દુષ્ટતા, દુઃસાહસ અને ઉદ્દંડતા વગેરે વધે, આવા અનેક દોષોને જાણીને મુનિ જ્ઞાનીજનોની ભૂલનો ઉપહાસ ન કરે.

**णक्खत्तं सुमिणं जोगं... :–** સાધુ કોઈને પણ મંત્ર, તંત્ર આદિ પ્રયોગનો નિર્દેશ ન કરે કારણ કે તે પ્રકારનો નિર્દેશ કોઈને ઉપકારક અને કોઈને અપકારક બની શકે છે; કોઈ જીવને ઉપદ્રવનું કારણ પણ બની જાય છે. તેથી સાધુ કોઈ પણ પ્રકારની ભવિષ્યની આગાહી આદિ સૂત્રોક્ત સમસ્ત નિષિદ્ધ પ્રવૃત્તિઓનું આચરણ કરે નહીં. આ રીતે પ્રસ્તુત ચાર ગાથાઓથી સમજાય છે કે ભાષાની વિશુદ્ધિ પણ આચાર પ્રણિધિનું એક વિશિષ્ટ અમૂલ્ય અંગ છે.

**णक्खत्तं** = નક્ષત્ર અઠ્ઠાવીસ છે. જુદા જુદા નક્ષત્રો સાથે ચંદ્ર, સૂર્ય, ગ્રહ આદિના યોગોનું જુદું–જુદું ફળ હોય છે તેનું ગણિત કરીને નીકળતા ફલાદેશ ગૃહસ્થોને કહેવા. **सुमिणं** = સ્વપ્નફલ. સ્વપ્નનું શુભાશુભ ફળ બતાવવું. **जोगं** = વશીકરણાદિ યોગ. અમુક ઔષધ જડીબૂટી અથવા ખાદ્યપદાર્થના સંયોગની વિધિ; બીજાને વશ કરવા માટે વશીકરણ વિધિ ગૃહસ્થને બતાવવી. **निमित्तं** = ભૂત, વર્તમાન ને

ભવિષ્ય સંબંધી શુભ–અશુભ ફળ દર્શાવનારી વિદ્યા અથવા જ્યોતિષ વિદ્યાના આધારે શુભાશુભ ફળ ગૃહસ્થોને બતાવવા. તેમાં પ્રશ્ન ફળ, જન્મ કુંડલી, હસ્તરેખા વગેરે અનેક ક્રિયાઓ–વિધિઓ હોય છે.

**મંત** = મંત્ર. આ શબ્દના બે પ્રકારે અર્થ છે.– (૧) દરેક ધર્મમાં પોતાના ઈષ્ટ દેવ–ગુરુને જે અલ્પાક્ષરી શબ્દપ્રયોગ દ્વારા સમ્માન વંદન નમસ્કાર કરવામાં આવે તેને મંત્ર કહેવાય છે. યથા–નમસ્કાર મંત્ર ગાયત્રી મંત્ર વગેરે. (૨) સામાન્ય વિશેષ કોઈ પણ લૌકિક પ્રયોજનથી અલ્પાક્ષર, આદ્યાક્ષર કે સંક્ષિપ્તાક્ષરોવાળા શબ્દનો જાપ કરવામાં આવે તે પણ **મંત્ર** કહેવાય છે. મંત્રની જેમ યંત્ર કે તંત્રની સાધના પણ હોય છે; તેનો સમાવેશ અહીં મંત્ર શબ્દમાં જ સમજી લેવો જોઈએ. આનુપૂર્વીના કોઠા જેવી આકૃતિ કાગળ કે તામ્રપત્ર ઉપર બનાવી તેમાં અક્ષર કે આંકડા મૂકીને જે કોષ્ટક તૈયાર કરાય તેને **યંત્ર** કહેવાય છે. ચૂર્ણ પ્રયોગ, દોરા–ધાગા પ્રયોગ, લેપ, અંજન વગેરે કેટલાય પ્રયોગોની સિદ્ધિ કરાય તે **તંત્ર** કહેવાય છે. અનેક પ્રકારના તપ, જપના સંયોગે સિદ્ધ કરાય તેને **વિદ્યા** કહેવાય છે. વિદ્યાઓ નાની–મોટી ઘણા પ્રકારની હોય છે. વિદ્યાધરો પાસે સેંકડો, હજારો વિદ્યાઓ હોય છે. તેઓને કેટલીય વિદ્યાઓ તો વારસાગત પણ પ્રાપ્ત થાય છે અને કેટલીક વિદ્યા સાધના કરવાથી પ્રાપ્ત થાય છે. **બીજી અપેક્ષાએ** દેવને સિદ્ધ કરે તે **મંત્ર** અને દેવીને સિદ્ધ કરે તે **વિદ્યા** કહેવાય છે.

**भेसजं :–** આ શબ્દથી ઔષધ–ભેષજ બંનેનું ગ્રહણ થાય છે. એક પદાર્થવાળી દવા ઔષધ કહેવાય અને ઘણા દ્રવ્યોના સુમેળથી તૈયાર કરેલી દવા ભેષજ(ભેષધ) કહેવાય છે. આ પ્રકારની દવાઓ ગૃહસ્થને બતાવવી તે સાધુ માટે દોષરૂપ છે. તેમ કરવાથી સ્વાધ્યાય ધ્યાનનો નાશ થાય છે. ગૃહસ્થોને પોતાના કર્મવશ તે અનુકૂળ પ્રતિકૂળ કોઈપણ રીતે પરિણમે છે અને સાધુ માટે તે બંને અવસ્થાઓ આપત્તિ ભરેલી હોય છે, માટે વૈદ્યક વૃત્તિ કરવી સંયમ સાધનાને યોગ્ય નથી.

**भूयाहिगरणं :–** ભૂત શબ્દ અહીં બધા પ્રાણીઓનો વાચક છે. ગાથા–૫૧માં નિષિદ્ધ સર્વ પ્રવૃત્તિઓમાં પહેલાં કે પછી પ્રાણીઓની હિંસા, આરંભ, સમારંભ કે પાપ પ્રવૃત્તિઓનું અનુમોદન થાય છે માટે તે પ્રવૃત્તિઓ ભૂતાધિકરણી = જીવ હિંસાકારી પ્રવૃત્તિઓ છે. ગાથામાં નક્ષત્ર આદિ છ ક્રિયાઓના સૂચક છ પદ છે, માટે આ અંતિમ હેતુસૂચક ભૂતાધિકરણ શબ્દ સાથે **પદ** શબ્દ જોડી તે પ્રવૃત્તિઓને **ભૂતાધિકરણ પદ** કહ્યું છે.

## બ્રહ્મચર્ય સંયમ :–

**૫૨** **अण्णट्ठं पगडं लयणं, भएज्ज सयणासणं ।**
**उच्चारभूमिसंपण्णं, इत्थीपसुविवज्जियं ॥**

**છાયાનુવાદ :** अन्यार्थं प्रकृतं लयनं, भजेत् शयनासनम् ।
उच्चारभूमिसम्पन्नं, स्त्रीपशुविवर्जितम् ॥

**શબ્દાર્થ :– अण्णट्ठं** = જૈન સાધુ સિવાય, અન્યને માટે, ગૃહસ્થો માટે **पगडं** = બનાવેલું **उच्चारभूमिसंपण्णं** = ઉચ્ચાર ભૂમિયુક્ત **इत्थीपसुविवज्जियं** = સ્ત્રી અને પશુઓથી રહિત **लयणं** = સ્થાન, મકાન,

ઉપાશ્રય **सयणासणं** = શય્યા–સુવા માટે પાટ, આસન–બેસવા માટે બાજોઠ વગેરે **भएज्ज** = સેવન કરે.

**ભાવાર્થ :–** મુનિ સ્ત્રી અને પશુથી રહિત, મલ–મૂત્ર વિસર્જનની ભૂમિથી યુક્ત, ગૃહસ્થોને માટે બનેલા મકાન, પાટ, બાજોઠ આદિનો ઉપયોગ કરે.

**૫૩** **विवित्ता य भवे सेज्जा, णारीणं ण लवे कहं ।**
**गिहिसंथवं ण कुज्जा, कुज्जा साहूहिं संथवं ॥**

**છાયાનુવાદ :** **विविक्ता च भवेच्छय्या, नारीणां न लपेत्कथाम् ।**
**गृहिसंस्तवं न कुर्यात्, कुर्यात्साधुभिः संस्तवम् ॥**

**શબ્દાર્થ :– सिज्जा** = જે ઉપાશ્રય **विवित्ता** = એકાંત સ્થાન, લોકોના વસવાટથી રહિત, લોકોના ગમનાગમનથી રહિત **भवे** = હોય **य** = તો ત્યાં એકાકી રહી **णारीणं** = સ્ત્રીઓની મધ્યમાં **कहं** = કથાવાર્તા **ण लवे** = ન કહે **गिहिसंथवं** = ગૃહસ્થોનો પરિચય **ण कुज्जा** = ન કરે; **साहूहिं** = સાધુઓ સાથે **संथवं** = સંસ્તવ, પરિચય **कुज्जा** = કરે.

**ભાવાર્થ :–** બ્રહ્મચર્યની સમાધિ માટે બ્રહ્મચારી સાધુ (૧) સ્ત્રી આદિથી રહિત સ્થાન–ઉપાશ્રયમાં રહે (૨) સ્ત્રીઓ સાથે વાતો કરે નહીં કે સ્ત્રીઓ સંબંધી ચિતાકર્ષક વાતો કરે નહીં (૩) ગૃહસ્થોનો વધારે પરિચય કરે નહીં અર્થાત્ તેના ઘરે વધારે ગમનાગમન કરે નહીં; સંયમી મુનિઓ સાથે ઊઠે, બેસે, સંપર્ક કરે, સ્વાધ્યાય આદિ કરે.

**૫૪** **जहा कुक्कुडपोयस्स, णिच्चं कुललओ भयं ।**
**एवं खु बंभयारिस्स, इत्थीविग्गहओ भयं ॥**

**છાયાનુવાદ :** **यथा कुक्कुटपोतस्य, नित्यं कुललतो भयम् ।**
**एवं खु ब्रह्मचारिणः, स्त्रीविग्रहतो भयम् ॥**

**શબ્દાર્થ :– जहा** = જેમ **कुक्कुडपोयस्स** = કુકડાના બચ્ચાને **णिच्चं** = હંમેશાં **कुललओ** = બિલાડીથી **भयं** = ભય રહે છે **एवं** = એ પ્રમાણે **खु** = નિશ્ચયથી **बंभयारिस्स** = બ્રહ્મચારી પુરુષને **इत्थीविग्गहओ** = સ્ત્રીના શરીરથી **भयं** = ભય રહે છે.

**ભાવાર્થ :–** જેમ કુકડાના બચ્ચાને હંમેશાં બિલાડીથી ભય હોય છે તે જ પ્રમાણે બ્રહ્મચારીને સ્ત્રીના દેહથી ભય રહે છે.[તેમજ બ્રહ્મચારિણી સાધ્વી માટે પુરુષ શરીર સંબંધી કથન સમજવું.]

**૫૫** **चित्तभित्तिं ण णिज्झाए, णारिं वा सुअलंकियं ।**
**भक्खरं पिव दट्ठूणं, दिट्ठिं पडिसमाहरे ॥**

**છાયાનુવાદ :** **चित्रभित्तिं न निध्यायेत्, नारीं वा स्वलङ्कृताम् ।**
**भास्करमिव दृष्ट्वा, दृष्टिं प्रतिसमाहरेत् ॥**

**શબ્દાર્થ :– चित्तभित्तिं** = સ્ત્રીના ચિત્રથી ચિત્રિત દિવાલને **सुअलंकियं** = વસ્ત્ર અને આભૂષણોથી ભૂષિત **णारिं** = સ્ત્રીને **ण णिज्झाए** = સાધુ કદી ન જુએ **भक्खरं पिव** = સૂર્યની સમાન **दट्ठूणं** = જોતાવેંત **दिट्ठिं** = દષ્ટિને **पडिसमाहरे** = પાછી હટાવી લે.

**ભાવાર્થ :–** મુનિ સ્ત્રીના ચિત્રોથી ચિત્રિત દિવાલને કે આભૂષણોથી સુસજ્જિત સ્ત્રીને એકીટસે જુએ નહીં; તેના ઉપર ક્યારેક દષ્ટિ પડે તોપણ જેમ સૂર્યની સામે દષ્ટિ પડતા તરત જ તે પાછી વળી જાય છે, તેમ સ્ત્રીને જોતાવેંત દષ્ટિને પાછી ખેંચી લે.

**૫૬** **हत्थपायपडिच्छिण्णं, कण्णणासविगप्पियं ।**
**अवि वाससयं णारिं, बंभयारी विवज्जए ॥**

**છાયાનુવાદ :** **हस्तपादप्रतिच्छिन्नां, कर्णनासाविकृत्ताम् ।**
**अपि वर्षशतां नारीं, ब्रह्मचारी विवर्जयेत् ॥**

**શબ્દાર્થ :– बंभयारी** = બ્રહ્મચારી સાધુ **हत्थपायपडिच्छिण्णं** = જેના હાથ, પગ છેદન કર્યા હોય **कण्णणासविगप्पियं** = જેના કાન, નાક કાપેલા હોય **वाससयं अवि** = જે સો વર્ષની પૂર્ણ આયુવાળી વૃદ્ધા હોય **णारिं** = તેવી સ્ત્રીનાં સંસર્ગથી પણ **विवज्जए** = દૂર રહે.

**ભાવાર્થ :–** જેના હાથ અને પગ છેદાઈ ગયેલા હોય, કાન અને નાક કપાઈ ગયા હોય કે વિકૃત થઈ ગયા હોય તથા જે સો વર્ષની થઈ ગઈ હોય, તેવી વૃદ્ધા નારીનો પણ બ્રહ્મચારી સાધક સંસર્ગ કરે નહીં. અર્થાત્ અતિ પરિચય કે સાથે નિવાસ કરે નહીં.

**૫૭** **विभूसा इत्थीसंसग्गो, पणीयं रसभोयणं ।**
**णरस्सत्तगवेसिस्स, विसं तालउडं जहा ॥**

**છાયાનુવાદ :** **विभूषा स्त्रीसंसर्गः, प्रणीत रसभोजनम् ।**
**नरस्यात्मगवेषिणः, विषं तालपुटं यथा ॥**

**શબ્દાર્થ :– अत्तगवेसिस्स** = આત્મશોધક **णरस्स** = મનુષ્યને **विभूसा** = શરીરની શોભા, સજાવટ **इत्थीसंसग्गो** = સ્ત્રીનો સંસર્ગ **पणीयरसभोयणं** = ઘી આદિથી પ્રણીત થયેલા રસીલા સ્નિગ્ધ ભોજન **तालउडं विसं जहा** = તાલપુટ નામના વિષની સમાન છે.

**ભાવાર્થ :–** બ્રહ્મચારી આત્મગવેષી સાધકને માટે શરીરની વિભૂષા, સ્ત્રીનો સંપર્ક અને બલવર્ધક રસવંતા

ભોજન તે સર્વે તાલપુટ નામના ઝેર સમાન છે.

**૫૮** **अंगपच्चंगसंठाणं, चारुल्लवियपेहियं ।**
**इत्थीणं तं ण णिज्झाए, कामरागविवड्ढणं ॥**

**છાયાનુવાદ :** **अङ्गप्रत्यङ्गसंस्थानं, चारुल्लपितप्रेक्षितम् ।**
**स्त्रीणां तन्न निध्यायेत्, कामरागविवर्द्धनम् ॥**

**શબ્દાર્થ :– इत्थीणं** = સ્ત્રીઓના **अंगपच्चंगसंठाणं** = અંગ તથા ઉપાંગોની આકૃતિઓને **चारुल्ल– वियपेहियं** = મનોહર વચન અને સૌમ્ય નિરીક્ષણો–કટાક્ષોને **ण णिज्झाए** = બ્રહ્મચારી કદાપિ ન જુએ **कामरागविवड्ढणं** = કામરાગને વધારનાર છે.

**ભાવાર્થ :–** સ્ત્રીઓનાં અંગ ઉપાંગોના આકાર, મધુર વચન અને મોહક દૃષ્ટિ એ કામરાગ–મનોવિકારને વધારવાના નિમિત્તરૂપ છે; સાધક તેને નિહાળે નહીં.

**૫૯** **विसएसु मणुण्णेसु, पेमं णाभिणिवेसए ।**
**अणिच्चं तेसिं विण्णाय, परिणामं पोग्गलाण य ॥**

**છાયાનુવાદ :** **विषयेषु मनोज्ञेषु, प्रेम नाभिनिवेशयेत् ।**
**अनित्यं तेषां विज्ञाय, परिणामं पुद्गलानां च ॥**

**શબ્દાર્થ :– तेसिं** = તે **पुग्गलाणं** = પુદ્ગલોના **परिणामं** = પરિણામને **अणिच्चं** = અનિત્ય **विण्णाय** = જાણીને **मणुण्णेसु** = મનોજ્ઞ **विसएसु** = વિષયોમાં **पेमं** = રાગભાવ **णाभिणिवेसए** = સ્થાપન ન કરે.

**ભાવાર્થ :–** મનોજ્ઞ ઈન્દ્રિય વિષયોનો કે સ્ત્રીના રૂપોનો સંયોગ થતાં બ્રહ્મચારી મુનિ તેને પુદ્ગલ પરિણામી અને અનિત્ય સ્વભાવી સમજીને, વિચારીને તે પદાર્થો પ્રતિ રાગભાવ ન કરે, ચિતને આકર્ષિત ન કરે.

**૬૦** **पोग्गलाणं परिणामं, तेसिं णच्चा जहा तहा ।**
**विणीयतण्हो विहरे, सीईभूएण अप्पणा ॥**

**છાયાનુવાદ :** **पुद्गलानां परिणामं, तेषां ज्ञात्वा यथातथा ।**
**विनीततृष्णो विहरेत्, शीतीभूतेन चात्मना ॥**

**શબ્દાર્થ :– तेसिं** = તે પરિવર્તન શીલ **पोग्गलाणं** = પુદ્ગલોના **परिणामं** = પરિણામને **जहातहा** = યથાવત્–જેમ છે તેમ **णच्चा** = જાણીને **विणीयतण्हो** = મનોજ્ઞ વિષયોની તૃષ્ણાથી રહિત **सीईभूए ण अप्पणा** = વિષયાકર્ષણ કુતૂહલથી શાંત માનસવાળા થઈને **विहरे** = વિચરણ કરે.

**ભાવાર્થ :–** મુનિ પૌદ્ગલિક પદાર્થોના પરિણામને યથાર્થરૂપે જાણીને, મનોજ્ઞ ઈન્દ્રિય વિષયો કે રૂપોની તૃષ્ણા–લાલસાથી રહિત થઈને; વિષયાકર્ષણ રહિત શાંત–પ્રશાંત માનસવાળા અર્થાત્ બ્રહ્મચર્યની પરિપૂર્ણ સમાધિથી યુક્ત માનસવાળા બનીને સંયમ ધર્મમાં વિચરે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં સાધક માટે બ્રહ્મચર્ય સમાધિ વિષયક કેટલાક અમૂલા મૂલ–મંત્રો દર્શાવ્યા છે કે જે પ્રત્યેક સાધકને જીવનમાં ક્ષણે ક્ષણે અને પળે–પળે યાદ કરવા લાયક છે તેમજ આચરણમાં ઉતારી સંયમનો સાચો આનંદ પ્રાપ્ત કરવા લાયક છે.

**अण्णट्ठं पगडं... :–** સાધક જે સ્થાનમાં નિવાસ કરે તે સ્થાન સંયમ સાધનામાં કે બ્રહ્મચર્ય સમાધિમાં બાધક ન બને તેવું હોવું જોઈએ. સૂત્રકારે તેના માટે ત્રણ વિશેષણનો પ્રયોગ કર્યો છે– (૧) **अण्णट्ठं पगडं** = સાધુથી અન્ય એટલે ગૃહસ્થ કે અન્ય કોઈ પણ વ્યક્તિ કે સમૂહ, સંઘ માટે જે મકાનનું નિર્માણ થયું હોય એવા મકાનમાં મુનિને રહેવાથી આધાકર્મી કે ઔદ્દેશિક દોષ લાગે નહીં.

**(૨) उच्चार भूमि संपण्णं :–** સંયમાચારમાં પાંચમી પરિષ્ઠાપના સમિતિ માટે આ વિધાન છે. સાધુને જે સ્થાન રહેવાનું હોય, તે સ્થાનની આસપાસમાં વડીનીત અને લઘુનીત(મળ–મૂત્ર) પરઠવાની નિર્દોષ ભૂમિ હોવી જરૂરી છે. પરઠવાની ક્રિયા શરીરની અનિવાર્ય ક્રિયા છે. જો સાધુનું સ્થાન તથાપ્રકારની વ્યવસ્થા સંપન્ન ન હોય તો સર્વ સાધુઓ મુંઝવણનો અનુભવ કરે, તે ઉપરાંત નિર્દોષ ભૂમિના અભાવમાં જીવ વિરાધના લોક નિંદા અને શાસનની લઘુતા થાય છે. તેથી સાધુનું સ્થાન પરઠવાની ભૂમિયુક્ત હોવું જોઈએ. માટે સાધુ સ્વયં આવી પરઠવાની યોગ્ય ભૂમિ યુક્ત મકાનમાં રહેવાનો વિવેક રાખે અને શ્રમણો–પાસકોને પણ તેના સંવર સામાયિક પૌષધ આદિની સુવિધા માટે તેમજ શ્રાવિકાઓ માટે એવા યોગ્ય સ્થાન હોવાની આવશ્યકતા સમજાવે અને કેવી રીતે વિવેક સાચવવો તેનું યોગ્ય માર્ગદર્શન આપે.

**(૩) इत्थि पसु विवज्जियं :–** ગૃહત્યાગી મુનિ સ્વેચ્છાએ અને વૈરાગ્ય પૂર્ણ સમજથી જીવન પર્યંત માટે પાંચ મહાવ્રત સ્વીકાર કરે છે. તેમ છતાં મોહનીય કર્મની દરેક પ્રકૃતિ તોફાની હોય છે, તે કારણે સમકિતની સુરક્ષા માટે, કષાયોથી દૂર રહેવા માટે અને વેદ મોહના ઉદયમાં સાવધાન રહેવા માટે અનંતજ્ઞાનીઓએ જ્ઞાનથી જાણી સાધકોની હિત સુરક્ષા માટે ઘણા નિયમો–ઉપનિયમોની સંકલના કરી છે. આ જ રીતે પ્રસ્તુત નવ ગાથાઓમાં અનેક પાસાઓથી બ્રહ્મચર્ય સાધનાની નિરાબાધ સફલતા માટે સૂચનો છે તેમાં આ પ્રથમ સૂચન છે કે રાત–દિવસ જ્યાં મુનિને રહેવાનું છે ત્યાં સ્ત્રીઓ કે ગાય, ભેંસ આદિ પશુઓનો નિવાસ ન હોય પરંતુ તેનાથી રહિત સ્થાન હોય તેમ ધ્યાન રાખવાનું હોય છે. તેમજ સાધ્વીઓ માટે પુરુષોનો કે પાડા, બળદ વગેરેનો નિવાસ ન હોય પરંતુ તેનાથી રહિત સ્થાન હોય તેમ ધ્યાન રાખવાનું હોય છે.

**णारिणं ण लवे कहं :–** સાધુ સ્ત્રીઓ સાથે વાર્તાલાપ ન કરે અને સ્ત્રીઓ સંબંધી કથા વાર્તા ન કરે; સ્ત્રીસંગની જેમ સ્ત્રીકથા પણ રાગવર્ધક છે; વેદ મોહને ઉદ્દીપિત કરે છે; સ્ત્રીકથાનો ત્યાગ તે બ્રહ્મચર્યની

બીજી વાડ છે.

**इत्थी विग्गहओ भयं :–** બ્રહ્મચર્યની સમાધિને ભંગ કરનાર કારણ બે પ્રકારના છે– (૧) મૂલકારણ વેદ મોહનીય કર્મનો ઉદય છે અને નિમિત્ત કારણ સ્ત્રી શરીર આદિ અનેક છે. મૂલકારણને નિમિત્ત કારણ સહાયક હોય છે. મૂલકારણ રૂપ મોહકર્મના ઉદયને નિમિત્ત કારણ શરીરના અભાવમાં વિફલ થવું પડે છે. જ્યારે મૂલ કારણને રોકવું માનવને અશક્ય હોય ત્યારે તેને નિમિત્ત કારણથી બચવાનો જ ઉપાય રહે છે. વ્યક્તિને વેદ મોહનીયકર્મનો ઉદય ક્યારે મંદ થાય, ક્યારે તીવ્ર થાય તે ન તો વ્યક્તિના હાથમાં છે કે ન જ્ઞાનીના હાથમાં છે; જ્યારે નિમિત્ત કારણોથી દૂર રહેવું, બચવું એ તો સાધકના પ્રયત્નાધીન છે, ઈચ્છાને આધીન છે. આ કારણે નિમિત્ત કારણોથી બચવાના આગમોમાં વિવિધ પ્રકારે, વિવિધ માર્ગદર્શન આપેલ છે.

પ્રસ્તુત નવ ગાથાઓમાં પણ અનેક માર્ગદર્શન છે, તેમાં આ ગાથામાં સ્ત્રી શરીરનું કથન સદષ્ટાંત કર્યું છે. ખરેખર સ્ત્રી શરીર ઉપલક્ષણ છે, સાધુ પુરુષ માટે સ્ત્રી શરીર અને સાધ્વી સ્ત્રી માટે પુરુષ શરીર બ્રહ્મચર્યની સમાધિ માટે નિમિત્ત રૂપ ભયકારી છે. વેદ મોહના ઉદયનો હુમલો ક્યારે થાય તેની અજાણતાને કારણે સાધકને સદા વિજાતીય શરીરથી સાવધાન રહેવાનું જ છે.

જૈન ધર્માચારના સિદ્ધાંતો અનેકાંતિક અને સર્વજ્ઞોના અનુભવે યોજાયેલ છે. અહીં સાધકને સાવધાન કરવા માટે જ્ઞાન સંસ્કાર અને વૈરાગ્યના સંસ્કાર છે પરંતુ ઘૃણા કે તિરસ્કારના ભાવ નથી. જૈન સાધુ કે આચાર્ય સંપૂર્ણ સાધ્વી સમાજનું ઉત્તરદાયિત્વ પણ નિભાવે છે. સ્ત્રિયોથી સાધુ અને પુરુષોથી સાધ્વી ગોચરી વ્યાખ્યાન આદિનો પરહેજમય વ્યવહાર કરતા નથી, સહજ ભાવે સ્વીકારે છે. સાધુ–સાધ્વી પરસ્પર આગમની વાચણી લે અને દે છે. કેટલાય સેવા પ્રસંગોને પણ એકબીજા પરસ્પર નિભાવી શકે છે. તેમ છતાં મર્યાદા, વિવેક અને સાવધાની માટે ઉપદેશ શિક્ષાઓ અને માર્ગદર્શન પ્રસ્તુત ગાથાઓમાં અને અન્યત્ર પણ છે જ. તો સમજવાનું એ રહ્યું કે સાધુ–સાધ્વી પરસ્પરના શરીરથી સાવધાન રહે પરંતુ ઘૃણા કે દ્વેષ સુધી ન પહોંચે પરંતુ મધ્યમ માર્ગમાં રહે અર્થાત્ આગમ સમ્મત જરૂરી સંજોગો સિવાય એક બીજાથી સ્વતંત્ર રહી પોતપોતાની સાધનામાં સ્થિત રહે.

અહીં દષ્ટાંત બિલાડી અને કૂકડાના બચ્ચાનું આપ્યું છે તે એકદેશીય છે. બિલાડીથી કૂકડાના બચ્ચાનું જીવન જોખમમાં રહે છે તેમ સ્ત્રી પુરુષની પરસ્પરની નજદીકતામાં બ્રહ્મચર્ય કે સંયમ જીવન જોખમમાં રહે છે; એટલું જ સમજવાનું છે. દષ્ટાંતમાં બીજા અનેક પાસાઓ હોય છે તે સર્વ અપેક્ષિત હોતા નથી. બિલાડીની હિંસક વૃત્તિ, ક્રૂરતા કૂકડાના બચ્ચા માટે પ્રાણનાશક છે પરંતુ સ્ત્રી પુરુષના શરીર પરસ્પર મનની ચંચલતાના નિમિત્ત માત્ર છે અને તે બંનેના સંયમ જીવનની જોખમ ભરેલી સ્થિતિની સમાનતા છે.

**चित्तभित्तिं ण णिज्जाए :–** આ પંચાવનમી ગાથામાં બ્રહ્મચર્યની સમાધિ માટે ચક્ષુઈન્દ્રિય સંયમને પ્રાધાન્ય આપેલ છે. મહત્ત્વની વાત તો તેમાં આપેલ સૂર્યના દષ્ટાંતની છે. આવું ક્રિયાન્વિત(પ્રેક્ટીકલ) દષ્ટાંત શોધતાં પણ મળવું મુશ્કેલ છે. કોઈપણ વ્યક્તિની દષ્ટિ કોઈ કારણથી ક્યારે ય સૂર્ય સામે થઈ જાય તો ત્યાં તેની સ્થિરતા રહેતી જ નથી. આ વાતને નાનકડો બાલક પણ સમજી શકે છે, અનુભવી શકે છે. જ્યારે દષ્ટાંત સહજ સુગમ છે તો તેનાથી લક્ષ્યને સમજવું પણ અતિ સુગમ થઈ જાય છે. તાત્પર્ય એ છે

બ્રહ્મચર્યના સાધકે પરસ્પરના ચિત્ર કે અલંકૃત શરીર પર ક્યારે ય કોઈ સ્થાને નજર પડતાં જ એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના અવિલંબ ચક્ષુની દિશા પલટી જ લેવી જોઈએ. પછી તે દિશા નીચી હોય કે અન્ય કોઈ વસ્તુ પર હોય. જેમ સૂર્ય પર દષ્ટિ બીજી ક્ષણે ન જ ટકે તેમજ આ વિષયમાં પણ શાસ્ત્રાજ્ઞાને યાદ રાખી સાધકને વર્તન કરવાનું અત્યાવશ્યક છે. તાત્પર્ય એ છે કે ક્યારે ય સાધુ–સાધ્વી એકીટશે પરસ્પરના વિજાતીય શરીરને કે તેના અંગોને જુએ નહીં.

**हत्थपाय पडिच्छिण्णं :–** સ્વરૂપવાન અને શ્રૃંગારિત શરીર મોહોદયનું પ્રેરક નિમિત્ત બને છે. પરંતુ જ્યારે પ્રબલ મોહનો ઉદય હોય ત્યારે સુરૂપ કુરૂપ વગેરે કોઈ અવસ્થાઓ બાધક થતી નથી. તે સમય પ્રતિપક્ષી–લિંગીના શરીરથી જ દૂર રહેવાનું હોય છે અને નિમિત્ત ન મળતાં મોહોદયનું તોફાન સ્વતઃ સમય વીતતાં પરિવર્તન પામી જાય છે. કારણ કે તીવ્ર ઉદય કર્મની પણ પ્રાયઃ સીમિત સ્થિતિ હોય છે, જેમ કે વાવાઝોડાનો સમય. માટે છપ્પનમી ગાથામાં કથિત શિક્ષાને અહીં પુષ્ટ કરતાં કહ્યું છે કે વિકૃતાંગ સ્ત્રીના શરીરથી પણ પુરુષ સાધકે દૂર રહેવું જોઈએ.

**विभूसा इत्थि संसग्गो :–** આ ગાથામાં બ્રહ્મચારીને સાવધાન રહેવાના ત્રણ નિમિત્ત કારણોનું એકી સાથે સંકલન કરી તે ત્રણેયથી અતિ સતર્ક રહેવાની પ્રેરણા માટે તે પ્રસંગોને તાલપુટ વિષની ઉપમા આપી છે. તેથી સહજ સ્પષ્ટ થાય કે શાસ્ત્રકારે સાધકને ત્રણ ચીજથી સાવધાન રહેવા માટે કેટલો મહત્ત્વપૂર્ણ ભાર આપ્યો છે.

(૧) વિભૂષા– શરીરની વિભૂષા, શોભા શણગાર પોતાના મોહદયનું, અન્યના આકર્ષણનું તથા અન્યના વેદોદયમાં નિમિત્ત બની શકે છે. તેથી બ્રહ્મચારી સાધકે તેનો સર્વથા ત્યાગ કરવો જોઈએ.

(૨) સ્ત્રી સંસર્ગ શબ્દથી સાધુ–સાધ્વી બંને માટે પરસ્પર વિજાતીય સંસર્ગ સમજવાનું છે તેમ છતાં સંસર્ગનો અર્થ વિજાતીય **અતિ સંપર્ક** છે. સાધુ–સાધ્વીને આગમની જેટલી વિશિષ્ટ આજ્ઞા છે તેનાથી વધારે પરસ્પર વિજાતીય લિંગવાળાઓ સાથે બેસવું, રહેવું, વિચરવું, વાતો કરવી વગેરે ત્યાજ્ય છે. વિજાતીય ગૃહસ્થોનો અતિ સંપર્ક–સંસર્ગ પણ ત્યાજ્ય છે; તેમ છતાં જિનશાસન પ્રભાવનાર્થે સીમિત સમયે સામૂહિક રૂપે જ તે યોગ્ય હોય છે. એકલા સ્ત્રી કે પુરુષ સાથે બે બેસવું કે વાર્તાલાપ કરવો યોગ્ય ન ગણાય. આગમના આ માર્ગદર્શનને ધ્યાનમાં રાખવાથી સ્ત્રી સંસર્ગ નામક તાલપુટ વિષની ઉપમાવાળા નિમિત્તથી સાધક સુરક્ષિત રહી શકે છે.

(૩) પ્રણીત ભોજન– ઘી આદિ વિગયયુક્ત, ગરિષ્ટ, બલવર્ધક ભોજનને પ્રણીત ભોજન કહે છે. પ્રણીત ભોજન વિષય વાસનાને ઉત્તેજિત કરે છે. સર્વ ઈન્દ્રિયોના વિજય માટે જીહ્વેન્દ્રિય સંયમ અત્યંત આવશ્યક છે. સાધુ જીવનમાં અન્ય ઈન્દ્રિયોના પોષણ કરતાં રસનેન્દ્રિયના પોષણના નિમિત્તો અધિક મળે છે. સાધુને અનેક સંપન્ન ઘરોમાં રસવંતા આહાર પાણી સુલભ હોય છે. પરંતુ સાધુએ પોતાની વૃત્તિને સંયમિત રાખી, પોતાના લક્ષ્યને નજર સમક્ષ રાખીને સંયમી જીવનના નિયમાનુસાર સાત્વિક અને મર્યાદિત આહાર લેવો જોઈએ.

**णरस्सत्तगवेसिस्स :–** આ શબ્દ સાધક માટે પ્રયુક્ત થયો છે. આત્માની ગવેષણા કરનારનો મતબલ છે– આત્મ સ્વરૂપને પ્રાપ્ત કરવાની સાધના કરનાર, આત્માર્થી સાધક, મોક્ષાર્થી સાધક, **नरस्स** શબ્દથી સ્ત્રી– પુરુષ કે સાધુ–સાધ્વી સર્વ મનુષ્યોનું ગ્રહણ છે. તાત્પર્ય એ છે કે સંયમ સાધક આત્માઓ માટે તેઓની બ્રહ્મચર્યની સમાધિમાં આ ત્રણ તત્ત્વોથી બાધાઓ ઉત્પન્ન થવાની પૂરેપૂરી શક્યતા રહે છે. માટે આત્માર્થી મુનિ વિભૂષા, સ્ત્રી સંસર્ગ અને પ્રણીત રસ ભોજનનો પૂર્ણ વિવેક રાખે. તે પ્રવૃત્તિઓને સંયમ નાશક વિષ તુલ્ય સમજે, અવધારે.

**अंगपच्चंग संट्ठाणं... :–** આ અઠ્ઠાવનમી ગાથામાં ચક્ષુરિન્દ્રિય સંયમને આશ્રય કરીને સ્ત્રીઓના હાથ, પગ, મુખ, નાક, આંખો, જંઘા, પેટ, પીઠ, મસ્તક, વાળ, સ્તન વગેરે અંગ પ્રત્યંગ તથા તેના વળાંકો અને તેઓનું બોલવું, ચાલવું, જોવું વગેરેના સુંદર ઢંગને એકીટસે દેખવાનો સ્પષ્ટ નિષેધ છે અને આ સર્વ વૃત્તિઓને કામરાગ વર્ધક એટલે વિકારી માનસની ઉત્પત્તિના નિમિત્તક કહ્યા છે. માટે બ્રહ્મચારી સાધક સ્ત્રી કે સાધ્વીના નિકટ સંયોગ સમયે આ પ્રકારના માનસિક કુતૂહલને ઉત્પન્ન થવા દે નહીં પરંતુ પોતાના આત્મ લક્ષ્યમાં જ લીન રહે અને ક્યારેક ચંચલ ઘોડાની ઉપમાવાળા મનમાં આવું કુતૂહલ ઉત્પન્ન થવા લાગે કે તરત જ શ્રુતજ્ઞાનની લગામ = આગમ ઉપદેશના કે આદેશ–સંદેશના આ વાક્યોથી તેને વશ કરી લે.

આગમના તે વાક્યો આ પ્રમાણે છે– **(१) भक्खरं पिव दट्ठूणं, दिट्ठिं पडिसमाहरे; (२) विसं तालउडं जहा; (३) इत्थि विग्गहओ भयं; (४) रूवेसु जो गिद्धिमुवेइ तिव्वं, अकालियं पावइ से विणासं । (उत्तरा.–३२); (५) णो रक्खसीसु गिज्जेज्जा । (उत्तरा.–८); (६) पंकभूया उ इत्थिओ । (उत्तरा.–२); (७) ण रूव लावण्ण विलास हासं, ण जंपियं इंगियं पेहियं वा । (उत्तरा.–३२)**

ઈત્યાદિ શ્રુત દોરી રૂપી અનેક પ્રકારની લગામોને સાધક મન રૂપી ચંચલ ઘોડા માટે તૈયાર રાખે. આ રીતે સ્ત્રી સંબંધી ચક્ષુ સંયમમાં સાવધાન રહે. અહીં વર્ણિત સાધુ માટેની આ સર્વ સૂચના શિક્ષાઓ સાધ્વી માટે પુરુષની અપેક્ષાએ સમજવી અર્થાત્ તેઓ પુરુષના અંગોપાંગ, હાવભાવ વગેરે વૃત્તિઓ માટે પૂર્ણ રીતે ચક્ષુઈન્દ્રિય સંયમ રાખે અને મનની ચંચલતા રોકવા માટે લગામ રૂપ ઉપર સૂચિત સર્વ ઉપદેશ વાક્યોને પુરુષથી સંબંધિત કરી મન પર અંકુશ રાખે; પુરુષ પ્રત્યાકર્ષણથી વિરક્ત રહે. રાક્ષસ, કીચડ, તાલપુટ વિષ વગેરે સર્વ ઉપમાઓને પુરુષ લક્ષિત કરી આત્માને તદ્રૂપે પરિણત કરી ચક્ષુરેન્દ્રિયની સમાધિમાં અને પોતાના શીલ સમાધિમાં જાગરુક રહે, સ્થિર રહે, લીન રહે.

**पोग्गलाणं परिणामं :–** ૫૯–૬૦ બે ગાથાઓમાં શાસ્ત્રકારે મનોજ્ઞ સ્ત્રી વિષયોને પુદ્ગલમય કહી તે પુદ્ગલોને પરિવર્તનશીલ દર્શાવ્યા છે. જ્યારે પ્રત્યેક પૌદ્ગલિક પદાર્થ ક્ષણિક, અનિત્ય છે; ક્ષણે ક્ષણે તેમાં પરિવર્તન થયા જ કરે છે. જે આજે સુંદર દેખાય તે કાલે અસુંદર થઈ જાય અને અસુંદર પુનઃ સુંદર બની જાય છે. પદાર્થ માત્રના આ બંને પાસાને યથાર્થરૂપે જાણીને સાધુ સાધ્વી તેના પ્રલોભનમાં ન ફસાય, તેની આકાંક્ષાઓથી, તૃષ્ણાઓથી મનને દૂર કરી, વિજાતીય સ્ત્રી સંબંધી તૃષ્ણાઓથી રહિત બની, મનને વિકારભાવ ચંચલ ભાવોથી શાંત–પ્રશાંત બનાવી લે. અહીં **આત્મા** શબ્દ ચિત્તવૃત્તિ માટે છે, તેથી આત્માને એટલે તે વિકારી ચિત્તવૃત્તિને પરમ શાંત, સહજ શાંત, શીતલીભૂત કરવાની પ્રબલ પ્રેરણા છે.

**શ્રદ્ધાનું સાતત્ય :–**

**૬૧** जाए सद्धाए णिक्खंतो, परियायट्ठाणमुत्तमं ।
तमेव अणुपालेज्जा, गुणे आयरियसम्मए ॥

**છાયાનુવાદ :** यया श्रद्धया निष्क्रान्तः, पर्यायस्थानमुत्तमम् ।
तामेवानुपालयेत्, गुणान् आचार्यसम्मतान् ॥

**શબ્દાર્થ :– जाए** = જે **सद्धाए** = શ્રદ્ધાથી, વૈરાગ્યભાવથી **णिक्खंतो** = સંસારથી નીકળ્યો છે **उत्तमं** = પ્રધાન **परियायट्ठाणं** = પર્યાય સ્થાન–શ્રમણપદ પ્રાપ્ત કર્યું છે **तमेव** = તે જ **आयरियसम्मए** = આચાર્યને બહુ સંમત ગુણોમાં રહી શ્રદ્ધાપૂર્વક **अणुपालेज्जा** = નિરંતર પાલન કરે.

**ભાવાર્થ :–** ભિક્ષુ જે વૈરાગ્યભાવથી પોતાના ઘરને છોડીને ઉત્તમ પ્રવ્રજ્યા સ્થાનને પામ્યા છે, તે જ શ્રદ્ધા અને દઢ વૈરાગ્યથી મહાપુરુષોએ બતાવેલા સંયમ સંબંધી સમસ્ત ઉત્તમ ગુણોનું જીવનપર્યંત પાલન કરતા જ રહે.

**વિવેચન :–**

આ ગાથામાં સાધકને શ્રદ્ધા શબ્દથી પોતાના મૌલિક વૈરાગ્યને અખંડિત રાખવાનું સૂચન કર્યું છે. જે શ્રદ્ધા ઉત્સાહ અને ઉત્કૃષ્ટતમ વૈરાગ્યથી સાધકે ઘર પરિવારને છોડી સંયમ માર્ગનો સ્વીકાર કર્યો છે તે જ શ્રદ્ધાને જીવન પર્યંત જાળવી રાખવી જરૂરી હોય છે.

સૂત્રકારે આચાર પ્રણિધિ માટે વિવિધ હિતશિક્ષાઓ આપ્યા પછી આ એક જ ગાથામાં સર્વ શિક્ષાઓ માટે સારભૂત વિષયનું કથન કરીને વિષયનું સમાપન કર્યું છે.

સંયમી જીવનનો પ્રારંભિક ઉત્સાહ, વેગવંતો વૈરાગ્ય ભાવ જો યથાવત્ રહે તો તે સાધકને માટે પ્રત્યેક શાસ્ત્રાજ્ઞા, હિતશિક્ષાનું પાલન સહજ બની જાય છે. પરંતુ જ્યારે વૈરાગ્યભાવમાં ન્યૂનતા આવી જાય ત્યારે જ સર્વ હિત શિક્ષાઓની ખરી જરૂર પડે છે,

તાત્પર્ય એ છે કે ગુરુ આદિ દ્વારા અપાયેલી હિતશિક્ષા કેવળ અંગુલિ નિર્દેશ કરી શકે છે, સન્માર્ગદર્શન કરાવી શકે, સન્માર્ગદર્શન કરાવી શકે. પરંતુ તે માર્ગે ગમન તો સાધકે સ્વયં કરવું પડે છે. સાધના માર્ગમાં અંતિમ સર્વ જવાબદારી સાધકની સ્વયંની જ રહે છે. સાધક સ્વયં પોતાના શ્રદ્ધા અને વૈરાગ્ય ભાવોને સ્થિર રાખીને ઉત્તમ ગુણોની આરાધના કરે.

આ કારણે શાસ્ત્રકારે સાધકને પોતાના પ્રતિજ્ઞા સમયનો ધ્યાન દોરી સંક્ષિપ્તમાં સાવધાન કર્યા છે. અર્થાત્ આચાર પ્રણિધિ રૂપ સંયમને પ્રાપ્ત કરેલા સાધકને પૂર્વ ગાથાઓમાં ધ્યાન રાખવાની બધી વાતો કહીને આ ગાથામાં સર્વ જવાબદારી પાછી તેના ઉપર જ મૂકી દીધી છે કે પોતાના મૂલ વૈરાગ્યને સ્થિર

રાખીને **गुणे आयरियसम्मए** = શાસ્ત્ર સમ્મત સર્વ ગુણોમાં સ્થિર રહે અર્થાત્ તેના અક્ષરસઃ પાલનમાં દત્તચિત્ત રહે.

**सद्धाए :–** ધર્મમાં આદર, મનના વિશુદ્ધ પરિણામ અને સંયમની લાગણી. આત્મ કલ્યાણની સાધના માટે જે આસ્થા અને તીવ્ર મનોભાવ હોય છે, તેને શ્રદ્ધા કહે છે.

## ઉપસંહાર : આચાર પ્રણિધિનું ફળ :–

**૬૨** तवं चिमं संजमजोगयं च, सज्झायजोगं च सया अहिट्ठए ।
सूरे व सेणाइ समत्तमाउहे, अलमप्पणो होइ अलं परेसिं ॥

**છાયાનુવાદ :** तपश्चेदं संयमयोगं च, स्वाध्याययोगं च सदाऽधिष्ठेत् ।
शूर इव सेनया समाप्तायुधः, अलमात्मने भवत्यलं परेषाम् ॥

**શબ્દાર્થ :– सेणाइ** = સેનાથી ઘેરાયેલા **समत्तमाउहे** = સંપૂર્ણ શસ્ત્રાસ્ત્રોવાળા **सूरे व** = શૂરવીર પુરુષની સમાન **इमं** = સૂત્રોક્ત **तवं** = તપ **संजमजोगयं** = સંયમ યોગને, તપ સંયમના નિયમોપનિયમોને **सज्झायजोगं** = સ્વાધ્યાય યોગને **सया** = સદા **अहिट्ठए** = ધારણ કરે, સ્વીકાર કરે, તેમાં અધિષ્ઠિત કે સ્થિત થાય **अप्पणो** = પોતાની રક્ષા કરવામાં **अलं** = સમર્થ **होइ** = હોય છે **परेसिं** = અન્ય શત્રુઓને હરાવવામાં **अलं** = સમર્થ હોય છે.

**ભાવાર્થ :–** પૂર્વ ગાથાઓમાં દર્શાવેલા તપ, સંયમ–યોગ અને સ્વાધ્યાય યોગમાં સદા પ્રવૃત્ત મુનિ સેનાથી પરિવૃત અને શસ્ત્રથી સુસજ્જિત વીર પુરુષની જેમ સ્વ–પરની આત્મ રક્ષા કરવામાં સમર્થ બને છે. આત્મ કલ્યાણ સાધવામાં સફલ થાય છે.

**૬૩** सज्झाय सज्झाणरयस्स ताइणो, अपावभावस्स तवे रयस्स ।
विसुज्झइ जं सि मलं पुरेकडं, समीरियं रुप्पमलं व जोइणा ॥

**છાયાનુવાદ :** स्वाध्यायसद्ध्यानरतस्य तायिनो, अपापभावस्य तपसि रतस्य ।
विशुद्ध्यते यत्तस्य मलं पुराकृतं, समीरितं रूप्यमलमिव ज्योतिषा ॥

**શબ્દાર્થ :– सज्झायसज्झाणरयस्स** = સ્વાધ્યાય અને સદ્ધ્યાનમાં અનુરક્ત **ताइणो** = ષડજીવનિકાય રક્ષક **अपावभावस्स** = પાપથી રહિત ભાવવાળા **तवे** = તપમાં **रयस्स** = અનુરક્ત **सि** = આ પૂર્વ ગુણવિશિષ્ટ સાધુના **जं** = જે **पुरेकडं** = પૂર્વજન્મ કૃત, પૂર્વભવમાં કરાયેલા **मलं** = કર્મમળ **जोइणा** = અગ્નિ વડે **समीरियं** = દૂર કરાયેલા **रुप्पमलं व** = ચાંદીના મેલની સમાન **विसुज्झइ** = વિશુદ્ધ થાય છે.

**ભાવાર્થ :–** સ્વાધ્યાય અને સદ્ ધ્યાનમાં અનુરક્ત ષડજીવનિકાય જીવોના રક્ષક, તપશ્ચર્યામાં તલ્લીન તથા નિષ્પાપ જીવન જીવનાર સાધકનું પૂર્વકાલીન પાપકર્મ અગ્નિથી દૂર થયેલા ચાંદીના મેલની જેમ વિશુદ્ધ થાય છે.

**૬૪** **से तारिसे दुक्खसहे जिइंदिए, सुएण जुत्ते अममे अकिंचणे ।**
**विरायइ कम्मघणम्मि अवगए, कसिणब्भपुडावगमे व चंदिमे ॥**
**॥ त्ति बेमि ॥**

**છાયાનુવાદ : स तादृशो दुःखसहो जितेन्द्रियः, श्रुतेन युक्तोऽममोऽकिञ्चनः ।**
**विराजते कर्मघनेऽपगते, कृत्स्नाभ्रपुटावगमे इव चन्द्रमाः ॥इति ब्रवीमि॥**

**શબ્દાર્થ :– तारिसे** = પૂર્વોક્ત ગુણવાળા **दुक्खसहे** = પરીષહોને સહન કરનાર **जिइंदिए** = ઇન્દ્રિયોને જીતનાર **सुएण जुत्ते** = શ્રુતથી યુક્ત **अममे** = મમત્વ ભાવથી રહિત **अकिंचणे** = પરિગ્રહથી રહિત **स** = તે સાધુ **कम्मघणम्मि** = કર્મરૂપ શ્યામ વાદળાઓથી **अवगए** = દૂર થતાં **कसिणब्भपुडावगमे** = સંપૂર્ણ અભ્ર પટલથી મુક્ત થઈ જવા પર **चंदिमा व** = ચંદ્રમાની સમાન **विरायइ** = શોભા પામે છે.

**ભાવાર્થ :–** પૂર્વ કથિત(ક્ષમા દયાદિ) ગુણોને ધારણ કરનાર, અનુકૂળ પ્રતિકૂલ સર્વ પરિષહોને સમભાવે સહન કરનાર, શ્રુતજ્ઞાનથી યુક્ત, જિતેન્દ્રિય, નિર્મમત્વી તથા અપરિગ્રહી સાધુ, જેમ સંપૂર્ણ વાદળાઓ દૂર થવાથી ચંદ્ર શોભે તેમ કર્મરૂપ વાદળાઓ દૂર થતાં શોભાને પામે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ત્રણ ગાથાઓમાં આચાર પ્રણિધિની સફળ સાધના કરનારના સુફળને પ્રદર્શિત કર્યું છે.

સૂત્રકારે ત્રણ ગાથામાં ત્રણ ઉપમાથી આચાર પ્રણિધિની અને તેના સાધકની મહત્તાને પ્રદર્શિત કરી છે.

**सुरे व सेणाइ समत्तमाउहे... :–** જેમ શૂરવીર યોદ્ધા પાસે સમસ્ત શસ્ત્રો હોય અને પરિપૂર્ણ સેના હોય તો તે વિજયશ્રીને પામે છે. તેમજ આચાર પ્રણિધિના આરાધક મુનિ સહનશીલ, જિતેન્દ્રિય, શાસ્ત્રજ્ઞ, દ્રવ્ય ભાવ પરિગ્રહથી મુક્ત નિષ્પરિગ્રહી અને આત્મગુણો રૂપ શસ્ત્રોથી સુસજ્જ હોય છે, તે સંગ્રામ સ્વયંને એકાકીપણે કરવાનો હોય છે. તેથી તેમાં બાહ્ય સેનાની જરૂર નથી. આ રીતે આત્મગુણોથી સુસજ્જ અને સદા જાગૃત સાધક કર્મ સંગ્રામમાં વિજયી બને છે.

**विसुज्जइ जंसि मलं पुरे कडं... :–** જેમ ચાંદીનો મેલ અગ્નિમાં તપી–તપીને નાશ પામે ત્યારે ચાંદી વિશુદ્ધ બને છે, તેમજ આચાર પ્રણિધિનો સાધક સ્વાધ્યાય, તપ અને સંયમ રૂપ ભાવ અગ્નિમાં

કર્મોનો નાશ કરીને આત્માને વિશુદ્ધ બનાવે છે.

**विरायइ कम्मधणम्मि अवगए... :–** આત્મા સ્વયં ચંદ્રની સમાન શીતલ, શાંત અને સ્વપ્રકાશી (સ્વવિકાસી) હોય છે. તેમ છતાં અનાદિ કાલીન કર્મરૂપ વાદળાથી તેની સાથે રહી તેના આત્મ ગુણો ઢંકાઈ ગયા છે. પરંતુ જ્યારે સાધક આત્મા આચાર પ્રણિધિને પ્રાપ્ત કરે, ત્યારે પામી તેના ગુણોના પ્રચંડ પવનથી કર્મ વાદળા દૂર થઈ જાય છે અને આત્મા સ્વ સ્વભાવરૂપ કેવલજ્ઞાનના પ્રકાશને પ્રકટ કરે છે; અંતે આયુષ્ય આદિ અઘાતિ કર્માંશને પણ દૂર કરી લોકાગ્રે(લોકના મસ્તક સ્થાને) બિરાજમાન થઈ સુશોભિત થાય છે.

આ રીતે ત્રણ દષ્ટાંતોમાં કર્મોને ક્રમશઃ શત્રુસેના, મેલ અને વાદળાઓના રૂપમાં દર્શાવી એક દષ્ટાંતમાં કર્મોને પરાસ્ત કરવાનું, બીજામાં કર્મોનો નાશ કરવાનું કે બાળવાનું અને ત્રીજામાં કર્મોને સહજ આત્માથી દૂર થઈ જતાં કર્મોનું ચિત્ર આલેખ્યું છે.

સંક્ષેપમાં આચાર પ્રણિધિના ધારક સાધુ સર્વકર્મનો ક્ષય કરી અંતિમ લક્ષ્ય–મોક્ષગતિને પ્રાપ્ત કરે છે.

**–: પરમાર્થ :–**

આચાર ક્રિયારૂપ હોય છે. તે મનના વિચારોથી, વચનના ઉચ્ચારોથી અને કાયાના આચરણોથી ક્રિયાન્વિત થાય છે. અશુભમાંથી નિવૃત્ત થઈ શુભ આચરણોમાં ઉપસ્થિત થઈ, આચારના બળે આત્મ સ્વરૂપને પ્રગટાવવું જોઈએ.

આત્માનંદનો અનુભવ સમ્યગ્ જ્ઞાનાદિ ગુણો જ કરાવી શકે છે. માટે શાશ્વત સુખના ઈચ્છુક આત્માએ અધ્યયનમાં દર્શાવેલા ઈન્દ્રિયો અને મનના વિજય માટેના જે જે અનુષ્ઠાનો છે તે તે આચરણ પ્રયોગમાં ઉતારી, પ્રાપ્ત આચાર પ્રણિધિને પુષ્ટ કરવા, પ્રકૃષ્ટ નિયમ–ઉપનિયમોનું પાલન ઉપયોગ સહિત કરી, ધ્રુવ પ્રતિલેખનાદિ ક્રિયા દ્વારા સર્વ જીવો પ્રતિ આત્મભાવ કેળવી, કષાયાદિ આભ્યંતર ગ્રંથિ ભેદી આત્મ વિશુદ્ધિ કરવી જોઈએ. આત્મ વિશુદ્ધિ કરનાર સાધક જ સંપૂર્ણ સ્વરૂપની પરમ પ્રણિધિને પ્રાપ્ત કરે છે.

**॥ અધ્યયન–૮ સંપૂર્ણ ॥**

# નવમું અધ્યયન

## પરિચય

★ આ અધ્યયનનું નામ **વિનય સમાધિ** છે. તેના ચાર ઉદ્દેશક છે.

★ આ અધ્યયનમાં વિનયનું સ્વરૂપ, વિનયવિધિ, અવિનયથી થતી હાનિ અને **વિનય** થી થતાં લાભનું નિરૂપણ છે. સૂત્રકારનું મુખ્ય લક્ષ્ય છે– પ્રત્યેક આચરણ આત્મ સમાધિનું નિમિત્ત બને; તેથી આ અધ્યયનનું નામ **વિનય સમાધિ** રાખ્યું છે.

★ જૈનાગમોમાં વિનયનો અર્થ કેવળ નમ્રતા જ નથી; નમ્રભાવ વિનયનો એક શાબ્દિક અર્થ છે. ખરેખર વિનયનું સ્વરૂપ વ્યાપક છે. તે અનુસાર વિનય એટલે વિશિષ્ટ નીતિ, વિશિષ્ટ કર્તવ્ય. પ્રસ્તુત પ્રકરણમાં ગુરુકુળમાં રહેતા શ્રમણોના વિશિષ્ટ કર્તવ્યોનો નિર્દેશ છે.

★ જૈન ધર્મ વિનય પ્રધાન ધર્મ છે. **धम्मस्स विणओमूलं** *[ ૯/૨૩ ]* સંસારમાં અન્ય ધર્મો શૂચિ મૂલક હોય છે. જ્યારે જૈન ધર્મનું મૂળ વિનય છે.

★ જ્ઞાતા સૂત્ર અનુસાર સુદર્શને થાવચ્ચાં પુત્ર અણગારને પ્રશ્ન પૂછ્યો કે આપના ધર્મનું મૂળ શું છે ? થાવચ્ચાં પુત્રે કહ્યું, અમારા ધર્મનું મૂળ વિનય છે. તે બે પ્રકારનો છે. (૧) આગાર વિનય અને (૨) અણગાર વિનય. પાંચ અણુવ્રત, સાત શિક્ષાવ્રત અને અગિયાર ઉપાસક પ્રતિમાઓ તે આગાર વિનય છે અને પાંચ મહાવ્રત, ૧૮ પાપસ્થાન વિરતિ, રાત્રિભોજન વિરમણ, દશવિધ પ્રત્યાખ્યાન(અણગાર ધર્મ) અને બાર ભિક્ષુ પ્રતિમાઓ તે અણગાર વિનય છે. ઉપરાંત દેવ, ગુરુ, ધર્મ, શાસ્ત્ર અને આચારવાન તરફ મોક્ષ પ્રાપ્તિના ઉદ્દેશથી નમ્રતાનો પ્રયોગ પણ લોકોત્તર વિનયની અંતર્ગત છે. અહીં વિનયનો અર્થ **વિશિષ્ટ કર્તવ્ય** કે **વિશિષ્ટ પ્રકારની આચાર ધારા** કર્યો છે.

★ લૌકિક અને લોકોત્તરના ભેદથી પણ વિનયના બે પ્રકાર થાય છે જેમાં (૧) ઇહલોકની મુખ્યતાએ કરાતી વિનય પ્રવૃત્તિ **લૌકિક વિનય** છે અને (૨) પારલૌકિક મુખ્યતાએ એટલે મોક્ષ આરાધના માટે કરાતી વિનય પ્રવૃત્તિ **લોકોત્તરિક વિનય** છે.

(૧) લૌકિક વ્યવહારાર્થે માતા, પિતા, અધ્યાપક, ગુરુ કે વડીલ પ્રત્યે વિવિધ પ્રકારે વિનય, ભક્તિ, સેવા, શુશ્રૂષા વગેરે કરવા લોકોપચારવિનય છે. તેને વ્યવહાર વિનય પણ કહેવાય છે. તે સમસ્ત જન સાધારણ માટે આચરણીય અને આદરણીય છે. પ્રસ્તુત અધ્યયનમાં લોકોત્તરિક વિનયનું વર્ણન છે.

(૨) લોકોત્તર વિનય એ જ ધર્મનું મૂળ છે અને મોક્ષ તેનું ઉત્તમ ફળ છે. તેથી આંશિક અથવા

સર્વથા કર્મમુક્તિના ઉપાયને લોકોત્તર વિનય કહે છે. વિનય એક આભ્યંતર તપ છે, કર્મનિર્જરાનું ઉત્તમ સાધન છે. ઔપપાતિક સૂત્રાનુસાર લોકોત્તર વિનયના સાત પ્રકાર છે. જ્ઞાન વિનય, દર્શન વિનય, ચારિત્ર વિનય, મન વિનય, વચન વિનય, કાય વિનય અને ઉપચાર વિનય. આ અધ્યયનમાં ઉપચાર વિનયની મુખ્યતા છે અને શેષ સર્વ વિનયોનો તેમાં સમાવેશ છે. (૧–૩) જ્ઞાનાદિ પ્રાપ્ત કરવા, તેનું સમ્માન અને જ્ઞાની પ્રત્યે નમ્ર રહેવું તેને જ્ઞાનાદિનો વિનય કહે છે (૪–૬) ગુર્વાદિકો પ્રતિ મન, વચન, કાયાથી નમ્ર વ્યવહાર કરવો તે મન આદિનો વિનય છે. (૭) ગુરુનો સત્કાર, સન્માન, સેવા–શુશ્રૂષા કરવી, તેઓ આવે ત્યારે ઊભા થવું, વંદન–નમસ્કાર કરવા, આસનાદિ આપવા તેના અનુશાસનમાં રહેવું, આજ્ઞાનું પાલન કરવું વગેરે **ઉપચાર વિનય** છે. ખરેખર સાતમું ઉપચાર વિનય પૂર્વના છ વિનયનું ક્રિયાત્મક રૂપ છે.

★ અનુશાસન અને નમ્રતા, તે વિનયની બે ધારાઓ છે. શિષ્યે ગુરુ પ્રતિ ઉદ્ધતભાવનો કે અભિમાનનો ત્યાગ કરી નમ્ર વ્યવહાર કરવો અને ગુરુના અનુશાસનનો પ્રસન્નતાપૂર્વક સ્વીકાર કરવો એ વિનયની પરિપૂર્ણતા છે. કેવળ અનુશાસનના સ્વીકારથી જ વિનયધર્મનું પાલન થતું નથી. અનુશાસનના સ્વીકાર સાથે નમ્રતા હોવી અત્યંત જરૂરી છે. બંને ધારાઓના સુમેળથી જ વિનય ધર્મની પૂર્ણતા થતાં સાધક આચારવાન બને છે.

★ આ અધ્યયનના ચાર ઉદ્દેશકમાં ક્રમશઃ ચાર વિષયનું પ્રતિપાદન છે. (૧) ગુરુની આશાતનાનું દુષ્પરિણામ, ગુરુનો મહિમા અને વિનય ભક્તિનો નિર્દેશ. (૨) વિનયની ઉપલબ્ધિ, વિનયવિધિ તથા અવિનીત, સુવિનીતના લક્ષણ. (૩) આચાર પ્રધાન વિનય ધર્મની આરાધના દ્વારા સાધકની લોકપૂજ્યતા. (૪) ચાર ભેદોમાં વિનય સમાધિની પરિપૂર્ણતા.

★ **પ્રથમ ઉદ્દેશકમાં** ગુરુ પ્રત્યેના શિષ્યના વર્તનનું નિરૂપણ છે. અલ્પવયના કે મંદબુદ્ધિના ગુરુની પણ અવહેલના કે આશાતનાનું પરિણામ સૂત્રકારે વિવિધ દૃષ્ટાંતોથી સમજાવ્યું છે. **अणंतणाणोवगओ वि संतो...** શિષ્ય અનંતજ્ઞાની થઈ જાય તેમ છતાં છદ્મસ્થ ગુરુનો પૂર્વવત્ વિનય કરે છે, આ પદમાં વિનયની સર્વોત્કૃષ્ટ દશા દર્શાવી છે. "જેની પાસે ધર્મનું એક પદ પણ શીખ્યો હોય, તેના પ્રતિ વિનયનું આચરણ સદાને માટે થવું જોઈએ, ક્યારે ય છૂટી જવું જોઈએ નહીં." "જે મને સતત હિતશિક્ષા આપે છે તે ગુરુની હું સતત પૂજા કરું" આ પ્રકારની મનોભાવના વિનયની પરંપરાને સહજ બનાવે છે. શિષ્યના માનસમાં વિનયના સંસ્કાર દઢ બની જાય ત્યારે ગુરુ અને શિષ્યમાં એકાત્મભાવ સ્થાપિત થાય છે. ત્યાર પછી શિષ્ય આચાર્યના સાન્નિધ્યથી ઈષ્ટ ફળની પ્રાપ્તિ કરે છે.

★ **બીજા ઉદ્દેશકમાં** ધર્મના મૂળથી ધર્મના ફળ પર્યંતનું કથન છે. વિનય ધર્મરૂપ વૃક્ષનું મૂળ છે અને મોક્ષ તેનું ફળ છે. સૂત્રકારે વિનીત અને અવિનીત શિષ્યના લક્ષણો અને બંનેના પરિણામને સમજાવ્યા છે. અવિનીત શિષ્ય વિપત્તિને અને વિનીત શિષ્ય સંપત્તિને પ્રાપ્ત કરે છે. જે આ બંનેને જાણે છે તે જ શિક્ષાને પ્રાપ્ત કરી શકે છે. તેની શિક્ષા ક્રમશઃ પુષ્પિત અને ફલિત થાય છે. અવિનીત શિષ્ય ઉદ્ધત, ક્રોધી, આજ્ઞાનો ભંગ કરનાર, સાહસિક અને અસંવિભાગી હોય છે. જે અસંવિભાગી છે તેને મોક્ષનો અધિકાર નથી. જે વિનીત છે તેનો અવશ્ય મોક્ષ થાય છે.

★ **ત્રીજા ઉદ્દેશકમાં** પૂજ્યના લક્ષણોનું નિરૂપણ છે. પારસમણિના સંયોગે લોઢું પણ સુવર્ણ બની જાય છે. ઉત્તમના સંગે જીવની ઉત્તમત્તા વધે છે. ગુરુનો વિનય તે પારસમણિ તુલ્ય છે. શિષ્યને તેનો સ્પર્શ થાય તો તેનો આત્મા ઉજ્જવળ બની જાય છે અને તે આ લોકમાં પણ પૂજનીય બની જાય છે.

જે સાધક ગુરુની સેવા શુશ્રૂષામાં સતત જાગૃત રહે છે, ગુરુના ઉપદેશ અનુસાર આચરણ કરે છે, ઉંમરમાં નાના પણ દીક્ષામાં મોટા સાધુની પૂજ્ય ભાવથી વિનયભક્તિ કરે છે, જે નમ્ર છે, સત્યવાદી છે, ગુરુ સેવામાં રત છે, અજ્ઞાત ભિક્ષાચર્યા કરે છે; અલાભમાં ખિન્ન અને લાભમાં ખુશ થતાં નથી; જે સંતુષ્ટ, કંટકસમ કઠોર વચન સહિષ્ણુ, જિતેન્દ્રિય તેમજ અવર્ણવાદ વિમુખ હોય છે, નિષિદ્ધ ભાષાનો પ્રયોગ કરતાં નથી; રસલોલુપતા, ચમત્કાર પ્રદર્શન, પિશુનતા કે દીનભાવ વગેરેથી રહિત છે; જે અકુતૂહલી છે, સર્વ જીવોને આત્મવત્ માને છે; કોઈને તિરસ્કૃત કરતાં નથી, તેમજ ક્રોધથી દૂર રહે છે; યોગ્ય માર્ગદર્શક છે; પાંચ મહાવ્રતોમાં રત છે, ત્રિગુપ્તિથી ગુપ્ત, કષાયવિજયી તથા જિનાગમ નિપુણ છે. સૂત્રોક્ત આ બધા ગુણોથી જે સંપન્ન હોય તે પૂજનીય બને છે.

★ **ચોથા ઉદ્દેશકમાં** મોક્ષના અનન્ય સાધનભૂત સમાધિનું વર્ણન છે. સમાધિ એટલે આત્મહિત, આત્મસુખ અથવા આત્માની સ્વસ્થતા. તેની પ્રાપ્તિના ચાર કારણ છે– વિનય, શ્રુત, તપ અને આચાર. સૂત્રકારે તે ચારે પ્રકારની સમાધિને પ્રાપ્ત કરવાના ચાર–ચાર ઉપાયોનું દર્શન કરાવીને મુનિને માટે મોક્ષનો સરળ અને શુદ્ધ માર્ગ પ્રગટ કર્યો છે.

★ જે વિનયમાં નમ્રતા, સરળતા અને સેવાભાવ છે તે **વિનયસમાધિ** છે. જે જ્ઞાનથી એકાગ્રતા અને સ્થિરભાવ સિદ્ધ થાય તે જ **શ્રુત સમાધિ** છે. જે તપમાં ભૌતિક વાસનાની ગંધ નથી, કીર્તિ કે પ્રશંસાની આકાંક્ષા નથી, માત્ર કર્મક્ષય માટે જેની આરાધના થાય તે **તપ સમાધિ** છે અને જે આચારમાં આત્મદમન, મૌન અને સમાધિભાવ હોય તે **આચાર સમાધિ** છે.

★ આ રીતે સાધનાનો પ્રારંભ વિનયથી થાય અને તેની પૂર્ણતા વિનયપૂર્વકની આચારવિશુદ્ધિ દ્વારા થાય છે. તેનું પરિણામ સહજ સુખરૂપ મોક્ષની પ્રાપ્તિ છે.

❖❖❖❖❖

# નવમું અધ્યયન

## વિનય સમાધિ

### [પ્રથમ ઉદ્દેશક]

**આશાતનાનું દુષ્પરિણામ :–**

**१** **थंभा व कोहा व मयप्पमाया, गुरुस्सगासे विणयं ण सिक्खे ।**
**सो चेव उ तस्स अभूइभावो, फलं व कीयस्स वहाय होइ ॥**

**છાયાનુવાદ :** स्तम्भाद्वा क्रोधाद्वा मदप्रमादात्, गुरु-सकाशे विनयं न शिक्षेत ।
स चैव तु तस्याऽभूतिभावः, फलमिव कीचकस्य वधाय भवति ॥

**શબ્દાર્થ :–** **थंभा** = અહંકારથી, માનસિક ઘમંડથી **कोहा** = ક્રોધથી **मय** = આઠ પ્રકારના મદ નિમિત્તે **पमाया** = પ્રમાદથી, આળસથી **गुरुस्सगासे** = ગુરુદેવની સમીપે, ગુરુ પ્રત્યે **विणयं** = વિનયને, વિનયનું આચરણ **ण सिक्खे** = શીખે નહિં, કરે નહીં **सो चेव** = તે અવિનય જ **तस्स** = તે સાધુની **अभूइभावो** = જ્ઞાનાદિ સંપત્તિના નાશ માટે થાય છે, ગુણોની અનુપલબ્ધિ રૂપ અભાવ માટે થાય છે અર્થાત્ તે પોતાના ગુણોનો નાશ નોતરે છે **कीयस्स** = વાંસનું **फलं** = ફળ **वहाय** = તેના જ નાશને માટે **होइ** = હોય છે.

**ભાવાર્થ :–** જે મુનિ ઘમંડથી, ગુસ્સાથી કે આઠ પ્રકારના મદથી અથવા આળસથી ગુરુદેવની સમીપે રહીને વિનયની શિક્ષા લેતો નથી અર્થાત્ ગુરુ પ્રત્યે વિનયનું આચરણ કરતો નથી, તે અવિનય જ તેના ગુણોના વિનાશ માટે હોય છે, જેમ કે વાંસનું ફળ વાંસના જ વિનાશ માટે હોય છે.

**२** **जे यावि मंदित्ति गुरुं विइत्ता, डहरे इमे अप्पसुए त्ति णच्चा ।**
**हीलंति मिच्छं पडिवज्जमाणा, करेंति आसायण ते गुरुणं ॥**

**છાયાનુવાદ :** ये चापि 'मन्द' इति गुरुं विदित्वा, 'डहरो' ऽयं 'अल्पश्रुत' इति ज्ञात्वा ।
हीलयन्ति मिथ्या प्रतिपद्यमाना, कुर्वन्त्याशातनां ते गुरूणाम् ॥

**શબ્દાર્થ :–** **जे यावि** = જે સાધુઓ **गुरुं** = ગુરુને **मंदि त्ति** = આ મંદ છે, પ્રજ્ઞા વિકલ છે તેમ

**विइत्ता** = જાણીને **डहरे** = અલ્પ વયસ્ક છે **अप्पसुए त्ति** = આ અલ્પશ્રુત છે, તેમ **णच्चा** = જાણીને **हीलंति** = ગુરુની અવહેલના કરે છે **मिच्छं पडिवज्जमाणा** = ગુરુના આદેશથી વિપરીત આચરણ કરી **गुरुणं** = ગુરુઓની **आसायण** = આશાતના **करेंति** = કરે છે.

**ભાવાર્થ :–** જે મુનિ ગુરુને "આ મંદ છે," "આ અલ્પવયસ્ક છે" અને "અલ્પશ્રુત છે," તેમ જાણીને, તેમના ઉપદેશ કે આદેશ–નિર્દેશને મિથ્યા માનીને કે તેમની આજ્ઞાથી વિપરીત આચરણ કરીને તેઓની અવહેલના કરે છે, તે ગુરુની આશાતના કરે છે.

**३**

**पगईइ मंदा वि भवंति एगे, डहरा वि य जे सुयबुद्धोववेया ।**
**आयारमंता गुणसुट्ठिअप्पा, जे हीलिया सिहिरिव भास कुज्जा ॥**

**છાયાનુવાદ :** **प्रकृत्या मन्दा अपि भवन्ति एके, डहरा अपि च ये श्रुतबुद्ध्यपेताः ।**
**आचारवंतो गुणसुस्थितात्मनो, ये हीलिताः शिखीव भस्म कुर्युः ॥**

**શબ્દાર્થ :– एगे** = કોઈ એક વયોવૃદ્ધ સાધુ **पगईइ वि** = સ્વભાવથી જ, પ્રકૃતિથી **मंदा वि** = મંદબુદ્ધિ– વાળા **भवंति** = હોય છે **डहरा वि य** = અલ્પવયસ્ક પણ કોઈ **सुयबुद्धोववेया** = શ્રુત અને બુદ્ધિથીયુક્ત **भवंति** = હોય છે, એવા કોઈપણ **आयारमंता** = આચારવાન્ અને **गुणसुट्ठिअप्पा** = ગુણોમાં સ્થિર છે આત્મા જેનો **जे** = એવા, તે આચાર્ય કે ગુરુવર્યોની **हीलिया** = અવહેલના(તિરસ્કાર) કરવામાં આવે તો **सिहिरिव** = અગ્નિની સમાન **भास** = ગુણોને ભસ્મસાત્ **कुज्जा** = કરે છે.

**ભાવાર્થ :–** કોઈ આચાર્ય વયોવૃદ્ધ હોવા છતાં સ્વભાવથી મંદ(પ્રજ્ઞાવિકલ) હોય છે અને કોઈ અલ્પવયસ્ક હોવા છતાં પણ શ્રુત અને બુદ્ધિથી સંપન્ન હોય છે. તેવા કોઈપણ આચારવાન અને ગુણોમાં સુસ્થિતાત્મા આચાર્ય, વડીલ ગુરુવર્યોની અવજ્ઞા કરનારા (શિષ્યો)ની ગુણરાશિ, જેમ અગ્નિમાં સર્વ પદાર્થો ભસ્મીભૂત થઈ જાય છે; તેમ નષ્ટ થઈ જાય છે.

## વિવેચન :–

પ્રસ્તુત ત્રણ ગાથાઓમાંથી પહેલી ગાથામાં ગુરુની આશાતનાના કારણ દર્શાવીને અવિનયનું ફળ વાંસ ફળના દષ્ટાંતે, બીજી ગાથામાં આશાતનાનું સ્વરૂપ અને ત્રીજી ગાથામાં આશાતાનાનું ફળ અગ્નિના દષ્ટાંતે દર્શાવ્યું છે.

**थंभा व कोहा :–** શાસ્ત્રકારે આ પ્રથમ ગાથાના પ્રથમ ચરણમાં વિનય નહીં શીખવાના અર્થાત્ અવિનય કરવાના મુખ્ય ચાર કારણો રજૂ કર્યા છે. યથા– **(१) थंभा** = જે વ્યક્તિ સ્તંભની જેમ સ્વભાવથી અક્કડ, ઘમંડી, અહંકારી હોય, તે અહંભાવના કારણે ગુરુ પ્રતિ વિનયનું આચરણ કરી શકતા નથી ભલેને તે પોતે ગુણવાન હોય કે ગુણહીન હોય. **(२) कोहा** = ક્રોધી વ્યક્તિ ક્રોધાવેશના કારણે ગુરુપ્રતિ વિનયનું

આચરણ કરી શકતા નથી. (૩) **मय** = મદ. જે વ્યક્તિ જાતિ, કુળ, બળ, જ્ઞાન વગેરે ગુણોથી સંપન્ન હોવાના કારણે પોતાને શ્રેષ્ઠ કે સર્વશ્રેષ્ઠ માને છે તે મદના કારણે ગુરુપ્રતિ વિનયનું આચરણ કરી શકતા નથી. મદ, માન, અહંકાર અવિનયનું મુખ્ય–પ્રધાન કારણ છે તે સૂચિત કરવા જ સૂત્રકારે 'થંભા' અને 'મય' આ બે પદ દ્વારા એક જ વાતનું બે અપેક્ષાએ કથન કર્યું છે. એકાર્થક જણાતા આ બંને શબ્દમાં ભિન્નતા એ છે કે માન વ્યાપક છે તેમાં ગુણી અવગુણી નિર્ગુણી સર્વનો સમાવેશ થાય છે જ્યારે જાતિ આદિ મદમાં ગુણ સંપન્ન વ્યક્તિનો જ સમાવેશ થાય છે.

વ્યાખ્યાકારોએ **थंभा** શબ્દના કારણે **मय** પદને **माया** શબ્દથી બનેલો સ્વીકારીને વિનય નહીં કરવામાં ત્રીજું કારણ માયાને કહ્યું છે.

**विणयं ण सिक्खे :–** અહીં **सिक्खे** પદ શીખવાના અર્થમાં નથી પણ આચરણના અર્થમાં છે. વાંસના ફળનું જે દષ્ટાંત આપવામાં આવ્યું તે પણ વિનયની શિક્ષા ન શીખવા કરતા વિનયનું આચરણ ન કરવાની સાથે ઘટિત થાય છે.

**फलं व कीयस्स :–** વાંસને પ્રાયઃ ફળ લાગતું નથી. જો ક્યારેક કોઈ વાંસને ફળ લાગે તો તે ફળ વાંસનું નાશક થાય છે. તેમજ ગુરુનો વિનય નહીં કરનારનો તે અવિનય તેના આત્મગુણોનો નાશક થાય છે. આ રીતે ગાથામાં વિનયનું આચરણ નહીં કરનારને વાંસના ફળથી ઉપમિત કર્યો છે. પવન વહેવાથી વાંસ અવાજ કરે, તેથી વાંસને કીચક કહેવાય છે. તે વાંસ ફળ આવતાં જ સુકાઈ જાય છે અને નષ્ટ થઈ જાય છે.

**अभूइभावो :–** ભૂતિ એટલે વૈભવ ઋદ્ધિ, તેનો અભાવ તે અભૂતિભાવ છે. સંપૂર્ણ મળીને અર્થ થાય કે ઋદ્ધિ અને વૈભવનો અભાવ. તેનો પર્યાયવાચી શબ્દ છે વિનાશભાવ. શિષ્યના આત્મવૈભવનો, આત્મ–ગુણોનો નાશ થાય તે અભૂતિભાવ કહેવાય છે.

**जे यावि मंदि त्ति...हीलंति... :–** ગુરુ પ્રત્યે શિષ્ય વિનય કરવાના સ્થાને તેઓ પ્રતિ વિપરીત આચરણ કરતાં અવહેલના, આશાતનાની પ્રવૃત્તિ કરે, તેની પાછળ શિષ્યના ત્રણ પ્રકારના વિચાર(ભાવ) આ ગાથામાં દર્શાવ્યા છે, તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે– (૧) આ ગુરુ તો બુદ્ધિહીન છે એનામાં કોઈ અક્કલ નથી. આ પ્રકારે હીલના–તિરસ્કાર કરે. (૨) આ(ગુરુ) તો મારાથી નાના છે, એના જેવડા તો મારે પુત્ર હતા. એમ માની વિનય ન કરતાં ઉલટા હીલના–તિરસ્કાર કરે. (૩) આ તો અલ્પશ્રુત છે, એ તો શાસ્ત્ર ભણ્યા જ નથી, કક્કો ય આવડતો નથી, આચાર્ય બની ગયા છે; એમ માની વિનય ન કરે પરંતુ વિપરીત ભાવ, વિપરીત વ્યવહાર રાખતાં **સમયે–સમયે** આશાતના કરે.

પ્રાયઃ આચાર્ય પદ વિશિષ્ટ બુદ્ધિ, જ્ઞાન સંપન્ન સાધુને જ દેવામાં આવે છે અને ગુરુ તો કોઈપણ થઈ શકે છે તે ઉપરાંત ક્યારેક અન્ય યોગ્ય સાધુના અભાવે પરિસ્થિત વશ આગમ અનુસાર કોઈ અલ્પબુદ્ધિ– વાળા સાધુ પણ સૌભાગ્ય વગેરે વિશિષ્ટતાઓના કારણે આચાર્ય પદને પામી શકે છે; તેથી ગાથામાં વર્ણિત બાબતો ઘટિત થઈ શકે છે.

**આશાતના :–** ગુરુની કદર્થના કરવી; ગુરુની અવહેલના, અવજ્ઞા અથવા લઘુતા કરવાનો પ્રયત્ન કરવો;

તે આશાતના છે. ગુરુ કે આચાર્ય આદિ પ્રત્યે પ્રતિકૂલ આચરણ, ઉદ્દંડતા, ઉદ્ધતતા, વિનયમર્યાદા રહિત વ્યવહાર કરવો, ગુરુવચન ન માનવું વગેરે પ્રવૃત્તિઓ આશાતના છે.

દશાશ્રુતસ્કંધ સૂત્રમાં ૩૩ ગુરુની આશાતનાઓ કહી છે. અન્ય પણ અનેક આશાતનાઓના ભાવ શાસ્ત્રોમાં છે. ખરેખર તો જેના ચિત્તમાં અવિનય પેસી જાય, આદર બહુમાનનો ભાવ ન રહે ત્યારે તે સેંકડો પ્રકારની આશાતનાઓ કરી શકે છે; તેની ગણના થઈ શકતી નથી.

**पगईइ मंदा वि भवंति एगे :–** મતિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમની વિચિત્રતાએ કોઈને બુદ્ધિ મંદ હોય; શ્રુતજ્ઞાનાવરણ કર્મના ક્ષપોપશમની વિચિત્રતાએ કોઈને શ્રુતજ્ઞાનની અલ્પતા હોય, આ રીતે મતિ અને શ્રુતજ્ઞાનની બહુલતા કે અલ્પતાને લઈને ચારે ય ભંગ થઈ શકે છે. આ કારણે ગુરુ કે આચાર્ય પુણ્ય પ્રભાવે થઈ જાય પણ જ્ઞાન કે બુદ્ધિમાં શિષ્ય આગળ વધી શકે છે. તેમ છતાં ગુરુ તો ગુરુ જ રહ્યા. તેઓ પ્રતિ તો શિષ્યને જીવનભર વિનયશીલ રહેવું જ ઘટે. અન્યથા તેના પોતાનું જ કલ્યાણ અટકી પડે છે અને તે આશાતનાના દુષ્ફળનો ભાગી બને છે.

**सिहिरिव भास कुज्जा :–** આચાર્ય સ્વયં કોઈનું અહિત કરતા નથી. પરંતુ આશાતના કરનાર શિષ્યના આશાતનાજન્ય પાપકર્મો જ તેના જ્ઞાનાદિગુણોને બાળીને ભસ્મીભૂત કરી નાંખે છે. જેમ અગ્નિનો સ્પર્શ કરનાર પોતાના દોષથી જ દાઝે છે, અગ્નિમાં અન્યને દઝાડવાનો કોઈ ઈરાદો હોતો નથી. તેમ ગુરુનો અવિનીત શિષ્યનું અહિત કરવાનો આશય નથી હોતો, પણ તે અવિનયરૂપ અપરાધ કરનાર સ્વયં પોતાના અપરાધથી જ ગુણભ્રષ્ટ થાય છે.

**हिलंति मिच्छं पडिवज्जमाणा :– मिच्छं** = ખોટો, વિપરીત, ઉલટો. **पडिवज्जमाणा** = થઈને, સ્વીકારીને, **हीलंति** = અવહેલના આશાતના કરનાર. આ રીતે આ વાક્યનો અર્થ થાય– ગુરુથી વિપરીત ભાવ રાખી, તેઓની આજ્ઞાથી વિરુદ્ધ આચરણ કરી તેઓની અવહેલના, નિંદા કરે તો તે શિષ્ય આશાતનાનો ભાગી થાય છે અને તે સાધક આત્મગુણોનો નાશ કરતાં કરતાં ક્રમશઃ મિથ્યાત્વને પ્રાપ્ત થઈને અનંત સંસાર પરિભ્રમણ કરે છે.

## ગુરુ આશાતનાના દુષ્પરિણામ દર્શક દૃષ્ટાંતો :–

**૪** **जे यावि णागं डहरंति णच्चा, आसायए से अहियाय होइ ।**
**एवायरियं पि हु हीलयंतो, णियच्छइ जाइपहं खु मंदो ॥**

**છાયાનુવાદ :** **यश्चापि नागं डहरं इति ज्ञात्वा, आशातयेयुः तस्याऽहिताय भवति ।**
**एवमाचार्यमपि हीलयन्, निर्गच्छति जातिपथं तु मन्दः ॥**

**શબ્દાર્થ :– जे यावि** = જે કોઈ અજ્ઞાની પુરુષ **णागं** = સર્પને **डहरं ति** = નાનુ બચ્ચું છે એમ **णच्चा** = જાણીને **आसायए** = તેની કદર્થના કરે છે **से** = તે ખીજાયેલો સર્પ અથવા તે અવહેલના

**अहियाय** = અહિતને માટે **होइ** = હોય છે **एवं** = એ પ્રમાણે **आयरियं पि** = આચાર્યની પણ **हीलयंतो** = અવહેલના કરનારો **मंदो** = મૂર્ખ, અવિનીત **जाइपहं** = જન્મ મરણ, એકેન્દ્રિયાદિ જાતિ પથમાં **णियच्छइ** = જાય છે.

**ભાવાર્થ :–** કોઈ મૂર્ખ માનવ સર્પને નાનો જાણીને તેની કદર્થના કરે તો તે કદર્થના તેના માટે જ અહિતકારી થાય છે. તેવી જ રીતે આચાર્યની અવહેલના કરનાર સ્વયં વિવિધ યોનિઓમાં પરિભ્રમણ કરે છે.

**૫** **आसीविसो यावि परं सुरुट्ठो, किं जीवणासाओ परं णु कुज्जा ।**
**आयरियपाया पुण अप्पसण्णा, अबोहि आसायण णत्थि मोक्खो ॥**

**છાયાનુવાદ :** आशीविषश्चापि परं सुरुष्टः, किं जीवितनाशान्परं नु कुर्यात् ? ।
आचार्यपादाः पुनरप्रसन्नाः, अबोध्याशातनया नास्ति मोक्षः ॥

**શબ્દાર્થ :– परं** = અત્યંત **सुरुट्ठो** = કુપિત થયેલો **आसीविसो यावि** = આશીવિષ સર્પ પણ **जीवणासाओ** = પ્રાણનાશથી **परं** = અધિક **किं णु कुज्जा** = શું કરી શકે છે ? **पुण** = પરન્તુ **आयरियपाया** = પૂજ્યપાદ આચાર્યોને **अप्पसण्णा** = અપ્રસન્ન કરવામાં આવે તો **अबोहि** = ધર્મનો અભાવ, મિથ્યાત્વની પ્રાપ્તિ થાય છે **आसायण** = તેમની આશાતનાથી **मोक्खो** = મુક્ત, અલગ **णत्थि** = થતો નથી, થઈ શકતો નથી.

**ભાવાર્થ :–** જો આશીવિષ સર્પ ક્યારેક કુપિત થાય તો પ્રાણનાશથી અધિક કંઈ કરી શકે નહિ. પરંતુ જો આશાતના વડે પૂજ્ય આચાર્ય ગુર્વાદિને અપ્રસન્ન–ખિન્ન કરવામાં આવે તો શિષ્યને અબોધિ તથા આશાતનાની પ્રાપ્તિ થાય છે પરંતુ તેને મોક્ષની પ્રાપ્તિ થતી નથી.

**૬** **जो पावगं जलियमवक्कमिज्जा, आसीवीसं वावि हु कोवइज्जा ।**
**जो वा विसं खायइ जीवियट्ठी, एसोवमासायणया गुरुणं ॥**

**છાયાનુવાદ :** यः पावकं ज्वलितमपक्रामेद्, आशीविषं वाऽपि खलु कोपयेत् ।
यो वा विषं खादति जीवितार्थी, एषोपमाशातनया गुरूणाम् ॥

**શબ્દાર્થ :– जो** = જે કોઈ **जलियं** = પ્રજ્વલિત **पावगं** = અગ્નિનું **अवक्कमिज्जा** = અપક્રમણ કરે **आसीवीसं वि** = આશીવિષ સર્પને પણ **कोवइज्जा** = ક્રોધિત કરે **जीवियट्ठी** = જીવનનો ઈચ્છુક **विसं** = હલાહલ વિષને **खायइ** = ખાઈ જાય **एसोवमा** = આ ઉપમાઓ **गुरुणं** = ગુરુવર્યોની **आसायणया** = આશાતના સાથે સંબંધ રાખનારી છે.

**ભાવાર્થ :–** જેમ કોઈ જીવનનો ઈચ્છુક વ્યક્તિ બળતી અગ્નિમાં પ્રવેશ કરે; દૃષ્ટિવિષ સર્પને કોપાયમાન કરે; કે વિષનું ભક્ષણ કરે, તેવા અણસમજૂ(સમજણ વિનાના) કૃત્યની ઉપમા ગુરુની આશાતના કરનાર શિષ્યને લાગુ પડે છે. અર્થાત્ તે સર્વે ક્રિયાઓ જેમ જીવન માટે હાનિકારક છે, તેમ ગુરુની આશાતના પણ

સંયમ જીવન માટે હાનિકારક છે.

**૭**

**सिया हु से पावय णो डहेज्जा, आसीविसो वा कुविओ ण भक्खे ।**
**सिया विसं हालहलं ण मारे, ण यावि मोक्खो गुरुहीलणाए ॥**

**છાયાનુવાદ :** **स्यात्खलु स पावको नो दहेत्, आशीविषो वा कुपितो न भक्षयेत् ।**
**स्याद्विषं हालाहलं न मारयेत्, न चापि मोक्षो गुरुहीलनया ॥**

**શબ્દાર્થ :– सिया** = કદાચિત્ **से** = તે **पावय** = પ્રચંડ અગ્નિ **णो डहेज्जा** = દહન કરે નહિ **कुविओ** = કુપિત થયેલ **आसीविसो** = આશીવિષ સર્પ **ण भक्खे** = કરડે નહિ **से** = તે **हालहलं** = હલાહલ નામનું તીવ્ર વિષ પણ **ण मारे** = મારે નહિ પરન્તુ **गुरुहीलणाए** = ગુરુની અવહેલના કરવાથી **ण यावि मुक्खो** = મોક્ષ કદી મળતો નથી.

**ભાવાર્થ :–** કદાચિત્ વિદ્યા કે મંત્ર આદિના બળથી અગ્નિ બાળે નહિ, કોપાયમાન થયેલો દષ્ટિવિષ સર્પ કરડે નહિ; તેમજ હલાહલ વિષ પણ મારે નહિ; તેમ શક્ય બને, પરંતુ ગુરુની આશાતના રૂપ અપરાધથી મુક્તિ થવી શક્ય નથી.

**૮**

**जो पव्वयं सिरसा भित्तुमिच्छे, सुत्तं व सीहं पडिबोहएज्जा ।**
**जो वा दए सत्तिअग्गे पहारं, एसोवमासायणया गुरूणं ॥**

**છાયાનુવાદ :** **यः पर्वतं शिरसा भेत्तुमिच्छेत्, सुप्तं वा सिहं प्रतिबोधयेत् ।**
**यो वा ददीत शक्त्याग्रे प्रहारं, एषोपमाऽऽशातनया गुरूणाम् ॥**

**શબ્દાર્થ :– जे** = જે કોઈ પુરુષ **पव्वयं** = પર્વતને **सिरसा** = મસ્તકથી **भित्तुं** = ફોડવાની ઈચ્છા કરે **सुत्तं** = સૂતેલા **सीहं** = સિંહને **पडिबोहएज्जा** = પ્રતિબોધિત કરે, જગાડે **सत्तिअग्गे** = શક્તિની ધાર પર, ભાલાની અણિ ઉપર **पहारं** = હાથપગથી પ્રહાર **दए** = કરે **एसोवमा** = આ ઉપમાઓ **गुरूणं** = ગુરુઓની **आसायणया** = આશાતના સાથે સંબંધ ધરાવે છે.

**ભાવાર્થ :–** કોઈ મૂર્ખ વ્યક્તિ પોતાના મસ્તક વડે પર્વતને ભેદી નાંખવાની ઈચ્છા કરે તથા કોઈ સૂતેલા સિંહને જાગૃત કરવાની ઈચ્છા રાખે, તેમજ કોઈ ભાલાની અણી ઉપર હાથ–પગથી પ્રહાર કરે; તેવા સમજણ વિનાના કૃત્યોની ઉપમા ગુરુની આશાતના કરનાર શિષ્યને લાગુ પડે છે અર્થાત્ તે સર્વે ક્રિયાઓ જેમ જીવન માટે હાનિકારક છે, તેમ ગુરુની આશાતના પણ સંયમ જીવન માટે હાનિકારક છે.

**૯**

**सिया हु सीसेण गिरिं पि भिंदे, सिया हु सीहो कुविओ ण भक्खे ।**
**सिया ण भिंदेज्ज व सत्तिअग्गं, ण यावि मोक्खो गुरुहीलणाए ॥**

**છાયાનુવાદ :** **स्याद्वा शीर्षेण गिरिमपि भिन्द्यात्, स्याद्वा सिंहः कुपितो न भक्षेत् ।
स्यान्न भिन्द्याद्वा शक्त्यग्रं, न चापि मोक्षो गुरुहीलनया ॥**

**શબ્દાર્થ :– सिया** = કદાચિત્ **सीसेण** = મસ્તકથી **गिरिं पि** = પર્વતને **भिंदे** = ભેદી શકે **कुविओ** = કુપિત થયેલો **सीहो** = સિંહ **ण भक्खे** = ભક્ષણ કરે નહિ **सत्तिअग्गे** = ભાલાની ધાર **ण भिंदिज्ज** = હસ્તાદિને વિંધે નહિ, આ સર્વ વાતો કદાચિત્ બની જાય પરંતુ **ण यावि मोक्खो गुरुहीलणाए** = ગુરુની અવહેલના કરનારનો મોક્ષ થતો નથી.

**ભાવાર્થ :–** કદાચિત્ કોઈ(પોતાની શક્તિથી અથવા દૈવયોગે) મસ્તક વડે પર્વતને ભેદી નાખે, કોપેલો સિંહ કદાચ ભક્ષણ કરે નહિ તથા ભાલાની અણી પણ કદાચ વિંધે નહિ પરંતુ ગુરુનો કરેલો તિરસ્કાર કે તેની અવગણના નિષ્ફળ જતી નથી અર્થાત્ તે સાધકના મોક્ષમાર્ગમાં બાધા ઉત્પન્ન કરે જ છે.

**१०** **आयरियपाया पुण अप्पसण्णा, अबोहि आसायण णत्थि मोक्खो ।
तम्हा अणाबाहसुहाभिकंखी, गुरुप्पसायाभिमुहो रमेज्जा ॥**

**છાયાનુવાદ :** **आचार्यपादाः पुनरप्रसन्नाः, अबोधिमाशातनया नास्ति मोक्षः ।
तस्मादनाबाधसुखाभिकाङ्क्षी, गुरुप्रसादाभिमुखो रमेत ॥**

**શબ્દાર્થ :– आयरियपाया** = પૂજ્યપાદ આચાર્ય **अप्पसण्णा** = અપ્રસન્ન થયેલા હોય તો **अबोहि** = અબોધિકારક થાય છે, તેથી નિશ્ચિત છે કે **आसायणअ**= આશાતનાથી **मोक्खो** = મોક્ષ **णत्थि** = થાય નહિ **तम्हा** = તે માટે **अणाबाहसुहाभिकंखी** = અવ્યાબાધ સુખના ઈચ્છુક ભવ્યાત્માએ **गुरुप्पसायाभिमुहो** = ગુરુની પ્રસન્નતાને કેળવતો **रमिज्जा** = વિનય, સંયમ–તપમાં લીન રહે, રમણ કરે.

**ભાવાર્થ :–** ઉપરોક્ત ગુરુ આચાર્યાદિની અપ્રસન્નતા દ્વારા નિષ્પન્ન અબોધિ, આશાતના અને અનિર્વાણને જાણીને મોક્ષના અવ્યાબાધ સુખને ઈચ્છનાર સાધક સદા ગુરુનો કૃપાપાત્ર થાય; તેવા વિનય, સંયમ, તપના આચરણોમાં લીન રહે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં સૂત્રકારે આશાતનાના દુષ્પરિણામોને સમજાવવા માટે કુલ આઠ ઉપમાઓ આપી છે. પહેલી અને બીજી ગાથામાં વાંસનું ફળ અને અગ્નિ એમ બે દષ્ટાંતો આપ્યા છે.

સાધક જીવનમાં ગુર્વાજ્ઞા પાલનનું અનેરું મહત્ત્વ છે. ગુરુકૃપા વિના અધ્યાત્મ વિકાસ શક્ય નથી. અહંકારાદિ કષાયનો નાશ ગુરુ ઉપાસનાથી સહજ થઈ શકે છે. આ રીતે આત્મ સાધનાના માર્ગમાં ગુરુ દેવ સહચારી ભોમિયા સમા છે. સાધક આશાતનાથી દૂર રહે તેવો શુભ હેતુ આ ગાથા દ્વારા વ્યક્ત થાય છે. તેના દષ્ટાંતો આ પ્રમાણે છે–

સર્પ નાનો હોવા છતાં તે વિષધર હોય છે. તેને છંછેડીને કોપિત કરવો, તે પોતાના અહિત માટે જ છે. તેમ અલ્પવયસ્ક કે અલ્પશ્રુત આચાર્યની આશાતના પણ પોતાના અહિત માટે જ છે.

(૧) અગ્નિનું અતિક્રમણ કરવું (૨) આશીવિષ સર્પને કોપિત કરવો અને (૩) વિષનું ભક્ષણ કરવું. આ ત્રણે કાર્ય કરીને જીવવાની ઈચ્છા રાખવી તે મૂર્ખતા છે.

(૪) પર્વતને મસ્તકથી ભેદવો (૫) સૂતેલા સિંહને જગાડવો (૬) તીક્ષ્ણ ભાલાની ધાર પર હાથ કે પગ વડે પ્રહાર કરવો. આ ત્રણે કાર્ય પોતાના નાશ માટે જ છે. આ છએ દષ્ટાંતો વ્યક્તિના સ્વયંના અહિત માટે કે નાશ માટે જ છે. તે ઉપરાંત કદાચ કોઈક દૈવી પ્રયોગથી, મંત્ર–તંત્રના ચમત્કાર દ્વારા તેમાંથી બચી શકાય. અર્થાત્ અગ્નિનું ઉલ્લંઘન થઈ શકે; આશીવિષ સર્પનું ઝેર ન ચડે; આ રીતે અગ્નિ, વિષ વગેરે પ્રયોગો ક્યારેક નિષ્ફળ થઈ શકે છે. પરંતુ શિષ્ય માટે ગુરુની આશાતના ના પરિણામથી બચવું અતિદુષ્કર છે.

**णत्थि मोक्खो :–** (૧) જ્યાં સુધી આશાતનાનો ભાવ દૂર ન થાય, આશાતના જન્ય કર્મનો નાશ ન થાય ત્યાં સુધી તેનો મોક્ષ થાય નહીં. અહીં મોક્ષનો અભાવ નહીં સમજતાં મોક્ષની અતિદુષ્કરતા સમજવી જોઈએ. (૨) આશાતનાનું ફળ ભોગવ્યા વિના ન છૂટે.

સ્યાદ્વાદમય વીતરાગ માર્ગમાં **णत्थि मोक्खो, गिही पव्वइए ण से** વગેરે શબ્દ પ્રેરણાત્મક અને ઉપદેશાત્મક છે, તે એકાંતાત્મક હોતા નથી. કારણ કે ભવી જીવ તો મોક્ષગામી હોય છે અને પ્રતિક્રમણ પશ્ચાત્તાપ વગેરે એવા ઉપાયો છે કે જે ગંભીર અપરાધીને પણ પાપમુક્ત કરાવી શકે છે અને તેના કર્મ પહાડના ભુક્કા બોલાવી દે છે. તાત્પર્ય એટલું જ છે કે અવ્યાબાધ સુખાભિલાષી સાધક આશાતનાઓ વડે સંયમ, તપની સાધનાઓને નિષ્ફળ ન થવા દે પરંતુ વિનય વિવેક વડે ગુરુ કૃપા પ્રાપ્ત કરી, કર્મક્ષય કરવાની સાધનામાં કટિબદ્ધ થઈ, શીઘ્ર કર્મક્ષય કરી મોક્ષગામી બને.

**अबोहि आसायण णत्थि मोक्खो :–** આ વાક્યના વિવિધ રૂપ સ્વીકારતાં અનેક રીતે અર્થ થાય છે– (૧) **अबोधिं आशातनया नास्ति मोक्ष** = ગુરુને ખિન્ન કરનાર શિષ્યને અબોધિ(મિથ્યાત્વ)ની પ્રાપ્તિ થાય અને તે આશાતનાના ફળથી મુક્ત થાય નહીં (૨) પરંતુ તે શિષ્યને અબોધિ અને આશાતનાની પ્રાપ્તિ થાય તથા મોક્ષ ક્યારે ય થાય નહિ. (૩) **अबोध्याशातनया** = તે શિષ્યને અજ્ઞાનતા અને આશાતના વડે ક્યારે ય મોક્ષ મળે નહીં. (૪) આશીવિષ સર્પ તો એકવાર જીવનનો નાશ કરે પરંતુ ગુરુની અપ્રસન્નતાથી અબોધિ અને આશાતના થાય, તેથી ભવોભવની, જન્મ મરણની વૃદ્ધિ થાય અને મોક્ષ થાય નહિ (૫) ગુરુ અપ્રસન્ન થાય તો જ્ઞાન ઘટે, આશાતના વધે અને મોક્ષ અટકી જાય.

શ્લોક બદ્ધતાના કારણે ક્રિયાપદની ઉણપ હોવાથી અને **अबोहि आसायण** શબ્દમાં વિભક્તિના અભાવથી અર્થના વિકલ્પો થયા છે. તે સર્વ વિકલ્પોમાં શાસ્ત્રકારનો આશય સુરક્ષિત છે.

## વિનયશીલ શિષ્યની ગુરુ પ્રત્યે કર્તવ્ય નિષ્ઠા :–

**११** **जहाहिअग्गी जलणं णमंसे, णाणाहुईमंतपयाभिसित्तं ।**
**एवायरियं उवचिट्ठएज्जा, अणंतणाणोवगओ वि संतो ॥**

**છાયાનુવાદ :** यथाऽऽहिताग्निर्ज्वलनं नमस्येद्, नानाहुतिमन्त्रपदाभिषिक्तम् ।
एवमाचार्यमुपतिष्ठेत्, अनन्तज्ञानोपगतोऽपि सन् ॥

**શબ્દાર્થ :–** **आहिअग्गी** = અગ્નિહોત્રી બ્રાહ્મણ **णाणाहुईमंतपयाभिसित्तं** = વિવિધ પ્રકારની આહુતિઓ અને મંત્ર–પદોથી અભિષિક્ત કરેલી **जलणं** = અગ્નિને **णमंसे** = નમસ્કાર કરે છે **अणंतणाणोवगओ वि संतो** = અનંત જ્ઞાની થઈ જવા છતાં પણ શિષ્ય **आयरियं** = આચાર્યની **उवचिट्ठएज्जा** = વિનયપૂર્વક સેવા ભક્તિ કરે.

**ભાવાર્થ :–** જેમ અગ્નિહોત્રી બ્રાહ્મણ અગ્નિમાં, ભિન્ન ભિન્ન પ્રકારના ઘી, મધ વગેરે પદાર્થોની આહુતિઓ આપી તથા વેદના મંત્રપદો વડે અભિષિક્ત કરી, હોમાગ્નિને નમસ્કાર કરે છે તેમ શિષ્ય અનંતજ્ઞાનને પામવા છતાં પણ વિનયપૂર્વક ગુરુદેવની ભક્તિ કરે.

**૧૨** **जस्संतिए धम्मपयाइं सिक्खे, तस्संतिए वेणइयं पउंजे ।**
**सक्कारए सिरसा पंजलीओ, कायग्गिरा भो मणसा य णिच्चं ॥**

**છાયાનુવાદ :** यस्यान्तिके धर्मपदानि शिक्षेत, तस्यान्तिके वैनयिकं प्रयुञ्जीत ।
सत्कारयेत् शिरसा प्राञ्जलिः सन्, कायेन गिरा भो मनसा च नित्यम् ॥

**શબ્દાર્થ :–** **जस्संतिए** = જેની સમીપમાં **धम्मपयाइं** = ધર્મ શાસ્ત્રો, ધર્મનો બોધ, ધર્મ શિક્ષા **सिक्खे** = શીખે, મેળવે, પ્રાપ્ત કરે **तस्संतिए** = તે ગુરુદેવની સમીપે શિષ્ય સદા **वेणइयं** = વિનયનો **पउंजे** = પ્રયોગ કરે **भो** = હે શિષ્ય ! **पंजलीओ** = હાથ જોડીને **सिरसा** = મસ્તક વડે તથા **कायग्गिरा** = વચન અને શરીરથી **मणसा** = મનથી **णिच्चं** = સદાકાળ શિષ્ય, ગુરુનો **सक्कारए** = સત્કાર કરે.

**ભાવાર્થ :–** શિષ્યનું કર્તવ્ય છે કે જે ગુરુની પાસેથી ધર્મ શાસ્ત્રના ગૂઢ રહસ્યો શીખ્યો હોય તે ગુરુનો યથાયોગ્ય વિનય કરે, મસ્તકે અંજલી જોડી તેમને પ્રણામ કરે, વચનથી તેમનો સત્કાર કરે અને કાયાથી તેમની સેવા કરે; આ રીતે હંમેશાં મન, વચન અને કાયા, તે ત્રણે યોગોથી ગુરુનો સત્કાર કરે.

**૧૩** **लज्जा दया संजम बंभचेरं, कल्लाणभागिस्स विसोहिठाणं ।**
**जे मे गुरू सययमणुसासयंति, ते हं गुरुं सययं पूययामि ॥**

**છાયાનુવાદ :** लज्जा दया संयम ब्रह्मचर्यं, कल्याणभागिनः विशोधिस्थानम् ।
ये मां गुरवः सततमनुशासयंति, तानहं गुरून् सततं पूजयामि ॥

**શબ્દાર્થ :–** **कल्लाणभागिस्स** = કલ્યાણ ભાગી સાધુને **लज्जा** = લજ્જા, દોષ સેવનનો ભય **दया** = દયા, અનુકંપા **संजम** = સંયમ – પૃથ્વીકાયાદિ જીવોની રક્ષા તથા **बंभचेरं** = બ્રહ્મચર્ય, એ સર્વે **विसोहिठाणं**

= વિશુદ્ધિના સ્થાન, કર્મમલ દૂર કરવાના સ્થાન **जे** = જે **गुरू** = ગુરુ **मे** = મને **सययं** = નિરન્તર **अणुसासयंति** = હિત શિક્ષા આપે છે **ते हं गुरुं** = તે ગુરુઓની હું **सययं** = નિરન્તર **पूययामि** = પૂજા કરું છું.

**ભાવાર્થ :–** કલ્યાણકામી સાધુને માટે લજ્જા, દયા, સંયમ અને બ્રહ્મચર્ય વિશુદ્ધિના સ્થાનો છે. જે ગુરુ મને તેની સતત શિક્ષા આપે છે; તેઓની હું સતત પૂજા કરું છું.

## વિવેચન :–

પ્રસ્તુત ત્રણ ગાથાઓમાં ગુરુ પ્રત્યે શિષ્યના વિનયયુક્ત ભક્તિ ભાવો અભિવ્યક્ત કર્યા છે, જેમાં પ્રથમ ગાથામાં કેવળ જ્ઞાન પ્રાપ્તિ પછીનો વિનયભાવ, બીજી ગાથામાં ઉપકારી ગુરુ પ્રત્યે વિનય ભક્તિની વિધિ તથા પ્રેરણા અને ત્રીજી ગાથામાં શિષ્ય દ્વારા ગુરુ પ્રત્યે કૃતજ્ઞ ભાવનુ પ્રગટીકરણ છે.

**जहाहिअग्गी जलणं णमंसे :–** પ્રસ્તુત અગિયારમી ગાથામાં અગ્નિહોત્રી બ્રાહ્મણના દષ્ટાંતથી મોક્ષ સાધકના વિનય સિદ્ધાંતનું નિરૂપણ છે. જેમ બ્રાહ્મણ પોતાના વિધિવિધાન અનુસાર અગ્નિને દેવ માની જીવનપર્યંત તેની પૂજા, ભક્તિ, આહુતિ, નમસ્કાર કરતો રહે છે. તેના માટે અગ્નિ ક્યારે ય અપૂજનીય થતો નથી તેમ મોક્ષાર્થી સાધક માટે ગુરુ ક્યારે ય અનમસ્કરણીય અસન્માનનીય થતા નથી. કેવળજ્ઞાની શિષ્ય પણ છદ્મસ્થ ગુરુનો વિનય કરે; આ પ્રકારના કથનથી સૂત્રકારે વિનયનો અપાર મહિમા પ્રદર્શિત કર્યો છે. તે જાણી સામાન્ય જ્ઞાની શિષ્યોએ ગુરુને સર્વસ્વ માની તેની ભક્તિ અવશ્ય કરવી જોઈએ. ગુરુનો વિનય શિષ્યના આત્મવિકાસની નિઃસરણીનું પ્રથમ સોપાન છે.

દેવ, ગુરુ અને ધર્મ તે ત્રણ તત્ત્વોમાં દેવ અને ધર્મ બંનેની ઓળખાણ કરાવનાર હોવાથી ગુરુ અધિક ઉપકારી છે. જે શિષ્ય ગુરુને પ્રસન્ન કરી શકતો નથી, તેના તપ–જપ વગેરે ધાર્મિક અનુષ્ઠાનો સફળ થતાં નથી. દષ્ટાંતનો આશય એ છે કે બ્રાહ્મણ પર અગ્નિનો કોઈ ઉપકાર પણ હોતો નથી, માત્ર તેને દેવ માની લીધેલ હોય છે. છતાં નિર્વિકલ્પે, સ્થિર પરિણામે, તેની પ્રત્યે વિનયાવનત રહે છે. તો પછી સંસાર સાગરના મહાન દુઃખોથી ઉગારનાર, મોક્ષમાર્ગમાં જોડનાર ગુરુનો તો શિષ્ય પર અનંત ઉપકાર હોય છે તેથી શિષ્યની ગુરુ પ્રત્યે તો અપાર ભક્તિ હોવી નિતાંત આવશ્યક છે.

**सक्कारए... :–** બારમી ગાથામાં સૂત્રકારે ગુરુના સત્કાર માટે વિનયની ક્રમિક પદ્ધતિ બતાવી છે. (૧) **सिरसा** = મસ્તકથી નમસ્કાર કરવા તે કોઈના સત્કાર માટેના વિનયનું પ્રથમ અંગ છે. નમસ્કાર દ્વારા પૂજનીય વ્યક્તિની ગુરુતા અને સ્વયંની લઘુતા પ્રગટ થાય છે, અહંભાવ દૂર થાય છે. મનુષ્ય જ્યારે પોતાને નાનો સમજે ત્યારે જ મહાન વ્યક્તિ સમક્ષ તેનું મસ્તક ઝૂકી શકે છે. (૨) **पंजलीओ** = બંને હાથ જોડવા. બન્ને હાથ અંજલીપૂર્વક જોડીને ગુરુને વંદના કરવામાં આવે છે. **सिरसापंजलीओ** = આ બન્ને પદોથી ચૂર્ણિકાર પંચાંગવંદન વિધિ સૂચિત કરે છે. બન્ને ગોઠણને ભૂમિ પર ટેકવીને બન્ને હાથને ભૂમિ પર રાખીને તેના પર પાંચમું અંગ માથું રાખીને નમન કરવું તે પંચાંગવંદન છે. (૩) **काय** = કાયાથી સેવા શુશ્રૂષા કરવી. ગુરુ પધારે ત્યારે ઊભા થવું, ઉઠીને સન્મુખ જવું, તેના પગ પોંજવા, તેઓને આહાર પાણી લાવીને દેવા, રોગી અવસ્થામાં તેઓની સેવા કરવી વગેરે. (૪) **गिरा** = વચનથી સત્કાર કરવો,

જેમ કે ઉપાશ્રય કે સ્થાનની બહાર જતાં કે, આવતાં સમયે વિનયપૂર્વક **मत्थएणं वंदामि** કહેવું; પ્રસંગ આવ્યે ગુરુના ગુણગ્રામ, સ્તુતિ, પ્રશંસા વગેરે કરવા. ગુરુદેવના શ્રીમુખે આજ્ઞા પ્રાપ્ત થાય અથવા તેઓ શિક્ષા વચન કહે ત્યારે વચન દ્વારા પ્રત્યુત્તરરૂપે "તહત્તિ" કહીને સ્વીકાર કરવો વગેરે. (૫) **मणसा** = મનથી વિનય કરવો. ગુરુ પ્રતિ પોતાના હૃદયમાં, મનમાં પૂર્ણ અવિચલ શ્રદ્ધા તેમજ ભક્તિભાવ રાખવો, ગુરુને પૂજયનીય વ્યક્તિઓમાં સર્વશ્રેષ્ઠ માનવા. તેને આપણા વ્યવહારથી કોઈપણ પ્રકારનો કલેશ ન થાય તેનું ધ્યાન રાખવું. "નિત્ય" શબ્દ દ્વારા સૂચિત થાય છે કે ગુરુ ભક્તિ ફક્ત શાસ્ત્રાધ્યયનના સમયમાં જ નહીં પરંતુ હંમેશાં પ્રત્યેક પરિસ્થિતિમાં કરવી જોઈએ.

**लज्जा दया... :–** પ્રસ્તુત તેરમી ગાથામાં ગુરુના ગુણપ્રદાન ઉપકારનું સ્મરણ કરીને શિષ્ય તેઓ પ્રત્યે કૃતજ્ઞ ભાવપૂર્વક વિનય અને ભક્તિભાવ વ્યક્ત કરે છે.

સાધના માર્ગમાં પાપના ભય રૂપ લજ્જા, સમસ્ત જીવો પ્રત્યે અનુકંપા, સર્વ વિરતિરૂપ સંયમ અને નવ વાડ સહિત બ્રહ્મચર્ય પાલન આદિ આત્મવિશુદ્ધિના ઉત્તમ સાધનો છે. તેમાં લજ્જા–અકરણીય કાર્ય કરતા અટકાવે છે, દયા નામનો ગુણ હિંસક પ્રવૃત્તિ કરતા રોકે છે. સંયમ આશ્રવોને રોકે છે. બ્રહ્મચર્યથી આત્મ સ્વરૂપમાં રમણતા થાય છે. તેથી સાધનામાં તેજસ્વિતા આવે છે. આ રીતે આ ચારે ય સાધનોથી કર્મમલ દૂર થઈ આત્મા વિશુદ્ધ બને છે. તેવા સર્વ સાધનોની ઉપલબ્ધિ અને સિદ્ધિ શિષ્યને ગુરુની હિતશિક્ષાઓથી જ થાય છે. તેથી શિષ્ય વિચારે છે કે "જે ગુરુ મને સતત હિતશિક્ષા આપે છે, તેનો અનંત ઉપકાર છે. તેના માધ્યમથી જ મારો આત્મવિકાસ થઈ રહ્યો છે અને તેના દ્વારા જ હું પૂર્ણતા સુધી પહોંચી શકીશ." આવી દઢ શ્રદ્ધાના ભાવો સાથે તે સતત ગુરુ ચરણોની સેવામાં તત્પર રહે છે; તેવા ભાવોની અભિવ્યક્તિ આ ગાથામાં નિહિત છે.

આ રીતે શિષ્ય વિધિપૂર્વક ત્રણે યોગ દ્વારા ધર્મ પમાડનાર અને શિક્ષા આપનાર ગુરુ પ્રત્યે વિનયનો ભાવ રાખે, તેની પ્રેરણા આ ગાથામાં કરવામાં આવી છે.

**आहिअग्गी :–** આહિતાગ્નિ. જે બ્રાહ્મણ પોતાના ઘરમાં અગ્નિ સતત પ્રજ્વલિત રાખે છે, વિવિધ મંત્રો અને આહુતિઓથી તેની પૂજા કરે છે, તે આહિતાગ્નિ–અગ્નિહોત્રી કહેવાય છે.

**णाणाहुइ–मंतपय :–** મંત્ર બોલીને અગ્નિમાં ઘી આદિ નાખવામાં આવે તેને આહુતિ કહે છે. **अग्नये स्वाहा** ઈત્યાદિ મંત્ર વાક્યો માટે **મંત્ર પદ** શબ્દનો પ્રયોગ થયો છે.

## ગુરુનો મહિમા :–

**१४** **जहा णिसंते तवणच्चिमाली, पभासइ केवल भारहं तु ।**
**एवायरिओ सुयसीलबुद्धिए, विरायइ सुरमज्झे व इंदो ॥**

**છાયાનુવાદ :** यथा निशान्ते तपन्नऽर्चिमाली, प्रभासयति केवल भारतं तु ।
एवमाचार्यः श्रुतशीलबुद्ध्या, विराजते सुरमध्ये इवेन्द्रः ॥

**શબ્દાર્થ :– जहा** = જેમ **णिसंते** = રાત્રિના અંતમાં **तवणच्चिमाली** = પ્રકાશ કરતો સૂર્ય પોતાના કિરણોથી **केवल भारहं** = સમસ્ત ભારત વર્ષને **पभासइ** = પ્રકાશિત કરે છે **एवं** = એ જ પ્રમાણે **आयरिओ** = આચાર્ય **सुयसीलबुद्धिए** = શ્રુત, શીલ અને બુદ્ધિથી જીવાદિ પદાર્થોને પ્રકાશે છે **सुरमज्झे** = દેવો મધ્યે **इंदो** = ઈન્દ્રની જેમ આચાર્ય પણ સાધુઓની મધ્યે **विरायइ** = શોભા પામે છે.

**ભાવાર્થ :–** જેમ રાત્રિ વ્યતીત થાય ત્યારે ક્રમશઃ તપતો સૂર્ય સંપૂર્ણ ભરતક્ષેત્રમાં પ્રકાશ કરે છે, તેમ આચાર્ય દેવ પોતાના શ્રુતજ્ઞાનથી, સદાચારથી અને બુદ્ધિથી જીવાદિ પદાર્થોને પ્રકાશિત કરે છે અને જેમ દેવોમાં ઈન્દ્ર શોભે તેમ સાધુગણમાં તે શોભા પામે છે.

**૧૫** **जहा ससी कोमुइजोगजुत्तो, णक्खत्ततारागणपरिवुडप्पा ।**
**खे सोहई विमले अब्भमुक्के, एवं गणी सोहइ भिक्खुमज्झे ॥**

**છાયાનુવાદ : यथा शशी कौमुदीयोगयुक्तः, नक्षत्रतारागणपरिवृतात्मा ।**
**खे शोभते विमलेऽभ्रमुक्ते, एवं गणी शोभते भिक्षुमध्ये ॥**

**શબ્દાર્થ :– कोमुइ** = કૌમુદી, ચાંદનીના **जोगजुत्तो** = તેના યોગથી યુક્ત **णक्खत्ततारागणपरिवुडप्पा** = નક્ષત્ર અને તારાઓના સમૂહથી પરિવૃત્ત **ससी** = ચંદ્રમાં **अब्भमुक्के** = વાદળાઓથી રહિત **विमले** = નિર્મળ, સ્વચ્છ **खे** = આકાશમાં **सोहइ** = શોભા પામે છે **एवं** = આ પ્રમાણે **गणी** = આચાર્ય **भिक्खुमज्झे** = ભિક્ષુઓની મધ્યમાં.

**ભાવાર્થ :–** જેમ વિશિષ્ટ ચાંદની યુક્ત શરદ પૂર્ણિમાનો ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારાગણના પરિવારથી ઘેરાયેલો વાદળાં રહિત સ્વચ્છ આકાશમાં અતિ સુંદર અને દેદીપ્યમાન દેખાય છે તેમ ગણને ધારણ કરનારા આચાર્ય પણ સંઘરૂપી નિર્મળ આકાશમાં પોતાના સુસાધુરૂપ પરિવારથી શોભા પામે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં આચાર્યની વિશિષ્ટતા અને પૂજનીયતા ત્રણ ઉપમાઓ દ્વારા પ્રદર્શિત કરી છે.

**(૧) जहा णिसंते तवणच्चिमाली... :–** રાત્રિનો અંત થવાથી પ્રભાતના સમયે પ્રકાશિત થતો સૂર્ય ઉદયાચલ ઉપર ઉદિત થઈને સમગ્ર ભરતખંડને પ્રકાશિત કરે છે, સૂતેલા લોકોને જગાડીને કાર્યોમાં ઉત્સાહ– પૂર્વક જોડે છે. તેવી જ રીતે આગમજ્ઞાન, શ્રમણાચાર અને બુદ્ધિથી સંપન્ન આચાર્ય ભગવંત ઉપદેશ વડે જડ–ચેતન પદાર્થોના ભાવોને પ્રકાશિત કરે છે અને શિષ્યોને પ્રતિબોધિત કરીને આત્મશુદ્ધિના કાર્યમાં પૂરા ઉત્સાહથી પ્રેરિત કરે છે.

**(૨) सुरमज्झे व इंदो... :–** એક જ ગાથામાં આ બીજી ઉપમા આપી છે. દેવલોકમાં બધા દેવોની

વચ્ચે સિંહાસન પર સ્થિત ઈન્દ્ર સુશોભિત લાગે છે તેમ મનુષ્ય લોકમાં નાના મોટા સર્વ સાધુઓની વચ્ચે પાટ ઉપર બિરાજમાન સંઘનાયક આચાર્ય સુશોભિત લાગે છે.

**(૩) जहा ससी कोमुइजोगजुत्तो :–** કૌમુદીયુક્ત શરદપૂર્ણિમાની વિમલ રાત્રિમાં વાદળાઓ રહિત નિર્મલ આકાશમાં નક્ષત્ર અને તારાગણથી ઘેરાયેલો ચંદ્ર શોભે છે. તે પોતાના અતિશુભ કિરણો વડે અંધકારથી આચ્છાદિત વસ્તુઓને પ્રકાશિત કરે છે, દર્શકોના ચિત્તને આહ્‌લાદિત કરે છે. તેવી જ રીતે ગણાધિપતિ આચાર્ય પણ સાધુઓની વચ્ચે બિરાજમાન થઈ દર્શકોના ચિત્તને આહ્‌લાદિત કરે છે, તેમજ વિશુદ્ધ શ્રુતજ્ઞાન દ્વારા ગૂઢ ભાવોને પ્રકાશિત કરે છે.

પ્રસ્તુત ઉપમાઓ એકદેશીય છે. આચાર્ય તો તેનાથી અનેક ગુણ અધિક, વિશિષ્ટ હોય છે. કારણ કે સૂર્યમાં અને ચંદ્રમાં પોતપોતાના પૌદ્‌ગલિક ગુણ હોય છે, જ્યારે એક આચાર્યમાં અનેક ઉપમાઓ દ્વારા સૂચિત અનેક આધ્યાત્મિક ગુણો હોય છે.

સૂર્યમાં ભીમ–પ્રચંડતા છે અને ચંદ્રમાં કાન્ત–સૌમ્યતા અને શીતળતા છે. જ્યારે આચાર્યોમાં ભીમ અને કાન્ત બન્ને ગુણો હોય છે. તેઓ ભીમગુણ = કઠોર અનુશાસનથી ભવ્ય પ્રાણીઓને અસંયમથી, દુરાચારથી બચાવે છે. કાન્તગુણ = તેઓ સંસારથી સંત્રસ્ત અને સંતપ્ત જીવોને સન્માર્ગે દોરી જાય છે; વિષયકષાયનું સમાર્જન કરી અને વિષય કષાયરૂપ સંસાર દાવાનલથી સદા–સદાને માટે ઉગારી લે છે. તેવા ઉપકારી આચાર્યો પ્રતિ શિષ્યોને પૂજ્ય ભાવ અને સમર્પણ ભાવ હોય તે સહજ છે. તેવા ભાવો શિષ્યને સ્વયંના કલ્યાણ માટે જ ઉપયોગી થાય છે.

## ગુરુ ઉપાસના અને તેનું સુફળ :–

**१६** **महागरा आयरिया महेसी, समाहिजोगे सुयसीलबुद्धिए ।**
**संपाविउ कामे अणुत्तराइं, आराहए तोसइ धम्मकामी ॥**

**છાયાનુવાદ :** **महाकरान् आचार्यान् महर्षिणः, समाधियोगस्य श्रुतशीलबुद्ध्याः ।**
**सम्प्राप्तुकामोऽनुत्तराणि, आराधयेत् तोषयेद्धर्मकामी ॥**

**શબ્દાર્થ :– अणुत्तराइं** = સર્વોત્કૃષ્ટ જ્ઞાનાદિ રત્નોને, અનુત્તર સુખોને **संपाविउकामे** = પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળા **धम्मकामी** = ધર્માભિલાષી મુનિ **महागरा** = જ્ઞાનાદિ રત્નોની ખાણ, ગુણોની ખાણ **समाहिजोगे सुयसीलबुद्धिए** = સમાધિયોગ, શ્રુત, શીલ અને બુદ્ધિથી યુક્ત **महेसी** = મહર્ષિ **आयरिया** = આચાર્યોની **आराहए** = આરાધના કરે તથા **तोसइ** = વિનયાદિથી પ્રસન્ન કરે.

**ભાવાર્થ :–** અનુત્તર મોક્ષ સુખોને પ્રાપ્ત કરવાના ઈચ્છુક ધર્માભિલાષી મુનિ, સમાધિ યોગ, શ્રુતજ્ઞાન, શીલાચાર અને બુદ્ધિ આદિ ગુણોની ખાણ સમાન મહર્ષિ આચાર્ય ભગવંતની(આજ્ઞાનું) પાલન કરે અને પોતાના વ્યવહારથી તેઓને પૂર્ણ સંતુષ્ટ કરે.

**૧૭** **सुच्चाण मेहावि सुभासियाइं, सुस्सूसए आयरियप्पमत्तो ।**
**आराहइत्ताण गुणे अणेगे, से पावइ सिद्धिमणुत्तरं ॥ ति बेमि ॥**

**છાયાનુવાદ : श्रुत्वा मेधावी सुभाषितानि, शुश्रूषयेदाचार्यमप्रमत्तः ।**
**आराध्य गुणाननेकान् स प्राप्नोति सिद्धिमनुत्तराम् ॥इति ब्रवीमि ॥**

**શબ્દાર્થ :– मेहावी** = બુદ્ધિમાન્ સાધુ **सुभासियाइं** = સુભાષિત વચનોને **सुच्चा** = સાંભળીને **अप्पमत्तो** = પ્રમાદને ત્યાગીને **आयरियं** = આચાર્યની **सुस्सूसए** = સેવા શુશ્રૂષા કરે **से** = તે સાધુ **अणेगे** = અનેક **गुणे** = ગુણોની **आराहइत्ता** = આરાધના કરીને **अणुत्तरं** = સર્વોત્કૃષ્ટ **सिद्धिं** = સિદ્ધિને **पावइ** = પામે છે.

**ભાવાર્થ :–** બુદ્ધિમાન્ સાધક ઉપરનાં સુભાષિતોને, શિક્ષા વચનોને સાંભળીને; અપ્રમત્તપણે પોતાના આચાર્યદેવની સેવા શુશ્રૂષા કરે. તે આ રીતે અનેક ગુણોને આરાધી, ઉત્તમ એવી સિદ્ધ ગતિને પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે સુધર્માસ્વામીએ જંબૂ સ્વામીને કહ્યું.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં મહાગુણોની ખાણ એવા આચાર્યોના વિશિષ્ટગુણો, તેની આરાધનાની રીત અને તેના મહાફળનું કથન કર્યું છે.

**महागरा आयरिया... :–** આ ગાથામાં આચાર્ય માટે **મહર્ષિ** વિશેષણ છે અને તે આચાર્ય મહર્ષિને ચાર ગુણોની ખાણ એટલે ગુણ ભંડાર કહ્યા છે. તે ચાર ગુણ બે પદમાં છે.– (૧) **समाहिजोगे** = આ સપ્તમી એક વચનનો પ્રયોગ છે (૨) **सुयसील बुद्धिए** = આ ત્રણ ગુણોનો સમાસ યુક્ત એક શબ્દ છે અને આ પણ સપ્તમી એક વચનનો પ્રયોગ છે. આ બંને પદોને **महागरा** શબ્દ સાથે અન્વય કરતાં અર્થ થાય છે કે– તે મહર્ષિ આચાર્ય (૧) સમાધિ યોગ (૨) શ્રુત (૩) શીલ અને (૪) બુદ્ધિની ખાણ સમાન હોય છે.

**महागरा :–** મોટી ખાણ. આચાર્ય જ્ઞાનાદિ ગુણરૂપ ભાવરત્નોની મહાન આકર–ખાણ સમ હોય છે. તેમના ગુણોનું કથન સૂત્રકારે **समाहिजोगे, सुयसीलबुद्धिए** શબ્દો દ્વારા કર્યું છે.

**समाहिजोगे :–** સમાધિયોગ એટલે સમાધિવંત યોગોવાળા. તેઓના મન, વચન અને કાયારૂપ ત્રણે ય યોગ પૂર્ણ સમાધિસ્થ હોય છે; કોઈ પ્રકારની અસમાધિ તેઓને હોતી નથી.

**सुयसीलबुद्धिए :–** આચાર્ય– (૧) શ્રુત સંપન્ન–શ્રુતજ્ઞાનના ભંડાર (૨) શીલ એટલે ચારિત્ર ગુણોના ભંડાર (૩) બુદ્ધિ નિધાન એટલે ચારે ય પ્રકારની બુદ્ધિના સ્વામી હોય છે.

**महेषी :–** આ શબ્દના બે પ્રકારે અર્થ થાય છે– (૧) ઋષિ મુનિઓમાં મહાન તે મહર્ષિ (૨) મહા સ્થાન

એટલે મોક્ષ. તેના ઇચ્છુક એટલે મોક્ષાભિલાષી.

**आराहए, तोसइ :–** આચાર્યની ઉપાસના સૂચક આ બે ક્રિયાપદો છે–(૧) **आराहए** = આચાર્યની સમસ્ત આજ્ઞાઓનું યથાર્થ પાલન કરે (૨) **तोसइ** = વિનય સેવા ભક્તિ શુશ્રૂષા પૂર્વકના વ્યવહારથી આચાર્યને સંતુષ્ટ કરે.

આ સોળમી ગાથામાં આચાર્યની આરાધના કરનાર શિષ્ય માટે પણ બે શબ્દોનો પ્રયોગ છે– (૧) **संपविउकामे अणुत्तराइं** = શ્રેષ્ઠ ગુણોને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળો, અનુત્તર એવા મોક્ષ સુખનો અભિલાષી. (૨) **धम्मकामी** = ધર્માર્થી. ધર્માભિલાષી, ધર્મની આરાધના કરનાર.

**सुच्चाण मेहावि... :–** પ્રથમ ઉદ્દેશકની આ અંતિમ ગાથા છે. તેમાં વિષયનો પૂર્ણરૂપે ઉપસંહાર –સમાપન કરવામાં આવ્યું છે. ગાથાનો ભાવ સરલ અને સુગમ છે. પૂર્વાર્ધમાં શિક્ષા આદેશ વચન છે અને ઉત્તરાર્ધમાં તે ગુણોની આરાધનાનું અંતિમ ફળ સિદ્ધિનું બતાવ્યું છે. (૧) **मेहावि**– બુદ્ધિમાન. જે પોતાના હિતાહિતને ઉપાસના અને આશાતનાના ભાવોને જાણે છે તે મેધાવી કહેવાય છે. (૨) **अप्पमत्तो** – અપ્રમત્તભાવે. આ શબ્દ આરાધનાના સાતત્યને સૂચિત કરે છે. અખંડભાવે લક્ષ્યસિદ્ધિ પર્યંત ગુરુની ઉપાસના તેને સફળ બનાવે છે અર્થાત્ અપ્રમત્તભાવ ક્રિયાને શીઘ્ર સફળ બનાવે છે.

**आराहइत्ताण गुणे अणेगे :–** મોક્ષ પ્રાપ્તિ કોઈ એક ગુણની આરાધનાથી થતી નથી પરંતુ અનેકાનેક ગુણોની અર્થાત્ સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન, સમ્યગ્ ચારિત્ર, તપ, વિનય, અનાશાતના, બ્રહ્મચર્ય સમાધિ, બુદ્ધિમત્તા, વિવેક વગેરેની આરાધનાઓથી મોક્ષ પ્રાપ્ત થાય છે. ઉત્તરા. અ. ૧૯માં કહ્યું છે કે– **गुणाणं तु सहस्साइं** = હજારો ગુણ ભિક્ષુને ધારણ કરવાના હોય છે.

**॥ પ્રથમ ઉદ્દેશક સંપૂર્ણ ॥**

# નવમું અધ્યયન

## [બીજો ઉદ્દેશક]

**વૃક્ષની ઉપમાથી ધર્મનું મૂળ અને ફળ :–**

**१** **मूलाउ खंधप्पभवो दुमस्स, खंधाउ पच्छा समुवेंति साहा ।**
**साहप्पसाहा विरुहंति पत्ता, तओ सि पुप्फं च फलं रसो य ॥**

**છાયાનુવાદ :** मूलात् स्कन्धप्रभवो द्रुमस्य, स्कन्धात्पश्चात्समुपयन्ति शाखाः ।
शाखाभ्यः प्रशाखा विरोहन्ति पत्राणि, ततस्तस्य पुष्पं च फलं रसश्च ॥

**શબ્દાર્થ :– दुमस्स** = વૃક્ષના **मूलाउ** = મૂલથી **खंधप्पभवो** = સ્કંધ ઉત્પન્ન થાય છે **पच्छा** = ત્યાર પછી **खंधाउ** = સ્કંધથી **साहा** = શાખાઓ **समुवेंति** = ઉત્પન્ન થાય છે **साहप्पसाहा** = શાખામાંથી પ્રશાખાઓ **विरुहंति** = ઉત્પન્ન થાય છે **तओ** = ત્યાર પછી **पत्ता** = પત્ર ઉત્પન્ન થાય છે અને પછી **सि** = તે વૃક્ષને **पुप्फं** = પુષ્પ **फलं** = ફળ **रसो** = રસ ઉત્પન્ન થાય છે.

**ભાવાર્થ :–** જેમ મૂળથી વૃક્ષનું થડ, થડમાંથી શાખા, શાખામાંથી પ્રશાખાઓ, શાખા અને પ્રશાખા–ઓમાંથી પાંદડાઓ ઉત્પન્ન થાય છે અને પછી તે વૃક્ષમાં ક્રમશઃ ફૂલો, ફળો અને મધુર રસ ઉત્પન્ન થાય છે.

**२** **एवं धम्मस्स विणओ, मूलं परमो से मोक्खो ।**
**जेण कित्तिं सुयं सिग्घं, णीसेसं चाभिगच्छइ ॥**

**છાયાનુવાદ :** एवं धर्मस्य विनयो, मूलं परमस्तस्य मोक्षः ।
येन कीर्तिं श्रुतं श्लाघ्यं, निःशेषं चाधिगच्छति ॥

**શબ્દાર્થ :– धम्मस्स** = ધર્મરૂપ વૃક્ષનું **मूलं** = મૂળ **विणओ** = વિનય છે **से** = તે ધર્મરૂપ વૃક્ષનું **परमो** = પરમ ફળ, ઉત્કૃષ્ટ રસ–યુક્ત ફળ **मोक्खो** = મોક્ષ છે **जेण** = જેના વડે વિનયી શિષ્ય **कित्तिं** = કીર્તિ **सुयं** = શ્રુત **णीसेसं** = સંપૂર્ણ, અપાર **सिग्घं** = શ્લાઘાને, નિશેષતા અર્થાત્ મોક્ષને **अभिगच्छइ** = પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :–** આ જ રીતે ધર્મરૂપ વૃક્ષનું મૂળ વિનય છે અને તેનું પરમ ફળ મોક્ષ છે. તે વિનયરૂપી મૂળ

દ્વારા વિનયી શિષ્ય આ લોકમાં કીર્તિ, શ્રુતજ્ઞાન અને શ્લાઘાને પામે છે.

## વિવેચન :–

પ્રસ્તુત બંને ગાથાઓમાંથી પ્રથમ ગાથામાં વૃક્ષના વિભાગોની ક્રમિક નિષ્પત્તિ દર્શાવીને બીજી ગાથામાં વિનયનું માહાત્મ્ય પ્રદર્શિત કરતાં તેને ધર્મરૂપ વૃક્ષનું મૂળ કહીને તેનું ફળ મોક્ષ દર્શાવ્યું છે.

**मूलाउ खंधप्पभवो :–** આ ગાથામાં વૃક્ષના ક્રમિક વિભાગ આ પ્રમાણે સંગ્રહિત છે– (૧) મૂલ (૨) સ્કંધ (૩) શાખા (૪) પ્રશાખા (૫) પત્ર (૬) પુષ્પ (૭) ફળ (૮) રસ અને ધર્મના ક્રમિક વિભાગોમાં (૧) ધર્મનું મૂળ વિનય (૨) અંતિમ–પરમ ફળ મોક્ષ અને (૩) તેની વચ્ચે વિનય ધર્મના પાલનથી દિશા–વિદિશા વ્યાપી કીર્તિ, શ્રુતજ્ઞાન અને ગુણકીર્તન પ્રમુખ પ્રશંસા અને સુંદર પરિણામોની કે મોક્ષની પ્રાપ્તિ થાય છે.

વૃક્ષના વિભાગો ૧૦ હોય છે, તેમાંથી અહીં કંદ અને કૂંપળ(ત્વક્) બે વિભાગોનો ઉલ્લેખ નથી; તેનું કારણ અજ્ઞાત છે. તેમજ અંતિમ વિભાગ બીજ છે, તેના સ્થાને **રસ** શબ્દને પ્રાસંગિક રૂપે સ્વીકાર્યો છે.

**एवं धम्मस्स विणओ मूलं :–** ધર્મનું મૂળ વિનય છે, સર્વ આત્મ ગુણોના વિકાસમાં અને મોક્ષ પ્રાપ્તિમાં વિનયની અનિવાર્યતા રહેલી છે, આ તત્ત્વને સમજાવવા માટે વૃક્ષના મૂલથી પ્રારંભીને તેની આગળની અવસ્થાઓની ઉત્પત્તિ અને વિકાસની ઉપમા આપી છે. વચ્ચેની સંખ્યાનો આગ્રહ શાસ્ત્રકારના આશયમાં નથી. તેનું કારણ પણ સ્પષ્ટ છે કે વિનયથી સીધા જ સર્વે ગુણો મોક્ષ પરમ ફળ સુધીના પ્રાપ્ત થઈ શકે છે, તેમાં કોઈપણ ગુણ પ્રતિબદ્ધતા વૃક્ષના વિભાગોની જેમ નથી. માટે એમ સમજવું કે જેમ વૃક્ષના મૂળથી જ ફળ સુધીની ઉપલબ્ધિ થાય છે તેમ વિનયથી જ આત્મ વિકાસના મોક્ષ પર્યંતના સર્વ ગુણોની પ્રાપ્તિ થાય છે.

આત્મ વિકાસમાં ચોક્કસ ગુણ સંખ્યા કે ગુણોનો ચોક્કસ ક્રમ હોતો નથી. યથા– મોક્ષ માર્ગના ચાર પ્રકાર કહ્યા છે– જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ. અન્યત્ર મોક્ષના ચાર દ્વાર– દાન, શીલ, તપ અને ભાવનાને કહ્યા છે. તેની આરાધના ક્રમિક જ થાય તેવું એકાંતે નથી તે જ રીતે પાંચ આચાર, અનશન આદિ બાર તપ, ચૌદ ગુણસ્થાન, ક્ષમા આદિ દસ યતિ ધર્મ કહ્યા છે. આ મોક્ષ માર્ગના સર્વ અનુષ્ઠાનો અને અપેક્ષાઓમાં ક્યાંય સંખ્યા કે ક્રમનો આગ્રહ નથી. જે ચૌદ ગુણસ્થાન ક્રમારોહ કહેવાય તેમાં પણ ક્રમ કે સંખ્યાનો આગ્રહ દરેક જીવ સાથે લાગતો નથી. યથા– કોઈ જીવ પ્રથમ ગુણસ્થાનથી ચોથા ગુણસ્થાન જાય; બીજા, ત્રીજાનો આગ્રહ નથી. કોઈ ચોથાથી સીધો સાતમા ગુણસ્થાને જાય, વચ્ચેના પાંચમા, છટ્ઠાનો આગ્રહ નથી. કોઈ જીવ નવ ગુણ સ્થાન પામીને પણ મોક્ષ ચાલ્યો જાય છે. અન્યાન્ય જીવો ઓછા વત્તા ગુણસ્થાન પામીને મોક્ષ પામે છે.

ઈત્યાદિ કારણોથી અહીં વિનય ધર્મનું ફળ છે અને પરમ ફળ મોક્ષ છે, અન્ય ગુણો વિનયની મૌલિકતાથી પ્રાપ્ત થાય છે. કારણ કે ગુણોની પાત્રતામાં વિનયની મુખ્યતા કે અનિવાર્યતા છે. એક સંસ્કૃત નીતિ શ્લોકમાં પણ કહ્યું છે કે– **विनयाद् याति पात्रताम्** = વિનયથી પાત્રતા મળે છે.

**जेण कित्तिं सुयं सिग्घं णिस्सेसं :–** આત્માના કે સંયમના સામાન્ય વિશેષ સેંકડો હજારો ગુણો હોય છે. તેમાં અહીં માત્ર ઉદાહરણ રૂપે ત્રણ નામ આપ્યા છે. તેમાં આત્મગુણરૂપે એક શ્રુત = આગમ જ્ઞાનનું કથન છે; શેષ બે ઇહલૌકિક ગુણો છે. ખરેખર શ્રુતજ્ઞાનની મહત્તામાં સર્વ આત્મગુણોનો અર્થાત્ આધ્યાત્મિક કે પારલૌકિક ગુણોનો સમાવેશ સમજી લેવો જોઈએ. **कीर्ति** = ગુણ સમૂહનો યશ જે દિશાઓ વિદિશાઓમાં પ્રસરે છે, વ્યાપ્ત થાય છે, તેને કીર્તિ કહેવાય છે. **श्लाघा** = વ્યક્તિની સમક્ષ કે પાછળ જે ગદ્યમય કે પદ્યમય પ્રશંસા, ગુણકીર્તન બોલવામાં આવે, તેને શ્લાઘા કહેવાય છે. કીર્તિ અને શ્લાઘા, આ બંનેની ઉપલબ્ધિ, ગુણોની ખાણ જે માનવમાં હોય તેને જ થાય છે અને ગુણનો ભંડાર(ખજાનો) પણ માનવને **વિનય** થી પ્રાપ્ત થાય છે. જે અહીં **णिस्सेसं** = સંપૂર્ણ, શબ્દથી કહેવામાં આવ્યું છે. આ રીતે **जेण** = ધર્મના મૂળ વિનય ગુણથી કીર્તિ, શ્રુતજ્ઞાન, શ્લાઘા વગેરે પ્રાપ્ત થવા યોગ્ય સમસ્ત ગુણોની પ્રાપ્તિ થાય છે તેમાં વિનયનું પરમ ફળ = સર્વોત્કૃષ્ટ ગુણ રૂપ ફળ મોક્ષ = સર્વ કર્મક્ષય છે.

અહીં વ્યાખ્યાકારોએ વૃક્ષના દશ વિભાગોને લઈને ધર્મ વિકાસનાં દશ ગુણોને સંયોજિત કર્યા છે તે આ પ્રમાણે છે–

ધર્મ વૃક્ષનું મૂળ–વિનય, કંદ–ધૈર્ય, સ્કંધ–જ્ઞાન, ત્વચા–શુભભાવ, શાખા–અનુકંપા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય આદિ ગુણો; પ્રતિશાખા–મહાવ્રતની ઉત્તમ ભાવના, પલ્લવો–ધર્મધ્યાન અને શુક્લધ્યાન, પત્રો – નિર્લોભતા, નિર્વિષયતા, ક્ષમાદિગુણો; પુષ્પો–વાસનાનો નાશ, ફળ–મોક્ષ અને મધુર રસ–અવ્યાબાધ સુખ છે.

જે વ્યક્તિ મૂળનું સિંચન કરે છે તેનું વૃક્ષ અવશ્ય પુષ્પિત અને ફલિત થાય છે. તેમ શિષ્ય પણ વિનય દ્વારા ધર્મવૃક્ષના મૂળનું સિંચન કરી ક્રમિક વિકાસ સાધી અંતિમ ફળ મોક્ષને પ્રાપ્ત કરે છે. વિનય દ્વારા તે આ લોકમાં કીર્તિ, શ્લાઘા, શ્રુતજ્ઞાન અનેકવિધ લબ્ધિ આદિને પ્રાપ્ત કરે છે; પરલોકમાં મોક્ષ અથવા ઉત્તમ દેવગતિ, સુકુળમાં જન્મ વગેરે પ્રાપ્ત કરે છે.

**सिग्घं :–** શ્લાઘા–પ્રશંસા. તેને શ્રુતના વિશેષણ રૂપે અથવા સ્વતંત્રગુણરૂપે માની શકાય છે.

**णिस्सेसं :–** તેના બે અર્થ થાય છે. (૧) નિઃશ્રેયસ્ = મોક્ષ (૨) નિઃશેષ = સમસ્ત.

### અવિનીત : પ્રવાહમાં પડેલા કાષ્ટવત્ :-

**३** **जे य चंडे मिए थद्धे, दुव्वाई णियडी सढे ।**
**वुज्झइ से अविणीयप्पा, कट्ठं सोयगयं जहा ॥**

**છાયાનુવાદ : यश्च चण्डो मृगः स्तब्धो, दुर्वादी निकृतिः शठः ।**
**उह्यते सो अविनीतात्मा, काष्ठं स्रोतोगतं यथा ॥**

**શબ્દાર્થ :– चंडे** = તીવ્ર ક્રોધી, પ્રચંડ ક્રોધ કરનાર **मिए** = અજ્ઞાની, મૂર્ખ, અણસમજૂ **थद्धे** =

અહંકારી, અક્કડ, ઘમંડી **दुव्वाई** = તોછડું બોલનાર, કઠોર ભાષી **णियडी** = કપટી, માયાવી, જૂઠ કપટ કરનાર **सढे** = લુચ્ચો, ધૂર્ત, દગાબાજ **अविणीयप्पा** = અવિનીતાત્મા **सोयगयं** = જલ પ્રવાહ પતિત **कट्ठं** = કાષ્ઠ **जहा** = જેમ વહી જાય છે, ગોથાં ખાય છે તેમ **वुज्झइ** = સંસાર સાગરમાં વહી જાય છે.

**ભાવાર્થ :–** જે ક્રોધી, અજ્ઞાની, અભિમાની, કઠોર ભાષી, કપટી, ધૂર્ત હોય છે તે અવિનીતાત્મા જલ પ્રવાહમાં પડેલા અને ગોથાં ખાતા કાષ્ઠની જેમ સંસાર સાગરમાં ગોથાં ખાય છે.

### વિવેચન :–

પ્રસ્તુત ગાથામાં અવિનીતની થતી દુર્દશાનું ચિત્ર સદષ્ટાંત આલેખ્યું છે.

**અવિનીતનું સ્વરૂપ :–** સૂત્રકારે અવિનીતના છ લક્ષણ કહ્યા છે– (૧) **चंडे** = ક્રોધી. ગુરુ પર વારંવાર ક્રોધ કરીને રીસાઈ જાય તેવી પ્રકૃતિનો સાધુ. (૨) **मिए** = મૃગની સમાન જે અજ્ઞાની હોય છે. મૃગ શબ્દ જંગલી પશુ અથવા સામાન્ય પશુઓના અર્થમાં વપરાય છે. અર્થાત્ પશુઓની જેમ વિવેક રહિત છે તે. (૩) **थद्धे** = જાતિ આદિના મદથી ઉન્મત્ત અને ઉદ્ધત્ત હોય તે. (૪) **दुव्वाइ** = દુર્વાદી. ગુરુની સમક્ષ અથવા અન્ય વ્યક્તિઓની સમક્ષ અસભ્ય ભાષણ કરનાર. અથવા કઠોરભાષી. (૫) **णियडी** = માયાચારના સેવનમાં અથવા છળકપટ કરવામાં કુશળ. (૬) **सढे** = શઠ. સંયમયોગની આરાધનામાં જે આદરહીન અથવા ઉદાસીન હોય તે. અગત્સ્ય ચૂર્ણિમાં **णियडीसढे**ને એક શબ્દ ગણીને તેનો અર્થ માયાપૂર્વક શઠતા કરવી, તેવો કર્યો છે.

આ છ દુર્ગુણો સજ્જનતાના શત્રુઓ છે, તે વિનયભાવને પ્રગટ થવા દેતા નથી. આ દુર્ગુણોના ધારકને અવિનીત કહે છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં પણ અવિનીતના લક્ષણોમાં આ પ્રકારના ભાવોનું જ કથન છે.

**कट्ठं सोयगयं जहा :–** અવિનીત શિષ્ય પોતાના અવિનયપૂર્વકના વ્યવહારથી પરાધીન બની દુઃખ, ખેદ, શોક, વૈર વિરોધમાં જ સબડ્યા કરે છે. સૂત્રકારે તેના માટે દષ્ટાંત આપી સમજાવ્યું છે કે જલ પ્રવાહમાં વહેતું લાકડું પ્રવાહની દિશામાં પાણી સાથે વહી જાય છે, તેનું કોઈ નિશ્ચિત સ્થાન હોતું જ નથી. તેમ અવિનીત શિષ્ય સંસાર સાગરના પ્રવાહમાં કર્મના વહેણમાં વહ્યા કરે છે. તેને ક્યાંય શાંતિ કે સમાધિ પ્રાપ્ત થતી નથી.

### અવિનય : દંડાથી લક્ષ્મી કાઢવા સમાન :–

**૪** **विणयं पि जो उवाएणं, चोइओ कुप्पइ णरो ।**
**दिव्वं सो सिरिमेज्जंतिं, दंडेण पडिसेहए ॥**

**છાયાનુવાદ :** विनयमपि य उपायेन, चोदितः कुप्यति नरः ।
दिव्यां स श्रियमायान्तीं, दण्डेन प्रतिषेधयति ॥

**શબ્દાર્થ :– णरो** = મનુષ્ય, માનવ **उवाएण** = કોઈ ઉપાયથી **विणयं पि** = વિનય ધર્મ પ્રત્યે, સંયમ ધર્મ પ્રત્યે **चोइओ** = પ્રેરિત કરાય તો **कुप्पइ** = ક્રોધિત થાય છે **एज्जंतिं** = આવતી **दिव्वं** = દિવ્ય, અનુપમ **सिरिं** = લક્ષ્મીને **दंडेण** = દંડથી **पडिसेहए** = પ્રતિષેધિત કરે છે.

**ભાવાર્થ :–** વિનય માર્ગમાં કે સંયમ માર્ગમાં પ્રયત્નપૂર્વક પ્રેરિત કરવા છતાં જે સાધક કોપિત થાય છે તે ખરેખર આંગણે આવેલી દિવ્ય(અનુપમ) લક્ષ્મીને દંડા મારીને હાંકી કાઢવા સમાન કાર્ય કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં હિતશિક્ષાઓ ન માનનારની મૂર્ખતા દર્શાવી છે.

**दिव्वं सिरिं : दंडेण पडिसेहए :–** સામાન્ય રીતે સંસારી લોકો ધન માટે કે દિવ્ય સુખ માટે લાલાયિત હોય છે. તેના માટે આખી જીંદગી પ્રયત્ન કરે છે. પરંતુ જ્યારે તે જ દિવ્ય સુખ, સંપત્તિરૂપ લક્ષ્મી સામે આવી જાય ત્યારે તેનો કોઈ ડંડાથી પ્રતિષેધ કરે, કાઢી મૂકે તો તે વ્યક્તિ મહામૂર્ખ કહેવાય છે. તે જ રીતે આધ્યાત્મિક ક્ષેત્રે જે શિષ્ય ગુરુની હિતશિક્ષાનો અને વિનય માર્ગની પ્રેરણાનો સ્વીકાર ન કરતાં ગુરુ પર કોપિત થાય, વિનય ધર્મનું પાલન ન કરે તો તે મહાન આત્માગુણોનો પ્રતિષેધ કરે છે અને સ્વયં પોતે જ પોતાના આત્મ સુખનો વિનાશ નોતરે છે.

**વિનયી અવિનયી પ્રાણીઓનાં દષ્ટાંત :–**

**૫** **तहेव अविणीयप्पा, उववज्झा हया गया ।**
**दीसंति दुहमेहंता, आभिओगमुवट्ठिया ॥**

**છાયાનુવાદ :** **तथैवाविनीतात्मनः, उपवाह्या हया गजाः ।**
**दृश्यन्ते दुःखमेधमानाः, आभियोग्यमुपस्थिताः ॥**

**શબ્દાર્થ :– तहेव** = તેમજ **उववज्झा** = સવારીના ઉપયોગમાં આવવા યોગ્ય **अविणीयप्पा** = અવિની– તાત્મા **हया** = અશ્વો **गया** = હાથીઓ **दुहमेहंता** = દુઃખ ભોગવતાં **आभिओगमुवट्ठिया** = આભિયોગિક ભાવમાં, સેવક ભાવમાં જોડાયેલા **दीसंति** = દેખાય છે.

**ભાવાર્થ :–** તેમજ જે સવારીને યોગ્ય અવિનીત એવા ઘોડા, હાથી વગેરે સેવકપણાને પામી દુઃખ ભોગવતાં દેખાય છે.

**૬** **तहेव सुविणीयप्पा, उववज्झा हया गया ।**
**दीसंति सुहमेहंता, इड्ढिं पत्ता महायसा ॥**

**છાયાનુવાદ : तथैव सुविनीतात्मान:, औपवाह्या हया गजा: ।**
**दृश्यन्ते सुखमेधमाना:, ऋद्धिं प्राप्ता महायशस: ॥**

**શબ્દાર્થ :– सुविणीयप्पा** = સુવિનીતાત્મા **सुहमेहंता** = સુખી થતાં, સુખ મેળવતાં **इड्ढिंपत्ता** = ઋદ્ધિ પામેલા **महायसा** = મહાયશવંત.

**ભાવાર્થ :–** તેમજ સવારીને યોગ્ય, સુવિનીત એવા ઘોડા, હાથી વગેરે ઋદ્ધિ(સારા સંજોગો) અને મહાન યશને પ્રાપ્ત કરી સુખનો અનુભવ કરતાં દેખાય છે.

**૭** **तहेव अविणीयप्पा, लोगंसि णरणारिओ ।**
**दीसंति दुहमेहंता, छाया ते विगलिंदिया ॥**

**છાયાનુવાદ : तथैवाविनीतात्मान:, लोके नरनार्य: ।**
**दृश्यन्ते दु:खमेधमाना:, छातास्ते विकलेन्द्रिया: ॥**

**શબ્દાર્થ :– णरणारिओ** = પુરુષ અને સ્ત્રીઓ **छाया** = ચાબુક આદિના પ્રહારથી સોળ ઉઠેલા શરીરવાળા **विगलिंदिया** = નાસિકા વગેરે ઈન્દ્રિયોથી હીન, કાન–નાક વગેરે કપાયેલી ઈન્દ્રિયવાળા.

**ભાવાર્થ :–** અવિનય કરનાર સ્ત્રી–પુરુષો આ લોકમાં ચાબુક આદિના પ્રહારથી સોળ પડેલા તેમજ નાક, કાન વગેરે કાપી નાંખવાથી વિકલેન્દ્રિય બનીને, દુઃખ ભોગવતાં પ્રત્યક્ષ દેખાય છે.

**૮** **दंडसत्थपरिजुण्णा असब्भवयणेहि य ।**
**कलुणा विवण्णछंदा, खुप्पिवासाए परिगया ॥**

**છાયાનુવાદ : दण्डशस्त्रपरिजीर्णा:, असभ्यवचनैश्च ।**
**करुणाव्यापन्नच्छन्दस:, क्षुत्पिपासयापरिगता: ॥**

**શબ્દાર્થ :– दंडसत्थपरिजुण्णा** = દંડ અને શસ્ત્રોથી જર્જરિત **असब्भवयणेहि** = અસભ્ય વચનોથી તાડિત **कलुणा** = અતિદીન **विवण्णच्छंदा** = પરાધીન **खुप्पिवासाएपरिगया** = ભૂખ અને પ્યાસથી પીડિત **दीसंति** = દેખાય છે.

**ભાવાર્થ :–** અવિનીત પુરુષ દંડ અને શસ્ત્રથી ક્ષત–વિક્ષત શરીરવાળા, અસભ્ય વચનોથી સર્વત્ર તિરસ્કૃત, કરુણાપાત્ર, પરાધીન જીવન વ્યતીત કરનારા તેમજ ક્ષુધા અને તૃષાની તીવ્ર અસહ્ય વેદના ભોગવનારા દેખાય છે.

**૯** **तहेव सुविणीयप्पा, लोगंसि णरणारिओ ।**
**दीसंति सुहमेहंता, इड्ढिं पत्ता महायसा ॥**

**છાયાનુવાદ :** तथैव सुविनीतात्मानः, लोके नरनार्यः ।
दृश्यन्ते सुखमेधमानाः, ऋद्धिं प्राप्ता महायशसः ॥

**શબ્દાર્થ :– इड्ढिंपत्ता** = ઋદ્ધિને પામેલાં **महायसा** = મહાયશવંત.

**ભાવાર્થ :–** આ લોકમાં જે સુવિનીત નરનારીઓ હોય છે તે મહાયશસ્વી અને મહાસંપત્તિવાન થઈને સુખ ભોગવતાં દેખાય છે.

**૧૦** तहेव अविणीयप्पा देवा जक्खा य गुज्झगा ।
दीसंति दुहमेहंता, आभिओगमुवट्ठिया ॥

**છાયાનુવાદ :** तथैवाविनीतात्मानः, देवा यक्षाश्च गुह्यकाः ।
दृश्यन्ते दुःखमेधमानाः, आभियोग्यमुपस्थिताः ॥

**શબ્દાર્થ :– देवा** = દેવ **जक्खा** = યક્ષ **गुज्झगा** = ગુહ્યક, ભવનપતિ દેવ.

**ભાવાર્થ :–** જે દેવ(જ્યોતિષી–વૈમાનિક) યક્ષ(વ્યંતર) અને ભવનપતિ દેવ અવિનીત હોય છે તે દેવગતિમાં પણ ચાકરપણું પામીને દુઃખ ભોગવતાં દેખાય છે.

**૧૧** तहेव सुविणीयप्पा, देवा जक्खा य गुज्झगा ।
दीसंति सुहमेहंता, इड्ढिंपत्ता महायसा ॥

**છાયાનુવાદ :** तथैव सुविनीतात्मानः, देवा यक्षाश्च गुह्यकाः ।
दृश्यन्ते सुखमेधमानाः, ऋद्धिं प्राप्ता महायशसः ॥

**શબ્દાર્થ :– इड्ढिंपत्ता** = ઋદ્ધિ ભોગવતા **महायसा** = મહાયશથી યુક્ત.

**ભાવાર્થ :–** જે દેવ, યક્ષ અને ભવનપતિ સુવિનીત હોય છે તે દેવ મહાયશસ્વી તથા મહાઋદ્ધિમાન્ થઈને સુખ ભોગવતાં દેખાય છે.

## વિવેચન :–

પ્રસ્તુત સાત ગાથાઓમાં અવિનીત અને સુવિનીત હાથી, ઘોડા અને માનવ તથા દેવના અવિનય વિનયના સારા નરસા પરિણામનું દિગદર્શન કરાવ્યું છે.

**अविणीयप्पा :–** અવિનીત હાથી, ઘોડા વગેરે સેવકપણામાં જ સ્વામીના હાથે ચાબુકના માર ખાય છે, મનુષ્યો દાસવૃત્તિમાં જીવન વ્યતીત કરે છે. ઉપરાંત તેઓ ભૂખ, તરસ, દંડ અને શસ્ત્રના ઘા, અસભ્ય વચનથી તિરસ્કાર, પરાધીનતા અને વિકલાંગપણાને પ્રાપ્ત કરે છે. તે જીવો દેવગતિમાં પણ ઈન્દ્રનું ગુલામ

પણું, દાસપણું ભોગવીને જીવન વ્યતીત કરે છે. આ રીતે તે જીવો આ લોક અને પરલોકમાં દુઃખી થાય છે.

**सुविणीयप्पा :–** જે ક્ષમાવાન, નમ્ર, સરળ, મિતભાષી આજ્ઞાકારી વગેરે ગુણ સંપન્ન હોય તેને સુવિનીત કહે છે. સુવિનીત હાથી, ઘોડા, નર–નારી કે દેવ–દેવી આ લોક અને પરલોકમાં પ્રસન્નતાને પામે છે; તે ઋદ્ધિ સંપન્ન અને મહાયશસ્વી બને છે. વિનયપૂર્વકના વ્યવહારથી સુવિનીત શિષ્ય પણ ગુરુની પ્રસન્નતાને પ્રાપ્ત કરીને પોતાના કાર્યને, સંયમી જીવનને સફળ બનાવે છે.

**उववज्झा :–** તેના બે રૂપ થાય છે.– ઉપવાહ્ય અને ઔપવાહ્ય. બંનેનો અર્થ આ પ્રમાણે છે– (૧) સામાન્ય રીતે સવારીના કામમાં આવનારા (૨) રાજા આદિની સવારીના કામમાં આવનાર વાહન, હાથી, ઘોડા આદિ.

**छाया ते विगलिंदिया :–** વૈકલ્પિક બે પાઠ અનુસાર ત્રણ પ્રકારે અર્થ થાય છે.– (૧) **छाया विगलिंदिया** = શોભા રહિત અથવા પોતાના વિષય ગ્રહણમાં અસમર્થ ઇન્દ્રિયવાળા– કાણા, અંધ, બહેરા, મૂંગા વગેરે. (૨) **छाया विगलितिंदिया** = ભૂખથી અભિભૂત વિગલિત ઇન્દ્રિયવાળા અથવા દુર્બળ. (૩) **छाया** = ચાબૂકના પ્રહારથી વ્રણયુક્ત શરીરવાળા અને **विगलितिंदिया** – જેની ઇન્દ્રિય વિકલ હોય, હીન હોય તેવા હાથ–પગ, નાક–કાન કપાયેલા.

**आभिओगं उवट्ठिया :–** દાસનું કાર્ય કરનારા. જેને માત્ર સ્વામીની આજ્ઞામાં જ રહેવાનું હોય છે. જે સ્વામીના સેવક છે. જે પરાધીન છે તેને આભિયોગિક કહેવાય છે.

### લોકોત્તર વિનયનું ફળ :–

**૧૨** **जे आयरिय उवज्झायाणं, सुस्सूसावयणंकरा ।**
**तेसिं सिक्खा पवड्ढंति, जलसित्ता इव पायवा ॥**

**છાયાનુવાદ :** **य आचार्योपाध्याययोः, शुश्रूषावचनकराः ।**
**तेषां शिक्षाः प्रवर्द्धन्ते, जलसिक्ता इव पादपाः ॥**

**શબ્દાર્થ :– आयरियउवज्झायाणं** = આચાર્યો અને ઉપાધ્યાયોની **सुस्सूसावयणंकरा** = સેવા–શુશ્રૂષા કરે છે અને તેમના વચનોને સ્વીકારે છે **तेसिं** = તે શિષ્યોની **सिक्खा** = શિક્ષાઓ **जलसित्ता इव पायवा** = જલથી સીંચેલા વૃક્ષોની સમાન **पवड्ढंति** = વૃદ્ધિને પામે છે.

**ભાવાર્થ :–** જે સાધકો આચાર્ય અને ઉપાધ્યાયની સેવા કરે છે અને તેમની આજ્ઞાનુસાર વર્તે છે તેઓની શિક્ષા–જ્ઞાન પાણીથી સિંચાયેલા વૃક્ષોની જેમ પ્રતિદિન વૃદ્ધિને પામે છે.

### વિવેચન :–

પ્રસ્તુત ગાથામાં લોકોત્તર વિનયનું ફળ પ્રદર્શિત કર્યું છે.

જે રીતે પાણીના સિંચન કરવાથી વૃક્ષની વૃદ્ધિ થાય છે અને ન કરવાથી તે સૂકાઈ જાય છે, તે જ રીતે ગુરુ કે આચાર્ય ઉપાધ્યાયની વિનય સેવા, ભક્તિ અને આજ્ઞા પાલન કરવાથી શિષ્યની પણ પ્રગતિ થાય છે. વિનીત શિષ્ય ગુરુકૃપાનો પાત્ર બને છે. ગુરુ સાંનિધ્યે તેના જ્ઞાનમાં વૃદ્ધિ, શ્રદ્ધામાં દઢતા અને ચારિત્રમાં પરિપક્વતા થાય છે; આ રીતે વિનીત શિષ્યનો સર્વાંગીણ વિકાસ થાય. તેના સ્વયંનો ક્ષયોપશમ પણ સુંદર બનતો જાય છે અને ગુરુ આચાર્યાદિનો પણ તેને પૂરો સહકાર મળે છે. આગમોમાં દર્શાવેલી ચાર પ્રકારની બુદ્ધિમાં એક વૈનયિકી બુદ્ધિ છે, જે ગુરુનો વિનય કરતાં વૃદ્ધિ પામે છે.

**सिक्खा पवड्ढंति :–** શિક્ષા – ગુરુની પાસે રહીને મેળવવાનું શિક્ષણ. આ શિક્ષા બે પ્રકારની હોય છે– (૧) ગ્રહણ શિક્ષા એટલે કર્તવ્ય–અકર્તવ્યનું જ્ઞાન (૨) આસેવનશિક્ષા અર્થાત્ તે જ્ઞાનનું આચરણ કરવાનો અભ્યાસ શીખવો. વિનીત શિષ્યને જ્ઞાન અને આચરણ આ બંને પ્રકારનો વિકાસ થાય છે.

## લોકોત્તર વિનયની સદષ્ટાંત અનિવાર્યતા સિદ્ધિ :–

**१३** अप्पणट्ठा परट्ठा वा, सिप्पा णेउणियाणि य ।
गिहिणो उवभोगट्ठा, इहलोगस्स कारणा ॥

**છાયાનુવાદ :** आत्मार्थं परार्थं वा, शिल्पानि नैपुण्यानि च ।
गृहिण उपभोगार्थं, इहलोकस्य कारणम् ॥

**શબ્દાર્થ :–** **गिहिणो** = ગૃહસ્થ લોકો **इहलोगस्स** = આ લોકના **कारणा** = કારણે **उवभोगट्ठा** = ઉપભોગને માટે **अप्पणट्ठा** = પોતાના માટે **परट्ठा** = પરના માટે **सिप्पा** = શિલ્પ કળાઓમાં **णेउणियाणि** = નૈપુણ્ય પ્રાપ્ત કરે, નિપુણ થાય, કળાઓને શીખે છે.

**ભાવાર્થ :–** ગૃહસ્થો પોતાના જીવન નિર્વાહને માટે તથા પર–સગાસંબંધી કુટુંબ આદિના પાલન–પોષણને માટે ફક્ત આ લોકમાં જ સુખ સાધન એશઆરામને માટે વિવિધ પ્રકારની શિલ્પકળાઓમાં નિપુણતાને પ્રાપ્ત કરવા તે તે કલાઓના આચાર્યો પાસે જાય છે.

**१४** जेण बंघं वहं घोरं, परियावं च दारुणं ।
सिक्खमाणा णियच्छंति, जुत्ता ते ललिइंदिया ॥

**છાયાનુવાદ :** येन बन्धं वधं घोरं, परितापं च दारुणम् ।
शिक्षमाणा नियच्छन्ति, युक्तास्ते ललितेन्द्रियाः ॥

**શબ્દાર્થ :–** **जेण** = કલાઓને શીખવામાં **जुत्ता** = જોડાયેલા **ललिइंदिया** = સુકોમળ શરીરવાળા **ते** = રાજકુમારાદિ **सिक्खमाणा** = કળા શીખતા થકા આચાર્યો વડે **बंघं** = બંધનને **घोरं** = ભયંકર

**वहं** = વધને **दारुणं** = કઠોર **परियावं** = પરિતાપને **णियच्छंति** = પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :–** તે સુકોમળ શરીરવાળા હોવા છતાં આચાર્ય પાસે શિક્ષા પ્રાપ્ત કરતાં ઘોર બંધન, વધ અને દારુણ પરિતાપને પ્રાપ્ત કરે છે.

**૧૫** **ते वि तं गुरुं पूयंति, तस्स सिप्पस्स कारणा ।**
**सक्कारेंति णमंसंति, तुट्ठा णिद्देसवत्तिणो ॥**

**છાયાનુવાદ :** **तेऽपि तं गुरुं पूजयन्ति, तस्य शिल्पस्य कारणाय ।**
**सत्कुर्वन्ति नमस्यन्ति, तुष्टा निर्देशवर्त्तिनः ॥**

**શબ્દાર્થ :– ते वि** = તે રાજકુમારાદિ છાત્રો **णिद्देसवत्तिणो** = ગુરુની આજ્ઞામાં રહેનારા **तुट्ठा** = સંતુષ્ટ રહેનારા **तस्स सिप्पस्स कारणा** = તે શિલ્પાદિ કળાઓ શીખવા માટે **तं** = તે શિક્ષક **गुरुं** = ગુરુની **पूयंति** = પૂજા કરે છે **सक्कारंति** = સત્કાર કરે છે, તેમજ **णमंसंति** = નમસ્કાર પણ કરે છે.

**ભાવાર્થ :–** તે રીતે કષ્ટ પામવા છતાં પણ ગુરુની આજ્ઞાને અનુસરનાર અને તેમાં સંતુષ્ટ રહેનારા તે (રાજકુમારાદિ) શિલ્પાદિને માટે તે ગુરુની પૂજા કરે છે, સત્કાર કરે છે અને નમસ્કાર કરે છે.

**૧૬** **किं पुणं जे सुयग्गाही, अणंतहियकामए ।**
**आयरिया जं वए भिक्खू, तम्हा तं णाइवत्तए ॥**

**છાયાનુવાદ :** **किं पुनर्यः श्रुतग्राही, अनन्तहितकामुकः ।**
**आचार्या यद्वदेयुः भिक्षुः, तस्मात्तन्नातिवर्तयेत् ॥**

**શબ્દાર્થ :– जे** = જે પુરુષ **सुयग्गाही** = શ્રુત ગ્રહણ કરનારા હોય તથા **अणंतहियकामए** = અનંત હિતની કામના કરનાર હોય **किं पुणं** = શું કહેવું ? **तम्हा** = તે માટે તો **आयरिया** = આચાર્ય **जं** = જે **वए** = કહે **तं** = તે વચનને **भिक्खू** = સાધુ **णाइवत्तए** = ઉલ્લંઘન અતિક્રમણ ન કરે.

**ભાવાર્થ :–** જે આગમજ્ઞાન પ્રાપ્ત કરવામાં તત્પર હોય, અનંતહિત–મોક્ષના ઈચ્છુક હોય તેના માટે તો કહેવું જ શું ? તેથી ભિક્ષુ આચાર્યના આદેશનું ઉલ્લંઘન ન કરે.

## વિવેચન :–

પ્રસ્તુત ચાર ગાથાઓમાં લૌકિક ક્ષેત્રે વિનયની મહત્તા પ્રદર્શિત કરી લોકોત્તર ક્ષેત્રે વિનયની અનિવાર્યતા સમજાવી છે.

**अप्पणट्ठा... :–** આ ગાથામાં શિલ્પ કે કલાઓ શીખવાના ઉદ્દેશ્યોની સંકલના છે. પ્રાચીનકાલમાં

પુરુષોની ૭૨ કલા અને સ્ત્રીઓની ૬૪ કલા શીખવામાં આવતી હતી. તેમાં (૧) કેટલીક કલાઓ પોતાની સુરક્ષા માટેની થતી હતી (૨) કેટલીક બીજાઓની સુરક્ષા–સહાય માટે ઉપયોગી થતી. (૩) કેટલીક વિદ્યાઓ કલાઓનો ઉપયોગ પોતાના જીવન નિર્વાહ અર્થે થતો હતો. આ રીતે તે સર્વ કલાઓ કે શિલ્પનો પ્રયોગ કે ઉપયોગ આ લોક માટે અર્થાત્ માત્ર મનુષ્ય જીવનના નિર્વાહ માટેનો જ હોય છે.

**जेण बंधं वहं घोरं... :–** ઇહલૌકિક સુખના લક્ષે શિલ્પકળા શીખવા માટે વિદ્યાર્થીને ગુરુનો વિનય, આજ્ઞાપાલન વગેરે કરવું જ પડે છે. તેમ કરતાં તેમને ક્યારેક માર–પીટ, બંધન કે દારુણ કષ્ટ પણ ગુરુ–શિક્ષકના સહન કરી લેવા પડે છે. એક જન્મમાં સુખી થવા માટેની કલા શીખવા તે કેટલાય કષ્ટો સહન કરીને પણ ગુરુનો સત્કાર સન્માન વગેરે અધિકાધિક કરતા જ રહે છે. પ્રાચીનકાલમાં ઘણાં સુકુમાર શરીર– વાળા રાજકુમાર, શ્રેષ્ઠી પુત્રો આદિ ગુરુકુળમાં ભણવા માટે ઉક્ત સમસ્ત કષ્ટો યુક્ત ગુરુના કડક અનુશાસનનો સ્વીકાર કરતા હતા.

**किं पुण जे सुयग्गाही... :–** ઇહલૌકિક લાભ માટે પણ અનુશાસન સ્વીકારવાનું દષ્ટાંત આપી શાસ્ત્રકારે આ ગાથામાં મોક્ષ સાધકને નમ્ર બનવાની અને અર્પણતા રાખવાની પ્રેરણા કરી છે. મોક્ષના આત્યંતિક, અનંત સુખને મેળવનાર શિષ્યે ગુરુનું સર્વ અનુશાસન સહર્ષ સ્વીકારવું જ જોઈએ, તે સહજ સમજી શકાય તેવી વાત છે. વિનયનું આચરણ તેના જ હિત માટે થાય છે. કારણ કે ગુરુની આજ્ઞાના પાલન વિના અને ગુરુ ચરણના શરણ વિના મોહનીયકર્મનો નાશ દુષ્કર બની જાય છે. જ્યારે સાધનાનું લક્ષ્ય જ મોહકર્મ સહિત સર્વ કર્મોનો ક્ષય કરવાનું હોય છે.

**सिप्पा णेउणियाणि :–** શિલ્પ = કુંભાર, સોની, સુથાર, લુહાર આદિની કાર્યકળા તેમજ ચિત્રકળા વગેરે લૌકિક કળાઓ. નિપુણતા = કુશળતા. તે સર્વ કલાઓમાં સિદ્ધહસ્ત(પારંગત) થવું.

**ललिइंदिया** = જેની ઇન્દ્રિયો લાડ પ્યાર પામતી હોય, જેની ઇન્દ્રિયો સુંદર અને ક્રીડાશીલ હોય છે, તે સુકોમળ શરીરવાળાને લલિતેન્દ્રિય કહેવાય છે.

## વિનય વિધિ :–

**૧૭** **णीयं सेज्जं गइं ठाणं, णीयं च आसणाणि य ।**
**णीयं च पाए वंदिज्जा, णीयं कुज्जा य अंजलिं ॥**

**છાયાનુવાદ :** **नीचैः शय्यां गतिं स्थानं, निचैश्चासनानि च ।**
**नीचैश्च पादौ वन्देत, नीचैः कुर्याच्चाञ्जलिम् ॥**

**શબ્દાર્થ :– णीयं** = ગુરુદેવથી નીચી **सेज्जं** = શય્યા **गइं** = નીચી ગતિ, નમ્ર ગતિથી **ठाणं** = નીચું સ્થાન **आसणाणि** = આસન **कुज्जा** = કરે, રાખે **णीयं** = સમ્યક્ પ્રકારથી નમ્ર થઈને **अंजलिं** =

અંજલી કરીને નમન કરે **पाए** = ગુરુશ્રીના ચરણ કમલોમાં **वंदिज्जा** = વંદના કરે.

**ભાવાર્થ :–** શિષ્ય ગુરુ કરતાં નીચી શય્યા સ્વીકારે, ગુરુની પાછળ ચાલે, વિનયપૂર્વક પાછળ ઊભો રહે, નીચું આસન રાખે અને નીચે નમીને ગુરુદેવના ચરણકમલોમાં વંદન કરે તથા નમ્રતાપૂર્વક ગુરુને કર જોડીને નમન કરે.

**१८** संघट्टइत्ता काएणं, तहा उवहिणामवि ।
खमेह अवराहं मे, वएज्ज ण पुणो त्ति य ॥

**છાયાનુવાદ :** संघट्य कायेन, तथोपधिना अपि ।
क्षमस्वापराधं मे, वदेच्च न पुनरिति ॥

**શબ્દાર્થ :– काएणं** = આચાર્યના શરીરને **उवहिणामवि** = ઉપકરણોને **संघट्टइत्ता** = સ્પર્શ થઈ જાય તો શિષ્ય ગુરુને **वएज्ज** = કહે કે ભગવન્ **मे** = મારો **अवराहं** = આ અપરાધ **खमेह** = ક્ષમા કરો **ण पुणो त्ति** = પુનઃ આ પ્રમાણે નહીં કરું.

**ભાવાર્થ :–** પોતાની કાયાથી અથવા ઉપકરણોથી અથવા અન્ય કોઈ પણ પ્રકારે આચાર્યનો સંઘટ્ટો(સ્પર્શ) થઈ જાય તો શિષ્ય આ પ્રકારે કહે, "મારા અપરાધને ક્ષમા કરો, હું પુનઃ આ પ્રમાણે નહીં કરું."

**१९** दुग्गओ वा पओएणं, चोइओ वहइ रहं ।
एवं दुबुद्धि किच्चाणं, वुत्तो वुत्तो पकुव्वइ ॥

**છાયાનુવાદ :** दुर्ग वो प्रतोदेन, चोदितो वहति रथम् ।
एवं दुर्बुद्धिः कृत्यानां, उक्त उक्तः प्रकरोति ॥

**શબ્દાર્થ :– दुग्गओ** = ગળિયો બળદ **पओएणं** = વારંવાર પરોણાથી અથવા રાશથી **चोइओ** = તાડિત કરાતો **रहं** = રથને **वहइ** = વહન કરે છે **दुबुद्धि** = દુર્બુદ્ધિ શિષ્ય **वुत्तो वुत्तो** = વારંવાર કહેવાયેલો **किच्चाणं** = આચાર્યોના કાર્યોને **पकुव्वइ** = કરે છે.

**ભાવાર્થ :–** ગળિયો બળદ જેમ પરોણાનો(રાશનો) પ્રહાર થયા પછી જ રથને વહન કરે છે તેમ દુષ્ટ બુદ્ધિવાળો અવિનીત શિષ્ય ગુરુદેવના વારંવાર કહેવાથી જ કાર્ય કરે છે.

**२०** आलवंते लवंते वा, ण णिसेज्जाए पडिस्सुणे ।
मोत्तूणं आसणं धीरो, सुस्सूसाए पडिस्सुणे ॥

**છાયાનુવાદ :** आलपन्तं लपन्तं वा, न निषद्यायां प्रतिशृणुयात् ।
मुक्त्वा आसनं धीरः, शुश्रूषया प्रतिशृणुयात् ॥

**શબ્દાર્થ :– आलवंते** = એકવાર બોલાવે **लवंते** = વારંવાર બોલાવે **धीरो** = બુદ્ધિમાન્ શિષ્ય **णिसेज्जाए** = પોતાના આસન ઉપર બેસીને **ण पडिस्सुणे** = ન સાંભળે **आसणं** = પરંતુ આસનને **मोत्तूणं** = ત્યાગીને **सुस्सूसाए** = વિનયપૂર્વક **पडिस्सुणे** = પર્યુપાસના કરતાં, આદેશ સાંભળે અને તેનો યથોચિત ઉત્તર આપે.

**ભાવાર્થ :–** ગુરુશ્રી કોઈ કાર્યને માટે એકવાર બોલાવે તથા વારંવાર બોલાવે ત્યારે શિષ્ય આસન ઉપર રહીને પ્રત્યુત્તર ન આપે. પરંતુ શીઘ્રતાથી આસન છોડીને વિનયપૂર્વક(સેવામાં નજીક જઈને) ગુરુદેવની વાત સાંભળે અને ત્યાર પછી વિનમ્રભાવે યથોચિત પ્રત્યુત્તર આપે.

**૨૧** **कालं छंदोवयारं च, पडिलेहित्ताण हेउहिं ।**
**तेण तेण उवाएणं, तं तं संपडिवायए ॥**

**છાયાનુવાદ : कालं छन्दोपचारं च, प्रत्युपेक्ष्य हेतुभिः ।**
**तेन तेनोपायेन, तत्तत्संप्रतिपाद्येत् ॥**

**શબ્દાર્થ :– कालं** = શીતાદિ કાલને **छंदोवयारं** = ગુરુશ્રીના અભિપ્રાયને તેમજ સેવા યોગ્ય ઉપચારોને **हेउहिं** = તર્ક–વિતર્કરૂપ હેતુઓ વડે **पडिलेहित्ता** = જાણીને **तेण तेण** = તે તે **उवाएणं** = ઉપાય વડે **तं तं** = તે તે રીતે યોગ્ય કાર્યને **संपडिवायए** = સંપાદિત કરે, પૂર્ણ કરે.

**ભાવાર્થ :–** શિષ્ય શીતાદિકાલને, ગુરુના અભિપ્રાયને તથા હેતુઓને, તે મુજબ કાર્ય કરવાના ઉપાયોને જાણીને તે તે કારણો વડે, તે તે ઉપાયોને સમય પ્રમાણે આદરે, કાર્યાન્વિત કરે.

## વિવેચન :–

સૂત્રકારે પ્રસ્તુત ગાથામાં ગુરુ પ્રત્યેના વિનય, બહુમાન અને આદર–ભક્તિ ભાવને વચન અને કાયાની ક્રિયા દ્વારા પ્રગટ કરવાના ઉપાયો સ્પષ્ટ કર્યા છે.

**णीयं सेज्जं... :–** જે શય્યા ગુરુની શય્યાથી અલ્પમૂલ્યવાળી, નીચે ભૂમિમાં પાથરેલી અને પ્રમાણમાં પણ ન્યૂન હોય, તે શય્યા નીચી કહેવાય છે. શિષ્ય નમ્રભાવે શયન કરે તો તે પણ **નીચી શય્યા** કહેવાય છે.

**णीयं गइं :–** શિષ્યને ગુરુ સાથે ચાલવાનો પ્રસંગ આવે ત્યારે ગુરુથી આગળ ન ચાલે, અત્યંત પાછળ ન ચાલે, અતિ સમીપ અને અતિ દૂર ન ચાલે. અતિ સમીપમાં ચાલવાથી રજ ઊડે છે અને અતિ દૂર ચાલવાથી પ્રત્યનીકતા અને અશાતના થાય છે. તેથી શિષ્ય ગુરુની પાછળ–પાછળ ત્વરા રહિત નમ્ર ભાવે ચાલે, તે **નીચી ગતિ** કહેવાય છે.

**णीयं ठाणं :–** જ્યાં ગુરુ ઊભા રહ્યા હોય ત્યાં શિષ્ય તેનાથી નીચા સ્થાનમાં ઊભા રહે. આચાર્યની

આગળ, પાછળ અને બાજુમાં અત્યંત નજીક ઊભા ન રહે. આ રીતે વિવેક સહિત તેમજ નમ્રતાપૂર્વક ઊભા રહેવાને **નીચું સ્થાન** કહેવાય છે.

**णीचं च आसणाणि य :–** ગુરુથી સદા નીચા આસને બેસવું. ક્યારેક કોઈ કારણે પાટ–પાટલા ઉપર બેસવું પડે તો ગુરુના આસનથી પોતાનું આસન ઊંચું ન થાય તેનું ધ્યાન રાખવું. ક્યારેક ગુરુના આદેશથી ઊંચે આસને બેસવું પડે તો સર્વ પ્રકારે વિવેક રાખીને બેસે; આ રીતે સર્વ પ્રકારના વિવેક સાથે બેસવાથી તે **નીચું આસન** કહેવાય છે. કારણ કે આસને બેસવામાં નમ્રતા અને અર્પણતા રહેલી છે.

**णीयं च पाए वंदेज्जा :–** આચાર્ય આસન પર સ્થિત હોય અને શિષ્ય ઊભો હોય તો ઊભા–ઊભા વંદન ન કરે, કંઈક ઝૂકીને વંદન કરે. મસ્તકથી ચરણ સ્પર્શ કરીને, સન્માનપૂર્વક વંદન કરવા તે **નમ્ર ચરણ વંદન** કહેવાય છે.

**णीयं कुज्जा य अंजलिं :–** પ્રશ્ન વગેરે પૂછવા હોય કે ગુરુ સન્મુખ મળી સામે મળી જાય ત્યારે મસ્તક નમાવી બંને હાથને અંજલિબદ્ધ કરીને, નમન કરવું તેને **નમ્ર અંજલી** કહે છે.

આ રીતે ઊભા રહેવું, બેસવું વગેરે કાયાની પ્રત્યેક પ્રવૃત્તિ અહંભાવથી રહિત બની, નમ્રભાવે કરવી તે બધા કાયિક વિનયના આચરણ છે.

**संघट्टइत्ता :–** શિષ્ય દ્વારા અવિવેક કે ભૂલથી ગુરુના શરીરનો કે તેના કોઈપણ ઉપકરણનો સ્પર્શ થઈ જાય તે ગુરુની આશાતના કહેવાય. તેથી તેવા સમયે શિષ્ય પોતાની શુદ્ધિના લક્ષ્યે ગુરુ સમક્ષ પોતાના દોષનો સ્વીકાર કરે– **खमेह अवराहं मे** "હે ગુરુદેવ ! મારા અપરાધને ક્ષમા કરો. પુનઃ આ પ્રકારનું આચરણ કરીશ નહીં." આ રીતે અહીં કાયાથી થયેલા અવિવેકની વચન દ્વારા શુદ્ધિ કરવાની વિધિ દર્શાવી છે. તેમાં ગુરુ પ્રત્યે બહુમાનભાવ તેમજ તેના શરીર તથા ઉપકરણો પ્રત્યે વિવેક અને સન્માનના ભાવ પ્રગટ થાય છે તેથી અહંકારનો નાશ થાય છે.

**दुग्गओ वा... :–** આ ગાથામાં અવિનીત શિષ્યની અવિનીતતા ગળિયા બળદના દષ્ટાંતે સમજાવી છે. ગળિયો બળદ પોતાની અયોગ્યતાના કારણે માલિકને કોપિત કરે છે. માલિક દ્વારા ચાબુકના વારંવાર પ્રહાર થયા પછી જ તે કાર્યશીલ બને છે. તે રીતે અવિનીત શિષ્ય પણ ગુરુના ઈંગિત–આકારને સમજતો નથી; વારંવાર ગુરુની પ્રેરણા થયા પછી જ તે કાર્યાન્વિત બને છે. તેના માટે શાસ્ત્રકારે અહીં દુર્બુદ્ધિ વિશેષણનો પ્રયોગ કર્યો છે. કારણ કે તેની બુદ્ધિ સહજ સન્માર્ગમાં કાર્યાન્વિત થતી નથી.

**आलवंते लवंते :–** આ વીસમી ગાથામાં ગુરુના આદેશ–નિર્દેશને આસન છોડી વિનય વિવેકથી સાંભળવાની શિક્ષા છે. ગુરુની હિતશિક્ષા કે આદેશ–નિર્દેશ એકવાર કે અનેકવાર પ્રાપ્ત થાય ત્યારે શિષ્ય પોતાનું આસન છોડીને, ગુરુદેવની સમક્ષ ઉપસ્થિત થઈને 'તહત્તિ' જેવા સ્વીકૃતિ સૂચક શબ્દનું ઉચ્ચારણ કરીને વિનયપૂર્વક અને સાવધાનીપૂર્વક ગુરુના આદેશ–સૂચનને સાંભળે અને તેનો સ્વીકાર કરે.

**कालं छंदोवयारं... :–** એકવીસમી ગાથામાં સાંભળેલ વચનોનો આશય સમજી, તેને કાર્યાન્વિત (સંપાદિત) કરવાની ઉત્તમ પદ્ધતિને સૂચિત કરી છે. વિનીત શિષ્ય ગુરુના ઈંગિત–આકારને, ગુરુના

અભિપ્રાયને અને ઈચ્છાને તેમજ વર્તમાન પરિસ્થિતિને જાણીને ગુરુની ઇચ્છાના પ્રત્યેક કાર્યો પૂર્ણ કરે છે. કાળ અને અભિપ્રાય માટેના ઉદાહરણો આ પ્રમાણે છે–

(૧) **कालं** = આ કઈ ઋતુ છે ? રાત છે કે દિવસ છે ? ગુરુજીની કેવી પરિસ્થિતિ છે ? ઉપયોગી સમય છે કે નહીં ? ઈત્યાદિ બધું જાણે. શરદ આદિ ઋતુઓ અનુસાર અનુકૂળ ભોજન, શય્યા, આસન આદિ લાવે. (૨) **छंद** = ગુરુના અભિપ્રાયને જાણે કે ગુરુજી આ સમયે શું ઈચ્છે છે ? તેને આ સમયે કઈ વસ્તુની જરૂરિયાત છે ? કઈ કાર્ય સિદ્ધિ માટે તેના હૃદયમાં વિચાર પ્રવાહ વહી રહ્યો છે. દેશકાળ અનુસાર રુચિ પણ વિભિન્ન હોય છે. જેમ કે– કોઈને ઉનાળામાં છાશ પ્રિય હોય છે. ઠંડા પ્રદેશમાં ગરમ દૂધ અને ગરમ પ્રદેશમાં ઠંડુ પાણી અભિષ્ટ હોય છે. (૩) **उवयारं** = ઉપચારના ત્રણ અર્થ છે– (૧) સેવાની વિધિઓ (૨) આરાધનાના પ્રકાર (૩) આજ્ઞા વિધિ–આજ્ઞાના પ્રયોજનને જાણીને, (૪) **हेउहिं** = તર્કવિર્તક, ઉહાપોહ, અનુમાન, સ્વયં સ્ફુરણાઓ આદિથી દેશ, કાળ, અભિપ્રાય અને સેવાના પ્રકારોને જાણે. ગુરુના હેતુઓને જાણે.

તાત્પર્ય એ છે કે ગુરુના કહ્યા વિના જ વિનીત શિષ્ય તેના શરીરની દશા આદિથી અને પરિસ્થિતિ અનુસાર ગુરુના ભાવોને સમજીને કાર્ય કરે.

**किच्चाणं :– आचार्यादिनां कृत्यानि वा तदभिरुचित कार्याणि ।** આ શબ્દના ત્રણ પ્રકારે અર્થ થાય છે– (૧) આચાર્યાદિને અભિલષિત અથવા ઈષ્ટ કાર્યોને (૨) આચાર્યાદિ વંદનીય, પૂજનીય છે; શિષ્યો તેઓ પ્રતિ વંદન, પૂજનનું કાર્ય કરે છે. તેથી વંદન–પૂજનરૂપ કૃત્યો, એ **किच्चाणं** નો અર્થ છે. (૩) વંદનીય, પૂજનીય આચાર્યાદિને જ **किच्चाणं** (કૃત્ય) કહે છે. ચૂર્ણિકારે **किच्चाणं**ના સ્થાને **किच्चाइं** પાઠને વૈકલ્પિક રૂપે સ્વીકારીને અર્થ કર્યા છે.

## વિનીત–અવિનીતની ઉપલબ્ધિ :–

**૨૨** **विवत्ती अविणीयस्स, संपत्ती विणियस्स य ।**
**जस्सेयं दुहओ णायं, सिक्खं से अभिगच्छइ ॥**

**છાયાનુવાદ :** **विपत्तिरविनीतस्य, सम्प्राप्तिर्विनीतस्य च ।**
**यस्यैतद् द्विधा ज्ञातं, शिक्षां सोऽभिगच्छति ॥**

**શબ્દાર્થ :– अविणीयस्स** = અવિનયી પુરુષને **विवत्ती** = વિપત્તિ **विणियस्स** = વિનીત પુરુષને **संपत्ती** = સદ્‌ગુણરૂપી સંપત્તિની પ્રાપ્તિ થાય છે **जस्स** = જેને **एयं** = આ ઉક્ત **दुहओ** = બન્ને પ્રકારે હાનિ અને વૃદ્ધિની **णायं** = જાણ છે, પીછાણ છે **स** = તે પુરુષ **सिक्खं** = ઊંચી શિક્ષાને **अभिगच्छइ** = પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :–** અવિનીતને વિપત્તિ અને સુવિનીતને સદ્‌ગુણોરૂપી સંપત્તિ પ્રાપ્ત થાય છે. આ બંનેને જે જાણે છે તે કલ્યાણકારિણી શિક્ષાને પ્રાપ્ત કરે છે.

**વિવેચન :-**

પ્રસ્તુત ગાથા ઉદ્દેશકની પૂર્વ ગાથાઓના સંક્ષિપ્ત સારરૂપ છે. તેમાં વિનીત અને અવિનીત શિષ્યને પ્રાપ્ત થતી લાભ કે હાનિનું કથન છે.

જીવને લાભ કે હાનિની દઢ પ્રતીતિ ન થાય ત્યાં સુધી તે હાનિથી દૂર રહેવાનો અને લાભ માટે પ્રયત્નશીલ રહેવાનો ઉદ્યમ કરતો નથી. જ્યારે વિનય–અવિનયના ફળને યથાર્થરૂપે જાણે ત્યાર પછી જ તેનામાં અવિનયનો ભય અને વિનયનો આદર પ્રગટ થાય છે અને તે યથાર્થ જ્ઞાન અને આચરણને પ્રાપ્ત કરે છે.

**विवत्ती अविणीयस्स :–** પ્રથમ અને દ્વિતીય ઉદ્દેશકમાં અવિનીતના કેટલાક ગેર લાભ અને વિપત્તિઓ દર્શાવવામાં આવી છે. તે આ લોકમાં વધ, બંધન, તિરસ્કાર આદિ વિપત્તિઓને પામે છે. તેના સમ્યગ્દર્શનાદિ આત્મગુણરૂપ સંપત્તિ નાશ પામે છે અને અજ્ઞાનાદિ દુર્ગુણરૂપ વિપત્તિને પ્રાપ્ત કરે છે.

**संपत्ती विणीयस्स :–** તે જ રીતે આ ઉદ્દેશકમાં સુવિનીતની અનેક ઉપલબ્ધિઓનું કથન છે. તેને સારી રીતે સમજી વિચારીને શિષ્યે ઉચ્ચતમ વિનીત થવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**મુમુક્ષુની પાત્રતા–અપાત્રતા અને પરિણામ :-**

**૨૩** **जे यावि चंडे मइ इड्ढिगारवे, पिसुणे णरे साहस हीणपेसणे ।**
**अदिट्ठधम्मे विणए अकोविए, असंविभागी ण हु तस्स मुक्खो ॥**

**છાયાનુવાદ :** **यश्चापि चण्डो मतिऋद्धिगौरवः पिशुनो नरः साहसिको हीनप्रेषणः ।**
**अदृष्टधर्मा विनयेऽकोविदः, असंविभागी नैव तस्य मोक्षः ॥**

**શબ્દાર્થ :– जे यावि** = જે કોઈ **णरे** = મનુષ્ય **चंडे** = ક્રોધી છે **मइइड्ढिगारवे** = ઋદ્ધિ આદિના ગર્વમાં જેની બુદ્ધિ નિમગ્ન છે **पिसुणे** = ચુગલીખોર છે **साहस** = અયોગ્ય કાર્યમાં સાહસી **हीण पेसणे** = ગુરુ આજ્ઞાથી ઓછું કરનારો, સંપૂર્ણ રીતે આજ્ઞાનું પાલન ન કરનાર **अदिट्ठधम्मे** = ધર્મને યથાર્થ નહીં પામેલો **विणए अकोविए** = વિનયથી અજાણ છે તથા **असंविभागी** = જે સંવિભાગી નથી **तस्स** = તેનો **ण हु मुक्खो** = કદાપિ મોક્ષ નથી.

**ભાવાર્થ :–** જે સાધુ ક્રોધી છે, જેને બુદ્ધિ અને ઋદ્ધિનો ગર્વ છે, જે ચાડી–ચુગલી કરનાર, સાહસિક, સંપૂર્ણ રીતે ગુરુ આજ્ઞાનું પાલન ન કરનાર, ધર્મને યથાર્થ ન જાણનાર, વિનયધર્મથી અજાણ અને અસંવિભાગી છે, તેનો મોક્ષ થતો નથી.

**૨૪** **णिद्देसवित्ती पुण जे गुरूणं, सुयत्थधम्मा विणयम्मि कोविया ।**
**तरित्तु ते ओघमिणं दुरुत्तरं, खवित्तु कम्मं गइमुत्तमं गया ॥ त्ति बेमि ॥**

**છાયાનુવાદ :** **निर्देशवर्तिनः पुनर्ये गुरूणां, श्रुतार्थधर्मा विनये कोविदाः ।**
**तीर्त्वा ते ओघमिमं दुरुत्तरं, क्षपयित्वा कर्म गतिमुत्तमां गताः ॥इतिब्रवीमि॥**

**શબ્દાર્થ :– जे** = જે શિષ્ય **गुरूणं** = ગુરુદેવોની **णिद्देसवित्ती** = આજ્ઞામાં રહેનાર હોય છે **सुयत्थधम्मा** = શ્રુતાર્થ ધર્મના વિષયોમાં નિષ્ણાત્ **विणयम्मि कोविया** = વિનયધર્મમાં કોવિદ **दुरुत्तरं** = દુસ્તર **ओघं** = સંસાર સાગરને **तरित्तु** = તરી જઈને **कम्मं** = કર્મનો **खवित्तु** = ક્ષય કરીને **उत्तमं** = સર્વોત્કૃષ્ટ **गइं** = સિદ્ધ ગતિમાં **गया** = ગયા છે, જાય છે.

**ભાવાર્થ :–** જેઓ ગુરુની આજ્ઞામાં રહેનાર, શ્રુતજ્ઞાન તથા ધર્મના રહસ્યને જાણનાર, વિનયનું પાલન કરવામાં નિપુણ હોય છે; તેઓ દુસ્તર સંસાર સાગરને તરીને અર્થાત્ સકલ કર્મ નષ્ટ કરીને સર્વોત્તમ એવી સિદ્ધ ગતિને પામી ગયા છે, પામે છે અને પામશે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં મુમુક્ષુની પાત્રતા અને અપાત્રતાને સમજાવતાં તેના ગુણ–અવગુણોનું સંકલન કરીને તેનું અંતિમ ફળ દર્શાવ્યું છે.

**जे यावि चंडे... :–** જે ક્રોધી છે, અવિનીત છે તે મોક્ષને માટે યોગ્ય નથી. તેઓમાં અવિનયના કારણભૂત અને કાર્યરૂપ અન્ય અનેક દુર્ગુણો પણ હોય જ છે. સૂત્રકારે તેના આઠ દુર્ગુણોનું આ ગાથામાં કથન કર્યું છે.

**मइइड्ढिगारवे :–** (૧) જે બુદ્ધિ દ્વારા ઋદ્ધિનો ગર્વ કરે છે, (૨) જે જાતિ આદિનો ગર્વ કરે છે અને ઋદ્ધિના ગર્વમાં પણ અભિનિવિષ્ટ છે. (દશવૈકાલિક ટીકા અને ચૂર્ણિ) (૩) જે મતિ–શ્રુતજ્ઞાન અને ઋદ્ધિ–ઐશ્વર્યનો ગર્વ કરે છે. (૪) જે ઋદ્ધિ ગૌરવની બુદ્ધિવાળો છે. સંક્ષેપમાં જે અભિમાની છે.

**साहस :–** જે વિચાર્યા વિના આવેશપૂર્વક કાર્ય કરે છે અર્થાત્ અકૃત્ય કરવામાં તત્પર હોય તેને સાહસિક કહે છે. પ્રાચીન સાહિત્યમાં આ શબ્દનો પ્રયોગ ચોર, હિંસક, શોષક આદિ અર્થમાં થતો હતો. પરંતુ કાલાન્તરમાં તેનો અર્થ શક્તિશાળી અથવા સંકલ્પવાન થયો છે. પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં 'સાહસ' શબ્દને હિંસાનો પર્યાયવાચી શબ્દ માન્યો છે. પ્રસ્તુત પ્રસંગમાં તેનો અર્થ અયોગ્ય કાર્ય કરવામાં તત્પર' તે પ્રમાણે થાય છે.

**हीण पेसणे :–** પેસણ–નિયોજન, કાર્યમાં પ્રવૃત્ત કરવું, આજ્ઞા આપવી. જે શિષ્ય પોતાના ગુરુની આજ્ઞાને હીન કરે છે અર્થાત્ યથાસમય તેનું પાલન કરતો નથી. આજ્ઞા પાલનમાં જે બેદરકાર રહે છે. તે **हीणपेसणे** કહેવાય છે.

**अदिट्ठधम्मे :–** શ્રુત અને ચારિત્રરૂપ ધર્મ જેણે જાણ્યો નથી કે અનુભવ્યો નથી.

**विणए अकोविए :–** વિનય કરવામાં જે અકોવિદ–અનિપુણ છે. વિનયવિધિથી જે અપરિચિત છે. તેને વિનયનું આચરણ વ્યર્થ(ભાર સમ) લાગે છે.

**असंविभागी :–** પોતાને પ્રાપ્ત થયેલા વસ્ત્ર, પાત્ર, આહાર, પાણી કે સ્થાન વગેરેનું અન્ય સહચારી સાધુઓમાં વિભાજન કરતો નથી. તે અસંવિભાગી કહેવાય છે.

ઉપરોક્ત દુર્ગુણો મોક્ષમાર્ગના બાધક છે. તે સમ્યગ્દર્શન આદિ ગુણોને પ્રગટ થવા દેતા નથી. તેથી તે જીવો મોક્ષ પ્રાપ્તિ માટે અયોગ્ય છે.

**णिद्देसवित्ती पुण जे गुरूणं :–** વિનીત સાધક પોતાના સ્વાર્થનો આગ્રહ ન રાખતાં ગુર્વાજ્ઞા પાલનમાં તત્પર રહે છે. ગુરુની આજ્ઞાના પાલનમાં સ્વચ્છંદનો નિરોધ થાય છે. તેથી ઇન્દ્રિય અને મનની ઘણી પ્રવૃત્તિઓ અટકી જાય છે. પરિણામે તે શુભમાર્ગે એકાગ્ર બને છે. આ રીતે અંતે તે જીવ કર્મનિર્જરા કરી ક્રમશઃ મોક્ષને પ્રાપ્ત કરે છે.

**सुयत्थधम्मा :–** (૧) જે શ્રુતધર્મના સૂક્ષ્મ રહસ્યોના જ્ઞાતા હોય તે (૨) જે શ્રુત અને તેના અર્થના જ્ઞાતા હોય (૩) જે ગીતાર્થ હોય. તેને **સૂત્રાર્થ ધર્મા** કહેવાય છે.

**विणयम्मि कोविया** = જે વિનય વિધિને યથાર્થરૂપે જાણીને તદનુસાર તેનું આચરણ કરનારા હોય, તે વિનયધર્મમાં નિપુણ કહેવાય છે.

આવા ગુણસંપન્ન આત્મા મોક્ષને માટે યોગ્ય છે. તે ક્રમશઃ સર્વકર્મનો ક્ષય કરી સંસાર સાગરને તરી જાય છે અને સિદ્ધગતિને પ્રાપ્ત કરે છે.

**।। બીજો ઉદ્દેશક સંપૂર્ણ ।।**

# નવમું અધ્યયન

## [તૃતીય ઉદ્દેશક]

**વિનીત સાધકની પૂજનીયતા :–**

**૧** आयरियं अग्गिमिवाहियग्गी, सुस्सूसमाणो पडिजागरिज्जा ।
आलोइयं इंगियमेव णच्चा, जो छंदमाराहयइ स पुज्जो ॥

**છાયાનુવાદ :** आचार्यमग्निमिवाहिताग्निः, शुश्रूषमाणः प्रतिजागृयात् ।
आलोकितमिङ्गितमेव ज्ञात्वा, यश्छन्दमाराधयति स पूज्यः ॥

**શબ્દાર્થ :–** **आहियग्गी** = અગ્નિહોત્રી બ્રાહ્મણ **अग्गिं** = અગ્નિની આરાધના કરે છે **आयरियं** = આચાર્યની **सुस्सूसमाणो** = શુશ્રૂષા કરતા **पडिजागरिज्जा** = પ્રત્યેક કાર્યમાં સાવધાન રહે **आलोइयं** = આચાર્યની દષ્ટિને **इंगियमेव** = ચેષ્ટાને **णच्चा** = જાણીને **छंदं** = આચાર્યના અભિપ્રાયની **आराहयइ** = આરાધના કરે છે **स** = તે શિષ્ય **पुज्जो** = પૂજ્ય કહેવાય છે, પૂજ્ય બને છે.

**ભાવાર્થ :–** જેમ અગ્નિહોત્રી બ્રાહ્મણ અગ્નિની સારી રીતે શુશ્રૂષાપૂર્વક ઉપાસના કરવામાં સાવધાન રહે છે તેમ શિષ્ય પોતાના ગુરુની સેવામાં સાવધાન રહે છે. આચાર્યની દષ્ટિ અને સંકેત ઉપરથી જ જે સાધક તેમની ઈચ્છાઓને સમજી જાય છે અને તે પ્રમાણે કાર્ય કરે છે, તે પૂજનીય બને છે.

**૨** आयारमट्ठा विणयं पउंजे, सुस्सूसमाणो परिगिज्झ वक्कं ।
जहोवइट्ठं अभिकंखमाणो, गुरुं तु णासाययइ स पुज्जो ॥

**છાયાનુવાદ :** आचारार्थं विनयं प्रयुञ्जीत, शुश्रूषमाणः परिगृह्य वाक्यम् ।
यथोपदिष्टमभिकाङ्क्षन्, गुरुं तु नाशातयति स पूज्यः ॥

**શબ્દાર્થ :–** **आयारमट्ठा** = સંયમાચાર શીખવા માટે, આચાર અર્થે ગુરુનો **विणयं** = વિનય **पउंजे** = કરે છે **सुस्सूसमाणो** = પર્યુપાસના, આજ્ઞા સાંભળવાની ઈચ્છા રાખતો **वक्कं** = તેમના વચનોનો **परिगिज्झ** = સ્વીકાર કરીને **जहोवइट्ठं** = યથોક્ત રીતિથી **अभिकंखमाणो** = કાર્ય કરવાની ઈચ્છાવાળો **गुरुं णासाययइ** = તથા ગુરુની આશાતના કરતો નથી.

**ભાવાર્થ :–** જે શિષ્ય સંયમાચારની શિક્ષા પ્રાપ્ત કરવા માટે, તેમની આરાધના માટે ગુરુનો વિનય કરે.

તેમની સેવા શુશ્રૂષા કરતાં તેઓના આદેશ વાક્યોનો સ્વીકાર કરે તથા તે આદેશોની યથાર્થ પાલના કરવાની ઈચ્છા રાખતાં ક્યારે ય ગુરુદેવની અવજ્ઞા કે આશાતના કરે નહીં, તે પૂજનીય થાય છે.

**३** **रायणिएसु विणयं पउंजे, डहरा वि य जे परियायजेट्ठा ।**
**णीयत्तणे वट्टइ सच्चवाई, उवायवं वक्ककरे स पुज्जो ॥**

**છાયાનુવાદ :** **रात्निकेषु विनयं प्रयुञ्जीत, डहरा अपि च ये पर्यायज्येष्ठाः ।**
**नीचत्वे वर्तते सत्यवादी, अवपातवान् वाक्यकरः स पूज्यः ॥**

**શબ્દાર્થ :– जे** = જે **रायणिएसु** = રત્નાધિકોને માટે **परियायजेट्ठा** = દીક્ષામાં જયેષ્ઠ એવા **डहरा वि** = બાલ સાધુઓને માટે **विणयं** = વિનયનો **पउंजे** = પ્રયોગ કરે છે **सच्चवाई** = તેમજ સત્યવાદી છે **उ(ओ)– वायवं** = ઉપાયપૂર્વક આચાર્યાદિની સેવામાં રહે, વંદના કરે **वक्ककरे** = આચાર્યના વચનને સ્વીકારનાર **णीयत्तणे** = ગુણાધિકને નમનારો.

**ભાવાર્થ :–** જે વયમાં નાના હોવા છતાં પણ દીક્ષા પર્યાયમાં જયેષ્ઠ એવા પૂજનીય, રત્નાધિક સાધુઓનો વિનય કરે છે, નમ્ર વ્યવહાર કરે છે, જે સત્યવાદી છે, ગુરુની સમીપે રહે છે અને જે પ્રયત્નપૂર્વક ગુરુની આજ્ઞાનું પાલન કરે છે, તે પૂજનીય છે.

## વિવેચન :–

પ્રસ્તુત ત્રણ ગાથાઓમાં વિનીત સાધકની પૂજનીયતાનું કથન કર્યું છે.

**अग्गिमिव आहियग्गी :–** જેમ અગ્નિહોત્રી બ્રાહ્મણ અગ્નિની શુશ્રૂષામાં સાવધાન રહે છે, તેમ આચાર્ય ગુરુદેવની સેવા માટે શિષ્ય પણ સાવધાન રહે છે. શાસ્ત્રકારે વિનય સેવા ભક્તિ માટે અગ્નિહોત્રી બ્રાહ્મણનો આદર્શ ઉપસ્થિત કરીને આ ગાથામાં અને પહેલાં પણ પ્રથમ ઉદ્દેશકની અગિયારમી ગાથામાં **जहाहियग्गी जलणं णमंसे**; પદ દ્વારા સમજાવ્યું છે. તેનાથી સ્પષ્ટ થાય છે કે આગમ કાલમાં અગ્નિહોત્રી બ્રાહ્મણોની બહુલતા હતી અને તેઓની હવન વિધિ અને મંત્રોચ્ચારણ વગેરે વિધિ દ્વારા કલાકો સુધીની થતી પ્રવૃત્તિમાં અગ્નિ પ્રત્યે અસીમ અને અનુપમ ભક્તિ નજરે પડતી હતી. તે સમયે જન સામાન્યનો આ અનુભવ ગમ્ય વિષય હતો. તે કારણે વિનય ભક્તિ, સેવા શુશ્રૂષા, નમસ્કાર આદિની તલ્લીનતા કે સજાગતા માટે અગ્નિહોત્રી બ્રાહ્મણના આદર્શનું કથન કરવામાં આવ્યું છે.

**आलोइयं इंगियमेव णच्चा :–** અહીં ગુરુના અભિપ્રાયને સમજવા માટે બે શબ્દ આપ્યા છે.– (૧) **आलोइयं** = ગુરુની દૃષ્ટિ. ગુરુદેવ આંખોના ઈશારાથી જે ભાવ વ્યક્ત કરવા ઈચ્છે તેને જાણીને. (૨) **इंगियं** = ગુરુના ઈશારા. ગુરુદેવ હાથ વગેરે શરીરાવયવો દ્વારા સંકેત કરીને જે ભાવ વ્યક્ત કરવા ઈચ્છે તેને જાણીને. આ બંને પ્રકારે દૃષ્ટિથી અને અંગ ચેષ્ટાથી જાણી સમજીને તેઓની ઈચ્છા અભિલાષા(છંદ)ને પ્રાધાન્ય આપી, તેઓના ચિત્તની આરાધના કરનાર શિષ્ય.

**स पुज्जो :–** અહીં ક્રિયા પદ ન હોવાથી તેના એક જ ભાવવાળા અર્થના અનેક પ્રકારે વાક્ય પ્રયોગ મળે છે. યથા– તે પૂજ્ય છે, તે પૂજ્ય થાય છે, પૂજ્ય હોય છે, તે પૂજ્ય બને છે, તેને પૂજ્ય કહેવાય છે; તેમજ તે જગતપૂજ્ય બને છે. તે પૂજ્યનીય થાય છે, તે જ પૂજ્ય કહેવાય છે, તે જ પૂજ્યનીય બને છે તે જ ખરેખર પૂજનીય બને છે વગેરે. આ સર્વ વાક્યોના ભાવોમાં કોઈ વિરોધ થતો નથી.

ગુરુના અભિપ્રાયોને જાણવાના ઉદાહરણ– (૧) ગુરુદેવ શિષ્ય સામે જોઈ પછી કંબલ તરફ જોયું. તે જોઈને શિષ્યે તુરત જ જાણી લીધું કે ગુરુજીને ઠંડી લાગે છે; કંબલની જરૂર છે. (૨) ગુરુજીને કફનો પ્રકોપ થયો છે; વારંવાર ઉધરસ આવે છે; તે અંગચેષ્ટા જાણીને સૂંઠ આદિ ઔષધ લાવીને આપે. નીતિ શાસ્ત્રના શ્લોકમાં પણ અભિપ્રાય જાણવા વિષે આ પ્રકારે કથન છે–

**आकारै रिंगितै र्गत्या, चेष्टया भाषणेन च ।**
**नेत्रवक्त्र विकारैश्च, लक्ष्यतेऽन्तर्गतं मनः ॥** – *[હિતોપદેશ]*

**અર્થ–** આકૃતિ, ઈગિત(ઈશારો), ગતિ, ચેષ્ટા, ભાષણ, આંખ અને મુખના વિકારોથી કોઈના આંતરિક મનોભાવોને જાણી શકાય છે.

આ રીતે પ્રથમ ગાથા અનુસાર ગુરુ પ્રતિ અર્પણ અને વિચક્ષણ શિષ્ય વિકાસ પામતાં એક દિવસ સ્વયં ગુરુ આચાર્યની જેમ આદર્શ અને પૂજ્યનીય શ્રમણોની ગણતરીમાં પહોંચી જાય છે.

**जो छंदमाराहयइ स पुज्जो :–** આ વાક્યના બે પ્રકારે અર્થ થાય છે– (૧) જે ગુરુના અભિપ્રાયને સમજીને તે અનુસાર સમયને યોગ્ય કાર્ય કરે છે. (૨) જે ગુરુની ઇચ્છાની આરાધના કરે છે, તે પૂજ્ય થાય છે.

તેમજ ગુરુના આશયને સમજીને ગુરુની પ્રેરણા વિના સ્વયં કાર્ય કરનારા શિષ્ય લોકમાં **ઉત્તમોત્તમ** કહેવાય છે. ગુરુની પ્રેરણા પછી પણ પોતાનું હિત સમજીને કાર્ય કરનારા **ઉત્તમ** કહેવાય છે, ફરજ સમજીને કાર્ય કરનારા **મધ્યમ** કહેવાય છે; અનાદરપૂર્વક કાર્ય કરનારા **અધમ** કહેવાય છે અને ગુરુને કટુ શબ્દ કહેનારા **અધમાધમ** શિષ્ય કહેવાય છે. વિનયની ક્રિયા દેખાવમાં એક સમાન હોવા છતાં તેમના આશયભેદથી ફળમાં ભિન્નતા રહે છે. સાર એ છે કે પ્રસન્ન ચિત્તે, ગુરુના અભિપ્રાયની આરાધના કરનાર શિષ્ય પૂજનીય બને છે.

**आयारमट्ठा... :–** આ ગાથામાં પૂજ્યનીયતા પ્રાપ્ત કરવા માટે કૃતજ્ઞતા ગુણની આવશ્યકતા બતાવી છે. શિષ્ય જ્ઞાનાચાર આદિ પંચાચારની પ્રાપ્તિને માટે ગુરુના વચનોને સાંભળવા આતુર હોય છે. દુકાને બેઠેલો વ્યાપારી ઘરાકના વચન સાંભળવા આતુર હોય છે. તેમાં વ્યાપારીને પોતાનો લાભ પ્રત્યક્ષ દેખાય છે. તેનાથી અનંતગુણો અધિક લાભ શિષ્યને ગુરુના વચન શ્રવણ અને તદનુસાર આચરણમાં દેખાય છે. ગુરુના વચન–શ્રવણની આતુરતા તે વિનયનું પ્રથમ સોપાન છે. ગુરુનો આદેશ સાંભળી પ્રસન્નતાપૂર્વક, કૃતજ્ઞભાવે તે વચનનો સ્વીકાર કરવો અને તદનુસાર આચરણ કરવું અને પુનઃ પુનઃ ગુરુ વચન શ્રવણનો

અને ગુરુની આરાધનાનો અવસર આવે તેવી ભાવના રાખવી, વિનયધર્મની અનુમોદના કરવી તે વિનયની ઉત્તરોત્તર ભૂમિકા છે. આ રીતે ગુણાનુરાગ અને કૃતજ્ઞતા જેનામાં હોય તે પૂજનીય બને છે.

આ રીતે બીજી ગાથાનુસાર શ્રમણાચારની શુદ્ધ અને ઉચ્ચ આરાધનાના અભ્યાસ હેતુને અનુલક્ષી ગુરુ સાનિધ્યમાં રહી તેઓની આજ્ઞા આરાધનાર અને કોઈ પણ પ્રકારે આશાતના નહીં કરનાર શિષ્ય જગત્‌પૂજ્ય શ્રમણોની શ્રેણિમાં આવી જાય છે.

**रायणिएसु विणयं... :–** આ ગાથામાં દીક્ષા પર્યાયમાં વડીલ દરેક શ્રમણોના વિનયનું અને તેમની આજ્ઞાની આરાધનાનું કથન છે. વડીલ દીક્ષાવાળા શ્રમણ ઉંમરમાં, જ્ઞાનમાં, બુદ્ધિમાં, નાના મોટા કેવા પણ હોય તેઓની ગુરુ તુલ્ય આદર ભાવ સાથે, આત્મસાક્ષીએ, આરાધના કરનાર શ્રમણ એક દિવસ જિનશાસનના પૂજ્ય સ્થાને અર્થાત્ મહાન શ્રમણોની શ્રેણિમાં આવી જાય છે.

**ओवायवं वक्ककरे :–** આ શબ્દોના અનેક પ્રકારે અર્થ થાય છે– (૧) **ओवायवं** શબ્દને **वक्ककरे** શબ્દનું વિશેષણ માનીએ તો તેનો અર્થ આ પ્રમાણે થાય છે કે– ઉપાયપૂર્વક, પ્રયત્નપૂર્વક ગુરુ વચનોને કાર્યાન્વિત કરનાર (૨) **उपपात** = સમીપ. ગુરુની સમીપે રહેનાર ગુરુની આજ્ઞાનું પાલન કરનાર (૩) **अवपात्** = વંદન, સેવા ઇત્યાદિ. ગુરુની વંદના અને સેવા ભક્તિ કરનાર વંદનશીલ સાધુ. આ રીતે (૧) **उवावयं** = ઉપાયવાન્ (૨) ઉપપાતવાન્ (૩) અવપાતવાન્ . ટીકાકારે **ओवायवं** ના જ બે અર્થ કર્યા છે. વંદનશીલ અને સમીપવર્તી.

## સંતોષી સાધકની પૂજનીયતા :-

**૪** अण्णायउंछं चरइ विसुद्धं, जवणट्ठया समुयाणं च णिच्चं ।
अलद्धुयं णो परिदेवइज्जा, लद्धुं ण विकत्थयइ स पुज्जो ॥

**છાયાનુવાદ :** आज्ञातोञ्छं चरति विशुद्धं, यापनार्थं समुदानं च नित्यम् ।
अलब्ध्वा न परिदेवयेत्, लब्धवा न विकत्थते स पूज्यः ॥

**શબ્દાર્થ :– विसुद्धं** = દોષોથી રહિત **समुयाणं** = સમુદાનિક ગોચરીથી પ્રાપ્ત **णिच्चं** = નિત્ય **अण्णायउंछं** = અજ્ઞાત કુળમાંથી થોડું થોડું ગ્રહણ કરીને લાવેલો આહાર **जवणट्ठाए** = સંયમરૂપી યાત્રાના નિર્વાહ માટે **चरइ** = ભોગવે છે **अलद्धुयं** = આહાર ન મળે તો **णो परिदेवइज्जा** = દુઃખ કરે નહીં, કોઈની નિંદા કરે નહીં **लद्धुं** = આહાર મળે તો **ण विकत्थयइ** = કોઈની સ્તુતિ કરે નહીં, પોતાની પ્રશંસા કરે નહીં.

**ભાવાર્થ :–** જે સાધુ સંયમ યાત્રાના નિર્વાહ માટે હંમેશાં સામુદાનિક, વિશુદ્ધ અને અજ્ઞાત ઘરોમાંથી ગોચરી કરે છે, તેમ કરતાં જો આહાર પ્રાપ્ત ન થાય ત્યારે ખેદ કરે નહીં કે કોઈની નિંદા કરે નહીં અને આહાર પ્રાપ્ત થાય ત્યારે ખુશ થઈ પોતાની કે ગૃહસ્થની પ્રશંસા કરે નહીં; તે પૂજ્ય બને છે.

**૫** **संथारसिज्जासणभत्तपाणे अप्पिच्छया अइलाभे वि संते ।**
**जो एवमप्पाणभितोसएज्जा, संतोसपाहण्णरए स पुज्जो ॥**

**છાયાનુવાદ : संस्तारकशय्यासनभक्तपाने, अल्पेच्छताऽतिलाभेऽपि सति ।**
**य एवमात्मानमभितोषयेत्, सन्तोषप्राधान्यरतः स पूज्यः ॥**

**શબ્દાર્થ :– अइलाभे** = અતિલાભ **संते वि** = થાય તો પણ **संथारसिज्जासणभत्तपाणे** = સંસ્તારક, શય્યા ભક્ત અને પાણીના વિષયમાં **अप्पिच्छया** = અલ્પ ઈચ્છા રાખનારા **अप्पाणं** = પોતાના આત્માને **अभितोसएज्जा** = સદા સંતુષ્ટ રાખે છે **संतोसपाहण्णरए** = મુખ્યતયા સંતોષમાં રત, સંતોષ પ્રાધાન્ય પ્રકૃતિથી સંયમમાં લીન.

**ભાવાર્થ :–** જે મુનિ શય્યા, સંસ્તારક, આસન, ભોજન, પાણી વગેરેનો અતિ લાભ થતો હોય તો પણ તેમાં અલ્પ ઈચ્છા રાખે છે; આ રીતે જે દરેક વિષયમાં પોતાના આત્માને સંતુષ્ટ રાખે છે; સંતોષ બહુલ પ્રકૃતિથી સંયમમાં લીન રહે છે, તે પૂજ્ય થાય છે.

## વિવેચન :–

પ્રસ્તુત બે ગાથાઓમાં શુદ્ધ ગવેષણા અને સંતોષ વૃત્તિ રાખનાર સાધુની પૂજનીયતાનું નિરૂપણ છે.

**अण्णायउंछं चरइ विसुद्धं... :– अण्णाय उंछं** શબ્દમાં ભિક્ષાના બે ગુણ સમાવિષ્ટ છે.– (૧) અજ્ઞાત ભિક્ષા (૨) અનેક ઘરોની ભિક્ષા. અજ્ઞાત ભિક્ષાનું તાત્પર્ય છે કે જે ઘરોમાં ભિક્ષુના ગોચરી માટે પ્રવેશ કર્યા પહેલાં તેને માટે કોઈ પ્રકારની પૂર્વ તૈયારી કરેલી ન હોય તેમજ ભિક્ષુના આવવાની જાણકારી પણ ન હોય; તેવા ઘરોમાં ગોચરી કરવી, તે **અજ્ઞાત ભિક્ષા** કહેવાય છે. સંક્ષિપ્તમાં પૂર્વ તૈયારી વગરના ઘર અજ્ઞાત કહેવાય છે. **उंछं** પદનું તાત્પર્ય એ છે કે અનેક ઘરોથી થોડી થોડી ભિક્ષા ગ્રહણ કરવી. આ રીતે પ્રથમ ચરણનો અર્થ થાય છે કે પૂર્વ તૈયારી વગરના અનેક ઘરોથી ૪૨ દોષ રહિત વિશુદ્ધ ભિક્ષા ગ્રહણ કરનાર શ્રમણ.

**विसुद्धं :–** ઉદ્‌ગમ, ઉત્પાદન અને એષણાના દોષોથી રહિત પ્રાપ્ત થયેલી ભિક્ષા, વિશુદ્ધ ભિક્ષા કહેવાય છે. ભિક્ષાના તે દોષોનું વિવરણ પરિશિષ્ટમાં જુઓ.

**संतोसपाहण्णरए स पुज्जो :–** જે મુનિ આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર, શય્યા, સંસ્તારક આદિ પ્રત્યેક વિષયમાં અલ્પ ઈચ્છાવાળા હોય અથવા પ્રાપ્ત થયેલા પદાર્થોમાં અનાસક્ત હોય, સંતુષ્ટ હોય તે પૂજનીય બને છે.

અલ્પ ઈચ્છા અથવા અલ્પ આવશ્યક્તા તે વૈરાગ્યનું પ્રથમ લક્ષણ છે. ત્યાગ વિના વૈરાગ્યનો આનંદ અનુભવી શકાતો નથી. વૈરાગી આત્મા ક્રમશઃ પોતાની જરૂરિયાતોને ઘટાડે છે. રાગી વ્યક્તિને

ભોગમાં અને વૈરાગીને ત્યાગમાં આનંદ આવે છે. જે પોતાની જરૂરિયાતોમાં ગૂંચવાયેલો રહે છે તે આહારની શુદ્ધ ગવેષણા કરી શકતો નથી. તેથી આહાર શુદ્ધિ અને સંતોષ વૃત્તિ બંને ગુણના ધારક પૂજ્યનીય બને છે. પૂજ્યતા પ્રાપ્ત કરાવનાર દર્શાવ્યા છે.

**परिदेवइज्जा :–** પરિદેવન કરવું. દુઃખી થવું, વિલાપ કરવો, કણસવું. હું કેટલો કમભાગી છું કે આજે મને ભિક્ષા જ ન મળી; આ ગામના લોકો સારા નથી; આ રીતે વિચારીને દુઃખી થવું.

**विकत्थइ :–** વિશેષ કથન કરવું. પ્રશંસા કરવી, પોતાની બડાઈ હાંકવી કે હું કેટલો ભાગ્યશાળી છું મારા પુણ્યથી આવો આહાર મળ્યો છે.

## આક્રોશ પરીષહજયી સાધકની પૂજનીયતા :–

**૬** **सक्का सहेउं आसाइ कंटया, अयोमया उच्छहया णरेणं ।**
**अणासए जो उ सहिज्ज कंटए, वईमए कण्णसरे स पुज्जो ॥**

**છાયાનુવાદ :** शक्याः सोढुं आशया कण्टकाः, अयोमया उत्सहमानेन नरेण ।
अनाशया यस्तु सहेत कण्टकान्, वचोमयान् कर्णसरान् स पूज्यः ॥

**શબ્દાર્થ :–** **उच्छहया** = દ્રવ્યને માટે ઉદ્યમ કરનારા **णरेणं** = પુરુષ **आसाइ** = દ્રવ્ય પ્રાપ્તિની આશાથી **अयोमया** = લોઢામય **कंटया** = કંટકોને **सहेउं** = સહન કરવાને માટે **सक्का** = સમર્થ થાય છે તો **कण्णसरे** = કાનોમાં બાણ જેવા તીક્ષ્ણ **वईमए** = વચનરૂપ કંટકોને **अणासए** = કોઈ પણ જાતિની આશા વિના **सहिज्ज** = સહન કરે છે.

**ભાવાર્થ :–** મનુષ્ય ધન કે તેવી કોઈ પણ સાંસારિક વસ્તુઓની આશાથી લોખંડના કાંટાઓને સહન કરે શકે છે પરંતુ જે કોઈ પણ પ્રકારની લૌકિક આશા રાખ્યા વિના કાનોમાં ખૂંચતા વચનરૂપી કંટકોને સહન કરે છે, તે ખરેખર પૂજનીય છે.

**૭** **मुहुत्तदुक्खा उ हवंति कंटया, अओमया ते वि तओ सुउद्धरा ।**
**वाया दुरुत्ताणि दुरुद्धराणि, वेराणुबंधीणि महब्भयाणि ॥**

**છાયાનુવાદ :** मुहूर्त्तदुःखास्तु भवन्ति कण्टकाः, अयोमयास्तेऽपि ततः सूद्धराः ।
वाग्–दुरुक्तानि दुरुद्धराणि, वैरानुबन्धीनि महाभयानि ॥

**શબ્દાર્થ :–** **अओमया** = લોહમય **कंटया** = કંટક **मुहुत्तदुक्खा** = અલ્પકાળ સુધી જ દુઃખ દેનારા હોય છે અને પછી **तओ** = જે અંગમાં લાગ્યા હોય તે અંગમાંથી **सुउद्धरा** = સુખપૂર્વક કાઢી

શકાય છે પરંતુ **वायादुरुत्ताणि** = કટુવચનરૂપી કંટક **दुरुद्धराणि** = દુરુદ્ધર છે **वेराणुबंधीणि** = વૈર ભાવનો બંધ કરાવનાર છે તથા **महब्भयाणि** = મહાભયકારી છે.

**ભાવાર્થ :–** લોખંડના કાંટાઓ તો મુહૂર્ત માત્ર એટલે અલ્પ સમય સુધી જ દુઃખ આપે છે અને તેને અંગમાંથી બહાર કાઢવા પણ સહેલા છે. પરંતુ કઠોર વચનરૂપી કંટકો સહજ રીતે કાઢી શકાતા નથી તથા તે વેરની પરંપરા વધારનાર અને મહાભયાનક હોય છે.

**૮** **समावयंता वयणाभिघाया, कण्णंगया दुम्मणियं जणंति ।**
**धम्मो त्ति किच्चा परमग्गसूरे, जिइंदिए जो सहइ स पुज्जो ॥**

**છાયાનુવાદ :** **समापतन्तो वचनाभिघाताः, कर्णं गता दौर्मनस्यं जनयन्ति ।**
**धर्म इति कृत्वा परमाग्रशूरो, जितेन्द्रियो यः सहते स पूज्यः ॥**

**શબ્દાર્થ :– समावयंता** = એકઠા થઈને સામે આવેલા **वयणाभिघाया** = કઠિન વચનરૂપી બાણના પ્રહાર **कण्णंगया** = કર્ણેન્દ્રિયમાં પ્રવેશતા જ **दुम्मणियं** = દૌર્મનસ્ય ભાવને **जणंति** = ઉત્પન્ન કરે છે **परमग्गसूरे** = પણ વીર પુરુષોમાં પરમાગ્રણી **जिइंदिए** = ઈન્દ્રિયોને જીતનારા **जो** = જે પુરુષ **सहइ** = તે વચનના પ્રહારોને સહન કરે છે.

**ભાવાર્થ :–** કઠોર વચનના પ્રહારો કાને સંભળાતા જ ચિત્તમાં વૈમનસ્ય ઉત્પન્ન કરે છે. જે શૂરવીરોમાં અગ્રણી અને જીતેન્દ્રિય પુરુષ 'આ મારો ધર્મ છે.' તેમ માની સમભાવપૂર્વક તે વચન પ્રહારોને સહન કરે છે, તે જ પૂજનીય છે.

## વિવેચન :–

પ્રસ્તુત ત્રણ ગાથાઓમાં કટુ, તીક્ષ્ણ અને કંટક જેવા વચનોને સહન કરવાની મહત્તા પ્રદર્શિત કરી છે.

**सक्का सहेउं... :–** આ ગાથામાં વચનરૂપી તીક્ષ્ણ બાણના પ્રહારને સહન કરનારની શ્રેષ્ઠતા પ્રદર્શિત કરી છે. કોઈ વ્યક્તિ ધન વગેરે ઈહલૌકિક સુખની પ્રાપ્તિના ઉત્સાહમાં કષ્ટ સહન કરે, કોઈ વિજય પ્રાપ્તિના ઉત્સાહમાં સમરાંગણમાં લોહમય તીક્ષ્ણ બાણોને સહન કરે છે. પરંતુ જે વ્યક્તિ કોઈપણ પ્રકારના લાભની અપેક્ષા વિના વચનરૂપી તીક્ષ્ણ બાણના પ્રહારને સમભાવથી સહન કરે છે. તે જ પૂજનીય થાય છે.

**वइमए कण्णसरे स पुज्जो :– कण्णसरे** શબ્દના બે અર્થ થાય છે.– (૧) કાનમાં પ્રવેશ કરતાં (૨) કાન માટે તીક્ષ્ણ બાણ જેવા.

**मुहुत्त दु:खा उ हवंति कंटया... :–** આ ગાથામાં વચનરૂપી બાણને સહન કરનારની શ્રેષ્ઠતાનું કારણ સ્પષ્ટ કર્યું છે.

લોખંડના તીક્ષ્ણ બાણ કાયાને વીંધી નાંખે છે. તેને શરીરમાંથી કાઢવા સહેલા છે. તેની પીડા સીમિત સમય સુધી જ રહે છે. જ્યારે વચનરૂપી બાણ હૃદયને વીંધી નાંખે છે. તેને અંતરમાંથી કાઢવા અત્યંત કઠિન છે. તેની વૈર પરંપરા દીર્ઘકાલ સુધી રહે છે.

પરંતુ જે સાધક પોતાની સમજણથી વચનરૂપી બાણને સમભાવથી સહન કરે છે. તે પૂજનીય બને છે.

**समावयंता वयणाभिघाया... :–** આ ગાથામાં વચનરૂપી બાણના પ્રહારને સહન કરવા માટે પ્રેરક બનતી વિધેયાત્મક વિચાર ધારાનું કથન છે.

કોઈપણ પરિસ્થિતિને પ્રતિકાર કર્યા વિના સહન કરવી, સમભાવમાં સ્થિર થવું "તે મારો આત્મધર્મ છે, મારો સંયમ ધર્મ છે." તેવી વિચારણથી જે પોતાના ચિત્તને સ્વસ્થ અને સ્વચ્છ રાખે છે તે પૂજનીય બને છે. જે સમભાવપૂર્વક સહન કરે છે તે કાયર નથી પરંતુ શૂરવીર છે. તેથી જ સૂત્રકારે તેના માટે **परमग्गसूरे** પરમશૂર શબ્દનો પ્રયોગ કર્યો છે. લૌકિક ક્ષેત્રે વિજય પ્રાપ્ત કરવા કરતાં આધ્યાત્મિક ક્ષેત્રે આક્રોશ પરીષહને જીતવો અતિ શ્રેષ્ઠ છે, તેથી જ તે પરમ શૂરવીર કહેવાય છે.

**वेराणुबंधिणी :–** અનુબંધ–સાતત્ય, નિરન્તરતા. કટુવચનથી વેરની પરંપરા વધે છે તેથી તેને વેરાનુંબંધી કહે છે.

**परमग्गसूरे :–** સ્થાનાંગ સૂત્રમાં ચાર પ્રકારના શૂરવીરનું કથન છે. યુદ્ધશૂર, તપશૂર, દાનશૂર અને ધર્મશૂર. તેમાં જે ધર્મશૂર છે તે ધર્મની શ્રદ્ધાથી કષ્ટને સહન કરે છે, તેને અહીં પરમાગ્ર શૂર કહ્યા છે. તાત્પર્ય એ છે કે જે પરમ એટલે મોક્ષરૂપી લક્ષ્યની સિદ્ધિમાં શૂરવીર છે, તે પરમાગ્ર શૂર કહેવાય છે.

## વચન વિવેકીની પૂજ્યનીયતા :–

**૯** **अवण्णायं च परम्मुहस्स, पच्चक्खओ पडिणीयं च भासं ।**
**ओहारिणिं अप्पियकारिणिं च, भासं ण भासिज्ज सया स पुज्जो ॥**

**છાયાનુવાદ : अवर्णवादं च पराङ्मुखस्य, प्रत्यक्षतः प्रत्यनीकां च भाषाम् ।**
**अवधारिणीमप्रियकारिणीं च, भाषां न भाषेत सदा स पूज्यः ॥**

**શબ્દાર્થ :– सया** = સદાકાળ **परम्मुहस्स** = પીઠ પાછળ **पच्चक्खओ** = સામે–પ્રત્યક્ષ **अवण्णवायं** = અવર્ણવાદ, નિંદા **पडिणीयं** = વિરોધકારી **भासं** = ભાષાને **ओहारिणिं** = નિશ્ચયકારિણી **अप्पियकारिणिं** = અપ્રિયકારિણી **ण भासिज्ज** = બોલે નહિ.

**ભાવાર્થ :–** જે સાધુ કોઈપણ મનુષ્યની પીઠ પાછળ તેના અવર્ણવાદ બોલે નહીં, પ્રત્યક્ષમાં વૈર વિરોધ

થાય તેવી ભાષા બોલે નહીં તથા નિશ્ચયાત્મક અને કોઈનું અપ્રિય કરનારી ભાષા પણ બોલે નહીં, તે જ ખરેખર પૂજ્ય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં વચન સંયમ, ભાષા વિવેક રાખનાર શ્રમણની પૂજનીયતા દર્શાવી છે.

અહીં મુખ્યતયા ચાર પ્રકારના વચન માટે વિવેકનું સૂચન છે– (૧) પરોક્ષમાં નિંદા વચન (૨) પ્રત્યક્ષમાં વિરોધી વચન (૩) અજ્ઞાત અને સંદેહશીલ વિષયમાં અને ભવિષ્ય સંબંધી નિશ્ચયકારી વચન (૪) અપ્રિય, કટુ, પીડાકારી વચન. સાધુને માટે આ ચાર પ્રકારના વચનનો સર્વથા નિષેધ હોય છે. તેથી જે સાધક પૂર્ણ વિવેક રાખી તે ચારે ય પ્રકારના વચનોનો પૂર્ણ ત્યાગ કરે તે મહાત્મા ખરેખર પૂજ્યનીય કહેવાય છે.

**સમભાવી સાધકની પૂજનીયતા :–**

**૧૦** **अलोलुए अक्कुहए अमाई, अपिसुणे यावि अदीणवित्ती ।**
**णो भावए णो विय भावियप्पा, अकोउहल्ले य सया स पुज्जो ॥**

**છાયાનુવાદ :** **अलोलुपः अकुहकः अमायी, अपिशुनश्चाप्यदीनवृत्तिः ।**
**नो भावयेन्नोऽपि च भावितात्मा, अकौतुहलश्च सदा स पूज्यः ॥**

**શબ્દાર્થ :–** **अलोलुए** = અલોલુપી, જિહ્વા લોલુપ નથી, રસ લોલુપ નથી **अक्कुहए** = મંત્ર, તંત્રાદિ ચમત્કાર કે કુતૂહલ ઉત્પન્ન ન કરનાર **अमाई** = માયા, કપટ ન કરનાર **अपिसुणे** = ચાડી ચૂગલી ન કરનાર **अदीणवित्ती** = અદીન વૃત્તિ રાખનાર **णो भावए** = બીજા પાસે પોતાની સ્તુતિ ન કરાવનાર **भावियप्पा** = પોતાની પ્રશંસા ન કરનાર **अकोउहल्ले** = અકુતૂહલી.

**ભાવાર્થ :–** જે સાધુ રસ લોલુપી ન હોય, હાથ ચાલાકીની વિદ્યા રહિત અર્થાત્ મંત્રજંત્રાદિ ઈંદ્રજાળથી રહિત, નિષ્કપટી, પિશુનતારહિત અને અદીનવૃત્તિવાન છે અને જે સ્વયં પોતાની પ્રશંસા કરતા નથી તેમજ અન્યની પાસે પ્રશંસા કરાવતા નથી, તે જ ખરેખર પૂજ્ય છે.

**૧૧** **गुणेहिं साहू अगुणेहिं असाहु, गिण्हाहि साहूगुण मुंचऽसाहू ।**
**वियाणिया अप्पगमप्पएणं, जो रागदोसेहिं समो स पुज्जो ॥११॥**

**છાયાનુવાદ :** **गुणैः साधुरगुणैरसाधुः, गृहाण साधुगुणान् मुञ्च असाधुगुणान् ।**
**विज्ञायआत्मानमात्मना, यो रागद्वेषयोः समः स पूज्यः ॥**

**શબ્દાર્થ :– गुणेहिं** = ગુણોથી **साहू** = સાધુ **अगुणेहिं** = અગુણોથી **असाहु** = અસાધુ હોય છે **साहूगुण** = સાધુ યોગ્ય ગુણોને **गिण्हाहि** = ગ્રહણ કરી લે અને **असाहु** = અસાધુ યોગ્ય અવગુણોને **मुंच** = છોડી દે **अप्पएणं** = પોતાના આત્મા દ્વારા જ **अप्पगं** = આત્માને **वियाणिया** = જાણીને બોધિત કરે છે **रागदोसेहिं** = રાગ અને દ્વેષના વિષયોમાં **समो** = સમભાવ રાખે છે.

**ભાવાર્થ :–** અહો શિષ્ય ! વિનય વગેરે સદ્‌ગુણોથી વ્યક્તિ સાધુ કહેવાય છે અને અવિનય, ક્રોધાદિ અવગુણોથી વ્યક્તિ અસાધુ કહેવાય છે. માટે તું સાધુના ગુણોને જીવનમાં ગ્રહણ કર, વૃદ્ધિ કર અને અવગુણોને ત્યાગી દે. જે પોતાના જ આત્માથી(આત્મજ્ઞાનથી) પોતાના આત્માને જાણીને અર્થાત્ આત્માના ગુણ અને અવગુણોને કે કર્મબંધને જાણીને રાગદ્વેષના નિમિત્તોમાં જે સમભાવ જાળવી શકે છે, તે પૂજનીય હોય છે.

**१२** **तहेव डहरं च महल्लगं वा, इत्थिं पुमं पव्वइयं गिहिं वा ।**
**णो हीलए णो वि य खिंसइज्जा, थंभं च कोहं च चए स पुज्जो ॥**

**છાયાનુવાદ : तथैव डहरं वा महल्लकं वा, स्त्रियं पुमांसं प्रव्रजितं गृहिणं वा ।**
**न हीलयति नो अपि च खिंसयति, स्तम्भं च क्रोधं च त्यजेत् स पूज्यः ॥**

**શબ્દાર્થ :– डहरं** = બાલક **महल्लगं** = વૃદ્ધ **इत्थिं** = સ્ત્રી **पुमं** = પુરુષ **पव्वइयं** = દીક્ષિતની **गिहिं** = ગૃહસ્થની **णो हीलए** = એકવાર હીલના ન કરે **णो खिंसइज्जा** = પુનઃ પુનઃ હીલના ન કરે **थंभं** = અહંકારને **कोहं** = ક્રોધને **चए** = છોડી દે.

**ભાવાર્થ :–** બાલક કે વૃદ્ધ, સ્ત્રી કે પુરુષ અને દીક્ષિત કે ગૃહસ્થ, તે કોઈની પણ જે નિંદા કે તિરસ્કાર કરતા નથી તેમજ અહંકાર અને ક્રોધ આદિ કષાયોનો ત્યાગ કરે; તે પૂજ્ય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ત્રણ ગાથાઓમાં સાધકના અનેક આવશ્યક ગુણોનું કથન કરી તે ગુણોને ધારણ કરનારની પૂજનીયતાનું નિરૂપણ કર્યું છે.

દસમી ગાથામાં આઠ અવગુણોના ત્યાગનું કથન છે. અગિયારમી ગાથામાં સમજાવ્યું છે કે ગુણ–ધારણથી જ વ્યક્તિ સાધુ થાય છે અને અવગુણી કે ગુણ ધારક ન કરનાર હોય તે અસાધુ કહેવાય છે. માટે આત્મસાધક શ્રમણ આત્માનાં ગુણોની વૃદ્ધિ કરે અને અવગુણો છોડી દે; અર્થાત્ અંતર્મુખી થઈ સ્વદોષ દૃષ્ટિ કેળવી, સ્વયં દોષોને જાણી તે અવગુણોને છોડી દે. આ રીતે આત્મ નિરીક્ષણનો તથા આત્મ સંશોધનનો ઉપદેશ આ ગાથામાં છે. અંતે રાગ–દ્વેષ જનક સંયોગોમાં પણ આત્માભિમુખ બની સમભાવ રાખવાની પ્રેરણા છે.

બારમી ગાથામાં નાના મોટા દરેક પ્રત્યે સૌમ્ય પરિણામ રાખવાનું વિધાન અને રાખી તેઓના

તિરસ્કાર અપમાનનો નિષેધ કર્યો છે તથા ખાસ કરીને ગુસ્સો, ઘમંડ છોડવાની સાધુ માટે પ્રબલ પ્રેરણા છે. આ રીતે ત્રણ ગાથામાં કથિત વિભિન્ન ગુણોને ધારણ કરનાર અને તેના પ્રતિપક્ષી અવગુણોને છોડનાર શ્રમણ આદર્શ મહાન આત્મા થઈને જગત્પૂજ્ય થઈ જાય છે.

**अलोलुए :–** આહાર, વસ્ત્ર આદિ કોઈપણ વસ્તુમાં લુબ્ધ ન થનાર અને સ્વશરીરમાં પણ પ્રતિબદ્ધ ન રહેનાર.

**अक्कुहए :–** યંત્ર, મંત્ર, તંત્ર આદિ ચમત્કારિક પ્રયોગ ન કરનાર અને હાથ ચાલાકીની વિદ્યાઓ એટલે જાદુ, મંત્ર વગેરેનો પ્રયોગ નહીં કરનાર.

**अदीणवित्ती :–** દીનવૃત્તિ ન કરનાર. દીનવૃત્તિના બે અર્થ છે– (૧) અનિષ્ટસંયોગ અને ઈષ્ટ વિયોગ થવાથી દીન થવું. (૨) દીનભાવથી ગળગળા થઈ યાચના કરવી.

**णो भावए णो वि य भावियप्पा :–** આ વાક્યના ત્રણ પ્રકારે અર્થ થાય છે–(૧) **भाव** ધાતુનો અર્થ વાસિત કરવું, ચિંતન કરવું, પર્યાલોચન કરવું. **णो भावए** = તેનો શાબ્દિક અર્થ છે કે બીજાને અકુશળ ભાવોથી ભાવિત, વાસિત ન કરવું અને પોતે પણ ભાવિત ન થવું. (૨) બીજા પાસે પ્રશંસા કરાવે નહીં અને પોતે પણ પોતાની પ્રશંસા કરે નહીં. (૩) બીજાને ડરાવે નહીં અને પોતે બીજાથી ડરે નહીં.

**अकोउहल्ले :–** કુતૂહલના ત્રણ અર્થ છે.– (૧) ઉત્સુકતા કરવી, આશ્ચર્ય મગ્નતા (૨) હાંસી મજાક, ખેલ –તમાશા બતાવવા (૩) કોઈ આશ્ચર્યજનક વસ્તુ કે વ્યક્તિને જોવાની ઉત્કૃષ્ટ ઈચ્છા; આવી કુતૂહલવૃત્તિથી જે રહિત હોય તે અકુતૂહલી છે.

**वियाणिया अप्पगमप्पएणं :– अप्पगं अप्पएणं** = આત્માને આત્માથી જાણીને. આ પદનો અર્થ છે સ્વદોષ દર્શન, આત્મ નિરીક્ષણ. પ્રત્યેક છદ્મસ્થ વ્યક્તિમાં ગુણ દોષો હોય છે. સાધક પોતાના ગુણ દોષોને નજર સમક્ષ રાખી, ગુણી અવગુણી જગજીવો પ્રતિ સમભાવ રાખવાનું લક્ષ્ય રાખે. આ રીતે અભ્યાસ કરતાં સાધક રાગ–દ્વેષના પ્રસંગો કે નિમિત્તોમાં સદા સમભાવ રાખે.

**णो हीलए णो वि य खिंसइज्जा :– हीलए** = બીજાને તેના દુશ્ચારિત્રનું સ્મરણ કરાવીને લજ્જા પમાડવી કે નિંદા કરવી. **खिंसएज्जा** = ઈર્ષાવશ થઈ બીજાને ખરાબ વચન કહી દુઃખી કરવા, વારંવાર લજ્જિત કરવા કે કઠોર વચન કહેવા. મુનિ જગત્જીવોમાંથી નાના–મોટા, ગૃહસ્થ કે સાધુ કોઈપણ જીવની ક્રોધ કે અભિમાનથી નિંદા, અવહેલના કે તિરસ્કાર કરે નહીં પરંતુ તે સર્વ પ્રત્યે સમભાવને ધારણ કરે.

## ગુરુ ચરણોપાસકની પૂજનીયતા :–

**૧૩** **जे माणिया सययं माणयंति, जत्तेण कण्णं व णिवेसयंति ।**
**ते माणए माणरिहे तवस्सी, जिइंदिए सच्चरए स पुज्जो ॥**

**છાયાનુવાદ :** **ये मानिताः सततं मानयन्ति, यत्नेन कन्यामिव निवेशयन्ति ।**
**तान् मानयेत् मानार्हान् तपस्विनः, जितेन्द्रियान् सत्यरतान् स पूज्यः ॥**

**શબ્દાર્થ :– जे** = જે **माणिया** = સન્માનીત–વિનય કરાયેલા જે ગુરુ શિષ્યોને ભણવાની પ્રેરણારૂપે **सययं** = સતત, સદા **माणयंति** = અધ્યયનાદિ ક્રિયાઓ દ્વારા સન્માનિત કરે છે **जत्तेण** = યત્નથી **कण्णं व** = કન્યાની સમાન **णिवेसयंति** = શ્રેષ્ઠ સ્થાનમાં સ્થાપિત કરે છે **माणरिहे** = સન્માન યોગ્ય આચાર્યોને **तवस्सी** = તપસ્વી **जिइंदिए** = જીતેન્દ્રિય **सच्चरए** = સત્યવાદી **माणए** = વિનયાદિથી સન્માન કરે છે.

**અન્વયાર્થયુક્ત શબ્દાર્થ– जे** = જે શિષ્ય **सययं** = નિરંતર **माणिया** = માનનીય ગુરુદેવને **माणयंति** = વિનય ભક્તિ દ્વારા સમ્માનિત કરે છે તો **जत्तेण** = ગુરુદેવ પણ તે શિષ્યને પરિશ્રમપૂર્વક **णिवेसयंति** = યોગ્ય શિક્ષા અને શ્રુત જ્ઞાન વડે ઉચ્ચ શ્રેણીમાં પહોંચાડી દે છે **कण्णं व** = જેમ એક પિતા પોતાની પુત્રીનો યોગ્ય ઉછેર કરી, યોગ્ય પતિ સાથે લગ્ન કરાવી, યોગ્ય કુલમાં પહોંચાડી દે છે **ते** = આવા, તે **माणरिहे** = ઉપકારી સમ્માનનીય ગુરુદેવની જે **जिइंदिए** = જિતેન્દ્રિય **सच्चरए** = સત્ય પરાયણ **तवस्सी** = તપસ્વી શિષ્ય **माणए** = વિનય ભક્તિ દ્વારા સદા સન્માન આપે છે **स पुज्जो** = તે પૂજ્ય છે.

**ભાવાર્થ :–** જેમ ગૃહસ્થ પોતાની કન્યાને પ્રયત્નપૂર્વક ઉછેરી, યોગ્ય પાત્ર શોધી પરણાવે છે, તે જ પ્રમાણે શિષ્યથી પૂજાયેલા ગુરુદેવ પણ શિષ્યને યત્નપૂર્વક જ્ઞાનાદિ સદ્‌ગુણોની પ્રાપ્તિ કરાવી, ઉચ્ચ ભૂમિકા સુધી પહોંચાડે છે. તેવા માનનીય, તપસ્વી, જિતેન્દ્રિય અને સત્યમાં સદા અનુરક્ત આચાર્યનું જે શિષ્ય સન્માન કરે છે, તે પૂજ્ય છે.

**૧૪** **तेसिं गुरूणं गुणसायराणं, सोच्चाण मेहावि सुभासियाइं ।**
**चरे मुणी पंचरए तिगुत्तो, चउक्कसायावगए स पुज्जो ॥**

**છાયાનુવાદ :** **तेषां गुरूणां गुणसागराणां, श्रुत्वा मेधावी सुभाषितानि ।**
**चरेन्मुनिः पञ्चरतः त्रिगुप्तः, चतुष्कषायापगतः स पूज्यः ॥**

**શબ્દાર્થ :– मेहावि** = બુદ્ધિમાન **पंचरए** = પંચ મહાવ્રતોમાં લીન **तिगुत्तो** = ત્રિગુપ્તિ ધારી અને **चउक्कसायावगए** = ચારે કષાયોથી રહિત થાય છે **गुणसायराणं** = ગુણસમુદ્ર **गुरूणं** = ગુરુવર્યોના **सुभासियाइं** = સુભાષિત વચનોને **सुच्चा** = સાંભળીને **चरे** = તદનુસાર આચરણ કરે છે.

**ભાવાર્થ :–** બુદ્ધિમાન સંયમી શિષ્ય સદ્‌ગુણોના સાગર સમાન પરમોપકારી ગુરુવર્યોનાં સુભાષિત વચનોને સાંભળીને પાંચ મહાવ્રતો અને ત્રણ ગુપ્તિઓથી યુક્ત બની, ચારે કષાયોનો ક્રમશઃ ત્યાગ કરે છે, તે પૂજ્ય બને છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં શિષ્યને માટે ગુરુચરણોપાસનાનો મહિમા પ્રદર્શિત કર્યો છે.

**जत्तेण कण्णं व णिवेसयंति** = સૂત્રકારે અહીં ગુરુની શિષ્યપ્રતિ કર્તવ્યનિષ્ઠાને પિતા પુત્રીના દષ્ટાંતે સમજાવીને શિષ્યોને સમર્પણ ભાવ કેળવવાની પ્રેરણા આપી છે. પુત્રીનો પિતા પ્રત્યે સમર્પણ ભાવ તેના લાભ માટે છે. તે જ રીતે શિષ્ય દ્વારા દીક્ષા, શિક્ષા અને જ્ઞાન પ્રદાતા આચાર્ય ગુરુવર્યો પ્રતિ અતિશય આદર ભાવ અને વિનય ભક્તિભાવ રાખવા તે શિષ્યના લાભ માટે છે. જે શિષ્યને આ પ્રકારની શિક્ષા અંતરમાં અવધારીને ગુરુની સેવા ભક્તિમાં પોતાના જીવનને સમર્પિત કરી તપ સંયમમાં સત્યનિષ્ઠ થઈ જાય છે તે ખરેખર લોક પૂજ્ય થઈ જાય છે.

આ તેરમી ગાથામાં સૂત્રકારે ગુરુ અને શિષ્ય બંનેના કર્તવ્યને પ્રદર્શિત કર્યા છે. વિનય કરવો જેમ શિષ્યનો ધર્મ છે, તે જ રીતે યોગ્ય શિષ્યને ગીતાર્થ બનાવી યોગ્યપદે સ્થાપિત કરવા તે ગુરુનો ધર્મ છે. આ રીતે સુયોગ્ય ગુરુ અને શિષ્યનો સંયોગ પરસ્પર હિતકારક અને પરંપરાએ મોક્ષ સાધક બને છે.

**तेसिं गुरुणं गुणसायराणं... :–** પ્રસ્તુત ગાથામાં ગુણના સાગર સમ ગુરુના ઉપદેશને અને આદેશને પ્રાપ્ત કરનાર પુણ્યશાળી શિષ્યને પંચ મહાવ્રત પાલન, ત્રિગુપ્તિ આરાધન અને ચાર કષાય વિજય કરવાની પ્રેરણા છે.

ગુરુદેવના વચનોના શ્રવણમાં અને તેના આચરણમાં સાધકનો જેટલો વિશેષ આદરભાવ પ્રગટે તેટલો તેને વિશેષ અને શીઘ્ર શ્રુત, સંયમ અને તપનો લાભ થાય છે. ગુર્વાજ્ઞા પાલનથી જ શિષ્યમાં મહાવ્રતોના ભારને વહન કરવાનું સામર્થ્ય પ્રગટ થાય છે, મન, વચન અને કાયાને ગુપ્ત રાખવાની દઢતા ઉત્પન્ન થાય છે અને અંતે તે સંપૂર્ણ કષાય વિજેતા બની જાય છે.

આ રીતે ગુરુ ચરણોપાસક દુષ્કર કાર્યોને સરળતાથી સંપન્ન કરી શકે છે અને દુર્લભ્ય ગુણોને સુલભ કરી શકે છે.

## ગુરુ સેવાથી સાધકની ક્રમશઃ મુક્તિ :–

**૧૫** **गुरुमिह सययं पडियरिय मुणी, जिणमयणिउणे अभिगमकुसले ।**
**धुणिय रयमलं पुरेकडं, भासुरमउलं गइं गओ ॥ त्ति बेमि ॥**

**છાયાનુવાદ : गुरुमिह सततं परिचर्य मुनिः, जिनमतनिपुणोऽभिगमकुशलः ।**
**धूत्वा रजोमलं पुरा कृतं, भास्वरामतुलां गतिं गतः ॥**

**શબ્દાર્થ :– जिणमयणिउणे** = જિન મતમાં નિપુણ, કુશલ, જિન ધર્મના તત્ત્વોને વિશિષ્ટ રીતે જાણનારો **अभिगमकुसले** = વિવેક વ્યવહાર સમજવામાં કુશલ, સાધુઓની યોગ્ય સેવા ભક્તિમાં કુશલ **मुणि** = સાધુ **गुरुं** = ગુરુની **इह** = આ લોકમાં **सययं** = નિરંતર **पडियरिय** = પરિચર્યા, સેવા શુશ્રૂષા કરીને **पुरेकडं** = પૂર્વકૃત **रयमलं** = કર્મરજને **धुणिय** = ક્ષય કરીને **भासुरं** = દિવ્યધામ–કેવળ

જ્ઞાન જ્યોતિ સ્વરૂપ **अउलं** = સર્વોત્કૃષ્ટ **गइं** = સિદ્ધ ગતિને **गओ** = પ્રાપ્ત કરે છે **त्ति बेमि** = આ પ્રમાણે હું કહું છું.

**ભાવાર્થ :–** આ જિનશાસનને પ્રાપ્ત કરી જે મુનિ સતત ગુરુજનની સેવા કરીને જૈન દર્શનનું રહસ્ય જાણવામાં નિપુણ અને વ્યવહાર વિવેકમાં કુશળ અર્થાત્ સાધુઓની યોગ્ય સેવામાં કુશળ થાય છે તે પોતાના પૂર્વ કૃત કર્મ મલનો નાશ કરી કેવળજ્ઞાન રૂપ પ્રકાશવાળી અતુલ મોક્ષ ગતિને ભૂતકાલમાં પામ્યા છે અને પામે છે.

## વિવેચન :–

આ ઉપસંહાર ગાથામાં વિનયવાન સાધુની ક્રમશઃ સિદ્ધગતિની પ્રાપ્તિરૂપ ફલશ્રુતિ દર્શાવી છે.

વિનયધર્મની આરાધના કરનાર ઉત્તમ સાધુ ઉત્તરોત્તર જિનમતનો પારગામી થવાની સાથે વ્યવહાર કુશળ પણ બની જાય છે. તે બાહ્ય ઔચિત્યને પણ અખંડપણે જાળવી રાખે છે. આંતર ભાવવિશુદ્ધિ અને બાહ્ય ઔચિત્યરૂપ શુદ્ધ વ્યવહારના યોગે તેના આત્મામાં સમાધિનું(ભાવ સામાયિકનું) બળ વધતું જાય છે. તે સાધક ક્રમશઃ સામાયિક ચારિત્રમાંથી યથાખ્યાત ચારિત્રને પ્રાપ્ત કરીને, સર્વકર્મનો ક્ષય કરી મોક્ષગતિને પ્રાપ્ત કરે છે.

**पडियरिय :–** પરિચર્યા–વિધિપૂર્વક આરાધના, સેવા–શુશ્રૂષા, વિનય ભક્તિ અને સર્વ પ્રકારની શારીરિક સેવાનો પરિચર્યામાં સમાવેશ થાય છે.

**अभिगमकुसले :–** અભિગમ = જ્ઞાન, જાણવું, સમજવું, શિષ્ટાચાર, વ્યવહાર. આ રીતે તેના અનેક અર્થ અપેક્ષિત છે. તેમાં જે દક્ષ હોય, પ્રવીણ હોય તે અભિગમ કુશળ કહેવાય છે. આ ગુણ સંપન્ન સાધુ અતિથિ સાધુઓનો તથા આચાર્યોનો આદર સન્માન અને સેવા ભક્તિ કરવામાં દક્ષ હોય, લોકોત્તર વ્યવહારમાં કુશળ હોય.

**रयमलं :–** કાર્મણ વર્ગણાના પુદ્ગલો જ્યારે આત્મા સાથે બદ્ધ થવા માટે આવે છે અર્થાત્ આશ્રવના સમયે કર્મને **રજ** કહેવાય છે અને તે કર્મ બદ્ધ, સ્પૃષ્ટ અને નિકાચિત થઈ જાય ત્યાર પછી તેને **મલ** કહેવાય છે.

**॥ ત્રીજો ઉદ્દેશક સંપૂર્ણ ॥**

# નવમું અધ્યયન

## [ચતુર્થ ઉદ્દેશક]

**ચાર પ્રકારની સંયમ સમાધિ :–**

**१** सुयं मे आउसं ! तेणं भगवया एवमक्खायं– इह खलु थेरेहिं भगवंतेहिं चत्तारि विणयसमाहिठाणा पण्णत्ता । कयरे खलु ते थेरेहिं भगवंतेहिं चत्तारि विणयसमाहिठाणा पण्णत्ता ? इमे खलु ते थेरेहिं भगवंतेहिं चत्तारि विणयसमाहिठाणा पण्णत्ता । तंजहा– विणयसमाहि, सुयसमाहि, तवसमाहि, आयारसमाहि ।

विणए सुए य तवे, आयारे णिच्चं पंडिया ।
अभिरामयंति अप्पाणं, जे भवंति जिइंदिया ॥

**છાયાનુવાદ :** श्रुतं मयाष्मयुमन् ! तेन भगवतैवमाख्यातम्– इह खलु स्थविरैर्भगवद्भिश्चत्वारि विनयसमाधिस्थानानि प्रज्ञप्तानि; कतराणि खलु तानि स्थविरैर्भगवद्भिश्चत्वारि विनयसमाधि– स्थानानि प्रज्ञप्तानि ? इमानि खलु तानि स्थविरैर्भगवद्भिश्चत्वारि विनयसमाधिस्थानानि प्रज्ञप्तानि, तद्यथा– विनयसमाधिः, श्रुतसमाधिः, तपःसमाधिः, आचारसमाधिः ॥

विनये श्रुते च तपसि, आचारे नित्यं पण्डिताः ।
अभिरामयन्ति आत्मानं, ये भवन्ति जितेन्द्रिया ॥१॥

**શબ્દાર્થ :– आउसं** = હે આયુષ્માન શિષ્ય ! **मे** = મેં **सुयं** = સાંભળ્યું છે **तेणं** = તે **भगवया** = ભગવાને **एवं** = આ પ્રમાણે **अक्खायं** = પ્રતિપાદન કરેલ છે **इह** = આ નિર્ગ્રંથ પ્રવચનમાં, આ જૈનશાસનમાં **खलु** = નિશ્ચયથી **भगवंतेहिं** = ભગવંતોએ **थेरेहिं** = સ્થવિરોએ, પ્રૌઢ, અનુભવી શ્રમણોએ **चत्तारि** = ચાર પ્રકારના **विणयसमाहिठाणा** = વિનય સમાધિના સ્થાનો **पण्णत्ता** = પ્રતિપાદન કર્યા છે **कयरे** = કયા **इमे** = આ **विणयसमाहि** = વિનય સમાધિ **सुयसमाहि** = શ્રુત સમાધિ **तवसमाहि** = તપ સમાધિ **आयारसमाहि** = આચાર સમાધિ.

**जिइंदिया** = જિતેન્દ્રિય સાધુ **विणए** = વિનયમાં **सुए** = શ્રુતમાં **तवे** = તપમાં **आयारे** =

આચારમાં **णिच्चं** = સદૈવ **अप्पाणं** = પોતાના આત્માને **अभिरामयंति** = રમણ કરાવે છે તે **पंडिया** = સાચા પંડિત છે.

**ભાવાર્થ :–** હે આયુષ્યમાન ! મેં સાંભળ્યું છે કે આ જૈન શાસનમાં તે સ્થવિર ભગવંતોએ વિનય સમાધિનાં ચાર સ્થાનો નિરૂપ્યા છે.

**પ્રશ્ન–** તે સ્થવિર ભગવંતોએ કયા ચાર સ્થાનો વર્ણવ્યાં છે ?

**ઉત્તર–** તે સ્થવિર ભગવંતોએ ચાર વિનય સમાધિનાં સ્થાનો વર્ણવ્યાં છે, તે આ પ્રમાણે છે– (૧) વિનય સમાધિ (૨) શ્રુત સમાધિ (૩) તપ સમાધિ (૪) આચાર સમાધિ.

**ગાથાર્થ–** જિતેન્દ્રિય અને પંડિત શ્રમણ હંમેશાં પોતાનાં આત્માને વિનય સમાધિ, શ્રુત સમાધિ, તપ સમાધિ અને આચાર સમાધિમાં તન્મય કરે છે, તલ્લીન કરે છે.

## વિવેચન :–

આ સૂત્ર અને ગાથામાં વિષયનો પ્રારંભ કરતાં વિનય સમાધિના અર્થાત્ સંયમ આરાધનાના મુખ્ય ચાર કેન્દ્રબિંદુ દર્શાવ્યા છે. જેમ કે– (૧) વિનય (૨) શ્રુત (૩) તપ અને (૪) આચાર.

**विणय :–** આ શબ્દનો શાબ્દિક અને પ્રચલિત અર્થ છે– ગુરુ કે વડીલ પ્રત્યે નમ્રતાના ભાવ યુક્ત વ્યવહાર. તેમાં તેઓને વંદન, નમસ્કાર કરવા, આદર આપવો, સન્માન કરવું તેમજ તેઓની આજ્ઞા, ઈચ્છા પ્રમાણે કાર્ય કરવું વગેરે વિનયના ક્રિયાન્વિત રૂપ છે.

પ્રસ્તુત પ્રસંગમાં **વિનય** શબ્દ સાથે **સમાધિસ્થાન** શબ્દનો સંયોગ થયો છે અને શાસ્ત્રકારે તેના ચાર પ્રકાર દર્શાવ્યા છે તેથી તેનો અર્થ આ પ્રમાણે થાય છે– **विशेषेण नयति मोक्षं प्रति इति विनयः** = વિશેષ રીતે, તીવ્ર ગતિએ જે શાશ્વત સમાધિ સ્થાન રૂપ મોક્ષ તરફ સાધકને લઈ જાય તેવા સંયમ અને સંયમની સર્વ પ્રવૃત્તિને **વિનય** કહેવાય છે.

પ્રસ્તુત અધ્યયનની જેમ ઉત્તરાધ્યયન સૂત્રના વિનયશ્રુત નામના પ્રથમ અધ્યયનમાં પણ **વિનય** શબ્દ સામાન્ય અને વિશેષ બંને અર્થમાં પ્રયુક્ત થયો છે. અર્થાત્ તે અધ્યયનનું નામ વિનય શ્રુત હોવા છતાં તેમાં સંયમાચારના અનેક વિષયોને વિનય સાથે આવરી લેવામા આવ્યા છે.

**समाहि ठाणा :–** સમાધિ શબ્દના અનેક પ્રકારે અર્થ થાય છે.– (૧) સમાધિ એટલે આત્માનું હિત, સુખ અને સ્વાસ્થ્ય. વિનય, શ્રુત, તપ અને આચાર દ્વારા આત્માનું હિત થાય છે, આત્મા જન્મ–મરણના રોગથી મુક્ત થઈને સ્વસ્થ અને સુખી થાય છે, તેથી તે સમાધિરૂપ છે. (૨) સમાધિ એટલે સમારોપણ, ગુણોનું સમાધાન–સ્થિરિકરણ, ગુણ સ્થાપન. વિનય, શ્રુત આદિના સમારોપણથી આત્મગુણોનું સ્થાપન અથવા સ્થિરિકરણ થાય છે, તેથી તે સમાધિરૂપ છે. (૩) મનનું એકાગ્રતાપૂર્વક સમ્યક્ પ્રકારે સ્થિત થઈ જવું તે સમાધિ છે. (૪) આત્માની સ્વરૂપમાં સ્થિરતા તે સમાધિ છે.

પ્રસ્તુતમાં સમાધિનો અર્થ છે– સંયમ આદિની સમ્યગ્ આરાધના, સંયમ આદિની સફળતા, સંયમ આદિની શુદ્ધિ, સ્વસ્થતા.

**जिइंदिया, पंडिया :–** સમાધિમાં રમણ કરનાર શ્રમણોના વિશેષણ રૂપે આ બે ગુણોનું કથન છે. જે શ્રમણ ઈન્દ્રિય વિજેતા હોય અને હિતાહિતને સમજી શકે તેવા વિવેકયુક્ત અને બુદ્ધિ સંપન્ન પંડિત હોય, તે ચારે ય પ્રકારની સમાધિને પ્રાપ્ત કરી શકે છે, તેમાં રમણતા કરી શકે છે, તન્મય બની શકે છે. આ રીતે સમાધિની પ્રાપ્તિ તે સ્વપુરુષાર્થજન્ય છે પરંતુ વંશપરંપરાગત કે વારસાગત નથી.

**इह :–** આ નિર્ગ્રંથ પ્રવચનમાં, આ જૈનશાસનમાં, આ જૈન સિદ્ધાંતમાં, આ સંસારમાં વગેરે અર્થ થાય છે. પ્રસ્તુતમાં **આ નિર્ગ્રંથ પ્રવચનમાં** એ અર્થ ઉપયુક્ત છે.

**વિનયસમાધિ :–**

**२ चउव्विहा खलु विणयसमाहि भवइ; तं जहा– अणुसासिज्जंतो सुस्सूसइ, सम्मं संपडिवज्जइ, वेयमाराहइ, ण य भवइ अत्तसंपग्गहिए, चउत्थं पयं भवइ । भवइ य इत्थ सिलोगो ।**

**पेहेइ हियाणुसासणं, सुस्सूसइ तं च पुणो अहिट्ठए ।**
**ण य माणमएण मज्जइ, विणयसमाहि आययट्ठिए ॥**

**છાયાનુવાદ : चतुर्विधः खलु विनयसमाधिर्भवति, तद्यथा अनुशास्यमानः शुश्रूषति, सम्यक् संप्रतिपद्यते, वेदमाराधयति, न च भवत्यात्मसंप्रगृहीतः, चतुर्थं पदं भवति, भवति चात्र श्लोकः॥**

**स्पृहयति हितानुशासनं, शुश्रूषते तच्च पुनरधितिष्ठति ।**
**न च मानमदेन माद्यति, विनयसमाधावायतार्थिकः ॥२॥**

**શબ્દાર્થ :– विणयसमाहि** = વિનય સમાધિ **चउव्विहा** = ચાર પ્રકારની **भवइ** = હોય છે **तंजहा** = જેમ કે **अणुसासिज्जंतो** = ગુરુ દ્વારા અનુશાસિત કરાતો, કાર્યમાં પ્રેરાતો **सुस्सूसइ** = ગુરુના વચનોને સાંભળવાની ઈચ્છા કરે **सम्मं** = સમ્યક્ પ્રકારથી ગુરુ વચનોને **संपडिवज्जइ** = સ્વીકારે **वेयं** = શ્રુત જ્ઞાનની **आराहइ** = આરાધના કરે **अत्तसंपग्गहिए** = આત્મપ્રશંસક **ण भवइ** = ન થાય **चउत्थं पयं** = આ ચતુર્થ પદ **भवइ** = હોય છે **इत्थ** = આ જ વિષયમાં, આ વિનય સમાધિના પ્રકરણમાં **सिलोगो** = શ્લોક, સંગ્રાહક શ્લોક **भवइ** = છે.

**आययट्ठिए** = મોક્ષાર્થી સાધુ, આત્માર્થી મુનિ **हियाणुसासणं** = હિતકારી અનુશાસનની **पेहेइ** = જુએ, સાંભળે, અપેક્ષા રાખે, પ્રાર્થના કરે **तं** = તે આચાર્યોક્ત ઉપદેશને **सुस्सूसइ** = તથ્યરૂપે પ્રમાણભૂત જાણે **अहिट्ठए** = જેવી રીતે જાણે તેવી રીતે આચરણ કરે પરન્તુ આચરણ કરતા **विणयसमाहि** = વિનય– સમાધિમાં **माणमएण** = અભિમાનના મદથી **ण मज्जइ** = ઉદ્ધત ન થાય.

**ભાવાર્થ :–** વિનય સમાધિ ચાર પ્રકારની છે, જેમ કે– (૧) ગુરુ હિતશિક્ષા આપે કે આદેશ કરે તો તેને શ્રદ્ધા ભાવ યુક્ત થઈને સાંભળે. (૨) સાંભળેલા તે શિક્ષા આદેશ આદિને સમ્યક્ પ્રકારે સંપાદિત કરે, કાર્યાન્વિત કરે. (૩) શાસ્ત્રાજ્ઞાઓની સમ્યગ્ આરાધના કરે, પરિપૂર્ણ પાલન કરે (૪) વિનય સંપન્ન તથા ચારિત્રનિષ્ઠ હોવા છતાં આત્માભિમાની કે સ્વગુણ પ્રશંસક ન બને.

વિનય સમાધિના આ ચાર પ્રકાર ગદ્યમય છે હવે અહીં આ પ્રમાણે તે વિષયનો શ્લોક કહે છે.

**ગાથાર્થ–** મોક્ષાર્થી સાધક ગુરુની હિતશિક્ષા ધ્યાનપૂર્વક અને આદરપૂર્વક સાંભળે, ગુરુ વચનનું યથાર્થ પાલન કરે અને તે ગુણોના અભિમાનથી ક્યારે ય અહંકારી ન બને, તે જ વિનય સમાધિના આરાધક થાય છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્ર અને શ્લોકમાં વિનય સમાધિનું સ્વરૂપ અને તેના પ્રકારનું નિરૂપણ છે.

**विणय समाहि :–** પ્રથમ સૂત્રના વિવેચનમાં વિનયના સામાન્ય અને વિશેષ રૂપે બે ભેદ સમજાવ્યા છે; તેમાંથી અહીં માત્ર સામાન્ય અને વ્યવહાર્ય એવા વ્યવહાર વિનય સમાધિના ચાર પ્રકારોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે અર્થાત્ પ્રસ્તુત સૂત્રમાં ગુરુ પ્રત્યે શ્રદ્ધાપૂર્વકના નમ્ર વ્યવહારનું કથન છે.

**सम्मं संपडिवज्जइ :–** ગુરુના સાંનિધ્યમાં રહી શિષ્ય વિનયધર્મના પાલનમાં તન્મય બની જાય. તેનાથી તેનું ઇહલૌકિક અને પારલૌકિક હિત થાય છે અને પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય છે. તેથી વિનયનું સમ્યગ્ આચરણ સમાધિરૂપ બની જાય છે.

**वेयं आराहयइ :–** વેદ = શ્રુત, શાસ્ત્ર, આગમ. તેની આરાધના = આગમ પ્રત્યે ભક્તિ બહુમાન, શ્રદ્ધા નિષ્ઠા. આગમોનું અધ્યયન કરવું અને તેમાં નિર્દિષ્ટ આદેશો, સૂચનોનું શ્રદ્ધા ભાવે યથાર્થ પાલન કરવું, તે સર્વ તેની આરાધના કહેવાય. જેમ ગુરુની આજ્ઞાનું યથાર્થ પાલન કરવું તે ગુરુની આરાધના કહેવાય અને તે બીજી વિનય સમાધિ છે. તેમજ આ ત્રીજી વિનય સમાધિમાં આગમની આરાધના માટે **वेयं आराहयइ** પાઠ છે. આ રીતે ત્રણે સમાધિનો સાર એ થયો કે ગુરુ આજ્ઞાની અને આગમ આજ્ઞાની સમ્યગ્ આરાધના કરવી.

**ण य भवइ अत्तसंपग्गहिए :–** વિનયધર્મની આરાધનાથી અભિમાનનો નાશ થાય, એ તેનું મુખ્ય પરિણામ છે. પરંતુ ક્યારેક અસાવધાની થતાં કોઈને અહંની વૃદ્ધિ થઈ જાય તો એ વિનયની અસમાધિનું રૂપ છે. તેવી સ્થિતિ શિષ્યની ન થાય તે માટે આ વિનયની ચોથી સમાધિમાં શાસ્ત્રકારે સહુ વિનયી શિષ્યોને જાગૃત કર્યા છે કે વિનયની પૂર્વોક્ત સમસ્ત આરાધના અને તેનાથી પ્રાપ્ત ગુણો ક્યારેક આત્મગર્વનું કારણ ન બની જાય. ખરેખર વિનયધર્મની આરાધના આત્માને ક્રમશઃ નમ્ર બનાવે અને સરળતા તથા સેવાભાવ પ્રગટાવે તો જ તે વિનય સફળ કહેવાય અને ત્યારે જ તે વિનય, સમાધિરૂપ બને છે.

**अत्तसंपग्गहिए** = જેનો આત્મા ગર્વથી સંગૃહીત હોય તેને સંપ્રગૃહીતાત્મા અર્થાત્ પોતાનો

આત્મોત્કર્ષ કરનાર કહેવાય છે. સાધકે "હું જ સર્વથી શ્રેષ્ઠ વિનીત છું. ગુરુનું કાર્ય હું જ સારી રીતે કરી શકું છું; બીજા બધા તો મારી તુલનામાં આવે જ નહીં." એવું વિચારવું તે આત્મોકર્ષ છે. આ પ્રકારનો આત્મોત્કર્ષ વિનયની સમાધિ રૂપ નહીં પણ વિનયની અસમાધિ રૂપ થાય છે. તેના પર અંકુશ ન રાખતાં તે એક જ અવગુણ વિનયથી પ્રાપ્ત સેંકડો ગુણોને મહત્વહીન બનાવી દે છે. માટે વિનય સમાધિના ઈચ્છુક સાધકે એવા આત્મોત્કર્ષના વિચારોથી દૂર જ નહીં, સેંકડો ગાઉ દૂર રહેવું જોઈએ.

આ રીતે સંક્ષેપમાં ગુરુના આદેશોને સમ્યગ્ રીતે સાંભળવા, ગુરુની અને આગમની આજ્ઞાઓનું આરાધન કરવું અને તેનાથી પ્રગટ થતાં આત્મગુણોનું અભિમાન ન કરવું, તે વિનય સમાધિ છે.

**माणमएण :–** માન એટલે અભિમાન અને મદ એટલે ઉન્માદ. તે સંયુક્ત શબ્દ અભિમાનની તીવ્રતાને સૂચિત કરે છે.

**आययट्ठिए :–** આ શબ્દના વિભિન્ન પ્રકારે વિભિન્ન અર્થ થાય છે– (૧) **आयात + अर्थी** = આયતાર્થી– મોક્ષાર્થી. (૨) **आय + अट्ठिए** = **आत्म + अर्थिकः** = આત્માર્થી. (૩) **आयत + अर्थिक** = ભવિષ્યકાલીન આત્મ સુખના ઈચ્છુક, તેમ પણ અર્થ થાય છે. (૪) **आय** = ગુણોની સંપ્રાપ્તિ, આવક રૂપ સંયમને આય કહેવાય, તેનો અર્થી એટલે સંયમાર્થી. (૫) **आयय + ट्ठिए** = **आयत + स्थितः** = અહીં આયત = લાંબી = દીર્ઘ કાલીન = પારલૌકિક = લોકોત્તર સાધના, આરાધનામાં સ્થિત તે આયત સ્થિત કહેવાય છે. આ સર્વ અર્થ પ્રાસંગિક છે.

**શ્રુતસમાધિ :–**

**३ चउव्विहा खलु सुयसमाहि भवइ; तं जहा– सुयं मे भविस्सइ त्ति अज्झाइयव्वं भवइ, एगग्गचित्तो भविस्सामि त्ति अज्झाइयव्वं भवइ, अप्पाणं ठावइस्सामि त्ति अज्झाइयव्वं भवइ, ठिओ परं ठावइस्सामि त्ति अज्झाइयव्वं भवइ, चउत्थं पयं भवइ । भवइ य इत्थ सिलोगो ।**

**णाणमेगग्गचित्तो य, ठिओ य ठावयई परं ।**
**सुयाणि य अहिज्जित्ता, रओ सुयसमाहिए ॥**

**છાયાનુવાદ : चतुर्विधः खलु श्रुतसमाधिर्भवति तद्यथा– श्रुतं मे भविष्यतीत्यध्येतव्यं भवति, एकाग्रचित्तो भविष्यामीत्यध्येतव्यं भवति, आत्मानं स्थापयिष्यामीत्यध्येतव्यं भवति, स्थितः परं स्थापयिष्यामीत्यध्येतव्यं भवति, चतुर्थं पदं भवति, भवति चात्र श्लोकः ॥**

ज्ञानमेकाग्रचित्तश्च, स्थितः स्थापयति परम् ।
श्रुतानि चाधीत्य, रतः श्रुतसमाधौ ॥३॥

**શબ્દાર્થ :– सुयसमाहि** = શ્રુત સમાધિ **मे** = મને **सुयं** = આચારાંગાદિ શ્રુતજ્ઞાન **भविस्सइ** = પ્રાપ્ત થશે **त्ति** = તેથી **अज्झाइयव्वं** = અધ્યયન કરવું ઉચિત **भवइ** = છે; શ્રુતજ્ઞાનથી **एगग्गचित्तो** = હું એકાગ્રચિત્તવાળો **भविस्सामि** = થઈશ **अप्पाणं** = એકાગ્ર ચિત્તથી મારા આત્માને **ठावइस्सामि** = સંયમમાં સ્થાપિત કરી શકીશ **त्ति** = તેથી પણ **ठिओ** = સ્વધર્મમાં સ્થિત થયેલો એવો હું **परं** = બીજાને, અન્યને, શિષ્યને ધર્મમાં **ठावइस्सामि** = સ્થાપિત કરી શકીશ.

**णाणं** = સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે **एगग्गचित्तो** = ચિત્ત એકાગ્ર થાય છે **ठिओ** = સ્વયં ધર્મમાં (મોક્ષ માર્ગમાં) સ્થિત થાય છે **परं** = અન્યને પણ **ठावयइ** = ધર્મમાં સ્થિત કરે છે અને **सुयाणि** = અનેક પ્રકારના શ્રુતજ્ઞાનનું **अहिज्जित्ता** = અધ્યયન કરીને **सुय समाहिए** = શ્રુત સમાધિના વિષયમાં **रओ** =રત રહે છે.

**ભાવાર્થ :–** શ્રુત સમાધિ ચાર પ્રકારની છે. યથા– (૧) મને વાસ્તવિક શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ થશે; તેથી મારે અધ્યયન કરવું જોઈએ. (૨) મારું વિભાવમાં જતું ચંચળ ચિત્ત જ્ઞાનમાં એકાગ્ર થઈ જશે માટે મારે અધ્યયન કરવું જોઈએ. (૩) શ્રુતજ્ઞાનની લગામ વડે હું મારા આત્માને સન્માર્ગે(ધર્મમાં) સ્થાપિત કરી શકીશ, માટે મારે અધ્યયન કરવું જોઈએ. (૪) ધર્મમાં સ્થિત થયેલો હું સ્વયં ક્યારેક બીજા ભવ્ય જીવોને પણ ધર્મમાં સ્થિર કરી શકીશ; આ કારણે પણ મારે શ્રુતનો અભ્યાસ કરવો જોઈએ. આ ચોથું શ્રુત સમાધિ સ્થાન થયું, આ વિષયક શ્લોક પણ છે–

**ગાથાર્થ–** જે મુનિ શાસ્ત્રાધ્યયન કરે છે તેનું જ્ઞાન વિકસિત થાય છે અર્થાત્ તેના જ્ઞાનની નિરંતર અભિવૃદ્ધિ થાય છે; ચિત્તમાં એકાગ્રતા આવે છે, તે સ્વયં ધર્મમાં સ્થિર થાય છે અને બીજાને પણ ધર્મ માર્ગમાં સ્થિર કરે છે, આ હેતુઓથી મુનિ, શાસ્ત્રોનો અભ્યાસ–અધ્યયન કરીને શ્રુત સમાધિમાં અર્થાત્ શ્રુતારાધનામાં જ સદા તન્મય રહે, તલ્લીન રહે; પૂર્ણરૂપે અનુરક્ત રહે છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્ર અને ગાથામાં શ્રુતસમાધિના સ્વરૂપનું નિરૂપણ ચાર પ્રકારે કરવામાં આવ્યું છે.

**सुयसमाहि :–** અહીં શ્રુતસમાધિના ચાર પ્રકાર કરીને શાસ્ત્રકારે જે પ્રમાણે વિષયનું નિરૂપણ કર્યું છે, તેના આધારે શ્રુતસમાધિનો અર્થ આ પ્રમાણે છે– શ્રુતની આરાધના, શાસ્ત્રોનું અધ્યયન, શાસ્ત્ર અધ્યયનના લાભ કે પ્રયોજનને જાણી, આગમનું સતત અધ્યયન કરવું, તે શ્રુતસમાધિ = શ્રુતની આરાધના કહેવાય છે. જ્ઞાનમાં એકાગ્રચિત્ત થવાથી સાધક સ્વયં જ્ઞાનાત્મામાં સ્થિર થાય છે, તે શ્રુમસમાધિ છે.

તાત્પર્ય એ છે કે સાધકે દ્વાદશાંગી ગણિપિટક આદિ શાસ્ત્રના અધ્યયન, અધ્યાપન, ચિંતન, મનનમાં એકાગ્ર બની જવું જોઈએ. તેવી એકાગ્રતાથી અન્ય અનેક અશુભ વિકલ્પોનો નિરોધ થાય છે, તેથી આશ્રવ ઘટે અને નિર્જરા વધે છે. જે આત્મકલ્યાણ સાધવાનું કારણ બને છે. આ રીતે શ્રુતનું અધ્યયન એ જ શ્રુતસમાધિરૂપ છે. તેના ચાર પ્રકાર દર્શાવતા શાસ્ત્રકારે તેમાં શ્રુત અધ્યયનના ચાર પ્રયોજનોનું

વિશ્લેષણ કરી સાધકોને શાસ્ત્ર અધ્યયનની અનુપમ પ્રેરણા આપી છે.

**(१) सुयं मे भविस्सइ त्ति... :–** શાસ્ત્રોનું અધ્યયન હંમેશાં કરતા રહેવાથી સૈદ્ધાંતિક જ્ઞાન તથા આચાર વ્યવહારનું જ્ઞાન પરિપક્વ અને અસ્ખલિત થઈ જાય છે. શાસ્ત્રીય અધ્યયન વિના સાધકોને જૈનધર્મના સિદ્ધાંત(તત્ત્વજ્ઞાન) અને આચાર વ્યવહારના રહસ્યો સારી રીતે સમજાતા નથી. ક્યારેક તે અન્ય ધર્મ સંબંધી સંસ્કારોના યોગે અથવા અન્યદાર્શનિકોના સંયોગે, સ્વયં વિપરીત કે એકાંતિક માર્ગે ખેંચાઈ જાય છે અને બીજાને પણ તે ઉન્માર્ગે લઈ જાય છે. માટે સંયમી જીવનમાં શ્રુતજ્ઞાનની, આગમજ્ઞાનની અભિવૃદ્ધિ થવી, પરમ આવશ્યક છે. માટે સાધકે સદા શ્રુતનું અધ્યયન કરતા રહેવું જોઈએ.

**(२) एगग्ग चित्तो भविस्सामि :–** શ્રુતજ્ઞાનનું અધ્યયન એ ચિત્તની એકાગ્રતાનું આગમોક્ત મૌલિક સાધન છે. કેટલાક સાધકો ચિત્તની એકાગ્રતા માટે જંગલ, પહાડ કે ગુફાનો આશ્રય સ્વીકારે છે પરંતુ તે માત્ર ઔપચારિક સાધન છે. ઉત્તરાધ્યયન સૂત્રના ત્રેવીસમાં અધ્યયનમાં જ્યારે કેશી શ્રમણ ગણધર ગૌતમ સ્વામીને પ્રશ્ન કરે છે કે આ મનરૂપી બેલગામ ઘોડાને તમે કેમ વશમાં રાખો છો ? ત્યારે ગૌતમ સ્વામીએ કહ્યું કે– હું શ્રુતજ્ઞાન રૂપી લગામ(રસ્સી)થી આ મનરૂપી ચંચલ ઘોડાને વશમાં રાખું છું અને તે જ્ઞાનના માધ્યમે જ નિખરિત થતી ધર્મ શિક્ષાઓથી આ ચંચલ ચિત્તને સ્થિત રાખું છું.

ખરેખર જે સ્વાધ્યાયમાં તલ્લીન થઈ જાય છે, તેને વાસ્તવિક રૂપે આનંદ અનુભવ થાય અને શાસ્ત્ર વાંચન શ્રવણમાં, પ્રશ્ન ચર્ચામાં કે થોકડાનું પરાવર્તન કરવામાં બે–ચાર કે આઠ–દસ કલાક પણ સાધકના વીતી જાય છે. આ પ્રકારની જ્ઞાનમાં તલ્લીનતા જ્યારે થાય ત્યારે ચિત્ત કોઈ બીજા વિષયને સ્પર્શે પણ નહીં. આ જ અનુભવ જ્ઞાનના આધારે અહીં બીજી સમાધિમાં સત્ય હકીકતની વાત કહી છે કે સાધક એમ વિચાર કરે કે– શ્રુત અધ્યયનથી મારું ચિત્ત એકાગ્ર થશે, આ કારણે મારે શ્રુતનું અધ્યયન કરવું જોઈએ.

**(३) अप्पाणं ठावइस्सामि... :–** જીવનમાં કોઈપણ પ્રકારના વૈરાગ્ય ભાવ અંકુરિત થતાં પુણ્યાત્માઓ ગુરુ સાંનિધ્યે દીક્ષા અંગીકાર કરે છે, સંયમ સ્વીકાર કરે છે. સંયમ સ્વીકાર પછી સાધકનું અને તેના ગુરુનું મુખ્ય અંતરંગ લક્ષ્ય એ અવશ્ય હોય છે કે જીવન પર્યંત સંયમ સાધના આરાધનામાં ચિત્તની સ્થિરતા બની રહે અને તે સ્થિરતામાં વૃદ્ધિ થાય તેવી રીતે દરેક અભ્યાસ અને વિવેક વ્યવહાર રાખવામાં આવે છે.

આ રીતે ચાલતાં ક્યારેક કોઈપણ સંયમ અંગમાં કચાસ આવે અને તે સમયે ચારિત્ર મોહ કર્મનો ઉદય થતાં ચિત્તની ચંચલતા સંયમના નિયમોપનિયમ પ્રત્યે પ્રવેશ કરવા લાગે. તે સમયે શાસ્ત્રનું જ્ઞાન, શ્રુતનું અધ્યયન, ચિત્ત શુદ્ધિ અને સ્થિરતા માટે અતિ ઉપયોગી સિદ્ધ થાય છે. કારણ કે શાસ્ત્રોની રચના સામાન્ય જ્ઞાનીઓની નથી; દરેક શાસ્ત્રોના રચનાકાર મૌલિક રૂપે ગણધર પ્રભુ છે અને તેઓના સંરક્ષક અને માર્ગદર્શક ત્રિકાલજ્ઞ, સર્વજ્ઞ, સર્વદર્શી સ્વયં તીર્થંકર પ્રભુ છે. તે શાસ્ત્રોની શૈલીમાં, શબ્દોમાં ત્યાગ, વૈરાગ્ય, શિક્ષા, પ્રેરણાદાયક અદ્‌ભુત અમૃત રસ ભરેલા છે. તેને કંઠસ્થ કરી સ્વાધ્યાય, અનુપ્રેક્ષા, પરાવર્તના કરનાર સાધક તેના અનુભવ સિદ્ધ આનંદને સારી રીતે જાણે અને સમજે છે. આવા શાસ્ત્રોના નિરંતર

સ્વાધ્યાય કરતાં તેમાં તન્મય થઈ જતાં સાધક તો સંયમ ભાવોમાં મેરુ જેવા અડગ મનોબળવાળા થઈ જાય છે. તેઓને વિચારોના કોઈ પણ વાવાઝોડા કે તોફાન સંયમના વર્ધમાન પરિણામથી રંચ માત્ર પણ ચલિત કરી શકતા નથી.

**(૪) ठिओ परं ठावइस्सामि :–** શાસ્ત્રનું અધ્યયન સ્વયંને સંયમમાં સ્થિર કરે છે. તે જ રીતે બહુશ્રુતજ્ઞાની શ્રુતજ્ઞાનના માધ્યમથી અન્યને પણ સંયમમાં સ્થિર કરી શકે છે.

બહુશ્રુતજ્ઞાની ચંચળ બનેલા શિષ્યની ચંચળતાનું કારણ જાણે, તેના તર્ક–વિતર્કોને શાંતિથી સાંભળે ત્યાર પછી આગમ જ્ઞાન તથા પોતાના સંયમી જીવનના અનુભવના આધારે તેનું સમાધાન કરે અને શાસ્ત્રમાં વર્ણિત ચિત્તશુદ્ધિ માટેના ઉપાયોનું પાલન કરાવે છે અને તે ઉપાયોનો પ્રયોગ કરતા સાધકનું ચંચળ ચિત્ત શાંત બને છે.

ક્યારેક તે બહુશ્રુતજ્ઞાનીના ઉપદેશ વિના જ તેઓની સ્વાધ્યાય, તપ ત્યાગમય જીવનચર્યાના અવલોકન માત્રથી પણ સાધકનું ચિત્ત શાંત બની જાય છે.

આ રીતે અન્યને સંયમમાં સ્થિર કરવા માટે પણ શ્રુતનું અધ્યયન ઉપયોગી થાય છે.

સંક્ષેપમાં જ્ઞાન ગુણને પ્રગટ કરવા, ચિત્તને એકાગ્ર કરવા, તેમજ સંયમમાં સ્થિર બનવા કે અન્યને બનાવવા માટે શ્રુતની આરાધના કરવી તે જ શ્રુતસમાધિ છે.

આ ચારે ય શ્રુત સમાધિના શાસ્ત્રકારના આશયને સમજી પ્રત્યેક સાધકે શાસ્ત્રના અધ્યયનમાં રમણ કરી સંયમનો અનેરો આનંદ પ્રાપ્ત કરવો જોઈએ.

શ્રુતજ્ઞાનના અપરંપાર મહિમાનું જીવંત વર્ણન ઉત્તરાધ્યયન સૂત્રના અગિયારમાં અધ્યયનમાં કરવામાં આવ્યું છે. ત્યાં વિશાલ શ્રુતજ્ઞાની બહુશ્રુત શ્રમણની લોકમાં મહાનતમ ગણાતી ઈન્દ્ર, નરેન્દ્ર, સૂર્ય, ચંદ્ર, સમુદ્ર, પર્વત, નદી વગેરે હસ્તિઓની ઉપમાઓ દ્વારા પ્રશંસા કરવામાં આવી છે. તે વર્ણનના ભાવોથી સ્પષ્ટ થાય છે કે તે શ્રુત પારગામી બહુશ્રુત ક્યાંય કોઈ બાબતમાં અચકાતા નથી, ક્યાંય અટકતા નથી અને ક્યાંય પણ ભટકતા નથી. તે સર્વત્ર સર્વથા અજેય યોદ્ધાની જેમ મોક્ષમાર્ગમાં વિજય પતાકા ફરકાવે છે. તેથી અધ્યયનના અંતે પણ સાધકને શ્રુત અધ્યયનની પ્રેરણા કરતાં કહ્યું છે કે– **जेण अप्पाणं परं चेव सिद्धिं संपाउणेज्जासि** = આ શ્રુતની સાધના આરાધના વડે સ્વ અને પર બંનેને મોક્ષની પ્રાપ્તિ થાય છે. અહીં પરનો મતલબ છે કે બહુશ્રુતના સાંનિધ્યમાં રહેનારને પણ આત્મસિદ્ધિની પ્રાપ્તિ થાય છે.

આ ચારે સમાધિના આધારે એ પણ સ્પષ્ટ થઈ જાય છે કે શ્રુત અધ્યયન, આરાધનામાં સંયમ સાધકોને ભૌતિક સ્વાર્થ સિદ્ધિ, પ્રસિદ્ધિ, પ્રતિષ્ઠા કે પ્રશંસાનું તેમજ ચમત્કાર કે લૌકિક કર્મનું કોઈ લક્ષ્ય કે પ્રયોજન હોતું નથી.

**તપસમાધિ :–**

**૪ चउव्विहा खलु तवसमाहि भवइ; तं जहा– णो इहलोगट्ठयाए तवमहिट्ठिज्जा णो परलोगट्ठयाए तवमहिट्ठिज्जा, णो कित्तिवण्णसद्दसिलोगट्ठयाए तवमहिट्ठिज्जा,**

**णण्णत्थ णिज्जरट्ठयाए तवमहिट्ठिज्जा, चउत्थं पयं भवइ, भवइ य इत्थ सिलोगो ।**

**विविहगुणतवोरए य णिच्चं, भवइ णिरासए णिज्जरट्ठिए ।**
**तवसा धुणइ पुराणपावगं, जुत्तो सया तवसमाहिए ॥४॥**

**છાયાનુવાદ : चतुर्विधः खलु तपःसमाधिर्भवति, तद्यथा– न इहलोकार्थं तपोऽधितिष्ठेत्, नो परलोकार्थं तपोऽधितिष्ठेत्, नो कीर्तिवर्णशब्दश्लाघार्थं तपोऽधितिष्ठेत्, नान्यत्र निर्जरार्थम् तपोऽधितिष्ठेत्, चतुर्थं पदं भवति, भवति चात्र श्लोकः ॥**

**विविधगुणतपोरतश्च नित्यं, भवति निराशो निर्जरार्थिकः ।**
**तपसा धुनोति पुराणपावकं, युक्तः सदा तपःसमाधिना ॥४॥**

**શબ્દાર્થ :– तवसमाहि** = તપસમાધિ **इहलोगट्ठयाए** = આ લોકને માટે **तवं** = તપનું અનુષ્ઠાન **णो अहिट्ठिज्जा** = કરે નહિ **परलोगट्ठयाए** = પરલોકને માટે, સ્વર્ગના સુખ માટે **कित्तिवण्णसद्दसिलोगट्ठयाए** = કીર્તિ, વર્ણ, શબ્દ અને પ્રશંસાને માટે પણ **णण्णत्थ** = **अन्यत्र** + **न** = અન્ય ચિંતન નહીં કરે, તે સિવાય **णिज्जरट्ठयाए** = કર્મની નિર્જરા માટે **तवं** = તપ, તપસ્યા કરે.

**णिच्चं** = નિરંતર, સદા **विविहगुण** = વિવિધ પ્રકારના ભેદ–પ્રભેદ યુક્ત **तवोरए** = તપમાં અનુરક્ત રહેનાર **णिरासए** = આ લોક અને પરલોકની આશા નહિ રાખનાર **णिज्जरट्ठिए** = નિર્જરાનો અર્થી, નિર્જરા પ્રેક્ષી, નિર્જરાલક્ષી **भवइ** = હોય છે **तवसा** = તે તપ વડે **पुराणपावगं** = પુરાતન પાપ કર્મોને **धुणइ** = નાશ કરે છે **तवसमाहिए** = તપસમાધિમાં **सया** = સદા **जुत्तो** = યુક્ત રહે છે.

**ભાવાર્થ :–** તપ સમાધિ પણ ચાર પ્રકારની છે. તે આ પ્રમાણે છે– (૧) સાધક આ લોકના સુખ માટે તપનું આચરણ કરે નહીં, (૨) સ્વર્ગાદિના સુખ માટે તપનું આચરણ કરે નહીં, (૩) કીર્તિ, વર્ણ(શ્લાઘા), શબ્દ કે પ્રશંસાને માટે તપનું આચરણ કરે નહીં, (૪) કર્મોની નિર્જરા સિવાય કોઈ પણ અન્ય પ્રયોજનથી તપનું આચરણ કરે નહીં. આ ચોથું તપ સમાધિ સ્થાન થયું, આ વિષયક શ્લોક આ પ્રમાણે છે–

**ગાથાર્થ–** સદા વિવિધ ભેદ–પ્રભેદ યુક્ત બાર પ્રકારના તપમાં રત રહેનાર મુનિ પૌદ્‌ગલિક ફળની ઇચ્છા અભિલાષાથી રહિત હોય છે અને કેવળ નિર્જરાનો અર્થી હોય છે; આવો સાધક તપ દ્વારા પૂર્વકૃત કર્મોનો ક્ષય કરીને તપ સમાધિથી યુક્ત બની જાય છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્ર અને ગાથામાં ચતુર્વિધ તપસમાધિના આધારે તપની શુદ્ધિ માટે તેના શુદ્ધાશુદ્ધ હેતુનું નિરૂપણ છે.

તેમાં તપસમાધિને પ્રાપ્ત કરવા માટે ભૌતિક પ્રયોજન વશ તપસ્યાનો નિષેધ કરીને એકાંત

કર્મક્ષયના ઉદ્દેશથી તપસ્યાનું વિધાન કરવામાં આવ્યું છે.

**तवसमाहि :–** કોઈ પણ પ્રકારની આશા વિના આત્મ વિશુદ્ધિ–કર્મ મુક્તિ માટે જે બાહ્ય અને આભ્યંતર અનુષ્ઠાન કરવામાં આવે, જેનાથી કર્મો તપીને ભસ્મીભૂત થાય, આત્મા ઉજ્જવળ બને તેને **તપ** કહે છે. તેમજ ઇચ્છાનો નિરોધ તે પણ તપ છે. તપની આરાધનાથી પૂર્વકૃત કર્મોનો નાશ થાય છે. તપ કર્મ નિર્જરાનું તીક્ષ્ણતમ શસ્ત્ર છે. તપની આરાધના આત્મસુખની ઉપલબ્ધિનું નિમિત્ત છે. તેથી તપની આરાધના સમાધિ રૂપ બને છે. તેના ચાર પ્રકાર દર્શાવતા સૂત્રકારે સાધકને તપશુદ્ધિ માટે માર્ગદર્શન આપ્યું છે.

**णो इहलोगट्ठयाए :–** તપની આરાધના સાથે શ્રમણ ભિક્ષુએ ઇહલૌકિક તેજોલેશ્યા તથા આમર્ષૌષધિ આદિ લબ્ધિ, ભૌતિકસિદ્ધિ અને વચનસિદ્ધિ વગેરેની પ્રાપ્તિ થાય તેવી કામના ન કરવી જોઈએ. તેવું મનો– ચિંતન રાખવું નહીં, આ ઇહલૌકિક પ્રથમ તપસમાધિ છે.

શ્રમણોપાસકે તપસ્યાની આરાધના સાથે તે પુત્ર પ્રાપ્તિ, ધન પ્રાપ્તિ તેમજ અન્ય સાંસારિક અભિલાષાઓની પૂર્તિ થવાના સંકલ્પો ન કરવા જોઈએ. તે **ઇહલૌકિક** તપસમાધિ એટલે તપની શુદ્ધિ છે; તે તપની શુદ્ધ આરાધના કહેવાય છે.

**णो परलोगट्ठयाए :–** પરલોકમાં દેવગતિ, દેવલોકનાં દિવ્યસુખો કે આગામી મનુષ્ય ભવસંબંધી ઋદ્ધિ, સુખ સુવિધા પ્રાપ્ત થશે, તેવી મનોકામનાઓ ભિક્ષુએ તપારાધના સાથે ન કરવી જોઈએ, આ બીજી **પરલૌકિક** તપસમાધિ છે.

**णो कित्तिवण्णसद्दसिलोगट्ठयाए :– કીર્તિ** = બીજા દ્વારા ગુણકીર્તન વડે સર્વ દિશામાં(વ્યાપક ક્ષેત્રમાં) વ્યાપ્ત યશ. **વર્ણ** = એક દિશામાં(સીમિત પ્રાંત વગેરેમાં) વ્યાપ્ત યશ. **શબ્દ** = સીમિત પાંચ પચ્ચીશ ગામ નગરોમાં વ્યાપ્ત યશ. **શ્લોક** = ખ્યાતિ. તે જ સ્થાનમાં(ગ્રામાદિમાં) મળનારો યશ, ગુણગ્રામ, સ્તુતિ, પ્રશંસા. આ ચાર પ્રકારની યશોવાંછાથી એટલે કે પદ, પ્રતિષ્ઠા, પદોન્નતિ, કીર્તિ, પ્રસિદ્ધિ, પ્રશંસા, સ્તુતિ, પ્રશસ્તિ આદિની કામનાઓ સાધકે તપસ્યા સાથે જોડવી નહીં, આ ત્રીજી તપસમાધિનું તાત્પર્ય છે.

**णण्णत्थ णिज्जरट्ठयाए तवमहिट्ठिज्जा :–** તપની આરાધના સમયે પૂર્વકૃત કર્મોનો ક્ષય કરીને આત્માને નિર્મળ અને શુદ્ધ બનાવવાનું એક માત્ર લક્ષ્ય રાખવું તે ચોથી તપસમાધિ છે.

ઇહલૌકિક કે પારલૌકિક સુખની આકાંક્ષાથી પ્રેરિત થઈને તપની આરાધના કરે તો તેનાથી કદાચ ભૌતિક ઇચ્છાઓ પૂર્ણ થાય પરંતુ સર્વકર્મના ક્ષયરૂપ લક્ષ્યની સિદ્ધિ થતી નથી. કોઈ પણ લૌકિક આશાથી તપ કરવાથી તે તપનું અવમૂલ્યન થાય છે, તેમજ તે તપ સમાધિનું નિમિત્ત બનતું નથી.

આ રીતે તપની આ ચારે સમાધિમાં એકંદરે નિષેધ વચન દ્વારા વિધાનને સમજાવ્યું છે. ત્રણ સમાધિમાં નિષિદ્ધ ચિંતનનું સ્પષ્ટીકરણ છે અને ચોથી સમાધિમાં તે ત્રણ સિવાય અવશેષ સર્વ પ્રકારના ચિંતનોને તપ સાથે જોડવાનો નિષેધ છે પરંતુ તેમાં શાસ્ત્રકારે નિર્જરાર્થ ચિંતનને બાદ કર્યો છે અર્થાત્ કર્મનિર્જરા માટે તપ કરવાનું

વિધાન કર્યું છે. સંક્ષેપમાં કોઈ પણ આશા કે આકાંક્ષા વિના એક માત્ર **णिज्जरट्टयाए** = કર્મ નિર્જરાના લક્ષે જ તપ કરવું જોઈએ. **अण्णत्थ ण** = અન્ય કોઈ પ્રકારનું ચિંતન ન કરવું, તે જ તપસમાધિ છે.

**આચાર સમાધિ :–**

**૫** चउव्विहा खलु आयारसमाहि भवइ; तं जहा– णो इहलोगट्ठयाए आयारमहि- ट्ठिज्जा, णो परलोगट्ठयाए आयारमहिट्ठिज्जा, णो कित्तिवण्णसद्दसिलोगट्ठयाए आयारमहिट्ठिज्जा, णण्णत्थ आरहंतेहिं हेऊहिं आयारमहिट्ठिज्जा, चउत्थं पयं भवइ, भवइ य इत्थ सिलोगो ।

जिणवयणरए अतिंतिणे, पडिपुण्णाययमाययट्ठिए ।
आयारसमाहिसंवुडे, भवइ य दंते भावसंधए ॥५॥

**છાયાનુવાદ :** चतुर्विधः खल्वाचारसमाधिर्भवति, तद्यथा–न इहलोकार्थमाचारमधितिष्ठेत्, नो परलोकार्थमाचारमधितिष्ठेत्, नो कीर्तिवर्णशब्दश्लाघार्थमाचारमधितिष्ठेत्, नान्यत्र आर्हतेभ्यो हेतुभ्य आचारमधितिष्ठेत्, चतुर्थं पदं भवति, भवति चात्र श्लोकः ॥५॥

जिनवचनरतोऽतिन्तिणः, प्रतिपूर्ण आयतमायतार्थिकः ।
आचारसमाधिसंवृत्तो, भवति च दान्तो भावसन्धकः ॥५॥

**શબ્દાર્થ :–** **आयारसमाहि** = આચાર સમાધિ **इहलोगट्ठयाए आयारं** = આ લોકને માટે આચારને **णो अहिट्ठिज्जा** = ન આચરે **आरहंतेहिं हेऊहिं अण्णत्थ** = અર્હત દેવોએ ફરમાવેલા હેતુઓ સિવાય **आयारं ण अहिट्ठिज्जा** = બીજા હેતુઓથી આચારનું પાલન ન કરે

**जिणवयणरए** = જિન વચનોમાં રત રહેનાર **अतिंतिणे** = તનતનાટ નહીં કરનાર **पडिपुण्ण** = સૂત્રોને પૂર્ણરૂપથી જાણનાર **आययं** = અતિશય, અત્યંત, નિરંતર, પરમ, મહાન **आययट्ठिए** = સંયમાર્થી, આત્માર્થી, મોક્ષાર્થી **दंते** = મન અને ઈન્દ્રિયોને વશમાં રાખનાર **आयारसमाहिसंवुडे** = આચાર સમાધિથી યુક્ત, પરિવૃત્ત **भावसंधए** = ભાવોની પવિત્રતાને, શુભ પરિણામોને નિરંતર રાખનાર, નિકટ મોક્ષગામી થાય છે.

**ભાવાર્થ :–** આચાર સમાધિ પણ ચાર પ્રકારની છે, તે આ પ્રમાણે છે– (૧) કોઈ સાધકે આચાર પાલનમાં ઐહિક સુખનું લક્ષ ન રાખવું; (૨) આચારપાલનમાં પરલૌકિક સુખની આશા ન રાખવી; (૩) કીર્તિ, વર્ણ, શબ્દ શ્લોકની પ્રાપ્તિનો હેતુ આચારપાલનમાં ન રાખવો; (૪) અર્હત દેવોએ ફરમાવેલા આગમોક્ત હેતુઓ સિવાયના કોઈ પણ હેતુ આચાર પાલન માટે ન રાખવો આ ચોથું સમાધિ સ્થાન થયું. તેનો શ્લોક

આ પ્રમાણે છે–

**ગાથાર્થ–** જિનવચનોમાં તન્મય રહેનાર, તનતનાટ નહીં કરનાર, શાસ્ત્ર જ્ઞાનમાં પરિપૂર્ણ, નિરંતર સંયમના લક્ષ્યમાં રહેનાર, ઇન્દ્રિય અને મનનું દમન કરનાર તથા ભાવોની વિશુદ્ધતાને કાયમ રાખનાર અણગાર આચાર સમાધિથી સંવૃત્ત(યુક્ત) બને છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્ર અને ગાથામાં ચતુર્વિધ આચાર સમાધિના આધારે આચાર નિયમોની શુદ્ધિ માટે તેના શુદ્ધાશુદ્ધ હેતુનું પ્રતિપાદન છે.

**आयार समाहि :–** આચાર = જીનાજ્ઞાનુમત આચરણ; સંયમાચારના સમસ્ત વિધિ નિયમો. સમાધિ = તે આચારોનું અખંડરૂપે પાલન, શુદ્ધ લક્ષ્ય અને શુદ્ધ વિધિથી સંયમાચારનું પાલન કરવું તે આચાર સમાધિ છે. પ્રસ્તુતમાં નિષેધાત્મક વાક્યાવલિ છે; માટે આચારના દરેક નિયમોનાં પાલનમાં અશુદ્ધ લક્ષ્ય ન રાખવું તે આચારની સમાધિરૂપ છે. જૈનદર્શનમાં આચાર વિશુદ્ધિનું અત્યંત મહત્ત્વ છે. જિનકથિત હિતકારક આચારના યથાર્થ પાલનમાં તલ્લીનતા તે જ સાધકની **આચારસમાધિ** છે.

**चउव्विहा खलु आयारसमाहि :–** તપસમાધિની જેમ આચાર સમાધિના પણ ચાર ભેદ છે, તે ચારમાંથી ત્રણ પ્રકારની આચારસમાધિનું સ્વરૂપ તપસમાધિની સમાન જ છે અર્થાત્ પ્રારંભના જે ત્રણ પ્રયોજન તપ માટે અયોગ્ય છે; તેવી જ રીતે આચારના પાલન માટે પણ તે જ અયોગ્ય છે. માટે સાધકે આચાર સંબંધી કોઈ પણ નિયમ પાલનમાં આ લોક, પરલોક અને યશકીર્તિનું લક્ષ્ય રાખવું નહીં.

**आरहंतेहिं हेउहिं अण्णत्थ आयारं ण अहिट्ठिज्जा :–** આર્હત હેતુ = અરિહંત ભગવાનના હેતુઓથી, શાસ્ત્રાજ્ઞાના હેતુઓથી **अण्णत्थ** = તે સિવાયના કોઈ પણ હેતુથી **ण आयारं अहिट्ठिज्जा** = આચારનું પાલન ન કરવું.

આ ચોથી આચાર સમાધિમાં અને ચોથી તપ સમાધિના શબ્દોથી ભિન્નતા છે તપનું આચરણ માત્ર નિર્જરાર્થ હોય છે, કારણ કે તે નિર્જરાનો જ પ્રકાર છે. સૂત્રમાં તેને માટે એકાંતિક અને એક વચનના પ્રયોગ સાથે માત્ર નિર્જરાનું કથન છે.

પરંતુ સંયમાચારની વિવિધ પ્રવૃત્તિઓના આશય ભિન્ન હોય છે. યથા– સંયમાચારની કોઈ પ્રવૃત્તિઓ સંવર માટે, કોઈ નિર્જરા માટે, કોઈ શરીર નિર્વાહ માટે, કોઈ વિવેક વ્યવહાર માટે, કોઈ વિશેષ પરિસ્થિતિમાં સેવા સહયોગ માટે, સંઘ વ્યવસ્થા માટે, સંકટ નિવારણ માટે વગેરે વિવિધ પ્રવૃત્તિઓ વિવિધ આશયથી થાય છે શાસ્ત્રમાં જે જે પ્રવૃત્તિઓનું જે જે પ્રયોજન કહ્યું હોય ઉત્સર્ગ અને અપવાદ માર્ગના નિયમોના જે જે આશય હોય તેને યથાર્થ રૂપે સમજીને તે તે ક્રિયાઓનું આચરણ તે જ આશયથી કરવું જોઈએ. સાધકે શાસ્ત્ર નિર્દિષ્ટ હેતુ કે જિનેશ્વર અરિહંત પ્રભુ દ્વારા નિર્દિષ્ટ હેતુ સિવાય અન્ય કોઈપણ

મનકલ્પિત હેતુઓ તે આચારો સાથે જોડવા જોઈએ નહીં. આ ચોથી સમાધિમાં આ પ્રકારના વિસ્તૃત અને ગંભીર આશય છે. **जे आरहंतेहिं हेउहिं** એવા બે બહુવચન યુક્ત શબ્દોથી સ્પષ્ટ છે.

**जिणवयण रए... :–** ગાથામાં સૂત્રકારે આચાર સમાધિ પ્રાપ્ત કરવા માટે સાધકોની યોગ્યતાનું કથન કર્યું છે. તેમાં છ ગુણ દર્શાવ્યા છે–

**(१) जिणवय ण रए** = જિનવચન = જિનેશ્વર પ્રભુના વચન, આપ્તવાણી, આગમોક્ત તત્ત્વ, આગમના આદેશ, નિર્દેશ, પ્રેરણા, શિક્ષા, ઉપદેશ, આચાર, વિચાર, કથા, તત્ત્વ, ભંગ, ગણિત વિષય, ખગોળ, ભૂગોળ, લોક, અલોક વગેરેથી સંબંધિત જે વચન છે, તે સર્વ પ્રકારના જિનવચનોના શ્રવણ, વાંચન, મનનમાં અને તેના આદેશ પાલનમાં જે તન્મય હોય તેવા અંતર બાહ્ય જિનવચનાનુરાગી સાધક સંયમાચારની સમ્યગ્ આરાધના કરી, આચાર સમાધિને પ્રાપ્ત કરી શકે છે.

**(२) अतिंतिणे** = તનતનાટ ન કરનાર, કચકચ ન કરનાર, કઠોર વચન ન બોલનાર. તનતનાટ શબ્દનો ભાવાર્થ એ છે કે– કોઈની ઉપર ચીડાઈ જઈ વિવેક કે વિચાર વિના બોલવું, બડબડાટ કરવો, પ્રલાપ કરવો; અસંતુષ્ટ, વ્યાકુળ ચિત્તે જેમ–તેમ બોલવું; તનતનાટ કરવાથી પોતાની તથા બીજાની સુખશાંતિ અને સમાધિનો ભંગ થાય છે, તનતનાટની પ્રકૃતિ અન્ય અનેક ગુણોનો નાશ કરે છે. તેથી તનતનાટનો ત્યાગ કરી શાંત ચિત્ત રાખીને શુદ્ધ આચારનું પાલન કરનાર સાધક સમાધિને પ્રાપ્ત કરી શકે છે.

તેમજ તનતનાટની પ્રકૃતિવાળા સાધક પ્રકૃષ્ટતમ તપ સંયમની આરાધના કરતા હોય તોપણ તેઓ સંયમાચારની સાચી સમાધિ આનંદ, સુખશાંતિને મેળવી શકતા નથી. તે ઉપરાંત પોતાના વચન અને વ્યવહાર સંબંધી અવિવેકના કારણે તે સાધક પોતાની અને બીજાની સુખશાંતિને ભંગ કરનાર હોય છે. આ હેતુથી શાસ્ત્રકારે આચારની સમાધિ મેળવવા માટે, અહીં શ્રમણના છ વિશેષણોમાં **अतिंतिणे** નો સમાવેશ કર્યો છે.

**(३) पडिपुण्ण** = પ્રતિપૂર્ણ શબ્દ વિશેષણ રૂપ હોવાથી તેના અનેક અર્થ થાય છે.– શ્રુતજ્ઞાનથી પ્રતિપૂર્ણ, શ્રદ્ધાથી પ્રતિપૂર્ણ; બ્રહ્મચર્યમાં, સંયમમાં, તપમાં, વિનય વગેરે ગુણોમાં પ્રતિપૂર્ણ. પરંતુ અહીં શાસ્ત્ર જ્ઞાનમાં પ્રતિપૂર્ણ અર્થ અપેક્ષિત છે. આચારની સફળતા માટે શાસ્ત્રજ્ઞાન મહાન આલંબન રૂપ છે; પ્રતિપૂર્ણ શાસ્ત્રજ્ઞાનવાળો સાધક આચાર સમાધિને પ્રાપ્ત કરવામાં સફળ થાય છે.

**(४) आययमाययट्ठिए** = **आयतं + आययट्ठिए** । આયત = દીર્ઘ, અતિશય, અત્યંત પરમ, નિરંતર, મહાન વગેરે યથાપ્રસંગ અર્થ થાય છે. **आययट्ठिए** પદની વિસ્તૃત વ્યાખ્યા વિનયસમાધિ સૂત્રમાં કરી છે. તેનું તાત્પર્ય– મોક્ષાર્થી, આત્માર્થી, સંયમાર્થી વગેરે છે. અહીં તેની સાથે **આયત** શબ્દનો સંયોગ થતાં મહાન આત્માર્થી, પરમ સંયમી, નિરંતર મોક્ષની ઈચ્છા રાખનાર વગેરે અર્થ થાય છે. **સંક્ષેપમાં** નિરંતર મોક્ષની ઈચ્છા રાખનાર મહાન આત્માર્થી સાધક જિનેશ્વર કથિત આચારની સમ્યક્ પ્રકારે આરાધના કરીને આચારસમાધિને પ્રાપ્ત કરી શકે છે.

(૫) **दंते** = મન તથા ઈંદ્રિયોને વશમાં રાખનાર. જે સાધક મન અને ઈંદ્રિયોને અધની બની જાય તો તેની આચાર નિષ્ઠા કે આચારના નિયમ પાલનની દઢતા રહી શકે નહીં, માટે આચાર સમાધિના ઈચ્છુક સાધકે દમિતેન્દ્રિય થવું જરૂરી છે.

(૬) **भावसंधए** = આ શબ્દના પણ અનેક અર્થ થાય છે.– (૧) શુદ્ધભાવોનું અનુસંધાન કરનાર (૨) ભાવ એટલે મોક્ષને સાધનાર, મોક્ષને નિકટ કરનાર, નિકટ મોક્ષગામી. ભાવોની શુદ્ધિ એ સમગ્ર સંયમાચારનો પ્રાણ છે. તેના વિના સંયમાચારની સર્વ આરાધના નિઃસાર બને છે. જેમ ફૂલની કિંમત તેના રસથી, મોતીની કિંમત તેના પાણીથી થાય છે, તેમ આચારની કિંમત ભાવવિશુદ્ધિથી થાય છે. માટે દરેક સાધકે આચારની આરાધના સાથે ભાવશુદ્ધિ રાખવાની કળા શીખવી અત્યંત જરૂરી છે. જીવનના અનેકાનેક સંયોગોમાં શુદ્ધ ભાવોની સ્થિરતા રહે ત્યારે જ આચારની સાચી આરાધના થાય છે.

**ચતુર્વિધ સમાધિફળ :–**

**૬** अभिगम चउरो समाहिओ, सुविसुद्धो सुसमाहियप्पओ ।
विउलहियं सुहावहं पुणो, कुव्वइ सो पयखेममप्पणो ॥

**છાયાનુવાદ :** अभिगम्य चतुरः समाधीन्, सुविशुद्धः सुसमाहितात्मकः ।
विपुलहितं सुखावहं पुनः, करोति स पदं क्षेममात्मनः ॥

**શબ્દાર્થ :– सुविसुद्धो** = પરમ વિશુદ્ધ **सुसमाहियप्पओ** = સંયમમાં સારી રીતે પોતાને સ્થિર રાખનાર **सो** = તે સાધુ **चउरो** = ચારે ય **समाहिओ** = સમાધિઓને **अभिगम** = જાણીને **अप्पणो** = પોતાના **विउलं** = વિપુલ–પૂર્ણ **हियं** = હિતકારી **सुहावहं** = સુખદાયક **खेमं** = કલ્યાણકારી **पयं** = નિર્વાણ પદને **कुव्वइ** = સિદ્ધ કરે છે, પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :–** જે સાધુ પૂર્વોક્ત ચારે ય પ્રકારની સમાધિને જાણી, પૂર્ણ વિશુદ્ધ સંયમનું પાલન કરી, આત્માને સર્વ સમાધિથી સંપન્ન કરે છે તે પરમ હિતકારી, સુખકારી અને કલ્યાણકારી મોક્ષ સ્થાનને પ્રાપ્ત કરે છે.

**૭** जाइमरणाओ मुच्चइ, इत्थंथं च चयइ सव्वसो ।
सिद्धे वा हवइ सासए, देवे वा अप्परए महिड्ढिए ॥ त्ति बेमि ॥

**છાયાનુવાદ :** जातिमरणान्मुच्यते, अत्रस्थं च त्यजति सर्वशः ।
सिद्धो वा भवति शाश्वतः, देवो वा अल्परजो महर्द्धिकः ॥
॥ इति ब्रवीमि ॥

**શબ્દાર્થ :– जाइमरणाओ** = જન્મ અને મરણથી **मुच्चइ** = છૂટી જાય છે **इत्थंथं (इत्थत्थं)** = આ

સંસારમાં થતી સમસ્ત અવસ્થાઓ **सव्वसो** = સર્વ પ્રકારથી **चयइ** = છોડી દે છે **सासए** = શાશ્વત **सिद्धे** = સિદ્ધ **हवइ** = થાય છે **अप्परए** = અલ્પ કર્મરજ રહેવાના કારણે **महिड्ढिए** = મહર્દ્ધિક **देवे** = દેવ **हवइ** = થાય છે.

**ભાવાર્થ :–** તે ચારે ય સમાધિના આરાધક જન્મ મરણના ચક્રથી સર્વથા મુક્ત થઈ જાય છે, અર્થાત્ આ લોક પરલોકની સર્વ નરકાદિ અવસ્થાઓને પૂર્ણતઃ છોડી દે છે. આ રીતે તે કાં તો શાશ્વત સિદ્ધ થાય છે અને જો અલ્પ પૂર્વકર્મ શેષ રહી જાય તો મહાનઋદ્ધિશાળી ઉત્તમ કોટિનો દેવ બને છે.

## વિવેચન :–

આ બે ગાથાઓમાં ચારે ય સમાધિનો ઉપસંહાર કરતાં તે ચાર સમાધિથી સમૃદ્ધ મહાત્માની સદ્ગતિ રૂપ અનંતર અને પરંપર ફળનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

છઠ્ઠી ગાથામાં સાધકની યોગ્યતા માટે ત્રણ ગુણ વાચક ત્રણ શબ્દોનો પ્રયોગ છે– (૧) ચારે ય સમાધિને જાણનાર (૨) તેનું પૂર્ણ વિશુદ્ધ પાલન કરનાર (૩) સુસમાધિવંત આત્મા અર્થાત્ સૂત્રોક્ત સમાધિઓથી આત્માને પૂર્ણ સમાધિસ્થ કરનાર. આ ત્રણ ગુણ સંપન્ન સાધકને જે ઉપલબ્ધિ થાય તે આ પ્રમાણે છે.– (૧) તે વિપુલ હિતકર, સુખકર અને ક્ષેમકર મોક્ષપદ પ્રાપ્ત કરે છે. (૨) જન્મ–મરણથી મુક્ત થાય છે. (૩) આ સંસારની સર્વ આપદાઓથી, નરકાદિ અવસ્થાઓથી સર્વથા છૂટી જાય છે. (૪) શાશ્વત સિદ્ધ થાય છે. (૫) અલ્પકર્મ શેષ રહે તો મહર્દ્ધિક દેવ બને છે.

**इत्थंथं :– अत्रस्थं.** આ સંસારમાં થતી જીવની સમસ્ત અવસ્થાઓને. **सव्वसो चयइ** = પૂર્ણતઃ છોડી દે છે. સંસ્કૃત **अत्रस्थ** શબ્દના પ્રાકૃત ભાષામાં બે રૂપ થાય છે.– **इत्थत्थं** અને **इत्थंथं.** આ બંનેના અર્થ સમાન છે.

### –: પરમાર્થ :–

માનકષાયથી મુક્ત થવાનો જબરદસ્ત ઈલાજ છે વિનય અને તેનું પરિણામ છે સમાધિ. વિનય વડીલો પ્રત્યે અને રત્નાધિક મહાપુરુષો પ્રત્યે સમર્પણ ભાવે કરાય છે.

વિનય કરવાથી પાત્રતા પ્રાપ્ત થાય છે. પાત્રતા પ્રગટ થયા પછી રત્નાધિકોની કૃપાપૂર્વકની વાત્સલ્ય વર્ષા થતાં વ્યાકુળતાનો વિનાશ થાય છે અને તેથી વિનય સમાધિ પ્રગટે છે, બોધી બીજ અંકુરિત થાય છે, જિજ્ઞાસાના, મુમુક્ષુતાના મૂળ દઢ બને છે. શ્રદ્ધાપૂર્વક શ્રુતજ્ઞાન ભિક્ષાની યાચના કરતાં સદ્ગુરુની ઉપદેશરૂપ દેશના લબ્ધિ પ્રગટ થાય છે, ચિત્ત સ્થિર થઈ જાય છે, એકાગ્રતાની વૃદ્ધિ થાય છે, વિચારોની વિશુદ્ધિ થતાં શ્રુત સમાધિ પ્રગટે છે. તે દેશના લબ્ધિના ઉપાયનો ઉપયોગ સ્વરૂપમાં ઢળે છે ત્યારે સ્વછંદતાનો નાશ કરી, શિષ્ય વિનયની પરાકાષ્ટાએ પહોંચી, સંપૂર્ણ સમર્પિતભાવે સદ્ગુરુમય બની જાય છે. ઈચ્છા માત્ર રોકાઈ જવાથી શિષ્યને તપસમાધિ પ્રગટે છે. તે જ તપસમાધિ દ્વારા આ લોક, પરલોકની વાસનાના બંધન તૂટી જાય છે. કીર્તિની કામના, પ્રસિદ્ધિની નામના છૂટી જતાં નિરંજન, નિરાકાર થવાનો શુદ્ધ આચાર

પ્રગટે છે. તે જ આચાર સંપૂર્ણ ચારિત્રમોહનો નાશ કરી, આઠ કર્મનો ક્ષય કરાવે છે. આખરમાં આકુળતાનો નાશ કરી આચાર સમાધિ પ્રગટાવે છે. તે જ સમાધિ સિદ્ધાલયની શાશ્વતી સુખમય સિદ્ધદશા પ્રગટ કરાવે છે. વિનય વિશુદ્ધિ લાવે, વૈરાગ્ય લાવે, વિરતિ લાવે, સંસારનો વિનાશ લાવે, વિરામ લાવે અને વીતરાગતા પ્રગટાવે છે. પરમાર્થ એ જ છે કે વિનય કરવો જોઈએ.

**।। ચોથો ઉદ્દેશક સંપૂર્ણ ।।**

**॥ અધ્યયન–૯ સંપૂર્ણ ॥**

# દશમું અધ્યયન

## પરિચય

★ આ અધ્યયનનું નામ **સ ભિક્ષુ** છે.

★ **નામની સાર્થકતા :–** દશવૈકાલિક સૂત્ર સાધ્વાચારને જ પ્રદર્શિત કરે છે. પૂર્વના નવ અધ્યયનમાં સાધુના વિવિધ આચારો, ધર્મની વ્યાખ્યા, અણગાર ધર્મ, સાધુની ભિક્ષાવૃત્તિ, તેના દોષો, સુવાક્ય શુદ્ધિ, ક્ષુલ્લકાચાર, મહાચાર અને આ સર્વ આચારના બીજભૂત વિનયનું વિસ્તૃત વિવેચન છે. આ રીતે સૂત્રકારે નવ અધ્યયનોમાં સાધુતાનું સર્વાંગીણ વર્ણન કર્યું છે.

ત્યારપછી આ અધ્યયનમાં તે સર્વ વિષયોનું સંક્ષિપ્તમાં કથન કરીને, ઉત્તમ સાધુના ગુણો જેનામાં હોય **તેને ભિક્ષુ** કહેવાય, તે સૂચન કરવા પ્રત્યેક ગાથાના અંતે **स भिक्खु** પદ પ્રયોગ કરવામાં આવેલ છે. તેથી આ અધ્યયનનું નામ **स भिक्खु** છે.

★ **स** = સદ્, ભિક્ષુ = શ્રેષ્ઠ સાધુ. તેની ઓળખાણ આ અધ્યયનમાં આપી હોવાથી તેનું નામ **सभिक्खु** છે.

★ ભિક્ષાજીવી, ભિક્ષાશીલ હોય તેને ભિક્ષુ કહે છે. તેઓ કોઈપણ વસ્તુ ખરીદીને અથવા અગ્નિ વગેરેમાં પકાવીને તેનું સેવન કરતાં નથી. તેઓ ભિક્ષા દ્વારા જ જીવન નિર્વાહ કરે છે તેમજ ભિક્ષા દ્વારા જ આવશ્યક ઉપકરણ તથા ઉપધિને પ્રાપ્ત કરે છે.

આ વ્યાખ્યાથી આદર્શ ભિક્ષુની સંપૂર્ણ ઓળખ થઈ શકતી નથી. તેમાં સર્વ પ્રકારના ભિક્ષુનો સમાવેશ થઈ જાય છે જે ભિક્ષાથી જ જીવન વ્યવહાર તો ચલાવે છે પરંતુ ત્રસ–સ્થાવર જીવોની હિંસાથી મુક્ત થયા ન હોય, કોઈ પણ નિયમ ઉપયનિયમોનું પાલન કરતા ન હોય, કંચન–કામિનીના બંધનથી બંધાયેલા હોય છે, તે શ્રેષ્ઠ ભિક્ષુ કહેવાય નહીં.

★ નામ અને રૂપ એક સરખા હોવા છતાં જેમ કસોટી પર કસતાં અસલી અને નકલી સોનાની પરખ થઈ જાય છે, તેમજ ભિક્ષણશીલ શ્રમણોમાં ભિક્ષા રૂપ સમાનતા હોવા છતાં ગુણરૂપી કસોટીથી સદ્‌ભિક્ષુની પરખ થઈ જાય છે. **गुणेहिं साहु** ગુણવાન સાધુ જ સ ભિક્ષુ = શ્રેષ્ઠ ભિક્ષુ કહેવાય છે.

★ નિર્યુક્તિકારે સંક્ષેપમાં એક જ ગાથા દ્વારા **સદ્‌ભિક્ષુની** વ્યાખ્યા કરી છે.

**जे भावा दसवेआलिम्मि, करणिज्ज वण्णिआ जिणेहिं ।**
**तेसिं समावणमिति, जो भिक्खु मन्नइ स भिक्खु ॥**

★ પૂર્વોક્ત નવ અધ્યયનોમાં વર્ણિત આચાર નિધિનું પાલન કરવા માટે તથા અહિંસક જીવન નિર્વાહને માટે જે ભિક્ષાવૃત્તિ કરે છે તે સદ્ભિક્ષુ છે; કેવળ ઉદરપૂર્તિ માટે ભિક્ષાચરી કરનારા સદ્ભિક્ષુ નથી; આ અધ્યયનનો આ જ પ્રતિપાદ્ય વિષય છે. આ પરિભાષાથી ભિખારી અને ભિક્ષુ વચ્ચેની ભેદ રેખા સ્પષ્ટ થઈ જાય છે.

★ અધ્યયનમાં વર્ણિત ભિક્ષુના સંક્ષિપ્ત પરિચાયક લક્ષણો આ પ્રમાણે છે– જે સાધુ જિનવચનમાં અનુરક્ત હોય; વૈરાગ્યપૂર્વક સર્વ સંગનો, વિષય–કષાયનો પરિત્યાગ કરી આત્મરક્ષા અને જગત્જીવોની રક્ષા માટે સાવધાન હોય; આહારાદિમાં, ઉપકરણોમાં કે સ્થાનાદિમાં મૂર્ચ્છા કે ગૃદ્ધિના ભાવથી રહિત તેમજ મધ્યસ્થભાવ યુક્ત હોય; સમભાવની સાધના માટે સર્વ પ્રકારના પ્રપંચોથી, વેર વિરોધજનક કથાઓથી, પૂજા–પ્રતિષ્ઠા કે માન–સન્માનથી સર્વથા દૂર હોય; અજ્ઞાત કુળમાંથી નિર્દોષ આહારને પ્રાપ્ત કરી, સંગ્રહના ભાવ વિના સાધર્મિક સાધુઓ સાથે સંવિભાગ કરી, અનાસક્ત ભાવે ઉદરપૂર્તિ કરતા હોય; ઉપસર્ગો અને પરિષહોને સમભાવથી સહન કરતા હોય; વિવિધ પ્રકારના સદાચારના પાલન દ્વારા સ્વધર્મમાં સ્થિત હોય અને અન્યને સ્થિત કરતા હોય તે **સ ભિક્ષુ** કહેવાય છે.

★ ઉચ્ચકોટિનો ત્યાગ પણ વૈરાગ્ય વાસિત ન હોય ત્યાં સુધી તે ત્યાગનો આનંદ અનુભવી શકાતો નથી. ત્યાગ વૈરાગ્યને પ્રગટાવે અને વૈરાગ્ય ત્યાગનો આનંદ આપે છે. આ રીતે ત્યાગ અને વૈરાગ્ય દ્વારા જ પરમોચ્ચદશાને પ્રાપ્ત કરી શકાય છે.

★ સંક્ષેપમાં જે ત્યાગ અને વૈરાગ્યના ભાવથી સભર હોય તે જ સ ભિક્ષુ કહેવાય છે.

★ ઉત્તરાધ્યયન સૂત્રના ૧૫માં અધ્યયનનું નામ પણ "સ ભિક્ષુ" છે. ત્યાં પણ આ અધ્યયનની જેમ પ્રત્યેક ગાથાના અંતે "સ ભિક્ષુ" શબ્દનો પ્રયોગ છે. બંને અધ્યયનમાં ગાથાઓની શબ્દ રચના ભિન્ન છે અને ભાવો પણ ભિન્ન રીતે રજુ કરવામાં આવ્યા છે. પરંતુ શ્રેષ્ઠ ભિક્ષુના લક્ષણો પ્રગટ કરવા રૂપ ધ્યેય એક જ છે.

# દસમું અધ્યયન

## સ ભિક્ષુ(શ્રેષ્ઠ સાધુ)

### સંયમ-બ્રહ્મચર્યમાં સ્થિર ચિત્ત શ્રેષ્ઠ સાધુ :-

**૧** **णिक्खम्म माणाइ य बुद्धवयणे, णिच्चं चित्तसमाहिओ हविज्जा ।**
**इत्थीण वसं ण यावि गच्छे, वंतं णो पडियायइ जे स भिक्खू ॥**

**છાયાનુવાદ :** **निष्क्रम्य आज्ञया च बुद्धवचने, नित्यं समाधितचित्तो भवेत् ।**
**स्त्रीणां वशं न चापि गच्छेत्, वान्तं न प्रत्यापिबति यः स भिक्षुः ॥**

**શબ્દાર્થ :– आणाइ** = ભગવાનની આજ્ઞાથી **णिक्खम्म** = દીક્ષા લઈને **बुद्धवयणे** = સર્વજ્ઞના વચનોમાં **णिच्चं** = સદા **चित्तसमाहिओ** = ચિત્તથી પ્રસન્ન **हविज्जा** = હોય છે **इत्थीण वसं** = સ્ત્રીઓના વશમાં **ण यावि गच्छे** = આવતો નથી **वंतं** = વમન કરેલા વિષય ભોગોને **णो पडियायइ** = ફરી ઇચ્છતો નથી **स** = તે જ **भिक्खू** = આદર્શ સાધુ છે, શ્રેષ્ઠ સાધુ છે.

**ભાવાર્થ :–** જે સાધક જિનેશ્વર ભગવંતના ઉપદેશને સાંભળી, ગૃહવાસનો ત્યાગ કરી, સંયમ સ્વીકાર કરીને તેમની આજ્ઞા પ્રમાણે આચરણ કરે છે; હંમેશાં સમાધિ ભાવમાં રહે છે. તેઓ કદાપિ સ્ત્રીઓને આધીન થતાં નથી તેમજ ત્યક્ત ભોગોનું પુનઃ સેવન કરતા નથી; તે શ્રેષ્ઠ સાધુ છે.

### વિવેચન :-

શ્રેષ્ઠ ભિક્ષુના ગુણોનું નિરૂપણ કરતાં અધ્યયનની આ પ્રથમ ગાથામાં સંયમના પ્રાણ સમા બ્રહ્મચર્યા પરિણામોની સ્થિરતાનું સૂચન છે.

**ભિક્ષુ :–** જે ભિક્ષાચરીથી નિર્વાહ કરે છે તે ભિક્ષુ કહેવાય છે. પરંતુ શ્રેષ્ઠ ભિક્ષુની ભિક્ષાચરીની રીત વિશિષ્ટ પ્રકારની હોય છે. પ્રથમ અધ્યયનમાં ભ્રમરની ઉપમાથી ભિક્ષુની ભિક્ષાચરીને સમજાવી છે. તેના મૂળમાં અહિંસા મહાવ્રત સમાયેલું છે. પ્રસ્તુત અધ્યયનમાં પણ ભિક્ષુના અહિંસા ગુણને પ્રાધાન્ય આપી આ પછીની ગાથાઓમાં દર્શાવ્યું છે કે– મુનિ છકાય જીવોને આત્મસમ જાણી તેની હિંસા ન કરે, તેની રક્ષા માટે સાવધાન રહે, તે જ શ્રેષ્ઠ ભિક્ષુ કહેવાય છે. તે ઉપરાંત – જિનવચનમાં અનુરક્તતા, ચિત્ત પ્રસન્નતા, બ્રહ્મચર્ય, પંચમહાવ્રતનું પાલન, પાંચ આશ્રવનો ત્યાગ વગેરે ગુણો પણ તે ભિક્ષુની શોભા છે.

**बुद्धवयणे :–** જેને તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થયું છે, તેને બુદ્ધ કહે છે. તીર્થંકરો, ગણધરો આદિ બુદ્ધ પુરુષ છે.

તેના વચનોને બુદ્ધવચન કહે છે. ઉપલક્ષણથી દ્વાદશાંગી ગણિપિટક બુદ્ધ વચન કહેવાય. પ્રસ્તુતમાં **बुद्धवयणे** નો **તીર્થંકરનો ઉપદેશ** આ અર્થ પ્રાસંગિક છે.

**चित्तसमाहिओ :–** સમાહિત ચિત્તના વિવિધ અર્થ થાય છે– (૧) જેનું ચિત્ત સમ્યગ્ રીતે પ્રકારે સ્વાધ્યાયાદિમાં સમ્યગ્ રીતે આહિત–લીન હોય તેને સમાહિત ચિત્ત કહે છે. (૨) શાંત એકાગ્ર ચિત્તને પણ **સમાહિત ચિત્ત** કહેવાય છે. (૩) સંયમમાં સદા પ્રસન્ન રહેનાર સાધક સમાધિમય ચિત્તવાળા કહેવાય છે.

## છકાય રક્ષક શ્રેષ્ઠ સાધુ :-

**૨** **पुढविं ण खणे ण खणावए, सीओदगं ण पिए ण पियावए ।**
**अगणिसत्थं जहा सुणिसियं, तं ण जले ण जलावए जे स भिक्खू ॥**

**છાયાનુવાદ :** **पृथ्वीं न खनेत् न खानयेत्, शीतोदकं न पिबेत न पाययेत् ।**
**अग्निः शस्त्रं यथा सुनिशितं, तं न ज्वलेत् न ज्वलयेद् यः स भिक्षुः ॥**

**શબ્દાર્થ :– पुढविं** = પૃથ્વીકાયને **ण खणे** = સ્વયં ખોદે નહિ **ण खणावए** = બીજા પાસે ખોદાવે નહિ **सीओदगं** = સચિત્ત પાણી **ण पिए** = સ્વયં પીએ નહિ **ण पियावए** = બીજાને પીવડાવે નહિ **सुणिसियं** = તીક્ષ્ણ **सत्थं** = શસ્ત્રની **जहा** = સમાન **अगणिं** = અગ્નિને **ण जले** = સ્વયં પ્રજ્વલિત ન કરે **ण जलावए** = પ્રજ્વલિત ન કરાવે.

**ભાવાર્થ :–** જે સ્વયં પૃથ્વીને ખોદે નહીં, બીજા પાસે ખોદાવે નહીં; સચિત્ત પાણી સ્વયં પીએ નહીં, અન્યને પીવડાવે નહીં; અત્યંત તીક્ષ્ણ શસ્ત્રરૂપ અગ્નિને સ્વયં પ્રજ્વલિત કરે નહિ, બીજા દ્વારા પ્રજ્વલિત કરાવે નહીં; તે શ્રેષ્ઠ સાધુ છે.

**૩** **अणिलेण ण वीए ण वीयावए, हरियाणि ण छिंदे ण छिंदावए ।**
**बीयाणि सया विवज्जयंतो, सचित्तं णाहारए जे स भिक्खू ॥**

**છાયાનુવાદ :** **अनिलेन न व्यजेत् न व्यजयेत्, हरितानि न छिन्द्यात् न छेदयेत् ।**
**बीजानि सदा विवर्जयन्, सचित्तं नाहारेत् यः स भिक्षुः ॥**

**શબ્દાર્થ :– अणिलेण** = વાયુ વ્યંજક પંખાદિથી **ण वीए** = સ્વયં પવન નાંખે નહિ **ण वीयावए** = અન્ય પાસે પવન નંખાવે નહિ **हरियाणि** = હરિતકાયનું, વનસ્પતિકાયનું **ण छिंदे** = સ્વયં છેદન ન કરે **ण छिंदावए** = બીજા પાસે છેદન કરાવે નહિ **बीयाणि** = બીજ, પત્ર પુષ્પાદિવાળા માર્ગને **सया** = સદા **विवज्जयंतो** = છોડીને ગમન કરે **सचित्तं** = સચિત્ત પદાર્થનો **णाहारए** = આહાર કરે નહિ.

**ભાવાર્થ :–** જે સ્વયં પંખા વગેરે સાધનથી પવન નાંખે નહિ, બીજા પાસે નંખાવે નહિ; વનસ્પતિઓનું સ્વયં છેદન કરે નહિ, અન્ય પાસે છેદન કરાવે નહિ; તેમજ માર્ગમાં સચેત બીજ વગેરે પડ્યાં હોય તો તેને બચાવીને ચાલે (તેના ઉપર પગ મૂકતો ન ચાલે) અને સચિત્ત ભિક્ષા ગ્રહણ કરે નહિ; તે શ્રેષ્ઠ સાધુ છે.

**૪** **वहणं तस–थावराण होइ, पुढवीतणकट्ठणिस्सियाणं ।**
**तम्हा उद्देसियं ण भुंजे, णो वि पए ण पयावए जे स भिक्खू ॥**

**છાયાનુવાદ :** **हननं त्रसस्थावराणां भवति, पृथिवीतृणकाष्ठ निःश्रितानाम् ।**
**तस्मादौदेशिकं न भुङ्क्ते, नाऽपि पचति न पाचयति यः स भिक्षुः ॥**

**શબ્દાર્થ :– पुढवीतणकट्ठणिस्सियाणं** = પૃથ્વી, તૃણ, કાષ્ઠને આશ્રિત રહેલા **तसथावराणं** = ત્રસ અને સ્થાવર જીવોનો **वहणं** = વધ થાય છે **तम्हा** = તેથી **उद्देसियं** = ઔદ્દેશિક દોષવાળા પદાર્થોનું, સાધુ માટે બનાવેલા પદાર્થોનું **ण भुंजे** = સેવન કરે નહિ **णोवि पए** = સ્વયં આહારને પકાવે નહિ, રાંધે નહીં **ण पयावए** = બીજા પાસે રંધાવે નહિ.

**ભાવાર્થ :–** આહારાદિ તૈયાર કરવામાં પૃથ્વી, ઘાસ, કાષ્ઠ અને તેને આશ્રયે રહેલા અન્ય જીવોની હિંસા થાય છે. માટે મુનિ તે ઔદ્દેશિક દોષોવાળા પદાર્થોને ગ્રહણ કરે નહિ, ભોજન સ્વયં બનાવે નહીં, અન્ય પાસે બનાવડાવે નહીં; તે શ્રેષ્ઠ સાધુ છે.

**૫** **रोइय णायपुत्तवयणे, अत्तसमे मण्णेज्ज छप्पि काए ।**
**पंच य फासे महव्वयाइं, पंचासवसंवरे जे स भिक्खू ॥**

**છાયાનુવાદ :** **रोचयित्वा ज्ञातपुत्रवचनं, आत्मसमान् मन्यते षडपि कायान् ।**
**पञ्च च स्पृशेत् महाव्रतानि, पंचाश्रवान् संवृणुयात् यः स भिक्षुः ॥**

**શબ્દાર્થ :– णायपुत्तवयणे** = જ્ઞાતપુત્રના વચનોને, પ્રભુ મહાવીરની આજ્ઞાને **रोइय** = રુચિ કરીને, સમજીને, સ્વીકારીને **पंचासवसंवरे** = પાંચે ય આશ્રવોનો નિરોધ કરે છે **छप्पि काए** = છકાય જીવોને **अत्तसमे** = પોતાના આત્માની સમાન **मण्णेज्ज** = માને છે **पंच** = પાંચ **महव्वयाइं** = મહાવ્રતોને **फासे** = પૂર્ણરૂપથી પાળે છે.

**ભાવાર્થ :–** જ્ઞાતપુત્ર પ્રભુ મહાવીરના વચનોને રુચિપૂર્વક સ્વીકાર કરીને અર્થાત્ સંયમ સંગ્રહ કરીને જે સાધક છકાયના જીવોને આત્મસમાન માને છે, પંચ મહાવ્રતોનું પાલન કરે છે અને પાંચ આશ્રવોનું સંવરણ કરે છે, રોકે છે; તે શ્રેષ્ઠ સાધુ છે.

### વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં પૃથ્વી આદિ છકાય જીવોની અનુકંપા સાથે તે જીવોની હિંસા ન કરનારને

શ્રેષ્ઠ સાધુ રૂપે ઓળખાવ્યા છે.

**पुढविं ण खणे ण खणावए :–** મુનિ ત્રણ કરણ, ત્રણ યોગથી હિંસા વગેરેના ત્યાગી હોય છે. તેથી અહીં કરવા, કરાવવાના નિષેધ સાથે અનુમોદનાનો નિષેધ પણ સમજી લેવો જોઈએ. તેમજ ગાથામાં પૃથ્વીને ખોદે નહીં, ખોદાવે નહીં તેમ કથન છે. તેમ છતાં ઉપલક્ષણથી પૃથ્વીકાયની હિંસા થાય તેવી સમસ્ત પ્રવૃત્તિ વિષે નિષેધ સમજી લેવો જોઈએ.

અહીં પાંચ સ્થાવરોની હિંસા કરવા, કરાવવાનો સંક્ષેપમાં નિષેધ કરવામાં આવ્યો છે. વિસ્તૃત વર્ણન ચોથા અધ્યયનમાં છે. વાસ્તવમાં છ કાયના જીવોથી સંબંધિત કોઈ પણ હિંસાત્મક ક્રિયા કરે નહીં, તે શ્રેષ્ઠ સાધુ કહેવાય.

**अत्तसमे मण्णेज्ज :–** છ કાય જીવોને આત્મસમ માને છે. જેમ મને દુઃખ અપ્રિય અને સુખ પ્રિય છે, તે જ રીતે સર્વ જીવોને દુઃખ અપ્રિય અને સુખ પ્રિય છે. આવી ઉમદા ભાવનાથી જે કોઈ પણ જીવોની હિંસા કરતા નથી, તે સર્વ જીવોને આત્મસમ માનનાર છે. **आत्मवत् सर्वभूतेषु** ની વિશાળ ભાવનાના આધારે જ અહિંસા સ્થાપિત થાય છે.

**फासे :–** પાલન કરે છે. સામાન્ય રીતે સ્પર્શ શબ્દનો અર્થ સ્પર્શેન્દ્રિયથી સ્પર્શ કરવો તેમ થાય છે પરંતુ પ્રસ્તુતમાં આ શબ્દ મહાવ્રતોના પાલન માટે પ્રયુક્ત છે.

**पंचासवसंवरे :–** પાંચ આશ્રવોનું સંવરણ કરે છે, આશ્રવોને રોકે છે. પાંચ આશ્રવ કહેવાથી મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. આ પાંચ આશ્રવ છે. વિસ્તારની અપેક્ષાએ આશ્રવના અને સંવરના ૨૦–૨૦ પ્રકાર છે.

### શ્રમણચર્યામાં જાગૃત શ્રેષ્ઠ ભિક્ષુ :–

**૬** **चत्तारि वमे सया कसाए, धुवजोगी हवेज्ज बुद्धवयणे ।**
**अहणे णिज्जायरूवरयए, गिहिजोगं परिवज्जए जे स भिक्खू ॥**

**છાયાનુવાદ :** **चतुरो वमेत् सदा कषायान्, ध्रुवयोगी भवति बुद्धवचने ।**
**अधनो निर्जातरूपरजतः, गृहियोगं परिवर्जयेत् यः स भिक्षुः ॥**

**શબ્દાર્થ :– कसाए** = કષાયોને **वमे** = ત્યાગે છે **बुद्धवयणे** = શ્રી તીર્થંકર દેવોના વચનોમાં **धुवजोगी** = ધ્રુવયોગી **हवेज्ज** = હોય છે **अहणे** = ધનથી રહિત છે, અકિંચન છે **रूवरयए** = ચાંદી અને સુવર્ણના **णिज्जाय** = ત્યાગી છે, રહિત છે **गिहिजोगं** = ગૃહસ્થના કાર્યોને, ગૃહસ્થોની સાથે અધિક સંસર્ગને **परिवज्जए** = ત્યાગે છે.

**ભાવાર્થ :–** જે ક્રોધ, માન, માયા, લોભનું સદા વમન કરતો રહે છે; તીર્થંકર પ્રભુની આજ્ઞામાં(સંયમમાં)

ચિત્તને સ્થિર રાખે છે; ધન અને સોનું ચાંદી આદિ રાખતા નથી અને ઘર ગૃહસ્થ જેવા કાર્યો કરતા નથી, તેમાં ભાગ લેતા નથી; તે શ્રેષ્ઠ સાધુ છે.

**૭** **सम्मद्दिट्ठी सया अमूढे, अत्थि हु णाणे तवे संजमे य ।**
**तवसा धुणइ पुराणपावगं, मणवयकायसुसंवुडे जे स भिक्खू ॥**

**છાયાનુવાદ :** **सम्यग्दृष्टिः सदा अमूढः, अस्ति खलु ज्ञानं तपः संयमश्च ।**
**तपसा धुनोति पुराणपापकं, मनोवाक्कायसुसंवृतो यः स भिक्षुः ॥**

**શબ્દાર્થ :– सम्मद्दिट्ठी** = સમ્યગ્દૃષ્ટિ **सया अमूढे** = ચતુર, સદા સાવધાન રહે **णाणे** = જ્ઞાનમાં **तवे** = તપમાં **संजमे** = સંયમમાં **अत्थि** = રહે છે **मणवयकायसुसंवुडे** = મન, વચન અને કાયાથી સંવૃત્ત છે **तवसा** = તપથી **पुराणपावगं** = પૂર્વકૃત પાપ કર્મોને **धुणइ** = નષ્ટ કરે છે.

**ભાવાર્થ :–** જે સમ્યગ્દર્શી છે, જ્ઞાન, તપ અને સંયમમાં સદા સાવધાન રહે છે; તપથી પૂર્વકર્મોને ક્ષય કરે છે તથા મન, વચન અને કાયાએ ત્રણે ય યોગ સંવૃત્ત રાખે છે અર્થાત્ નવીન કર્મ બંધ કરતા નથી; તે શ્રેષ્ઠ સાધુ છે.

## વિવેચન :–

પ્રસ્તુત બે ગાથાઓમાં શ્રમણચર્યાના જાગૃતિ મૂલક ગુણોનું વર્ણન કરી, તે ગુણધારક શ્રમણને શ્રેષ્ઠ સાધુ રૂપે દર્શાવ્યા છે.

આત્મવિશુદ્ધિ માટે જે શ્રમ કરે છે તેને શ્રમણ કહે છે. તેની સિદ્ધિ માટે તે સતત સાવધાન રહે છે. તે શ્રમણચર્યાનું યથાર્થ પાલન કરે છે. સૂત્રકારે અહીં ભિક્ષુના બાહ્ય અને આભ્યંતર ત્યાગનું કથન કર્યું છે. ચાર કષાયરૂપ આભ્યંતર પરિગ્રહ અને ધન, સોનું, રૂપુ, ઘર, ગૃહસ્થ સંબંધ આદિ બાહ્ય પરિગ્રહનો ત્યાગ, જિનકથિત સંયમયોગમાં નિશ્ચલતા; સમ્યગ્દર્શનની પ્રાપ્તિ; જ્ઞાન, સંયમ તપની આરાધનામાં મૂઢતાનો ત્યાગ, તપ દ્વારા પૂર્વકૃત કર્મોનો નાશ કરવાની પ્રયત્નશીલતા, ત્રણ યોગના આશ્રવનો નિરોધ; તે આદર્શ ભિક્ષુની ઓળખાણ છે.

**धुवजोगी :–** ધ્રુવયોગીના વિવિધ અર્થ થાય છે– (૧) જેણે પોતાના મન, વચન અને કાયાના યોગોને જિનાજ્ઞાપાલનમાં નિશ્ચલતાથી જોડી દીધા હોય તે **ધ્રુવયોગી** છે. (૨) પ્રતિલેખન આદિ આવશ્યક કાર્યોને જે નિયમિતરૂપે કરતા હોય તે **ધ્રુવયોગી** છે. (૩) જિન વચનરૂપ દ્વાદશાંગીના અધ્યયનમાં જે નિશ્ચલ યોગ યુક્ત હોય તથા પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં રત હોય તે **ધ્રુવયોગી** છે.

**गिहिजोगं :–** ગૃહસ્થના કાર્યો. પચન–પાચન, ક્રય–વિક્રય આદિ ગૃહસ્થ યોગ્ય ક્રિયાને ગૃહીયોગ(ગૃહસ્થ યોગ) કહે છે. મૂર્ચ્છા વશ ગૃહસ્થના અતિ સંબંધ પણ ગૃહીયોગ કહેવાય છે.

**अमूढे :–** મૂર્ખતા ન કરનાર, કુળશતાથી રહેનાર, પોતાના ગુણોમાં સાવધાન. (૧) મિથ્યાદષ્ટિઓના વૈભવાદિ જોઈને મૂઢતા ન લાવનાર (૨) દેવ ગુરુ અને ધર્મ, આ તત્ત્વત્રયીમાં દઢ વિશ્વાસ રાખનાર તે સંબંધમાં મૂઢતા–ગફલત ન કરનાર (૩) શાસ્ત્ર મૂઢતાથી જે દૂર રહેનાર હોય; તે અમૂઢ કહેવાય છે.

**अत्थि हु णाणे तवे संजमे :–** હેય, જ્ઞેય, ઉપાદેય પદાર્થોને જણાવનાર **જ્ઞાન** છે. કર્મમલને શુદ્ધ કરવા માટે જળસમાન બાહ્યાભ્યંતર **તપ** છે અને નવા કર્મના બંધનો નિરોધ કરનાર **સંયમ** છે. આ જ્ઞાન, તપ, સંયમમાં મુનિ દઢ આસ્થા રાખે, મૂઢતા ન કરે. અહીં **अमूढे** શબ્દ દેહલી દીપક ન્યાયથી સમ્યગ્દષ્ટિ સાથે પણ જોડાય અને જ્ઞાન, તપ, સંયમ સાથે પણ થાય છે. ત્યારે ગાથાના પૂર્વાર્દ્ધનો અર્થ આ પ્રમાણે થાય છે– સમ્યગ્ દર્શન, જ્ઞાન, તપ અને ચારિત્રમાં પૂર્ણ સાવધાની રાખનાર, કોઈ પ્રકારે મૂર્ખતા(બેદરકારી) ન કરનાર.

**मण–वय–काय सुसंवुडे :–** મન, વચન, કાયાથી સુસંવૃત. મનથી સુસંવૃત = અકુશળ મનનો નિરોધ અને કુશલ મનની ઉદીરણા કરનાર(તેનો પ્રયોગ કરનાર) વચનસુસંવૃત = અપ્રશસ્ત વચનનો નિરોધ કરી પ્રશસ્ત વચનોની ઉદીરણા કરનાર અથવા મૌન રાખનાર. કાય સુસંવૃત–શાસ્ત્રોક્ત નિયમાનુસાર સમિતિપૂર્વક કાયિક ચેષ્ટાઓ કરનાર અને શેષ અકરણીય ક્રિયાઓ ન કરનાર. આ રીતે આ શબ્દથી સાધકને ત્રણ યોગના આશ્રવ ત્યાગનો સંકેત છે.

### આહારમાં નિઃસ્પૃહ શ્રેષ્ઠ ભિક્ષુ :-

**૮** **तहेव असणं पाणगं वा, विविहं खाइमं साइमं लभित्ता ।**
**होही अट्ठो सुए परे वा, तं ण णिहे ण णिहावए जे स भिक्खू ॥**

**છાયાનુવાદ :** तथैव अशनं पानकं वा, विविधं खाद्यं स्वाद्यं लब्ध्वा ।
भविष्यत्यर्थः श्वः परस्मिन्वा, तन्न निधत्ते न निधापयति यः स भिक्षुः ॥

**શબ્દાર્થ :– असणं** = અન્ન **पाणगं** = પાણી **विविहं** = વિવિધ પ્રકારના **खाइमं** = ખાદિમ **साइमं** = સ્વાદિમ સ્વાદ્ય પદાર્થોને **लभित्ता** = પ્રાપ્ત કરીને **सुए** = કાલે **परे** = પરમ દિવસે **अट्ठो होही** = પ્રયોજનાર્થે, કામ આવશે, એમ વિચારીને **तं** = તે પદાર્થોને **ण णिहे** = વાસી રાખે નહિ **ण णिहावए** = તથા બીજા પાસે વાસી રખાવે નહિ.

**ભાવાર્થ :–** તેમજ વિવિધ પ્રકારનાં આહાર, પાણી, ખાદિમ અને સ્વાદિમ વગેરે સુંદર ભિક્ષા મેળવીને કાલે કે પરમ દિવસે ઉપયોગમાં આવશે, એમ માનીને જે સાધક સંચય કરે નહિ; કરાવે નહિ; તે શ્રેષ્ઠ સાધુ છે.

**૯** **तहेव असणं पाणगं वा, विविहं खाइमं साइमं लभित्ता ।**
**छंदिय साहम्मियाण भुंजे, भुच्चा सज्झायरए जे स भिक्खू ॥**

**છાયાનુવાદ : तथैव अशनं पानकं वा, विविधं खाद्यं स्वाद्यं लब्ध्वा ।**
**छंदयित्वा साधर्मिकान् भुञ्जीत, भुक्त्वा स्वाध्यायरतः यः स भिक्षुः ॥**

**શબ્દાર્થ :– साहम्मियाण** = સ્વધર્મી સાધુઓને **छंदिय** = આમંત્રણ કરીને **भुंजे** = ભોજન કરે **भुच्चा** = ભોજન કર્યા પછી **सज्झायरए** = સ્વાધ્યાયમાં લીન થઈ જાય.

**ભાવાર્થ :–** તેમજ વિવિધ પ્રકારનાં આહાર, પાણી, ખાદિમ અને સ્વાદિમ વગેરે આહાર મેળવીને પોતાના સહવર્તી સાધુઓને બોલાવીને, નિમંત્રણ આપી તેની સાથે ભોજન કરે; આહાર કર્યા પછી સ્વાધ્યાય આદિમાં લીન(તન્મય) રહે છે; તે શ્રેષ્ઠ સાધુ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં આહાર પ્રત્યે પૂર્ણ સાવધાન રહેનારને શ્રેષ્ઠ ભિક્ષુરૂપે દર્શાવ્યા છે.

ભિક્ષુ નિર્દોષ ભિક્ષાચરીથી જ નિર્વાહ કરે છે પરંતુ પ્રાપ્ત થયેલી નિર્દોષ ભિક્ષામાં પણ જો તેને આસક્તિ જાગે તો તેને આહારના સંગ્રહની ઈચ્છા થાય છે અને સ્વાદિષ્ટ ભોજનનો અન્ય સાધર્મિક સાધુઓ સાથે સંવિભાગ કરવાની ઈચ્છા થતી નથી.

આ બંને ક્રિયા નિર્દોષ ભિક્ષાને દોષિત બનાવે છે, સાધુપણાનો નાશ કરે છે. તેથી જ સૂત્રકારે આહારનો સંચય ન કરવાનું અને સાધર્મિકમાં આહારાદિનો સંવિભાગ કરવાનું કથન કરીને, મુનિને આહાર પ્રત્યે અનાસક્તભાવે રહેવાની પ્રેરણા આપી છે. આહારાદિમાં અનાસક્તભાવ તે સર્વ ગુણોનું બીજ છે.

જેવી રીતે પક્ષી ભૂખ લાગે ત્યારે શોધ ખોળ કરી પોતાની પ્રકૃતિને યોગ્ય ભોજન મેળવીને પેટ ભરી લે છે, ભવિષ્ય માટે તે કોઈપણ પ્રકારનો સંગ્રહ કરતા નથી, તેવી રીતે ભિક્ષુ પણ ભિક્ષાચર્યાથી જે કાંઈ નિર્દોષ આહાર મળે, તેનાથી ક્ષુધા નિવૃત્તિ કરી લે છે પણ ભવિષ્ય માટે સંગ્રહ કરતા નથી.

સૂત્રોમાં સાધુને પ્રથમ પ્રહરમાં લાવેલા આહાર પાણીને ચોથા પ્રહરમાં રાખવાનો પણ નિષેધ છે. તે પણ સંગ્રહવૃત્તિના નિષેધ માટે જ છે.

**छंदिय साहम्मियाणं भुंजे... :–** સાધુએ સાધર્મિકોને આમંત્રણ કરીને અને તેમની ઈચ્છા અનુસાર આહારનો સંવિભાગ કરીને પછી આહાર કરવો જોઈએ. સાધર્મિકનો અર્થ છે સમાન ધર્મી સાધુ. જેનો વેશ, ક્રિયા, ચર્યા તેમજ નિયમ, ઉપનિયમ સમાન હોય તેને સાધર્મિક કહે છે. જિનદાસચૂર્ણિ અનુસાર "મારા પર અનુગ્રહ કરો" એવું કહીને સાધુ પોતાના સાધર્મિક સાધુને નિમંત્રિત કરે અર્થાત્ આપશ્રી આપની ઈચ્છા અનુસાર ગ્રહણ કરો. આવી રીતે પોતાની સાથે રહેલા સંતોને આહારાદિ લેવા માટે અનુરોધ કરે. જો કોઈ સાધર્મી સાધુની ઈચ્છા હોય તો તેને આપીને પછી જ આહાર કરવો જોઈએ. આ પ્રકારના નિમંત્રણ અને સંવિભાગ કરવામાં સ્વાર્થ વૃત્તિનો ત્યાગ થાય છે પરાર્થભાવ કેળવાય છે, દષ્ટિ વિશાળ બને છે અને પરસ્પરમાં પ્રેમભાવ વધે છે.

**भोच्चा सज्जाय रए :–** આ કથન સાધુના અપ્રમત્ત જીવનને પ્રગટ કરે છે. તાત્પર્ય એ છે કે સાધુ અત્યંત જરૂરી અને મર્યાદિત આહાર કરે. તે પ્રમાણે આહાર કરવાથી પ્રમાદ ન આવે અને આહારથી નિવૃત્ત થતાં જ તે જ્ઞાન ધ્યાનમાં લીન બની જાય છે.

## ક્લેશ કષાય વગેરેના ત્યાગી શ્રેષ્ઠ ભિક્ષુ :–

**૧૦** **ण य वुग्गहियं कहं कहेज्जा, ण य कुप्पे णिहुइंदिए पसंते ।**
**संजमे धुवजोगजुत्ते, उवसंते अविहेडए जे स भिक्खू ॥**

**છાયાનુવાદ :** न च वैग्रहिकीं कथां कथयेत्, न च कुप्येत् निभृतेन्द्रियः प्रशान्तः ।
संयमे ध्रुवं योगेन युक्तः, उपशान्तोऽविहेठको यः स भिक्षुः ॥

**શબ્દાર્થ :– वुग्गहियं** = કલેશ ઉત્પન્ન કરનારી **कहं** = કથા **ण य कहिज्जा** = કદાપિ કરે નહિ **ण य कुप्पे** = કોઈ ઉપર ક્રોધ કરે નહીં કે ક્યારે ય ક્રોધ કરે નહિ **णिहुइंदिए** = પોતાની ઈન્દ્રિયોને ચંચલ થવા દે નહિ **पसंते** = તેમજ સદા પ્રશાંત રહે **संजमे धुवजोगजुत्ते** = સંયમમાં ત્રણે ય યોગને દઢતાપૂર્વક જોડે **उवसंते** = ઉપશાંત રહે અર્થાત્ કષ્ટદાયક પરિસ્થિતિમાં આકુળવ્યાકુળ ન થાય **अविहेडए** = ઉચિત કાર્યનો અનાદર કરે નહિ, અન્યનો તિરસ્કાર કરે નહીં.

**ભાવાર્થ :–** જે મુનિ ક્લેશ કંકાશ થાય તેવી કથા ન કહે; નિમિત્ત મળવા છતાં કોઈપર કોપ ન કરે; ઈન્દ્રિયોને નિશ્ચલ રાખે; મન શાંત રાખે; સંયમ યોગમાં સતત સ્થિર ભાવે જોડાયેલો રહે તથા ઉપશાંત રહી કોઈનો પણ તિરસ્કાર કરે નહીં; તે શ્રેષ્ઠ સાધુ છે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથામાં શાંત ભાવોને પુષ્ટ કરનાર શ્રમણને શ્રેષ્ઠ સાધુ કહ્યા છે.

સંયમી જીવનમાં બાધક બને તેવી કથા–વાર્તાને વિકથા કહે છે. વિકથા કરનાર સાધુ સંયમી જીવનના અન્ય આવશ્યક કાર્યો કરી શકતો નથી, તેની ઈન્દ્રિય અને મન ચંચળ બની જાય છે, વિકથાના પાત્રો પ્રત્યે રાગ–દ્વેષ અને વૈર–વિરોધના ભાવ જાગૃત થાય છે અને તેથી તે કષાયોને ઉપશાંત કરી શકતો નથી. આ રીતે વિકથા અનેક દુર્ગુણોનું પોષણ કરે છે અને વિકથાનો ત્યાગ સદ્‌ગુણોના પ્રગટીકરણમાં નિમિત્ત બને છે. તેથી સાધુએ વિકથાનો ત્યાગ કરવો જોઈએ.

**वुग्गहियं कहं** = વિગ્રહ = કલહ, યુદ્ધ, વિવાદ. (૧) જે કથા–વાર્તાથી વિગ્રહ ઉત્પન્ન થાય તેને વૈગ્રહિકી કથા કહે છે. (૨) અમુક રાજા, દેશ કે કોઈ વ્યક્તિ સારી કે ખરાબ છે; આ પ્રકારનું કથન કરવું તે વૈગ્રહિકી કથા છે. કોઈપણ વ્યક્તિના વિષયમાં પ્રત્યેકનો અભિપ્રાય જુદો હોય છે. તેનું કથન કરતાં અન્ય વ્યક્તિ તેનો વિરોધ કરે અને વિવાદ વધી જાય છે. આ શબ્દોનો સીધો અને સરળ અર્થ છે 'કલહ

પ્રતિબદ્ધ કથા' મુનિ કરે નહીં. સંક્ષેપમાં આ શબ્દનું તાત્પર્ય છે કે કલહ, વિવાદ જનક અથવા સંયમી જીવનમાં બાધક કોઈ પણ કથા સાધુ ન કરે.

**णिहुइंदिए :–** જેની ઇન્દ્રિયો વિનીત, નિશ્ચલ, અનુદ્ધત અથવા અચંચળ છે, તે નિભૃતેન્દ્રિય છે. જે કઠોર નિયંત્રણથી ઇન્દ્રિયોને સંયમ મર્યાદાથી બહાર જવા દે નહિ, તે નિભૃતેન્દ્રિય છે.

**अविहेडए** = આ શબ્દના ત્રણ અર્થ છે–(૧) વિગ્રહ–વિકથાદિના પ્રસંગોમાં પણ તાડના તર્જના દ્વારા બીજાને તિરસ્કૃત ન કરનાર (૨) ઉચિત કાર્યનો અનાદર ન કરનાર અર્થાત્ ઉચિત સમયે સ્વયોગ્ય કાર્ય કરવામાં પ્રમાદ ન કરનાર. (૩) વિષય કષાયનો પરિહાર કરનાર.

### કષ્ટ સહિષ્ણુ શ્રેષ્ઠ ભિક્ષુ :–

**૧૧** **जो सहइ हु गामकंटए, अक्कोसपहारतज्जणाओ य ।**
**भयभेरवसद्दसप्पहासे, समसुहदुक्खसहे य जे स भिक्खू ॥**

**છાયાનુવાદ :** **यः सहते खलु ग्रामकण्टकान्, आक्रोशप्रहरातर्जनाश्च ।**
**भयभैरवशब्दसप्रहासान्, समसुखदुःखसहश्च यः स भिक्षुः ॥**

**શબ્દાર્થ :– गामकंटए** = તન અને મનમાં કંટક સમાન દુઃખ રૂપ **अक्कोसपहारतज्जणाओ** = આક્રોશ, પ્રહાર અને તર્જનાદિને **सहइ** = સહન કરે છે **भयभेरवसद्दसप्पहासे** = અત્યંત ભયને ઉત્પન્ન કરનારા વૈતાલાદિના અટ્ટહાસ્યાદિ ઉપસર્ગો આવવા પર પણ **समसुहदुक्खसहे** = સુખ અને દુઃખને સમભાવપૂર્વક સહન કરનાર.

**ભાવાર્થ :–** જે કાંટા સમાન દુઃખકારી એવા આક્રોશ વચન પ્રહારો અને અયોગ્ય ઉપાલંભોને સહન કરે, જ્યાં ભયંકર અને પ્રચંડ ગર્જના થતી હોય તેવા ભયાનક સ્થાનમાં રહી વૈતાલાદિના શબ્દોને, અટ્ટહાસ્યાદિ ઉપસર્ગોને તેમજ અન્ય સુખ–દુઃખોને સમભાવપૂર્વક સહન કરે છે; તે શ્રેષ્ઠ સાધુ છે.

**૧૨** **पडिमं पडिवज्जिया मसाणे, णो भीयए भय भेरवाइं दिस्स ।**
**विविहगुणतवोरए य णिच्चं, ण सरीरं चाभिकंखए जे स भिक्खू ॥**

**છાયાનુવાદ :** **प्रतिमां प्रतिपद्य स्मशाने, नो बिभेति भयभैरवानि दृष्ट्वा ।**
**विविधगुणतपोरतश्च नित्यं, न शरीरं चाभिकाङ्क्षते यः स भिक्षुः ॥**

**શબ્દાર્થ :– मसाणे** = સ્મશાનમાં **पडिमं** = પડિમાને, પ્રતિમાને, તપશ્ચર્યા યુક્ત અભિગ્રહ વિશેષ **पडिवज्जिया** = અંગીકાર કરીને ત્યાં **भयभेरवाइं** = અતિભય ઉત્પન્ન કરનાર વૈતાલિક દેવોના રૂપને **दिस्स** = જોઈને **णो भीयए** = ભયભીત થાય નહિ **णिच्चं** = સદાકાળ **विविहगुण तवोरए**

= અનેક પ્રકારના સંયમ ગુણોમાં અથવા તપમાં અનુરક્ત **सरीरं** = શરીરની **ण अभिकंखए** = સ્પૃહા ન કરે, આકાંક્ષા કરે નહીં.

**ભાવાર્થ :–** જે સાધુ સ્મશાનમાં પડિમા ધારણ કરીને, ત્યાં અત્યંત ભય ઉત્પન્ન કરે તેવા ભૈરવ વગેરે યક્ષોને જોઈને ડરે નહિ તથા નિરંતર વિવિધ સંયમ ગુણોમાં અને તપશ્ચરણમાં અનુરક્ત રહે. આ રીતે સાધનાઓ કરતાં પોતાના દેહનું ભાન પણ ભૂલી જાય; તે શ્રેષ્ઠ સાધુ છે.

**१३** **असइ वोसट्ठचत्तदेहे, अकुट्ठे व हए व लूसिए वा ।**
**पुढवि समे मुणी हवेज्जा, अणियाणे अकोउहल्ले जे स भिक्खू ॥**

**છાયાનુવાદ : असकृद् व्युत्सृष्टत्यक्तदेहः, आक्रुष्टो वा हतो वा लूषितो वा ।**
**पृथिवीसमो मुनिर्भवेत्, अनिदानोऽकौतूहलो यः स भिक्षुः ॥**

**શબ્દાર્થ :– असइं** = જે વારંવાર, સર્વકાળમાં **वोसट्ठचत्तदेहे** = શરીરનું વ્યુત્સર્જન કરીને તેના મમત્વ(સાર– સંભાળ)નો પૂર્ણ ત્યાગ કરીને રહે **अकुट्ठे** = કોઈ તુચ્છતા ભર્યા વચનોથી અપમાનિત કરે **हए** = દંડાદિથી હણે **लूसिए** = તલવારાદિથી ઘાયલ કરે તો પણ **पुढविसमे** = પૃથ્વીની સમાન **हवेज्जा** = તટસ્થ રહે છે **अणियाणे** = કોઈ જાતનું નિદાન(વિરોધ ભાવનો સંકલ્પ) કરતો નથી **अकोउहल्ले** = કુતૂહલ રહિત.

**ભાવાર્થ :–** જે મુનિ સાધના કરતાં વારંવાર શરીરનું વ્યુત્સર્જન(ત્યાગ) કરી કાયોત્સર્ગ કરે અને શરીરની સાર–સંભાળનો પણ ત્યાગ કરીને રહે. કોઈ કઠોર વચનોથી તાડન, તર્જન કરે; દંડ આદિથી માર મારે, તલવારાદિ શસ્ત્રોથી છેદન–ભેદન કરે તે સમયે મુનિ પૃથ્વીની સમાન નિર્વિકલ્પ રહીને સર્વ સહન કરી લે છે; પરંતુ કોઈપણ વિરોધ ભાવનો સંકલ્પ કરે નહીં અને આશ્ચર્ય પામવા રૂપ કુતૂહલ ભાવ પણ કરે નહીં; તે શ્રેષ્ઠ સાધુ છે.

**१४** **अभिभूय काएण परीसहाइं, समुद्धरे जाइपहाओ अप्पयं ।**
**विइत्तु जाईमरणं महब्भयं, तवे रए सामणिए जे स भिक्खू ॥**

**છાયાનુવાદ : अभिभूय कायेन परीषहान्, समुद्धरेत् जातिपथादात्मानम् ।**
**विदित्वा जातिमरणं महाभयं, तपसि रतः श्रामण्ये यः स भिक्षुः ॥**

**શબ્દાર્થ :– काएण** = શરીરથી **परीसहाइं** = સંયમના બાવીસ પરીષહોને, અણધાર્યા આવી પડેલા સંકટોને **अभिभूय** = જીતીને, સહન કરીને **अप्पयं** = પોતાના આત્માનો **जाइपहाओ** = જન્મ–મરણના પથમાંથી, સંસાર ભ્રમણમાંથી **समुद्धरे** = ઉદ્ધાર કરે છે, ઉગારી લે છે **जाईमरणं** = જન્મ–મરણને **महब्भयं** = મહાભયકારી **विइत्तु** = જાણીને **सामणिए** = શ્રામણ્યમાં, સંયમમાં **तवे** = તપમાં **रए** = રત રહે છે.

**ભાવાર્થ :–** જે કાયાથી એટલે મન, વચન અને શરીરથી બાવીસ પરીષહોને જીતીને; જન્મ–મરણ

મહાભયના સ્થાન છે, તેમ જાણીને સંયમ અને તપમાં તલ્લીન બની, પોતાના આત્માને જાતિ પથમાંથી (સંસાર ભ્રમણથી) ઉગારી લે છે; તે શ્રેષ્ઠ સાધુ છે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં અતિશય સહનશક્તિ દ્વારા પરીષહ અને ઉપસર્ગોને સહન કરનાર શ્રમણને શ્રેષ્ઠ સાધુ કહ્યા છે.

સાધક જીવનમાં અનુકૂળ–પ્રતિકૂળ પરિસ્થિતિઓ ઊભી થાય; ઉપસર્ગ અને પરીષહ આવે; વિવિધ વ્રત–નિયમના પાલનમાં કષ્ટ થાય; શબ્દાદિ પાંચે ય ઈન્દ્રિયોના ઈષ્ટ–અનિષ્ટ વિષયોનો સંયોગ થાય; તે પ્રત્યેક પરિસ્થિતિમાં સાધુએ પ્રતિકાર કર્યા વિના તેમજ રાગ–દ્વેષ કર્યા વિના, પ્રસન્નભાવ રાખવાનો હોય છે. આવા પ્રસંગોમાં સહનશીલતા તે જ સાધુતાની કસોટી છે, તે કસોટી જ સાધકને જન્મ–મરણથી શીઘ્ર મુક્ત કરાવનાર નીવડે છે.

**गामकंटए :– ગ્રામ** શબ્દ ઈન્દ્રિય સમૂહ માટે રૂઢ છે. તેથી ગ્રામકંટકનો અર્થ છે કે– જે ઈન્દ્રિયોને કંટકની સમાન ખટકે છે, ખૂંચે છે, તેને ગ્રામકંટક કહે છે. જે રીતે શરીરમાં ખૂંચેલો કાંટો દુઃખ ઉત્પન્ન કરે છે, તે રીતે બીજા દ્વારા બોલાતા અનિષ્ટ શબ્દાદિ પણ આત્માને કાંટાની સમાન દુઃખદાયી થાય છે. તેથી પ્રતિકૂળ(અમનોજ્ઞ) શબ્દ, સ્પર્શ આદિ વિષયો ગ્રામકંટક કહેવાય છે.

**अक्कोसपहारतज्जणाओ :– अक्कोस** = આક્રોશ–ગાળ દેવી, ખીજાવું, ક્ષુદ્રવચન બોલવા, **पहार** = ચાબુક આદિથી મારવું, **तज्जणा** = તર્જન કરવું; ભ્રમર ચઢાવી; અંગૂઠો, આંગળી કે વેંત વગેરે દેખાડીને ખીજાવું અથવા તેનાથી મારવું; આ સર્વ **गामकंटए** ના ઉદાહરણો છે. તેથી સંલગ્ન રૂપે ગાથાના પૂર્વાર્ધનો અર્થ આ પ્રમાણે થાય કે– જે સાધુ આક્રોશ, પ્રહાર અને તાડના–તર્જના રૂપ ગ્રામકંટકોને, ઈન્દ્રિય માટેના પ્રતિકૂળ સંયોગોને સહન કરે.

**भय भेरव सद्दसप्पहासे :–** ભય ભૈરવ શબ્દ = અત્યન્ત ભય ઉત્પન્ન કરનાર શબ્દો. સંપ્રહાસ = વૈતાલ વગેરેના અટ્ટહાસ્ય. સંપૂર્ણ વાક્યનો અર્થ થાય કે અત્યંત રૌદ્ર, ભયજનક અટ્ટહાસ્ય સહિતના શબ્દ.

**पडिमं पडिवज्जियामसाणे :–** કર્મોની મહાન નિર્જરા કરવા માટે મુનિ સ્મશાન વગેરે વિકટ, નિર્જન અને ઉપદ્રવ યુક્ત સ્થાનોમાં જાય છે અને ત્યાં નિયત સમયની પ્રતિજ્ઞા સાથે કાયોત્સર્ગ મુદ્રામાં સ્થિત થાય છે. ત્યાં મનુષ્ય, દેવ કે પશુ સંબંધી જે કષ્ટ આપત્તિઓ આવે તેને વીરતાપૂર્વક સહન કરે છે. તેવા મુનિઓને આ ગાથામાં શ્રેષ્ઠ સાધુ કહ્યા છે.

**असइं वोसट्ठ चत्तदेहे** = **वोसट्ठ** = વ્યુત્સર્ગ અને **चत्त** = ત્યાગ કર્યો હોય. વ્યુત્સર્ગ અને ત્યાગ બન્ને સમાનાર્થક હોવા છતાં પણ અહીં તે વિશેષ અર્થમાં પ્રયુક્ત છે. (૧) વ્યુત્સૃષ્ટ કાય = અભિગ્રહ અને પ્રતિમા સ્વીકાર કરીને જેણે શારીરિક ક્રિયાનો ત્યાગ કરી દીધો છે તે (૨) ત્યક્ત દેહ = મર્દન, સ્નાન,

વિભૂષા વગેરે શારીરિક પરિકર્મનો જેણે પરિત્યાગ કરી દીધો છે તે. જે ભિક્ષુ વારંવાર દેહનો વ્યુત્સર્ગ કરનાર હોય છે અર્થાત્ ઉપસર્ગ સહન કરવા માટે જે કાયોત્સર્ગ અભિગ્રહ કરતાં રહે છે; તે શ્રેષ્ઠ શ્રમણ કહેવાય છે.

**पुढवी समे मुणि हवेज्जा :–** જેમ પૃથ્વી જગતના લોકોના સમસ્ત વ્યવહારોને ખમે છે. તેમજ મુનિએ પણ આક્રોશ વચન, માર–પીટ વગેરેને ક્ષમાભાવથી સહન કરવા જોઈએ.

મુનિ પૃથ્વી સમાન નિર્વિકલ્પ(સંકલ્પ રહિત) રહે. સહનશીલતા માટે પૃથ્વીનો દષ્ટાંત ઉત્કૃષ્ટ કોટિનો ગણાય છે. કારણ કે પૃથ્વી પર વિવિધ પ્રકારના કાર્યો થાય તોપણ તે તેનો કોઈ પ્રતિકાર કે પ્રતિભાવ પ્રદર્શિત કરતી નથી; સર્વનો સ્વીકાર કરે છે. તે જ રીતે સાધુ પણ અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિમાં કોઈ પ્રકારના સંકલ્પ–વિકલ્પ કે રાગ–દ્વેષ કર્યા વિના સમભાવથી સહન કરે. મેનાર્ય મુનિ, ખંદક ઋષિ વગેરે તેના જ્વલંત ઉદાહરણ છે, તેવા સહનશીલ સાધુને શ્રેષ્ઠ શ્રમણ કહેવાય છે.

**अणियाणे अक्कोउहलै :–** તપ–સંયમના ફળ સ્વરૂપે ઇહલૌકિક કે પારલૌકિક ફળની કામના ન કરવાને અનિદાન કહે છે. આ જૈન સાહિત્યનો પારિભાષિક શબ્દ છે. અહીં તેનો અર્થ છે કે સાધક કષ્ટો આપનારનો પ્રતિકાર કે વિરોધ ન કરે અને તે કષ્ટો પ્રતિ કે કષ્ટ આપનાર પ્રત્યે કોઈ આશ્ચર્ય કે કુતૂહલ વૃત્તિ પણ ન કરે; તે શ્રેષ્ઠ મુનિ કહેવાય છે.

**अभिभूय काएण :–** શરીર દ્વારા પરીષહોને જીતીને. પરીષહો આવે ત્યારે મુનિ મનથી આર્તધ્યાન ન કરે અને વાણી દ્વારા દીનવચન ન બોલે. તેમજ કાયા દ્વારા પરીષહોનો પરાભવ કરી પરીષહ વિજયી બને છે. ઘણા પરીષહો પ્રાયઃ કાયા દ્વારા સહન કરવા યોગ્ય હોય છે તેથી સૂત્રકારે કાયાની મુખ્યતાથી **काएण** શબ્દ પ્રયોગ કર્યો છે.

**परीसहाइं :–** સંયમ માર્ગમાં ઉત્પન્ન થતી અનુકૂળ અને પ્રતિકૂળ સ્થિતિઓને પરીષહ કહેવાય છે. તેને મુનિ સહજ ભાવે સ્વીકારી સહન કરે છે. તે ક્ષુધા આદિ બાવીસ પરીષહ છે. તેને સહન કરવાથી મુનિ કર્મોની નિર્જરા કરે છે.

**जाइपहाओ :–** અહીં જન્મ–મરણ માટે એક **જાતિપથ** શબ્દનો પ્રયોગ છે. તેનો અર્થ થાય છે– જન્મ મરણનો માર્ગ એટલે ભવભ્રમણનું સ્થાન = સંસાર; પરીષહ વિજેતા મુનિ ભવ ભ્રમણના સ્થાનરૂપ સંસારથી પોતાના આત્માનો ઉદ્ધાર કરી લે છે.

**तवे रए सामणिए :–** અહીં **रए** શબ્દ દેહલી દીપક ન્યાયથી તપ અને શ્રામણ્ય બંને શબ્દો સાથે સંયુક્ત થાય છે અર્થાત્ મુનિ તપ અને સંયમમાં લીન બને, તલ્લીન થઈ જાય; તે શ્રેષ્ઠ શ્રમણ છે.

## યતના પ્રધાન ગુણોથી સમૃદ્ધ શ્રેષ્ઠ સાધુ :-

**१५** **हत्थसंजए पायसंजए, वायसंजए संजइंदिए ।**
**अज्झप्परए सुसमाहियप्पा, सुत्तत्थं च वियाणइ जे स भिक्खू ॥**

**છાયાનુવાદ :** हस्तसंयतः पादसंयतः, वाक्संयतः संयतेन्द्रियः ।
अध्यात्मरतः सुसमाहितात्मा, सूत्रार्थं च विजानाति यः स भिक्षुः ॥

**શબ્દાર્થ :– हत्थसंजए** = હાથ સંયત છે **पायसंजए** = પાદ સંયત છે **वायसंजए** = વચન સંયત છે **संजइंदिए** = ઇન્દ્રિયો સંયત છે **अज्झप्परए** = અધ્યાત્મમાં રત છે **सुसमाहियप्पा** = ગુણોમાં દઢતા હોવાથી સુસમાહિતાત્મા છે **सुत्तत्थं** = સૂત્રાર્થને યથાર્થ રૂપથી **वियाणइ** = જાણે છે.

**ભાવાર્થ :–** જે સૂત્ર તથા તેના રહસ્ય જાણીને હાથ, પગ, વાણી અને ઇન્દ્રિયોનો યથાર્થ સંયમ રાખે છે, જે અધ્યાત્મ રસમાં જ મસ્ત રહે છે અને પોતાના આત્માને શ્રેષ્ઠ સમાધિ ભાવોમાં રાખે; તે શ્રેષ્ઠ સાધુ છે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથામાં મુનિ માટે હાથ–પગ વગેરે સર્વ શરીર સાધનોને(અંગોપાંગોને) યત્નાપૂર્વક રાખવાની પ્રેરણા કરી, શ્રેષ્ઠ શિષ્ટાચાર શીખવ્યો છે અને તેમ કરનાર શ્રમણોને શ્રેષ્ઠ સાધુ કહ્યા છે.

ચોથા અધ્યયનમાં ચાલવું, ઊભા રહેવું, બેસવું, સૂવું, ખાવું અને બોલવું આ છ એ પ્રવૃત્તિને સાવધાનીથી, જયણાથી કરવાનું વિધાન છે, તે સંપૂર્ણ કાય પ્રવૃત્તિ પ્રધાન જયણા વિધાન છે અને અહીં શરીરાવયવ રૂપ સાધનને યતનાપૂર્વક પ્રવર્તાવવાનું વિધાન છે.

**संजए :–** સં+યત = સમ્યગ્+યત્ન = પૂર્ણ જયણાએ. યોગોની પ્રવૃત્તિઓ મુનિ અત્યંત સાવધાની પૂર્વક કરે. સંયમ ગ્રહણ કરનાર મુનિને સંયત કહેવાય છે; તેને માટે આ ગાથામાં ચાર શબ્દો વડે સંપૂર્ણ શરીરાવયવોની યતના દર્શાવી છે. મુનિ તે સર્વ યતનાનું સમ્યક્ પાલન કરે, ત્યારે જ તેનું **संयत** એ નામ સાર્થક થાય છે.

**हत्थ संजए :–** ગમનાગમન, સૂવું, બેસવું, ઊભા રહેવું, પ્રવચન, વાર્તાલાપ વગેરે કોઈપણ ક્રિયા કરવાના સમયે હાથનું હલનચલન થાય છે. સાધક હાથનું આ સંચાલન પૂર્ણ વિવેકપૂર્વક, સાવધાનીપૂર્વક કરે. સાધુ ગમનાગમન કે શયન વગેરે સમયે હાથનું સ્થાનાંતર દિવસે જોઈને, રાત્રે પોંજીને કરે. પ્રવચનાદિ સમયે મુનિ હાથનું સંચાલન, વાયુકાયની હિંસા થાય કે ગુર્વાદિકની આશાતના થાય, તેમ તીવ્ર ગતિએ અવિવેકથી ન કરે.

**पायसंजए :–** હાથની જેમ પગનું સંચાલન પણ મુનિ જ્યારે જરૂર હોય ત્યારે વિવેક પૂર્વક કરે. તેમાં પણ વાયુકાયની વિરાધના તથા ત્રસ જીવોની વિરાધના ન થાય અને સામે વાળી વ્યક્તિની તેમજ ગુર્વાદિકની આશાતના ન થાય તેમ જોવા પૂંજવાનો વિવેક વગેરે સંપૂર્ણ કથન સમજી લેવું જોઈએ.

**वायसंजए :–** મુનિ બોલવારૂપ વાચિક પ્રવૃત્તિ વિવેકપૂર્વક કરે. વાયુકાયની વિરાધનાથી બચવા માટે મુનિ મુખ પર મુખવસ્ત્રિકા બાંધી જ રાખે છે, તેમ છતાં ભોજનાદિ સમયે મુખવસ્ત્રિકા બાંધેલી ન હોય ત્યારે બોલવામાં પૂર્ણ વિવેક રાખવો જોઈએ, ઉઘાડે મોઢે બોલવું નહીં. મુખવસ્ત્રિકા હોય તો પણ અનાવશ્યક

ઘણા મોટા અવાજે બોલવું નહીં, કારણ કે તેમ બોલવાથી વાયુકાયની વધારે વિરાધના થાય, સાંભળનારને કષ્ટ થાય, સાધુનો અવિવેક દેખાય; તેમજ સ્વર ભેદ થતાં ગળાની તકલીફ થઈ જાય વગેરે દોષો થાય છે. મુનિએ બોલતા સમયે ગરદન સહિત મસ્તકને કે સંપૂર્ણ શરીરને અતિ સંચાલિત કરવું નહીં, પ્રવચન સમયે પણ શરીરને વધારે હલાવવું નહીં ઇત્યાદિ વચન પ્રયોગ સમયે શરીરની પ્રવૃત્તિનો વિવેક રાખવો, તે **वायसंजए** કહેવાય છે.

**संजइदिए :–** હાથ, પગ અને વચન પ્રવૃત્તિના કથન પછી આ ઓઘિક શબ્દ દ્વારા અવશેષકાય પ્રવૃત્તિનું સૂચન છે. તેમાં આંખોના સંચાલન વગેરેનો વિવેક, કમ્મર અને ગરદન સંચાલનનો વિવેક કે આખા શરીરથી કૂદવા, નાચવા વગેરેની પ્રવૃત્તિ ન કરવા રૂપ વિવેકનું સૂચન આ શબ્દ દ્વારા સમજી લેવું જોઈએ તથા સૂત્રમાં નિષિદ્ધ દર્શનીય સ્થલ જોવા ન જવું, શબ્દ સાંભળવા ન જવું વગેરે ઇન્દ્રિય વિષયોની આસક્તિમાં સંયમ રાખવાનું કથન પણ આ શબ્દ દ્વારા સમજી લેવું જોઈએ.

આ રીતે ગાથાના પૂર્વાર્દ્ધમાં મુનિના **સંયત** નામની પૂર્ણ સાર્થકતાના ગુણોનો નિર્દેશ છે કે મુનિ હસ્ત સંયત હોય, **પાદ** સંયત હોય, વાક્ સંયત હોય અને સર્વેન્દ્રિય(આખા શરીરથી) સંયત હોય; તેને શ્રેષ્ઠ સાધુ કહેવાય છે.

**अज्झप्परए :–** મુનિ આધ્યાત્મમાં, પોતાની આત્મ સાધનામાં, આત્મ સ્વરૂપને પ્રાપ્ત કરાવનાર સંયમ સાધનામાં લીન રહે, આત્મ સાધનાની મસ્તીમાં જ આનંદ માણતો રહે.

**सुसमाहियप्पा :–** સુસમાધિત = પૂર્ણ શાંત, પ્રશાંત, પ્રસન્ન. **अप्पा** = ચિત્ત. મુનિ કોઈપણ સાધનામાં લીન હોય, તેને ચિત્તની સ્વસ્થતા, મનની સમાધિ રાખવાનો પણ સફળ અભ્યાસ હોવો જોઈએ. ગમે તેવા સંયોગોમાં, કર્મોના ઉદયમાં, અનુકૂળ કે પ્રતિકૂળ ઇન્દ્રિય વિષયના સંયોગોમાં, અવનવા દશ્યોમાં, શબ્દોમાં, રસમાં કે સ્પર્શમાં મુનિ આકુળ–વ્યાકુળ થાય નહીં, તેના માટે કોઈ સંકલ્પ વિકલ્પ કરે નહીં પરંતુ તે સર્વ સંયોગોને આત્માથી ભિન્ન માનીને પોતાના આત્મભાવમાં સ્થિર થાય, સંપૂર્ણ રીતે શાંત અને પ્રશાંત રહે તેને **सुसमाहियप्पा** કહેવાય છે.

**सुत्तत्थं च वियाणइ :–** સાધુની સાધના કેટલાય ઊંચે દરજ્જે પહોંચી જાય; તેના હાથ, પગ અને શરીર બધા પૂર્ણ સંયત થઈ જાય, તે આધ્યાત્મ યોગી થઈ જાય અને તેનું ચિત્ત પણ શાંત–સમાધિસ્થ થઈ જાય, તેમ છતાં સાધકના સમસ્ત જીવનના મૂલ આધાર જે આગમ શાસ્ત્ર છે, તેનું સન્માન એના જીવનમાં ઓછું થવું જોઈએ નહીં. માટે ગાથાના અંતિમ ચરણમાં કહ્યું છે કે મોક્ષ સાધક મુનિ સૂત્ર અને તેના અર્થને જાણે; જાણતો જ રહે, વિચારતો જ રહે અર્થાત્ જીવનભર સાધુને સ્વાધ્યાય અને તેની અનુપ્રેક્ષા રૂપ ધ્યાન વગેરે કરવાનું આવશ્યક કર્તવ્ય હોય છે. ગૌતમ સ્વામી જેવા સર્વોચ્ચ સાધક પણ આગમ સ્વાધ્યાય કર્યા પછી જ તપશ્ચર્યાના પારણે ગોચરી લેવા જાય; તેવા શાસ્ત્ર વર્ણન સાધુને સૂત્રાર્થ જાણવાની અને ફેરવવાની પ્રબળ પ્રેરણા દાયક છે.

સર્વ સાધનાનો આધાર આગમજ્ઞાન છે. સૂત્ર અને અર્થના જ્ઞાનથી જ સાધુ સંયમ જીવનના આચાર

વિચારને શીખે છે, આગમજ્ઞાનથી જ સંયમી જીવનમાં પરિપક્વતા, દઢતા અને સ્થિરતા આવે છે. તેથી સાધક ગમે તે ગુણની આરાધના કરે, પરંતુ તેના જીવનમાં આગમની વાંચના, પૃચ્છના, પરિયટ્ટણા, અનુપ્રેક્ષણારૂપ સ્વાધ્યાય અત્યંત આવશ્યક છે. સાધુ સમાચારીમાં સ્વાધ્યાયનું અનોખું સ્થાન છે. તેથી જ સૂત્રકારે અન્ય અનેક ગુણોનું કથન કર્યા પછી પુનઃ **सुत्तत्थं च वियाणइ** શબ્દનો પ્રયોગ કર્યો છે.

## અમૂર્છા પ્રધાન ગુણોથી સમૃદ્ધ શ્રેષ્ઠ સાધુ :-

**૧૬** **उवहिम्मि अमुच्छिए अगिद्धे, अण्णायउंछं पुलणिप्पुलाए ।**
**कयविक्कयसण्णिहिओ विरए, सव्वसंगावगए य जे स भिक्खू ॥**

**છાયાનુવાદ :** **उपधौ अमूर्च्छितः अगृद्धः, अज्ञातोञ्छं पुलोनिष्पुलाकः ।**
**कयविक्रयसंनिधितो विरतः, सर्वसङ्गापगतश्च यः स भिक्षुः ॥**

**શબ્દાર્થ :– उवहिम्मि** = પોતાની ઉપધિમાં **अमुच्छिए** = અમૂર્ચ્છિત **अगिद्धे** = આસક્તિ રહિત **अण्णायउंछं** = અજ્ઞાત કુળમાંથી અલ્પ ઉપકરણ લેનાર **पुलणिप्पुलाए** = સામાન્યથી સામાન્ય ઉપકરણ રાખનાર, ચારિત્રને અસાર કરનારા દોષોથી રહિત **कयविक्कयसण्णिहिओ** = ક્રય વિક્રય અને સંગ્રહથી **विरए** = વિરક્ત રહે છે **सव्वसंगावगए** = સર્વ પ્રકારના સંગથી મુક્ત હોય છે.

**ભાવાર્થ :–** જે સંયમના ઉપકરણોમાં અને ભોજન વગેરેમાં મૂર્ચ્છા અને આસક્તિ રાખે નહીં, અજ્ઞાત ઘરોમાંથી પરિમિત ઉપકરણ ગ્રહણ કરીને સંયમ જીવનનો નિર્વાહ કરે, ચારિત્રમાં ક્ષતિ થાય તેવા દોષોથી દૂર રહે, ક્રય–વિક્રય અને સંગ્રહ વગેરે અસંયમમય વ્યાપારોથી વિરત બની સર્વ પ્રકારની આસક્તિના બંધનથી રહિત થાય; તે શ્રેષ્ઠ સાધુ છે.

**૧૭** **अलोल भिक्खू ण रसेसु गिज्झे, उंछं चरे जीवियं णाभिकंखे ।**
**इड्ढिं च सक्कारण पूयणं च, चए ठियप्पा अणिहे जे स भिक्खू ॥**

**છાયાનુવાદ :** **अलोलभिक्षुर्न रसेषु गृद्धः, उञ्छं चरेत् जीवितं नाभिकांक्षेत् ।**
**ऋद्धिं च सत्कारणं पूजनं च, त्यजति स्थितात्मा अस्नेहः यः स भिक्षुः ॥**

**શબ્દાર્થ :– अलोल** = લોલુપતા રહિત છે **रसेसु** = રસમાં **ण गिज्झे** = ગૃદ્ધ નથી **उंछं चरे** = અનેક ઘરોમાં થોડા થોડા આહાર માટે જાય છે, સામાન્ય–તુચ્છ આહાર ગ્રહણ કરે છે **जीवियं** = અસંયમ જીવનને **णाभिकंखे** = ઇચ્છતો નથી **ठियप्पा** = જ્ઞાનાદિના વિષયમાં પોતાના આત્માને સ્થિત રાખે છે **अणिहे** = સ્નેહથી રહિત છે, રાગભાવથી રહિત છે **इड्ढिं** = ભૌતિક સમૃદ્ધિ, ઠાઠમાઠ **सक्कारण** = સત્કારને **पूयणं** = પૂજાને **चए** = છોડે છે.

**ભાવાર્થ :–** જે મુનિ લોલુપતાથી રહિત છે, રસોમાં ગૃદ્ધ નથી, અનેક ઘરોમાંથી થોડી થોડી ભિક્ષા લેતા ગોચરી કરે છે અથવા સામાન્ય આહાર ગ્રહણ કરે છે, પરંતુ અસંયમી જીવનની આકાંક્ષા ક્યારે ય કરતાં નથી; ઠાઠમાઠ, ઋદ્ધિ, સત્કાર–સન્માન અને પૂજા પ્રતિષ્ઠાનો ત્યાગ કરે અર્થાત્ તેની આકાંક્ષા કરે નહીં પોતાના આત્મભાવમાં સંયમમાં સ્થિર રહે છે. તે સિવાય કોઈ પણ પદાર્થમાં સ્નેહ–રાગભાવ કરે નહિ; તે શ્રેષ્ઠ સાધુ છે.

## વિવેચન :–

પ્રસ્તુત બે ગાથાઓમાં ઉપકરણ, આહાર અને યશ–કીર્તિમાં અનાસક્ત રહેનાર મુનિને શ્રેષ્ઠ સાધુ દર્શાવતાં તેની બાહ્ય અને આભ્યંતર બંને પ્રકારની અપરિગ્રહિતાની પુષ્ટી કરી છે.

ગાથા ૧૬માં ઉપકરણ સંબંધી અનાસક્તિનું નિરૂપણ છે અને ગાથા ૧૭માં આહાર વગેરે સંબંધી નિરૂપણ છે.

**उवहिम्मि अमुच्छिए अगिद्धे :–** સંયમ અને શરીરના નિર્વાહ માટે મુનિ શાસ્ત્રાજ્ઞા અનુસાર અને ગચ્છની પરંપરાનુસાર ઉપકરણ ગ્રહણ કરે અને તેને ધારણ કરે. તેનાથી અતિરિક્ત કોઈપણ વસ્તુ સાધુને ઈચ્છા થવા માત્રથી કે દાતાના આગ્રહ માત્રથી લેવી કે રાખવી યોગ્ય નથી. શાસ્ત્રાજ્ઞા યા ગુરુ આજ્ઞા વિનાની વસ્તુ લેવી અને રાખવી તે ઉપકરણ સંબંધી મૂર્છા કહેવાય છે. તે ઉપરાંત આજ્ઞાથી લેવાતાં ઉપકરણોમાં મૂર્છાના ભાવો ન થઈ જાય તે માટે ગાથાના બીજા ચરણમાં બે વિશેષણ આપ્યા છે કે–

(૧) મુનિ ઉપકરણની ગવેષણા પણ, તેના માટે પૂર્વ તૈયારી ન હોય તેવા ઘરોથી કરે અને એક જ ઘરેથી સર્વ આવશ્યક ઉપકરણ ન લેતા જુદા જુદા ઘરેથી લે, તે **अण्णाय उंछं** નો આશય છે.

(૨) જે ઉપકરણો મુનિને ગ્રહણ કરવા છે, તેમાં સારા, કિંમતી, આકર્ષક વગેરે કોઈપણ પ્રકારના ઉપકરણ દાતા આપે તો પણ ન લે પંરતુ મુનિ સામાન્યથી સામાન્ય કે જેનાથી સંયમ અને શરીરનો ઉદ્દેશ્ય પૂર્ણ થઈ જાય, તેવા ઉપકરણ લે; ત્યાં મનની ઈચ્છાને મુખ્યતા ન આપે; આ **पुलणिपुल्लाए** નો આશય છે. **પુલ** નો અર્થ છે નિસ્સાર અને **पुलणिप्पुल** નો અર્થ છે નિસ્સારથી નિસ્સાર, હલકાથી હલકો, સામાન્યથી સામાન્ય.

આ પ્રમાણે આગમ આજ્ઞાનો વિવેક રાખનાર શ્રમણ ઉપકરણ સંબંધમાં અમૂર્ચ્છિત, અગૃદ્ધ કહેવાય છે. મૂર્ચ્છા, ગૃદ્ધિ એકાર્થક જેવા દેખાતા શબ્દોમાં અર્થ ભિન્નતા પણ હોય છે. આગમમાં આ પ્રકારના ચાર ચાર શબ્દોનો એકીસાથે પ્રયોગ મળે છે– **मुच्छिए, गिद्धे, गढिए, अज्जोववण्णे.** તેના અર્થ માટે જુઓ *[ સ્થાનાંગ સૂત્ર– ૪/૩/૪૯ ]*

**कय विक्कय सण्णिहिओ विरए :–** પદાર્થો–ઉપકરણોની ક્રય–વિક્રય કે સંગ્રહ કરવાની પ્રવૃત્તિ આસક્તિ કે ગૃદ્ધિના કારણોમાં નિમિત્તભૂત થાય છે. માટે ગાથાના ઉત્તરાર્ધમાં ખરીદવાની પ્રવૃત્તિ ન કરનાર, સંગ્રહ વૃત્તિ ન કરનાર અર્થાત્ તે સર્વ પ્રવૃત્તિઓથી વિરત રહેનારને શ્રેષ્ઠ શ્રમણ કહ્યા છે.

પ્રશ્નવ્યાકરણ વગેરે અનેક શાસ્ત્રો(ઉત્તરાધ્યયન, દશવૈકાલિક, આચારાંગ, સૂયગડાંગ, ભગવતી આદિ શાસ્ત્રો)માં સાધુને ક્રય– વિક્રય અને સંગ્રહ પ્રવૃત્તિનો સ્પષ્ટ નિષેધ કરવામાં આવ્યો છે. સંગ્રહ વૃત્તિ આ આસક્તિનું નિમિત્ત કારણ છે છતાં ય તેના કરતાં તે આસક્તિનું ખાસ પરિણામ પણ છે. કોઈ પણ વસ્તુ ઉપર જ્યારે આસક્તિ વધે ત્યારે "આ વસ્તુ ક્યારે, ક્યાં મળશે" એવા અધ્યવસાયોથી તે વસ્તુનો સંગ્રહ કરવાના ભાવ જાગૃત થાય છે.

**सव्वसंगावगए :–** ગાથામાં દર્શાવેલ સમસ્ત વિષયના પદ દ્વારા ઉપસંહાર રૂપ કથન છે કે જે મુનિ આ રીતે ઉપરોક્ત (ગાથાના ત્રણ ચરણમાં ઉક્ત) સર્વ વિવેક રાખીને સમસ્ત સંગો = આસક્તિઓ, પરિગ્રહો કે કર્મબંધોથી દૂર રહે છે; તે શ્રેષ્ઠ સાધુ છે. આ રીતે ઉપકરણ સંબંધી મૂર્ચ્છાનો અને તેના સંબંધી ક્રય–વિક્રય કે સંગ્રહ વૃત્તિનો ત્યાગ કરે.

**अलोल भिक्खू ण रसेसु गिज्झे उंछं चरे... :–** સોળમી ગાથામાં **उंछं** પદ ઉપકરણ માટે છે અને સત્તરમી ગાથામાં આ શબ્દપ્રયોગ આહાર માટે છે. આહારની અનાસક્તિ વગેરે વિષયનું વિશ્લેષણ અધ્ય. ૮, ગાથા–૨૩ અને અધ્ય. ૯/૩/૪માં છે. **रसेसु** શબ્દ બહુવચન પ્રયોગ હોવાથી અન્ય શબ્દ, રૂપ વગેરેની આસક્તિનો નિષેધ પણ અહીં સમજી લેવો જોઈએ.

**जीवियं णाभिकंखे :–** જીવનની આકાંક્ષા તો દરેક પ્રાણીને હોય જ છે પરંતુ અહીં તેનો નિષેધ અસંયમ જીવન કે દોષયુક્ત સંયમ જીવનની અપેક્ષાએ છે અર્થાત્ શ્રેષ્ઠ શ્રમણ ક્યારે ય સંયમ જીવનમાં દોષ લગાડીને જીવવા ઈચ્છે નહીં. **અન્ય અપેક્ષાએ–** જીવનનો આધાર આહાર છે, તેથી તેને પણ જીવન કહેવાય છે; તે અપેક્ષાએ અર્થ થાય છે કે– **उंछं चरे जीवियं णाभिकंखे** = મુનિ **उंछं** = તુચ્છ–સામાન્ય આહાર કરે પરંતુ સદોષ આહારની ઈચ્છા ક્યારે ય કરે નહીં.

**इड्ढिं च सक्कारण पूयणं च चए :–** શુદ્ધ સંયમનું પાલન કરતાં જો સાધુનું માન–સન્માન, લોકોનું આવાગમન અને પૂજા પ્રતિષ્ઠા વધે તો સાધુ તેની ક્યારે ય ચાહના ન કરે અને મનમાં તેની ખુશી પણ ન કરે કે– **મારો આટલો બધો પ્રભાવ છે કે આવી મારી ઋદ્ધિ છે.** સૂયગડાંગ સૂત્રમાં સાધુને આ વિષયમાં સાવધાન કરતાં શિક્ષા આપી છે. તે ગાથા આ પ્રમાણે છે–

**महया पलिगोव**(કીચડ) **जाणिया, जावि य वंदण पूयणा इहं ।**
**सुहुमे सल्ले दुरुद्धरे, विउमंता पयहेज्ज संथवं ॥**

**અર્થ–** હે વિદ્વાન મુનિ ! આ લોકમાં જે કંઈ વંદના, પૂજા થાય છે તેને તું મહાન કીચડ સમજીને ચાલજે. કારણ કે આ પૂજા પ્રતિષ્ઠા, માન સન્માન વગેરે અત્યંત સૂક્ષ્મ(તીક્ષ્ણ) કાંટા છે અને તેનો નિકાલ કરવો પણ બહુજ મુશ્કેલ છે. માટે ધ્યાન રાખજે કે એ સૂક્ષ્મ શલ્ય ક્યાં ય ખૂંચી જાય નહીં.

જો સંયમ પાલન કરતાં ઋદ્ધિ = ઠાઠમાઠ, સત્કાર = માન–સન્માન, પૂજા = પ્રતિષ્ઠા, આદેય વચન વગેરે ન મળે તો મુનિ તેની ચાહના ન કરે, મનથી તેને છોડી દે.

**ठियप्पा :–** આત્મામાં સ્થિત રહેવાનો મતલબ છે– આત્મ ભાવમાં, સંયમ ભાવમાં, જ્ઞાન દર્શન

ચારિત્ર તપ રૂપ જિનોપદિષ્ટ સંપૂર્ણ સંયમ યાત્રામાં સ્થિર રહેવું. તેવા ગુણયુક્ત શ્રમણને **સ્થિતાત્મા** કહે છે.

**अणिहे :–** આ શબ્દ અહીં સાધુનું વિશેષણ છે, આચારાંગ સૂત્ર પ્રથમ શ્રુતસ્કંધમાં પણ આ શબ્દ સાધુના વિશેષણ રૂપે પ્રયુક્ત છે. આ શબ્દનો અર્થ છે– મુનિ કોઈપણ બાહ્ય ભાવમાં કે બાહ્ય સંયોગોમાં સ્નેહ કે આસક્તિ પરિણામ કરે નહીં. આ પહેલાં આઠમી ગાથામાં આહાર સાથે **णो णिहे** શબ્દ પ્રયોગ છે, ત્યાં તે આહારના સંગ્રહ અર્થમાં પ્રયુક્ત છે અને અહીં **णो णिहे** થી આ **अणिहे** શબ્દ ભિન્ન છે. તેનો પ્રાસંગિક અર્થ **સ્નેહ ન કરે** તે પ્રમાણે થાય છે. આ રીતે આહારાદિની લોલુપતા કે માન–સન્માનની ઈચ્છા ન રાખનાર અને સર્વ પ્રકારના સ્નેહ ભાવોનો ત્યાગ કરનાર મુનિ શ્રેષ્ઠ સાધુ કહેવાય છે.

**अलोल भिक्खू** = જે અપ્રાપ્ત રસ આદિની ઈચ્છા–લાલસા કરતા નથી તે **અલોલ** કહેવાય છે અને પ્રાપ્ત સરસ પદાર્થોમાં મજા માણવી તે **ગૃદ્ધિ** કહેવાય છે. પદાર્થોની પ્રાપ્તિ પહેલાં કે પદાર્થોના ત્યાગ કર્યા પછી પણ જેના અંતરના ઊંડાણમાં તે પદાર્થોની લાલસા અભિલાષા હોય તે લોલુપતા કહેવાય છે. લોલુપતાનો ત્યાગ જ વાસ્તવિક ત્યાગ છે. માટે મુનિ સર્વ પ્રકારની અર્થાત્ આહાર કે ઉપકરણો સંબંધી લોલુપતાનો ત્યાગ કરે છે.

## આત્મોત્કર્ષ અને જાત્યાદિ મદત્યાગી શ્રેષ્ઠ સાધુ :–

**१८** **ण परं वइज्जासि अयं कुसीले, जेणं च कुप्पिज्ज ण तं वइज्जा ।
जाणिय पत्तेयं पुण्णपावं, अत्ताणं ण समुक्कसे जे स भिक्खू ॥**

**છાયાનુવાદ :** **न परं वदेद् अयं कुशीलः, येनान्यः कुप्येत् न तद् वदेत् ।
ज्ञात्वा प्रत्येकं पुण्यपापं, आत्मानं न समुत्कर्षति यः स भिक्षुः ॥**

**શબ્દાર્થ :– परं** = બીજાને **अयं** = આ **कुसीले** = દુશ્ચરિત્રી છે, કુશીલ–શિથિલાચારી છે **ण वइज्जा** = એમ કહે નહિ **जेणं च(जेणण्णो)** = અને જેનાથી, જેનાથી અન્યને **कुप्पिज्ज** = ક્રોધ થાય **तं** = તેવા વચનને **ण वइज्जा** = બોલે નહિ **पुण्णपावं** = જે પુણ્ય અને પાપ **पत्तेयं** = પ્રત્યેક જીવ **जाणिय** = એમ જાણીને **अप्पाणं** = પોતાના આત્માને **ण समुक्कसे** = ગર્વથી પ્રશંસા ન કરે.

**ભાવાર્થ :–** પ્રત્યેક જીવના પુણ્ય અને પાપ પૃથક્–પૃથક્ છે અર્થાત્ કર્મોના ઉદય વિચિત્ર છે, તેમ જાણીને સાધુ બીજાને "આ કુશીલ–શિથિલાચારી છે" તેમ ન કહે, તેમજ જેનાથી અન્યને ક્રોધ થાય તેવા વાક્ય પણ ન બોલે, પોતાનો ઉત્કર્ષ ન કરે, અતિશય બડાઈ ન કરે; તે શ્રેષ્ઠ સાધુ છે.

**१९** **ण जाइमत्ते ण य रूवमत्ते, ण लाभमत्ते ण सुएण मत्ते ।
मयाणि सव्वाणि विवज्जइत्ता, धम्मज्झाणरए जे स भिक्खू ॥**

**છાયાનુવાદ : न जातिमत्तो न च रूपमत्तः, न लाभमत्तो न श्रुतेन मत्तः ।**
**मदान् सर्वान् विवर्ज्य, धर्मध्यानरतो यः स भिक्षुः ॥**

**શબ્દાર્થ :– ण जाइमत्ते** = જાતિનો મદ કરે નહિ **ण य रूवमत्ते** = રૂપનો મદ કરે નહિ **ण सुए ण मत्ते** = શ્રુતનો મદ કરે નહિ **सव्वाणि** = સર્વ પ્રકારના **मयाणि** = મદોને, અહંકારોને **विवज्जइत्ता** = છોડી દઈને **धम्मज्झाणरए** = ધર્મધ્યાનમાં રત રહે છે.

**ભાવાર્થ :–** જે જાતિ, રૂપ, લાભ, જ્ઞાન આદિનો મદ કરે નહિ, સર્વ પ્રકારના મદોને છોડી ધર્મ ધ્યાનમાં લીન રહે છે; તે શ્રેષ્ઠ સાધુ છે.

## વિવેચન :–

આ અધ્યયનની ૧ થી ૧૭ સુધીની ગાથાઓમાં શ્રેષ્ઠ સાધુના એક એકથી ચઢિયાતા ગુણોનું પ્રેરણાત્મક કથન છે. જ્યારે પ્રસ્તુત ગાથાઓમાં તેને શ્રેષ્ઠ સાધુ કહેવા સાથે ટકોર કરવા રૂપે નિરૂપણ છે. તેનો ઉદ્દેશ્ય એ છે કે સાધક જ્યારે સાધના દ્વારા અનેક આદર્શ ગુણોની આરાધનામાં સફળ થઈ જાય, તો પણ સર્વ સાધનાની ટોચે પહોંચેલા તે સાધકમાં ક્યારે ય સ્વની પ્રશંસા અને પરની અપકર્ષતા(હીનતા) અર્થાત્ આપસ્થાપના અને પરઉત્થાપના કરવાની વૃત્તિ જાગે નહીં અને તે સર્વોચ્ચ ગુણિયલ સાધક દ્વારા જાણે–અજાણે પણ આવી પ્રવૃત્તિ થઈ ન જાય, તે સમજાવવા માટે શાસ્ત્રકારે અહીં ભિન્ન ક્રમ સ્વીકાર્યો છે, અર્થાત્ અઢારમી ગાથામાં પરાપકર્ષનું નિષેધ કરતું સૂચન કે માર્ગદર્શન આપી, પછી ઓગણીસમી ગાથામાં સ્વોત્કર્ષના નિષેધ માટે જાતિ આદિ સર્વ પ્રકારના મદ નહીં કરવાનું સૂચન કર્યું છે.

માન કષાયની પ્રબળતા બે પ્રકારે પ્રગટ થાય છે. આત્મોત્કર્ષ–આત્મપ્રશંસા અને પરનિંદા. અભિમાનના નિમિત્તભૂત જાતિ આદિ આઠ પ્રકારની ઉત્તમતા પ્રાપ્ત થતાં અભિમાન ઉત્પન્ન થાય અને અભિમાનના કારણે સાધક આત્મપ્રશંસા કરે અને આત્મપ્રશંસાની સાથે તેનામાં પરનિંદાનો ભાવ સહજ રીતે આવી જાય. પરનિંદાના ભાવથી તે અન્યને 'આ કુશીલ છે.' તેવા અપ્રિય કે પીડાકારી વચનો પણ કહે; આ રીતે સાધકમાં બંને દોષોનું સર્જન થાય છે. માટે જે સાધક આત્મપ્રશંસા અને પરનિંદા રૂપ બંને પ્રકારે માન કષાયનો ત્યાગ કરે તે જ સંયમ જીવનની શ્રેષ્ઠતાને પામી શકે છે.

**ण परं वइज्जासि अयं कुसीले :–** પૂર્વ ગાથાના અંતમાં **अणिहे** શબ્દથી સ્નેહ–રાગભાવ કરવાનો નિષેધ છે. તે અનુલક્ષીને અહીં, સાધક દ્વેષ પરિણામોમાં ન ચાલ્યો જાય, તેવી ટકોર કરી છે.

જ્યારે સાધકમાં શ્રેષ્ઠ ગુણોની વૃદ્ધિ થાય અને તેનું સુપરિણમન થાય તો જગતના સર્વ જીવો પ્રત્યે સમભાવ, તટસ્થભાવ, વિવેકભાવ અને અનુકંપા ભાવ જાગૃત થાય છે તથા જગતના પાપી, ધર્મી કે અધર્મી(કુધર્મી) સર્વ વ્યક્તિ માટે પરમ ઉદાર ભાવો ઉત્પન્ન થાય છે. તે મહાન આત્માનો સ્વભાવ અને વ્યવહાર વીતરાગ તુલ્ય થઈ જાય છે. પરંતુ જ્યારે સાધકમાં શ્રેષ્ઠ ગુણોની વૃદ્ધિ સાથે સ્વરમણતાની જગ્યાએ પર દષ્ટિ મુખ્ય થઈ જાય ત્યારે તે અન્ય પ્રાણીઓના દૂષણોને અને પોતાના સદ્ગુણોને પચાવી શકે નહીં.

તેથી ગંભીરતાની જગ્યાએ તોછડાપણું નિષ્પન્ન થાય છે. તેથી બીજા માટે લઘુતા સૂચક **કુશીલિયા** કે **શિથિલાચારી** જેવા શબ્દો તેમજ બીજાને ક્રોધ ઉત્પન્ન થાય એવા અવિવેક કે આક્ષેપ યુક્ત શબ્દો તેના મુખમાંથી નીકળી જાય છે.

ક્યારેક કર્મોના ઉદયે કોઈક સાધુ શિથિલાચારનું સેવન કરે અને અન્ય સાધુને તે સ્પષ્ટ જણાય તેમ છતાં સાધુ તેને શિથિલાચારી કહે નહીં, આ શાસ્ત્રાજ્ઞા છે. આ પ્રકારનો ભાષાપ્રયોગ પરપીડાકારી છે તેમ જ તે બોલનાર સાધુની જ બહિર્વૃત્તિનું પરિણામ છે. તથા પ્રભુ આજ્ઞાનું ઉલ્લંઘન છે. પરનિંદા અને આત્મશ્લાઘા તે મહાદોષ છે. તેનાથી નીચગોત્ર, અશાતા વેદનીય, અનાદેય નામ કર્મ વગેરે પાપકર્મનો બંધ થાય છે; ભવભ્રમણ વધી જાય છે. તેથી મુનિએ તે દોષોથી દૂર રહેવું જોઈએ.

સાધકના અંતરમાં જ્યારે ઉપરોક્ત માનસંજ્ઞાની સ્થિતિ ઉત્પન્ન થાય ત્યારે તે તેનું નિવારણ કરી કર્મ બંધથી અને આત્મ અવનતિથી બચી શકે તે માટે શાસ્ત્રકારે ગાથાના ઉત્તરાર્ધમાં ઉપાય પણ દર્શાવ્યો છે.

**जाणिय पत्तेयं पुण्ण पावं :–** સાધકના મનમાં જ્યારે કોઈના પ્રત્યે વિષમ ભાવ જાગે ત્યારે જ તેણે પ્રત્યેક જીવોના કર્મની વિચિત્રતાનો વિચાર કરીને પરદોષ પ્રત્યે ઉપેક્ષા ભાવ કેળવવો જોઈએ. ૧૭ પ્રકારના સંયમમાં પણ **ઉપેક્ષા સંયમ** નું કથન છે. આ વિષયમાં શાસ્ત્રકાર આત્મચિંતન રૂપ સરલ માર્ગદર્શન આપે છે કે– દરેક વ્યક્તિના પુણ્ય કર્મ, પાપ કર્મ ભિન્ન ભિન્ન હોય છે; કર્મોના ઉદય અનુસાર જીવનમાં વિવિધ પરિસ્થિતિઓનું સર્જન થાય છે. ચારિત્ર મોહનીયકર્મના ક્ષયોપશમ અને ઉદય પણ ભિન્ન ભિન્ન હોય છે. તેથી કોઈના પ્રત્યે વિષમ ભાવો કરવા યોગ્ય નથી. તીર્થંકરોના સમયમાં પણ ગોશાલક, જમાલી જેવા અને અન્ય પણ ચારે ય ગતિમાં ભ્રમણ કરનારા જીવો હોય છે; તેઓ પોતપોતાના કર્મ ઉદય પ્રમાણે વર્તે છે. શ્રમણ નિર્ગ્રંથોની અપેક્ષાએ પણ લોકમાં સદા સંયમના મૂળગુણમાં કે ઉત્તરગુણમાં દોષ સેવન કરનારા સાધક અનેક સો કરોડ શાશ્વત હોય જ છે. માટે મારે ભાવ, ભાષા કે વ્યવહાર કોઈ પ્રત્યે અશુદ્ધ કરી, સ્વપરના કર્મબંધકારક કામ કરવા નથી; એ જ મારી સમભાવની સાધનાનો સાચો માર્ગ છે. આ રીતે ચિંતન કરી, સાધક પોતાના, પરદોષ દષ્ટિથી ઉત્પન્ન થતા ભાવોનું પરિવર્તન કરીને સમભાવમાં સ્થિર થવાનો પ્રયત્ન કરે. પર નિંદાના, પર તિરસ્કારના ભાવોને નિષ્ફળ કરે.

**ण जाइ मत्ते...स भिक्खु :–** અઢારમી ગાથાના અંતે આત્મોત્કર્ષ ન કરવાનો એટલે પોતે પોતાની બડાઈ ન હાંકવાનો ઉપદેશ છે તેમજ આ ઓગણીસમી ગાથાના અંતે ધર્મધ્યાનમાં, આત્મ સાધનામાં લીન, તલ્લીન રહેવાનો ઉપદેશ છે. તે બંને ઉપદેશ વાક્યોનો સાર એ છે કે પોતાનું માન અને બીજાનું અસન્માન બંને દષ્ટિ છોડી, પર દોષ પ્રતિ **ઉપેક્ષા સંયમ** કરીને માત્ર પોતાના કલ્યાણ માટે ધર્મધ્યાનમાં લીન થઈ જવું જોઈએ. તેમ કરનાર શ્રમણ આ જગતમાં શ્રેષ્ઠ સાધુ કહેવા યોગ્ય થાય છે.

**मयाणि सव्वाणि विवज्जइत्ता :–** આવશ્યક સૂત્ર વગેરે શાસ્ત્રોમાં મદના આઠ પ્રકાર કહ્યા છે. તેમાંથી અહીં ચાર મદનાં નામ છે, શેષ માટે સંક્ષિપ્ત પાઠ દ્વારા સર્વ પ્રકારના મદ(અહંભાવ) ન કરવાનું સૂચન છે. સાધુ આત્મપ્રશંસા અને પરનિંદાના નિમિત્તભૂત જાતિમદ, કુલમદ આદિ સર્વ પ્રકારના મદનો

ત્યાગ કરે. લબ્ધિ, સંપત્તિ કે ગુણોને પામીને તેનો મદ કરવાથી ભવિષ્યમાં તે ભાવો પ્રાપ્ત થતા નથી. અભિમાની વ્યક્તિનો વિકાસ રુંધાઈ જાય છે સાથે જ તેના સંગ્રહિત કરેલા ગુણો પણ ધીરે ધીરે અવગુણોમાં બદલાઈ જાય છે. આ રીતે **મદ**ને આત્મપતનનું કારણ જાણી સાધુ તે સર્વ પ્રકારના મદનો ત્યાગ કરે, નમ્રભાવ કેળવી ધર્મધ્યાનમાં તલ્લીન રહે.

## સ્વ–પર તારક શ્રેષ્ઠ સાધુ :–

**૨૦** **पवेयए अज्जपयं महामुणी, धम्मे ठिओ ठावयइ परं पि ।**
**णिक्खम्म वज्जेज्ज कुसीललिंगं, ण यावि हासं कुहए जे स भिक्खू ॥**

**છાયાનુવાદ : प्रवेदयेत् आर्यपदं महामुनिः, धर्मे स्थितः स्थापयति परमपि ।**
**निष्क्रम्य वर्जयेत् कुशीललिङ्गं, न चापि हास्यं कुहको यः स भिक्षुः ॥**

**શબ્દાર્થ :– महामुणी** = મહામુનિ **अज्जपयं** = જિનવચન, આર્ય પદ, શુદ્ધ ઉપદેશ, ધર્મોપદેશ **पवेयए** = પ્રરૂપણા કરે છે, કહે છે **धम्मे** = સ્વયં ધર્મમાં **ठिओ** = સ્થિત થઈને **परं पि** = બીજાને પણ **ठावयइ** = સ્થાપિત કરે છે, જોડે છે, સ્થિર કરે છે **णिक्खम्म** = નિષ્ક્રમણ કરીને, સંયમ ગ્રહણ કરીને, સંસારથી નીકળીને **कुसीललिंगं** = શિથિલાચાર **वज्जिज्ज** = છોડી દે છે **हासं** = હાસ્યને કરનારી **कुहए** = કુચેષ્ટાઓ **ण** = કરતો નથી.

**ભાવાર્થ :–** જે મહામુનિ જિનેશ્વર ભાષિત તત્ત્વોની પ્રરૂપણા કરે છે અર્થાત્ સદ્ધર્મનો ઉપદેશ આપે છે; પોતે ધર્મમાં સ્થિર રહીને બીજાને પણ સ્થિર કરે છે; સંયમ ગ્રહણ કરીને ક્યારે ય શિથિલાચારનું સેવન કરે નહીં અને હાંસી મજાક ઉત્પન્ન કરનારી કુચેષ્ટા પણ કરે નહીં; તે શ્રેષ્ઠ સાધુ છે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથામાં શ્રમણોને જિનશાસનની પ્રભાવના માટે અર્થાત્ લોકોને ધર્મમાં જોડવા માટે ધર્મોપદેશ દેવાનો ભાર સોંપવામાં આવ્યો છે. તેમજ પોતાની સંયમ સાધનાના નાના કે મોટા સર્વ નિયમોને અચૂક પાળવાનો સંદેશ પણ સૂચિત કર્યો છે.

ગાથા ૧૮–૧૯માં પરદષ્ટિથી ઉપર ઊઠી, આત્મરમણ કરતાં જગત્જીવો પ્રત્યે ઉદાસીન થઈ, વીતરાગ દશા સન્મુખ થવાની પ્રેરણા છે, જ્યારે આ ગાથામાં પર કલ્યાણ માટે પરોપદેશના વિચાર અને લક્ષ્ય રાખવાની પ્રેરણા છે. આ બંને આદેશ સાપેક્ષ છે. સાધક સંયમ સાધનામાં જેમ જેમ દઢ થતો જાય, તેમ તેમ જગજ્જીવો પ્રતિ તેનો કરુણાભાવ વિકસિત થાય છે. તેથી સર્વ જીવોને ધર્મ માર્ગમાં સ્થિર કરવા તે સહજ રીતે ઉપદેશ આપે છે. ધર્મોપદેશ આપવો અને શાસન પ્રભાવના કરવી તે સાધુ જીવનનું એક મુખ્ય અંગ છે. તેના દ્વારા મુનિને કર્મોની નિર્જરા થાય છે.

શાસન પ્રભાવના કરતા સાધક સર્વથા બહિર્મુખી બની જાય તો તેનામાં અનેક દૂષણો પ્રવેશ કરી જાય છે. તેથી સૂત્રકારે ગાથાના ઉત્તરાર્ધમાં મુનિને સાવધાન કર્યા છે કે ઉપદેશની સાથે મુનિ સ્વાધ્યાય અનુપ્રેક્ષાથી સ્વાત્મ અનુશાસન પણ બરોબર રાખે. કોઈપણ લક્ષ્યે મુનિ સ્વયંના આચારમાં શિથિલ થાય નહીં અને આગમકારના શબ્દોમાં કુશીલ બિરુદવાળો બને નહીં. અર્થાત્ મહાવ્રત સમિતિ ગુપ્તિ વગેરેનું બરોબર સંરક્ષણ કરે, તેમજ નાના મોટા દરેક નિયમોનું પૂર્ણ પાલન કરતાં હાંસી, મજાક, વિકથા, કુચેષ્ટાઓ કે મંત્ર–તંત્ર અને ચમત્કાર વગેરેમાં પડે નહીં.

આ રીતે આ ગાથામાં શાસ્ત્રકારે જનકલ્યાણ અને સ્વ અનુશાસન તેમ બંને મુખ્ય બિંદુઓની કુશલતાપૂર્વક સૂચના કરી છે.

**कुहए :– कुहक** શબ્દ **कुह्** ધાતુથી બન્યો છે. તેનો અર્થ છે– વિસ્મય ઉત્પન્ન કરનારી ઐન્દ્રજાલિક વગેરે ચમત્કારિક પ્રવૃત્તિઓ કરવી. સંયમ સાધક મુનિ આ પ્રકારની અને હાસ્ય પ્રેરક કુતૂહલ પ્રવૃત્તિઓનો તેમજ ચેષ્ટાઓનો ત્યાગ કરે.

ઉપરોક્ત દૂષિત પ્રવૃત્તિઓનો ત્યાગ કરવાથી જ સાધુની સાધુતા ઉજ્જવળ બને છે.

## ઉપસંહાર : ગુણ સંપન્ન શ્રેષ્ઠ સાધુની મુક્તિ :–

**૨૧** **तं देहवासं असुइं असासयं, सया चए णिच्चहियट्ठियप्पा ।**
**छिंदित्तु जाईमरणस्स बंधणं, उवेइ भिक्खू अपुणागमं गइं ॥ त्ति बेमि ।**

**છાયાનુવાદ :** **तं देहवासं अशुचिं अशाश्वतं, सदा त्यजेत् नित्यहितः स्थितात्मा ।**
**छित्त्वा जाति–मरणस्य बन्धनं, उपैति भिक्षुः अपुनरागमां गतिम् ॥**
**॥ इति ब्रवीमि ॥**

**શબ્દાર્થ :– णिच्चहियट्ठियप्पा** = નિત્યહિતરૂપ સમ્યક્ દર્શનાદિમાં સુસ્થિત રહેનાર **असुइं** = અશુચિમય **असासयं** = અશાશ્વત, નશ્વર **तं** = તે **देहवासं** = દેહવાસને **सया** = હંમેશાં **चए** = છોડી દે છે **जाईमरणस्स** = જન્મ મરણના **बंधणं** = બંધનને **छिंदित्तु** = છેદન કરીને **अपुणागमं** = અપુનરાગમન નામની **गइं** = ગતિને **उवेइ** = પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :–** તે શ્રેષ્ઠ સાધુ હંમેશાં કલ્યાણ માર્ગમાં આત્માને સ્થિર રાખીને, નશ્વર અને અપવિત્ર દેહવાસને = શરીરના મમત્વને નિરંતર દૂર કરીને તથા જન્મ–મરણનાં બંધનોને સર્વથા ઉચ્છેદ કરીને, જ્યાંથી પુનઃ આગમન થતું નથી એવી સિદ્ધ ગતિને પ્રાપ્ત કરે છે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથા આ શાસ્ત્રના તથા અધ્યયનના ઉપસંહારરૂપે છે.

આ સમગ્ર શાસ્ત્રમાં સાધ્વાચારનું જ નિરૂપણ છે. તે સાધ્વાચારના પાલનનું સાધન આ માનવ દેહ છે. તેમ છતાં અનેક પ્રકારના કર્મબંધના કે સાધનાથી ચ્યુત થવાના નિમિત્તોમાં પણ દેહનો મોટો ફાળો છે. આ દ્વિવિધ લક્ષણ યુક્ત શરીરનું સાધકે માત્ર સંરક્ષણ કરવાનું છે પણ તેને પોષણ કરવાનું નથી. આ માટે ગાથાના પૂર્વાર્ધમાં આ શરીરને અશુચિમય અને અશાશ્વત કહીને સતત તેના પ્રતિ મમત્વના ત્યાગનો ઉપદેશ છે, યથા– (૧) જ્યારે આ શરીર ગંદકીનો ભંડાર છે તો એની સફાઈ માટે સંયમનો નાશ ક્યારે ય કરવો નહીં (૨) આ શરીર છૂટી જ જવાનું છે તો એને પુષ્ટ કરવા માટે પણ સંયમનો નાશ કરવો નહીં. તાત્પર્ય એ છે કે મારે શરીર માટે કંઈ પણ આશ્રવ કે કર્મબંધ કરવા નહીં. માત્ર સંયમ વિધિ અને પ્રભુ આજ્ઞાપાલન જેટલું જ એનું સંરક્ષણ નિર્મોહ ભાવે કરવાનું છે. તે પણ ધર્મ બુદ્ધિ રાખીને; અર્થાત્ જ્યાં સુધી આ શરીર તપ સંયમમાં સહયોગી થાય ત્યાં સુધી જ એનું ધ્યાન રાખવું અને જ્યારે તે સંયમમાં સહાયક ન રહે અને તેવી આશા પૂર્ણ છૂટી જાય તો સાધુએ વિવેકપૂર્વક એનું સંરક્ષણ છોડી, તપ અને અનશનથી આત્મ કલ્યાણ સાધવું જોઈએ. આ રીતે કરનાર સાધક સર્વથા કર્મક્ષય કરી, જન્મ મરણનો અંત કરી શાશ્વત સિદ્ધ અવસ્થા પ્રાપ્ત કરે છે.

**तं देहवासं असुइं असासयं... :– असुइं** = આ દેહ અશુચિ પૂર્ણ છે, અશુચિથી ઉત્પન્ન થયેલો છે. **असासयं** = આ શરીર અશાશ્વત, અનિત્ય, વિનાશશીલ તેમજ ક્ષણભંગુર છે. તે હાડકા અને સ્નાયુઓથી યુક્ત ચામડાથી ઢંકાયેલ છે. તેની અંદર આંતરડા, પેટ, યકૃત, બસ્તિ, હૃદય, ફેફસા, નાકનો મેલ, લાળ, પસીનો, લોહી, પિત્ત અને ચરબી વગેરે અશુચિમય પદાર્થો જ ભર્યા છે. આ શરીરનાં નવદ્વારોથી હંમેશાં ગંદકી નીકળતી રહે છે. જેમ કે નાકથી શ્લેષ્મ, મુખથી પિત્ત અને કફ તથા શરીરથી પરસેવો વગેરે નીકળે છે. આ રીતે આ શરીર અશુચિથી જ ઉત્પન્ન થયેલું અને અશુચિપૂર્ણ છે. આ દેહ, પાણીના પરપોટાની જેમ અધ્રુવ છે, વીજળીની ચમકની જેમ અશાશ્વત છે, ઘાસની અણી પર રહેલા જલબિન્દુની જેમ અનિત્ય છે.

દેહમાં જીવરૂપી પક્ષીનો અસ્થિરવાસ છે. અંતે તેને છોડ્યા વિના છૂટકો નથી. માટે આદર્શ ભિક્ષુ દેહવાસને અશાશ્વત અને અશુચિપૂર્ણ માનીને તેનું મમત્વ છોડી દે છે અને અંતે આજીવન અનશન દ્વારા તેનો પૂર્ણ ત્યાગ કરે છે.

**णिच्चहियठियप्पा** = સાધક દેહભાવ છોડીને આત્મભાવમાં સ્થિત થાય છે. આત્મભાવ શાશ્વત છે તેમજ સ્વભાવરૂપ છે; તેમાં જ આત્માનું હિત અને સુખ છે. તેથી સાધુ હંમેશાં પોતાના હિતરૂપ આત્મ– ભાવમાં જ સ્થિત થાય છે.

આ પ્રકારના આચરણથી તે જન્મ–મરણની પરંપરાનો અંત કરીને અંતિમ લક્ષ્ય–સિદ્ધગતિને પ્રાપ્ત કરે છે. પ્રત્યેક આચાર પાલનનું અંતિમ લક્ષ્ય આ જ છે અને તે જ સાધનાની પૂર્ણતા છે, સફળતા છે.

### –: પરમાર્થ :–

અઢાર પાપના સ્થાનનો પરિત્યાગ કરી, પ્રવ્રજ્યાનો પ્રવાસી બની, નિરવદ્ય આજીવિકા મેળવવા ભ્રમરની જેમ ભ્રમણ કરી, કોઈને આંતરિક, માનસિક, શારીરિક પીડા પહોંચાડ્યા વિના, પૃથ્વી સમી

સહનશીલતા કેળવી, માર મળે કે આહાર મળે તેમાં સમભાવ રાખી, પૂર્ણ અહિંસાદિ ધ્રુવ ધર્મનો ધર્મી બની, સદ્‌ગુણાલયમાં વાસ કરી, પુદ્‌ગલપિંડના સહયોગી સાધન દ્વારા કર્મક્ષય કરવાનો આત્માનો સત્પુરુષાર્થ પ્રવર્તાવી, હાથ–પગ વગેરેનો સંયતી બની; મન, વચનથી સુવાક્ય અને સુવિચારણાનો ચારો ચરતો રહી, કર્મના ધારાપ્રવાહને તોડવા જિનાજ્ઞા પ્રમાણે આરાધના કરતો વિચરે; તે જ સાચા અર્થમાં શ્રેષ્ઠ ભિક્ષુ છે.

**॥ અધ્યયન–૧૦ સંપૂર્ણ ॥**

# પ્રથમ ચૂલિકા

## પરિચય

★ આ ચૂલિકાનું નામ **રતિવાક્યા** છે.

★ ચૂલિકા શબ્દનો અર્થ છે– ચોટી, શિખર, અગ્રભાગ કે શિખરસ્થ વિભાગ, પર્વતનો ઉપરી ભાગ શિખર કહેવાય, માનવના મસ્તક પર કેશ સમૂહ ચોટી કહેવાય; શિખર અને ચોટી એક કે અનેક પણ હોય છે. આ રીતે અહીં દશવૈકાલિક સૂત્રના દશ અધ્યયન પછીના બે અધ્યયનને 'ચૂલિકા' કહેવાય છે. અર્થાત્ આ સૂત્રની બે ચૂલિકા છે.

★ જે રીતે શિખર પર્વતની શોભાને વધારે છે, તે જ રીતે દશવૈકાલિક સૂત્રની આ બંને ચૂલિકા તેના સંયમ સાધના રૂપ વિષયને વિશેષ સુશોભિત કરે છે.

★ જેમ શિખર, ચોટી ક્રમશઃ પર્વત અને માનવનું અભિન્ન અંગ હોય છે; તેમ સૂત્રની ચૂલિકા વિભાગ પણ તેનું જ અભિન્ન અંગ છે.

★ જેમ પર્વતના શિખર અને માનવના વાળની રચના એની સાથે પ્રારંભથી જ હોય છે તેમ ચૂલિકાની રચના પણ સૂત્રની સાથે જ હોય છે. દષ્ટિવાદ નામના બારમા અંગ સૂત્રમાં પણ તેના પાંચ વિભાગોમાં ચૂલિકા વિભાગ છે, તે તેની સાથે જ છે.

★ સંયમમાં રતિ ઉત્પન્ન કરનાર ઉપદેશક વિષયનો સંગ્રહ હોવાથી આ ચૂલિકાનું **રતિવાક્યા** નામ સાર્થક છે

★ સંયમ સ્વીકાર કર્યા પછી કોઈ અનુકૂળ કે પ્રતિકૂળ પ્રસંગોમાં સાધકને સંયમી જીવનમાં અરતિ ઉત્પન્ન થઈ જાય, સાધકનું ચિત્ત ચંચળ બની જાય, સંયમી જીવન છોડીને ગૃહવાસ સ્વીકારવાની ઇચ્છા થઈ જાય તેવી સ્થિતિમાં સાધુની ગૃહવાસની રતિને દૂર કરી સંયમી જીવન પ્રત્યે રતિ ઉત્પન્ન કરવા માટે આ ચૂલિકામાં સૂત્રકારે અઢાર સ્થાનનું વર્ણન કર્યું છે. તેનું ગંભીર ચિંતન અને મનન સાધુને સ્થિર કરી શકે છે. તેથી તેનું **રતિવાક્યા** નામ સાર્થક છે.

★ આ ચૂલિકાની રચના ગદ્ય અને પદ્ય બંને રીતે થઈ છે. તેના પ્રારંભમાં ગદ્યરૂપે સૂત્ર પાઠ છે અને ત્યાર પછી તે જ ભાવને અનુસરતી ગાથાઓ છે.

★ જેમ ઘોડાને લગામ અને હાથીને અંકુશ, જહાજને સ્થિર બનાવવામાં નિમિત્ત બને છે તેમ ચંચળ ચિત્તની સ્થિરતાના નિમિત્તભૂત અઢાર સ્થાનોનું વર્ણન આ ચૂલિકામાં છે. જેમાં પ્રાયઃ ગૃહસ્થાશ્રમની

અનુપાદેયતા, ક્લેશકારકતા, સાવદ્યમયતા અને બંધનકારકતાનું તેમજ સંયમીજીવનની ઉપાદેયતા, ક્લેશ–રહિતતા, નિષ્પાપતા અને સ્વતંત્રતાનું મહત્ત્વપૂર્ણ નિરૂપણ સંક્ષિપ્ત સૂત્ર વાક્યો દ્વારા કરવામાં આવ્યું છે.

★ આ ચૂલિકામાં સૂત્રકારે સંયમથી પતિત થનાર સાધકની દુર્દશાનું આબેહૂબ વર્ણન કર્યું છે, જે પ્રત્યેક સાધકને માટે પ્રેરક છે. તેવી દુર્દશા ન ઇચ્છનાર સાધકે આ અધ્યયનનું યથા સમયે સ્વાધ્યાય સાથે મનન, ચિંતન અવશ્ય કરવું જોઈએ.

★ સંયમમાં રુચિ રાખનારને સંયમ દેવલોક સમ અને અરુચિ રાખનારને નરકસમ પ્રતીત થાય છે. આ સ્યાદ્વાદાત્મક પદ્ધતિથી સૂત્રકારે સંયમમાં રમણ કરવાનો જે ઉપદેશ આપ્યો છે તે સહજ, સરળ અને સરસ છે, જીવમાં વૈરાગ્યભાવની વૃદ્ધિ કરે છે અને **चइज्ज देहं ण हु धम्मसासणं** શરીરને છોડીશ પણ ધર્મશાસનને નહીં.' તેવા પરિણામોને દઢ કરે છે.

★ જીવ ગમે ત્યાં જાય, સંયમ છોડીને ગૃહવાસમાં જાય ત્યાં પણ તેના કર્મો તો તેની સાથે જ છે. સ્વકૃત કર્મો ભોગવ્યા વિના છૂટકો નથી. આ પ્રકારની સમજણ કર્મના અવ્યાબાધ સિદ્ધાંતના સહારે જ સાધકમાં ઉત્પન્ન થાય છે અને તેથી તે પ્રત્યેક પરિસ્થિતિનો સમભાવથી સ્વીકાર કરી શકે છે.

"નરકના અતિદીર્ઘ કાળના દુઃખોની અપેક્ષાએ સંયમી જીવનમાં સહન કરવાનું દુઃખ અત્યંત અલ્પ અને ઘણી ઓછી અવધિવાળું હોય છે" આ ચિંતન સૂત્ર સાધકને સંયમી જીવનના કષ્ટોને સહન કરવાની, ભોગ પિપાસાથી વિરક્ત થવાની તથા સંયમમાં સ્થિર થવાની પ્રેરણા આપે છે. માટે આ ચિંતન સૂત્ર સાધકને મહાન સબલ રૂપ અને અવલંબન રૂપ છે.

આ રીતે સમગ્ર દૃષ્ટિથી આ ચૂલિકા અધ્યાત્મ વિકાસ માટે ઉત્તમ સોપાન છે.

❖❖❖❖❖

# પ્રથમ ચૂલિકા

## રતિવાક્યા

**રતિવાક્યો માટે ત્રણ ઉપમા :–**

**१ इह खलु भो ! पव्वइएणं उप्पण्णदुक्खेणं संजमे अरइसमावण्णचित्तेणं, ओहाणुप्पेहिणा अणोहाइएणं चेव, हयरस्सि गयंकुस पोयपडागाभूयाइं, इमाइं अट्ठारसठाणाइं सम्मं संपडिलेहियव्वाइं भवंति; तं जहा–**

**છાયાનુવાદ : इह खलु भोः प्रव्रजितेन, उत्पन्नदुःखेन संयमे अरतिसमापन्नचित्तेन, अवधावनोत्प्रेक्षिणा अनवधावितेन चैव हयरश्मि गजाङ्कुश पोतपताकाभूतानि, इमानि अष्टादश स्थानानि सम्यक् संप्रेक्षितव्यानि भवन्ति, तद्यथा ––**

**શબ્દાર્થ :– भो** = હે મુમુક્ષુઓ !, હે શિષ્યો ! **उप्पण्णदुक्खेणं** = દુઃખ ઉત્પન્ન થવાથી **संजमे** = સંયમમાં **अरइसमावण्णचित्तेणं** = જેનું ચિત્ત અરતિ પામેલું છે **ओहाणुप्पेहिणा** = જે સંયમને ત્યાગવાની ઈચ્છા રાખે છે પરન્તુ **अणोहाइएणं** = હજુ સુધી સંયમ છોડ્યો નથી **पव्वइएणं** = આવા દીક્ષિત સાધુને માટે **इह** = આ જૈન શાસનમાં **हयरस्सि गयंकुस पोयपडागाभूयाइं** = અશ્વને લગામ, હાથીને અંકુશ અને જહાજને ધ્વજાની સમાન **इमाइं** = આ વક્ષ્યમાણ **अट्ठारस ठाणाइं** = અઢાર સ્થાનકો **सम्मं** = સમ્યક્ પ્રકારે **संपडिलेहियव्वाइं** = આલોકનીય–વિચારણીય **भवंति** = હોય છે **तं जहा** = તે આ પ્રમાણે છે.

**ભાવાર્થ :–** હે મુમુક્ષુઓ ! આ જૈનશાસનમાં પ્રવ્રજિત, છતાં ય કોઈ ઉત્પન્ન થયેલા દુઃખથી સંયમમાં અરુચિ પ્રાપ્ત ચિત્તવાળા સાધક સંયમ છોડવાના વિચારો કરતાં હોય, પરંતુ સંયમ છોડી દીધો ન હોય; તેવા દુઃખગર્ભિત વ્યગ્રતાથી ઘેરાયેલા સાધકને અશ્વ માટે લગામ, હાથી માટે અંકુશ અને જહાજ માટે સઢ સમાન આ અઢાર સ્થાનો સમ્યક્ પ્રકારે ચિંતન કરવા યોગ્ય છે. તે આ પ્રમાણે છે–

### વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં સંયમ ભાવને નવપલ્લવિત કરવાના કારણ ભૂત અઢાર સ્થાનોની ત્રણ ઉપમા દ્વારા મહત્તા પ્રદર્શિત કરી છે.

**इह खलु :–** જિનશાસનમાં આત્મ કલ્યાણની સર્વોચ્ચ સાધનારૂપે જે પ્રવ્રજ્યા ગ્રહણ કરવામાં આવે

છે, તે પ્રવ્રજ્યાની મહાનતા, વિશાલતા, અનુપમતા તેમજ શાશ્વત સુખ પ્રદાયકતાના જ્ઞાન સાથે તેના સામાન્ય વિશેષ નિયમોની કઠિનતા, અતિ કઠિનતા, દુષ્કરતા જગ જાહેર છે. તે જૈન સાધુ–સાધ્વીજીઓના ખુલ્લી ચોપડી જેવા જીવનથી સ્પષ્ટ નજરે જોવાય છે. મુનિ જીવનના બાવીસ પરીષહો તો પ્રસિદ્ધ છે. તેનું વિસ્તૃત વર્ણન જિજ્ઞાસુઓને સમયે સમયે સાંભળવા વાંચવા ઉપલબ્ધ થાય છે. આ રીતે મોક્ષ પ્રદાયી જૈન શ્રમણાચારના કષ્ટો અને દુઃખો છુપાવ્યા પણ છુપાવી શકાય નહીં.

**पव्वइएणं :–** મુમુક્ષ સાધક સંયમના સમસ્ત કષ્ટોને જાણવા છતાં વૈરાગ્ય વાસિત અંતઃકરણે, પ્રબળ ઉત્સાહે, અનાદિ જન્મ મરણના પ્રપંચોથી મુક્ત થવાની ઉત્કટ ભાવનાએ પ્રવ્રજ્યા સ્વીકાર કરે છે. યુદ્ધના મોરચે જતાં શૂરવીર યોદ્ધાની જેમ વીર રસથી વાસિત અંતકરણે મૃત્યુ જેવા સંકટોને ભૂલથી નહીં પણ સહર્ષ સ્વીકારે છે; તેમ સંયમ જીવનના કષ્ટોને સાધક પરાણે નહીં પણ સ્વેચ્છાથી સ્વીકારે છે.

**उप्पण्ण दुक्खेणं :–** સ્વેચ્છાએ ગ્રહણ કરેલી તે સંયમ સાધનામાં સમય વ્યતીત થતાં સાધકોના સંવેગ ભાવનો પ્રવાહ જ્યારે ઓસરી જાય, વૈરાગ્યભાવ ઘટી જાય, કોઈ પ્રબળ કર્મોનો ઉદય થઈ જાય ત્યારે સંયમી જીવનની કઠિનાઈઓ તેના જીવનમાં માનસિક દુઃખ અને ખિન્નતા ઉત્પન્ન કરે છે અને સાધક તે દુઃખમાં અધિકાધિક ઘેરાઈ જાય છે.

**संजमे अरइ समावण्ण चित्तेणं :–** સંયમી જીવનમાં ઉત્પન્ન થતાં કેટલાય શારીરિક, માનસિક દુઃખો સમય જતાં સમાપ્ત થઈ જાય છે. કેટલાક દુઃખોને સાધક સમજણપૂર્વક પ્રસન્ન ચિત્તે સહન કરે છે અને ક્યારેક કર્મનો ઉદય તીવ્રતમ હોય, સાધકની સહનશક્તિ અને સમજણમાં કંઈક ઉણપ રહે ત્યારે તે દુઃખ અપ્રસન્ન ચિત્તે પણ સહન કરે છે. આવા ચઢાવ–ઉતાર વચ્ચે પણ સાધક સાધના પથમાં ગતિ–પ્રગતિ કરતો રહે છે, તેમાં ગુરુનું સાંનિધ્ય આગમ સ્વાધ્યાય સહાયક બને છે. ગમે તે પરિસ્થિતિમાં ગ્રહણ કરેલા સંયમને તે ટકાવી રાખે છે.

પરંતુ સેંકડો હજારો સાધકોમાં ક્યારેક સાધકે જ્યારે સહાયક સાધનોનો આધાર છોડી દીધો હોય અને તેના નિકાચિત કર્મોનો ઉદય હોય ત્યારે તે સાધકની માનસિક સ્થિતિ બદલાઈ જાય છે. તેને સંયમી જીવનમાં રુચિ રહેતી નથી તેમાં અરતિ ઉત્પન્ન થઈ જાય છે.

**ओहाणु पेहिणा अणोहाइएणं :–** સંયમી જીવનમાં ઉત્પન્ન થયેલો અરતિભાવ પ્રબળ બની જાય, તેને દૂર કરવાનો કોઈ પણ ઉપાય સફળ ન થાય તેવા ઉદયાધીન સાધુ સંયમ જીવનનો ત્યાગ કરવા મનથી તૈયાર થઈ ગયા હોય પરંતુ પોતાના વિચારને જેણે આચરણમાં ન મૂક્યા હોય, સાધુ જીવનનો ત્યાગ કર્યો ન હોય, તેવી અવસ્થાને શાસ્ત્રકારે **ओहाणुचेहिणा अणोहाइणां** શબ્દ દ્વારા પ્રગટ કરી છે. તાત્પર્ય એ છે કે સંયમથી પલાયન કરવાના સંકલ્પવાળા સાધકે જ્યાં સુધી પલાયન કર્યું નથી ત્યાં સુધી ઉન્માર્ગે જવા તત્પર મનને પરિવર્તિત કરવા માટે આ ચૂલિકામાં નિરૂપિત ચિંતન બિંદુઓ પર પોતે વિચાર કરવો જોઈએ અથવા તો ગુરુ આચાર્યાદિ એ જેની પાસે પણ તે પોતાના વિચાર રજુ કરે તે મહામુનિ એ આ ચિંતન બિંદુઓને આધારે તેના હિત માટે પ્રયત્ન કરવો જોઈએ.

**हयरस्सि, गयंकुस, पोयपडागाभूयाइं... :–** જેણે સંયમ ત્યાગનો સંકલ્પ કર્યો છે પરંતુ સંયમનો ત્યાગ કર્યો નથી તેવા સાધકના માનસિક પરિવર્તન માટે સૂત્રકારે અઢાર ચિંતન સૂત્રો આપ્યા છે. સૂત્રકારે તેની મહત્તા ત્રણ દષ્ટાંત દ્વારા પ્રદર્શિત કરી છે, ત્રણે દષ્ટાંતો સહજ અને અનુભવગમ્ય છે. કુશળ સંચાલક ઘોડાને લગામથી, હાથીને અંકુશથી અને જહાજને સઢથી વશમાં રાખે છે. તે જ રીતે સૂત્રોક્ત ચિંતન સૂત્રોના ચિંતન મનન અને પરિણમન દ્વારા સાધકની માનસિક સ્થિતિને અવશ્ય પરિવર્તન કરી શકે છે. તેને માટે શાસ્ત્રકારે **सम्मं संपडिलेहियव्वाइं** શબ્દ પ્રયોગ કર્યો છે.

અઢાર ચિંતન બિંદુઓ માટે આ ત્રણે વિશેષણો દર્શાવી શાસ્ત્રકારે સાધકને તે ચિંતન બિંદુઓ પર શ્રદ્ધા ઉત્પન્ન કરવાનો ઉપક્રમ કર્યો છે. કારણ કે કોઈપણ પ્રકારની અશાંતિ માટે શાંતિના ઉપાયોના અનેક અંગ હોય છે. ચિકિત્સાવિધિના પણ અનેક અંગ હોય છે; તેમાં સહુથી પ્રથમ અને મુખ્ય અંગ શ્રદ્ધાનું હોય છે તેથી શાસ્ત્રકારનો આ પ્રથમ સૂત્ર વર્ણિત શ્રદ્ધા માટેનો સંપૂર્ણ ઉપક્રમ યથાસ્થાન છે.

આગળના સૂત્રમાં જે અઢાર ચિંતન બિંદુઓ કહેવાશે, તેની સૂચના પણ આ સૂત્રના અંતે કરીને શાસ્ત્રકારે સાધકને ભલામણ આપી છે કે આ આગળ દર્શાવતાં બિંદુઓને સારી રીતે સમજી. તેના ઉપર ઊંડાણથી અને દીર્ઘ દષ્ટિથી વિચારવાનું છે. તેના માટેના મૂળ શબ્દો છે– **इमाइं अट्ठारस ठाणाइं सम्मं संपडिलेहियाइं भवंति ।**

**भो ! :–** આ સંબોધન સૂચક શબ્દ છે અને આગળના સૂત્રમાં **हं भो !** તેમ સંબોધન છે. આ બંને સંબોધન ઉપદેશ પાત્ર કોઈપણ વ્યક્તિ માટે આદર સૂચક સંબોધન છે. ક્યારેક આવા સંબોધનો પોતાના આત્માને માટે પણ થાય છે.

## સંયમમાં સ્થિરીકરણનાં અઢાર સૂત્રો :–

**२** **हं भो ! दुस्समाए दुप्पजीवी ॥१॥ लहुसगा इत्तरिया गिहीणं कामभोगा ॥२॥ भुज्जो य साइबहुला मणुस्सा ॥३॥ इमे य मे दुक्खे ण चिरकालोवट्ठाई भविस्सइ ॥४॥ ओमजणपुरक्कारे ॥५॥ वंतस्स य पडिआयणं ॥६॥ अहरगइवासोवसंपया ॥७॥ दुल्लहे खलु भो ! गिहीणं धम्मे, गिहीवासमज्झे वसंताणं ॥८॥ आयंके से वहाय होइ ॥९॥ संकप्पे से वहाय होइ ॥१०॥ सोवक्केसे गिहवासे, णिरुवक्केसे परियाए ॥११॥ बंधे गिहवासे, मोक्खे परियाए ॥१२॥ सावज्जे गिहवासे, अणवज्जे परियाए ॥१३॥ बहुसाहारणा गिहीणं कामभोगा ॥१४॥ पत्तेयं पुण्णपावं ॥१५॥ अणिच्चे खलु भो ! मणुयाण जीविए, कुसग्गजलबिंदुचंचले ॥१६॥ बहुं च खलु भो! पावं कम्मं पगडं ॥१७॥ पावाणं च खलु भो कडाणं कम्माणं पुव्विं दुच्चिण्णाणं दुप्पडिकंताणं, वेयइत्ता मोक्खो, णत्थि अवेयइत्ता, तवसा वा झोसइत्ता। अट्ठारसमं पयं भवइ । भवइ य इत्थ**

सिलोगो--

**છાયાનુવાદ :** हं भो दुष्षमायां दुष्प्रजीविनः (१) लघुस्वका इत्वरिका गृहिणां कामभोगाः (२) भूयश्च सातिबहुला मनुष्याः (३) इदं च मे दुःखं न चिरकालोपस्थायि भविष्यति (४) अवमजनपुरस्कारः (५) वान्तस्य प्रत्यादनम् (६) अधोगतिवासोपसंपदा (७) दुर्लभः खलु भो! गृहिणां धर्मो गृहपाशमध्ये वसताम् (८) आतङ्कस्तस्य वधाय भवति (९) संकल्पस्तस्य वधाय भवति (१०) सोपक्लेशो गृहवासः, निरुपक्लेशः पर्यायः (११) बन्धो गृहवासः, मोक्षः पर्यायः (१२) सावद्यो गृहवासः, अनवद्यः पर्यायः (१३) बहुसाधारणा गृहिणां कामभोगाः (१४) प्रत्येक पुण्यपापं (१५) अनित्यं खलु भो ! मनुष्याणां जीवितं कुशाग्रजलबिन्दुचञ्चलम् (१६) बहु च खलु भो ! पापकर्म प्रकृतम् (१७) पापानां च खलु भो ! कृतानां कर्मणां, पूर्वं दुश्चीर्णानां दुष्प्रतिक्रान्तानां वेदयित्वा मोक्षः, नास्ति अवेदयित्वा, तपसा वा शोषयित्वा, (१८) अष्टादशं पदं भवति, भवति चात्र श्लोकः--

**શબ્દાર્થ :– हं भो** = હે આત્મન્ ! **दुस्समाए** = દુઃષમ કાલમાં **दुप्पजीवी** = દુઃખ પૂર્વક જીવન વ્યતીત કરાય છે, આજીવિકા દુઃખપૂર્વક કરે છે **गिहीणं** = ગૃહસ્થ લોકોના **कामभोगा** = કામ ભોગ **लहुसगा** = સ્વલ્પસારવાળા, અસાર છે, તુચ્છ છે **इत्तरिया** = અલ્પકાલીન છે **भुज्जो य** = તેમજ દુષમ કાલીન **मणुस्सा** = મનુષ્ય **साइबहुला** = વિશેષ છલ–કપટ કરનાર છે **इमे य** = આ **दुक्खे** = દુઃખ **मे** = મને **चिरकालोवट्ठाई** = લાંબા સમય સુધી ટકનાર **ण भविस्सइ** = થશે નહિ **ओमजणपुरक्कारे** = સંયમ છોડવા પર, સંસારમાં નિમ્ન સ્તરના લોકોનું સન્માન કરવું પડશે, **वंतस्स** = ગૃહસ્થાવાસ સ્વીકાર કરવો તે વમન કરેલાને **पडियायणं** = ફરી પાન કરવા સમ છે **अहरगइवासोवसंपया** = અધોગતિ નિવાસનો સ્વીકાર છે **भो** = હે આત્મન્ **गिहवासमज्झे** = ગૃહવાસમાં **वसंताणं** = વસતા **गिहीणं** = ગૃહસ્થોને **धम्मे** = ધર્મ **दुल्लहे** = દુર્લભ છે **आयंके** = વિશૂચિકાદિ રોગ **से** = ધર્મરહિત ગૃહસ્થીને **वहाय** = વધને માટે, વિનાશને માટે **होइ** = હોય છે **संकप्पे** = પ્રિય વિયોગ અને અપ્રિયના સંયોગથી જે સંકલ્પ ઉત્પન્ન થાય છે તે **गिहवासे** = ગૃહવાસ **सोवक्केसे** = ક્લેશથી યુક્ત છે **परियाए** = ચારિત્ર **णिरुवक्केसे** = ક્લેશથી રહિત છે **बंधे** = કર્મોના બંધન સ્થાન છે **मोक्खे** = કર્મબંધનથી છોડાવનાર છે, મુક્તિ છે **सावज्जे** = પાપસ્થાન છે **अणवज्जे** = પાપથી રહિત છે **कामभोगा** = કામભોગ, સુખ **बहुसाहरणा** = ચોર, જાર આદિ બહુજનને માટે સાધારણ છે **पुण्णपावं** = પુણ્ય અને પાપ **पत्तेयं** = સર્વજીવોના પૃથક્–પૃથક્ છે **मणुयाण** = મનુષ્યોનું **जीविए** = જીવન **कुसग्गजलबिंदुचंचले** = કુશના અગ્રભાગ ઉપર રહેલા ચંચલ જલના બિન્દુ સમાન **अणिच्चे** = અનિત્ય છે **बहुं च खलु** = આ જીવે ઘણા જ **पावं कम्मं** = પાપકર્મો **पगडं** = કર્યા છે જેથી મારી

બુદ્ધિ વિપરીત થઈ રહી છે **भो** = હે આત્મન્ **दुच्चिण्णाणं** = દુષ્ટ–ભાવોથી આચરેલા **दुप्पडिकंताणं** = મિથ્યાત્વ આદિ ભાવોથી ઉપાર્જન કરેલા **पुव्विं कडाणं** = પૂર્વકૃત **पावाणं कम्माणं** = પાપકર્મોના ફળને **वेयइत्ता** = ભોગવ્યા પછી જ **मोक्खो** = છુટકારો થાય છે **अवेयइत्ता** = ભોગવ્યા વિના **णत्थि** = છૂટકો નથી **तवसा** = તપ વડે **झोसइत्ता** = ક્ષય કરવાથી **अट्ठारसमं** = આ અઢારમું **पयं** = પદ, બોલ **भवइ** = છે **य** = અને હવે **इत्थ** = આ વિષયક **सिलोगो** = શ્લોક છે, જે **भवइ** = આ પ્રમાણે છે–

**ભાવાર્થ :–** (૧) હે આત્મન્ ! ઓહ ! આ પાંચમા આરામાં લોકો ઘણી મુશ્કેલીથી જીવન નિર્વાહ કરે છે. (૨) ગૃહસ્થોના કામભોગો(સુખ) તુચ્છ કોટિના અને ક્ષણિક જ હોય છે. (૩) સંસારી મનુષ્યો બહુ કપટ–વાળા હોય છે. (૪) આ સંયમી જીવનમાં દેખાતું દુઃખ કાંઈ ચિરકાળ ટકવાનું નથી. (૫) ગૃહસ્થાશ્રમમાં નિમ્ન કોટિના મનુષ્યોની પણ ખુશામત કરવી પડે છે. (૬) ગૃહસ્થાશ્રમ સ્વીકારવો તે વમેલી વસ્તુને પુનઃ ગ્રહણ કરવા યોગ્ય છે.

(૭) સંયમ છોડી ગૃહસ્થ જીવનમાં જવું તે અધોગતિ સ્વીકારીને રહેવા સમાન છે. (૮) ઓહ! (હે આત્મન્) ગૃહસ્થાશ્રમમાં રહેનારા ગૃહસ્થોને ધર્મ આરાધના કરવી ઘણી કઠણ છે, અતિ દુર્લભ થઈ જાય છે. (૯) ગૃહસ્થ જીવનમાં અનેક રોગાતંક દુઃખદાયી થાય છે. (૧૦) અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પો પણ દુઃખદાયી થાય છે. (૧૧) ગૃહવાસ બહુ ક્લેશમય છે, સંયમ પર્યાય ક્લેશ રહિત શાન્તિમય છે. (૧૨) ગૃહવાસ કર્મબંધનું સ્થાન છે, સંયમ પર્યાય કર્મમુક્તિનું સ્થાન છે.

(૧૩) ગૃહસ્થ જીવન પાપમય છે, સંયમીનું જીવન નિષ્પાપ છે. (૧૪) ગૃહસ્થોના સુખ બહુજન વિભાજ્ય છે અર્થાત્ તેમાં ઘણા ભાગીદાર હોય છે. (૧૫) પુણ્ય–પાપ દરેક જીવના પોત–પોતાના જુદા જુદા હોય છે. (૧૬) માનવનું જીવન ખરેખર તૃણની અણી પર લટકતા જલબિન્દુની જેવું ક્ષણિક છે. (૧૭) ઓહ ! મેં પૂર્વ જન્મમાં ઘણા જ પાપકર્મ કર્યા છે. (૧૮) હે આત્મન્ ! ખરેખર પૂર્વભવે દુષ્ટ આચરણ અને ખોટા પરાક્રમ દ્વારા ઉપાર્જિત કરેલાં પાપકર્મોને ભોગવી લેવાથી જ છુટકારો થશે; તે કર્મોને ભોગવ્યા વિના છુટકારો થવાનો નથી. હા ! તપસ્યા દ્વારા તે કર્મોનો ક્ષય કરી શકાય છે.

આ અઢારે સ્થાન પૂર્ણ થયા, હવે આ જ વિષયને સ્પષ્ટ કરતી ગાથાઓ છે–

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં પૂર્વસૂત્રમાં નિર્દિષ્ટ ચિંતનીય, મનનીય, વિચારણીય અઢાર સ્થાનોનું એકી સાથે નિરૂપણ છે.

**(૧) दुस्समाए दुप्पजीवी :–** આ દુષમકાળ એટલે પાંચમા આરામાં પ્રાયઃ ભારે કર્મી જીવો જ હોય છે. તેઓ ઘણી જ મુશ્કેલીથી આજીવિકા ચલાવે છે. જેની પાસે પુણ્યના અભાવે ગૃહસ્થ યોગ્ય પુષ્કળ સામગ્રી હોતી નથી. તેઓ ગૃહસ્થવાસમાં વિટંબણાં જ ભોગવતા હોય છે અને દુઃખપૂર્વક જીવન વ્યતીત કરે છે. આ રીતે ગૃહસ્થ જીવન ઘણું જ દુઃખદાયી છે.

**(૨) लहुस्सगा इत्तरिया :–** ગૃહસ્થોના સાંસરિક સુખો તુચ્છ અને ક્ષણિક હોય છે. સાધકને જો

કામભોગની લાલસાથી સંયમ ત્યાગની ઈચ્છા થઈ હોય તો તે ઉચિત નથી. કારણ કે ચારિત્ર પાલનથી પ્રાપ્ત થનારા દેવલોકના દિવ્ય સુખો સુંદર અને સાગરોપમો સુધી ટકે તેવા હોય છે. તેની અપેક્ષાએ મનુષ્યોના સુખો અત્યધિક તુચ્છ, નિઃસાર અને ક્ષણિક હોય છે.

**(૩) साइबहुला :–** ગૃહસ્થ જીવનમાં સ્વજન કે પરજન પરસ્પર વિશ્વાસુ હોતા નથી; તે ગમે તેમ દગા પ્રપંચ અને સ્વાર્થની રમત રમતા જ હોય છે. તો હે આત્મન્ ! તું ત્યાં જઈને સુખી કેવી રીતે થઈશ ? **साइ** શબ્દ જ્ઞાતા સૂત્ર અને સૂયગડાંગ સૂત્રમાં માયા અર્થમાં પ્રયુક્ત છે અને પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં તે શબ્દ અસત્યના પર્યાયવાચી શબ્દોમાં સંકલિત છે. ત્યાં તેનો અર્થ **અવિશ્વાસ** કર્યો છે. તેથી અહીં **साइ बहुला मणुस्सा** શબ્દનો અર્થ છે– આ સંસારમાં ઘણા લોકો જૂઠ, કપટ કરનારા અને પ્રપંચી હોય છે. હે આત્મન્! ત્યાં તારે જીવવું મુશ્કેલ થઈ જશે.

**(૪) इमे य मे दुक्खे ण चिरकालोवट्ठाई :–** ઉપસર્ગ પરીષહના કષ્ટો જીવનમાં ક્યારેક આવે છે, તે પણ મર્યાદિત કાલ માટે જ હોય છે, જીંદગીભર રહેતા નથી. તે સમયે ધીરજ રાખવાથી તે દુઃખ સ્વતઃ સુખમાં પલટાઈ જાય છે. ઉપસર્ગો અને પરીષહોને સમભાવે સહન કરવાથી અનંત કર્મોની નિર્જરા થાય છે અને તેના પરિણામે આત્મા હળુકર્મી થઈ દિવ્ય દેવગતિ અથવા મોક્ષગતિમાં શાશ્વત સુખને પ્રાપ્ત કરે છે. મોક્ષપ્રદાયી અત્યંત દુર્લભ એવા સંયમ જીવનને, અલ્પકાલીન કષ્ટોથી ગભરાઈને છોડી દેવાથી તો કર્મોની અને દુઃખની પરંપરા વધે છે. આ રીતે સંયમ છોડવાથી શાંતિ કે સુખ મળતા નથી.

**(૫) ओमजणपुरक्कारे :–** સંયમના પ્રભાવે રાજા, મહારાજા, ધનાઢ્ય વગેરે કેટલાય લોકો સાધુનો સત્કાર સન્માન કરે, ભક્તિ ભાવપૂર્વક ચરણોમાં મસ્તક નમાવી વંદના નમસ્કાર અને ગુણગ્રામ કરે અને સાધુને પોતાના ઘરે કે ગામમાં આવ્યા જોઈને ખુશ–ખુશ થઈ જાય છે. પરંતુ ગૃહવાસમાં જવાથી તો હલકાથી હલકા(સામાન્ય) લોકોની પણ ખુશામત, સેવા વગેરે કરવા પડે છે તેમજ તે લોકોના અસહ્ય વચનોને પણ સહન કરવા પડે છે.

**(૬) वंतस्स य पडिआयणं :–** જે ગૃહસ્થ જીવનનો અને સંસારના સુખ ભોગોનો હું ત્યાગ કરી ચૂક્યો છું તે ગૃહવાસનું કે ત્યાંના સુખોનું ફરી આસેવન કરવું, તે શ્રેષ્ઠ પુરુષનું કાર્ય નથી. વમન કરેલી વસ્તુનું પુનર્ભક્ષણ તો નિમ્ન દરજ્જાના પ્રાણી કૂતરા વગેરે પશુ જ કરે છે. હું તો માનવ જ નહીં પરંતુ સંયમનો સ્વીકાર કરીને મહામાનવ કે શ્રેષ્ઠ માનવ બન્યો છું. હવે મારે સંયમ છોડી સંસારમાં જવું કોઈ પણ રીતે ઉચિત નથી.

**(૭) अहरगइवासोवसंपया :–** ખરેખર સંયમી જીવનનો ત્યાગ કરવો, તે નીચ ગતિમાં જઈ વસવા જેવું છે. તેમજ ગૃહસ્થ જીવનની પાપમય દિનચર્યા અને વિષયાસક્તિમય જીવન કર્મબંધ અને દુર્ગતિના આવાસને જ નિમંત્રણ આપવા સમાન છે.

**(૮) दुल्लहे खलु भो ! गिहीणं धम्मे :–** સાધુજીવન છોડીને ગૃહસ્થાવાસમાં ગયા પછી તેની સ્થિતિ ધોબીના કૂતરા જેવી થઈ જાય છે. તે ઘરનો કે ઘાટનો ક્યાંયનો રહેતો નથી. ગૃહસ્થ જીવનના નહીં અનુભવેલા કેટલાય પ્રપંચમય પ્રસંગોમાં ધર્મનું આચરણ કરવું બહુ દુષ્કર થઈ જાય છે. ગૃહસ્થ જીવનમાં પોતાની શાન માટે, પદ–પ્રતિષ્ઠા માટે માયાકપટનું આચરણ કરવું પડે છે, તેમજ ત્યાં વિવિધ પ્રકારની

પાપકારી પ્રવૃત્તિ અને રાગદ્વેષમય વાતાવરણમાં ધર્મશ્રવણ કે ધર્મનું આચરણ અત્યંત દુર્લભ બની જાય છે અને વિપરીત સંસ્કારના સંયોગે કેટલાકની ધર્મ શ્રદ્ધા પણ પલટાઈ જાય છે.

**(૯) आयंके से वहाय होइ :–** જ્યાં સુધી શરીર સ્વસ્થ હોય ત્યાં સુધી સહુ સ્વજનો સંબંધ રાખે છે. પરંતુ જ્યારે કોઈ મહારોગ ઉત્પન્ન થાય ત્યારે ગૃહસ્થની સ્થિતિ અત્યંત દયનીય બની જાય છે. સ્વાર્થની સિદ્ધિ ન થતાં સ્વજનો દૂર થઈ જાય છે. આ રીતે શારીરિક પીડાની સાથે સાંયોગિક, આર્થિક વગેરે અનેક કઠિનાઈઓને સહન કરવી પડે છે. તે સમયે આર્તધ્યાન અને અસમાધિના ભાવો જીવના આત્મગુણોનો વધ કરે છે, અનંત ભવપરંપરાને વધારે છે; આ રીતે ગૃહસ્થ જીવનમાં રોગાંતક વધને માટે થાય છે.

**(૧૦) संकप्पे से वहाय होइ :–** રોગાતંક જેવી બીજી પણ કેટલીય પરિસ્થિતિઓ ઊભી થતાં જીવ સંકલ્પ વિકલ્પોમાં ગૂંચવાઈને ઘણો દુઃખી થાય છે. ઈષ્ટનો વિયોગ અને અનિષ્ટનો સંયોગ વગેરે ક્ષણેક્ષણના વિચિત્ર દુઃખોથી ગૃહસ્થો બિચારા હંમેશાં હેરાન, પરેશાન થયા જ કરે છે.

**वहाय** = ક્યારેક કોઈ વ્યક્તિ ઉપર મોટી માનસિક આફત ઊભી થાય તેવો કોઈ દુર્વ્યવહાર કરે ત્યારે તેના શબ્દ નીકળે કે "અરે મને તો મારી નાખ્યો છે", પરંતુ ખરેખર તે મર્યો હોય નહીં. આ જ અપેક્ષાએ અહીં **वहाय** શબ્દ પ્રયોગ છે. અર્થાત્ તે રોગાતંક અને સંકલ્પોથી વાસ્તવિક રીતે વધ થતો નથી. પરંતુ તે સમયનું દુઃખ અત્યંત કષ્ટપ્રદ હોવાથી "તે વધને માટે હોય" તે પ્રમાણે શાસ્ત્રકારે કથન કર્યું છે. વાસ્તવમાં રોગાતંક અને સંકલ્પો મહા દુઃખદાયી થાય છે, મરણ તુલ્ય થાય છે; તેમ ભાવ સમજવો જોઈએ.

**(૧૧) सोवक्के से गिहवासे णिरुवक्के से परियाए :–** ખેતી–વેપાર, પશુપાલન, આશ્રિતોનું ભરણપોષણ વગેરે અનેક ચિંતાઓને કારણે ગૃહવાસ કલેશોનો ભંડાર છે. આધિ, વ્યાધિ અને ઉપાધિ તથા આજીવિકા સંબંધી માનસિક સંતાપના કારણે પણ ગૃહવાસ મહા ઉપાધિનું સ્થાન છે. શ્રમણ જીવન તો આ બધી ચિંતાઓ અને કલેશોથી દૂર જ નહીં પરંતુ અતિ દૂર હોય છે. આવી એકે ય ચિંતા ત્યાં હોતી જ નથી. માટે તે કલેશ મુક્ત છે. **परियाए** = સંયમ પર્યાય, મુનિ જીવન, દીક્ષા આદિ.

**(૧૨) बंधे गिहवासे मोक्खे परियाए :–** ગૃહવાસ બંધનરૂપ છે. તેમાં જીવ કરોળિયાની જેમ સ્વયં સ્ત્રી–પુરુષ પરિવાર વગેરેની મોહજાળ બનાવે છે અને પછી તેમાં જ સ્વયં ફસાય છે ગૃહસ્થ જીવનમાં અવિરતિના ભાવથી પ્રત્યેક પ્રવૃત્તિમાં કર્મનો બંધ થાય છે. તેથી તે જીવોને અનંતાનંત કર્મોની વૃદ્ધિ થયા કરે છે. જ્યારે સંયમી જીવનમાં વિરતિ ભાવથી કોઈપણ પ્રવૃત્તિ કર્મબંધનું કારણ બનતી નથી. તે ઉપરાંત તેમાં સ્વાધ્યાય, વિનય, ગુરુસેવા, તપસ્યા, બ્રહ્મચર્ય વગેરે કેટલાય નિયમ ઉપનિયમોનાં પાલનથી મહાન કર્મક્ષય થાય છે. માટે સંયમ મોક્ષ પ્રાપ્ત કરાવનાર છે.

**(૧૩) सावज्जे गिहवासे अणवज्जे परियाए:–** ગૃહવાસમાં હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને સંગ્રહ– પરિગ્રહ વગેરે બધા પાપસ્થાનોનું સેવન થયા જ કરે છે. ગૃહસ્થ જીવનમાં આશ્રવના દ્વાર સદા ખુલ્લા જ હોય છે. ડગલેને પગલે ગૃહવાસમાં છ કાય જીવોની વિરાધના થાય છે. જૂઠ, કપટ વગર તો જાણે

ત્યાં કોઈનું જીવન ચાલતું જ ન હોય ! જ્યારે સંયમ પર્યાયમાં તો આ બધા પાપના રસ્તા સર્વથા બંધ જ હોય છે; મહાવ્રત, સમિતિ, ગુપ્તિ અને સર્વ પ્રવૃત્તિઓ ત્યાં યતના, દયા અને વિવેક ભરેલી હોય છે. એવું નિષ્પાપ સંયમ જીવન દુનિયામાં ક્યાં ય જોવા શોધવાથી પણ મળવાનું નથી.

**(૧૪) बहुसाहारणा गिहीणं कामभोगा :–** ગૃહસ્થોના કામભોગ બહુજન સાધારણ છે. તેમાં રાજા, ચોર, સરકારી કર્મચારી, નોકર, ચાકર, પુત્ર પરિવાર, સ્વજન સ્નેહી વગેરે કેટલાય ભાગીદાર હોય છે. તેથી ઉપલબ્ધ સુખ સંપત્તિનો એકલા જ ઉપયોગ કરી શકાય નહીં. આ કારણે ગૃહસ્થને ભોગોપભોગની ગમે તેટલી સંપત્તિ હોય તોપણ તે ઓછી જ પડે છે અને તેના માટે પગથી માથા સુધી લોહીનો પરસેવો કરવો પડે છે. સર્વ રીતે વિચારતાં ગૃહસ્થ જીવનમાં પાછું જવું, કંઈ જ સાર ભૂત નથી.

**(૧૫) पत्तेयं पुण्णपावं :–** સર્વ પ્રાણી પોતપોતાનાં કરેલાં શુભાશુભ કર્મોનું ફળ સ્વયં ભોગવે છે. કોઈના કરેલા કર્મોનું ફળ કોઈ બીજા ભોગવી શકતા નથી. સ્ત્રીપુત્રાદિના નિમિત્તે કરેલાં કર્મોનું ફળ ભોગવવામાં પણ તે કોઈ ભાગ લઈ શકતા નથી. તો મારે ગૃહસ્થવાસમાં જવામાં શું લાભ; સંસારમાં કેટલાક લોકો સુખી દેખાય છે પરંતુ તે પોતાના કર્મથી સુખી હોય છે. મારા પુણ્ય અને પાપ મારી સાથે રહેવાના છે. ગૃહસ્થવાસમાં કે સંયમી જીવનમાં મારા કર્મો મારે ભોગવવાના છે. તો જ્યાં છું ત્યાં જ સંતોષ અને ધીરજ રાખું, તે જ શ્રેષ્ઠતમ ઉપાય છે.

**(૧૬) अणिच्चे खलु भो ! मणुयाण जीविए :–** વર્તમાને મનુષ્યોનું આયુષ્ય પ્રાયઃ સોપક્રમી હોય છે. ગમે તે નિમિત્તથી, અકસ્માતથી આયુષ્ય તૂટી શકે છે. ડાભ પર રહેલું લટકતું જલબિંદુ અલ્પ સમય જ રહે છે, રહેવાનું છે વાયુના ઝપાટે તે ક્યારે નીચે પડી જાય. તે કંઈ નક્કી નથી તેમજ મનુષ્યનું આયુષ્ય પણ અણધાર્યું તૂટી જાય તેવું અનિત્ય છે. ભવિષ્યની એક ક્ષણ પણ જાણતા ન હોય તેને માટે ભવિષ્યના મનોકલ્પિત સુખની આશા કરવી નકામી છે.

**(૧૭) बहुं च पावं कम्मं पगडं :–** મેં પૂર્વે ઘણા પાપકર્મો બાંધ્યા છે તેથી જ મહામૂલ્યવાન સંયમી જીવન છોડી દેવાની ઈચ્છા મને થાય છે. મોહનીય કર્મના ઉદયે જ આ દુર્બુદ્ધિ ઉત્પન્ન થઈ છે. વેશ કે સ્થાનના પરિવર્તનથી અશુભકર્મના ઉદયમાં કોઈ પરિવર્તન થતું નથી. સંયમ છોડવાથી દુઃખ ઘટતું નથી, વધે છે, તેથી મારા દુઃખને સમભાવે ભોગવી લઉં, સંયમ ત્યાગની ઈચ્છાને નિષ્ફળ બનાવું તે જ શ્રેષ્ઠ ઉપાય છે.

**(૧૮) पावाणं च खलु भो ! कडाणं कम्माणं... :– दुच्चिण्णाणं** = મદ્યપાન, અશ્લીલ વચન ઉચ્ચારણ, ચોરી, મૈથુન વગેરે દુરાચરણ. **दुप्पडिक्कंताणं** = બીજાને મારવા, બાંધવા વગેરે પરપીડાકારી પ્રવૃત્તિ.

આવી અનેક પ્રવૃત્તિથી કરેલા પૂર્વકૃત કર્મોનું ફળ ભોગવવું જ પડે છે. કર્મોનું ફળ ભોગવ્યા વિના મુક્તિ થતી નથી. કર્મોના ઉદયમાં આર્તધ્યાન કરવાથી નવા કર્મોનો બંધ થાય છે. માટે ઉદયમાં આવેલા કર્મોને સમભાવથી ભોગવવા અથવા કર્મો ઉદયમાં આવે તે પહેલાં જ તપ દ્વારા તેનો નાશ કરવો તે જ શ્રેષ્ઠ માર્ગ છે.

જૈન સિદ્ધાંત અનુસાર બાંધેલા કર્મોની મુક્તિના બે માર્ગ છે– (૧) ઉદયમાં આવેલા કર્મો ભોગવવાથી (૨) ઉદયમાં નહીં આવેલા કર્મોને તપસ્યા આદિ દ્વારા ઉદીરણા કરીને ક્ષય કરવાથી. સામાન્ય રીતે કર્મો પોતાની સ્થિતિ પૂર્ણ થાય ત્યારે જ ફળ આપે છે પરંતુ તપ દ્વારા કર્મોની ઉદીરણા કરી તેની સ્થિતિ પૂર્ણ થયા પહેલાં પણ કર્મ ભોગવી શકાય છે અને ક્યારેક તપથી કર્મોની ફળશક્તિ મંદ થઈ જાય છે. આ રીતે કર્મ સિદ્ધાંતનું સૂક્ષ્મ અન્વેષણ કરી ઉત્કૃષ્ટ તપ દ્વારા જ સાધકે કર્મક્ષયના માર્ગમાં પ્રયત્નશીલ બની જવું જોઈએ જીવ કોઈપણ સ્થાને જાય, કર્મ અને મૃત્યુ તો તેની સાથે લાગેલા છે, તો પછી સંલેખના સંથારો જ સ્વીકાર કરીને મરણને પંડિતમરણ બનાવી લેવું; એ જ માનવ જીવનનો અને સંયમ પામવાનો લ્હાવો કહેવાય.

આ રીતે પ્રસ્તુત અઢાર ચિંતનીય અને મનનીય સ્થાનો જ્ઞાનીઓએ દર્શાવ્યા છે. તેના ચિંતન–મનનથી ખરેખર સાધકનું ચંચળ ચિત્ત સ્થિર થાય છે. સંસાર તરફ કે કામભોગ તરફ વળેલી તેની વૃત્તિ ત્યાગ માર્ગે વળાંક લઈ લે છે, દષ્ટિ અંતર્મુખી બને છે, પ્રવૃત્તિ પરિવર્તન પામે છે અને સાધક પુનઃ સ્વધર્મમાં સ્થિર થઈ જાય છે.

## ભોગ માટે યોગનો ભોગ કરનાર અજ્ઞાની :–

**१** **जया य चयइ धम्मं, अणज्जो भोगकारणा ।**
**से तत्थ मुच्छिए बालो, आयइं णावबुज्झइ ॥**

**છાયાનુવાદ :** यदा च त्यजति धर्मं, अनार्यो भोगकारणात् ।
स तत्र मूर्च्छितो बालः, आयतिं नावबुद्ध्यते ॥

**શબ્દાર્થ :– जया** = જ્યારે **अणज्जो** = અનાર્ય બુદ્ધિવાળો સાધુ **भोगकारणा** = ભોગોના કારણથી **धम्मं** = ચારિત્ર ધર્મને **चयइ** = છોડે છે **तत्थ** = તે કામ ભોગોમાં **मुच्छिए** = મૂર્ચ્છિત થયેલો **से** = તે **बालो** = અજ્ઞાન દશાને પ્રાપ્ત સાધુ **आयइं** = ભવિષ્યને **णावबुज्झइ** = સમજતો નથી.

**ભાવાર્થ :–** અનાર્ય બુદ્ધિવાળા શ્રમણ જ્યારે ભોગને માટે ચારિત્ર ધર્મને છોડી દે છે અને ભોગોમાં આસક્ત થઈ જાય છે ત્યારે આસક્તિના કારણે તે અજ્ઞાની પોતાના ભવિષ્યનો વિચાર કરી શકતો નથી.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથામાં ભોગાસક્તિના કારણે સંયમ છોડનારની અજ્ઞાનતા પ્રદર્શિત કરી છે.

**अणज्जो भोगकारणा :–** જેનો વ્યવહાર મ્લેચ્છ વગેરે અનાર્ય પુરુષોની જેમ વિવેક રહિત હોય છે તેને અનાર્ય કહે છે. તેમજ ભોગોની કામનાથી ભવિષ્યનો વિચાર કર્યા વિના અલભ્ય એવા સંયમનો ત્યાગ કરવો કોઈ આર્ય બુદ્ધિ તો નથી જ પરંતુ તે ખરેખર અનાર્ય બુદ્ધિ જ છે; માટે તે સાધકને અહીં **અનાર્ય** કહેવામાં આવ્યો છે.

**आयइं णावबुज्झइ :–** પાપકર્મના તીવ્ર ઉદયથી ભારે થયેલો તે સાધક મોહકર્મમાં કે ભોગાસક્તિમાં ફસાઈ જાય છે. કદાચ પાપાનુબંધી પુણ્યના ઉદયે તેને ભોગસામગ્રી ઉપલબ્ધ થઈ જાય પરંતુ તે પોતાના સ્થાનના ગૌરવનો, આત્મહિતનો કે ભવિષ્યનો વિચાર કરી શકતો નથી. પરિણામે ભોગરૂપ કીચડમાંથી બહાર નીકળવું તેના માટે અશક્ય બની જાય છે; તેની સ્થિતિ અત્યંત દયનીય બની જાય છે; તે ભોગોમાં ડૂબી જાય છે. તેને માટે દુઃખ, ખેદ કે નિરાશાના શબ્દોમાં શાસ્ત્રકાર કહે છે કે– (૧) તે આર્ય છતાં સંયમ છોડવાની બુદ્ધિથી અનાર્ય કર્તવ્યોના કારણે અનાર્ય કહેવા લાયક થઈ જાય છે (૨) થોડાક કોઈ પાપાનુંબંધી પુણ્ય સંયોગોના કારણે ઉપલબ્ધ ભોગોમાં આંધળો થઈ જતાં ઉંમરવાળો અને વિદ્વાન છતાં ય તે અણસમજુ બાલક જેવો થઈ જાય છે; ત્યારે તે આગમ ભાષામાં **બાલ** અને સંસારી ભાષામાં **મૂર્ખ** કહેવા લાયક થઈ જાય છે.

બાળક મુખમાં કોઈપણ અખાદ્ય વસ્તુ નાંખી દે કે કોઈપણ અત્યુષ્ણ પદાર્થમાં હાથ પટકી દે છે. તેમ કરતાં તે તેમાં મજા જ માણે છે; પરંતુ બાળ ભાવે તે તેના ભવિષ્ય પરિણામને હજુ વિચારવા લાયક થયો નથી. તેની જેમ જ તે ભોગાસક્ત જીવ પુનઃ બાલ થઈ જતાં ભવિષ્યનો વિચાર કરી શકતો નથી.

ભૂતકાળના અનુભવોથી અને ભવિષ્યના હિત વિચારથી વર્તમાનમાં વર્તવું તે બુદ્ધિમાની છે. કેવળ તાત્કાલિક પ્રાપ્ત થતાં સુખ–દુઃખનો વિચાર કરનાર, ભૂતકાલના અનુભવોનો અનાદર કરનાર અને ભવિષ્યને ભૂલી જનાર વ્યક્તિ જગતમાં બુદ્ધિહીન કહેવાય છે અને તે કદાપિ સન્માર્ગને પામી શકતી નથી. તેના માટે સંસાર ભ્રમણનો રસ્તો જ અવશેષ રહે છે.

વર્તમાનના સુખને જ જોનારા સાધક ધીરે ધીરે ઇન્દ્રિય વિષયોમાં મૂર્ચ્છિત થતાં જાય છે અને ઉત્તરોત્તર મોહકર્મમાં ફસાતા જાય છે, તેથી તેઓનું ચિત્ત સંયમથી ડામાડોળ થઈ જાય છે. ત્યારે તે ભાન ભૂલીને સંયમમાર્ગને છોડવાની ઈચ્છાને મુખ્યતા આપી ગૃહસ્થ થઈ જાય છે.

**आयइं** = આ શબ્દના વ્યાખ્યામાં ત્રણ અર્થ ઉપલબ્ધ છે– (૧) ભવિષ્યકાળ (૨) આત્મહિત (૩) ગૌરવ. આ ત્રણે ય અર્થ અહીં ભોગાસક્ત વ્યક્તિ માટે પ્રાસંગિક છે.

### સંયમ પ્રતિતના પરિતાપની ચાર ઉપમા :–

**૨** **जया ओहाविओ होइ, इंदो वा पडिओ छमं ।**
**सव्वधम्मपरिब्भट्ठो, स पच्छा परितप्पइ ॥**

**છાયાનુવાદ :** यदा अवधावितो भवति, इन्द्रो वा पतितः क्षमाम् ।
सर्वधर्मपरिभ्रष्टः, स पश्चात् परितप्यते ॥

**શબ્દાર્થ :– छमं** = પૃથ્વી પર **पडिओ** = પતિત થયેલા, આવીને રહેલા **इंदो वा** = ઇન્દ્રની સમાન **जया** = જ્યારે કોઈ સાધુ **ओहाविओ** = ચારિત્ર ધર્મમાંથી પલાયન કરી ગૃહસ્થ **होइ** = થઈ જાય છે

ત્યારે **से** = તે **सव्वधम्मपरिब्भट्ठो** = સર્વ વિરતિ રૂપ સંયમધર્મમાંથી પરિભ્રષ્ટ થઈ ગયા પછી **पच्छा** = પાછળથી **परितप्पइ** = પરિતાપ પામે છે.

**ભાવાર્થ :–** જે રીતે દેવલોકના વૈભવથી ચ્યુત થઈને પૃથ્વી પર આવેલા ઈન્દ્ર પરિતાપને પામે છે. તે જ રીતે સર્વધર્મથી ભ્રષ્ટ થઈને અર્થાત્ ચારિત્ર ધર્મ છોડીને ગૃહવાસમાં આવેલા સાધુ સમય જતાં પાછળથી પરિતાપને પામે છે.

**૩** **जया य वंदिमो होइ, पच्छा होइ अवंदिमो ।**
**देवया व चुया ठाणा, स पच्छा परितप्पइ ॥**

**છાયાનુવાદ :** **यदा च वन्द्यो भवति, पश्चाद् भवति अवन्द्यः ।**
**देवतेव च्युता स्थानात्, स पश्चात् परितप्यते ॥**

**શબ્દાર્થ :– वंदिमो** = વંદનીય **अवंदिमो** = અવંદનીય, તિરસ્કારને પાત્ર **ठाणा** = પોતાના સ્થાનથી **चुया** = ચ્યુત થયેલા **देवया व** = દેવી, ઈન્દ્રાણીની સમાન.

**ભાવાર્થ :–** દીક્ષા છોડનાર વ્યક્તિ પહેલાં(મુનિ અવસ્થામાં) તો વિશ્વનો વંદનીય હોય છે અને પછી અવંદનીય બને છે, ત્યારે તે પોતાના સ્થાનથી ભ્રષ્ટ થયેલી દેવીની જેમ પરિતાપ પામે છે, પશ્ચાત્તાપ કરે છે.

**૪** **जया य पूइमो होइ, पच्छा होइ अपूइमो ।**
**राया व रज्जपब्भट्ठो, स पच्छा परितप्पइ ॥**

**છાયાનુવાદ :** **यदा च पूज्यो भवति, पश्चाद् भवति अपूज्यः ।**
**राजेव राज्यप्रभ्रष्टः, स पश्चात् परितप्यते ॥**

**શબ્દાર્થ :– रज्जपब्भट्ठो** = રાજ્ય ભ્રષ્ટ **राया व** = રાજાની જેમ.

**ભાવાર્થ :–** પ્રથમ તે મહાપુરુષોનો પણ પૂજ્ય હોય છે અને પછી તે અપૂજ્ય બને છે ત્યારે રાજ્યથી પદભ્રષ્ટ થયેલા રાજાની સમાન તે પરિતાપ પામે છે.

**૫** **जया य माणिमो होइ, पच्छा होइ अमाणिमो ।**
**सेट्ठिव्व कब्बडे छूढो, स पच्छा परितप्पइ ॥**

**છાયાનુવાદ :** **यदा च मान्यो भवति, पश्चाद् भवति अमान्यः ।**
**श्रेष्ठीव कर्बटे क्षिप्तः, स पश्चात् परितप्यते ॥**

**શબ્દાર્થ :– माणिमो** = માન્ય હોય છે અને **अमाणिमो** = અમાન્ય થઈ જાય છે **कब्बडे** = અત્યંત ક્ષુદ્ર ગ્રામમાં **छूढो** = પરિત્યક્ત **सेट्ठिव्व** = શ્રેષ્ઠીની સમાન.

**ભાવાર્થ :–** દીક્ષા છોડનાર વ્યક્તિ પહેલાં(મુનિ અવસ્થામાં) તો માન–સન્માન પામે છે અને પછી અમાનનીય–અનાદરણીય થઈ જાય છે. ત્યારે રાજા દ્વારા નાના ગામમાં મૂકાયેલા શ્રેષ્ઠીની જેમ તે સાધુ પણ પરિતાપ પામે છે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં સંયમ છોડનાર સંયમ છોડનાર ભોગાસક્ત વ્યક્તિનો કંઈક સમય પસાર થયા પછી તેને કેવો પરિતાપ–પશ્ચાત્તાપ થાય છે, તે અવસ્થાને શાસ્ત્રકારે ચાર ઉપમા દ્વારા દર્શાવ્યું છે.

**स पच्छा परितप्पइ :–** વીતરાગ શાસનમાં આવ્યા પછી કોઈક સાધુ ગૃહસ્થ જીવનના સ્નેહના અનુરાગથી કે ભોગની આસક્તિથી અથવા નિકાચિત અશુભ કર્મના ઉદયથી મહામૂલા સંયમી જીવનનો ત્યાગ કરી નિઃસાર ગૃહસ્થ જીવનનો સ્વીકાર કરે છે. કદાચ થોડો સમય તેની તીવ્ર લાલસાની પૂર્તિ થવાથી તે ક્ષણિક આનંદનો અનુભવ કરે છે પરંતુ સમય વ્યતીત થતાં વાસ્તવિકતા પ્રગટ થાય છે અને પોતાની ભૂલનું તેને ભાન થાય છે. ત્યારે સંયમી જીવનની મહત્તા અને ગૃહસ્થ જીવનની હીનતા તેને પ્રત્યક્ષ અનુભવાય છે અને માનસિક ખેદ તથા સંતાપને પામે છે. સૂત્રકારે તે સ્થિતિને પ્રદર્શિત કરવા **सपच्छा परितप्पइ** પદનો પ્રયોગ ચાર ઉપમામાં કર્યો છે, તે ચારે ઉપમા અને ઉપમેય આ પ્રમાણે છે–

| ઉપમા<br>સ્થાનભ્રષ્ટ વ્યક્તિ | | ઉપમેય<br>સંયમભ્રષ્ટ સાધુ | |
|---|---|---|---|
| ૧. | સ્થાન ભ્રષ્ટ ઈંદ્રનો પરિતાપ | ૧. | સંયમથી પલાયન કરી ગૃહવાસી થયો તેનો પરિતાપ |
| ૨. | સ્થાનભ્રષ્ટ ઈંદ્રાણીનો પરિતાપ | ૨. | વિશ્વવંદ્યતા ગુમાવવાનો પરિતાપ |
| ૩. | રાજ્યભ્રષ્ટ રાજાનો પરિતાપ | ૩. | લોક પૂજ્યથી અપૂજ્ય થવાનો પરિતાપ |
| ૪. | દેશ નિકાલ કે નગર નિકાલ પામેલો શેઠ | ૪. | અપમાનિત જીવનનો પરિતાપ |

**(૧) इंदो वा पडिओ छमं :–** દેવલોકના વૈભવથી ચ્યુત થઈને પૃથ્વી પર આવેલા ઈન્દ્રની જેમ પરિતાપને પામે છે.

કર્માધીન જીવોની વિચિત્રતાથી આ સંસારમાં અજબ–ગજબની ઘટનાઓ ઘટિત થાય છે. પંચ

પરમેષ્ઠી પદમાં સ્થાન પામેલા સાધુ પણ કર્મના ઉદયે પદ ભ્રષ્ટ થઈ જાય તો દેવ, દાનવ કે સામાન્ય માનવ તો શું વિસતામાં ? ઈન્દ્ર કે ઈન્દ્રાણી સામાન્ય દેવ કે દેવી ક્યારેક માનવીય ભોગની આસક્તિમાં દેવલોકનો ત્યાગ કરે છે. ક્યારેક ઈન્દ્ર પોતાની ઈન્દ્રાણી વગેરેને કોઈ ગુનાના કારણે દેવલોકમાંથી કાઢી મૂકે છે.

જ્ઞાતા સૂત્રમાં વર્ણિત રયણાદેવી માનવ લોકમાં નિવાસ કરતી હતી. તે માનવની ભોગાસક્તિએ દેવલોકથી નિર્વાસિત હતી.

સંગમ દેવે નિરંતર છ મહિના ભગવાન મહાવીરને ઘોર કષ્ટો આપ્યા ત્યારે ક્રોધિત થયેલા શક્રેન્દ્રે તેમને સદાને માટે દેવલોકથી કાઢી મૂક્યો હતો.

આ રીતે સૂત્રકારે ઈન્દ્રની પલાયન વૃત્તિ સાથે સાધુની પલાયનવૃત્તિને સમજાવી છે. અહીં સાધુના પલાયનમાં ભોગાંધતા છે અને ઈન્દ્રના પલાયનમાં ક્રોધાંધતા છે. ક્યારેક કોઈ સાધુ ક્રોધાંધતાથી સંયમનો ત્યાગ કરે છે અને કોઈ ઈન્દ્ર પણ ભોગાંધતાથી દેવલોકનો ત્યાગ કરે છે. તેમજ અન્ય કોઈ પણ આવેગમાં સ્થાનનો ત્યાગ કરે છે.

**(૨) देवया य चुया ठाणा :–** સંયમ ત્યાગનારને પૂર્વની વંદનીયતા અને વર્તમાનની અવંદનીયતાના કારણે પરિતાપ થાય છે, તે પરિતાપને સૂત્રકારે ત્રીજી ગાથામાં દેવલોકની દેવીના પરિતાપથી ઉપમિત કર્યો છે. દેવલોક છોડીને મૃત્યુલોકમાં આવીને વસેલી દેવી કે ઈન્દ્રાણી, સમય જતાં દેવલોકના અસંખ્ય દેવોના સ્વામી ઈન્દ્રની મહારાણી અવસ્થાની ઋદ્ધિને સાહબીને યાદ કરી મૃત્યુલોકના ખુણામાં પડેલી પોતાની દશાનો વિચાર કરીને પરિતાપ પામે છે.

**(૩) राया व रज्ज पब्भट्ठो :–** સંયમ છોડનારને ક્યારેક પૂર્વની પૂજનીયતા અને પછીની અપૂજનીયતાની મનમાં તુલના થાય ત્યારે તેને પરિતાપ થાય છે. સૂત્રકારે તેને રાજભ્રષ્ટ રાજાના પરિતાપની ઉપમા દીધી છે. પરસ્પરના આક્રમણથી કે પોતાના અવગુણથી અથવા કોઈપણ કર્મ સંયોગે રાજ્ય ભ્રષ્ટ રાજા પોતાની પૂર્વ અવસ્થાની પૂજનીયતા યાદ આવતાં પરિતાપ પામે છે. જેમ કે પદ્મરથ ભોગાસક્તિથી, પરસ્ત્રી લંપટતાના કારણે રાજ્ય ગુમાવી દીધું હતું.

**(૪) सेट्ठिव्व कब्बडे छूडो :–** સંયમ છોડનારને જ્યારે પૂર્વની સન્માનિત દશા અને પછીની અસન્માનિત દશાના ભેદનો પરિતાપ થાય તે પરિતાપને સૂત્રકારે નાના ગામમાં મૂકાયેલા શ્રેષ્ઠીના પરિતાપથી ઉપમિત કર્યો છે. ક્યારેક કોઈ નગરશેઠના અક્ષમ્ય અપરાધના કારણે રાજા તેને રાજ્યમાંથી નિર્વાસિત કરે છે, દેશ નિકાલની સજા કરે છે. ક્યારે રાજધાનીમાંથી નાના ગામડામાં કાઢી મૂકે છે. તે શેઠ પોતાના શહેરી સન્માનને યાદ કરીને પરિતાપ પામે છે તેમ સંયમ છોડનારને પણ પરિતાપ થાય છે.

સંસારી પ્રાણી તે ભલેને દેવ હોય કે માનવ હોય તેઓ પ્રાયઃ 'અપ્રાપ્તપ્રિય' હોય છે. પોતાની પ્રાપ્ત અવસ્થામાં તેને સંતોષ રહેતો નથી. તેઓ અપ્રાપ્તની લાલચમાં પ્રાપ્તને પણ છોડી દે છે. પરિણામે દરેકને જુદી જુદી રીતે પશ્ચાત્તાપ થાય છે.

**ओहाविओ** = સંયમ છોડી જનાર **सव्व धम्म परिभट्ठो** = સર્વ વિરતિ ધર્મથી પરિભ્રષ્ટ **वंदिमो** = આવર્તન યુક્ત વંદના, અંજલિ યુક્ત નમસ્કાર **पूइमो** = પૂજનીય. સાધુની અપેક્ષાએ આહારાદિ ખાદ્ય સામગ્રી, વસ્ત્રાદિ ઉપકરણ; રાજાની અપેક્ષાએ–વસ્ત્રાભૂષણ વગેરેની ભેટ **माणिमो** = માનનીય. આદર સત્કાર–સામે જવું, વધાવવું, આસન આપવું, ખુશી પ્રકટ કરવી વગેરે.

**कब्बडे :–** તેના ત્રણ પ્રસિદ્ધ અર્થ છે.– (૧) ઘણા નાના ઘર અથવા નાના ગામડા (૨) કુનગર– જ્યાં ખરીદ વેચાણ થતું નથી. (૩) જ્યાં નાની એવી બજાર હોય છે, તેવું ગામડું.

**सेट्ठी :–** તેના ત્રણ અર્થ છે.– (૧) લક્ષ્મીની છાપવાળી પાઘડી બાંધવાની રાજાજ્ઞા જેને મળી હોય. (૨) વણિક–ગામનો પ્રધાન (૩) રાજમાન્ય નગર શેઠ.

## વૃદ્ધાવસ્થામાં થતો પરિતાપ :–

**૬** **जया य थेरओ होइ, समइक्कंतजुव्वणो ।**
**मच्छुव्व गलं गिलित्ता, स पच्छा परितप्पइ ॥**

**છાયાનુવાદ :** **यदा च स्थविरो भवति, समतिक्रान्तयौवनः ।**
**मत्स्य इव गलं गिलित्वा, स पश्चात् परितप्यते ॥६॥**

**શબ્દાર્થ :– समइक्कंतजुव्वणो** = યુવા અવસ્થા વ્યતીત થાય ત્યારે **थेरओ** = સ્થવિર થઈ જાય છે **गलं** = ગલને, લોહ કાંટા ઉપર રાખેલા માંસને **गिलित्ता** = ગળીને **व्व** = જેમ **मच्छु** = મત્સ્ય, માછલી પશ્ચાત્તાપ કરે છે, તેની જેમ.

**ભાવાર્થ :–** ભોગેચ્છાથી સંયમધર્મને તરછોડી ગૃહસ્થ જીવનમાં ગયેલો સાધક યૌવન વય વ્યતીત થયા પછી વૃદ્ધાવસ્થામાં પ્રવેશે છે ત્યારે માંસની લોલુપતાને કારણે લોખંડના કાંટામાં ફસાયેલ માછલાની જેમ ખૂબ પીડા પામે છે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથામાં જુવાનીના નશામાં સંયમી જીવનનો ભોગ દેનારની વૃદ્ધાવસ્થા તરફ અંગુલી નિર્દેશ કરેલ છે અને મચ્છની આહાર સંજ્ઞાના પરિતાપ સાથે, મૈથુન સંજ્ઞાએ સંયમમાંથી પલાયન કરનારના પરિતાપની તુલના દર્શાવી છે.

માછીમારો જલાશયમાંથી માછલા પકડવા માટે દોરીની જાળમાં ગૂંથેલા લોખંડના અણીદાર કાંટાઓમાં માંસના ટુકડા ભરાવે છે. માંસની લાલચથી માછલીઓ તેમાં મોઢું નાંખે છે. પરંતુ માંસનો ક્ષણિક સ્વાદ તેને ત્યાં જ ફસાવી દે છે અર્થાત્ લોખંડના કાંટાથી તેનું તાળવુ વિંધાય જાય છે અને તે

પરિસ્થિતિનું દુઃખ અનુભવતાં તેને માંસની ક્ષણિક આસક્તિ માટે ત્યાં આવવાનો ઘણો પરિતાપ થાય છે. પરંતુ હવે તે ત્યાંથી છૂટી શકતી નથી, માછીમારના પંજામાં ફંસાઈને મૃત્યુ પામે છે. તે જ રીતે સાધુ સંયમી જીવનમાં સ્વાધ્યાય અને ધ્યાનની મસ્તીને છોડીને ભોગવિલાસના ક્ષણિક આનંદમાં ફસાઈને સંયમી જીવનનો ત્યાગ કરે છે. પરંતુ તે વૃદ્ધાવસ્થામાં ભોગ માટે અયોગ્ય બની જતાં દુઃખી થાય છે, ત્યારે સંયમી જીવનના નિરપેક્ષ આનંદને યાદ કરીને તે મહા પરિતાપને પામે છે.

## સ્વજનોની વિડંબનામાં થતો પરિતાપ :–

**૭** **जया य कुकुडुंबस्स, कुतत्तीहिं विहम्मइ ।**
**हत्थी व बंघणे बद्धो, स पच्छा परितप्पइ ॥**

**છાયાનુવાદ :** यदा च कुकुटुम्बस्य, कुतप्तिभिर्विहन्यते ।
हस्तीव बन्धने बद्धः, स पश्चात् परितप्यते ॥

**શબ્દાર્થ :– कुकुडुंबस्स** = દુષ્ટ કુંટુંબની **कुतत्तीहिं** = દુષ્ટ ચિંતાઓથી **विहम्मइ** = પ્રતિહત થાય છે **बंघणे बद्धो** = વિષયની લાલચથી બંધનમાં બાંધેલા **हत्थी व** = હાથીની જેમ.

**ભાવાર્થ :–** સંયમ તરછોડી ગૃહવાસને પ્રાપ્ત થયેલો સાધક જ્યારે સામાન્ય કુટુંબની દુશ્ચિંતાઓથી ઘેરાઈને અત્યંત દુઃખી થાય છે ત્યારે તે બંધનમાં બંધાયેલા હાથીની જેમ પરિતાપ પામે છે.

**૮** **पुत्तदारपरिकिण्णो मोहसंताणसंतओ ।**
**पंकोसण्णो जहा णागो, स पच्छा परितप्पइ ॥**

**છાયાનુવાદ :** पुत्रदारपरिकीर्णो, मोहसन्तानसन्ततः ।
पङ्कावसन्नो यथा नागः, स पश्चात् परितप्यते ॥

**શબ્દાર્થ :– पुत्तदारपरिकिण्णो** = પુત્ર અને સ્ત્રીથી ઘેરાયેલો **मोहसंताणसंतओ** = મોહ જાળમાં ગૂંથાયેલો **पंकोसण्णो** = કીચડમાં ફસાયેલો **णागो** = હાથીની.

**ભાવાર્થ :–** સંયમ તરછોડી ગૃહસ્થી બનેલો સાધક જ્યારે સ્ત્રી, પુત્ર, પરિવારથી ઘેરાઈને, મોહકર્મની પરંપરામાં ગૂંચવાઈ જાય છે; ત્યારે કાદવમાં ખૂંચેલા હાથીની જેમ પરિતાપને પામે છે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં બંધનમાં બંધાયેલા અને કીચડમાં ફસાયેલા એમ હાથીના બે દષ્ટાંતોથી સંયમી જીવનનો ત્યાગ કરનારની સ્થિતિને સમજાવી છે.

**हत्थी व बंधणे बद्धो :–** હાથીને નિયંત્રણમાં કરનાર કુશળ માનવ જંગલમાં હાથીના આવાગમનના માર્ગમાં તે હાથીની ઊંચાઈથી વધારે ઊંડો, લાંબો અને પહોળો ખાડો કરી, તેને ઉપરથી ઘાસ વગેરે દ્વારા આચ્છાદિત કરી, પછી તેના ઉપર એક કૃત્રિમ હાથણીને ઊભી રાખી દે છે. વિષય ભોગમાં આસક્ત હાથી હાથણીને જોઈને ત્યાં દોડી જાય છે અને પોલાણવાળા ઊંડા ખાડામાં પડી જાય છે છુપાયેલા માણસો આવી તે ગજરાજને મોટા દોરડા કે સાંકળો વડે બાંધી લે છે અને પછી તેનું પોષણ શિક્ષણ કરી પૂર્ણ આધીન કરી લે છે.

ભોગની લાલચથી અજ્ઞાનપણે પકડાઈને પરવશ બનેલા હાથીને સમય જતાં તેનો માલિક મજૂરી કરાવે, લાકડા વગેરે હલકી ચીજો ઉપડાવે, ગધેડાની જેમ ભાર ભરે, પૂરું ખાવા ન આપે અને તે સર્વ પરિસ્થિતિઓને પરવશ પણે સહન કરી તે ગજરાજ પીડિત થાય છે પરંતુ બંધનથી મુક્ત થઈ શકતો નથી.

ગજરાજતો દગાથી પરવશપણે બંધનને પામી દુખી થાય છે પરંતુ સાધુ તો ભોગાસક્તિમાં ફસાઈને સ્વેચ્છાથી અમૂલો સંયમ માર્ગ છોડી પતનના માર્ગે જઈ શારીરિક, માનસિક દુઃખોથી પરિતપ્ત થાય છે. આ રીતે આ દષ્ટાંતમાં સાધક માનવની સ્થિતિ પશુ(હાથી)થી પણ હીન દર્શાવી છે. કારણ કે માનવ પોતાની બુદ્ધિ ભ્રષ્ટ થતાં હાથે કરી સુખનો માર્ગ છોડી સુખાભાસમાં લોભાઈને દુખી થાય છે. તેના માટે આ હાથીની ઉપમા પણ ઓછી પડે છે. ભોગાસક્તિની અપેક્ષાએ તુલના કરેલ છે તેથી આ દષ્ટાંત બરોબર છે.

**पंकोसण्णो जहा णाणो... :–** આ આઠમી ગાથામાં સ્ત્રી પુત્ર પરિવારની મોહ જાળમાં ફસાયેલા સંયમ ભ્રષ્ટ માનવ માટે સૂત્રકારે કીચડમાં ફસાયેલા હાથીનું દષ્ટાંત આપ્યું છે.

ભયંકર ગરમીના દિવસોમાં જ્યારે જલાશયોમાં પાણી ઓછું હોય અને કીચડ વધારે હોય ત્યારે તરસથી પીડિત હાથી સરોવર સમીપે પહોંચી, પાણી દૂર હોવા છતાં ત્યાં પહોંચવાની આશાથી તે કીચડમાં ઉતરે છે અને કીચડમાં ફસાઈ જાય છે. હવે બહાર કિનારે આવી શકતો નથી અને પાણી સુધી પહોંચી પણ શકતો નથી વચ્ચે જ કીચડમાં ફંસાયેલો તે તરસ્યો જ રહીને દુઃખી થાય છે અને મૃત્યુ પામે છે. તે જ રીતે ગૃહસ્થ થયેલો પતિત સાધક સ્ત્રી, પુત્ર પરિવારના લાલન પાલનમાં, સાર–સંભાળ વગેરે રૂપ મોહ કીચડમાં ફસાઈ જાય છે. સંયમ અને ધર્માચરણને જાણતાં, સમજતા અને ઈચ્છા હોવા છતાં પણ તે કરી શકતો નથી અને ધર્માચરણ વિના જ મૃત્યુ થાય ત્યારે ખૂબ પરિતાપ પામે છે.

આ રીતે અહીં એક ગાથામાં કૌટુમ્બિક દુઃખોનો પરિતાપ નિરૂપિત છે અને બીજી ગાથામાં મોહરૂપી કીચડમાં ફસાઈ જવાનો પરિતાપ કે પશ્ચાત્તાપ વર્ણિત છે. આ બંનેમાં હાથીનું દષ્ટાંત હોવા છતાં વિષયનો તફાવત સ્પષ્ટ છે.

### સંયમોન્નત દશાની કલ્પનાથી મનોવેદના :–

**૧** **अज्जाहं गणी हुंतो, भावियप्पा बहुस्सुओ ।**
**जइ हं रमंतो परियाए, सामण्णे जिणदेसिए ॥**

**છાયાનુવાદ :** अद्याऽहं गणी अभविष्यं, भावितात्मा बहुश्रुतः ।
यद्यहमरमिष्यं पर्याये, श्रामण्ये जिनदेशिते ॥

**શબ્દાર્થ :–** **अज्ज** = આજે **अहं** = હું **गणी** = આચાર્ય **हुंतो** = હોત **जइ** = જો **हं** = હું **भावियप्पा** = ભાવિતાત્મા અને **बहुस्सुओ** = બહુશ્રુત થઈને **जिणदेसिए** = જિનોપદેશિત **सामण्णे** = સાધુ સંબંધી **परियाए** = ચારિત્રમાં **रमंतो** = રમણ કરતો.

**ભાવાર્થ :–** જો મેં જિનેશ્વર કથિત શ્રમણ પર્યાયનું આજ સુધી યથાર્થ પાલન કર્યું હોત તો આજે હું બહુશ્રુત શ્રમણ અને ભાવિતાત્મા આચાર્ય બની ગયો હોત.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથામાં તે સંયમ જીવનને છોડનાર(પડિવાઈ) વ્યક્તિની મનોકલ્પનાનું દિગ્દર્શન છે.

ગૃહવાસના સ્વીકાર કર્યા પછી તે પડિવાઈ સાધુને પૂર્વ બે ગાથાનુસાર ગૃહસ્થ જીવનની કઠિનાઈનો અને સ્નેહપાશની ભયંકરતાનો અનુભવ થાય છે અને તેના સારરૂપે "મને આજીવનમાં કોઈ લાભ થયો નથી," તેવી વાસ્તવિકતા સમજાય જાય છે. ત્યારે તેને પોતાના કરેલા કૃત્યોના ખેદપૂર્વક સંયમી જીવનની યાદ આવે છે. અંતરના ઊંડાણથી તેને સાધુ જીવનની નિશ્ચિંતતા અને શાંતિ સાંભરે છે. જો સંયમ જીવનમાં રહ્યો હોત તો સંયમના મહાપ્રભાવે મારું સ્થાન અને સન્માન અનેરું હોત. મેં મારા જીવનમાં કાચના ચળકાટમાં અંજાઈને બહુમૂલ્યવાન હીરાને છોડી દીધો છે; આ રીતે તે ખેદ પામે છે.

### તન્મય–અતન્મય શ્રમણ :–

**૧૦** देवलोगसमाणो उ, परियाओ महेसिणं ।
रयाणं अरयाणं तु, महाणरयसारिसो ॥

**છાયાનુવાદ :** देवलोकसमानस्तु, पर्यायो महर्षीणाम् ।
रतानामरतानां च, महानरकसदृशः ॥

**શબ્દાર્થ :–** **रयाणं** = સંયમરત **महेसिणं** = મહર્ષિઓને **परियाओ** = ચારિત્ર **देवलोगसमाणो** = દેવલોક સમાન લાગે છે **अरयाणं** = સંયમમાં રતિ નહિ રાખનારાઓને ચારિત્ર **महाणरयसारिसो** = મહાન્ નરકની સમાન લાગે છે.

**ભાવાર્થ :–** સંયમ પર્યાયમાં તલ્લીન ચિત્તવાળા મહર્ષિઓને સંયમ દેવલોકની સમાન સુખપ્રદ લાગે છે પરંતુ સંયમ ક્રિયાઓમાંથી વિચલિત ચિત્તવાળા સાધકને અર્થાત્ સંયમમાં અતન્મય સાધકને સંયમ મહાનરકની સમાન દુઃખપ્રદ લાગે છે.

**૧૧** अमरोवमं जाणिय सुक्खमुत्तमं, रयाणं परियाए तहा अरयाणं ।
णरओवमं जाणिय दुक्खमुत्तमं, रमिज्ज तम्हा परियाय पंडिए ॥

**છાયાનુવાદ :** अमरोपमं ज्ञात्वा सोख्यमुत्तमं, रतानां पर्याये तथाऽरतानाम् ।
नरकोपमं ज्ञात्वा दुःखमुत्तमं, रमेत तस्मात् पर्याये पण्डितः ॥

**શબ્દાર્થ :–** **पंडिए** = પંડિત સાધુ **परियाए** = ચારિત્રમાં **रयाणं** = રત રહેનારને **अमरोवमं** = દેવતા સરખું **उत्तमं** = ઉત્તમ **सुक्खं** = સુખને **जाणिय** = જાણીને **अरयाणं** = સંયમમાં રત નહિ રહેનારને **णरओवमं** = નરકની સમાન **उत्तमं** = ઉત્કૃષ્ટ **दुक्खं** = દુઃખને **जाणिय** = જાણીને **परियाय** = સંયમ પર્યાયમાં **रमिज्ज** = રમણ કરે.

**ભાવાર્થ :–** સંયમમાં તલ્લીન મહર્ષિઓના દેવતુલ્ય શ્રેષ્ઠ સુખોને તથા સંયમ પર્યાયથી વિચલિત ચિત્ત–વાળા સાધકોના નરક તુલ્ય ઘોર દુઃખોને જાણીને પંડિત મુનિ સંયમમાં સદા તન્મય બની રહે.

## વિવેચન :–

પ્રસ્તુત બે ગાથામાં સંયમ સાધનામાં દત્તચિત્ત સાધકના સુખને અને સંયમ અનુષ્ઠાનોથી વિચલિત ચિત્તવાળા સાધકના દુઃખને ક્રમશઃ દેવલોક અને નરકના સુખ દુઃખની ઉપમા દ્વારા સમજાવ્યા છે.

**देवलोग समाणो य परियाओ :–** જે સાધુ સદા સંયમમાં તન્મય રહે છે; પ્રતિપળ અપ્રમત્તભાવે તે સંયમની દરેક પ્રવૃત્તિમાં આનંદ માને છે; રાત–દિન આગમ અને ગુરુ આજ્ઞામાં જ વ્યસ્ત ચિત્ત રહે છે; તેના માટે મુનિપર્યાય દેવલોક સમાન સુખપ્રદ છે. જે રીતે દેવતા દેવલોકમાં થતાં નૃત્ય, ગીત, વાદ્ય આદિ મનોજ્ઞ વિષયોમાં જોવામાં મગ્ન રહે છે અને હંમેશાં પ્રસન્નતાથી સમય વ્યતીત કરે છે. તે જ રીતે સંયમી સાધક પણ આગમની સ્વાધ્યાય, અનુપ્રેક્ષા, પ્રતિક્રમણ, પ્રતિલેખન, ધર્મોપદેશ તેમજ ધ્યાન, મૌન વગેરે અનુષ્ઠાનોમાં નિમગ્ન રહે છે તે સંયમના વિવિધ પરિષહ કે કષ્ટોના સમયે પણ સદા પ્રસન્ન ચિત્ત તેમજ આનંદ વિભોર રહે છે. તેના માટે આ સંયમ દેવલોકથી પણ અધિક સુખકર હોય છે. યથા– ગજસુકુમાર મુનિ. જેઓ સંયમભાવમાં દત્તચિત્ત બની ગયા હતા. તેથી એક જ દિવસની સંયમ પર્યાયમાં ધગધગતા અંગારાના મારણાંતિક ઉપસર્ગને સમભાવથી સહન કરીને અલ્પ સમયમાં મોક્ષગામી થઈ ગયા હતા. આ રીતે સિદ્ધ થાય છે કે સંયમમાં જેનું ચિત્ત તલ્લીન છે, તેને માટે સંયમ દેવલોક સમ સુખોની ખાણ જ છે.

સંયમી જીવનનો આનંદ આત્મસ્વરૂપ હોવાથી નિરુપાધિક છે. દેવલોકનો આનંદ સંયોગજન્ય હોવાથી સોપાધિક છે. શ્રી ભગવતી સૂત્રમાં સંયમ પાલનથી પ્રાપ્ત થતાં આત્માના આનંદનું વર્ણન કરતાં કહ્યું છે કે એક માસની દીક્ષાપર્યાયવાળા સાધુના સંયમી જીવનનો આનંદ વાણવ્યંતર દેવોના આનંદથી અનેક ગુણો અધિક છે. ત્યાર પછી ક્રમશઃ વધતાં એક વર્ષની દીક્ષા પર્યાયવાળા સાધુના સંયમી જીવનનો આનંદ અનુત્તર વિમાનવાસી દેવોના આનંદથી પણ અનેક ગણો અધિક હોય છે. આ કથન સામાન્ય વિકાસના

અનુક્રમે સમજાવ્યું છે. વિશેષ વિકાસમાં તો ચારિત્ર પર્યાયો અક્રમિક વધતાં તે ચારિત્રનિષ્ઠ શ્રમણ અલ્પ સમયમાં પણ વિચાર શ્રેણીની પરમ પવિત્રતા અને નિર્મળતા પામી મોક્ષના શાશ્વત સુખને પ્રાપ્ત કરી શકે છે.

દેવલોકના દિવ્ય સુખ આયુષ્ય પૂર્ણ થતાં પૂર્ણ થાય છે, જ્યારે ચારિત્ર પર્યાયનું સ્વભાવજન્ય સુખ શાશ્વત થઈ જાય છે. આ રીતે ખરેખર તો સંયમના સુખની તુલના દૈવી સુખ સાથે થઈ શકે તેમ નથી; તે અનુપમ છે. તેમ છતાં લોક વ્યવહારમાં કે સંસારમાં દૈવી સુખ સર્વોપરી ગણાય છે. તેથી સૂત્રકારે સંયમી જીવનના સુખની તુલના દૈવી સુખ સાથે કરી છે.

**अरयाणं च महाणरयसारिसो :–** જેના વિચારો સંયમ જીવનથી વિચલિત થઈ ગયા છે. સંયમના આચાર– વિચાર, વ્રત–નિયમો પ્રતિ શ્રદ્ધા–નિષ્ઠા અસ્થિર બની ગઈ છે, જેને સંયમી જીવનમાં અંતર રુચિ રહી નથી, તેને સંયમી જીવન નરક સમ ભાસે છે. જેને ભોગવિલાસનું આકર્ષણ થઈ ગયું છે, સ્વજનોનો રાગ પ્રધાન થઈ ગયો છે, જે સર્વ પ્રકારની અનુકૂળતાઓને જ ઝંખે છે. તેને સંયમી જીવનના સામાન્ય કષ્ટ, ઉપસર્ગ કે પરીષહ પણ નરકની વેદના સમ લાગે છે. તે નૈરયિકોની જેમ અહર્નિશ અશાંત અને ભોગ સુખો માટે આકુળ વ્યાકુળ રહે છે. આ રીતે વ્યક્તિની પાત્રતા અને રુચિના આધારે સંયમી જીવનના અનુભવમાં તરતમતા હોય છે.

**रमिज्ज तम्हा परियाय पंडिए :–** ઉપરોક્ત બંને પ્રકારની માનસિકતાનું સ્પષ્ટ ચિત્ર ઊભું કર્યા પછી શાસ્ત્રકારે આ પદમાં મુમુક્ષુ સાધક આત્માને **પંડિત** એવા બિરુદના ઉચ્ચારણ સાથે આદેશ યુક્ત શિક્ષા ફરમાવી છે કે આ બંને તત્ત્વોનો વિચાર કરી પંડિત પુરુષ **तहचित्ते** સંયમ ભાવમાં રમણ કરે.

## ધર્મ છોડી અધર્મી થનારની અવદશા :–

**૧૨** **धम्माउ भट्ठं सिरिओववेयं, जण्णग्गिविज्झायमिवप्पतेयं ।**
**हीलंति णं दुव्विहियं कुसीला, दाढुड्ढियं घोरविसं व णागं ॥**

**છાયાનુવાદ : धर्माद् भ्रष्टं श्रियो व्यपेतं, यज्ञाग्निं विध्यातमिवाऽल्पतेजसम् ।**
**हीलयन्ति एनं दुर्विहितं कुशीलाः, उद्धृतदंष्ट्रं घोरविषमिव नागम् ॥**

**શબ્દાર્થ :– कुसीला** = કુત્સિત શીલવાળા લોકો પણ **सिरिओववेयं** = તપોરૂપ લક્ષ્મીથી રહિત **दुव्विहियं** = દુર્વિહિત સાધુને અયથાર્થ રીતે સંયમ પાલનારને, દુષ્ટ વ્યાપાર કરનારને **धम्माउ भट्ठं** = ધર્મથી ભ્રષ્ટ **विज्झायं** = બુઝાયેલી **अप्पतेयं** = તેજ રહિત **जण्णग्गिमिव** = યજ્ઞની અગ્નિ સમાન **दाढुड्ढियं** = દાઢ કાઢી નાખી છે તેવા **घोरविसं** = રૌદ્ર વિષવાળા **णागं व** = સર્પની સમાન **हीलंति** = અવહેલના પામે છે.

**ભાવાર્થ :–** જેમ દાઢો ખેંચી લીધેલા મહાવિષધર સર્પની સાધારણ લોકો પણ અવહેલના કરે છે. તેમજ ધર્મથી ભ્રષ્ટ, તપસંયમરૂપી લક્ષ્મીથી રહિત, ઠરી ગયેલા યજ્ઞના અગ્નિની જેમ નિસ્તેજ અને દુર્વિહિત (આચારવાળા) તે મુનિની સામાન્ય અને દુરાચારી લોકો પણ અવહેલના કરે છે.

**બીજી રીતે અર્થ–** જે રીતે ઠરી ગયેલા યજ્ઞની નિસ્તેજ અગ્નિની અને દાઢો ખેંચી લીધેલા મહાવિષધર સર્પની અવહેલના થાય છે, તે જ રીતે ધર્મથી ભ્રષ્ટ, તપસંયમરૂપી લક્ષ્મીથી રહિત, દુર્વિહિત સાધુની સામાન્ય લોકો અને દુરાચારી લોકો પણ અવહેલના કરે છે.

**१३**

**इहेव धम्मो अयसो अकित्ती, दुण्णामधिज्जं च पिहुज्जणम्मि ।**
**चुयस्स धम्माउ अहम्मसेविणो, संभिण्णवित्तस्स य हेट्ठओ गई ॥**

**છાયાનુવાદ : इहैव अधर्मोऽयशोऽकीर्तिः, दुर्नामधेयं च पृथग् जने ।**
**च्युतस्य धर्मादधर्मसेविनः, संभिन्नवृत्तस्य चाधस्ताद्गतिः ॥**

**શબ્દાર્થ :– धम्माउ** = ધર્મથી **चुयस्स** = પતિત **अहम्मसेविणो** = અધર્મનું સેવન કરનાર **संभिण्ण– वित्तस्स** = વ્રતોને ખંડિત કરનારા **इहेव** = આ લોકમાં **अधम्मो** = અધર્મી કહેવાય છે **अयसो** = અપયશ **अकित्ती** = અપકીર્તિ પામે છે **पिहुज्जणम्मि** = સાધારણ લોકોમાં **दुण्णामधिज्जं** = બદનામ થાય છે, અપમાનિત થઈ જાય છે **हेट्ठओ गई** = નીચ ગતિઓમાં જાય છે.

**ભાવાર્થ :–** ધર્મથી ચ્યુત, અધર્મ સેવી અને ખંડિત ચારિત્રવાળા સાધુને આ મનુષ્ય જીવનમાં જ અધર્મ (પાપચરણ), અપયશ તથા અપકીર્તિની પ્રાપ્તિ થાય છે અને સામાન્ય લોકોમાં પણ તે બદનામ થાય છે; તેમજ તેની અધોગતિ થાય છે.

## ભોગાસક્ત પુરુષની દુર્ગતિ અને અબોધિ :–

**१४**

**भुंजित्तु भोगाइं पसज्झ चेयसा, तहाविहं कट्टु असंजमं बहुं ।**
**गइं च गच्छे अणहिज्झियं दुहं, बोही य से णो सुलहा पुणो पुणो ॥**

**છાયાનુવાદ : भुक्त्वा भोगान् प्रसह्य चेतसा, तथाविधं कृत्वाऽसंयमं बहुम् ।**
**गतिं च गच्छेदनभिध्यातां दुखां, बोधिश्च तस्य नो सुलभा पुनः पुनः ॥**

**શબ્દાર્થ :– पसज्झ चेयसा** = દત્તચિત્તથી, આસક્તિપૂર્વક, આસક્ત ચિતે, તીવ્ર આસક્તિના પરિણામે **भोगाइं** = ભોગોને, વિષય ભોગોને, કામભોગોને **भुंजित्तु** = ભોગવીને, આસેવન કરીને **तहाविहं** = તથા વિધ **बहुं** = ઘણા **असंजमं** = અસંયમના કાર્યો, પાપચરણો **कट्टु** = કરીને **दुहं** = દુઃખ દેનારી **अणहिज्झियं** = અનિષ્ટ **गइं** = ગતિમાં **गच्छे** = જાય છે **बोही** = બોધિતત્ત્વ **पुणो पुणो** = વારંવાર, અનેક ભવમાં પણ **णो सुलहा** = સુલભ થતું નથી, દુર્લભ થાય છે.

**ભાવાર્થ :–** સંયમને તરછોડી ગૃહસ્થ થયેલા તે સાધક આસક્ત ચિત્તે વિષય ભોગોનું આસેવન કરી તેમજ તત્સંબંધી પ્રચુર પાપાચરણો કરીને અનિષ્ટ તથા દુઃખ પૂર્ણ ગતિમાં જાય છે અને વારંવાર(અનેક)

જન્મ મરણ કરવા છતાં પણ તેને ધર્મની પ્રાપ્તિ દુર્લભ થઈ જાય છે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં સૂત્રકારે સંયમથી પતિત થયેલા સાધુની દુર્દશાનું બે દષ્ટાંતો દ્વારા સ્પષ્ટ ચિત્રાંકન કર્યું છે.

**धम्माउ भट्ठं सिरिओववेयं :–** શાસ્ત્રકારે સંયમ ભ્રષ્ટ અને તપોલક્ષ્મીથી રહિત વ્યક્તિની નિસ્તેજતા અને અવહેલનાની તુલના યજ્ઞની બુઝાયેલી અગ્નિ તથા કાઢી લીધેલી દાઢવાળા વિષધર સર્પ સાથે કરી છે– (૧) યજ્ઞની અગ્નિ જ્યાં સુધી પ્રજવલિત રહે છે ત્યાં સુધી લોકો તેમાં મધ–ઘી વગેરે શ્રેષ્ઠ વસ્તુઓ આહુતિ રૂપે નાંખે અને તેને હાથ જોડીને પ્રણામ કરે છે. તે અગ્નિ બુઝાય જાય પછી તેની પૂજા થતી નથી અને તેનું સંપૂર્ણ તેજ નિસ્તેજ બની જાય છે. તેમ સંયમમાં વિચરણ કરનાર સાધુ મહાતેજસ્વી, તપોધની કે મહાજ્ઞાની અને લબ્ધિધારી હોય; જગતમાં પૂજાતો હોય, પણ ધર્મભ્રષ્ટ થઈ ભોગાસક્તિના કારણે જ્યારે સંયમને છોડી ગૃહસ્થ થઈ જાય ત્યારે તેના તે મહાન ગુણો અને સંયમ પ્રભાવ વગેરે નિસ્તેજ થઈ જાય છે.

(૨) સર્પના મોઢામાં રહેલી દાઢમાં વિષ હોય છે, તે જ તેના જીવનનો પ્રભાવ છે, તેના કારણે સામાન્ય વ્યક્તિ તેની સામે આવતી નથી કે તેનો તિરસ્કાર કરતી નથી. પરંતુ જ્યારે તે દાઢમાંથી વિષ નીકળી જાય ત્યારે સામાન્યમાં સામાન્ય માણસ પણ તેનો **તિરસ્કાર** કરે; છે નાના બાળકો પણ તેના મોઢામાં લાકડી નાંખે કે તેને હેરાન કરે છે. તે જ રીતે સંયમસારથી નિઃસાર બનેલો તે પડિવાઈ સાધુ ગૃહસ્થ જીવનમાં રહેતાં સામાન્ય જનથી પણ તિરસ્કૃત થઈને મનમાં ને મનમાં દુઃખી થાય છે.

**दुण्णामधिज्जं :–** 'દુઃ'નો અર્થ છે નરસું અને **णामाधिज्जं** = **णामधेयं** નો અર્થ છે નામવાળા. સંપૂર્ણ શબ્દનો અર્થ છે–બદનામ. સંયમ પતિત વ્યક્તિ લોકોમાં બદનામ થઈ જાય છે. તેનું નામ સાંભળ તાં જ લોકોના મનમાં ઘૃણા થાય છે કે અરે ! તેણે તો સાધુપણું છોડી લગ્ન કરી લીધા છે. આ રીતે તેનું નામ સાંભળતાં જ લોકો ધિક્કારે છે.

**संभिण्ण वित्तस्स य हेट्ठओ गई :–** સંયમી જીવનનો ત્યાગ કરનાર ભોગાસક્ત વ્યક્તિ વ્રત નિયમોને ખંડિત કરી અધર્મનું આચરણ કરે છે. અધર્માચરણથી લોકમાં તેનો અપયશ અને અપકીર્તિ ફેલાય છે. લોકો તેને ધર્મભ્રષ્ટ, કાયર વગેરે તુચ્છ સંબોધનોથી બોલાવે છે. આ રીતે આ લોકમાં તેની બદનામી, તિરસ્કાર વગેરે થાય છે અને આયુષ્ય પૂર્ણ થતાં તે નીચ ગતિઓમાં ભ્રમણ કરે છે.

**बोही य से णो सुलहा पुणो पुणो :–** ભોગની લાલસાથી જ જેણે ગૃહવાસ સ્વીકાર્યો છે તેવા તેઓ પાંચે ઈન્દ્રિયોના વિષયોનું આસક્તિપૂર્વક સેવન કરે છે અને તેના માટે અન્ય અનેક પ્રકારે પાપકારી પ્રવૃત્તિઓ કરે છે. તેથી તેના ભોગના સંસ્કારો દઢ, દઢતમ બનતા જાય છે અને તે દીર્ઘકાલ પર્યંત સંસારમાં પરિભ્રમણ કરે છે અને અનેક ભવોમાં પણ તેને સમ્યગ્ ધર્મબોધની પ્રાપ્તિ દુર્લભ બની જાય છે. ક્ષણિક એવા વિષય સુખો માટે અમૂલ્ય સંયમનો પરિત્યાગ કરવો તેને માટે મહા અપરાધ તુલ્ય બની જાય છે.

**दुव्विहियं :–** જેનું આચરણ દુષ્ટ = અયથાર્થ હોય તેને દુર્વિહિત કહે છે. ખાસ કરીને સંયમ સમાચારીનું વિધિવત્ પાલન કરનાર સાધુને સુવિહિત અને વિધિવત્ પાલન ન કરનાર સાધુને દુર્વિહિત સાધુ કહેવાય છે.

**संभिण्णवित्तस्स :–** વૃત્ત = પ્રવૃત્તિ, આચાર, શીલ અને ચારિત્ર. જેના સંયમાચાર ખંડિત થઈ ગયા હોય તેને સંભિન્નવૃત્ત કહે છે.

**સંયમમાં સ્થિરતા માટે પ્રેરણા :–**

**૧૫** इमस्स ता णेरइयस्स जंतुणो, दुहोवणीयस्स किलेसवत्तिणो ।
पलिओवमं झिज्जइ सागरोवमं, किमंग पुण मज्झ इमं मणोदुहं ॥

**છાયાનુવાદ :** अस्य तावन्नारकस्य जन्तोः, दुःखोपनीतस्य क्लेशवृत्तेः ।
पल्योपमं क्षीयते सागरोपमं, किमङ्ग पुनर्ममेदं मनोदुःखम् ॥

**શબ્દાર્થ :– णेरइयस्स** = નરકમાં ગયેલો **दुहोवणीयस्स** = દુઃખથી યુક્ત થયેલો **किलेसवत्तिणो** = એકાંત કલેશ વૃત્તિવાળો **इमस्स** = મારો આ **जंतुणो** = જીવનું જ્યારે નરક સંબંધી **पलिओवमं** = પલ્યોપમ **सागरोवमं** = સાગરોપમનું આયુષ્ય પણ **झिज्जइ** = સમાપ્ત થઈ જાય છે **अंग** = હે જીવ ! **मज्झ** = મારું **इमं** = આ **मणोदुहं** = મનોદુઃખ **किं** = શું વિસાતમાં છે ? કંઈ નથી.

**ભાવાર્થ :–** કલેશમાં રહેલા અને દુઃખમાં જ સબડતા નારક જીવોનું પલ્યોપમ અને સાગરોપમનું આયુષ્ય પણ સમાપ્ત થઈ જાય છે, તો મારું આ મનોદુઃખ કેટલા કાલનું છે ? અર્થાત્ અલ્પકાલનું જ છે.

**૧૬** ण मे चिरं दुक्खमिणं भविस्सइ, असासया भोगपिवास जंतुणो ।
ण चे सरीरेण इमेण अविस्सइ, अविस्सइ जीविअप्पज्जवेण मे ॥

**છાયાનુવાદ :** न मे चिरं दुःखमिदं भविष्यति, अशाश्वती भोगपिपासा जन्तोः ।
न चेच्छरीरेणानेनापैष्यति, अपैष्यति जीवितपर्ययेण मे ॥

**શબ્દાર્થ :– दुक्खं** = દુઃખ **चिरं** = ચિરકાળ સુધી **ण भविस्सइ** = રહેશે નહિ **जंतुणो** = જીવની **भोगपिवास** = ભોગચ્છા, ભોગ પિપાસા **असासया** = અશાશ્વત છે **इमेण** = આ **शरीरेण** = શરીરથી **ण अविस्सइ** = દૂર નહિ થાય તો **मे** = મારા **जीवियपज्जवेण** = જીવનના અંતમાં તો **अविस्सइ** = અવશ્ય દૂર થશે.

**ભાવાર્થ :–** (સાધુએ અરતિના સમયે એવો વિચાર કરવો જોઈએ કે) આ મારું દુઃખ ચિરકાળ સુધી રહેવાનું નથી અને પ્રાણીઓની વિષયવાસના–ભોગાકાંક્ષા ક્ષણિક જ હોય છે, શાશ્વતી રહેતી નથી. જો

આ ભોગપિપાસા કદાચ મારું શરીર છે ત્યાં સુધી ન જાય તોપણ જીવનના અંતે તો અવશ્ય સમાપ્ત થવાની જ છે.

## વિવેચન :–

પ્રસ્તુત બે ગાથાઓમાં દુઃખમય પરિસ્થિતિથી સંયમભાવમાં ડામાડોળ થતાં સાધકો માટે હૃદયગ્રાહી પ્રેરણા કરવામાં આવી છે.

**किमंग पुण मज्झ इमं मणोदुहं :–** આ સૂત્ર પદ વ્યક્તિને સ્વચિંતન માટે છે કે– અનંત ભવોમાં પરવશપણે ભોગવેલા અનંત દુઃખોને વિચારતાં મારું આ સંયમ જીવનવર્તી મનોદુઃખ શું વિસાતમાં છે ?

અનંત સંસાર પરિભ્રમણમાં આ જીવે નરક ગતિના મહાદુઃખમય, ક્લેશમય જન્મ મરણ અનંતવાર કર્યા છે. ત્યાં પલ્યોપમ અને સાગરોપમ જેટલા (અસંખ્ય કરોડો વર્ષો) દીર્ઘકાલ પર્યંત અસહ્ય શારીરિક અને માનસિક વેદનાનું વેદન કર્યું છે. તેની તુલનામાં આ અલ્પાયુવાળા સંયમ જીવનનું સ્વેચ્છાથી સ્વીકારેલું દુઃખ અત્યંત અલ્પ છે. જો આ અલ્પ દુઃખમાં ધૈર્ય ગુમાવી દેશું તો તેના પરિણામે અનેક દુર્ગતિઓના દુઃખો સહન કરવા પડશે ? માટે અહિંયા જ જ્ઞાન સાથે સંયમનું ઉત્સાહપૂર્વક પરિપાલન કરી લેવામાં જ મારું હિત છે. આ રીતે આ ગાથા તર્ક પ્રમાણ અને ગણિત પ્રમાણથી સાધકને સુમાર્ગમાં સ્થિર થવાનું માર્ગદર્શન આપે છે.

**ण मे चिरं दुक्खमिणं भविस्सइ :–** કોઈપણ દુઃખથી સંયમમાં અરતિ ઉત્પન્ન થાય ત્યારે સાધુ વિચારે કે મને જે આ દુઃખ આવ્યું છે તે લાંબાકાળ સુધી રહેવાનું નથી. કારણ કે શાતા અશાતારૂપ કર્મોના પરિવર્તન થયા જ કરે છે. દુઃખ પછી સુખ આવે જ છે; તેમ છતાં શરીર નાશથી વધારે તો કંઈ થવાનું નથી, આત્મા તો અજર અમર છે. આ રીતે વિચારીને મુનિ દુઃખને સમભાવે અને સંયમ પરિણામે સહન કરી લે.

તે ઉપરાંત જો સાધકને ભોગપિપાસાના કારણે મન સંયમથી ચલિત થયો હોય તો સાધુ વિચારે કે ભોગવિલાસ અને ભોગાકાંક્ષા પણ અશાશ્વત છે, ક્ષણિક છે, તેની અધિકતા યૌવન વય સુધી જ રહે છે, ત્યાર પછી તે અવશ્ય મંદ થાય છે.

કદાચ આ બંને પરિસ્થિતિઓ– દુઃખ અને ભોગાકાંક્ષા લાંબા સમય સુધી રહે તોપણ મૃત્યુના સમયે તો તે અવશ્ય છૂટી જવાની છે. જ્યારે આ શરીર સ્વયં અનિત્ય છે તો દુઃખ અને ભોગપિપાસા નિત્ય કેમ રહી શકે ? આ રીતે સર્વ સુખ દુઃખ અસ્થિર અને અનિત્ય છે. તો પછી ક્ષણિક સુખ માટે અનંત કલ્યાણકારી સંયમનો ત્યાગ કરવો યોગ્ય નથી.

આ રીતે આ બંને ગાથા સંયમભાવથી વિચલિત થયેલા સાધુને માટે ચિંતનીય અને મનનીય છે જેના દ્વારા આત્મચિંતન કરીને સાધુ સ્વયં સંયમભાવમાં સ્થિર થઈ શકે છે.

**अविस्सइ जीवियपज्जवेण :–** જીવન પર્યવ, જીવન પર્યાય, જીવન પર્યય આ સર્વ એકાર્થક છે.

અહીં 'પર્યવ' શબ્દનો અર્થ 'અંત' થાય છે. જીવિતનો પર્યવ અર્થાત્ જીવનનો અંત એટલે મરણ. **अविस्सइ** = આ પદ ગાથા ૧૬માં બે વાર પ્રયુક્ત છે અને **भविस्सइ** શબ્દ એકવાર છે. **भविस्सइ** = થશે, રહેશે, **अविस्सइ** = છૂટી જશે, નષ્ટ થઈ જશે, નીકળી જશે. આ રીતે બંને શબ્દોના પ્રયોગ અને અર્થ ભિન્ન ભિન્ન છે.

## દેહના ભોગે સંયમ રાખવાની દઢતા :–

**૧૭** **जस्सेवमप्पा उ हविज्ज णिच्छिओ, चइज्ज देहं ण हु धम्मसासणं ।**
**तं तारिसं णो पइलेंति इंदिया, उवेंत वाया व सुदंसणं गिरिं ॥**

**છાયાનુવાદ :** **यस्यैवमात्मा तु भवेन्निश्चितः, त्यजेद्देहं न तु धर्मशासनम् ।**
**तं तादृशं नो प्रचालयन्तीन्द्रियाणि, उत्पतद्वाता इव सुदर्शनं गिरिम् ॥**

**શબ્દાર્થ :– अप्पा उ** = જેના આત્મામાં આ પ્રમાણે **णिच्छिओ** = દઢ, નિશ્ચય **हविज्ज** = હોય છે કે **देहं** = શરીરને **चइज्ज** = છોડી દઈશ પણ **ण हु** = છોડીશ નહીં **धम्मसासणं** = જિનાજ્ઞાને, આગમાજ્ઞાને, શાસ્ત્રાજ્ઞાને **उवेंत वाया** = વેગ પૂર્વક આવતો મહાવાયુ **सुदंसणं गिरिं** = મેરુ પર્વતને ચલિત કરી શકતો નથી તેમ **इंदिया** = ઈન્દ્રિયો પણ **तारिसं** = મેરુ સમાન દઢ, સાધકને **ण पइलेंति** = ચલિત કરી શકતી નથી.

**ભાવાર્થ :–** જે સાધુના આત્મ પરિણામ આવા દઢ નિશ્ચલ હોય કે "હું પ્રસંગ આવ્યે શરીરનો ત્યાગ કરી દઈશ પણ ધર્મ શાસનનું અર્થાત્ શાસ્ત્રાજ્ઞાનું ઉલ્લંઘન ક્યારે ય કરીશ નહીં." તેવા દઢ પ્રતિજ્ઞ સાધુને ઈન્દ્રિય વિષય ક્યારે ય ચલાયમાન કરી શકતા નથી. જેમ કે– સુદર્શન મેરુ પર્વતને મહાવેગથી આવતો પ્રચંડ વાયરો ચલિત કરી શકતો નથી.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથામાં આત્મશક્તિ અને સંકલ્પશક્તિની મહત્તા પ્રદર્શિત કરી છે.

જેણે સંયમ જીવનની સુખ પ્રદાન કરવાની શક્તિને જાણી છે, તેમજ ભોગવિલાસના પરિણામ સ્વરૂપ અનંત દુઃખમય નરક અને નિગોદ જેવી દુર્ગતિને પણ જાણી છે, તેવા સાધકનો આત્મા ચારિત્રભાવમાં અત્યંત દઢતમ બની જાય છે. તે સાધકને ક્યારેક કોઈ વિકટ પરિસ્થિતિમાં ભયંકર કષ્ટ સહન કરવું પડે તેમજ કદાચ શરીર ત્યાગનો અવસર આવી જાય તો તે સ્વેચ્છાથી શરીર છોડવા માટે તૈયાર રહે છે. અર્થાત્ અનશન દ્વારા સમાધિ મરણનો સ્વીકાર કરે છે. પરંતુ જિનાજ્ઞાને છોડતા નથી; સંયમાચારથી ચલિત થતાં નથી. તે દઢ મનોબલી સાધકોને શરીરની ચિંતા હોતી નથી કારણ કે એક શરીરના બદલે બીજું નવું શરીર તો મળવાનું જ હોય છે. પરંતુ સંયમની વિરાધના થાય તો તેને ફરી પ્રાપ્ત કરવું મુશ્કેલ હોય છે. આ પ્રકારના દઢ નિશ્ચયી મુનિની ચંચળ ઈન્દ્રિયો પણ તેને ધર્મપથથી ડગાવીને વૈષયિક સુખોમાં લોભાવી શકતી નથી. જેમ કે પ્રલયકાળનો પ્રચંડ વાયુ પર્વતરાજ સુમેરુને કંપાયમાન કરી શકતો નથી.

આત્માની અનંત શક્તિ અને દૃઢ નિશ્ચયની સામે દુન્યવી સર્વ શક્તિઓ પરાજિત થાય છે માટે આત્માર્થી મુનિનો દૃઢ સંકલ્પ તેને સંયમી જીવનમાં સફલ બનાવે છે.

## બુદ્ધિમાન સાધકને અંતિમ શિક્ષા :–

**૧૮** **इच्चेव संपस्सिय बुद्धिमं णरो, आयं उवायं विविहं वियाणिया ।**
**काएण वाया अदु माणसेणं, तिगुत्तिगुत्तो जिणवयणमहिट्ठिज्जासि ॥**
**॥त्ति बेमि॥**

**છાયાનુવાદ :** इत्येवं संप्रेक्ष्य बुद्धिमान्नरः, आयमुपायं विविधं विज्ञाय ।
कायेन वाचाऽथ मानसेन, त्रिगुप्तिगुप्तो जिनवचनमधितिष्ठेत् ॥

**શબ્દાર્થ :–** **बुद्धिमं** = બુદ્ધિમાન્ **णरो** = મનુષ્ય **इच्चेव** = આ પ્રમાણે **संपस्सिय** = વિચાર કરીને **विविहं** = વિવિધ **आयं** = આત્મ લાભ, જ્ઞાનાદિ લાભ **उवायं** = સંયમ સુરક્ષાના ઉપાયોને **वियाणिया** = જાણીને **काएण** = કાયાથી **वाया** = વચનથી **अदु** = અથવા **माणसेणं** = મનથી **तिगुत्तिगुत्तो** = ત્રિગુપ્તિથી ગુપ્ત થઈને **जिणवयणं** = જિન વચનનો **अहिट्ठिज्जासि** = આશ્રય કરે, અર્થાત્ જિન વચનાનુકૂળ ક્રિયા કરીને સ્વકાર્ય સિદ્ધ કરે.

**ભાવાર્થ :–** બુદ્ધિમાન્ સાધક ઉપરોક્ત સર્વ વિષયોની સમ્યક્ સમીક્ષા કરીને, સંયમ ગુણની વૃદ્ધિ અને સંયમ સુરક્ષાના ઉપાયોને જાણીને, મન–વચન અને કાયાના યોગથી તેમજ ત્રણ ગુપ્તિથી ગુપ્ત થઈને જિનાજ્ઞાનું યથાવત્ પાલન કરે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથામાં શિક્ષા વચન દ્વારા સંપૂર્ણ વિષયનો ઉપસંહાર છે.

પ્રત્યેક સાધક પોતાના લાભ અને નુકસાનને સ્વયં જાણીને, વિચારીને મહાપુરુષોના સમ્યગ્ માર્ગે પ્રયાણ કરીને પોતાના અંતિમ લક્ષ્યને સિદ્ધ કરે છે.

**आयं उवायं :–** સંયમના લાભની અર્થાત્ સંયમને પુષ્ટ કરનારી સંપૂર્ણ અધ્યયનમાં આવેલી શિક્ષાઓનું કથન અહીં **आयं** શબ્દથી કર્યું છે અને સંયમથી અસ્થિર થયેલા પરિણામોને સ્થિર કરવા માટે જે જે ઉપાયોનું કથન કર્યું છે. તેને **उवायं** કહેવામાં આવે છે. **आयं उवायं** = લાભ અને તેના ઉપાયોને.

**–: પરમાર્થ :–**

'રતિવાક્યા' નામની ચૂલિકામાં સંગૃહિત નિર્ગ્રંથ પ્રવચનના અઢાર ટંકોત્કીર્ણ થયેલા પ્રકીર્ણક સૂત્રો અષ્ટ પ્રવચન માતાની ગોદ સમાન છે.

રત્નત્રયમાં રમણ કરનાર અણગારને ક્યારેક મોહનો ઉદય પરેશાન કરે અને અઢાર પાપસ્થાનમાં લઈ જવા માટે બળાત્કાર કરે, ત્યારે તે મોહાધીન અણગારની પડતી વૃત્તિને સ્થિર કરવા રતિવાક્યા રૂપ માતા તેને પોતાની ગોદમાં સમાવી લે છે. પછી તે અણગારને પરમ પુરુષાર્થમાં સ્થાપિત કરી, અનુપ્રેક્ષાનો સહારો આપી, વિશ્વદર્શન કરાવી, ગૃહસ્થ જીવન કેવું દુઃખમય છે તેનું ભાન કરાવી, ઉપાયોથી રત્નત્રયમાં રતિ જાગૃત કરાવી, અખંડ ચેતન પ્રાણધારાને સંયમિત કરાવી પામરમાંથી પરમાત્મા બનવા માટે ચેતનમાં સમાહિત કરવાની પ્રેરણા બક્ષે છે.

નામ જ આનું ચૂલિકા છે. ખુદ જ પરમાર્થ છે. નીચે ગબડતા લોકોને લોકાગ્રે પહોંચાડી વાસ્તવિક સુખના ભોક્તા બનાવી દે છે. જ્યાંથી પાછું ફરવાનું હોતું નથી.

**॥ ચૂલિકા-૧ સંપૂર્ણ ॥**

# બીજી ચૂલિકા

## પરિચય

★ આ ચૂલિકાનું નામ **વિવિક્ત ચર્યા** છે.

★ વિવિક્ત શબ્દના અનેક અર્થ છે– અલગ, વિવેકયુક્ત, પવિત્ર, શુદ્ધ, સ્ત્રી–પશુ–નપુંસકથી અસંસક્ત, વિજન–જનસંપર્કથી શૂન્ય, પ્રચ્છન્ન(ગુપ્ત), એકાન્ત વગેરે. ચર્યા શબ્દના પણ અનેક અર્થ છે– આચરણ, વિચરણ, વ્યવહાર, ચારિત્ર, જ્ઞાનાદિ પાંચ પ્રકારના આચાર.

★ પ્રસ્તુતમાં સંસારથી અલગ થઈને કે ગચ્છથી અલગ થઈને સાધના કરનાર શ્રમણના આચાર–વિચાર એટલે સંયમ ચર્યા સંબંધી મહત્ત્વપૂર્ણ માર્ગદર્શન છે. તેથી આ ચૂલિકાનું નામ **વિવિક્ત ચર્યા** સાર્થક છે અને તેમાં શિરોસ્થાનીય શિક્ષાઓ છે; માટે તેને ચૂલિકારૂપે સ્થાન પ્રાપ્ત છે.

★ સંસારમાં બે પ્રકારના જીવ હોય છે– (૧) અનુશ્રોતગામી (૨) પ્રતિશ્રોતગામી.

★ અનુ = અનુસાર, સ્રોત = પ્રવાહ, ગામી = ગમન કરનાર. જે પ્રવાહના અનુસાર ગમન કરે તે **અનુશ્રોતગામી** કહેવાય છે.

★ પ્રતિ = વિપરીત, સ્રોત = પ્રવાહ, ગામી–ગમન કરનાર; જે પ્રવાહની વિપરીત દિશામાં ચાલે તેને **પ્રતિસ્રોત ગામી** કહેવાય છે.

★ પ્રસ્તુતમાં સંસાર પ્રવાહને અનુસરનારાને અનુશ્રોતગામી કહ્યા છે. સંસારી લોકોનો શરીરલક્ષી કે ઈન્દ્રિયલક્ષી જે જીવન વ્યવહાર હોય છે તથા સ્ત્રી, પુત્ર, પરિવાર, મોજશોખ અને એશ–આરામરૂપ જે જીવન વ્યવહાર હોય છે તેને સંસાર પ્રવાહ કહે છે; તે પ્રવાહને અનુસરનારા સર્વ સંસારી જીવો **અનુશ્રોતગામી** કહેવાય છે.

★ વ્રત–પ્રત્યાખ્યાન, ઈન્દ્રિય નિગ્રહ, તપ–ત્યાગ, સંયમ સાધના આદિ પ્રવૃત્તિઓ સંસાર પ્રવાહથી વિપરીત છે, માટે તે પ્રવૃત્તિઓને સ્વીકારનાર શ્રમણોને **પ્રતિશ્રોતગામી** કહેવાય છે.

★ જેમ નદીમાં જળના પ્રવાહ અનુસાર ચાલવું કે તરવું સુગમ હોય છે તેમ સંસાર પ્રવાહમાં ચાલવું સરલ અને સહજ હોય છે. તેથી **અનુશ્રોતગમન સરલ** છે. જેમ પાણીના પ્રવાહની સામે ચાલવું અતિ કઠિન હોય છે તેમ સંસાર પ્રવાહથી વિપરીત એવા વ્રત, નિયમ, તપ ત્યાગ વગેરે સાધનામય જીવન કઠિન છે; તેથી **પ્રતિશ્રોત ગમન કઠિન** છે.

★ સરલ છતાં અનુશ્રોત ગમનનું પરિણામ **જન્મ મરણની વૃદ્ધિ** છે અને પ્રતિશ્રોત ગમન કઠિન

છતાં ય તેનું પરિણામ **જન્મ મરણથી મુક્તિ** છે.

★ પ્રતિસ્રોત ગમનમાં જાગૃતિ, વિવેક, વિચાર, બૌદ્ધિક ચિંતન, મનન, અંતઃનિરીક્ષણ, પરિક્ષણ, આત્મશક્તિના વિકાસ વગેરે માટેના **પ્રયત્નો આવશ્યક** હોય છે. જ્યારે અનુશ્રોત ગમનમાં એવા કોઈ **પ્રયત્નની આવશ્યકતા હોતી નથી**, કારણ કે પ્રવાહની સાથે જ ચાલવાનુ હોય છે.

★ પ્રસ્તુત ચૂલિકામાં અનિયતવાસ, સામુદાનિક ભિક્ષા, અલ્પોપધિ, આકીર્ણ–અવમાન ભોજન ત્યાગ, ક્લેશ–કષાય ત્યાગ, મત્સર ત્યાગ, સ્વાધ્યાય અને ધ્યાનમાં તલ્લીનતા, નિર્મમત્વભાવ, અપ્રતિબદ્ધતા, સદા જાગૃતિ, ગુણવાન પુરુષોનો જ સંગ વગેરે વિષયોનું નિરૂપણ છે.

★ સાધુ જીવનમાં પોતાની સંયમ સાધનાની સુરક્ષા માટે આગમ શાસ્ત્રો પ્રતિ બહુમાન અને તેમાં પારાયણ કરવાનું લક્ષ્ય હોવું જોઈએ. તે ઉપરાંત જિનાજ્ઞાનુસાર પ્રત્યેક વ્યવહાર કરવાની પ્રેરણા માટે આ ચૂલિકામાં પ્રેરક વાક્યો છે– (૧) **सुत्तस्स मग्गेण चरेज्ज भिक्खू** = સાધુએ સૂત્રાનુસાર પ્રવૃત્તિ કરવી જોઈએ. તેમજ સૂત્રોના ભાવો વિશાળ હોય છે, માટે કહ્યું છે કે– (૨) **सुत्तस्स अत्थो जह आणवेइ** = સૂત્રનો અર્થ જે રીતે આજ્ઞા આપે તે પ્રમાણે પ્રવૃત્તિ કરવી જોઈએ.

★ સંયમ સાધક હંમેશાં આત્મનિરીક્ષણ કરીને પોતાના દોષોને જુએ અને તે દોષમુક્ત થવા આત્માનુશાસન કરે તેમજ પોતાના ઈન્દ્રિય અને મનને નિયંત્રિત કરે. સૂત્રકારનું આ કથન સાધકને સતત સાવધાન અને પુરુષાર્થશીલ બનાવે છે.

★ સદા આત્માનું જ રક્ષણ કરવું જોઈએ. તે અશુભકર્મોથી બંધાઈને નરકાદિ દુર્ગતિમાં ન જાય તેના માટે જાગૃત રહેવું જોઈએ. અરક્ષિત આત્મા સંસાર પરિભ્રમણ કરે છે અને રક્ષિત આત્મા બંધનથી મુક્ત થાય છે.

★ આ રીતે પ્રસ્તુત ચૂલિકા સાધુની આત્મલક્ષી, સ્વાવલંબી સાધનાને ઉજાગર કરે છે અને સાધકને સ્વયં આત્મનિરીક્ષણ કરી જીવન સંશોધિત કરવાની પ્રેરણા આપે છે.

❖❖❖❖❖

# બીજી ચૂલિકા

## વિવિક્ત ચર્યા

**ઉત્થાનિકા :–**

**१** **चूलियं तु पवक्खामि, सुयं केवलिभासियं ।**
**जं सुणित्तु सपुण्णाणं, धम्मे उप्पज्जए मई ॥**

**છાયાનુવાદ : चूलिकां तु प्रवक्ष्यामि, श्रुतां केवलिभाषिताम् ।**
**यां श्रुत्वा सपुण्यानां, धर्मे उत्पद्यते मतिः ॥**

**શબ્દાર્થ :– केवलिभासियं** = કેવળીભાષિત **सुयं** = સાંભળેલી **चूलियं** = ચૂલિકાને **पवक्खामि** = કહીશ **सुणित्तु** = સાંભળીને **सुपुण्णाणं** = પુણ્યશાળી જીવોને **धम्मे** = ધર્મમાં **मई** = શ્રદ્ધા **उप्पज्जए** = ઉત્પન્ન થાય છે.

**ભાવાર્થ :–** હું કેવલજ્ઞાની ભગવાન દ્વારા ફરમાવેલી અને પ્રત્યક્ષ સાંભળેલી ચૂલિકાને કહીશ. જેના શ્રવણથી પુણ્યશાળી જીવોને ધર્મમાં શ્રદ્ધા ઉત્પન્ન થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથા આ ચૂલિકાની ઉત્થાનિકા રૂપે છે. જેમાં સૂત્રકારે વર્ણ્ય વિષયની પ્રતિજ્ઞા કરી છે અને તેના શ્રવણના મહાન ફળને પ્રદર્શિત કર્યું છે.

**सुयं केवलिभासियं :–** આ બંને શબ્દોથી સ્પષ્ટ થાય છે કે આ ગાથાના રચનાકારે સ્વયં કેવલી ભગવાન દ્વારા આ ચૂલિકાના વર્ણિત વિષયને સાંભળ્યો છે.

સૂત્રોના મૌલિક રચનાકાર ગણધર પ્રભુ છે. તેઓની રચિત દ્વાદશાંગીના આધારે કાલ ક્રમે અનેક આગમો સંકલિત, સંપાદિત અને ઉદ્ધૃત કરવામાં આવ્યાં છે. તેમાં તે બહુશ્રુત આચાર્યો પોતાના લક્ષ્ય અનુસાર અધ્યયનો ગાથાઓ અને સૂત્રોને યથા યોગ્ય સ્વ અપેક્ષિત ક્રમથી ગોઠવણી કરી ઉત્કાલિક સર્વ આગમોનો મૂળભૂત આધાર દ્વાદશાંગી જ હોવાથી સર્વ આગમના ભાવો કેવળી ભાષિત છે તે પ્રમાણે કથન થાય છે તે માટે આ ગાથા ગણધર રચિત હોવાથી તેના અર્થ ભાવની સંગતિ સમજાય જાય છે. વ્યાખ્યાકારોએ આ ગાથાના શબ્દો માટે ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં વિભિન્ન વિચારણાઓ કરી છે; તે ઈતિહાસ મર્મજ્ઞો માટે

વિચારણીય છે.

**धम्मे उपज्जइ मई :–** સ્વયં શાસ્ત્રાકારે આ અધ્યયનના શ્રવણનું મહત્ત્વ આ શબ્દોમાં દર્શાવ્યું છે. આ અધ્યયનમાં ધર્મનું સ્વરૂપ, સંયમ ધર્મનું સ્વરૂપ તેમજ આત્મનિરીક્ષણનું સ્વરૂપ સચોટ અને અનુભવપૂર્ણ છે. તેનું ચિંતન મનન પૂર્વકનું શ્રવણ ખરેખર સંયમ સાધકોની સંયમ પ્રત્યેની બુદ્ધિને પુષ્ટ કરે છે અને નવા સાધકોમાં સંયમ ધર્મને સ્વીકારવાની બુદ્ધિ ઉત્પન્ન કરે છે.

**सपुण्णाणं :–** શાસ્ત્ર અને પ્રવચન કેટલાય પ્રભાવક હોય પણ તેની અસર સર્વ જીવોના હૃદયમાં થાય તેમ શક્ય નથી. માટે અહીં સ્પષ્ટ કર્યું છે કે પુણ્યવાન, ભાગ્યશાળી જીવોને ધર્મબોધ કે આત્મબોધ થાય છે. જોકે સંસારમાં પાપી કે ધર્મી દેખાતાં કોઈ પણ પ્રાણી બોધ પામી જાય છે; તત્કાલ જીવન પરિવર્તિત કરીને સંયમ પણ સ્વીકાર કરે છે. ખરેખર તે બોધ પામનાર જીવોને મહાન પુણ્યકર્મોનો સંયોગ થાય છે અને તેથી જ તે મહાપાપી દેખાતા જીવો પણ ધર્મી બનીને આત્મ કલ્યાણ સાધી લે છે. સંક્ષેપમાં મોક્ષ પ્રદાયી ઉત્તમ સાધનો પુણ્યના ઉદયે જ મળે છે.

### અનુસ્રોત–સંસાર : પ્રતિસ્રોત–સંયમ :–

**૨** **अणुसोयपट्ठिए बहुजणम्मि, पडिसोयलद्धलक्खेणं ।**
**पडिसोयमेव अप्पा, दायव्वो होउकामेणं ॥**

**છાયાનુવાદ :** अनुस्रोतः प्रस्थिते बहुजने, प्रतिस्रोतो लब्धलक्ष्येण ।
प्रतिस्रोत एव आत्मा, दातव्यो भवितुकामेन ॥

**શબ્દાર્થ :– बहुजणम्मि** = મોટા ભાગના મનુષ્યો **अणुसोयपट्ठिए** = સંસાર પ્રવાહમાં ચાલનારા છે **पडिसोयलद्धलक्खेणं** = સંસાર પ્રવાહથી વિપરીત ચાલવાનું લક્ષ્ય રાખનારે **होउकामेणं** = મોક્ષ પ્રાપ્તિની ઈચ્છા રાખનાર **अप्पा** = પોતાના આત્માને **पडिसोयमेव** = વિષય પ્રવાહથી પરાઙ્મુખ જ **दायव्वो** = કરવો જોઈએ.

**ભાવાર્થ :–** મોટાભાગના લોકો અનુસ્રોત ગમન કરે છે અર્થાત્ ઈન્દ્રિય વિષયોનું અનુસરણ કરે છે પરંતુ જે મુક્તિનો ઈચ્છુક છે અને જેને સંસાર પ્રતિસ્રોતરૂપ સંયમનું લક્ષ્ય પ્રાપ્ત થયું છે, તે સંયમ સાધક પોતાના આત્માને પ્રતિસ્રોતમાં જ સ્થાપિત કરે.

**૩** **अणुसोयसुहो लोगो, पडिसोओ आसवो(मो) सुविहियाणं ।**
**अणुसोओ संसारो, पडिसोओ तस्स उत्तारो ॥**

**છાયાનુવાદ :** अनुस्रोतः सुखो लोकः, प्रतिस्रोत आश्रयः (मः) सुविहितानाम् ।
अनुस्रोतः संसारः, प्रतिस्रोतस्तस्योत्तारः ॥

**શબ્દાર્થ :– अणुसोयसुहो** = અનુસ્રોત સુખકારી છે **लोओ** = સામાન્ય જનોને **पडिसोओ** = પ્રતિસ્રોત ગમન, પ્રવાહની વિપરીત દિશામાં ગમન **आसवो** = આશ્રય સ્થાન છે, સ્વીકારવા યોગ્ય છે (**आसमो** = આશ્રમ છે, રહેવાનું સ્થાન છે) **सुविहियाणं** = સુવિહિત સાધુઓને **अणुसोओ** = પ્રવાહની દિશામાં ગમન કરવું તે **संसारो** = સંસાર ભ્રમણ રૂપ છે **पडिसोओ** = પ્રતિસ્રોત ગમન **तस्स** = તેનાથી, સંસારથી **उत्तारो** = પાર પામવું છે.

**ભાવાર્થ :–** જન સાધારણને અનુશ્રોત સુખરૂપ લાગે છે, પરંતુ સુવિહિત સાધુને તો પ્રતિસ્રોત–સંયમ, સ્વીકારવા યોગ્ય લાગે છે. અનુસ્રોત ગમન સંસાર છે અર્થાત્ જન્મ–મરણનું કારણ છે અને પ્રતિસ્રોત ગમન તેનો ઉતાર છે અર્થાત્ સંસારને પાર પામવાનું સાધન છે.

**૪** **तम्हा आयारपरक्कमेणं, संवरसमाहिबहुलेणं ।**
**चरिया गुणा य णियमा य, हुंति साहूण दट्ठव्वा ॥**

**છાયાનુવાદ : तस्मादाचारपराक्रमेण, संवरसमाधिबहुलेन ।**
**चर्या गुणाश्च नियमाश्च, भवन्ति साधूनां द्रष्टव्याः ॥**

**શબ્દાર્થ :– तम्हा** = તેથી **आयारपरक्कमेणं** = આચાર પાલનમાં પરાક્રમી **संवरसमाहिबहुलेणं** = સંવર અને સમાધિમાં જ રહેનાર **साहूण** = સાધુઓએ **चरिया** = પોતાની સંયમ ચર્યાને **गुणा** = વિનયાદિ ગુણો અને **णियमा** = અનેક નિયમોપનિયમોને **दट्ठव्वा हुंति** = જોવા જોઈએ, લક્ષ્ય રાખવું જોઈએ, પાલન કરવું જોઈએ.

**ભાવાર્થ :–** આ કારણે આચાર પાલનમાં પરાક્રમી અને સંવર સમાધિથી યુક્ત સાધુઓએ પોતાની વિશુદ્ધ સંયમ ચર્યાનું, વિનયાદિ ગુણોનું અને સંયમના નિયમોપનિયમોનું જ પાલન કરવું જોઈએ.

### વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં સંસાર અને સંયમના સ્વરૂપને અનુસ્રોત અને પ્રતિસ્રોતની ઉપમા દ્વારા સમજાવીને, પ્રતિસ્રોત ગમનની પ્રેરણા આપી છે.

**अणुसोओ :–** સ્રોત = પ્રવાહ; અનુ = અનુકૂળ. અનુસ્રોત = પ્રવાહને અનુસરવું, પ્રવાહની પાછળ –પાછળ જવું. આ પ્રવાહના બે પ્રકાર છે– દ્રવ્ય અને ભાવ. (૧) નદીમાં પડેલા લાકડા આદિ પાણીના પ્રવાહ સાથે વહે છે, તેને અનુસ્રોત ગમન કહે છે; આ **દ્રવ્ય અનુસ્રોત** છે. (૨) ઇન્દ્રિય વિષયોના સુખોપભોગને અનુસરવું તે **ભાવ અનુશ્રોત** છે. સંસારના જીવો સદા ઇન્દ્રિય સુખોમાં લીન રહે છે, સંસારની અનાદિકાલીન પ્રવૃત્તિ– ઓમાં સુખ માનીને તલ્લીન રહે છે; તે **ભાવ અનુશ્રોત ગમન** કહેવાય છે.

**अणुसोय सुहो लोओ :–** જેમ નદીના પ્રવાહ પ્રમાણે ચાલવું સરલ હોય છે તેમ સંસારના સર્વ

સામાન્ય લોકોને ભાવ અનુશ્રોત ગમન(સંસાર પ્રવાહમાં ચાલવું) સરલ હોય છે; કારણ કે તે જીવને અનાદિના અભ્યાસનો માર્ગ છે અને તેમાં કોઈ પણ પ્રયત્નની કે આત્મ નિયંત્રણની આવશયકતા હોતી નથી.

**पडिसोओ आसवो(मो) सुविहियाणं :–** જેમ નદીના પ્રવાહ સામે ચાલવું પ્રત્યેક પ્રાણી માટે કઠિન હોય છે તેમ ભાવ પ્રતિશ્રોતરૂપ તપ સંયમ સાધના માર્ગ પણ સાધકો માટે દુષ્કર હોય છે. તેમાં જીવને અનાદિ સંસાર સ્વભાવનો ત્યાગ કરવો જરૂરી હોય છે. છતાં ય તે માર્ગ **सुविहयाणं** સુવિહિત શ્રમણો દ્વારા **आसवो** = સ્વીકાર્ય, સેવ્ય હોય છે. અથવા **आसमो** = નિવાસ કરવા યોગ્ય, રહેવા યોગ્ય છે. તાત્પર્ય એ છે ભાવ પ્રતિશ્રોત માર્ગ રૂપ સંયમ દુષ્કર હોવા છતાં સુવિહિત શ્રમણ તે સંયમ માર્ગમાં જ વિચરણ કરે છે અને અનુશ્રોતરૂપ સંસાર માર્ગનો ત્યાગ કરે છે. તેનું કારણ પણ આ ગાથામાં સ્પષ્ટ કર્યું છે. યથા–

**अणुसोओ संसारो पडिसोओ तस्स उत्तारो :–** ભાવ અનુશ્રોતગમન સરલ હોવા છતાં તે કર્મબંધનો માર્ગ છે. તેથી જીવને જન્મ મરણ રૂપ સંસાર ભ્રમણની પ્રાપ્તિ થાય છે. જ્યારે ભાવ પ્રતિશ્રોત ગમનરૂપ સંયમ માર્ગ કઠિન હોવા છતાં પણ તેમાં કર્મોની મહાન નિર્જરા થાય છે અને તેના પરિણામે આત્મા સંસાર ભ્રમણથી મુક્ત થાય છે.

**पडिसोयमेव अप्पा दायव्वो :–** આ વાક્યમાં શાસ્ત્રકારે સાધકને પ્રેરણા કરી છે કે સાધકે પોતાના આત્માને ભાવ પ્રતિશ્રોત રૂપ સંયમ માર્ગ(મોક્ષ માર્ગ)માં જ જોડવો જોઈએ.

**लद्ध लक्खेणं :–** જેણે પોતાનું લક્ષ્ય નિશ્ચિત કર્યું છે અર્થાત્ વિષયભોગનો ત્યાગ કરવાનું અને સંયમમાં સ્થિત થવાનું જેનું લક્ષ્ય છે તેવા જીવો.

**होउकामेणं :–** વિષયભોગથી વિરક્ત થઈને સંયમની ઈચ્છાવાળા, મુક્ત થવાની ઈચ્છાવાળા, મોક્ષાર્થી, મુમુક્ષુ પ્રાણી.

**सुविहियाणं :–** સુવિહિત સાધુ. સાધુ સમાચારી અનુસાર વર્તન કરનારને સુવિહિત કહે છે.

**आयार परक्कम्मेण :–** આચારમાં જેનું પરાક્રમ છે તેને આચાર પરાક્રમી કહે છે અર્થાત્ જ્ઞાનાદિ પંચાચારમાં સતત પરાક્રમ કરનાર.

**संवरसमाहि बहुलेणं :–** સંવર = ઈન્દ્રિય અને મનનો સંવર. સમાધિ = સંયમ ભાવ, આત્મ શાંતિ, એકાગ્ર ચિત્ત. (૧) સંવરમાં જેની સમાધિ અધિક હોય છે તે સાધક **संवरसमाहि बहुल** કહેવાય છે. (૨) સંવરરૂપ સંયમ અને તેની સમ્યક્ પાલના રૂપ સમાધિ; તેનાથી જે સંયુક્ત તે **संवरसमाहि बहुल** કહેવાય છે.

**चरिया गुणा य णियमा :–** ચર્યા = સંયમ ધર્મના સાધનભૂત અપ્રતિબદ્ધ વિહાર આદિ ચર્યા **गुणा** = વિનય આદિ ગુણો તેમજ મૂળ અને ઉત્તરગુણો. **णियमा** = વિવિધ પ્રકારના નિયમો–અભિગ્રહ વગેરે.

**સાર :–** મોક્ષાર્થી સાધક લક્ષ્યપૂર્વક સંસારના પ્રતિસ્રોત રૂપ તપ સંયમમય મોક્ષ માર્ગમાં ગમન કરે છે. તે

સામા પૂરમાં ચાલવા સમાન કઠિન છે છતાં ય મોક્ષ પ્રદાયક છે. જેમ કડવું ઔષધ પરિણામે આરોગ્યદાયક હોય છે, તેમ પ્રતિસ્રોતની પ્રતિકૂળતા પરિણામે અનંત સુખદાયક હોય છે.

અનુસ્રોત ગમન કષ્ટ રહિત અને અનુકૂળ હોવાથી સામાન્ય જનને પ્રિય લાગે છે પરંતુ કિંપાક ફળની સમાન તેનું પરિણામ દારુણ હોય છે. તેથી મોક્ષાર્થી સાધકે અનુશ્રોત ગમનનો ત્યાગ કરવો જોઈએ અને પ્રતિસ્રોત ગમનનો જ સ્વીકાર કરવો જોઈએ.

**तम्हा आयार परक्कमेणं :–** પ્રતિસ્રોત ગમન કરનાર સાધકે સદાચાર પાલન માટે માનસિક સામર્થ્ય કેળવી, સંયમ અને સંવરમાં ચિત્તને સ્થાપિત કરી, મહાપુરુષો દ્વારા કથિત સાધુચર્યાનું, પંચાચારનું પાલન કરવું જોઈએ. પંચાચારના પાલનથી વિષયો પ્રત્યે વિરાગ જન્મે છે, વૈરાગ્ય ભાવથી જ સંયમ અને સંવરની આરાધના એટલે ચારિત્રનું પાલન થઈ શકે છે. આ રીતે પ્રત્યેક ગુણો પરસ્પર સાપેક્ષ છે, એક ગુણની આરાધના બીજા ગુણને પ્રગટાવે છે.

## સાધુ ચર્યામાં અનિયત વાસ આદિ પ્રશસ્ત ગુણો :–

**૫** **अणिएयवासो समुयाण चरिया, अण्णायउंछं पइरिक्कया य ।**
**अप्पोवही कलहविवज्जणा य, विहारचरिया इसिणं पसत्था ॥**

**છાયાનુવાદ :** **अनियत (अनिकेत) वासः समुदानचर्या, अज्ञातोञ्छं प्रतिरिक्तता च ।**
**अल्पोपधिः कलहविवर्जना च, विहारचर्या ऋषीणां प्रशस्ताः ॥**

**શબ્દાર્થ :–** **अणिएयवासो** = એક સ્થાને હંમેશાં ન રહેવું **समुयाणचरिया** = અનેક ઘરોથી ભિક્ષા ગ્રહણ કરવી **अण्णायउंछं** = પૂર્વ તૈયારી કે જાણકારી રહિત, એવા અજ્ઞાત કુલોમાંથી થોડો થોડો આહાર ગ્રહણ કરવો **पइरिक्कया** = એકાન્ત સ્થાનમાં નિવાસ કરવો **अप्पोवही** = અલ્પ ઉપધિ રાખવી, અલ્પ ઉપકરણ **कलहविवज्जणा** = કલહનો ત્યાગ કરવો **इसीणं** = ઋષિઓની **विहारचरिया** = વિહાર ચર્યા, આ પ્રકારની સંયમ જીવન ચર્યા **पसत्था** = પ્રશસ્ત છે.

**ભાવાર્થ :–** મુનિએ સદા વિચરણ કરતા રહેવું પરંતુ નિયત સ્થાનમાં ન રહેવું; નિર્ધન ધનવાન ઘરોમાં સમ પરિણામે ભિક્ષાર્થ જવું; પૂર્વ તૈયારી રહિત અજ્ઞાત અને અનેક ઘરોમાંથી અલ્પ આહારાદિ ગ્રહણ કરવા; સંયમી જીવનમાં બાધા ન પહોંચે તેવા એકાંત સ્થાનમાં રહેવું ; ઉપકરણો અલ્પ રાખવા અને કલહનો ત્યાગ કરવો. મહર્ષિઓની આ પ્રકારની પ્રશસ્ત સ્વયં વિહારચર્યા છે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથામાં સૂત્રકારે સાધુચર્યાના અપેક્ષિત પ્રશસ્ત ગુણોને દર્શાવ્યા છે અને શ્રમણોને આ પ્રશસ્ત ગુણોને ધારણ કરવાની પ્રેરણા આપી છે.

**विहारचरिया :–** આ શબ્દનો સામાન્ય અર્થ પદ યાત્રા થાય છે પરંતુ અહીં પ્રસંગાનુસાર સાધુ જીવનની સમસ્ત આચાર ચર્યાને તેમજ ગાથામાં દર્શિત ગુણ સંયુક્ત આચરણને વિહાર ચર્યા કહી છે. તાત્પર્ય એ છે કે ગાથામાં સંકલિત ગુણો કે આચરણો સંયમ જીવન માટે પ્રશસ્ત છે, સુંદર છે, હિતાવહ છે. તેને પ્રત્યેક શ્રમણ પૂર્ણ રીતે પાલન કરે તો તેનું જીવન પ્રશસ્ત અને લક્ષ્ય સિદ્ધિવાળું થઈ જાય છે.

**अणिएयवासो :– નિકેત** શબ્દનો અર્થ છે ઘર, મકાન, મઢ, આશ્રમ અને **વાસ** શબ્દનો અર્થ અહીં નિવાસ કે સ્થાયી નિવાસ છે તથા 'અ' શબ્દ નિષેધ અર્થમાં છે. તેથી સંપૂર્ણ શબ્દનો અર્થ આ પ્રમાણે થાય છે– શ્રમણ કોઈપણ સ્થાનમાં સ્થાયી નિવાસ ન કરે, સદા વિચરણશીલ રહે. તે ઉત્સર્ગ માર્ગ–રાજમાર્ગ છે; મુનિ જીવનનો સામાન્ય નિયમ છે. પરંતુ વૃદ્ધાવસ્થા શારીરિક અસામર્થ્ય આદિ પરિસ્થિતિઓમાં વિશિષ્ટ નિર્ણય અને વિવેક સાથે મુનિ એક સ્થાન પર રહે તો તે આગમ સમ્મત અપવાદ માર્ગ કહેવાય છે.

**समुयाणचरिया :–** સામુદાનિક ભિક્ષાવૃત્તિને અહીં સમુદાનચરિયા કહી છે. તદનુસાર ધનાઢ્ય કે નિર્ધનના ભેદભાવ વિના સહજ રીતે સર્વ સામાન્ય ઘરોમાં ગૌચરી કરવી, તે સમુદાનચરિયા છે.

**पइरिक्कया :–** એકાંત શાંત અને સ્ત્રી, પશુ, નપુંસક આદિથી રહિત એવા કલ્પનીય સ્થાનમાં મુનિ રહે પરંતુ ગીચ સ્થાનમાં રહેવું નહીં.

**अप्पोवहि :–** નિષ્પરિગ્રહી મુનિ કેવળ શરીર અને સંયમના નિર્વાહ માટે આગમોક્ત વસ્ત્ર પાત્ર આદિ સીમિત ઉપકરણ રાખે; તેના માટે અહીં અલ્પોપધિ શબ્દ છે. શ્રમણને પોતાના ઉપકરણોનું સવાર સાંજ પ્રતિલેખન કરવાનો નિયમ હોય છે અને પોતાના સર્વ ઉપકરણો સ્વયં ઉપાડીને ગ્રામાનુગ્રામ પાદ વિહાર કરવાનો ધ્રુવ આચાર છે. આ કારણે વધારે ઉપધિ તેનાથી રખાય નહીં; તેથી જૈન શ્રમણ પાસે અલ્પ ઉપધિ હોય છે.

**कलहविवज्जणा :–** કલેશ કદાગ્રહ વગેરેથી શાંતિનો ભંગ થાય છે; રાગદ્વેષ અને કર્મબંધની વૃદ્ધિ થાય છે તથા સંયમનો અત્યધિક નાશ થાય છે તેમજ સાધુને કલહ કરતાં જોનાર કે સાંભળનાર લોકોમાં ધર્મ પ્રત્યે તિરસ્કાર ભાવ ઉત્પન્ન થાય છે. માટે કર્મબંધથી મુક્ત થવાના લક્ષે મુનિ ક્લેશ કંકાસ રહિત જીવન જીવે છે.

## પરિહાર્ય અપરિહાર્ય ગોચરી :-

**६** **आइण्णओमाणविवज्जणा य, ओसण्णदिट्ठाहडभत्तपाणे ।**
**संसट्ठकप्पेण चरिज्ज भिक्खू, तज्जायसंसट्ठ जई जएज्जा ॥**

**છાયાનુવાદ : आकीर्णावमानविवर्जना च, उत्सन्नदृष्टाहृतभक्तपानम् ।**
**संसृष्टकल्पेन चरेद् भिक्षुः, तज्जातसंसृष्टो यतिर्यतेत ॥**

**શબ્દાર્થ :– भिक्खु** = ભિક્ષુ **आइण्ण** = જનાકીર્ણ સંખડી, હજારોનો સમુદાય ભેગો થયો હોય, તેવો

મોટો જમણવાર **ओमाण** = અવમાન સંખડી, નાની સંખડી, નાનો જમણવાર **विवज्जणा** = ત્યાગ કરે **ओसण्ण** = પ્રાયઃ **दिट्ठाहड** = લાવતાં નજરે દેખાય તેવા **भत्तपाणे** = આહાર–પાણી વગેરે ગ્રહણ કરે **संसट्ठकप्पेण** = સંસૃષ્ટ હસ્તાદિ દ્વારા આહાર લેતાં **चरिज्ज** = ગોચરી કરે **तज्जायसंसट्ठ** = તેમાં તે જ પદાર્થથી સંસૃષ્ટ ખરડાયેલા હસ્તાદિથી આહાર ગ્રહણ કરે **जई** = યતિ, આ રીતે મુનિ **जएज्जा** = આહાર ગ્રહણ કરવા સંબંધી યતના કરે.

**ભાવાર્થ :–** સાધુ મોટા જમણવાર અને નાના જમણવાર બંનેનો ત્યાગ કરે, પ્રાયઃ નજરે દેખાય તેમ લાવતા અને અપાતા આહાર–પાણી ગ્રહણ કરે તથા અચિત્ત પદાર્થથી ખરડાયેલ હાથ, કડછી વગેરેથી આહાર આદિ ગ્રહણ કરે અને ક્યારેક તે જ જાતના પદાર્થથી ખરડાયેલ ભાજન, કડછી, હાથ વગેરેથી આહારાદિ ગ્રહણ કરવા સંબંધી યતના કરે, નિયમ કરે, અભિગ્રહ કરે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથામાં આહાર ગ્રહણ કરવા સંબંધી વિધિ નિષેધોનું નિરૂપણ છે.

**आइणओमाण विवज्जणा :–** અહીં બે પ્રકારના ભોજન સમારંભનું કથન છે. પ્રાચીનકાલમાં સંખડી રૂપ મોટી જમણવારી બે પ્રકારની થતી હતી (૧) આકીર્ણ સંખડી = સેંકડો હજારો લોકોનું જમણ (૨) અવમાન સંખડી = ભોજન સામગ્રી ઓછી હોય અને જમનારા માણસો વધારે આવ્યા હોય.

આ બંને પ્રકારની જમણવારીમાં મુનિ ગોચરી જવાનું વર્જન કરે, ત્યાગ કરે. કારણ કે આ બંને પ્રકારની સંખડીમાં જનાકીર્ણતા હોય છે, તેમાં મુનિની સંયમચર્યાના નિયમોનું યથાર્થ પાલન થાય નહીં. તેવા ભોજન સમારંભમાં અનેક સ્ત્રી, પુરુષોની ભીડમાં ચાલવામાં અને ઊભા રહેવામાં ધક્કામુક્કી કે સંઘટ્ટો(શરીર સ્પર્શ) થઈ જાય છે. તેમજ કોઈક વાર તેવી ભીડમાં સાધુ પડી જાય તો સ્વની અને પર જીવોની વિરાધના થાય છે. તેથી સાધુ આકીર્ણભોજન અને અવમાન ભોજનનો ત્યાગ કરે.

**ओसण्णदिट्ठाहडभत्तपाणे :– ओसण्ण** = પ્રાયઃ કરીને. ગવેષણાની શુદ્ધિ માટે મુનિ જોઈ શકાય તેવા સ્થાનેથી લાવેલી વસ્તુ ગ્રહણ કરે છે. તેમ છતાં કોઈ વિશેષ પરિસ્થિતિમાં જોઈ ન શકાય તેવા સ્થાનેથી લાવેલી વસ્તુ પણ મુનિ ગ્રહણ કરી શકે છે. યથા– (૧) કેટલાક શુચિ ધર્મી કુલોમાં સાધુને જવા માટેની ભૂમિની મર્યાદા હોય છે. તેવા ઘરોમાં રસોઈ ઘરમાં કે તેના અતિ નજીકમાં સાધુને આવવાની મનાઈ હોય છે. તે સમયે ન દેખાતી વસ્તુની ગવેષણા કરીને વિવેકપૂર્વક મુનિ ગ્રહણ કરી શકે છે. તે માટે અહીં **ओसण्ण** શબ્દ છે તેનું તાત્પર્ય છે કે પ્રાયઃ કરીને તો મુનિ દેખાતા આહારને જ ગ્રહણ કરે.

જે ગૃહસ્થ સાધુના ગૌચરીના નિયમોને યથાર્થ રીતે જાણતા હોય, સાધુને પણ તેની ગવેષણા શુદ્ધિ માટે પૂર્ણ વિશ્વાસ હોય અને સાધુને ઔષધાદિ કે અન્ય કોઈ વસ્તુની આવશ્યકતા હોય તો તે વિવેકપૂર્વક ઉપર કે નીચેથી નહીં દેખાતી વસ્તુ ગ્રહણ કરી છે.

કોઈ કાપડની દુકાનમાં આગળના સંપૂર્ણ વિભાગમાં સ્થાયી જાજમ, ગાદલા વગેરે પાથરેલા

હોય, જેના પર ચાલવું સાધુને કલ્પતું ન હોય, તેવી પરિસ્થિતિમાં બીજા, ત્રીજા ઓરડામાંથી કાપડ લાવીને આપે તો સાધુ વિવેકપૂર્વક ગ્રહણ કરી શકે છે.

આ રીતે વિશેષ પરિસ્થિતિમાં સાધુ વિવેકપૂર્વક નિર્ણય કરીને આહારાદિ ગ્રહણ કરે છે. ગાથામાં **ओसण्ण** = પ્રાયઃ, શબ્દપ્રયોગનું સૂત્રકારનું આ જ પ્રયોજન છે.

**संसट्ठ कप्पेण, तज्जाय संसट्ठ :–** આ શબ્દોના બે રીતે અર્થ થાય છે– (૧) મુનિ ખરડાયેલા હાથ વગેરેથી અપાતી અને તેમાં પણ તે જ વસ્તુથી ખરડાયેલા હાથ વગેરેથી અપાતી ભિક્ષા ગ્રહણ કરે. (૨) મુનિ ક્યારેક ખરડાયેલા હાથ વગેરેથી અપાતી વસ્તુ ગ્રહણ કરવાનો નિયમ, અભિગ્રહ કરે અને ક્યારેક તે જ વસ્તુથી અપાતી વસ્તુ ખરડાયેલા હાથ વગેરેથી ગ્રહણ કરવાનો નિયમ, અભિગ્રહ કરે. **संसट्ठ, असंसट्ठ** અને **तज्जाय संसट्ठ** આ ત્રણે પ્રકારના અભિગ્રહ આગમ સમ્મત છે. સામાન્ય શ્રમણ અભિગ્રહ વિના પણ આ ત્રણે ય પ્રકારે આહાર ગ્રહણ કરી શકે છે, પણ તેમાં પશ્ચાત્ કર્મ દોષ ન લાગે તેનો વિવેક રાખવો જરૂરી હોય છે.

## પરિહાર્ય ગ્રાહ્ય સાધ્વાચાર :–

**૭** **अमज्जमंसासि अमच्छरीआ, अभिक्खणं णिव्विगइंगया य ।**
**अभिक्खणं काउसग्गकारी, सज्झायजोगे पयओ हविज्जा ॥**

**છાયાનુવાદ :** **अमद्यमांसाशी अमत्स्यरीका, अभीक्ष्णं निर्विकृतिं गतश्च ।**
**अभीक्ष्णं कायोत्सर्गकारी, स्वाध्याययोगे प्रयतो भवेत् ॥**

**શબ્દાર્થ :– अमज्जमंसासि अमच्छरीआ** = મદ્ય માંસ અને મત્સ્યનો ત્યાગી, દ્વેષથી રહિત **अभिक्खणं** = વારંવાર **णिव्विगइं गया** = વિગયો રહિત આહાર કરનાર **अभिक्खणं काउसग्गकारी** = વારંવાર કાયોત્સર્ગ કરનાર સાધુ **सज्झायजोगे** = સ્વાધ્યાય ધ્યાન આદિ સંયમ યોગોમાં **पयओ** = પ્રયત્નવાન, સદા પ્રયત્નશીલ **हविज्ज** = થાય.

**ભાવાર્થ :–** મદ્યમાંસ અને મત્સ્ય રૂપ અભક્ષ્ય ભોજનનો સર્વથા ત્યાગ કરનાર(દ્વેષથી રહિત મુનિ) વારંવાર દૂધ–દહીં આદિ વિગય રહિત આહાર કરનાર, વારંવાર કાયોત્સર્ગ કરનાર ભિક્ષુ સ્વાધ્યાય ધ્યાન આદિ સંયમ યોગોમાં સદા પ્રયત્નશીલ રહે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથામાં આહારનો ત્યાગ, વિગયનો વિવેક અને કાયોત્સર્ગ પ્રધાન્ય જીવનવાળા શ્રમણોને સ્વાધ્યાય ધ્યાનમાં પ્રયત્નશીલ રહેવાની પ્રેરણા કરી છે.

**अमच्छरीया :– अमच्छरीया** શબ્દની બે સંસ્કૃત છાયા થતી હોવાથી તેના અમાત્સર્ય અને અમત્સ્ય

એવા બે અર્થ સંભવે છે. અમાત્સર્ય એટલે દ્વેષ, ઈર્ષા, માનરહિત ટીકાદિમાં આ અર્થ પ્રચલિત છે. અમત્સ્ય એટલે મત્સ્ય ત્યાગી. આ અર્થ પ્રાસંગિક છે. સાધુ મદ્ય, માંસ તથા મત્સ્યરહિત શુદ્ધ નિર્દોષ આહારવૃત્તિ–વાળા હોય છે. આ રીતે અર્થ કરવાથી ગાથાના પૂર્વાર્દ્ધમાં મહાવિગય અને વિગય ત્યાગના વિષયનો નિર્દેશ પ્રાપ્ત થાય છે.

**अभिक्खणं णिव्विगइं गया य :–** શ્રમણ વારંવાર વિગયોનો ત્યાગ કરે છે. વારંવાર અર્થાત્ મહીનામાં ૧૦, ૨૦, ૨૫ વગેરે દિવસ યથાશક્ય વિગયનો ત્યાગ કરે. વિગયોના ત્યાગથી આહારની આસક્તિ ઓછી થાય છે, ઇન્દ્રિયનિગ્રહ અને મનોનિગ્રહમાં વિગય ત્યાગ બહુગુણકારી બને છે અને રસ પરિત્યાગ તપસ્યાનો લાભ થાય છે, તેથી મહાન કર્મોની નિર્જરા થાય છે.

**अभिक्खणं काउस्सग्गकारी :–** શ્રમણની સંયમ જીવનની દિનચર્યા વારંવાર કાયોત્સર્ગ પ્રધાન હોય છે. દેહનું મમત્ત્વ છોડવા માટે અને ચિત્તની એકાગ્રતા માટે જિનશાસનમાં કાયોત્સર્ગનું વિધાન છે. સાધુની સમગ્ર સાધનાનું લક્ષ્ય દેહભાવને છોડીને આત્મભાવમાં સ્થિર થવાનું છે. તેથી જ તેઓની જીવનચર્યામાં કોઈપણ પ્રવૃત્તિના અંતે કાયોત્સર્ગ કરવાનો હોય છે. યથા– ગૌચરી, પ્રતિલેખન, સ્વાધ્યાય કે માર્ગ ગમનાગમન વગેરે તે તે ક્રિયાની શુદ્ધિને અર્થે મુનિ કાયોત્સર્ગ કરે છે. આ સર્વ કાયોત્સર્ગ વિધાનોથી યુક્ત મુનિ ચર્યા હોય છે, માટે તેને અહીં **अभिक्खणं काउस्सग्गकारी** = વારંવાર કાયોત્સર્ગ કરનાર કહ્યા છે.

**सज्झायजोगे पयओ हवेज्जा :–** સ્વાધ્યાય ધ્યાન આદિ સંયમ યોગોમાં જ મુનિ સદા લીન અને પ્રયત્ન શીલ રહે છે તે અન્ય કોઈ સંયમ કે સ્વાધ્યાય વિઘાતક પ્રવૃત્તિ કે વિકથામાં સમય વ્યતીત કરે નહીં.

આ રીતે આ ગાથાના ચાર ચરણોમાં મુનિના ચાર ગુણ કહ્યા છે. તેનો બે પ્રકારે અર્થ થાય છે કે– (૧) મુનિ આ ગુણવાળા **हवेज्जा** = હોય છે. (૨) મુનિએ આ ગુણોને ધારણ કરવા જોઈએ. **બીજી રીતે–** ત્રણ ચરણમાં મુનિના વિશિષ્ટ ગુણ કહી ચોથા ચરણમાં તે ત્રણ ગુણ સહિત મુનિને સ્વાધ્યાય આદિ સંયમ યોગોની વૃદ્ધિ કરવાની પ્રેરણા કરી છે.

## મુનિની અપ્રતિબદ્ધ વિહાર ચર્યા :–

**૮** **ण पडिण्णवेज्जा सयणासणाइं, सेज्जं णिसेज्जं तह भत्तपाणं ।
गामे कुले वा णगरे व देसे, ममत्तभावं ण कहिंपि कुज्जा ॥**

**છાયાનુવાદ :** **न प्रतिज्ञापयेत् शयनासनानि, शय्यां निषद्यां तथा भक्तपानम् ।
ग्रामे कुले वा नगरे वा देशे, ममत्वभावं न क्वचित् कुर्यात् ॥**

**શબ્દાર્થ :– सयणासणाइं** = સંસ્તારક અને આસન **सेज्जं** = વસતિ, મકાન **णिसेज्जं** = સ્વાધ્યાય ભૂમિ **भत्तपाणं** = અન્નપાણી માટે **ण पडिण्णवेज्जा** = કોઈપણ પ્રકારની આસક્તિ યુક્ત પ્રતિજ્ઞા, પ્રતિબદ્ધતા ન કરે **गामे** = ગામમાં **णगरे** = નગરમાં **देसे** = દેશમાં **कुले** = કુળમાં **कहिं पि** = કોઈપણ

સ્થાન ૫૨ **ममत्तभावं** = મમત્વ ભાવ **ण कुज्जा** = ન કરે.

**ભાવાર્થ :–** ભિક્ષુ, શયન, આસન, મકાન અને સ્વાધ્યાય ભૂમિ તથા આહાર, પાણી વગેરે પદાર્થો પ્રતિ આસક્તિ વશ કોઈ પણ પ્રકારે પ્રતિજ્ઞા બદ્ધ થાય નહીં. તેમજ કોઈપણ ગામ, ઘર, નગર કે દેશ ઉપર મમત્વ ભાવ કરે નહીં.

**९** **गिहिणो वेयावडियं ण कुज्जा, अभिवायणं वंदणपूयणं वा ।**
**असंकिलिट्ठेहिं समं वसेज्जा, मुणी चरित्तस्स जओ ण हाणी ॥**

**છાયાનુવાદ :** **गृहिणो वैयावृत्त्यं न कुर्याद्, अभिवादनवन्दनपूजनं वा ।**
**असंक्लिष्टैः समं वसेद्, मुनिश्चारित्रस्य यतो न हानिः ॥**

**શબ્દાર્થ :– मुणी** = સાધુ **गिहिणो** = ગૃહસ્થની **वेयावडियं** = વૈયાવૃત્ય **अभिवायण वंदण पूयणं** = અભિવાદન, વંદન અને પૂજનાદિ સત્કાર **ण कुज्जा** = ન કરે **जओ** = જેનાથી **चरित्तस्स** = ચારિત્રની **हाणी** = હાનિ **ण** = ન થાય એવા **असंकिलिट्ठेहिं** = સંકલેશ રહિત સાધુઓની **समं** = સાથે **वसिज्जा** = નિવાસ કરે.

**ભાવાર્થ :–** મુનિ ગૃહસ્થોની વૈયાવૃત્ય અને તેનું અભિવાદન, વંદન કે નમન કરે નહીં. ચારિત્રવાન સાધુના સંગમાં રહે કે જેના સંસર્ગથી ચારિત્રની હાનિ ન થાય.

## વિવેચન :–

પ્રસ્તુત બે ગાથાઓમાં મુનિની અપ્રતિબદ્ધ વિહારચર્યાનું નિરૂપણ છે.

સાધુ અપ્રતિબદ્ધ વિહારી હોય છે, તેને કોઈ ક્ષેત્રનું, સ્થાનનું, વ્યક્તિનું કે વસ્તુનું બંધન હોતું નથી. મમત્વભાવ એક પ્રકારનું બંધન છે, આ કારણે મુનિ સર્વ પ્રકારના મમત્વભાવથી દૂર રહે છે.

**ण पडिण्णवेज्जा सयणासणाइं :–** સાધુ શયન, આસન, વસ્ત્ર, પાત્ર કે આહાર–પાણીમાં મમત્વભાવ ન રાખે. પરંતુ વિચરણ કરતાં જ્યાં જેવા શયન, વસ્ત્રાદિનો સંયોગ મળે તેમાં સંતોષ માની સંયમ ભાવ અને સમભાવમાં રહે. "અમુક અને તેવા જ ઉપકરણ મારે જોઈએ" એમ મુનિ કોઈ પદાર્થમાં પ્રતિબદ્ધ ન બને.

કારણ કે પ્રતિબદ્ધતાથી નિર્મમત્વભાવનો નાશ થાય છે, પરિગ્રહ વિરમણ મહાવ્રતની વિરાધના થાય છે અને તેનાથી વિવિધ દોષો જન્મે છે. તેથી સાધુ ઉપકરણોમાં અપ્રતિજ્ઞ રહે.

**गामे कुले वा णगरे व देसे :–** મુનિ કોઈપણ ગામ નગર, પ્રાંત કે ક્ષેત્ર વિશેષમાં પણ પ્રતિબદ્ધ ન બને પરંતુ સંયમ નિર્વાહ થાય તે પ્રમાણે અનેક ગામ, નગર, દેશ વિશેષમાં વિચરણ કરી ધર્મ પ્રભાવના

કરે. આ રીતે વિચરણ કરવાથી કોઈ સ્થાનમાં કે તે સ્થાનમાં રહેતી વ્યક્તિઓમાં મમત્વ ભાવનું બંધન થતું નથી. આ રીતે આ સૂત્રપદ સાધુને કોઈ પ્રાંત કે ક્ષેત્રના આગ્રહ વિના વિચરણ કરવાની પ્રેરણા આપે છે. માટે છતી શક્તિ સાધુએ એક જ શહેર કે પ્રાંતથી પ્રતિબદ્ધ ન રહેવું જોઈએ અને ક્યાં ય મારા ક્ષેત્ર, મારા ગામ, મારા શ્રાવક એવું મમત્વ ન બાંધવું જોઈએ.

**गिहिणो वेयावडियं ण कुज्जा :–** સાધુ ગૃહસ્થોની સેવા ન કરે. રાજા, મહારાજા, નેતા કે ધનાઢ્ય કોઈ પણ ગૃહસ્થ તો ગૃહસ્થ જ છે; સાધુનું પદ તો તેનાથી શ્રેષ્ઠ જ છે; માટે સાધુએ કોઈ પણ પ્રવાહમાં કે ભાવુકતામાં આવી ગૃહસ્થો સાથે સૂત્રોક્ત વિનય વૈયાવૃત્યની પ્રવૃત્તિ કરવી ન જોઈએ. ગૃહસ્થોની સેવા કરવાથી સાધુને અવિરતિનું પોષણ, પ્રશંસા, અનુમોદના થાય છે. ગૃહસ્થોના ઉપકારના કાર્યો કરવા તે પણ સાધુને માટે એક પ્રકારનું બંધન છે. સાધુ તેનો ત્યાગી હોય છે.

**असंकिलिट्ठेहिं समं वसिज्जा :–** મુનિ સંક્લેશ રહિત ઉત્તમ સાધુઓની સાથે જ રહે. જ્યાં રહેવામાં કોઈ પણ પ્રકારની સંકલેશની સ્થિતિ હોય ત્યાં મુનિ પહેલાં પોતાના આત્માનું દમન કરી સંકલેશથી દૂર રહેવાનો પ્રયત્ન કરે, તેમ શક્ય ન હોય તો બીજા સંકલેશ રહિત સ્થાનનો નિર્ણય કરે.

મનુષ્યો જેના સંસર્ગમાં રહે છે તેના આંદોલનની અસર વ્યક્ત કે અવ્યક્તપણે તેના જીવન પર થાય છે. તેથી જ જ્ઞાનીઓએ સત્પુરુષોના સંગમાં રહેવાની પ્રેરણા આપી છે. માટે મુનિ ક્લેશ રહિત ઉત્તમ પુરુષના સાંનિધ્યમાં રહે કે જેથી તેના સંયમ પર્યાયોની વૃદ્ધિ થતી રહે.

## સહચારી શ્રમણના અંતરાયે એકાકી વિહાર :–

**૧૦** **ण वा लभेज्जा णिउणं सहायं, गुणाहियं वा गुणओ समं वा ।**
**एक्को वि पावाइं विवज्जयंतो, विहरेज्ज कामेसु असज्जमाणो ॥**

**છાયાનુવાદ :** न वा लभेत निपुणं सहायं, गुणाधिकं वा गुणतः समं वा ।
एकोऽपि पापानि विवर्जयन्, विहरेत् कामेषु असज्यमानः ॥

**શબ્દાર્થ :– गुणाहियं** = ગુણોમાં અધિક **गुणओ समं** = ગુણોમાં તુલ્ય **णिउणं** = સંયમ પાલનમાં નિપુણ કોઈ **सहायं** = સહાયક સાધુ **ण लभेज्जा** = ન મળે તો સાધુ **पावाइं** = પાપ કર્મોને **विवज्जयंतो** = છોડતો **कामेसु** = કામ ભોગોમાં **असज्जमाणो** = આસક્ત ન થતો **एक्को वि** = એકલો જ **विहरिज्ज** = વિચરે.

**ભાવાર્થ :–** કોઈ મુનિને પોતાના અંતરાય કર્મસંયોગે જો ગુણાધિક કે ગુણ સમ એટલે સમાન આચાર વિચારવાળા અથવા વિશિષ્ટ આચાર નિષ્ઠ શ્રમણનો સુયોગ ન મળે તો તે પાપોનું પૂર્ણ રીતે વર્જન કરતાં અને ક્યાંય ઈન્દ્રિય વિષયોમાં આસક્ત ન થતાં, સાવધાનીપૂર્વક એકાકી વિચરે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથામાં મુનિ માટે સપરિસ્થિતિક એકલ વિહારનું સૂચન છે.

વિશિષ્ટ શક્તિ સંપન્ન અને યોગ્યતા સંપન્ન સાધક વિશિષ્ટ અભિગ્રહ કે પડિમા ધારણ કરવા માટે ગુરુ આજ્ઞાપૂર્વક અલ્પકાલીન અથવા જીવન પર્યંતની એકલ વિહાર ચર્યા ધારણ કરે છે. તે વિશિષ્ટ સાધક તપસ્વી, પડિમાધારી અને જિનકલ્પી શ્રમણ હોય છે; તે આચાર્યની સંપદામાં ગણાય છે.

સામાન્ય સાધક સમૂહમાં રહીને જ સંયમ સાધના કરે, તેમાં જ તેના સંયમની સુરક્ષા અને સફળતા રહે છે. સમૂહથી છૂટા પડી એકાકી વિચરણ બહુ જ જોખમ ભરેલું હોય છે. તે સાધક એકલા નિરંકુશ થવાથી સંયમાચારમાં, બ્રહ્મચર્યમાં કે શ્રદ્ધા વિચારણામાં કોઈ પણ સ્થળે શિથિલ થઈ જાય કે ડગમગી જાય, તેવી પૂર્ણ શક્યતા રહે છે. તેમ છતાં સૂત્રકારે આ ગાથામાં અને ઉત્તરાધ્યયન સૂત્ર અધ્ય. ૩૨/૫ માં અનિવાર્ય સંયોગોમાં સાધુના માટે એકાકી વિહારનું કથન કર્યું છે. સાધકનું લક્ષ્ય સમ્યક્જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના જ છે. જે સંયોગોમાં લક્ષ્યની સિદ્ધિ ન થાય, તથાપ્રકારના કર્મના ઉદયે સંયમી જીવનને પોષક સહયોગીઓ ન મળે તો તે સાધક સૂત્રોક્ત સર્વ સાવધાનીપૂર્વક એકલો જ વિચરણ કરી સંયમ ભાવમાં લીન રહે.

પ્રથમ ચૂલિકામાં સંયમ છોડી ગૃહસ્થ ન થવાનો ઉપદેશ છે અને સંયમમાં જ રમણ–રતિ કરવાની પ્રેરણા છે; તેથી તે ચૂલિકાનું નામ **રતિવાક્યા** છે અને આ ચૂલિકાની આ ગાથામાં પણ આવા જ ભાવ છે કે સમાધિકારક સહચારીઓનો સંયોગ ન મળે તો પણ મુનિ સંયમ છોડવાનો વિચાર ન કરે પરંતુ એકલો જ જાગૃતિપૂર્વક સંયમમાં વિચરણ કરે. આ ગાથાના વિષયની મુખ્યતાએ આ ચૂલિકાનું નામ રતિવાક્યાના અનુસંધાનમાં **વિવિક્ત ચર્યા** છે.

## કલ્પમર્યાદા અને સૂત્રાજ્ઞા પાલન શિક્ષા :–

**૧૧** **संवच्छरं वावि परं पमाणं, बीयं च वासं ण तहिं वसेज्जा ।**
**सुत्तस्स मग्गेण चरेज्ज भिक्खू, सुत्तस्स अत्थो जह आणवेइ ॥**

**છાયાનુવાદ :** **संवत्सरं चाऽपि परं प्रमाणं, द्वितीयं च वर्ष न तत्र वसेत् ।**
**सूत्रस्य मार्गेण चरेद् भिक्षुः, सूत्रस्यार्थो यथाऽऽज्ञापयति ॥**

**શબ્દાર્થ :– परं** = ઉત્કૃષ્ટ **संवच्छरं** = એક વર્ષ **पमाणं** = પ્રમાણ **वावि** = સુધી **तहिं** = તે જ સ્થાને **बीयं च** = એક વાર કલ્પકાલ રહ્યા પછી બીજીવાર **वासं** = આવીને નિવાસ **ण वसेज्जा** = ન રહે **सुत्तस्स** = સૂત્રના **अत्थो** = અર્થ **जह** = જેવી રીતે **आणवेइ** = આજ્ઞા કરે, તેવી રીતે **भिक्खू** = સાધુ **मग्गेण** = માર્ગથી **चरिज्ज** = ચાલે.

**ભાવાર્થ :–** ભિક્ષુ જે ક્ષેત્રમાં માસ કલ્પ કે ચાતુર્માસ કલ્પ રહ્યા હોય. ત્યાં પાછા બીજીવાર(જઘન્ય બે માસ) ઉત્કૃષ્ટ એક વર્ષ સુધી(ચાતુર્માસ કલ્પ રહ્યા હોય તે અપેક્ષાએ) આવીને નિવાસ ન કરે અર્થાત્ રહેવા માટે ન આવે. આ રીતે સૂત્રનો અર્થ જે આજ્ઞા કરે તે તે સૂત્રાજ્ઞાઓ અનુસાર સંયમ માર્ગમાં વિચરણ કરે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથામાં સાધુને એક જ જગ્યા રહેવા સંબંધી કલ્પમર્યાદાનું કથન છે.

**संवच्छरं वावि परं पमाणं :–** સાધુ જે ગ્રામાદિમાં ચાતુર્માસ કલ્પ રહ્યા હોય, તે ગ્રામાદિમાં પરમ = ઉત્કૃષ્ટ એક વરસ પ્રમાણ કાળ પર્યંત, તે સાધુઓને ત્યાં આવીને રહેવું કલ્પતું નથી. સાધુના ગ્રામાદિમાં રહેવાના બે કલ્પ છે– (૧) માસકલ્પ અને (૨) ચાતુર્માસ કલ્પ. બૃહદ્કલ્પમાં તેની કલ્પ મર્યાદા બતાવવામાં આવી છે.

**કલ્પમર્યાદા :– માસકલ્પ–** ગ્રીષ્મ અને શીતકાળમાં સાધુ ગ્રામાદિમાં માસકલ્પ અર્થાત્ ૨૯ દિવસ અને સાધ્વીજી ૫૮ દિવસ રહી શકે છે. **ચાર્તુમાસ કલ્પ–** ચોમાસામાં સાધુ–સાધ્વી ગ્રામાદિમાં ચાર મહિના રહે છે.

આચારાંગ કથિત સાધ્વાચારના નિયમ પ્રમાણે સાધુ–સાધ્વી ગ્રામાદિમાં માસકલ્પ કે ચાતુર્માસ કલ્પ રહ્યા પછી ત્યાંથી વિહાર કરી અન્યત્ર વિચરતાં વિચરતાં ઓછામાં ઓછો બમણો સમય વ્યતીત થયા પછી જ તે ગ્રામાદિમાં રહેવા માટે આવી શકે છે. સાધુ જે ગ્રામાદિમાં માસકલ્પ કે ચાતુર્માસ કલ્પ રહે પછી તેથી બમણો કાળ વ્યતીત ન થાય ત્યાં સુધી તે ગ્રામાદિમાં આવીને રહેવું તેને કલ્પે નહીં. બૃહદ્કલ્પ સૂત્રથી માસકલ્પ અને ચાતુર્માસ કલ્પની કલ્પમર્યાદા સ્પષ્ટ થાય છે.

(૧) શેષકાળમાં સાધુ જે ગ્રામાદિમાં માસકલ્પ(૨૯ દિવસ) અને સાધ્વીજી ૫૮ દિવસ રહ્યા હોય, ત્યાં સાધુને બે મહિના(૫૮ દિવસ) પર્યંત અને સાધ્વીજીને ૧૧૬ દિવસ પર્યંત આવીને રહેવું કલ્પે નહીં. બે મહિના પછી કે ૧૧૬ દિવસ પછી પુનઃ તે ત્યાં આવીને રહી શકે છે.

(૨) સાધુ જે ગ્રામાદિમાં ચાતુર્માસકલ્પ(ચોમાસાના ચાર મહિના) રહ્યા હોય તે ગ્રામાદિમાં આઠ મહિના પર્યંત આવીને રહેવું સાધુને કલ્પે નહીં અને આઠ મહિના પછી બીજો ચાતુર્માસ કલ્પ શરૂ થઈ જાય છે. સાધુ માટે ચાતુર્માસમાં વિહાર વર્જ્ય હોવાથી ૮+૪ = ૧૨ મહિના એક વર્ષ પર્યંત તે ક્ષેત્રમાં તેઓ જઈ શકતા નથી. એક વર્ષ પછી તે ગ્રામાદિમાં સાધુ જઈને રહી શકે છે. આ અપેક્ષાએ જ ગાથાના પૂર્વાર્ધમાં **એક વર્ષ પ્રમાણ** કાળનું કથન છે.

**बीयं च वासं ण तहिं वसिज्जा** = આ પદથી એ પણ ફલિત થાય છે કે મુનિ કલ્પ મર્યાદાનો બમણો સમય વ્યતીત થાય પહેલાં ત્યાં નિવાસ ન કરે અર્થાત્ રહેવા માટે ત્યાં ન આવે પરંતુ એક ક્ષેત્રથી બીજા ક્ષેત્રમાં જતાં આવતાં માર્ગમાં તે ગ્રામાદિ આવી જાય તો ત્યાં ૧–૨ રાત્રિ વિશ્રાંતિ માટે રહી શકાય છે પરંતુ વિચરવાની કે રહેવાની દષ્ટિએ મુનિ ત્યાં આવે નહીં.

**सुत्तस्स मग्गेण चरेज्ज भिक्खू; सुत्तस्स अत्थो जह आणवेइ** – ભિક્ષુએ સૂત્રાનુસાર સંયમ માર્ગમાં વિચરણ કરવું જોઈએ તેમજ સૂત્રના અર્થ પરમાર્થે જે જે નિયમ સિદ્ધ થાય તે સર્વ નિયમોનું યથાર્થ પાલન કરવું જોઈએ.

આગમોક્ત આ કલ્પ મર્યાદા પાછળ શાસ્ત્રકારના મુખ્ય બે હેતુ સમજાય છે– (૧) શ્રમણોને કોઈ ક્ષેત્ર, વ્યક્તિના પરિચયની સંલગ્નતા વધારે ન રહે, પરિવર્તિત થતી રહે. જેથી તે કોઈ ક્ષેત્ર કે વ્યક્તિથી પ્રતિબદ્ધ ન થઈ જાય અને નિર્મમત્વી નિર્મોહી નિષ્પરિગ્રહી સાધનામાં અસ્ખલિતપણે વિચરતા રહે (૨) સાધુ–સાધ્વી નવા નવા ગ્રામ નગર કે રાજ્યાદિમાં વિચરણ કરતા રહે તો જ જિનશાસનની પ્રભાવના થતી રહે તથા અનેક જીવો ધર્મ બોધને પામી આત્મ કલ્યાણ કરતા રહે. તે સિવાય પણ શ્રમણોની વિહાર ચર્યા બ્રહ્મચર્યની સમાધિ, શરીર સ્વાસ્થ્યની સમાધિ વગેરે અનેકાનેક લાભનું કારણ બને છે.

### સ્વદોષ દર્શન અને સ્વાનુશાસન :–

**१२** **जो पुव्वरत्तावररत्तकाले, संपेहए अप्पगमप्पएणं ।**
**किं मे कडं किं च मे किच्चसेसं, किं सक्कणिज्जं ण समायरामि ॥**

**१३** **किं मे परो पासइ किं च अप्पा, किं वाहं खलियं ण विवज्जयामि ।**
**इच्चेव सम्मं अणुपासमाणो, अणागयं णो पडिबंध कुज्जा ॥**

**છાયાનુવાદ :** यः पूर्वरात्रापररात्रकाले, संप्रेक्षते आत्मानमात्मना ।
किं मया कृतं किंच मे कृत्यशेषं, किं शक्यं न समाचरामि ॥१२॥

किं मे परः पश्यति ? किं वात्मा, किंवाऽहं स्खलितं न विवर्जयामि ।
इत्येवं सम्यगनुपश्यन्, अनागतं नो प्रतिबन्धं कुर्यात् ॥१३॥

**શબ્દાર્થ :–** **मे** = મે **किं** = શું **किच्चं** = કરવા યોગ્ય કાર્ય **कडं** = કર્યું છે તથા **मे** = મારું **किं** = ક્યું **किच्च** = કૃત્ય **सेसं** = શેષ, બાકી છે **किं** = ક્યા **सक्कणिज्जं** = શક્ય કાર્યનું **ण समायरामि** = આચરણ નથી કરતો, આ પ્રમાણે **जो** = જે સાધુ **पुव्वरत्तावररत्तकाले** = રાત્રિના પ્રથમ પ્રહર અને ચરમ પ્રહરમાં, સૂતાં– ઊઠતાં **अप्पगं** = પોતાના આત્માને **अप्पएणं** = પોતાના આત્મા દ્વારા જ **संपेहए** = સમ્યક્ પ્રકારથી જુએ છે, આત્મ વિચારણા કરે છે.

**परो** = અન્ય પુરુષ **मे** = મારી **किं** = કઈ **खलियं** = સ્ખલનાને, ભૂલોને, દોષોને **पासइ** = જુએ છે **अप्पा** = હું સ્વયં મારા પ્રમાદને **किं** = કેવી રીતે જોઉં છું **अहं** = હું **किं** = શા માટે કઈ **ण** = નથી **विवज्जयामि** = છોડતો **इच्चेव** = આ રીતે **सम्मं** = સમ્યક્ પ્રકારે **अणुपासमाणो** = વિચાર કરતાં સાધુ **अणागयं** = ભવિષ્ય કાલના, આગળ માટે **पडिबंध** = અસંયમના રાગને, તે ભૂલોનો આગ્રહ **ण कुज्जा** = ન કરે.

**ભાવાર્થ :–** ભિક્ષુ, રાત્રિના પ્રથમ અને અંતિમ પ્રહરમાં અર્થાત્ સૂતાં અને ઊઠતાં પોતાના આત્મા દ્વારા આત્માની સમ્યક્ પ્રકારે વિચારણા કરે અર્થાત્ આત્માનુપ્રેક્ષણ કરે કે સંયમ તપમાં કે જ્ઞાનમાં મેં આજે શું

પુરુષાર્થ કર્યો છે ? અને મારે શું કરવાનું બાકી છે ? મારાથી શક્ય હોવા છતાં કયા જ્ઞાન ધ્યાન અને સંયમ તપનું આચરણ હું કરતો નથી ?

મારી કઈ સ્ખલનાઓને અન્ય લોકો જુએ છે ? અને કઈ સ્ખલનાઓને હું જોઉં છું ? તેમજ હું મારી કઈ સ્ખલનાઓને જોવા છતાં છોડતો નથી ? આ પ્રમાણે ભલી–ભાંતિ વિચાર કરતા મુનિ ભવિષ્યમાં તે ભૂલોને પકડી રાખે નહીં અર્થાત્ ફરી તે દોષ લગાડે નહીં પરંતુ તેને છોડી દે અને જ્ઞાન ધ્યાન તપ સંયમ સંબંધી પુરુષાર્થ કરવામાં વિલંબ કરે નહીં.

**૧૪** **जत्थेव पासे कइ दुप्पउत्तं, काएण वाया अदु माणसेणं ।**
**तत्थेव धीरो पडिसाहरेज्जा, आइण्णओ खिप्पमिव क्खलीणं ॥**

**છાયાનુવાદ :** **यत्रैव पश्येत् क्वचिद् दुष्प्रयुक्तं, कायेन वाचाऽथ मानसेन ।**
**तत्रैव धीरः प्रतिसंहरेत्, आकीर्णकः क्षिप्रमिव खलिनम् ॥**

**શબ્દાર્થ :– जत्थेव कइ** = જે કોઈ વિષયમાં, સંયમના પરિણામમાં કે અનુષ્ઠાનાદિમાં **काएण** = કાયાથી **वाया** = વચનથી **अदु** = અથવા **माणसेणं** = મનથી પોતાને જ **दुप्पउत्तं** = દુષ્પ્રયુક્ત, પ્રમાદયુક્ત **पासे** = જુએ તો **धीरो** = ધૈર્યવાન્ સાધુ **तत्थेव** = ત્યાં જ, તે સમયે જ **पडिसाहरिज्जा** = શીઘ્રતાથી સંભાળી લે, હટાવી લે **आइण्णो इव** = જેમ જાતિવાન અશ્વ **खिप्पं** = શીઘ્ર **क्खलीणं** = લગામથી વશ થાય છે.

**ભાવાર્થ :–** ધૈર્યવાન સાધુ, જ્યાં જે સમયે મન, વચન અને કાયાથી આત્માને દુષ્પ્રવૃત્ત જુએ તે જ સમયે તેને શીઘ્રતાથી હટાવી લે, દુષ્પ્રવૃત્તિથી દૂર કરી લે. જેમ ઉત્તમ અશ્વ લગામથી તુરંત વશ થઈ જાય છે, તેમ પોતાના આત્માને વશ કરી સન્માર્ગે વાળી લે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથાઓમાં શ્રમણ નિર્ગ્રંથોને ગુણોની વૃદ્ધિ અને દોષોના ત્યાગ માટે આત્મનિરીક્ષણ અને આત્માનુશાસન કરવાની પ્રેરણા આપી છે.

**संपेहए अप्पगमप्पएणं :–** બારમી ગાથામાં ગુણ વર્ધન માટેના ત્રણ ચિંતન છે અને તેરમી ગાથામાં અવગુણ નિરસન માટેના બીજા ત્રણ ચિંતન છે, તે આ પ્રમાણે છે– (૧) મેં આ સંયમ જીવનમાં કયા–કયા કાર્યો કર્યા છે ? (૨) કયા કયા કાર્ય કરવાના બાકી છે ? (૩) કયા કાર્યો કરવાની મારામાં શક્તિ હોવા છતાં પ્રમાદ વશ તેને હું ક્રિયાન્વિત કરતો નથી (૪) મારા કયા દોષો બીજા લોકોને નજરે પડે છે (૫) કયા દોષો મને સ્વયંને દેખાય છે (૬) કયા દોષોને જાણવા છતાં પણ હું તેને છોડતો નથી.

**ગુણ વૃદ્ધિ વિચારણા :–** સંયમ ગ્રહણ કર્યા પછી સંયમ ચર્યાના સમસ્ત વ્યવહારી આચરણો ઉપરાંત સમયાવકાશ અને ક્ષમતા પ્રમાણે મુનિને બે ગુણોની વૃદ્ધિ કરવાની હોય છે– શ્રુતજ્ઞાન અને તપસ્યા. **(૧)**

**શ્રુતજ્ઞાનમાં–** ઉપલબ્ધ શાસ્ત્રોનું વાંચન અને કંઠસ્થ ધારણ. મુનિ શાસ્ત્ર કંઠસ્થ કરવામાં ઉત્તરોત્તર વૃદ્ધિ કરતા જ રહે; સૂત્રાર્થની વાચણી ગુરુ, વડીલ પાસેથી ગ્રહણ કરે; વાચણી કરેલા શાસ્ત્રોને સ્વયં અનુપ્રેક્ષા પૂર્વક વ્યાખ્યાઓના આધારે પુનઃ પુનઃ વાંચન કરે. તે શાસ્ત્રોના મર્મ ભરેલા થોકડાઓ જે ઉપલબ્ધ છે, તેને સમજીને કંઠસ્થ કરે. **(૨) તપસ્યામાં–** નવકારસી, પોરસી, એકાસના , આયંબિલ, ઉપવાસ, છટ્ઠ વગેરે માસખમણ સુધીના તપ, વરસી તપ અને અન્ય પણ આગમોક્ત પ્રચલિત તપ તથા અભિગ્રહ, આ સર્વ તપસ્યાઓનો મુનિ અભ્યાસ કરી, યથાશક્તિ તપારાધના કરી, સંયમ જીવનને તે તપસ્યાઓથી વિકસિત તથા સુશોભિત કરતા રહે. આ રીતે આ બે વિશિષ્ટ કર્તવ્યોના વિષયમાં મુનિ બારમી ગાથા કથિત ત્રણે ય ચિંતન કરી તેના વિકાસ કરવા માટે કટિબદ્ધ બને.

**અવગુણ અવલોકન :–** પ્રશ્ન થાય છે કે સંયમ જીવન તો સેંકડો હજારો ગુણોનો ભંડાર છે, તેમ છતાં તે સંયમ જીવનમાં અવગુણો શું જોવાના ? સમાધાન સરલ છે કે તે જ હજારો ગુણોમાં પ્રમાદ કે અજ્ઞાન વશ જે સ્ખલનાઓ થતી હોય તેને જ જોવાની અને શોધવાની હોય છે તથા શોધીને સુધારવાની હોય છે, તેમજ ફરી તે સ્ખલનાઓ થાય નહીં તેવી કાળજી રાખવાની હોય છે. મુખ્યતયા– વિષય અને કષાય, અવિનય અને આશાતના, આળસ અને પ્રમાદ, નિદ્રા અને વિકથા, મહાવ્રત અને સમિતિ ગુપ્તિના અતિચરણ વગેરે અનેકાનેક સ્થાન છે કે તે સંબંધી નાની–મોટી સ્ખલનાઓ થઈ જાય તેની મુનિ શોધ કરી શુદ્ધ કરે; આ અવગુણ અવલોકનનું તાત્પર્ય છે.

**अणागयं पडिबंध णो कुज्जा... :–** સાધુને આત્મનિરીક્ષણ કરતાં પોતાની સ્ખલનાઓ જણાય તો તેનું નિવારણ કરવા તે તરત જ તૈયાર થઈ જાય છે. અનાગત–ભવિષ્યકાલ પર તે વાતને ન છોડે.

સાધુ મન, વચન, કાયાથી થતાં પોતાના દોષોને જ્યારે જુએ ત્યારે તરત જ તે સાવધાન થઈને ત્યાંથી જ પાછો વળી જાય છે. જેમ જાતિવંત અશ્વ લગામ ખેંચવા માત્રથી સન્માર્ગે આવી જાય છે. તે જ રીતે ઉત્તમ સાધુ પણ ગુર્વાદિના આદેશ કે ઉપદેશની અપેક્ષા રાખ્યા વિના પોતાના આત્માની રક્ષા માટે પોતાના દોષને દૂર કરવા સ્વયં કટિબદ્ધ થઈ જાય. આ જ આત્માનુશાસન છે. સાધુ તેના દ્વારા પોતાના આત્માને શિક્ષિત અને સંસ્કારિત બનાવે.

## પૂર્વોક્ત ગુણધારક પ્રતિબુદ્ધ જીવી શ્રમણ :-

**૧૫** **जस्सेरिसा जोग जिइंदियस्स, धिईमओ सप्पुरिसस्स णिच्चं ।**
**तमाहु लोए पडिबुद्धजीवी, सो जीवइ संजमजीविएणं ॥**

**છાયાનુવાદ :** **यस्येदृशा योगा जितेन्द्रियस्य, धृतिमतः सत्पुरुषस्य नित्यम् ।**
**तमाहुर्लोके प्रतिबुद्धजीविनं, स जीवति संयमजीवितेन ॥**

**શબ્દાર્થ :– जिइंदियस्स** = ઇન્દ્રિયવિજેતા **धिईमओ** = ધૈર્યવાન્ **जस्स** = જે **सप्पुरिसस्स** =

સત્પુરુષોને, મુનિઓને **जोग** = મન, વચન, કાયયોગ **णिच्चं** = સદા **एरिसा** = આ પ્રકારના હોય છે **तं** = તેને **लोए** = લોકમાં **पडिबुद्धजीवी** = જાગૃતિપૂર્વકના જીવનવાળા, જ્ઞાનયુક્ત જીવનવાળા, જ્ઞાન પામેલા, પ્રતિબુદ્ધજીવી **आहु** = કહે છે **से** = તે **संजमजीविएणं** = સંયમ જીવનથી **जीवइ** = જીવે છે.

**ભાવાર્થ :–** જે જિતેન્દ્રિય છે, ધૈર્યવાન છે અને જેના મન, વચન તથા કાયયોગ હંમેશાં વશમાં હોય છે, તેવા સત્પુરુષોને(મુનિઓને) આ લોકના વિદ્વત્‌જનો પડિબુદ્ધજીવી(જાગૃતિપૂર્વક જીવન જીવનાર) કહે છે, કારણ કે તેઓ સંયમમય જીવન વ્યતીત કરે છે.

## વિવેચન :–

પ્રસ્તુત ગાથામાં સાધુચર્યાનું યથાર્થ પાલન કરનારને પ્રતિબુદ્ધ જીવીનું બિરુદ આપવામાં આવ્યું છે.

સાધુચર્યા એક વિશિષ્ટ ચર્યા છે. સામાન્ય લોકો તેનો સ્વીકાર કે પાલન કરી શકતા નથી પરંતુ પ્રતિસ્રોત(સંસાર પ્રવાહ)ની સામે ગમન કરવાનું સામર્થ્ય જેનામાં હોય તે વીર અને ધીર પુરુષ સંયમ–ચર્યાનું પાલન કરવા કટિબદ્ધ થાય છે અને તે જ ઇન્દ્રિય સંયમ તથા કષાય વિજયની સાધના દ્વારા સંયમની આરાધનામાં આગળ વધે છે.

**पडिबुद्ध जीवी :–** આ શબ્દના અનેક અર્થ થાય છે– શ્રદ્ધા અને જ્ઞાનપૂર્વક ક્રિયાનું પાલન કરનારા સમન્વિત જીવનવાળા, જ્ઞાની આત્મા, જાગૃત આત્મા. પ્રતિબુદ્ધ જીવીની પાત્રતા માટે શાસ્ત્રકારે આવશ્યક ગુણો દર્શાવ્યા છે– (૧) ઇન્દ્રિય વિજય (ર) ધૈર્ય (૩) સત્પુરુષ, સજ્જન પુરુષ, શ્રેષ્ઠ પ્રકૃતિ અને સુંદર વ્યવહારવાળા (૪) સંયમ જીવનથી જીવનાર. તાત્પર્ય એ છે કે આ ગુણોથી યુક્ત જ્ઞાનમય જીવન જેનું હોય તે જ આત્મ કલ્યાણ સાધી શકે છે; અજ્ઞાની જીવનવાળા સાધક આત્મ કલ્યાણ સાધવા માટે અયોગ્ય હોય છે.

## સુરક્ષિત અને અરક્ષિત આત્માની ગતિ :–

**૧૬** **अप्पा खलु सययं रक्खियव्वो, सव्विंदिएहिं सुसमाहिएहिं ।**
**अरक्खिओ जाइपहं उवेइ, सुरक्खिओ सव्वदुहाण मुच्चइ ॥**
**॥त्ति बेमि ॥**

**છાયાનુવાદ :** **आत्मा खलु सततं रक्षितव्यः, सर्वेन्द्रियैः सुसमाहितैः ।**
**अरक्षितो जातिपन्थानमुपैति, सुरक्षितः सर्वदुःखेभ्यो विमुच्यते ॥**
**॥ इति ब्रवीमि ॥**

**શબ્દાર્થ :– सव्विंदिएहिं सुसमाहिएहिं** = સમગ્ર ઇન્દ્રિયો દ્વારા સુસમાહિત મુનિ દ્વારા **अप्पा** =

આત્મા **सययं** = હંમેશાં **रक्खियव्वो** = રક્ષણીય છે કારણ કે **अरक्खिओ** = અરક્ષિત આત્મા **जाइपहं** = જાતિ પથને, એકેન્દ્રિય આદિ વિવિધ જાતિઓમાં જન્મ મરણના પથને **उवेइ** = પ્રાપ્ત થાય છે અને **सुरक्खिओ** = સુરક્ષિત આત્મા **सव्वदुहाण** = સર્વ દુઃખોથી **मुच्चइ** = મુક્ત થાય છે.

**ભાવાર્થ :–** સર્વ ઈન્દ્રિય અને મનને સમાધિમાં એટલે આત્મવશમાં રાખતા સુસમાધિવંત મુનિએ હંમેશાં પોતાના આત્માની રક્ષા કરવી જોઈએ. કારણ કે અરક્ષિત આત્મા જન્મ–મરણને પ્રાપ્ત કરે છે અને સુરક્ષિત આત્મા જ સર્વ દુઃખોથી મુક્ત થાય છે.

## વિવેચન :–

પ્રસ્તુત ચૂલિકાની આ અંતિમ ગાથામાં દર્શાવ્યું છે કે ઈન્દ્રિય અને મનની સમાધિ વડે આત્મ સુરક્ષા કરનાર સંયમીને સંસારથી મુક્તિની પ્રાપ્તિ તથા આત્મ રક્ષા ન કરનારને જન્મમરણની પ્રાપ્તિ થાય છે.

જે જીવો વિષય પ્રવાહના વહેણમાં જ વહ્યા કરે છે તે જીવો અનંત જન્મ–મરણ કરે છે. કર્મબંધન દ્વારા તેઓના આત્મગુણોનો નાશ થાય છે. તે આત્માની અરક્ષા છે. પરિણામે તેઓની દુઃખની પરંપરા ચાલુ જ રહે છે. પરંતુ પ્રતિબુદ્ધ જીવી આ પરંપરાને તોડી નાંખે છે.

**अप्पा खलु सययं रक्खियव्वो :–** સાધકનું લક્ષ્ય સદાને માટે આત્મરક્ષાનું જ હોય છે. આત્મગુણોના આવરણને હટાવી, દૂર કરી અને ગુણોને પ્રગટાવી સાધકે જન્મ–મરણની પરંપરાને તોડવી અને આત્માનુભૂતિ પ્રાપ્ત કરવી તે આત્મરક્ષા છે. સુરક્ષિત થયેલો આત્મા શારીરિક અને માનસિક સર્વ દુઃખોથી મુક્ત થાય છે અને અરક્ષિત આત્મા એકેન્દ્રિયાદિ તુચ્છ જાતિઓમાં જન્મમરણ કરે છે અને ત્યાં અસહ્ય દુઃખ ભોગવે છે.

શરીર એ આત્મસાધના કરવાનું સાધન હોવાથી કેટલાક લોકો દેહ રક્ષાને સર્વોપરિ માને છે. પરંતુ અહીં સૂત્રકારે આત્મરક્ષાને સર્વોપરિ માની છે. સાધુ–સાધ્વીજીએ મહાવ્રતના ગ્રહણ કાળથી પ્રારંભી મૃત્યુ પર્યંત દરેક ક્ષણ, દરેક પળ સાવધાનીપૂર્વક હંમેશાં આત્મરક્ષામાં લીન રહેવું જોઈએ. આત્મ દ્રવ્ય અજર–અમર છે. તેમ છતાં અવસ્થાભેદે તેના આઠ પ્રકાર છે. તેમાંથી અહીં સંયમના અનુલક્ષે જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય આત્માની રક્ષાનું કથન છે.

બધી ઈન્દ્રિયોની બહિર્મુખી વૃત્તિને રોકીને આત્માની પરિચર્યામાં ચિત્તને એકાગ્ર કરવાથી સંયમીનું ઉર્ધ્વારોહણ થાય છે.

### –: પરમાર્થ :–

જિનેશ્વરના શ્રીમુખમાંથી પ્રવાહિત થયેલું, પરમાર્થથી ભરેલું, સ્થવિર ભગવંતોએ ઝીલેલું, **વિવિક્ત ચર્યાના** રૂપમાં પ્રસરેલું આ નવનીત રૂપ વાક્ય મંદ પરિણામી સાધકને સંયમમાં સ્વાનુશાસને

પુરુષાર્થ શીલ બનાવી, લોકેષણા છોડાવી, પશ્ચાત્તાપની પાવન ગંગામાં ઝબોળી, વિવિધ પ્રકારના સદાચરણોથી અંગોને પ્લાવિત કરે છે, તે ઉપરાંત સંયમચર્યાની હિતશિક્ષાઓને ગ્રહણ કરી સાધક અજ્ઞાત કુળની ગોચરી કરતો, પોતાની અનુપ્રેક્ષા કરતો, સ્વરૂપમાં સમાહિત થવા જગતમાંથી ઉપર ઊઠી જવાના અમોઘ ઉપાય અજમાવતો પરમોત્કૃષ્ટ ભાવની પરાકાષ્ટાએ પહોંચી જાય છે. આ ચૂલિકાના ભાવો ઊંડાણમાં ઉતરી જાય તો આત્મા શીઘ્ર સ્વરૂપાનંદી બની ભાવ પ્રાણમાં ઝુલે અને શાશ્વત સુખનો સ્વામી બને છે.

॥ ચૂલિકા–૨ સંપૂર્ણ ॥

# દશવૈકાલિક સૂત્ર સંપૂર્ણ

## પરિશિષ્ટ–૧

# વિવેચિત વિષયોની અકારાદિ અનુક્રમણિકા


| | વિષય | અધ્ય. | ગાથા | પૃષ્ટ | | વિષય | અધ્ય. | ગાથા | પૃષ્ટ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (અ) | अइभूमिं | ૫/૧ | ૨૬ | ૧૫૧ | | अत्तहियट्टयाए | ૪ | સૂ. ૧૩ | ૯૩ |
| | अकक्कसं | ૭ | ૩ | ૨૯૨ | | अतिंतिणे | ૮ | ૨૯ | ૩૪૭ |
| | अक्कुहए | ૯/૩ | ૧૨ | ૪૨૭ | | अतिंतिणे | ૯/૪ | ૫ | ૪૪૩ |
| | अकोउहले | ૯/૩ | ૧૨ | ૪૨૭ | | અદત્તા દાન | ૪ | સૂ. ૯ | ૮૪ |
| | अग्गलं फलिहं | ૫/૨ | ૯ | ૨૧૨ | | अदीणवित्ति | ૯/૩ | ૧૨ | ૪૨૭ |
| | अचियत्तं | ૫/૧ | ૧૭ | ૧૪૫ | | અનશન | ૧ | ૧ | ૬ |
| | अच्चंबिलं | ૫/૧ | ૮૧ | ૧૮૯ | | અનિસૃષ્ટ | ૫/૧ | ૩૮ | ૧૬૧ |
| | अजयं | ૪ | ૮ | ૧૦૯ | | अप्पत्तियं जेण सिया | ૮ | ૫૧ | ૩૬૭ |
| | अज्जोयर | ૫/૧ | ૫૬ | ૧૦૨ | | अप्पं वा बहुं वा | ૪ | સૂ. ૯ | ૮૪ |
| | अट्ठावए य णालीए | ૩ | ૪ | ૪૩ | | अप्पाणं वोसिरामि | ૪ | સૂ. ૬ | ૭૬ |
| | અઢાર હજાર શીલાંગ ગુણોની ગણના વિધિ | ૮ | ૪૧ | ૩૫૮ | | अप्पोवही | ચૂ. ૨ | ૫ | ૫૦૮ |
| | अणुसिण्णं | ૫/૨ | ૨૪ | ૨૨૦ | | अभिगम कुसले | ૯/૩ | ૧૫ | ૪૩૦ |
| | अण्णत्थ सत्थ परिणएणं | ૪ | સૂ. ૪ | ૬૯ | | अभिहडाणि | ૩ | ૨ | ૪૦ |
| | अण्णाय उंछं चरइ विसुद्धं | ૯/૩ | ૫ | ૪૨૧ | | अभूइभावो | ૯/૧ | ૩ | ૩૮૬ |
| | अणाययणे | ૫/૧ | ૧૧ | ૧૪૦ | | अमच्छरीया | ચૂ. ૨ | ૭ | ૫૧૦ |
| | अणिएयवासो | ચૂ. ૨ | ૫ | ૫૦૮ | | अमूढे | ૧૦ | ૭ | ૪૫૪ |
| | अणियाणे अकोउहले | ૧૦ | ૧૪ | ૪૬૦ | | अमोह दंसिणो | ૬ | ૬૮ | ૨૮૬ |
| | अणिव्वुडे सचित्ते आमए | ૩ | ૭ | ૪૯ | | अयावयट्ठा | ૫/૨ | ૩ | ૨૦૬ |
| | अणिहे | ૧૦ | ૧૭ | ૪૬૬ | | अयंपिरं | ૮ | ૫૧ | ૩૬૭ |
| | अणुण्णए | ૫/૧ | ૧૪ | ૧૪૨ | | अरसं विरसं वावि | ૫/૧ | ૯૯ | ૨૦૧ |
| | अणुव्विग्गो | ૫/૧ | ૨ | ૧૩૩ | | अलाभो त्ति ण सोएज्जा | ૫/૨ | ૬ | ૨૦૭ |
| | अणुव्विग्गं | ૮ | ૫૧ | ૩૬૭ | | अलीणगुत्तो णिसीए | ૮ | ૪૬ | ૩૬૪ |
| | अणुसोओ | ચૂ. ૨ | ૩ | ૪૦૫ | | अविस्सइ जीवियपज्जवेण | ચૂ. ૧ | ૧૬ | ૪૯૭ |
| | अत्तसंपग्गहिए | ૯/૪ | ૨ | ૪૩૪ | | अविहेडए | ૧૦ | ૧૦ | ૪૫૭ |

| | વિષય | અધ્ય. | ગાથા | પૃષ્ટ | | વિષય | અધ્ય. | ગાથા | પૃષ્ટ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | असइं वोसट्ठ चत्तदेहे | ૧૦ | ૧૪ | ૪૫૯ | | इहलोगट्ठयाए | ૯/૪ | ૪ | ૪૪૦ |
| | असणं पाणं वा | ૪ | સૂ.૧૨ | ૮૯ | | इंदो वा पडिओ छमं | ચૂ.૧ | ૫ | ૪૮૬ |
| | असंभत्तो | ૫/૧ | ૨ | ૧૩૨ | (ઉ) | उच्चावयं | ૫/૧ | ૮૧ | ૧૮૫ |
| | असंविभागी | ૯/૨ | ૨૪ | ૪૧૬ | | उच्चार भूमि संपण्णं | ૮ | ૬૦ | ૩૭૩ |
| | अहागडेसु रीयंते | ૧ | ૪ | ૧૨ | | उच्छोलणा पहोअस्स | ૪ | ૨૮ | ૧૨૬ |
| | अहिज्जिउं | ૪ | સૂ. ૩ | ૬૬ | | उज्जुदंसिणो | ૩ | ૧૨ | ૫૪ |
| | અહિંસા | ૧ | ૧ | ૪ | | उज्जुपण्णो | ૫/૧ | ૯૬ | ૧૯૬ |
| | अहुणा धोयं चिराधोयं | ૫/૧ | ૮૧ | ૧૮૬ | | उज्जुमइ | ૪ | ૨૮ | ૧૨૬ |
| | अहुणोवलित्तं उल्लं | ૫/૧ | ૨૨ | ૧૪૮ | | ઉણોદરી | ૧ | ૧ | ૬ |
| (આ) | आइण ओमाण विवज्जणा | ચૂ.૨ | ૬ | ૫૦૯ | | उत्तिंग | ૮ | ૧૨ | ૩૩૩ |
| | आउरस्सरणाणि | ૩ | ૬ | ૪૮ | | उत्तिंग पणगेसु | ૫/૧ | ૬૪ | ૧૭૬ |
| | આચાર | ૬ | ૨ | ૨૪૩ | | ઉત્તિંગ સૂક્ષ્મ | ૮ | ૧૬ | ૩૩૫ |
| | आजीववत्तिया | ૩ | ૬ | ૪૭ | | उदग दोण्णिणं | ૭ | ૩૫ | ૩૧૦ |
| | આતાપના | ૩ | ૧૨ | ૫૫ | | उद्देसियं | ૫/૧ | ૫૬ | ૧૭૧ |
| | आभिओगं | ૯/૨ | ૧૧ | ૪૦૬ | | ઉદ્ભિન્ન દોષ | ૫/૧ | ૪૬ | ૧૬૬ |
| | आयइं | ચૂ.૧ | ૧ | ૪૮૪ | | उयरे दंते | ૮ | ૨૯ | ૩૪૮ |
| | आययट्ठी | ૫/૨ | ૩૫ | ૨૨૮ | | उववज्जा | ૯/૨ | ૧૧ | ૪૦૬ |
| | आयारगोयरो | ૬ | ૨ | ૨૪૩ | | उस्सक्किया | ૫/૧ | ૬૪ | ૧૭૬ |
| | आयार पण्णत्ति धरं | ૮ | ૫૧ | ૩૬૨ | | उसिणोदगतत्त फासुयं | ૮ | ૧૨ | ૩૩૨ |
| | आयार पणिही लद्धुं | ૮ | ૧ | ૩૨૭ | | उंछं | ૮ | ૨૫ | ૩૪૩ |
| | आरहंतेहिं हेउहिं... | ૯/૪ | ૫ | ૪૪૨ | (એ) | એષણા | ૧ | ૩ | ૧૦ |
| | આરાધના | ૪ | ૨૯ | ૧૨૮ | | एषणा रए | ૫/૨ | ૨૬ | ૨૨૨ |
| | आलोइयं इंगियमेव णच्चा | ૯/૩ | ૩ | ૪૧૧ | | ओवायं | ૫/૧ | ૬ | ૧૩૬ |
| | आसंदी | ૩ | ૫ | ૪૬ | | ओसण्ण दिट्ठाहडभत्तपाणे | ચૂ.૨ | ૬ | ૫૦૯ |
| | આશાતના | ૯/૧ | ૩ | ૩૮૬ | | ઔદ્દેશિક | ૩ | ૨ | ૩૯ |
| | आहडं | ૫/૧ | ૫૬ | ૧૭૨ | (ક) | कप्पियं अकप्पियं | ૫/૧ | ૩૧ | ૧૫૪ |
| | आहिअग्गी | ૯/૧ | ૧૩ | ૩૯૪ | | कब्बडे | ચૂ.૧ | ૫ | ૪૮૮ |
| (ઈ) | इह | ૯/૪ | ૧ | ૪૩૩ | | કલ્પમર્યાદા–માસકલ્પ | ચૂ.૨ | ૧૧ | ૫૧૫ |

| | વિષય | અધ્ય. | ગાથા | પૃષ્ટ |
|---|---|---|---|---|
| | कामे | ૨ | ૧ | ૧૯ |
| | કાયક્લેશ | ૧ | ૧ | ૭ |
| | कासवेणं | ૪ | સૂ. ૩ | ૬૬ |
| | किच्चाणं | ૯/૨ | ૨૧ | ૪૧૩ |
| | कित्ति वण्ण सद्दसिलोगट्ठयाए | ૯/૪ | ૪ | ૪૪૦ |
| | कित्ति सुयं सिग्घं | ૯/૨ | ૨ | ૪૦૦ |
| | कीयगडं | ૫/૧ | ૫૬ | ૧૭૧ |
| | कुहए | ૧૦ | ૨૦ | ૪૭૦ |
| | કોષ્ટક [ત્રૈકાલિક ભાષા પ્રયોગ] | ૭ | ૧૦ | ૨૬૭ |
| | કોષ્ટક [નિશ્ચયકારી–અનિશ્ચયકારી ભાષા] | ૭ | ૧૦ | ૨૯૭ |
| | કોષ્ટક [સંયમભ્રષ્ટ સાધુની ઉપમાઓ] | ચૂ.૧ | ૪ | ૪૮૬ |
| | कंदमूले य | ૩ | ૭ | ૪૯ |
| | कंते पिए | ૨ | ૩ | ૨૪ |
| | कुंडमोएसु | ૬ | ૫૩ | ૨૭૫ |
| | ક્રીતકૃત | ૩ | ૨ | ૩૪ |
| | ક્રોધ હનન ઉપાય | ૮ | ૪૦ | ૩૫૭ |
| (ખ) | खेत्तकालं | ૮ | ૩૬ | ૩૫૪ |
| | खेमं | ૭ | ૫૧ | ૩૨૦ |
| (ગ) | गणिं | ૬ | ૨ | ૨૪૩ |
| | गहणेसु | ૮ | ૧૨ | ૩૩૩ |
| | गामकंटए | ૧૦ | ૧૪ | ૪૫૯ |
| | गोयरग्ग | ૫/૧ | ૨ | ૧૩૩ |
| | ગોચરી [ભિક્ષાચરીનું નામ] | ૧ | ૪ | ૧૨ |
| (ઘ) | घट्टेज्जा | ૪ | સૂ. ૧૪ | ૯૭ |
| | घोरं | ૬ | ૧૭ | ૨૫૪ |
| | घोरं असिणाणं | ૬ | ૬૩ | ૨૮૨ |
| (ચ) | चित्तसमाहिओ | ૧૦ | ૧ | ૪૫૦ |
| | चियत्तं कुलं | ૫/૧ | ૧૭ | ૧૪૫ |
| | चिराधोयं | ૫/૧ | ૮૧ | ૧૮૬ |
| (છ) | छाया ते विगलिंदिया | ૯/૨ | ૧૧ | ૪૦૬ |
| (જ) | जग णिसिए | ૮ | ૨૪ | ૩૪૧ |
| | जयं अपरिसाडियं | ૫/૧ | ૯૬ | ૧૯૮ |
| | जयं चरे | ૪ | ૮ | ૧૧૦ |
| | जाइपहाओ | ૧૦ | ૧૪ | ૪૬૦ |
| | जाणं अजाणं | ૬ | ૧૧ | ૨૫૦ |
| | जाणम जाणं | ૮ | ૩૨ | ૩૫૦ |
| | जायतेयं | ૬ | ૩૬ | ૨૬૬ |
| | जावज्जीवाए | ૪ | સૂ. ૭ | ૮૦ |
| | जिइंदिया | ૩ | ૧૩ | ૫૬ |
| | जिइंदिया पंडिया | ૯/૪ | ૧ | ૪૩૩ |
| | जियं | ૮ | ૫૧ | ૩૬૭ |
| | जोगसा | ૮ | ૧૮ | ૩૩૮ |
| (ઠ) | ठियप्पा | ૧૦ | ૧૭ | ૪૬૫ |
| | ठियप्पाणो | ૬ | ૫૦ | ૨૭૩ |
| (ણ) | णाणदंसण संपण्णं | ૬ | ૨ | ૨૪૩ |
| | णिउणा | ૬ | ૧૧ | ૨૪૯ |
| | णिगाम साइस्स | ૪ | ૨૮ | ૧૨૬ |
| | णिग्गंथाणं | ૩ | ૧ | ૩૮ |
| | णियडिं | ૫/૨ | ૪૧ | ૨૩૨ |
| | णियाग | ૩ | ૨ | ૪૦ |
| | णिव्विंदए भोए | ૪ | ૨૫ | ૧૨૧ |
| | णिस्सेसं | ૯/૨ | ૨ | ૪૦૧ |
| | णिहुओ | ૬ | ૬ | ૨૪૫ |
| | णिहुइंदिए | ૧૦ | ૧૦ | ૪૫૭ |
| | णीमं | ૫/૨ | ૨૪ | ૨૨૦ |
| | णीयं गइं | ૯/૨ | ૨૧ | ૪૧૧ |

| | વિષય | અધ્ય. | ગાથા | પૃષ્ટ | | વિષય | અધ્ય. | ગાથા | પૃષ્ટ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | णीसाए | ૫/૧ | ૪૬ | ૧૬૬ | | दंतस्स | ૪ | ૯ | ૧૧૪ |
| (ત) | तत्तणिव्वुडं | ૫/૨ | ૨૪ | ૨૨૦ | (ધ) | धम्मत्थकामाणं निग्गंथाणं | ૬ | ૬ | ૨૪૭ |
| | तत्ताणिव्वुड भोइत्तं | ૩ | ૬ | ૪૮ | | धम्मपण्णत्ति | ૪ | સૂ. ૩ | ૬૬ |
| | तवतेणे | ૫/૨ | ૪૮ | ૨૩૬ | | ધર્મ | ૧ | ૧ | ૧ |
| | ताइणं | ૩ | ૧ | ૩૮ | | धीरा | ૩ | ૧૨ | ૫૪ |
| | तिगुत्ता | ૩ | ૧૨ | ૫૪ | | धुयमोहा | ૩ | ૧૩ | ૫૬ |
| | तिरिच्छ संपाइमेसु | ૫/૧ | ૮ | ૧૩૮ | | धुवजोगी | ૧૦ | ૭ | ૪૫૩ |
| | तिलं पप्पडगं | ૫/૨ | ૨૪ | ૨૨૦ | | धुवणेत्ति | ૩ | ૯ | ૫૧ |
| | तिविहं तिविहेणं | ૪ | સૂ.૬ | ૭૫ | | धुवसीलयं | ૮ | ૪૧ | ૩૫૯ |
| | तेगिच्छं | ૩ | ૪ | ૪૪ | | ધ્યાન | ૧ | ૧ | ૭ |
| | तेणे | ૫/૨ | ૪૮ | ૨૩૫ | (ન) | નિંદા અને ગર્હામાં તફાવત | ૪ | સૂ. ૬ | ૭૬ |
| | ત્રસકાય | ૪ | સૂ. ૫ | ૭૩ | (પ) | पच्चक्खामि | ૪ | ૭ | – |
| | ત્રસકાયના લક્ષણ | ૪ | સૂ. ૫ | ૭૩ | | पच्छाकम्मं | ૫/૧ | ૩૬ | ૧૫૯ |
| | ત્રસ જીવોના પ્રકાર | ૪ | સૂ. ૫ | ૭૩ | | पडिक्कमामि णिंदामि गरिहामि | ૪ | સૂ. ૬ | ૭૬ |
| (થ) | थंभा व कोहा | ૯/૧ | ૩ | ૩૮૫ | | पडिच्छण्णम्मि संवुडे | ૫/૧ | ૮૬ | ૧૯૧ |
| (દ) | दगभवणाणि | ૫/૧ | ૨૬ | ૧૪૪ | | पडिकुट्ठं कुलं | ૫/૧ | ૧૭ | ૧૪૫ |
| | दग वारेण पिहियं | ૫/૧ | ૪૬ | ૧૬૬ | | पडिबुद्धजीवी | ચૂ. ૨ | ૧૫ | ૫૧૯ |
| | दव दवस्स ण गच्छेज्जा | ૫/૧ | ૧૪ | ૧૪૨ | | पडिलेहिज्जा | ૮ | ૧૮ | ૩૩૮ |
| | दाणट्ठा पुणट्ठा | ૫/૧ | ૫૪ | ૧૬૯ | | पडिसोयं | ચૂ. ૨ | ૪ | ૫૦૬ |
| | दारुण कक्कसं | ૮ | ૨૬ | ૩૪૪ | | पडिसंलीणा | ૩ | ૧૨ | ૫૫ |
| | दारं कवाडं | ૫/૨ | ૯ | ૨૧૨ | | पणगं | ૮ | ૧૫ | ૩૩૪ |
| | दिट्ठं मियं | ૮ | ૫૧ | ૩૬૭ | | पण्णवं | ૭ | ૧૩ | ૨૯૯ |
| | दुग्गंधं सुगंधं | ૫/૨ | ૧ | ૨૦૪ | | पणियट्ठ | ૭ | ૩૯ | ૩૧૩ |
| | दुरासयं | ૬ | ૩૬ | ૨૬૬ | | પનક સૂક્ષ્મ | ૮ | ૧૬ | ૩૩૬ |
| | देह दुक्खं महाफलं | ૮ | ૨૭ | ૩૪૫ | | पमायं | ૬ | ૧૭ | ૨૫૪ |
| | दंत पहोयणा | ૩ | ૩ | ૪૩ | | પરકાય શસ્ત્ર | ૪ | સૂ. ૪ | ૭૦ |
| | दंता | ૧ | ૫ | ૧૪ | | परमाहम्मिआ | ૪ | સૂ.૫ | ૭૦ |
| | दंतवण्णे | ૩ | ૯ | ૫૨ | | परलोगट्ठयाए | ૯/૪ | ૪ | ૪૪૦ |

| | વિષય | અધ્ય. | ગાથા | પૃષ્ટ | | વિષય | અધ્ય. | ગાથા | પૃષ્ટ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | પરિગ્રહ | ૬ | ૨૨ | ૨૫૭ | | बुद्ध वयणे | ૧૦ | ૧ | ૪૫૦ |
| | परिट्ठप्प पडिक्कम्मे | ૫/૧ | ૮૧ | ૧૮૮ | | बुद्धा | ૧ | ૫ | ૧૩ |
| | परिठावेज्जा | ૮ | ૧૬ | ૩૩૮ | | બ્રહ્મચર્ય | ૬ | ૧૭ | ૨૫૪ |
| | परिसहाइं | ૧૦ | ૧૪ | ૪૬૦ | (ભ) | भगवया | ૪ | સૂ. ૩ | ૬૬ |
| | पलियंकए | ૩ | ૫ | ૪૬ | | भत्तपाणं | ૫/૧ | ૨ | ૧૩૩ |
| | पाणाइवायाओ वेरमणं | ૪ | સૂ. ૭ | ૭૯ | | भावए, भावियप्पा | ૯/૩ | ૧૨ | ૪૨૭ |
| | पाय संजए | ૧૦ | ૧૫ | ૪૬૧ | | ભાવ મંગલ | ૧ | ૧ | ૮ |
| | पावकम्मं ण बंधइ | ૪ | ૮ | ૧૧૦ | | भावसंधए | ૯/૪ | ૫ | ૪૪૪ |
| | पावगं | ૪ | ૧૩ | ૧૧૬ | | ભાવ હિંસા | ૧ | ૧ | ૪ |
| | पावगं | ૬ | ૩૬ | ૨૬૬ | | ભિક્ષાચર્યા | ૧ | ૧ | ૬ |
| | पिट्ठिमंसं ण खाएज्जा | ૮ | ૫૧ | ૩૬૬ | | ભિક્ષુ | ૧૦ | ૧ | ૪૪૯ |
| | पिंडपायम् | ૫/૧ | ૯૬ | ૧૯૬ | | भीमं दुरहिट्ठियं | ૬ | ૬ | ૨૪૫ |
| | पूइकम्मं | ૫/૧ | ૫૬ | ૧૭૧ | | भूयाहिगरणं | ૮ | ૫૧ | ૩૬૯ |
| | पुइ पिण्णागं | ૫/૨ | ૨૪ | ૨૨૦ | | भेयायण वज्जिणो | ૬ | ૧૭ | ૨૫૪ |
| | પુષ્પ સૂક્ષ્મ | ૮ | ૧૬ | ૩૩૫ | | भेसजं | ૮ | ૫૧ | ૩૬૯ |
| | पुरओ जुगमायाए | ૫/૧ | ૩ | ૧૩૪ | | भोए | ૨ | ૩ | ૨૪ |
| | पुरेकम्मेण | ૫/૧ | ૩૬ | ૧૫૮ | | भंते | ૪ | સૂ. ૬ | ૭૬ |
| | पोग्गलाणं परिणामं | ૮ | ૬૦ | ૩૭૬ | (મ) | मज्ज पमाय | ૫/૨ | ૪૧ | ૨૩૨ |
| | पांसुखार | ૩ | ૮ | ૫૧ | | મદન કામ | ૨ | ૧ | ૨૦ |
| | पिंडं सेज्जं | ૬ | ૫૦ | ૨૭૨ | | महुघयं व भुंजिज्ज | ૫/૧ | ૯૯ | ૨૦૦ |
| | પ્રતિસંલીનતા | ૧ | ૧ | ૭ | | महेसिणं | ૩ | ૧ | ૩૮ |
| | પ્રાણી સૂક્ષ્મ | ૮ | ૧૬ | ૩૩૫ | | महेसी | ૯/૧ | ૧૭ | ૩૯૭ |
| | પ્રાયશ્ચિત્ત | ૧ | ૧ | ૭ | | माण मएण | ૯/૪ | ૨ | ૪૩૫ |
| (ફ) | फलिहग्गला | ૭ | ૩૫ | ૩૧૦ | | मामगं | ૫/૧ | ૧૭ | ૧૪૫ |
| (બ) | बलं थामं य पेहाए | ૮ | ૩૬ | ૩૫૩ | | माण सम्माण | ૫/૨ | ૩૫ | ૨૨૮ |
| | बहु उज्झिय धम्मए | ૫/૧ | ૭૪ | ૧૮૨ | | मायण्णे | ૫/૨ | ૨૬ | ૨૨૨ |
| | बिडं उब्भेइमं लोणं | ૬ | ૨૨ | ૨૫૮ | | मालोहडं | ૫/૧ | ૬૯ | ૧૭૮ |
| | બીજ સૂક્ષ્મ | ૮ | ૧૬ | ૩૩૬ | | मियं | ૮ | ૫૧ | ૩૬૭ |

| | વિષય | અધ્ય. | ગાથા | પૃષ્ટ |
|---|---|---|---|---|
| | मियासणे | ૮ | ૨૯ | ૩૪૮ |
| | મિશ્ર ભાષા | ૭ | ૧ | ૨૯૦ |
| | मिहो कहाहिं | ૮ | ૪૩ | ૩૬૧ |
| | मुहाजीवी | ૫/૧ | ૯૯ | ૨૦૧ |
| | मुहाजीवी | ૮ | ૨૫ | ૩૪૪ |
| | मुहादायी | ૫/૧ | ૧૦૦ | ૨૦૩ |
| | मुहालद्धं | ૫/૧ | ૯૯ | ૨૦૧ |
| | મૃષાવાદ વિરમણ | ૪ | સૂ. ૮ | ૮૨ |
| | મેધાવી | ૫/૨ | ૪૫ | ૨૩૪ |
| | મૈથુન સંજ્ઞા | ૪ | સૂ. ૧૦ | ૮૬ |
| | मंगलं | ૧ | ૧ | ૭ |
| | मंच कीलं च पासायं | ૫/૧ | ૬૯ | ૧૭૯ |
| | મંત્ર, યંત્ર, તંત્ર, વિદ્યા | ૮ | ૫૧ | ૩૬૯ |
| (૨) | ૨સ પરિત્યાગ | ૧ | ૧ | ૬ |
| | रहस्सारक्खियाणि | ૫/૧ | ૧૬ | ૧૪૪ |
| | રાજપિંડ | ૩ | ૩ | ૪૨ |
| | रायणिएसु | ૯/૩ | ૩ | ૪૨૦ |
| | रायणिएसु | ૮ | ૪૧ | ૩૫૯ |
| | रुढा बहु संभूया | ૭ | ૩૫ | ૩૧૦ |
| | रुव तेणे | ૫/૨ | ૪૮ | ૨૩૬ |
| (લ) | લિપ્ત દોષ | ૫/૧ | ૩૬ | ૧૫૮ |
| | लुहवित्ति | ૮ | ૨૫ | ૩૪૩ |
| | लोहस्सेसमणुफासे | ૬ | ૨૨ | ૨૫૭ |
| (વ) | वणिमट्ठा | ૫/૧ | ૫૪ | ૧૭૦ |
| | વનસ્પતિ સૂક્ષ્મ | ૮ | ૧૬ | ૩૩૬ |
| | वमणे वत्थिकम्म विरेयणे | ૩ | ૯ | ૫૧ |
| | वयतेणे | ૫/૨ | ૪૮ | ૨૩૬ |
| | वहे वहो | ૬ | ૬૦ | ૨૭૯ |
| | वाय संजए | ૧૦ | ૧૫ | ૪૬૧ |
| | वार घोयणं | ૫/૧ | ૮૧ | ૧૮૬ |
| | विगलिंदिया | ૯/૨ | ૧૧ | ૪૦૬ |
| | विणय | ૯/૪ | ૧ | ૪૩૨ |
| | विणय समाहि | ૯/૪ | ૨ | ૪૩૪ |
| | વિનય | ૧ | ૧ | ૭ |
| | वियडं वा तत्तणिव्वुडं | ૫/૨ | ૨૪ | ૨૨૦ |
| | वियं | ૮ | ૫૧ | ૩૬૭ |
| | વિરાધના | ૪ | સૂ. ૨૯ | ૧૨૮ |
| | विसोत्तिया | ૫/૧ | ૧૧ | ૧૪૦ |
| | वीयणे | ૩ | ૨ | ૪૧ |
| | वेयं आराहयइ | ૯/૪ | ૨ | ૪૩૪ |
| | वेस सामंते | ૫/૧ | ૧૧ | ૧૩૯ |
| | વૈયાવૃત્ય | ૧ | ૧ | ૭ |
| | वोसट्ठ चत्तदेहे | ૧૦ | ૧૪ | ૪૫૯ |
| | વ્યવહાર ભાષા | ૭ | ૧ | ૨૯૦ |
| | વ્યુત્સર્ગ | ૧ | ૧ | ૭ |
| (શ) | શંકિત દોષ | ૫/૧ | ૪૪ | ૧૬૫ |
| (સ) | सण्णिरं | ૫/૧ | ૭૦ | ૧૮૦ |
| | सत्थ परिणएणं | ૪ | સૂ. ૪ | ૬૯ |
| | सद्धाए | ૮ | ૬૧ | ૩૭૮ |
| | सपुण्णाणं | ચૂ. ૨ | ૧ | ૫૦૪ |
| | सपिंडपायम् | ૫/૧ | ૯૬ | ૧૯૬ |
| | सबीया | ૪ | સૂ. ૪ | ૭૧ |
| | समणट्ठा | ૫/૧ | ૫૪ | ૧૭૦ |
| | समणा | ૧ | ૩ | ૯ |
| | समणुजाणेज्जा समणुजाणामि | ૪ | સૂ. ૭ | ૮૦ |
| | समणेणं | ૪ | સૂ. ૩ | ૬૬ |

| | વિષય | અધ્ય. | ગાથા | પૃષ્ટ |
|---|---|---|---|---|
| | समद्दमाणी | ૫/૧ | ૩૧ | ૧૫૫ |
| | समाहिजोग | ૯/૧ | ૧૭ | ૩૯૭ |
| | समाहिठाणा | ૯/૪ | ૧ | ૪૩૨ |
| | समुप्पेहं | ૭ | ૩ | ૨૯૨ |
| | समुयाण चरिया | ચૂ. ૨ | ૫ | ૫૦૮ |
| | समुयाणं चरे | ૫/૨ | ૨૫ | ૨૨૧ |
| | सव्वओ | ૪ | સૂ. ૭ | ૭૮ |
| | सव्वओ वि दुरासयं | ૬ | ૩૬ | ૨૬૬ |
| | सव्वत्तगं | ૪ | ૨૫ | ૧૨૩ |
| | ससक्खं | ૫/૨ | ૩૬ | ૨૨૯ |
| | साइबहुला | ચૂ. ૧ | સૂ. ૨ | ૪૮૦ |
| | साणी पावार | ૫/૧ | ૧૮ | ૧૪૬ |
| | सावज्जं | ૭ | ૪૬ | ૩૧૬ |
| | सिएण | ૪ | સૂ. ૧૭ | ૧૦૩ |
| | सिज्जायर पिंड | ૩ | ૫ | ૪૫ |
| | सिणाणे | ૩ | ૨ | ૪૦ |
| | सिणाणं अदुवा कक्कं | ૬ | ૬૪ | ૨૮૩ |
| | सिलेसेण | ૫/૧ | ૪૬ | ૧૬૬ |
| | सिवं | ૭ | ૫૧ | ૩૨૦ |
| | सुद्ध पुढविं | ૮ | ૧૨ | ૩૩૨ |
| | सुय समाहि | ૯/૪ | સૂ. ૩ | ૪૩૬ |
| | सुविणियप्पा | ૯/૨ | ૧૧ | ૪૦૬ |
| | सुविहियाणं | ચૂ. ૨ | ૪ | ૫૦૬ |
| | सुसमाहियप्पा | ૧૦ | ૧૫ | ૪૬૨ |
| | सुहरे | ૮ | ૨૫ | ૩૪૩ |
| | सुहसायगस्स | ૪ | ૨૮ | ૧૨૫ |
| | सुहुमं वा बायरं | ૪ | સૂ. ૭ | ૭૯ |
| | सेज्जा णिसीहियाए | ૫/૨ | ૩ | ૨૦૬ |
| | सेट्ठी | ચૂ. ૧ | ૫ | ૪૮૮ |
| | सेलेसिं | ૪ | ૨૫ | ૧૨૩ |
| | सोवच्चले | ૩ | ૮ | ૫૦ |
| | संखडिं | ૭ | ૩૯ | ૩૧૨ |
| | संघायमावज्जेज्जा | ૪ | સૂ. ૧૯ | ૧૦૬ |
| | संजए | ૧૦ | ૧૫ | ૪૬૧ |
| | संजइंदिए | ૧૦ | ૧૫ | ૪૬૨ |
| | संणिहिं | ૮ | ૨૫ | ૩૪૪ |
| | संणिही | ૩ | ૩ | ૪૧ |
| | संपुच्छणा | ૩ | ૩ | ૪૨ |
| | संबाहणा | ૩ | ૩ | ૪૨ |
| | संबुद्धा, पंडिया, पवियक्खणा | ૨ | ૧૧ | ૩૩ |
| | સંયમ | ૧ | ૧ | ૫ |
| | संलुचिया समद्दिया | ૫/૨ | ૧૭ | ૨૧૬ |
| | संवच्छरं वा वि परं पमाणं | ચૂ. ૨ | ૧૧ | ૫૧૫ |
| | સંવર | ૪ | ૨૫ | ૧૨૨ |
| | સ્નેહ સૂક્ષ્મ | ૮ | ૧૬ | ૩૩૫ |
| | સ્વકાય શસ્ત્ર | ૪ | સૂ. ૪ | ૭૦ |
| | સ્વાધ્યાય | ૧ | ૧ | ૭ |
| (હ) | हत्थ संजए | ૧૦ | ૧૫ | ૪૬૧ |
| | हव्ववाहो | ૬ | ૩૬ | ૨૬૬ |
| | હિંસા | ૧ | ૧ | ૪ |
| | हीलए, खिंसइज्जा | ૯/૩ | ૧૨ | ૪૨૭ |

## પરિશિષ્ટ–૨

# ચૂલિકાની રચના વિષયક ઇતિહાસ

શ્રી દશવૈકાલિક સૂત્રની ચૂલિકા વિષયક ભિન્ન ભિન્ન ઐતિહાસિક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. તેનો સંયોજિત ભાવ આ પ્રમાણે છે. યથા–

(૧) દશવૈકાલિક સૂત્રની નિર્યુક્તિમાં મહાવિદેહ ક્ષેત્રમાં સાક્ષાત્ સીમંધર સ્વામીની પાસેથી ચૂલિકા પ્રાપ્ત થઈ હોય તેવો કોઈ ઉલ્લેખ નથી.

(૨) આચાર્ય અગત્સ્યસિંહ સૂરી કૃત ચૂર્ણિમાં ચૂલિકાની રચના મૂળસૂત્રની સાથે શયંભવાચાર્ય દ્વારા જ થઈ છે તે પ્રમાણેનો ઉલ્લેખ છે.

(૩) જિનદાસગણી આચાર્ય કૃત ચૂર્ણિમાં ચૂલિકા મહાવિદેહ ક્ષેત્રમાં સાક્ષાત્ સીમંધર સ્વામી પાસેથી પ્રાપ્ત થવાનો ઉલ્લેખ છે.

(૪) શ્રી આચારાંગ સૂત્રની જિનદાસગણી કૃત ચૂર્ણિમાં મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર સ્વામી પાસેથી બે અધ્યયન પ્રાપ્ત થવાનો ઉલ્લેખ છે અને ત્યાર પછી શ્રી હેમાચંદ્રાચાર્ય પોતાના ગ્રંથમાં સીમંધર સ્વામી પાસેથી ચાર અધ્યયન પ્રાપ્ત થવાનું સૂચન કરે છે.

**મહાવિદેહ ક્ષેત્રમાંથી ચૂલિકાની પ્રાપ્તિ વિષયક કથાનક :–** એકદા આચાર્ય સ્થૂલિભદ્રના બેન સાધ્વી યક્ષાએ પોતાના લઘુ બંધુ મુનિ શ્રીયકને ઉપવાસ કરવાની પ્રબળ પ્રેરણા આપી. શ્રીયક મુનિ તપની આરાધના કરી શકતા ન હતા. તેમ છતાં બેન સાધ્વીના આગ્રહથી ઉપવાસથી આરાધના કરી. યોગાનુયોગ તે ઉપવાસના દિવસે જ શ્રીયક મુનિ કાલધર્મ પામ્યા. આ નિમિત્તથી સાધ્વી યક્ષાને હાર્દિક દુઃખ થયું. લઘુ બંધુ મુનિના મૃત્યુનું નિમિત્ત પોતાને માનીને તે અત્યંત ખિન્નતા અનુભવતી હતી. તે કૃત્યના પ્રાયશ્ચિત્ત માટે શ્રી સંઘને વિનંતી કરી. ગીતાર્થ મુનિઓએ અને સંઘે તેમને નિર્દોષ જાહેર કર્યા. પરંતુ યક્ષાને સંતોષ થયો નહીં. તેમની ભાવનાથી શ્રી સંઘે શાસન દેવીની સાધના કરી. દેવીની સહાયતાથી સાધ્વી યક્ષા મહાવિદેહક્ષેત્રમાં શ્રી સીમંધર સ્વામીના સાંનિધ્યમાં પહોંચી ગઈ. યક્ષાએ પોતાના મનોભાવ તીર્થંકર સમક્ષ અભિવ્યક્ત કર્યા. શ્રી સીમંધર સ્વામીએ પણ તેમની નિર્દોષતા પ્રગટ કરી અને વાચના રૂપે ચાર અધ્યયન આપ્યા. યક્ષાએ એક જ વાચનામાં તેને ધારણ કરી લીધા અને દેવીની સહાયતાથી પુનઃ સ્વક્ષેત્રમાં આવી ગઈ. શ્રી સંઘ સમક્ષ તે ચારે અધ્યયન યથાવત્ સંભળાવ્યા.

શ્રી સંઘે 'ભાવના' અને 'વિમુક્તિ' નામના બે અધ્યયન શ્રી આચારાંગ સૂત્રની ચૂલિકારૂપે અને 'રતિવાક્યા' અને 'વિવિક્તચર્યા' નામના બે અધ્યયન દશવૈકાલિકની ચૂલિકા રૂપે જોડી દીધા છે.

શ્રી આચારાંગ સૂત્રની ચૂર્ણિમાં એવો ઉલ્લેખ છે કે સ્થૂલિભદ્રના બેન સાધ્વી યક્ષા મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સીમંધર સ્વામીના દર્શનાર્થે ગયા હતા અને ત્યાં તીર્થંકરે તેમને 'ભાવના' અને 'વિમુક્તિ' આ બે અધ્યયન આપ્યા હતા. આવશ્યક ચૂર્ણિમાં પણ આ જ બે અધ્યયનનું કથન છે. જ્યારે સ્થાનાંગ સૂત્ર સ્થાન–૧૦ અનુસાર ભાવના અને વિમુક્તિ આ બંને ય, બંધ દશા સૂત્રના સાતમા અને આઠમા અધ્યયના નામ છે.

આ વિભિન્ન તત્ત્વો ઈતિહાસ અન્વેષકો માટે અન્વેષણીય છે. સંક્ષેપમાં સંપૂર્ણ સૂત્ર અને ચૂલિકા જિન ભાષિત, ગણધર રચિત શાસ્ત્રનું જ અંગ છે અને મહાવિદેહ ક્ષેત્રથી પ્રાપ્ત થવાના ઉલ્લેખ વ્યાખ્યા ગ્રંથોમાં છે. ખરેખર તે અધ્યયન મોક્ષ સાધકોના જીવન માટે નિતાંત ઉપયોગી છે.

પરિશિષ્ટ–૩

# ગોચરી સંબંધી : દોષ–નિયમ

## [આગમ અને ગ્રંથથી સંકલિત]

એષણા સમિતિના ૪૨ દોષ પ્રસિદ્ધ છે તે માટે પિંડ નિર્યુક્તિની ગાથાઓ આ પ્રમાણે છે–

[१]आहाकम्म [२]उद्देसिय, [३]पूईकम्म [४]मीसजाए य ।
[५]ठवणा [६]पाहुडियाए, [७]पाओअर [८]कीय [९]पामिच्चे ॥१॥

[१०]परियट्टिय [११]अभिहडे, [१२]उब्भिण्णे [१३]मालोहडे ।
[१४]आच्छिज्जे [१५]आणिसिट्ठे, [१६]अज्झोयरए सोलसमे ॥२॥

[१]धाई [२]दूई [३]णिमित्ते, [४]आजीवे [५]वणीमगे [६]तिगिच्छाए ।
[७]कोहे [८]माणे [९]माया [१०]लोभे, हवंति दस एए ॥३॥

[११]पुव्विपुच्छासंथव, [१२]विज्जा [१३]मंत [१४]चुण्ण [१५]जोगे य ।
उप्पायणाइ दोसा, सोलसमे [१६]मूलकम्मे ॥४॥

[१]संकिय [२]मक्खिय [३]णिक्खित्त, [४]पिहिय [५]साहरिय [६]दायग [७]उमिस्से ।
[८]अपरिणय [९]लित्त [१०]छड्डिय, एसण दोसा दस हवंति ॥५॥

અહીં પહેલી બે ગાથામાં ઉદ્‌ગમના સોળ દોષ; ત્રીજી, ચોથી ગાથામાં ઉત્પાદનના સોળ દોષ અને પાંચમી ગાથામાં એષણાના દશ દોષ છે. તે દોષોનો નિર્દેશ ભગવતી સૂત્ર, પ્રશ્નવ્યાકરણ સૂત્ર આદિ અનેક આગમોમાં પ્રાપ્ત થાય છે. તેનું સ્પષ્ટીકરણ પિંડનિર્યુક્તિ આદિ ગ્રંથ અને વ્યાખ્યાઓમાં છે. તે આ પ્રમાણે છે–

**ઉદ્‌ગમના ૧૬ દોષ–** આહાર વગેરેની ઉત્પત્તિ સંબંધી દોષને ઉદ્‌ગમ દોષ કહે છે. આ સોળ દોષો ગૃહસ્થ દ્વારા લાગે છે. તે આ પ્રમાણે છે–

(૧) એક યા અનેક સાધુ–સાધ્વીજીના નામ નિર્દેશ સાથે તેના માટે જ આહાર આદિ બનાવવામાં આવે તે **આધાકર્મી દોષ** છે.

(૨) કોઈના સ્પષ્ટ નિર્દેશ વિના સામાન્ય રીતે જૈન મુનિ માટે, સર્વ ભિક્ષુ માટે, શ્રમણો માટે, શ્રમણીઓ માટે, આ પ્રકારના ઉદ્દેશ્યથી જે આહારાદિ બનાવવામાં આવે તે **ઔદ્દેશિક દોષ** છે.

(૩) હાથ, ચમચા કે વાસણ વગેરેના માધ્યમે આધાકર્મી આહારનો અંશ જો શુદ્ધ આહારમાં ભળી જાય તો તે આહાર **પૂતિકર્મ દોષ** યુક્ત કહેવાય છે.

(૪) ગૃહસ્થ પોતાના માટે અને જૈન મુનિ માટે એવા મિશ્ર ભાવોથી જે આહારાદિ બનાવે તે **મિશ્રજાત દોષ** કહેવાય છે.

(૫) ગૃહસ્થ માટે બનેલા નિર્દોષ આહાર આદિને દાતા સાધુ માટે જુદો રાખી મૂકે અને ઘર માટે બીજો બનાવે, જ્યારે જ્યારે સાધુ–સાધ્વી પધારે ત્યારે તે રાખેલો પદાર્થ તેને જ વહોરાવે. આ રીતે સાધુઓ માટે સ્થાપિત કરે, તે **સ્થાપના દોષ** છે.

(૬) સાધુના નિમિત્તે ભોજન આદિના આયોજનને વહેલું કે મોડું કર્યું હોય અર્થાત્ મહેમાન માટેના ભોજન સમારંભની તારીખ કે સમય પરિવર્તન કરીને આહારાદિ તૈયાર કરે, તે **પાહુડિયા દોષ** છે. સાધુના નિમિત્તે આહારાદિ એકાદ બે કલાક વહેલો કે મોડો કરે તો પણ આ દોષ લાગે છે.

(૭) સાધુ માટે દાતા દીપક, લાઈટ વગેરેનો પ્રકાશ કરી, અગ્નિનો આરંભ કરીને આહારાદિ વહોરાવે; તે **પાઓઅર દોષ** છે.

(૮) સાધુ–સાધ્વી માટે દાતા બજારમાંથી કોઈપણ વસ્તુ કે આહારાદિ ખરીદીને વહોરાવે, તે **ક્રીત દોષ** છે.

(૯) સાધુ માટે કોઈ વસ્તુ ઉધાર લાવીને દાતા વહોરાવે, તે **પામૃત્ય દોષ** છે.

(૧૦) સાધુ માટે વસ્તુની અદલા બદલી કરે અર્થાત્ પોતાની કોઈ વસ્તુ બીજાને આપી, તેના બદલે સાધુને જરૂરી હોય તેવી વસ્તુ તેની પાસેથી લઈને આપે, તે **પરિવર્તિત દોષ** છે.

(૧૧) સાધુ જે સ્થાનમાં રહ્યા હોય ત્યાં લાવીને દાતા આહારાદિ વહોરાવે, તે **અભિહત દોષ** છે.

(૧૨) પેક બંધ પદાર્થ યા મુખ બાંધી રાખેલા ઘડા વગેરે વાસણોના બંધનને કે ઢાંકણાને ખોલીને કે જેને ખોલવામાં ત્રસ કે સ્થાવર જીવોની વિરાધના થતી હોય, આહારાદિ વહોરાવે તો તે **ઉદ્‌ભિન્ન દોષ** કહેવાય છે. પરંતુ જો તે ઢાંકણ વગેરે સહજ રીતે ખોલી શકાય તેમ હોય તો તે દોષરૂપ નથી.

(૧૩) દાતા પડી જવાય તેવી નીસરણી વગેરે સાધનનો ઉપયોગ કરીને ઊંચે–નીચેથી લાવીને કોઈ પદાર્થ વહોરાવે તે **માલોહડ દોષ** છે. એકદમ નીચા નમીને કે સુઈને વસ્તુ કાઢી શકાય તેવા સ્થાનમાંથી વસ્તુ કાઢીને વહોરાવે, તે **માલોહડ દોષ** છે.

(૧૪) દાતા કોઈ પાસેથી છીનવીને કે બળજબરીથી લઈને તેમજ કોઈની ઈચ્છા વિના તેની વસ્તુ કે આહારાદિ વહોરાવે, તે **આછિન્ન દોષ** છે.

(૧૫) ઘરમાં બીજા સદસ્યની માલિકીની કોઈ વસ્તુ હોય તે તેને પૂછ્યા વિના વહોરાવે, તે **અનિસૃષ્ટ દોષ** છે. આ એક પ્રકારે અદત્ત દોષ છે.

(૧૬) ગૃહસ્થો માટે થઈ રહેલા આહારાદિમાં સાધુના નિમિત્તે આહારની માત્રા વધારે. તે **અધ્યવપૂર્વક (અધ્યવસાય યુક્ત) દોષ** કહેવાય છે.

**ઉત્પાદનના ૧૬ દોષ** છે, તે સાધુ દ્વારા વિવિધ પ્રવૃત્તિ કરવા પર લાગે છે. જેમ કે–

(૧૭) મુનિ ગૃહસ્થના બાળકોને રમાડી, તેને ખુશ કરી, ધાવ માતાનું કાર્ય કરી, આહારાદિ પ્રાપ્ત કરે, તો તે **ધાય દોષ** છે.

(૧૮) મુનિ દૂતપણું કરીને, ગૃહસ્થના સમાચારોની લેવડ દેવડ કરીને ભિક્ષા પ્રાપ્ત કરે, તે **દૂતી દોષ** છે.

(૧૯) મુનિ હસ્તરેખા, કુંડલી વગેરે દ્વારા ભૂત અને ભાવી જીવનના નિમિત્ત બતાવી આહારાદિ પ્રાપ્ત કરે, તે **નિમિત્ત દોષ** છે.

(૨૦) મુનિ પોતાનો પરિચય કે ગુણો બતાવીને અથવા મહેનત–મજૂરી કરીને આહારાદિ પ્રાપ્ત કરે, તે **આજીવિકા દોષ** છે.

(૨૧) મુનિ ભિખારીની જેમ દીનતાપૂર્વક માંગી–માંગીને આહાર પ્રાપ્ત કરે, દાતાને દાનના ફળ આશી– ર્વચન કહીને ભિક્ષા પ્રાપ્ત કરે, તે **વનીપક દોષ** છે.

(૨૨) મુનિ ગૃહસ્થને ઔષધ, ભેષજ બતાવીને ચિકિત્સા વૃત્તિ દ્વારા ભિક્ષા પ્રાપ્ત કરે, તે **ચિકિત્સા દોષ** છે.

(૨૩) મુનિ ક્રોધિત થઈને કે કોપ કરવાનો ભય દેખાડીને ભિક્ષા પ્રાપ્ત કરે, તે **ક્રોધ દોષ** છે.

(૨૪) કોઈ ગૃહસ્થ ભિક્ષા ન આપે ત્યારે મુનિ ઘમંડપૂર્વક કહે કે– "હું ભિક્ષા લઈને જ રહીશ" એમ કહી પછી ઘરના બીજા સદસ્યો દ્વારા બુદ્ધિમાની પૂર્વક ભિક્ષા પ્રાપ્ત કરે, તે **માન દોષ** છે.

(૨૫) રૂપ કે વેશ પરિવર્તન કરીને અથવા અન્ય કોઈપણ પ્રકારે માયા કપટના માધ્યમે ભિક્ષા પ્રાપ્ત કરવી તે **માયા દોષ** છે.

(૨૬) મુનિ ઈચ્છિત વસ્તુ મળે ત્યારે લેવામાં માત્રાનો વિવેક ન જાળવે, અતિમાત્રમાં આહારાદિ લઈ લે અથવા ઈચ્છિત પદાર્થ ન મળે ત્યાં સુધી સમય મર્યાદાનો વિવેક રાખ્યા વિના ફર્યા જ કરે, તે **લોભ દોષ** છે.

(૨૭) આહાર પ્રાપ્તિ અર્થે આહાર ગ્રહણ પૂર્વે કે પછી દાતાની પ્રશંસા કરે, તે **પૂર્વ પશ્ચાત્ સંસ્તવ દોષ** છે.

(૨૮) સિદ્ધ થયેલી વિદ્યાના પ્રયોગ દ્વારા ભિક્ષા પ્રાપ્ત કરે તેમજ ગૃહસ્થને વિદ્યા શીખવાડીને ભિક્ષા પ્રાપ્ત કરે, તે **વિદ્યા દોષ** છે.

(૨૯) મંત્ર, તંત્ર, યંત્રના પ્રયોગે ભિક્ષા પ્રાપ્ત કરવી તેમજ ગૃહસ્થોને તે પ્રયોગ બતાવીને ભિક્ષા પ્રાપ્ત કરવી, તે **મંત્ર દોષ** છે.

(૩૦) વશીકરણ ચૂર્ણ વગેરેના પ્રયોગ દ્વારા ભિક્ષા પ્રાપ્ત કરવી તેમજ ગૃહસ્થને તે પ્રયોગ શીખવાડીને ભિક્ષા પ્રાપ્ત કરવી, તે **ચૂર્ણ દોષ** છે.

(૩૧) પાદ લેપ, અંજન પ્રયોગ, અંતર્ધાન ક્રિયા વગેરેના પ્રયોગથી ભિક્ષા પ્રાપ્ત કરવી તેમજ તે પ્રયોગ ગૃહસ્થને બતાવીને અથવા આપીને ભિક્ષા પ્રાપ્ત કરવી, તે **યોગ દોષ** છે.

(૩૨) ગર્ભપાત વગેરે પાપકૃત્યની વિધિ દર્શાવીને તેમજ તેમાં સહકાર આપીને ભિક્ષા પ્રાપ્ત કરવી, તે **મૂળકર્મ દોષ** છે.

**એષણાના**(ગ્રહણૈષણાના) **૧૦ દોષ** છે તે ગોચરી લેતા સમયે દાતા કે સાધુના અવિવેક અસાવધાનીથી લાગે છે, તે આ પ્રમાણે છે–

(૩૩) ગ્રાહ્ય વસ્તુ અચિત્ત થઈ કે નહીં ? ગ્રાહ્ય અચેત પદાર્થ સચિત્તના સંઘટ્ટામાં છે કે દૂર છે ? દાતા દ્વારા પાણી વગેરે સચિત્ત પદાર્થનો સ્પર્શ સંઘટ્ટો થયો કે નહીં ? વગેરે શંકાશીલ સ્થિતિમાં પદાર્થ લેવા તે **શંકિત દોષ** છે.

(૩૪) પાણીથી ભીના કે ખરડાયેલા હાથ કે ચમચા, વાસણ વગેરેથી ભિક્ષા લેવી, તે **મૃક્ષિત દોષ** છે.

(૩૫) અચિત્ત કલ્પનીય વસ્તુ , સચિત્ત વસ્તુ પર રાખેલી હોય કે તેને સ્પર્શેલી હોય, તે **નિક્ષિપ્ત દોષ** છે.

(૩૬) સચિત્ત વસ્તુથી ઢાંકેલી અચિત્ત કલ્પનીય વસ્તુ લેવી, તે **પિહિત દોષ** છે.

(૩૭) સચિત્ત વસ્તુના પાત્રને ખાલી કરી, તે પાત્ર દ્વારા ભિક્ષા દે, તે **સાહરિય દોષ** છે.

(૩૮) બાળક, અન્ધ વ્યક્તિ, ગર્ભવતી સ્ત્રી અને વિરાધના કરતાં કરતાં વહોરાવનાર વ્યક્તિ પાસેથી ભિક્ષા લેવી, તે **દાયક દોષ** છે.

(૩૯) અચિત્ત પદાર્થમાં સચિત્ત પદાર્થ– મીઠું, આખું જીરું, ચારોળી, ખસખસના દાણા વગેરે નાંખ્યા હોય અને તે અચિત્ત ન થયા હોય તેવા પદાર્થ લેવા, તે **મિશ્ર દોષ** છે.

(૪૦) અથાણા, કચૂમ્બર, ઓળા અને અર્ધપક્વ ખાદ્ય પદાર્થ તથા ધોવણ પાણી કે ગરમ પાણી કે જે પૂર્ણ રૂપે શસ્ત્ર પરિણત ન થયા હોય, તેવા પદાર્થો ગ્રહણ કરવા, તે **અપરિણત દોષ** કહેવાય છે.

(૪૧) સચિત્ત મીઠું, પૃથ્વી ખાર, માટી આદિ પૃથ્વીકાયના ચૂર્ણથી તેમજ વનસ્પતિના પિષ્ટ–ચૂર્ણ અને છોતરા આદિથી હાથ વગેરે ખરડાયેલા હોય તેનાથી ભિક્ષા લેવી, તે **લિપ્ત દોષ** છે.

(૪૨) દાતા પાણી કે આહાર કોઈપણ વસ્તુને વેરાતાં કે ઢોળતાં વહોરાવે, તે **છર્દિત દોષ** કહેવાય છે.

**આવશ્યક સૂત્રના** શ્રમણ સૂત્રમાં આવતા ગોચરી સંબંધી દોષો આ પ્રમાણે છે–

(૪૩) આજ્ઞા લીધા વગર અર્દ્ધા ખુલ્લા કે અંદરથી બંધ ન કરેલા દરવાજા ખોલીને ગોચરી માટે જવું, તે **દોષ** છે.

(૪૪) ગોચરી માટે ભ્રમણ કરતા મુનિને કૂતરી કે બાલિકા અથવા સ્ત્રી વગેરેના સંઘટ્ટો થાય અને સાધ્વીને કૂતરા, બાળક કે પુરુષ વગેરેનો સંઘટ્ટો થાય, તે **દોષ** છે.

(૪૫) નિર્દોષ ખાદ્ય સામગ્રી સાધુને વહોરાવવા એક જગ્યાએ એકઠી કરીને રાખી હોય, અથવા જે આહાર કોઈને દેવા માટે નિશ્ચિત્ત કરેલો હોય, તેમાંથી ભિક્ષા લેતાં દોષ થાય, તે **મંડીપાહુડિયા દોષ** છે.

(૪૬) શ્રાદ્ધ વગેરે પ્રસંગે સાધુને વહોરાવતાં પહેલાં પક્ષીઓ માટે ખાદ્ય પદાર્થને દિશાઓમાં ફેંકીને પછી વહોરાવે, તે **બલિ પાહુડિયા દોષ** છે.

(૪૭) ઉતાવળમાં કે ભૂલથી કોઈપણ અકલ્પનીય વસ્તુ વહોરાવી દે, તે **સહસાકાર દોષ** છે.

(૪૮) દાતા નહીં દેખાતા સ્થાનથી પદાર્થ લાવીને વહોરાવે, તે **અદષ્ટ આહૃત દોષ** છે.

(૪૯) આહારાદિ વહોરાવતા દાતા વચ્ચે કોઈ ચીજ ફેંકે, તેમજ આહાર વાપરતા સમયે કે આહાર કર્યા પછી મુનિ કોઈ પદાર્થને અમનોજ્ઞ કે વધારે માત્રામાં હોવાથી પરઠે તો તે **પરિસ્થાપનિકા દોષ** છે.

(૫૦) માંગી–માંગીને ભિક્ષા પ્રાપ્ત કરવી, તે **અવભાસણ દોષ** છે. [આ ૪૨ દોષ માંહેનો વનીમગ દોષ છે.]

**ઉત્તરાધ્યયન સૂત્ર** અધ્ય. ૧૭ અને અધ્ય. ૨૬માં એષણા શુદ્ધિ માટે નીચેના સૂચનો છે.

(૫૧) અન્ય ઘરોમાં ગોચરી ન જતાં સ્વજનોને ત્યાંથી જ ગોચરી કરે, તે **દોષ** છે.

(૫૨) મુનિ છ કારણે આહાર કરે અને આહારની ગવેષણા કરે– (૧) ક્ષુધાવેદનીયના ઉપશમ માટે (૨) આચાર્યાદિની સેવા માટે (૩) ઈર્યા સમિતિના શોધન માટે (૪) સંયમ નિર્વાહ માટે (૫) દસ પ્રાણોને ધારણ કરવા માટે (૬) ધર્મ ધ્યાનની વૃદ્ધિ માટે.

(૫૩) મુનિ છ કારણે આહાર કરવાનું છોડી દે– (૧) વિશિષ્ટ રોગાંતક થાય ત્યારે (૨) ઉપસર્ગ આવે ત્યારે (૩) બ્રહ્મચર્યની પાલના–સુરક્ષા માટે (૪) જીવ દયા માટે (૫) તપશ્ચર્યા કરવા માટે (૬) અનશન–સંથારો કરવા માટે આહારનો ત્યાગ કરે.

**આચારાંગ સૂત્ર** શ્રુ.–૨, અ.–૧માં એષણા શુદ્ધિ સંબંધી અનેકાનેક સૂચનો છે તે માંહેનું વિશેષ વિધાન આ પ્રમાણે છે–

(૫૪) યાત્રા, મેળો, મહોત્સવ વગેરેમાં ભિક્ષાચરો માટેની દાનશાળામાંથી સામાન્ય રીતે જૈન શ્રમણો આહાર લેતા નથી પરંતુ દાન દેવાય જાય અને ઘરના લોકો કે કર્મચારી જમવા બેસે ત્યારે ત્યાંથી ગોચરી લઈ શકાય છે.

(૫૫) નિત્યદાન પિંડ, નિત્ય નિમંત્રણ પિંડ, બનેલા ભોજનનો અર્ધોભાગ, ચોથાઈ ભાગ વગેરે જ્યાં દરરોજ દાન દેવાતું હોય તેવા પ્રસિદ્ધ દાન કુલો(ઘરો)માંથી ભિક્ષા ગ્રહણ ન કરવી.

(૫૬) લગ્ન નિમિત્તના ભોજન પ્રસંગે જ્યાં ત્યાં જનાકીર્ણતા હોય ત્યાં ગોચરી ન જવું.

(૫૭) મૃત્યુ પ્રસંગે કે જન્માદિ મહોત્સવ પ્રસંગે તેમજ અનેક ગામડાઓનો ઘણો મોટો જમણવાર હોય અથવા નાનો જમણવાર હોય તેમાં પણ લોકોનું આવાગમન બહુ હોય, તેથી ત્યાં ગોચરી જવું નહીં.

(૫૮) ગરમ પદાર્થને ફૂંક મારીને વહોરાવે તે **ફૂમેજ્જ દોષ** છે.

(૫૯) સાધુ માટે પવન નાખીને ઠંડા કરેલા આહારાદિ વહોરાવે તે **વીએજ્જ દોષ** છે.

**ભગવતી સૂત્ર** શતક–૭, ઉદ્દેશા–૧માં દર્શાવેલા શ્રમણના પરિભોગૈષણા સંબંધી દોષો આ પ્રમાણે છે–

(૬૦) મનોજ્ઞ, સ્વાદિષ્ટ આહાર કરતા મુનિ મનમાં ખુશ થાય. આહારની અને દાતાની પ્રશંસા કરે તો **ઈંગાલ દોષ** (અંગાર દોષ) છે. તે પ્રમાણે પ્રશંસા કરવાથી સંયમ ગુણ અંગારા સમાન થઈ જાય.

(૬૧) મુનિ અમનોજ્ઞ, પ્રતિકૂલ આહાર કરતાં મસ્તક હલાવી; આંખ, મુખ વગેરે બગાડી; મનમાં ખિન્ન બનીને આહાર કરે અને તે આહારની કે દાતાની નિંદા કરે તે, **ધૂમ દોષ** છે. તેમ કરતાં સાધકના સંયમગુણો ધૂમાડા સમાન થઈ જાય છે.

(૬૨) મુનિ ખાદ્ય પદાર્થને સ્વાદિષ્ટ બનાવવા માટે તેમાં સંયોજ્ય પદાર્થ, મીઠું, મરચું, ખાંડ, ગોળ વગેરેનો સંયોગ કરીને ખાય તે **સંયોજના દોષ** છે.

(૬૩) મુનિ શરીરની આવશ્યક્તા કરતાં વધારે આહાર કરે, ઠાંસી ઠાંસીને આહાર કરે, તે **પ્રમાણાતિક્રાંત દોષ** છે.

(૬૪) સૂર્યોદય પૂર્વે કે સૂર્યાસ્ત પછી આહાર કરે, તે **ક્ષેત્રાતિક્રાંત દોષ** છે.

(૬૫) પ્રથમ પ્રહરમાં ગ્રહણ કરેલા આહાર, પાણી ચોથા પ્રહરમાં રાખે અને તેનું સેવન કરે, તે **કાલાતિક્રાંત દોષ** છે.

(૬૬) વિહાર વગેરેના પ્રસંગે બે ગાઉથી વધારે દૂર આહાર પાણી લઈ જાય અને વાપરે, તે **માર્ગાતિક્રાંત દોષ** છે.

(૬૭) દુષ્કાળ માટે લોકોને આપવા બનાવેલો **દુષ્કાળ ભક્ત** આહાર ન લેવો.

(૬૮) દીન દુખીઓ માટે બનાવેલો **કિવિણ ભક્ત** આહાર ન લેવો.

(૬૯) બીમારો માટે બનાવેલો કે અપાતો **ગિલાણ ભક્ત** આહાર ન લેવો.

(૭૦) અનાથ લોકો માટે તૈયાર કરેલો **અનાથ પિંડ** આહાર ન લેવો.

(૭૧) અતિવૃષ્ટિથી પીડિત લોકો માટે બનાવેલો **બદ્દલિયા ભક્ત** આહાર ન લેવો.

(૭૨) સાધુ માટે સુધારેલો કે પીસીને, મથીને તૈયાર કરેલો આહાર, **રચિત દોષવાળો** કહેવાય છે. દાતા ખાદ્ય પદાર્થોનું પરિવર્તન કે રૂપાંતરિત કરીને આપે તે પણ **રચિત દોષ** છે.

(૭૩) ગૃહસ્થનું આમંત્રણ કે નિમંત્રણ સ્વીકારી, તેને ઘરે ગોચરી વહોરવી તે **નિમંત્રણ પિંડ દોષ** છે.

**પ્રશ્નવ્યાકરણ સૂત્રના** પ્રથમ સંવર દ્વારમાં આહાર સંબંધી ઘણાં વિધિ નિષેધ અને નિયમ દર્શાવ્યા છે તેમાંથી વિશિષ્ટ વિધિ નિષેધ આ પ્રમાણે છે–

(૭૪) ગૃહસ્થના ઘરેથી પોતાના હાથે આહાર ગ્રહણ ન કરે. (ગૃહસ્થની આજ્ઞાથી પાણી લેવામાં દોષ નથી, જિનાજ્ઞા છે.– ***આચારાંગ સૂત્ર***)

(૭૫) મુનિ ગૃહસ્થની ખુશામત કરીને આહાર પ્રાપ્ત ન કરે.

(૭૬) આહાર કરતા પહેલાં મુનિ આખા શરીરને પૂંજીને પછી આહાર કરવા બેસે.

(૭૭) મુનિ મૌનપૂર્વક આહાર કરે.

(૭૮) અતિ ધીરે કે અતિ ઉતાવળે આહાર ન કરે.

(૭૯) આહાર કરતાં મુખથી ચવ–ચવ કે સુડ–સુડનો અવાજ કરે અર્થાત્ સબડકા લઈ આહાર કરે તો તે દોષ રૂપ છે.

**નિશીથ સૂત્રમાં** પ્રાયશ્ચિત્ત વિધાન કરતાં એષણા સમિતિ સંબંધી સૂચનો છે. તેમાં વિશેષ સૂચન આ પ્રમાણે છે–

(૮૦) આ વાસણમાં શું છે ? પેલા વાસણમાં શું છે ? તેમ પૂછી પૂછીને મુનિ આહાર પ્રાપ્ત કરે. તો પ્રાયશ્ચિત્ત.

(૮૧) મુનિ મોટે અવાજે માંગે કે કુતૂહલ ભાવે યાચના કરે તો પ્રાયશ્ચિત્ત.

(૮૨) મુનિ પહેલાં કંઈ પણ દોષ દેખાડી ગોચરી ગ્રહણ કરવાનો નિષેધ કરે અને પછી ચિત્તની ચંચલતા થતાં ગૃહસ્થની પાછળ જઈ ખુશામત કરે તો પ્રાયશ્ચિત્ત.

(૮૩) મુનિ ગૃહસ્થો વગેરેને આહારાદિ આપે તો પ્રાયશ્ચિત્ત.

(૮૪) મુનિ પાસત્થા–શિથિલાચારી સાધુને આહાર દે અને તેના પાસેથી લે તો પ્રાયશ્ચિત્ત.

(૮૫) મુનિ લોક વ્યવહારમાં જુગુપ્સિત અને નિંદિત ગર્હિત તેમજ આગમમાં નિષિદ્ધ કુલોમાં ગોચરી જાય તો પ્રાયશ્ચિત્ત.

(૮૬) મુનિ શય્યાદાતા(રહેવાનું સ્થાન આપનાર)નો આહાર કે તેની દલાલીનો આહાર ગ્રહણ કરે તો પ્રાયશ્ચિત્ત.

(૮૭) મુનિ ગુરુ આચાર્યાદિની આજ્ઞા વિના દૂધ, દહીં વગેરે વિગયો સેવન કરે તો પ્રાયશ્ચિત્ત.

નિશીથ સૂત્રમાં પ્રાયશ્ચિત્તોના જ વિધાન છે માટે અહીં દરેકમાં પ્રાયશ્ચિત્ત શબ્દનો પ્રયોગ કર્યો છે.

પ્રસ્તુત **દશવૈકાલિક સૂત્રના** પાંચમા પિંડેષણા અધ્યયનના પ્રથમ ઉદ્દેશકમાં વર્ણિત કેટલાક વિધિ, નિયમ કે દોષ આ પ્રમાણે છે–

(૮૮) મુનિ, વરસાદ વરસતો હોય, ધુંઅર પડતી હોય ત્યારે ગૌચરીએ ન જાય. વાવાઝોડાના સમયે અને ઉડનારા કે ચાલનારા ત્રસ જીવોની બહુ ઉત્પત્તિ થઈ હોય ત્યારે પણ ગોચરી ન જાય.

(૮૯) જે ગૃહસ્થે પોતાના ઘરે આવવાની ના પાડી હોય ત્યાં ગોચરી જવું નહીં.

(૯૦) ગૃહસ્થની આજ્ઞા લીધા વિના વસ્ત્ર કે સણ વગેરેના પડદાને હટાવી ગોચરી જવું નહીં.

(૯૧) નીચા(નાના) દ્વારવાળા અંધકાર યુક્ત ઓરડામાં ગોચરીએ જવું નહીં.

(૯૨) ફૂલ બીજ વગેરે સચિત્ત પદાર્થ ઘણા વિખરાયેલા હોય ત્યાં ગોચરી જવું નહીં.

(૯૩) તત્કાલનો લીંપેલું આંગણુ હોય તેમાં ચાલીને ગોચરી જવું નહીં.

(૯૪) ઘરના દરવાજામાં બકરા, બાળક, કૂતરા, વાછરડા વગેરે બેઠાં, ઊભા કે સૂતાં હોય તો તેને ઓળંગીને ગોચરીએ જવું નહીં.

(૯૫) શુચિધર્મી(ચોખ્ખાઈની પરંપરાવાળા) કુલોમાં રસોઈ ઘર વગેરે જ્યાં સુધી આવવાની ગૃહસ્થની મર્યાદા હોય ત્યાં સુધી જ જવું, તેનાથી આગળ જવું નહીં.

(૯૬) વહોરાવતા સમયે દાતાના પગ નીચે ત્રસ જીવ, બીજ, લીલોતરી વગેરે દબાઈ જાય તેમજ સચિત્ત પાણીનો સંઘટ્ટો કે કોઈ પ્રકારે પાણીની વિરાધના થઈ જાય તો તે ઘરથી ગોચરી ન લેવી.

(૯૭) ગોચરી વહોરાવવાના નિમિત્તે પહેલાં કે પછી દાતા પાણીથી હાથ, ચમચા વગેરે ધોવે તો તે **પૂર્વ કર્મ** અને **પશ્ચાત્ કર્મ દોષ** થાય, માટે ભિક્ષુએ તે વિષયમાં વિવેક પૂર્વક ભિક્ષા ગ્રહણ કરવી.

(૯૮) ગર્ભવતી સ્ત્રી માટે બનાવેલા આહારમાંથી તેના વાપર્યા પહેલાં લેવું નહીં.

(૯૯) ગર્ભવતી સ્ત્રીને પ્રસૂતિ કાલનો માસ ચાલતો હોય ત્યારે તેને સાધુ માટે ઊઠવું કે બેસવું પડે તે રીતે મુનિએ ગોચરી ન લેવી; તે સ્ત્રી બેઠેલી કે ઊભી રહેલી જેમ હોય તેમ વહોરાવે તો ભિક્ષા લઈ શકાય.

(૧૦૦) બાળકને દુગ્ધ પાન કરાવતી સ્ત્રી તેને રડતાં મૂકીને ગોચરી વહોરાવે તો તેના હાથે મુનિ ગોચરી ન લે.

(૧૦૧) ભારે વાસણ કે પદાર્થ મુશ્કેલીથી ઉપાડીને દાતા વહોરાવે તો ગોચરી ન લેવી.

(૧૦૨) મુનિએ દાન, પુણ્ય માટે કે ગરીબ ભિખારી માટે તેમજ સાધુ સન્યાસીઓ માટે બનાવેલો આહાર ન લેવો, તે **દાનપિંડ દોષ** છે.

(૧૦૩) મુનિએ કંદ, મૂલ, આદુ તેમજ ફૂલ, ફળ અને બીજ વગેરે સચિત્ત પદાર્થો વહોરવા નહીં. ***–દશવૈ. –૫/૧/૭૦.***

(૧૦૪) મુનિએ દુકાન વગેરેમાં ખુલ્લા પડેલા અને રજથી ભરેલા પદાર્થ વહોરવા નહીં.

(૧૦૫) જેમાં ગોઠલી, ઠળિયા વગેરે ફેંકવાનું બહુ હોય તેવા પદાર્થ વહોરવા નહીં, તે **બહુઉજ્ઝિત દોષ** છે.

(૧૦૬) મુનિએ ધોવણ પાણી કે છાશ વગેરે તૈયાર થતાં તત્કાલ વહોરવા નહીં; એક બે ઘડીનો સમય વ્યતીત થઈ જાય પછી લઈ શકાય છે.

પાંચમા અધ્યયનના બીજા ઉદ્દેશકમાં અને તે પછીના અધ્યયનોમાં વર્ણિત કેટલાક નિયમો આ પ્રમાણે છે–

(૧૦૭) અન્ય કોઈ ભિક્ષાચર ઘરના દ્વાર પર ઊભા હોય તો મુનિએ ત્યાં તેને ઉલ્લંઘીને ગોચરી ન જવું અને તેની સામે ઊભા પણ ન રહેવું. ***[અધ્ય.–૫/૨]***

(૧૦૮) મુનિ સામુદાનિક ગોચરી કરે અર્થાત્ ધનિક કે ગરીબના ભેદ ભાવ વિના ગોચરી કરે. ***[અધ્ય.– ૫/૨]***

(૧૦૯) મુનિ અજ્ઞાત ઘરોમાં એટલે પૂર્વ સૂચના વિનાના ઘરોમાં ગોચરી કરે અને એક જ ઘરમાં ગોચરી ન કરી લે, ગાયના ઘાસ ચરવાની જેમ અનેક ઘરોથી થોડી થોડી નિર્દોષ ભિક્ષા ગ્રહણ કરે. ***[અધ્ય.–૯]***

(૧૧૦) મુનિ પ્રાપ્ત આહારને બીજા દિવસ માટે રાખે નહીં. ***[અધ્ય.–૧૦]***

(૧૧૧) ભિક્ષુ મદ્ય માંસ કે મત્સ્યનો આહાર કદાપિ કરે નહીં. અર્થાત્ મુનિ તેવી આહાર વૃત્તિથી દૂર રહે. ***[ચૂલિકા–૨/૭]***

❋ ❋ ❋

## પરિશિષ્ટ–૪

# अभिहया આદિ દસ પ્રકારની જીવ વિરાધના

**(१) अभिहया :–** સામા આવતા જીવોને હણ્યા હોય યથા– કીડી વગેરે ક્ષુદ્ર જીવો આવી રહ્યા છે તેને આહત કર્યા હોય ચોટ પહોંચાડી હોય.

**(२) वत्तिया :–** ગમનાગમન કરવામાં વિવેક ન રહેવાથી માર્ગમાં આવતાં પ્રાણીઓને ધૂળે કરી ઢાંક્યા હોય.

**(३) लेसिया :–** ત્રસ સ્થાવર જીવોના શરીરના અવયવોને મસળ્યા હોય.

**(४) संघाइया :–** કોઈપણ પ્રવૃત્તિ વડે જીવોને એકઠા કર્યા હોય.

**(५) संघट्टिया :–** કાયિક પ્રવૃત્તિ કરતાં ત્રસ સ્થાવર જીવોનો સામાન્ય સ્પર્શ કે અથડાવવા રૂપ વિશેષ સ્પર્શ થયો હોય.

**(६) परियाविया :–** પરિતાપ–સ્પષ્ટરૂપે અલ્પ કષ્ટ પહોંચાડ્યો હોય, માનસિક પીડા પહોંચાડી હોય.

**(७) किलामिया :–** કિલામના વિશેષ પીડા પહોંચાડી હોય.

**(८) उद्दविया :–** જીવોને ઉપદ્રવિત કે ત્રાસિત કર્યા હોય અર્થાત્ ધ્રાસકો પાડ્યો હોય. મરણ તુલ્ય કર્યા હોય.

**(९) ठाणाओ ठाणं संकामिया :–** પ્રાણીઓને એક સ્થાનથી બીજે સ્થાને સંક્રાંત કર્યા હોય.

**(१०) जीवियाओ ववरोविया :–** જીવનથી રહિત કર્યા હોય અર્થાત્ કોઈપણ પ્રવૃત્તિમાં ત્રસ સ્થાવર પ્રાણી મૃત્યુ પામ્યા હોય.

આ સર્વ ઐયાપથિકી સંબંધી ક્રિયા છે. અર્થાત્ હલન–ચલન કે ગમનાગમન પ્રવૃત્તિમાં થતી અતિચારરૂપ જીવ વિરાધનાના પ્રકાર છે તેમાં સૂક્ષ્મ અને સ્થૂલ સર્વ પ્રકારની જીવ વિરાધનાનો સમાવેશ છે.

## પરિશિષ્ટ–૫

# દંત મંજન

વ્યાવહારિક જીવનમાં દંતમંજનને શરીર સ્વસ્થતાનું એક અંગ કહ્યું છે જ્યારે આગમિક દષ્ટિકોણથી અદંત ધોવન–દાંતને ધોવા નહીં તે સંયમનું એક અંગ છે. પ્રસ્તુત આગમમાં અધ્યયન ત્રીજામાં સાધુના બાવન અનાચારમાં **दंतपहोयणा** = દાંતને ધોવા કે **दंतवण्णे** = દાંતને રંગવા. તે બંનેની ગણના થઈ છે.

ઉપરોક્ત આગમ વચનને વિચારતાં સ્પષ્ટ થાય છે કે સાધુની સમગ્ર સાધના દેહભાવને છોડીને આત્મભાવમાં સ્થિર થવા માટે છે. તેથી સાધુ દેહની આસક્તિથી દાંતને રંગે નહીં કે વિભૂષાને માટે દાંત સાફ કરે નહીં.

પરંતુ સાધુ આહાર કર્યા પછી પોતાનું મુખ સંપૂર્ણ રીતે સાફ કરી લે જેથી આહારના કણ દાંતમાં ભરાઈ ન જાય. આહારના કણ જો દાંતમાં જ ભરાયેલા રહે તો સાધુને રાત્રિભોજનનો દોષ લાગે છે. તે ઉપરાંત આહારના કણ દાંતમાં રહેવાથી, દાંતનો સડો વગેરે દાંતના અનેક રોગ થવાની સંભાવના રહે છે. તેથી સાધુએ તે વિષયમાં સજાગ અને સાવધાન રહેવું જોઈએ. યથા–

(૧) દાંતને નુકસાન થાય તેવા પદાર્થો ખાવા નહીં.

(૨) ભોજન કર્યા પછી પાત્ર ધોઈને પાણી પીવું. આ પ્રમાણે કરવાથી સહજ રીતે દાંત પણ પાણીથી ધોવાઈ જાય છે. સાધ્વાચારનો આ નિયમ સંપૂર્ણપણે વૈજ્ઞાનિક છે.

(૩) આહાર કર્યા પછી મુખમાં એકાદ બે ઘૂંટડા પાણી ભરીને તેને મુખમાં જ ખૂબ હલાવી હલાવીને પીવું. જેથી મુખશુદ્ધિ થઈ જાય છે.

(૪) ઉણોદરી તપ અને અઠવાડિયામાં એકાદ ઉપવાસ દાંતના નિરોગીપણામાં સહાયક બને છે.

આ રીતે સંપૂર્ણ શ્રદ્ધા અને સાવધાનીપૂર્વક સાધ્વાચારના પ્રત્યેક નિયમોનું પાલન કરવાથી સંયમની સુરક્ષા થાય અને શરીરની સ્વસ્થતા જળવાઈ રહે છે.

પ્રસ્તુતમાં તાત્પર્ય એ છે કે દંતમંજન ન કરવું એ જૈન શ્રમણનો **ધ્રુવાચાર** છે અને તે આચાર પ્રત્યે આદર અને નિષ્ઠાના અભાવે લોક સંજ્ઞાથી દંત મંજનની પ્રવૃત્તિ કરવી તે **અનાચાર** છે. તે જાણી સંયમ સાધક દંત મંજનની પ્રવૃત્તિથી મુક્ત રહી શકે, તેવા વિવેક સાથે વર્તન કરવું જોઈએ.

પરિશિષ્ટ–૬

# સાધ્વાચારની પ્રવૃત્તિ સંબંધી વિધિ વિવેક

## (૧) પ્રતિલેખન વિવેક :

(૧) એક વસ્ત્રના ત્રણ વિભાગ કરીને આગળ, પાછળ બંને બાજુ ફેરવીને પ્રતિલેખન કરવું.
(૨) એક વિભાગમાં ઉપર, વચ્ચે અને નીચે તેમ ત્રણ વાર દૃષ્ટિ નાંખીને જોવું.
(૩) એકાગ્ર ચિત્ત રાખવું.
(૪) બીજા વિચારો ન કરવા.
(૫) ઉતાવળ ન કરવી. શાંતિથી પ્રતિલેખન કરવું.
(૬) હાથ અને વસ્ત્ર ધીમે ધીમે હલાવવા, વધારે પડતા હલાવવા નહીં.
(૭) જીવ તો નથી ને ? તેવી અન્વેષણ બુદ્ધિ રાખવી. જીવ રક્ષા માટે સતત ઉપયોગ રાખવો.
(૮) પ્રતિલેખના વખતે વાતો કરવી નહીં, મૌન રાખવું, સ્થિર આસને બેસવું.
(૯) પ્રતિલેખના કરતી વખતે વસ્ત્રનો આજુબાજુની વસ્તુ સાથે કે જમીન સાથે સ્પર્શ થવો નહીં.
(૧૦) કપડું નીચે મૂકતી વખતે જમીનને તપાસવી.
(૧૧) પ્રતિલેખિત અને અપ્રતિલેખિત વસ્ત્રાદિ અલગ અલગ રાખવા.
(૧૨) પ્રતિલેખના પૂર્ણ થઈ ગઈ છે એવો ઉપયોગ રાખીને, વિચારીને પછી ત્રીજા શ્રમણસૂત્રનો કાયોત્સર્ગ કરવો.

## (૨) ગોચરી ગમન અને આહાર વિધિ :

(૧) ગોચરી જતાં પહેલાં મુહપતિ, જોળી તથા પાતરાનું પ્રતિલેખન કરવું.
(૨) કાયોત્સર્ગ કરીને ગોચરીના સંબંધમાં ચિંતન(સંકલ્પ) કરવું– **૧.** ગોચરીમાં દૃષ્ટિની ચંચળતા થવા દેવી નહીં **૨.** મંદ ગતિએ ચાલવું, શાંતિ રાખવી, ઉતાવળ કરવી નહીં **૩.** ગવેષણામાં પ્રમાણિકતા રાખવી, બેદરકારી કરવી નહીં **૪.** આહાર સંબંધી વિશિષ્ટ ત્યાગ, નિયમ અથવા અભિગ્રહ કરવો. જે કર્યો હોય તો તેને સ્મૃતિમાં રાખવો.
(૩) ગુરુ આદિની આજ્ઞા લેવી. "આવસ્સહી આવસ્સહી" તે પ્રમાણે બોલતા ઉપાશ્રયની બહાર નીકળવું.
(૪) ગોચરી લઈને ઉપાશ્રયમાં આવતા "નિસ્સહિ નિસ્સહિ" તે પ્રમાણે બોલીને ઉપાશ્રયમાં વિનયપૂર્વક પ્રવેશ કરવો.
(૫) ભૂમિ પ્રમાર્જન કરીને આહારના પાતરા નીચે રાખવા અને ગુરુદેવને આહાર બતાવવો.
(૬) જોળીનું પ્રતિલેખન કરવું.

(૭) આવશ્યક સામગ્રી તથા આસન અને ભાજન લઈને બેસવું.

(૮) 'તસ્સઉત્તરી'નો પાઠ બોલીને 'ઈરિયાવહિ'નો કાર્યોત્સર્ગ કરવો તથા ઉપયોગપૂર્વક ગોચરીના ઘરોમાં થયેલા અતિચારોનું ક્રમશઃ ચિંતન કરવું.

(૯) કાયોત્સર્ગ શુદ્ધિનો પાઠ બોલવો.

(૧૦) "ગોયરગ્ગ ચરિયા"ના પાઠનું(બીજા શ્રમણ સૂત્રનું) ઉચ્ચારણ કરવું.

(૧૧) "તસ્સ ઉત્તરી"નો પાઠ બોલીને **अहो जिणेहिं असावज्जा** ગાથાનું ચિંતન કાયોત્સર્ગ મુદ્રામાં કરવું.

(૧૨) કાયોત્સર્ગ પૂરો કરીને "લોગસ્સ" નો પાઠ પ્રગટ બોલવો.

(૧૩) સ્વાધ્યાય કરવો.

(૧૪) વિશ્રાંતિ કરતાં કરતાં ભાવપૂર્વક અન્ય મુનિવરોને આહાર માટે નિમંત્રણ આપવું. કોઈ મુનિવર નિમંત્રણ સ્વીકારી આહાર લેવા તૈયાર થાય તો તેને સહર્ષ આહાર આપવો.

(૧૫) જ્ઞાતાસૂત્રમાં કહેલા બે દષ્ટાંતોનું ચિંતન કરીને આહાર કરવો– **૧.** પિતાએ ભયંકર જંગલમાં ફસાઈ જવાથી પોતાના પ્રાણ રક્ષણાર્થે મૃત પુત્રીના શરીરનો આહાર કરતાં જેવી ગ્લાની અને ઉદાસીનતા અનુભવી તેવી ગ્લાની અને ઉદાસીનતાથી શરીર રક્ષણાર્થે આહાર કરવો. આહાર કરવામાં જરા પણ રાગભાવ ન કરવો, પૌદ્‌ગલિક આનંદ ન માનવો. **૨.** પુત્ર ઘાતક ચોરને પોતાના આહારમાંથી ભાગ આપવા સમાન પૂર્ણ લાચારી અને વિવશતાપૂર્વક આહાર કરવો.

(૧૬) માંડલાના દોષો ટાળવા માટે નીચે મુજબ યાદ રાખવું– **૧.** સ્વાદ વૃદ્ધિ માટે ખોરાકની એક વસ્તુ સાથે બીજી વસ્તુનો સંયોગ ન કરવો. **૨.** આહારની પ્રશંસા કે નિંદા ન કરવી. **૩.** આહારના નિમિત્તથી હર્ષ કે શોક ન કરવો. **૪.** ભૂખથી ઓછું ખાવું. **૫.** અતિ ધીરે કે અતિ ઉતાવળથી જમવું નહીં. **૬.** સુખાસનમાં બેસવું. **૭.** આહાર નીચે ભૂમિ પર ન પડવા દેવો. **૮.** જમતાં જમતાં મુખથી ચપ–ચપ અવાજ થાય કે સુડ–સુડ સબકડા લઈ આહાર કરવો નહીં. **૯.** ખાદ્ય પદાર્થોને પૂર્ણ ચાવવા અને મુખમાં રસ થઈ જાય પછી ગળે ઉતારવા.

(૧૭) **अरसं विरसं वावि** અને **अलोले न रसे गिद्धे** આ બે ગાથાઓનું ઉચ્ચારણ અને મનન કરીને પચ્ચખાણ પાળવા, પાંચ વાર નમસ્કાર મંત્ર બોલવા. પછી મૌનપૂર્વક આહાર કરવો.

(૧૮) આહાર કર્યા પછી નમસ્કાર મંત્ર સહિત સાગારી પચ્ચખાણ કરવા.

(૧૯) ભોજન પૂર્ણ થયા પછી આહારના સ્થાન અને પાતરાને સાફ કરવા.

(૨૦) સવારે અને સાંજે ગોચરીમાં સમયની અલ્પતાને કારણે ઉપરોક્ત સર્વ વિધિ સંક્ષિપ્તમાં કરવી.

## (3) વિહાર વિધિ(ગમનાગમન વિધિ) :

સાધુએ ઈર્યાસમિતિપૂર્વક ગમન કરવાનું હોય છે. ઈર્યાસમિતિની શુદ્ધિ માટે નીચેના નિયમોનું પાલન કરવું જરૂરી છે.

(૧) છકાય જીવોની રક્ષા માટે સતત ઉપયોગ રાખવો.

(૨) માર્ગમાં પથ્થરના ટુકડા, પથ્થરના કોલસા, મીઠું, સચેત માટી આદિ પૃથ્વીકાયના જીવો હોય તો તેનો વિવેક રાખવો.

(૩) નળ, કૂવા, નદી આદિનું પાણી વહેતું હોય, વરસાદ વરસતો હોય તે તથા કોઈ પણ પ્રકારનું સચેત કે મિશ્ર પાણી હોય, તો ત્યાં ન ચાલવું.

(૪) અગ્નિનો અથવા વિદ્યુત સંચાલિત સાધનોનો સ્પર્શ ન થઈ જાય તેની કાળજી રાખવી.

(૫) વાયુકાયના જીવની રક્ષા માટે કપડા, પાત્ર કે શરીરને વધારે પડતા હલાવવા નહીં.

(૬) લીલું ઘાસ, લીલ ફૂગ, સેવાળ, અનાજના દાણા, શાકભાજી કે તેનો કચરો, ફૂલ, પાન આદિ વેરાયેલા પડ્યા હોય તો ત્યાં યતનાપૂર્વક પગ મૂકવા.

(૭) કીડી, મકોડા, કુંથવા આદિ સૂક્ષ્મ ત્રસ જીવોને જોઈને ચાલવું.

(૮) રસ્તામાં ચાલતી વખતે સ્ત્રી કે પુરુષનો(વિજાતીયનો) સ્પર્શ ન થઈ જાય તે માટે સાવધાન રહેવું.

(૯) પોતાના શરીરથી આગળની પુરુષ પ્રમાણ ભૂમિને જોઈને ચાલવું.

(૧૦) ચંચળતાપૂર્વક ચારે તરફ જોવું નહીં.

(૧૧) ચિત્તની એકાગ્રતા પૂર્વક ચાલવું.

(૧૨) નિરર્થક વાર્તાલાપ ન કરવો, યથાશક્ય મૌન રહેવું.

(૧૩) **चरे मंदमणुविग्गो** મંદ ગતિથી અને કોઈ પણ પ્રકારના ઉદ્વેગ રહિત ચાલવું.

(૧૪) ચાલતા સમયે તેમાં જ ઉપયોગને તન્મય બનાવીને ચાલવું.

આ રીતે વિધિપૂર્વક ગમન કરવાથી આત્મરક્ષા, સંયમરક્ષા અને જીવરક્ષા થાય છે.

## (૪) નિહાર વિધિ :

### [૧] લઘુનીત સંબંધી વિધિ :

(૧) લઘુનીતની હાજત થાય ત્યારે પ્રસ્રવણ પાત્રમાં કરવું.

(૨) આવાગમન રહિત સ્થાનમાં ઉકડા આસને બેસવું.

(૩) અવાજ ન થાય તેમ પાત્રમાં મૂત્રનું વિસર્જન કરવું.

(૪) યોગ્ય અચિત્ત ત્રસ સ્થાવર જીવ રહિત ભૂમિમાં વિસ્તૃત સ્થાનમાં ફેલાવીને પરઠવું.

(૫) એક જ જગ્યાએ સઘનરૂપે ન પરઠવું.

(૬) પરઠતાં પૂર્વે શક્રેન્દ્ર મહારાજની આજ્ઞા લેવી, ભૂમિ તપાસવી અથવા પ્રમાર્જન કરવું.

(૭) પરઠવા જતાં "આવસ્સહી આવસ્સહી" બોલવું; પરઠ્યાં પછી 'વોસિરે વોસિરે' એમ બોલવું;

પરઠીને "નિસ્સહી નિસ્સહી" બોલતાં સ્થાનકમાં આવીને તસ્સ ઉત્તરીનો પાઠ બોલવાપૂર્વક ઈરિયાવહિનો કાઉસગ્ગ કરવો.

**[૨] વડીનીત સંબંધી વિધિ :**

(૧) વડીનીતની હાજત(દબાણ) થાય ત્યારે જો અનુકૂળતા હોય તો ગામની બહાર જવું.

(૨) રસ્તામાં અથવા લીલી વનસ્પતિ, અંકુરા, કીડી, મંકોડા આદિ જીવજંતુ હોય ત્યાં ન બેસવું.

(૩) લોકોનું આવાગમન ન હોય તેવા સ્થાને જવું.

(૪) લોકોને તકલીફ ન પડે તેવા સ્થાનમાં બેસવું, વસ્ત્રના ટૂકડાથી અંગશુદ્ધિ કરવી પછી પાણીથી શુદ્ધિ કરવી. વધારે પડતું પાણી ન વાપરવું. મળથી દૂર જઈને શુદ્ધિ કરવી. શેષ વિધિ પૂર્વવત્ જાણવી.

(૫) વડીનીતની હાજતનું દબાણ વધારે હોય અથવા બહાર જવાની શરીરની અનુકૂળતા ઓછી હોય, તેમજ પરઠવાના સ્થાન જીવ વિરાધના થાય તેવા હોય, લોકોના આવગમન રહિત સ્થાન ન મળે, તો ઉપાશ્રયના કોઈ એકાંત સ્થાનમાં પોતાના ઉચ્ચારમાત્રકમાં શૌચનિવૃત્તિ કરવી, પછી યોગ્ય સ્થાનમાં પરઠવી દેવું.

❋ ❋ ❋

પરિશિષ્ટ–૭

# વિભૂષા એક વિશ્લેષણ

આગમ મનીષી શ્રી ત્રિલોકમુનિ મ. સા.

પ્રસ્તુત દશવૈકાલિક સૂત્રના ત્રીજા અધ્યયનમાં વિભૂષાને અનાચાર રૂપે દર્શાવ્યું છે અને છટ્ઠા અધ્યયનમાં વિભૂષાના ત્યાગને આચારસ્થાન કહ્યું છે. ત્રીજા અધ્યયનમાં અનાચાર રૂપે સંક્ષિપ્ત, અતિ સંક્ષિપ્ત નિર્દેશ માત્ર છે જ્યારે છટ્ઠા અધ્યયનમાં તેના ત્યાગ ઉપર વિશેષ ભાર મૂકવા માટે તેનો વિસ્તૃત સ્વરૂપ સમજાવતાં તે સંબંધી દોષોને ઉજાગર કર્યા છે. ત્યારપછી આઠમા અધ્યયનમાં વિભૂષાને વિષની ઉપમા આપી સંયમ જીવનના વિનાશક રૂપે સ્વીકાર્યું છે.

વિભૂષાનો અર્થ છે શરીરને વિભૂષિત કરવું, શણગારવું, અલંકૃત કરવું. ખરેખર તો વિભૂષા ગૃહસ્થનો વિષય છે, સાધુનો નહીં. કારણ કે સાધુ જીવનની પ્રત્યેક પ્રવૃત્તિ દેહ પ્રત્યેના મૂર્ચ્છાભાવને ઘટાડવા માટે હોય છે. તેનું લક્ષ્ય એકાંતે આત્મશુદ્ધિનું જ હોય છે. વિભૂષા કે અલંકારના ચાર પ્રકાર છે– (૧) કેશાલંકાર (૨)વસ્ત્રાલંકાર (૩) માલાલંકાર (૪) આભૂષણાલંકાર. જૈન શ્રમણાચારમાં લોચને કારણે પ્રાયઃ વાળ નાના જ હોય છે; વળી કેશ સંવારવા માટે તેઓ પાસે કોઈ સાધન હોતું નથી. વસ્ત્ર તો તેઓ પાસે સીમિત અને રંગ વિનાના હોય છે. માળા અને અલંકાર તેઓને અગ્રાહ્ય છે; આ રીતે શ્રમણોને વિભૂષાની પૂર્ણ અશક્યતા હોવા છતાં આ અઢારમાં આચાર સ્થાનમાં શ્રમણને વિભૂષા ત્યાગ માટે વજુદવાળા શબ્દોમાં સાવધાન કર્યા છે, તે ખરેખર વિચારણીય છે.

**શ્રમણોને વિભૂષા શું ? અને શી રીતે :–** શ્રમણાચાર સંબંધી જિનાજ્ઞાઓનું પાલન કરનાર શ્રમણને શરીર અને વસ્ત્ર બંનેના માધ્યમે મેલ પરીષહ સહન કરવાનો હોય છે. તો મલિન દેહે અને મલિન વસ્ત્રોથી તેઓ કોઈપણ પ્રકારે વિભૂષા કરી શકે તેમ નથી. શ્રમણાચારની આટલી બધી વ્યવસ્થા હોવા છતાં પૂર્વના સંસ્કાર જાગૃત થતાં, સંસર્ગ દોષ થતાં કે ચારિત્ર મોહકર્મના ઉદયની પ્રધાનતા અને સંયમની અસાવધાનતા થતાં સાધકના ચિત્તમાં વિભૂષા વૃત્તિ, સ્થાન પામી જાય છે.

અહીં વિભૂષા વૃત્તિનો અર્થ એટલો જ છે કે **હું કંઈક સારો દેખાઉં.** આ પ્રકારના ભાવોને વિભૂષા વૃત્તિનું માનસ કહેવાય છે. આ ધીરે ધીરે પુષ્ટ થતાં સાધકનું માનસ કેટલાય માર્ગ ખોળી કાઢે છે. જેમ કે– સામાન્ય વસ્ત્રોની જગ્યા બહુમૂલા અને ચમકીલા વસ્ત્ર રાખે; મેલ પરીષહ જીતવાનો છોડી શરીર અને વસ્ત્રને સ્વચ્છ રાખવા લાગે; પાવડર, વિલેપનના પદાર્થોનો ઉપયોગ શરૂ કરે; ઉપકરણો વધારી દે; મન ઇચ્છિત ચીજો રાખવા લાગે; નખ અને કેશ પ્રસાધનના સાધનો

રાખવા લાગે; લોચ કરવો છોડી દે કે વર્ષમાં એક જ વાર કરે; નખ સંવારે, કેશ સંવારે, સ્નાન કરે ઈત્યાદિ; આ રીતે અસીમિત માર્ગ તેને મળી જાય છે. કારણ કે વિભૂષા મનોવૃત્તિની પ્રબલતાએ તેને શાસ્ત્રાજ્ઞાની અટક–ખટક રહેતી નથી.

આ પ્રકારની વિભૂષા વૃત્તિના કરનારા શ્રમણ પ્રારંભમાં શાસ્ત્રકારની ભાષામાં **બકુશ નિર્ગ્રંથ શ્રમણ** કહેવાય છે અને આગળ વધતાં અતિ સ્વચ્છંદતાના કારણે તેઓ **શિથિલાચારી શ્રમણ** કહેવાય છે. ત્યારપછી ક્રમિક અવનતિને પામતા તે નિર્ગ્રંથપણાથી સર્વથા રહિત થઈ વેશ માત્ર રહેતાં અને બીજા પણ દોષોની વૃદ્ધિ થતાં તેમજ લોકાપવાદ થતાં એક દિવસ તેને સંયમવેશથી પણ મુક્ત થવાની સ્થિતિ ઉત્પન્ન થઈ જાય છે. આ સર્વ સ્થિતિની પરંપરા વૃદ્ધિ, બેરોકટોક માનસ અને સ્વચ્છંદ માનસમાં થાય છે. પરંતુ જે સાધકો પર ગુરુઓની નિયંત્રણ વ્યવસ્થા હોય અને ગુરુ નિયંત્રણને તે સ્વીકાર કરે તેવા નિર્ગ્રંથો માટે આ પ્રસ્તુત શાસ્ત્રનો ઉપદેશ છે. તેને તેઓ સમજી પોતાની રહી સહી વિભૂષાનો યથા શક્ય ત્યાગ કરે અને નિર્ગ્રંથાચારની આરાધકતાને પ્રાપ્ત કરે; આવો હેતુ આ ગાથાઓમાં સમાયેલો છે.

શ્રમણોમાં વિભૂષા વૃત્તિ એ કોઈ ક્ષેત્ર અને કાલના આગ્રહે ચાલે તેમ જરૂરી નથી. પાંચમા આરાના શ્રમણો પણ વિભૂષા વૃત્તિ કર્યા વિના આરાધના કરી શકે છે અને તીર્થંકરોના સમયમાં એટલે ચોથા આરામાં કે મહાવિદેહ ક્ષેત્રમાં પણ વિભૂષા વૃત્તિ કરનારા વિભિન્ન પ્રકારના સાધક હોઈ શકે છે. માટે પોતપોતાને પ્રભુ આજ્ઞાથી અને શાસ્ત્રાજ્ઞાથી સુસજ્જ કરી નિર્ગ્રંથાચારની આરાધના કોઈ પણ, ક્યારે ય પણ અને ક્યાં ય પણ કરી શકે છે. પ્રસ્તુત ગાથાઓ શ્રમણો માટે તેઓના વિભૂષા વૃત્તિ ત્યાગના માનસને પુષ્ટ કરવામાં બહુ કામયાબ છે; જરૂર માત્ર આ ગાથાઓને હૃદયમાં જમાવવાની અને ચિંતન કરી જાગરૂક બનવાની છે.

**જાગરૂકતા શુ ? :–** (૧) નિર્ગ્રંથ મુનિ ગુરુ આજ્ઞા સંસ્કારથી જે રીતે પ્રવૃત્તિ કરે તેમાં ક્યાંય એવો ભાવ ન થવા દે કે હું સારો દેખાઉં, મારા કપડા સારા દેખાય, મારા ઉપકરણ જોવામાં સુંદર લાગે, આ રીતે સુંદર કે સારા દેખાવના વિચારોથી મુનિ દૂર રહે. (૨) શરીર પ્રત્યે કે તેના સંસ્કાર કરવા પ્રત્યે મોહના વિચારોને મુનિ આદર ન આપે, પરંતુ વૈરાગ્ય ભાવમાં લીન રહે. જે વૈરાગ્ય ભાવ મુનિને ઘરબાર છોડી દીક્ષા લેવામાં હતો તે જ વૈરાગ્ય ભાવની સ્વાધ્યાય આદિથી વૃદ્ધિ કરે પણ ઘટાડે નહીં. (૩) મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, ઉપકરણ મર્યાદા અને અત્યંત આવશ્યક વસ્તુઓનો જ ઉપયોગ, વગેરે શાસ્ત્રાજ્ઞાઓનું જ્ઞાન વધારીને મુનિ તેને ઉલ્લંઘન કરવાના વિચારો ઉત્પન્ન ન થાય, તેવી સાવધાની રાખે. આ પ્રકારની **જાગરૂકતા** રાખતા મુનિ વિભૂષા વૃત્તિથી બચી શકે છે.

**सिणाणं अदुवा कक्कं :–** આ ગાથામાં શરીરના સુંદર દેખાવ માટે અને સ્પર્શેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિયના પોષણ માટે લગાવવામાં આવતાં વિવિધ પાવડર, સુગંધી ચૂર્ણ કે લેપ્ય દ્રવ્યોના નામો દેશ કાલના પ્રચલન અનુસાર છે. જ્યારે આજના પ્રસાધન સાધનોના નામ બધા પરિવર્તિત છે. છતાં તે સંભવિત દરેક દ્રવ્યોનો સમાવેશ અહીં સમજી લેવો જોઈએ. સ્નાન આદિ સૂત્રોક્ત દ્રવ્યોનું

તાત્પર્ય પ્રસ્તુત ગાથાના શબ્દાર્થ અને ભાવાર્થમાં સ્પષ્ટ કરેલ છે.

ટીકાકારે કરેલા **सिणाणं** આદિ શબ્દોના અર્થ આ પ્રમાણે છે– **सिणाणं** = અંગ પ્રક્ષાલન ચૂર્ણ **कल्कं** = તેલની ચીકાશને દૂર કરવા આંબળા કે પીસેલી દાળનું સુગંધિત ઉબટન. **लोद्धं** = લોધ્ર પુષ્પનો પરાગ, મુખ ઉપર કાંતિ લાવવા તથા પરસેવાને સૂકવવા માટે પ્રયોગ કરાતો પઠાણી લોધ્ર; વૃક્ષની છાલનું ચૂર્ણ. **पउमगाणि** = પદ્મકેશર, કુંકુંમયુક્ત વિશેષ સુગંધિત દ્રવ્ય.

**णगिणस्स वावि...:–** આ ગાથા ૬૫માં સાધુના ત્રણ વિશેષણો પર ભાર મૂકી તેને વિભૂષાની અનાવશ્યકતા સ્પષ્ટ કરી છે. તે ત્રણે વિશેષણ સાપેક્ષ છે તેને એકાંતિક રૂપે ન સમજવા જોઈએ.

(૧) **णगिणस्स** = **नग्न** અચેલ. આ શબ્દની સાપેક્ષતા આ પ્રમાણે છે– ભગવાનની ઉપસ્થિતિમાં ઘણા સાધુ અચેલ–નગ્ન પણ રહેતા હતા; કેટલાક માત્ર એક વસ્ત્ર કે બે વસ્ત્ર ધારણ કરતા હતા, તેઓ જીર્ણ થતાં વસ્ત્રને પરઠી દેતા અને બીજા વસ્ત્રને ગ્રહણ કરવાના ત્યાગ રાખતા હતા. આ રીતે તે સમયે નગ્ન કે અર્ધનગ્ન શ્રમણો વિચરણ કરતા હતા. ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન– ૨૩ અનુસાર ભગવાન પાર્શ્વનાથના શ્રમણોનો સચેલ ધર્મ હતો, ત્યારે ભગવાન મહાવીરના શાસનના શ્રમણો વસ્ત્ર છતાં અલ્પવસ્ત્રના કારણે અચેલ ધર્મવાળા કહેવાતા હતા. આ રીતે સ્પષ્ટ થાય છે કે અહીં પણ શ્રમણો માટે નગ્નતાનું વિશેષણ સાપેક્ષ છે.

(૨) **मुण्डस्स** = મુંડિત એટલે મસ્તક પર વાળ ન રાખનાર, લોચ કરનાર; તો પણ છ માસ સુધી વાળ એકઠા થાય જ છે ત્યારે સાધુ વાળ યુક્ત મસ્તકવાળો પણ રહે છે. છતાં ય કેટલાક સમય લોચ યુક્ત મસ્તકવાળો પણ રહે છે. આ કારણે **મુંડિત** શબ્દ પણ સાપેક્ષ છે.

(૩) **દીર્ઘ રોમ નખવાળા** = શ્રમણ ગૃહસ્થની જેમ દરરોજ કે જલ્દી જલ્દી દાઢી–મૂંછ કરનાર, દર મહીને મસ્તકના વાળ કપાવનાર તેમજ નિયમિત મર્યાદિત અવધિથી નખોને કાપનાર હોતા નથી. તેઓ દાઢી મૂંછનો લોચ દોઢ, બે કે ત્રણ મહીને કરે છે; મસ્તકનો લોચ પ્રાયઃ છ મહીના પછી કરે છે અને નખ કાપવાની તેઓને કોઈ નિયમિતતા હોતી નથી; જ્યારે વધારે થતા નખ કોઈ પણ પ્રવૃત્તિમાં બાધક થાય અને તેને કાપવો અત્યંત આવશ્યક થઈ જાય, ત્યારે જ તેઓ નખને કાપે છે; અન્યથા નાના મોટા જેમ થાય તેમ જોઈને નિરપેક્ષ રહે છે. આ રીતે કેટલાક સમય દાઢી મૂંછ વાળ કે નખ વધેલા રહે અને કેટલાક સમય ન રહે તેની કોઈ પરવાહ મુનિને રહેતી નથી. તેવા નિરપેક્ષ સાધુઓને માટે આ ગાથામાં **દીર્ઘ રોમ નખવાળા** એવું વિશેષણ આપ્યું છે, તેની પણ સાપેક્ષતા સ્પષ્ટ છે.

આ રીતે જ્યારે કેશ દાઢી, મૂંછ કે નખ માટે પણ સાધુ નિરપેક્ષ રહી તેની સજાવટ કરે નહી અને બ્રહ્મચર્યમાં લીન રહી મૈથુન ભાવ કે મોજ–શોખથી દૂર રહે છે તો પછી તેઓને વિભૂષાથી કોઈ પ્રયોજન રહેતું નથી, તે સહજ સિદ્ધ થાય છે; તેમ શાસ્ત્રકારનો કહેવાનો આશય છે.

વૃત્તિકારે નગ્ન શબ્દના બે લક્ષણ આપ્યા છે– નિરૂપચરિતનગ્ન અને ઔપચારિક નગ્ન. (૧) જે નિર્વસ્ત્ર રહે છે, વસ્ત્ર અથવા અન્ય કોઈપણ ઉપકરણથી શરીરને આવૃત્ત કરતા નથી, તે નિરૂપચરિતનગ્ન કહેવાય છે; તે જિનકલ્પિક શ્રમણ છે. (૨) સ્થવિર કલ્પિક મુનિ જે વસ્ત્ર પહેરે

છે છતાં તેઓના વસ્ત્ર પ્રમાણોપેત તથા અલ્પમૂલ્યના હોય છે. એટલે તેને અચેલવાન કે ઔપચારિક નગ્ન કહેવાય છે. **मुण्डस्स** = મુંડિત. વાળના કારણે વ્યક્તિ સૌંદર્યશીલ દેખાય છે. મસ્તક મુંડિત થવાથી સાધુ રૂપવાન લાગતો નથી. પછી શરીરને સજાવવાનો શું મતલબ ? **दीहरोमणहंसिणो** = દીર્ઘરોમ નખવાન્. કાંખ, દાઢી આદિમાં લાંબા રોમવાળા તથા હાથમાં વધેલ નખવાળા.

**विभूसावत्तियं भिक्खू कम्मं बंधइ चिक्कणं...:**– બે ગાથાઓમાં મુનિને વિભૂષા વૃત્તિથી દૂર રહેવાનું માર્ગ દર્શન, પ્રેરણા અને આદેશ, નિર્દેશ કર્યા પછી શાસ્ત્રકારે આ ૬૬મી ગાથામાં શ્રમણોને વિભૂષા વૃત્તિથી અટકાવવા માટે તે પ્રવૃત્તિનું દુષ્પરિણામ હૃદયને વીંધી નાખે તેવા વેધક શબ્દના પ્રયોગ દ્વારા દર્શાવ્યું છે. જેમ કે– **વિભૂષા કરનાર ચીકણા કર્મો બાંધે છે; ઘોર અને દુસ્તર સંસાર સાગરમાં પડે છે.**

આવા દુષ્પરિણામના કારણો આ પ્રમાણે સમજવા– (૧) દેહલક્ષીવૃત્તિ અને તીવ્ર મોહોજન્ય પરિણામથી વિભૂષા થાય છે તેમજ વિભૂષા કરવાથી જિનાજ્ઞા ભંગ રૂપ દોષ થાય છે. (૨) વિભૂષાથી ક્રમશઃ દેહભાવની વૃદ્ધિ થાય છે, આત્મભાવ અને સંયમ ભાવ ઉપેક્ષિત થાય છે, આવશ્યક્તાઓ વધે છે; તેથી સંયમ પાલનમાં શિથિલતા વધે છે. (૩) વિભૂષાના સંકલ્પ–વિકલ્પથી ચિત્ત ભ્રાંત રહે છે અને તેથી સ્વાધ્યાય, ધ્યાન આદિ આવશ્યક ક્રિયાઓમાં સ્ખલના થાય છે. (૪) વિભૂષા માટે અનેક આરંભ– સમારંભયુક્ત સાધનોનો ઉપભોગ કરવાથી હિંસાજન્ય અનેક પાપકારી પ્રવૃત્તિ કરવી પડે છે. તેથી વિભૂષા પ્રવૃત્તિને સૂત્રકારે **સાવદ્ય બહુલ** કહી છે. (૫) વિભૂષા અન્યને આકર્ષણ થવાનું કારણ છે તેથી વિભૂષા દ્વારા બ્રહ્મચર્ય વિરાધનાનું નિમિત્ત સર્જાય છે.

આ રીતે વિભૂષા કરનાર શ્રમણ ઉત્તરોત્તર સંયમ વિપરીત પ્રવૃત્તિઓની બહુલતા થતાં **અત્યંત ચીકણા કર્મો બાંધે** છે અને તે કર્મબંધના પરિણામે દીર્ઘકાલ પર્યંત **ઘોર સંસાર સાગરમાં** પડે છે; તેવું શાસ્ત્રકારનું કથન યથાર્થ, પ્રસંગાનુકૂલ અને સમજવામાં આવે તેમ છે.

**विभूसावत्तियं चेयं...:**– ૬૬મી ગાથામાં વિભૂષાની પ્રવૃત્તિના જે દુષ્પરિણામ દર્શાવ્યા છે તેનુ જ આ ૬૭મી ગાથામાં માત્ર વિભૂષા વૃત્તિના માનસ માટે પુનરાવર્તન કર્યું છે કે વિભૂષાની પ્રવૃત્તિની જેમ વિભૂષાની ચિત્ત વૃત્તિ, વિભૂષાના વિચાર માત્ર પણ તેવા જ પાપકારી છે અને તેના પણ એવા જ દુષ્પરિણામ છે. માટે છકાય રક્ષક શ્રમણ તેવા વિભૂષાના વિચારોને પણ આદર ન આપે. કારણ કે વિભૂષા પ્રવૃત્તિના મૂળ તો તે વિચાર જ છે અને તે વિચાર પ્રબલ થતાં સંયોગ મેળવી પ્રવૃત્તિને ઊભી કરે છે.

આ રીતે શરીરની પણ ઉપેક્ષા કરનાર સાધુ માટે વિભૂષા કરવી ઉપયુક્ત નથી. સ્નાનની જેમ વિભૂષા પણ બ્રહ્મચર્યની ઘાતક છે. તેથી સાધુએ તેનો ત્યાગ કરવો એ શાસ્ત્રકારનું તાત્પર્ય છે. માટે બહિરાત્મભાવ ત્યજીને અંતરાત્મ દશામાં રમતા સાધુને સ્નાન, વિલેપન કે વિભૂષા સર્વ અકરણીય છે. મસ્ત યોગીને તો સંયમના ગુણો જ સાચા અલંકારો છે એમ સમજતો સાધુ બાહ્ય વિભૂષાને કદી પણ ન ઈચ્છે.

❋ ❋ ❋

# ગુરુ પ્રાણ આગમ બત્રીસીના
# શ્રુત સહયોગી દાતાઓ

**: પ્રથમ આગમ વિમોચક :**

માતુશ્રી ચંપાબેન શાંતીલાલ પરષોત્તમદાસ સંઘવી તથા
માતુશ્રી મૃદુલાબેન નવનીતરાય શાંતીલાલ સંઘવી ના સ્મરણ સાથે
સૌ. કુંદનબેન જયંતીલાલ શાંતીલાલ સંઘવી
શ્રી નવનીતરાય શાંતીલાલ સંઘવી
શ્રી રાજીવ જયંતીલાલ, શ્રી શૈલેશ નવનીતરાય, શ્રી હિરેન નવનીતરાય સંઘવી

**શ્રુતાધાર**

- માતુશ્રી કુસુમબેન શાંતિલાલ શાહ
  હસ્તે – સુપુત્ર શ્રી ઈપ્સિત – ડો. નીતા શાહ, શ્રી ભાષિત – દર્શિતા શાહ — મુંબઈ
- માતુશ્રી સવિતાબેન ડો. નાનાલાલ શાહ (હેમાણી)
  સુપુત્ર શ્રી સતીષ – રશ્મિ શાહ, સુપુત્રી શ્રીમતી ડો. ભારતી – ડો. રશ્મિકાંત શાહ — U.S.A.
- સાધ્વી સુબોધિકા (ભદ્રા) જૈન ટ્રસ્ટ, માતુશ્રી લલિતાબેન પોપટલાલ શાહ (હેમાણી)
  બહેન–શ્રીમતી લતા શરદ શાહ, શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી — આકોલા
- શ્રીમતી દત્તા ગિરીશ શાહ (પૂ. સુબોધિકાબાઈ મ. ના ભાઈ–ભાભી) સુપુત્ર
  શ્રી મુંજાલ – વિજ્યા , શ્રી ભાવિન – તેજલ, સુપુત્રી નિવિશા મનીષ મહેતા — U.S.A.
- પૂ. આરતીબાઈ મ. ના બહેનો – શ્રીમતી સરોજબેન જશવંતરાય દોમડિયા
  શ્રીમતી હર્ષાબેન વસંતરાય લાઠીયા હસ્તે – શ્રી અલકેશ, શ્રી પ્રિયેશ, શ્રી હેમલ — મુંબઈ
- માતુશ્રી જયાબેન શાંતીલાલ કામદાર, માતુશ્રી રમાબેન છોટાલાલ દફતરી
  હસ્તે શ્રીમતી પ્રેમિલાબેન કિરીટભાઈ દફતરી — U.S.A.
- ડો. ભરતભાઈ ચીમનલાલ મહેતા
  સુપુત્ર–ચી. મલય, સુપુત્રી શ્રીમતી વિરલ આશિષ મહેતા — રાજકોટ
- માતુશ્રી વિજ્યાલક્ષ્મીબહેન માણેકચંદ શેઠ
  સુપુત્ર શ્રી દિલસુખભાઈ શેઠ, શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ (શેઠ બિલ્ડર્સ) — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- માતુશ્રી હીરાગૌરી હરિલાલ દોશી, શ્રીમતી પૂર્ણિમાબેન નરેન્દ્ર દોશી
  હસ્તે – નરેન્દ્ર – મીના દોશી, કુ. મેઘના, કુ. દેશના — રાજકોટ

- માતુશ્રી કાશ્મીરાબેન કાંતિભાઈ શેઠ
  હસ્તે – શ્રીમતી હેતલ સંજય શેઠ, કુ. ઉપાસના, કુ. કીંજલ — રાજકોટ
- માતુશ્રી જશવંતીબેન શાંતીલાલ તુરખીયા, શ્રીમતી ભાવના દિલીપ તુરખીયા
  હસ્તે – દિલીપ એસ. તુરખીયા, સુપુત્ર – શ્રી પારસ – રિદ્ધિ તુરખીયા — મુંબઈ
- માતુશ્રી કિરણબેન પ્રવીણચંદ્ર દોશી
  હસ્તે સુપુત્ર શ્રી નીરવ – તેજલ દોશી, કુ. પ્રિયાંશી, કુ. ઝીલ — મુંબઈ
- માતુશ્રી મંજુલાબેન છબીલદાસ ચૂડગર
  હસ્તે – સુપુત્ર શ્રી કેતન – આરતી ચૂડગર, કુ. ધ્રુવી — મુંબઈ
- શ્રી લક્ષ્મીચંદભાઈ જસાણી પરિવાર — રાજકોટ
- શ્રી પ્રવિણભાઈ ગંભીરદાસ પારેખ — મુંબઈ
- કુ. વિધિ ગિરીશ જોશી, કુમાર કુશાન ગિરીશ જોશી
  હસ્તે – શ્રીમતી નીલાબેન ગિરીશભાઈ જોશી — મુંબઈ
- શ્રી પરેશભાઈ સુમતીભાઈ શાહ — મુંબઈ
- શ્રી કિશોરભાઈ શાહ — મુંબઈ
- શ્રી રમેશભાઈ ગટુલાલ કામદાર — ચેમ્બુર
- માતુશ્રી લીલાવતીબેન નીમચંદ નથુભાઈ દોશી, સ્વ. કિશોરકુમાર નીમચંદ દોશી,
  સ્વ. મૃદુલા કુંદનકુમાર મહેતા. હસ્તે – હર્ષદ અને કુમકુમ દોશી — કલકત્તા
- માતુશ્રી તારાબેન મોદી — કલકત્તા
- માતુશ્રી મધુકાંતાબેન નંદલાલ ભીમાણી
  હસ્તે – શ્રી રાજેશભાઈ ભીમાણી — કલકત્તા
- માતુશ્રી કીકીબેન દેસાઈ, હસ્તે – શ્રી શૈલેશભાઈ–મીનાબેન દેસાઈ — મુંબઈ
- શ્રી અંજલભાઈ ઢાંકી — મુંબઈ
- ગુરુભક્ત — રાજકોટ
- શ્રી હેમેન્દ્રભાઈ પૂંજાણી
- માતુશ્રી ચંપકબેન શશીકાંતભાઈ મહેતા, હસ્તે – સુપુત્રી શ્રી કિરીટ–અરૂણા,
  શ્રી અજય – નીતા, શ્રી કમલેશ – દિવ્યા, સુપુત્રી – નિરૂપમા – નિરંજન દોશી — મુંબઈ
- માતુશ્રી નર્મદાબેન રૂગનાથ દોશી, હસ્તે – શ્રી કાંતીભાઈ રૂગનાથ દોશી — કલકત્તા
- શ્રી હેમલતાબેન નટવરલાલ મણીયાર — વડોદરા
- માતુશ્રી અમૃતબેન ભગવાનજી અવલાણી પરિવાર
  હસ્તે – શ્રી રમણીકભાઈ ભગવાનજી અવલાણી — કલકત્તા
- શ્રી કેશવજીભાઈ શાહ પરિવાર — કલકત્તા

## શ્રુત અનુમોદક

- શ્રીમતી ડો. ભારતીબેન – ડો. રશ્મિકાંત કાંતીલાલ શાહ — U.S.A.
- શ્રીમતી લતાબેન – શ્રી શરદભાઈ કાંતીલાલ શાહ — U.S.A.
- શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી, શ્રીમતી જીમિતા હિરેન મોદી,
  શ્રીમતી ડો. શ્રુતિ મહેશ વર્મા, શ્રીમતી ભવિતા જયંત ઈંગળે — આકોલા
- શ્રી સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી પ્રાણ મહિલા મંડળ, હસ્તે – અધ્યક્ષા સૌ. હર્ષાબેન મોદી — આકોલા
- માતુશ્રી નિર્મળાબેન લાલચંદ ભરવાડા — કોલ્હાપુર
- શ્રી પરેશભાઈ રમેશચંદ્ર સુતરીયા — મુંબઈ
- માતુશ્રી સુશીલાબેન કાંતીલાલ પંચમીયા — મુંબઈ
- શ્રી મીનાબેન હરીશભાઈ દેસાઈ — કલકત્તા

## શ્રુત સદસ્ય

- શ્રી પારિતોષ આર. શાહ — મુંબઈ
- શ્રીમતી રાજુલ રજનીકાંત શાહ — મુંબઈ
- જૈન જાગૃતિ સેન્ટર — વાશી (મુંબઈ)
- શ્રી મુકુન્દ આર. શેઠ — મુંબઈ
- શ્રી કેતનભાઈ શાહ — મુંબઈ
- શ્રીમતી ગુણવંતીબેન પ્રફુલ્લચંદ્ર દોમડીયા — મુંબઈ
- શ્રી સુધીરભાઈ પી. શાહ — મુંબઈ
- શ્રી રાજેશ કલ્યાણભાઈ ગાલા — મુંબઈ
- શ્રીમતી મૃદુલાબેન નવનીતરાય સંઘવી
  હસ્તે – સૌ. હીના શૈલેશ સંઘવી, સૌ. સોનલ હિરેન સંઘવી — કલકત્તા



આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર



આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર

PARASDHAM
Vallabh Baug Lane, Tilak Road,
Ghatkopar (E), Mumbai - 400 077.
Tel : 32043232.
www.parasdham.org
www.jainaagam.org